ૐ

આચાર્યકલ્પ
શ્રીમાન પંડિતપ્રવર ટોડરમલજી કૃત

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક

(અધિકાર ૭,૮,૯ તથા રહસ્યપૂર્ણ ચિઠ્ઠી)

અને

**પં. બનારસીદાસજીની**

(પરમાર્થ વચનિકા તથા નિમિત્ત-ઉપાદાન)

ઉપર

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ**

## શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

ભાગ – ૨

– પ્રકાશક –

અપૂર્વ પ્રકાશન

૧૫, લતા કુંજ,
૨૭૮, સાયન (પૂર્વ),
મુંબઈ ૪૦૦ ૦૨૨.

## ઉપોદ્‌ઘાત

આ નિકૃષ્ટકાળમાં સંસ્કૃત-પ્રાકૃત ભાષાજ્ઞાનની અતિશય ન્યૂનતા તથા શ્રી નિર્ગ્રંથ વીતરાગમાર્ગના ગ્રંથોના પઠનપાઠનનો કોઈ પ્રકારે અભાવ થઈ રહ્યો હતો, તેવા સમયમાં (વિક્રમની ૧૮મી શતાબ્દિના અંતમાં અને ૧૯મી શતાબ્દિના પ્રારંભમાં ઢુંઢાહડદેશ (રાજસ્થાન)ના સવાઈ જયપુર નગરમાં આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથના રચયિતા નિર્ગ્રંથ વીતરાગમાર્ગના પરમ શ્રદ્ધાવાન, સાતિશયબુદ્ધિના ધારક અને વિદ્વજ્જનમનવલ્લભ આચાર્યકલ્પ પંડિતપ્રવર શ્રી ટોડરમલજીનો ઉદય થયો હતો. પિતાનું નામ જોગીદાસ અને માતાનું નામ રંભાદેવી હતું. તેઓ જાતિએ 'ખંડેલવાલ' અને ગોત્રે 'ગોદિકા' હતા. 'ગોદિકા' તે સંભવતઃ 'ભોંસા' અને 'બડજાત્યા' નામના ગોત્રનું જ નામાંતર છે. તેમનું ગૃહસ્થજીવન સાધનસંપન્ન હતું.

પં. ટોડરમલજીના શિક્ષાગુરુનું નામ બંશીધર હતું. તીવ્ર બુદ્ધિશક્તિના કારણે ટોડરમલજીના શાસ્ત્રપાઠ ને તેના અર્થનું શીઘ્ર અવધારણ કરી લેતાં હતા, કુશાગ્ર મેધાને લીધે નાની ઉંમરમાં ને ટૂંકા સમયમાં જૈનસિદ્ધાંત ઉપરાંત વ્યાકરણ, કાવ્ય, છંદ, અલંકાર, કોષ આદિ વિવિધ વિષયોમાં દક્ષતા પ્રાપ્ત કરી લીધી હતી. હિંદી સાહિત્યના દિગંબર જૈન વિદ્વાનોમાં તેમનું નામ ખાસ ઉલ્લેખનીય છે. હિંદીના ગદ્યલેખક વિદ્વાનોમાં તેઓ પ્રથમ કોટિના વિદ્વાન ગણાય છે. વિદ્વતાને અનુરૂપ તેમનો સ્વભાવ પણ વિનમ્ર તેમ જ દયાળુ હતો; અને સ્વાભાવિક કોમળતા, સદાચારિતા વગેરે સદ્‌ગુણો તેમના જીવન સહચર હતા. અહંકાર તો તેમને સ્પર્શી શક્યો જ નહોતો. સૌમ્ય મુદ્રા ઉપરથી તેમની આંતરિક ભદ્રતા તેમજ વાત્સલ્યનો પરિચય સહજપણે પ્રાપ્ત થઈ જતો હતો. તેમની રહેણીકરણી ઘણી જ સાદી હતી. આધ્યાત્મિકતા તો તેમના જીવનમાં ઓતપ્રોત થઈ ગઈ હતી. શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યાદિ મહર્ષિઓના આધ્યાત્મિક ગ્રંથોનો – તેમના અધ્યયન, મનન તેમ જ પરિશીલનથી પંડિતજીના જીવન પર ઘણો જ સારો પ્રભાવ પડ્યો હતો. અધ્યાત્મત્વની ચર્ચા કરતાં તેઓ આનંદથી ઊછળી જતાં હતા અને શ્રોતાગણ પણ તેમની વાણી સાંભળીને ગદ્‌ગદ્ થઈ જતો હતો. સંસ્કૃત અને પ્રાકૃત બન્ને ભાષાઓના તેઓ તે સમયના અદ્વિતીય તેમ જ સુયોગ્ય વિદ્વાન હતા. તેમનો ક્ષયોપશમ આશ્ચર્યકારી હતો અને તેઓ વસ્તુસ્વરૂપના વિશ્લેષણમાં અતિ દક્ષ હતા. તેમનો આચાર તેમ જ વ્યવહાર વિવેકયુક્ત અને મૃદુ હતો. તેમના દ્વારા રચિત ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણસાર, ત્રિલોકસાર, આત્માનુશાસન અને પુરુષાર્થસિદ્ધયુપાય વગેરેની ભાષા ટીકાઓ તથા આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' નામની તેમની સ્વતંત્ર ગ્રંથરચનાનું અવલોકન કરતાં જણાય છે કે તે સમયમાં તેમના જેવા સ્વમત-પરમતના જ્ઞાતા જવલ્લેજ કોઈ હશે.

ગોમ્મટસાર વગેરે કરણાનુયોગના ગ્રંથો એવા ગહન છે કે જેમનું પઠન-પાઠન વિશેષ બુદ્ધિ અને ધારણાશક્તિવાળા વિદ્વાનોને કષ્ટસાધ્ય છે. આ સંબંધમાં વિદ્વાન પુરુષોનું અનુભવ સહિત એમ કહેવું છે કે ગોમ્મટસારના પઠનનું કંઈક રહસ્ય તો ત્યારે પ્રાપ્ત થાય કે જ્યારે આજન્મ સર્વ વિષયોનો અભ્યાસ છોડી ઇંદ્રિયનિગ્રહપણે માત્ર એક તેનો જ અભ્યાસ જાળવી રાખે. ગોમ્મટસારની જેમ તેના જેવા તેમના અન્ય ટીકાગ્રંથો પણ એવા જ ગહન છે. આ ઉપરથી એ ગ્રંથોના ભાષાટીકાકાર પુરુષ કેટલી તીક્ષ્ણ બુદ્ધિના ધારક હતા તે સ્વયમેવ તરી આવે છે. તેમણે પોતાના ટૂંકા જીવનમાં એ મહાન ગ્રંથોની ટીકા લખી છે એટલું જ નહિ પરંતુ એટલા ટૂંકા જીવનમાં સ્વમત-પરમતના સેકડો ગ્રંથોના પઠન-પાઠન સાથે તેમનું મર્મસ્પર્શી ઊંડું મનન પણ કર્યું છે, અને એ વાત તેમના રચેલા આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથનું મનન કરવાથી અભ્યાસીને સ્વયં લક્ષમાં આવી જાય તેમ છે.

ગોમ્મટસાર વગેરે પર તેમણે લખેલા ભાષાટીકાગ્રંથ એટલા ગહન છે કે તેમનો અભ્યાસ માત્ર વિશેષ બુદ્ધિમાન કરી શકે છે; પરંતુ અલ્પ પ્રજ્ઞાવંત જીવો માટે રચેલો તેમનો આ સરળ દેશભાષામય 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ એવો અદ્ભૂત છે કે જેની રહસ્યપૂર્ણ ગંભીરતા અને સંકલનાબદ્ધ વિષયરચનાને જોઈ ભલા ભલા બુદ્ધિમાનોની બુદ્ધિ પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. આ ગ્રંથનું નિષ્પક્ષ-ન્યાયદૃષ્ટિથી ગંભીરપણે અવગાહન કરતાં જણાય છે કે આ કોઈ સાધારણ ગ્રંથ નથી પરંતુ એક અતિ ઉચ્ચ કોટિનો મહત્વપૂર્ણ અનોખો ગ્રંથરાજ છે અને તેના રચયિતા પણ અનેક આગમોના મર્મજ્ઞ તથા અસાધારણ પ્રતિભાસંપન્ન વિદ્વાન છે. ગ્રંથના વિષયોનું પ્રતિદાન સર્વને હિતકર છે અને મહાન ગંભીર આશયપૂર્વક થયું છે.

આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથમાં નવ અધિકાર છે. તેમાં નવમો અધિકાર અપૂર્ણ છે, શેષ આઠ અધિકાર પોતાના વિષયનિરૂપણમાં પરિપૂર્ણ છે.

આ ગ્રંથમાં ચર્ચિત બધાય વિષય અથવા પ્રમેય ગ્રંથકર્તાનું વિશાળ અધ્યયન, અનુપમ પ્રતિભા અને સૈદ્ધાંતિક અનુભવનું સફળ પરિણામ છે અને તે ગ્રંથકર્તાની જે આંતરિક ભદ્રતા તેની મહત્તાનું દ્યોતક છે.

આ ગ્રંથની ખાસ વિશેષતા એ છે કે તેમાં ગંભીર તેમ જ દુરુહ ચર્ચાને અતિ સરળ શબ્દોમાં અનેક દૃષ્ટાંત અને યુક્તિઓ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને પોતે જ પ્રશ્ન ઉઠાવીને તેનો માર્મિક ઉત્તર પણ દીધો છે, જેથી અધ્યેતાને પછી કોઈ સંદેહનો અવકાશ રહે નહિ. આ ગ્રથમાં જે કાંઈ વસ્તુવિવેચન છે તે અનેક વિષયો પર પ્રકાશ પાથરનાર, સુસંબદ્ધ, આશ્ચર્યકારક અને જૈનદર્શનનું માર્મિક રહસ્ય સમજવા માટે એક અદ્વિતીય ચાવી સમાન છે, અર્થાત્ આમાં નિર્ગ્રંથ પ્રવચનના ઊંડાં માર્મિક રહસ્યો ગ્રંથકારે ઠામઠામ પ્રગટ કર્યા છે.

અન્યમત નિરાકરણ વિષે લખવામાં તેમનો હેતુ કાંઈ પરમત પ્રત્યે દ્વેષપરિણતિ કરાવવાનો નથી, પરંતુ પોતાના અભિપ્રાયમાં તે તે મત સંબંધી જો કોઈ ધર્મબુદ્ધિરૂપ અભિપ્રાય હોય તો તે અભિપ્રાય છોડાવવાનો છે. તેઓ પોતે જ આ સંબંધમાં આ પ્રમાણે લખે છે : ''અહીં નાના પ્રકારના મિથ્યાદૃષ્ટિઓનું કથન કર્યું છે તેનું પ્રયોજન એટલું જ જાણવું કે એ પ્રકારોને ઓળખી પોતાનામાં કોઈ એવો દોષ હોય તો તેને દૂર કરી સમ્યક્ શ્રદ્ધાનયુક્ત થવું, પણ અન્યના એવા દોષ જોઈ કષાયી ન થવું; કારણ કે પોતાનું ભલું-બૂરું તો પોતાના પરિણામોથી થાય છે; જો અન્યને રુચિવાન દેખે તો કંઈક ઉપદેશ આપી તેનું પણ ભલું કરે.''

શ્રીમાન પંડિતપ્રવર ટોડરમલજી દિગંબર જૈનધર્મના પ્રભાવક વિશિષ્ટ મહાપુરુષ હતા. તેમણે માત્ર છ મહિનામાં સિદ્ધાંતકૌમુદી જેવા કઠણ વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો. પોતાની કુશાગ્ર બુદ્ધિના પ્રભાવથી તેમણે ષડ્દર્શનના ગ્રંથો, બૌદ્ધ, મુસ્લિમ તેમ જ અન્ય અનેક મતમતાંતરોના ગ્રંથોનું અધ્યયન કર્યું હતું, શ્વેતાંબર-સ્થાનકવાસીના સૂત્રો તથા ગ્રંથોનું પણ અવલોકન કર્યું હતું, તથા દિગંબર જૈન ગ્રંથોમાં શ્રી સમયસાર, પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર, નિયમસાર, ગોમ્મટસાર, તત્ત્વાર્થસૂત્ર, અષ્ટપાહુડ, આત્માનુશાસન, પદ્મનન્દિપંચવિંશતિકા, શ્રાવકમુનિધર્મના પ્રરૂપક અનેક શાસ્ત્રો તથા કથા-પુરાણાદિ ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. એ સર્વ શાસ્ત્રોના અભ્યાસથી તેમની બુદ્ધિ ઘણી જ પ્રખર બની હતી. શાસ્ત્રસભા, વ્યાખ્યાનસભા અને વિવાદસભામાં તેઓ ઘણા જ પ્રસિદ્ધ હતા. આ અસાધારણ પ્રભાવકપણાને લીધે તેઓ તત્કાલીન રાજાને પણ અતિશય પ્રિય થઈ પડ્યા હતા, અને એ રાજપ્રિયતા તથા પાંડિત્યપ્રખરતાના કારણે અન્યધર્મીઓ તેમની સાથે મત્સરભાવ કરવા લાગ્યા હતા, કારણ કે તેમની સામે તે અન્યધર્મીઓના મોટા મોટા વિદ્વાનો પણ પરાભવ પામતા હતા. જો કે તેઓ પોતે કોઈ પણ વિધર્મીઓનો અનુપકાર કરતાં નહોતા; પરંતુ બને ત્યાં સુધી તેમનો ઉપકાર જ કર્યા કરતાં હતા, તો પણ માત્સર્યયુક્ત મનુષ્યોનો મત્સરતાજન્ય કૃત્ય કરવાનો જ સ્વભાવ છે; તેમના મત્સર અને વૈરભાવના કારણે જ પંડિતજીનો અકાળે દેહાંત થઈ ગયો હતો.

પંડિત ટોડરમલજીના મૃત્યુ વિષે એક દુઃખદ ઘટનાનો ઉલ્લેખ પં. બખતારામ શાહના 'બુદ્ધિવિલાસ' ગ્રંથમાં નીચે પ્રમાણે કરવામાં આવ્યો છે :

**तब ब्राह्मणनु मतौ यह कियो, शिव उठानको टौना दियो।**

**तामैं सबै श्रावगी कैद, करिके दंड किये नृप फैद॥**

**गुरु तेरह-पंथिनुको भ्रमी, टोडरमल्ल नाम साहिमी।**

**ताहि भूप मार्यो पल माहि, गाड्यो मद्धि गंदगी ताहि॥**

આમાં સ્પષ્ટ કહ્યું છે કે સં. ૧૮૧૮ પછી જયપુરમાં જ્યારે જૈનધર્મનો પુનઃ વિશેષ ઉદ્યોત

થવા લાગ્યો ત્યારે જૈનધર્મ પ્રતિ વિદ્વેષ રાખનાર બ્રાહ્મણો તે સહી શક્યા નહિ અને તેથી તેમણે એક ગુપ્ત 'ષડયંત્ર' રચ્યું. તેમણે શિવપિંડી ઉખાડીને જૈનો ઉપર 'ઉખાડી નાખવાનો' આરોપ લગાવ્યો અને રાજા માધવસિંહને, જૈનો વિરુદ્ધ ભડકાવીને, ક્રોધિત કર્યા. રાજો સત્યાસત્યની કાંઈ પણ તપાસ કર્યા વિના ક્રોધવશ બધા જૈનોને રાત્રે કેદ કરી લીધા અને તેમના પ્રસિદ્ધ વિદ્વાન પંડિત ટોડરમલજીને પકડી મારી નાખવાનો હુકમ દઈ દીધો. તદનુસાર હાથીના પગ તળે કચરાવીને મરાવી નાખ્યા અને તેમના શબને શહેરની ગંદકીમાં દટાવી દીધું.

આ વાત પ્રચલિત છે કે જ્યારે પંડિતજીને હાથીના પગ તળે નાખવામાં આવ્યા અને અંકુશના પ્રહારપૂર્વક હાથીને, તેમના શરીરને કચરી નાખવા પ્રેરીત કરવામાં આવ્યો ત્યારે હાથી એકદમ ચિલાઈને થંભી ગયો. એ રીતે બે વાર તે અંકુશના પ્રહાર ખાઈ ચૂક્યો. પરંતુ પંડિતજી ઉપર પોતાના પગનો પ્રહાર કર્યો નહિ. તેના ઉપર અંકુશનો ત્રીજો પ્રહાર પડવાની તૈયારી હતી, ત્યાં પંડિતજીએ હાથીની દશા જોઈને કહ્યું કે હે ગજેન્દ્ર ! તારો કાંઈ અપરાધ નથી; જ્યાં પ્રજાના રક્ષકે જ અપરાધી-નિરપરાધીની તપાસ કર્યા વિના મારી નાખવાનો હુકમ દઈ દીધો, ત્યાં તું અંકુશના પ્રહાર વ્યર્થ કેમ સહન કરી રહ્યો છે ? સંકોચ છોડ અને તારું કામ કર. આ વાક્યો સાંભળીને હાથી પોતાનું કામ કર્યું. રાજા માધવસિંહ(પ્રથમ)ને જ્યારે આ 'ષડયંત્ર'ની ખબર પડી ત્યારે તેમને ખૂબ દુ:ખ થયું અને પોતાના અધમ કૃત્ય પર તે ઘણા પસ્તાયા.

પંડિતજીના જીવનનું મુખ્ય ધ્યેય એક સ્વ-પર કલ્યાણ જ હતું. અંતરંગમાં ક્ષયોપશમવિશેષથી તથા બાહ્યમાં તર્કવિતર્કપૂર્વક અનેક શાસ્ત્રોના અધ્યયનથી તેમનો વીતરાગ-વિજ્ઞાનભાવ એટલો બધો વધી ગયો હતો કે સાંસારિક કાર્યોથી તેઓ પોતે પ્રાયઃ વિરક્ત જ રહ્યા કરતાં હતા; અને ધાર્મિક કાર્યોમાં એટલા બધા તલ્લીન રહ્યા કરતાં હતા કે બાહ્ય જગતની તથા અસ્વાદ્ય પદાર્થોની તેમને કાંઈ પણ સુધ રહેતી નહોતી. આ વિષયમાં એક જનશ્રુતિ એવી પણ છે કે જે કાળે તેઓ ગ્રંથરચના કરી રહ્યા હતા તે કાળમાં તેમના માતુશ્રીએ ખાદ્ય પદાર્થોમાં છ મહિના સુધી મીઠાલુણ નાખ્યું નહોતું; છ મહિના પછી શાસ્ત્રરચના તરફથી તેમનો ઉપયોગ કંઈક ખસતાં એક દિવસ તેમણે માતુશ્રીને પૂછ્યું : 'માજી ! આજે આપે દાળમાં મીઠાલુણ કેમ નાખ્યું નથી ?' એ સાંભળી માજી બોલ્યાઃ 'ભાઈ ! હું તો આમ છ મહિનાથી મીઠાલુણ નાખતી નથી.' આ બધું લખવાનું તાત્પર્ય એટલું જ છે કે તેમના સમયમાં તેઓ એક મહાન ધર્માત્મા, શ્રેષ્ઠ પરોપકારી, નિરાભિમાની તથા અદ્વિતીય વિદ્વાન હતા. જૈનસમાજના દુર્ભાગ્યથી જ આવા મહાત્માનો અસમયમાં વિયોગ થયો, પણ તેમણે તો પોતે જીવનપર્યંત જૈનસમાજ ઉપર અનન્ય ઉપકાર જ કર્યો છે અને તેથી જ સમાજમાં તેમનું સ્થાન અવિસ્મરણીય છે. મુમુક્ષુ આત્માઓ તો આજે પણ તેમનું અને તેમના ગુણોનું સ્મરણ કરી પરમ સંતુષ્ટ થાય છે.

પંડિત શ્રી ટોડરમલજી દ્વારા રચિત આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ ઢુંઢારી તેમ જ હિન્દી ભાષામાં અનેક વાર પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના કરકમળમાં આ ગ્રંથ સર્વ પ્રથમ વિ.સં. ૧૯૮૨માં આવ્યો. તેમણે ખૂબ મનનપૂર્વક આ ગ્રંથનું ઊંડું અવગાહન કર્યું હતું. તેનું અવગાહન કરતી વખતે પૂજ્ય ગુરુદેવની પરિણતિ એટલી બધી તલ્લીન હતી કે ન ગમે ખાવું, પીવું કે વહોરવા જવું, ન ગમે અન્ય વાતચીત. સ્થાનકવાસી સાધુપર્યાયમાં તેઓ પુસ્તક સાથે રાખતા નહિ પરંતુ મોક્ષમાર્ગ પ્રકાશકનો સાતમો અધિકાર વિશેષ સારો લાગવાથી (ઝીણા અક્ષરે હાથથી લખેલ) પુનઃ પુનઃ સ્વાધ્યાય કરવા માટે સાથે રાખ્યો હતો. પૂજ્ય ગુરુદેવે સ્થાનકવાસી સાધુપર્યાયના ત્યાગરૂપ 'પરિવર્તન' વિ. સ. ૧૯૯૧માં કર્યું.

પંડિત શ્રી ટોડરમલજીએ પ્રથમ અધિકારના અંતમાં આગમ અભ્યાસની જે પ્રેરણા આપી છે તેનો ઉલ્લેખ કરીને આ ઉપોદ્ઘાત પૂર્ણ કરવામાં આવે છે  "આ જીવનું મુખ્ય કર્તવ્ય તો આગમજ્ઞાન છે. એ થતાં તત્ત્વોનું શ્રદ્ધાન થાય છે, તત્ત્વ શ્રદ્ધાન થતાં સંયમભાવ થાય છે અને તે આગમજ્ઞાનથી આત્મજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે, જેથી સહજ જે મોક્ષની પ્રાપ્તિ થયા છે. ધર્મના અનેક અંગો છે તેમાં પણ એક ધ્યાન સિવાય આનાથી (આગમ-અભ્યાસથી) ઊંચું ધર્મનું અન્ય કોઈ અંગ નથી એમ જાણી હર કોઈ પ્રકારે આગમનો અભ્યાસ કરવા યોગ્ય છે. વળી આ ગ્રંથનું વાંચવું, સાંભળવું અને વિચારવું ઘણું સુગમ છે. કોઈ વ્યાકરણાદિક સાધનની પણ જરૂર પડતી નથી, માટે તેના અભ્યાસમાં અવશ્ય પ્રવર્તો. એથી તમારું કલ્યાણ થશે."

(-શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક ૯મી આવૃત્તિ, પ્રકાશક - શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ-સોનગઢમાંથી.)

આ પુસ્તકમાં એટલે મોક્ષમાર્ગ પ્રકાશક ભાગ-૨માં પંડિત બનારસીદાસજીની પરમાર્થ વચનિકા અને નિમિત્ત-ઉપાદાનની બે ચિઠ્ઠીઓ ઉપર ગુરુદેવશ્રીના પ્રવચનોનો પણ સમાવેશ કર્યો છે. પં. બનારસીદાસજીનો ટૂંક પરિચય **जैनेन्द्र सिद्धांत कोश, भाग-३, पृ.१८०** ના આધારે પ્રસ્તુત કરીએ છીએ.

आगरा निवासी श्रीमान वैश्य थे । इनका जन्म जौनपुरमें खरगसेनके घर माघ शु. ११ वि. १६४३में हुआ था । पहिले आप श्वेताम्बर आम्नायमें थे बादमें दिगम्बर हो गये । कुछ समय तक जवाहरातका व्यापार भी किया । वेदान्ती विचारोंके कारण अध्यात्मी कहलाते थे । महाकवि गोस्वामी तुलसीदासके समकालीन थे । आपकी निम्न कृतियें प्रसिद्ध हैं ।

१) नवरस पद्यावली (यह एक शृंगार रसपूर्ण रचना थी जो पीछे विवेक जागृत होने पर इन्होंने जमुनामें फेंक दी ।)

२) नाममाला

३) नाटक समयसार (वि. १६९३)

४) बनारसी विलास (वि. १७०१)

५) कर्म प्रकृति विधान (वि. १७००)

६) अर्ध कथानक (वि. १६९८)

(-भारतीय ज्ञानपीठ द्वारा प्रकाशित - जैनेन्द्र सिद्धान्त कोश - रचयिता जिनेन्द्र वर्णी)

ભારતવર્ષમાં તેમજ વિદેશમાં અધ્યાત્મજાગૃતિ ફેલાવનાર સ્વરૂપાનુભવી, વીતરાગ દેવગુરુના પરમ ભક્ત, કુમારબ્રહ્મચારી, અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામી ભાવશ્રુતલબ્ધિના ધારક, સતત જ્ઞાનોપયોગી, વૈરાગ્યમૂર્તિ, નયાધિરાજ પરમશુદ્ધનયની પ્રમુખતા સહ સમ્યક્ અનેકાન્તરૂપ અધ્યાત્મતત્ત્વના અસાધારણ ઉત્તમ વ્યાખ્યાનકાર અને આશ્ચર્યકારી પ્રભાવના-ઉદયના ધારક અધ્યાત્મયુગસૃષ્ટા મહાપુરુષ હતા. સૂક્ષ્મ અધ્યાત્મના પરમ ગહન આધ્યાત્મિક રહસ્યો ખોલી અધ્યાત્મતૃષિત સુપાત્ર મુમુક્ષુઓ પર ઉપકારની અવધિ કરી છે.

ઈ. સ. ૧૯૫૨-૫૩ (વીર સં. ૨૪૭૯)માં પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથ ઉપર થયેલા પ્રવચનો **શ્રી સદ્‌ગુરુ પ્રવચનપ્રસાદ** નામની હસ્તલિખિત દૈનિક પત્રિકામાં પ્રકાશિત થતાં હતાં. જિજ્ઞાસુઓને આ પ્રવચનો સમજવાનો લાભ મળે એ હેતુથી **શ્રી સદ્‌ગુરુ પ્રવચનપ્રસાદ** અક્ષરસઃ પુસ્તકકારે પ્રગટ કરી મુમુક્ષુઓ સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ. આ પુસ્તકમાં અધિકાર ૭, ૮ અને ૯ લીધેલ છે. અધિકાર ૭ ના પ્રવચનો ફાઈલમાં ન હોવાથી લીધેલ નથી.

**શ્રી સદ્‌ગુરુ પ્રવચનપ્રસાદ**ના સંપાદકો મુ. **શ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ** તથા મુ. **શ્રી અમૃતલાલ નરસીભાઈ શેઠ**નો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો આ લખાણમાં અદ્‌ભૂત રીતે સંકલન કરી પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવોમાં ક્યાંય ત્રુટી રહેવા ન પામે એવું ભગીરથ કાર્ય યશસ્વી રીતે કર્યું છે.

આ અવસરે ડૉ. મધુરીબેન શાંતિલાલ નંદુનો આભાર વ્યક્ત ન કરું તો હું કૃતઘ્ની કહેવાઉં. તેઓએ શ્રી સદ્‌ગુરુ પ્રવચનપ્રસાદની ફક્ત ફાઈલો જ નથી મેળવી આપી પણ સોનગઢમાં પુસ્તક વિતરણની જવાબદારી પણ સારી રીતે પાર પાડેલ છે. તેમજ જ્યાં કંઈ પણ પ્રકાશન માટે ખૂટતું હોય ત્યાં સેતુ બનીને ઊભા જ હોય છે. હું તેમનો અત્યંત હૃદયપૂર્વક આભાર માનું છું. એવી જ રીતે શ્રી જયસુખભાઈ શાંતિલાલ ખાટડીયાનો પણ આભારી છું. તેમણે પણ મને વખતોવખત દરેક બાબતમાં પ્રોત્સાહિત કર્યા છે. એટલું જ નહિ પણ પ્રકાશન અને વિતરણના કાર્યમાં પણ સુંદર સહકાર આપેલ છે.

આ પુસ્તકના પ્રકાશન માટે અર્થાત્ જિનવાણીની સેવા કરવાના પ્રયાસને મુમુક્ષુઓએ જે રીતે બિરદાવ્યો છે તેનું પ્રમાણ મળેલ દાનરાશિ પરથી ફલિત થાય છે. કોની રકમ કેટલી મળી એ કરતાં પણ તેમની લાગણી, જિનવાણી સમજવાની તત્પરતા અને બીજા ભાગના પુસ્તકની વારંવાર માગણીએ મને ખરેખર ગદ્‌ગદિત કર્યા છે. હું તેઓનો તથા મૂક સેવા આપનાર એવા મુમુક્ષુઓનો, કે જેમણે આ પ્રકાશન માટે મને સહયોગ પ્રદાન કર્યું છે તેમનો, હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આ પુસ્તકના પ્રકાશન માટે જેમણે આર્થિક સહયોગ આપ્યો છે તેમની સૂચિ અન્યત્ર આપેલ છે. વિશેષ વિનંતી કે મુદ્રણદોષના શબ્દાર્થ કે વ્યાકરણની કોઈ ભૂલને ગ્રહણ ન કરતાં તેના ભાવ પકડીને આત્મહિતને કેમ ઉપયોગી થાય તેવું લક્ષ મુમુક્ષુઓ આપે.

અંતમાં શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથનું આ મહાન કાર્ય અનુભવરત્ન આચાર્યકલ્પ પંડિતપ્રવર શ્રી ટોડરમલજી દ્વારા જે રીતે થયું તે આ દુષમ કળિકાળમાં મહાન ઉપકારનું કામ કર્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો આપણા પર અતિ ઉપકાર છે જેનું વર્ણન શબ્દો દ્વારા અશક્ય છે. જેણે શાશ્વત સુખનો માર્ગ આપ્યો તેનું ઋણ ફેડવાનો કોઈ માર્ગ જ નથી. એથી વિનમ્રપણે તે પાવન પરમામૃત દ્વારા વીતરાગ સર્વજ્ઞપ્રણીત શ્રી ગણધરાદિ મહાન આચાર્યો રચિત પરમાગમનો ઉકેલ કરી નિજ સાધનની પરિપૂર્ણતાને સર્વ જીવો પામો એ જ અભ્યર્થના !

**-વિનોદ જે. સાવલા**

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

સ્વર્ગીય પંડિતશિરોમણિ ટોડરમલજી કૃત

# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક

ઉપર

## પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના

પ્રવચનોનો સંક્ષિપ્ત સાર

માહ સુદ ૧૦, શનિવાર, ૨૪-૧-૫૩.

## અધિકાર સાતમો

### જૈનમતાનુયાયી મિથ્યાદષ્ટિઓનું સ્વરૂપ

દિગંબર સંપ્રદાયમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા હોવા છતાં તે મિથ્યાદષ્ટિ કેવી રીતે છે ? તેની વાત કરે છે. વેદાંત, બૌદ્ધ, શ્વેતાંબર, સ્થાનકવાસી વગેરે જૈનમતને અનુસરનારા નથી. તેમની વાત તો પાંચમા અધિકારમાં કહી છે. અહીં તો વીતરાગની પ્રતિમાને પૂજે, નગ્ન મુનિને માને, એમના કહેલા શાસ્ત્રોને માને એવા જૈનમત અનુયાયી પણ મિથ્યાદષ્ટિ કેવી રીતે છે તે કહે છે.

સત્તાસ્વરૂપમાં શ્રી ભાગચંદજી છાજડે કહ્યું છે કે દિગંબર જૈન કહે છે કે - અમે તો સાચા દેવાદિને માનીએ છીએ માટે અમને ગૃહીત મિથ્યાત્વ તો છૂટ્યું છે. તો કહે છે કે -ના, તમને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું નથી કેમ કે તમને ગૃહીત મિથ્યાત્વની ખબર જ નથી. અન્ય દેવાદિને માનવા એટલું જ ગૃહીત મિથ્યાત્વનું સ્વરૂપ નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને બહારમાં પણ યથાર્થ વ્યવહાર જાણીને શ્રદ્ધા કરવી જોઈએ. સાચા વ્યવહારને જાણ્યા વિના દેવાદિની શ્રદ્ધા કરે તો તે પણ ગૃહીત મિથ્યાદષ્ટિ છે. અહીં તો અગૃહીત મિથ્યાત્વની વાત કરે છે.



**આ ભવતરુનું મૂળ એક જાણ્યો મિથ્યાભાવ,**
**તેહને કરી નિર્મૂળ હવે, કરીએ મોક્ષ ઉપાય.**

આ સંસારરૂપી ઝાડનું મૂળ એક મિથ્યાત્વ ભાવ જ છે, તે મિથ્યાત્વ ભાવને મૂળમાંથી નાશ કરે તો મોક્ષનો ઉપાય થાય છે.

સાચા દેવાદિને માને તે સિવાયના બીજા જીવો જૈની પણ કહેવાતા નથી, પણ જે જીવો જૈની છે તથા જિનઆજ્ઞાને માને છે તેમને પણ મિથ્યાત્વ રહે છે તેનું અહીં વર્ણન કરીએ છીએ. દિગંબર સનાતન જૈનના કુળમાં જેઓ જન્મેલા હોય છે, તે જિનઆજ્ઞાને માને છે પણ દેવાદિનું યથાર્થ સ્વરૂપ કેવું હોય એની એને ખબર નથી, તેથી એને પણ મિથ્યાત્વ હોય છે. સર્વજ્ઞ વીતરાગ અઢાર દોષ રહિત એવા દેવ, નગ્ન દિગંબર અઠ્ઠાવીસ મૂળગુણના ધારક જે મુનિ એને ગુરુ માને અને એમના કહેલા શાસ્ત્રોને માને છે તેને પણ યથાર્થ સ્વરૂપનું ભાન નથી તેથી મિથ્યાત્વ હોય છે. જેને સાચા દેવાદિની ખબર નથી એની તો અહીં વાત નથી. જેને યથાર્થ ભાન થયું હોય છે તેને તો સાચા દેવાદિની સાચી શ્રદ્ધા અને ભક્તિ આદિ આવ્યા વિના રહે નહિ. ભલે નામ ન લે પણ અંતરમાં તો એનો ભક્તિભાવ હોય છે પણ અહીં તો જેને યથાર્થ આત્માનું ભાન નથી પણ માત્ર દેવાદિની શ્રદ્ધા હોય છે એવા મિથ્યાદષ્ટિની વાત કરે છે.

અમે તો સનાતન જૈનધર્મી છીએ અને વીતરાગની આજ્ઞા માનીએ છીએ એમ માનનાર જૈની પણ મિથ્યાદષ્ટિ હોય છે. તે મિથ્યાત્વનો અંશ પણ બૂરો છે તેથી એ સૂક્ષ્મ મિથ્યાત્વ પણ ત્યાગવા યોગ્ય છે.

હવે કહે છે કે જિનાગમમાં નિશ્ચય-વ્યવહારરૂપ વર્ણન છે. તેમાં યથાર્થનું નામ નિશ્ચય તથા ઉપચારનું નામ વ્યવહાર છે. ષટ્ખંડાગમ અને સમયસારાદિને આગમ કહેવાય છે. એમાં જેવું નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ કહેલ છે તેવું સ્વરૂપ જેમ છે તેમ જે જાણતાં નથી અને વિપરીત રીતે માને છે તે પણ મિથ્યાદષ્ટિ છે. એની વાત અહીં કરે છે.

### કેવળ નિશ્ચયનયાવલંબી જૈનાભાસોનું વર્ણન

એકલા નિશ્ચયને માને છે પણ વ્યવહારને માનતા જ નથી એવા મિથ્યાદષ્ટિ જીવોનું સ્વરૂપ કહે છે. કોઈ જીવ નિશ્ચયને નહિ જાણતાં માત્ર નિશ્ચયાભાસના શ્રદ્ધાની બની પોતાને મોક્ષમાર્ગી માને છે તે નિશ્ચયના સ્વરૂપને જાણતાં નથી. અને મોક્ષમાર્ગ અમને પ્રગટ્યો છે એમ માને છે તે પોતાના આત્માને સિદ્ધ સમાન અનુભવે છે. પણ પોતે પ્રત્યક્ષ સંસારી હોવા છતાં ભ્રમથી પોતાને સિદ્ધ માને એ જ મિથ્યાદષ્ટિ છે. તે વર્તમાન પર્યાયમાં સિદ્ધ સમાન પોતાને માની રહ્યો છે, તે નિશ્ચયાભાસી છે. પોતે સંસારી હોવાં છતાં ભ્રમણાથી પોતાને સિદ્ધ સમાન અનુભવે છે. જૈનમાં જન્મીને સમયસારાદિ

શાસ્ત્રો વાંચીને પણ પોતાની મતિકલ્પનાથી પર્યાયને જે માનતાં નથી તે પણ મિથ્યાદષ્ટિ છે.

આત્માની પર્યાયમાં રાગાદિ છે તે સંસાર છે. તે પ્રત્યક્ષ હોવા છતાં સંસારપર્યાયને મોક્ષપર્યાય માનવી તે ભ્રમ છે. એક સમયમાં બે પર્યાય ન હોય. સંસાર વખતે સિદ્ધપર્યાય ન હોય અને સિદ્ધપર્યાય વખતે સંસારપર્યાય ન હોય. આત્મામાં વિકારી પર્યાય પોતાના કારણે થાય છે, તેને કર્મના કારણે માને અથવા તેને પોતાના પરિણામ ન માને પણ જડના પરિણામ માને તે નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ છે. રાગ પોતાના અપરાધથી થાય છે તેને કર્મના કારણે માને છે તે ભ્રમણા છે. **'સિદ્ધ સમાન સદા પદ મેરો'** કહેલ છે તે તો દ્રવ્યદષ્ટિથી કહેલ છે. સ્વભાવની દષ્ટિએ વિકાર છૂટી જાય છે એ અપેક્ષાએ વિકારને અભૂતાર્થ-વ્યવહાર કહેલ છે.

શાસ્ત્રમાં આત્માને સિદ્ધ સમાન કહ્યો છે તે દ્રવ્યદષ્ટિથી કહ્યો છે. આત્મામાં સિદ્ધ થવાની તાકાત ત્રણે કાળે છે એ અપેક્ષાએ કહેલ છે પણ પર્યાય અપેક્ષાએ સિદ્ધ સમાન કહેલ નથી.

અંતર છઠ્ઠા ગુણસ્થાનની મુનિદશા હોય છે ત્યારે યથાર્થ નગ્નપણું હોય છે. એને યથાર્થ જાણવું જોઈએ. માત્ર નગ્ન થઈ જાય એ મુનિપણું નથી. ત્રણ કષાયનો નાશ થતાં નગ્નદશા તો સહજ થાય છે, પણ નગ્નદશા ન હોય અને મુનિપણું માને તો તે પણ બરાબર નથી.

પર્યાય અપેક્ષાએ સંસારી અને સિદ્ધ સરખા નથી. જેમ રાજા અને રંક મનુષ્યપણાની અપેક્ષાએ સરખા છે. તેમ સિદ્ધ અને સંસારી જીવપણાની અપેક્ષાએ સરખા છે પણ પર્યાયની અપેક્ષાએ સરખા નથી. ચાર જ્ઞાન પણ પૂર્ણ કેવળજ્ઞાનરૂપ દશાની અપેક્ષાએ અનંતમા ભાગે છે. તો પછી મિથ્યાત્વની પર્યાય જે સંસારભાવ છે તેને અને સિદ્ધપર્યાયને સરખી માનવી તે ભ્રમણા છે. પર્યાયમાં અનાદિથી શુદ્ધદશા હોય તો સંસાર કોનો ? ચૌદમા ગુણસ્થાનમાં પણ ઔદયિકભાવ-અસિદ્ધત્વ છે. માટે પર્યાયમાં સિદ્ધ છે એમ જે માને છે તે મિથ્યાદષ્ટિ છે.

જીવના બે ભેદ છે - સિદ્ધ અને સંસારી. ચૌદમા ગુણસ્થાન સુધી સંસારી કહેવાય છે. એક સમયે સિદ્ધ અને સંસાર બન્ને પર્યાય સાથે ન હોય. પર્યાયબુદ્ધિ છોડાવવા દ્રવ્યદષ્ટિની વાત શાસ્ત્રમાં કરી હોય ત્યાં નિશ્ચયાભાસી જીવ પર્યાયને માનતો નથી. આમ તે દ્રવ્યની ભૂલ કરે છે. એ વાત કરી. હવે કેવળજ્ઞાનપર્યાયમાં કેમ ભૂલ કરે છે તેની વાત કરે છે.

વળી કોઈ પોતાને કેવળજ્ઞાનાદિનો સદ્ભાવ માને છે, અનંત આનંદ, વીર્ય આદિ વર્તમાનમાં પ્રગટ છે એમ માને છે પણ વર્તમાનપર્યાય તો પોતાને ક્ષયોપશમરૂપ મતિશ્રુતાદિ જ્ઞાનનો સદ્ભાવ છે અને ક્ષાયિકભાવ તો કર્મનો ક્ષય થતાં જ થાય છે. છતાં ભ્રમથી કર્મનો ક્ષય થયા વિના પણ પોતાને ક્ષાયિકભાવ માને છે તે પણ મિથ્યાદષ્ટિ છે. આ પર્યાયના સ્વરૂપને જાણતાં નથી એવા જૈનમતમાં હોવા છતાં મિથ્યાદષ્ટિ છે એની વાત કરી છે.



## માહ સુદ ૧૧, રવિવાર, ૨૫-૧-૫૩.

જૈનમતાનુયાયી મિથ્યાદષ્ટિનું સ્વરૂપ ચાલે છે. જે જૈની છે અને જિનઆજ્ઞાને માને છે પણ જેને આત્માનું ભાન નથી તેને મિથ્યાત્વ કેવી રીતે છે ? તે વાત ચાલે છે. શ્રી ભાગચંદજી છાજડે સત્તાસ્વરૂપમાં કહેલ છે કે દિગંબર સંપ્રદાયમાં પણ જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહાર લક્ષણની ઓળખાણ નથી તે પણ ગૃહીત મિથ્યાદષ્ટિ છે. તેને અગૃહીત મિથ્યાત્વ તો છે જ. અહીં તો સાચા દેવાદિને યથાર્થ માનવા છતાં પણ સૂક્ષ્મ મિથ્યાત્વ તેને હોય છે એની વાત કરે છે.

જૈનમતમાં હોવા છતાં નિશ્ચયાભાસી જીવો મિથ્યાદષ્ટિ છે કેમ કે તેઓ એકાંત નિશ્ચયને માને છે. અમને જ્ઞાન થયું છે માટે વર્તમાન કેવળજ્ઞાન જ છે એમ તે માને છે. શાસ્ત્રમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ આદિ સ્વભાવ શક્તિ અપેક્ષાએ કહ્યો છે કારણ કે સર્વ જીવોમાં તે રૂપ થવાની શક્તિ છે.

૧) આત્માનો સ્વભાવ કેવળજ્ઞાન શક્તિરૂપે છે તેને વ્યક્ત પર્યાયમાં છે એમ માને તો તે નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ છે.

૨) આત્મામાં કેવળજ્ઞાન સત્તારૂપે છે એટલે કે પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ છે પણ કર્મના કારણે તે રોકાયેલું છે, એમ માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે. કેમ કે જડ કર્મના કારણે પર્યાય રોકાણી એમ માનવું તે મિથ્યાત્વ છે.

૩) આત્મા શક્તિએ કેવળજ્ઞાન સ્વરૂપ છે એમ જે માને છે પણ નિમિત્ત કે શુભ ભાવ હોય તો એ પ્રગટે એમ જે માને તે પણ વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે કેમ કે જે શક્તિરૂપે ધ્રુવ છે તેમાં એકાગ્ર થાઉં તો પ્રગટ થાય એમ તે માનતો નથી. તેથી તે દિગંબર જૈન સંપ્રદાયમાં હોવા છતાં વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે.

આમ ત્રણ પ્રકારે ઊંધી માન્યતા જેની છે તેને મિથ્યાત્વ ટળ્યું નથી, તેથી તેને સમ્યક્ત્વ નથી.

વર્તમાન પર્યાયમાં સંસારદશા હોવા છતાં પ્રગટ પૂર્ણ કેવળજ્ઞાનાદિ જે માને છે તે નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ છે અને શ્વેતાંબર માને છે કે કેવળજ્ઞાન સત્તારૂપે છે, કર્મના આવરણથી તે પ્રગટ નથી તે વ્યવહારાભાસી છે. અને દિગંબરમતવાળા એમ કહે કે કેવળજ્ઞાન શક્તિરૂપે છે પણ વ્યવહાર રત્નત્રય હોય તો નિશ્ચય રત્નત્રય પ્રગટે, પંચ મહાવ્રતાદિ શુભ રાગ હોય તો શુદ્ધ ભાવ થાય એમ માને તો તે રાગને કેવળજ્ઞાન પ્રગટ કરવાનું સાધન માને છે. શક્તિરૂપે કેવળજ્ઞાન છે તેના અંતર્અવલંબને તે પ્રગટ થાય છે એમ માનતો નથી, માટે તે પણ વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે.

લીંડી પીપરમાં ચોસઠ પહોરી તીખાશ શક્તિરૂપે છે પણ પ્રગટરૂપ નથી તેને વર્તમાન પ્રગટરૂપ માને તો તે મૂર્ખ છે. વળી કોઈ પ્રગટ ચોસઠ પહોરી માને અને ઉપર ડાબલી કે કોઈ બીજી ચીજનું

આવરણ છે એમ માને તો તે પણ મૂર્ખ છે અને જે શક્તિરૂપે છે તે પથ્થરના કારણે કે નિમિત્તના કારણે પ્રગટ થાય છે એમ માને તો તે પણ મૂર્ખ છે. ચોસઠ પહોરી તીખાશ તો શક્તિરૂપે છે એમાંથી પ્રગટરૂપે થાય છે એમ માનવું તે ડહાપણ ભરેલું છે. તેવી રીતે આત્મામાં પણ કેવળજ્ઞાનાદિ શક્તિરૂપે છે એના ઉપર દૃષ્ટિ જવી જોઈએ, પણ નિમિત્ત હોય તો ધર્મ થશે અને શુભ રાગ કરવાથી ધર્મ થશે એમ માનનાર ખરેખર શક્તિ પડી છે એમાંથી વ્યક્તરૂપે થાય છે એને માનતો નથી માટે તે મિથ્યાદૃષ્ટિ છે.

જુઓ, દિગંબર સંપ્રદાયમાં જન્મીને, સાચા દેવાદિની શ્રદ્ધા કરીને પણ નિશ્ચય-વ્યવહારનું સાચું જ્ઞાન જેને નથી તેનું મિથ્યાત્વ જતું નથી. દીવાસળીમાં અગ્નિ પ્રગટરૂપ નથી પણ શક્તિરૂપે છે, તેમાંથી તે પ્રગટ થાય છે. બહારમાંથી તે અગ્નિ આવતી નથી. તેમ શક્તિમાં કેવળજ્ઞાન છે એનો જેને વિશ્વાસ નથી તે જૈન દિગંબર સાધુ કે શ્રાવક નામ ધરાવે પણ તે મિથ્યાદૃષ્ટિ છે. શ્વેતાંબર તો કેવળજ્ઞાન સત્તારૂપે માને છે તે ભ્રમ છે અને શક્તિરૂપે દિગંબર થઈને માને પણ તે પરના કારણે પ્રગટ થાય એમ માને તો તે પણ ભ્રમ છે. એનું પણ મિથ્યાત્વ જતું નથી.

**''એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.''** આંબાના ઝાડ ઉપર કેરી જ પાકે એવો એક જ પ્રકાર હોય છે. તેમ આત્માનો યથાર્થ ધર્મ તો એક જ પ્રકારે થાય છે. શુભથી કે નિમિત્તથી પણ ધર્મ થાય -એમ નથી. આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે. તે અંતર્‌સ્વભાવનો આશ્રય કરવાથી પ્રગટ થાય છે. અંતર્‌પુરુષાર્થને માને નહિ અને વર્તમાન પ્રગટરૂપે માને અથવા તો કર્મના કારણે રોકાયેલ છે એમ માને અથવા તો નિમિત્તના કારણે પ્રગટ થાય એમ માને તે બધા મિથ્યાદૃષ્ટિ છે.

દ્રવ્યમાં શક્તિરૂપે પડેલ છે એનો ભરોસો આવે અને નિમિત્ત-વ્યવહારની દૃષ્ટિ છૂટે તો સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે. પણ કોઈ એમ માને કે આત્માના પ્રદેશોમાં તો કેવળજ્ઞાન પ્રગટરૂપ છે અને કેવળજ્ઞાનાવરણીય કર્મનું આવરણ છે તે આત્માના પુરુષાર્થ વડે શક્તિમાંથી પ્રગટ થશે એમ માનતો નથી તેથી તેને સમ્યક્ત્વનો પણ પુરુષાર્થ થતો નથી. કોઈ દિગંબર પણ એમ કહે કે કર્મના કારણે કેવળજ્ઞાન અટક્યું છે, કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિના કારણે પ્રગટ નથી એમ માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. કેવળજ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જાણે તે કર્મના આવરણના કારણે અટકે એમ બને નહિ પણ પોતાની પર્યાયમાં એટલી કમજોરી છે માટે વ્યક્ત નથી. તેમાં કર્મ નિમિત્તમાત્ર છે. કોઈ કહે કે કર્મ છે જ નહિ તો એમ પણ નથી. આત્મા પોતે પોતાના સ્વભાવનું લક્ષ કરતો નથી ત્યારે પર ઉપર એનું લક્ષ જાય છે. તેમાં કર્મ નિમિત્તમાત્ર છે, પણ કર્મના કારણે આત્માની પર્યાય રાગરૂપે છે કે અધૂરી દશારૂપે છે દ્વએમ નથી. વર્તમાન પર્યાયમાં પોતાના કારણે કેવળજ્ઞાનાદિ નથી, તેમાં વર્તમાન કર્મનું નિમિત્ત છે એમ માનવું જોઈએ. આ સિવાય આડુંઅવળું માને તો તે વસ્તુના સ્વભાવને માનતો નથી. નિમિત્ત નિમિત્તમાં છે અને આત્મામાં નૈમિત્તિકભાવ પોતાના કારણે છે, તેનું જેમ છે તેમ જ્ઞાન કરવું જોઈએ.



આત્મામાં પરમ પારિણામિકભાવ ત્રિકાળ છે. કેવળજ્ઞાન ત્રિકાળ શક્તિરૂપે છે પણ કેવળજ્ઞાનની પર્યાય ત્રિકાળ હોતી નથી, પણ તે નવી થાય છે. શક્તિરૂપે છે તે વ્યક્તરૂપે થાય છે. અને તે પ્રગટ થાય છે ત્યારે કર્મનો અભાવ હોય છે. પૂર્ણ પર્યાયને ક્ષાયિકભાવ કહે છે, તે પારિણામિકભાવ નથી. ક્ષાયોપશમિકભાવ તે અપૂર્ણદશા છે, તેનો અભાવ થઈને ક્ષાયિકભાવ પ્રગટ થાય છે, તે પારિણામિક-ભાવ નથી. સર્વ ભેદ જેમાં ગર્ભિત છે એવો ચૈતન્યભાવ તે જ પારિણામિકભાવ છે.

આત્માનો ચૈતન્યસ્વભાવ ત્રિકાળ છે. નિગોદમાં પણ ચૈતન્યભાવ છે. મતિ-શ્રુતજ્ઞાનાદિ જે પ્રગટરૂપે છે તે પારિણામિકભાવ નથી. ચૈતન્યભાવ અનાદિ અનંત છે, સમ્યક્ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન આદિ અને અંતવાળો ભાવ છે અને કેવળજ્ઞાનની આદિ છે પણ અંત નથી. સમયસાર ગાથા છઠ્ઠીમાં કહેલ છે કે આત્મા જ્ઞાયક છે, તે પ્રમત્ત નથી અને અપ્રમત્ત પણ નથી પણ જ્ઞાયક તો એક જ્ઞાયક જ છે, તે જ્ઞાયકભાવ કહો કે પરમ પારિણામિકભાવ કહો તે એક જ છે. ધ્રુવ એકરૂપ શક્તિરૂપે છે તેની વાત છે. નિયમસારમાં તેને કારણપરમાત્મા કહેલ છે, તેના અવલંબને કેવળજ્ઞાન પ્રગટે છે. પણ કેવળજ્ઞાનાદિનો સદ્‌ભાવ સર્વદા માનવો યોગ્ય નથી.

## માહ સુદ ૧૨, સોમવાર, ૨૬-૧-૫૩.

આત્મામાં જ્ઞાનગુણ ત્રિકાળ છે. તેની પૂર્ણ પ્રગટ દશા ન હોય છતાં પર્યાયમાં કેવળજ્ઞાન માને તે પર્યાયને ઓળખતો નથી. આત્મામાં જ્ઞાન, આનંદ, ચારિત્ર વગેરે શક્તિ ત્રિકાળ છે. જીવ વીતરાગદશા અથવા આનંદદશા પ્રગટ કરવા માગે છે તે સ્વભાવમાં કાયમ શક્તિ છે તેમાંથી પ્રગટ થાય છે. વર્તમાનમાં શાંતિ ને વીર્ય પૂર્ણ નથી ને પ્રગટ કરવા માગે છે તે સ્વભાવમાંથી આવશે એમ નિર્ણય કર્યા વિના સાચી શ્રદ્ધા થતી નથી. લીંડી પીપરમાંથી ૬૪ પહોરી તીખાશ આવે છે પણ પથરામાંથી આવતી નથી. તેમ કર્મ કે શરીરમાંથી કેવળજ્ઞાન આવતું નથી. આત્મા કર્મ ને શરીરથી ભિન્ન છે, રાગદ્વેષ ને અલ્પજ્ઞતા પર્યાયમાં છે. જેને રાગદ્વેષ ને અલ્પજ્ઞતા ટાળવા હોય તેણે નક્કી કરવું જોઈએ કે મારો સ્વભાવ જ્ઞાન ને આનંદથી પરિપૂર્ણ ભરેલો છે. એવી માન્યતાથી વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટે છે. દેહની ક્રિયાથી કે વિકારની ક્રિયાથી શાંતિ આવતી નથી. વિકાર તો અશાંતિ છે. અશાંતિમાંથી શાંતિ આવતી નથી. જ્ઞાન, આનંદ ને શાંતિશક્તિ સ્વભાવમાં ભરેલા છે તેમાં એકાગ્ર થવાથી જ્ઞાન ને શાંતિ પ્રગટે તેમ છે.

અહીં કહે છે કે અધૂરી સંસારદશામાં વર્તમાનમાં જ કેવળજ્ઞાન પ્રગટપણે વર્તે છે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. આત્મામાં જ્ઞાન ને આનંદદશા જોઈતી હોય તેણે ચિદાનંદ સ્વભાવમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ને આનંદ ભરેલા પડ્યા છે એમ પ્રથમ ભરોસો કરવો જોઈએ. પરમાંથી, વિકારમાંથી ને અલ્પજ્ઞ પર્યાયમાંથી શાંતિ ને આનંદ આવશે એવો વિશ્વાસ છોડી દેવો જોઈએ.

એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે તેવા ભગવાન કેવી રીતે થયા ? અંદર સ્વભાવમાં

એકાગ્રતા કરવાથી થયા છે. તેમ પોતાના આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવાથી કેવળજ્ઞાન પ્રગટ કરી શકે છે એમ માનવું જોઈએ.

લીંડી પીપરમાં વર્તમાન થોડી તીખાશ પ્રગટ છે. ૬૪ પહોરી પ્રગટ નથી પણ શક્તિ છે, તેમ વર્તમાનમાં મતિ-શ્રુતજ્ઞાન પ્રગટ છે પણ કેવળજ્ઞાન પ્રગટરૂપ નથી. કેવળજ્ઞાન શક્તિરૂપે છે એમ માનવું જોઈએ.

શાસ્ત્રમાં સૂર્યનું દૃષ્ટાંત આપેલ છે. તેનો એટલો પરમાર્થ સમજવો કે જેમ મેઘપટલ દૂર થતાં સૂર્યનો પ્રકાશ પ્રગટ થાય છે તેમ કર્મોદય દૂર થતાં કેવળજ્ઞાન થાય છે. કર્મ તો જડ છે. આત્મા પોતામાં એકાગ્ર થાય ને કેવળજ્ઞાન પ્રગટ કરે તો કર્મ કર્મના કારણે દૂર થાય છે. દૃષ્ટાંતમાં સૂર્ય જાજવલ્યમાન છે ને વાદળાં આડાં છે તેમ આત્મામાં કેવળજ્ઞાન પ્રગટરૂપ જાજવલ્યમાન અથવા પ્રકાશરૂપ છે ને ઉપર કર્મના વાદળાં આડાં આવી ગયા છે -એમ નથી. વર્તમાન પર્યાયમાં તો મતિ-શ્રુતજ્ઞાન છે. જીવને કર્મ તરફનું વલણ છે, ને પોતાના તરફ વલણ કરતો નથી ત્યાં સુધી પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટરૂપ નથી ત્યારે કર્મ નિમિત્તરૂપે હોય છે.

જેમ અગ્નિનો ભડકો હોય ને ઉપર કોઈ વાસણ ઢાંકી દીધું હોય તેમ આત્માની અંદર કેવળજ્ઞાનનો ભડકો પ્રગટ છે ને ઉપર કર્મના આવરણે તેને ઢાંકી દીધેલ છે એમ સમજવું નહિ. પણ જેમ દીવાસળીના ટોપકામાં ભડકો થવાની શક્તિ છે તેમ આત્મામાં કેવળજ્ઞાનની શક્તિ છે. પોતામાં એકાગ્ર થાય તો કેવળજ્ઞાનરૂપી ભડકો પ્રગટ થાય ને કર્મરૂપી વાદળાં દૂર થાય.

તેવી રીતે બધા ગુણોમાં સમજવું. શરીરની ક્રિયાથી કે પાંચ મહાવ્રતથી ચારિત્ર પ્રગટતું નથી. વસ્તુમાં ચારિત્રશક્તિ ભરેલી પડી છે તેમાં એકાગ્ર થવાથી ચારિત્રદશા પ્રગટે છે. પ્રથમ ચારિત્રશક્તિની પ્રતીત થવી જોઈએ ને પછી એકાગ્રતા કરવી જોઈએ. કોઈ કહે કે વસ્ત્ર-પાત્ર હોય ને મુનિપણું પ્રગટે તો તે વાત ખોટી છે. વળી કોઈ મુનિ નિર્દોષ આહાર લ્યે, પોતા માટે બનાવેલ આહાર ન લ્યે છતાં તે વૃત્તિ ધર્મ નથી, તેનાથી ચારિત્ર પ્રગટતું નથી. અંદર એકાગ્ર થતાં ચારિત્ર ને શાંતિ પ્રગટે છે ને આવી અંતર્દશા પ્રગટે ત્યારે બાહ્ય નગ્નદશા ન હોય એમ પણ બને નહિ, ને બાહ્ય નગ્નદશા ને પાંચ મહાવ્રતાદિના પરિણામ થયા માટે ચારિત્ર પ્રગટે છે -એમ પણ નથી.

અહીં કહે છે કે પાંચ મહાવ્રતાદિના પરિણામ રાગ છે, તેમાં આનંદ નથી. આનંદ અંતરમાં ભર્યો પડ્યો છે. માટે વિકાર ને પરપદાર્થની રુચિ છોડી પોતાના સ્વભાવની રુચિ કરવી જોઈએ ને પછી સ્થિરતા કરવાથી આનંદ પ્રગટે છે. આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રિકાળ પડ્યા છે તેમાંથી તેની દશા પ્રગટ થાય છે. દયા-દાનાદિથી કે પરમાંથી દર્શન-જ્ઞાન-ચારિત્રદશા આવતી નથી. માટે નિમિત્તની, વિકારની અને અલ્પજ્ઞ પર્યાયની રુચિ છોડી સ્વભાવની રુચિ કરવી જોઈએ. સ્વભાવની રુચિ કરી માટે વર્તમાનમાં કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું -એમ નથી પણ ક્રમશઃ કેવળજ્ઞાન પ્રગટ થાય છે.



લીંડી પીપર ને પથ્થર બે જુદી ચીજ છે. દરેક ચીજ પોતપોતામાં વર્તે છે, એકબીજાને સ્પર્શતી નથી. આ બે આંગળી છે, દરેક આંગળીનું વર્તવું પોતપોતામાં છે. પોતાની પર્યાયમાં તે વર્તન કરે છે. વર્તના = વર્તમાન પર્યાય. એકનો બીજામાં અભાવ છે છતાં એક ચીજ બીજાને અડે છે -એમ કહેવું તે વ્યવહારનું કથન છે.

આત્મા શું છે, તેની શક્તિઓ શું છે ને વર્તમાનમાં શું છે તે જાણીને શક્તિ સ્વભાવ તરફ વળવાથી સુખ પ્રગટે છે. અજ્ઞાની ઉઠાવગીર થઈ પરમાં સુખ માને છે, પણ પરમાં આત્માનું સુખ નથી. પોતામાં સુખ-આનંદ ત્રિકાળ છે તે પ્રથમ નક્કી કરવું જોઈએ.

અહીં કહે છે કે શાસ્ત્રમાં સૂર્યની આડાં વાદળાં કહ્યા છે તેનો અર્થ એટલો લેવો કે વાદળાં ખસી જવાથી સૂર્ય દેખાશે તેમ કર્મ તરફનું વલણ ખસી જવાથી કેવળજ્ઞાન પ્રગટ થશે પણ અંદરમાં સૂર્યની જેમ કેવળજ્ઞાન પ્રગટ છે એમ સમજવું નહિ. આવી જેને ખબર નથી તેને અર્હંત ને સિદ્ધની ખબર નથી. આચાર્ય, ઉપાધ્યાય, સાધુના સ્વરૂપની ખબર નથી.

હીરો વજન કરવામાં જરા ફેર પડે તો ઘણી નુકસાની જાય. માટે હીરાનો કાંટો બારીક હોય છે તેમ અહીં મુનિપણાને તથા ધર્મને તોલવાનો કાંટો ઘણો સૂક્ષ્મ છે. આત્મા શું છે, ગુણ શું છે, પર્યાય શું છે વગેરેનું જેને જ્ઞાન નથી તેને ધર્મ થતો નથી.

જેમ દીવાસળીને ઘસવાથી અગ્નિનો ભડકો થાય છે તેમ આત્માના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાનરૂપી ભડકો થાય છે ત્યારે કર્મરૂપી વાદળાં દૂર થાય છે.

જેમ મેઘપટલ થતાં સૂર્યપ્રકાશ પ્રગટ થતો નથી તેમ કર્મ ઉદય થતાં કેવળજ્ઞાન થતું નથી. કર્મ ઉદયનો અર્થ શો ? પોતે જ્ઞાનાનંદ સ્વભાવી છે એવી પ્રતીતિ ને એકાગ્રતા ન કરે તો કેવળજ્ઞાનાવરણીય કર્મ નિમિત્ત છે ને સર્વથા એકાગ્રતા કરી કેવળજ્ઞાન પ્રગટ કરે તો કેવળજ્ઞાનાવરણીય કર્મ છૂટી જાય છે. જેમ સાચી શ્રદ્ધા કરતાં દર્શનમોહ ટળી જાય છે ને વીતરાગતા કરતાં ચારિત્રમોહ ટળી જાય છે.

પ્રથમ સમ્યગ્દર્શન-નિર્વિકલ્પ પ્રતીતિ થાય છે પણ પ્રતીતિ થઈ એટલે ચારિત્ર થઈ ગયું -એમ નથી. પણ આત્મામાં વિશેષ એકાગ્ર થવાથી ચારિત્રદશા પ્રગટે છે ને તે વખતે મુનિને વિકલ્પદશામાં ૨૮ મૂળગુણના પાલનનો વિકલ્પ આવે છે.

સંતોએ માર્ગ સહેલો કર્યો છે, કાંઈ બાકી રાખ્યું નથી. પરમાં કે રાગમાં આત્માની શક્તિ નથી, પર્યાયમાં આત્માની આખી શક્તિ નથી, આખી શક્તિ શુદ્ધ દ્રવ્યમાં ભરી છે. આવી પ્રતીતિ વિના સમ્યગ્દર્શન થાય નહિ ને સમ્યગ્દર્શન વિના ચારિત્ર થાય નહિ.

વર્તમાન પર્યાયમાં ચારિત્ર નહિ હોવાં છતાં ચારિત્ર માની લ્યે તો તે મૂઢ છે. અંદર શક્તિ ચારિત્રની ભરેલી પડેલી છે તેમાં એકાગ્ર થવાથી ચારિત્ર પ્રગટે છે. વર્તમાન પર્યાયમાં જેટલી પ્રગટતા છે તેટલી

માનવી એમ કહે છે. વર્તમાનમાં કેવળજ્ઞાન નહિ હોવા છતાં પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ માનવું તે મિથ્યાત્વ છે.

આ લાકડીની લાલ અવસ્થા છે, વર્તમાનમાં લીલી અવસ્થા પ્રગટ નથી. પુદ્‌ગલમાં રંગ ગુણ ત્રિકાળ છે. તેની લીલી, લાલ વગેરે અવસ્થા વખતે બીજી અવસ્થાનો અભાવ છે, લાલ વખતે લીલીનો અભાવ છે પણ લીલી થવાની શક્તિ છે. પણ લાલ વખતે લીલી પ્રગટ માને તો ભૂલ છે, તેમ આત્મામાં જ્ઞાનગુણ ત્રિકાળ છે, તેમાં મતિ-શ્રુતજ્ઞાન અવસ્થા વખતે કેવળજ્ઞાન પ્રગટ માને તો ભૂલ છે. કેવળજ્ઞાન શક્તિરૂપ છે પણ પ્રગટ માને તો ભૂલ છે. આત્મા અને જ્ઞાનગુણ ત્રિકાળ છે. તેની પર્યાયમાં મતિજ્ઞાન વખતે કેવળજ્ઞાન પ્રગટ હોય તેમ બને નહિ ને કેવળજ્ઞાન પ્રગટ વખતે મતિજ્ઞાન રહે તેમ બને નહિ.

અલ્પ પર્યાય હોવા છતાં પૂર્ણ પર્યાય માનવી તે અસત્ય છે, અસત્ય એટલે અધર્મ છે. આત્મામાં જ્ઞાનગુણ ત્રિકાળ છે તેના આશ્રયે પૂર્ણ પર્યાય પ્રગટે છે. અધૂરી પર્યાયમાં પૂર્ણ પર્યાય ન માનવી તે સત્ય છે, તે ધર્મ છે ને તે અહિંસા છે. પણ નિમિત્ત, શરીર કે રાગમાંથી ધર્મ થશે એમ માનવું તે અધર્મ છે ને હિંસા છે. સંસાર ને મોક્ષ બન્ને વિપક્ષ છે. જે પંથે સંસાર છે તે પંથે મોક્ષ નથી ને જે પંથે મોક્ષ છે તે પંથે સંસાર નથી.

**પ્રશ્ન** : આવરણ નામ તો વસ્તુને આચ્છાદવાનું છે. હવે જો કેવળજ્ઞાન પર્યાયમાં પ્રગટ નથી તો કેવળજ્ઞાનાવરણીય કેમ કહો છો ? વર્તમાનમાં અલ્પજ્ઞ પર્યાય છે ને સર્વજ્ઞદશા પ્રગટ નથી તો પછી કેવળજ્ઞાનાવરણીય કર્મ કેમ કહો છો ?

વળી કોઈ જીવ કેવળજ્ઞાનાવરણીય કર્મને માનતો નથી. અભવીને મનઃપર્યયજ્ઞાનાવરણીય ને કેવળ-જ્ઞાનાવરણીય કર્મ ન હોય એમ તે માને છે. તેની દલીલમાં કહે છે કે અભવીને મનઃપર્યયજ્ઞાન ને કેવળજ્ઞાન પ્રગટવાના નથી માટે આ બે આવરણ ન હોય એમ તે દલીલ કરે છે પણ તે વાત ખોટી છે.

અભવી હોય કે અનાદિનો મિથ્યાદૃષ્ટિ હોય -બન્નેને પાંચે જ્ઞાનાવરણીય કર્મપ્રકૃતિ નિમિત્તરૂપે હોય છે.

અહીં પ્રશ્ન કરેલ છે કે કેવળજ્ઞાન પ્રગટ નથી છતાં કેવળજ્ઞાનાવરણીય કેમ કહો છો ?

તેનો ઉત્તર આપશે કે આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે. શક્તિને પ્રગટ થવા ન દ્યે એ અપેક્ષાએ આવરણ કહ્યું છે.



## માહ સુદ ૧૩, મંગળવાર, ૨૭-૧-૫૩.

આત્મામાં કેવળજ્ઞાનનો પર્યાય છદ્મસ્થદશામાં પ્રગટ માને તો તે ભ્રમ છે. શક્તિ અપેક્ષાએ કેવળજ્ઞાન ત્રિકાળ છે. પર્યાય અપેક્ષાએ સંસારદશામાં પ્રગટ નથી છતાં પ્રગટ માને તો તેને શક્તિમાંથી પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવાનો રહેતો નથી. માટે કેવળજ્ઞાન પ્રગટ માનવું નહિ. તો હવે પ્રશ્ન થાય છે કે કેવળજ્ઞાન પ્રગટ હોય એને આવરણ કરે તેને કેવળજ્ઞાનાવરણીય કર્મ કહેવાય. જો કેવળજ્ઞાન પ્રગટ ન હોય તો કેવળજ્ઞાનાવરણીય કેમ કહો છો ? શક્તિમાં તો આવરણ હોય નહિ. પર્યાયમાં આવરણ હોય માટે અમે કેવળજ્ઞાનને પ્રગટ માનીએ તો શું વાંધો છે ?

**ઉત્તર** : શક્તિને વ્યક્ત ન થવા દે તે અપેક્ષાએ આવરણ કહ્યું છે. શાસ્ત્રમાં નિમિત્તકર્તાની વાત છે. નિમિત્તકર્તા કહો કે વ્યવહારથી કર્તા કહો તે એક જ છે. એટલે કે નિશ્ચયથી નિમિત્તકર્તા નથી -એમ તેનો અર્થ સમજવો. નિમિત્તની અપેક્ષાએ કેવળજ્ઞાનાવરણીય છે. કેવળજ્ઞાન પ્રગટ ન થવામાં કારણ છે -એમ અહીં ઉપચારથી કહેવામાં આવે છે. નિમિત્ત કર્તા, કરણ, અધિકરણ આદિ કહેવાય છે ત્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવવા કહેલ છે. પણ પહેલાં નિરપેક્ષ પોતે પોતાથી કર્તા-કરણાદિ છે -એમ નક્કી કર્યા પછી ઉપચારથી નિમિત્તમાં સાપેક્ષતાથી કર્તા કરણાદિ કહેવામાં આવે છે. છ યે કારક નિમિત્તમાં લાગુ પડે છે. નિશ્ચય-વ્યવહારને જેમ છે તેમ જાણવા જોઈએ. જે સમયે ઉપાદાનમાં છ કારક લાગુ પડે છે તે જ સમયે નિમિત્તમાં ઉપચારથી છ કારક લાગુ પડે છે. નિમિત્ત છે માટે ઉપાદાનમાં કર્તા કરણાદિ છે એમ નથી પણ નિમિત્તની ઉપસ્થિતિ છે એમ જાણાવે છે.

અહીં આત્મામાં જે શક્તિ છે તેને વ્યક્ત ન થવા દે એમાં નિમિત્તરૂપે કર્મ કારણ છે -એમ કહેવાય છે. આત્મા પોતે ઉપાદાનકર્તા તરીકે શક્તિમાં કેવળજ્ઞાન છે તેને વ્યક્ત કરતો નથી ત્યારે કેવળજ્ઞાનાવરણીય કર્મ વ્યક્ત ન થવા દ્યે એમ નિમિત્તથી કહેલ છે. આત્મા પોતે કેવળજ્ઞાન પ્રગટ કરે ત્યારે કર્મને અભાવરૂપ નિમિત્તકર્તા કહેવાય છે. એવી રીતે કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ -એ છ યે કારક લાગુ પડે છે. સાધન બે પ્રકારે છે. નિશ્ચયસાધન કર્યું ત્યારે વ્યવહારસાધન થયું કહેવાય છે. નિમિત્ત ઉપાદાનનું કામ કરે તો બે સાધન રહેતાં નથી.

આત્મા સ્વભાવનું અવલંબન લઈને શુદ્ધતા પ્રગટ કરે તો પંચ મહાવ્રતાદિને વ્યવહાર સાધક કહેવાય. ખરેખર તો શુભ ભાવ બાધક છે. છતાં આત્મા પોતાનું સાધન કરીને શુદ્ધ ભાવ પ્રગટ કરે તો શુભ ભાવને નિમિત્તથી સાધક કહેવાય. નિમિત્તે થવા ન દીધું એમ કહ્યું હોય એનો અર્થ એમ છે કે નૈમિત્તિકે પોતાની અવસ્થા પ્રગટ ન થઈ તો નિમિત્તે પ્રગટ થવા ન દીધી એમ કહેવાય. ખરેખર તો નિમિત્ત એમ પ્રસિદ્ધ કરે છે કે નૈમિત્તિક સ્વતંત્ર પોતાના કારણથી પરિણમન કરી રહેલ છે. તો ઉપસ્થિત બીજી અનુકૂળ વસ્તુને નિમિત્ત કહેવાય છે. નૈમિત્તિકપર્યાય થાય ત્યારે નિમિત્તમાં નિમિત્તકર્તાનો આરોપ આવે છે તે અપેક્ષાએ કર્મે આવરણ કર્યું એમ કહેલ છે.

હવે દૃષ્ટાંત આપે છે. આત્મામાં સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી દેશચારિત્ર એટલે પાંચમું ગુણસ્થાન પ્રગટ ન થવા દેવાની અપેક્ષાએ અપ્રત્યાખ્યાનાવરણ કષાય કહેલ છે. થોડું પણ પ્રત્યાખ્યાન ન થવા દે એટલે કે અંશે પણ સ્થિરતા ન થવા દે તેમાં નિમિત્ત અપ્રત્યાખ્યાનાવરણ કષાય છે. પ્રગટદશા છે ને કર્મે આવરણ કર્યું છે એમ નથી પણ આત્મા પોતે સ્વભાવની લીનતા કરીને અંશે ચારિત્રની દશા પ્રગટ કરતો નથી એટલે નિમિત્તથી અપ્રત્યાખ્યાનાવરણીય કર્મે ચારિત્ર પ્રગટ થવા ન દીધું એમ કહેવાય છે.

પ્રશ્નકારે પ્રશ્ન કર્યો હતો કે અમે કેવળજ્ઞાનને પ્રગટ માનીએ છીએ અને કર્મે એને રોક્યું છે કેમ કે કેવળજ્ઞાનાવરણીય કર્મ નામ છે તો તે જ કહે છે કે ભાઈ ! જેમ ચોથે ગુણસ્થાને દેશચારિત્રની દશા નથી ત્યાં અપ્રત્યાખ્યાનાવરણીય કર્મે દેશચારિત્રની પર્યાયને પ્રગટ થવા દેતું નથી એમ કહેવાય છે પણ ત્યાં દેશચારિત્ર પ્રગટરૂપે છે અને તેને અપ્રત્યાખ્યાનાવરણીય કર્મે રોક્યું છે એમ નથી. આત્મામાં યથાખ્યાત ચારિત્ર પ્રગટ થાય એવો સ્વભાવ તો શક્તિરૂપે ત્રિકાળ છે તેને પ્રગટ થવા દેતું નથી એમાં નિમિત્તરૂપે કર્મ છે એમ કહેલ છે. નૈમિત્તિકભાવ પોતે પ્રગટ કરતો નથી તો કર્મ ઉપર આરોપ આવે છે. અહીં તો કર્મ નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવે છે. પણ તે નિમિત્તના કારણે આત્માનું દેશચારિત્ર રોકાણું છે -એમ નથી.

આત્મામાં મુનિપણાની દશા પ્રગટ થાય છે તે વખતે નિમિત્તરૂપે પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણનો વિકલ્પ હોય છે તેથી તેને નિમિત્તકર્તા પણ કહેવાય છે. શરીરમાં નગ્નદશા થયા વિના આત્મામાં મુનિપણું હોય નહિ. એમ નિમિત્ત કર્તા તરીકે યથાર્થ છે. પણ એનો અર્થ એવો છે કે આત્મામાં નૈમિત્તિકપર્યાય મુનિપણાની પ્રગટ કરે તો નગ્નતાને નિમિત્તકર્તાપણાનો આરોપ લાગુ પડે છે. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૩૧૫માં કહ્યું છે કે ''મુનિલિંગ ધાર્યા વિના મોક્ષ ત્રણ કાળમાં ન થાય.'' આત્મા કેવળજ્ઞાનનો પુરુષાર્થ કરે અને નગ્નદશા ન હોય એમ બને નહિ. માટે મુનિલિંગ વિના મોક્ષ નહિ એમ કહેલ છે. પણ એનો અર્થ એવો નથી કે નગ્નદશાના કારણે મોક્ષ થાય છે.

આત્મામાં ચારિત્રદશા થયા વિના મોક્ષ ન થાય. તે ચારિત્ર તો આત્માના આશ્રયે પ્રગટ થાય છે. આત્માના સ્વભાવને યથાર્થ જાણી એમાં લીન થતાં યથાર્થ ચારિત્ર જીવ પોતે પ્રગટ કરે છે ત્યારે નિમિત્તરૂપે નગ્નદશા હોય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ આત્માના ભાન વિના ખાલી નગ્નદશા ધારણ કરે તેથી કાંઈ મુનિપણું નથી. માટે નિશ્ચય-વ્યવહારનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવે જે માર્ગ કહ્યો છે એનાથી વિરુદ્ધ જેની પ્રરૂપણા છે એને પરંપરામાર્ગ કહેવાય નહિ, એને વ્યવહારમાર્ગની પણ યથાર્થ ખબર નથી. તે મુનિ નામ ધરાવી ખાલી નગ્નદશા ધારણ કરે તો તેને મુનિ માનવા તે ભ્રમણા છે. તેના વિનય સત્કારાદિ કરવાથી ગૃહીત મિથ્યાત્વનું પોષણ થાય છે.



સાગારધર્મામૃતમાં પૃ. ૮૧માં સોમદેવ આચાર્યે કહેલ છે કે જેવી રીતે જિનબિંબ પૂજનીક છે તેવી રીતે પૂર્વ મુનિઓની સ્થાપના કરી આધુનીક મુનિ પણ પૂજ્ય છે. એટલે મુનિનું દ્રવ્યલિંગ તો બહારમાં બરાબર હોવું જોઈએ. એને વ્યવહારથી પૂજનીક કહેલ છે. પણ આત્મજ્ઞાન હોય નહિ અને વ્યવહારના પણ ઠેકાણાં ન હોય અને મુનિ માને તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચય મુનિપણું પ્રગટ થયું ન હોય પણ વ્યવહાર તો બરાબર હોવો જોઈએ. તો જ એનો વ્યવહારથી સત્કાર કરવો જોઈએ. પણ વ્યવહાર પણ બરાબર ન હોય તો તેને દ્રવ્યલિંગી પણ માનવા ન જોઈએ. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૧૯૪માં કહ્યું છે કે પદ્મપુરાણમાં એક કથા છે કે કોઈ શ્રેષ્ઠી ધર્માત્માએ ચારણ મુનિઓને ભ્રમથી ભ્રષ્ટ જાણીને પણ આહાર ન આપ્યો. તો જ્યાં પ્રત્યક્ષ ભ્રષ્ટ હોય તેને આહારાદિ આપવા તે કેમ સંભવે ? એટલે ભ્રષ્ટ હોય તેને પૂજનીક ગણીને અથવા તો મુનિ છે એમ માનીને દાનાદિ આપે તો તે મિથ્યાદૃષ્ટિ છે. માટે પ્રથમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. ભૂલ કરે અને ભૂલ માને નહિ તો ભૂલ ટળે નહિ. પ્રથમ ભૂલને ભૂલપણે જાણવી જોઈએ તો જ ભૂલ છૂટે.

અહીં કહે છે કે આત્મામાં દેશચારિત્ર ન પ્રગટ થવામાં અપ્રત્યાખ્યાનાવરણીય કષાય નિમિત્ત છે. વસ્તુમાં પર નિમિત્તથી જે ભાવ થાય તેનું નામ ઔપાધિકભાવ છે તથા પર નિમિત્ત વિના જે ભાવ થાય તેનું નામ સ્વભાવભાવ છે. આત્મામાં શક્તિરૂપે જે સ્વભાવ છે એના અવલંબને જે ભાવ થાય તે સ્વભાવભાવ છે પણ પોતાનો આશ્રય ન કરતાં પરલક્ષે જે ભાવ થાય તે ઔપાધિકભાવ છે. એમાં નિમિત્તની અપેક્ષા છે. માટે જ્યાં જેમ છે તેમ સમજવું.

જેમ જળને અગ્નિનું નિમિત્ત થતાં ઉષ્ણપણું થયું એટલે પાણી ઉષ્ણરૂપ થયું છે. એમાં અગ્નિ નિમિત્ત છે. પાણીની ઉષ્ણદશા વખતે શીતળપણાની અવસ્થા નથી પણ અગ્નિનું નિમિત્ત મટતાં પાણીની અવસ્થા ઠંડી થઈ જાય છે. માટે પાણીનો સ્વભાવ શીતળ છે -એમ સિદ્ધ થાય છે. વર્તમાન ઉષ્ણ હોવા છતાં સ્વભાવ તો શીતળ જ છે પણ ઉષ્ણ પર્યાય વખતે શીતળતા પ્રગટ નથી પણ શક્તિરૂપે તો ત્રિકાળ છે. તે શક્તિ જ્યારે વ્યક્તરૂપે થાય છે ત્યારે સ્વભાવ વ્યક્ત થયો કહેવામાં આવે છે.

## માહ સુદ ૧૪, બુધવાર, ૨૮-૧-૫૩.

આત્મા સ્વભાવે જેમ શુદ્ધ છે તેમ પર્યાયે પણ વર્તમાનદશામાં શુદ્ધ છે એમ કોઈ માને તો તે ભ્રાંતિ છે. પર્યાયમાં જો પ્રગટ શુદ્ધદશા હોય તો કાંઈ કરવાનું રહેતું નથી.

અહીં પાણીનું દૃષ્ટાંત આપ્યું છે કે પાણીનો સ્વભાવ તો શીતળ છે પણ વર્તમાન અગ્નિના નિમિત્તે ઉષ્ણદશા છે તે પાણીનો સ્વભાવ નથી, તેમ આત્મામાં કર્મના નિમિત્તે વર્તમાન પર્યાયમાં વિકાર છે. ત્યાં તો કેવળજ્ઞાનનો અભાવ જ છે, પણ જ્યારે કર્મના નિમિત્ત તરફનો ભાવ રહેતો નથી ને વીતરાગતા પ્રગટે છે ત્યારે કેવળજ્ઞાન પ્રગટે છે. અહીં કર્મનું નિમિત્ત મટતાં કેવળજ્ઞાન થાય એમ કહેલ છે એનો અર્થ એવો છે કે આત્મા કેવળજ્ઞાનનો પુરુષાર્થ કરે ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે અને તે વખતે

કર્મનું નિમિત્ત રહેતું નથી. માટે નિમિત્તનો અભાવ થતાં સ્વભાવ પ્રગટ થાય છે -એમ કહેલ છે.

આત્મા કેવળજ્ઞાન પ્રગટ કરે છે માટે આત્માનો સદાકાળ કેવળજ્ઞાન સ્વભાવ છે એમ કહેવામાં આવે છે. આવી શક્તિ તો આત્મામાં સર્વદા હોય છે, પણ તે પ્રગટ થાય ત્યારે પ્રગટ થયું કહેવાય છે. હવે જેમ પાણી વર્તમાનમાં ગરમ હોય તેને વર્તમાનમાં ઠંડું માનીને કોઈ પીએ તો દાઝે, તેમ કેવળજ્ઞાન સ્વભાવ વડે, અશુદ્ધ આત્માને પણ કેવળજ્ઞાની માની અનુભવવામાં આવે તો તેથી દુઃખી જ થાય. એ પ્રમાણે જે આત્માને કેવળજ્ઞાનાદિરૂપ અનુભવે છે તે મિથ્યાદષ્ટિ છે.

પાણી શક્તિરૂપે શીતળ હોવાં છતાં વ્યક્ત તો ઉષ્ણ જ છે, તેને વર્તમાન શીતળ માનવું જોઈએ નહિ. તેમ આત્મામાં વર્તમાન મતિશ્રુતાદિ પર્યાય હોવાં છતાં કેવળજ્ઞાન માને તે મિથ્યાદષ્ટિ છે. એ પ્રમાણે દર્શન, ચારિત્ર, વીર્ય આદિની ઓછી તથા વિકારી દશા હોવા છતાં પૂર્ણ અને શુદ્ધ માને તે પણ મિથ્યાદષ્ટિ છે.

વળી કોઈ પોતાને રાગાદિ ભાવ પ્રત્યક્ષ હોવા છતાં પણ ભ્રમથી પોતાને રાગાદિ રહિત માને છે તે મિથ્યાદષ્ટિ છે. વર્તમાન પર્યાયમાં રાગાદિ નથી એમ જે માને છે તે અને જૈનમાં પણ કોઈ રાગાદિ પરિણામ કર્મના કારણે થાય છે એમ માને છે તે બન્ને એક સરખા મિથ્યાદષ્ટિ છે, રાગને કર્મજન્ય માને છે પણ કર્મ તો જડ છે. જડમાં કે જડના કારણે રાગાદિ થતાં નથી પણ પોતાના અપરાધથી પોતાની પર્યાયમાં થાય છે. તેથી આવી શ્રદ્ધા જેને નથી તેને આત્માની તથા દેવાદિની પણ યથાર્થ શ્રદ્ધા નથી માટે તે મિથ્યાદષ્ટિ છે.

આત્મામાં શુભાશુભ ભાવો વર્તમાનમાં થાય છે છતાં જે આત્માને રાગાદિ રહિત માને છે તેને અમે પૂછીએ છીએ કે આ રાગાદિ થતાં જોવામાં આવે છે તે કોનામાં થાય છે ? જો તે શરીરમાં કે કર્મમાં થતાં હોય તો તે ભાવો અચેતન અને મૂર્તિક હોય પણ તે રાગાદિ ભાવો તો પ્રત્યક્ષ અમૂર્તિક જણાય છે. માટે સિદ્ધ થાય છે કે એ આત્માના જ ભાવો છે. એક ભાઈ એમ કહેતાં હતા કે આ ક્રોધ થયો છે તે કર્મના ઉદયના કારણે થયો છે કેમ કે ગોમ્મટસારમાં લખેલું છે કે કર્મનો પ્રબળ ઉદય આવે છે માટે ક્રોધાદિ થાય છે, પણ તે ગોમ્મટસારના લખાણને સમજતો જ નથી. કેમ કે ક્રોધાદિ થાય છે તે તો આત્મામાં થાય છે. તે આત્માની વિકારી પર્યાય છે, કર્મમાં તે થતાં નથી, કેમ કે કર્મ તો અચેતન અને મૂર્ત છે અને વિકાર તો ચેતનભૂમિમાં થાય છે. માટે વિકાર તો ચેતન અને અમૂર્તિક છે. છતાં કર્મના કારણે તે થાય છે એમ માને છે તે મિથ્યાદષ્ટિ છે, વસ્તુના સ્વભાવને તે સમજતો નથી.

ક્રોધાદિ ભાવો જે થાય છે તે ઔપાધિકભાવો છે. તે આત્માની ભૂમિકામાં થાય છે કેમ કે તે ચેતનનો આભાસ છે, અચેતન મૂર્તિક જડના તે નથી, ચારિત્રમોહનીય કર્મના કારણે તે વિકારી ભાવો નથી. સંજ્વલનના તીવ્ર ઉદયથી છઠ્ઠું ગુણસ્થાન હોય છે અને મંદ ઉદયથી સાતમું ગુણસ્થાન હોય



છે -એમ નથી. કર્મના કારણે આત્માની શુદ્ધતા કે અશુદ્ધતા નથી. આત્માની પર્યાય જડના કારણે ત્રણ કાળમાં હોય નહિ. શાસ્ત્રમાં વિકારને પુદ્‌ગલજન્ય કહેલ છે, એ તો વિકાર આત્માનો સ્વભાવ નથી એમ બતાવવા તથા વિકાર નીકળી જાય છે એમ બતાવવા માટે તેને પુદ્‌ગલજન્ય કહેલ છે. પણ પ્રથમ આત્મામાં પોતાના કારણે વિકાર થાય છે એમ માને, પછી આત્માનો તે સ્વભાવ નથી એવી સ્વભાવદષ્ટિ કરવા માટે અને વિકાર કાઢી નાખવા માટે તે પુદ્‌ગલનો વિકાર છે એમ કહેલ છે. શ્રી સમયસાર કળશમાં પણ કહેલ છે કે :-

**कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-**
**रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषंङ्गात्कृतिः ।**
**नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो**
**जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः ॥ २०३ ॥**

એ રાગાદિરૂપ ભાવકર્મ કોઈએ નથી કર્યા -એમ નથી, કેમ કે એ કાર્યભૂત છે.

રાગાદિ આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી પણ પર્યાયમાં નવા નવા ભાવો જીવ પોતે કરે છે. તત્ત્વાર્થસૂત્રમાં ઔદયિકભાવને જીવનું સ્વતત્ત્વ કહેલ છે, એટલે કે આત્માનું તે કાર્ય છે, તે રાગાદિ ભાવો આત્માએ કરેલા છે. આત્માની પર્યાય છે તે તેનું કાર્ય છે. તે કાર્ય કર્તા વિના હોય નહિ. માટે આત્માની પર્યાયરૂપી જે કાર્ય છે તેનો કર્તા આત્મા છે. માટે રાગાદિ ભાવો કાર્ય નથી -એમ નથી અને એને કોઈએ કર્યા નથી -એમ નથી.

વળી તે જીવ અને કર્મપ્રકૃતિ એ બન્નેનું પણ કર્તવ્ય નથી. જીવ અને જડ બન્ને ભેગા થઈને રાગાદિ ભાવો કરે છે એમ પણ નથી. આત્મા પોતે પોતાના અપરાધથી ક્રોધાદિ વિકારી ભાવો કરે છે એમાં કર્મ નિમિત્ત છે. પણ ખરેખર બન્ને ભેગા થઈને રાગાદિ ભાવો કરતા નથી. બન્ને ભેગા થઈને જો રાગાદિ કરે તો તે ભાવકર્મનું ફળ જે સુખદુઃખાદિ છે તે કર્મને પણ ભોગવવું પડે, પણ એમ બનતું નથી. હળદર અને ફટકડી બે ભેગા થાય છે ત્યારે લાલ રંગ થાય છે તેમ કર્મ અને જીવ ભેગા થઈને રાગાદિ કરે છે એમ કોઈ માને તો તે વાત ખોટી છે. હળદર અને ફટકડીમાં પણ બન્નેના રજકણો પોતપોતાની લાયકાતથી લાલરૂપે પરિણમે છે. તેમ પર્યાયમાં આત્મા પોતે વિકાર કરે છે, વિકાર કર્મે કરાવ્યો નથી. અન્યમતી માને છે કે ઈશ્વરકર્તા છે અને જૈની એમ માને કે કર્મના કારણે વિકાર થાય છે તો બન્નેની એક જાતની માન્યતા થઈ તેથી મિથ્યાદષ્ટિ છે. અન્યમતી તો પોતાના દોષમાં કોઈ ઈશ્વરને કર્તા તરીકે માને છે અને આ જૈની તો અચેતન જડને પોતાના ભાવનો કર્તા માને છે. માટે તે તો અન્યમતીની માન્યતા કરતાં પણ ઘણી વિપરીત માન્યતાવાળો થયો. તેને જૈન વીતરાગમાર્ગની ખબર નથી.

વળી રાગાદિ એકલી કર્મપ્રકૃતિનું પણ કાર્ય નથી કારણ કે કર્મ તો અચેતન-જડ છે અને વિકારી ભાવો તે ચેતન છે. માટે તે ભાવોનો કર્તા જીવ પોતે જ છે અને એ રાગાદિક જીવનું જ કર્મ છે, કારણ કે ભાવકર્મ તો ચેતનના અનુસારી છે, ચેતના વિના હોય નહિ, તથા પુદ્‌ગલ જ્ઞાતા નથી, એ પ્રમાણે રાગાદિ ભાવો જીવમાં થાય છે. કોઈ એમ કહે કે રામચંદ્રજી છ માસ સુધી વાસુદેવનું મૃતકલેવર લઈને ફર્યા છે તે બધું ચારિત્રમોહ કર્મના કારણે હતું પણ તે વાત તદ્દન ખોટી છે. આત્માની રાગાદિ પર્યાયને અને કર્મ અચેતન પર્યાયને અત્યંત અભાવ છે. અત્યંત અભાવરૂપી વજનો મોટો કિલ્લો વચ્ચે પડ્યો છે. માટે કર્મની પર્યાયના કારણે આત્માના વિકારી ભાવો થતાં નથી -એમ સમજવું જોઈએ. આત્મા પોતે પોતાના સ્વભાવને ભૂલીને રાગાદિ પરિણામ કરે છે, તે સ્વભાવનું ભાન કરીને સ્વરૂપમાં લીન થાય તો રાગાદિ ભાવો થતા નથી -એમ જાણવું.

જે રાગાદિમાં કર્મનું કારણ માને છે તે વ્યવહાર રત્નત્રય જે રાગ છે તેને કર્મના કારણે માન્યું. હવે વ્યવહારના કારણે નિશ્ચય પ્રગટે એમ જેણે માન્યું તેણે નિશ્ચય કર્મથી પ્રગટે છે -એમ જ સ્વીકાર્યું.

પ્રથમ તો વિકાર આત્મા સ્વતંત્રપણે પોતે કરે છે એમ માનવું. કોઈ કહે કે બે હાથથી તાળી પડીને અવાજ થાય છે, તો તે વાત પણ ખોટી છે, કેમ કે એક હાથ બીજા હાથને અડતો નથી અને જે અવાજ થાય છે તે હાથના કારણે થતો નથી પણ તે જગ્યાએ શબ્દવર્ગણાના રજકણો છે તેની અવસ્થા તેના કારણે તે વખતે થાય છે. એમ આત્મા અને પુદ્‌ગલકર્મ ભેગા થઈને રાગાદિ થાય છે એમ નથી પણ આત્મા પોતે જેવા રાગાદિ ભાવો કરે છે એવા થાય છે. કેમ કે વિકાર તો ચેતન એવા આત્માને અનુસરીને થાય છે. એટલે કે આત્મા પોતે અનુસરે-કરે તો થાય છે. કર્મ રાગાદિમાં અનુસરતા નથી. કર્મની ભૂમિકામાં તે થતાં નથી. હવે આનો સાર એ છે કે - રાગાદિ ભાવો તું સ્વતંત્ર કરે એવા થાય છે પણ કર્મના કારણે થતાં નથી. જો વિકારને સ્વતંત્ર માને તો તેને નાશ કરવાનો ઉપાય પોતે સ્વતંત્ર કરી શકે છે એમ નક્કી થાય.

સંસાર, પુણ્ય-પાપ તે આત્મા વિના થતા નથી, જડ કર્મ કે શરીરમાં એ ભાવો નથી. માટે આત્મામાં એ ભાવો થાય છે એમ માનવું પણ તે રાગાદિ ભાવોનું નિમિત્ત કર્મોને જ માની પોતાને રાગાદિનો અકર્તા માને છે. તે પોતે કર્તા હોવા છતાં પોતાને અકર્તા માની નિરુદ્યમી બની પ્રમાદી રહેવું છે તેથી જ કર્મોનો દોષ ઠરાવે છે પણ એ તેનો દુઃખદાયક ભ્રમ છે.

આત્મા પોતે વિકાર અને દોષ કરે અને નાખે કર્મ ઉપર તે પ્રમાદી થઈને મિથ્યાદષ્ટિ રહે છે. બનારસીદાસજીએ કહ્યું છે કે - બે દ્રવ્ય ભેગા થઈને એક પરિણામ કરે નહિ અને એ પરિણામ એક દ્રવ્યથી થાય નહિ. માટે કર્મના કારણે દોષ થાય છે એમ માનવું નહિ. આત્મા પોતે સ્વતંત્રપણે વિકાર કરે છે. સ્વભાવની રુચિ કરીને અંતર્‌લીનતા કરે તો તેનો નાશ થાય છે એમ શ્રદ્ધાન કરવું.



**માહ સુદ ૧૫, ગુરુવાર, ૨૯-૧-૫૩.**

આજે સવારે શ્રી નિયમસાર કળશ સ્વાધ્યાય થઈ હતી.

**માહ વદ ૧, શુક્રવાર, ૩૦-૧-૫૩.**

આત્માની વર્તમાન પર્યાયમાં રાગદ્વેષ થાય છે એને કેટલાંક માણસો કર્મના કારણે એ દોષ છે -એમ માને છે. અથવા તો આત્મા અને કર્મ બન્ને મળીને તે દોષ કરે છે પણ એમ નથી. કર્મ તો જડ છે. એ દોષ કરતું નથી પણ આત્મા પોતે દોષનો કર્તા છે, છતાં અજ્ઞાની પરને કર્તા માની પ્રમાદી થાય છે. પોતાને રાગને ટાળવાનો પુરુષાર્થ કરવો નથી, તેથી કર્મનો જ દોષ ઠરાવે છે; પણ એ તેની દુઃખદાયક ભ્રમણા છે.

જે એમ માને છે કે કર્મના નિમિત્તના કારણે વિકાર થાય છે તે નિશ્ચય અને વ્યવહાર બન્નેનો આભાસી છે. કર્મ પ્રેરક થઈને રાગ કરાવતું નથી છતાં અજ્ઞાની મૂઢ એમ માને છે કે કર્મ પ્રેરક થઈને જબરજસ્તીથી રાગ કરાવે છે તેથી તે મિથ્યાદષ્ટિ છે.

શ્રી સમયસાર કળશમાં પણ કહ્યું છે કે :-

**रागजन्मनि निमित्ततां परद्रव्यमेवकलयंति ये तु ते ।**

**उत्तरन्ति न हि माहवाहिनीं शुद्धबोधविधुरान्धबुद्धयः ॥**

**અર્થ** : જે જીવ રાગાદિની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું માને છે તે જીવ પણ શુદ્ધ જ્ઞાનથી રહિત છે. અંધબુદ્ધિ જેની, એવો બની મોહ નદીની પાર ઉતરતો નથી. રાગદ્વેષ આત્મામાં થાય છે, એમાં કર્મ નિમિત્ત છે માટે થાય છે એમ જે માને છે એને સાચું જ્ઞાન નથી. સમયસારમાં એમ પણ આવે છે કે વિકાર અને કર્મને વ્યાપ્ય-વ્યાપકભાવ છે, પણ એ તો વિકારને આત્મામાંથી કાઢી નાખવા માટે ત્રિકાળ સ્વભાવદષ્ટિ કરાવવા કહેલ છે, પણ તેથી વિકાર કાંઈ કર્મમાં વ્યાપતો નથી. જો કર્મ કરાવતું હોય તો પછી આત્મા કદી વિકાર-રાગને છોડી શકે જ નહિ. હું જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું એના ભાન વિના ઉપવાસાદિ કરે તો પણ તે જીવ વિકાર પોતાના કારણે પોતાની પર્યાયમાં થાય છે એમ માનતો નથી તેથી તે આંધળો છે, તેનો મોહ નાશ થતો નથી. જેવો જેવો કર્મનો ઉદય હોય એવો વિકાર થયા વિના રહે નહિ એમ જે માને છે તે કદી મોહ નદીથી પાર ઉતરતાં નથી.

કોઈ એમ કહે કે જેટલો કર્મનો ઉદય હોય તેટલો રાગ થાય છે, જેમ કે જેટલો તાવ હોય એટલો ડીગ્રીના માપમાં આવે છે. ચાર ડીગ્રી તાવ હોય તો માપમાં ચાર ડીગ્રી આવે છે -એમ લખ્યું છે પણ તે ભ્રમણા છે. વળી તે દષ્ટાંત આપે છે કે -સ્ફટિકમાં જેવો રંગ આવે એવી ઝાંય દેખાય

છે એમ જે પ્રકારના કર્મનો ઉદય આવે એના પ્રમાણે વિકાર થાય છે -એમ તે માને છે પણ તે મોટી ભૂલ છે. સમયસારના કળશમાં કહ્યું છે કે આવું જે માને તે આંધળો છે, એને શ્રુતજ્ઞાન નથી. એનો મિથ્યાત્વ ભાવ કદી નાશ થતો નથી.

એક સમય પણ કર્મના પ્રભાવના કારણે વિકાર કરવો પડે છે એમ માને તો તેને કોઈ સમય પણ આત્મામાં પુરુષાર્થ કરીને સંસાર નાશ થવાનો અવસર રહેતો નથી. માટે કર્મના કારણે આત્મામાં વિકાર થતો નથી -એમ માનવું.

વળી શ્રી સમયસારના સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં જે આત્માને સર્વથા અકર્તા માને છે તેને કહે છે કે -કર્મ જ જગાડે છે, સુવાડે છે, પરઘાત કર્મથી હિંસા છે, વેદ કર્મથી અબ્રહ્મ છે. માટે કર્મ જ કર્તા છે -એમ માનનાર જૈનીને પણ સાંખ્યમતી કહ્યો છે. દર્શનાવરણીય કર્મનો ઉદય હોય ત્યારે ઊંઘ આવે, એનો ક્ષયોપશમ હોય ત્યારે જાગે છે. જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હોય તો અમારું જ્ઞાન હીન થાય છે અને ક્ષયોપશમ હોય ત્યારે જ્ઞાનનો ઉઘાડ થાય છે -એમ જે માને છે તે સાંખ્યમતી છે, કેમ કે કર્મના દોષના કારણે આત્માની પર્યાયમાં દોષ ત્રણ કાળમાં થતો નથી. વળી તેઓ કહે છે કે અમારો હિંસાનો ભાવ નથી પરંતુ પરઘાત કર્મનો ઉદય આવે છે માટે હિંસા થાય છે. પુરુષવેદ, સ્ત્રીવેદનો ઉદય આવે ત્યારે અમને વિષયભાવ થાય છે, માટે કર્મ જ કર્તા છે. જૈની થઈને પણ એમ માને તો તેને સાંખ્યમતી કહેલ છે.

કોઈ પદાર્થનો પ્રભાવ કોઈ પદાર્થ ઉપર પડતો નથી. અગ્નિના પ્રભાવના કારણે કપડું બળે છે -એમ નથી, કપડું પોતાની યોગ્યતાના કારણે બળે છે. માટે કોઈ પણ એમ માને કે કર્મના પ્રભાવને કારણે વિકાર થાય છે તો તે સાંખ્યમતી જેવો છે. જેમ સાંખ્યમતી આત્માને શુદ્ધ માની સ્વચ્છંદી થાય છે તેમ જ આ પણ થયો. વૈરાગી-ત્યાગી હોય પણ જો કર્મના કારણે વિકાર થાય છે એમ માને તો તે જૈની હોવા છતાં સાંખ્યમતી છે, કાંઈ ફેર નથી. જગતનો કર્તા કોઈ ઈશ્વરને માને અને જૈન કહે કે પર જીવની દયા હું પાળી શકું છું તો તે બન્ને મિથ્યાદૃષ્ટિ છે. બન્નેની કર્તાપણાની માન્યતા એકસરખી છે. કર્મના ઉદયથી વિકાર થાય છે -એવી શ્રદ્ધાથી એવો દોષ થયો કે રાગાદિકને પોતાના અપરાધથી થયા ન જાણ્યા અને પોતાને તેનો અકર્તા માન્યો. એટલે રાગાદિક થવાનો ભય રહ્યો નહિ. અથવા રાગાદિ ટાળવાનો ઉપાય પણ એને કરવાનો રહ્યો નહિ, તેથી તે સ્વચ્છંદી બની માઠાં કર્મો બાંધી અનંત સંસારમાં રખડે છે.

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આત્મા કરે છે એમ માને અને વળી પાછો કહે કે રાગાદિ કર્મના કારણે થાય છે -તો ત્યાં કાંઈ મેળ રહેતો નથી, કેમ કે દેવાદિની શ્રદ્ધા પણ રાગ છે, તો તે શ્રદ્ધા પણ કર્મના કારણે માની, તો તે શુભ ભાવ પણ આત્મા કરી શકે નહિ એમ નક્કી થયું. એટલે રાગ કર્મના કારણે માને તો રાગ ટાળીને સ્વભાવદૃષ્ટિ કરવાનો અવસર રહેતો નથી અને સ્વચ્છંદી થાય છે.



સમયસારાદિ ગ્રંથો વાંચે એટલે કર્મ આત્માને રાગ કરાવે છે એમ તો કહી શકે નહિ, પણ કર્મના નિમિત્ત વિના કોઈને કાંઈ રાગ થતો નથી, માટે કર્મની અસર પડે છે, નિમિત્તનો પ્રભાવ પડે છે એમ તો હોવું જોઈએ -એમ કેટલાંક માને છે. પણ જીવને એક સમય પણ પરનો પ્રભાવ જો માનવામાં આવ્યો તો તેને સદાય માટે - કોઈ વખત કર્મના ઉદય વિના રહેતું નથી. માટે ત્રિકાળ કર્મનો પ્રભાવ થયો એટલે એને કદી પણ પુરુષાર્થ કરવાનો વખત રહેતો નથી. તેથી તે સ્વચ્છંદી બની ચાર ગતિ સંસારમાં રખડે છે.

સમયસાર નાટકના બંધ અધિકારમાં તથા ઈષ્ટોપદેશમાં આવે છે કે કર્મનું બળવાનપણું છે. કોઈ વખત આત્માનું બળવાનપણું છે અને કોઈ વખત કર્મનું બળવાનપણું છે; પણ એનો અર્થ એવો છે કે જ્યારે સ્વભાવને ચૂકીને રાગાદિ ભાવ કરે છે ત્યારે કર્મનું બળવાનપણું કહેવાય છે, પણ કર્મ બળવાનપણે રાગાદિ કરાવતું નથી.

**પ્રશ્ન** : સમયસારમાં જ એમ કહ્યું છે કે :

**वर्णाद्या वा रागमोहोदयो वा भिन्ना भावाः सर्व्व एवास्या पुसः ।**

**અર્થ** : વર્ણાદિ અથવા રાગાદિ ભાવ છે તે બધાય આ આત્માથી ભિન્ન છે. વળી ત્યાં જ રાગાદિને પણ પુદ્‌ગલમય કહ્યા છે.

જુઓ, અહીં ગ્રંથકાર પ્રશ્નકાર તરફથી પ્રશ્ન કરે છે કે રાગાદિ અને શરીર વગેરે, દયા-દાનનો ભાવ, વ્યવહાર રત્નત્રયનો ભાવ આત્માથી ભિન્ન છે અને પુદ્‌ગલમય છે -એમ કહેલ છે. રાગથી આત્મા અને આત્માથી રાગ પરસ્પર ભિન્ન છે -એમ બીજા શાસ્ત્રોમાં પણ આવે છે તો તે કેવી રીતે છે ?

**ઉત્તર** : પરદ્રવ્યના નિમિત્તથી એ રાગાદિ ભાવ ઔપાધિકભાવ છે. આત્મામાં જેટલો ઉપાધિભાવ થાય છે તે બધો પરદ્રવ્યના લક્ષે થાય છે. કર્મના નિમિત્ત વખતે આત્મા પોતે નૈમિત્તિકભાવ રાગાદિ કરે છે તેથી તે ઉપાધિભાવ છે. હવે આ જીવ તેને સ્વભાવ જાણે તો તેને બૂરો કેમ માને ? અથવા નાશનો ઉપાય પણ કેવી રીતે કરે ? એટલે જો જીવ રાગાદિ ઉપાધિભાવને પોતાનો સ્વભાવ જાણે તો તેને નાશ કરવાનો ઉપાય તે કરતો નથી. મુનિને છઠ્ઠા ગુણસ્થાનમાં અઠ્ઠાવીસ મૂળગુણનો વિકલ્પ આવે છે તે ઉપાધિભાવ છે, વિકારભાવ છે, અધર્મભાવ છે. વ્યવહાર રત્નત્રય ભાવ છે તે પણ અધર્મભાવ છે. સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર રત્નત્રય ઉપચારથી ધર્મ કહેવાય છે. તે રાગને જીવ પોતાનો સ્વભાવ માને તો તેનો નાશ કરવાનો ઉપાય કેવી રીતે કરે ? માટે તેથી નિમિત્તની મુખ્યતાએ પુદ્‌ગલનો છે એમ કહેલ છે.

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, આગમજ્ઞાન અને કષાયની મંદતા તે વ્યવહાર છે, ઉપાધિ છે, મલિન

છે. તેને અજ્ઞાની ભલો માને છે માટે તે તેના નાશનો પુરુષાર્થ કરતો નથી. જેનાથી લાભ માને તેનો કેવી રીતે નાશ કરે ? સ્વભાવની રુચિ કરું તો મિથ્યાત્વનો નાશ થાય છે અને સ્વભાવમાં સ્થિર થાઉં તો અસ્થિરતારૂપ રાગનો નાશ થાય છે. માટે તે ઉપાધિભાવને છોડાવવા માટે કહેલ છે કે તે બધા આત્માથી ભિન્ન છે અને નિમિત્તની મુખ્યતાથી પુદ્‌ગલમય છે એમ કહેલ છે, વિકાર રાખવા માટે ભિન્ન કહેલ નથી.

ગોમ્મટસારમાં આવે છે કે દર્શનમોહના ઉદયથી મિથ્યાત્વ થાય છે. ત્યાં તો આત્મા પોતે મિથ્યાત્વ ભાવ કરે છે એમાં દર્શનમોહ નિમિત્ત છે -એમ કહેવું છે; પણ અહીં તો કહે છે કે આત્માથી રાગાદિને ભિન્ન અને પુદ્‌ગલમય કેમ કહેલ છે ? કે રાગાદિને છોડાવવા માટે તે રાગાદિને નિમિત્તની મુખ્યતાથી -એટલે વિકારમાં નિમિત્ત કર્મ છે એની મુખ્યતાથી કથન કરીને -રાગાદિ ઉપાધિભાવને આત્માથી ભિન્ન અને પુદ્‌ગલમય કહેલ છે; પણ તે વિકાર કર્મનો છે અને આત્મામાં થતો નથી -એમ નથી. પણ આત્માની પર્યાયમાં અને આત્માના અપરાધના કારણે તે ઉપાધિભાવ થયો છે.

હવે કહે છે કે જેમ વૈદ્યનો હેતુ રોગ મટાડવાનો છે તે જો શીતની અધિકતા દેખે તો તેને ઉષ્ણ ઔષધિ બતાવે તથા ઉષ્ણતાની અધિકતા દેખે તો તેને શીત ઔષધિ બતાવે તેમ શ્રીગુરુ વિકાર છોડાવવા માગે છે. હવે જે રાગાદિને પરના માની સ્વચ્છંદી બની નિરુદ્યમી થાય તેને તો ઉપાદાનકારણની મુખ્યતાથી ''રાગાદિક આત્માના છે'' એવું શ્રદ્ધાન કરાવ્યું, તથા જે રાગાદિને પોતાનો સ્વભાવ માની તેના નાશનો ઉદ્યમ કરતો નથી તેને નિમિત્તકારણની મુખ્યતાથી ''રાગાદિ પરભાવ છે'' એવું શ્રદ્ધાન કરાવ્યું.

અહીં અજ્ઞાની ગોટો વાળે છે કે રાગાદિ આત્માના છે અને પુદ્‌ગલના પણ છે. તો તે વાત બરાબર નથી. ખરેખર તો રાગાદિ ઉપાધિભાવ તો આત્માના જ છે પણ છોડાવવા અર્થે પુદ્‌ગલના કહેલ છે એમ સમજવું જોઈએ. હવે, રાગાદિ આત્માના પણ છે અને પુદ્‌ગલના પણ છે; એ બન્ને વિપરીત શ્રદ્ધાન છે એનાથી રહિત જે થાય છે તે એમ માને છે કે -આત્મા એમ માને કે આ રાગાદિ ભાવ આત્માનો સ્વભાવ તો નથી પણ કર્મના નિમિત્ત વખતે આત્મામાં પોતે પોતાના અપરાધથી રાગાદિ કરે છે ત્યારે તે વિભાવ પર્યાય થાય છે. તે આત્મા પોતે નૈમિત્તિક વિકાર ન કરે તો તે સમયે કર્મ નિમિત્ત કહેવાતું નથી. માટે અહીં કહેલ છે કે તે નિમિત્ત મટતાં-તેનો નાશ થતાં સ્વભાવભાવ રહી જાય છે. અહીં વિભાવ ભાવ છે ત્યારે ત્યાં સામું કર્મનું નિમિત્ત છે અને અહીં વિભાવ હોતો નથી ત્યારે નિમિત્ત પણ નથી. માટે વિભાવ ભાવના નાશનો ઉદ્યમ કરવો યોગ્ય છે.

**માહ વદ ૨, શનિવાર, ૩૧-૧-૫૩.**

જુઓ, અહીં ચાર પ્રકારથી નિશ્ચયાભાસી ભૂલ કરે છે તે વાત કહી છે. એમાં પહેલા તો એ



વાત કરી હતી કે તે આત્માની પર્યાયમાં વર્તમાન સિદ્ધપર્યાય સાધકપણામાં નથી છતાં સિદ્ધદશા માને છે. અને બીજી વાત એ કહી કે તે વર્તમાન સંસારદશામાં કેવળજ્ઞાન માને છે. ત્રીજી વાત રાગાદિ વર્તમાન પર્યાયમાં થતાં નથી એમ કોઈ માને છે અને ચોથી વાત એ કહી કે વિકાર નિમિત્તના કારણે થાય છે એમ કોઈ માને છે. એ ચારે અભિપ્રાયવાળા મિથ્યાદષ્ટિ છે.

પહેલા બોલમાં દ્રવ્યપર્યાય એટલે સિદ્ધપર્યાય વર્તમાન નહિ હોવાં છતાં તેને વર્તમાન માને છે. બીજામાં જ્ઞાનગુણની પર્યાય શુદ્ધ નહિ હોવા છતાં શુદ્ધ માને છે. ત્રીજી વાતમાં વર્તમાન રાગાદિ વિકારી પર્યાય થતી જ નથી -એમ માને છે તે બધા મિથ્યાદષ્ટિ છે અને ચોથી વાત કર્મના નિમિત્તના કારણે રાગ થાય છે -એમ માને છે.

જુઓ, હવે અહીં એ વાત ચાલે છે કે કર્મનું નિમિત્ત મટતાં અને રાગાદિનો નાશ થતાં વીતરાગભાવ થાય છે માટે રાગના નાશનો ઉદ્યમ કરવો યોગ્ય છે.

હવે પ્રશ્ન કરે છે કે જો કર્મના નિમિત્તથી રાગાદિ થાય છે તો જ્યાં સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી વિભાવ કેવી રીતે દૂર થાય ? માટે તેનો ઉદ્યમ કરવો તો નિરર્થક છે. જુઓ, અહીં રાગદ્વેષ આત્માના કારણે જે માનતા નથી અને નિમિત્તના કારણે થાય છે એમ માનનારની ભૂલ કેવી રીતે થાય છે ? એ વાતને પ્રશ્ન ઉઠાવીને નિર્ણય કરાવે છે. તે એમ માને છે કે - કર્મનો ઉદય હોય ત્યાં સુધી રાગના નાશનો ઉદ્યમ થતો નથી તો ઉદ્યમ કેવી રીતે કરવો ?

**ઉત્તર** : એક કાર્ય થવામાં અનેક કારણની આવશ્યકતા છે, તેમાં જે કારણ બુદ્ધિપૂર્વકના હોય તેને તો પોતે ઉદ્યમ કરી મેળવે તથા અબુદ્ધિપૂર્વકના કારણ સ્વયં મળે ત્યારે કાર્યસિદ્ધિ થાય છે.

અહીં બે વાત કરી છે કે બુદ્ધિપૂર્વકના કારણને પોતે ઉદ્યમ કરીને મેળવે અને અબુદ્ધિપૂર્વકનું કારણ તો એની મેળે સ્વયં મળી જાય છે. જેમ કે પુત્ર થવાનું કારણ બુદ્ધિપૂર્વક તો વિવાહાદિ કરવો એ છે તથા અબુદ્ધિપૂર્વક કારણ ભવિતવ્ય છે. હવે ત્યાં પુત્રનો અર્થી વિવાહાદિકનો તો ઉદ્યમ કરે અને ભવિતવ્ય સ્વયં થાય ત્યારે પુત્ર થાય, તેમ વિભાવ એટલે મિથ્યાત્વાદિ દૂર કરવાનું કારણ બુદ્ધિપૂર્વક તત્ત્વની રુચિ, જ્ઞાન અને રમણતા છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાયાદિને દૂર કરવાનું કારણ તો તત્ત્વની રુચિ, વિચાર અને લીનતા બુદ્ધિપૂર્વક તો કરવી, તત્ત્વનો વિચાર તે સમ્યગ્દર્શનનું કારણ છે, તત્ત્વવિચાર અને તત્ત્વની રમણતા પોતે પુરુષાર્થ કરે તો થાય છે અને એવો પુરુષાર્થ કરે ત્યારે મોહકર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય સ્વયં થઈ જાય છે. મોહકર્મનો ઉપશમાદિ અબુદ્ધિપૂર્વક થાય છે. અબુદ્ધિપૂર્વકનો અર્થ એવો છે કે -આત્માનો પુરુષાર્થ જડ કર્મના ઉપશમાદિ કરતો નથી કેમ કે મોહકર્મના ઉપશમાદિ સ્વયં (-જડ કર્મના પોતાના કારણે) થાય છે -એમ અહીં કહે છે.

હવે જેને આત્માની રુચિ, જ્ઞાન અને રમણતા કરવી હોય તે તત્ત્વાદિના વિચારાદિનો ઉદ્યમ કરે

તથા મોહકર્મના ઉપશમાદિ સ્વયં થાય ત્યારે રાગાદિ પણ દૂર થાય, એટલે કે તત્ત્વાદિનો વિચાર કરે છે ત્યારે મોહકર્મના ઉપશમાદિ અવશ્ય થાય છે, પણ આત્માના પુરુષાર્થના કારણે મોહકર્મના ઉપશમાદિ થતાં નથી. માટે અબુદ્ધિપૂર્વક સ્વયં તેનો અભાવ થાય છે -એમ કહેલ છે અને તે વખતે રાગાદિ પણ હોતા નથી. નિમિત્ત મટતાં રાગાદિ થતાં નથી, એમાં પણ એ જ વાત છે કે બુદ્ધિપૂર્વક રાગાદિનો નાશ થાય છે ત્યારે કર્મનું નિમિત્ત સ્વયં એના કારણે ઉપશમાદિ થઈ જાય છે. આનો સાર એ છે કે આત્મા તત્ત્વાદિ વિચારપૂર્વક સમ્યગ્દર્શનાદિનો પુરુષાર્થ કરે છે ત્યારે કર્મના ઉપશમાદિ આત્માના પુરુષાર્થ વિના એના કારણે સ્વયં થાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે; પણ નિમિત્ત મટતાં રાગાદિનો નાશ થાય છે અને તત્ત્વાદિનો વિચાર થતાં મોહકર્મના ઉપશમાદિ થાય છે એનો અર્થ એકબીજાના કારણે થાય છે -એમ નથી.

કેટલાક લોકો આ કથન વાંચીને ગોટો વાળે છે કે કર્મના કારણે વિકાર થાય અને વિકારના નાશના કારણે કર્મનો અભાવ થાય છે, તે ભ્રમણા છે. તે વાતને સ્પષ્ટ કરે છે કે આત્મા પુરુષાર્થપૂર્વક તત્ત્વવિચારાદિ કરે છે અને કર્મ તો એના કારણે નાશ થાય છે. કર્મના ઉપશમાદિ સ્વયં થાય છે. એ વખતે આત્મા પુરુષાર્થપૂર્વક રાગાદિનો નાશ કરે છે એમ અહીં કહેવું છે. બન્નેનો કાળ એક હોય છે, પણ એકબીજાને કારણે હોય છે -એમ ન સમજવું. આત્મા પોતાના સ્વભાવ સન્મુખ થયો અને કર્મનો અભાવ ન થાય એમ બને નહિ. આત્માએ પુરુષાર્થ કર્યો ત્યારે કર્મનો સ્વયં નાશ થાય છે. અહીં તો કર્મને અને આત્માના વિકારને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે બતાવવા મોહકર્મના ઉપશમાદિ સ્વયં થાય છે ત્યારે રાગાદિ દૂર થાય છે -એમ કહેલ છે.

ઘણા એમ માને છે કે આત્મા તો બુદ્ધિપૂર્વક પુરુષાર્થ કરે પણ કર્મ નાશ થાય કે ન પણ થાય; પરંતુ એમ નથી. આત્મા પુરુષાર્થ કરે અને કર્મનો નાશ ન થાય એમ બને જ નહિ. અને આત્માએ પુરુષાર્થ કર્યો છે માટે પુરુષાર્થથી કર્મનો નાશ થયો છે -એમ પણ નથી. આત્માનો સમ્યગ્દર્શનનો કાળ છે તે વખતે દર્શનમોહના નાશ વગેરેનો કાળ છે. અહીં જ્ઞાનના ઉઘાડનો કાળ છે તે વખતે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમનો કાળ છે અને આત્મામાં રાગાદિના અભાવનો કાળ છે તે વખતે ચારિત્રમોહના નાશનો કાળ છે, પણ કર્મના કારણે તે નથી અને આત્માના પુરુષાર્થના કારણે કર્મનો નાશ નથી -એમ સમજવું.

હવે પ્રશ્ન કરે છે કે વિવાહાદિ પણ ભવિતવ્ય આધીન છે તેમ તત્ત્વવિચારાદિ પણ કર્મના ક્ષયોપશમાદિ આધીન છે, માટે ઉદ્યમ કરવો નકામો છે.

**ઉત્તર** : તત્ત્વવિચારાદિ કરવા યોગ્ય જ્ઞાનાવરણનો ક્ષયોપશમ તો તને થયો છે તેથી જ ઉપયોગને ત્યાં લગાવવાનો ઉદ્યમ કરાવીએ છીએ. અસંજ્ઞી જીવોનો ક્ષયોપશમ એવો નથી તેથી તેને શા માટે ઉપદેશ આપીએ ? એટલે એને ઉપદેશ આપતા નથી. આત્માનો ઉપયોગ અજ્ઞાનથી પરમાં લાગુ પડી



ગયો છે તેને અમો દિશા બદલાવવા માગીએ છીએ. તત્ત્વાદિનો અને શ્રદ્ધાનો પુરુષાર્થ કરી શકે એટલો તને વર્તમાનમાં ઉઘાડ છે માટે અમે તને ઉપદેશ આપીએ છીએ. અસંજ્ઞી જીવોની વર્તમાન એના કારણે યોગ્યતા નથી તેથી તેને ઉપદેશ આપતા નથી, ત્યાં કર્મનું જોર છે એમ નથી, પણ એ જીવોની લાયકાત જ એવી છે.

**પ્રશ્ન** : હોનહાર હોય તો આત્મામાં ઉપયોગ લાગે પણ હોનહાર સિવાય કેવી રીતે લાગે ? ભલું થવાનું હોય તો જ અમારો પુરુષાર્થ કામ કરે નહિતર ન કરે.

**ઉત્તર** : જો એવું શ્રદ્ધાન છે તો સર્વકાળ કોઈ પણ કાર્યનો ઉદ્યમ તું ન કર. તું ખાનપાન, વ્યાપારાદિનો તો ઉદ્યમ કરે છે અને અહીં હોનહાર બતાવે છે, તેથી અમે જાણીએ છીએ કે તારો અનુરાગ જ અહીં નથી. માત્ર માનાદિ માટે એવી વાતો કરે છે. જો થવાનું હશે એ થશે એમ તું માને છે તો બધી વખતે એમ માન પણ ઘરના કામમાં, વ્યાપારના કામમાં તો પુરુષાર્થ માને છે અને ધર્મની વાત આવે ત્યારે થવાનો હશે તો થશે એવી વાતો કરે છે. તેથી નક્કી થાય છે કે તારો પ્રેમ જ ધર્મ ઉપર નથી. જ્યાં પ્રેમ હોય ત્યાં પુરુષાર્થ થયા વિના રહે નહિ. જો બધું થવાનું હશે એમ થશે એમ માને તો જ્ઞાતા થઈ જવાય છે પણ તને રુચિ નથી. માત્ર માનાદિથી જ આવી જૂઠી વાતો કરે છે.

નિમિત્તના કારણે રાગદ્વેષ થાય છે એમ માનનાર વર્તમાન પુરુષાર્થપૂર્વક પોતે રાગદ્વેષ કરે છે અને પોતાને રાગાદિ રહિત થયો માને છે, તેને વિકાર થવાનો ડર રહેતો નથી અને વિકારને ટાળવાનો ઉપાય પણ એને થતો નથી. આમ નિમિત્તના કારણે રાગદ્વેષ માનનારને બન્ને પ્રકારનો દોષ આવે છે માટે તે મિથ્યાદષ્ટિ છે.

વળી તે કર્મ-નોકર્મનો પર્યાયમાં સંબંધ નિમિત્તરૂપે હોવા છતાં પણ આત્માને નિર્બંધ માને છે. ચૌદમા ગુણસ્થાન સુધી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કર્મની સાથે હોય છે. દ્રવ્યદષ્ટિએ તો આત્મા નિર્બંધ છે પણ અહીં તો પર્યાયમાં સંસારની અંદરમાં પર્યાયદષ્ટિએ કર્મ-નોકર્મ સાથે સંબંધ છે છતાં બિલકુલ સંબંધ નથી એમ માને છે તે પણ મિથ્યાદષ્ટિ છે, કેમ કે કર્મ-નોકર્મનું નિમિત્તપણે બંધન તો પ્રત્યક્ષ જોઈએ છીએ.

જ્ઞાનાવરણાદિથી જ્ઞાનાદિકનો ઘાત જોઈએ છીએ એટલે કે તેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અહીં બતાવે છે કે આત્મામાં જ્ઞાનની પૂર્ણદશા નથી ત્યારે નિમિત્તરૂપ જ્ઞાનાવરણીય કર્મ છે -એમ સિદ્ધ કરે છે; વળી આત્માને અને શરીરને પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, કેમ કે શરીર વડે તેના અનુસાર થતી અવસ્થા જોઈએ છીએ. શરીરના ચાલવાને અનુસાર આત્માના પ્રદેશની અવસ્થા થતી દેખાય છે. આત્માની અવસ્થામાં શરીરનું નિમિત્ત તો પ્રત્યક્ષ દેખાય છે. શરીરના કારણે આત્માની અવસ્થા થાય છે દ્રએમ નથી, પણ બન્નેની અવસ્થા સ્વતંત્ર પોતપોતાની યોગ્યતાથી થાય છે એમાં નિમિત્ત-નૈમિત્તિક

સંબંધ છે.

શરીરની અવસ્થા અનુસાર આત્માની અવસ્થા થાય છે -એમ અહીં કહેલ છે. હાથ ઊંચો થાય છે તો આત્માના પ્રદેશો તે જ પ્રમાણે ઊંચા થાય છે, ત્યાં આત્માની અવસ્થા તો પોતાના કારણે થાય છે પણ નીચલી દશામાં શરીરનો સંબંધ છે ત્યાં સુધી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ બરાબર માનવું જોઈએ. જો બિલકુલ સંબંધ જ ન હોય તો આવી અવસ્થા દેખાય છે તે ન હોય; સંબંધ હોવા છતાં સંબંધ રહિત માને તો જ્ઞાન ખોટું થાય છે અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધને કર્તા-કર્મ સંબંધ માને તો પણ ખોટું થાય છે. માટે જેમ છે તેમ માનવું જોઈએ.

જ્ઞાન તો સ્વ-પર પ્રકાશક છે, એનો વિવેક એવો હોય છે કે દ્રવ્યદૃષ્ટિએ આત્મામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહિ પણ પર્યાયદૃષ્ટિએ બિલકુલ કર્મ-નોકર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહિ એમ નથી. હા, સામાન્ય સ્વભાવદૃષ્ટિમાં સિદ્ધદશા, રાગાદિ અને કર્મ-નોકર્મનો સંબંધ બધું અભૂતાર્થ છે. દ્રવ્યદૃષ્ટિએ એ બધું નથી પણ પર્યાયદૃષ્ટિએ એ બધું છે એમ ન જાણે તો એકાંત થાય છે. માટે જેમ છે એમ જાણવું જોઈએ તો જ્ઞાન સમ્યક્ થાય છે. પર્યાયદૃષ્ટિએ કર્મ-નોકર્મનો સંબંધ ન માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. જો બિલકુલ સંબંધ ન હોય તો વર્તમાન સિદ્ધદશા હોવી જોઈએ, પણ વર્તમાન સિદ્ધદશા નથી એટલે વર્તમાન શરીરના નિમિત્તે આત્મામાં અવસ્થા થાય છે. એમ કર્મ-નોકર્મનો સંબંધ છે અને પર્યાયદૃષ્ટિએ વર્તમાનમાં બંધ છે -એમ જાણવું જોઈએ.

હવે જો વર્તમાન પર્યાયમાં સર્વથા બંધ જ ન હોય તો મોક્ષમાર્ગી તેના નાશનો ઉદ્યમ શા માટે કરે છે ? વર્તમાન પર્યાયમાં વિકાર જ ન હોય અને એનું નિમિત્ત એવું મોહકર્મ જો ન હોય તો પુરુષાર્થ કરીને એનો નાશ કરવાનું રહેતું નથી અને સ્વભાવ સન્મુખ થવું એવું પણ રહેતું નથી. જ્ઞાની તો સ્વભાવ સન્મુખ થઈને રાગાદિનો નાશ કરે છે. માટે આત્માને બંધન છે -એમ માનવું. હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે શાસ્ત્રમાં આત્માને કર્મ-નોકર્મથી બંધાયેલો નથી એમ કહેલ છે તે કેવી રીતે છે ? એનો ઉત્તર હવે આપશે.

## માહ વદ ૨, રવિવાર, ૧-૨-૫૩.

જુઓ, શાસ્ત્રમાં નિશ્ચયનયનું કથન કર્યું છે. એને જે જીવ યથાર્થ જાણતો નથી અને એકલો નિશ્ચયનય આભાસી બની સ્વચ્છંદી થાય છે એવા મિથ્યાદૃષ્ટિનો અહીં અધિકાર કહે છે. તે જીવ આત્મામાં વર્તમાન વિભાવભાવ થાય છે અને તેમાં કર્મ-નોકર્મનો સંબંધ છે એને માનતો નથી અને કહે છે કે શાસ્ત્રમાં તો આત્માને કર્મ-નોકર્મથી ભિન્ન અબદ્ધસ્પૃષ્ટ કહ્યો છે તે કેવી રીતે છે ? -આમ અજ્ઞાની નિશ્ચયાભાસી જીવની દલીલ છે તેનો જવાબ આપે છે.

સંબંધ અનેક પ્રકારના છે, ત્યાં તાદાત્મ્ય સંબંધ અપેક્ષાએ આત્માને કર્મ-નોકર્મથી ભિન્ન કહ્યો છે.



માટે આત્મા કર્મમાં અને શરીરમાં એકમેક થઈ જાય એમ બનતું નથી. પણ આત્માને અને શરીરને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી -એમ નથી. વળી દ્રવ્ય પલટી જઈ એકબીજાથી મળી જઈ એક થઈ જતું નથી. માટે તે અપેક્ષાએ આત્માને અબદ્ધસ્પૃષ્ટ કહેલ છે. આત્મા પરની સાથે એકમેક થતો નથી માટે અબદ્ધસ્પૃષ્ટ કહ્યો છે. પર્યાયમાં વિકાર સ્વતંત્રપણે કરે છે ત્યારે કર્મ નિમિત્ત છે અને આત્માનું ક્ષેત્રાંતર થાય છે એમાં શરીરનું નિમિત્ત છે; માટે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અપેક્ષાએ આત્માને બંધન છે અને કર્મ-નોકર્મના નિમિત્તે આત્મા અનેક અવસ્થાને ધારણ કરે છે. માટે જે આત્માને સર્વથા નિર્બંધ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સર્વથા છૂટી જાય તો તો સિદ્ધદશા હોવી જોઈએ. કેવળીને પણ કર્મ-નોકર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. અહીં કર્મ અને શરીરના નિમિત્તથી આત્મા વિકાર અને ક્ષેત્રાંતરની ક્રિયા ધારણ કરે છે એમ કહેલ છે. એમાં આત્માની યોગ્યતા વખતે આવું નિમિત્ત હોય છે એવું જ્ઞાન કરાવે છે. નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ કે જે નિમિત્તને માનતો જ નથી, તેને અપેક્ષાથી કહેલ છે. પણ તેથી નિમિત્તના કારણે આત્માની અવસ્થા થાય છે -એમ નથી. માટે આત્માને સર્વથા નિર્બંધ માનવો તે ભ્રમણા છે -એમ કહેલ છે.

ત્યારે હવે પ્રશ્ન કરે છે કે અમારે તો બંધ-મોક્ષનો વિકલ્પ કરવો નથી કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે **''जो बंधउ मुक्कउ मुणइ, सो बंधई ण भंति''**-

**અર્થ** : જે જીવ બંધાયો તથા મુક્ત થયો માને છે તે નિઃસંદેહ બંધાય છે.

**एक देखिये जानिये, रमि रहिये एक ठौर।**
**समल विमल न विचारिये, यहै सिद्धि नहि और ॥**

-એમ કહેલ છે માટે અમારે બંધ-મોક્ષનો વિચાર જ કરવો નથી.

**ઉત્તર** : જે જીવ કેવળ પર્યાયદૃષ્ટિ થઈ બંધ-મુક્ત અવસ્થાને જ માને છે અને દ્રવ્યસ્વભાવને ગ્રહણ કરતો નથી, પણ એકલી પર્યાયને જ માને છે એને માટે કહેલ છે; અને એને ઉપદેશ આપ્યો છે કે દ્રવ્યસ્વભાવને નહિ જાણતો એવો જીવ બંધાયો-મુક્ત થયો માને છે તે જ બંધ છે. પણ જો સર્વથા બંધ જ ન હોય તો આ જીવ બંધાયો છે એમ શા માટે કહેવાય છે ? સામાન્ય જીવ સ્વભાવને માનતો નથી તે એકલો પર્યાયદૃષ્ટિ છે, તેને બંધ થયા વિના રહેતો નથી; કેમ કે બંધના નાશનું કારણ તો ત્રિકાળ જ્ઞાયક એકરૂપ સ્વભાવ છે. એને કહેલ છે કે ત્રિકાળી સ્વભાવમાં બંધ-મોક્ષ એવા બે પ્રકાર છે જ નહિ. પણ એથી કરીને પર્યાયમાં અનેકતા નથી જ -એમ નથી. એકાંત દ્રવ્યસ્વભાવને માને અને પર્યાયને માને જ નહિ તો તે મિથ્યાદૃષ્ટિ છે. જો વર્તમાન પર્યાયમાં સર્વથા બંધ-મોક્ષ ન જ હોય એટલે બંધ છે એનો અભાવ કરીને મોક્ષ થાય છે એમ ન માને તો આ જીવ બંધ છે એમ શા માટે કહે છે ? અને બંધના નાશનો તથા મુક્ત થવાનો ઉદ્યમ પણ શા માટે કરવામાં આવે છે ? માટે પર્યાયમાં બંધ છે એમ માનવું જોઈએ. ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરી બતાવતાં, પર્યાયને

ગૌણ કરી, વ્યવહાર કહીને અભાવ છે -એમ કહેલ છે; પરંતુ પર્યાયમાં વિકાર છે -એમ નક્કી કરવું જોઈએ. એમ જો પર્યાયમાં બંધ ન હોય તો બંધનો નાશ અને મોક્ષનો ઉત્પાદ કરવાનો ઉપાય શા માટે કરવો જોઈએ ? અને આત્માનો અનુભવ પણ શા માટે કરવામાં આવે છે ? માટે દ્રવ્યદૃષ્ટિ વડે તો એક દશા છે અને પર્યાયદૃષ્ટિ વડે અનેક અવસ્થા થાય છે-એમ માનવું યોગ્ય છે.

પર્યાયમાં રાગ નથી અને નિમિત્ત પણ નથી એમ માનનાર તો અન્યમતી મિથ્યાદૃષ્ટિ છે, પણ નિમિત્ત છે માટે મારી વિકારની પર્યાય થાય છે -એમ માને છે તે પણ અન્યમતીની જેમ મિથ્યાદૃષ્ટિ છે. આત્મા પોતાના પુરુષાર્થથી વિભાવ ભાવનો નાશ કરે છે ત્યારે નિમિત્તરૂપે જે કર્મ તેનો એના કારણે સ્વયં નાશ થાય છે, પણ નિમિત્ત છે જ નહિ -એમ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે અને તે સંબંધ નથી -એમ માનવું તે મિથ્યાત્વ છે.

કેવળીને પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. કેવળજ્ઞાન પૂર્ણ જ્ઞાન છે એમાં જ્ઞેય તરીકે લોકાલોક જ્ઞેયમાં નિમિત્ત છે -એમ માનવું જોઈએ. માટે સર્વથા બંધ-મોક્ષ પર્યાયમાં ન હોય અને નિમિત્તરૂપે કર્મ ન હોય તો આત્માના અવલંબને સ્વભાવભાવ પ્રગટ થઈને અનુભવ થાય છે એમ કહેવાય છે, તે પણ બનતું નથી. માટે પર્યાયદૃષ્ટિ વડે આત્માની અવસ્થામાં માર્ગણાસ્થાન, ગુણસ્થાન આદિ અનેક પ્રકાર છે એમ જાણવું જોઈએ. સામાન્યને સ્વીકારવું અને વિશેષને ન સ્વીકારે તે નિશ્ચયાભાસી છે અને વિશેષને સ્વીકારે પણ સામાન્યને ન સ્વીકારે તો તે વ્યવહારાભાસી છે -તે બન્ને મિથ્યાદૃષ્ટિ છે. માટે બન્નેનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

આ નિશ્ચય-વ્યવહારનું યથાર્થ જ્ઞાન કરવું તે પ્રયોજનભૂત છે. આ ગ્રંથમાં પૃ. ૨૬૪માં કહેલ છે કે - જીવાદિ દ્રવ્યો અથવા તત્ત્વોને પિછાણવા અને જે ત્યાગવા યોગ્ય મિથ્યાત્વાદિ છે તે જાણવા અને ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શનાદિને પણ બરાબર જાણવા. વળી નિમિત્ત-નૈમિત્તિક સંબંધને પણ બરાબર જાણવો જોઈએ. કેમ કે એને જાણવાથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે. નય, પ્રમાણ, યુક્તિ વડે યુક્તિથી વસ્તુને જાણવી. માટે એકલા નિશ્ચયને નહિ માનતા બન્ને નયોનું જ્ઞાન કરવું જોઈએ; પણ જે એકલા નિશ્ચયનો સ્વીકાર કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

એ જ પ્રમાણે અનેક પ્રકારથી કેવળ નિશ્ચયનયના અભિપ્રાયથી વિરુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને માને છે. જિનવાણીમાં તો નાના પ્રકારે નય અપેક્ષાએ કોઈ ઠેકાણે કેવું તથા કોઈ ઠેકાણે કેવું નિરૂપણ કર્યું છે એને બરાબર ન સમજતાં આ અજ્ઞાની પોતાના અભિપ્રાયથી નિશ્ચયનયની મુખ્યતાથી જ્યાં કથન કર્યું હોય તેને જ ગ્રહણ કરી મિથ્યાદૃષ્ટિપણાને ધારણ કરે છે, એટલે કે એકાંત એક જ પક્ષને તે ગ્રહણ કરે છે. આત્માની પર્યાયમાં વિકાર છે અને નિમિત્ત કર્મ છે એમ જાણવું તે વ્યવહાર છે, પણ તેને આદરણીય માનવો તે વ્યવહારનયનું સાચું જ્ઞાન નથી. નિશ્ચયનયનો વિષય ત્રિકાળ જ્ઞાતાસ્વભાવ છે એનો આશ્રય કરીને રાગ-વિકારનો નાશ થાય છે તેને નિશ્ચયનયનું યથાર્થ જ્ઞાન કર્યું કહેવાય છે.



નિશ્ચયનય આદરણીય છે અને વ્યવહારનય જાણવા યોગ્ય છે એમ સમજવું તે બન્ને નયનું સાચું જ્ઞાન છે.

કોઈ એમ કહે કે બન્ને નય સમકક્ષી છે માટે નિશ્ચયનયની જેમ વ્યવહારનય પણ આદરણીય છે, તો તે વાત પણ બરાબર નથી. બનારસીદાસે સમયસાર નાટકમાં કહ્યું છે કે :દ્ભ

**असंख्यात लोक परवांन जे मिथ्यात भाव,**
**तेई विवहार भाव केवली-उकत हैं ।।**

વ્યવહારનયથી જે કોઈ લાભ માને તે મિથ્યાદૃષ્ટિ છે. અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વભાવ છે તે બધો ભાવ વ્યવહારભાવ છે. તેને આદરણીય માને તો તેને કેવળી ભગવાને મિથ્યાદૃષ્ટિ કહેલ છે. વ્યવહાર છે ખરો પણ તે આદરણીય નથી, પરંતુ વ્યવહાર છે જ નહિ એમ જે કોઈ માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે, કેમ કે સમ્યગ્દૃષ્ટિ વ્યવહારને છોડવા જેવો માને છે, તો વ્યવહાર છે તેને છોડવા યોગ્ય માને પણ વ્યવહાર હોય જ નહિ તો છોડવા યોગ્ય છે એમ રહે નહિ, માટે વ્યવહાર છે એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે અને એનાથી લાભ થાય એમ માનવું તે મિથ્યાત્વ છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ તો એમ કહે છે કે સ્વભાવનો આશ્રય લઈને વ્યવહારને છોડો ત્યારે અજ્ઞાની કહે છે કે વ્યવહારને આદરો; માટે અજ્ઞાનીની વાત બરાબર નથી.

વળી જિનવાણીમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાને મોક્ષમાર્ગ કહેલ છે. હવે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં તો સાત તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન થવું જોઈએ પણ તેનો તો આને કાંઈ વિચાર નથી તથા સમ્યક્ચારિત્રમાં રાગાદિ દૂર કરવા જોઈએ તેનો પણ આને ઉદ્યમ નથી. સમ્યગ્દર્શનમાં તો સાતે તત્ત્વો બરાબર જાણવા જોઈએ પણ નિશ્ચયાભાસી તેને જાણતો નથી. જીવ, અજીવ તત્ત્વ છે, પર્યાયમાં આસ્રવાદિ છે, તેનો સ્વીકાર કરતો નથી અને એકલા આત્માની વાત કરે છે, અને આત્માના આશ્રયે રાગનો નાશ થવો જોઈએ તેનો તો પુરુષાર્થ કરતો નથી. ચારિત્રનો અર્થ તો એવો છે કે વિકારને ટાળવો, પણ તેના નાશનો ઉદ્યમ તે કરતો નથી. અને માત્ર એક પોતાના આત્માને શુદ્ધ અનુભવવો તેને જ મોક્ષમાર્ગ માની સંતુષ્ટ થયો છે, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થવી તે મોક્ષમાર્ગ છે એને તે માનતો નથી. રાગ છે તો તેનો અભાવ કરીને શુદ્ધ આત્માનો અનુભવ થાય છે પણ રાગને જ માને નહિ તો શુદ્ધ આત્માનો અનુભવ કરવો પણ રહેતું નથી. માટે સાત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ, જેમ છે તેમ જાણે નહિ તો સમ્યગ્જ્ઞાન થાય નહિ.

વળી તે આત્માનું ચિંતવન કેવી રીતે કરે છે તે કહે છે. આત્માનો અનુભવ કરવા માટે તે ચિંતવન કરે છે કે ''હું શુદ્ધ સિદ્ધ સમાન છું'' તે પણ એની ભૂલ છે એમ કહેશે, કેમ કે તે પર્યાયને માનતો નથી. માટે ત્રિકાળ શુદ્ધ છું એ વાત પણ એની સાચી નથી. તે કહે છે કે દ્ભ

૧) હું સિદ્ધ સમાન શુદ્ધ છું, ૨) કેવળજ્ઞાનાદિ સહિત છું,

૩) દ્રવ્યકર્મ-નોકર્મથી રહિત છું, ૪) પરમાનંદમય છું,

૫) જન્મ-મરણાદિ દુઃખ મને નથી.

-એમ અનેક પ્રકારથી ચિંતવન કરે છે પણ તે તેનો ભ્રમ છે; કેમ કે જો એ ચિંતવન દ્રવ્યદૃષ્ટિથી કરે છે, તો દ્રવ્ય તો શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો પિંડ છે, તેને તો તે જાણતો નથી. અશુદ્ધ સંસારપર્યાય વીતી ગઈ છે એને પણ અહીં દ્રવ્યમાં નાખી છે, એમ કહીને દ્રવ્ય કહેલ છે કેમ કે પર્યાયને તે બિલકુલ માનતો નથી. માટે તેને સમજાવવા-પર્યાયની કબૂલાત કરાવવા આ રીતે વાત કરી છે, તેને કહે છે કે તારી દ્રવ્યદૃષ્ટિ પણ સાચી નથી. સામાન્યમાં એકરૂપ ધ્રુવતા હોવા છતાં પણ જેને શુદ્ધ-અશુદ્ધ બન્ને પર્યાય આત્માની છે એવી ખબર નથી અને એનો સ્વીકાર કરતો નથી તેને કહે છે કે દ્રવ્ય તો શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ છે. માટે દ્રવ્યદૃષ્ટિથી તું ચિંતવન કરે છે કે આત્મા સિદ્ધ સમાન આદિ છે -તારી એ વાત બરાબર નથી. વર્તમાન એક સમયની પર્યાયને છોડીને-ગૌણ કરીને બાકીની બીજી શુદ્ધ-અશુદ્ધ પર્યાયો સહિત દ્રવ્ય છે એમ માનવું જોઈએ. ગયા કાળની અશુદ્ધ પર્યાય વીતી ગઈ છે તે ક્યાં ગઈ ? તે કથંચિત્ દ્રવ્યમાં છે એમ ન માને તો તેણે સામાન્ય દ્રવ્યને પણ બરાબર માન્યું નથી. દ્રવ્યદૃષ્ટિના સામાન્ય વિષયમાં જો કે અશુદ્ધ પર્યાયનો વિષય નથી, પણ અહીં તો એ દૃષ્ટિ જેને થઈ હોય તેણે પ્રથમ અશુદ્ધ પર્યાય જે વીતી ગઈ છે તે આત્માની છે એમ જાણવું જોઈએ. એ વાતની મુખ્યતાએ શુદ્ધ-અશુદ્ધ પર્યાયના પિંડને અહીં દ્રવ્ય કહેલ છે. જેને આત્માના ધ્રુવ સામાન્ય સ્વભાવની યથાર્થ દૃષ્ટિ થઈ છે એ તો પર્યાયને બરાબર જાણે છે, પણ આ તો પર્યાયને માનતો નથી. માટે વર્તમાન પર્યાયને ગૌણ કરીને ભૂતકાળમાં જે પર્યાય થઈ ગઈ છે તે પર્યાય થવાની શક્તિ દ્રવ્યની હતી અને દ્રવ્યથી સર્વથા ભિન્ન એ પર્યાય ન હતી. માટે તે પર્યાય સહિત દ્રવ્યને માનવું તેને અહીં દ્રવ્યદૃષ્ટિ કહેલ છે.

જો અશુદ્ધ પર્યાયને ગણવામાં ન આવે અને એકલું સામાન્ય જ દ્રવ્ય છે તો અત્યાર સુધી જે અશુદ્ધ પર્યાય વીતી ગઈ તે ક્યાં રહી ? તેનો કાંઈ તુચ્છ અભાવ નથી. અનાદિ અનંત પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. જે પર્યાય વીતી ગઈ છે એ વર્તમાન પર્યાયમાં નથી અને દ્રવ્યમાં પણ તે પર્યાય નથી એમ જો માનશો તો દ્રવ્ય પણ સિદ્ધ થશે નહિ. વીતી ગયેલી પર્યાયોનો સર્વથા તુચ્છ અભાવ નથી. માટે અહીં કહેલ છે કે જો દ્રવ્યદૃષ્ટિ કરવી હોય તો પૂર્વ પર્યાય જેટલી થઈ ગઈ છે તે દ્રવ્યની છે એમ માનો તો દ્રવ્યદૃષ્ટિ યથાર્થ કહેવાય છે. અપેક્ષા બરાબર સમજવી જોઈએ.

**માહ વદ ૩, સોમવાર, ૨-૨-૫૩.**

આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં નિશ્ચયાભાસીની વાત ચાલે છે. આત્માની પર્યાયમાં અશુદ્ધતા છે તે વ્યવહાર



છે, એને જે માનતો નથી તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. આત્માનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ છે, પણ વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા છે -એમ જાણવું તે વ્યવહાર જાણ્યો કહેવાય, પણ વ્યવહાર એટલે શુભ ભાવ કરતાં કરતાં શુદ્ધ ભાવ થઈ જાય એ વ્યવહાર માન્યો કહેવાય નહિ, પણ ત્રિકાળ સ્વભાવ શુદ્ધ છે અને વર્તમાન અવસ્થામાં શુભ ભાવ થાય છે તે વિકાર અને અશુદ્ધતા છે દ્રએમ જાણવું તે વ્યવહાર છે.

આમ પર્યાયમાં વિકાર અને અશુદ્ધતા હોવા છતાં "હું સિદ્ધ સમાન વર્તમાનમાં છું અને કેવળજ્ઞાનાદિ સહિત છું" એમ નિશ્ચયાભાસી માને છે. ગ્રંથકાર તેને કહે છે કે આત્મા શુદ્ધ છે એવું તું ચિંતવન કરે છે તે જો દ્રવ્યદૃષ્ટિથી કરે છે તો દ્રવ્ય તો શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો પિંડ છે. દ્રવ્ય અખંડ સામાન્ય એકરૂપ છે, એટલે કે એમાં ભેદ અને અનેકતા નથી, એટલે કે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો સમુદાય (વર્તમાન પર્યાય સિવાય) તેને અહીં સામાન્ય એકરૂપ કહેલ છે. પ્રમાણની વાત અહીં નથી. આગળ કહેશે કે નિમિત્ત અને પરથી ભિન્નપણું અને પોતાના ભાવોથી અભિન્નપણું તે દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું છે. વર્તમાન એક સમયની પર્યાયને ગૌણ કરીને શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો સમુદાય એકરૂપ છે તેને અહીં અખંડ એકરૂપ જ્ઞાયક પારિણામિકભાવ કહ્યો છે, તેને અહીં દ્રવ્યદૃષ્ટિનો વિષય કહેલ છે. જો અશુદ્ધ પર્યાય દ્રવ્યની ન હોય તો વર્તમાન પર્યાયમાં તે પર્યાય નથી અને દ્રવ્યમાં પણ તે પર્યાય નથી -એમ માનવામાં આવે તો તે પર્યાય ક્યાં રહી ? એટલે ભૂતકાળની જેટલી પર્યાય વીતી ગઈ છે તે દ્રવ્યની છે એમ પોતાના ભાવોથી અભિન્નપણું તથા પરદ્રવ્ય-ભાવોથી ભિન્નપણું માનવું તે દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું છે. આ દ્રવ્ય પ્રમાણનો વિષય નથી. પ્રમાણનો વિષય તો વર્તમાન વિશેષ અને વર્તમાન સામાન્ય તે બન્ને છે. તેમાં દ્રવ્યાર્થિકનયનો સામાન્ય એટલે કે ભૂત તથા ભવિષ્ય પર્યાયોનો સમુદાય વિષય છે અને બીજી પર્યાયાર્થિકનય છે, તે વિશેષ એટલે વર્તમાન પર્યાયનો વિષય કરે છે. માટે અહીં પ્રમાણની વાત નથી.

આત્મા વર્તમાન દ્રવ્ય-પર્યાયરૂપ છે, એ બન્ને પ્રમાણનો વિષય છે. હવે દ્રવ્યદૃષ્ટિથી જો વિચાર કરવામાં આવે તો અહીં કહે છે કે તું પર્યાયને માનતો નથી, પણ દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્ય તો શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો સમુદાય છે, તે વર્તમાન સમુદાય દ્રવ્યદૃષ્ટિનો વિષય છે અને પર્યાયદૃષ્ટિએ વર્તમાન અશુદ્ધ પર્યાય એક સમયની છે તે પર્યાયદૃષ્ટિનો વિષય છે. એ બન્ને થઈને પ્રમાણનો વિષય થાય છે, પણ દ્રવ્યદૃષ્ટિનો વિષય જે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો પિંડ કહેલ છે તે પ્રમાણનો વિષય નથી.

અહીં દ્રવ્ય સામાન્યનો અર્થ એવો છે કે -અવ્યક્ત અનંતી અશુદ્ધ પર્યાય જે વીતી ગઈ છે તે અને ભવિષ્યની શુદ્ધ પર્યાય-તેનો સમુદાય તે સામાન્ય દ્રવ્ય છે. છતાં આત્મા એકલો શુદ્ધ છે એમ તું ચિંતવન કરે છે, માટે તે ભ્રમ છે. દ્રવ્યનું સ્વરૂપ તો શુદ્ધ-અશુદ્ધ બે પ્રકારે હોવા છતાં એકલું શુદ્ધરૂપ શા માટે ચિંતવન કરો છો ? તે ચિંતવન ભ્રમરૂપ છે, કેમ કે તે નિશ્ચયાભાસી પર્યાયને માનતો જ નથી માટે તે મિથ્યાદૃષ્ટિ છે.

વળી, આત્માની પર્યાયમાં ચોથા ગુણસ્થાનાદિમાં જે શુભ ભાવ થાય છે તેને ન માને, કહે કે વ્યવહાર છે જ નહિ, તો તીર્થનો ઉચ્છેદ થાય છે. માટે વ્યવહાર નથી એમ જે માને છે તે વ્યવહારનયનો લોપ કરે છે, અને આત્મા ત્રિકાળ શુદ્ધ છે, એને વ્યવહાર કરતાં કરતાં લાભ થાય છે એવું માને અને શુદ્ધ આત્મા છે એને ન માને એટલે કે એનો આશ્રય ન કરે તો ત્યાં નિશ્ચયનયનો લોપ થાય છે. માટે બન્ને નયોનું યથાર્થ સ્વરૂપ સમજવું જોઈએ.

અહીં તો કહે છે કે નિશ્ચયાભાસી, આત્મા શુદ્ધ છે એમ ચિંતવન કરે છે, તે ભ્રમરૂપ છે, કેમ કે તમે જો દ્રવ્યદૃષ્ટિથી ચિંતવન કરો છો તો દ્રવ્ય તો એકલું શુદ્ધ નથી પણ શુદ્ધ-અશુદ્ધ બન્નેરૂપ છે; અને પર્યાયદૃષ્ટિથી ચિંતવન કરો છો તો વર્તમાન પર્યાય તો તારે અશુદ્ધ છે. માટે બન્ને રીતે શુદ્ધનું ચિંતવન કરવું તે ભ્રમણા છે, કેમ કે વર્તમાન પર્યાય તો નીચલી દશામાં અશુદ્ધ છે અને દ્રવ્ય તો શુદ્ધ-અશુદ્ધ બન્નેરૂપ છે, માટે શુદ્ધ ચિંતવન કોઈ રીતે તારે બનતું નથી. પર્યાયમાં શુદ્ધ છે એમ પણ માનવું ન જોઈએ, વર્તમાન અશુદ્ધ પર્યાય છે છતાં તેને શુદ્ધ કેમ માનો છો ? વળી જો તમે શક્તિ અપેક્ષાએ શુદ્ધ માનો છો તો ''હું આવો હોવા યોગ્ય છું'' એમ માનો, ''હું સિદ્ધ થવાને લાયક છું'' એમ માનો, પણ ''હું આવો છું'' એમ માનવું તે ભ્રમ છે.

હવે જો વર્તમાન કેવળજ્ઞાનાદિરૂપ છો એમ ચિંતવન કરે છે તો અહીં વર્તમાન મતિજ્ઞાનાદિની પર્યાય છે તે કોની છે ? માટે તું વ્યવહારને માનતો નથી. વર્તમાન પર્યાયને કેવળજ્ઞાનરૂપ માને તો તે મિથ્યાત્વ ભાવ છે અને દ્રવ્યકર્મ-નોકર્મથી રહિત તું માને છે તો તે પણ ભ્રમ છે. નિમિત્તરૂપે દ્રવ્યકર્મ અને નોકર્મ વર્તમાન પ્રત્યક્ષ હોવા છતાં નિમિત્ત છે જ નહિ -એમ માને છે તે પણ બરાબર નથી. નિમિત્તના કારણે આત્માની પર્યાય થાય છે એમ માને તો કર્મને માન્યું કહેવાય -એમ નથી પણ વર્તમાન આત્માની પોતાની વિકારી પર્યાય પોતાના કારણે થાય છે એમાં કર્મ નિમિત્તમાત્ર છે એમ માનવું જોઈએ. કર્મ એક ચીજ છે પણ એનો પ્રભાવ આત્મા ઉપર કાંઈ પડે છે -એમ નથી. અગિયારમે ગુણસ્થાનથી કર્મના કારણે પડે છે -એમ અજ્ઞાની માને છે તે પણ ભ્રમણા છે. પોતાની પર્યાયની યોગ્યતાના કારણે પડે છે એને બદલે કર્મ ઉપર નાખે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો કહે છે કે પર્યાયમાં અધૂરી દશા છે, પૂર્ણદશા નથી અને જો વિકાર અને અલ્પજ્ઞતા છે તો એના નિમિત્તરૂપે દ્રવ્યકર્મ અને નોકર્મ છે. જો નિમિત્તરૂપે શરીરાદિ ન હોય તો સિદ્ધદશા, અશરીરી દશા વર્તમાન હોવી જોઈએ પણ તે સિદ્ધદશા વર્તમાન નથી. માટે કર્મ-નોકર્મનો સંબંધ છે -એમ માનવું જોઈએ. જો કે આત્માની વિકારી પર્યાય કે અધૂરી પર્યાયના કારણે દ્રવ્યકર્મ-નોકર્મ નથી પણ અધૂરી દશા વખતે કર્મ આદિ એના કારણે હોય છે એમ જાણવું જોઈએ, અને આત્માની પૂર્ણદશા થાય છે ત્યારે નિમિત્તરૂપે કર્માદિ હતા તે એના કારણે છૂટી જાય છે, તે વખતે નિમિત્તરૂપે કર્માદિ હોતા નથી એમ સમજવું જોઈએ.



વળી જો કર્મ-નોકર્મ નિમિત્તરૂપે ન હોય તો જ્ઞાનાદિની વ્યક્તતા કેમ નથી ? જ્ઞાનાદિની વ્યક્તતા નથી માટે કર્મ-નોકર્મ નિમિત્તપણે છે. આત્મદ્રવ્યમાં શક્તિરૂપે જ્ઞાનાદિ ગુણો છે એમાંથી વ્યક્તરૂપ પર્યાય થાય છે. તે પર્યાય વર્તમાનમાં નથી. માટે એમાં નિમિત્તરૂપે કર્મને માનવું જોઈએ. જુઓ, અહીં સમ્યગ્જ્ઞાન કોને કહેવાય છે એ વાત ચાલે છે. સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર હોતું નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શું છે ? નિશ્ચય-વ્યવહાર શું છે ? એને પણ જાણે નહિ અને ત્યાગી થઈ જાય તો તેથી કરીને કાંઈ સાચું ચારિત્ર હોતું નથી. હજુ તો જેને વ્યવહારના ઠેકાણાં નથી એને તો દ્રવ્યચારિત્ર પણ હોતું નથી. વળી દ્રવ્યચારિત્ર વિના પણ ભાવચારિત્ર હોતું નથી. માટે પ્રથમ ચારિત્રનું સ્વરૂપ પણ જાણવું જોઈએ.

સ્વ-પર પ્રકાશક જ્ઞાનશક્તિ આત્માની છે, માટે જ્ઞાન પરથી થતું નથી, પ્રતિમાથી જ્ઞાન થતું નથી. સ્વજ્ઞેય-પરજ્ઞેય બન્નેને જાણવાની શક્તિ આત્માની છે, પણ પરજ્ઞેયથી સ્વજ્ઞેયને જાણવાની શક્તિ થતી નથી. આત્મા પોતામાં સ્વ અને પરને જાણવાની શક્તિ છે એવી જેને ખબર નથી અને પરના કારણે આત્મામાં જ્ઞાનાદિ થઈ જાય એમ માને તે તો મિથ્યાદૃષ્ટિ છે. વળી આત્માના ભાન વિના દ્રવ્યલિંગ ધારણ કરે, નગ્ન થાય, પણ અધઃકર્મી તથા ઉદ્દેશિક આહાર લે તો દ્રવ્યલિંગી પણ તે નથી, અને યથાર્થ દ્રવ્યલિંગ વિના ભાવલિંગીપણું પણ હોતું નથી. વસ્ત્ર-પાત્ર રાખે અને મુનિ કહેવડાવે છે તે તો સ્થૂળ ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

હવે અહીં નિશ્ચયાભાસી માને છે કે હું વર્તમાનમાં પરમાનંદમય છું. તો જો તે પરમાનંદમય હોય તો તેને કાંઈ કરવાનું રહેતું નથી. માટે ખરેખર વર્તમાન પરમાનંદમય નથી. વર્તમાન અવસ્થામાં તો આનંદ પ્રગટ નથી છતાં આનંદમય માનવું તે ભ્રમ છે.

વળી તે માને છે કે જન્મ-મરણાદિ દુઃખ જ આત્માને નથી. તો તે વાત પણ ખોટી છે, કેમ કે વર્તમાન દુઃખી થતાં તો દેખાઓ છો, એટલે દુઃખી હોવા છતાં દુઃખ નથી એમ માનવું તે ભ્રમ છે. માટે એ પ્રમાણે બીજી અવસ્થામાં બીજી અવસ્થા માનવી તે ભ્રમ છે.

**પ્રશ્ન** : તો શાસ્ત્રમાં શુદ્ધ ચિંતવન કરવાનો ઉપદેશ શા માટે આપ્યો છે ? શ્રી સમયસાર, પ્રવચનસારમાં શુદ્ધ ચિંતવન કરવાનું કહેલ છે, આસ્રવ શુભાશુભ ભાવનું ચિંતવન છોડવાનું કહેલ છે અને તમે તો અહીં બન્ને પ્રકારથી શુદ્ધ ચિંતવન કરવાની ના કહો છો તો ભગવાને જે શુદ્ધ ચિંતવન કરવાનો ઉપદેશ આપ્યો છે તે નિરર્થક ઠરે છે. માટે એમાં યથાર્થ શું છે ?

**ઉત્તર** : શુદ્ધપણું કેવી રીતે છે તે કહીએ છીએ. એક દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું છે તથા એક પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું છે. ત્યાં દ્રવ્ય અપેક્ષાએ તો પરદ્રવ્યથી ભિન્નપણું તથા પોતાના ભાવોથી અભિન્નપણું તેનું નામ શુદ્ધપણું છે. આ દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું પહેલાં સામાન્ય દ્રવ્ય કહેલ તે જ છે. હવે અહીં દ્રવ્ય અપેક્ષાએ ભૂત અને ભવિષ્યકાળની પર્યાયોનો સમુદાય-વર્તમાન પર્યાયને છોડીને દ્રવ્ય કહેલ

છે. તે દ્રવ્ય પોતાના ભાવોથી અભિન્ન છે અને પરદ્રવ્ય ભાવોથી ભિન્ન છે -એવું દ્રવ્યનું શુદ્ધપણું છે. માટે અપેક્ષાએ બરાબર સમજવું જોઈએ. જે દ્રવ્યનું શુદ્ધપણું ઉપર કહ્યું હતું તે પ્રમાણે અહીં સામાન્ય દ્રવ્યનું શુદ્ધપણું કહીને પરદ્રવ્યથી ભિન્નરૂપ પોતાનું સ્વરૂપ છે એને શુદ્ધપણું કહ્યું છે. એ અપેક્ષાએ શુદ્ધપણું માનવું તે યથાર્થ છે.

## માહ વદ ૪, મંગળવાર, ૩-૨-૫૩.

અહીં તો જૈનમતમાં રહેલા નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ કેવા હોય છે ? એની વાત કરે છે. કેટલાંક જીવો એકાંત આત્માને શુદ્ધ માને છે અને વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા છે એને માનતાં નથી તે ભ્રમ છે. આત્મા તો ખરેખર શુદ્ધ જ છે પણ તે કઈ અપેક્ષાએ છે તે બરાબર સમજવું જોઈએ.

જૈન દિગંબર સંપ્રદાયમાં હોવા છતાં પણ નિશ્ચય-વ્યવહારનું ભાન નથી તેને પણ અહીં મિથ્યાદષ્ટિ કહેલ છે. દયા, દાન, ભક્તિ, કામ-ક્રોધાદિ વિકાર પર્યાયમાં થાય છે એને નથી થતાં એમ માને તો તે મિથ્યાદષ્ટિ છે અને એ રાગ વિકાર છે એનાથી ધર્મ થાય છે એમ માને તો પણ તે મિથ્યાદષ્ટિ છે. આ બન્ને નય ને તેના વિષયને સમજતો નથી.

હવે નિશ્ચયાભાસી આત્માને પર્યાયમાં પણ શુદ્ધ જ માને છે પણ અહીં તો કહે છે કે ભૂતકાળમાં અશુદ્ધ પર્યાય જે વીતી ગઈ છે અને ભવિષ્યકાળમાં જે શુદ્ધ પ્રગટે છે તે તો અશુદ્ધ પર્યાયથી અનંતગુણી છે. તે ભૂત અને ભવિષ્યકાળની પર્યાયનો સમુદાય તે આત્મા છે. માટે એકલો શુદ્ધ જ આત્મા છે એમ માને પણ ભૂતકાળમાં અશુદ્ધ પર્યાય થઈ જ નથી એમ માને તો તે શુદ્ધ આત્મા સામાન્ય એકરૂપ છે એને સમજતો નથી અને એની દ્રવ્યદષ્ટિ સાચી નથી કેમ કે તે એકાંતથી શુદ્ધ જ માને છે. એને સમજાવવા માટે દ્રવ્યસામાન્યનું લક્ષણ શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો સમુદાય તે દ્રવ્ય છે એમ કહેલ છે. અપેક્ષા બરાબર સમજવી જોઈએ.

ધર્મ તે સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શનનો વિષય તો આત્મા ત્રિકાળ ધ્રુવ ચિદાનંદ સ્વરૂપ પોતાનું છે, વર્તમાન વિકાર થાય છે તે સ્વભાવ નથી પણ બંધનું કારણ છે અને કર્મ, શરીરાદિ પર છે એમ જાણવું અને આત્મા જ્ઞાયક છે એની દષ્ટિ થવી તે સમ્યગ્દર્શન છે. મારો સ્વભાવ શુદ્ધ છે. એટલે મારામાં સિદ્ધ થવાની શક્તિ છે. પૂર્વે ભલે અશુદ્ધ પર્યાય થઈ ગઈ પણ મારો સ્વભાવ શુદ્ધ પર્યાય થવાનો છે -એમ માનવું જોઈએ. અશુદ્ધ કરતાં શુદ્ધ પર્યાય અનંતગુણી થવાની આત્મામાં લાયકાત છે. અશુદ્ધતા થઈ ગઈ છે એને જાણીને દષ્ટિ ફેરવી નાખવા કહે છે. અહીં તો એકાંત શુદ્ધ જ છે, પર્યાયમાં અશુદ્ધતા થઈ જ નથી એમ માને છે તેને અહીં કહે છે કે દ્રવ્ય સામાન્ય તો શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો સમુદાય છે, પણ દ્રવ્યદષ્ટિએ શુદ્ધરૂપે જ થવાને લાયક છે પણ અશુદ્ધરૂપે થવાને લાયક નથી -એમ જાણે તો અશુદ્ધતાનો નાશ થઈને શુદ્ધતા પ્રગટે છે, તો શક્તિને કારણરૂપ કહેવાય છે, તો વિપરીતબુદ્ધિ ટળે અને સમ્યગ્જ્ઞાન થાય. અનંતકાળમાં અનંત વખત વ્રત, તપ કર્યા પણ વસ્તુ-



આત્મા કેવો છે તેને યથાર્થ જાણ્યો નહિ તેથી એક અંશ પણ ધર્મ થયો નથી.

ભગવાન આત્મા શરીર, મન, વાણીથી તો પાર છે પણ વર્તમાન શુભાશુભ ભાવ થાય છે એટલો નથી પણ આત્મા તો શુદ્ધ પર્યાય થવાને લાયક છે. એવી જેની દષ્ટિ થઈ તેને ધર્મ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ વ્યવહાર હોય છે ખરો પણ એનાથી લાભ થાય છે -એમ નથી. ભૂતકાળમાં જે પર્યાયમાં અશુદ્ધતા થઈ હતી એવી લાયકાત પર્યાયદષ્ટિએ આત્મામાં હતી જ નહિ -એમ નથી. પણ વર્તમાનદષ્ટિ ફરી એટલે જાણ્યું કે ભૂતકાળની પર્યાય થઈ હતી તે તો ગઈ પણ મારો સ્વભાવ અને શક્તિ તો શુદ્ધરૂપે જ થવાનો છે -એમ સમજવું જોઈએ. જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું ન સમજે તો તે જ્ઞાન મિથ્યા છે, એટલે અસત્ય છે. સત્‌જ્ઞાન, સત્‌દર્શન, સત્‌ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. માટે પ્રથમ સાચું જ્ઞાન જેમ છે એમ કરવું જોઈએ. વિકાર તો એક સમયની પર્યાયમાં થવાની લાયકાત છે પણ મારો સ્વભાવ તો અવિકાર શુદ્ધ જ પર્યાય થવાને લાયક છે. આનું નામ દ્રવ્યદષ્ટિ છે.

આત્માનું યથાર્થ જ્ઞાન થાય છે એટલે દયા, દાન, ભક્તિ આદિના પરિણામ થતાં જ નથી દ્રએમ નથી. પણ પૂર્ણદશા ન થાય ત્યાં સુધી શુભ ભાવ હોય છે ખરો પણ એનાથી સમ્યગ્દષ્ટિ લાભ અને ધર્મ માનતો નથી. પોતાની નબળાઈથી થયેલો તે ભાવ છે -એમ જાણે છે. હવે અહીં તો નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ કહે છે કે -અમે તો શુદ્ધ ચિંતવન કરશું. તો તેને કહ્યું કે દ્રવ્યનું શુદ્ધ ચિંતવન કરે છે તો તે પણ મિથ્યા છે અને પર્યાયથી શુદ્ધ ચિંતવન કરે છે તો તે પણ મિથ્યા છે. તો હવે પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન** : તો શાસ્ત્રમાં શુદ્ધ ચિંતવન કરવાનો ઉપદેશ શા માટે આપ્યો છે ?

**ઉત્તર** : એક દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું છે. સમ્યગ્દષ્ટિ એવું ચિંતવન કરે છે કે હું પરદ્રવ્યથી ત્રિકાળ ભિન્ન છું, શરીર, કર્મ જડ છે-અજીવ છે. તેના દ્રવ્ય-ગુણ-પર્યાયથી હું ભિન્ન છું એટલે શરીર, કર્મ, ભાષા આદિની પર્યાય મારાથી થતી નથી, મારી પ્રેરણાથી શરીર ચાલતું નથી કેમ કે તે પદાર્થો મારાથી ભિન્ન છે અને હું તેનાથી ત્રણે કાળે ભિન્ન છું. માટે આત્મા બોલવાની, ચાલવાની ક્રિયાનો કર્તા નથી. વર્તમાનમાં લોકોને એટલી બધી ભ્રમણા-ગડબડ થઈ ગઈ છે કે શરીરની ક્રિયા આત્માથી થાય છે -એમ માને છે પણ અહીં તો સમ્યગ્દષ્ટિ જાણે છે કે મારો આત્મા દ્રવ્યસામાન્ય અપેક્ષાએ પરથી ભિન્ન છે અને મારી જેટલી ભૂતકાળમાં પર્યાય થઈ ગઈ છે અને ભવિષ્યકાળમાં પર્યાયો થશે તે બધી પર્યાયથી અભિન્ન છે. મારા ભાવથી એકમેક છું. વર્તમાન પર્યાય છે એને છોડીને ભૂત-ભવિષ્યની બધી પર્યાયોથી હું અભિન્ન છું -એવી દષ્ટિ કરવી તે દ્રવ્યસામાન્ય દષ્ટિ છે. લોકોને ધર્મની ખબર નથી. એક સેકંડમાત્ર ધર્મ કર્યો હોય તો તેની મુક્તિ થયા વિના રહે નહિ એવું ધર્મનું સ્વરૂપ છે. અનંતકાળમાં અનંત વખત નવમી ગ્રૈવેયકે દ્રવ્યલિંગી મુનિપણું પાળીને ગયો પણ એક સેકંડમાત્ર તેને ધર્મ થયો નહિ. તે ધર્મનું સ્વરૂપ લોકોએ સાંભળ્યું નથી.

આત્મા પરદ્રવ્યથી ભિન્ન છે અને પોતાના ભાવોથી અભિન્ન છે એને અહીં દ્રવ્યનું શુદ્ધપણું કહ્યું છે. આ અપેક્ષાએ સમજવું જોઈએ. હું છું તે છું -એવી યથાર્થ શ્રદ્ધા ક્યારે થઈ કહેવાય કે ભૂતકાળમાં અશુદ્ધ પર્યાય થઈ ગઈ તેની લાયકાત હતી. તે વખતે દૃષ્ટિ ફરતાં મારો સ્વભાવ તો ત્રિકાળ શુદ્ધ પર્યાય થાય એવી લાયકાતવાળો છે -એવી દૃષ્ટિ કરે તો હું છું તે છું એ સાચું નક્કી કર્યું કહેવાય છે. પરદ્રવ્યથી ભિન્ન હું છું એમ નક્કી કર્યું એટલે પરદ્રવ્ય ને નિમિત્તનો ભાવ મારામાં નથી. એટલે નિમિત્ત અને પર ઉપરની દૃષ્ટિ છૂટી ગઈ. હવે પોતાના ભાવોથી અભિન્ન છે, એમાં ભૂત-ભવિષ્યનું જેમ છે એમ જ્ઞાન કરાવીને આત્મા ત્રિકાળ શુદ્ધ -એમાં ભૂત-ભવિષ્યમાં આવી લાયકાતવાળો હતો અને થઈશ એવા વિકલ્પો પણ હોતા નથી પણ જે જીવ પર્યાયને માનતો જ નથી તેને સમજાવવા માટે પ્રથમ જેમ છે તેમ ભૂત-ભવિષ્યની પર્યાયનું યથાર્થ જ્ઞાન કરાવે છે એને શુદ્ધ દ્રવ્ય કહેલ છે. એવા દ્રવ્યને જાણીને દૃષ્ટિ ત્રિકાળ શુદ્ધ દ્રવ્યનો સ્વીકાર કરે.

મારો સ્વભાવ તો સદા સિદ્ધ સમાન છે. એટલે ખરેખર મારી શક્તિ તો સિદ્ધ જ થવાની છે. એમાં સંસારપર્યાયનો આદર નથી. કેમ કે સંસારપર્યાય સિદ્ધપર્યાયથી અનંતમે ભાગે છે, અલ્પ છે. મારો સ્વભાવ શુદ્ધ જ પર્યાય પ્રગટ કરવાનો છે -એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. શુદ્ધ થવાની લાયકાત નિમિત્તમાંથી કે રાગમાંથી આવતી નથી -એમ જાણે છે. ભૂતકાળમાં અશુદ્ધ પર્યાય વીતી ગઈ છે પણ તે દ્રવ્યમાં અંતર્લીન છે. માટે પરથી ભિન્ન અને સ્વના ભાવોથી અભિન્ન દ્રવ્યને શુદ્ધ કહેલ છે. વેપાર-ધંધાના કામમાં મોટો વિચાર કરે, પરના કામમાં વિચાર કરે પણ અહીં તો વિચાર કરતો નથી. તો આત્માનું સાચું જ્ઞાન કેવી રીતે થાય ? માટે દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધપણું પરથી ભિન્ન ને પોતાથી અભિન્ન કહેલ છે અને પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું તો વર્તમાન પર્યાયમાં ઉપાધિભાવનો અભાવ થવો તે શુદ્ધપણું છે.

પર્યાય અપેક્ષાએ તો કેવળજ્ઞાન થાય તે શુદ્ધપણું છે. સાધકદશામાં ઉપાધિભાવ હોય છે, કેમ કે સર્વથા ઉપાધિભાવ રહિત થયો નથી. દૃષ્ટિ અપેક્ષાએ પારિણામિકભાવ સિવાય ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક -એ ચારે ભાવોને વિભાવિક ભાવ કહેલ છે તે અપેક્ષા બીજી છે. અહીં તો ક્ષાયિકભાવ સિવાય ઉદય, ઉપશમ, ક્ષયોપશમ -એ ત્રણેને ઉપાધિભાવ કહેલ છે. વર્તમાન પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું તો થયું નથી. માટે પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું છે એમ માનવું તે ભ્રમ છે.

હવે શુદ્ધ ચિંતવનમાં તો દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું ગ્રહણ કર્યું છે. ઉપર કહ્યા પ્રમાણે શરીર, કર્મથી ભિન્ન અને વર્તમાન પર્યાયને ગૌણ કરેલ છે. અને ભૂત-ભાવિ પર્યાયથી અભિન્નને મુખ્ય કરીને અહીં શુદ્ધદ્રવ્ય કહેલ છે. એ વાત બરાબર સમજવી જોઈએ. આ રીતે જ્ઞાની ત્રિકાળી સ્વભાવનું ચિંતવન કરે છે. હવે આ પ્રમાણે સમયસારમાં શ્રી કુંદકુંદાચાર્યદેવે પણ કહેલ છે. એમણે કહ્યું છે તે જ હું કહું છું એમ પંડિત ટોડરમલજી કહે છે. શ્રી સમયસાર ગાથા ૬ની ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું



છે કે **'प्रमत्तोऽप्रमत्तश्च न भवत्येष एवाशेषद्रव्यांतरभावेभ्यो भिन्नत्वेनोपास्यमानः शुद्ध इत्यभिलप्यते'**

**અર્થ** - આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નથી એ જ સર્વ પરદ્રવ્યોના ભાવોથી ભિન્નપણા વડે સેવતા ''શુદ્ધ'' એવો કહીએ છીએ. કુંદકુંદાચાર્ય ભાવલિંગી મુનિ હતા ને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા. તેથી હું પ્રમત્ત-અપ્રમત્ત નથી -એમ કહેલ છે. વ્રત-અવ્રત અને સયોગ-અયોગથી રહિત છું એમ કહેલ નથી. વર્તમાન પર્યાય વર્તે છે તેનો નિષેધ કરે છે. પોતાની વર્તમાન જે દશા છે તેનો નિષેધ કરે છે. દ્રવ્યની દૃષ્ટિ કરાવી છે.

પરદ્રવ્યથી ભિન્ન માન્યા વિના પોતાની વર્તમાન વિકારી પર્યાયથી પોતે ભિન્ન છે એમ માની શકે નહિ. માટે ત્યાં પણ પરદ્રવ્યથી ભિન્નપણાને શુદ્ધ જ કહેલ છે. પરદ્રવ્યથી ભિન્ન થયો એટલી તો પર્યાય શુદ્ધ થઈ છે અને મુનિદશામાં વિશેષ શુદ્ધતા હોય છે. ધર્મ તો અભ્યંતર ચીજ છે, બહારની ચીજ નથી માટે જ્ઞાનને સૂક્ષ્મ કરવું જોઈએ અને અંતરમાં જોવું જોઈએ તો આ વાત સમજાય એમ છે. દ્રવ્ય શું ? પર્યાય શું ? પર શું ? વગેરે બધું બરાબર જાણવું જોઈએ અને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. અનાદિકાળથી યથાર્થ સમજવાનો પ્રયત્ન કર્યો નથી બાકી બીજું બધું કર્યું છે પણ ધર્મ થયો નથી. માટે યથાર્થ સમજવાનો પ્રયત્ન કરવો.

### માહ વદ ૫, બુધવાર, ૪-૨-૫૩.

જૈનમતમાં રહેવા છતાં પણ જીવ મિથ્યાદૃષ્ટિ કેવી રીતે રહે છે ? તેનો અધિકાર અહીં છે. આ આત્મા છે તે નિશ્ચયદૃષ્ટિએ કેવો છે એની જેને ખબર નથી તે વર્તમાન પર્યાયમાં શુદ્ધ નથી છતાં પર્યાયમાં શુદ્ધ માને છે તે ભ્રમ છે. વર્તમાન પર્યાયને ગૌણ કરીને દ્રવ્ય તો શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ છે એને જાણતો નથી તેથી મિથ્યાદૃષ્ટિ છે. પૂર્વમાં પર્યાય અશુદ્ધરૂપ હતી એને માનતો નથી અને એકલો શુદ્ધ જ આત્મા હતો એમ માને છે એની ભૂલ મટાડવા માટે દ્રવ્યનું સ્વરૂપ બતાવ્યું છે કે આત્માની શક્તિ તો ત્રિકાળ શુદ્ધ થવાની જ છે પણ ભૂતકાળમાં અશુદ્ધ પર્યાય જ ન હતી અને પૂર્વ પર્યાયમાં એવી લાયકાત જ ન હતી -એમ નથી. માટે સામાન્ય દ્રવ્યને શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો સમુદાય તે દ્રવ્ય છે એમ બરાબર સમજીને, સ્વભાવદૃષ્ટિ જેની થઈ છે તે તો એમ માને છે કે મારો સ્વભાવ પર્યાયશુદ્ધ થવાની શક્તિવાળો છે.

શુદ્ધ દ્રવ્યને પોતાના ભાવોથી અભિન્ન છે અને પરદ્રવ્યોથી ભિન્ન છે, એને દ્રવ્ય કહેલ છે. એમાં પણ વર્તમાન અશુદ્ધ પર્યાયને ગૌણ કરીને ભૂત-ભવિષ્યની પર્યાયનો પિંડ તે પોતાના ભાવોથી અભિન્ન છે -એમ સમજવું, કેમ કે વર્તમાન પર્યાય તો પર્યાયદૃષ્ટિનો વિષય છે. સમયસાર ગાથા ૬ માં પ્રમત્ત-અપ્રમત્ત આત્મા નથી એમ કહેલ છે ત્યાં આત્મા પરદ્રવ્યથી ભિન્ન બતાવવાનું પ્રયોજન છે. આત્મા ચિદાનંદ સ્વ ભાવોથી અભિન્ન અને પર ભાવોથી ભિન્ન છે એવી દૃષ્ટિ થઈ આત્મા સન્મુખ થયો અને રાગાદિથી ભિન્ન થયો છે, તે સમ્યગ્દૃષ્ટિ છે.

આત્મદ્રવ્યનું સેવન કરવાથી પર્યાયમાં શુદ્ધતા થઈ છે પણ તે શુદ્ધતાનો વિષય દ્રવ્ય છે એને સમ્યગ્દષ્ટિ બરાબર જાણે છે. સામાન્યદ્રવ્ય તો શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો સમુદાય હોવા છતાં શક્તિરૂપે તો ત્રણે કાળ શુદ્ધ છે. એનું જ અવલંબન જ્ઞાનીને હોય છે. તે નિશ્ચયનું સાચું જ્ઞાન થયું કહેવાય છે. આ રીતે દ્રવ્ય શુદ્ધની વ્યાખ્યા કરી.

અહીં સુધી તો દ્રવ્યની વાત કરી. હવે પર્યાયની શુદ્ધતાની વાત કરે છે. એમાં સમયસાર ગાથા ૭૩ની શ્રી અમૃતચંદ્રાચાર્યની ટીકાનો આધાર આપ્યો છે કે-

**समस्तकारकचक्रप्रक्रियोत्तीर्ण-निर्मलानुभूतिमात्रत्वात्छुद्धः**

**અર્થ** :- સમસ્ત કર્તા-કર્મ આદિ કારકોના સમૂહની પ્રક્રિયાથી પારંગત એવી જે નિર્મળ અનુભૂતિ અભેદજ્ઞાન તન્માત્ર છે તેથી શુદ્ધ છે. એટલે કે રાગાદિનો હું કર્તા છું, રાગ મારું કાર્ય છે, રાગ મારો આધાર છે -એવી છ કારકોની બુદ્ધિ જેને છૂટી ગઈ છે તેને પર્યાયની શુદ્ધતા કહે છે. જે જ્ઞાનનો ક્ષયોપશમ છે તેને અહીં શુદ્ધતા કહી નથી કેમ કે નિત્યનિગોદના જીવને પણ જ્ઞાનનો ઉઘાડ હોય છે. કેમ કે એટલો ક્ષયોપશમ ન હોય તો જડ થઈ જાય એ વાત અહીં નથી. મોક્ષમાર્ગ પ્રકાશકમાં ક્ષયોપશમને કેવળજ્ઞાનનો અંશ કહેલો હતો એનો અર્થ તો એ હતો કે ત્યાં જ્ઞાનનો સ્વભાવભાવ બતાવવો હતો, પણ એ વાત અહીં નથી. પણ અહીં તો પર્યાયની શુદ્ધતા એવી કહે છે કે પરદ્રવ્યોનો કર્તા આદિ તો હું નથી પણ રાગ-વિકલ્પ-પુણ્ય-પાપની ક્રિયાથી છૂટીને પાર થઈને આત્માની નિર્મળ અનુભૂતિ થઈ અકષાય ભાવ થયો તે પર્યાય અપેક્ષાએ શુદ્ધતા છે.

છ કારકોની ત્રણ વાત છે. આત્મા કર્તા અને શરીર, કર્મ આદિ મારું કાર્ય છે એ છ સંયોગી કારકોની તો અહીં વાત જ નથી. આત્મા આધાર છે તો શરીરનું કામ થાય છે -એમ નથી, પણ અહીં તો કહે છે કે રાગાદિ મારી પર્યાય છે એનો પણ આત્મા કર્તા, કર્મ આદિ નથી. એ સિવાય આત્માના આશ્રયે શુદ્ધ નિર્મળ પર્યાય પ્રગટે છે તેનો હું કર્તા આદિ છું એવો વિકલ્પ પણ અહીં નથી. અભેદ અખંડ ત્રિકાળ શુદ્ધ સ્વભાવના આશ્રયે નિર્વિકલ્પદશા પ્રગટ થઈ છે તે પર્યાય અપેક્ષાએ શુદ્ધતા છે -એમ સમજવું જોઈએ. હું મારી વીતરાગ પર્યાયનો કર્તા છું એવો ભેદ જ્યાં સુધી છે ત્યાં સુધી પર્યાયની શુદ્ધતા થઈ નથી.

અજ્ઞાની દ્રવ્યની શુદ્ધતાને સમજતો નથી અને પર્યાયની શુદ્ધતાને પણ સમજતો નથી. છ કારકોમાં ત્રણ પ્રકારથી અશુદ્ધતા આવે છે. એક તો પરદ્રવ્યનો કર્તા આદિ માનવો, બીજું રાગાદિ વિકારી પર્યાયોનો કર્તા આદિ માનવો તે અને ત્રીજું પોતાની શુદ્ધ નિર્મળ પર્યાયનો હું કર્તા આદિ છું એવો ભેદ પડવો એ ત્રણે અશુદ્ધતા છે. એનાથી રહિત અભેદ જ્ઞાનાનંદ ચૈતન્યસ્વભાવી મારું સ્વરૂપ એકરૂપ છે એની દૃષ્ટિ જેને થઈ અને પર્યાયમાં શુદ્ધ અનુભવ આનંદદશા પ્રગટ થાય છે તે પર્યાયની શુદ્ધતા છે.

શાસ્ત્રમાં સમ્યગ્દષ્ટિના શુભ ભાવને મોક્ષનું વ્યવહારસાધન કહેલ છે પણ એનો અર્થ બરાબર સમજવો



જોઈએ. પરની તો વાત નથી પણ શુભ ભાવનો હું કર્તા, કર્મ આદિ છું એ પણ સાધન નથી. અને પોતાની વીતરાગી નિર્મળદશા એનો હું કર્તા છું એવો ભેદ તે પણ સાધન નથી. અભેદ સ્વભાવના આશ્રયે પર્યાયની શુદ્ધતા પ્રગટે છે એ વાત સમજ્યા વિના શુભ ભાવને વ્યવહારસાધન પણ કહેવાતો નથી. માટે બરાબર સમજવું જોઈએ.

સમ્યગ્દષ્ટિનું ધ્યેય કેવું હોય છે ? એનું અહીં વર્ણન ચાલે છે. એમાં જ્ઞાની પર્યાયની શુદ્ધતા કોને માને છે કે છ કારકોની પ્રક્રિયાથી પારંગત એવી જે નિર્મળ અનુભૂતિ અભેદ જ્ઞાનમાત્ર દશા થાય છે તે પર્યાયથી શુદ્ધ કહેવાય છે. પહેલા દ્રવ્યની શુદ્ધતા બતાવતાં જીવ અજીવથી જુદો બતાવ્યો હતો અને અહીં પર્યાયમાં શુદ્ધતા બતાવતાં કર્તા-કર્મ આદિ છ કારકોના ભેદના અભાવથી બતાવ્યું. આ રીતે બે પ્રકારે શુદ્ધતા જાણવી. દ્રવ્યની શુદ્ધતા, પરથી ભિન્ન સામાન્ય સ્વભાવ તે દ્રવ્ય અને પર્યાયમાં અભેદ નિર્મળદશા પ્રગટ થવી તે પર્યાયની શુદ્ધતા માનવી.

હવે કેવળનો અર્થ કરે છે કે -કેવળ શબ્દનો અર્થ પણ આ જ પ્રમાણે જાણવો કે ‘‘પરભાવથી ભિન્ન નિઃકેવળ પોતે જ’’ તેનું નામ કેવળ છે. એ પ્રમાણે અન્ય પણ અર્થ અવધારવા. જ્યાં જ્યાં જે પ્રમાણે અર્થ થાય એમ જાણવું. સામાન્ય એકરૂપ જ્ઞાન જેમાં ઉપાધિ નથી એને કેવળજ્ઞાન માનવું જોઈએ. એકલો જ્ઞાનસ્વરૂપી આત્મા છે એવો કેવળનો અર્થ માનવો જોઈએ. પણ પર્યાય અપેક્ષાએ કેવળ શબ્દનો અર્થ કેવળી થયો માનવો તે વિપરીતતા છે. પર્યાયમાં અભેદ તન્માત્ર થયા વિના કેવળજ્ઞાન માને તો તે ભ્રમણા છે. માટે પોતાને દ્રવ્ય-પર્યાયરૂપ અવલોકવો. દ્રવ્યથી તો સામાન્ય સ્વરૂપ અવલોકવું તથા પર્યાયથી અવસ્થાવિશેષ અવધારવી. એ જ પ્રમાણે ચિંતવન કરવાથી સમ્યગ્દષ્ટિ થાય છે. કારણ કે સત્ય જાણ્યા વિના સમ્યગ્દષ્ટિ નામ કેવી રીતે પામે ? પર્યાયમાં તો જેવી જેવી પર્યાય હોય એવી જ માનવી જોઈએ એવું ચિંતવન કરવાથી સમ્યગ્દષ્ટિ થાય છે. અવસ્થાને અવસ્થા જેવી છે તેવી જાણે અને દ્રવ્યને દ્રવ્ય સામાન્ય જાણે. જેમ છે એમ જાણે તો તેનું જ્ઞાન સાચું કહેવાય છે. અહીં જ્ઞાન અપેક્ષાએ કથન છે માટે એને સમ્યગ્દષ્ટિ કહેલ છે.

વળી મોક્ષમાર્ગમાં તો રાગાદિ મટાડવાનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરવાનું હોય છે તેનો તો વિચાર જ નથી. માત્ર પોતાના શુદ્ધ અનુભવથી જ પોતાને સમ્યગ્દષ્ટિ માને છે અને અન્ય સર્વ સાધનોનો નિશ્ચયાભાસી નિષેધ કરે છે. પોતાને શુદ્ધતા થઈ હોય તો શુદ્ધ માને તો તો વાંધો નથી પણ શુદ્ધતા તો થઈ નથી. અહીં હું પર્યાયમાં પણ શુદ્ધ થઈ ગયો છું, મને તો વિકલ્પ ઊઠતો જ નથી એમ શુભ ભાવ આદિનો નિષેધ કરે છે અને તે શાસ્ત્રાભ્યાસ કરવો નિરર્થક બતાવે છે. એટલે કે શાસ્ત્રાભ્યાસને ઉપાધિ માને છે પણ પૂર્ણદશા થઈ ન હોય ત્યાં સુધી જ્ઞાનીને શાસ્ત્રાભ્યાસનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ પણ તે માને છે કે -અમારે એવો વિકલ્પ કરવો નથી. પણ શુદ્ધદશા પ્રગટ થઈ નથી અને શુભ વિકલ્પમાં ન રહે તો અશુભ વિકલ્પ થયા વિના રહે નહિ. એ વાતને તે સમજતો નથી.

ભાવલિંગી મુનિઓને પણ છઠ્ઠે ગુણસ્થાને શુભ વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. જો કે ધર્મની પૂર્ણ પર્યાય પ્રગટી નથી તેને વિકલ્પ ન આવે -એમ બને નહિ.

વળી તે દ્રવ્ય-ગુણ-પર્યાયના, ગુણસ્થાન-માર્ગણાસ્થાનના અને ત્રિલોકાદિના વિચારોને વિકલ્પ ઠરાવે છે. અહીં માર્ગણા કહી છે તે ભાવમાર્ગણા છે કેમ કે જીવના સ્વરૂપની એ વાત છે. એને સમજતા નથી. અહીં તો કહે છે કે સમ્યગ્જ્ઞાન-ચારિત્રનો લાભ તો આત્માથી થાય છે, જડથી થતો નથી. ગુરુ પાસેથી જ્ઞાન આવતું નથી પણ પૂર્ણ જ્ઞાન થયું નથી તેને શાસ્ત્રાભ્યાસનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. શાસ્ત્રમાં આવે છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનો વિચાર કરવો તે કર્તવ્ય નથી, ત્યાં તો ભેદની અપેક્ષાએ રાગી જીવને વિકલ્પ ઊઠે છે તેથી એનો નિષેધ કર્યો છે. પણ એનો અર્થ એવો નથી કે સાધકદશામાં એવો વિકલ્પ આવતો નથી પણ સાધકદશામાં એવો વિકલ્પ આવ્યા વિના રહે નહિ.

ગુણસ્થાન-માર્ગણા વગેરેનો વિકલ્પ અમારે કરવો નથી -એમ તે માને છે પણ સાધકદશામાં તે આવ્યા વિના રહેતો નથી તેમ તે સમજતો નથી. નિશ્ચયાભાસી તપશ્ચરણ કરવાને વૃથા કલેશ કરવો માને છે. ધર્માત્માને સ્વભાવના લક્ષે જેટલે અંશે દશા પ્રગટી છે તેટલે અંશે આહારાદિનો વિકલ્પ છૂટી જાય છે, એને તે સમજતો નથી. એ રીતે તપશ્ચરણના સ્વરૂપને સમજતો નથી. માટે તેને કલેશ કહે છે.

વળી તે વ્રતાદિ કરવા તેને બંધનમાં પડવું ઠરાવે છે, તે ખોટું છે. કેમ કે ભગવાનની પૂજા વગેરે છોડવા યોગ્ય છે એમ જાણીને શુભમાં વર્તતો નથી અને અશુભમાં વર્તે છે. શુદ્ધતામાં આવતો હોય તો તે શુભ ભાવનો નિષેધ બરાબર છે પણ આ તો સ્વરૂપની દૃષ્ટિપૂર્વક સ્થિરતા કરતો નથી અને પ્રમાદી થઈને અશુભમાં વર્તે છે, તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

હવે એક એક વાતનો ખુલાસો કરે છે કે -શાસ્ત્રાભ્યાસ તો મુનિને પણ હોય છે. છઠ્ઠું-સાતમું ગુણસ્થાન એક દિવસમાં અનેક વાર આવે છે એવી દશાને મુનિપણું કહેવાય છે. ઘડીમાં સાતમું ગુણસ્થાન આવી જાય છે અને ઘડીમાં વિકલ્પ આવે છે, ત્યારે શાસ્ત્રાભ્યાસ કરે છે. એવો માર્ગ છે એને તો અજ્ઞાની નિશ્ચયાભાસી સમજતો નથી.

છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ અમુક અંતર્મુહૂર્તની ભગવાને જોઈ છે, એટલી પૂરી સ્થિતિમાં રહે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. મુનિદશા વખતે અમુક વખત છઠ્ઠા ગુણસ્થાનમાં હોય છે, પાછા સાતમા ગુણસ્થાનમાં આવે છે. એવા મુનિને વિકલ્પ વખતે શાસ્ત્રના અભ્યાસનો વિકલ્પ હોય છે. મહાવિદેહક્ષેત્રમાં મુનિઓ બિરાજે છે તે આવા મુનિઓ હોય છે. ગણધર જ્યારે નમસ્કારમંત્ર ભણે ત્યારે આવા મુનિને નમસ્કાર કરે છે. વ્યક્તિ તરીકે નમસ્કાર કરતા નથી પણ નમસ્કારમંત્રમાં આવા મુનિઓનો સમાવેશ થાય છે.



નિશ્ચયાભાસી ઘણા એવા હોય છે, પ્રમાદી થઈ ચોવીસ ચોવીસ કલાક પડ્યા રહે ને એમ માને કે અમારી દશા ઘણી ઊંચી થઈ ગઈ છે. તે નિશ્ચયના સ્વરૂપને સમજ્યા નથી. એકલા અશુભ ભાવમાં રહે છે. અહીં તો કહે છે કે મુનિ શાસ્ત્રાભ્યાસ કરે છે. શાસ્ત્રોમાં તો કહ્યું છે કે મુનિ જો ધ્યાનમાં રહે તો સારું છે પણ જો ધ્યાનમાં ન રહી શકે તો શાસ્ત્રાભ્યાસમાં રોકાવું તે કર્તવ્ય છે. પણ બીજા ઠેકાણે ઉપયોગ લગાવવો યોગ્ય નથી. શાસ્ત્ર વડે તો તત્ત્વોના વિશેષો જાણવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન નિર્મળ થાય છે.

### માહ વદ ૬, ગુરુવાર, ૫-૨-૫૩.

નિશ્ચયે આત્મા શુદ્ધ છે, તેની પર્યાયમાં રાગાદિ અશુદ્ધતા હોવા છતાં પર્યાયે પણ વર્તમાન શુદ્ધ માને છે તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે, તે વાત કહે છે. એમાં અહીં કહ્યું છે કે -મોક્ષમાર્ગમાં તો રાગાદિક મટાડવાનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ કરવાનું હોય છે. જે વડે વિકારનો નાશ થાય તે મોક્ષમાર્ગ છે. શ્રદ્ધામાં વિકારનો આદર નહિ, જ્ઞાનમાં વિકાર ઉપાદેય નહિ અને આચરણમાં પણ રાગ કરે નહિ એ જ મોક્ષમાર્ગ છે. પુણ્ય-પાપ આદિ વ્યવહારક્રિયાથી લાભ થશે એવી શ્રદ્ધા મોક્ષમાર્ગીને હોય નહિ.

જ્ઞાનીને પુણ્ય-પાપ રાખવાની શ્રદ્ધા હોય નહિ, એટલે કે તેને વ્યવહાર રત્નત્રયનો નાશ કરવાની શ્રદ્ધા હોય છે. સાચા દેવાદિની શ્રદ્ધાનો રાગ મટાડવાની તેને શ્રદ્ધા હોય છે. મોક્ષમાર્ગ વિષે તો પંચ મહાવ્રતાદિના પરિણામ મટાડવાનું આચરણ હોય છે. રાગ-શુભ ભાવ રાખવાની શ્રદ્ધા તે મિથ્યાત્વ છે. આત્માના અવલંબને રાગાદિનો નાશ થાય છે એવું જ્ઞાન હોય છે અને વચમાં શુભ ભાવ થાય છે તેને મટાડવાનો પ્રયત્ન તે ચારિત્ર છે. શુભ ભાવ તે ચારિત્ર નથી. પંચમહાવ્રતનો વિકલ્પ તે ચારિત્ર નથી. મોક્ષમાર્ગમાં તો રાગાદિ મટાડવાનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ છે. એનો તો નિશ્ચયાભાસીને વિચાર જ નથી -એ વાત આવી ગઈ છે.

વળી નિશ્ચયાભાસી કહે છે કે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી તો પછી શાસ્ત્ર ભણવા તે નિરર્થક છે. તેને કહે છે કે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી એ વાત તો બરાબર છે પણ સવિકલ્પદશાવાળાને શાસ્ત્રનો અભ્યાસ કરવાનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ, શાસ્ત્ર વડે તો તત્ત્વોના વિશેષો જાણવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન નિર્મળ થાય છે.

જુઓ, સમ્યગ્દર્શન નિર્મળ થાય છે એમ કહેલ છે, પણ ખરેખર તો શાસ્ત્રથી નિર્મળ થાય નહિ. પણ નિશ્ચયાભાસી પર્યાયને માનતો જ નથી તેને કહે છે કે આત્માનું અવલંબન લઈને જે જીવ સમ્યગ્દર્શન નિર્મળ કરે છે તેને શાસ્ત્ર નિમિત્તરૂપે થાય છે. માટે શાસ્ત્રાભ્યાસ કરતાં નિર્મળ થાય છે એમ કહેલ છે.

અને જ્યાં સુધી તેમાં ઉપયોગ રહે ત્યાં સુધી કષાય પણ મંદ રહે છે અને ભાવિ વીતરાગ ભાવોની વૃદ્ધિ થાય છે. તેથી એવા કાર્યોને નિરર્થક કહી શકાય નહિ. સમ્યગ્જ્ઞાનીને વીતરાગ ભાવની વૃદ્ધિ થાય છે એનો અર્થ એવો છે કે ચિદાનંદ સ્વભાવની પ્રતીતિ જેને વર્તે છે ને કષાયમંદતા હોય છે તેને શાસ્ત્રાભ્યાસથી વીતરાગ ભાવ થાય છે-એમ નિમિત્તથી કહેલ છે. ત્રિકાળ અકષાય ભાવ છે એવી પ્રતીતિવાળાને કષાયની મંદતા થાય છે અને અશુભ ભાવ થતો નથી, એની કષાયમંદતાને વીતરાગતાનું કારણ ઉપચારથી કહેલ છે. ખરેખર કષાયની મંદતાથી શુદ્ધતા ત્રણ કાળમાં થાય નહિ.

જ્યાં સુધી શાસ્ત્રમાં ઉપયોગ રહે છે ત્યાં સુધી કષાયની મંદતા રહે છે. અને જેને આત્મદૃષ્ટિ થઈ છે તેને તે કષાયની મંદતા વીતરાગતાની વૃદ્ધિમાં નિમિત્તકારણ છે -એમ કહેલ છે. ખરેખર તો ભગવાન આત્મા અકષાય ચૈતન્યસ્વરૂપી છે તેના અવલંબને અકષાય પરિણતિ થાય છે. કષાયના અવલંબને શુદ્ધતા થાય નહિ, પણ અહીં એકાંત નિશ્ચયને જ માને છે ને શાસ્ત્રાભ્યાસના શુભ ભાવનો નિષેધ કરે છે તેને કહે છે કે તે શુદ્ધતાનું નિમિત્ત છે તેથી શાસ્ત્ર અભ્યાસને નિરર્થક કેમ કહેવાય ? અશુભના અભાવમાં શુભ ભાવ આવ્યા વિના રહે નહિ અને તે વીતરાગ ભાવમાં નિમિત્ત છે માટે શાસ્ત્રાભ્યાસ નિરર્થક નથી -એમ કહેલ છે.

હવે પ્રશ્ન કરે છે કે :- જૈનશાસ્ત્રોમાં અધ્યાત્મ ઉપદેશ છે તેનો અભ્યાસ કરવો પણ અન્ય શાસ્ત્રોના અભ્યાસથી કાંઈ સિદ્ધિ નથી.

**ઉત્તર** : જો તારી દૃષ્ટિ સાચી થઈ છે એટલે કે તને યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન છે તો પછી બધાય જૈનશાસ્ત્રો તારા માટે કાર્યકારી છે. કોઈ પણ જૈનશાસ્ત્ર ભાણે તો તેનો નિષેધ કરવા જેવું નથી. મુખ્યપણે અધ્યાત્મશાસ્ત્રમાં તો આત્મસ્વરૂપનું કથન મુખ્ય છે. હવે સમ્યગ્દૃષ્ટિ થતાં આત્મસ્વરૂપનો તો નિર્ણય થઈ ચૂક્યા પછી, જ્ઞાનની નિર્મળતા માટે વા ઉપયોગને મંદ કષાયરૂપ રાખવા અર્થે અન્ય શાસ્ત્રોનો અભ્યાસ પણ મુખ્ય જરૂરનો છે.

હવે જો એકલા અધ્યાત્મશાસ્ત્રોનો જ અભ્યાસ કરવો, બીજા શાસ્ત્રનો અભ્યાસ ન કરવો એમ એકાંત કરે છે તેને કહે છે કે અધ્યાત્મશાસ્ત્રમાં તો સમ્યગ્દર્શનનું જે કારણ એવા આત્મસ્વરૂપનું કથન કર્યું છે તો તને સમ્યગ્દર્શન તો થયું છે. તો હવે જ્ઞાનની નિર્મળતા માટે અને કષાયની મંદતા માટે પણ અન્ય શાસ્ત્રો વાંચવા કાર્યકારી છે.

સમ્યગ્દર્શન જેને થયું છે એને તો અધ્યાત્મશાસ્ત્રો સિવાય બીજા શાસ્ત્રોના અભ્યાસને પણ અહીં મુખ્ય કહેલ છે. કેમ કે થયેલા નિર્ણયને સ્પષ્ટ રાખવા માટે પણ બીજા શાસ્ત્રોનો અભ્યાસ પણ જરૂરનો છે. ક્ષાયિક સમ્યગ્દર્શન તો કેવળી કે શ્રુતકેવળીની સમીપે થાય છે. ત્યાં કાંઈ કેવળીના કારણે થાય છે -એમ નથી. પણ આત્મા પોતે ક્ષાયિક સમ્યક્ત્વ આત્માની સમીપ થઈને કરે છે ત્યારે નિમિત્તરૂપે કોણ હોય છે એ બતાવવા માટે વ્યવહારથી કેવળી કે શ્રુતકેવળીની સમીપે થાય છે એમ કહેલ છે.



પોતાને ક્ષાયિક સમ્યક્ત્વનો કાળ જ એ છે કે -ભગવાન અને શ્રુતકેવળી સમીપ જ હોય છે એમ શાસ્ત્રો નિમિત્તરૂપે છે. માટે અધ્યાત્મશાસ્ત્રો સિવાય બીજા શાસ્ત્રોની અરુચિ કરવી જોઈએ નહિ.

નિમિત્તરૂપે બીજા શાસ્ત્રો હોય છે એને જે માનતો નથી અને બીજા શાસ્ત્રો વાંચવાનો વિકલ્પ જ જ્ઞાનીને હોતો નથી એમ જે માને છે તેને કહે છે કે જ્ઞાનીને અધ્યાત્મશાસ્ત્રો સિવાય બીજા શાસ્ત્રોનો અભ્યાસ જરૂરી છે એમ જે માનતો નથી તેને ખરેખર અધ્યાત્મશાસ્ત્રોની પણ રુચિ નથી. જેમ કે જેનામાં વિષયાસક્તપણું હોય તે વિષયાસક્ત પુરુષોની કથા પણ રુચિથી સાંભળે, વિષયના વિશેષોને પણ જાણે, વિષયાચરણમાં જે સાધનો હોય તેને પણ હિતરૂપ જાણે, તથા વિષયના સ્વરૂપને પણ ઓળખે, તેમ જેને આત્માની રુચિ થઈ છે, આત્માનું જેને ભાન થયું હોય છે તે (૧) આદિપુરાણ આદિ કે જેમાં ભગવાનની કથા હોય છે તેને પણ જાણે. જ્ઞાનીને એનો વિકલ્પ આવે છે, પણ તે વિકલ્પના કારણે નિર્મળતા થાય છે -એમ નથી. (૨) આત્માના વિશેષો જાણવા માટે ગુણસ્થાનાદિકને પણ જાણે. સમયસારમાં ગુણસ્થાનાદિના વિકલ્પો કરવા તેને પણ બંધન કહેલ છે. પણ અહીં તો દૃષ્ટિપૂર્વક કરણાનુયોગના શાસ્ત્રોના અભ્યાસનો વિકલ્પ આવે છે તે કહે છે. ચારે અનુયોગનો વિકલ્પ જ્ઞાનીને આવે છે. નિશ્ચયાભાસી એકલો દ્રવ્યાનુયોગનો જ અભ્યાસ કરવો જોઈએ એમ એકાંતે ખેંચે છે તેને કહે છે કે -ગુણસ્થાનાદિનું વર્ણન જેમાં હોય તે શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી નિર્મળતા થાય છે -તે વ્યવહારથી કથન છે. નિશ્ચયથી તો ગુણસ્થાનાદિના વિકલ્પો પણ કાર્યકારી નથી એમ કહેલ છે. (૩) આત્મ આચરણમાં સાધનરૂપ જે વ્રતાદિક છે તેને પણ હિતરૂપ માને એમ કહેલ છે. કેમ કે સાધકદશામાં એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. વ્રતાદિના પરિણામ જે શુભ છે-વિકાર છે એને પણ અહીં ઉપચારથી હિતરૂપ છે -એમ કહેલ છે. સમ્યગ્દૃષ્ટિને વ્રતાદિના શુભ વિકલ્પ આવે છે માટે અહીં વ્યવહારથી હિતરૂપ કહેલ છે, ખરેખર તો તે હિતરૂપ નથી. વ્રત-તપાદિનો વિકલ્પ તો મુનિને પણ આવે છે. મુનિ થયા પહેલાં ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન તો થયું છે, વ્રતાદિને તે હિતરૂપ માનતો નથી પણ હજુ પૂર્ણદશા થઈ નથી તેથી વ્રતાદિના વિકલ્પો આવે છે. માટે ઉપચારથી હિતરૂપ કહેલ છે.

પહેલા વાત આવી છે કે -જિનવાણીમાં કોઈ જગ્યાએ અમુક અપેક્ષાનું લખાણ આવે અને કોઈ જગ્યાએ બીજી અપેક્ષાનું લખાણ આવે ત્યાં બરાબર સમજવું જોઈએ, એકાંત પકડવું ન જોઈએ. નિશ્ચયની વાત આવે ત્યારે ત્યાં એમ જ છે એમ સમજવું અને વ્યવહારથી કથન આવે ત્યાં એવો જ રાગ હોય છે એમ જાણવું જોઈએ. સાધકદશામાં શુભ ભાવ આવતો જ નથી એમ ન સમજવું, સાધકની ભૂમિકામાં વ્રતાદિનો શુભ વિકલ્પ આવે છે એથી કરીને અજ્ઞાનીની જેમ હઠથી વ્રતાદિ લઈ લે એવો પણ ભગવાનનો માર્ગ નથી.

સોળ કારણભાવનાની વાત આવે છે તે બરાબર છે. શ્વેતાંબરમાં વીસ કારણથી તીર્થંકર નામકર્મ

બંધાય છે એમ કહેલ છે અને તેમાં પહેલો બોલ અરહંતભક્તિ કહેલ છે - તે બરાબર નથી. દિગંબરમાં સોળ કારણભાવનામાં પ્રથમ દર્શનવિશુદ્ધિ આવે છે તે યથાર્થ છે. સોળ કારણભાવના તો આસ્રવ છે પણ જ્ઞાનીને સોળ કારણભાવના વ્યવહારે સંવરનું કારણ કહેલ છે. (૪) વળી જ્ઞાની આત્મસ્વરૂપને પણ ઓળખે.

એ પ્રમાણે ચારે અનુયોગ કાર્યકારી છે.

**પ્રશ્ન** : પદ્મનંદીપંચવિંશતિમાં એમ કહ્યું છે કે -જે બુદ્ધિ આત્મસ્વરૂપમાંથી નીકળી બહાર શાસ્ત્રોમાં વિચરે છે, તે બુદ્ધિ વ્યભિચારિણી છે.

**ઉત્તર** : પદ્મનંદી ભગવાન એમ કહે છે કે આત્માને ચૂકીને શાસ્ત્રમાં જેની બુદ્ધિ જાય છે તે વ્યભિચારિણી છે તે તો સત્ય છે કારણ કે પરદ્રવ્યનું જ્ઞાન કરવું તે રાગનું કારણ નથી પણ પરદ્રવ્ય વિષે પ્રેમ થયો છે એને વ્યભિચારિણી કહેલ છે. જ્ઞાનીને પણ જેટલો રાગ થાય છે તેટલો દુઃખદાયક છે માટે વ્યભિચારિણી કહેલ છે. એ અપેક્ષાએ વાત કરી છે. ભગવાન આત્માનો જેને નિર્ણય થયો છે તે પરદ્રવ્યના જ્ઞાનનો પ્રેમ કરે તો તેને વ્યભિચાર કહેલ છે, કેમ કે તે પુણ્ય-રાગ છે. સ્ત્રી બ્રહ્મચારી રહે તો તે બરાબર છે પણ બ્રહ્મચર્ય ન પાળી શકે તો પોતાને લાયક પુરુષ હોય તેને છોડી ચંડાળ આદિનું સેવન કરતાં તો તે અત્યંત નિંદનીક થાય, સ્ત્રી શિયળ પાળે તો તે પુણ્યબંધ છે -એ તો અહીં દૃષ્ટાંત છે. તેવી રીતે બુદ્ધિ આત્મામાં રહે તો બરાબર છે પણ આત્મામાં સ્થિર ન રહી શકે તો શાસ્ત્રાભ્યાસનો પ્રશસ્ત રાગ છોડીને અશુભ ભાવ કરે તો તે મહાનિંદનીક છે. શાસ્ત્ર અભ્યાસ છોડીને સંસારના કાર્યમાં લાગી જાય તો તે પાપ છે. ભગવાન આત્મા જ્ઞાનમાં રમે તો તે સારું છે પણ આત્મામાં રમી શકે નહિ તો શુભ ભાવમાં રહેવું તે સારું છે પણ અશુભ ભાવ તો કરવા જેવો નથી જ. અહીં આત્મદૃષ્ટિ થઈ છે તેને અપેક્ષાએ શુભ ભાવ ઠીક છે એમ વ્યવહારથી કહેલ છે.

અશુભ ભાવ કરીને સંસારાદિમાં લાગ્યો રહે ને શાસ્ત્રના અભ્યાસને છોડી દે તો તે મહાનિંદનીક છે. અહીં અશુભ ન કરવો અને શુભ ભાવ કરવો યોગ્ય છે એમ કહેલ છે તે પણ વ્યવહારથી કહેલ છે. ખરેખર નિશ્ચયથી તો અશુભના કાળે અશુભ અને શુભના કાળે શુભ જ હોય છે એમ જ્ઞાની જાણે છે. પણ સાધકદશામાં જ્ઞાનીને કેવો વિકલ્પ હોય છે એનું અહીં જ્ઞાન કરાવેલ છે. એમાં કહેલ છે કે જ્યારે શુભ ભાવ આવે છે ત્યારે શાસ્ત્રાભ્યાસમાં બુદ્ધિ લગાવવી તે યોગ્ય છે. કેમ કે મુનિઓને પણ સ્વરૂપમાં ઘણો કાળ સ્થિરતા રહેતી નથી. ગણધરદેવ પણ ભગવાનના દિવ્યધ્વનિને સાંભળે છે, ચાર જ્ઞાન, ચૌદ પૂર્વધારી છે, બાર અંગ જોણે રચ્યા છે, તેમને પણ અંતર્સ્થિરતા નથી તે વખતે ભગવાનની વાણી સાંભળવાનો વિકલ્પ હોય છે. માટે શાસ્ત્રાભ્યાસમાં બુદ્ધિને લગાવવી તે યોગ્ય છે.



### માહ વદ ૭, શુક્રવાર, ૬-૨-૫૩.

અજ્ઞાની માને છે કે હું આત્મા પર્યાયે પણ શુદ્ધ છું માટે શાસ્ત્ર અભ્યાસ કરવાની જરૂર નથી પણ તે ભૂલ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભ્યાસ કરવો, શાસ્ત્રનો અભ્યાસ કરવો વગેરે પ્રકારનો શુભ વિકલ્પ સાધકને આવે છે પણ નિશ્ચયાભાસી તેને માનતો નથી.

અજ્ઞાની જીવ દ્રવ્યાદિકના અને ગુણસ્થાનાદિના વિચારોને વિકલ્પ ઠરાવે છે. હવે તે વિકલ્પ તો છે પણ જ્ઞાનાનંદ સ્વભાવમાં જીવ સ્થિર ન રહે ત્યાં સુધી શુભ વિકલ્પ આવે છે, દેહ-મન-વાણી ને પુણ્ય-પાપથી ભિન્ન આત્મા છે એવી દૃષ્ટિ ધર્મીને હોય છે. તે દૃષ્ટિ થયા પછી પણ ચોથા, પાંચમા ને છઠ્ઠા ગુણસ્થાનવાળા ધર્મી જીવો સ્વરૂપમાં લાંબો વખત લીન રહી શકતા નથી. નિર્વિકલ્પ ઉપયોગ ન રહે ત્યારે શાસ્ત્રનો શુભ વિકલ્પ ન હોય તો અન્ય અશુભ વિકલ્પ આવે, ને તેમાં રાગ તીવ્ર થાય છે, તેથી પાપબંધ થાય છે. અશુભની અપેક્ષાએ શુભને ઠીક કહે છે પણ દૃષ્ટિ અપેક્ષાએ તો શુભ-અશુભ બન્ને હેય છે. વળી શુભ-અશુભનો ક્રમ પલટતો નથી, તે તો બરાબર છે. પણ ભૂમિકા અનુસાર ધર્મીને શુભ રાગ આવે છે તેનું જ્ઞાન કરાવે છે. સમકિતીને આત્માનું જ્ઞાન થયા પછી શુદ્ધ ઉપયોગ સદા રહેતો નથી. ભાવલિંગી મુનિને પણ છઠ્ઠે ગુણસ્થાને રાગ આવે છે. રાગ બંધનું કારણ છે એવું ભાન વર્તે છે પણ શુદ્ધમાં ઠરી ન શકે ત્યાં સુધી શાસ્ત્રવિચારનો વિકલ્પ આવે છે. અજ્ઞાની કહે છે કે આવો વિકલ્પ ઉઠાવવો નકામો છે, તે મૂઢ છે.

છદ્મસ્થને નિર્વિકલ્પદશા નિરંતર રહેતી નથી. છદ્મસ્થનો ઉપયોગ એકરૂપ રહે તો ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત રહે, એથી વિશેષ ન રહે. એથી વિશેષ રહે તો વીતરાગ થઈ કેવળજ્ઞાન પામે.

અહીં સાધકજીવને શુભ રાગ આવે છે તેનું જ્ઞાન કરાવે છે. શુભ રાગ આવે છે તેને જાણવો તે વ્યવહાર છે. કેટલાક લોકો કહે છે કે વ્યવહાર ને નિમિત્તથી લાભ માનો તો વ્યવહાર ને નિમિત્ત માન્યા કહેવાય, પણ તે બરાબર નથી. પરથી શુભ ભાવ થતો નથી. મંદિર નિમિત્ત હોવા છતાં કેટલાક લોકો મંદિરમાં ચોરી કરે છે. માટે જે શુભ ભાવ કરે છે તેને નિમિત્ત કહેવાય છે. નિમિત્તથી શુભ ભાવ થતો નથી, શુભથી ધર્મ થતો નથી. આત્માથી ધર્મ થાય છે તેમ માનવું તે નિશ્ચય છે. ને અધૂરી દશામાં શુભ રાગ આવે છે તેને જાણવો તે વ્યવહાર છે.

અહીં નિશ્ચયાભાસી કહે છે કે "હું આત્મસ્વરૂપનું જ ચિંતવન અનેક પ્રકારે કર્યા કરીશ." તો કહે છે કે -પણ સામાન્યમાં અનેક પ્રકાર બનતા નથી. રાગ રહિત સ્વભાવ એક જ પ્રકારે છે. તથા વિશેષ વિચાર કરે તો આત્મા અનંતગુણોનો પિંડ છે, વર્તમાન પર્યાય છે, માર્ગણાસ્થાન, ગુણસ્થાન આદિ શુદ્ધ-અશુદ્ધ અવસ્થાનો વિચાર આવશે. આવો શુભ રાગ આવે તેને જાણવો તે વ્યવહાર છે. તે નથી જ આવતો એમ માને તો મિથ્યાદૃષ્ટિ છે ને તે શુભ રાગથી ધર્મ માને તો પણ મિથ્યાદૃષ્ટિ છે. રાગ રહિત આત્માની શ્રદ્ધા ને લીનતા તે ધર્મ છે. જ્ઞાયકસ્વભાવના આશ્રયે ધર્મ છે. શરીરાદિની

ક્રિયા ને રાગને જાણવાવાળો આત્મા છે, તેની રુચિ કરવી તે ધર્મ છે. જે શુભ રાગ આવે તેને પુણ્ય સમજવું.

વળી કેવળ આત્મજ્ઞાનથી જ મોક્ષમાર્ગ થાય નહિ, પણ સાત તત્ત્વોનું શ્રદ્ધાન-જ્ઞાન થતાં તથા રાગાદિક દૂર થતાં મોક્ષમાર્ગ થશે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ -એ સાત તત્ત્વો પૃથક્ પૃથક્ છે -એમ જાણવું જોઈએ. હું શુદ્ધ ચિદાનંદ છું તે જીવ, શરીર, કર્મ આદિ અજીવ છે, મારાથી ભિન્ન છે, દયા-દાનાદિ તથા હિંસા-જૂઠું વગેરે આસ્રવ છે, તેમાં અટકવું તે બંધ છે, આત્માના ભાન દ્વારા સંવર થાય છે. વિશેષે સ્થિરતા દ્વારા શુદ્ધિની વૃદ્ધિરૂપ નિર્જરા થાય છે, સંપૂર્ણ શુદ્ધિ તે મોક્ષ છે. જો કર્મને લીધે આસ્રવ માને તો અજીવ અને આસ્રવ એક થઈ જાય. શરીરનું હાલવું-ચાલવું વગેરે અજીવની પર્યાય છે, તે આત્માની પર્યાય નથી. આત્માથી શરીર ચાલે એમ માને તો આત્મા ને શરીર જુદા ન માન્યા; પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે, તેમાં અટકી જવું તે બંધ છે તે સ્વતંત્ર છે. આત્માના અવલંબને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે તે સંવર-નિર્જરા છે. પૂર્ણદશા પ્રગટે તે મોક્ષ છે.

કર્મથી વિકાર માને તો અજીવ ને આસ્રવ એક માન્યા, આત્માથી શરીર ચાલે એમ માને તો જીવ ને અજીવ એક માન્યા -આમ માનવાથી સાત તત્ત્વ રહેતા નથી. સાત તત્ત્વ જુદા જુદા ન માને તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. શરીરની ક્રિયા અજીવની છે, ઇચ્છા આસ્રવ છે, જ્ઞાતા-દૃષ્ટા જીવતત્ત્વ છે -આમ સાતે તત્ત્વ જુદે જુદા છે.

અજ્ઞાની કહે છે કે અમને આત્માનું જ્ઞાન છે. તેને કહે છે કે એકલા આત્માનું જ્ઞાન થયું પણ છ તત્ત્વનું જ્ઞાન બાકી રહી જાય છે. જીવાદિ સાત તત્ત્વ માનવા જોઈએ. વળી વ્યવહાર રત્નત્રયથી નિશ્ચય રત્નત્રય માને તો આસ્રવ ને સંવર એક થઈ જાય છે, સાત રહેતા નથી. સાત તત્ત્વના ઠેકાણાં નથી ને આત્મજ્ઞાન માને તો તે જૂઠો છે. વ્યવહારથી ધર્મ માને તે પણ જૂઠો છે. સાતની શ્રદ્ધા ને જ્ઞાન વિના રાગાદિનો ત્યાગ થઈ ચારિત્ર થતું નથી.

અહીં નિશ્ચયાભાસીને કહે છે કે પ્રથમ સાત તત્ત્વોના સ્વતંત્ર શ્રદ્ધા-જ્ઞાન થવા જોઈએ, ત્યાર પછી સ્વભાવના આશ્રયે વીતરાગતા થાય છે. સાત તત્ત્વોના શ્રદ્ધા-જ્ઞાન તે સમ્યગ્દર્શન-જ્ઞાન છે ને રાગાદિનું દૂર થવું તે ચારિત્રદશા છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. મુનિને ૨૮ મૂળગુણનું પાલન હોય છે તે આસ્રવતત્ત્વ છે, તે ચારિત્ર નથી. જ્ઞાયકસ્વભાવમાં એકાગ્રતા થતાં આસ્રવ-બંધ હીન થઈ જાય છે ને સ્થિરતા થાય છે તે ચારિત્ર છે.

હવે સાત તત્ત્વોના વિશેષો જાણવા માટે જીવના ને અજીવના વિશેષો જાણવા. પુણ્ય-પાપ પરિણામ આસ્રવ છે, જડ કર્મ સ્વતંત્ર આવે છે તે દ્રવ્યઆસ્રવ છે. જીવ વિકારી પરિણામમાં અટકે છે તે ભાવબંધ છે ને કર્મ બંધાય છે તે દ્રવ્યબંધ છે. જ્યાં ભાવઆસ્રવ છે ત્યાં દ્રવ્યઆસ્રવ થાય છે. એકબીજાને



લીધે આવે છે એમ કહેવું તે નિમિત્તનું કથન છે. કર્મનું આવવું સ્વતંત્ર છે, ને પરિણામનું થવું સ્વતંત્ર છે. કોઈને લીધે કોઈ નથી. જીવની પર્યાયમાં જે પરિણામ થાય તે ભાવઆસ્રવ છે, તેટલા પ્રમાણમાં કર્મનું આવવું થાય છે એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવા ભાવઆસ્રવને લીધે દ્રવ્યઆસ્રવ થાય છે એમ કહેવાય છે પણ એકને લીધે બીજો થતો નથી. કર્મની પર્યાય નૈમિત્તિક સ્વતંત્ર થાય છે તો ભાવઆસ્રવને નિમિત્ત કહેવાય છે, તેવી રીતે જીવ પોતે વિકાર કરે તો કર્મના ઉદયને નિમિત્ત કહેવાય છે.

આમ આસ્રવ-બંધાદિકના વિશેષો અવશ્ય જાણવા. જે જાણવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન થયા પછી રાગાદિ દૂર કરવા માટે પ્રયત્ન કરવો. સ્ત્રી, કુટુંબ અશુભના નિમિત્તો છે, તે ઉપરથી ઉપયોગ હઠાવવો ને દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ શુભના નિમિત્તો છે તે ઉપર ઉપયોગ લગાવવો. આ પણ ઉપદેશના વાક્યો છે. સ્વભાવની દૃષ્ટિપૂર્વક લીનતા કરવાથી રાગનો અભાવ થઈ જાય છે. તીવ્ર રાગમાંથી ઉપયોગ હઠાવવો ને મંદ રાગમાં ઉપયોગ લગાવવો. અહીં શુભ રાગની વાત કરવી છે.

અશુભ નિમિત્તોથી ઉપયોગ ખેસવી દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરવો. હું ત્રિકાળી દ્રવ્ય છું, ગુણો પણ ત્રિકાળી છે. વળી ગુણસ્થાનાદિનો વિચાર કરવો તે રાગ ઘટાડવામાં નિમિત્ત છે. કારણ કે એમાં કોઈ રાગાદિકનું નિમિત્ત નથી. અહીં રાગના ક્રમને ફેરવવો નથી. જે વખતે જે રાગ આવવાનો તે આવવાનો. રાગ ઘટાડવાનો ઉપાય આત્માના અવલંબને જ છે. પણ ઉપદેશ કથનમાં એમ આવે કે અશુભ ઘટાડી શુભમાં રહેવું. ગુણસ્થાનાદિનો વિચાર કરવો. માટે સમ્યગ્દૃષ્ટિ થયા પછી ત્યાં જ ઉપયોગ લગાવવો.

**પ્રશ્ન** : રાગાદિ મટાડવાના કારણો જે હોય તેમાં તો ઉપયોગ લગાવવો ઠીક છે. પણ ત્રિલોકવર્તી જીવોની ગતિ આદિનો વિચાર કરવો એ શું કાર્યકારી છે ?

ઉત્તર : એવા વિચારથી રાગ વધતો નથી. આત્મા જ્ઞાયક છે. લોક, કર્મ વગેરે જ્ઞાનના જ્ઞેય છે. જગતના પદાર્થો ઇષ્ટ-અનિષ્ટ નથી પણ તે જ્ઞેય છે ને આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રમાણ છે. પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટ માને તે મિથ્યાદૃષ્ટિ છે. ત્રિલોકના વિચારમાં ઇષ્ટ-અનિષ્ટપણું નથી. માટે જ્ઞેયનો વિચાર વર્તમાન રાગાદિકનું કારણ નથી પણ લોક આદિનો અભ્યાસ ને વિચાર કરવાથી જ્ઞાન નિર્મળ થાય છે. તે વર્તમાન રાગાદિ ઘટાડવાનું કારણ છે ને આગામી રાગ ઘટવાનું કારણ છે. વર્તમાન શુભ રાગ ઊઠ્યો છે તે રાગ ઘટવાનું ખરેખર કારણ નથી. ખરેખર તો શુદ્ધ આત્માના આશ્રયે જ રાગ ઘટે છે પણ શુભ રાગ આવે છે ને અશુભ ઘટે છે. માટે શુભ રાગને રાગ ઘટવાનું કારણ કહ્યું છે માટે તે કાર્યકારી છે.

**પ્રશ્ન** : સ્વર્ગ-નરકાદિને જાણવાથી તો ત્યાં રાગદ્વેષ થાય છે.

**ઉત્તર** : જ્ઞાની સ્વર્ગને અનુકૂળ તથા નરકને પ્રતિકૂળ માનતો નથી. પુણ્યથી સ્વર્ગ મળે છે ને પાપથી નરક મળે છે એમ જ્ઞાની જાણે છે. જ્ઞાની શુભાશુભને હેય માને છે. તો પછી તેનું ફળ જે સ્વર્ગ-નરકાદિ તેને તે ઉપાદેય માને તેમ કદી બને નહિ. અજ્ઞાની પુણ્યને અને તેના ફળને ઉપાદેય માને છે.

જ્ઞાની પુણ્યને પુણ્ય માને છે, ધર્મને ધર્મ માને છે. પુણ્યને બંધનું કારણ સમજે છે માટે તેને સ્વર્ગ-નરકાદિને જાણતાં રાગદ્વેષની બુદ્ધિ થાય નહિ, અજ્ઞાનીને થાય. જ્યાં પાપ છોડી પુણ્યકાર્યમાં લાગે ત્યાં કાંઈક રાગાદિ ઘટે જ છે.

**પ્રશ્ન** : શાસ્ત્રમાં તો એવો ઉપદેશ છે કે પ્રયોજનભૂત થોડું જ જાણવું કાર્યકારી છે માટે વિકલ્પ શા માટે કરવા ?

**ઉત્તર** : સાત તત્ત્વ અથવા નવ પદાર્થ જરૂરના છે. જે જીવ બહુ જાણે ને પ્રયોજનભૂત ન જાણે તેને કહ્યું છે કે પ્રયોજનભૂત જાણો. અથવા જેનામાં બહુ જાણવાની શક્તિ નથી તેને આ ઉપદેશ આપ્યો છે. જેની બુદ્ધિ થોડી છે તેને કહ્યું કે થોડું જાણો. શિવભૂતિ મુનિને વિશેષ બુદ્ધિ ન હતી પણ પ્રયોજનભૂત તત્ત્વ જાણ્યું હતું. પણ જેને બુદ્ધિ ઘણી છે તેને કહ્યું નથી કે બહુ જાણવાથી બૂરું થશે. ઊલટું બહુ જાણવાથી જ્ઞાન નિર્મળ થશે. શાસ્ત્રમાં પણ એમ કહ્યું છે કે સામાન્ય કરતાં વિશેષ બળવાન છે. અહીં સામાન્ય એટલે દ્રવ્ય ને વિશેષ એટલે પર્યાય એવો અર્થ નથી. પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવી એ વાત પણ અહીં કરવી નથી. પણ સામાન્ય એટલે સંક્ષેપને જાણવા કરતાં વિશેષ જાણવું તે નિર્મળતાનું કારણ છે. આત્માનું ભાન થયું છે તેવા જીવને વિશેષ જ્ઞાન નિર્મળતાનું કારણ છે. સામાન્ય એટલે દ્રવ્ય ને વિશેષ એટલે પર્યાય. માટે દ્રવ્ય કરતાં પર્યાય વિશેષ બળવાન છે -એમ કહેવું નથી. ત્યાં બળવાન તો દ્રવ્ય છે ને દ્રવ્યસામાન્યના આશ્રયે જ નિર્મળતા થાય છે. પણ તે અહીં કહેવું નથી. અહીં વિશેષ જ્ઞાન થવું તે નિર્મળતાનું કારણ છે એમ કહેવું છે. હું આત્મા જ્ઞાયક છું એવી સામાન્યની દૃષ્ટિ તો કાયમ રાખવી. સામાન્ય આત્મા ઉપર દૃષ્ટિ રાખવી ને જ્ઞાનની વિશેષતા કરવી તે નિર્મળતાનું કારણ છે એમ અહીં કહેવું છે. વિશેષ જાણવાથી વિકલ્પ થાય છે એમ અજ્ઞાની એકાંત ખેંચે છે તેને સમજાવ્યું કે જ્ઞાનની વિશેષતા તે નિર્મળતાનું કારણ છે.

## માહ વદ ૯, રવિવાર, ૮-૨-૫૩.

આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થવી તે મોક્ષમાર્ગ છે. પુણ્ય-પાપભાવ બન્ને વિકાર છે, તે આત્માનો સ્વભાવ નથી. આત્મા તો સિદ્ધ સમાન છે એની રુચિ કરવી અને પુણ્ય-પાપની રુચિ છોડવી તથા આત્માનું જ્ઞાન અને તેમાં રમણતા કરવી તે મોક્ષમાર્ગ છે.

આત્માની પર્યાયમાં વિકાર થાય છે તેનાથી છૂટવું અને આત્માના સ્વભાવમાં લીન થવું તેને ભગવાન



મોક્ષમાર્ગ કહે છે. છ ઢાળામાં આવે છે કે અનંતવાર મુનિવ્રત ધારણ કરીને નવમી ગ્રૈવેયક સુધી ગયો પણ આત્માના ભાન વિના એનું મિથ્યાત્વ ગયું નહિ અને એક અંશમાત્ર સુખને પામ્યો નહિ. માટે વ્રતાદિ તે મોક્ષમાર્ગ નથી, તે તો શુભ ભાવ છે. આત્માના જ્ઞાન વિના અને યથાર્થ રુચિ વિના દ્રવ્યલિંગ ધારણ કરે, શુક્લ લેશ્યાના પરિણામ કરે પણ તે મોક્ષમાર્ગ નથી. ક્રિયાકાંડથી ધર્મ માન્યો પણ આત્માના અવલંબને ધર્મ થાય છે એ વાતનો નિર્ણય કર્યો નહિ.

જે ભાવથી સંસાર વધે છે તે બંધભાવ છે. આત્માની પ્રતીતિ થઈને તેમાં એકાગ્ર થવું તે બંધનથી છૂટવાનો ઉપાય છે માટે તે મોક્ષમાર્ગ છે. અહીં કહે છે કે આત્મા પર્યાયે પણ શુદ્ધ છે એમ માની નિશ્ચયાભાસી રાગ ઘટાડવાનો ઉપાય કરતો નથી, એ મિથ્યાદૃષ્ટિ છે. તેને કહે છે કે - આત્મા જ્ઞાનાનંદ છે એની રુચિ થઈ છે એવા જીવો પણ શાસ્ત્રનું ભણતર કરે છે. કેમ કે સામાન્યથી વિશેષ બળવાન છે. આત્મા શુદ્ધ છે એને જાણે નહિ અને એકલો શાસ્ત્રાભ્યાસમાં રોકાય તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

શાસ્ત્રાભ્યાસનો વિકલ્પ થવો તે શુભ ભાવ છે. જ્ઞાની તે વિકલ્પને ઉપાદેય માનતો નથી. પણ પૂર્ણ વીતરાગદશા થઈ નથી ત્યાં સુધી શુભ વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. અશુભ ભાવથી બચવા માટે તે શાસ્ત્રાભ્યાસ પણ કરે છે. આત્માના આશ્રયથી સ્વભાવનો નિર્ણય તો કર્યો છે, ને વધારે સ્પષ્ટ નિર્ણય થવામાં શાસ્ત્રાભ્યાસ નિમિત્તકારણ છે, માટે શાસ્ત્રાભ્યાસ કરવો યોગ્ય છે.

શ્રી તત્ત્વાર્થસૂત્રમાં **''सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग :''** એમ પહેલા સૂત્રમાં કહેલ છે તે સમ્યગ્દર્શનની વાત ચાલે છે. આત્મા ત્રિકાળ ધ્રુવ પદાર્થ છે, તેનો શ્રદ્ધા નામનો ગુણ પણ ત્રિકાળ ધ્રુવ એકરૂપ છે, સમ્યગ્દર્શન શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે અને મિથ્યાદર્શન શ્રદ્ધાગુણની વિપરીત પર્યાય છે. સમ્યગ્દર્શન આત્માના આશ્રયે થાય છે એમાં શાસ્ત્ર નિમિત્ત છે, એને માને નહિ અને એ નિમિત્ત જ નથી એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધને જાણે નહિ અને કહે કે આત્માના વિકલ્પના કારણે પરવસ્તુ આવે છે તો તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધને સમજતો નથી અને આત્માના વિકલ્પમાં પરવસ્તુ નિમિત્ત જ નથી એમ માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાનીને શાસ્ત્ર ભણવાનો વિકલ્પ આવે છે પણ વિકલ્પ આવ્યો માટે શાસ્ત્ર આવે છે -એમ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા નથી. કોઈ ઈશ્વરને જગતનો કર્તા માને છે. એમ કોઈ જૈની આત્માને શરીરાદિ પરદ્રવ્યનો કર્તા માને તો તે જગતકર્તા ઈશ્વર છે એવી માન્યતાવાળાની જેમ મિથ્યાદૃષ્ટિ છે. એક પદાર્થ બીજા પદાર્થનો કર્તા તો નથી પણ બીજા પદાર્થને સહાય થાય છે એમ પણ નથી દ્નએમ જ્ઞાની જાણે છે. આત્મામાં પોતાના કારણે જ્ઞાન થવાની યોગ્યતા હોય છે ત્યારે શાસ્ત્રાદિને નિમિત્ત કહેવાય છે. શાસ્ત્રાભ્યાસનો વિકલ્પ મુનિને પણ આવે છે. સ્વભાવના અવલંબને આત્મામાં નિર્મળતા થાય છે ત્યારે શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે અને શાસ્ત્રથી નિર્મળતા થાય છે એમ પણ વ્યવહારથી કહેવાય છે.

વળી નિશ્ચયાભાસી તપશ્ચરણને વ્યર્થ ક્લેશ ઠરાવે છે પણ મોક્ષમાર્ગ થતાં તો સંસારી જીવોથી ઊલટી પરિણતિ હોવી જોઈએ. જુઓ, અહીં અજ્ઞાની એમ કહે છે કે અમારે તપશ્ચરણની જરૂર નથી તો તેને કહે છે કે જેને મોક્ષમાર્ગ પ્રગટ થયો હોય તેને સંસારી જીવો કરતાં ઊલટી દશા થવી જોઈએ. સ્વભાવના અવલંબને રાગ ઘટાડવાનો પ્રયત્ન કરે નહિ અને માની લે કે અમે પૂર્ણ થઈ ગયા છીએ તો તે એકાંત નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. જે મોક્ષમાર્ગી છે તેનો રાગ ઘટવો જોઈએ.

સંસારી જીવોને ઈષ્ટ-અનિષ્ટ સામગ્રીથી રાગદ્વેષ હોય છે, ત્યારે જ્ઞાનીને એવો રાગદ્વેષ હોતો નથી. સંસારીને અનુકૂળ ભોજનાદિમાં પ્રીતિ થાય છે ને પ્રતિકૂળ સામગ્રીમાં દ્વેષ થાય છે. સામગ્રી અનુકૂળ-પ્રતિકૂળ છે જ નહિ કેમ કે તે તો જડની પર્યાય છે. જ્ઞાની તો એને જ્ઞાનનું જ્ઞેય જાણે છે. અજ્ઞાની સામગ્રીને ઈષ્ટ-અનિષ્ટ માને છે. ક્ષુધા લાગવી તેને અનિષ્ટ માને છે પણ તે અનિષ્ટ નથી અને ભોજન મળવું એને અજ્ઞાની ઈષ્ટ માને છે પણ તે ઈષ્ટ નથી. માટે પરવસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટપણું માનવું તે મિથ્યાત્વ છે. જ્ઞાની પરદ્રવ્યને ઈષ્ટ-અનિષ્ટ માનતો નથી. તેથી તેને પરદ્રવ્યના કારણે રાગદ્વેષ થતો નથી. પોતાની નિર્બળતાથી અલ્પ રાગાદિ થાય છે તેના નાશ માટે નિમિત્તથી ભોજન આદિ છોડવાનો ઉપદેશ આપે છે.

તત્ત્વદૃષ્ટિ કેવી છે તે લોકોએ સાંભળી નથી. મોક્ષમાર્ગની મૂળ રકમ શું છે એની ખબર નથી. સમ્યગ્દર્શન તે મૂળ રકમ છે એની વાત કરે છે કે સમ્યગ્દૃષ્ટિને પરવસ્તુ ઈષ્ટ-અનિષ્ટ માનીને રાગ થતો નથી. પરવસ્તુના કારણે રાગ થતો નથી - પરના કારણે રાગ થાય તો કેવળીને પણ રાગ થવો જોઈએ. અહીં પંડિતજીએ યથાર્થ વાત કરેલ છે. સુકોશલ મુનિના શરીરને વાઘણ ખાય છે, તે તેમની પૂર્વ ભવની માતા હતી, એના ઉપર દ્વેષ થતો નથી. જો નિમિત્તના કારણે દ્વેષ થતો હોય તો મુનિને દ્વેષ થવો જોઈએ, પણ એમ બનતું નથી. જો ઈષ્ટ-અનિષ્ટ સામગ્રી જોઈને રાગદ્વેષ થાય તો તે સમ્યગ્દૃષ્ટિ નથી પણ મિથ્યાદૃષ્ટિ છે.

વસ્તુસ્થિતિ જેવી છે તેવી ખ્યાલમાં ન આવે ત્યાં સુધી યથાર્થ પ્રતીતિ ક્યાંથી આવે ? ન જ આવે. માટે પ્રથમ યથાર્થ સમજવું જોઈએ. હવે પરવસ્તુને આત્માએ કદી ગ્રહણ કરી નથી તો તેને ત્યાગવાની તો વાત જ નથી પણ અનાદિથી મિથ્યાદૃષ્ટિ એમ માને છે કે મેં પરપદાર્થનો ગ્રહણ-ત્યાગ કર્યો છે. જ્ઞાની તો પરપદાર્થ તરફનો રાગ છોડવા અર્થે ભોજનાદિનો ત્યાગી થાય છે -એમ કહેલ છે. જ્ઞાનીને સ્વભાવદૃષ્ટિપૂર્વક રાગનો નાશ થાય છે ત્યારે રાગમાં નિમિત્ત પરપદાર્થને છોડ્યા એમ કહેવાય છે.

આત્માની પર્યાયમાં વિકાર થાય છે તે ભાવબંધ છે અને તે વખતે એકક્ષેત્રાવગાહીપણે કર્મનું બંધન થાય છે તે દ્રવ્યબંધ છે. દ્રવ્યબંધ થયો તે જડ છે અને ભાવબંધ આત્માની પર્યાયમાં છે. દ્રવ્યબંધમાં ભાવબંધનો અભાવ છે. બે ચીજ જુદી છે, તે નજીક રહે માટે એકબીજામાં ભળી જાય -એમ નથી.



કર્મ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહે છે અને આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહે છે. માટે આત્મામાં કર્મ નથી અને કર્મમાં આત્મા નથી. બન્નેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. અજીવતત્ત્વ અને જીવતત્ત્વ બન્ને ભિન્ન ભિન્ન છે એમ ન માને તો સાત તત્ત્વની પણ યથાર્થ પ્રતીતિ રહેતી નથી. માટે જીવાદિ તત્ત્વની જેને ખબર નથી એને સમ્યગ્દર્શન હોય નહિ.

આત્માની પર્યાયમાં રાગ થાય છે તે જડ નથી. તે રાગની પર્યાય સ્વભાવના અવલંબને છૂટી જાય છે, ત્યારે કર્મ એના કારણે છૂટી જાય છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ધર્મી જીવ સ્વભાવમાં એકાગ્ર થાય છે ત્યારે અનિષ્ટ નિમિત્ત તરફનો દ્વેષ છૂટી જાય છે, એને અનિષ્ટ સામગ્રી છોડી એમ કહેવાય છે. મુનિ નામ ધરાવીને પણ પરવસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટપણું માને તો તે અજ્ઞાની છે, મોક્ષમાર્ગી નથી અને પરના કારણે જે ઈષ્ટ-અનિષ્ટ માનતો નથી તે ધર્મી છે.

જો સ્વાધીનપણે એવું સાધન થાય તો પરાધીનપણે ઈષ્ટ-અનિષ્ટ સામગ્રી મળતાં પણ જ્ઞાનીને રાગદ્વેષ થતો નથી. ઈચ્છાના નાશનો ધર્મીને પુરુષાર્થ હોવો જોઈએ. જો ઈચ્છાનો નાશ થાય તો તેના નિમિત્તનો અભાવ પણ થયા વિના રહે નહિ. પરવસ્તુના કારણે રાગ થાય છે એમ જ્ઞાની માનતો નથી. સ્વભાવના પ્રયોજન વિના રાગ છૂટતો નથી. પરવસ્તુ છૂટવાથી રાગ છૂટી જાય એમ નથી. જ્ઞાનના પુરુષાર્થથી રાગ સહજ છૂટી જાય છે, ત્યારે કર્મ એના કારણે છૂટી જાય છે.

જ્ઞાનીએ સ્વાધીનપણે પુરુષાર્થ કરીને રાગદ્વેષને છોડવા જોઈએ. એવા સાધનમાં ઈષ્ટ-અનિષ્ટ સામગ્રી ગમે તેવી મળે પણ જ્ઞાનીને રાગદ્વેષ થતો નથી. હવે જોઈએ તો એ પ્રમાણે પણ એકાંત નિશ્ચયાભાસીને અનશનાદિથી દ્વેષ થયો છે તેથી તેને તે ક્લેશ ઠરાવે છે. અનશનાદિને ક્લેશનું કારણ માન્યું તો ભોજનાદિ કરવામાં ઈષ્ટપણું થયું. આ રીતે પરવસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટપણું થયા વિના રહ્યું નહિ. તો એવી દશા તો પર્યાયદૃષ્ટિ સંસારીઓની પણ હોય છે તો તેં મોક્ષમાર્ગી થઈ શું કર્યું ? તારામાં અને મિથ્યાદૃષ્ટિમાં કાંઈ ફેર રહ્યો નહિ એમ કહે છે.

## માહ વદ ૧૦, સોમવાર, ૯-૨-૫૩.

જૈન નામ ધરાવે પણ આત્મા કોણ છે એની ખબર હોય નહિ, આત્માની રુચિ હોય નહિ અને જે રાગ ઘટાડતો નથી, એનો ઉદ્યમ પણ કરતો નથી એવા મિથ્યાદૃષ્ટિનો અહીં અધિકાર ચાલે છે.

સમ્યગ્દૃષ્ટિને કદાચ બહારથી ત્યાગ ન હોય પણ તે રાગથી લાભ માનતો નથી. સ્વભાવમાં લીન થઈને રાગનો અભાવ કરવાની તેને ભાવના હોય છે. મિથ્યાદૃષ્ટિ નિશ્ચયાભાસીને યથાર્થ રાગ ઘટાડવાની ભાવના પણ હોતી નથી તેથી કહે છે કે સમ્યગ્દૃષ્ટિ પણ તપશ્ચરણ કરતાં નથી, એથી અમે પણ તપ કરતાં નથી.

તેનો **ઉત્તર** : તપનો અર્થ તો ઈચ્છાનો નિરોધ છે, સમ્યગ્દષ્ટિને જ યથાર્થ ઈચ્છાનો નિરોધ હોય છે, મિથ્યાદષ્ટિને હોતો નથી. ચોથા ગુણસ્થાને સમ્યગ્દષ્ટિ સંસારમાં લાખો વર્ષ સુધી રહે છે. ૮૩ લાખ પૂર્વ ઋષભદેવ ભગવાન સંસારમાં રહ્યા હતા. સમ્યગ્દષ્ટિ હતા પણ મુનિપણું લીધું ન હતું. અંતરમાં સ્વભાવદષ્ટિ તો હતી પણ પુરુષાર્થની નબળાઈના કારણે ચારિત્રદશા અંગીકાર કરી શક્યા નહિ. સમ્યગ્દષ્ટિને તપ થઈ શકતું નથી પણ શ્રદ્ધાનમાં તો તપ એટલે ચારિત્રને તે ભલું જાણે છે. શ્રાવકદશામાં રહ્યા છતાં પણ ધર્મીને મુનિપણાની ભાવના વર્તે છે. પોતાની પર્યાયમાં કમજોરી છે તેથી ચારિત્ર પ્રગટતું નથી એમ જાણે છે. ચક્રવર્તીને ૯૬ કરોડ ગામ હોય છે, ૯૬ હજાર સ્ત્રી હોય છે, ૯૬ કરોડ પાયદળ હોય છે, ૬૪ હજાર પુત્ર હોય છે, ૩૨ હજાર પુત્રી હોય છે છતાં એમને ભાવના તો ચારિત્રદશાની હોય છે. આત્માની પર્યાયમાં શુભાશુભ ભાવ થાય છે એની ભાવના સમ્યગ્દષ્ટિને હોતી નથી. સમ્યગ્દષ્ટિની ભાવના તો હું જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છું એમાં ક્યારે લીન થાઉં એવી હોય છે. સંવર અને નિર્જરા આત્માના અવલંબને થાય છે એનો તો નિશ્ચયાભાસીને ઉદ્યમ નથી તેથી તે મિથ્યાદષ્ટિ છે. સમ્યગ્દષ્ટિને તો એનો ઉદ્યમ હોય છે. મિથ્યાદષ્ટિનું શ્રદ્ધાન જ એવું હોય છે કે તે તપને કલેશ માને છે. તેથી તેને તપ એટલે રાગાદિનો નાશ કરીને સ્વભાવમાં રમણતા કરવી એની ભાવના પણ હોતી નથી.

ધર્મીને બહારમાં ઉપવાસાદિ ન હોય છતાં સમ્યગ્દર્શનમાં બિલકુલ દોષ આવતો નથી. મિથ્યાદષ્ટિ હઠથી ચારિત્ર લે તે કાંઈ યથાર્થ ચારિત્ર કહેવાતું નથી કેમ કે સમ્યગ્દર્શન વિના ચારિત્ર-તપ થતો નથી.

અજ્ઞાનીને ચક્રવર્તી કે તીર્થંકરપદનું બંધન હોય નહિ. આત્મામાં રાગાદિની પર્યાય હોય છે એને ઉપાદેય માનતા નથી. એવા કોઈ જ્ઞાનીને વિકલ્પ આવે છે તેમાં ચક્રવર્તી કે તીર્થંકરાદિ પદનું બંધન થાય છે. જે શુભ ભાવને ભલો જાણે છે તે તો મિથ્યાદષ્ટિ છે એને ચક્રવર્તીપદ ને તીર્થંકરપદ હોય નહિ.

સમ્યગ્દષ્ટિને ભાવના તો તપની જ હોય છે ત્યારે પ્રશ્ન થાય છે કે : શાસ્ત્ર વિષે એમ કહ્યું છે કે તપાદિ કલેશ કરે છે તો કરો પરંતુ જ્ઞાન વિના સિદ્ધિ નથી તેનું શું કારણ ?

**ઉત્તર** : જે જીવો તત્ત્વજ્ઞાનથી પરાઙ્મુખ છે તથા તપથી જ મોક્ષ માને છે તેને એવો ઉપદેશ આપવામાં આવે છે કે તત્ત્વજ્ઞાન વિના કેવળ તપથી જ મોક્ષ ન થાય. તત્ત્વજ્ઞાનમાં આત્માની દૃષ્ટિ થઈ, આસ્રવની ભાવના છૂટી ગઈ, સંયોગમાં અનુકૂળતા-પ્રતિકૂળતા છે એવી દૃષ્ટિ છૂટી ગઈ છે તેને આત્મામાં લીન થતાં ઈચ્છાનો નિરોધ થાય છે, તે તપ છે.

આગળ પાને ૨૩૪માં તપની વ્યાખ્યા કરી છે. ત્યાં કહ્યું છે કે ઈચ્છાને રોકવી તેનું નામ તપ છે. **इच्छा निरोधस्तपः ।** એટલે કે શુભ-અશુભ ઈચ્છા મટતાં ઉપયોગ શુદ્ધ થાય છે તે નિર્જરા



છે તેથી તપ વડે નિર્જરા કહી છે. ચારિત્રદશા થયા વિના ઈચ્છાનો નિરોધ થતો નથી અને ચારિત્રદશા સમ્યગ્દર્શન વિના હોતી નથી. માટે જ્ઞાનીને જ સાચો તપ હોય છે, અજ્ઞાનીને હોતો નથી. શુભાશુભ ભાવ રહિત શુદ્ધોપયોગ જ તપ છે. પુણ્ય-પાપની વૃત્તિને છેદીને આત્માના અનુભવમાં લીન થવું તે તપ છે -એમ ભગવાને કહ્યું છે. બહારથી આહારાદિ ન લ્યે તે તપ નથી.

શ્રીમદ્ કહ્યું છે કે :

**યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો.**

**મનપૌન નિરોધ સ્વબોધ કિયો, હઠ જોગ પ્રયોગ સુ તાર ભયો;**
**જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.**

**સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**

**અબ ક્યોં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં ?**
**બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે ?**

**કરુના હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી;**
**પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્ગુરુચર્ન સુપ્રેમ બસેં.**

**તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં;**
**તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો.**

પંચમહાવ્રત ધારણ કર્યા, બાર બાર મહિનાના ઉપવાસ કર્યા, જંગલમાં રહ્યો, મૌન રહ્યો, તપ કરીને સૂકાઈ ગયો, શાસ્ત્ર ભણ્યો, અગિયાર અંગનું જ્ઞાન કર્યું, મતનું મંડન-ખંડન કર્યું, પણ પરલક્ષ છોડીને આત્માનું લક્ષ કર્યું નહિ. બહારના સાધન અનંતવાર કર્યા પણ આત્મકલ્યાણ થયું નહિ, સદ્ગુરુ વિના વસ્તુનો મર્મ જાણ્યો નહિ, આત્માનંદનો અનુભવ કરે તો પરનું લક્ષ છૂટી જાય.

અહીં એમ કહ્યું છે કે તત્ત્વજ્ઞાનથી પરાઙ્મુખ છે તે મિથ્યાદષ્ટિ છે. સાતે તત્ત્વ પથક્ પૃથક્ છે એમ યથાર્થ જાણ્યું નથી તે આત્માથી પણ પરાઙ્મુખ છે -એમ એમાં આવી જાય છે. જે તત્ત્વજ્ઞાનથી પરાઙ્મુખ છે અને એકલા બાહ્ય તપથી મોક્ષ માને છે તે મિથ્યાદષ્ટિ છે.

કોઈ કહે કે તત્ત્વજ્ઞાન ન હોય તેણે શું કરવું ? તેને કહે છે કે પહેલા તત્ત્વજ્ઞાન કરવું. શુભાશુભ ભાવ તો ક્રમ પ્રમાણે આવે છે. શુભાશુભ ભાવમાં દૃષ્ટિ અને રુચિ છે એને ફેરવીને હું આત્મા ચિદાનંદ

છું એની દૃષ્ટિ અને રુચિ કરવી.

પર પદાર્થની પર્યાય તો આત્મા કરી શકતો નથી. સ્ત્રી, કુટુંબ, પૈસા, શરીર, કર્મ આદિની પર્યાય જે કાળે થવાની તે થવાની, તેને ફેરવવી નથી. વળી આત્માની પર્યાયમાં જે શુભાશુભ પરિણામ થાય છે તેને પણ ફેરવવા નથી. આત્મા જ્ઞાનાનંદ છે એમ રુચિ કરવી તે યથાર્થ છે.

**માહ વદ ૧૧, મંગળવાર, ૧૦-૨-૫૩.**

આ નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિનો અધિકાર ચાલે છે. જેને આત્માની રુચિ-પ્રતીતિ તો થઈ નથી અને પર્યાયમાં સ્વભાવ તરફનો પુરુષાર્થ કરતો નથી અને હું શુદ્ધ જ છું એમ જે માને છે તે નિશ્ચયાભાસી છે. હવે તેણે પ્રશ્ન કર્યો છે કે શાસ્ત્રમાં તપ આદિ કરવાને કલેશ કહ્યો છે માટે અમો તપાદિ કરતાં નથી.

તેને કહે છે કે : આત્મામાં વિકાર થાય છે તે આસ્રવ છે. શુદ્ધાત્માની દૃષ્ટિએ રાગ ઘટી જાય છે તેને બાહ્યમાં ત્યાગ એ પ્રકારનો હોય છે એનો શાસ્ત્રમાં નિષેધ કર્યો નથી. જો શાસ્ત્રમાં રાગનો અભાવ કરવાનો ઉપદેશ ન આપ્યો હોય તો તો ગણધરાદિ એનો ઉદ્યમ શા માટે કરે ? માટે શક્તિ અનુસાર તપ-ત્યાગ કરવો યોગ્ય છે. શક્તિને ઓળંગીને જ્ઞાની તપાદિ કરતો નથી. સહજ દશા હોય છે, કંટાળો હોતો નથી. કલેશ થાય તો ધર્મ તો નથી પણ આર્તધ્યાન છે. વિશુદ્ધ (શુભ) પરિણામ હોય તો પુણ્ય થાય છે. માટે શક્તિ અનુસાર તપ કરવો યોગ્ય છે. આ વાત તપની કહી. હવે વ્રતની વાત કરે છે.

વળી તું વ્રતાદિને બંધન માને છે પણ સ્વચ્છંદ વૃત્તિ તો અજ્ઞાન અવસ્થામાં પણ હતી જ. જ્ઞાન પ્રાપ્ત થતાં તો પરિણતિ તો તે રોકે જ છે. જ્ઞાનમાં એકાગ્ર થાય છે ત્યારે રાગપરિણતિ રોકાય છે, તથા પરિણતિ રોકવા માટે બાહ્યથી હિંસાદિકના કારણોનો પણ ત્યાગી અવશ્ય થવો જોઈએ. આ નિમિત્તથી વાત કરી છે. બાહ્ય ક્રિયાથી પરિણામ ન રોકાય, એવી ક્રિયાથી રહિત જ્ઞાની હોય છે. એ પ્રકારનો રાગ નથી હોતો એટલે બાહ્ય પદાર્થો છૂટ્યા એમ કહેવાય છે, એટલે જેટલું જેટલું જ્ઞાન આત્મામાં સ્થિર થાય છે તેટલો તેટલો રાગ ઘટવો જોઈએ. જેટલું જ્ઞાન વધે એટલો બહારમાં ત્યાગ થવો જોઈએ -એમ નથી. કેમ કે છઠ્ઠે ગુણસ્થાને કોઈ મુનિને બે જ્ઞાન હોય અને ચોથે ગુણસ્થાને કોઈને ત્રણ જ્ઞાન હોય છે. જ્ઞાનાનંદની અંદર લીનતા થતાં, રાગનો અભાવ થતાં નિમિત્તો છૂટી જાય છે.

હવે એનો પ્રશ્ન છે કે અમારા પરિણામ શુદ્ધ છે, બાહ્ય ત્યાગ ન કર્યો તો ન કર્યો ?

**ઉત્તર** : આ નિશ્ચયાભાસી હોવાથી તેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવો હોય છે એ સમજાવે છે કે જો એ હિંસાદિ કાર્ય તારા પરિણામના નિમિત્ત વિના સ્વયં થતાં હોય તો અમે એમ જ માનીએ. હિંસાદિની પર્યાય તો જડ છે, તે તો જડના કારણે સ્વયં થાય છે પણ તેનું નિમિત્ત તું થાય છે.



એવા પરિણામ તો તું કરે છે છતાં તારા પરિણામ શુદ્ધ છે એમ કેમ બને ? તારા પરિણામ નિમિત્ત છે માટે અમે પરિણામ વડે કાર્ય થાય છે એમ કહીએ છીએ. લીલોતરી કપાય છે તે વખતે લીલોતરી કાપવાની ક્રિયા તો જડની છે પણ તે વખતે જીવના પરિણામ શુદ્ધ હોય એમ બને નહિ. મુનિને એવી ક્રિયા હોતી નથી કેમ કે મુનિને એવા પરિણામ નથી.

હિંસા કરું, જાૂઠું બોલું વગેરે પરિણામ તો કરે છે અને તે વખતે બહારની ક્રિયા તો એના કારણે થાય છે, વિષય સેવનની ક્રિયા શરીરથી થાય છે અને કહે કે મારા પરિણામ એવા છે જ નહિ તો તે પરિણામને સમજતો નથી, પ્રમાદથી ચાલવાની ક્રિયા થાય છે, તે એવા પ્રકારના પરિણામ વિના કેમ હોય ? એવા પરિણામ ન હોય તો એવી ક્રિયા ન હોય, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ખાવાના પરિણામ કરે છે અને બહારમાં ખાવાની ક્રિયા થાય છે છતાં ત્યાં પરિણામ શુદ્ધ છે એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. શરીર આદિની ક્રિયા તો જડની છે પણ તે વખતે પરિણામ તો જીવના છે. લક્ષ્મીનો સંગ્રહ કરે છે તે જડની ક્રિયા છે પણ તે વખતે પરિગ્રહ અને લોભના પરિણામ જીવના છે. તેને શુદ્ધ ભાવ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

લડાઈની ક્રિયા સ્વયં જડના કારણે થાય છે પણ તે વખતે તે ક્રિયામાં જે જીવ ઊભો હોય તે એમ કહે કે મારા પરિણામ શુદ્ધ છે તો તે વાત ખોટી છે કેમ કે તે પરિણામને અને જડની ક્રિયાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નિમિત્તથી કાર્ય થાય એમ જે માને તે મિથ્યાદૃષ્ટિ છે, પણ જડમાં કાર્ય થાય છે તે વખતે પોતાના પરિણામ અશુદ્ધ છે એને ન માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. મકાનાદિની ક્રિયા થાય છે તે તો જડની ક્રિયા છે પણ તે બનતી વખતે જે રાગી જીવનું નિમિત્ત છે તે જીવ એમ કહે કે મને ત્યાં વીતરાગ ભાવ હતો તો તે વાત ખોટી છે. આત્મા જડની ક્રિયા તો ત્રણ કાળમાં કરી શકતો નથી. પણ પૈસા આદિના સંબંધમાં જે અશુભ ભાવ પોતાને થાય છે તેને શુદ્ધ પરિણામ માને તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

ખાવા-પીવાની તથા પૈસા આદિની ક્રિયા તો તું ઉદ્યમી થઈને કરે છે એટલે કે એ પ્રકારનો રાગ તો તું ઉદ્યમી થઈને કરે છે, એનો આરોપ જડની ક્રિયામાં કર્યો છે. કોઈ એમ કહે કે આપણે પચીસ માણસોને જમવાનું કહો અને પછી જમવા આવે ત્યારે કહેવું કે ભોજનની ક્રિયા થવાની ન હતી તે ન થઈ. પણ પચીસ માણસને જમવાનું કહેવાનો રાગ તો પોતે કર્યો હતો તો તેની વ્યવસ્થાનો રાગ પણ પોતે કરે છે તેથી પરની ક્રિયા ઉદ્યમી થઈને પોતે કરે છે એમ કહેલ છે -એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એનું જ્ઞાન કરાવે છે. આહાર લે છે અને ઈચ્છા નથી એમ બને નહિ. કેવળીને ઈચ્છા નથી તો આહાર પણ નથી. મુનિ વસ્ત્ર-પાત્ર રાખે અને કહે કે અમારી ઈચ્છા નથી-મૂર્છા નથી તો તે જાૂઠો છે. ભાવલિંગી મુનિને એવા મૂર્છાના પરિણામ નથી તો તેમને વસ્ત્રાદિનો પરિગ્રહ હોતો નથી, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

આત્મા હિંસાદિના પરિણામ તો પુરુષાર્થપૂર્વક પોતે કરે છે પણ તે પરિણામ થાય છે માટે પરમાં હિંસાદિની ક્રિયા થાય છે -એમ પણ નથી. છતાં હિંસાદિની ક્રિયા વખતે પોતાના પરિણામ અશુભ હોય છે. તેને શુદ્ધ પરિણામ માને તો તે જૂઠો છે-મિથ્યાદષ્ટિ છે. આમ પરિણામ પોતે કરે અને માને કે તે પરિણામ મને થતાં જ નથી તો તેને તે હિંસાદિ પરિણામનો નાશ કરવાનો પુરુષાર્થ થતો નથી. પોતામાં અશુભ ભાવ થાય છે તે વખતે હિંસાદિની ક્રિયા બહારમાં થાય છે તેને તો તું ગણતો નથી અને પરિણામ શુદ્ધ છે એમ તું માને છે પણ એમ માનતા તારા પરિણામ કદી સુધરશે નહિ એટલે કે અશુદ્ધ પરિણામ જ રહેશે.

આત્મજ્ઞાની મુનિ સંત આહારની ક્રિયામાં દેખાય છે તે વખતે પણ તેમને શુભ ભાવ હોય છે. ત્યાં શુદ્ધ ભાવ નથી. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ માનવું જોઈએ.

હવે એમાંથી પ્રશ્ન કરે છે કે - પરિણામને રોકવાથી બાહ્ય હિંસાદિ ઘટાડી શકાય છે -એ વાત તો બરાબર છે પણ પ્રતિજ્ઞા કરવામાં તો બંધ થાય છે. માટે પ્રતિજ્ઞારૂપ વ્રત અંગીકાર કરવા નહિ.

**ઉત્તર** : જે કાર્ય કરવાની આશા રહે તેની પ્રતિજ્ઞા લેવાતી નથી તથા એ રાગ ભાવથી કાર્ય કર્યા વિના પણ અવિરતિનો બંધ થયા જ કરે છે. માટે પ્રતિજ્ઞા અવશ્ય કરવી યોગ્ય છે. રાગનો જેટલો ભાવ છે એટલું બંધન છે. પ્રતિજ્ઞા કરવાની વાત તો સમ્યગ્દર્શન થયા પછીની વાત છે. સમ્યગ્દર્શન વગર યથાર્થ પ્રતિજ્ઞા હોતી નથી. પ્રતિજ્ઞા લેવાનો વિકલ્પ જ્ઞાનીને આવ્યા વિના રહેતો નથી. જ્ઞાની સમજે છે કે વિકલ્પ તે રાગ છે, છતાં વ્રતાદિની પ્રતિજ્ઞાનો વિકલ્પ આવે છે. સમ્યગ્દષ્ટિને પ્રતિજ્ઞામાં પરિણામની દઢતા થાય છે. પરની વાત નથી. બહારમાં આવા કાર્યો ન કરવા એ તો નિમિત્તથી કથન છે, પણ એવા પરિણામ ન કરવા એમ સ્વભાવદષ્ટિપૂર્વક પરિણામ દઢ કરે છે. બહારના કાર્યનું બંધન નથી, પણ પ્રયોજન પડતાં તદ્રૂપ પરિણામ અવશ્ય થઈ જાય અથવા પ્રયોજન પડ્યા વિના પણ તેની આશા રહે છે માટે પ્રતિજ્ઞા અવશ્ય કરવી યોગ્ય છે.

આત્માના ભાન વિના પ્રતિજ્ઞા લઈ લે છે તે તો બાળવ્રત છે.

**પ્રશ્ન** : પ્રતિજ્ઞા કર્યા પછી ન જાણે કેવો ઉદય આવશે અને તેથી પાછળથી પ્રતિજ્ઞાભંગ થાય તો મહાપાપ લાગે માટે પ્રારબ્ધ અનુસાર જે કાર્ય બને તે બનો પણ પ્રતિજ્ઞાનો વિકલ્પ ન કરવો.

**ઉત્તર** : પ્રતિજ્ઞા ગ્રહણ કરતાં જેનો નિર્વાહ થવો ન જાણે તે પ્રતિજ્ઞા ન કરે. સાધુપણું-નગ્નપણું લઈ લીધું હોય અને આત્માનું ભાન ન હોય તો પછી ઉદ્દેશિક આહાર પણ લઈ લે તો તે દોષ છે. સમજ્યા વિના હઠથી મુનિપણું લઈ લે ને પછી પ્રતિજ્ઞાભંગ થાય છે. પ્રતિજ્ઞા ન લેવી તે પાપ નથી પણ પ્રતિજ્ઞા લઈને ભંગ કરવી તે મહા પાપ છે. પ્રતિજ્ઞા એવી ન લેવી જોઈએ કે જેનો નિર્વાહ થઈ શકે નહિ. પોતાની શક્તિ અનુસાર પ્રતિજ્ઞા લેવી જોઈએ. પડિમા-વ્રત પણ સહજ હોય છે. આહાર-પાણી બનાવે મુનિ માટે અને ગૃહસ્થ કહે કે આહારશુદ્ધ, મનશુદ્ધ, વચનશુદ્ધ, કાયશુદ્ધ તો તે અસત્ય



છે, એમાં ધર્મ તો નથી પણ યથાર્થ શુભ ભાવ પણ નથી. શાસ્ત્રમાં આવે છે કે ચારણમુનિ ચોમાસું પૂર્ણ થતાં દૂરથી આવ્યા અને શ્રાવકને શંકા પડી તો આહાર-પાણી આપ્યા નહિ, તો પછી જેને પ્રત્યક્ષ ખબર હોય કે આ મુનિ પોતાના માટે બનાવેલો આહાર લે છે એવા મુનિને આહાર કેમ આપવો ? માટે એ રીતે દોષિત કાર્ય કરવું યોગ્ય નથી.

આત્મામાં જેટલો અવ્રત ભાવ છે એટલો દોષ છે, પણ એનો અર્થ એવો નથી કે પોતાના પરિણામ વ્રતાદિના સહજ હોય નહિ અને હઠથી વ્રતાદિની પ્રતિજ્ઞા લઈ લે તો તે પ્રતિજ્ઞા ભંગ થયા વિના રહે નહિ કેમ કે પ્રથમથી એવો અભિપ્રાય હોય છે કે વખત આવ્યે છોડી દઈશું. તો તેવી પ્રતિજ્ઞા કાર્યકારી નથી. પ્રતિજ્ઞા તો એનું નામ કહેવાય કે મરણપર્યંત કષ્ટ પડે તો પણ પ્રતિજ્ઞા ભંગ કરે નહિ. એવી પ્રતિજ્ઞા કરવી યોગ્ય છે.

વળી પ્રતિજ્ઞા વિના અવિરત સંબંધી બંધ મટતો નથી, માટે પ્રતિજ્ઞા લેવી યોગ્ય છે. કોઈ કહે કે સમંતભદ્રાચાર્યે મુનિપણું લીધા પછી પ્રતિજ્ઞા ભંગ કરી હતી તો ત્યાં તો સ્વચ્છંદની વાત નથી. ત્યાં તો એવો રોગ થયો અને એટલો પુરુષાર્થ નહોતો તેથી એ પ્રમાણે થયું છે. વખત આવ્યે મુનિપણું પાછું લઈ લીધું હતું. હઠથી મુનિપણું લીધું ન હતું. વર્તમાન નિર્વાહ થઈ શકે એવું લાગ્યું નહિ તેથી મુનિપણું છોડ્યું હતું પણ પ્રથમથી જ વખત આવ્યે છોડી દઈશું એવી ભાવના ન હતી. માટે પ્રતિજ્ઞા યથાશક્તિ લેવી યોગ્ય છે.

## માહ વદ ૧૨, બુધવાર, ૧૧-૨-૫૩.

આત્મા સ્વભાવે શુદ્ધ છે પણ પર્યાયમાં અશુદ્ધ હોવા છતાં જે પોતાને શુદ્ધ માને છે તે નિશ્ચયાભાસી છે. પર્યાયમાં પુણ્ય-પાપ થાય છે તે વિકાર છે, તે વિકાર રહિત આત્માની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે પણ જે પર્યાયમાં થતાં વિકારને માનતો નથી ને સ્વચ્છંદે વર્તે છે તે નિશ્ચયાભાસી છે.

અહીં પ્રતિજ્ઞા સંબંધી વાત ચાલે છે. તત્ત્વજ્ઞાનપૂર્વક પ્રતિજ્ઞા હોવી જોઈએ. સમ્યગ્દર્શન થયા પછી વ્રતાદિનો શુભ વિકલ્પ આવે છે, આનંદ સ્વભાવમાં લીન થાઉં એવી ભાવના ધર્મીને આવે છે. પ્રતિજ્ઞા લીધા વિના આસક્તિનો નાશ થતો નથી. પ્રથમ સ્વભાવનું ભાન હોવું જોઈએ.

વ્રત, નિયમ, તપ સમ્યગ્દર્શન વિના સાચા હોતા નથી. હું આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છું એવી દષ્ટિ થયા પછી પ્રતિજ્ઞાનો વિકલ્પ આવે છે તેની વાત કરે છે. અજ્ઞાની કહે છે કે અમને તેવો વિકલ્પ જ આવતો નથી, તો તે વાત ખોટી છે.

આત્માનું અવલંબન કરીને રાગનો ત્યાગ કરવો જોઈએ. સ્વભાવમાં લીનતા થતાં રાગનો ત્યાગ સહજ થઈ જાય છે. સમ્યગ્દર્શન થયા પછી પણ શુભ રાગ આવે છે તેને જ્ઞાની જાણે છે પણ તેને ઉપાદેય માનતા નથી.

અજ્ઞાની કહે છે કે કર્મનો તીવ્ર ઉદય આવે ને પડી જઈએ તો ? તો તે વાત બરાબર નથી. ઉદયનો વિચાર કરે તો કાંઈ પણ પુરુષાર્થ થઈ શકે નહિ. કર્મ કર્મના કારણે આવે છે, તેના ઉપર દૃષ્ટિ દેવાની જરૂર નથી. કર્મનો ઉદય આત્માને નડતો નથી. પોતે સ્વભાવનો પુરુષાર્થ કરે તો કર્મ સ્વયં ટળી જાય છે. જેમ પોતાને જેટલું ભોજન પચતું હોય તેટલું ભોજન લ્યે પણ કદાચિત્ કોઈને અજીર્ણ થયું હોય તે ભયથી પોતે ભોજન છોડી દે તો મરણ થાય. તેમ આત્માના ભાનપૂર્વક સહનશીલતાપૂર્વક પ્રતિજ્ઞા લ્યે પણ કદાચિત્ કોઈને પ્રતિજ્ઞાથી ભ્રષ્ટપણું થયું હોય તે ભયથી પોતે પ્રતિજ્ઞા ન લ્યે તો અસંયમ જ થાય. માટે બને તેટલી પ્રતિજ્ઞા લેવી. આત્મજ્ઞાન થયા પછી સ્વરૂપની લીનતા માટે પ્રતિજ્ઞા લેવી યોગ્ય છે. સમ્યગ્દર્શન વિના બધા વ્રત, તપ બાલવ્રત-તપ છે. સમ્યગ્દર્શન થયા પછી પ્રતિજ્ઞાનો વિકલ્પ આવે છે. કોઈને થોડા વખતે પ્રતિજ્ઞા આવે, કોઈને ઘણા વખતે પ્રતિજ્ઞા આવે. ભરત ચક્રવર્તીને ચારિત્ર ઘણાં વખત પછી આવેલ છતાં ચારિત્રની ભાવના છૂટતી નથી.

સંસારમાં પૈસાનું આવવું-જવું વગેરે કાર્ય તો કર્મ અનુસાર બને જ છે પણ તું ત્યાં કમાવા આદિનો અશુભ રાગ પુરુષાર્થપૂર્વક કરે છે. કર્મથી અશુભ રાગ થતો નથી પણ વિપરીત પુરુષાર્થથી અશુભ રાગ થાય છે તો સવળા પુરુષાર્થથી આત્માના ભાન દ્વારા રાગ છોડવાનો પ્રયત્ન કરવો જોઈએ. અહીં નિશ્ચયાભાસીને કહે છે કે જો ત્યાં ઉદ્યમ કરે છે તો ત્યાગ કરવાનો પણ ઉદ્યમ કરવો યોગ્ય જ છે.

જ્યારે તારી દશા પ્રતિમાવત્ થઈ જશે ત્યારે અમે પ્રારબ્ધ માનીશું, તારું કર્તવ્ય નહિ માનીએ. પણ તારી પ્રતિમાવત્ નિર્વિકલ્પ દશા થઈ નથી તો પછી સ્વચ્છંદી થવાની યુક્તિ શા માટે બનાવે છે ? બને તેટલી પ્રતિજ્ઞા કરી વ્રત ધારવા યોગ્ય છે.

વળી ભગવાનની પૂજા વગેરે પુણ્ય આસ્રવ છે, ધર્મ નથી. પણ તે શુભ છોડી અશુભ ભાવ કરવો ઠીક નથી. અજ્ઞાની કહે છે કે જાત્રા આદિમાં કષાયની મંદતાનો ભાવ તે પુણ્ય છે, ધર્મ નથી તેથી તે હેય છે એમ કહે છે તો તે વાત તો સત્ય છે, કષાયમંદતા કરે એટલો શુભ ભાવ છે તે સત્ય છે, પણ તે શુભ ભાવને છોડીને વીતરાગ થાય તો તો ઠીક છે, પરંતુ અશુભમાં વર્તે તો તેં તારું બૂરું કર્યું. આત્માનું ભાન થયા પછી પણ સ્વરૂપમાં લીન ન થઈ શકે તો શુભ ભાવ આવે છે પણ શુભ છોડીને અશુભ કરવું ઠીક નથી. અજ્ઞાની સ્વભાવનો પુરુષાર્થ માનતો નથી ને રાગ ટાળવાનું માનતો નથી, તેને કહે છે કે શુભ પરિણામથી સ્વર્ગાદિ મળે; ભલી વાસના અને ભલા નિમિત્તોથી કર્મનો સ્થિતિ-અનુભાગ ઘટી જાય તો સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ પણ થઈ જાય. શુભ પરિણામથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી પણ સ્વભાવનો પુરુષાર્થ કરવાથી સમકિત પ્રાપ્ત થાય છે. હું ત્રિકાળ શુદ્ધ ચિદાનંદ છું એવી દૃષ્ટિ તે સમ્યગ્દર્શનનું કારણ છે પણ સમ્યગ્દર્શનમાં શુભ નિમિત્ત છે તેથી વ્યવહારે તેનાથી થાય એમ કહેલ છે.



શુભ ભાવના નિમિત્તે કર્મના સ્થિતિ-રસ ઘટી જાય છે. જડ કર્મના સ્થિતિ-રસ ઘટવાનો તે ક્રમ હતો, તે સમયની લાયકાત હતી. તે પર્યાય શુભ ભાવને આધીન નથી પણ શુભ ભાવની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવો હોય તે બતાવે છે. છતાં કોઈ પદાર્થ કોઈ પદાર્થને આધીન નથી, દરેક દ્રવ્ય અસહાય છે. અશુભ ઉપયોગથી નરક નિગોદાદિક થાય વા બૂરી વાસના અને બૂરાં નિમિત્તોથી કર્મના સ્થિતિ-અનુભાગ વધી જાય તો સમ્યક્ત્વાદિ પણ મહા દુર્લભ થઈ જાય. શુભોપયોગથી કષાયમંદતા થાય છે ને અશુભોપયોગથી તીવ્રતા થાય છે. માટે શુભ છોડી અશુભ ભાવ કરવો તે અજ્ઞાન છે. અહીં ઉપદેશના વાક્યો છે. અજ્ઞાની શુભ-અશુભના વિવેકને સમજતો નથી. તેને સમજાવે છે કે જેમ કડવી વસ્તુ ન ખાવી અને વિષ ખાવું એ અજ્ઞાન છે તેમ શુભના કારણો છોડી તીવ્ર અશુભના કારણો સેવવા તે અજ્ઞાન છે.

**પ્રશ્ન** : શાસ્ત્રમાં શુભ-અશુભ પરિણામને આસ્રવ કહ્યા છે, બન્ને બંધના કારણ છે માટે અમારે વિશેષ જાણવું યોગ્ય નથી.

**ઉત્તર** : જે જીવ શુભ પરિણામને -દયા, દાન, પૂજા, વ્રતાદિને- મોક્ષના કારણ માની ઉપાદેય માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. શુભથી ક્રમે ક્રમે શુદ્ધતા થશે એમ માને છે. પુણ્ય-પાપ રહિત શુદ્ધ સ્વભાવને ઓળખતો નથી. સાધકદશામાં શુભભાવ આવે છે, પણ તે ધર્મનું કારણ નથી. શુભભાવ મંદ મલિન પરિણામ છે તે મોક્ષનું કારણ નથી. દયા-દાનાદિને મોક્ષનું કારણ માને છે તે વીતરાગદેવને તથા તેમના શાસ્ત્રને માનતો નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય-પાપથી રહિત શુદ્ધ આત્માના અવલંબને શુદ્ધ ઉપયોગ પ્રગટે છે તેની ખબર નથી. આત્મામાં શુભ પરિણામ હો કે અશુભ પરિણામ હો -બન્ને અશુદ્ધ છે ને આત્માના આશ્રયે જે પરિણામ થાય તે શુદ્ધ છે. શુભ-અશુભ બન્ને આસ્રવ છે-બંધ છે, મોક્ષના કારણ નથી તેથી બન્નેને સમાન બતાવીએ છીએ.

પણ શુભ પરિણામમાં કષાય મંદ છે ને અશુભ પરિણામમાં તીવ્ર છે. તેથી જેને આત્માની દૃષ્ટિ થઈ છે તેને વ્યવહારની અપેક્ષાએ શુભને ઠીક કહ્યો છે. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને જ્ઞાનીને શુભપરિણામ થાય છે પણ જ્ઞાની તેને બંધનું કારણ માને છે. મુનિને ૨૮ મૂળગુણ પાલનનો વિકલ્પ આવે છે તે પુણ્ય-આસ્રવ છે, તે મોક્ષનું કારણ નથી, સ્વભાવ જ મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગ પણ મોક્ષનું કારણ વ્યવહારથી કહેવાય છે. વીતરાગી પર્યાય મોક્ષનું કારણ છે. અશુભ પરિણામથી તીવ્ર બંધ થાય છે ને શુભ પરિણામથી મંદ બંધ થાય છે તેથી જેને આત્માનું ભાન થયું છે તે જીવના માટે વ્યવહારથી શુભ પરિણામ ઠીક કહેલ છે. જ્ઞાની જીવ શુભ પરિણામને હેય સમજે છે, પણ સ્વરૂપમાં લીન ન થઈ શકે ત્યાં સુધી શુભ પરિણામ આવે છે તેથી વ્યવહારથી તેને ભલા કહ્યાં છે, પણ નિશ્ચયથી શુભને ભલા માને તો તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. અશુભ ભાવોમાં કષાય તીવ્ર થાય છે ને બંધ પણ ઘણો થાય છે ને શુભ ભાવોમાં કષાય મંદ થાય છે ને તેથી બંધ હીન થાય છે

એ પ્રમાણે અશુભની અપેક્ષાએ શુભને ભલો કહે છે.

રોગ તો થોડો અથવા ઘણો બૂરો છે. જેમ તાવ થોડો આવે તો પણ ખરાબ છે. ૯૯ ડીગ્રી તાવ છ-બાર માસ રહે તો ક્ષય રોગ થઈ જાય છે પરંતુ ઘણા રોગની અપેક્ષાએ થોડા રોગને ભલો કહીએ છીએ. તેમ કષાયમંદતાના પરિણામની રુચિ રાખે તો આત્માની પર્યાયમાં ક્ષય લાગુ પડે છે. શુભાશુભ રાગ બન્નેને હેય સમજવા છતાં સ્વરૂપમાં લીનતા ન હોય ત્યારે અશુભને છોડી શુભમાં પ્રવર્તવું યોગ્ય છે પણ શુભને છોડી અશુભમાં પ્રવર્તવું યોગ્ય નથી.

પોતાની પર્યાયમાં શુભ રાગ આવતો જ નથી એમ માને તો તેણે વ્યવહારને છોડ્યો કહેવાય છે. આત્માનું ભાન થયા પછી શુભ રાગ આવે છે એમ જાણવું તે વ્યવહાર છે પણ શુભ પરિણામ કરવા જેવા છે એવો એનો અર્થ નથી. શુભનો આદર કરે તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે. ને હું શુદ્ધ ચિદાનંદ છું એવું ભાન થયા પછી શુભ રાગ આવે છે પણ તે આવતો જ નથી એમ માને તો પણ મિથ્યાદષ્ટિ થઈ જાય છે, તેણે વ્યવહારને છોડ્યો છે; ને જે શુભ રાગ આવે છે તેથી ધર્મ માને તેણે નિશ્ચયને છોડ્યો છે. સમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધ આત્માને ઉપાદેય માને છે તે નિશ્ચય છે, ને જે શુભ રાગ આવે છે તેને જાણે છે તે વ્યવહાર છે.

શ્રી સમયસાર ગાથા ૧૨માં કહ્યું છે કે ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને જે શુભ રાગ આવે છે તેનું જ્ઞાન કરવું પણ શુભ રાગ આવે છે માટે નિશ્ચય ટકે છે એમ માનવું યથાર્થ નથી. શુદ્ધ સ્વભાવના અવલંબને નિશ્ચય પ્રગટે છે પણ અધૂરી દશામાં શુભ રાગ આવતો જ નથી એમ માને તો મિથ્યાદષ્ટિ છે.

આત્મા જ્ઞાનાનંદ છે, રાગ અપરાધ છે, આત્મા નિરપરાધ છે એવું ભાન થયા પછી શુભ પરિણામ આવે છે તેનું જ્ઞાન કરવું જોઈએ. આત્માનું ભાન થયા પછી શુભને છોડી અશુભ કરવું યોગ્ય નથી પણ જ્ઞાની શુભ અશુભ બન્નેને હેય સમજે છે. ધર્મી જીવને ચોથે ગુણસ્થાને નિર્વિકલ્પ આનંદકંદ આત્માનો અનુભવ થાય છે ને જે શુભ-અશુભ પરિણામ થાય તેને દુઃખરૂપ માને છે. શુભ રાગથી ધર્મ માનતો નથી. અજ્ઞાની જીવ પરથી તથા શુભથી ધર્મ માને છે. અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો પણ આત્મજ્ઞાન વિના સુખ પામ્યો નહિ. પોતાની પર્યાયમાં પુણ્ય-પાપ થાય છે તે બંધ છે. બંધ રહિત આત્માનું ભાન કરે નહિ તેને ધર્મ થતો નથી. શુભાશુભ રહિત શુદ્ધ ચિદાનંદનું ભાન કરી લીનતા ન કરી શકે ત્યાં સુધી શુભને છોડી અશુભમાં પ્રવર્તવું યોગ્ય નથી.

**પ્રશ્ન** : કામાદિક વા ક્ષુધાદિક મટાડવા અશુભ પરિણામ કરવા પડે છે, કર્યા વિના રહેવાતું નથી પણ શુભ પ્રવૃત્તિ તો ઈચ્છા કરીને કરવી પડે છે. હવે જ્ઞાનીને ઈચ્છા કરવી નથી માટે શુભનો ઉદ્યમ ન કરવો.



**ઉત્તર** : સમ્યગ્જ્ઞાનીને પોતાના શુદ્ધ આત્માની દૃષ્ટિ થઈ છે. જ્ઞાનાનંદના આશ્રયે યથાર્થ રીતે રાગ ઘટે છે. મિથ્યાદષ્ટિ જીવને પણ કોઈ વખતે શુક્લ લેશ્યાના પરિણામ આવે છે, તે અપૂર્વ નથી પણ આત્માના ભાનપૂર્વક શુદ્ધ પરિણામ થવા તે અપૂર્વ છે. પણ શુદ્ધતામાં લીન ન થાય ત્યાં સુધી શુભ પરિણામ આવે છે. તેમાં ઉપયોગ લાગવાથી વા તેના નિમિત્તથી વિરાગતા વધવાથી કામાદિક હીન થાય છે.

અશુભ પરિણામમાં સંક્લેશતા વધારે છે ને શુભ પરિણામથી ક્ષુધાદિકમાં સંક્લેશતા ઓછી છે. જે અજ્ઞાની જીવ એકાંત માને છે તેને ઉપદેશ આપે છે કે શુભ પરિણામમાં રાગમંદતા થાય છે ને સ્વભાવની દષ્ટિ હોય તો ધર્મ થાય છે. માટે શુભોપયોગનો અભ્યાસ કરવો યોગ્ય છે. વળી ઉદ્યમ કરવા છતાં પણ કામાદિક રહે વા ક્ષુધાદિક રહે તો થોડું પાપ લાગે તેમ કરવું. પણ શુભોપયોગ છોડી પાપરૂપ પ્રવર્તવું યોગ્ય નથી. વળી તું કહે છે કે જ્ઞાનીને ઈચ્છા નથી અને શુભોપયોગ ઈચ્છા કરવાથી થાય છે.

જેમ કોઈ પુરુષ જરા પણ ધન આપવા માગતા નથી પણ જ્યાં ઘણું દ્રવ્ય જતું જાણે ત્યાં ઈચ્છાપૂર્વક અલ્પ દ્રવ્ય આપવાનો ઉપાય કરે છે.

આ તો દૃષ્ટાંત છે. તેમ ધર્મી જીવને કષાયમંદતાની ભાવના નથી. આસ્રવની ભાવના કરે તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે પણ ધર્મી જીવ અશુભ ટાળી શુભમાં ઉપયોગ લગાવે છે. કર્મને લીધે વિકાર થતો નથી. કર્મને લીધે વિકાર માને તેને સ્વતંત્ર પરિણામની ખબર નથી. કર્મ જડ છે ને વિકારી પરિણામ ઔદયિકભાવ છે. તત્ત્વાર્થસૂત્રમાં ઔદયિકભાવને જીવનું સ્વતત્ત્વ કહેલ છે કેમ કે તે જીવની પર્યાયમાં થાય છે. કર્મ અજીવ તત્ત્વ છે. કર્મથી પુણ્ય-પાપ માને તેને સાત તત્ત્વની શ્રદ્ધા નથી, અજીવથી આસ્રવ માને તો સાત તત્ત્વ રહેતા નથી. અજ્ઞાની પરદ્રવ્યના સંગથી વિકાર માને છે, કર્મ અથવા પરદ્રવ્ય વિકાર કરાવતા નથી. પોતે વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય છે.

ધર્મીને આત્માનું ભાન છે પણ પૂર્ણ લીનતા થઈ નથી ત્યાં સુધી શુભ ભાવ આવે છે. જે વખતે જે અશુભ અથવા શુભ આવે છે તે આવે જ છે, એમાં ફેરફાર નથી પણ અજ્ઞાનીની દષ્ટિ સાચી નથી તેને સમજાવે છે. ધર્મી જીવ શુભ-અશુભ પરિણામનો જ્ઞાતા છે. વ્યક્ત રાગાદિ અસદ્ભૂત ઉપચરિત વ્યવહારનયનો વિષય છે ને અવ્યક્ત રાગાદિ અસદ્ભૂત અનુપચરિત વ્યવહારનયનો વિષય છે. જ્ઞાની તેને જાણે છે. અજ્ઞાની કહે છે કે દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તો પછી પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી? કર્મમાંથી આવી એમ માને છે, તેને પોતાની પર્યાયની સ્વતંત્રતાની ખબર નથી.

અહીં કહે છે કે અશુભ પરિણામમાં તીવ્ર ઊલટો પુરુષાર્થ છે ને શુભ પરિણામમાં મંદ ઊલટો પુરુષાર્થ છે ને શુદ્ધ પરિણામમાં સવળો પુરુષાર્થ છે. અજ્ઞાની શુભ પરિણામને ધર્મ માને છે અથવા કર્મથી વિકાર થયો માને છે અથવા શુભ પરિણામ આવતા જ નથી એમ માને છે તે બધી ભૂલ છે.

જ્ઞાની સમજે છે કે પર્યાયમાં જે વિકાર થાય છે તે મારા અપરાધથી છે, કર્મથી તે થતો નથી. ને જે વિકાર થાય છે તે મૂળ સ્વરૂપમાં નથી, મૂળ સ્વરૂપ તો જ્ઞાનાનંદ છે. એવા શ્રદ્ધા-જ્ઞાન કરવા તે નિશ્ચય છે ને જે શુભાશુભ રાગ આવે છે તેને જાણવો તે વ્યવહાર છે. આમ બન્નેનું જ્ઞાન કરવું તે પ્રમાણ છે. જ્ઞાની શુભાશુભને હેય માને છે પણ સ્વરૂપમાં સ્થિર ન રહી શકે ત્યારે ઘણા કષાયરૂપ અશુભ કાર્ય થતું જાણે ત્યાં ઈચ્છા કરીને પણ અલ્પ કષાયરૂપ શુભ કાર્ય કરવાનો ઉદ્યમ કરે છે.

### પ્ર.વૈશાખ વદ ૧, ગુરુવાર, ૩૦-૪-૫૩.

(આ મોક્ષમાર્ગ પ્રકાશકના વાંચનમાં, પૂર્વે જ્યારે અનેક યાત્રાળુઓ સોનગઢ આવતાં હતા ત્યારે પૃ. ૨૧૨થી ૨૧૮ સુધીનો ભાગ બાકી રાખીને આગળ વંચાયું હતું તેથી હવે તે બાકી રહેલો ભાગ વંચાય છે.) (નોંધ : મુમુક્ષુઓને સળંગ વાંચવા મળે એ હેતુથી પ્રકાશિત થયેલ તારીખને અવગણીને અત્રે મૂકેલ છે.)

### કેવળ નિશ્ચયાલંબી જીવની પ્રવૃત્તિ (મો.પ્ર. પૃ. ૨૨૧)

જેને આત્માની યથાર્થ પ્રતીતિ અને જ્ઞાન નથી પણ પોતાને જ્ઞાની માનીને સ્વચ્છંદે વર્તે છે એવા જીવની પ્રવૃત્તિનું આ વર્ણન છે. તે જીવ એક શુદ્ધાત્માને જાણવાથી જ્ઞાનીપણું હોય છે અન્ય કશાની જરૂર નથી એવું જાણી કોઈ વેળા એકાંતમાં બેસી ધ્યાનમુદ્રા ધારી ''હું સર્વ કર્મ ઉપાધિ રહિત સિદ્ધ સમાન આત્મા છું'' ઈત્યાદિ વિચાર વડે તે સંતુષ્ટ થાય છે. પણ એ વિશેષણ કેવી રીતે સંભવિત-અસંભવિત છે, તેનો વિચાર નથી; અથવા અચલ, અખંડિત અને અનુપમાદિ વિશેષણો વડે આત્માને ધ્યાવે છે પણ એ વિશેષણો તો અન્ય દ્રવ્યોમાં પણ સંભવે છે. વળી એ વિશેષણો કઈ અપેક્ષાએ છે, તેનો વિચાર નથી; કોઈ વેળા સૂતાં-બેસતાં જે તે અવસ્થામાં એવો વિચાર રાખી પોતાને જ્ઞાની માને છે; જ્ઞાનીને આસ્રવ-બંધ નથી, એમ આગમમાં કહ્યું છે, તેથી કોઈ વેળા વિષય કષાયરૂપ થાય છે ત્યાં બંધ થવાનો ભય નથી. માત્ર સ્વચ્છંદી બની રાગાદિરૂપ પ્રવર્તે છે. પર્યાયનો વિવેક કરતો નથી, સાત તત્ત્વને જાણતો નથી ને 'હું જ્ઞાની છું' -એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તે છે -તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે, તેને નિશ્ચયનું ભાન તો નથી પણ નિશ્ચયનું નામ લઈને માત્ર પોતાનો સ્વચ્છંદ પોષે છે.

પર્યાયમાં સિદ્ધદશા પ્રગટી ન હોવા છતાં 'હું કર્મ રહિત સિદ્ધ સમાન છું' એમ માની સંતુષ્ટ થાય છે. દ્રવ્યદૃષ્ટિથી આત્માને સિદ્ધ સમાન કહ્યો છે પણ એવી દૃષ્ટિ તો પ્રગટી નથી ને પર્યાયથી પોતાને સિદ્ધ માને છે, પર્યાયમાં રાગાદિ વિકાર થાય છે તેને તો જાણતો નથી. વળી અચલ, અખંડ, અનુપમ એવા વિશેષણથી આત્માનું ધ્યાન કરે છે, પણ એવું અચલપણું વગેરે તો જડમાં પણ સંભવે છે. જીવના સ્વભાવની તો ખબર નથી ને પર્યાયનો પણ વિવેક કરતો નથી અને કહે છે કે જ્ઞાનીને આસ્રવ-બંધ નથી એમ 'આગમમાં' કહ્યું છે; આગમનું નામ લ્યે છે પણ પોતાને તો તેવી દૃષ્ટિ પ્રગટી



નથી ને 'હું પણ જ્ઞાની છું' એવા અભિમાનથી સ્વચ્છંદે પ્રવર્તે છે. સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન-વૈરાગ્ય હોય છે, ત્યાં તેને દૃષ્ટિ અપેક્ષાએ અબંધ કહ્યા છે, પણ પર્યાયમાં જેટલો રાગ છે તેટલું તો બંધન છે.

અવિરત સમ્યગ્દૃષ્ટિ પોતાને દ્રવ્યદૃષ્ટિથી અબંધ જાણે છે પણ પર્યાયથી પોતાને તરણાતુલ્ય માને છે કે અહો ! મારી પર્યાયમાં હજી પામરતા છે. સ્વભાવની પ્રભુતા હોવા છતાં પર્યાયમાં હજી ઘણી અલ્પતા-પામરતા છે. અહો, ક્યાં કેવળીની દશા, ક્યાં સંત-મુનિઓનો પુરુષાર્થ ! અને ક્યાં મારી પામરતા ! -એમ સમ્યગ્દૃષ્ટિને પર્યાયનો વિવેક હોય છે. હજી સ્વભાવની દૃષ્ટિ કરીને પર્યાયમાં અનંતાનુબંધીનો અભાવ તો કર્યો નથી, જ્ઞાન-વૈરાગ્યનું પરિણમન તો થયું નથી -ને અભિમાનથી ક્રોધ-માન-માયાદિરૂપે સ્વચ્છંદે પ્રવર્તે છે. સમયસારમાં કહ્યું છે કે :

**અર્થ** : પોતાની મેળે જ ''હું સમ્યગ્દૃષ્ટિ છું, મને કદી પણ બંધ નથી'' એ પ્રમાણે ઊંચું ફુલાવ્યું છે મુખ જેણે, એવા રાગી વૈરાગ્યશક્તિ રહિત પણ આચરણ કરે છે તો કરો, તથા કોઈ પાંચ સમિતિની સાવધાનતાને અવલંબે છે તો અવલંબો, પરંતુ જ્ઞાનશક્તિ વિના હજી પણ તે પાપી જ છે, એ બન્ને આત્મા-અનાત્માના જ્ઞાન રહિતપણાથી સમ્યક્ત્વ રહિત જ છે.

જેને ચૈતન્યની રુચિ નથી, વિષયાદિથી ભિન્નતાનું ભાન પણ નથી, વિષય કષાયોમાં મીઠાસથી વર્તે છે ને વૈરાગ્યશક્તિથી રહિત છે -અને આત્માને પર્યાયથી પણ 'શુદ્ધ' માનીને અભિમાનથી સ્વચ્છંદે વર્તે છે તે પાપી જ છે, તેવા જીવો વ્રત-સમિતિ વગેરે કરે તો પણ તે નિશ્ચયથી પાપી જ છે. ચૈતન્યની દૃષ્ટિ નથી, અનંતાનુબંધી કષાયનો અભાવ થઈને વૈરાગ્યનું પરિણમન થયું નથી અને પોતાને સમ્યગ્દૃષ્ટિ માનીને પ્રવર્તે છે તો તે પાપી જ છે. કહ્યું છે કે :

**ज्ञानकला जिसके घट जागी,**
**ते जगमां सहज वैरागी।**
**ज्ञानी मगन विषयसुखमांही,**
**यह विपरीत संभवे नाही।**

જેના અંતરમાં ભેદજ્ઞાનરૂપી કળા જાગી છે, ચૈતન્યના આનંદનું વેદન થયું છે એવા જ્ઞાની ધર્માત્મા સહજ વૈરાગી છે, તે જ્ઞાની વિષય કષાયોમાં મગ્ન હોય એવું વિપરીતપણું સંભવતું નથી, જેને વિષયોમાં સુખબુદ્ધિ છે તે જીવ જ્ઞાની જ નથી. અંતરના ચૈતન્યસુખ સિવાય બધા વિષયસુખ પ્રત્યે જ્ઞાનીને ઉદાસીનતા હોય છે. હજી અંતરમાં આત્માનું ભાન ન હોય, તત્ત્વનો કાંઈ વિવેક ન હોય, વૈરાગ્ય ન હોય અને ધ્યાનમાં બેસીને પોતાને જ્ઞાની માને છે તે તો સ્વચ્છંદ સેવે છે, જ્ઞાન-વૈરાગ્યશક્તિ વિના તે પાપી જ છે. આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન જ તેને નથી. જો સ્વ-પરનું ભેદજ્ઞાન હોય તો પરદ્રવ્ય પ્રત્યે વૈરાગ્ય થયા વિના રહે નહિ.

**પ્રશ્ન** : મોહના ઉદયથી રાગાદિ થાય છે, પૂર્વે ભરત વગેરે જ્ઞાની થયા તેમને પણ વિષય કષાયનો રાગ તો હતો ?

**ઉત્તર** : જ્ઞાનીને હજી ચારિત્રમોહની અસ્થિરતા છે તેથી રાગાદિક થાય છે તે સત્ય છે પરંતુ ત્યાં રાગ કરવાનો અભિપ્રાય નથી, રુચિ નથી, બુદ્ધિપૂર્વક રાગ થતો નથી. બુદ્ધિપૂર્વક એટલે રુચિપૂર્વક-અભિપ્રાયપૂર્વક રાગાદિક ધર્મીને થતાં નથી, પણ જેને હજી રાગાદિક થવાનો કાંઈ પણ ખેદ નથી-ભય નથી અને રાગાદિકમાં સ્વચ્છંદે પ્રવર્તે છે તેને તો શ્રદ્ધા જ સાચી નથી. રાગ થાય છે તે બૂરો છે, દોષ છે. અરે ! પર્યાયમાં હજી પામરતા છે તેથી આ દોષ થઈ જાય છે. એમ પાપનો ભય હોય-પાપભીરુતા હોય, -એવા વિવેક વગર તો સમ્યગ્દષ્ટિપણું હોય જ નહિ. જેને પરભવનો કાંઈ ભય નથી તે તો મિથ્યાદષ્ટિ પાપી જ છે. ધર્મી જીવને રાગાદિક ભાવ કરવાનો અભિપ્રાય તો નથી, ને અસ્થિરતાના રાગને પણ ટાળવા માટે ચૈતન્ય તરફનો ઉદ્યમ વારંવાર કર્યા કરે છે. ભરત ચક્રવર્તી વગેરેને તો અંતરમાં રાગ રહિત દષ્ટિ હતી, ને અનંતાનુબંધીનો અભાવ હતો તેનું ઉદાહરણ લઈને મિથ્યાદષ્ટિ સ્વચ્છંદે પ્રવર્તે તો તો તેને તીવ્ર આસ્રવ-બંધ થશે. હું જ્ઞાની છું, મને કાંઈ દોષ લાગતો નથી -એમ માનીને જે સ્વચ્છંદી અને મંદ ઉદ્યમી થઈને પ્રવર્તે છે તે તો સંસારમાં ડૂબે છે. વળી પરદ્રવ્યથી જીવને દોષ લાગતો નથી -એમ કહ્યું છે, પણ એમ સમજે તે જ્ઞાની નિરર્ગલ-સ્વચ્છંદ પ્રવૃત્તિ કરતો નથી. પરદ્રવ્યથી દોષ લાગતો નથી -એમ સમજનારને પરદ્રવ્ય પ્રત્યે વૈરાગ્ય હોય છે. પરની રુચિ કરે, પરના કાર્યનું અભિમાન કરે, સ્વચ્છંદે પ્રવર્તે, તો ત્યાં પોતાના અપરાધથી બંધન થાય છે. પરદ્રવ્યના કર્તાપણાનો અભિપ્રાય તો કરે અને 'હું જ્ઞાતા છું' એમ કહે પણ એમ કદી બની શકે નહિ કેમ કે દ્ર

**करै करम साईं करतारा।**
**जो जानै सो जाननहारा॥**
**जो करता नहि जानै सोई।**
**जाने सो करता नहि होई॥**

કર્તાપણું માને તે જ્ઞાતા રહેતો નથી, ને જે જ્ઞાતા છે તે કર્તાપણું માનતો નથી. માટે પર્યાયમાં રાગદ્વેષાદિ વિકાર ભાવ થાય છે તેને બૂરાં જાણવા જોઈએ અને તે વિકારને છોડવાનો ઉદ્યમ કરવો જોઈએ. પહેલાં અશુભ-પાપ ભાવો છૂટી જાય ને શુભ થાય, પછી શુદ્ધોપયોગ થતાં વ્રતાદિનો શુભ રાગ પણ છૂટી જાય છે. માટે પર્યાયનો વિવેક રાખીને શુદ્ધોપયોગનો ઉદ્યમ રાખવો.

વળી કોઈ જીવ વ્યાપારાદિ વા સ્ત્રીસેવનાદિ કાર્યોને તો ઘટાડે છે પરંતુ શુભને હેય જાણી શાસ્ત્રાભ્યાસાદિક કાર્યોમાં પ્રવર્તતા નથી, અને વીતરાગભાવરૂપ શુદ્ધોપયોગને પણ પ્રાપ્ત થયા નથી, તે જીવ ધર્મ-અર્થ-કામ-મોક્ષરૂપ પુરુષાર્થથી રહિત થઈ આળસુ નિરુદ્યમી થાય છે. તેની નિંદા શ્રી પંચાસ્તિકાયની વ્યાખ્યામાં



કરી છે. ત્યાં દષ્ટાંત આવ્યું છે કે "જેમ ઘણી ખીર-ખાંડ ખાઈ પુરુષ આળસુ થાય છે, વા જેમ વૃક્ષ નિરુદ્યમી છે, તેમ તે જીવો આળસુ-નિરુદ્યમી થયા છે." હવે તેમને પૂછીએ છીએ કે -તમે બાહ્ય તો શુભ-અશુભ કાર્યોને ઘટાડ્યા પણ ઉપયોગ તો આલંબન વિના રહેતો નથી, તો તમારો ઉપયોગ ક્યાં રહે છે ? તે કહો. જો તે કહે કે 'આત્માનું ચિંતવન કરીએ છીએ.' તો શાસ્ત્રાદિ વડે અનેક પ્રકારના આત્માના વિચારોને તો તેં વિકલ્પ ઠરાવ્યા, તથા કોઈ વિશેષણથી આત્માને જાણવામાં ઘણો કાળ લાગે નહિ, કારણ કે વારંવાર એકરૂપ ચિંતવનમાં છદ્મસ્થનો ઉપયોગ લાગતો નથી. શ્રી ગણધરાદિકનો પણ ઉપયોગ એ પ્રમાણે રહી શકતો નથી, તેથી તેઓ પણ શાસ્ત્રાદિ કાર્યોમાં પ્રવર્તે છે, તો તારો ઉપયોગ શ્રી ગણધરાદિકથી પણ શુદ્ધ થયો કેમ માનીએ ? તેથી તારું કહેવું પ્રમાણ નથી. જેમ કોઈ વ્યાપારાદિકમાં નિરુદ્યમી થઈ વ્યર્થ જેમ તેમ કાળ ગુમાવે તેમ તું પણ ધર્મમાં નિરુદ્યમી થઈ પ્રમાદમાં એ જ પ્રમાણે વ્યર્થ કાળ ગુમાવે છે.

ચૈતન્યનો ઉદ્યમ કરે તેને વિષય કષાય સહેજે મંદ હોય છે. ચૈતન્યનો ઉદ્યમ કરતો નથી-સ્વાધ્યાયદિ કરતો નથી ને પ્રમાદી થઈને ઝાડની જેમ પડ્યો રહે છે, પણ ઉપયોગ તો શુભ કે અશુભમાં પ્રવર્તે છે. શ્રી ગણધરદેવ જેવાને પણ શુદ્ધોપયોગ લાંબો કાળ રહેતો નથી, તેમને પણ શાસ્ત્રાભ્યાસ વગેરેનો શુભ ભાવ આવે છે, તો તું શુદ્ધોપયોગમાં ક્યાંથી રહી શકે ? શુભ આવ્યા વિના રહેતો નથી, રાગના કાળે શુભમાં સ્વાધ્યાયાદિનો ઉદ્યમ ન કરે તો અશુભ-પાપભાવ થશે. માટે પરિણામનો વિવેક રાખવો જોઈએ. નિશ્ચયાભાસી અજ્ઞાની જીવ પરિણામનો વિવેક રાખ્યા વિના નિરુદ્યમી થાય છે ને જેમ તેમ પ્રમાદમાં જ કાળ ગુમાવે છે. અંતરમાં આનંદની વૃદ્ધિ થાય-ઘણી શાંતિ વધી જાય-એનું નામ શુદ્ધોપયોગ છે, પણ નિરુદ્યમી થઈને જેમ તેમ બેસી રહેવું તેનું નામ કાંઈ શુદ્ધોપયોગ નથી. ઘડીકમાં ચિંતવન જેવું કરે અને વળી વિષયોમાં પ્રવર્તે, ક્યારેક ભોજનાદિમાં પ્રવર્તે છે, પણ શાસ્ત્રનો અભ્યાસ, પૂજા-ભક્તિ વગેરે કાર્યોને રાગ કહીને છોડે છે-શુભમાં વર્તતો નથી ને અશુભમાં વર્તે છે અને શુદ્ધોપયોગની તો ખબર નથી. જેમ સ્વપ્નમાં કોઈ પોતાને રાજા માને છે તેમ તે નિશ્ચયાભાસી જીવ પણ સ્વચ્છંદે પોતાની કલ્પનાના ભ્રમથી જ પોતાને શુદ્ધોપયોગી-જ્ઞાની માનીને પ્રવર્તે છે. માત્ર શૂન્ય જેવો પ્રમાદી થવાનું નામ શુદ્ધોપયોગ ઠરાવી, ત્યાં ક્લેશ થોડો થવાથી જેમ કોઈ આળસુ બની પડ્યા રહેવામાં સુખ માને, તેમ તું આનંદ માને છે, અથવા જેમ કોઈ સ્વપ્નમાં પોતાને રાજા માની સુખી થાય તેમ તું પોતાને ભ્રમથી સિદ્ધ સમાન શુદ્ધ માનીને પોતાની મેળે જ આનંદિત થાય છે અથવા જેમ કોઈ ઠેકાણે રતિ માની કોઈ સુખી થાય, તેમ કાંઈક વિચાર કરવામાં રતિ માની સુખી થાય તેને તું અનુભવજનિત આનંદ કહે છે. વળી જેમ કોઈ, કોઈ ઠેકાણે અરતિ માની ઉદાસ થાય છે, તેમ વ્યાપારાદિક અને પુત્રાદિકને ખેદનું કારણ જાણી તેનાથી ઉદાસ રહે છે તેને તું વૈરાગ્ય માને છે, પણ એવા જ્ઞાન-વૈરાગ્ય તો કષાય ગર્ભિત છે.

પરનો દોષ માનીને તેનાથી ઉદાસીનતા કરે છે તે તો દ્વેષ છે. જ્ઞાનીને તો અંતરમાં ચૈતન્યના આનંદનો

અનુભવ થયો છે. ત્યાં નિરાકુળતા થઈ છે, તેથી તેમને પર પ્રત્યે સહેજે વૈરાગ્ય થઈ ગયો છે. અજ્ઞાનીને સાચો વૈરાગ્ય નથી. જ્ઞાનીને તો અંતરના સાચા આનંદનો અનુભવ થયો છે તેથી અંતરમાં વીતરાગરૂપ ઉદાસીન છે, ક્યાંય પરમાં સુખબુદ્ધિ સ્વપ્ને પણ રહી નથી; અંદરની શાંતિના અનુભવપૂર્વક યથાર્થ જ્ઞાન-વૈરાગ્ય જ્ઞાનીને હોય છે, તેને ક્ષણે ક્ષણે રાગ ઘટતો જાય છે. વેપારધંધો વગેરે છોડીને મનગમતાં ભોજન વગેરેમાં પ્રવર્તે છે ને તેમાં પોતાને સુખી માને છે તથા ત્યાં પોતાને કષાય રહિત માને છે, પરંતુ તે પ્રમાણે વિષયભોગમાં આનંદ માનવો તે તો આર્તધ્યાન-રૌદ્રધ્યાન છે - પાપ છે. ચૈતન્યના અનુભવપૂર્વક એવો વીતરાગ ભાવ પ્રગટે કે અનુકૂળ સામગ્રીમાં રાગ ન થાય ને પ્રતિકૂળ સામગ્રીમાં દ્વેષ ન થાય -ત્યારે જ કષાય રહિતપણું થયું કહેવાય.

### પ્ર.વૈશાખ વદ ૨, શુક્રવાર, ૧-૫-૫૩.

નિશ્ચયાનયાભાસી અજ્ઞાની જીવની વાત ચાલે છે. પોતાની પર્યાયમાં રાગાદિ થાય છે તેને જાણતો નથી અને એકાંત શુદ્ધ માનીને સ્વચ્છંદી બની વિષય કષાયમાં વર્તે છે. સુખ-દુઃખની બાહ્યસામગ્રીમાં રાગદ્વેષ ન થાય તેનું નામ વીતરાગતા છે પણ અંદરમાં દ્વેષભાવથી ત્યાગ કરે તે કાંઈ વીતરાગતા નથી. પ્રતિકૂળતાનો સંયોગ થાય ત્યાં અંદર કલેશના પરિણામ જ ન થાય ને સુખસામગ્રી મળતાં અંદર આનંદ ન માને -એવી ચૈતન્યમાં અંતર્લીનતા થાય તેનું નામ વીતરાગ ભાવ છે. હું તો જ્ઞાનાનંદ છું દ્રએવી દૃષ્ટિ થઈ, પછી તેમાં એકાગ્રતા થતાં એવો વીતરાગ ભાવ પરિણમી ગયો કે અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રીમાં રાગદ્વેષ ન ઊપજે, તેને બદલે પર્યાયમાં રાગદ્વેષ અલ્પજ્ઞતા છે તેને ન માને અને શુદ્ધતા જ માનીને ભ્રમથી વર્તે તે તો મિથ્યાદૃષ્ટિ છે.

વેદાંતી અને સાંખ્યમતી જીવને એકાંત શુદ્ધ માને છે તેમ નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ પણ પોતાની પર્યાયને જાણતો નથી ને એકાંત શુદ્ધ માને છે, એટલે તેને પણ વેદાંત જેવી જ શ્રદ્ધા થઈ, વેદાંતી તો અશુદ્ધતા માનતા જ નથી, સાંખ્યવાળા અશુદ્ધતા માને છે પણ તે કર્મથી જ થવાનું માને છે, તેમ નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ પણ પોતાને એકાંત શુદ્ધ માનીને અશુદ્ધતાને માનતા જ નથી અથવા અશુદ્ધતા કર્મની જ છે -એમ માને છે. એટલે તેને વેદાંત અને સાંખ્યનો ઉપદેશ ઇષ્ટ લાગે છે. જુઓ, નિશ્ચયનું યથાર્થ ભાન હોય અને તેનો આશ્રય કરે તો તો તે મોક્ષમાર્ગ છે. પણ આ તો નિશ્ચયને જાણતો નથી, નિશ્ચયનો આશ્રય કરતો નથી ને માત્ર નિશ્ચયનું નામ લઈને ભ્રમથી વર્તે છે, -એવા જીવની આ વાત છે. અનંત આત્માઓ ભિન્ન ભિન્ન, એકેક આત્મામાં અનંતા ગુણો, તે દરેકની સમય સમયની સ્વતંત્ર પર્યાય; ને તેમાં શુદ્ધતા તેમ જ વિકાર પણ પોતાના કારણે છે, ચૌદમા ગુણસ્થાન સુધી જીવની પર્યાયમાં અશુદ્ધતા છે - તે પોતાના કારણે છે એને માને નહિ ને પર્યાયમાં શુદ્ધ જ માની લ્યે તે તો નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી તો દ્રવ્યનો આશ્રય કરીને પર્યાયનો પણ વિવેક કરે છે.



વળી તે જીવોને એવું શ્રદ્ધાન છે કે કેવળ શુદ્ધાત્માના ચિંતવનથી તો સંવર-નિર્જરા થાય છે વા ત્યાં મુક્તાત્માના સુખનો અંશ પ્રગટ થાય છે; તથા જીવના ગુણસ્થાનાદિ અશુદ્ધ ભાવોનું વા પોતાના સિવાય અન્ય જીવ-પુદ્ગલાદિનું ચિંતવન કરવાથી આસ્રવ-બંધ થાય છે, માટે તે અન્ય વિચારથી પરાઙ્મુખ રહે છે. હવે એ પણ સત્ય શ્રદ્ધાન નથી. કારણ કે શુદ્ધ સ્વદ્રવ્યનું ચિંતવન કરો વા ન કરો અથવા અન્ય ચિંતવન કરો, પણ જો વીતરાગતા સહિત ભાવ હોય તો ત્યાં સંવર-નિર્જરા જ છે અને જ્યાં રાગાદિરૂપ ભાવ હોય ત્યાં આસ્રવ-બંધ છે; જો પરદ્રવ્યને જાણવાથી જ આસ્રવ-બંધ થાય તો કેવળી ભગવાન સમસ્ત પરદ્રવ્યને જાણે છે તેમને પણ આસ્રવ-બંધ થાય.

સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ છે, તે પરને જાણે તે કાંઈ આસ્રવ-બંધનું કારણ નથી. છતાં અજ્ઞાની એમ માને છે કે પરનો વિચાર કરશું તો આસ્રવ-બંધ થશે -એમ માનીને પરના વિચારથી દૂર રહેવા માગે છે, તે તેની માન્યતા જૂઠી છે. હા, ચૈતન્યના ધ્યાનમાં એકાગ્ર થઈ ગયો હોય તો તો પરદ્રવ્યનું ચિંતવન છૂટી જાય; પણ અજ્ઞાની તો જ્ઞાનનો ઉપયોગ જ બંધનું કારણ છે -એમ માને છે. જેટલો અકષાય વીતરાગ ભાવ થયો તેટલા સંવર-નિર્જરા છે ને જ્યાં રાગાદિ ભાવ છે ત્યાં આસ્રવ-બંધ છે. જો પરનું જ્ઞાન તે બંધનું કારણ હોય તો કેવળી ભગવાન તો સમસ્ત પદાર્થોને જાણે છે, છતાં તેમને બંધન જરા પણ થતું નથી, તેમને રાગદ્વેષ નથી માટે બંધન નથી. તે જ પ્રમાણે બધા જીવોને જ્ઞાન તે બંધનું કારણ નથી.

**પ્રશ્ન** : છદ્મસ્થને તો પરદ્રવ્ય ચિંતવન થતાં આસ્રવ-બંધ થાય છે.

**ઉત્તર** : એમ પણ નથી. કારણ કે શુક્લધ્યાનમાં મુનિજનોને પણ છ દ્રવ્યોના દ્રવ્ય-ગુણ-પર્યાયનું ચિંતવન હોવું નિરૂપણ કર્યું છે, અવધિ-મનઃપર્યયાદિમાં પણ પરદ્રવ્યને જાણવાની વિશેષતા હોય છે. વળી ચોથા ગુણસ્થાનમાં કોઈ પોતાના સ્વરૂપનું ચિંતવન કરે છે, તેને આસ્રવ-બંધ વધારે છે, તથા ગુણશ્રેણી નિર્જરા નથી; ત્યારે પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનમાં આહાર-વિહારાદિ ક્રિયા થતાં પરદ્રવ્ય ચિંતવનથી પણ આસ્રવ-બંધ થોડો થાય છે, વા ગુણશ્રેણી નિર્જરા થયા જ કરે છે. માટે સ્વદ્રવ્ય-પરદ્રવ્યના ચિંતવનથી નિર્જરા-બંધ નથી, પણ રાગાદિક ઘટતાં નિર્જરા છે તથા રાગાદિક થતાં બંધ છે. તને રાગાદિકના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી, તેથી અન્યથા માને છે.

શુક્લધ્યાનમાં ધ્યેયરૂપ તો એક આત્મદ્રવ્ય જ છે પણ ત્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ઉપયોગનું સંક્રમણ કહ્યું છે, છતાં તે જાણવાના કારણે રાગદ્વેષ કે બંધન નથી. અવધિજ્ઞાનમાં તો અસંખ્ય ચોવીસી જણાય, જાતિસ્મરણજ્ઞાન થાય તેમાં અનેક ભવો દેખાય, અહો ! પૂર્વભવમાં ભગવાન પાસે હતા ને ભગવાને આમ કહ્યું હતું -એમ બધું જણાય, પણ તે જાણપણું કાંઈ બંધનું કારણ નથી. સ્વરૂપની દૃષ્ટિ અને વીતરાગ ભાવ તે જ સંવર-નિર્જરાનું કારણ છે, ને મિથ્યાત્વ તથા રાગદ્વેષરૂપ ભાવ તે જ બંધનનું કારણ છે.

જુઓ, ચોથા ગુણસ્થાનવાળો નિર્વિકલ્પ ઉપયોગમાં હોય, ને પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનવાળો આહારાદિ શુભોપયોગમાં વર્તતો હોય છતાં ત્યાં ચોથા કરતાં આસ્રવ-બંધ થોડો છે ને સંવર-નિર્જરા વધારે છે કેમ કે તેમને અકષાય પરિણતિ વિશેષ છે. ચોથા ગુણસ્થાને અમુક અંશે તો ગુણશ્રેણી નિર્જરા છે, પણ પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનની અપેક્ષાએ તેને વિશેષ ગુણશ્રેણી નિર્જરા નથી. પાંચમા ગુણસ્થાનવાળો જીવ તિર્યંચ હોય ને લીલોતરી ખાતો હોય, અને તીર્થંકરનો જીવ ચોથા ગુણસ્થાને હોય, ત્યાં તિર્યંચના પાંચમા ગુણસ્થાનવાળા જીવને વિશેષ અકષાય ભાવ છે, ને સંવર-નિર્જરા પણ વિશેષ છે. માટે અંદરમાં ચૈતન્યનું અવલંબન વધતાં જેટલી અકષાય વીતરાગ પરિણતિ થઈ તેટલા આસ્રવ-બંધ નથી. જેટલા રાગદ્વેષ હોય તેટલા આસ્રવ-બંધ છે. છઠ્ઠા ગુણસ્થાનવાળાને નિદ્રા હોય ને ચોથા ગુણસ્થાનવાળો નિર્વિકલ્પ ધ્યાનમાં હોય છતાં છઠ્ઠા ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ છે ને ઘણી જ સંવર-નિર્જરા છે, કોઈ વાર શિષ્યને પ્રાયશ્ચિત્ત આપતા હોય-ઠપકો આપતા હોય કે અરે ! આ શું કર્યું ? છતાં તે વખતે ત્રણ કષાયનો અભાવ છે અને ચોથાવાળાને નિર્વિકલ્પ ધ્યાન વખતે ત્રણ કષાયો વિદ્યમાન છે, તેથી તેને સંવર-નિર્જરા થોડા છે ને આસ્રવ-બંધ વિશેષ છે.

શાંતિથી અને કરુણાથી ઉપદેશ આપે કે અરે ભાઈ ! તને આવો ભવ મળ્યો, આવો અવસર મળ્યો, તો હવે આવા દોષ છોડ ! તારું સુધાર ! -આમ ઉપદેશ આપતી વખતે તો મુનિને ત્રણ કષાયનો તો અભાવ જ છે, ને તેટલા પ્રમાણમાં બંધન થતું જ નથી. માટે પરદ્રવ્યનું જ્ઞાન તે બંધનું કારણ નથી, બંધનું કારણ તો મોહ છે. જેટલો મોહ ટળ્યો તેટલું બંધન નથી, જેટલો મોહ તેટલું બંધન છે.

**પ્રશ્ન** : જો એમ છે, તો નિર્વિકલ્પ અનુભવદશામાં નય-પ્રમાણ-નિક્ષેપાદિનો વા દર્શન-જ્ઞાનાદિનો પણ વિકલ્પ કરવાનો નિષેધ કર્યો છે, તેનું શું કારણ ?

**ઉત્તર** : જે જીવ એ જ વિકલ્પોમાં લાગી રહે છે, અને અભેદરૂપ એક પોતાના આત્માને અનુભવતા નથી, તેમને એવો ઉપદેશ આપ્યો છે કે એ સર્વ વિકલ્પો વસ્તુનો નિશ્ચય કરવા માટે કારણ છે, પણ વસ્તુનો નિશ્ચય થતાં એનું કાંઈ પ્રયોજન રહેતું નથી; માટે એ વિકલ્પોને પણ છોડી અભેદરૂપ એક આત્માનો અનુભવ કરવો, પણ એના વિચારરૂપ વિકલ્પોમાં ફસાઈ રહેવું યોગ્ય નથી. વળી વસ્તુનો નિશ્ચય થયા પછી પણ એમ નથી કે સામાન્યરૂપ સ્વદ્રવ્યનું ચિંતવન રહ્યા કરે, ત્યાં તો સ્વદ્રવ્ય વા પરદ્રવ્યનું સામાન્યરૂપ વા વિશેષરૂપ જાણવું થાય છે પણ તે વીતરાગતા સહિત થાય છે, અને તેનું જ નામ નિર્વિકલ્પ દશા છે.

વિકલ્પ આવે પણ વિકલ્પમાં જ ધર્મ માનીને અટકી રહે તો મિથ્યાદષ્ટિ છે. ભેદના આશ્રયે નિર્વિકલ્પ અનુભવ નહિ થાય. માટે નય-પ્રમાણ-નિક્ષેપના વિકલ્પો છોડ્યા છે પણ તેનું જ્ઞાન નથી છોડાવ્યું. વિકલ્પ છોડીને અભેદ આત્માનો અનુભવ કરાવવા માટે ઉપદેશ છે. અહીં તો એ બતાવવું છે કે



પરનું જ્ઞાન તે બંધનું કારણ નથી પણ મોહ જ બંધનું કારણ છે. સમ્યગ્દષ્ટિ ધર્મીને વસ્તુસ્વભાવનો અનુભવ થયો છે છતાં તેને નિર્વિકલ્પ દશા કાયમ રહેતી નથી, તેને પણ વિકલ્પ તો આવે છે પણ તેથી કાંઈ મિથ્યાત્વ થઈ જતું નથી. નિર્વિકલ્પ પ્રતીતિ થયા પછી સામાન્ય દ્રવ્યમાં જ ઉપયોગ રહ્યા કરે એવું નથી, સ્વદ્રવ્ય-પરદ્રવ્ય બધાને જાણે છે, પણ ત્યાં જેટલો વીતરાગ ભાવ છે તેટલી તો નિર્વિકલ્પ દશા જ છે, ઉપયોગ ભલે નિર્વિકલ્પ ન હોય, પણ જેટલો કષાય ટળીને વીતરાગ ભાવ થયો છે તેટલી નિર્વિકલ્પ દશા કાયમ છે.

**પ્રશ્ન** : દ્રવ્ય-ગુણ-પર્યાય, સ્વ-પર વગેરે અનેક પદાર્થોને જાણવામાં તો વિકલ્પ થયા, તો ત્યાં નિર્વિકલ્પ દશા કેવી રીતે સંભવે ?

**ઉત્તર** : નિર્વિચાર થવાનું નામ નિર્વિકલ્પતા નથી. છદ્મસ્થને વિચાર સહિત જાણવું હોય છે, તેનો અભાવ માનતા જ્ઞાનનો પણ અભાવ થાય ત્યારે એ તો જડપણું થયું, પણ આત્માને એ હોતું નથી, માટે વિચાર તો રહે છે. વળી જો એક સામાન્યનો જ વિચાર રહે છે, વિશેષનો નહિ એમ કહીએ, તો સામાન્યનો વિચાર તો ઘણો કાળ રહેતો નથી વા વિશેષની અપેક્ષા વિના સામાન્યનું સ્વરૂપ ભાસતું નથી.

અહીં નિશ્ચયાભાસી જીવની સામે આ કથન સમજાવ્યું છે. અનુભવમાં નિર્વિકલ્પ ઉપયોગ હોય તે વખતે તો પરદ્રવ્યનું કે ભેદનું ચિંતન હોતું નથી, પણ અહીં જેટલી વીતરાગી પરિણતિ થઈ છે તેને નિર્વિકલ્પ દશા કહી છે. પણ જે વિશેષને માનતો જ નથી અથવા વિશેષને જાણવું તે બંધનું કારણ માને છે ને એકલા સામાન્યને જ માને છે, તેને અહીં કહે છે કે વિશેષ વગર સામાન્યનો નિર્ણય જ ન થાય, વિશેષને જાણવું તે કાંઈ દોષ નથી. સ્વ અને પર બન્નેને તથા સામાન્ય વિશેષ બન્નેને યથાર્થ જાણ્યા વિના સમ્યગ્જ્ઞાન જ થાય નહિ.

તે નિશ્ચયાભાસી જીવ સમયસારનો આધાર લઈને એમ કહે છે કે સમયસારમાં એમ કહ્યું છે કેઃ

**भावयेत् भेदविज्ञानमिदमच्छिन्न धारया ।**
**तावद्यावत्पराच्च्युत्वा, ज्ञानं ज्ञाने प्रतिष्ठते ॥**

**અર્થ** : આ ભેદવિજ્ઞાન ત્યાં સુધી નિરંતર ભાવવું કે જ્યાં સુધી જ્ઞાન પરથી છૂટી જ્ઞાનમાં સ્થિર થાય, માટે ભેદવિજ્ઞાન છૂટતાં પરનું જાણવું મટી જાય છે, કેવળ પોતે પોતાને જ જાણ્યા કરે છે.

હવે ત્યાં તો આમ કહ્યું છે કે પૂર્વે સ્વ-પરને એક જાણતો હતો, પછી એ બન્ને જુદા જાણવા માટે ભેદવિજ્ઞાનને ત્યાં સુધી જ ભાવવું યોગ્ય છે કે જ્યાં સુધી જ્ઞાન પરરૂપને ભિન્ન જાણી પોતાના સ્વરૂપમાં જ નિશ્ચિત થાય, પણ તે પછી ભેદવિજ્ઞાન કરવાનું પ્રયોજન રહેતું નથી; પરને પરરૂપ અને આપને આપરૂપ સ્વયં જાણ્યા જ કરે છે, પણ અહીં એમ નથી કે પરદ્રવ્યને જાણવાનું જ મટી

જાય છે. કારણ કે પરદ્રવ્યને જાણવા વા સ્વદ્રવ્યના વિશેષો જાણવાનું નામ વિકલ્પ નથી. તો કેવી રીતે છે ? તે કહીએ છીએ. રાગદ્વેષ વશથી કોઈ જ્ઞેયને જાણવામાં ઉપયોગ લગાવવો વા કોઈ જ્ઞેયને જાણતાં ઉપયોગને છોડાવવો દ્વએ પ્રમાણે વારંવાર ઉપયોગને ભમાવવો તેનું નામ વિકલ્પ છે. તથા જ્યાં વીતરાગરૂપ થઈ જેને જાણે છે તેને યથાર્થ જાણે છે, અન્ય અન્ય જ્ઞેયને જાણવા માટે ઉપયોગને ભમાવતો નથી ત્યાં નિર્વિકલ્પ દશા જાણવી.

પરનું જાણવું છૂટી જાય ને એકલા આત્માને જ જાણ્યા કરે -તેનું નામ કાંઈ ભેદજ્ઞાન નથી પણ સ્વ-પર બન્નેને જાણવા છતાં સ્વને સ્વરૂપે જ જાણે ને પરને પરરૂપે જાણે -તેનું નામ ભેદજ્ઞાન છે. સ્વ-પરને એકપણે માનવા તે મિથ્યાત્વ છે પણ પરને પરરૂપે જાણવું તે તો યથાર્થ જ્ઞાન છે, તે કાંઈ દોષ નથી, સ્વ-પરને જાણવાનો જ્ઞાનનો વિકાસ થયો તે બંધનું કારણ નથી. પરને જાણવાનું જ મટી જાય -એમ નથી. સ્વને સ્વરૂપે જાણવું ને પરને પરરૂપે જાણવું તે કાંઈ વિકલ્પ કે રાગદ્વેષ નથી પણ રાગદ્વેષપૂર્વક જાણવું થાય ત્યાં વિકલ્પ છે. છદ્મસ્થને પરને જાણતી વખતે વિકલ્પ હોય છે તે તો રાગદ્વેષને કારણે છે પણ કાંઈ જ્ઞાનને કારણે વિકલ્પ નથી. માટે જેટલા રાગદ્વેષ મટ્યા ને વીતરાગતા થઈ તેટલી તો નિર્વિકલ્પ દશા છે -એમ જાણવું. અહીં ઉપયોગ અપેક્ષાએ નિર્વિકલ્પતાની વાત નથી, મિથ્યાદૃષ્ટિ જીવ પર્યાયનો તો વિચાર કરતો નથી, પર્યાયમાં કેટલા રાગદ્વેષ છે તે વિચારતો નથી અને ઉપયોગને સ્વમાં નિર્વિકલ્પ રાખવાનું માને છે -પણ છદ્મસ્થનો ઉપયોગ એકલા સ્વદ્રવ્યમાં સ્થિર રહેતો નથી અને ઉપયોગનો તો સ્વ-પરને જાણવાનો સ્વભાવ છે. તે ઉપયોગ બંધનનું કારણ નથી પણ રાગદ્વેષ જ બંધનનું કારણ છે -એમ જાણવું.

**પ્રશ્ન** : છદ્મસ્થનો ઉપયોગ તો નાના જ્ઞેયોમાં અવશ્ય ભમે, તો ત્યાં નિર્વિકલ્પતા કઈ રીતે સંભવે?

**ઉત્તર** : જેટલો કાળ એક જાણવારૂપ રહે તેટલો કાળ નિર્વિકલ્પતા નામ પામે, સિદ્ધાંતમાં ધ્યાનનું લક્ષણ પણ એવું જ કહ્યું છે. યથા **एकाग्र चिंतानिरोधो ध्यानम्** (મોક્ષશાસ્ત્ર અ.૮, સૂત્ર ૨૧) અર્થાત્ -એકનું મુખ્ય ચિંતવન હોય તથા અન્ય ચિંતવન રોકાય તેનું નામ ધ્યાન છે. સૂત્રની સર્વાર્થસિદ્ધિ ટીકામાં તો આમ વિશેષ કહ્યું છે કે -''જો સર્વ ચિંતા રોકવાનું નામ ધ્યાન હોય તો અચેતનપણું થઈ જાય.'' વળી એવી પણ વિવક્ષા છે કે સંતાન અપેક્ષા નાના જ્ઞેયનું જાણવું થાય પરંતુ જ્યાં સુધી વીતરાગતા રહે અર્થાત્ રાગાદિક વડે પોતે ઉપયોગને ભમાવે નહિ ત્યાં સુધી નિર્વિકલ્પદશા કહીએ છીએ.

**પ્રશ્ન** : જો એમ છે, તો પરદ્રવ્યોથી છોડાવી ઉપયોગને સ્વરૂપમાં લગાવવાનો ઉપદેશ શા માટે આપ્યો છે ?

**ઉત્તર** : જે શુભ-અશુભ ભાવોના કારણરૂપ પરદ્રવ્ય છે, તેમાં ઉપયોગ લાગતાં જેને રાગદ્વેષ થઈ આવે છે તથા સ્વરૂપ ચિંતવન કરે તો રાગદ્વેષ ઘટે છે, એવી નીચલી અવસ્થાવાળા જીવોને પૂર્વોક્ત ઉપદેશ છે. જેમ કોઈ સ્ત્રી વિકાર ભાવથી કોઈના ઘેર જતી હતી તેને મનાઈ કરી કે પરઘેર ન જા, ઘરમાં બેસી રહે; પણ જે સ્ત્રી નિર્વિકાર ભાવથી કોઈના ઘેર જાય અને યથાયોગ્ય પ્રવર્તે તો કાંઈ દોષ નથી; તેમ ઉપયોગરૂપ પરિણતિ રાગદ્વેષ ભાવથી પરદ્રવ્યોમાં પ્રવર્તતી હતી તેને મના કરી કહ્યું કે 'પરદ્રવ્યોમાં ન પ્રવર્ત, સ્વરૂપમાં મગ્ન રહે' પણ જે ઉપયોગરૂપ પરિણતિ વીતરાગ ભાવથી પરદ્રવ્યોને જાણી યથાયોગ્ય પ્રવર્તે તો તેને કાંઈ દોષ નથી.



ગણધરાદિક ઋદ્ધિધારક મુનિઓ અંતર્મુહૂર્તમાં બાર અંગની સ્વાધ્યાય વચનથી બોલીને કરે, છતાં ત્યાં આકુળતા નથી-રાગદ્વેષ નથી; ને ચોથા ગુણસ્થાનવાળો મૌનપણે વિચારમાં બેઠો હોય છતાં ત્યાં રાગદ્વેષ વિશેષ છે-તેથી આકુળતા છે માટે પરદ્રવ્ય કાંઈ રાગદ્વેષનું કારણ નથી. પરના જ્ઞાનનો નિષેધ નથી કર્યો પણ પર પ્રત્યે રાગદ્વેષનો નિષેધ કર્યો છે -એમ જાણવું.

## પ્ર.વૈશાખ વદ ૩, શનિવાર, ૨-૫-૫૩.

જેને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની ખબર નથી છતાં પોતાને જ્ઞાની માને છે, તથા પરદ્રવ્યના જ્ઞાનને રાગદ્વેષનું કારણ માનીને ત્યાંથી ઉપયોગને છોડાવવા માગે છે તે અજ્ઞાની છે. ખરેખર જ્ઞાન કાંઈ રાગદ્વેષનું કારણ નથી. જે જીવને રાગદ્વેષ થાય છે તે પોતાના અપરાધથી થાય છે, પણ ગુણસ્થાન-માર્ગણાસ્થાન વગેરેને જાણવા તે તો જ્ઞાનની નિર્મળતાનું કારણ છે, તે કાંઈ રાગદ્વેષનું કારણ નથી. પરદ્રવ્ય તો રાગદ્વેષનું કારણ નથી પણ જેને રાગદ્વેષ થઈ આવે છે તે પરદ્રવ્યને રાગદ્વેષનું નિમિત્ત બનાવે છે.

**પ્રશ્ન** : જો એમ છે તો મહામુનિ, પરિગ્રહાદિના ચિંતવનનો ત્યાગ શા માટે કરે છે ?

**ઉત્તર** : જેમ વિકાર રહિત સ્ત્રી કુશીલના કારણરૂપ પર ઘરોનો ત્યાગ કરે છે, તેમ વીતરાગ પરિણતિ રાગદ્વેષના કારણરૂપ પરદ્રવ્યોનો ત્યાગ કરે છે, પણ જે વ્યભિચારના કારણ નથી એવા પર ઘર જવાનો ત્યાગ નથી; તેમ જે રાગદ્વેષના કારણ નથી એવા પરદ્રવ્ય જાણવાનો ત્યાગ નથી. ત્યારે તે કહે છે કે જેમ સ્ત્રી પ્રયોજન જાણી પિતાદિકને ઘેર જાય તો ભલે જાય પણ પ્રયોજન વિના જેના તેના ઘેર જવું તે યોગ્ય નથી; તેમ પરિણતિને પ્રયોજન જાણી સપ્ત તત્ત્વોનો વિચાર કરવો તો યોગ્ય છે પરંતુ વિના પ્રયોજન ગુણસ્થાનાદિકનો વિચાર કરવો યોગ્ય નથી. તેનું **સમાધાન** :- જેમ સ્ત્રી પ્રયોજન જાણી પિતાદિ વા મિત્રાદિકના ઘેર પણ જાય છે, તેમ પરિણતિ તત્ત્વોના વિશેષ જાણવાના કારણરૂપ ગુણસ્થાનાદિક અને કર્માદિકને પણ જાણે છે.

મોક્ષપાહુડમાં કહ્યું છે કે મુનિઓને તો સ્વભાવનું જ વિશેષ ચિંતવન હોય છે, તેઓ સંઘ, શિષ્ય વગેરે પરદ્રવ્યના ચિંતવનમાં વિશેષ રોકાતા નથી. પરદ્રવ્યોનો વિચાર છોડીને જ્ઞાનાનંદ આત્માનું ધ્યાન કરવું -એમ શાસ્ત્રમાં કહ્યું છે, પણ તેનો અર્થ કાંઈ એમ નથી કે પરદ્રવ્યનું જ્ઞાન રાગદ્વેષનું કારણ છે ! અહીં નિશ્ચયાભાસી જીવની સામે આ કથન છે. ધર્મીને પણ ગુણસ્થાન-માર્ગણાસ્થાન, કર્મોની પ્રકૃતિ વગેરેનો સૂક્ષ્મ વિચાર આવે, તેને બદલે નિશ્ચયાભાસી કહે છે કે આપણે તો શુદ્ધ આત્માનો

જ અનુભવ કરવો ને વિકલ્પ ન આવવા દેવો, પણ તેને પોતાની પર્યાયના વ્યવહારનો વિવેક નથી. નિર્વિકલ્પ ધ્યાન વધારે વખત રહી શકે નહિ, ગણધરદેવને પણ શુભ વિકલ્પ તો આવે છે ને દિવ્યધ્વનિ સાંભળે છે. દેવ-ગુરુની ભક્તિ, શાસ્ત્રસ્વાધ્યાય વગેરેને ભાવ આવે ને જ્ઞાનનો ઉપયોગ તે તરફ જાય, પણ તેથી કાંઈ રાગદ્વેષ વધી જતા નથી. તીર્થંકરો વગેરેને જાતિસ્મરણજ્ઞાન થાય ને પૂર્વ ભવો જણાય, -ત્યાં ભવને જાણવા તે કાંઈ રાગદ્વેષનું કારણ નથી. જ્ઞાનનો સ્વભાવ તો જાણવાનો જ છે, તેથી જ્ઞાન બધાને જાણે છે. જ્ઞાન કોને ન જાણે ? જ્ઞાન કરવું તે કાંઈ દોષ નથી. ગુણસ્થાન વગેરેને જાણતી વખતે શુભ રાગ હોય છે પણ તે તો પોતાની પરિણતિ હજી વીતરાગી નથી થઈ તે કારણે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે ભાવશ્રુતજ્ઞાનના અવલંબનપૂર્વક શાસ્ત્રનો અભ્યાસ કરવો. મુનિવરો આગમચક્ષુવાળા છે એટલે આગમજ્ઞાન દ્વારા બધા તત્ત્વોને દેખે છે. માટે કર્મ વગેરેને જ્ઞાન જાણે છે -તે દોષ નથી.

અહીં એમ જાણવું કે જેમ શીલવતી સ્ત્રી ઉદ્યમ કરીને તો વિટપુરુષના સ્થાનમાં જતી નથી, પણ પરવશતાથી જવું બની જાય, અને ત્યાં કુશીલ ન સેવે, તો તે સ્ત્રી શીલવતી જ છે; તેમ વીતરાગ પરિણતિ ઉપાય કરીને તો રાગાદિકના કારણરૂપ પરદ્રવ્યોમાં લાગે નહિ, પણ સ્વયં તેનું જાણવું થઈ જાય, અને ત્યાં રાગાદિક ન કરે તો તે પરિણતિ શુદ્ધ જ છે. તેમ સ્ત્રી આદિનો પરિષહ મુનિજનોને હોય અને તેને તેઓ જાણે જ નહિ, માત્ર પોતાના સ્વરૂપનું જાણવું જ રહે એમ માનવું મિથ્યા છે; તેને તેઓ જાણે તો છે, પરંતુ રાગાદિક કરતાં નથી. એ પ્રમાણે પરદ્રવ્યોને જાણવા છતાં પણ વીતરાગ ભાવ હોય છે, એવું શ્રદ્ધાન કરવું.

જે એકાંત એમ માને છે કે પરદ્રવ્યને જાણવું તે રાગદ્વેષનું કારણ છે -તો તેની સામે આ ખુલાસો કર્યો છે. છદ્મસ્થના જ્ઞાનનો ઉપયોગ સ્વરૂપમાં સ્થિર રહી શકતો નથી. મુનિ હોય ને સામે દેવાંગના આવીને ઊભી હોય -અનેક પ્રકારની ચેષ્ટા દ્વારા મુનિને ઉપસર્ગ કરતી હોય તેને મુનિ દેખે છતાં મુનિને રાગદ્વેષ થતાં નથી -તો કાંઈ અપરાધ નથી, ને બીજો જીવ સ્ત્રીને જાણતાં રાગી દ્વેષી થઈ જાય છે. જુઓ, સ્ત્રીને તો બન્ને જાણે છે, છતાં એકને રાગદ્વેષ થતાં નથી ને બીજાને રાગદ્વેષ થાય છે. માટે પરદ્રવ્યને જાણવાં તે કાંઈ રાગદ્વેષનું કારણ નથી.

પૃથ્વી ફરે છે -એમ લૌકિકમાં કહે છે તે મિથ્યા છે. ધર્મી જીવ સર્વજ્ઞના આગમથી જાણે છે કે આ પૃથ્વી તો સ્થિર છે, ને સૂર્ય ફરે છે; અસંખ્યાત દ્વીપ-સમુદ્ર વગેરેને ધર્મી જીવ આગમથી જાણે છે, તે કાંઈ રાગદ્વેષનું કારણ નથી.

મુનિરાજ ધ્યાનમાં હોય ને સિંહણ આવીને ખાઈ જતી હોય, ત્યાં મુનિને વિકલ્પ ઊઠતાં તે ખ્યાલમાં આવી જાય, પણ દ્વેષ ન થાય. શરીરમાં રોગ થાય ને મુનિને તે ખ્યાલમાં આવી જાય, પણ તેથી મુનિને દેહ ઉપર રાગ થતો નથી. માટે અહીં એમ સિદ્ધ કરવું છે કે પરદ્રવ્યને જાણવા છતાં મુનિવરોને રાગદ્વેષ અલ્પ જ હોય છે ને સમકિતીને ચોથા ગુણસ્થાને સ્વદ્રવ્યમાં ઉપયોગ હોય તે વખતે પણ



મુનિ કરતાં તેમને વિશેષ રાગદ્વેષ છે. માટે સ્વદ્રવ્યમાં ઉપયોગ હો કે પરદ્રવ્યમાં ઉપયોગ હો -તેના ઉપરથી રાગદ્વેષનું માપ નથી.

**પ્રશ્ન** : જો એમ છે, તો શાસ્ત્રમાં આત્માનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એમ શા માટે કહ્યું છે ?

**ઉત્તર** : અનાદિકાળથી પરદ્રવ્યોમાં પોતાનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ હતું તેને છોડાવવા માટે એ ઉપદેશ છે. પોતાનામાં પોતાનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ થતાં અને પરદ્રવ્યમાં રાગદ્વેષાદિ પરિણતિ કરવાનું શ્રદ્ધાન, જ્ઞાન વા આચરણ મટી જતાં સમ્યગ્દર્શનાદિક થાય છે; પણ જો પરદ્રવ્યનું પરદ્રવ્યરૂપ શ્રદ્ધાનાદિ કરવાથી સમ્યગ્દર્શનાદિ ન થતાં હોય, તો કેવળી ભગવાનને પણ તેનો અભાવ થાય. જ્યાં પરદ્રવ્યને બૂરાં જાણવા તથા નિજદ્રવ્યને ભલું જાણવું ત્યાં તો રાગદ્વેષ સહજ જ થયો, પણ જ્યાં આપને આપરૂપ તથા પરને પરરૂપ યથાર્થ જાણ્યા કરે ત્યાં રાગદ્વેષ નથી. તથા તેમ જ શ્રદ્ધાનાદિરૂપ પ્રવર્તે ત્યારે જ સમ્યગ્દર્શનાદિક હોય છે એમ જાણવું.

અજ્ઞાની જીવને અનાદિથી આત્માના જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ નથી, તેથી તેને આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ કરવાનો ઉપદેશ કરવામાં આવે છે. તું પરદ્રવ્યની એકાગ્રતા છોડીને તારા આત્માની શ્રદ્ધા કર, તારા આત્માને જાણ ને તારા આત્મામાં એકાગ્ર થા; -આમ ઉપદેશ કર્યો છે. પણ તેનો અર્થ એવો નથી કે પરદ્રવ્ય દોષ કરાવે. પરદ્રવ્ય બૂરું છે એમ માનવું તે તો મિથ્યાત્વ છે. અહિંસા તે વીરનો ધર્મ છે. માટે જેનું શરીર બળવાન-પુષ્ટ હોય તે જ અહિંસાધર્મ પાળી શકે –એમ અજ્ઞાની માને છે. પણ અરે ભાઈ ! અહિંસાધર્મ તે કાંઈ શરીરમાં રહેતો હશે કે આત્મામાં ? વીરતા તો આત્મામાં છે કે શરીરમાં ? પુષ્ટ શરીર ન હોય ને દૂબળું શરીર હોય તો શું અહિંસાનો ભાવ ન થાય ? અહિંસાને શરીર સાથે શું સંબંધ છે ? અજ્ઞાની પરદ્રવ્યથી જ ધર્મ માનીને ત્યાં રોકાય છે, પણ સ્વદ્રવ્યના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરતો નથી. માટે તેને કહે છે કે તું તારા આત્માના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કર ને પરદ્રવ્યના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા છોડ ! પરદ્રવ્ય બૂરાં છે -એમ નથી. પરદ્રવ્યને બૂરાં માનવા તે તો દ્વેષનો અભિપ્રાય થયો. સ્વને સ્વપણે ને પરને પરપણે જેમ છે તેમ જાણવા તે સમ્યગ્જ્ઞાન છે. પરને પર જાણવા ને સ્વને સ્વ જાણવું તેમાં રાગદ્વેષ ક્યાં આવ્યો ? પરને કારણે મને લાભ થાય અથવા પરને કારણે મને નુકસાન થાય -એમ માને તો તે રાગદ્વેષ છે. અજ્ઞાની માને છે કે 'અન્ન એવું મન' -પણ એમ નથી. અન્નના પરમાણુ તો પુદ્ગલ છે અને મન તો જીવની પર્યાય છે. પરદ્રવ્યથી આત્માનો ભાવ સારો રહે -એમ છે જ નહિ. આમ ભેદવિજ્ઞાનપૂર્વક પોતાના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ થાય અને પરદ્રવ્યમાં રાગદ્વેષ પરિણામ કરવાના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ મટે ત્યારે સમ્યગ્દર્શનાદિ થાય છે. પરદ્રવ્ય-નિમિત્ત મારામાં અકિંચિત્કર છે -એમ જણાવવા માટે આત્માના શ્રદ્ધાનાદિ તે જ સમ્યગ્દર્શનાદિ છે પણ પરદ્રવ્ય જાણતાં રાગાદિ થઈ જાય છે -એમ નથી. પરદ્રવ્યના

જ્ઞાનનો નિષેધ નથી; પરમાં લાભ-હાનિની બુદ્ધિ કરી રાગાદિ કરવા તે મિથ્યા શ્રદ્ધાનાદિ છે. પ્રવચનસાર ગાથા ૨૪૨માં જ્ઞેય અને જ્ઞાતાના સ્વરૂપની યથાવત્ પ્રતીતિને સમ્યગ્દર્શન કહ્યું છે. જો પરદ્રવ્યનું પરદ્રવ્યરૂપ શ્રદ્ધાનાદિ કરવાથી સમ્યગ્દર્શનાદિ થતાં ન હોય તો કેવળજ્ઞાનીને તે સમ્યગ્દર્શનાદિનો અભાવ થઈ જાય!

પરદ્રવ્યને બૂરું જાણવું તથા નિજદ્રવ્યને ભલું જાણવું તે તો મિથ્યાત્વ સહિતના રાગદ્વેષ સહજ જ થયા. જગતમાં કોઈ પરદ્રવ્ય, દેવ-ગુરુ-શાસ્ત્ર ખરેખર ઈષ્ટ-લાભદાયક છે અને સ્ત્રી-પુત્રાદિ અનિષ્ટ છે -એમ માનનાર મિથ્યાદષ્ટિ છે. પોતાને પોતારૂપ અને પરને પરરૂપ યથાર્થપણે ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ રહિતપણે જાણ્યા કરે ત્યાં રાગદ્વેષ નથી, તથા તે જ પ્રમાણે શ્રદ્ધાનાદિરૂપ પ્રવર્તે ત્યારે જ સમ્યગ્દર્શનાદિ થાય છે -એમ જાણવું. માટે વિશેષ શું કહેવું ? રાગથી લાભ થાય એમ જૈનદર્શનમાં-વસ્તુસ્વભાવમાં-છે જ નહિ. જેમ રાગાદિ મટાડવાનું શ્રદ્ધાન થાય તે જ સમ્યગ્દર્શન છે, જેમ રાગાદિ મટાડવાનું જાણવું થાય તે જ સમ્યગ્જ્ઞાન છે અને જેમ રાગાદિ મટાડવાનું આચરણ થાય તે જ સમ્યક્ચારિત્ર છે -અને એ જ મોક્ષમાર્ગ છે. એ પ્રમાણે નિશ્ચયનયના આભાસ સહિત એકાંત પક્ષધારી જૈનાભાસોના મિથ્યાત્વનું નિરૂપણ કર્યું.

## માહ વદ ૧૩, ગુરુવાર, ૧૨-૨-૫૩.

જે નિશ્ચય એકાંત માને છે અથવા વ્યવહાર એકાંત માને છે તે મિથ્યાદષ્ટિ છે. ભગવાન તીર્થંકરદેવે જેવું વસ્તુસ્વરૂપ છે તેવું કહ્યું છે. સ્વભાવની દષ્ટિ કરવી તે નિશ્ચયધર્મ છે. સંયોગ, કર્મ ને શરીરથી ભિન્ન છું, વર્તમાનમાં પુણ્ય-પાપ થાય છે તે ઉપાધિ છે તેથી પણ હું રહિત છું એવું ભાન થવું તે સમ્યગ્દર્શન છે. શ્રી સમયસાર ગાથા ૧૪-૧૫માં જે વાત કરી છે તેમાં જિનશાસન ભરેલું છે. નિશ્ચયનું ભાન થયા પછી રાગનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

વ્યવહાર અભૂતાર્થ છે. આત્માની પર્યાયમાં શુભાશુભ પરિણામ થાય છે તે અભૂતાર્થ છે. નિમિત્ત, શરીર, કર્મનો તો આત્મામાં અત્યંત અભાવ છે પણ પોતાની પર્યાયમાં દયા, દાનાદિના પરિણામ થાય છે તે વ્યવહારનો વિષય છે. તેને વ્યવહાર તરીકે ન માને તે વ્યવહારને ઉડાડે છે, ને વ્યવહારથી નિશ્ચય પ્રગટે એમ માને તે નિશ્ચયને ઉડાડે છે. આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે અનંત શક્તિનો પિંડ છે. આત્મા એક સમયમાં પરિપૂર્ણ આનંદકંદ સત્ છે તેની દષ્ટિ કરી રાગ રહિત થવું ને પર્યાયને સામાન્ય સન્મુખ કરવી તે ભૂતાર્થ છે. પુણ્ય-પાપ અભૂતાર્થ છે ને ગુણ-ગુણી ભેદ કરવા તે પણ અભૂતાર્થ છે. વર્તમાન પર્યાયને ગૌણ કરી તેને અભૂતાર્થ કહેલ છે. આત્મા પરથી બંધાયેલો કે સ્પર્શાયેલો નથી, અનેક વ્યંજનપર્યાય થાય છે તે અભૂતાર્થ છે, જ્ઞાન-દર્શનાદિની અર્થપર્યાયો, ગુણ-ગુણીના ભેદો, કષાયથી થતું દુઃખ - એ બધું અભૂતાર્થ છે. એકરૂપ સામાન્ય સ્વભાવ ભૂતાર્થ છે. શુદ્ધનયનો વિષય સામાન્ય સ્વભાવ છે. નિમિત્ત કે દયા-દાનાદિ વ્યવહારમાંથી કે ક્ષયોપશમ પર્યાયમાંથી સમ્યગ્દર્શન પર્યાય પ્રગટતી નથી. કાયમી સ્વભાવ એકરૂપ છે તેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે.



દિગ્પટના ચોરાશી બોલ શ્વેતાંબર ઉપાધ્યાય યશોવિજયજીએ કહેલ છે. તે કહે છે કે ''દિગંબર લોકો નિશ્ચય પહેલા કહે છે તે દિગંબરની ભૂલ છે'' -પણ તે વાત બરાબર નથી. રાગ-વ્યવહારને અભૂતાર્થ કરીને સ્વભાવને ભૂતાર્થ કરવો જોઈએ. હું જ્ઞાયક સચ્ચિદાનંદ છું એમ નક્કી કરતાં રાગબુદ્ધિ ને પર્યાયબુદ્ધિ ઊડી જાય છે. તે કહે છે કે ''દિગંબરો નિશ્ચય પહેલો કહે છે પણ વ્યવહાર પહેલો હોવો જોઈએ'' -પણ તે ભૂલ છે. સામાન્ય સ્વભાવ પરિપૂર્ણ છે તેની શ્રદ્ધા કરવી તે નિશ્ચય છે. અધૂરી દશામાં શુભ રાગ આવે છે પણ તેને જાણવો તે વ્યવહાર છે.

મિથ્યાદષ્ટિ શુભ રાગથી લાભ માને છે. તેના શુભ રાગને વ્યવહાર કહેતાં નથી. શુદ્ધ આત્માના લક્ષે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને શુક્લધ્યાન આદિની પર્યાય પ્રગટે છે. છયે દ્રવ્યો સ્વતંત્ર છે એમ સમજવું જોઈએ. વળી જીવમાં થતી પર્યાય ક્ષણિક છે તે ઉત્પાદ-વ્યયરૂપ છે. ધર્મ પર્યાયમાં થાય છે પણ પર્યાયના આશ્રયે ધર્મ થતો નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો શુભ રાગ આવે તેના આધારે ધર્મ નથી. તેનું પણ લક્ષ છોડી શુદ્ધ સ્વભાવના આશ્રયે ધર્મ પ્રગટાવે તે નિશ્ચય છે. માટે નિશ્ચય પ્રથમ હોય છે. આવું નિશ્ચય ભાન હોય તેવા ધર્મી જીવના શુભ રાગને વ્યવહાર કહે છે. યશોવિજયજી કહે છે તે યથાર્થ નથી.

સર્વજ્ઞની વાણીમાં આમ આવ્યું છે. વાણીના કર્તા ભગવાન નથી પણ સહજ વાણી નીકળે છે. દરેક પર્યાય સ્વતંત્ર છે. અહીં નિશ્ચય-વ્યવહારની વાત બતાવવી છે.

યશોવિજયજી કહે છે -

**निश्चयनय पहेले कहै, पीछे ले व्यवहार ।**
**भाषाक्रम जाने नहीं, जैनमार्गको सार ।।**

-આમ કહીને તે દિગંબરની ભૂલ બતાવે છે. પહેલા વ્યવહાર હોય તો ધર્મ થાય -એ વાત ખોટી છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે એમ દષ્ટિ થયા પછી જે રાગ થાય અથવા પર્યાયની હીનતા છે તેનું બરાબર જ્ઞાન કરવું તે વ્યવહારનયનો વિષય છે. મુનિદશા પ્રગટે ત્યારે બાહ્યમાં શરીરની નગ્નદશા સહજ હોય છે. જડની પર્યાયનો આત્મા કર્તા નથી. વિકલ્પ આવ્યો માટે નગ્ન અવસ્થા થઈ એમ પણ નથી પણ સહજ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

''શિષ્યને સાંભળવાનો રાગ આવે છે માટે પ્રથમ વ્યવહાર આવે છે ને વ્યવહારથી નિશ્ચય પ્રગટે છે.'' -એમ યશોવિજયજી કહે છે પણ તે વાત યથાર્થ નથી. આત્મા શુદ્ધ આનંદકંદ છે તેનો વિષય કરવો તે નિશ્ચય છે ને જે શુભ રાગ આવે તેને જાણવો તે વ્યવહાર છે.

વિકલ્પનો આશ્રય છોડી આત્માના સામાન્ય સ્વભાવનો આશ્રય લ્યે ત્યારે ધર્મ થાય છે. જેણે સામાન્ય સ્વભાવનો આશ્રય લઈ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તેણે બધું જાણી લીધું. જે શુભ રાગ આવે

છે તે વ્યવહાર છે. આત્માના અવલંબને જે શુદ્ધતા પ્રગટે છે તે નિશ્ચય છે. આમ બન્ને થઈને પ્રમાણ થાય છે. શિષ્ય શુભ રાગનું અવલંબન છોડી શુદ્ધ આત્માનો આશ્રય લ્યે છે ને અંતર પ્રમાણજ્ઞાન થાય છે ત્યારે નય લાગુ પડે છે. નિશ્ચયનું જ્ઞાન થયા પછી રાગને વ્યવહાર લાગુ પડે છે. નય શ્રુતજ્ઞાનનો અંશ છે. શ્રુતજ્ઞાન પ્રમાણ થયા પહેલા વ્યવહાર લાગુ પડતો નથી.

શ્રી કુંદકુંદાચાર્ય કહે છે કે રાગથી જુદો ને સ્વથી એકત્વ આત્મા છે એવી વાત જીવોએ સાંભળી નથી. કર્મથી રાગ થાય છે એ માન્યતા ભૂલભરેલી છે. કર્મ તો પૃથક્ ચીજ છે, તેનાથી રાગ થતો નથી. જો પરથી અથવા કર્મથી વિકાર થતો હોય તો પોતાની પર્યાયમાં પુરુષાર્થ કરવાનો કે વ્યવહાર નિષેધ કરવાનો અવસર રહેતો નથી. રાગને છોડી સ્વભાવબુદ્ધિ કરે તો પૂર્વના રાગને ભૂત નૈગમનયથી વ્યવહાર કહે છે.

વળી યશોવિજયજી કહે છે -

**तातै सो मिथ्यामती, जैनक्रिया परिहार ।**
**व्यवहारी सो समकिती, कहै भाष्य व्यवहार ॥**

''તું નિશ્ચયને પ્રથમ કહે છે તેથી મિથ્યામતી છો, દયા-દાનાદિ પરિણામની ક્રિયા જૈનની છે તે ક્રિયાનો તેં પરિહાર કર્યો છે'' -એમ દિગંબર ઉપર આક્ષેપ કરે છે, પણ તે વાત ખોટી છે.

''અમે વ્યવહારીને સમકિતી કહીએ છીએ; અને વ્યવહાર પછી નિશ્ચય આવે છે'' -એમ યશોવિજયજી કહે છે, પણ તે ભૂલ છે. નિશ્ચય જાગ્યા વિના વ્યવહારનો આરોપ આવતો નથી.

વળી યશોવિજયજી કહે છે -

**जो नय पहेले परिणमे सोई कहै हित होई ।**
**निश्चय क्यों धुरि परिणमे, सूक्षम मति करी जोई ॥**

તે કહે છે કે ''શિષ્ય સર્વજ્ઞની અથવા ગુરુની વાણી પ્રથમ સાંભળે છે માટે વ્યવહાર પહેલો આવે છે, માટે તે હિતકારી છે. માટે હે દિગંબરો ! પહેલો વ્યવહાર આવે છે, સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરો.'' પણ એ વાત ભૂલવાળી છે. દિગંબર સંપ્રદાયમાં જન્મીને પણ વ્યવહારથી નિશ્ચય પ્રગટે એમ જે માને તે પણ શ્વેતાંબર છે. નિશ્ચય પ્રથમ પ્રગટે તો રાગ ઉપર વ્યવહારનો આરોપ આવે છે. વસ્તુસ્વરૂપ બીજું થતું નથી.

એક સમયમાં ઉત્પાદ-વ્યય થાય છે તેને ગૌણ કરી, સામાન્ય ધ્રુવ સ્વભાવ તરફ જે દૃષ્ટિ થઈ તે નિશ્ચય છે ને પછી જે રાગ આવે છે તે વ્યવહાર છે -એમ જાણવું તે જૈનદર્શન છે.

પ્રથમ વ્યવહાર જોઈએ એમ કહેનાર ભૂલમાં છે. વ્યવહાર આંધળો છે, નિશ્ચય વિના વ્યવહાર



હોતો નથી. સામાન્ય એકરૂપ સ્વભાવનું અવલંબન કરવું તે ધર્મ છે. તે જૈનશાસનનો સાર છે.

જડ ને ચેતનની પર્યાયો આડીઅવળી થતી નથી -એમ નિર્ણય કરતાં પરનું કર્તૃત્વ ઊડી જાય છે. પરમાં હું ફેરફાર કરી શકતો નથી. તેમ જ મારામાં પણ આડીઅવળી પર્યાય થતી નથી. માટે તેના ઉપરની દૃષ્ટિ છોડી દ્રવ્યદૃષ્ટિ કરવી તે ધર્મ છે. સામાન્યની દૃષ્ટિ થતાં અનંત નિમિત્તો ઉપરની દૃષ્ટિ ઊડી ગઈ. હું જ્ઞાનસ્વભાવી છું એવો નિર્ણય થતાં પરની કર્તાબુદ્ધિ છૂટી ગઈ ને જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કહો કે દ્રવ્યદૃષ્ટિનો વિષય કહો -એક જ છે.

સર્વ પદાર્થના પરિણામ ક્રમબદ્ધ છે. જે પર્યાય જે કાળે થવાની તે જ થવાની. પર્યાય સત્ છે. શ્રી પ્રવચનસાર ગાથા ૯૯માં આ વાત સ્પષ્ટ લખેલ છે. જે પર્યાય જે વખતે થવાની તે આગળ પાછળ થવાની નથી. આત્મા તથા બીજા બધા પદાર્થોની પર્યાય વ્યવસ્થિત છે. સર્વજ્ઞ બધું જાણે છે. સર્વજ્ઞનો નિર્ણય કેવી રીતે થાય ? પોતાની પર્યાય અલ્પજ્ઞ છે, અલ્પજ્ઞતાના આશ્રયે સર્વજ્ઞનો નિર્ણય થશે નહિ. પોતાનો સ્વભાવ સર્વજ્ઞ છે -એવા જ્ઞાનગુણમાં એકાગ્ર થવાથી સર્વજ્ઞ સ્વભાવના આશ્રયે નિર્ણય થાય છે. સર્વજ્ઞ ભગવાન આત્મામાંથી થયા છે. શું સર્વજ્ઞપણાનો ઉત્પાદ વ્યયમાંથી થાય છે? ના. રાગમાંથી થાય છે ? ના. સર્વજ્ઞ સ્વભાવના આશ્રયે ધર્મદશા પ્રગટે છે. આમ સ્વભાવનો આશ્રય લ્યે છે તેણે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો છે.

ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરનાર પરનો અકર્તા થાય છે. વળી પોતામાં પર્યાય ક્રમસર થાય છે તેમ નક્કી કરતાં અક્રમ સ્વભાવનો નિર્ણય થાય છે ને તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

ચારે અનુયોગનું તાત્પર્ય એ છે કે નિમિત્તદૃષ્ટિ હઠાવી, રાગદૃષ્ટિ હઠાવી ને સ્વભાવદૃષ્ટિ કરવી. તે સમ્યગ્દર્શન ને ધર્મ છે. આને વીતરાગ શાસન કહે છે. આ ન્યાય છે. જેવી વસ્તુની મર્યાદા છે તે તરફ જ્ઞાનને લઈ જવું તેને ન્યાય કહે છે.

સ્વભાવદૃષ્ટિ કરે તે નિશ્ચય છે ને તે વખતે જે રાગ ને નિમિત્ત હોય તેને જાણવા તે વ્યવહાર છે. પણ જે વ્યવહાર ને નિમિત્તને પ્રથમ માને છે ને તેનાથી ધર્મ માને છે તે શ્વેતાંબર છે, તે દિગંબર નથી.

### માહ વદ ૧૫, શુક્રવાર, ૧૩-૨-૫૩.

**(બહારના મહેમાનો આવતા હોવાથી કેવળ વ્યવહારાવલંબી જૈનાભાસોનું નિરૂપણ-પૃ.૨૧૮-ઉપર વ્યાખ્યાનો શરુ થયેલ છે.)**

વ્યવહારાભાસીની વાત કરે છે. જિનાગમમાં વ્યવહારની મુખ્યતા કરી ઉપદેશ છે. આત્મા જ્ઞાતાદૃષ્ટા છે એવી જેને દૃષ્ટિ થઈ છે તેના શુભ રાગને વ્યવહાર કહે છે. અજ્ઞાની દયા-દાનાદિને ધર્મનું સાધન માને છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પાંચ મહાવ્રતનો રાગ અને શાસ્ત્રનું જ્ઞાન અજ્ઞાની જીવે અનંતવાર

કર્યું છે પણ અંતરમાં દ્રવ્યસાધન છે તેની દૃષ્ટિ કરી નહિ. કષાયમંદતાને તથા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને નિમિત્તથી સાધન કહે છે પણ તે યથાર્થ સાધન નથી. કષાયમંદતાથી જે ધર્મ માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. ધર્મનું સાધન તો કારણપરમાત્મા છે-કારણશુદ્ધજીવ છે. ત્રિકાળી ધ્રુવશક્તિને કારણશુદ્ધ-જીવ કહે છે. તેમાંથી કેવળજ્ઞાનાદિરૂપ કાર્ય થાય છે. કેવળજ્ઞાન-કેવળઆનંદ આદિ પ્રગટ થવાની શક્તિ દ્રવ્યમાં છે. વર્તમાન પર્યાયમાં અથવા વ્યવહાર રત્નત્રયમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત નથી. હું શુદ્ધ ચિદાનંદ છું એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપી કાર્ય પ્રગટે છે.

શુદ્ધ જીવ કારણપરમાત્મા છે, તેમાંથી મોક્ષમાર્ગ ને મોક્ષરૂપી કાર્ય પ્રગટે છે. કેવળજ્ઞાન-કેવળદર્શન-આનંદ ને વીર્ય કાર્યપરમાત્મા છે ને શુદ્ધ જીવ શક્તિરૂપ કારણપરમાત્મા છે. જેની કારણપરમાત્મા ઉપર દૃષ્ટિ નથી પણ વ્યવહાર ઉપર દૃષ્ટિ છે તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. દયા-દાનાદિ પરિણામ સાધન નથી. પરમ પારિણામિકભાવ જેને અપેક્ષા લાગતી નથી તે સાધન છે.

ઔદયિકભાવ જીવનું સ્વતત્ત્વ છે. કર્મને લીધે દયા-દાનાદિ અથવા કામ-ક્રોધાદિ થતાં નથી. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ને પારિણામિક -એમ પાંચે ભાવો જીવનું સ્વતત્ત્વ છે. કર્મ અજીવ તત્ત્વ છે, કર્મની અસ્તિ છે માટે ઔદયિકભાવ છે -એમ નથી. પોતાના કારણે ઔદયિકભાવ પર્યાયમાં થાય છે. દયા, દાન, વ્રત, પૂજા આદિ ઔદયિકભાવ છે. અજ્ઞાની તેને ધર્મનું સાધન માને છે. આત્મામાં કરણ નામની શક્તિ છે, તેનું અવલંબન લ્યે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે, તે મોક્ષમાર્ગનો વ્યય થઈ મોક્ષ પ્રગટે છે. કારણપરમાત્મા એકરૂપ સદશ ભગવાન છે, તેના અવલંબનથી નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય પ્રગટે છે. તેમાં સમ્યગ્દર્શન - ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષાયિક હોય છે, જ્ઞાન ને ચારિત્ર ક્ષયોપશમભાવે છે.

સાત તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે, સાત તત્ત્વ ક્યારે રહે ? કર્મ અજીવ તત્ત્વ છે, પોતાની પર્યાયમાં થતાં રાગદ્વેષ આસ્રવ તત્ત્વ છે, અજીવથી આસ્રવ થયો માને તો સાત તત્ત્વ રહેતા નથી. અજીવથી આસ્રવ માને, કર્મના ઉદયથી વિકાર માને તેણે અજીવ અને આસ્રવને એક માન્યા. અહીં ભાવઆસ્રવની વાત છે. દ્રવ્યઆસ્રવ, દ્રવ્યપુણ્ય-પાપ, દ્રવ્યબંધ, દ્રવ્યનિર્જરા, દ્રવ્યમોક્ષ વગેરે અજીવ તત્ત્વમાં આવી જાય છે. એક સમયની પર્યાયમાં થતાં રાગદ્વેષ આસ્રવ તત્ત્વ છે. કર્મથી વિકાર માને તેણે વિકારને-આસ્રવને સ્વયં ન માન્યો, તેથી સાત તત્ત્વ રહેતા નથી. અજીવથી આસ્રવ માનનાર વ્યવહારાભાસમાં જાય છે.

આસ્રવથી ધર્મ માને તો પણ ભૂલ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સંવર-નિર્જરામાં આવે છે. જો આસ્રવથી સંવર માને તો આસ્રવ ને સંવર જુદા રહેતા નથી.

વળી સામાન્યથી વિશેષ થાય છે એમ પણ અહીં કહેવું નથી. સામાન્ય ને વિશેષ પ્રથમ નિરપેક્ષ કબૂલ ન કરે તો એકબીજાની હાનિ થાય છે. સ્વયંસિદ્ધ ન હોય તો બે નો નાશ થાય છે. સમંતભદ્ર-



આચાર્યકૃત ''આપ્તમિમાંસા''માં આ વાત આવે છે. જીવ છે, સંવર છે, નિર્જરા છે - બધા છે. તેમાં જીવ સામાન્યમાં આવે છે; ને આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ -આ પાંચ પર્યાય છે અથવા વિશેષ છે. આમ સામાન્ય ને વિશેષ પણ સ્વતંત્ર નિરપેક્ષ માનવા જોઈએ.

પ્રથમ સાતે તત્ત્વને નિરપેક્ષ જાણવા જોઈએ. અજીવની પર્યાય અજીવથી છે. આસ્રવ અજીવથી નથી. તત્ત્વ વસ્તુ છે, અવસ્તુ નથી. પર્યાયની અપેક્ષાએ પર્યાય વસ્તુ છે. એક પર્યાયમાં અનંત ધર્મો આવે છે. એક આસ્રવપર્યાયમાં સંવરની નાસ્તિ, અજીવની નાસ્તિ તથા પૂર્વ અને ઉત્તર પર્યાયની નાસ્તિ છે.

નવે પૃથક્ ન માને તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. આસ્રવ વિકારી તત્ત્વ છે. આસ્રવથી સંવર-નિર્જરા માને તો સંવર ને નિર્જરા નિરપેક્ષ રહેતા નથી. આસ્રવ ઔદયિકભાવ છે, સંવર-નિર્જરા ક્ષાયોપશમિકભાવ છે. ઔદયિકભાવથી ક્ષાયોપશમિકભાવ થાય નહિ. વળી કર્મ અજીવ છે, અજીવથી ઔદયિકભાવ થાય નહિ.

ભાવબંધ ઔદયિકભાવ છે, સંવર-નિર્જરા અપૂર્ણ શુદ્ધ પર્યાય છે, મોક્ષ પૂર્ણ શુદ્ધ પર્યાય છે. જીવ તત્ત્વ પરમ પારિણામિકભાવમાં આવે છે. પુદ્ગલમાં પારિણામિકભાવ તથા ઔદયિકભાવ બે કહ્યા છે. કારણશુદ્ધજીવ-કારણપરમાત્મા છે તે જીવ તત્ત્વ છે. સાતની નિરપેક્ષતા નક્કી કર્યા પછી સાપેક્ષતા લાગુ પડે. સંવર-નિર્જરા ક્યાંથી આવે છે ? પ્રથમ ન હતી ને ક્યાંથી આવે ? દ્રવ્યસ્વભાવમાંથી આવે છે, તે સાપેક્ષકથન છે. વળી વિકાર ક્યાંથી આવે છે ? સ્વભાવનું લક્ષ છોડી નિમિત્તનું લક્ષ કરે છે તેને વિકાર થાય છે. તે સાપેક્ષ કથન છે. દયા-દાનાદિ પરિણામ આસ્રવ તત્ત્વમાં આવે છે. નિશ્ચય મોક્ષમાર્ગ સંવર-નિર્જરામાં આવે છે. નવ તત્ત્વની પૃથક્તાની ખબર નથી તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. પોતાના આત્માનું ભાન થાય છે તે નિશ્ચય છે ત્યારે ધર્મી જીવના શુભ રાગને વ્યવહાર કહે છે.

અજ્ઞાની જીવ બાહ્યને જ સાધન માને છે, તેણે અંતરસાધન છોડી દીધું છે. હું શુદ્ધ કારણપરમાત્મા છું એવી નિર્વિકલ્પ દૃષ્ટિ થયા પછી અધૂરી દશામાં જે શુભ રાગ આવે છે તેને વ્યવહાર કહે છે. જે રાગ આવવાનો તે આવવાનો. ત્રણ કાળના જેટલા સમયો તેટલી ચારિત્રગુણની પર્યાયો છે. ધર્મી જીવને શુભ રાગ લાવવાની પણ ભાવના નથી. જ્ઞાનની મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ દ્રએમ પાંચ પર્યાય છે. કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે. જ્ઞાનગુણની સ્થિતિ એક સમયની છે. કેવળજ્ઞાનપર્યાય પણ બીજે સમય રહેતી નથી. એવી ને એવી સદશ રહે તે જુદી વાત છે પણ પૂર્વ પર્યાય પછીની પર્યાય વખતે રહેતી નથી. તેવી રીતે શ્રદ્ધાગુણ ત્રિકાળ છે. તેની મિથ્યાદર્શન પર્યાય છે, તે કર્મને લીધે નથી. તે પર્યાય સત્ છે. પૂર્વની મિથ્યાશ્રદ્ધાનો વ્યય, નવી મિથ્યાશ્રદ્ધાનો ઉત્પાદ ને શ્રદ્ધાગુણ ધ્રુવ છે. આમ ત્રણે સત્ છે. આમ સ્વતંત્ર સત્‌ને જે માનતો નથી ને કર્મથી પરિણામ માને ને રાગથી ધર્મ માને તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

આત્માનું ભાન થતાં મિથ્યાદર્શનનો વ્યય થઈ, સમ્યગ્દર્શનનો ઉત્પાદ થાય છે ને શ્રદ્ધાગુણ કાયમ રહે છે. જે નવ તત્ત્વોને સ્વતંત્ર માનતો નથી તેને મિથ્યાદર્શનની પર્યાય હોય છે ને નવ તત્ત્વો સ્વતંત્ર માની સ્વ તરફ વળે છે તેને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટે છે.

હવે ચારિત્રની વાત. કર્મના ઉદયને લીધે આત્મામાં કાંઈ થતું નથી. કર્મને લીધે અસર અથવા વિલક્ષણતા થતી નથી. ચારિત્રની વિકારી અથવા અવિકારી પર્યાય સ્વતંત્ર થાય છે. નવ પદાર્થોને સ્વતંત્ર માનવા જોઈએ. શુદ્ધ જીવની પ્રતીતિ થયા પછી સાધકને શુભ રાગ આવે છે, કર્મની પર્યાય કર્મમાં છે, કર્મના ઉદયને લીધે રાગ થતો નથી. અજ્ઞાની જીવની સંયોગ ઉપર ને કર્મ ઉપર દૃષ્ટિ છે, તેથી આસ્રવથી આત્મા જુદો છે એવી ભાવના તે કરી શકે નહિ. પરનું લક્ષ છોડી જ્ઞાયકનું લક્ષ કરે છે ત્યારે મિથ્યાત્વનો નાશ થઈ જાય છે ને સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. આવું ભાન નથી તે વ્યવહારાભાસી છે. વિકારથી નિર્વિકારી ધર્મ પ્રગટે એમ માને તે વ્યવહારાભાસી છે.

ધર્મી જીવ સમજે છે કે શ્રદ્ધાગુણ નિર્મળ થયો છે પણ ચારિત્રગુણ પૂર્ણ નિર્મળ થયો નથી. જો શ્રદ્ધા સાથે ચારિત્ર તથા બધા ગુણો તરત જ પૂર્ણ નિર્મળ થઈ જાય તો સાધક અને સિદ્ધમાં ફેર રહેતો નથી. આત્માનું ભાન હોવા છતાં જ્ઞાની સાધકને રાગ આવે છે તેને તે જાણે છે. તેના શુભ રાગને વ્યવહાર કહે છે. આત્માનું ભાન ને લીનતા થઈ છે તેમાં ધ્રુવ ઉપાદાન કારણપરમાત્મા છે ને ક્ષણિક ઉપાદાન તે તે સમયની સંવર-નિર્જરાની પર્યાય છે. કેવળજ્ઞાન નિમિત્તમાંથી આવતું નથી, આસ્રવ ને બંધમાંથી આવતું નથી, સંવર-નિર્જરામાંથી પણ કેવળજ્ઞાન આવતું નથી. સંવર-નિર્જરા અધૂરી નિર્મળ પર્યાય છે. તેમાંથી પૂર્ણ નિર્મળ પર્યાય આવતી નથી પણ કારણપરમાત્મામાંથી કેવળજ્ઞાન પ્રગટે છે.

મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગ નિશ્ચય એક જ છે. નિમિત્ત ને પરથી ઉદાસીન થઈ, વિકારની બુદ્ધિ છૂટીને સ્વભાવની બુદ્ધિ થઈ છે પણ સાધકદશામાં શુભ રાગ આવે છે તે શુભ રાગને વ્યવહાર કહે છે. પણ તે વ્યવહાર છે માટે સંવર-નિર્જરા ટકે છે -એમ નથી. મુનિને ૨૮ મૂળગુણનો વિકલ્પ છે માટે મુનિપણું ટકે છે -એમ નથી, ને ચોથા ગુણસ્થાને આઠ મૂળગુણનું પાલન છે માટે સમ્યગ્દર્શન ટકે છે -એમ નથી. પણ આત્માને સાધન માની આત્માનું અવલંબન લ્યે છે તો આત્માના આધારે સમ્યગ્દર્શન અથવા મુનિપણું ટકે છે.

આસ્રવથી સંવર-નિર્જરા નથી, વળી સંવર-નિર્જરાને પણ સ્વતંત્ર સિદ્ધ કરી દ્રવ્યના આશ્રયે તે પ્રગટે એમ સાપેક્ષ નિર્ણય કરે પણ નિમિત્ત આવે તો પર્યાય પ્રગટે એમ માને તો શું નિમિત્ત અવ્યવસ્થિત છે ? અથવા પર્યાય અનિશ્ચિત છે ? અમુક નિમિત્ત આવે તો અમુક પર્યાય પ્રગટે તો અનિશ્ચિતતા થઈ જાય તો બધી પર્યાયો અનિશ્ચિત થઈ જાય.

મોક્ષ પૂર્ણ શુદ્ધ પર્યાય છે. પ્રથમ **'છે'** એમ નક્કી કરો. તે કોની છે તે પછી નક્કી થાય છે.



સ્વતંત્ર સિદ્ધ કર્યા વિના સાપેક્ષતા લાગુ પડતી નથી. મોક્ષ છે એમ નક્કી કર્યા પછી તે જીવની પૂર્ણ શુદ્ધ પર્યાય છે એમ સાપેક્ષતા લાગુ પડે. સંવર-નિર્જરા છે એમ નિરપેક્ષ નક્કી કર્યા પછી તે જીવની અધૂરી નિર્મળ પર્યાય છે એમ સાપેક્ષતા લાગુ પડે.

શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે વ્યય વ્યયથી છે, ઉત્પાદ ઉત્પાદથી છે, ધ્રુવ ધ્રુવથી છે -એમ ત્રણે અંશો નિરપેક્ષ છે. વ્યય ઉત્પાદથી નથી, ઉત્પાદ વ્યયથી નથી, ત્રણે અંશો સત્ છે. ત્રણે એકી સમયે છે. વ્યયમાં ઉત્પાદ-ધ્રુવનો અભાવ, ઉત્પાદમાં વ્યય-ધ્રુવનો અભાવ ને ધ્રુવમાં ઉત્પાદ-વ્યયનો અભાવ છે. આમ ત્રણે અંશો સત્ સાબિત કરેલ છે.

વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિનું પ્રકાશવું તે અનેકાંત છે. ઉત્પાદ ઉત્પાદથી છે પણ વ્યયથી નથી; આસ્રવ આસ્રવથી છે પણ અજીવથી નથી. આસ્રવ વિશેષ છે, તે વિશેષથી છે ને જીવસામાન્યથી નથી. સંવર સંવરથી છે, સંવર જીવથી નથી. સંવરથી નિર્જરા નથી. મોક્ષ મોક્ષથી છે ને નિર્જરાથી નથી -એમ નવે પૃથક્ સિદ્ધ થયા પછી સાપેક્ષતા લાગુ પડે છે.

સામાન્યથી વિશેષ માનો તો બન્નેની હાનિ થઈ જાય. સામાન્ય પણ છે ને વિશેષ પણ છે, એમાં કોની અપેક્ષા ? બન્ને નિરપેક્ષ છે, એમાં કોઈની અપેક્ષા નથી. વળી ઉત્પાદ, વ્યય, ધ્રુવ -ત્રણ અંશો કોઈની અપેક્ષા રાખે તો ત્રણ રહેતા નથી. નવ પદાર્થમાં કોઈની અપેક્ષા રાખે તો નવ રહેતા નથી, છ દ્રવ્યમાં કોઈની અપેક્ષા રાખે તો છ રહેતા નથી.

ઉત્પાદથી વ્યય માનો તો વ્યય સિદ્ધ થતો નથી, વ્યય ન હોય તો ઉત્પાદ ન થાય તેવું સાપેક્ષતાવાળું કથન પછી આવે છે. વિકારી પર્યાય હો કે અવિકારી પર્યાય હો - દરેક પર્યાય નિરપેક્ષ છે.

અજ્ઞાની જીવને આગમના વ્યવહારુ જ્ઞાનની પણ ખબર નથી. વ્યવહારથી, પુણ્યથી, નિમિત્તથી ધર્મ માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

## ફાગણ સુદ ૧, શનિવાર, ૧૪-૨-૫૩.

આજે સવારે શ્રી પ્રવચનસાર હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

## ફાગણ સુદ ૨, રવિવાર, ૧૫-૨-૫૩.

આત્માની પર્યાયમાં અશુદ્ધતા છે તેને ન માને ને એકાંત શુદ્ધ માને તે નિશ્ચયાભાસી છે. અવસ્થામાં વિકાર છે ને દ્રવ્યસ્વભાવ શુદ્ધ છે. શુદ્ધની દૃષ્ટિ કરી અશુદ્ધતાનો નાશ કરવો તે મોક્ષમાર્ગ છે. પર્યાયમાં સંસાર અથવા અશુદ્ધતા નથી એમ કોઈ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. વળી કોઈ પુણ્યથી ધર્મ માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. આત્મા શુદ્ધ જ્ઞાયક છે, ત્રિકાળ શુદ્ધ ચિદાનંદ છે. પર્યાયના વિકારને ગૌણ કરી, શુદ્ધ ચિદાનંદની દૃષ્ટિ કરવી તે ધર્મ છે. તે દૃષ્ટિ છોડી પર્યાયમાં વ્રત, તપના ભાવ થાય છે

તેને ધર્મ માનવો તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે પંચાસ્તિકાયમાં નિશ્ચયાભાસી ને વ્યવહારાભાસીનું વર્ણન કરેલ છે. તે પંડિત ટોડરમલજી કહે છે.

હું અક્રિય શુદ્ધ ચિદાનંદ છું એવી દૃષ્ટિ ન થઈ ને પર્યાયમાં થતાં દયા-દાનને ધર્મ માને છે તે વ્યવહારાભાસી છે. નિશ્ચય વિના વ્યવહારને વ્યવહારાભાસ કહે છે. હું દ્રવ્યદૃષ્ટિએ-સદશદૃષ્ટિએ ધ્રુવ-નિત્ય શુદ્ધ છું, એવી દૃષ્ટિ થઈ નથી ને દયા-દાનને ધર્મ માની સંતોષ માને છે તે વ્યવહારાભાસી છે. નિશ્ચયની દૃષ્ટિ નથી તેને વ્યવહારાભાસી અથવા જૈનાભાસી કહ્યો છે.

શ્વેતાંબરના યશોવિજયજીએ ૮૪ દિગ્પટમાં દિગંબરની ભૂલ બતાવી છે. તે કહે છે કે ''તમે જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવની શ્રદ્ધારૂપ નિશ્ચય થયા પછી રાગાદિને વ્યવહાર કહો છો, પણ અમે વ્યવહારને પ્રથમ કહીએ છીએ.'' પણ તે વાતમાં શ્વેતાંબરની ભૂલ છે. જે પ્રથમ વ્યવહાર માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેણે દિગંબરની ભૂલ કાઢી છે પણ દિગંબરની ભૂલ નથી. દિગંબર એટલે વસ્તુદર્શન. હું જ્ઞાયક શુદ્ધ ચિદાનંદ છું. જ્ઞાનસ્વભાવી મારો આત્મા છે તેવી દૃષ્ટિ થઈ તેના શુભ રાગને વ્યવહાર કહે છે, તે જૈનધર્મ છે.

વ્યવહારને પ્રથમ માનનાર વ્યવહારાભાસી છે. નિશ્ચયની દૃષ્ટિ થઈ છે ને શુભને હેય માને છે તેના શુભ રાગને વ્યવહાર કહે છે. વર્તમાનમાં પણ કેટલાક પંડિતો વ્યવહારને પ્રથમ કહે છે ને નિશ્ચય પછી પ્રગટે છે એમ કહે છે. તે બધા યશોવિજયની માન્યતાને ટેકો આપનાર વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

શ્રુતજ્ઞાનપ્રમાણ સમ્યગ્દૃષ્ટિને હોય છે. તે પ્રમાણજ્ઞાનમાં નિશ્ચય ને વ્યવહાર બે ભાગ પડે છે. તેવું ભાન નથી ને રાગમાં ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

યશોવિજય કહે છે કે ''પ્રથમ વ્યવહાર હોવો જોઈએ.'' આવી દૃષ્ટિપૂર્વક શ્વેતાંબરપંથ નીકળ્યો છે, એવી જ રીતે વર્તમાન દિગંબર પંડિતો એમ કહે તો તે પણ શ્વેતાંબરની જેમ વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ બધી વાતનો નિકાલ કર્યો છે. પ્રથમ નિશ્ચય હોય તો શુભ રાગને વ્યવહાર કહે છે. ખોટા મુનિવ્રત એટલે કે વ્યવહારાભાસ ધારણ કરી અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો પણ આત્મજ્ઞાન એટલે કે નિશ્ચય વિના જરાપણ સુખ પામ્યો નહિ. માટે પ્રથમ આત્માનું ભાન થવું જોઈએ.

પૂર્વના કેટલાક પંડિતો યથાર્થ હતા. શ્રાવક ટોડરમલ, દોલતરામ, દીપચંદજી યથાર્થ હતા. તેની સાચી દૃષ્ટિનો જે વિરોધ કરે છે તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે.



અહીં વ્યવહારાભાસી જીવ એકલા રાગને ધર્મ માની સાધન માને છે. વીતરાગ ન થાય ત્યાં સુધી દયા, દાન, કોમળતાના પરિણામ આવે છે. સમકિતી તેને પુણ્ય માને છે ને પુણ્ય રહિત આત્મા શુદ્ધ ચિદાનંદની દૃષ્ટિ કરવી તેને ધર્મ માને છે. અજ્ઞાની અનાદિકાળથી વ્યવહારમાં સર્વસ્વ માને છે, બાહ્ય સાધનમાં ધર્મ માને છે. જ્ઞાનીને શુભ રાગ આવે છે પણ ધર્મ માનતો નથી, પુણ્યને આસ્રવ માને છે. અજ્ઞાની પુણ્યને ધર્મ માને છે ને નિશ્ચયનું ભાન નથી તેથી તે જૈનધર્મ નથી, તે જૈનધર્મથી વિરુદ્ધ ધર્મ છે. વ્યવહારથી ધર્મ માને તે સાચો જૈન નથી. વ્યવહારસાધનથી ધર્મ માને, તેનો નિશ્ચય પણ જૂઠો છે ને વ્યવહાર પણ જૂઠો છે.

શુદ્ધ આત્મા સમ્યગ્દર્શનપર્યાયનો ઉત્પાદક છે. નિમિત્ત, રાગ કે પર્યાયમાંથી સમ્યગ્દર્શન આવતું નથી. વળી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય છે. નવી પર્યાય ઉત્પન્ન થાય છે, તે ગુણ નથી. ગુણનો ઉત્પાદ થતો નથી. શ્રદ્ધાની વિપરીત પર્યાયનો નાશ થઈને અવિપરીત પર્યાયનો ઉત્પાદ થાય છે, તે ક્યાંથી થાય છે ? સમ્યગ્દર્શનની પર્યાય શુદ્ધ છે તે ક્યાંથી આવે છે ? નિમિત્ત, રાગ કે પર્યાયમાંથી આવતી નથી, દ્રવ્યસ્વભાવમાંથી તે પર્યાય આવે છે.

અજ્ઞાની જીવને ધર્મના સર્વ અંગ અન્યથારૂપ થઈ મિથ્યાભાવને પ્રાપ્ત થાય છે. અહીં એમ જાણવું કે દયા, દાન, જાત્રાદિના ભાવથી પુણ્યબંધ થાય છે. પુણ્યને છોડી પાપપ્રવૃત્તિ કરવાની નથી. તે અપેક્ષાએ શુભનો નિષેધ નથી, પણ જે જીવ આત્માની દૃષ્ટિ કરતો નથી ને દયા-દાનાદિમાં ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને જન્મ-મરણનો નાશ થતો નથી. જીવ નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો, હજારો રાણીનો ત્યાગ કરી મુનિ થયો, ૨૮ મૂળગુણ પાલન કર્યા, જૈનદર્શનની વ્યવહારુ પ્રતીતિ કરી -આવું મુનિપણું અનંતવાર લીધું પણ શુદ્ધ આત્માના ભાન વિના તે બધું અફળ છે, સંસાર માટે છે. જીવ વ્યવહારથી સંતુષ્ટ થાય છે. ઉપવાસ ને વ્રતાદિમાં ધર્મ માને છે. કષાયની મંદતામાં ધર્મ નથી પણ પુણ્ય છે. જગતમાં નવ પદાર્થો છે, નવ પદાર્થો કેવી રીતે રહે ? પુણ્યને ધર્મ માને તો આસ્રવ ને સંવર એક થઈ જાય ને નવ રહેતા નથી. પુણ્યાસ્રવથી સંવર-નિર્જરા થતાં નથી. પણ અજ્ઞાની માને છે કે વ્યવહાર એટલે કે પુણ્યાસ્રવ કરતાં કરતાં ધર્મ થશે. પણ વ્યવહારનો આદર કરી નિશ્ચયનો અનાદર કરવાથી ધર્મ થતો નથી.

જીવે મુનિપણું ધારણ કરી, ૨૮ મૂળગુણ પાલન કર્યા છે. અત્યારે તો વ્યવહારે ૨૮ મૂળગુણ પાલનનું પણ ઠેકાણું નથી. મુનિ માટે પાણી ઊના કરવા, કેળા, મોસંબી લાવવા તે બધો ઉદ્દેશિક આહાર છે. તેમાં નિશ્ચય તો નથી પણ વ્યવહાર પણ ખોટો છે. ઉદ્દેશિક આહાર લેનાર ને દેનાર બન્નેને પાપ લાગે છે. આત્માના શુદ્ધ સ્વભાવનું ભાન થતાં આત્માના આશ્રયે ધર્મ થાય છે તે નિશ્ચય છે, ને શુભ રાગ આવે તે વ્યવહાર છે, પણ જેના વ્યવહારના ઠેકાણાં નથી તેની અહીં વાત નથી. મુનિને ખ્યાલ આવે કે અમારા માટે આહાર બનાવ્યો છે છતાં લ્યે તો તેનો વ્યવહાર પણ ખોટો

છે, ને નિશ્ચય તો તેને છે જ નહિ. અહીં તો કહે છે કે જે વ્યવહાર બરાબર પાલન કરે છે પણ તેમાં ધર્મ માને છે તે પણ મિથ્યાદષ્ટિ છે.

કોથળીમાં કરિયાતું નાખીને ઉપર સાકર નામ લખે તો કરિયાતું સાકર થતું નથી, તેમ અંતર જૈનધર્મ નથી ને બાહ્ય જૈન નામ ધરાવે તો જૈન થતો નથી. શ્રી કુંદકુંદાચાર્ય આદિ સમર્થ મુનિવરોએ યથાર્થ પ્રકાશ કરેલ છે કે જે વ્યવહારથી સંતુષ્ટ થાય છે, ને કષાયમંદતાથી ધર્મ માને છે ને હું જ્ઞાયક છું, પુણ્ય રહિત છું એવી નિશ્ચયદષ્ટિ કરતો નથી ને ઉદ્યમી થતો નથી તે વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે.

નવ તત્ત્વમાં ચારિત્ર સંવર-નિર્જરામાં આવે છે. અજ્ઞાની ભક્તિ, પૂજામાં સંતોષ માને છે, લાખો રૂપિયા મંદિરમાં આપવાથી ધર્મ થતો નથી. રૂપિયા આવવા જવા તે જડની ક્રિયા છે ને કષાયની મંદતા કરે તો પુણ્ય છે, પુણ્યથી રહિત આત્માની શ્રદ્ધા કરે તો ધર્મ છે. અજ્ઞાની જીવે સત્યમાર્ગ વિષે પ્રયત્ન કરેલ નથી. આત્મા જ્ઞાનાનંદ છે, પુણ્ય મારું સ્વરૂપ નથી, પુણ્ય અપરાધ છે, ધ્રુવ સ્વભાવ નિર્દોષ છે તેની રુચિ કરતો નથી તે વ્યવહારાભાસી છે.

પોતાની પર્યાયમાં વ્યવહાર પરિણતિ થાય છે તે સાચો મોક્ષમાર્ગ નથી. પોતાના આત્માની સાચી શ્રદ્ધા કરે તો વ્યવહારને ઉપચારથી મોક્ષમાર્ગ કહે છે. નિશ્ચય હોય તો શુભ રાગને વ્યવહાર કહે છે. અજ્ઞાની કહે છે કે પ્રથમ વ્યવહાર જોઈએ ને ? તે જૈનધર્મની રીત નથી. જે સાચા મોક્ષમાર્ગનો પ્રયત્ન કરે છે તેને પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેના શુભ રાગને વ્યવહાર કહે છે. નિશ્ચયદશા અવિકારી છે ને શુભ રાગ વિકાર છે. વિકારથી અવિકારી કાર્ય થાય એમ કદી બનતું નથી. પોતે નિશ્ચય પ્રગટ કરે તો વ્યવહારને કારણ કહેવાય છે. ઘણીવાર જીવે વ્યવહાર કર્યો પણ તેને હેતુ કહેતાં નથી કેમ કે સ્વભાવની દષ્ટિ ને પુરુષાર્થ કર્યો નથી.

મારું દ્રવ્ય શુદ્ધ ચિદાનંદ છે એવી દષ્ટિ કરે તો ધર્મ થાય તેમ છે. હું જ્ઞાનાનંદ છું એવી સ્વભાવની દષ્ટિ ઉપાદેય છે ને રાગ હેય છે. એવી પ્રતીતિ તથા પ્રયત્ન વ્યવહારાભાસી કરતો નથી. સાચા મોક્ષમાર્ગમાં ઉદ્યમી થતો નથી. નિશ્ચય એટલે પદાર્થોની જેવી વ્યવસ્થા છે તેવી વ્યવસ્થા થવી તે નિશ્ચય. નિશ્ચય એટલે સત્ય. અજ્ઞાની નિશ્ચય કહીને ઊડાડે છે તે ભૂલ છે.

મોક્ષમાર્ગ બે પ્રકારના નથી, મોક્ષમાર્ગ એક જ છે. દયા-દાનાદિને વ્યવહારે મોક્ષમાર્ગ કહેવાય છે પણ ખરેખર તે બંધમાર્ગ છે. મુનિને છઠ્ઠી-સાતમી ભૂમિકા ઘણી વાર આવે છે. મનથી જુદા આત્માનો અનુભવ તે કરે છે. તેવા અનુભવ વિનાના મુનિ દ્રવ્યલિંગી છે. વળી તેમાં પણ ૨૮ મૂળગુણ યથાર્થ પાલન કરે તો દ્રવ્યલિંગી છે ને ૨૮ મૂળગુણ યથાર્થ પાલન ન કરે તો દ્રવ્યલિંગી પણ નથી.

વર્તમાનમાં ભગવાન શ્રી સીમંધરસ્વામી વાણી દ્વારા એ જ કહે છે. અજ્ઞાની જીવ સાચા મોક્ષમાર્ગમાં ઉદ્યમી નથી. આત્મા શુદ્ધ નિર્વિકલ્પ છે એવી દષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા કરી નથી, ને વ્યવહારમાં ધર્મ



માની લીધો છે તેવા જીવને મોક્ષમાર્ગમાં સન્મુખ કરવા માટે તેની શુભરૂપ મિથ્યા પ્રવૃત્તિનો નિષેધ કરીએ છીએ. આત્માનું ભાન નથી ને શુભથી ધર્મ માની સંતુષ્ટ થાય છે તેથી તેની પ્રવૃત્તિ મિથ્યા છે. નિશ્ચયના ભાન વિના વ્યવહાર વ્યવહાર પણ રહેતો નથી.

અમારો આશય એવો નથી કે શુભ છોડીને અશુભ કરો. જો તેમ તમો કરશો તો તમારું બૂરું થશે. પણ યથાર્થ શ્રદ્ધા કરશો તો કલ્યાણ થશે. પુણ્ય આસ્રવ છે, આસ્રવ ધર્મ નથી. બાર વ્રત, પાંચ મહાવ્રત પુણ્યાસ્રવ છે. આસ્રવને સંવર માને છે તે મિથ્યાદષ્ટિ છે. આસ્રવની રુચિ છોડી સ્વભાવની રુચિ કરે તો ધર્મ થશે. જડની ક્રિયા જડથી થાય છે, કષાયની મંદતા પુણ્ય છે, આત્માનો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ છે એવી યથાર્થ શ્રદ્ધા કરશો તો તમારું ભલું થશે. પુણ્ય છોડી પાપમાં લાગશો તો ભલું થશે નહિ ને પુણ્યને ધર્મ માનશો તો પણ ભલું થશે નહિ. સ્વભાવની દષ્ટિમાં ધર્મ છે.

**આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;**
**ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.**

પુણ્યથી ને પરથી કલ્યાણ થશે એ મોટી ભ્રાંતિ છે. શરીરનો રોગ પુણ્યથી મટી જાય છે પણ તે ખરો રોગ નથી. ચિદાનંદ આત્મામાં વિકાર થાય છે તે વિકારથી કલ્યાણ થશે તેવી માન્યતા તે ખરો મોટો રોગ છે, તે ક્ષયરોગ છે. માટે યથાર્થ શ્રદ્ધાન કરી મોક્ષમાર્ગમાં પ્રવર્તશો તો તમારું ભલું થશે.

અહીં દષ્ટાંત આપે છે કે જેમ કોઈ રોગી નિર્ગુણ ઔષધિનો નિષેધ સાંભળી, ઔષધિસાધન છોડી, જો કુપથ્ય સેવન કરે તો તે મરે છે. સાચા વૈદ્યને છોડી કુપથ્ય કરશે તો મરશે, તો તેમાં વૈદ્યનો દોષ નથી, તેમ કોઈ સંસારીજીવ પુણ્યરૂપ ધર્મનો નિષેધ સાંભળી ધર્મસાધન છોડશે ને પુણ્યને છોડી પાપ કરશે તો નરકાદિ દુઃખને પામશે. આત્મામાં થતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા આત્માને લાભકર્તા છે. પુણ્ય પરિણામ નિર્ગુણ છે, લાભકર્તા નથી, બંધનું કારણ છે. તેનાથી જન્મ-મરણનો અંત આવતો નથી. શુદ્ધ ચિદાનંદની દષ્ટિ વિના ધર્મ થતો નથી. પુણ્યને નિર્ગુણ ઔષધિ કહેલ છે. પર્યાયમાં પુણ્ય થાય છે તે વિપરીત પરિણામ છે, તેનાથી આત્માને લાભ થતો નથી. તે નિર્ગુણ ઔષધિ છે કારણ કે પુણ્યથી ધર્મરૂપી ગુણ થતો નથી.

પુણ્યથી સ્વર્ગમાં જઈ સીમંધર પરમાત્મા પાસે જશું, એમ માનનારની દષ્ટિ સંયોગ ઉપર છે, ત્યાં જઈને તે જ બુદ્ધિ રાખવાનો છે. શુદ્ધ ચિદાનંદની દષ્ટિ કરી નહિ તેથી સમવસરણમાં જવા છતાં ભગવાનની વાણીનું રહસ્ય સમજ્યો નહિ. પુણ્ય છોડાવી પાપ કરાવવાનો અભિપ્રાય નથી. અજ્ઞાની પુણ્યથી ધર્મ માને છે તેથી પુણ્યનો ધર્મના કારણ તરીકે નિષેધ કરે છે. કોઈ વિપરીત સમજે તો તેમાં ઉપદેશદાતાનો દોષ નથી.

ઉપદેશદાતાનો અભિપ્રાય સાચી શ્રદ્ધા કરાવી અસત્શ્રદ્ધા, અસત્જ્ઞાન ને અસત્આચરણ છોડાવવાનો છે. સમ્યગ્દર્શન વિના બાહ્ય ચારિત્ર અરણ્યમાં રૂદન સમાન છે. તેને જન્મ-મરણનો નાશ થશે નહિ. આત્મા જ્ઞાયક ચિદાનંદ છે, પર્યાયમાં પુણ્ય-પાપના પરિણામ થાય છે તે બેકાર છે-નકામા છે, તેથી રહિત આત્માની દૃષ્ટિ ન કરે તો ધર્મ થતો નથી. ઉપદેશ આપવાવાળાનો અભિપ્રાય અસત્ય શ્રદ્ધા છોડાવી મોક્ષમાર્ગમાં લગાવવાનો છે. જાત્રા ને દયા-દાનાદિ પરિણામ છોડાવી દુકાનાદિના પાપ ભાવ કરાવવાનો અભિપ્રાય નથી. પણ અજ્ઞાની જીવ દયા, દાન કરતાં કરતાં ધર્મ થશે -એમ માને છે તેની અસત્ય શ્રદ્ધાનો નિષેધ કરાવે છે.

આત્માના ભાન વિના વ્યવહાર સાચો નથી. નિશ્ચય સ્વભાવ આદરણીય છે ને વ્યવહાર જાણવા યોગ્ય છે, વ્યવહાર આદરણીય નથી. અમારો તો મોક્ષમાર્ગમાં લગાવવાનો અભિપ્રાય છે ને એવા અભિપ્રાયથી જ અહીં નિરૂપણ કરીએ છીએ.

કોઈ જીવ તો કુળક્રમ વડે જ જૈની છે. કરિયાતાની થેલી ઉપર સાકર નામ લખે તો કરિયાતું મીઠું-ગળ્યું થતું નથી. તેમ અંતર્જૈનની ખબર નથી ને બાહ્યમાં જૈન નામ ધરાવે તેથી તે જૈન થઈ જતો નથી. જૈનકુળમાં જન્મવાથી જૈન થઈ જતો નથી. જૈનદર્શનની ખબર નથી પણ કુળક્રમથી જૈની થઈ ગયો છે. આત્મા જ્ઞાનાનંદ છે, પર્યાયમાં થતાં વિકારને દ્રવ્યદૃષ્ટિથી નાશ કરે તે જૈન છે પણ બહારથી જૈન મનાવે તે જૈન નથી. અમારા બાપદાદા જૈન હતા માટે અમે જૈન છીએ એમ કોઈ કહે તો તે યથાર્થ જૈની નથી. અંતર્દૃષ્ટિથી જૈન થવાય છે.

અન્યમતી જેમ પોતાના કુળધર્મમાં પ્રવર્તે છે તેમ તું પણ કુળક્રમથી પ્રવર્તે છે, માટે તું જૈન નથી.

### ફાગણ સુદ ૩, સોમવાર, ૧૬-૨-૫૩.

દિગંબર જૈની હોવા છતાં વ્યવહારાભાસને માનનારા જીવ એકાંત મિથ્યાદૃષ્ટિ છે. અહીં કોઈ જીવ તો કુળક્રમ વડે જ જૈન છે પણ જૈનધર્મનું સ્વરૂપ જાણતાં નથી. બાપદાદાથી જૈન છે એમ માને છે. જેવી રીતે અન્યમતી વેદાંતી-મુસલમાન વગેરે કુળક્રમ વિષે પ્રવર્તે છે તેમ આ પણ એમ વર્તે છે. જો કુળપરંપરાથી ધર્મ હોય તો મુસલમાનાદિ સર્વ ધર્માત્મા ઠરે, તો પછી જૈનધર્મની વિશિષ્ટતા શું ? કહ્યું છે કે :

**लोयम्मि रायणीई णायं ण कुलकम्म कइयावि ।**
**किं पुण तिलोयपहुणो जिणंद धम्मादिगारम्मि ॥**

લોકમાં એવી રાજનીતિ છે કે કુળક્રમ વડે કદી પણ ન્યાય થતો નથી. જેનું કુળ ચોર છે તેને ચોરીથી પકડે છે ત્યાં કુળક્રમ જાણી તેને છોડતા નથી પણ દંડ જ દે છે. તો સર્વજ્ઞ ભગવાનના ધર્મના અધિકાર વિષે કુળક્રમાનુસાર ન્યાય સંભવે છે ? જૈનકુળમાં જન્મ લઈને જૈનધર્મની પરીક્ષા



કરતો નથી તે વ્યવહારાભાસી છે. જૈનધર્મમાં પરીક્ષા કરવી જોઈએ. પુણ્ય-પાપ સ્વતંત્ર થાય છે ને સ્વભાવ પુણ્ય-પાપ રહિત છે એમ નિર્ણય કરવો જોઈએ. બાપ ગરીબ હોય ને પોતે પૈસાવાળો થાય તો બાપ ગરીબ હતો માટે પૈસા છોડી દેતો નથી. વ્યવહારમાં કુળનું પ્રયોજન નથી તો પછી ધર્મમાં કુળનું પ્રયોજન શું છે ? દિગંબર સંપ્રદાયમાં જન્મયો છું એટલામાત્રથી ધર્મ ન થાય. આત્મા શું છે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શું છે તે જાણવું જોઈએ. પરંપરા માની લ્યે પણ યથાર્થ ઓળખાણ ન કરે તો ધર્મમાં ન ચાલે. ધર્મ વિષે કુળનું પ્રયોજન નથી. પિતા નરકમાં જાય ને પુત્ર મોક્ષમાં જાય, તેમાં કુળની પરંપરા કેવી રીતે રહી ? કુળક્રમની પરંપરા હોય તો પિતા પાછળ પુત્રને પણ નરકમાં જવું પડે, પણ તેમ બનતું નથી. માટે ધર્મમાં કુળક્રમની જરૂર નથી.

અષ્ટસહસ્રીમાં કહ્યું છે કે જીવે પરીક્ષાપ્રધાની થવું જોઈએ. એકલા આજ્ઞાપ્રધાની ન ચાલે. ઘણા કહે છે કે નિમિત્તથી ધર્મ થાય, વ્યવહારથી ધર્મ થાય માટે અમે માનીએ છીએ. પણ તેમ ન ચાલે, પરીક્ષા કરવી જોઈએ.

વળી શાસ્ત્રોના અન્ય અર્થ લખે તે પાપી છે. દિગંબર શાસ્ત્રના નામે દેવીની પૂજા કરવી, ક્ષેત્રપાળની પૂજા કરવી તે વિપરીત પ્રવૃત્તિ છે. પાપી પુરુષોએ કુદેવની પ્રરૂપણા કરી છે. જેને આત્માનું ભાન નથી તથા ઉદ્દેશિક આહાર લ્યે છે, મુનિ માટે ખાસ મોસંબી વગેરે લાવવા તે ન્યાય નથી. આહાર દેનાર ને લેનાર બન્નેની ભૂલ છે. આવો ઉદ્દેશિક આહાર લેવા છતાં મુનિપણું માને તે મિથ્યાદૃષ્ટિ છે. પાપી પુરુષોએ આવી પ્રવૃત્તિ ચલાવી છે. નિર્ગ્રંથ મુનિને સહજ નગ્નદશા હોય છે, તેઓ નિર્દોષ આહાર લ્યે. પ્રાણ જાય છતાં દોષવાળો આહાર ન લ્યે એ મુનિની રીત છે. છતાં મુનિનું સ્વરૂપ ન સમજે ને ઉદ્દેશિક આહાર લ્યે તે સાચા ગુરુ નથી. આમ વિષય કષાય પોષણાદિરૂપ વિપરીત પ્રવૃત્તિ ચલાવી હોય તે દૃષ્ટિ છોડી દેવી જોઈએ. દિગંબર જૈનધર્મમાં જન્મવા છતાં કુદેવ, કુગુરુની માન્યતા ચલાવી હોય તો તે માન્યતા છોડી દેવી. વ્યવહારથી ધર્મ મનાવ્યો હોય તો કુધર્મ છે. તે માન્યતા છોડી દેવી અને જિનઆજ્ઞા અનુસાર પ્રવર્તવું યોગ્ય છે.

**પ્રશ્ન** : અમારી દિગંબરની પરંપરા આવી ચાલે છે તો અમારે શું કરવું ? પાંચમા અધિકારમાં શ્વેતાંબર અને સ્થાનકવાસીની વાત આવી ગઈ. અહીં તો દિગંબર સંપ્રદાયની વાત કરે છે. અમારે કુળપરંપરા છોડી નવીન માર્ગમાં પ્રવર્તવું યોગ્ય નથી.

**સમાધાન** : પોતાની બુદ્ધિ કરી નવીન માર્ગમાં પ્રવર્તે તો તે યોગ્ય નથી પરંતુ યથાર્થ કહે તે નવીન નથી. સ્વભાવથી ધર્મ છે ને રાગથી ધર્મ નથી એમ સમજવું જોઈએ.

''**રઘુકુલ રીતિ ઐસી ચલી આઇ, પ્રાણ જાય અરૂ ધર્મ ન જાઈ**'' એમ અન્યમતમાં કહે છે. એવી રીતે ''**જૈનધર્મ રીતિ ઐસી ચલી આઈ, પ્રાણ જાઈ અરૂ ધર્મ ન જાઈ**'' -એમ સમજવું જોઈએ. શ્રી કુંદકુંદાદિ આચાર્યોએ જૈનધર્મનું જેવું સ્વરૂપ કહ્યું છે તે બરાબર છે.

વસ્ત્રસહિત મુનિપણું અથવા સ્ત્રીને કેવળજ્ઞાન માને તે બરાબર નથી. શાસ્ત્રમાં લખ્યું છે તેને છોડી કોઈ પાપી પુરુષ જાુદું કહે તો તે બરાબર નથી. સર્વજ્ઞની વાણી અનુસાર પુષ્પદંત, ભૂતબલિ આદિ આચાર્યોએ ષટ્ખંડ આગમ લખેલ છે, તેમાં ફેરફાર કરવો યોગ્ય નથી. વ્યાકરણાદિની રચનામાં ફેરફાર હોય તો સુધારવું, અપ્રયોજનભૂત વાત સુધારે તે જાુદી વાત છે પણ પ્રયોજનભૂત વાતમાં કોઈ આચાર્યની ભૂલ નથી. સ્ત્રીને છઠ્ઠું ગુણસ્થાન કદી આવતું નથી છતાં તેની વિરુદ્ધ કહે ને ફેરફાર કરે તે પાપી છે.

શ્રી દ્રવ્યસંગ્રહમાં ભાવમાર્ગણાની વાત આવે છે. તે જીવની ભાવમાર્ગણા છે, દ્રવ્યમાર્ગણાની વાત નથી. જીવની ગતિ ક્યાંકમાં છે તે શોધવું તેની વાત છે, છતાં તેનાથી વિરુદ્ધ કહેવું તે પાપીની પ્રવૃત્તિ છે.

પુરાતન જૈનશાસ્ત્ર - ધવલ, મહાધવલ, સમયસારાદિ શાસ્ત્ર અનુસાર પ્રવર્તવું તે બરાબર છે, તે નવીન માર્ગ નથી. પરંપરા સત્યનો બરાબર નિર્ણય કરવો જોઈએ.

કુળપરંપરાની વાત ચાલી આવી છે માટે નહિ પણ સર્વજ્ઞ કહે છે માટે અંગીકાર કરવું. આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેની દૃષ્ટિ કરવાનું તેઓ કહે છે. ધર્મની પરીક્ષા કરી માનો -એમ કહે છે, કુળનો આગ્રહ કરવો નહિ. જિનઆજ્ઞાથી કુળપરંપરા વિરુદ્ધ હોય તો કુળપરંપરા છોડવી જોઈએ. કુળના ભયથી કરે છે તેને ધર્મબુદ્ધિ નથી. લગ્નાદિમાં કુળક્રમનો વિચાર કરવો પણ ધર્મમાં કુળની પરંપરા મુજબ ચાલવું તે યોગ્ય નથી. ધર્મની પરીક્ષા કરવી જોઈએ. ઘરના મોટા માણસ કહે છે માટે ધર્મનું પાલન કરવું તે બરાબર નથી. માટીનું વાસણ લેવા જાય ત્યારે તપાસીને લ્યે છે એમ ધર્મની પરીક્ષા કરવી જોઈએ.

કુળક્રમ પ્રમાણે ચાલે છે તે વ્યવહારાભાસી છે તે વાત થઈ ગઈ. હવે બીજી વાત કરે છે. કોઈ આજ્ઞાનુસારી જૈન છે, તેઓ જેમ શાસ્ત્રમાં આજ્ઞા છે તેમ માને છે પણ પોતે અજ્ઞાની પરીક્ષા કરતો નથી. સર્વમતવાળા પોતપોતાના ધર્મની આજ્ઞા માને છે, તો બધાને ધર્મ માનવો જોઈએ પણ એમ નથી. નિર્ણય કરીને ધર્મ માનવો જોઈએ. ભગવાનના કહેવામાત્રથી ન માનવું પણ વીતરાગી વિજ્ઞાનની પરીક્ષા કરીને માનવું. સમંતભદ્રાચાર્ય ભગવાનને કહે છે કે ''આપની પુણ્યપ્રકૃતિથી, સમવસરણ આદિથી અમે આપને મહાન માનતા નથી, આપના વીતરાગી વિજ્ઞાનની પરીક્ષા કરીને અમે આપને માનીએ છીએ.'' માટે પરીક્ષા કરી સત્યપણું વિચારવું, પછી જિનઆજ્ઞા માનવી યોગ્ય છે. પરીક્ષા વિના સત્ય-અસત્યનો નિર્ણય કેવી રીતે થાય ? નિર્ણય વિના શાસ્ત્રને માને તો અન્યમતીની જેમ આજ્ઞા માની. ધર્મ શું છે તે બધું નિર્ણયપૂર્વક માનવું જોઈએ. માત્ર દિગંબરનો પક્ષ કરીને માનવું નહિ. રાગાદિ વિકાર છે ને સ્વભાવ વિકાર રહિત છે એમ નિર્ણય કરવો જોઈએ. નિર્ણય કર્યા વિના જેમ અન્ય પોતાના શાસ્ત્રની આજ્ઞા માને છે તેમ આ પણ જૈનશાસ્ત્રની આજ્ઞા માને તો એ પક્ષ વડે જ આજ્ઞા માનવા બરાબર છે.



**પ્રશ્ન** : શાસ્ત્રમાં સમ્યક્ત્વના દસ પ્રકારમાં આજ્ઞા સમ્યક્ત્વ કહ્યું છે, ભગવાને જે સ્વરૂપ કહ્યું છે તેમાં શંકા ન કરવી, તેમ જ આજ્ઞાવિચય ધર્મધ્યાનનો ભેદ કહ્યો છે તથા નિઃશંકિત અંગમાં જિનવચનમાં સંશય કરવાનો નિષેધ કર્યો છે, તે કેવી રીતે ?

**ઉત્તર** : શાસ્ત્રના કોઈ કથનની પ્રત્યક્ષ-અનુમાનાદિ વડે પરીક્ષા કરી શકાય છે ને કોઈ વાત એવી છે કે પ્રત્યક્ષ-અનુમાનાદિ ગોચર નથી. અજ્ઞાની કહે છે કે પાણી અગ્નિથી પ્રત્યક્ષ ગરમ થાય છે પણ તે ભૂલ છે. પાણીના સ્પર્શગુણની ગરમરૂપ અવસ્થા થાય છે તે પ્રત્યક્ષ છે, તેને અજ્ઞાની જોતો નથી. પાણીના પરમાણુઓ છે તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમયે સમયે થયા કરે છે. શીત અવસ્થાનો વ્યય થઈ ગરમ અવસ્થાનો ઉત્પાદ થાય છે ને સ્પર્શગુણ ધ્રુવ રહે છે. અગ્નિ ને પાણીમાં અન્યોન્ય અભાવ છે. અગ્નિને લીધે પાણી ગરમ થતું નથી, તે પ્રત્યક્ષ છે. તેમ નિર્ણય કરવો જોઈએ. પણ પર્યાયમાં અવિભાગ પ્રતિચ્છેદ વગેરેનો ખ્યાલ ન આવે તો તે આજ્ઞાથી માનવું જોઈએ પણ જે પદાર્થ ખ્યાલમાં આવે તેની તો પરીક્ષા કરવી જોઈએ.

જાુદાં જાુદાં શાસ્ત્રોમાં સમાન કથનની પરીક્ષા કરવાનું પ્રયોજન નથી પણ જે કથન પરસ્પર અનુમાનાદિ ગોચર હોય તેની તો પરીક્ષા કરવી. જે શાસ્ત્રમાં પ્રયોજનભૂત વાત સાચી હોય તેની અપ્રયોજનભૂત વાત સાચી સમજવી જોઈએ પણ જે શાસ્ત્રમાં પ્રયોજનભૂત વાતમાં ભૂલ હોય તેની બધી વાત અપ્રમાણ માનવી.

**પ્રશ્ન** : પરીક્ષા કરતાં કોઈ કથન કોઈ શાસ્ત્રમાં પ્રમાણ ભાસે તથા કોઈ કથન કોઈ શાસ્ત્રમાં અપ્રમાણ ભાસે તો શું કરવું ?

**ઉત્તર** : સર્વજ્ઞની વાણી અનુસાર શાસ્ત્રમાં કાંઈ વિરુદ્ધ નથી. જેનામાં પૂર્ણ જાણપણું જ ન હોય અગર રાગદ્વેષ હોય તે જ અસત્ય કહે. વીતરાગ સર્વજ્ઞદેવમાં એવો દોષ હોય નહિ. તેં પરીક્ષા બરાબર કરી નથી માટે જ તને ભ્રમ છે.

**પ્રશ્ન** : છદ્મસ્થથી અન્યથા પરીક્ષા થઈ જાય તો શું કરવું ?

**ઉત્તર** : સત્ય-અસત્ય વસ્તુને મેળવી પરીક્ષા કરવી. સોનું, કપડાં વગેરે લેતાં પરીક્ષા કરે છે તેમ શાસ્ત્રની આજ્ઞા મેળવવી. સત્ય અસત્યને મેળવીને પ્રમાદ છોડી પરીક્ષા કરવી. જે સંપ્રદાયમાં જન્મ્યા તેની વાત જ સાચી તો તેમ નથી. વ્યવહાર અથવા રાગ આવે છે તે પુણ્ય છે, ધર્મ નથી, તેને ધર્મ માનવો તે જૈનધર્મ નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેની દૃષ્ટિ કરવી તે ધર્મ છે. પુણ્યથી ધર્મ માનવાની પરંપરા ચાલતી હોય તો છોડી દેવી. શુદ્ધોપયોગમાં સ્થિર ન થાય ત્યાં સુધી શુભ ભાવ તો આવે છે પણ તેને ધર્મ માનવો છોડી દેવો. પ્રથમ દૃષ્ટિમાં પુણ્યને છોડવું જોઈએ. હું શુદ્ધ ચિદાનંદ છું, પર્યાયમાં વિકાર થાય છે તે ધર્મ નથી, તેનાથી રહિત શુદ્ધ આત્માની દૃષ્ટિ કરવી ને પુણ્ય-પાપને

હેય સમજવા તેને દૃષ્ટિમાં છોડ્યા કહેવાય છે ને સ્વરૂપમાં લીનતા થતાં પુણ્યની અસ્થિરતા છૂટે છે. આમ બરાબર સમજવું જોઈએ. કુળમાં પુણ્યથી ધર્મ માનતાં હોય તો તે માન્યતા છોડી દેવી જોઈએ. જ્યાં પક્ષપાતથી બરાબર પરીક્ષા કરવામાં ન આવે ત્યાં જ અન્યથા પરીક્ષા થાય છે

**પ્રશ્ન** : શાસ્ત્રોમાં પરસ્પર વિરુદ્ધ કથનો તો ઘણા છે તો કોની કોની પરીક્ષા કરીએ ?

**ઉત્તર** : મોક્ષમાર્ગમાં દેવની પરીક્ષા કરવી જોઈએ. સર્વજ્ઞને જ્ઞાન-દર્શન બન્ને ઉપયોગનું પૂર્ણ પરિણમન એક સમયે છે પણ કોઈ ક્રમે ઉપયોગ માને ને કેવળીને આહાર માને તે સર્વજ્ઞને સમજતો નથી. આત્માના ભાનપૂર્વક જે અંતર્લીનતા કરે છે તે મુનિ છે ને બાહ્યથી ૨૮ મૂળગુણ પાલન કરે ને શરીરની નગ્ન અવસ્થા જેને હોય તે મુનિ છે. એ રીતે મુનિનું સ્વરૂપ સમજવું જોઈએ. વળી ધર્મની પરીક્ષા કરવી જોઈએ. ભૂતાર્થ સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે, વ્યવહારથી ધર્મ થતો નથી -એમ સમજવું જોઈએ. પુણ્ય-પાપ બન્ને વિકાર છે-આસ્રવ છે. સંવર-નિર્જરા ભિન્ન તત્ત્વ છે. આમ પરીક્ષા ન કરે તેની શ્રદ્ધા ખોટી છે. મોક્ષમાર્ગ વિષે દેવ-ગુરુ-ધર્મની પરીક્ષા કરવી જોઈએ, તે મૂળ રકમ છે.

કોઈ જીવ વ્યાજ આપે પણ મૂડી ન આપે તો મૂળ રકમ ઉડાડે છે. તેમ અહીં આ મૂળ રકમ છે. દિગંબર સંપ્રદાયમાં જન્મ્યા માત્રથી કામ ન આવે, પરીક્ષા કરવી જોઈએ. જે વ્યવહારથી ને બાહ્ય લક્ષણથી દેવ-ગુરુ-શાસ્ત્રની પરીક્ષા કરતો નથી તેને ગૃહીત મિથ્યાત્વ ટળ્યું નથી એમ શ્રી ભાગચંદ્રજી 'સત્તાસ્વરૂપ'માં કહે છે. દેવ, ગુરુ ને ધર્મનું સ્વરૂપ જાણવું જોઈએ.

વળી જીવ ત્રિકાળી છે, સંવર-નિર્જરા અધૂરી શુદ્ધદશા છે, મોક્ષ પૂર્ણ શુદ્ધદશા છે. શુભાશુભ ભાવ આસ્રવ ને બંધ છે. શરીર, કર્મ અજીવ છે. આમ સાત તત્ત્વને યથાર્થ માનવા જોઈએ. કર્મથી વિકાર માને ને પુણ્યથી ધર્મ માને તો સાત રહેતાં નથી. માટે પ્રયોજનભૂત વાતમાં બરાબર પરીક્ષા કરવી જોઈએ.

### ફાગણ સુદ ૪, મંગળવાર, ૧૭-૨-૫૩.

આ વ્યવહારાભાસીનું વર્ણન ચાલે છે. હું શુદ્ધ ચિદાનંદ છું તેની દૃષ્ટિ નથી ને શુભ પરિણામને ધર્મ માને છે તેની વાત ચાલે છે. આત્મા દેહની ક્રિયા ને પુણ્યથી રહિત છે ને જ્ઞાનાનંદ છે એવી દૃષ્ટિ થઈ નથી ને શુભથી ધર્મ માને છે તેને વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ કહે છે. શુભ ભાવથી પુણ્ય બંધાય છે, ધર્મ થતો નથી. આત્માની દૃષ્ટિ થયા પછી જે શુભ ભાવ થાય છે તેને વ્યવહાર કહે છે. જે એકલા શુભથી ધર્મ માને છે, ને આત્માનું ભાન નથી તેને વ્યવહારાભાસી કહે છે. તે દિગંબરમાં જન્મ્યો હોય તો પણ તે મિથ્યાદૃષ્ટિ છે.

દિગંબર કુળમાં જન્મવાથી ધર્મ થતો નથી. મોક્ષમાર્ગ વિષે સર્વજ્ઞદેવ, ગુરુ, ધર્મની પરીક્ષા કરવી



જોઈએ. આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેમાં લીનતા કરે તે મુનિ-ગુરુ છે, તેની પરીક્ષા કરવી જોઈએ. પંચાસ્તિકાય ગાથા ૧૭૨માં વ્યવહારાભાસીનું સ્વરૂપ કહ્યું છે, ધર્મની પરીક્ષા કરવી જોઈએ. વ્યવહાર કરતાં કરતાં ધર્મ થઈ જશે એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. શ્વેતાંબર કહે છે કે વ્યવહાર પહેલો હોવો જોઈએ ને જીવ દિગંબર હોવા છતાં વ્યવહારને પ્રથમ કહે છે તે પણ શ્વેતાંબરની જેમ મિથ્યાદૃષ્ટિ જ છે.

તત્ત્વની પરીક્ષા કરવી જોઈએ. ભાન વિના દ્રવ્યલિંગ ધારી અનંતવાર મુનિ ને શ્રાવક થયો પણ આત્મજ્ઞાન વિના સુખ પામ્યો નહિ.

**પ્રશ્ન** : કુંદકુંદાચાર્ય તો જ્ઞાની હતા તો પણ વિદેહમાં કેમ ગયા ?

**ઉત્તર** : કુંદકુંદાચાર્યે પ્રથમ તત્ત્વની પરીક્ષા કરી હતી ને સમ્યગ્દર્શન હતું, પછી વિશેષ નિર્ણય કરવા માટે અથવા દઢતા માટે એવો વિકલ્પ આવ્યો હતો. અપ્રયોજનભૂત વાતની નિર્મળતા માટે ગયા હતા, તેમને સમ્યગ્દર્શન તો હતું જ, પ્રયોજનભૂત તત્ત્વની પરીક્ષા કરી હતી.

અહીં કહે છે કે દેવ-ગુરુની પરીક્ષા કરવી જોઈએ. શ્વેતાંબર કહે છે કે દેવને ક્ષુધા-તૃષા લાગે છે, પણ દેવનું તેવું સ્વરૂપ નથી. પરીક્ષા કરવી જોઈએ. પરીક્ષા વિના માને તો મિથ્યાદૃષ્ટિ છે. ગુરુની પરીક્ષા કરવી જોઈએ. બધા સંપ્રદાયવાળા પોતપોતાના દેવ-ગુરુ સાચા છે એમ કહે છે. પણ એમ ન ચાલે, પરીક્ષા કરવી જોઈએ.

સાત તત્ત્વની શ્રદ્ધા સમ્યગ્દર્શન છે. જ્ઞાયકસ્વરૂપ જીવ છે, કર્મ અજીવ છે, શુભાશુભ પરિણામ આસ્રવ છે, તેમાં અટકવું તે બંધ છે, સ્વભાવના આશ્રયે વીતરાગી દશા પ્રગટે તે સંવર-નિર્જરા છે, પૂર્ણદશા મોક્ષ છે દ્રઆ બધાનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. કયા ભાવથી મોક્ષ થાય છે ને કયા ભાવથી બંધ થાય છે તેની પરીક્ષા કરવી જોઈએ. પુણ્ય-પાપના પરિણામ બંધના કારણ છે. સ્વભાવના આશ્રયે થતાં પરિણામ મોક્ષનું કારણ છે. માટે તેની તો પરીક્ષા અવશ્ય કરવી જોઈએ.

જે શાસ્ત્રમાં પ્રયોજનભૂત વાત સત્ય હોય તો તેની સર્વ આજ્ઞા માનવી. જેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર, નવ તત્ત્વ, બંધ-મોક્ષમાર્ગની વિપરીત વાત લખી હોય તેની આજ્ઞા ન માનવી. માટે માત્ર કુળ રૂઢીથી માનવું યોગ્ય નથી.

વળી જેમ લોકમાં જે પુરુષ પ્રયોજનભૂત કાર્યોમાં જૂઠું બોલતો નથી તે પ્રયોજન રહિત કાર્યમાં કેવી રીતે જૂઠું બોલશે ? તેવી રીતે શાસ્ત્રો વિષે પ્રયોજનભૂત દેવાદિકનું સ્વરૂપ, નવ તત્ત્વનું સ્વરૂપ યથાર્થ કહ્યું છે તો પછી સમુદ્ર, પર્વત વગેરે અપ્રયોજનભૂત વાત જૂઠી કેમ કહે ? દેવ-ગુરુનું વિપરીત કથન કરતાં વક્તાના વિષય કષાય પોષાય છે.

**પ્રશ્ન** : વિષય કષાયથી દેવાદિકનું કથન તો અન્યથા કર્યું પણ તે જ શાસ્ત્રોમાં બીજા કથન અન્યથા

શા માટે કર્યાં ?

**ઉત્તર** : જો એક જ કથન અન્યથા કહે તો તેનું અન્યથાપણું તુરત જ પ્રગટ થઈ જાય તથા જુદી પદ્ધતિ પણ ઠરે નહિ પરંતુ ઘણા કથન અન્યથા કરવાથી જુદી પદ્ધતિ પણ ઠરે ને તુચ્છબુદ્ધિ ભ્રમમાં પડી જાય છે. પોતાના બનાવેલા શાસ્ત્રમાં પોતાની વાત ચલાવવા કેટલીક સત્ય કહી ને કેટલીક અસત્ય કહી પણ તે વીતરાગની વાત નથી. સ્વભાવના આશ્રયે કલ્યાણ થાય છે, નિમિત્ત ને રાગથી કલ્યાણ થતું નથી. આમ પરીક્ષા કરવી જોઈએ.

હવે એવી પરીક્ષા કરતાં એક જૈનમત જ સત્ય ભાસે છે. સર્વજ્ઞ પરમાત્માની ધ્વનિમાં જે માર્ગ આવ્યો તે યથાર્થ છે. સાત તત્ત્વ, ઉપાદાન-નિમિત્ત વગેરેનું સ્વરૂપ આવ્યું તે સાચું છે. જૈનમતના વક્તા શ્રી સર્વજ્ઞ વીતરાગ છે. તેઓ જૂઠું શા માટે કહે ? એ પ્રમાણે પરીક્ષા કરીને આજ્ઞા માને તો તે સત્ય શ્રદ્ધાન છે ને તેનું નામ જ આજ્ઞા સમ્યક્ત્વ છે. પરીક્ષા વિના માને તો આજ્ઞા સાચી નથી.

વળી જ્યાં એકાગ્ર ચિંતવન હોય તેનું નામ આજ્ઞાવિચય ધર્મધ્યાન છે. જો એમ ન માનીએ અને પરીક્ષા કર્યા વિના માત્ર આજ્ઞા માનતા જ સમ્યક્ત્વ વા ધર્મધ્યાન થઈ જતું હોય તો જીવ અનંતવાર મુનિવ્રત ધારણ કરી દ્રવ્યલિંગી મુનિ થયો પણ આત્માના ભાન વિના સુખી ન થયો. દેહની ક્રિયાથી ને પુણ્યથી ધર્મ માને છે તેથી તે મિથ્યાત્વ વડે દુઃખી થયો. એકલી આજ્ઞાથી ધર્મ થતો હોય તો દ્રવ્યલિંગી મુનિએ આજ્ઞા માની છે પણ પરીક્ષા કરી નથી. આજ્ઞા માનવાથી ધર્મ થતો હોય તો દ્રવ્યલિંગીને ધર્મ થવો જોઈએ. પણ તેણે ભગવાનની આજ્ઞા શું છે, આગમની આજ્ઞા શું છે તે જાણ્યું નથી, તેનો નિર્ણય કર્યો નથી. સર્વજ્ઞની વ્યવહાર આજ્ઞા માની પણ હું શુદ્ધ ચિદાનંદ છું એની દૃષ્ટિ કરી અનુભવ કરવો તે અનુભૂતિ છે એવી ખરેખર નિશ્ચય આજ્ઞા માની નથી, તેણે નિશ્ચય ને વ્યવહારની પરીક્ષા કરી નથી. માત્ર વ્યવહાર આજ્ઞા અનુસાર ક્રિયાકાંડ કરે છે. પાંચ મહાવ્રત પાલન કરવા વગેરે પરિણામ કર્યા છે પણ રાગ રહિત આત્મા જ્ઞાનાનંદ છે તે નિશ્ચયની પરીક્ષા કરી નથી. વ્યવહાર આજ્ઞા અનુસાર સાધન કરે છે. પાંચ મહાવ્રત પાલન કરે છે. શરીરના ખંડખંડ થવા છતાં ક્રોધ ન કરે એ રીતે વ્યવહાર આજ્ઞા પાલન કરી નવમી ગ્રૈવેયકે ૩૧ સાગરની સ્થિતિએ ગયો પણ પરીક્ષા કરીને અંતરંગ નિશ્ચયનું ભાવભાસન થયું નહિ.

જડની ક્રિયાનો ને રાગનો આત્મા જ્ઞાતા છે તેવી દૃષ્ટિ થઈ નથી તેની વાત કરે છે. જેનો વ્યવહાર સાચો નથી તેના વ્યવહાર ને નિમિત્ત બન્ને ખોટા છે. અહીં તો મૂળગુણનું પાલન જિનઆજ્ઞા અનુસાર કરે છે, એક વખત નિર્દોષ આહાર લ્યે, ઉદ્દેશિક આહાર ન લ્યે તેની વાત છે. મિથ્યાદૃષ્ટિ મુનિને વ્યવહાર શ્રદ્ધા છે, વીતરાગદેવ સિવાય બીજાને માને નહિ, પણ પરીક્ષા કરી નથી, એકલી આજ્ઞા માની છે, આજ્ઞા માનવાથી સમ્યગ્દર્શન હોય તો તે મિથ્યાદૃષ્ટિ કેમ રહે ? માટે પ્રયોજનભૂત વાત



સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે તથા બંધ-મોક્ષ અને તેના કારણોની અવશ્ય પરીક્ષા કરવી જોઈએ. આમ પરીક્ષા કરી આજ્ઞા માને તો સમ્યક્ત્વી થાય છે.

કેટલાક લોકો કહે છે કે દિગંબરમાં જન્મ્યા માટે શ્રાવક થયા પણ તે વાત ખોટી છે. પ્રથમ પરીક્ષા કરી આજ્ઞા માને તો સમ્યક્ત્વ થાય છે ને પછી શ્રાવક ને મુનિદશા પ્રગટે છે. કુંદકુંદાચાર્યાદિ મુનિઓ ને દીપચંદજી વગેરે એમ જ કહે છે કે પરીક્ષા કરો ને પછી માનો.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા નિશ્ચય સમકિત નથી પણ આત્માનું ભાન કરે તો તે શ્રદ્ધાને વ્યવહાર શ્રદ્ધા કહે છે. માટે પરીક્ષા કરી આજ્ઞા માનતા જ સમ્યક્ત્વ અથવા ધર્મધ્યાન હોય છે. લોકમાં પણ કોઈ પ્રકારથી પરીક્ષા કરીને પુરુષની પ્રતીતિ કરે છે. ધર્મમાં પરીક્ષા ન કરે તો પોતે ઠગાય છે.

વળી તેં કહ્યું કે જિનવચનમાં સંશય કરવાથી સમ્યક્ત્વમાં શંકા નામનો દોષ થાય છે પણ ''ન માલુમ આ કેમ હશે ?'' એવું માની કાંઈ નિર્ણય જ ન કરીએ તો ત્યાં શંકા નામનો દોષ થાય. નિર્ણય માટે વિચાર કરતાં જ સમ્યક્ત્વમાં દોષ લાગે તો અષ્ટસહસ્રીમાં આજ્ઞાપ્રધાની કરતાં પરીક્ષાપ્રધાનીને ઉત્તમ શા માટે કહ્યો ? નિર્ણય ન કરે તો શંકા દોષ લાગે છે.

સમન્તભદ્ર આચાર્ય સર્વજ્ઞદેવની પરીક્ષા કરે છે. આપ્તમીમાંસામાં કહેલ છે - ''હે નાથ ! દેવોના આવવાથી, ચામરના વીંઝવાથી કે સમવસરણ રચનાથી આપ સર્વજ્ઞ નથી, આપને અમે પરીક્ષા કરીને માનીએ છીએ. પુણ્યની વિભુતિ તો સ્વર્ગના દેવોમાં પણ હોય છે, પુણ્યને લીધે અમે તમોને માનતા નથી. રાગ રહિત સ્વભાવના આશ્રયે વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટી માટે તમોને આપ્ત માનું છું''. આમ મુનિએ ભગવાનના સ્વરૂપની પરીક્ષા કરી છે. માટે પરીક્ષાપ્રધાની થવું જોઈએ.

વળી પૃચ્છના સ્વાધ્યાયનું અંગ છે, મુનિઓ પણ પ્રશ્ન પૂછે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોને કહે છે વગેરે પ્રશ્ન પૂછવા તે સ્વાધ્યાયનું અંગ છે. વળી પ્રમાણ-નય વડે પદાર્થોનો નિર્ણય કરવાનો ઉપદેશ આપ્યો છે. નિશ્ચય ને વ્યવહારનયથી તથા પ્રમાણથી ને ચાર નિક્ષેપથી નિર્ણય કરવો. જો આજ્ઞાથી ધર્મ થતો હોય તો પરીક્ષા કરવા શું કામ કહ્યું ? માટે પરીક્ષા કરી આજ્ઞા માનવી યોગ્ય છે.

વળી કોઈ પાપી પુરુષ આચાર્યનું નામ મૂકી કલ્પિત વાત કરે ને તેને જિનવચન ઠરાવતો હોય તો તેને પ્રમાણ ન કરવું. કેટલાક જીવો પુણ્યથી ધર્મ મનાવે, નિમિત્તથી કાર્ય થતું મનાવે ને તેવા શાસ્ત્રોને જૈનમતના શાસ્ત્ર ઠરાવે તો ત્યાં પરીક્ષા કરવી. પરસ્પર વિધિ મેળવવી. અત્યારે ભગવાન ને આચાર્યના નામે ખોટા શાસ્ત્રો લખાયા છે. માટે પરીક્ષા કરવી જોઈએ.

કોઈના કહેવાથી માનવું નહિ પણ પરીક્ષાથી માનવું. વ્યવહારથી ધર્મ થતો નથી, વ્યવહાર બંધમાર્ગ છે. તેના રહિત આત્માના આશ્રયે ધર્મ થાય છે. પરસ્પર શાસ્ત્રોથી વિધિ મેળવી આ પ્રમાણે સંભવિત છે કે નહિ ? એવો વિચાર કરી વિરુદ્ધ અર્થને મિથ્યા જાણવો.

જેમ ધુતારો પોતાના પત્રમાં શાહુકારના નામથી હુંડી લખે તો નામના ભ્રમથી કોઈ પોતાનું ધન ઠગાય તો તે દરિદ્ર થાય તેમ ભગવાન કે આચાર્યના નામથી પોતાનો મત ચલાવવા શાસ્ત્રથી વિરુદ્ધ લખે તો તે પાપી છે. વ્યવહારથી ધર્મ મનાવે, પ્રતિમાને શણગારવાળી કહે તે પાપી છે. મિથ્યાદષ્ટિ જીવોએ શાસ્ત્ર બનાવ્યા ને શાસ્ત્રકર્તાનું નામ જિન, ગણધર, આચાર્યોનું ધર્યું હોય તો નામના ભ્રમથી કોઈ જાૂઠું શ્રદ્ધાન કરે તો તે મિથ્યાદષ્ટિ જ થાય.

શ્વેતાંબરના જ્ઞાતાસૂત્રમાં કહ્યું છે કે મેઘકુમારના જીવે હાથીના ભવમાં સસલાની દયા પાળી તેથી સંસાર પરિત થયો પણ દયાભાવ તો શુભ પરિણામ છે. તેનાથી સંસાર પરિત થતો નથી. માટે તે વાત ખોટી છે. આત્માના ભાન વિના બધું વ્યર્થ છે. શુભ રાગથી પુણ્ય છે, ધર્મ નથી. જે શુભમાં ધર્મ મનાવે ને વીતરાગનું નામ લખે ને તેવા નામથી કોઈ ઠગાય તો મિથ્યાદષ્ટિ થાય.

સર્વજ્ઞને ક્ષુધા, તૃષા ન હોય, નિહાર ન હોય; તીર્થંકરને જન્મથી નિહાર હોતો નથી ને કેવળજ્ઞાન પછી આહાર નિહાર બન્ને હોતા નથી -એમ જાણવું જોઈએ. આત્માના ભાનવાળા નિર્ગ્રંથ ગુરુ સાચા ગુરુ છે.

**પ્રશ્ન** : ગોમ્મટસારમાં એમ કહ્યું કે સમ્યગ્દષ્ટિ જીવ અજ્ઞાની ગુરુના નિમિત્તથી જાૂઠું શ્રદ્ધાન કરે તો પણ તે આજ્ઞા માનવાથી સમ્યગ્દષ્ટિ જ હોય છે, એ કથન કેવી રીતે કર્યું ?

**ઉત્તર** : જે પ્રત્યક્ષ અનુમાનાદિ ગોચર નથી તથા સૂક્ષ્મપણાથી નિર્ણય ન થઈ શકે તેની વાત છે. પણ દેવ-ગુરુ-શાસ્ત્ર તથા જીવાદિ તત્ત્વનો નિર્ણય થઈ શકે છે. મૂળભૂત વાતમાં જ્ઞાની પુરુષોના કથનમાં ફેર નથી. જેની મૂળભૂત વાતમાં ફેર હોય તે જ્ઞાની નથી.

જડથી આત્મામાં લાભ થાય, આત્માથી શરીર ચાલે છે -એમ માનનારને સાત તત્ત્વની ખબર નથી. જડની પર્યાય જડથી થાય છે, છતાં આત્માથી થાય છે એમ માનવું મૂળભૂત ભૂલ છે. પુણ્ય આસ્રવથી ધર્મ માને, નિમિત્તથી ઉપાદાનમાં વિલક્ષણતા થાય -એમ માનનારની મૂળભૂત તત્ત્વમાં ભૂલ છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ વગેરે સાત તત્ત્વો સ્વતંત્ર છે. છતાં કર્મથી વિકાર માને, જડની પર્યાય જીવથી થાય માને, અગ્નિથી પાણી ગરમ થાય એમ માને તો સાત રહેતા નથી. અજીવમાં અનંતા પુદ્ગલો સ્વતંત્ર છે. તેમ ન માને તો અજીવ સ્વતંત્ર રહેતું નથી. મૂળભૂતમાં ભૂલ કરે તો સમ્યગ્દર્શન સર્વથા રહે નહિ -એમ નિશ્ચય કરવો.

પરીક્ષા કર્યા વિના કેવળ આજ્ઞા વડે જ જે જૈની છે તે પણ મિથ્યાદષ્ટિ જાણવા. માટે પરીક્ષા કરીને વીતરાગની આજ્ઞા માનવી જોઈએ.

### ફાગણ સુદ ૫, બુધવાર, ૧૮-૨-૫૩.

અહીં વ્યવહારાભાસીનું કથન છે. જે એકાંત વ્યવહારને માને છે ને જેને આત્માનું ભાન નથી



તે વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે. જૈન સંપ્રદાયમાં જન્મવાથી જૈન થવાતું નથી. સર્વજ્ઞદેવે જે સાત તત્ત્વ કહ્યાં છે તેની શ્રદ્ધા કરવી જોઈએ. જીવાદિ તત્ત્વની જે પરીક્ષા કરતો નથી તે મિથ્યાદષ્ટિ છે તેથી કેવળ આજ્ઞા વડે જૈની માને છે તે મિથ્યાદષ્ટિ છે.

વળી કોઈ પરીક્ષા કરીને જૈની થાય છે પરંતુ દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવા ? નવ તત્ત્વો કોને કહેવા ? તેવી મૂળ વાતની પરીક્ષા કરતો નથી. માત્ર દયા પાળે, શીલ પાળે તો તે મૂળ ધર્મ નથી. દયાનો ભાવ કષાયમંદતા છે, શીલ એટલે બ્રહ્મચર્ય પાલન કરે છે પણ મૂળ પરીક્ષા નથી. એવી દયા ને શીલ અન્યમતી પણ પાળે છે. જૈનદર્શનમાં પરીક્ષા કરવી જોઈએ. જીવ જ્ઞાયકતત્ત્વ છે, પુણ્ય-પાપ બંધ છે, તેનાથી ધર્મ નથી, સંવર-નિર્જરા અધૂરી નિર્મળ પર્યાય છે, મોક્ષ પૂર્ણ નિર્મળ પર્યાય છે. એવી પરીક્ષા કરતો નથી ને તપાદિ વડે પરીક્ષા કરે તો તે મૂળ પરીક્ષા નથી. અમારા ભગવાને તપ કર્યો હતો ને સંયમ પાળ્યો હતો તો તે મૂળ પરીક્ષા નથી. ભગવાનની પૂજા-સ્તવન કરે છે માટે ધર્માત્મા છે એ પરીક્ષા નથી. મોટા મંદિર કરે, પ્રભાવના કરે, પંચ કલ્યાણક કરે તે ધર્મીની પરીક્ષા નથી -તે પુણ્ય પરિણામની વાત છે. જૈન સિવાય અન્યમતમાં પણ એવી વાતો છે. વળી અતિશય-ચમત્કારથી ધર્મની પરીક્ષા નથી, વ્યંતરો પણ ચમત્કાર કરે છે. અમારા ભગવાન દીકરા આપે છે ને ચમત્કાર કરે છે તે પરીક્ષા નથી. જૈનધર્મ પાલન કરીશું તો સ્વર્ગ મળશે, પૈસા મળશે એમ માની જૈનધર્મની પરીક્ષા કરે તો તે મિથ્યાદષ્ટિ છે. આવા કારણથી જૈનમતને ઉત્તમ જાણી પ્રીતિવાન થાય છે. અન્યમતમાં એવા કાર્યો હોય છે. અન્યમતમાં પણ સંયમ, તપ, ઈંદ્રિયદમન, બ્રહ્મચર્યપાલન કરે છે માટે તે ખરી પરીક્ષા નથી. તેમાં અતિવ્યાપ્તિ દોષ આવે છે. તે ધર્મની પરીક્ષા નથી. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે, પર્યાયમાં વિકાર થાય છે, વિકારમાં પર વસ્તુ નિમિત્ત છે, વિકાર રહિત આત્મા શુદ્ધ છે -એવું ભાન થવું તે જૈનધર્મ છે.

**પ્રશ્ન** : જૈનમાં જેવી પ્રભાવના, સંયમ, તપ વગેરે હોય છે તેવા અન્યમતમાં હોતા નથી, તેથી ત્યાં અતિવ્યાપ્તિ દોષ નથી.

**સમાધાન** : એ તો સત્ય છે, પરંતુ પર જીવની દયા પાળવાનું તમે કહો છો તેમ બીજા પણ કહે છે. પરંતુ પરની દયા આત્મા પાળી શકતો નથી -એમ સમજવું જોઈએ. આત્મા પર જીવની રક્ષા કરી શકે છે એમ માનનાર જૈન નથી. સ્વભાવના ભાનપૂર્વક પર્યાયમાં રાગ ન થાય તેને દયા કહે છે. અહીં પરીક્ષા કરવાનું કહે છે. પર જીવ તેના આયુષ્યના કારણે જીવે છે ને આયુ પૂર્ણ થવાથી મરે છે છતાં અજ્ઞાની જીવ પરને બચાવી શકું છું કે મારી શકું છું એમ માને છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે, તે પરનું કાંઈ કરી શકતો નથી. આત્માના ભાનપૂર્વક અરાગ પરિણામ થવા તે નિશ્ચય દયા છે ને શુભ ભાવ તે વ્યવહાર દયા છે. શુભ ભાવ નિશ્ચયથી હિંસા છે. શરીરથી બ્રહ્મચર્યનું પાલન કરવું તે ખરું બ્રહ્મચર્ય નથી. એવું બ્રહ્મચર્ય તો અન્યમતવાળા પણ પાળે છે. આત્મા શુદ્ધ

આનંદકંદ છે તેની દૃષ્ટિ રાખી તેમાં લીનતા કરવી તે બ્રહ્મચર્ય છે. શરીરનું બ્રહ્મચર્ય તે ખરું બ્રહ્મચર્ય નથી. વળી આહાર ન લેવો તેને અજ્ઞાની તપ કહે છે, તે ખરો તપ નથી. અન્યમતવાળા પણ આહાર લેતા નથી, ઇચ્છાનો નિરોધ થવો તે તપ છે. સ્વભાવના ભાનપૂર્વક ઇચ્છાનું અટકી જવું ને જ્ઞાનાનંદનું પ્રતપન થવું તે તપ છે. વળી અજ્ઞાની ઇંદ્રિયદમનને સંયમ કહે છે, તે ખરો સંયમ નથી. દેહ-મન-વાણીનું લક્ષ છોડી આત્મામાં એકાગ્ર થવું તે સંયમ છે.

પોતાના રાગ રહિત સ્વભાવને પૂજ્ય માનવો તે પૂજા છે ને અંતરમાં પ્રભાવના થઈ તે પ્રભાવના છે. લોકો વ્યવહારથી પ્રભાવના માને છે પણ તે ખરેખર ધર્મ નથી. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, શુભાશુભ રાગ થાય છે તે મલિન છે, તેથી રહિત આત્માનું ભાન થવું તે ધર્મ છે.

લોકો બહારમાં ચમત્કાર માને છે. અન્યમતવાળા ચમત્કાર કરે છે પણ આત્મા ચૈતન્યચમત્કાર છે, એમાં એકાગ્ર થવાથી શાંતિ મળે છે તે ચમત્કાર છે. બહારના દેવો ચમત્કાર કરે છે એમ માનનાર જૈન નથી. લક્ષ્મી વગેરેની પ્રાપ્તિ તે ઇષ્ટની પ્રાપ્તિ નથી. શુદ્ધ ચિદાનંદ સ્વભાવ ઇષ્ટ છે, પુણ્ય-પાપ અનિષ્ટ છે. પુણ્ય-પાપ રહિત અંતર્લીનતા થવી તે ઇષ્ટ છે.

લોકો બહારથી જૈનપણું માને છે તે ભૂલ છે. દયા, શીલ, સંયમ, પ્રભાવના, ચમત્કાર બધો વ્યવહાર છે, તેનાથી જૈનધર્મની પરીક્ષા નથી. આત્માના ભાનપૂર્વક પરીક્ષા કરવી જોઈએ.

વળી તે કહે છે કે અન્યમતમાં એ બરાબર નથી, તેઓ કોઈ વખત દયા પ્રરૂપે છે ત્યારે કોઈ વખત હિંસા પ્રરૂપે છે. તો તેને કહે છે કે અન્યમતમાં પૂજા, પ્રભાવના, દયા, સંયમ છે માટે એ લક્ષણથી અતિવ્યાપ્તિપણું હોય છે, તેનાથી સાચી પરીક્ષા થાય નહિ. રાગથી ભિન્ન આત્મા છે એમ આત્માની પરીક્ષા કરવી જોઈએ. તે કેવી રીતે થાય ?

જૈનધર્મમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે, અજ્ઞાની દયા, દાનને ધર્મ માને છે, શુભ રાગ આવે છે પણ તે ધર્મ નથી. દયા, શીલ, સંયમ, પૂજા, પ્રભાવના રાગ છે, રાગ તે જૈનધર્મ નથી. સાચા દેવ, સાચા ગુરુ ને સાચા શાસ્ત્રની પરીક્ષા કરવી જોઈએ. નિર્ગ્રંથ ભાવલિંગી મુનિ તે સાચા ગુરુ છે. શ્રી સમયસારમાં કહ્યું છે કે નિશ્ચયનય બાહ્ય લિંગને સ્વીકારતો નથી.

શાસ્ત્ર અનેકાંત કહે છે. જીવમાં અજીવ નથી, આસ્રવમાં સંવર નથી વગેરે પરીક્ષા કરવી જોઈએ. દ્રવ્યદૃષ્ટિએ જીવ ખરેખર આસ્રવ કરતો નથી. આસ્રવ તત્ત્વ જુદું છે, ત્રિકાળી જીવ તત્ત્વ જુદું છે. બન્ને ભિન્ન છે. પુણ્ય-પાપના પરિણામ તે આસ્રવ-બંધ છે -એમ જાણવું જોઈએ. આસ્રવથી સંવર માને, દેવના એકલા બાહ્ય અતિશય માને, સમવસરણ માને તે ધર્મની પરીક્ષા નથી. આત્મા જ્ઞાનાનંદ છે તેના અવલંબનથી સ્થિરતા થવી તે ધર્મ છે. આમ પરીક્ષા કરતો નથી ને બાહ્યથી પરીક્ષા કરે છે તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે.



દયા, દાન, શીલ, તપથી સમકિત થાય છે એમ કહ્યું નથી. તત્ત્વાર્થ શ્રદ્ધાન કરે તો સમ્યગ્દર્શન થાય છે. તે વિનાના બધા તપ બાળતપ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ને જીવાદિનું શ્રદ્ધાન કરવાથી સમ્યગ્દર્શન થાય છે ને તેને યથાર્થ જાણવાથી સમ્યગ્જ્ઞાન થાય છે.

શરીર નીરોગ હોય તો ધર્મ થાય એમ માનનાર મૂઢ છે, તે જડથી ધર્મ માને છે. તેને સાત તત્ત્વની શ્રદ્ધા નથી. શરીરમાં તાવ આવે ત્યારે સામાયિક ક્યાંથી થાય ? એમ અજ્ઞાની પૂછે છે. જડની પર્યાયથી ધર્મ થાય છે ? ના. શરીરની ગમે તે અવસ્થા હો, શરીરથી હું જુદો છું એમ ભાન હોય તેને સામાયિક થાય છે. સુકોશલ મુનિ તથા સુકુમાર મુનિને વાઘ વગેરે ખાય છે છતાં અંતરમાં સામાયિક વર્તે છે. શરીરની અવસ્થા જડની છે, તે આત્માની અવસ્થા નથી, આત્મા શરીરને અડતો નથી. જીવ-અજીવ બન્ને ભિન્ન છે -એમ સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનથી માને છે ત્યારથી ધર્મ શરૂ થાય છે. શરીરના કટકા થાય છે માટે દુઃખ નથી. શરીરને કોઈ કાપી શકતું નથી. અનંતા પરમાણુ પૃથક્ પૃથક્ છે. મુનિના શરીરના એક એક પરમાણુ સિંહણના શરીરથી અભાવરૂપ છે. આમ સાત તત્ત્વ પૃથક્ પૃથક્ છે એવી જેને ખબર નથી તેના નિશ્ચય ને વ્યવહાર બન્ને જૂઠા છે. ધર્મી જીવ પરને લીધે દુઃખ માનતો નથી. પોતાના કારણે નબળાઈથી દ્વેષ થાય છે. આસ્રવ સ્વતંત્ર ને જ્ઞાયકસ્વભાવ સ્વતંત્ર છે -એમ જાણે તો ધર્મ થાય.

અજ્ઞાનીને આત્માનું ભાન નથી તેથી તેને કષાયમંદતા હોવા છતાં ખરેખર રાગાદિ ઘટતા નથી. રાગથી ધર્મ માને છે તેની દૃષ્ટિ પુણ્ય ઉપર છે તેથી ખરેખર રાગ ઘટતા નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ છે, એવી દૃષ્ટિ થઈ છે તેને રાગ મટે છે, તેને સમ્યક્ચારિત્ર કહે છે.

શરીર જડ છે, દયા-દાનાદિ આસ્રવ છે, મારો સ્વભાવ શરીર ને આસ્રવથી રહિત છે એમ માને તે જૈન છે. એવું વસ્તુનું સ્વરૂપ છે. રાગથી ધર્મ મનાવે તે આત્માને માનતો નથી.

આત્મા એક સમયમાં પરિપૂર્ણ પરમાત્મા છે એવી દૃષ્ટિ નથી તેણે આત્માને જાણ્યો નથી, તેણે રાગને માન્યો છે, તેણે કર્મને માન્યા છે, તે અન્યમતી છે.

વળી કોઈ કહે કે જૈનધર્મ કર્મપ્રધાન છે પણ તે વાત ખોટી છે. એક સમયમાં પૂર્ણ શક્તિનો ભંડાર આત્મા છે -એવો આત્મા માને તે જૈન છે. વીતરાગી શાસ્ત્રનો મર્મ આ જ છે. આત્મા એક સમયમાં પરિપૂર્ણ પ્રભુ છે, પર્યાયમાં દોષ છે તે ક્ષણિક છે, સ્વભાવ તો શુદ્ધ છે. તેવી શ્રદ્ધા કરવી તે ધર્મ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર ને સાત તત્ત્વની પરીક્ષા કર્યા વિના માત્ર વ્યવહારથી પરીક્ષા કરે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને તત્ત્વની પરીક્ષા નથી.

વળી કોઈ પોતાના બાપદાદાના કારણે જૈનધર્મ ધારે છે, કોઈ મહાન પુરુષને જૈનધર્મમાં પ્રવર્તતા દેખી પોતે પણ તેમાં પ્રવર્તે છે તો તે બરાબર નથી. દેખાદેખીથી પ્રવર્તે છે, કષાયમંદતા કરે છે. ભક્તિ

આદિના પરિણામ કરે છે. અહીં શુદ્ધ-અશુદ્ધનો અર્થ શુભ-અશુભ સમજવો. દયા-દાનાદિ પરિણામ દેખાદેખીથી કરે છે. એકે પાંચ હજાર રૂપિયા આપ્યા માટે આપણે પાંચ હજાર આપવા જોઈએ એમ દેખાદેખીથી દાન કરે છે. તે પરીક્ષા વિના કરે છે તેને ધર્મ થતો નથી. રાગ રહિત પોતાના સ્વભાવના આશ્રયે થતી દશા તે જૈનધર્મ છે. જૈનધર્મ બાહુબલિમાં કે સમ્મેદશિખરમાં નથી, તેમ જ શુભાશુભમાં પણ જૈનધર્મ નથી. પોતાના આશ્રયે પ્રગટતી શુદ્ધ પર્યાયમાં જૈનધર્મ છે.

જે જીવો જૈનધર્મને જાણતાં નથી ને પોતે વિચાર કરતાં નથી તે મિથ્યાદષ્ટિ જ જાણવા. વિચાર કરીને જાણવું જોઈએ. પોતાના સ્વભાવના અવલંબને ધર્મ થાય છે એમ પરીક્ષા ન કરે તે મિથ્યાદષ્ટિ છે. સાત તત્ત્વની પરીક્ષા કર્યા વિના ધર્મ થતો નથી. જૈનધર્મનું રહસ્ય જાણવાથી ધર્મ થાય છે.

હા, એટલું ખરું કે જૈનમતમાં ગૃહીત મિથ્યાત્વાદિની પાપપ્રવૃતિ વિશેષ થઈ શકતી નથી. પુણ્યના નિમિત્તો ઘણા છે તથા સાચા મોક્ષમાર્ગના કારણ પણ ત્યાં બન્યા રહે છે, તેથી કુળાદિકથી જૈની છે ને વ્યવહારથી કષાયમંદતા છે તેથી બીજાની અપેક્ષાએ ભલા કહ્યા છે પણ આત્માનું ભાન નહિ હોવાના કારણે તે પણ જીવન હારી જશે.

**ફાગણ સુદ ૬, ગુરુવાર, ૧૯-૨-૫૩.**

અહીં વ્યવહારાભાસીનું વર્ણન ચાલે છે. જે આત્માનું સ્વરૂપ જાણતાં નથી ને દેખાદેખીથી ક્રિયા કરે છે તે જૈન નથી.

વળી સંગતિને લીધે જૈનધર્મ ધારણ કરે છે, કોઈ મહાન પુરુષને જૈનધર્મમાં પ્રવર્તતા દેખી પોતે પ્રવર્તે છે પણ જૈનધર્મ શું છે તેનો વિચાર કરતો નથી. વિકાર શું છે, સંયોગ શું છે ને વિકાર રહિત આત્મા શું છે તેની ખબર નથી, માત્ર દેખાદેખીથી શુદ્ધ-અશુદ્ધ ક્રિયારૂપ પ્રવર્તે છે. આત્મભાન વિના માત્ર દેખાદેખીથી પ્રતિમા ધારણ કરે કે મુનિપણું લ્યે તો તે મિથ્યાદષ્ટિ છે. રાગ ને કર્મથી આત્મા જુદો છે તેનો વિચાર કરતો નથી. કોઈ એક માસ ઉપવાસ કરે તો પોતે દેખાદેખીથી ઉપવાસ કરે પણ તેનાથી ધર્મ નથી. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે તેની શ્રદ્ધા કરે તો ધર્મ થાય. થેલીમાં કરિયાતું ભર્યું હોય ને ઉપર સાકર નામ લખે તો કરિયાતું મીઠું થઈ જતું નથી. તેમ જૈન નામ રાખવાથી જૈન થવાતું નથી. અંતર્જૈન થયા વિના મિથ્યાત્વરૂપી કડવાશ મટતી નથી. શુભ પરિણામ ધર્મ નથી. જૈનધર્મનું રહસ્ય વીતરાગતા છે, રાગદ્વેષથી રહિત મારું સ્વરૂપ છે એવી દષ્ટિ છે તેને ધર્મ થાય છે. વીતરાગી દષ્ટિપૂર્વક શુદ્ધ પરિણામ તે જૈનધર્મ છે, પણ અજ્ઞાની રાગની મંદતામાં ધર્મ માને છે તે જૈન નથી. માટે ધર્મની ઓળખાણ કરવી જોઈએ. વિકાર ને જડની ક્રિયાથી રહિત મારું શું સ્વરૂપ છે તે જાણવું જોઈએ, મારો સ્વભાવ શુદ્ધ ચિદાનંદ છે એવી રુચિ કરતો નથી ને માત્ર દેખાદેખીથી બાહ્ય ક્રિયા કરે છે, તે બધા મિથ્યાદષ્ટિ છે.



હા, એટલું ખરું કે સર્વજ્ઞના પંથમાં જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ છે તેઓને પાપની પ્રવૃત્તિ ઓછી હોય છે. જાત્રા, ભક્તિ, પૂજા વગેરે શુભ પરિણામના નિમિત્ત હોય છે ને આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના નિમિત્ત બની જાય. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાવાળા અપેક્ષાએ ઠીક છે. બીજા કરતાં વ્યવહારશ્રદ્ધામાં ઠીક છે પણ જન્મ-મરણના અંતનો લાભ નથી.

વળી સામાયિક-પ્રતિક્રમણ કરીશું તો આજીવિકા મળશે તો માટે કપટ કરે તો મિથ્યાદષ્ટિ છે. ઉપવાસ કરશું તો લોકમાં મોટાઈ મળશે તેમ માનનાર અજ્ઞાની છે, તેને જૈનધર્મની ખબર નથી. વ્રત ધારણ કરશું તો પૂજ્ય થઈશું, મુનિપણું લેશું તો માન મળશે એવી બડાઈ કરે છે તે મિથ્યાદષ્ટિ છે. લક્ષ્મી મળશે એવી માન્યતાથી વ્રત-તપ કરે તે જૈનધર્મના રહસ્યને જાણતો નથી. પૈસા ને સ્વર્ગની ઈચ્છા કરનાર, માન અથવા પદાર્થો મેળવવાની ભાવના કરનાર મિથ્યાદષ્ટિ છે. મોટાઈ ખાતર ધર્મક્રિયા કરે તે પાપી છે. પુણ્ય કરશું તો દીકરા ને આબરુ મળશે. મહાવીરજી જઈશું તો પૈસા મળશે તેવી ભાવનાથી જાત્રા કરે તો પાપી છે. ત્યાં કષાય તથા કષાયના ફળની ભાવના છે, તેને જૈનધર્મની ખબર નથી. સંયોગો પૂર્વ કર્મના યોગે મળે છે તેની તેને ખબર નથી, તેમનું તરવું કઠણ છે. ધર્મી સ્વર્ગ કે લક્ષ્મી આદિની આશા રાખતો નથી.

આત્માની પર્યાયમાં વિકાર થાય છે તેનો સ્વભાવના આશ્રયે નાશ થાય છે. વસ્તુસ્વરૂપ વીતરાગરૂપ છે. હું સિદ્ધ સમાન છું એવી દષ્ટિ થઈ નથી ને રાગદ્વેષ કરીને ધર્મ માને છે ને સંસારપ્રયોજન સાધે છે તે મોટો અન્યાય કરે છે. પુણ્યનું ફળ આવું મળવું જોઈએ તે મિથ્યાત્વ સહિત નિદાન છે. સમ્યગ્દષ્ટિ એવું નિદાન કરતો નથી. અજ્ઞાની અનુકૂળ સામગ્રીની ભાવના કરે છે ને પ્રતિકૂળતા ટાળવા માગે છે તે જૈનધર્મ નથી. સંયોગ ને રાગની મિથ્યા શ્રદ્ધા છોડવી ને સ્વભાવની શ્રદ્ધા કરવી તે જૈનધર્મ છે.

**પ્રશ્ન** : હિંસાદિક વડે જે વેપાર આદિ કરીએ છીએ તે કાર્યો ધર્મસાધનથી સિદ્ધ કરીએ તો તેમાં બૂરું શું થયું ? એથી તો બન્ને પ્રયોજન સધાય છે.

**સમાધાન** : દીકરા માટે અથવા અનુકૂળ સાધન માટે વિષય કષાયરૂપ પરિણામ કરે તે પાપ છે. જીવ પોતે મમતા કરે છે. કમાવાનો ભાવ તથા કુટુંબની વ્યવસ્થાનો ભાવ તે પાપ છે. પાપકાર્ય અને ધર્મકાર્યનું એક સાધન કરતાં તો પાપ જ થાય. પૌષધ કરશું તો તેના આગલા દિવસે ને પછીના દિવસે જમવાનું મળશે એ ભાવ પાપ છે. સામાયિક, ઉપવાસ, છઠ્ઠ-અઠમ-વર્ષીતપ કરવાથી વાસણ મળશે એમ ધારી ઉપવાસ કરે તો તે પાપ જ છે. ઊંધી દષ્ટિ તો છે, ઉપરાંત અશુભ પરિણામ પણ છે.

ધર્મસાધન માટે ચૈત્યાલય બનાવે ને તે જ મંદિરમાં વિકથા કરે, જુગાર રમે, પાને રમે તો તે મહાપાપી છે, તેને ધર્મની ખબર નથી. હું શુદ્ધ ચિદાનંદ છું એવા ભાનપૂર્વક શાંતિ ઉત્પન્ન થવી તે ધર્મ છે. હિંસાદિ તથા ભોગ માટે જુદું મકાન બનાવે તો બનાવો પણ મંદિરમાં પાનાથી રમવું, જુગાર રમવો વગેરે તો મહાપાપ છે. મંદિરમાં ખોટી દષ્ટિ કરે, ઉપાશ્રય-ધર્મશાળામાં વ્યભિચાર સેવન કરે

તે મહાપાપી છે. તેવી રીતે ધર્મનું સાધન પૂજા, દાન, શાસ્ત્રઅભ્યાસ વગેરે છે તે ધર્મના સાધન વડે આજીવિકારૂપ કાર્ય કરે તો તે પાપી છે. શાસ્ત્રવાંચનથી પૈસા મેળવે તે પાપી છે. માટે તેવું કાર્ય કરવું તે હિત નથી. પોતાની આજીવિકા અર્થે હિંસાદિ વ્યાપાર કરે તો કરો પરંતુ ભગવાનની પૂજાદિ કરવાથી આજીવિકાનું પ્રયોજન વિચારવું યોગ્ય નથી.

**પ્રશ્ન** : જો એ પ્રમાણે છે તો મુનિ પણ ધર્મસાધન અર્થે પર ઘર ભોજન કરે છે તથા કોઈ સાધર્મી સાધર્મીનો ઉપકાર કરે-કરાવે છે તે કેમ બને ?

**ઉત્તર** : કોઈ એમ વિચારે કે રોટલા મળશે માટે મુનિ થઈ જવું તો તે પાપી છે. આજીવિકા ખાતર મુનિપણું અથવા પડિમા ધારણ કરે તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ઇંદ્રપદને પણ તરણા સમાન માને છે. જે જીવ સુરધન, ક્ષેત્રપાળ, દેવ-દેવી, માણભદ્ર, પદ્માવતી વગેરેને માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી જીવ સંયોગોની દૃષ્ટિ રાખતો નથી. આજીવિકાનું પ્રયોજન વિચારી તે ધર્મ સાધતા નથી.

પરંતુ પોતાને ધર્માત્મા જાણી કોઈ સ્વયં ભોજન ઉપકારાદિ કરે તો તેમાં કાંઈ દોષ નથી. પણ દીનતા કરે નહિ પણ જે પોતે જ ભોજનાદિકનું પ્રયોજન વિચારી ધર્મ સાધે છે તે તો પાપી જ છે.

જે વૈરાગ્યવાન થઈ મુનિપણું અંગીકાર કરે છે તેને ભોજનાદિકનું પ્રયોજન નથી. હું જ્ઞાનસ્વરૂપ છું એવી દૃષ્ટિ થઈ છે તે વૈરાગી થાય છે. રાગ ને વિકાર રહિત મારું સ્વરૂપ છે. ''**सिद्ध समान सदा पद मेरो**'' એમ તે સમજે છે. દૃષ્ટિમાં આવો આત્મા પ્રથમ રુચ્યો છે, પછી રાગદ્વેષથી ઉદાસીન પરિણામ થયા હોય, પછી મુનિપણું અંગીકાર કરે છે. લાલચથી મુનિપણું લેવું યોગ્ય નથી. પ્રથમ આત્મજ્ઞાન હોવું જોઈએ. આત્મજ્ઞાન થયા પછી વૈરાગી થવું જોઈએ. ભોજનના પ્રયોજન માટે મુનિપણું લેતાં નથી. નવધા ભક્તિથી નિર્દોષ આહાર મળે તો જ લ્યે છે. તેના માટે બનાવેલ આહાર લેતાં નથી. ગૃહસ્થે પોતા માટે ભોજન બનાવેલ હોય, તેવો આહાર જ મુનિ લ્યે છે. એષણાસમિતિનું બરાબર પાલન કરે છે. ઉદ્દેશિક આહાર લેવો તે એષણાસમિતિમાં દોષ છે. આહારના પ્રયોજન વિના આત્માનું સાધન કરે છે. શરીરની સ્થિતિ અર્થે નિર્દોષ ભોજન આપે તો લ્યે પણ ભોજનનું પ્રયોજન વિચારી મુનિપણું લેતા નથી.

મુનિને સંક્લેશ પરિણામ થતાં નથી. મોટાઈ માટે કે જશ માટે મુનિપણું ધારણ કરતાં નથી. વળી તેઓ પોતાના હિતને અર્થે ધર્મ સાધે છે પણ ઉપકાર કરાવવાનો અભિપ્રાય નથી તથા પોતાને જેનો ત્યાગ નથી એવો ઉપકાર કરાવે છે. કોઈ સાધર્મી સ્વયં ઉપકાર કરે તો કરો તથા ન કરે તો તેથી પોતાને કાંઈ સંક્લેશ પણ થતો નથી. કોઈ માગવાના ઉપાય કરે ને ધર્મસાધનમાં શિથિલ થઈ જાય તો તે મિથ્યાદૃષ્ટિ અશુભ પરિણામી છે. એ પ્રમાણે સંસારી પ્રયોજન અર્થે જે ધર્મ સાધે છે તે મિથ્યાદૃષ્ટિ



તો છે જ પણ સાથે પાપી પણ છે. એ પ્રમાણે જૈનમતવાળા પણ મિથ્યાદૃષ્ટિ જાણવા.

જે દેખાદેખીથી ધર્મ સાધે છે પણ આત્માની ખબર નથી તે મિથ્યાદૃષ્ટિ જાણવા. હવે તેમને ધર્મનું સાધન કેવું હોય છે તે અહીં વિશેષ દર્શાવીએ છીએ.

## જૈનાભાસી મિથ્યાદૃષ્ટિઓની ધર્મસાધના

કેટલાક જીવો કુળપ્રવૃત્તિથી ધર્મ કરે છે. એક કરે તો બીજો કરે તથા લોભના અભિપ્રાયથી સાધન કરે તો તેમને તો ધર્મદૃષ્ટિ જ નથી. ભગવાનની ભક્તિ કરવા વખતે ચિત્ત ક્યાંય ફર્યા કરે છે. પોતાના પરિણામનું ઠેકાણું નથી ને મુખથી પાઠો બોલે પણ પરિણામ ખરાબ થાય છે તેથી તેને પુણ્ય પણ નથી, ને ધર્મ તો નથી જ. દુકાનનો વિચાર આવે, સુંદર સ્ત્રીઓને જોયા કરે તો તેને ધર્મ તો નથી પણ તે અશુભ ઉપયોગી છે. હું કોણ છું તેનો વિચાર કરતો નથી. પાઠ બોલી જાય પણ અર્થની ખબર નથી. ભગવાનની ભક્તિમાં વિચાર કરવો જોઈએ કે આ કોણ છે ? વીતરાગ દેવ છે તે કોઈને લેતાં દેતાં નથી. સ્તવનમાં આવે કે ''શિવપુર અમને દેજો'' તો શું તારો મોક્ષ ભગવાન પાસે છે? ના. વળી કહે કે ''હે ભગવાન ! તમે કરો તે ખરું.'' તો શું ભગવાન તારી પર્યાયનો કર્તા છે ? તેમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન કોઈને ડુબાડતા નથી તેમ જ તારતા નથી. ભગવાન માત્ર સાક્ષી છે, કેવળજ્ઞાની છે.

હું કોણ છું તેની ખબર નથી, કોની સ્તુતિ કરે છે તથા શું પ્રયોજન અર્થે સ્તુતિ કરે છે તેની ખબર નથી. સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ થઈ ગયા, હું પણ પુરુષાર્થથી સર્વજ્ઞ થઈશ, પણ શુભ રાગ આવે છે તેથી લક્ષ જાય છે એવી જેને ખબર નથી તેને વીતરાગની ખબર નથી. ''**आरूग्ग बोहि लाभम्**'' એમ પાઠ બોલે પણ અર્થની ખબર નથી. ''હે નાથ ! પુણ્ય-પાપરૂપ પરિણામ તે રોગ છે, નીરોગ સ્વરૂપ આનંદકંદ વસ્તુ છે, તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપી લાભ મને મળો. હું નીરોગ સ્વરૂપ છું, આપના જેવી નીરોગતા મને પ્રાપ્ત થાઓ.'' એમ ભાવના ભાવે છે.

અજ્ઞાની માને છે કે ભગવાનની સ્તુતિથી પૈસા ને અનાજ મળશે તો તેમ માનનાર મૂઢ છે. તેને ભગવાનના સ્વરૂપની ખબર નથી. સર્વજ્ઞ છે, તે કોઈને પૈસા લેતાં-દેતાં નથી.

વળી તે જીવ કોઈ વાર ક્ષેત્રપાળ, ચક્રેશ્વરી, અંબાજી, ભવાની વગેરેને પગે લાગવા મંડી જાય છે. ભગવાનના કુળદેવ છે એમ કહીને કુળદેવને માને છે. કુગુરુ-કુશાસ્ત્રને માને છે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર તથા તેના માનવાવાળાનો ત્યાગ કરવો જોઈએ પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની અજ્ઞાનીને પિછાન નથી. વળી તે દાન આપે છે તો પાત્ર-અપાત્રના વિચાર રહિત દાન આપે છે. પચાસ હજાર રૂપિયા આપશું તો આબરૂ વધશે ને મકાનમાં તખતી નખાશે -એમ માન માટે દાન આપે તો તે પાપી છે. પરીક્ષા વિના જે દાન આપે ને પ્રશંસા માટે દાન આપે તે મિથ્યાદૃષ્ટિ પાપી છે. લાજ માટે ધર્મ

કરે, ખોરાક માટે ધર્મ કરે તે મિથ્યાદૃષ્ટિ છે. પોતાના સ્વભાવનું ભાન કરે તો ધર્મ થાય તેમ છે.

વળી ભૂખ્યા રહેવાથી તપ માને છે. તેમાં કષાયમંદતા થાય તો પુણ્ય છે. સ્વભાવનું ભાન થયા પછી નિર્જરા થાય છે. અજ્ઞાની બાળતપ કરી નવમી ગ્રૈવેયકે ઘણી વાર ગયેલ છે. પણ પરિણામની પિછાન નથી તેથી ધર્મ થતો નથી. કષાયમંદતા કરે તો પુણ્ય થાય ને રાગ રહિત સ્વભાવની પિછાન કરે તો ધર્મ થાય -આમ સાચી સમજાણ કરવી જોઈએ.

**ફાગણ સુદ ૭, શુક્રવાર, ૨૦-૨-૫૩.**

વ્યવહારાભાસીનું વર્ણન ચાલે છે. જ્ઞાતા-દૃષ્ટાનું ભાન નથી ને શુભ ભાવ ઉપર એકાંત વજન છે તેની વાત ચાલે છે. તેની તપશ્ચર્યાને મિથ્યા કહે છે. તપમાં કષાયમંદતાથી પુણ્ય થાય છે. ખોરાકથી ને રાગથી રહિત હું શુદ્ધ ચૈતન્ય આત્મા છું એવું ભાન કરે તેને ધર્મ ને સાચી તપશ્ચર્યા થાય છે. મન, વાણી, દેહ જડ છે, તેની પર્યાય જડથી થાય છે, તેનાથી આત્મા જુદો છે. આત્મામાં પર પદાર્થોને ગ્રહણ કરવાની તાકાત નથી. પર પદાર્થને ગ્રહણ કરું એવું અભિમાન કરે છે. જડ પદાર્થથી આત્મા અત્યંત અભાવરૂપ છે. જડ પદાર્થના ગ્રહણ-ત્યાગનું જે અભિમાન કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે એવી દૃષ્ટિ જેને નથી ને બાહ્ય ક્રિયા ઉપર દૃષ્ટિ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. પરની દયા મેં પાળી ને પરની હિંસા મેં કરી તે બધો મિથ્યા ભાવ છે. અજ્ઞાની પણ પરનો કર્તા-હર્તા નથી. અજ્ઞાની માને છે કે મેં પરની દયા પાળી ને પરને બચાવ્યો એમ અભિમાન કરે છે. પર જીવને દુઃખ નહિ દેવાની વૃત્તિ તે પુણ્ય છે, તે આસ્રવ છે. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવની દૃષ્ટિ કરવી તે ધર્મ છે. આવું ભાન નથી ને કહે કે મેં વ્રત ધારણ કર્યાં, મેં પરિગ્રહ છોડયો, ઈચ્છા છોડી તો વસ્તુ છૂટી ગઈ -એમ માનનારની દૃષ્ટિ પર ઉપર છે. પર ચીજ આવવી કે જવી તે આત્માના અધિકારની વાત નથી. જૈન સંપ્રદાયમાં હોવા છતાં પરની દયા મેં પાળી એમ માનનાર ઈશ્વરકર્તાની માન્યતાવાળાની જેમ મિથ્યાદૃષ્ટિ છે. છયે દ્રવ્યો અનાદિ અનંત સ્વતંત્ર છે. કોઈનો કોઈ કર્તા નથી. છતાં પરની પર્યાય હું કરું છું એમ માનનાર જગતકર્તાની માન્યતાવાળાની જેમ મિથ્યાદૃષ્ટિ છે, તેને જૈનદર્શનની ખબર નથી.

અવિરત સમ્યગ્દૃષ્ટિને આત્માનું ભાન છે. રાગ આવે છે તે મારી કમજોરીથી આવે છે, વસ્તુમાં રાગ નથી, એક સમયમાં પરિપૂર્ણ પરમાત્મા છું એમ ધર્મીની દૃષ્ટિ અંતરમાં પડી છે, તેને બાહ્ય ઉપર દૃષ્ટિ નથી. અજ્ઞાનીની દૃષ્ટિ બાહ્ય ઉપર છે, જડની ક્રિયા ઉપર છે, આત્માના ભાન વિના બધું વ્યર્થ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીને નાની ઉંમરથી જાતિસ્મરણજ્ઞાન હતું, તેઓ તત્ત્વજ્ઞાની હતા, તેમણે 'આત્મસિદ્ધિ' ૨૯ વર્ષની ઉંમરે બનાવી છે. તેઓ કહે છે કે :



**લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન,**
**ગ્રહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન.**

લૌકિક માન લેવા માટે અજ્ઞાની જીવ વ્રત ધારણ કરે છે પણ રાગ રહિત ને જડની ક્રિયાથી રહિત પોતાનો સ્વભાવ છે તેની ઓળખાણ કરતો નથી ને વ્રત ધારણ કરી અભિમાન કરે છે.

અંતરંગમાં રાગાદિ પરિણામ થાય છે તે વ્રત નથી, શુભાશુભ ઉપયોગ રહિત સ્વરૂપમાં સ્થિરતા થવી તે નિશ્ચય વ્રત છે. રાગદ્વેષ કલુષિત ભાવ થવા છતાં વ્રત ધારણ કર્યા માને છે. ચિદાનંદકંદ આત્માનું ભાન થયા પછી અંશે લીનતા થવી તે નિશ્ચય વ્રત છે, દયા-દાનાદિ વ્યવહાર છે, નિશ્ચય હોય તો વ્યવહાર કહેવાય છે.

વ્યવહાર પ્રથમ હોય તો નિશ્ચયધર્મ થાય -એમ માનનાર દિગંબર નથી. સાડા ત્રણસો વર્ષ પહેલાં યશોવિજયજી શ્વેતાંબર ઉપાધ્યાય થઈ ગયા, તેમણે દિગંબરની ૮૪ ભૂલો કાઢી છે. તેમાં એક ભૂલ એવી કાઢી છે કે :-

''તમે દિગંબરો નિશ્ચય પહેલા કહો છો ને પછી વ્યવહાર કહો છો, અમે વ્યવહારને પહેલા કહીએ છીએ ને પછી નિશ્ચય થાય છે.'' -પણ તે ભૂલ છે. જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ થયા વિના રાગને વ્યવહાર કહેનાર કોણ છે ? સમ્યગ્જ્ઞાન વિના કોણ નક્કી કરશે ? આત્મા જ્ઞાયક છે, રાગાદિ ખરું સ્વરૂપ નથી -એવું ભાન થયા પછી રાગને વ્યવહાર કહે છે.

**निश्चयनय पहले कहै, पीछै ले व्यवहार ।**
**भाषाक्रम जानै नहि, जैनमार्गको सार ।।**

આમ કહીને દિગંબરની ભૂલ તેમણે કાઢી છે. તેમ વર્તમાનમાં દિગંબરો વ્યવહારને પ્રથમ કહે તો તે પણ શ્વેતાંબરની જેમ મિથ્યાદૃષ્ટિ છે. તે જૈનદર્શનની રીત નથી. બે હજાર વર્ષ પહેલાં શ્વેતાંબરમત નીકળ્યો ત્યારે પણ વ્યવહાર પહેલા કહીને નીકળ્યો છે.

ચોથે ગુણસ્થાને નિશ્ચય પ્રથમ હોય છે. અથવા ધર્મ કરવો હોય તેણે આત્માની દૃષ્ટિ પ્રથમ કરવી જોઈએ. ભાવશ્રુતજ્ઞાન થયું હોય તેને વ્યવહાર હોય છે. નિશ્ચયની દૃષ્ટિ વિના પુણ્યને વ્યવહાર કહેતા નથી.

વળી યશોવિજયજી કહે છે :-

**तातै सो मिथ्यामती, जैन क्रिया परिहार ।**
**व्यवहारी सो समकिती, कहै भाष्य व्यवहार ।।**

''તમે દિગંબરો દયા-દાનાદિથી ધર્મ માનતા નથી માટે તમે મિથ્યાદૃષ્ટિ છો.'' -પણ તે વાત બરાબર નથી. રાગને હેય માની, જ્ઞાનસ્વભાવને ઉપાદેય માને તો રાગને વ્યવહાર કહે છે. શુદ્ધ સ્વભાવની

દૃષ્ટિ કરવી તે નિશ્ચય છે ને રાગને જાણવો તે વ્યવહાર છે. નવ તત્ત્વની રાગ સહિત શ્રદ્ધા ને મહાવ્રતનું પાલન અભવીએ પણ ઘણી વાર કરેલ છે પણ તેને વ્યવહાર કહેતા નથી. આત્માનું ભાન થયેલ છે તેના શુભ રાગને વ્યવહાર કહે છે.

વળી યશોવિજયજી કહે છે કે ''વ્યવહારનય પ્રથમ પરિણમે છે'' -પણ તે ભૂલ છે. મિથ્યાદૃષ્ટિને નય નથી. નિશ્ચય વિના કુનય છે અથવા વ્યવહારાભાસી છે. રાગની ક્રિયા કરતાં કરતાં વીતરાગતા થશે -એમ માને તે વ્યવહારાભાસી છે.

પોતાના સ્વભાવની દૃષ્ટિ પ્રથમ કરવી જોઈએ. દયા-દાનાદિના ભાવ આવે છે પણ જ્ઞાની તેને પુણ્યાસ્રવ માને છે. સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન, લીનતા થવી તે નિશ્ચય છે ને શુભ રાગને વ્યવહાર કહે છે. 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે કે -

**નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;**
**એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.**

જે સમયે નિશ્ચય પ્રગટે છે ત્યારે શુભ રાગને વ્યવહાર કહે છે.

અજ્ઞાની જીવ ઉપવાસ કરવા માટે આગલા દિવસે ખૂબ ખાઈ લ્યે છે, તે વૃત્તિ ગૃદ્ધિપણાની છે. તે રાગને પોષવાનું સાધન કરે છે, પણ આત્માને પોષવાનું સાધન કરતો નથી. મારા જ્ઞાનસ્વભાવમાં શાંતિ છે, તેની તેને ખબર નથી. કુંદકુંદાચાર્ય આદિ ભાવલિંગી મુનિ હતા, તેઓ સહજ નિર્દોષ આહાર લેતા, અત્યારે તો સાધુ માટે ચોકા બનાવે ને ત્યાંથી સાધુ આહાર લ્યે તો તે બધો પાપભાવ છે.

અજ્ઞાની બાહ્ય સાધન પણ રાગાદિક પોષવા કરે છે. અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે, ખાવા-પીવાના પદાર્થોમાં શાંતિ માને છે. શરીર તો અજીવ તત્ત્વ છે, આત્મા જીવ તત્ત્વ છે, ખાવાની વૃત્તિ ઊઠે તે આસ્રવ તત્ત્વ છે. ત્રણેને પૃથક્ માનવા જોઈએ.

આત્માનું ભાન થયા પછી પણ પ્રભાવના, જાત્રા વગેરેનો રાગ આવે છે પણ રાગ રહિત આત્માનું ભાન થયું તે નિશ્ચય છે ને શુભ રાગ તે વ્યવહાર છે.

કર્મથી રાગ થતો નથી, ઔદયિકભાવ જીવની પર્યાયનું સ્વતત્ત્વ છે. ''**कर्म बिचारे कौन, भूल मेरी अधिकाई**'' કર્મ જડ છે, જીવ પોતાની ભૂલથી રખડે છે. હું ભૂલ કરું છું તો કર્મને નિમિત્ત કહેવાય છે, કર્મ જડ છે, કર્મને ખબર નથી.

(૧) અજ્ઞાની પોતે અપરાધ કરે છે ને કર્મ ઉપર દોષ નાખે છે. કર્મ છે માટે વિકાર નથી, પોતે રાગમાં રોકાયો તો કર્મનું નિમિત્ત કહેવાય છે.

(૨) ઉપર કહ્યું તેમ પર્યાયનું યથાર્થ જ્ઞાન કરનાર ધર્મી સમજે છે કે મારો જ્ઞાનસ્વભાવ રાગથી



પણ અધિક છે. સ્વભાવની અધિકતામાં રાગ ગૌણ છે. હું રાગ નથી, રાગ એક સમયની પર્યાય છે, હું રાગથી જુદો છું, હું જ્ઞાનસ્વભાવી છું એવી દૃષ્ટિ કરવી તે નિશ્ચય છે, ને રાગની પર્યાયનું જ્ઞાન વર્તે છે તે વ્યવહાર છે.

પૂજા, પ્રભાવના વગેરે કાર્ય થાય છે તેમાં અજ્ઞાની બડાઈ માને છે, પોતાના જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ નથી. પાંચ લાખ રૂપિયા ખર્ચવાથી મોટાઈ માને છે. મંદિરની પર્યાય જડથી થાય છે તેની તેને ખબર નથી ને અભિમાન કરે છે. જીવ કષાયમંદતા કરે તેટલું પુણ્ય થાય છે પણ તેનાથી ધર્મ માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. જે રાગ આવવાનો તે આવવાનો જ પણ તે વખતે દૃષ્ટિ કઈ તરફ છે તે જોવાનું છે. મંદિર, માનસ્તંભ આદિ જડના કારણે બને છે. છતાં અજ્ઞાની માને કે મેં આટલા મંદિર બનાવ્યા તે કર્તૃત્વબુદ્ધિ બતાવે છે. આત્માના જ્ઞાનવાળો તેમાં અભિમાન કરતો નથી.

જે જીવ જડની પર્યાયનો તથા રાગની પર્યાયનો કર્તા માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. ને સમ્યગ્જ્ઞાની જડની પર્યાયનો તથા અસ્થિરતાના રાગનો જાણનારો છે ને પોતાને તેનો કર્તા માનતો નથી. જે પરની ક્રિયાનો કર્તા થાય છે તે જ્ઞાની નથી ને જે જાણનાર છે તે પરનો ને રાગનો કર્તા થતો નથી.

આત્માનું ભાન થયું છે તેને દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર ભક્તિ આવે છે. તે શુભ રાગ છે, તેનાથી રહિત પોતાનો જ્ઞાનસ્વભાવ છે એમ જ્ઞાની સમજે છે. જ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય ઉપર નથી. જ્ઞાની સમજે છે કે પુણ્ય તે આસ્રવ છે. મકાનની ક્રિયા મેં કરી નથી. પુદ્ગલ પરમાણુની જે પર્યાય જે ક્ષેત્રમાં, જે કાળમાં થવાની તે થવાની, તેમાં ફેરફાર કરવા ઇંદ્ર કે નરેંદ્ર સમર્થ નથી.

વળી અજ્ઞાની હિંસાના પરિણામ કરે છે. ભગવાનની પૂજામાં ફૂલમાં હિંસાનો તથા રાત્રિના સમયે દીવાબત્તીમાં જીવ મરે તેનો વિચાર કરવો જોઈએ. એ કાર્યો તો પોતાના વા અન્ય જીવોના પરિણામ સુધારવા માટે કહ્યા છે. વળી ત્યાં કિંચિત્ હિંસાદિક પણ થાય છે, પરંતુ ત્યાં અપરાધ થોડો હોય ને લાભ ઘણો થાય એમ કરવું કહ્યું છે. અલ્પ સાવદ્ય હોય તો પૂજા ભક્તિ કરવા કહ્યું છે. હવે પરિણામોની તો ઓળખાણ નથી. અજ્ઞાનીને કેટલો નફો ને કેટલું નુકસાન આવે છે તે ખ્યાલ નથી. વેપારી વેપારમાં બધું ધ્યાન રાખે છે તેમ ધર્મકાર્યમાં નફા-નુકસાનનો ખ્યાલ કરવો જોઈએ. અજ્ઞાનીને નફા-તોટાનું કે વિધિ-અવિધિનું જ્ઞાન નથી.

સમૂહ જાત્રામાં પરિણામ ઘણી વાર તીવ્ર આકુળતાવાળા થાય છે. ડુંગર ઉપર જાત્રા કરવા જાય ને થાકી જાય એટલે પરિણામ તીવ્ર કષાયના કરે છે, વિવેક કરતો નથી. પૂજા વિધિથી કે અવિધિથી કરે છે તેનું જ્ઞાન નથી. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે તેવા ભાનપૂર્વક પોતાના પરિણામ તપાસવા જોઈએ.

## ફાગણ સુદ ૮, શનિવાર, ૨૧-૨-૫૩.

વ્યવહારાભાસનું કથન છે. આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપની અંતર્દૃષ્ટિ જેને થઈ નથી ને બહારના ક્રિયાકાંડમાં ને મંદ કષાયમાં ધર્મ માને છે તે જીવ વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. હું દેહ-મન-વાણીથી પાર જ્ઞાનાનંદ છું, દેહાદિની ક્રિયા મારી નથી -આવું જેને ભાન નથી ને દેહની ક્રિયા હું કરું એમ માને છે તથા પુણ્ય કરતાં કરતાં-વ્યવહાર કરતાં કરતાં ધર્મ થશે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ વ્યવહારમૂઢ છે.

આત્મા શુદ્ધ છે -એમ કહે, પણ પર્યાયમાં રાગ છે તેને જાણે જ નહિ, રાગ હોવા છતાં તેને ન જાણે -તો તે નિશ્ચયાભાસી છે અને તે શુભ રાગને જ ધર્મ માની લ્યે તે રાગ રહિત આત્માને જાણે નહિ -તો તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. રાગ કરતાં કરતાં ક્યારેક ધર્મ પામી જઈશ એમ માને છે તેને ધર્મનું ભાન નથી, પર્યાયમાં રાગ છે પણ તેટલો જ હું નથી. હું ત્રિકાળ ધ્રુવ જ્ઞાનસ્વભાવી છું -એમ જે ભાન કરે તેને ભગવાન ધર્મી કહે છે. ને તે શુભ રાગને ધર્મ માનતા નથી, તેના રાગને વ્યવહાર કહેવાય છે.

ચોથું, પાંચમું, છઠ્ઠું વગેરે ગુણસ્થાનો છે તેને જો ન માને તો તીર્થનો જ નાશ થઈ જશે. અને જે જીવ એકલા ભેદનો જ આશ્રય કરીને ધર્મ માને છે પણ નિશ્ચય અભેદ સ્વભાવને ઓળખતો નથી તે જીવને તત્ત્વનું ભાન નથી. નિશ્ચય વિના તો તત્ત્વનો જ લોપ થાય છે, ને વ્યવહાર વગર તીર્થનો લોપ થાય છે. માટે બન્નેને જેમ છે તેમ જાણવા જોઈએ.

યાત્રા-પૂજા વગેરેનો શુભ ભાવ તે ધર્મ નથી પણ પુણ્ય છે. બહારની શરીરની ક્રિયાથી પુણ્ય નથી પણ અંદર મંદ રાગ કર્યો તેનાથી પુણ્ય છે. તેને બદલે શરીરની ક્રિયાથી પુણ્ય માને અને પુણ્યને ધર્મ માને -તે બન્ને ભૂલ છે. નિશ્ચય-વ્યવહાર બન્નેને જાણીને નિશ્ચયનો આદર કરવો ને વ્યવહારને હેય કરવો -તે કરવાનું છે. જાણવા યોગ્ય બન્ને છે, પણ આદર કરવા યોગ્ય તો એક નિશ્ચય છે. મંદ રાગ જુદી ચીજ છે ને ધર્મ જુદી ચીજ છે. ધર્મ તો વીતરાગ ભાવ છે. નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ રાખીને, વચ્ચે રાગ આવે તેને જાણવો પણ આદરણીય ન માનવો - તેનું નામ પ્રમાણજ્ઞાન છે. પણ એકલા વ્યવહારના આશ્રયે ધર્મ માને ને નિશ્ચય શું છે તે ઓળખે નહિ -તો તે વ્યવહારાભાસી છે, તેનું આ વર્ણન ચાલે છે.

તે વ્યવહારાભાસી જીવ શાસ્ત્ર વાંચે છે તો પદ્ધતિ પ્રમાણે વાંચી જાય છે, પણ તેના મર્મને સમજતો નથી. જો વાંચે છે તો બીજાઓને સંભળાવી દે છે, ભણે છે તો પોતે ભણી જાય છે તથા સાંભળે છે તો કહે છે તે સાંભળી લે છે, પણ શાસ્ત્રાભ્યાસનું જે પ્રયોજન છે, તેને પોતે અંતરંગમાં અવધારતો નથી. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગ ભાવ છે. વીતરાગ ભાવ એટલે શું ? સ્વભાવનું અવલંબન અને નિમિત્તની ઉપેક્ષા તે વીતરાગ ભાવ છે. પહેલાં વીતરાગી દૃષ્ટિ પ્રગટે ને પછી વીતરાગી ચારિત્ર



પ્રગટે. પરદ્રવ્યો તો તારાથી ભિન્ન છે, તેનો તારામાં અભાવ છે, એટલે તારાથી તેને કાંઈ લાભ-નુકસાન થતું નથી ને તેનાથી તને કાંઈ લાભ-નુકસાન થતું નથી. તારી પર્યાયમાં રાગાદિ ભાવ થાય છે તે પણ ધર્મ નથી. ધર્મ તો ધ્રુવસ્વભાવના આશ્રયે વીતરાગ ભાવ પ્રગટે તેમાં છે. આવું ભાન કર્યા વગર શાસ્ત્ર વાંચી જાય-સાંભળી જાય કે બોલી જાય -તેથી કાંઈ ધર્મ થતો નથી. અંદર શાસ્ત્રોનું તાત્પર્ય શું છે તે અજ્ઞાની સમજતો નથી. દિગંબર સંપ્રદાયમાં પણ જે તત્ત્વનો નિર્ણય કરતો નથી ને દેવપૂજા, શાસ્ત્રનું વાંચન વગેરેમાં જ ધર્મ માની લ્યે છે તે વ્યવહારાભાસી છે.

ભગવાનના દર્શન કરવા જાય ત્યાં પોતે મંદ રાગ કરે તો પુણ્ય થાય. ભગવાન કાંઈ આ જીવને શુભ ભાવ કરાવતા નથી. કર્મને કારણે વિકાર થાય છે -એ વાત તો જૂઠી છે. ''આત્માના દ્રવ્ય-ગુણમાં વિકાર નથી, તો પર્યાયમાં ક્યાંથી આવ્યો ? પર્યાયમાં કર્મે વિકાર કરાવ્યો'' -એમ અજ્ઞાની કહે છે પણ તે જૂઠ છે. વિકાર થયો તે જીવની પર્યાયમાં પોતાના અપરાધથી જ થયો છે. દ્રવ્ય-ગુણમાં વિકાર નથી પણ પર્યાયમાં તેવો ધર્મ છે. તે પર્યાય પણ જીવનું સ્વતત્ત્વ છે. ઔદાયિકાદિ પાંચ ભાવો જીવનું સ્વતત્ત્વ છે.

**औपशमिक क्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ च ।**

ઔદયિકભાવ તે પણ જીવનું સ્વતત્ત્વ છે, તે જીવની પર્યાયમાં થાય છે, જડ કર્મને કારણે તે નથી. પોતાની પર્યાયમાં વિકાર છે તેને જાણે નહિ તે કર્મને કારણે માને -તો તે નિશ્ચયભાસી મિથ્યાદૃષ્ટિ છે અને પર્યાયમાં શુભ રાગ થયો તેને જ ધર્મ માને તો તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

નિમિત્તનું અને રાગનું લક્ષ છોડાવી, પર્યાયબુદ્ધિ છોડાવી, ત્રિકાળી ધ્રુવસ્વભાવનું અવલંબન કરાવવું તે શાસ્ત્રોનું તાત્પર્ય છે, કેમ કે ધર્મની પર્યાય ધ્રુવસ્વભાવના આશ્રયે પ્રગટે છે. પર્યાયના આશ્રયે કે નિમિત્તના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટતી નથી. જેને આવું ભાન નથી ને રાગને ધર્મ માને છે તે શાસ્ત્રોનું તાત્પર્ય જાણતાં નથી, તે વ્યવહારાભાસી છે.

વિચાર તો કરો કે પૂર્વે અનંત અનંતકાળ રખડવામાં ગયો, તો વસ્તુસ્વરૂપ શું છે ? શુભ ભાવ કર્યા, વ્રત-તપ કર્યા છતાં રખડ્યો -તો શું બાકી રહ્યું ?

૨૮ મૂળગુણ સહિત દ્રવ્યલિંગી મુનિ થયો ને નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર જઈ આવ્યો, પરંતુ અંતરમાં જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ વગર લેશમાત્ર સુખ પામ્યો નહિ. પુણ્ય કર્યાં પણ દૃષ્ટિ ન પલટી. જે ઉદ્દેશિક આહાર લ્યે, ૨૮ મૂળગુણ ન પાળે -તે તો વ્યવહારમાં દ્રવ્યલિંગી સાધુ પણ નથી. અહીં તો કહે છે કે ૨૮ મૂળગુણ ચોખ્ખા પાળે, ઉદ્દેશિક આહાર ન લ્યે, પણ જો અંતરમાં જ્ઞાનાનંદ સ્વરૂપની દૃષ્ટિ ન કરે તો તે વ્યવહારાભાસી છે. ધર્મ ચીજ શું છે ? તેની તેને ખબર નથી.

હું પુણ્ય-પાપ રહિત જ્ઞાયક ચિદાનંદમૂર્તિ છું -એવી દૃષ્ટિથી ધર્મનો પ્રારંભ થાય છે.

**णवि होदि अप्पमत्तो ण पमत्तो जाणओ दु जो भावो ।**
**एवं भणंति सुद्धं णाओ जो सो उ सो चेव ॥ ६ ॥**

આવા જ્ઞાયકસ્વભાવની પહેલા ઓળખાણ કરવી તે અપૂર્વ ધર્મની શરૂઆત છે. નિમિત્તથી ધર્મ માને તેને નિમિત્તથી ભેદજ્ઞાન નથી, રાગથી ધર્મ માને તેને કષાયથી ભેદજ્ઞાન નથી, તેને ધર્મ થાય નહિ. જૈનકુળમાં જન્મ્યો તેથી કાંઈ ધર્મ થઈ જાય નહિ. કુળપરંપરા તે કાંઈ ધર્મ નથી. કુળના મોટા મોટા માણસો ને ત્યાગીઓ કરે તેમ કરવું -એમ માનીને વ્યવહારમાં અનુકરણ કરે, પણ તત્ત્વને ઓળખે નહિ -તો તેને કાંઈ ધર્મ થાય નહિ. પુત્ર કે પૈસાના હેતુથી ભગવાનને માને તો તેમાં પણ પાપ જ છે. કુદેવાદિને માને તે તો મિથ્યાદષ્ટિ છે. ઇંદ્ર ઉપરથી ઊતરે તો પણ ધર્મી જીવ કહે છે કે મારું કાંઈ કરવા તે સમર્થ નથી. ઇંદ્ર, નરેંદ્ર કે જિનેન્દ્ર કોઈ પણ ફેરફાર કરવા સમર્થ નથી. જે કાળે સર્વજ્ઞદેવે જે જોયું તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. આમ જાણે તે કોઈ કુદેવ-દેવલાને માને નહિ. આત્માના પરમાર્થ સ્વભાવને તો અજ્ઞાની જાણતો નથી ને અભૂતાર્થ ધર્મને સાધે છે એટલે કે રાગને ધર્મ માને છે.

વ્યવહાર તો અભૂતાર્થ છે ને શુદ્ધનય ભૂતાર્થ છે. ભૂતાર્થ આત્મસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન છે. તેને જે જાણતો નથી ને કષાયની મંદતા કરીને પોતાને ધર્મી માને છે તે જીવ અભૂતાર્થ ધર્મને સાધે છે તે પણ વ્યવહારાભાસી છે.

વળી કોઈ જીવો એવા હોય છે કે જેમને કંઈક તો કુળાદિરૂપ બુદ્ધિ છે તથા કંઈક ધર્મબુદ્ધિ પણ છે, તેથી તેઓ કંઈક પૂર્વોક્ત પ્રકારે પણ ધર્મનું સાધન કરે છે, તથા કંઈક આગમમાં કહ્યું છે તે પ્રમાણે પણ પોતાના પરિણામોને સુધારે છે; એ પ્રમાણે તેમનામાં મિશ્રપણું હોય છે.

વળી કોઈ ધર્મબુદ્ધિથી ધર્મ સાધે છે પરંતુ નિશ્ચય ધર્મને જાણતાં નથી. તેથી તેઓ પણ અભૂતાર્થ ધર્મને એટલે કે રાગને જ સાધે છે, વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો શુભ રાગ છે તેને જ મોક્ષમાર્ગ જાણીને સેવે છે, પણ ખરેખર તે મોક્ષમાર્ગ નથી. વ્યવહાર રત્નત્રય તે આસ્રવ છે પણ અજ્ઞાની તેને મોક્ષમાર્ગ માને છે. વળી દેવ-ગુરુ-ધર્મની પ્રતીતિને શાસ્ત્રોમાં સમ્યક્ત્વ કહ્યું છે. તેથી તે જીવ અરિહંતદેવ, નિર્ગ્રંથગુરુ તથા જૈનશાસ્ત્ર સિવાય બીજાને વંદનાદિ કરતો નથી, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનતો નથી પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને પરીક્ષા કરીને પોતે ઓળખતો નથી, તત્ત્વજ્ઞાનપૂર્વક યથાર્થ પરીક્ષા કરે તો મિથ્યાત્વ રહે નહિ, અજ્ઞાની માત્ર બાહ્ય શરીરાદિ લક્ષણો વડે જ પરીક્ષા કરે છે, પણ તત્ત્વજ્ઞાનપૂર્વક સર્વજ્ઞને ઓળખતો નથી. આજ્ઞાપ્રધાની કરતાં પરીક્ષાપ્રધાનીને અષ્ટસહસ્રીમાં મુખ્ય કહ્યો છે. ભગવાનની પણ પરીક્ષા કરીને ઓળખવા જોઈએ. સમંતભદ્રાચાર્ય પણ સર્વજ્ઞની પરીક્ષા કરીને કહે છે કે હે નાથ!

**देवागम नभोयान चामरादि विभूतयः ।**
**मायाविष्वपि दृश्यंते नातस्त्वमसि नो महान् ॥**



દેવો આવે, આકાશમાં ગમન થાય, ચામર ઢાળે, સમવસરણ રચાય - તે તો બધું માયાવી દેવને પણ દેખાય છે, માટે તેટલાથી જ આપ મહાન નથી, પણ સર્વજ્ઞતા વગેરે આપના ગુણોની ઓળખાણ કરીને અમે આપને માનીએ છીએ. માટે તત્ત્વજ્ઞાનપૂર્વક સાચી પરીક્ષા કરવી જોઈએ.

જીવના ગુણ-પર્યાય જીવમાં જાણે, અજીવના અજીવમાં જાણે, પુણ્યને પુણ્ય માને, સંવરને સંવર માને, ઈત્યાદિ સાતે તત્ત્વોને બરાબર જાણીને, તત્ત્વજ્ઞાનપૂર્વક પરીક્ષા કર્યા વગર એકલા બાહ્ય લક્ષણથી માને તો તે પણ વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે.

ભગવાન ઇંદ્રોથી પૂજ્ય છે, ભગવાનને ક્ષુધા-તૃષા નથી, શરીરમાં રોગ નથી, ભગવાન આકાશમાં વિચરે છે -પરમ ઔદારિક શરીર હોય છે-એ વાત તો બરાબર છે, પણ તે બધા બાહ્ય લક્ષણ છે, તે તો દેહનું વર્ણન થયું, પણ ભગવાનના આત્માના ગુણોને ન ઓળખે તો તે પણ મિથ્યાદષ્ટિ છે. જેઓ ભગવાનને ક્ષુધા-તૃષા-રોગ-આહાર-નિહાર માને છે તેની તો વાત જ નથી. તે તો મિથ્યાદષ્ટિ છે જ. પ્રવચનસારની ૮૦મી ગાથામાં કહ્યું છે કે :-

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.**

ત્યાં તત્ત્વજ્ઞાનપૂર્વક અર્હંતદેવના દ્રવ્ય-ગુણ-પર્યાયની પરીક્ષા કરીને જાણે છે તેને પોતાના આત્માની ઓળખાણ થાય છે.

અર્હંત ભગવાન દેવ છે, ઇંદ્રાદિ દ્વારા પૂજ્ય છે, અનેક અતિશય સહિત છે, ક્ષુધાદિ દોષ રહિત છે, શરીરની સુંદરતાને ધારણ કરે છે, સ્ત્રી સંગમાદિથી રહિત છે, દિવ્યધ્વનિ વડે ઉપદેશ આપે છે, કેવળજ્ઞાન વડે લોકાલોકને જાણે છે તથા જેણે કામ-ક્રોધાદિ નાશ કર્યા છે, ઈત્યાદિ વિશેષણ કહે છે; તેમાં કોઈ વિશેષણ તો પુદ્ગલાશ્રિત છે તથા કોઈ વિશેષણ જીવાશ્રિત છે. તેને ભિન્ન ભિન્ન ઓળખતો નથી; જેમ કોઈ અસમાન જાતિ મનુષ્યાદિ પર્યાયોમાં ભિન્નતા ન જાણી મિથ્યા દષ્ટિને ધારણ કરે છે તેમ આ પણ અસમાન જાતિ અર્હંતપર્યાયમાં જીવ-પુદ્ગલના વિશેષણોને ભિન્ન ન જાણી મિથ્યાદષ્ટિપણું જ ધારણ કરે છે.

મુનિરાજ પાસે સિંહ અને હરણ ભેગા બેસે ત્યાં કાંઈ મુનિના અહિંસા ભાવને કારણે તે નથી, કેમ કે ભાવલિંગી અહિંસક મુનિ હોય ને સિંહ આવીને તેના શરીરને ખાઈ જાય. માટે બહારના સંયોગ ઉપરથી ગુણની ઓળખાણ થતી નથી. આત્માના ગુણ કયા છે, ને પુણ્યનું કાર્ય કયું છે ? તેને જુદું જુદું જાણવું જોઈએ. એ પ્રમાણે તત્ત્વજ્ઞાનપૂર્વક જીવ-અજીવને ભિન્ન ભિન્ન જે જાણતો નથી, ભગવાનના આત્માના ગુણોને ઓળખતો નથી, તે જીવ પણ વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે.

## ફાગણ સુદ ૯, રવિવાર, ૨૨-૨-૫૩.

જૈનધર્મમાં જન્મ લઈને જે જીવ અરિહંત ભગવાનની ભક્તિ-પૂજા વગેરે કરે છે પણ તત્ત્વજ્ઞાનપૂર્વક વાસ્તવિક પરીક્ષા કરીને ઓળખતો નથી તે પણ વ્યવહારાભાસ મિથ્યાદષ્ટિ છે. અરિહંતનો આત્મા શું છે ? તેમના પુણ્ય શું છે ? તેમનું શરીર શું છે -એમ ભિન્ન ભિન્ન ઓળખતો નથી અને પુણ્યના ફળ દેખીને જ અરિહંતદેવનું પૂજ્યપણું માને છે. તે જીવ જૈન સંપ્રદાયમાં રહ્યો હોવા છતાં મિથ્યાદષ્ટિ છે. ભગવાનને રોગાદિ નથી -એમ તો માને છે, પણ ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખતો નથી. પરમ ઔદારિક શરીર વગેરે કાંઈ અરિહંતના આત્માનું સ્વરૂપ નથી, દિવ્યધ્વનિ પણ ખરેખર ભગવાનથી જુદી છે, તેનાથી જ અરિહંતની પૂજ્યતા માને તે જીવ અરિહંતને ઓળખતો નથી. વળી ભગવાન કેવળજ્ઞાનથી લોકાલોકને જાણે છે એમ માને છે, પણ કેવળજ્ઞાન શું છે તે ઓળખતો નથી. વળી શરીર અને આત્માના સંયોગરૂપ પર્યાયને જ જાણે છે, પણ જીવ-અજીવને ભિન્ન ભિન્ન જાણતો નથી તે મિથ્યાદષ્ટિ છે. વળી ભગવાન એકલા લોકાલોકને એટલે કે પરને જ જાણે -એમ માને છે, પણ તેમાં આત્મા તો આવ્યો નહિ. નિશ્ચયથી પોતાના આત્માને જાણતાં તેમાં લોકાલોક વ્યવહારથી જણાઈ જાય છે, તેની અજ્ઞાનીને ખબર નથી.

આત્મા અને શરીર તો અસમાન જાતિ છે એટલે કે ભિન્ન ભિન્ન જાતિ છે, તેને ભિન્ન ભિન્ન ઓળખતો નથી તેને મિથ્યાત્વ છે. વળી કર્મ અને આત્મા પણ અસમાન જાતિ છે, છતાં કર્મના ક્ષયોપશમને લીધે જીવમાં જ્ઞાનનો ઉઘાડ થાય છે -એમ માને છે તે પણ મિથ્યાદષ્ટિ છે. અહીં તો અરિહંતદેવની ઓળખાણ કરવાની વાત છે. અરિહંત કોને કહેવા ? અજ્ઞાની તો શરીર, દિવ્યધ્વનિ, સમવસરણ વગેરેથી જ અરિહંતને પૂજ્ય માને છે, પણ ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખીને માનતો નથી. જેને સમ્યગ્જ્ઞાન કરવું હોય તેણે જીવ અને શરીરની પર્યાયોને ભિન્ન ભિન્ન જાણવા જોઈએ. ઇંદ્રિયો સારી હોય તો જ્ઞાન થાય એમ માને તે જડ-ચેતનને એક માને છે, તેને ભગવાન ખરેખર જૈન કહેતા નથી. જૈન નામ ભલે ધરાવે ! -પણ તેથી કાંઈ લાભ થાય નહિ.

સાત તત્ત્વમાં જીવ-અજીવ જુદા જુદા છે, તેમ જાણે ત્યારે સાત તત્ત્વને જાણ્યા કહેવાય. જીવની પર્યાય જીવથી થાય ને અજીવની પર્યાય અજીવથી થાય, એને બદલે શરીરની અવસ્થા જીવ કરે એમ માને તેણે જીવ-અજીવ તત્ત્વને જુદા જાણ્યા નથી.

કેવળજ્ઞાન વગેરે તો આત્માની પર્યાય છે, પુણ્યનો ઉદય અને પરમ ઔદારિકશરીર તે જીવથી ભિન્ન ચીજ છે.

**પ્રશ્ન** : તીર્થંકર પ્રકૃતિ પણ જીવથી થઈ છે ને ?

**ઉત્તર** : ના, વર્તમાનમાં કેવળજ્ઞાન અને વીતરાગતા છે, તેના કારણે કાંઈ તીર્થંકર પ્રકૃતિ નથી,



તીર્થંકર પ્રકૃતિ તે આત્માના ગુણનું ફળ નથી. અને પૂર્વે તીર્થંકર પ્રકૃતિ બંધાણી તે વખતે જીવનો રાગ ભાવ નિમિત્ત હતો પણ તીર્થંકર પ્રકૃતિ પોતે તો જડ છે. આત્માને કારણે તે પ્રકૃતિ માને તો તેને જડ-ચેતનની ભિન્નતાનું ભાન નથી, તે અરિહંતને ઓળખતો નથી. ભલે અરિહંતના જાપ અને ભક્તિનો શુભ ભાવ કરે તો પુણ્ય બાંધે પણ તેને ધર્મ થાય નહિ.

જીવને અને શરીરને જુદા ક્યારે માન્યા કહેવાય ? જીવના કારણે શરીર સરખું રહે છે, જીવના કારણે શરીર ચાલે છે -એમ જે માને છે તેણે જીવ અને શરીરને જુદા માન્યા નથી પણ એક માન્યા છે. જડ પદાર્થ પણ ''**ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્**'' છે, એટલે જડ શરીરના ઉત્પાદ-વ્યય પણ તેના જ કારણે થાય છે, જીવના કારણે નહિ. આત્માના ઉત્પાદ-વ્યય પોતામાં છે, કેવળજ્ઞાનપર્યાયપણે ભગવાનનો આત્મા ઊપજ્યો છે, પણ જડ શરીરની પરમ ઔદારિક અવસ્થા થઈ તેમાં આત્મા ઊપજ્યો નથી, તે તો જડનો ઉત્પાદ છે. માટે બાહ્ય શરીર વગેરેથી અરિહંત ભગવાનનું મહંતપણું નથી, અરિહંત ભગવાનનું મહંતપણું-પૂજ્યપણું તો પોતાના કેવળજ્ઞાનાદિ ગુણોથી જ છે. આવી ઓળખાણ વગર માત્ર આજ્ઞાથી જ અરિહંતને માને ને તેમની પૂજા વગેરેના ભાવમાં ધર્મ માની લ્યે છે તે વ્યવહારાભાસી છે. જો જીવના યથાર્થ વિશેષણથી અરિહંત ભગવાનને ઓળખે તો તે પોતાના આત્માને પણ તેવો ઓળખે-એટલે તે મિથ્યાદષ્ટિ રહે જ નહિ. વાણી અને શરીર તે ખરેખર અરિહંતનું સ્વરૂપ નથી, વાણી ને શરીર તો જડ છે, ખરેખર ભગવાન કદી ઉપદેશ કરતાં જ નથી, ભગવાનના આત્મામાં કાંઈ એવી વાણીની ખાણ ભરી નથી કે ભગવાન વાણી બોલે. સહજપણે વાણી ખરે છે, પણ ભગવાન તેના કર્તા નથી, બન્નેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ બન્ને ચીજ ભિન્ન છે. વળી ભગવાન આકાશમાં ઊંચે ડગલાં ભર્યા વગર વિચરે છે, પણ ત્યાં શરીર ચાલવાની ક્રિયા તે ભગવાનના આત્માને કારણે થઈ નથી. કેવળજ્ઞાન થયું માટે શરીર ઊંચું ચાલે છે -એમ નથી. બન્નેનું પરિણમન ભિન્ન ભિન્ન છે. ભાષાવર્ગણામાંથી ભાષા થાય છે, તેમાં તેને ઇચ્છાની જરૂર નથી અને શરીર તે આહારવર્ગણામાંથી થાય છે, જીવમાંથી થતું નથી. ઇચ્છા હોય ને ભાષા થાય તે વખતે પણ ઇચ્છા જુદી ચીજ છે ને ભાષા જુદી ચીજ છે, ઇચ્છાના કારણે ભાષા થઈ નથી, પરમાણુમાં જ તેવી થવાની તાકાત છે. દરેક પદાર્થમાં સમયે સમયે પોતપોતાના કારણે ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે. દરેક પદાર્થ પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સહિત છે. પોતપોતાના સ્વકાળે પરિણમન થાય છે. અહીં જીવમાં કેવળજ્ઞાનનો સ્વકાળ છે ને પુદ્ગલમાં દિવ્યધ્વનિનો સ્વકાળ છે પણ જીવના કેવળજ્ઞાનના કારણે દિવ્યધ્વનિ નથી. જો જીવના કેવળજ્ઞાનના કારણે દિવ્યધ્વનિ હોય તો જીવમાં કેવળજ્ઞાન તો અતૂટપણે સદાય છે, તેથી વાણી પણ સદાય હોવી જોઈએ, પણ વાણી તો અમુક કાળે જ ખરે છે. માટે વાણી વાણીના સ્વકાળે જ ખરે છે. ભગવાનને ત્રણ કાળનું જ્ઞાન વર્તે છે, કયા સમયે વાણી ખરશે તેનું પણ જ્ઞાન છે, પણ વાણી તો વાણીના સ્વકાળે જ પરિણમે છે. કેવળજ્ઞાન કોઈ પરની પર્યાયને કરતું કે રોકતું નથી. લોકો 'અરિહંત-અરિહંત' કરે છે પણ અરિહંતના કેવળજ્ઞાનને ઓળખતા નથી.

'ભગવાનની વાણી' એમ કહેવું તે ઉપચાર છે અને ભગવાનની વાણીથી બીજા જીવને ખરેખર જ્ઞાન થતું નથી, પણ સૌ જીવો પોતપોતાની લાયકાત પ્રમાણે સમજી જાય છે, દિવ્યધ્વનિમાં તો એક સાથે બાર અંગ આવે છે, પોતાની લાયકાત પ્રમાણે જીવને તે નિમિત્ત થાય છે. જીવ-અજીવ સ્વતંત્ર છે, બન્નેની અવસ્થા ભિન્ન ભિન્ન છે, એમ યથાર્થ વિશેષણથી જીવને ઓળખે તે જીવ મિથ્યાદષ્ટિ રહે નહિ.

આત્મામાંથી તો વાણી નથી નીકળતી અને ખરેખર શરીરમાંથી પણ વાણી નીકળતી નથી. શરીર તે આહારવર્ગણામાંથી બને છે, ને ભાષા ભાષાવર્ગણામાંથી બને છે. જેમ ચણાના લોટમાં જે લોટ મેસુબ માટે કર્યો હોય તેમાંથી મગજ ન થાય, મગજ માટે જાડો લોટ હોય છે. તેમ આહારવર્ગણા અને ભાષાવર્ગણા ભિન્ન ભિન્ન છે, તેમાં આહારવર્ગણામાંથી સીધી ભાષા ન થાય, પણ ભાષાવર્ગણામાંથી જ ભાષા થાય છે. વળી કર્મની કાર્માણવર્ગણા છે તે પણ જુદી છે, એટલે કર્મના કારણે ભાષા થઈ -એમ પણ નથી. ભિન્ન ભિન્ન યોગ્યતાવાળા અનંત પરમાણુઓ જગતમાં છે.

સાત તત્ત્વોને સાત તરીકે ભિન્ન ભિન્ન જાણવા જોઈએ. જે કુળમાં જન્મ્યો અને જ્યાં રહ્યો ત્યાં જ ધર્મ માની લ્યે છે પણ તત્ત્વને ઓળખતો નથી. તે ભલે જૈનકુળમાં જન્મ્યો હોય તો પણ મિથ્યાદષ્ટિ જ છે. જેમ કરિયાતાની કોથળી ઉપર 'સાકર' એવું નામ લખે તેથી અંદરનું કરિયાતું કડવું મટી ન જાય. તેમ જૈનકુળમાં જન્મીને જૈન નામ ધરાવે પણ અંદર તત્ત્વની પરીક્ષા કરીને ઓળખે નહિ તો તેથી તેને કાંઈ સાચું જૈનપણું-ધર્મીપણું થઈ જાય નહિ. જીવ-અજીવને યથાર્થ વિશેષણોથી ઓળખીને જાણે તે જ જૈન છે.

''હે ભગવાન ! આપ સ્વર્ગ-મોક્ષના દાતાર છો'' -એમ સ્તુતિમાં આવે, ત્યાં અજ્ઞાની ખરેખર તેમ માની લ્યે છે કે ભગવાન આપણને તારી દેશે ! પણ ભાઈ ! સ્વર્ગ તો તારા શુભ પરિણામથી થાય છે ને મોક્ષ તો તારા શુદ્ધ ઉપયોગથી થાય છે, તેમાં ભગવાન તો નિમિત્તમાત્ર છે. ભગવાન તને મોક્ષ આપે ને બીજાને ન આપે -તેનું કાંઈ કારણ ? શું ભગવાન રાગી-દ્વેષી છે ? જીવ પોતાના પરિણામથી જ સ્વર્ગ-મોક્ષ પામે છે, ભગવાન કોઈને કાંઈ દેતા નથી.

હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું, મારું સ્વરૂપ નિરોગ છે અને આ રાગ છે તે રોગ છે -એમ ઓળખીને વિનયથી જ્ઞાની કહે છે કે હે ભગવાન ! મને ભાવ આરોગ્ય અને બોધિનો લાભ આપો ! મને ઉત્તમ સમાધિ આપો -ત્યાં તે ઉપચાર છે. હું મારા જ્ઞાનાનંદ સ્વરૂપમાંથી સમાધિ પ્રગટ કરું તેમાં ભગવાન તો નિમિત્ત છે. પોતે પોતામાંથી ભાવ આરોગ્ય અને સમાધિ પ્રગટ કરી ત્યારે વિનયથી-નમ્રતાથી એમ કહ્યું કે 'હે ભગવાન ! આપ બોધિ-સમાધિ દાતાર' છો. લોકમાં પણ ''વડીલોના પુણ્યે ખાઈએ છીએ'' એમ નમ્રતાથી કહેવાય છે, પણ વડીલો પાસે પાંચ હજારની મૂડી હોય ને પોતા પાસે કરોડોની મૂડી થાય, તો વડીલના પુણ્ય ક્યાંથી આવ્યા ? પોતાના પુણ્યનું ફળ છે, ત્યાં વિનયથી વડીલોના પુણ્ય



કહે છે. તેમ ધર્મી જીવ પોતે પોતાના પુરુષાર્થથી બોધિ-સમાધિ પ્રગટ કરીને તરે છે, ત્યાં ભગવાનના વિનય-બહુમાનથી એમ કહે છે કે હે ભગવાન ! આપ અમને બોધિ-સમાધિ દાતાર છો, આપ અમારા તરણ-તારણ છો, આપ અધમઉદ્ધારક અને પતિતપાવન છો. આ બધા કથન ભક્તિના-ઉપચારના છે. જેમ માટીના ઘડાને ઉપચારથી 'ઘીનો ઘડો' કહેવાય પણ તેથી કાંઈ ઘડાને મોઢામાં ન મૂકાય, તેમ ભગવાનને ઉપચારથી તરણ-તારણ-અધમઉદ્ધારક કહેવાય, પણ ખરેખર કાંઈ ભગવાન આ જીવના પરિણામના કર્તા નથી. આમ યથાર્થ વસ્તુસ્થિતિ સમજે નહિ ને એમને એમ અરિહંતને માને તો તે પણ વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે.

જેમ અન્યમતીઓ કર્તૃત્વબુદ્ધિથી ઈશ્વરને માને છે તેમ આ પણ અરિહંતને માને છે, પણ એમ નથી જાણતો કે ફળ તો પોતાના પરિણામોનું લાગે છે. અરિહંતને નિમિત્ત માને છે તેથી ઉપચારથી તો એ વિશેષણો સંભવે છે પણ પોતાના પરિણામ સુધર્યા વિના તો અરિહંતમાં એ ઉપચાર પણ સંભવતો નથી. આમ જે ઓળખતો નથી અને ઓળખ્યા વગર અરિહંતનું નામ લઈને માને છે તે પણ વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે, તે ખરેખર જૈન નથી.

## ફાગણ સુદ ૧૦, સોમવાર, ૨૩-૨-૫૩.

આચાર્ય ભગવાને કહેલી વાત પં. ટોડરમલજીએ ચાલુ ભાષામાં કહી છે. હું શુદ્ધ ચિદાનંદ છું એવી દષ્ટિ થઈ નથી પણ પુણ્ય પરિણામમાં ધર્મ માને છે તે વ્યવહારાભાસી છે.

આત્માનું વાસ્તવિક સ્વરૂપ ભગવાન કુંદકુંદાચાર્યદેવે કહેલ છે. તેમણે પંચાસ્તિકાયમાં નિશ્ચયાભાસી ને વ્યવહારાભાસીનું વર્ણન કરેલ છે. પોતાની પર્યાયમાં વિકારી પરિણામ હોવા છતાં તે થતાં જ નથી એમ જે માને છે તે નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ છે. અને દયા, દાન, વ્રત, તપાદિના ભાવ પોતાની પર્યાયમાં થાય છે તે પુણ્ય આસ્રવ છે. તેને ધર્મ અથવા ધર્મનું કારણ જે માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે. જ્ઞાનીને પણ અશુભથી બચવા શુભ રાગ આવે છે પણ જ્ઞાની તેને પુણ્ય આસ્રવ સમજે છે.

લસણ ખાતાં ખાતાં અમૃતનો ઓડકાર આવે નહિ તેમ શુભભાવરૂપી વિકાર કરતાં કરતાં શુદ્ધદશા કદી પણ પ્રાપ્ત થાય નહિ. અજ્ઞાની તેને ધર્મનું કારણ સમજે છે. રાગ ત્યાગવા યોગ્ય છે છતાં રાગ કરતાં કરતાં સમ્યગ્દર્શન થશે એમ માનવું તે મિથ્યાદર્શન શલ્ય છે.

અહીં વ્યવહારાભાસીનું વર્ણન ચાલે છે. તે જીવ અર્હંતદેવને સ્વર્ગ-મોક્ષદાતા માને છે. જેમ જગતનો કર્તા માનનાર મિથ્યાદષ્ટિ છે તેમ અર્હંતને સ્વર્ગ-મોક્ષના દેનાર માને તે મિથ્યાદષ્ટિ છે. ભગવાન દીનદયાળ, અધમોદ્ધારક ને પતિતપાવન છે એમ કહેવું તે નિમિત્તનું કથન છે. ભગવાન પતિતપાવન હોય તો બધાનો ઉદ્ધાર થવો જોઈએ ને પાપનો નાશ થવો જોઈએ -પણ એમ નથી.

જેમ અન્યમતીઓ કર્તૃત્વબુદ્ધિથી ઈશ્વરને માને છે તેમ આ પણ અર્હંતને માને છે. તે જાણતો નથી કે ફળ તો પોતાના પરિણામોનું છે. ભગવાન કોઈને આપતા નથી. ભક્તિમાં નિમિત્તથી કથન આવે પણ શુભ ભાવ ભગવાનથી થાય તેવી દૃષ્ટિ છોડી દેવી જોઈએ તથા શુભ ભાવથી ધર્મ થાય છે તેવી દૃષ્ટિ છોડી દેવી જોઈએ. ભગવાનની પ્રતિમાને લીધે શુભ ભાવ હોય તો બધાને શુભ ભાવ થવો જોઈએ. ચોર ચોરવાનો ભાવ કરે છે. તેથી ભગવાનને લીધે તથા પ્રતિમાને લીધે શુભ પરિણામ થયા માનવા તે મિથ્યા માન્યતા છે. શુભ ભાવ સ્વતંત્ર થાય છે, તે પુણ્ય પરિણામ છે, ને તેનાથી રહિત પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરવી તે ધર્મ છે.

બાહુબલીજીના પ્રતિમાને લીધે આકર્ષણ હોય તો બધાને આકર્ષણ થવું જોઈએ પણ એમ બનતું નથી. જીવને ફળ તો પોતાના પરિણામોનું છે. જે જીવ શુભ પરિણામ કરે તેને ભગવાન અથવા દિવ્યધ્વનિ નિમિત્ત કહેવાય છે. ભગવાને છે તો કષાયમંદતા થઈ -એમ નથી. ધર્મી જીવ સમજે છે કે મારા પરિણામ મારાથી થાય છે, ભગવાન અથવા પ્રતિમા તો નિમિત્તમાત્ર છે, તેથી ઉપચારથી ભગવાનને એ વિશેષણો સંભવે છે.

શુદ્ધ પરિણામ થયા વિના અર્હંત પણ સ્વર્ગ-મોક્ષદાતા નથી. અર્હંતદેવ તથા વાણી પર ચીજ છે, શુભ ભાવ પુણ્ય આસ્રવ છે તેથી રહિત ચિદાનંદની દૃષ્ટિપૂર્વક શુદ્ધ પરિણામ કરે તે મોક્ષનો દાતાર છે ને તો અર્હંતને મોક્ષદાતા કહેવાય ને જેટલો શુભ રાગ બાકી રહે છે તેના નિમિત્તે સ્વર્ગ મળે છે તો ભગવાનને નિમિત્તપણે સ્વર્ગ દાતાર કહેવાય.

ભગવાન આ જીવના શુભ કે શુદ્ધ પરિણામના કર્તા હોય તો ભગવાન નિમિત્ત રહેતા નથી, ભગવાન ઉપાદાન થઈ ગયા માટે તે ભૂલ છે. કોઈ કહે કે સમ્મેદશિખર ને બાહુબલીજીનું વાતાવરણ એવું છે કે ધર્મની રુચિ થાય -તો એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે.

વળી અર્હંતનું નામ સાંભળવાથી કૂતરાદિ સ્વર્ગ પામેલ છે -એમ તે કહે છે. અજ્ઞાની લોકો કહે છે કે ભગવાનના નામમાં ઘણો અતિશય છે, પણ તે ભ્રાંતિ છે. પોતાના પરિણામમાં કષાયમંદતા થયા વિના માત્ર નામ લેવાથી સ્વર્ગની પ્રાપ્તિ થતી નથી તો પછી નામ સાંભળનારને ક્યાંથી થાય? પરિણામ વિના ફળ નથી, નામ પર ચીજ છે. તેનાથી શુભ પરિણામ હોય તો બધાને શુભ પરિણામ થવા જોઈએ પણ તેમ નથી. જે દૃષ્ટાંત આપેલ છે તેમાં તે શ્વાનાદિકે પોતાના પરિણામમાં કષાયમંદતા કરી છે, તેના ફળમાં સ્વર્ગની પ્રાપ્તિ થઈ છે. નામને લીધે શુભ ભાવ થતાં નથી. કોઈ ભગવાનના સમવશરણમાં ગયો અથવા મંદિરમાં ગયો પણ ત્યાં દુકાનના અશુભ પરિણામ કરે તો શું ભગવાન તેને પલટાવી દેશે ? પોતાના પુરુષાર્થપૂર્વક શુભ ભાવ કરે તો ભગવાનને નિમિત્ત કહેવાય છે. અહીં ભગવાનના નામની મુખ્યતા કરી ઉપચારથી કથન કરેલ છે.

વળી કેટલાક અજ્ઞાની એમ માને છે કે ભગવાનના નામ લ્યો, આરતી કરો, છત્ર ચડાવો, પૂજા



કરો તો રોગનો નાશ થશે, પુત્ર મળશે, પૈસા મળશે, અનુકૂળતા મળશે તો તેમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. જે અનુકૂળતા મળે છે તે પૂર્વ પુણ્યને લીધે છે. વર્તમાન શુભ ભાવ કરે તેનો સંયોગ તે જ સમયે મળતો નથી.

અહીં કોઈ કહે કે ભક્તામર સ્તોત્ર બોલવાથી શ્રી માનતુંગાચાર્યને ૪૮ તાળાં તૂટી ગયા હતા. તો તેને કહે છે કે તાળાં તે વખતે તૂટવાના જ હતા. શુભ પરિણામને લીધે તાળાં તૂટ્યા નથી. તાળાં સ્વયં તૂટ્યાં તો ભક્તામર સ્તોત્રના શુભ ભાવને નિમિત્ત કહે છે.

સીતાજીના બ્રહ્મચર્યથી અગ્નિ પાણીરૂપે થઈ તે પણ ઉપચાર કથન છે. સુકોશલ મુનિ બ્રહ્મચારી હતા છતાં વાઘણ ખાય છે તો કેમ ખાય છે ? બ્રહ્મચર્ય બહારમાં કામ કરતું નથી. સીતાજીને પૂર્વ પુણ્યનો ઉદય આવ્યો તો બ્રહ્મચર્યમાં આરોપ આવે. ગજકુમાર મુનિ તો છઠ્ઠા ગુણસ્થાને બિરાજતા મુનિ હતા, બ્રહ્મચારી હતા છતાં અગ્નિનો પરિષહ કેમ આવ્યો ? માટે બ્રહ્મચર્યથી બહારમાં પરિષહ મટતો નથી.

અજ્ઞાની જીવ ધનની પ્રાપ્તિ માટે દુકાનના ઉંબરાને અથવા થડાને પગે લાગે છે ને ભગવાનનું નામ લ્યે છે તે મિથ્યાદૃષ્ટિ છે. પૂર્વ પુણ્યકર્મ અનુસાર અનુકૂળ સામગ્રી મળે છે ને પાપનો ઉદય હોય તો પ્રતિકૂળ સામગ્રી મળે છે.

કોઈ પંડિત કહે છે કે જીવના વર્તમાન ડહાપણને લીધે સામગ્રી મળે છે, પણ તે ભૂલ છે. સામગ્રી તો સામગ્રીના કારણે મળે છે પણ તેમાં વર્તમાન ડહાપણ નિમિત્ત નથી પણ પૂર્વ પુણ્ય નિમિત્ત છે. નામને લીધે સામગ્રી આવતી હોય તો ભગવાન જડના કર્તા થઈ જાય -પણ એમ નથી. સામગ્રી પોતાના કારણે આવે છે તેમાં કર્મ નિમિત્ત છે એમ બતાવવું છે. ભગવાનને સામગ્રી આપનાર માને તે વ્યવહારાભાસી છે.

વળી અર્હંતની સ્તુતિ કરવાથી પૂર્વ પાપકર્મનું સંક્રમણ થઈને પુણ્યરૂપ થઈ જાય છે ને તેના નિમિત્તે સામગ્રી મળે છે તેથી ભગવાનની સ્તુતિ ઉપર તેવો આરોપ આવે છે.

સ્તુતિમાં આવે કે ''હે પ્રભુ ! મને તારો !'' તે નિમિત્તનું કથન છે. ''તારામાં જ્ઞાનાનંદ શક્તિ ભરેલી પડી છે, તું તારાથી તરીશ'' -એમ ભગવાન કહે છે. જે પોતાથી તરે છે તેને ભગવાન નિમિત્ત કહેવાય. સીમંધર ભગવાન વર્તમાન બિરાજે છે, તેનાથી તરતા હોય તો મહાવિદેહમાં બધી તરી જવા જોઈએ -પણ એમ બનતું નથી.

જે જીવ પહેલેથી સંસાર પ્રયોજન અર્થે ભક્તિ કરે છે તે પાપી છે. પૂજા કરવાથી અનિષ્ટ જાય ને ઈષ્ટ મળે -એમ માનનાર મિથ્યાદૃષ્ટિ તો છે જ પણ અશુભ પરિણામી છે. મંદિર કરવાથી ને પૂજા કરવાથી પુત્ર મળશે -એમ માનનારને મિથ્યાત્વ સહિત પાપ લાગે છે. પોતામાં કષાયમંદતા કરે

તો પૂર્વના પાપકર્મ સંક્રમણ થાય પણ આકાંક્ષાવાળાને પાપનું સંક્રમણ થશે નહિ, તેથી તેનું કાર્ય સિદ્ધ થતું નથી.

ભગવાનની ભક્તિથી મોક્ષ થશે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. ભગવાનની ભક્તિમાં જ તલ્લીન થાય છે, પણ પોતાના જ્ઞાનસ્વભાવને ધ્યેય કરતો નથી તેને મોક્ષ થતો નથી. અજ્ઞાની જીવ ભક્તિમાં અતિ અનુરાગ કરે છે. ભગવાનને કહે છે કે "હે પ્રભુ ! હવે તો તારો !" એનો અર્થ એમ થયો કે અત્યાર સુધી ભગવાને ડૂબાડ્યા ને ભગવાનને હજી સુધી તારતા આવડ્યું નહિ, પણ તે વાત મિથ્યા છે. પોતાના કારણે રખડે છે ને તરે છે.

ભક્તિને લીધે મોક્ષ માને તો અન્યમતીની જેવી દૃષ્ટિ થઈ. આત્માનું ભાન થયું છે તેવા જીવને શુભ રાગનો વ્યય થઈ શુદ્ધદશા થશે ત્યારે મોક્ષ થશે. તેથી ધર્મી જીવના શુભ રાગને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે. અજ્ઞાની જીવ ભક્તિથી સમ્યગ્દર્શન માને છે -તે ભૂલ છે. ભક્તિ તો બંધમાર્ગ છે ને સમ્યગ્દર્શનાદિ મુક્તિનો માર્ગ છે. બંધમાર્ગને મુક્તિમાર્ગ માનવો તે મિથ્યા છે. જીવોએ નિર્ણય કરવો જોઈએ. ધર્મી જીવને ભક્તિનો શુભ રાગ આવે છે પણ તેને તે મુક્તિનું કારણ માનતો નથી. ભગવાનની ભક્તિ રાગ છે, વિકાર છે, પુણ્ય છે, ઉપાધિ છે તેથી તો બંધ થાય છે.

પોતાના કારણે શુભ ભાવ કરે તો પુણ્ય બંધાય પણ તે મોક્ષનું કારણ નથી. મુનિના આહારદાન વખતે શુભ રાગ કરે તો પુણ્ય બંધાય છે. ભાવલિંગી સંતને નિર્દોષ આહાર આપે, તેના માટે વેચાતું ન લાવે, ઉદ્દેશિક આહાર ન આપે ને ભક્તિપૂર્વક આપે તો પુણ્યથી જુગલિયામાં અવતાર મળે છે. ઉદ્દેશિક આહાર આપે તો પુણ્ય પણ નથી. ઉદ્દેશિક આહાર લ્યે ને આપે તો પાપ છે. ઉદ્દેશિક આહાર હોવા છતાં આહાર શુદ્ધ છે -એમ શ્રાવક બોલે તો તે અસત્ય બોલે છે. ને મુનિ તે જાણતાં હોય છતાં અનુમોદન આપે તો એષણાસમિતિમાં દોષ આવે છે. નિર્દોષ આહાર ભાવલિંગી મુનિને આપે તો પુણ્ય થાય છે પણ ધર્મ થતો નથી.

દેવની ભક્તિ કે સંતની ભક્તિ તે મુક્તિનું કારણ નથી. જેમ ભગવાન કહે છે તેમ શ્રદ્ધા કરો, માર્ગમાં ગરબડ ન ચાલે.

રાગનો ઉદય આવતાં ધર્મી જીવને શુભ રાગ આવે છે, તે વખતે જો ભક્તિ આદિ ન કરે તો પાપના પરિણામ થાય છે. તે પરિણામો પણ ક્રમે જ આવે છે પણ અહીં સમજાવે છે કે ધર્મી જીવ અશુભ પરિણામ છોડવા અર્થે શુભ પરિણામ કરે છે, પણ તે પુણ્યથી ધર્મ માનતો નથી. જ્ઞાની જીવ અશુભ છોડવા અર્થે ભક્તિમાં પ્રવર્તે છે વા મોક્ષમાર્ગમાં બાહ્ય નિમિત્તમાત્ર પણ જાણે છે.

**ફાગણ સુદ ૧૧, મંગળવાર, ૨૪-૨-૫૩.**

જીવની પર્યાયમાં થતાં દયા-દાનાદિ પરિણામને જે જીવ ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. પંચાસ્તિકાયમાં



અમૃતચંદ્રાચાર્યે નિશ્ચયાભાસીનું ને વ્યવહારાભાસીનું વર્ણન કરેલ છે. આત્મા સ્વભાવે શુદ્ધ છે, તેની પર્યાયમાં વિકાર છે છતાં વિકારને ન માનવો ને એકાંત શુદ્ધ માનવો તે નિશ્ચયાભાસી છે. શુદ્ધ ચિદાનંદ છું તેવી દૃષ્ટિ થઈ નથી પણ અવસ્થામાં થતાં પુણ્ય પરિણામને ધર્મ માને છે તે વ્યવહારાભાસી છે.

અજ્ઞાની જીવ અર્હંત દેવાદિને બાહ્ય લક્ષણથી પિછાને છે. રાગનો ઉદય આવતાં જો ભક્તિ ન કરે તો પાપાનુરાગ થાય એટલા માટે અશુભ રાગ છોડવા અર્થે જ્ઞાની ભક્તિમાં પ્રવર્તે છે. ધર્મીને રાગ આવે છે પણ તે રાગને હેય સમજે છે. અજ્ઞાની જીવ તેને ઉપાદેય માને છે. હું આત્મા જ્ઞાનાનંદ છું, શરીર-મન-વાણીની પર્યાય જડના કારણે થાય છે, પાંચ મહાવ્રતના પરિણામ વિકાર છે તે આદરણીય નથી. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે તેવી દૃષ્ટિપૂર્વક આનંદનો અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. અજ્ઞાની લોકો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બહારથી થાય એમ માને છે તે વ્યવહારાભાસી છે.

ધર્મી જીવ સમજે છે કે હું જ્ઞાન છું. મારી કમજોરીથી શુભ રાગ આવે છે તે બંધનું કારણ છે. અજ્ઞાની તેને ધર્મનું કારણ માને છે. આત્માના ભાનપૂર્વક રાગ રહિત રમણતા થાય તેને ધર્મી મોક્ષમાર્ગ માને છે. કમજોરીથી ભક્તિ આદિના શુભ પરિણામ આવે છે તેને બાહ્ય નિમિત્ત માને છે. મારું સ્વરૂપ તો આનંદ છે, તેમાં લીનતા કરું તેટલો ધર્મ છે. પૈસાથી પાપ, પુણ્ય કે ધર્મ નથી, પોતે કષાયની મંદતા કરે તો પુણ્ય થાય, પણ તેનાથી ધર્મ થતો નથી. રાગનો તથા જડનો હું કર્તા નથી, પરની દયા કે હિંસા કરનાર નથી, હું તો જ્ઞાતા-દૃષ્ટા છું એવી દૃષ્ટિ થઈ છે તેને ધર્મની શરૂઆત થાય છે.

સર્વજ્ઞ દેવ, નિર્ગ્રંથ ગુરુ ને શાસ્ત્રની ભક્તિને ધર્મી બાહ્ય નિમિત્ત માને છે. મારું સ્વરૂપ રાગ રહિત છે એવા સ્વરૂપમાં કેલિ કરવી તે મોક્ષમાર્ગ છે. અજ્ઞાની બાહ્ય ક્રિયાકાંડ ને પુણ્યથી ધર્મ માને છે. સંપ્રદાયમાં જન્મવાથી જૈન થવાતું નથી, પણ ગુણથી જૈન થવાય છે. જૈન મોહ-રાગદ્વેષને જીતવાવાળો છે છતાં રાગથી ધર્મ માને તો તે જૈન નથી. અંતરમાં રાગની રુચિ છે તે જૈન નથી. દયા-દાનાદિ વિકાર છે તે બંધના કારણ છે, ધર્મ નથી. આત્મા તો જ્ઞાનસ્વભાવી છે તેવી રુચિ કરે તે જૈન છે.

ધર્મી જીવ ભક્તિના રાગને ઉપાદેય માનતો નથી, પણ હેય માને છે. રાગ તે હિતકર્તા નથી, ત્રિલોકનાથની ભક્તિ પણ હેય છે. અશુભથી બચવા શુભ આવે છે તે ઉપદેશનું કથન છે. જ્ઞાની શુભ રાગને હેય સમજે છે. તેવા ધર્મી જીવના નિશ્ચય ને વ્યવહાર બન્ને સાચા છે. આત્માનું ભાન થયું હોય ને સિદ્ધ સમાન અંશે આનંદનો અનુભવ કરતાં હોય તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ છે, છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિની વાત તો અલૌકિક છે, તેઓ અંતર આનંદમાં ઝૂલે છે. ઘડીમાં દેહથી આત્માનો ગોળો છૂટો પડી જાય છે એવી તેમની દશા હોય છે. અહીં સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દૃષ્ટિ જીવ રાગને ઉપાદેય માનતો નથી. સાચો જૈન ભક્તિના પરિણામ છોડી શુદ્ધમાં રહેવાનો પ્રયત્ન કરે છે, શુદ્ધમાં ન રહી

શકે તો શુભ કરે છે પણ શુભને હેય માને છે.

પુણ્ય ને ધર્મ બન્ને ભિન્ન ચીજ છે. સાત તત્ત્વો છે. ભગવાનની ભક્તિ આસ્રવ તત્ત્વ છે, સંવર-નિર્જરા ધર્મ છે. સાત તત્ત્વો પૃથક્ છે. ચિદાનંદ સ્વભાવના આશ્રયે જે દશા પ્રગટ થાય તે સંવર-નિર્જરા છે, આસ્રવથી સંવર થતો નથી, ભક્તિથી અથવા પુણ્યથી ધર્મ માને તેને નવ તત્ત્વની શ્રદ્ધા નથી, તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. અજ્ઞાની જીવ આસ્રવમાં મજા માને છે. આત્મા તો સુંદર આનંદકંદ છે, તેની પર્યાયમાં રાગદ્વેષના પરિણામ થાય તે મેલ છે. અશુભ રાગ તો મેલ છે, શુભ રાગ પણ મેલ છે. રાગ રહિત અંતર પરિણામ થવા તે ધર્મ છે, ધર્મી જીવ ભક્તિના પરિણામને ઉપાદેય માનતો નથી પણ શુદ્ધોપયોગનો ઉદ્યમી રહે છે.

પં. ટોડરમલજી પંચાસ્તિકાય ગાથા ૧૩૬ની અમૃતચંદ્રાચાર્યની ટીકાનો આધાર આપે છે. ભક્તિથી કલ્યાણ થશે એવી ભક્તિ અજ્ઞાની જીવોને જ હોય છે. જ્ઞાનીને તીવ્ર અશુભ રાગ મટાડવા ભક્તિનો શુભ રાગ આવે છે. છતાં શુભ રાગને તે હેય સમજે છે.

**પ્રશ્ન** : જો એમ છે તો જ્ઞાની કરતાં અજ્ઞાનીને ભક્તિની વિશેષતા થતી હશે ?

**ઉત્તર** : જેને સમ્યગ્દર્શન થયું છે, જે પુણ્ય-પાપને હેય સમજે છે, દેહાદિની ક્રિયાને જ્ઞેય સમજે છે, ચિદાનંદ સ્વભાવને ઉપાદેય સમજે છે એવા ધર્મી જીવને સાચી ભક્તિ હોય છે. જ્યાં નિશ્ચય હોય ત્યાં જ સાચો વ્યવહાર હોય. પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય એમ માનનાર વસ્તુસ્વરૂપને સમજતો નથી. ધર્મી જીવને સાચી ભક્તિ હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવ ભક્તિને મુક્તિનું કારણ માને છે. અતિ અનુરાગ કરે છે. ભગવાનની ભક્તિથી સમ્યગ્દર્શન થશે ને મુક્તિ થશે -એમ માને છે. સમ્યગ્દર્શન અરાગી પર્યાય છે. રાગની પર્યાયમાંથી અરાગી પર્યાય આવશે ? ના, તેનો નિશ્ચય ખોટો છે માટે વ્યવહાર પણ ખોટો છે. અજ્ઞાની જીવ ભક્તિમાં અતિ અનુરાગ કરે છે. ભક્તિ કરતાં કરતાં કોઈ વાર કલ્યાણ થઈ જશે એમ તે માને છે. રાગ કરતાં કરતાં સમ્યગ્દર્શન થતું નથી. રાગને હેય સમજી, આત્માને ઉપાદેય માને તો સમ્યગ્દર્શન થાય છે.

જે રાગને હેય માને છે ને જ્ઞાનાનંદ સ્વભાવને ઉપાદેય માને છે તે જીવના રાગને વ્યવહાર કહે છે. શ્રુતજ્ઞાન પ્રમાણ થયા પછી નિશ્ચય ને વ્યવહાર એવા બે નયો હોય છે. નિશ્ચયનું ભાન નથી તેને વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ કહે છે.

અજ્ઞાની જીવને અર્હંતની ઓળખાણ નથી. બાહ્ય લક્ષણમાત્રથી તે માને છે. ધર્મી જીવ શ્રદ્ધાનમાં ભગવાનની ભક્તિને બંધનું કારણ માને છે તેથી તેને અંતરમાં ભક્તિમાં અજ્ઞાનીના જેવો અનુરાગ આવતો નથી. હવે બાહ્યમાં કદાચિત્ જ્ઞાનીને ઘણો અનુરાગ હોય છે. નંદીશ્વર દ્વીપમાં શાશ્વત પ્રતિમા છે, ત્યાં ઇંદ્રો નાચી ઊઠે છે, તેઓ એકાવતારી છે. ભગવાનની ભક્તિ કરે છે પણ સમજે છે કે શરીરની ક્રિયા જડથી થાય છે, આત્મા તેને કરી શકતો નથી, શુભ રાગને બંધ માને છે. પોતે જ્ઞાતા-



દૃષ્ટા છે એમ સમજે છે. નબળાઈથી રાગ આવે છે તેને જાણે છે ને રાગને હેય સમજે છે. જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ છૂટતી નથી છતાં રાગ આવે છે ત્યારે ભક્તિ કરે છે. બાહ્યમાં ઘણી ભક્તિ કરતાં દેખાય, રામચંદ્રજીએ પણ વનમાંથી આવ્યા પછી શાંતિનાથ ભગવાનની ભક્તિ કરેલ હતી. જડની ક્રિયા આત્માની ઇચ્છાથી થતી નથી. રાગ આવે છે તે આસ્રવ છે, આસ્રવ રહિત મારો સ્વભાવ ચિદાનંદ છે એવી દૃષ્ટિ કદી છૂટતી નથી.

અજ્ઞાનીને પણ એવો અનુરાગ હોય છે પણ તે ભક્તિને મુક્તિનું કારણ માને છે. એ પ્રમાણે દેવભક્તિનું સ્વરૂપ બતાવ્યું.

હવે તેને ગુરુભક્તિ કેવી હોય છે તે કહીએ છીએ.

કોઈ જીવ આજ્ઞાનુસારી છે. આ જૈનના સાધુ છે તે અમારા ગુરુ છે, માટે તેમની ભક્તિ કરવી -એમ વિચારી તેમની ભક્તિ કરે છે પણ ગુરુની પરીક્ષા કરતો નથી. જૈનમાં જન્મ્યા માટે ગુરુની ભક્તિ કરે છે તો તે માર્ગ નથી. અન્યમતવાળા પણ પોતાના સંપ્રદાયના ગુરુને માને છે. કુળના હિસાબે ગુરુને માનવાથી ન ચાલે.

હવે કોઈ પરીક્ષા કરે છે કે આ મુનિ દયા પાળે છે, તેમના માટે બનાવેલ આહાર તેઓ લેતાં નથી, તો તે સાચી પરીક્ષા નથી. ઉદ્દેશિક આહારમાં છ'કાયની હિંસા થાય છે એમ માની તે ન લ્યે તો તે કાંઈ મુનિનું સાચું લક્ષણ નથી. અન્યમતમાં પણ દયા પાળે છે, તો દયા લક્ષણમાં અતિવ્યાપ્તિ દોષ આવે છે. અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ ને અસંભવ -એ ત્રણ દોષ રહિત લક્ષણ દ્વારા ગુરુને ઓળખવા જોઈએ. જે દયા પાળતાં નથી, જે ઉદ્દેશિક આહાર લ્યે છે તેની તો વાત નથી પણ જે બાહ્યથી દયા પાળે છે -તે સાચું લક્ષણ નથી. રાગ રહિત આત્માના ભાન વિના બધું વ્યર્થ છે.

મુનિને દયાના પરિણામ આવે છે પણ દયાથી પર જીવ બચતો નથી. સંપ્રદાયની રૂઢિ મુજબ દયાના લક્ષણથી ગુરુ માને તો તે બરાબર નથી. જેના માટે ઉદ્દેશિક આહાર બને તેનો તો વ્યવહાર પણ સાચો નથી, પણ જે બાહ્યથી દયા ને બ્રહ્મચર્યાદિ પાળે છે તેની વાત છે. બ્રહ્મચર્યથી મુનિનું લક્ષણ માને તો અતિવ્યાપ્તિ દોષ આવે છે. અન્યમતવાળા પણ બ્રહ્મચર્ય પાળે છે માટે તે સાચું લક્ષણ નથી. જેને જ્ઞાતા-દૃષ્ટાનું ભાન છે ને ૨૮ મૂળગુણનું પાલન કરે છે તે મુનિ છે.

એષણાસમિતિમાં દોષ લગાવે તો ૨૮ મૂળગુણમાં દોષ છે.

**मुनिव्रत धार अनंतवार, ग्रीवक उपजायौ ।**
**पै निज आतमज्ञान, विना सुख लेश न पायौ ।।**

મુનિવ્રત અનંતવાર ધારણ કર્યા પણ આત્મજ્ઞાન વિના સુખ પામ્યો નહિ. માટે બાહ્ય શુભ ભાવથી ગુરુની પરીક્ષા કરે તો તે સાચી પરીક્ષા નથી.

## ફાગણ સુદ ૧૨, બુધવાર, ૨૫-૨-૫૩.

પુણ્ય પરિણામને ધર્મ માને છે, તેને વ્યવહારાભાસી કહે છે. આત્મા જડની ક્રિયા વ્યવહારથી પણ કરી શકતો નથી. શુભ-અશુભ પરિણામ વિકાર છે. તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનસ્વભાવી છું-તેવા ભાનવાળાને જે શુભ રાગ આવે તેને વ્યવહાર કહે છે. નિશ્ચયનું ભાન નથી ને શુભને જ એકાંત માને છે તે વ્યવહારાભાસી છે. કેટલાક લોકો ભગવાનને સ્વર્ગ-મોક્ષદાતા માને છે તે ભ્રાંતિ છે. પોતાના શુદ્ધ પરિણામથી મોક્ષ મળે છે, ને શુભ પરિણામથી સ્વર્ગ મળે છે. ભગવાન કોઈને તારતા નથી કે મદદ કરતાં નથી. જૈનમાં જન્મ લઈને ભગવાનને દીનદયાળ, અધમોદ્ધારક એવા વિશેષણ આપી કર્તા માને છે, તે મિથ્યાદષ્ટિ છે. સ્વભાવમાં ઉપયોગ લીન ન હોય ત્યારે શુભ રાગ આવે છે પણ જ્ઞાની સમજે છે કે તે રાગ છે, વ્યવહાર છે. વ્યવહાર સમિતિ તે આસ્રવ છે, તે મૂળ સ્વરૂપ નથી. નિશ્ચય સમિતિ ને વ્યવહાર સમિતિ છે અને નિશ્ચય ગુપ્તિ ને વ્યવહાર ગુપ્તિ છે -એમ બે પ્રકાર છે. શુદ્ધ સ્વભાવમાં લીનતા એ જ નિશ્ચય ગુપ્તિ છે ને એ જ નિશ્ચય સમિતિ છે. આત્મામાં લીન ન હોય ત્યારે જે શુભ રાગ આવે તે અશુભથી બચે છે, તે વ્યવહાર ગુપ્તિ છે ને શુભમાં પ્રવૃત્તિ હોય તે વ્યવહાર સમિતિ છે.

ગુરુના સ્વરૂપની પિછાન નથી ને ગુરુની ભક્તિ કરીને ધર્મ માને છે તે મિથ્યાદષ્ટિ છે.

હવે જૈન સંપ્રદાયમાં જન્મીને કેટલાક જીવો આજ્ઞાનુસારી હોય છે. પરીક્ષા વિના સમ્યગ્દષ્ટિ થવાતું નથી. આ અમારા ગુરુ છે એમ કહી તેની ભક્તિ કરે છે પણ સાધુના સ્વરૂપની ખબર નથી. આત્મભાન થયા પછી મુનિદશામાં વ્યવહાર આવે છે. વ્યવહાર આવતો જ નથી -એમ માને તો મિથ્યાદષ્ટિ છે. પુણ્ય પરિણામ આવે છે તેને સમજતો નથી તેથી તે મિથ્યાદષ્ટિ છે. રાગના પરિણામ ચોથે, પાંચમે ને છઠ્ઠે ગુણસ્થાને આવે છે. અશુભ રાગ ટાળવા શુભ પરિણામ આવે છે. ધર્મી જીવ તેને બંધનું કારણ સમજે છે. હવે કોઈ પરીક્ષા કરે છે તો આ મુનિ દયા પાળે છે -એમ માની તેની ભક્તિ કરે છે. મુનિ ૪૬ દોષ રહિત આહાર લ્યે છે. તેમાં પાંચ સમિતિના ભાવ આસ્રવ છે. ૨૮ મૂળગુણમાં જે સમિતિ છે તે આસ્રવ છે. નિર્વિકલ્પ આનંદદશામાં લીન થવું તે નિશ્ચય સમિતિ છે.

સમિતિ તે આસ્રવ છે. પોતા માટે બનાવેલ આહારાદિ મુનિ લ્યે નહિ. એવો નહિ લેવાનો ભાવ તે શુભ ભાવ છે, તે ધર્મ નથી. મુનિને નિશ્ચય અને વ્યવહાર બન્ને હોય છે. ચોથા ગુણસ્થાનથી નિશ્ચય અને વ્યવહાર બન્ને હોય છે. શ્રાવકને વ્યવહાર હોય છે ને મુનિને નિશ્ચય હોય છે -એમ અજ્ઞાની માને છે તે ભૂલ છે. દેહ-મન-વાણીથી રહિત અને રાગથી પણ રહિત આત્મામાં નિર્વિકલ્પ અનુભવ થવો તે સમ્યગ્દર્શન છે -તે નિશ્ચય છે ને જે રાગ આવે છે તે વ્યવહાર છે. બન્નેનું જ્ઞાન હોવું જોઈએ.

અજ્ઞાની જીવ દયા પાળવાના પરિણામથી ને નિર્દોષ આહારથી મુનિપણાની પરીક્ષા કરે છે પણ તે બરાબર નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મુનિપણું છે. બહારથી પરીક્ષા કરવી તે યથાર્થ



નથી. પરીક્ષા વિના માનવું તે અજ્ઞાન છે.

અજ્ઞાની જીવ મુનિવ્રત ધારણ કરી, નવમી ગ્રૈવેયક ઊપજ્યો પણ આત્માના ભાન વિના લેશ પણ સુખ પામ્યો નહિ.

નિશ્ચય ને વ્યવહારના ભાન વિના સમ્યગ્દર્શન નથી, સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન નથી, સમ્યગ્દર્શન-જ્ઞાન વિના ચારિત્ર ને ધ્યાન નથી, ધ્યાન વિના કેવળજ્ઞાન નથી.

જે મુનિ નામ ધરાવી ઉદ્દેશિક આહાર લ્યે છે તે તો વ્યવહારથી પણ ભ્રષ્ટ છે. મુનિ માટે ચોકા બનાવે તેને તો વ્યવહાર પણ ખોટો છે. મુનિ માટે આહારાદિ બનાવે તો મુનિ ન લ્યે એવો શુભ ભાવ હોય તો પણ તે આસ્રવ છે, ધર્મ નથી. મુનિની અંતરની પરીક્ષા કરતો નથી તે વ્યવહારાભાસી છે.

તીર્થંકરદેવ કહે છે કે પરીક્ષા કર્યા વિના માનવું તે મિથ્યાપણું છે. સાચો છે તેની વાત છે. ભાવલિંગી મુનિને નિર્દોષ આહાર લેવાનો વિકલ્પ ઊઠે છે તે ચારિત્રનો દોષ છે, આસ્રવ છે, વ્યવહાર સમિતિ છે. શુદ્ધ આહાર નહિ હોવા છતાં શુદ્ધ આહાર છે તેમ બોલવું તે જૂઠું છે. મુનિને ખ્યાલ આવે કે આ દોષવાળો આહાર છે, તો લ્યે નહિ. અશુભથી નિવૃત્તિ તે વ્યવહાર ગુપ્તિ છે. વ્યવહાર ગુપ્તિ તે આસ્રવ છે ને નિશ્ચય ગુપ્તિ તે સંવર છે -એમ બરાબર સમજવું જોઈએ.

કોઈ કહે કે નિશ્ચય સમ્યગ્દર્શન સાતમા ગુણસ્થાને હોય છે તો તે ભૂલ છે. નિશ્ચય સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી હોય છે. ત્યાર પછી મુનિપણું આવે છે. મુનિ પાંચ સમિતિનું પાલન કરે છે. વળી બ્રહ્મચર્યથી મુનિની પરીક્ષા કરે તો તે પણ સાચી પરીક્ષા નથી. બ્રહ્મચર્યનું પાલન કરી જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક ગયેલ છે.

વ્રતના બે ભેદ છે. એક નિશ્ચય વ્રત છે ને બીજું વ્યવહાર વ્રત છે. પોતાના સ્વભાવને ચૂકીને પાંચ મહાવ્રતના પરિણામ આવે તે નિશ્ચયથી હિંસા છે પણ આત્માનું ભાન હોય તેના અહિંસાના શુભ ભાવને વ્યવહારથી અહિંસા કહે છે. અમારા મુનિ ધન આદિ રાખતા નથી, વસ્ત્ર રાખતા નથી, પોતાને માટે વેચાતું પુસ્તક લ્યે નહિ -એવા પરિણામ પણ આસ્રવ છે. તેના વડે મુનિની પરીક્ષા કરે તો તે પરીક્ષા સાચી નથી.

વળી ઉપવાસ, અભિગ્રહ કે નિયમથી મુનિની પરીક્ષા કરે તો તે પણ યથાર્થ નથી. ઘણી વાર જીવે એવા ઉપવાસાદિ કરેલ છે. ટાઢ-તડકા સહન કરવા તે મુનિપણું નથી. અંતરનો અનુભવ તે મુનિપણું છે. તેની પરીક્ષા અજ્ઞાની કરતો નથી. વળી કોઈ મુનિ ક્રોધાદિ કરે તે તો વ્યવહારાભાસમાં પણ આવતો નથી. પણ કોઈ મુનિ ક્ષમાભાવ રાખે ને તેના વડે પરીક્ષા કરે તો તે પણ સાચી પરીક્ષા નથી. બીજાને ઉપદેશ આપે તે મુનિનું લક્ષણ નથી. ઉપદેશ તો જડની ક્રિયા છે, આત્મા તે કરી

શકતો નથી. આવા બાહ્ય લક્ષણથી મુનિની પરીક્ષા કરે છે તે યથાર્થ નથી, પરમહંસાદિમાં પણ આવા ગુણો હોય છે. દયા પાળે ઉપવાસાદિ કરે -એ લક્ષણો તો મિથ્યાદષ્ટિમાં પણ હોય છે. એવા પુણ્ય પરિણામ તો અન્ય મુનિઓમાં તથા જૈન મિથ્યાદષ્ટિ મુનિઓમાં પણ માલૂમ પડે છે. માટે તેમાં અતિવ્યાપ્તિ દોષ આવે છે. અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ ને અસંભવ દોષ રહિત પરીક્ષા ન કરે તે જીવ મિથ્યાદષ્ટિ છે. શુભ ભાવ વડે સાચી પરીક્ષા થાય નહિ.

વળી તે જે ગુણોને વિચારે છે તેમાં કોઈ જીવાશ્રિત છે તથા કોઈ પુદ્‌ગલાશ્રિત છે. તેની વિશેષતા નહિ જાણવાથી અસમાન જાતિય મુનિપર્યાયમાં એકત્વબુદ્ધિથી તે મિથ્યાદષ્ટિ જ રહે છે. શરીર-આહારાદિની ક્રિયા જડથી થાય છે, આત્માથી થતી નથી. આમ જેને ભેદજ્ઞાન નથી તે વ્યવહારાભાસી છે.

ક્રોધાદિ પરિણામ ટાળવા તે આત્માશ્રિત છે. શુદ્ધ પરિણામ, શુભ પરિણામ ને જડના પરિણામ -એમ ત્રણની સ્વતંત્રતાની ખબર અજ્ઞાનીને નથી. ક્ષુધા જડની પર્યાય છે. અંતર્‌પરિણામ સહનશીલતાના થાય છે તે જીવાશ્રિત છે. ક્ષુધાનું વેદન જીવને નથી. અજ્ઞાની માને છે કે મને ક્ષુધા લાગી, વિભાવ પરિણામ જીવના છે. સમકિતીને પણ વિભાવ પરિણામ આવે છે. તે સમજે છે કે મારી નબળાઈને કારણે તે આવે છે, પરને લીધે તે આવતાં નથી. કોઈ જીવ પરની દયા પાળે છે. તે કથનમાં પરના શરીરની ક્રિયા જડને આશ્રિત છે ને પોતામાં અનુકંપાના પરિણામ થયા તે જીવાશ્રિત છે. પરિગ્રહ ન આવવો તે જડને આશ્રિત છે ને રાગમંદતા થવી તે જીવાશ્રિત છે. આમ જીવાશ્રિત ભાવ ને પુદ્‌ગલાશ્રિત ભાવની જેને ખબર નથી તે મિથ્યાદષ્ટિ છે.

ઉપવાસમાં રાગમંદતા થવી તે જીવને આશ્રિત છે ને ખાવાના પદાર્થો ન આવવા તે જડને આશ્રિત છે. ક્રોધના પરિણામ થવા તે જીવને આશ્રિત છે ને લાલ આંખ થવી તે જડને આશ્રિત છે; ઉપદેશ વાક્યો જડને આશ્રિત છે, તે ઉપદેશ દેવાનો ભાવ તે જીવને આશ્રિત છે. આમ બન્નેના ભેદજ્ઞાનની ખબર નથી તે સાચી પરીક્ષા કરી શકતો નથી. ચૈતન્ય ને જડ અસમાન જાતિ પર્યાય છે. જડની પર્યાય મારાથી થાય છે -એમ અજ્ઞાની માને છે. તે અસમાન જાતિ મુનિપર્યાયમાં એકત્વબુદ્ધિથી મિથ્યાદષ્ટિ જ રહે છે.

હવે મુનિની સાચી પરીક્ષા કહે છે. મુનિને વ્યવહાર હોય છે ખરો પણ વ્યવહારથી મુનિની સાચી પરીક્ષા થતી નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ એ જ મુનિનું સાચું લક્ષણ છે.

અહીં એકતાની વાત છે, પૂર્ણતાની વાત નથી. ચોથે, પાંચમે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે ત્યાર પછી આગળ વધે તો પ્રથમ સાતમું ગુણસ્થાન આવે છે, પછી છઠ્ઠું આવે છે. સ્વરૂપમાં અકષાય પરિણતિ થાય છે તે નિશ્ચય વ્રત છે ને જે શુભ પરિણામ આવે છે તે વ્યવહાર વ્રત છે. ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર છે. દેવાદિની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નથી, શાસ્ત્રનું ભણતર સમ્યગ્જ્ઞાન નથી, ૨૮ મૂળગુણનું પાલન તે ચારિત્ર નથી. અષ્ટસહસ્રીમાં કહ્યું છે કે પરીક્ષા કરી દેવાદિને માને તે સમકિતી



છે. સમંતભદ્ર આચાર્યે પણ તીર્થંકરની પરીક્ષા કરી હતી. તે કહે છે કે હે પ્રભુ ! દેવોના આવવાથી, આકાશમાં ગમનથી, ચામરાદિ વિભૂતિથી તમોને હું મહાન માનતો નથી, તમારી સર્વજ્ઞતા ને વીતરાગતાથી પૂજ્યપણું માનું છું.

જેમ વેપારી ચીજ લેવા જતાં પરીક્ષા કરે છે તેમ અહીં ઉપાદાન-નિમિત્ત, સ્વભાવ-વિભાવ, દ્રવ્ય-ગુણ-પર્યાય આદિનું સ્વરૂપ સમજીને પરીક્ષા કરવી જોઈએ. ભાન વિના મુનિપણું લઈને શુક્લ લેશ્યા કરીને જીવ નવમી ગ્રૈવેયકે ગયેલ છે છતાં ધર્મ નથી ને આત્માનું ભાન કરે તો દેડકું પણ સમ્યગ્દર્શન પામી શકે છે. જ્ઞાની પોતાની શક્તિ અનુસાર ત્યાગ, તપ કરે છે. હઠ કરે તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે. જો મોક્ષમાર્ગની ઓળખાણ થાય તો તે મિથ્યાદષ્ટિ રહે જ નહિ. પણ મુનિનું સાચું સ્વરૂપ ન જાણે તો સાચી ભક્તિ ક્યાંથી હોય ? ન જ હોય.

સોનું કસોટી કરીને લ્યે છે તેમ કસોટી કરવી જોઈએ. ધર્મમાં કસોટી ન કરે તો ન ચાલે. સાચા મુનિની અંતરની પરીક્ષા અજ્ઞાની કરતો નથી ને વ્યવહારથી તથા શુભક્રિયાથી પરીક્ષા કરી, સેવાથી ભલું જાણે છે, પણ પરની સેવાથી ભલું થતું નથી. પરની સેવા પુણ્ય છે, ધર્મ નથી. અજ્ઞાની જીવ તેમાં ભલું માની સેવા કરે છે. ગુરુની ભક્તિ અનુરાગી થઈને કરે છે. એ પ્રમાણે તેની ગુરુભક્તિનું સ્વરૂપ કહ્યું. હવે શાસ્ત્રભક્તિનું સ્વરૂપ કહેશે.

### ફાગણ સુદ ૧૩, ગુરુવાર, ૨૬-૨-૫૩.

વ્યવહારાભાસીનું વર્ણન ચાલે છે. વ્યવહારાભાસી કોને કહે છે ? અનાદિકાળથી દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખતો નથી ને પુણ્યમાં ધર્મ માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મુનિનું લક્ષણ છે, તેને પિછાનતો નથી, માત્ર બાહ્યથી ભક્તિ કરે છે તો તેને ધર્મ થતો નથી.

હવે શાસ્ત્રભક્તિનું સ્વરૂપ કહીએ છીએ.

કોઈ જીવ તો આ કેવળી ભગવાનની વાણી છે, કેવળી ભગવાનના પૂજ્યપણાથી તેમની વાણી પણ પૂજ્ય છે એમ માની તેની ભક્તિ કરે છે. આત્મા ને જડની ભિન્નતાની તથા સાત તત્ત્વોની પૃથક્તાની ખબર નથી, એકલી વાણીની ભક્તિ કરે છે. તો તે પુણ્ય પરિણામ છે, ધર્મ નથી.

પંચાસ્તિકાય ગાથા ૧૭૨ની ટીકામાં અમૃતચંદ્રાચાર્યે નિશ્ચયાભાસી ને વ્યવહારાભાસીનું વર્ણન કરેલ છે. પર્યાયમાં રાગદ્વેષ હોવાં છતાં પર્યાયને પ્રગટ શુદ્ધ માની લ્યે તે નિશ્ચયાભાસી છે ને દેવ-ગુરુ-શાસ્ત્રની પરીક્ષા કર્યા વિના શુભ રાગથી ધર્મ માને તે વ્યવહારાભાસી છે. જે જીવ પરીક્ષા વિના વાણીને પૂજ્ય માને છે તે મિથ્યાદષ્ટિ છે.

વળી કોઈ આ પ્રમાણે પરીક્ષા કરે છે. અમારા શાસ્ત્રોમાં રાગ ઘટાડવાનું કહ્યું છે પણ શાસ્ત્રે તો

રાગ રહિત જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવાનું કહ્યું છે, રાગનો અભાવ કરવાનું કહ્યું છે તેને તે સમજતો નથી, કષાય ઘટાડે તે પુણ્ય છે, ધર્મ નથી.

વળી અમારા શાસ્ત્રમાં જેવી દયા છે તેવી દયા બીજે નથી -એમ કહે છે. પણ પરની દયા જીવ પાળી શકતો નથી, પરની દયા પાળવાનો ભાવ તે પુણ્ય છે, ધર્મ નથી -એમ શાસ્ત્ર કહે છે પણ અજ્ઞાની તેને સમજતો નથી. પોતાની પર્યાયમાં રાગની ઉત્પત્તિ ન થવી તે અહિંસા છે. પરની દયાનો ભાવ નિશ્ચયથી હિંસા છે.

''જીવો ને જીવવા દ્યો'' એમ અજ્ઞાની કહે છે. કોઈનું જીવન કોઈ પરને આધીન નથી. શરીર કે આયુષ્યથી જીવવું તે આત્માનું જીવન નથી. પોતાની પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ સ્વભાવની દૃષ્ટિપૂર્વક થવા ન દેવા ને જ્ઞાતાદષ્ટા રહેવું એનું નામ જીવન છે.

જૈન આત્માનું સ્વરૂપ છે. જૈનશાસ્ત્ર પરની દયા પાળવાનું કહેતો નથી. અજ્ઞાની કહે છે કે નિગોદમાં અનંતા જીવો છે, બે ઇંદ્રિયાદિ જીવો અનેક છે, તેની દયા પાળવી જોઈએ પણ તે ભૂલ છે. જગત્કર્તા ઈશ્વરની માન્યતાવાળો જીવ જેમ મિથ્યાદૃષ્ટિ છે, તેમ પર જીવોની પર્યાય પોતાના શુભ રાગને આધીન છે એમ માનનાર પરની પર્યાયનો કર્તા થાય છે, તે જગત્કર્તા ઈશ્વર છે એવી માન્યતાવાળાની જેમ મિથ્યાદૃષ્ટિ છે.

કોઈ પ્રશ્ન કરે કે જોઈને ચાલવાનું કહ્યું છે ને ? તો કહે છે કે શરીરની પર્યાય મારાથી થાય છે એમ માનવું તે મિથ્યાત્વશલ્ય છે. જડની પર્યાય જડથી થાય છે છતાં આત્માના ધ્યાનપૂર્વક શરીરની ક્રિયા આવી કરું તથા આમ શરીરને રાખું તો જીવ બચે તેમ માનનાર જૈન નથી. જો આત્માની ઇચ્છાથી શરીરમાં કામ થતું હોય તો શરીરમાં રોગ કેમ આવે છે ? આત્માની ઇચ્છાથી શરીરની ક્રિયા થતી હોય તો તે પરાધીન થઈ જાય. કોઈ પદાર્થ બીજા પદાર્થની ક્રિયા કરી શકતો નથી. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવના ભાનપૂર્વક રાગ થવા ન દેવો ને રાગ રહિત લીનતા કરવી તે અહિંસા ને દયા છે. અને એવા ભાનપૂર્વક બીજા પ્રાણીને દુઃખ ન દેવાનો ભાવ તે વ્યવહાર દયા છે, તે પુણ્યાસ્રવ છે. આત્મા પર જીવની પર્યાયનો તથા શરીર-મન-વાણીની પર્યાયનો કર્તા નથી. જો જડની ક્રિયા આત્માથી થાય તો જડના દ્રવ્ય તથા ગુણે શું કર્યું ? જગતને અનેકાંત તત્ત્વની ખબર નથી. આત્મામાં જડ નથી ને જડમાં આત્મા નથી, આમ અનેકાંતની ખબર નથી ને બહારમાં દયા માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

વળી તે કહે છે કે અમારા શાસ્ત્રમાં ક્ષમા કહી છે તો અન્યમતના શાસ્ત્રમાં પણ ક્ષમા કહી છે, વૈરાગ્ય ને ક્ષમા શાસ્ત્રની પિછાનનું લક્ષણ નથી. વળી કહે છે કે અમારા શાસ્ત્રમાં શીલ પાળવાનું તથા સંતોષ રાખવાનું કહ્યું છે. માટે અમારા શાસ્ત્રો ઊંચા છે તો તેવા શુભ પરિણામ રાખવાનું અન્યમતના શાસ્ત્રમાં કહ્યું છે. માટે તે લક્ષણ સાચું નથી.



વળી આ શાસ્ત્રોમાં ત્રિલોકાદિનું ગંભીર નિરૂપણ છે, એવી ઉત્કૃષ્ટતા જાણી તેની ભક્તિ કરે છે. હવે જ્યાં અનુમાનાદિનો પ્રવેશ નથી ત્યાં સત્ય-અસત્યનો નિર્ણય કેવી રીતે થાય ? માટે એ પ્રમાણે તો સાચી પરીક્ષા થાય નહિ. અહીં તો અનેકાંતરૂપ સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે. શરીરમાં આત્માનો અભાવ છે, આત્મામાં શરીરનો અભાવ છે, કર્મનો આત્મામાં અભાવ છે, આત્માનો કર્મમાં અભાવ છે -આમ અનેકાંતસ્વરૂપ શાસ્ત્રમાં કહ્યું હોવું જોઈએ. શરીર જડ છે, તે આત્માથી ચાલતું નથી. શરીર પોતાથી પૃથક્ છે તો તેની ક્રિયા પણ પૃથક્ છે. આમ અનેકાંત દ્વારા શાસ્ત્રની પિછાન કરે છે. શરીરમાં રોગ આવે તે જડની પર્યાય છે, દ્વેષ થવો તે આસ્રવ છે, જડની પર્યાયમાં આસ્રવનો અભાવ ને આસ્રવમાં જડનો અભાવ છે, એમ માને તે અનેકાંત છે. હું જીવ છું અને અનંતા જીવો ને અનંતાનંત પુદ્ગલો તે હું નથી. એટલે કે મારી પર્યાય પરથી નથી ને પરની પર્યાય મારાથી નથી -એમ અનેકાંત છે. અજ્ઞાની માને છે કે પર જીવ બચે છે તો મને પુણ્ય થાય છે ને મને શુભ ભાવ થયો તો પર જીવ બચ્યો પણ એમ માનવાથી અનેકાંત રહેતું નથી. પર જીવની પર્યાય પરમાં છે ને શુભ ભાવ સ્વતંત્ર છે -બન્નેને સ્વતંત્ર સમજવા જોઈએ. ભગવાનની પ્રતિમાને લીધે શુભ ભાવ માને તો એકાંત થઈ જાય છે. શુભ ભાવ થયો માટે મંદિર થયું તો એકાંત થઈ જાય છે. જૈનશાસ્ત્ર સાત તત્ત્વોને પૃથક્પણે બતાવે છે. જીવ છે તો અજીવ છે -એમ નથી, શુભ પરિણામ છે તો અજીવની પર્યાય થાય છે -એમ નથી. પાપના પરિણામ થયા તો પર જીવ મરી ગયો -એમ નથી. પાપ પરિણામ જીવમાં થાય છે ને પર જીવ જુદો છે એમ સ્વતંત્ર છે. ઉમાસ્વામી મહારાજ સાત તત્ત્વોની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. જીવમાં અજીવાદિ છ તત્ત્વોનો અભાવ છે. અજીવમાં જીવાદિ છ તત્ત્વોનો અભાવ છે. પાપ પરિણામ પોતાથી થાય છે ને પર જીવ મરે છે તે તેના કારણે મરે છે. વળી શુભાશુભ રહિત પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે પ્રગટતી સંવરપર્યાય શુદ્ધ છે. પુણ્યથી સંવર માને તો આસ્રવ ને સંવર એક થઈ જાય. આવી પરીક્ષા કર્યા વિના શાસ્ત્રની ભક્તિ કરે તો પુણ્ય છે. તેનાથી જન્મ-મરણનો અંત આવતો નથી. એકમાં બીજું તત્ત્વ નથી. હું ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ છું ને સંવર-નિર્જરા પર્યાય છે. ત્રિકાળી દ્રવ્યમાં પર્યાય નથી ને પર્યાયમાં ત્રિકાળી દ્રવ્ય નથી -એમ સમજવું જોઈએ.

નિમિત્તને લીધે નૈમિત્તિક નથી, શાસ્ત્રને લીધે જ્ઞાન થયું -એમ નથી ને જ્ઞાન થયું માટે શાસ્ત્રને આવવું પડ્યું એમ પણ નથી. બન્ને પર્યાય ભિન્ન ભિન્ન છે, એકમાં બીજાનો અભાવ છે. આવી પરીક્ષા નથી ને સમજ્યા વગર શાસ્ત્રની ભક્તિ કરે તો ધર્મ નથી. શાસ્ત્રનું લક્ષણ દયા, વૈરાગ્ય વગેરે માનતા અતિવ્યાપ્તિ દોષ આવે છે. કારણ કે તેવા પરિણામ કરવાનું તો અન્યમતના શાસ્ત્રમાં પણ કહ્યું છે. અનેકાંતરૂપ સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ તે શાસ્ત્રનું લક્ષણ છે.

વળી દિવ્યધ્વનિમાં તથા શાસ્ત્રમાં સાચો રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ કહ્યો છે, વ્યવહાર રત્નત્રય અધૂરી દશામાં આવે છે પણ તે સાચો મોક્ષમાર્ગ નથી. જ્ઞાનસ્વભાવી આત્માની પ્રતીતિ, સ્વસંવેદન જ્ઞાન

ને રાગ રહિત રમણતાને મોક્ષમાર્ગ કહે છે. જેમ અર્હંતનું લક્ષણ વીતરાગતા ને કેવળજ્ઞાન છે પણ બાહ્ય સમવસરણ લક્ષણ નથી, મુનિનું લક્ષણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા છે પણ નગ્ન શરીર નથી, તેમ શાસ્ત્રનું લક્ષણ નવ તત્ત્વોનું ભિન્નપણું ને સાચો રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ છે પણ દયા-દાનાદિનું પ્રરૂપણ તે શાસ્ત્રનું લક્ષણ નથી.

લક્ષણ તેને કહે છે કે જે તે જ પદાર્થમાં હોય ને બીજે ન હોય. અમારા ભગવાન પાસે દેવો આવે છે તે લક્ષણ નથી, અનંત ચતુષ્ટય પ્રગટ થયાં તે લક્ષણથી અર્હંતની ઓળખાણ થાય છે.

કોઈ શાસ્ત્ર કહે કે પહેલો વ્યવહાર આવે છે ને પછી નિશ્ચય આવે છે તો તે શાસ્ત્રનું લક્ષણ નથી. વ્યવહાર પરિણામ રાગ છે ને નિશ્ચય અરાગ પરિણામ છે, રાગથી અરાગ પરિણામ થયા માને તો એકાંત થઈ જાય. માટે ધવલ, સમયસાર, ઈષ્ટોપદેશ વગેરે સાચા શાસ્ત્રોમાં એક જ વાત છે. સાત તત્ત્વો ભિન્ન ભિન્ન છે. મુનિને ૨૮ મૂળગુણ છે તો આત્માની શુદ્ધતા ટકે છે -એમ નથી. આસ્રવ ને સંવર જુદા જુદા છે -આમ પરીક્ષા કરવી જોઈએ.

અજ્ઞાની જીવ પરીક્ષા કર્યા વિના શાસ્ત્રને માને છે. આત્માનો મોક્ષમાર્ગ પરથી થતો નથી. તેમ જ દયા-દાનાદિથી થતો નથી. શુદ્ધ ચિદાનંદ આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતાથી મોક્ષમાર્ગ થાય છે. સાચો રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ બતાવે તે શાસ્ત્રનું સાચું લક્ષણ છે.

ચારે અનુયોગ એમ બતાવે છે કે એક તત્ત્વને લીધે બીજું તત્ત્વ નથી, વ્યવહારથી નિશ્ચય નથી ને નિશ્ચયથી વ્યવહાર નથી -એમ જે માનતો નથી તે શાસ્ત્રનો ભક્ત નથી. કુંભાર આવે તો ઘડો થાય એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. કુંભાર જીવદ્રવ્ય છે, ઘડો પુદ્‌ગલની અવસ્થા છે, એકને લીધે બીજાની પર્યાય નથી. અનેકાંત રહસ્યથી જૈનશાસ્ત્રની ઉત્કૃષ્ટતાને પિછાનતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે. દયા-દાનાદિ પરિણામ આવે છે પણ તેનાથી ધર્મ નથી. નવ તત્ત્વોની પૃથક્ સત્તા હોય તો તે મિથ્યાદૃષ્ટિ રહે નહિ.

માટીમાં ચૂનાની છાંટ હોય તો તે માટીના બધા વાસણ ગરમ કરતાં તૂટી જાય. જેને માટીની ને ચૂનાની પિછાન નથી તેના બધા વાસણ તૂટી જાય છે. એમ અનેકાંત તત્ત્વોમાં ભૂલ રહી જાય ને એકાંત થઈ જાય તો બધી ભૂલ થાય છે. દેવ, ગુરુ ને શાસ્ત્ર કહે છે કે પ્રત્યેક તત્ત્વ પૃથક્ છે ને શુદ્ધ આત્માના આશ્રયે વીતરાગતા થાય છે; એમાં ક્યાંક ભૂલ અથવા વિપરીત અભિનિવેશ રહી જાય તો મોક્ષમાર્ગ થતો નથી. એ પ્રમાણે શાસ્ત્રભક્તિનું સ્વરૂપ કહ્યું.

એ પ્રમાણે તેને દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ થઈ છે તેથી તે પોતાને વ્યવહાર સમ્યક્ત્વ માને છે, પણ નિશ્ચય પ્રગટ્યા વિના વ્યવહાર કેવો ? અર્હંતાદિનું સાચું સ્વરૂપ ભાસ્યું નથી તેથી પ્રતીતિ પણ સાચી નથી અને સાચી પ્રતીતિ વિના સમ્યક્ત્વની પણ પ્રાપ્તિ નથી તેથી તે મિથ્યાદૃષ્ટિ જ રહે છે.



## તત્ત્વાર્થ શ્રદ્ધાનનું અયથાર્થપણું

ઉમાસ્વામી મહારાજે તત્ત્વાર્થસૂત્ર બનાવેલ છે તેમાં **''તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્''** કહ્યું છે. મુનિનો શુભ રાગ નિમિત્તમાત્ર છે, મુનિ ખરેખર શાસ્ત્રના કર્તા નથી. શુભ રાગ આવે છે તે આસ્રવ છે તેને મુનિ જાણે છે. મુનિથી શાસ્ત્ર બન્યું એમ કહેવું તે નિમિત્તનું કથન છે. **''તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્''** એવું વચન કહ્યું છે તેથી શાસ્ત્રોમાં જેમ જીવાદિ તત્ત્વ લખ્યાં છે તેમ પોતે શીખી લે છે, ત્યાં જ ઉપયોગ લગાવે છે અને અન્યને ઉપદેશ આપે છે પણ તત્ત્વોનો ભાવ ભાસતો નથી, તેથી સમ્યક્ત્વ થતું નથી.

વસ્તુના ભાવનું જ નામ તત્ત્વ કહ્યું છે. અર્થ એટલે પદાર્થ ને વસ્તુના ભાવનું જ નામ તત્ત્વ છે. રાગ કરતાં કરતાં ધર્મ થશે એમ અજ્ઞાની માને છે, તેને ભાવનું ભાસન નથી. રાગ ને શરીરથી હું ભિન્ન છું, જીવતત્ત્વ છું, શરીર અજીવ છે, રાગ આસ્રવ છે -એમ ભાવભાસન થવું જોઈએ. **''તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્''**ની વાત કહી છે, તે વ્યવહાર સમ્યગ્દર્શનની નથી પણ નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે. જીવનો સ્વભાવ જ્ઞાયક, અજીવનો સ્વભાવ જડ, પુણ્ય-પાપનો સ્વભાવ આકુળતા, મારો સ્વભાવ અનાકુળ આનંદ એવું ભાવભાસન જેને નથી તે મિથ્યાદૃષ્ટિ છે. ભાવ ભાસ્યા વિના તત્ત્વાર્થ શ્રદ્ધાન ક્યાંથી હોય ? એ ભાવ ભાસવો શું છે તે હવે કહેશે.

### ફાગણ સુદ ૧૪, શુક્રવાર, ૨૭-૨-૫૩.

જૈન સંપ્રદાયમાં જન્મવા છતાં સાત તત્ત્વોનો નિર્ધાર જે કરતો નથી તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. સાત તત્ત્વોની પૃથક્ ખબર નથી તેને દેવ-ગુરુ-શાસ્ત્રની પણ ખબર નથી.

હવે કદાચિત્ કોઈ સાત તત્ત્વની શ્રદ્ધા શાસ્ત્ર મુજબ કરી લ્યે, શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે શીખી લ્યે, શાસ્ત્ર શું કહે છે તેમાં ઉપયોગ લગાવે, બીજાને ઉપદેશ આપે પણ જીવ-અજીવાદિના ભાવની ખબર નથી ને ભાવભાસન વિના તત્ત્વાર્થ શ્રદ્ધા ક્યાંથી થાય ? ન થાય. ભાવ ભાસવો શું છે તે અહીં કહે છે.

જેમ કોઈ પુરુષ ચતુર થવા અર્થે સંગીતશાસ્ત્ર દ્વારા સ્વર, ગામ, મૂર્છના અને તાલના ભેદો તો શીખે છે, પરંતુ સ્વરાદિનું સ્વરૂપ પિછાનતો નથી ને સ્વરૂપ ઓળખાણ વિના અન્ય સ્વરાદિને અન્ય સ્વરાદિરૂપ માને છે અથવા સત્ય પણ માને, નિર્ણયપૂર્વક માનતો નથી તેથી તેનામાં ચતુરપણું થતું નથી. તેમ કોઈ જીવ સમ્યગ્દર્શન પામવા માટે શાસ્ત્રમાંથી જીવ-અજીવનું સ્વરૂપ શીખી લ્યે છે પણ આત્મા જ્ઞાનસ્વભાવી છે, પુણ્ય-પાપ આસ્રવ છે તે બધાનો નિર્ણય પોતાના અંતરથી કરતો નથી. શાસ્ત્રથી શીખે છે, પણ હું જ્ઞાયકસ્વરૂપ છું, પુણ્ય-પાપ વિકાર છે, શરીર અજીવ છે, આત્માના આશ્રયે શુદ્ધતા પ્રગટે તે સંવર-નિર્જરા છે -એમ નિર્ણયપૂર્વક સમજતો નથી તે વ્યવહારાભાસી છે.

સ્વરૂપ પિછાન વિના અન્ય તત્ત્વને અન્ય તત્ત્વ માની લે છે. શરીર આત્માથી ચાલે છે -એમ માની લ્યે છે, કર્મથી વિકાર થાય એમ માને, દયા-દાનાદિથી ધર્મ માને તો તે મિથ્યાદષ્ટિ છે. આમ અન્ય તત્ત્વોને અન્ય તત્ત્વરૂપ માની લે છે અથવા સત્ય માને તો ત્યાં નિર્ણય કરતો નથી. તેથી તે મિથ્યાદષ્ટિ છે. જે સત્ય ન માને તેની વાત તો ઉપર કહેવાઈ ગઈ. **પણ જે નિર્ણય કર્યા વિના માને તેને પણ સમ્યગ્દર્શન થતું નથી.** સમ્યગ્દર્શન વિના ચારિત્ર, તપ કે વ્રત હોતાં નથી. અહીં ત્રણ વાત કરી છે.

(૧) દેવ-ગુરુ-શાસ્ત્રને ઓઘે માને તો તે ભૂલ છે,

(૨) તત્ત્વોનું જ્ઞાન કરતો નથી તે મિથ્યાદષ્ટિ છે,

(૩) તત્ત્વોને ઓઘે માને પણ અંતરમાં ભાવભાસન નથી તે મિથ્યાદષ્ટિ છે.

અહીં જેને ભાવભાસન નથી તેની વાત ચાલે છે. દારૂ પીધેલો માણસ જેમ કોઈ વાર માતાને માતા કહે તો પણ તે ગાંડો છે. તેમ મિથ્યાદષ્ટિ જીવ નવ તત્ત્વોના નામ બોલે પણ હું જીવ છું, વિકારાદિ અધર્મ છે, તેનાથી રહિત હું શુદ્ધ છું એવી ખબર નથી તેને ધર્મ થતો નથી.

વળી જેમ કોઈ સંગીતશાસ્ત્રાદિ ભણ્યો હોય વા ન ભણ્યો હોય પણ જો તે સ્વરાદિના સ્વરૂપને ઓળખે છે તો તે ચતુર જ છે. તેમ કોઈ શાસ્ત્ર ભણે અથવા ન ભણે પણ જો જીવનું ભાવભાસન છે તો તે સમ્યગ્દષ્ટિ છે. પુણ્ય-પાપ દુઃખદાયક છે, અધર્મ છે, રાગ રહિત પરિણામ શાંતિદાયક છે, હું શુદ્ધ જ્ઞાયક છું ને શરીર, કર્મ વગેરે અજીવ છે -એમ ભાવભાસન થાય તો તે સમ્યગ્દષ્ટિ જ છે. કદાચિત્ વર્તમાનમાં શાસ્ત્રનું બહુ ભણતર ન હોય તો પણ તે સમ્યગ્દષ્ટિ જ છે.

જેમ હરણ રાગાદિનું નામ જાણતું નથી પણ રાગનું સ્વરૂપ પિછાને છે, તેમ તુચ્છબુદ્ધિ જીવ જીવાદિના નામ ન જાણે પણ તેના સ્વરૂપને ઓળખે છે. જંગલના માણસને નિધાન મળ્યું હોય તે સંખ્યા જાણતો નથી પણ લક્ષ્મી ઘણી છે એમ જાણે છે. તેમ તિર્યંચ આત્માનું નામ, સંખ્યા વગેરે ન જાણે પણ અંતર ભાવભાસન થાય તો સમકિતી છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે. તેને નવ તત્ત્વોના નામ આવડતાં નથી પણ તેનું સ્વરૂપ પિછાને છે. હું જીવ જ્ઞાયકતત્ત્વ છું, શરીરાદિ પર-અજીવ છે, તે મારામાં નથી, પુણ્ય-પાપના ભાવ તથા આસ્રવ-બંધના ભાવ બૂરા છે ને સંવર-નિર્જરા-મોક્ષના ભાવ ભલા છે -એમ ચાર બોલમાં સાત તત્ત્વોનું ભાસન થયું છે. તેને પૂર્વમાં જ્ઞાનીનો ઉપદેશ મળ્યો છે, તે પૂર્વ સંસ્કારના નિમિત્તે પોતે પુરુષાર્થ કરે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભલા ભાવ છે વગેરે પ્રકારે ભાવભાસન છે, તેમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ આવી જાય છે.

કોઈ જીવ નવ તત્ત્વના નામ માત્ર બોલી જાય પણ અંતર્‌નિર્ણય કરે નહિ તો તે મિથ્યાદષ્ટિ છે. જતનાથી ચાલવું તેને નિશ્ચયસમિતિ માની લ્યે છે. ચાલવું તો જડની ક્રિયા છે ને અંદરમાં શુભ ભાવ થવા તે વ્યવહાર સમિતિ છે, ને રાગ રહિત અંતરમાં શુદ્ધ પરિણતિ થવી તે નિશ્ચય સમિતિ છે દ્વએમ



ભાવભાસન નથી. તે કદાચિત્ માત્ર શબ્દો ગોખી જાય તો પણ મિથ્યાદષ્ટિ છે.

હવે ભાવભાસનમાં શિવભૂતિ મુનિનું દષ્ટાંત આપે છે. તેઓ આત્મજ્ઞાની ધર્માત્મા મુનિ હતા, છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા હતા, તેઓ જીવાદિના નામ જાણતાં ન હતા, **'तुषमाषभिन्न'** એમ ઘોષણા કરવા લાગ્યા. ગુરુએ **'मा रुष मा तुष'** અર્થાત્ રાગદ્વેષ કરીશ નહિ એમ કહેલ પણ તે ભૂલી ગયા, પણ તેમને ભાવનું ભાસન હતું. એક વખત આહાર લેવા જતા હતા ત્યારે રસ્તામાં એક બાઈ અડદની દાળ પરથી ફોતરાં કાઢતી હતી, તેને બીજીએ પૂછતાં જવાબ આપ્યો કે **'तुषमाषभिन्न'** કરું છું. માસ એટલે અડદ અને તુષ એટલે ફોતરાં, અડદની દાળમાંથી ફોતરાં કાઢી નાખું છું. હું શુદ્ધ ચિદાનંદ છું એવું ભાન તો હતું પણ વિશેષ લીનતા કરી વીતરાગ દશા પામ્યા. મન, વાણી, દેહથી હું ભિન્ન છું, રાગદ્વેષ ફોતરાં છે, તેનાથી રહિત હું જ્ઞાનસ્વભાવી છું, એમાં વિશેષ લીનતા કરવાથી કેવળજ્ઞાન પામ્યા. શાસ્ત્રનું જ્ઞાન ન હતું છતાં કેવળજ્ઞાન પામ્યા. સમ્યગ્દર્શન પછીની વાત છે. શિવભૂતિ મુનિ જે શબ્દો બોલ્યા તે સિદ્ધાંતના શબ્દ ન હતા. પરંતુ સ્વ-પરના ભાન સહિત ધ્યાન કર્યું તેથી તેઓ કેવળજ્ઞાન પામ્યા.

અગિયાર અંગનો પાઠી થાય અથવા ઉગ્ર તપશ્ચર્યા કરે તો પણ જેને આત્માનું ભાન નથી તે મિથ્યાદષ્ટિ છે. વળી અગિયાર અંગનો પાઠી જીવાદિના વિશેષો જાણે છે પણ તેને અંતરના ભાવ ભાસતા નથી તેથી તે મિથ્યાદષ્ટિ રહે છે. અભવીને નામનિક્ષેપથી તત્ત્વનું શ્રદ્ધાન છે, પણ ભાવનિક્ષેપથી ભાવભાસન નથી.

જે સંસારની વાતમાં ડહાપણ કરે છે પણ ધર્મમાં મૂર્ખપણું બતાવે છે તેને ધર્મની પ્રીતિ નથી તથા જો શાસ્ત્રની પ્રીતિ થઈ પણ ભાવનું ભાસન નથી તો તે મિથ્યાદષ્ટિ છે.

વીતરાગશાસ્ત્રમાં જેવી જીવાદિ તત્ત્વની વાત છે તેવી બીજે નથી. ભગવાનની વાણીને અનુસાર આચાર્યે શાસ્ત્ર રચ્યાં છે. સમયસાર, નિયમસાર, ષટ્‌ખંડાગમ આદિ જૈનશાસ્ત્રો છે, તેમાં કહેલા ત્રસ-સ્થાવર જીવના ભેદ શીખે છે, ગુણસ્થાન-માર્ગણાસ્થાનના ભેદોને શીખે છે. જીવ-પુદ્‌ગલાદિના ભેદોને વા તેના વર્ણાદિ ભેદોને જાણે છે. વ્યવહારશાસ્ત્રોની વાતો જાણે છે પરંતુ અધ્યાત્મશાસ્ત્રોમાં ભેદવિજ્ઞાનના કારણભૂત વા વીતરાગદશા થવાના કારણભૂત જેવું નિરૂપણ કર્યું છે તેવું જાણતો નથી. જડ કર્મથી આત્મા ભિન્ન છે એવું ચૈતન્યસ્વરૂપ અધ્યાત્મશાસ્ત્રમાં કહ્યું છે. વ્યવહારશાસ્ત્રમાં કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહ્યો હોય છે. અધ્યાત્મશાસ્ત્રમાં એમ કહ્યું કે ગુણસ્થાન-માર્ગણાસ્થાન તે જીવનું મૂળ સ્વરૂપ નથી. વીતરાગ દશાનું કારણ જીવદ્રવ્ય છે. અધ્યાત્મશાસ્ત્રમાં કઈ અપેક્ષાએ કથન છે તેને સમજતો નથી.

આગમશાસ્ત્રમાં જીવનું સ્વરૂપ માર્ગણાસ્થાન ને ગુણસ્થાન સહિત તથા વર્તમાન પર્યાય સહિત કહેલ છે. અધ્યાત્મશાસ્ત્રમાં જીવનું સ્વરૂપ એકલું શુદ્ધ કહેલ છે. વર્તમાન પર્યાયને ગૌણ કરી ત્રિકાળી શુદ્ધ

સ્વભાવને જીવ કહ્યો છે, તેના સ્વરૂપને યથાર્થ જાણતો નથી.

વળી કોઈ પ્રસંગથી તેવું પણ જાણવું થાય તો શાસ્ત્રાનુસાર જાણી લ્યે છે પરંતુ પોતાને પોતારૂપ જાણી તેમાં પરનો અંશ પણ ન મેળવવો તથા પોતાનો અંશ પરમાં ન મેળવવો એવું સાચું શ્રદ્ધાન કરતો નથી. પોતે પોતાને જાણતો નથી, હું જ્ઞાયક ચિદાનંદ છું, કર્મ-શરીરનો અંશ પોતામાં ન માનવો, શરીરની ક્રિયા મારાથી થાય છે -એમ ન માનવું, આત્માની ઈચ્છા કર્મ ને શરીરમાં કાર્યકારી નથી, ને પોતાની જ્ઞાનપર્યાય શાસ્ત્રમાં નથી -એમ ભેદજ્ઞાન કરતો નથી. હું ઈચ્છા કરું તો પરની દયા પળે છે, તો એમ માનવાથી જીવનો અંશ અજીવમાં આવી જાય છે.

અહીં તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનમાં સાત તત્ત્વોના જ્ઞાન સહિત નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે. તેવું સમ્યગ્દર્શન જેને નથી તે જીવ-અજીવમાં શું ભૂલ કરે છે તેની વાત ચાલે છે. જીવનું ભૂતાર્થ દૃષ્ટિથી જ્ઞાન થતાં સાતે તત્ત્વનું જ્ઞાન રાગ રહિતપણે આવી જાય છે.

હવે કોઈ જીવ તત્ત્વોના નામ જાણી લ્યે ને અધ્યાત્મશાસ્ત્ર અનુસાર જાણી લ્યે પણ વાણીથી જ્ઞાન થાય છે એમ માની લ્યે તો તે મિથ્યાદૃષ્ટિ છે. પરથી સમ્યગ્દર્શન થતું નથી. પોતાના આત્માની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થાય છે. હું છું તો કર્મ બંધાય છે તે વાત ખોટી છે. એક તત્ત્વ બીજા તત્ત્વમાં ન ભેળવે તો સાચું છે પણ તેવી ભિન્નતા ભાસતી નથી તેથી જીવ-અજીવની સાચી શ્રદ્ધા થતી નથી.

અન્ય મિથ્યાદૃષ્ટિ નિર્ધાર વિના પર્યાયબુદ્ધિથી જાણપણામાં વા વર્ણાદિકમાં અહંબુદ્ધિ ધારે છે. જાણપણું થાય છે તે પણ હું છું, શરીર વર્ણાદિ પણ હું છું, ને રાગાદિ પણ હું છું -એમ બધાને એક માને છે તેમ જૈનમાં જન્મીને એમ માને કે હું ઉપદેશ આપું છું અથવા શરીરને ચલાવું છું તો તે પણ જીવ-અજીવને એક કરે છે. ઉપદેશ ને શરીરની ક્રિયા તો જડની છે, તે ક્રિયા આત્મા કરી શકતો નથી છતાં તે પોતાથી થઈ એમ જે માને છે તે જીવ-અજીવની સાચી શ્રદ્ધા કરતો નથી તેથી મિથ્યાદૃષ્ટિ રહે છે.

**ફાગણ સુદ ૧૫, શનિવાર, ૨૮-૨-૫૩.**

અહીં વ્યવહારાભાસીનું નિરૂપણ ચાલે છે. જીવની ક્રિયા જીવમાં છે અને અજીવની ક્રિયા અજીવમાં છે તેનું ભાન નથી તે મિથ્યાદૃષ્ટિ છે.

જેમ અન્યમતવાળો જીવ નિર્ણય વિના વર્તમાન અંશમાં દૃષ્ટિ કરે છે ને જાણપણા વિષે ને વર્ણાદિ વિષે અહંબુદ્ધિ ધારે છે, તેમ જૈનમાં જન્મીને એમ માને કે હું જ્ઞાનવાન છું ને ઉપદેશ પણ હું આપું છું તે જીવ અને અજીવને એક માને છે. પણ જ્ઞાન આત્માશ્રિત છે ને ઉપદેશ જડ આશ્રિત છે એવી તેને ખબર નથી. વળી ઉપવાસ વખતે શરીરનું ક્ષીણ થવું અથવા ભોજનનું છૂટવું તે જડની ક્રિયા છે, છતાં તેને પોતાની માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. દયા-દાનાદિના પરિણામ તથા



જ્ઞાનાદિના પરિણામ આત્માશ્રિત છે ને શરીરની ક્રિયા જડને આશ્રિત છે છતાં બધી ક્રિયા આત્માશ્રિત માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનપર્યાય, રાગપર્યાય ને જડની પર્યાય - બધાને એક માને છે. ઉપદેશ મેં કર્યો ને રાગ પણ મેં કર્યો એમ માને છે. ભગવાન પાસે જવાનો શુભ રાગ આત્માશ્રિત છે, ને શરીરનું હાલવું-ચાલવું, હાથ જોડવા તે પુદ્ગલાશ્રિત છે. છતાં બન્નેને એક માનવા તે ભૂલ છે.

વળી કોઈ વખતે શાસ્ત્રાનુસાર સાચી વાત પણ બતાવે પરંતુ ત્યાં અંતરંગ નિર્ધારરૂપ શ્રદ્ધાન નથી, શરીરની ક્રિયા તથા પર જીવની ક્રિયા મારી નથી. જ્ઞાન ને રાગ કરે છે તે જીવ કરે છે તેવી ખબર નથી, અંતરંગમાં શ્રદ્ધાન નથી. જેવી રીતે કેફી મનુષ્ય માતાને માતા પણ કહે તો પણ તે શાણો નથી, તેમ આને પણ સમ્યગ્દૃષ્ટિ કહેતાં નથી. કોઈ શાસ્ત્રની વાત કહે પણ અંતરંગમાં શ્રદ્ધાન ન થયું તો તેને સમ્યગ્દૃષ્ટિ કહેતાં નથી. જીવે ઈચ્છા કરી તો શુદ્ધ આહાર આવ્યો -એમ માનનાર જીવ અને અજીવને એક માને છે. સાત તત્ત્વોમાં જીવ-અજીવની પ્રતીતિના ઠેકાણાં નથી. જેવી રીતે કોઈ બીજાની જ વાતો કરતો હોય તેમ આ જીવ આત્માનું કથન કરે છે પણ હું પોતે જ આત્મા છું, પુણ્ય પરિણામ વિકાર છે અને શરીરાદિ જડ છે એવું ભિન્નપણું ભાસતું નથી. આત્માથી શરીર જુદું છે એમ કહે પણ શરીરથી મારો આત્મા તદ્દન જુદો છે એવો ભાવ પોતામાં બેસાડતો નથી. જડની પર્યાય ક્ષણે ક્ષણે જડથી થાય છે, પોતાના પરિણામ જુદા છે એવી ભિન્નતાનો ભાસ થતો નથી તેથી મિથ્યાદૃષ્ટિ છે.

વળી પર્યાયમાં જીવ-પુદ્ગલના પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયાઓ થાય છે તે સર્વને બે દ્રવ્યોના મેળાપથી નિપજી માને છે.

હું જીવ છું તો શરીર ચાલે છે, ઈંદ્રિયો છે તો મને જ્ઞાન થાય છે એમ માને છે પણ ઈંદ્રિયો તો નિમિત્તમાત્ર છે એમ જાણતો નથી. નિમિત્ત છે તો કામ થાય છે એમ માને છે. ભાષા નીકળે છે તે નૈમિત્તિક છે ને તેમાં રાગીનો રાગ નિમિત્તમાત્ર છે, રાગ થયો માટે ભાષા નીકળે છે -એમ નથી. આંખ, કાન વગેરે ઈંદ્રિયોને લીધે જ્ઞાન થયું માને તે એકતાબુદ્ધિ છે. ઈચ્છાને લીધે હાથ ચાલ્યો ને રોટલી વગેરેના ટુકડાં થયા, રસોઈ કરતી વખતે રોટલી બળી જાય છે તે તેના કારણે બળે છે છતાં બાઈએ ધ્યાન ન રાખ્યું માટે રોટલી બળી ગઈ -એ વગેરે માનવું તે ભ્રમણા છે. સ્ત્રી તો નિમિત્તમાત્ર છે. છતાં સ્ત્રીનું ધ્યાન ન હોવું ને રોટલીનું બળવું એ બે ક્રિયા એક જીવથી થઈ માનવી તે મૂઢતા છે પુદ્ગલની પર્યાય પોતાના કારણે થાય છે તો બીજા પદાર્થને નિમિત્ત કહેવાય છે.

બાળકના હાથમાંથી ચાનો પ્યાલો પડીને તૂટી જાય ત્યાં પુદ્ગલની પર્યાય નૈમિત્તિક છે ને બાળકનું બેખ્યાલપણું નિમિત્ત છે. જ્ઞાની ધર્માત્માને અલ્પ રાગદ્વેષ થાય છે છતાં સમજે છે કે ભાષા ભાષાના કારણે નીકળે છે. નબળાઈથી દ્વેષ આવે છે પણ તે પરનો સ્વામી થતો નથી. આત્મામાં રાગદ્વેષ અથવા જ્ઞાન પોતાથી થાય છે, પર પદાર્થ નિમિત્તમાત્ર છે. નિમિત્ત છે માટે ક્રોધ આવે છે -એમ

નથી. દાકતર પોતાના કારણે આવે છે, જીવની ઇચ્છાને લીધે આવતો નથી. પૈસાની ક્રિયા પૈસાના કારણે છે, જીવની ઇચ્છાને આધીન નથી.

અજ્ઞાની જીવ એમ માને છે કે બે પદાર્થો સાથે મળીને એક કામ કરે છે. બાઈએ ધ્યાન ન આપ્યું માટે કઢી ઉભરાતી હશે ? ના. જડની ક્રિયા જડથી થાય છે. મૂર્ખ બાઈ માને છે કે હું ત્યાં હાજર હોત તો ચૂલામાંથી લાકડું કાઢી નાખત ને કઢી ઉભરાવા ન દેત પણ એ માન્યતા મૂઢની છે. જીવ અને અજીવ સ્વતંત્ર છે તેની તેને ખબર નથી. કર્મને લીધે રાગ થયો માને તો બે પદાર્થને એક માન્યા. કર્મ અજીવ છે, તેનાથી રાગદ્વેષ થતાં નથી પણ રાગદ્વેષ મારાથી થાય છે એમ વિચારવું જોઈએ. સંસારનો ડાહ્યો માણસ ડહાપણ કરે માટે પરમાં વ્યવસ્થિત દશા થાય છે એમ નથી. જડની પર્યાય જડથી થાય છે છતાં અજ્ઞાની માને છે કે હું વિચારક છું માટે જગતની વ્યવસ્થા કરી શકું છું. દેશનો, કુટુંબનો હું પ્રબંધક છું એમ માને છે તે મૂઢ છે. જડની પર્યાય જડના કારણે થાય છે, તેમાં જીવ નિમિત્તમાત્ર છે. મૂર્ખથી જડની અવસ્થા બગડે છે ને ચતુરથી જડની અવસ્થા સુધરે છે એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. જીવનું ડહાપણ પૈસામાં કામ આવતું નથી. વેપારી મૂર્ખ છે માટે લક્ષ્મી આવતી નથી ને ડાહ્યો છે માટે લક્ષ્મી આવે છે એમ માનવું તે મૂઢતા છે. તિજોરીને તાળાં મારે છે ત્યાં તાળાંની પર્યાય અજીવની છે. જીવના કારણે તે નથી. ચોર ચોરવાનો દ્વેષ કરે છે ને હાથમાં પિસ્તોલ રાખે છે તે જડની ક્રિયા છે. ચોરની ઇચ્છાને લીધે પિસ્તોલ ચાલતી નથી. પિસ્તોલની ક્રિયા જડના કારણે છે, તેમાં ચોરનો દ્વેષભાવ નિમિત્તમાત્ર છે.

આમ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરતો નથી ને કર્તાબુદ્ધિ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. પ્રતિમાને લીધે શુભ રાગ થતો નથી. પ્રતિમા પ્રતિમાના કારણે હોય છે. શુભ રાગને લીધે પ્રતિમા આવતી નથી ને પ્રતિમાને લીધે શુભ રાગ થતો નથી. અહીં જીવ-અજીવની ભિન્નતાની વાત કરે છે.

ભગવાને સાત તત્ત્વો કહ્યાં તેમાં જીવ અને અજીવને સ્વતંત્ર માનો. જીવથી અજીવ માને અથવા કર્મથી રાગ માને અથવા રાગથી કર્મ થાય એમ માને તો બે દ્રવ્યની એકતા થઈ જાય છે. જો બાહુબલીજીની પ્રતિમાના આકર્ષણને લીધે જીવો જાત્રાએ જતાં હોય તો બધા માણસો જવા જોઈએ, પણ એમ બનતું નથી. જે જાત્રાએ જાય તેને બાહુબલીજીની પ્રતિમા નિમિત્તમાત્ર છે.

જ્ઞાનપર્યાય થાય અથવા કામ, ક્રોધ, માન, માયાના પરિણામ થાય તે જીવની ક્રિયા છે, તેમાં ઇંદ્રિય, કર્મ વગેરે નિમિત્તમાત્ર છે. કર્મ ને ઇંદ્રિય છે તો રાગ અને જ્ઞાન થાય છે એમ નથી. બે દ્રવ્યોને એક માને છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેના વ્રત, તપ સાચા હોતા નથી. સમ્યગ્દર્શનરૂપી મૂળ નથી તેને ચારિત્રરૂપી વૃક્ષ ક્યાંથી થાય ? ન થાય.

જીવ-અજીવની ભિન્નતાનું ભાસન નથી તેને તત્ત્વની શ્રદ્ધા નથી. આંખો ઉઘાડી હોય તો જ્ઞાન થાય છે ને બંધ હોય તો જ્ઞાન થતું નથી એમ અજ્ઞાની માને છે. જ્ઞાન જ્ઞાનના કારણે થાય છે તેમાં



ઇંદ્રિયો ને મન નિમિત્તમાત્ર છે. રાગદ્વેષના પરિણામ જીવની પર્યાય છે ને હાથનું ચાલવું તે જડની ક્રિયા છે -એમ ભિન્ન ભાસન નથી તેને વિપરીતબુદ્ધિ રહેલી છે. જડની પર્યાય જડના કારણે થાય છે, જીવની ઇચ્છા નિમિત્તમાત્ર છે. જડના અનંત પરમાણુઓ પોતાના કારણે ક્ષેત્રાંતર થાય છે દ્રજીવને લીધે નહિ.

જેને જીવ-અજીવ ભિન્ન ભિન્ન ભાસતા નથી તે દેવ-ગુરુ-શાસ્ત્રને તથા મોક્ષને માનતો નથી. જડની પર્યાય જડથી થાય છે, આત્માની પર્યાય આત્માથી થાય છે એમ માનવું તે પ્રત્યક્ષ છે. દરેક દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વતંત્ર છે. દરેક પદાર્થની ક્રિયા પૃથક્ પૃથક્ થાય છે. એક પુદ્ગલની ક્રિયામાં બીજા પુદ્ગલ અથવા જીવ નિમિત્તમાત્ર છે. નિમિત્ત છે માટે પરમાં કાર્ય થાય છે એમ માને તો સ્વતંત્રતા રહેતી નથી. છ દ્રવ્યો ને સાત તત્ત્વો ભિન્ન ભિન્ન છે, એકને લીધે બીજામાં કાર્ય માને તો છ દ્રવ્યો અથવા સાત તત્ત્વો પૃથક્ રહેતા નથી. રાગદ્વેષના પરિણામ જીવમાં થાય છે, બીજો પદાર્થ નિમિત્તમાત્ર છે.

આમ નૈમિત્તિક દશા ને નિમિત્તની સ્વતંત્રતાની જેને ખબર નથી ને ભાવનો નિર્ણય નથી તેને જીવ-અજીવનો સાચો શ્રદ્ધાની કહી શકાય નહિ. અજ્ઞાની કદાચ કહે કે જીવ-અજીવ જુદા છે પણ તેને ભાવભાસન નથી. જીવ-અજીવને જાણવાનું પ્રયોજન એ જ છે કે જીવની પર્યાય જીવથી થાય છે, તેમાં અજીવ નિમિત્ત છે -એમ ભાવભાસન થવું જોઈએ તે અજ્ઞાનીને થતું નથી. આમ મિથ્યાદૃષ્ટિના જીવ-અજીવ તત્ત્વની શ્રદ્ધાની અયથાર્થતા બતાવી.

પુદ્ગલો જાતિ અપેક્ષાએ એક છે પણ સંખ્યાએ અનંતાનંત છે. એક પુદ્ગલથી બીજા પુદ્ગલમાં કામ થાય તો અનંતાનંત પુદ્ગલો રહેતા નથી. આમ સાત તત્ત્વનું ભાન નથી ને માને કે મેં પરની દયા પાળી તો તે ભ્રાંતિ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે પુદ્ગલ પુદ્ગલ તો સજાતીય છે, તો એક પુદ્ગલ બીજાનું કરી શકે ને? ના. એક આંગળીના સ્કંધમાં અનંતા પરમાણુ છે, તે દરેકની ક્રિયા જુદી જુદી છે.

**एक परिनामके न करता दरव दोई ।**
**दोई परिनाम एक दर्व न धरतु है ।।**
**एक करतूति दोई दर्व कबहु न करे ।**
**दोई करतूति एक दर्व न करतु है ।।**

-સમયસાર નાટક

સમયસાર નાટકમાં આ વાત કરેલ છે. બે દ્રવ્ય એક પરિણામને કરે નહિ, એક દ્રવ્ય બે પરિણામ ધરતા નથી, બે દ્રવ્ય ભેગાં થઈને એક પરિણામ કરે એમ કદી બને નહિ ને એક દ્રવ્ય કર્તા થઈને બે પરિણામ કરે એમ બને નહિ.

આમ યથાર્થ શ્રદ્ધાન નથી તેને જીવ-અજીવની સ્વતંત્રતાની ખબર નથી, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

**ફાગણ વદ ૧, રવિવાર, ૧-૩-૫૩.**

આજે સવારે શ્રી યોગસાર હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

**ફાગણ વદ ૨, સોમવાર, ૨-૩-૫૩.**

સાત તત્ત્વો પૃથક્ કામ કરે છે તેમ નહિ માનતા પરાધીન માને છે તે વ્યવહારાભાસી છે. જીવ-અજીવને જાણવાનું પ્રયોજન તેને ભાસ્યું નહિ. જીવ પોતાના કારણે રાગદ્વેષ આદિ કરે છે, તેમાં પુદ્ગલ નિમિત્તમાત્ર છે અને પુદ્ગલની ક્રિયા પુદ્ગલથી થાય છે તેમાં જીવ નિમિત્તમાત્ર છે એમ તે સમજતો નથી. જીવ-અજીવ જાણવાનું પ્રયોજન સિદ્ધ થયું નહિ. જીવમાં નૈમિત્તિક અવસ્થા સ્વતંત્ર થાય છે છતાં નામકર્મના ઉદયને લીધે કંપન થાય છે, જ્ઞાનાવરણીયને લીધે જ્ઞાન ઢંકાય છે, જ્ઞાનાવરણ કર્મનો અભાવ થાય તો કેવળજ્ઞાન પ્રગટે છે એમ માનનાર દ્રવ્યને પરાધીન માને છે. તે જીવ ને કર્મ બન્નેની એકતા કરે છે. દર્શનમોહના ઉદયને લીધે મિથ્યાત્વ થયું માને, જ્ઞાનાવરણીયના ઉદયને લીધે જ્ઞાનની હીનતા માને તે ભ્રાંતિ છે. પોતામાં નૈમિત્તિક દશા થાય તેમાં કર્મ નિમિત્તમાત્ર છે અને શરીરનું હાલવું-ચાલવું, ભાષાનું બોલાવું, કર્મનું બંધાવું કે છૂટવું તે નૈમિત્તિક છે તેમાં જીવ નિમિત્તમાત્ર છે, તે સમજતો નથી. જીવના રાગ પરિણામ સ્વતંત્ર છે, તેમાં કર્મ નિમિત્તમાત્ર છે ને કર્મો સ્વતંત્ર બંધાય છે તેમાં જીવના પરિણામ નિમિત્ત છે -એમ તે સમજતો નથી. જીવની ઈચ્છા છે તો આહાર-પાણી શુદ્ધ આવ્યા એમ અજ્ઞાની માને છે. જીવ-અજીવને જુદા જાણી એકબીજામાં સ્વતંત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સમજવાનું પ્રયોજન હતું પણ તે તો સિદ્ધ થયું નહિ. પોતાનો જ્ઞાનસ્વભાવ સ્વ-પર પ્રકાશક છે. પોતામાં નૈમિત્તિક દશા પોતાથી થાય છે તેમાં પર ચીજ નિમિત્ત છે ને પરમાં નૈમિત્તિક દશા થાય છે તેમાં જીવની ઈચ્છા નિમિત્તમાત્ર છે -એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જાણવો તે સ્વ-પર પ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે. એ રીતે જીવ-અજીવ જાણવાનું પ્રયોજન હતું તે આને થયું નહિ.

**આસ્રવ તત્ત્વના શ્રદ્ધાનની અયથાર્થતા**

વળી આસ્રવ તત્ત્વમાં જે હિંસાદિરૂપ પાપાસ્રવ છે તેને તો હેય જાણે છે તથા અહિંસાદિરૂપ પુણ્યાસ્રવ છે તેને ઉપાદેય માને છે. દયા, બ્રહ્મચર્ય આદિના પરિણામ જીવથી પોતાથી થાય છે. તે જીવની ક્રિયા જીવથી થઈ છે, કર્મને લીધે નથી. જે જીવ કર્મને લીધે દયા-દાનાદિના પરિણામ માને તેની તો જીવ-અજીવ તત્ત્વમાં ભૂલ છે. શુભ-અશુભ પરિણામ કર્મથી થાય છે, ભૂલ જીવ-અજીવ તત્ત્વની છે તે આસ્રવ તત્ત્વની ભૂલ નથી પણ જે જીવને તેવી ભૂલ છે તેની તો બધા તત્ત્વોમાં ભૂલ છે. દયા-દાનાદિ પરિણામ જીવના અસ્તિત્વમાં છે, કર્મ નિમિત્તમાત્ર છે. પોતાથી કેવળજ્ઞાન થાય તેમાં કેવળજ્ઞાનાવરણીયનો અભાવ નિમિત્તમાત્ર છે. આમ યથાર્થ ન સમજે ને નિમિત્ત છે તો કામ થયું



એમ માને તે જીવ-અજીવ તત્ત્વની ભૂલ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પૃથક્ સ્વતંત્ર ન માને તો બે ના અસ્તિત્વનું પ્રયોજન સિદ્ધ ન થયું. જીવમાં ભાવબંધ થાય છે તે સ્વતંત્ર છે ને દ્રવ્યબંધ પણ સ્વતંત્ર છે. ભાવબંધને લીધે કર્મબંધ માને તો અજીવ પરતંત્ર થઈ જાય છે. કર્મબંધ કર્મના કારણે થાય છે તેમાં ભાવબંધ નિમિત્તમાત્ર છે. એમ ન માને તો જીવ-અજીવ બન્નેમાં ભૂલ છે. જીવ સ્વતંત્ર વિકાર કરે છે ત્યારે કર્મ કર્મના કારણે બંધાય છે તે પણ સ્વતંત્ર છે.

એમ બોલાય ખરું કે જીવે વિકાર કર્યો માટે કર્મ બંધાણા પણ તેનો આશય સમજવો જોઈએ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સમજવો જોઈએ, કર્મ કર્મના કારણે બંધાય છે ત્યારે જીવનો વિકાર નિમિત્તમાત્ર છે -એમ સમજવું જોઈએ.

જેને સાચી પ્રતીતિ હોય તેને સાચું જ્ઞાન હોય જ છે. ભાવબંધને લીધે દ્રવ્યબંધ માને તો દ્રવ્યબંધ પરાધીન થઈ જાય છે. જડની પર્યાય જડથી થાય છે તેમાં જીવનો ભાવ નિમિત્તમાત્ર છે ને જીવમાં ભાવબંધ સ્વતંત્ર થાય છે તેમાં કર્મ નિમિત્તમાત્ર છે -આમ સમજવું જોઈએ.

આમ સ્વતંત્રતા સમજતો નથી તેને જીવ-અજીવ તત્ત્વની ભૂલ છે. તે ભૂલ ઉપરાંત આસ્રવ તત્ત્વમાં શું ભૂલ કરે છે તે બતાવે છે.

વળી આસ્રવ તત્ત્વમાં જે હિંસાદિરૂપ પાપાસ્રવ છે તેને તો હેય જાણે છે તથા અહિંસા, બ્રહ્મચર્ય, દયા-દાનાદિ પુણ્યાસ્રવ છે તેને અંગીકાર કરવા જેવા માને છે તે ભ્રાંતિ છે, પુણ્ય-પાપ બન્ને બંધના કારણ છે. શુભ પરિણામ સાધકદશામાં આવે છે પણ તે અંગીકાર કરવા જેવા નથી. પણ શુભ ભાવ કરતાં કરતાં સમ્યગ્દર્શન થશે એમ માનનારને સાત તત્ત્વની શ્રદ્ધાની ખબર નથી. પુણ્યમાં ઉપાદેયપણું માનવું એ જ મિથ્યાદર્શન છે. શ્રી સમયસારના બંધ અધિકારમાં પણ એ જ કહ્યું છે કે :

સર્વ જીવોને જીવન-મરણ રહેવા તે તેના આશ્રયે છે, બીજાના આશ્રયે નથી. પર જીવને મારવો કે બચાવવો તે શું જીવના હાથની વાત છે ? ના. શરીરની ક્રિયા શરીરના કારણે છે, જીવ નિમિત્તમાત્ર છે. સર્વ-જીવોના જીવન-મરણ, સુખ-દુઃખ પોતપોતાના કર્મના ઉદયના નિમિત્તથી છે. તેના આયુષ્યકર્મના નિમિત્તે જીવે છે, એ પણ વ્યવહારનું કથન છે. જીવ પોતાની સ્વતંત્ર યોગ્યતાથી રહે છે, તેમાં આયુકર્મ નિમિત્તમાત્ર છે, પણ બીજો જીવ નિમિત્ત નથી એમ અહીં બતાવવું છે. અજ્ઞાની જીવ માને છે કે હું છું તો પરના જીવન-મરણ, સુખ-દુઃખ થાય છે -તે તો જીવ-અજીવ તત્ત્વની ભૂલ છે. ને દયા-દાનાદિ પરિણામને ઉપાદેય માનવા તે આસ્રવતત્ત્વની ભૂલ છે. વળી સુખ-દુઃખના સંયોગો મળવામાં વેદનીય કર્મ નિમિત્ત છે, તેમાં બીજો જીવ નિમિત્ત નથી. સામગ્રી આવે છે તે પોતાના કારણે આવે છે ને તેમાં વેદનીય નિમિત્ત છે. ને જીવ સુખ-દુઃખની કલ્પના કરે છે તે સ્વતંત્ર કરે છે, તેમાં દર્શનમોહનીય નિમિત્ત છે. બીજો જીવ સુખ-દુઃખ આપી શકતો નથી. હું છું તો બીજાને નભાવું છું એમ માની પરપદાર્થનો કર્તા થાય છે તે મિથ્યાદૃષ્ટિ છે.

હું બીજાને જીવાડું છું, મેં બીજાને સુખી કર્યા, બીજાની ક્ષુધા-તૃષા મટાડી -એમ અભિમાન કરે છે તે ભ્રાંતિ છે. પર જીવને સુખી કરવાનો અથવા જીવાડવાનો અધ્યવસાન થાય તે તો પુણ્યબંધનું કારણ છે, માટે રાજી થવા જેવું નથી. અજ્ઞાની જીવ પુણ્ય થતાં ખુશ થાય છે કે ''પુણ્ય તો બંધાણાં ને !'' એમ માની રાજી થાય છે તે મિથ્યાદૃષ્ટિ છે.

વળી મારવાનો વા દુઃખી કરવાનો અધ્યવસાય થાય તે પાપબંધના કારણરૂપ છે.

સત્ય બોલવું, આજ્ઞા વિના ચીજ ન લેવી, શરીરથી બ્રહ્મચર્ય પાલન કરવું વગેરેમાં શુભ ભાવ છે ને તેનાથી પુણ્યબંધ થાય છે, તેમાં રાજી થાય છે તે મોટી ભૂલ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનથી વિરુદ્ધ શ્રદ્ધા કરે તે નિગોદના આરાધક છે. મુનિ નામ ધરાવી વસ્ત્રાદિ પરિગ્રહ રાખે તો મોટો પાપી છે. મુનિપણું નહિ હોવા છતાં મુનિપણું માને તે નિગોદનો આરાધક છે -એમ કુંદકુંદાચાર્ય કહે છે.

અહીં અજ્ઞાની માને છે કે મેં શરીરથી બ્રહ્મચર્યનું પાલન કર્યું. તેમ માની શરીરની ક્રિયાનો સ્વામી થાય છે તે જીવ-અજીવમાં ભૂલ છે ને તેમાં થતાં શુભ પરિણામથી ધર્મ માને તે આસ્રવમાં ભૂલ છે. અજ્ઞાની માને છે કે જીવને વિકલ્પ આવે છે માટે વસ્ત્ર છૂટી જાય છે -તો એમ નથી. વસ્ત્ર છૂટવાનું કાર્ય તો વસ્ત્રથી થાય છે. જો વિકલ્પને લીધે વસ્ત્ર છૂટ્યા માને તો જીવ-અજીવમાં ભૂલ છે. પરિગ્રહ નહિ રાખવાનો ભાવ શુભ છે -પુણ્યબંધનું કારણ છે, તેને ઉપાદેય માનવો તે આસ્રવમાં ભૂલ છે. પૈસા રહેવા, અસત્ય વચન બોલવા વગેરે તો જડની ક્રિયા છે છતાં પૈસા રાખું વગેરે પરિણામ પાપ અધ્યવસાન છે. તેમાં પાપને હેય માનવું ને પુણ્યને ઉપાદેય માનવું તે આસ્રવ તત્ત્વમાં ભૂલ છે. હિંસાદિકની માફક અસત્યાદિક પાપબંધના કારણ છે. એ સર્વ મિથ્યા અધ્યવસાય છે તે ત્યાજ્ય છે.

હિંસામાં મારવાની બુદ્ધિ થાય પણ તેનું આયુ પૂર્ણ થયા વિના મરે નહિ. મારવાનો દ્વેષ પોતે કર્યો તે પાપ છે. પોતે અહિંસાનો ભાવ કર્યો માટે જીવ બચ્યો નથી. તેના આયુષ્ય વિના જીવતો નથી. પોતાના શુભ પરિણામથી પુણ્ય બાંધે છે તે ધર્મ નથી. પુણ્યને આદરણીય માને તે આસ્રવમાં ભૂલ છે. હું જ્ઞાતા-દૃષ્ટા છું, પરનો કર્તા નથી. હું રાગનો પણ કર્તા નથી એમ માને ત્યાં નિર્બંધતા છે. નિર્બંધ ભાવ ઉપાદેય છે.

હવે વીતરાગી દશા પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્રશસ્ત રાગરૂપ પ્રવર્તો, આ ઉપદેશનું વાક્ય છે. વીતરાગી દશા ન થાય ત્યાં સુધી શુભ રાગ તેના કાળક્રમે આવે છે -એમ જાણો. પણ શ્રદ્ધાન તો એવું રાખો કે દયા, દાન, ભક્તિ વગેરે બંધનું કારણ છે, હેય છે. જો શ્રદ્ધાનમાં પુણ્યને મોક્ષમાર્ગ જાણે તો તે મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચય મોક્ષમાર્ગ સાધે છે તેના શુભ રાગને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે પણ તે બંધમાર્ગ છે એમ જાણવું જોઈએ.

વળી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ આસ્રવના ભેદ છે. તેને બાહ્યરૂપથી તો માને પણ અંતરંગમાં એ ભાવોની જાતિને ઓળખે નહિ તે પણ આસ્રવની ભૂલ છે તે બતાવશે.



**ફાગણ વદ ૩, મંગળવાર, ૩-૩-૫૩.**

તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે તેને જે જાણતો નથી ને બહારથી ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. અહીં આસ્રવ તત્ત્વમાં ભૂલ કેવી રીતે કરે છે તે બતાવે છે. પાપને હેય માને પણ પુણ્યને ઉપાદેય માને તે આસ્રવની ભૂલ છે. વળી મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગ એ આસ્રવના ભેદ છે. તેને બાહ્યરૂપથી તો માને પણ તે ભાવોની જાતિ ઓળખે નહિ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની બાહ્ય લક્ષણથી પરીક્ષા કરે તે ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ છે પણ અનાદિ અગૃહીત મિથ્યાત્વને ન ઓળખે; જ્ઞાયકસ્વરૂપ આત્માની દૃષ્ટિ નથી પણ પુણ્ય-પાપ ઉપર દૃષ્ટિ છે તે અનાદિનું મિથ્યાત્વ છે. તેને પિછાનતો નથી. સ્વની દૃષ્ટિ કરીને આસ્રવ છોડવો જોઈએ પણ એ ભૂલ ટાળતો નથી. દયા-દાનાદિ પરિણામ આસ્રવ છે તેની ઉપરની દૃષ્ટિ તે પર્યાયદૃષ્ટિ છે, તે ધર્મ નથી. અંતરમાં રાગને હિતકર માને છે, તે મિથ્યાત્વને પિછાનતો નથી.

વળી ત્રસ-સ્થાવરની હિંસાને અવિરતિ માને છે. ઇંદ્રિયના વિષયોની પ્રવૃત્તિને અવિરતિ માને છે પણ તે અવિરતિનું સ્વરૂપ નથી. જડની ક્રિયા ઘટી તો વિષયો ઘટ્યા એમ માને છે. સ્ત્રી, લક્ષ્મીનો સંસર્ગ કરે તો અવિરતિ થાય છે એમ માને છે. પણ હિંસામાં પ્રમાદ પરિણતિ મૂળ છે. ઉગ્ર પ્રમાદ થવો તે અવિરતિ છે. નગ્ન થવાથી અવ્રત છૂટ્યાં એમ માને છે તે ભૂલ છે. વિષયમાં આસક્તિ થવી તે અવ્રત છે. અંતરની આસક્તિ છૂટે નહિ ને માને કે હું વ્રતધારી છું. બાહ્યમાં ઇંદ્રિયોના વિષયોમાં ન જોડાય માટે અવ્રત છૂટી ગયું એમ માને છે તે અવિરતિમાં ભૂલ છે. પર્યાયમાં તીવ્ર પ્રમાદ ભાવનો ને વિષયની આસક્તિનો ત્યાગ સ્વભાવની ભાનપૂર્વક થયો નહિ ને બાહ્યથી આસક્તિનો ત્યાગ માને તે અવિરતિરૂપ આસ્રવ તત્ત્વમાં ભૂલ છે. આવી ભૂલવાળાને સમ્યગ્દર્શન હોય નહિ.

**લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;**
**ગ્રહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન.**

આત્મા ભાનપૂર્વક વિશેષ સ્થિરતા થવી તે વ્રત છે તેને ઓળખતો નથી. પ્રમાદ ભાવને પિછાનતો નથી પણ બહારના નિમિત્તો છૂટ્યાં માટે અવ્રત છૂટ્યાં એમ માને છે. હું શુદ્ધ ચિદાનંદ છું એવા ભાનપૂર્વક અંશે લીનતા થતાં અવ્રત પરિણામ છૂટી જાય છે ને નિમિત્ત પણ નિમિત્તના કારણે છૂટી જાય છે, તેને જાણતો નથી. તે આસ્રવ તત્ત્વમાં ભૂલ છે.

વળી બાહ્ય ક્રોધાદિ કરવો તેને કષાય જાણે પણ અભિપ્રાયની ખબર નથી. અનુકૂળ પદાર્થો મળે તો રાગ કરવો પડે ને પ્રતિકૂળ પદાર્થો મળે તો દ્વેષ કરવો પડે એ કષાયનો અભિપ્રાય છે. અજ્ઞાની માને છે કે હું વિકલ્પ કરું છું માટે બહારના પદાર્થો આવે છે. અભિપ્રાયમાં કષાય રહેલ છે તેથી આસ્રવ તત્ત્વની ભૂલ છે.

વળી આત્મામાં યોગ (-પ્રદેશકંપન)ની ક્રિયા છે તેને અજ્ઞાની માનતો નથી. જડની ક્રિયા મેં રોકી માટે યોગ થયો -એમ માને છે. મન, વચન, કાયાની ક્રિયા જડની છે તેની ખબર નથી ને શરીરાદિની ક્રિયા રોકાણી તેથી ધર્મ થયો એમ તે માને છે. પણ અંતરમાં શક્તિભૂત યોગોને ન જાણે. એ પ્રમાણે તે આસ્રવોનું સ્વરૂપ અન્યથા જાણે છે.

વળી રાગ-દ્વેષ-મોહરૂપ જે આસ્રવભાવ છે તેનો નાશ કરવાની ચિંતા નથી ને બાહ્ય ક્રિયા સુધારું એમ તે માને છે. અનુકૂળ નિમિત્તો મેળવવાનો ને પ્રતિકૂળ નિમિત્તો દૂર કરવાનો ઉપાય રાખે છે. બાહ્ય ક્રિયા છોડો, ભોજન છોડો, સ્ત્રી છોડો, લક્ષ્મીને છોડો, કપડા છોડો, બાહ્ય પરિગ્રહનું પ્રમાણ કરો તો ધર્મ થશે એમ અજ્ઞાની માને છે. બહારની ક્રિયા છૂટવાથી પડિમા થઈ એમ તે માને છે, પણ પડિમા બહારથી આવતી નથી. અંતરપરિણામ સુધર્યા નથી, જીવ-અજીવનું ભેદજ્ઞાન નથી, જીવની સ્વતંત્ર ક્રિયામાં અજીવ નિમિત્તમાત્ર છે ને અજીવની સ્વતંત્ર ક્રિયામાં જીવ નિમિત્તમાત્ર છે એવી સ્વતંત્રતાની ખબર નથી તેને પડિમા ક્યાંથી હોય ?

કંચન, કામિની ને કુટુંબ -એ ત્રણ છોડો તો ધર્મ થશે -એમ અજ્ઞાની કહે છે. તે છૂટાં જ પડેલા છે, તેને હું છોડું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. આત્મા તેનાથી પર છે ને રાગદ્વેષ રહિત છે એવા આત્માના ભાનપૂર્વક રાગ છૂટે તો કંચન, કામિની ને કુટુંબના નિમિત્ત છૂટ્યાં એમ કહેવાય, નહિતર નિમિત્ત પણ છૂટ્યાં કહેવાતાં નથી. સ્વરૂપમાં લીનતા કરવી તે ચારિત્ર છે, બાહ્ય ત્યાગ તે ચારિત્ર નથી. અજ્ઞાની કહે છે કે બાહ્ય વસ્તુ છોડો તો અંતરમાં રાગ છૂટશે, પણ તે વાત ખોટી છે.

દ્રવ્યલિંગી મુનિ અન્ય દેવાદિકની સેવા કરતો નથી, ૨૮ મૂળગુણનું પાલન કરે છે ને પ્રાણ જાય તો પણ વ્યવહારધર્મ ન છોડે તો ત્યાં ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ છે પણ અગૃહીતનો ત્યાગ નથી. તે બાહ્ય હિંસા બિલકુલ કરતો નથી, પોતા માટે બનાવેલ આહાર લેતો નથી ત્યારે તો શુભ પરિણામ થાય છે, પણ ધર્મ થતો નથી. જૂઠું બોલતો નથી, દયા પાળે છે, વિષય સેવન કરતો નથી, ક્રોધાદિ કરતો નથી, શરીરના ખંડખંડ કરે તો પણ ક્રોધ ન કરે તેવો વ્યવહાર છે પણ અંતરમાં ભાન નથી, તેથી અગૃહીત મિથ્યાત્વ છૂટ્યું નથી. તેને મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ -એમ ચાર આસ્રવ હોય છે. હું નિમિત્ત છું તો જડની ક્રિયા થાય છે -એમ તે માને છે. યથાર્થ વાતની ખબર નથી. બીજું એ કાર્ય તેઓ કપટથી કરતાં નથી. જો કપટથી કરે તો ગ્રૈવેયક સુધી કેવી રીતે પહોંચે ? ન પહોંચે. અંતરંગ મિથ્યા અભિપ્રાય, અવ્રત, રાગદ્વેષની ઈષ્ટતા વગેરે રાગાદિ ભાવ આવે છે તે જ આસ્રવ છે, તેને પિછાને નહિ તેથી તેને આસ્રવ તત્ત્વની સાચી શ્રદ્ધા નથી.

## બંધ તત્ત્વના શ્રદ્ધાનની અયથાર્થતા

હિંસા, જૂઠું, ચોરી વગેરે અશુભ ભાવો વડે નરકાદિરૂપ પાપબંધને બૂરો જાણે છે ને દયા-દાનાદિના બંધને ભલો જાણે તે મિથ્યાદષ્ટિ છે. બન્ને બંધ છે, આત્માનું હિત કરતાં નથી. દયા-દાનાદિથી મને



પુણ્ય તો બંધાયું ને ! એમ હરખ કરે છે. બન્ને બંધ છે છતાં પુણ્યબંધને ભલો જાણે છે તે મિથ્યાદષ્ટિ છે.

પુણ્યબંધથી અનુકૂળ સામગ્રી મળે છે ને પાપબંધથી પ્રતિકૂળ સામગ્રી મળે છે પણ તે વડે સ્વભાવ મળતો નથી. પાપબંધને બૂરો જાણી દ્વેષ કરે છે, નરકની સામગ્રી ઉપર દ્વેષ કરે છે ને પુણ્યબંધથી સારી સામગ્રી મળશે એમ માની રાગ કરે છે, પણ તે ભ્રાંતિ છે. સમવસરણ જોવાનું મળ્યું તેમાં આત્માને શો લાભ ? પર ચીજથી લાભ-અલાભ નથી. સ્વર્ગમાં જઈશું ને પછી ભગવાન પાસે જઈશું તો ત્યાં શું મળ્યું ? સમવસરણ તો જડ છે, પર છે, ત્યાં અનંતવાર જીવ ગયો છે. સામગ્રીથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી, અજ્ઞાની જીવ પ્રતિકૂળ સામગ્રીમાં દ્વેષ કરે છે ને અનુકૂળ સામગ્રીમાં રાગ કરે છે, તે મિથ્યાત્વ છે. રાગનો અભિપ્રાય રહ્યો તે બંધ તત્ત્વની ભૂલ છે, તેની તત્ત્વાર્થ શ્રદ્ધા ખોટી છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન વિના સમ્યગ્દર્શન નથી ને સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોતું નથી. જૈનદર્શનમાં ગડબડ ન ચાલે, તત્ત્વમાં અન્યાય ન ચાલે. અબંધ સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી ધર્મ થાય છે. અજ્ઞાની જીવ સોળ કારણભાવનામાં રાગ કરે છે, તેને તીર્થંકરપ્રકૃતિનો બંધ થતો નથી. જ્ઞાની જીવ રાગને હેય માને છે ને તીર્થંકરપ્રકૃતિને પણ હેય માને છે. તે જીવમાં કોઈને નબળાઈથી શુભ રાગ આવે તો તીર્થંકર પુણ્યપ્રકૃતિ બંધાઈ જાય છે.

ભક્તિમાં આવે કે હે ભગવાન ! તમારી પાસેથી એક દેવ મોકલો વગેરે નિમિત્તનું કથન છે. અજ્ઞાની જીવ સંયોગની ભાવના કરે છે. પાપના બંધને ખરાબ માને કેમ કે તેનાથી પ્રતિકૂળ સામગ્રી મળશે ને પુણ્યબંધથી અનુકૂળ સામગ્રી મળશે તેને સારી માને એ બંધ તત્ત્વની ભૂલ છે.

પુણ્ય-પાપ પરિણામથી બંધ થશે ને સામગ્રી મળશે. તેમાં કોઈ સામગ્રીને અનુકૂળ ને કોઈને પ્રતિકૂળ માનવી તે મિથ્યાદર્શનશલ્ય છે. ''અહીં વ્રત-તપ કરો તો સ્વર્ગમાં જવાશે ને ત્યાંથી ભગવાન પાસે જવાશે, ને ત્યાં ચારિત્રના પ્રતાપથી સમ્યગ્દર્શન પામશું'' -એમ અજ્ઞાની માને છે. સંયોગ ઉપર દષ્ટિ છે પણ સ્વભાવ ઉપર દષ્ટિ નથી. તેને પોતાના આત્મા પાસે આવવું નથી. બંધન અહિતકર છે, પુણ્ય-પાપ હેય છે, સંવર-નિર્જરા હિતકર છે ને મોક્ષ પરમ હિતકર છે એવી પિછાન નથી તે મિથ્યાદષ્ટિ છે. બંધ તત્ત્વમાં પુણ્યથી સારો બંધ પડ્યો એમ માની હરખ કરે છે, તે મિથ્યાદષ્ટિ છે.

અહીં પં. ટોડરમલજી કહે છે કે પુણ્ય-પાપથી સામગ્રી મળે છે. અત્યારે કોઈ વર્તમાન પંડિત કહે છે કે સામગ્રી પુણ્ય-પાપથી મળતી નથી -તો તે ભૂલ છે. જેમ સારા હવા-પાણી આદિ અનુકૂળ સામગ્રી મળે તે વખતે જીવ રાગ કરે છે ને સાપ, ઝેર વગેરે પ્રતિકૂળ મળે તે વખતે દ્વેષ કરે છે તેમ આ જીવ ભવિષ્યમાં અનુકૂળ પદાર્થો મળશે એમ માની રાગ કરે છે ને પ્રતિકૂળ મળશે એમ માની દ્વેષ કરે છે એમાં અભિપ્રાય મિથ્યાત્વનો છે. જેવી રીતે આ શરીર સંબંધી સુખ-દુઃખ સામગ્રીમાં રાગદ્વેષ કરવો થયો તેમ ભવિષ્યમાં અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી પ્રત્યે રાગદ્વેષ કરવો થયો.

વળી દયા-દાનાદિ શુભ પરિણામથી તથા હિંસાદિ અશુભ પરિણામથી અઘાતિ કર્મોમાં ફેર પડે છે. શુભથી શાતા બંધાય છે ને અશુભથી અશાતા બંધાય છે. શુભથી વેદનીય, આયુ, નામ, ગોત્રમાં ફેર પડે છે પણ અઘાતિ કર્મો કાંઈ આત્મગુણના ઘાતક નથી. શુભાશુભ ભાવોથી ઘાતિ કર્મોનો બંધ તો નિરંતર થાય છે કે જે સર્વ પાપરૂપ જ છે. અહીં ઓછાવત્તા બંધનો પ્રશ્ન નથી, પુણ્યથી ઘાતિ કર્મોમાં રસ ઓછો પડે પણ બંધ તો નિરંતર છે. શુભ હોય કે અશુભ હોય તો પણ મિથ્યાદષ્ટિને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય ને અંતરાયનો બંધ પડે છે. સમ્યગ્દષ્ટિને પણ શુભભાવ વખતે તેનો બંધ પડે છે તે સર્વ પાપરૂપ જ છે ને એ જ આત્મગુણના ઘાતક છે. શુભ વખતે પણ બંધ પડે છે -એમ અહીં બતાવે છે.

બંધ નુકસાનકારક છે ને અબંધ સ્વભાવ હિતકારક છે, તે સમજણ વિના પુણ્યબંધને હિતકારી માને તે બંધ તત્ત્વમાં ભૂલ કરે છે.

## ફાગણ વદ ૪, બુધવાર, ૪-૩-૫૩.

આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં વ્યવહારાભાસીનો અધિકાર ચાલે છે. શુદ્ધ ચિદાનંદ મારું સ્વરૂપ છે તેનું ભાન નથી ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં સમ્યગ્દર્શન માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે. તેને ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ છે પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન કરતો નથી તેથી અગૃહીત મિથ્યાત્વનો ત્યાગ નથી. તત્ત્વાર્થ શ્રદ્ધાન એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. જેને અર્હંતાદિના સ્વરૂપમાં બાહ્ય લક્ષણથી વિપરીતતા છે તેને તો ગૃહીત મિથ્યાત્વનો પણ ત્યાગ નથી. જેને સાતે તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા છે તેને અગૃહીત મિથ્યાત્વનો ત્યાગ છે ને તે નિશ્ચય સમ્યગ્દષ્ટિ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શનનું લક્ષણ છે, તે લક્ષણ ચોથા ગુણસ્થાનથી માંડી સિદ્ધમાં પણ રહે છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે. જો તત્ત્વાર્થ શ્રદ્ધાન વ્યવહાર હોય તો સિદ્ધમાં તેવો વ્યવહાર હોતો નથી. ને ત્યાં તત્ત્વાર્થ શ્રદ્ધાન તો સંભવે છે. માટે તત્ત્વાર્થ શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૩૨૩માં કહ્યું છે ''એ પ્રમાણે કેવળી સિદ્ધભગવાનને પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ હોય છે જ માટે ત્યાં અવ્યાપ્તિપણું નથી.''

તત્ત્વ એટલે ભાવ. જીવનો ભાવ જ્ઞાયક છે. વ્યવહાર રત્નત્રયનો ભાવ આત્માના આનંદને લૂંટનારો છે, -એમ ભાવભાસન થવું તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. જીવનો જ્ઞાયકસ્વભાવ છે, અજીવનો સ્વભાવ જડ છે, પુણ્ય-પાપ બન્ને આસ્રવ છે-હેય છે, બંધ અહિતકારી છે. સંવર-નિર્જરા હિતરૂપ છે ને મોક્ષ પરમ હિતરૂપ એવું ભાસન થવું તે તત્ત્વાર્થ શ્રદ્ધાન છે. વળી મોક્ષશાસ્ત્રના પહેલા અધ્યાયના ચોથા સૂત્રમાં **જીવાજવાસ્રવબંધમોક્ષાસ્તત્ત્વમ્** કહ્યું છે, ત્યાં **તત્ત્વમ્** એકવચન કહ્યું છે માટે ત્યાં નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે, રાગ રહિત ભાવની વાત છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ એકમાં સાત ભાવનું ભાસન રાગ રહિત થવું તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. વળી તત્ત્વાર્થસૂત્રમાં સમ્યગ્દર્શનના નિસર્ગજ ને અધિગમજ એવા બે ભેદ બતાવ્યા તે વ્યવહારના ન હોઈ શકે, માટે તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન તે



નિશ્ચય સમ્યગ્દર્શન છે.

અહીં વ્યવહારાભાસીની વાત ચાલે છે. જેનો વ્યવહાર ખોટો છે તેની વાત નથી. જે બાહ્યથી મુનિ હોવા છતાં ઉદ્દેશિક આહાર લ્યે તેની તો વાત નથી. અહીં તો વ્યવહારાભાસી જીવ દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ બાહ્ય લક્ષણથી જાણે છે પણ સાત તત્ત્વોમાં ભૂલ કરે છે તેની વાત ચાલે છે. હું ઈચ્છા કરું તો શરીર ચાલે એવી માન્યતા તે જીવ ને અજીવ તત્ત્વમાં ભૂલ છે. જીવની પોતાની પર્યાય પોતાથી થાય છે, તેમાં બીજો પદાર્થ નિમિત્ત છે ને અજીવની ક્રિયા અજીવથી થાય છે તેમાં જીવ નિમિત્ત છે એમ નહિ માનતા એકને લીધે બીજામાં કાર્ય માનવું તે જીવ-અજીવની ભૂલ છે. વળી નિશ્ચય પ્રગટે તો નિમિત્તને વ્યવહાર કહેવાય. નિમિત્ત હોય તો ઉપાદાનમાં કામ થાય એમ માને અથવા વ્યવહારથી નિશ્ચય પ્રગટે એમ માને તો તે મિથ્યાદષ્ટિ છે. વળી પાપને હેય માને ને પુણ્ય પરિણામને ઉપાદેય માને તો આસ્રવમાં ભૂલ છે. વળી બંધમાં પુણ્યબંધને ભલો ને પાપબંધને બૂરો જાણવો તે બંધ તત્ત્વની ભૂલ છે. બંધનો એક જ પ્રકાર છે છતાં તેના ભેદ પાડવા તે બંધ તત્ત્વના ભાવનું ભાસન નથી, તે અગૃહીત મિથ્યાદષ્ટિ છે.

પુણ્ય કરશું તો સામગ્રી મળશે એમ ભાવના કરનારને સંયોગની ભાવના છે. શુભ ભાવથી અનુકૂળ સામગ્રી મળે છે ને અશુભથી પ્રતિકૂળ સામગ્રી મળે છે. બધા જીવો અનુકૂળ સામગ્રીમાં રાગ કરે છે ને પ્રતિકૂળ સામગ્રીમાં દ્વેષ કરે છે તો આ જીવને શું ફેર પડ્યો ? અનુકૂળ સંયોગમાં રાગ ને પ્રતિકૂળ સંયોગમાં દ્વેષ કરવો એ જ રાગદ્વેષ કરવાનું શ્રદ્ધાન થયું. જેવો આ પર્યાય સંબંધી સુખ-દુઃખ સામગ્રીમાં રાગદ્વેષ કરવો થયો તેવો ભાવી પર્યાય સંબંધી પણ સુખ-દુઃખ સામગ્રીમાં રાગદ્વેષ કરવો થયો.

વળી શુભ ભાવને લીધે અઘાતિકર્મમાં ફેર પડે છે. અઘાતિથી બાહ્ય સામગ્રી મળે છે, ઊંચું ગોત્ર મળે છે, યશોકીર્તિ નામકર્મનો બંધ પડે વગેરે સંયોગમાં ફેર પડે પણ સ્વભાવમાં ફેર પડે નહિ. તેને યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાન નથી. તેથી તેને અગૃહીત મિથ્યાત્વનો ત્યાગ નથી. શુભ-અશુભ ભાવથી ઘાતિ કર્મોનો નિરંતર બંધ પડે છે, અબંધ સ્વભાવ હિતકર છે ને બંધ ભાવ હિતકર નથી તેમ અજ્ઞાની માનતો નથી. આત્મસ્વભાવને ઘાતવામાં ઘાતિ કર્મ નિમિત્ત છે. શુભ પરિણામથી સંયોગમાં ફેર પડે છે પણ શુભથી ઘાતિ કર્મો તો નિરંતર બંધાય છે. શુભથી સારો બંધ પડશે એમ માની તેને હિતરૂપ માને છે તે ભૂલ છે.

તીર્થંકરપ્રકૃતિનો બંધ પણ અહિતકર છે એમ સમજવું જોઈએ. જે ભાવથી અહિત થાય તે ભાવ આસ્રવ છે તેથી હેય છે. માટે બંધ અહિતકર છે -એમ જાણવું જોઈએ. તીર્થંકરની વાણીથી કોઈને લાભ થતો નથી. જે પરિણામથી તીર્થંકર પુણ્યપ્રકૃતિ બંધાણી તે જીવને પોતા માટે હેય છે ને પ્રકૃતિ અહિતકર છે તો પછી બીજાને હિતકર કેમ હોય ? અજ્ઞાની જીવ પુણ્યપ્રકૃતિથી લાભ માને છે ને

તેનાથી ઘણા જીવો તરે છે એમ માને છે તે ભૂલ છે. પોતે પોતાના કારણે તરે છે તો તીર્થંકરની વાણીને નિમિત્ત કહેવાય તેમ તે સમજતો નથી. આ પ્રમાણે શુભાશુભ ભાવો વડે કર્મબંધ થાય તેને ભલો બૂરો જાણવો એ જ મિથ્યા શ્રદ્ધાન છે અને એવા શ્રદ્ધાનથી બંધ તત્ત્વનું પણ તેને સત્ય શ્રદ્ધાન નથી.

## સંવર તત્ત્વના શ્રદ્ધાનની અયથાર્થતા

પર જીવને નહિ મારવાના ભાવ, બ્રહ્મચર્ય પાલનના ભાવ, તેમ સત્ય બોલવાના ભાવ વગેરે ભાવ આસ્રવ છે, તેને અજ્ઞાની સંવર અથવા સંવરનું કારણ માને છે. સંવર અવિકાર છે ને આસ્રવ વિકાર છે; અવિકારનું કારણ વિકાર ક્યાંથી થાય ? માટે તેમ માનનારની મૂળમાં ભૂલ છે. અહીં તત્ત્વાર્થ શ્રદ્ધાનની ભૂલ બતાવે છે. તત્ત્વાર્થ એટલે તત્ત્વ + અર્થ. અર્થમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી જાય છે ને તત્ત્વ એટલે ભાવ. દ્રવ્યનો ભાવ, ગુણનો ભાવ અને પર્યાયનો ભાવ -એમ ત્રણેના ભાવનું ભાસન થવું તે સમ્યગ્દર્શન છે. સાત તત્ત્વમાં જીવ ને અજીવ દ્રવ્ય છે; આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ -એ પર્યાય છે. તેના ભાવનું ભાસન થવું જોઈએ. વળી દ્રવ્યાસ્રવ, દ્રવ્યબંધ, દ્રવ્યસંવર, દ્રવ્યનિર્જરા અને દ્રવ્યમોક્ષ -એ અજીવની પર્યાયો છે તેનું પણ ભાવભાસન થવું જોઈએ. આમ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભાવનું ભાસન થવું તે સમ્યગ્દર્શન છે.

અહિંસા પરમધર્મ છે. રાગ રહિત શુદ્ધદશા, મહાવ્રતાદિના પરિણામથી પણ રહિત દશા તે અહિંસા છે-તે સંવર છે, ને મહાવ્રતાદિના પરિણામ આસ્રવ છે, તે સંવર નથી.

વળી તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાયના પહેલા સૂત્રમાં ઉપશમભાવને પહેલો લીધો છે, તેથી તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનમાં નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે. પારિણામિકભાવ દ્રવ્ય છે ને ઉપશમ, ક્ષયોપશમ, ઔદયિક ને ક્ષાયિક ચારે પર્યાય છે, તે જીવનું સ્વતત્ત્વ છે. તે સૂત્રમાં પ્રથમ ઉપશમભાવ લીધો છે કેમ કે જેને ઉપશમભાવ પ્રગટ થાય છે તે બીજા ભાવોને યથાર્થ જાણી શકે છે. જેને ઉપશમભાવ પ્રગટ નથી તે ઔદયિકભાવને પણ યથાર્થ જાણતો નથી.

અજ્ઞાની જીવ સંવર તત્ત્વમાં ભૂલ કરે છે. વ્રત, પડિમા આદિના પરિણામ આસ્રવ છે, સંવર નથી. આત્મા જ્ઞાયક ચિદાનંદ છે તેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે. આસ્રવથી સંવર પ્રગટતો નથી. વળી જીવના આશ્રયે સંવર પ્રગટે છે એમ કહેવું તે પણ સાપેક્ષ છે. પ્રથમ નિરપેક્ષ નિર્ણય કરવો જોઈએ. સાતેના ભાવ સ્વતંત્ર છે. જીવ જીવથી છે, સંવર સંવરથી છે -એમ સાતે સ્વતંત્ર છે એમ નિર્ણય કર્યા પછી જીવના આશ્રયે સંવર પ્રગટે છે એમ સાપેક્ષ કહેવાય.

શુભ-અશુભ પરિણામ બન્ને અશુદ્ધ છે, આત્માના આશ્રયે પરિણામ થાય તે શુદ્ધ છે. અહિંસાદિરૂપ શુભાસ્રવને અજ્ઞાની સંવર માને છે તે સંવર તત્ત્વમાં ભૂલ છે.



**પ્રશ્ન** : મુનિને એક જ કાળમાં એ ભાવ થાય છે ત્યાં તેમને બંધ પણ થાય છે તથા સંવર-નિર્જરા પણ થાય છે -એ કેવી રીતે ?

**ઉત્તર** : એ ભાવ મિશ્રરૂપ છે. ચિદાનંદ આત્માના આશ્રયે જે વીતરાગી દશા થાય તે સંવર છે ને જેટલો રાગ બાકી છે તે આસ્રવ છે. અકષાય પરિણતિ થાય તે વીતરાગી ભાવ છે ને તે યથાર્થ મુનિપણું છે. જેટલો રાગ બાકી છે તે વ્યવહાર છે, બંધનું કારણ છે. જો વ્યવહાર સર્વથા ન હોય તો કેવળદશા હોવી જોઈએ ને જો વ્યવહારથી લાભ માને તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે. સાધકજીવને અંશે શુદ્ધતા છે ને અંશે અશુદ્ધતા છે. તે શુભ રાગને હેય માને છે.

કોઈ પ્રશ્ન કરે કે આવો શુભ રાગ લાવવો કે નહિ ?

**સમાધાન** : કયા રાગને ફેરવી શકીશ ? ચારિત્રગુણની ક્રમબદ્ધપર્યાય જે થવાની તે થવાની, તેને કેવી રીતે ફેરવવી ? જ્ઞાનીને શુભ રાગ ફેરવવાની દૃષ્ટિ નથી, પોતાના સ્વભાવમાં એકાગ્ર થવાની ભાવના છે.

ઉમાસ્વામી તત્ત્વાર્થ શ્રદ્ધાન કહે છે તે સાતના ભાવભાસન વિના કર્મનો ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષય થતો નથી.

પંચાસ્તિકાયની ગાથા ૧૭૩ની ટીકામાં જયસેન આચાર્યે તત્ત્વાર્થસૂત્રને દ્રવ્યાનુયોગના શાસ્ત્ર તરીકે ગણ્યું છે ને દ્રવ્યાનુયોગમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેની વ્યાખ્યા આવે છે.

અહીં તત્ત્વાર્થનું યથાર્થ ભાસન નથી તેની વાત ચાલે છે. મિથ્યાદષ્ટિને ભાવનું ભાસન નથી, તેને નામનિક્ષેપથી અથવા આગમદ્રવ્યનિક્ષેપથી તત્ત્વશ્રદ્ધા કહેવાય. આગમથી ધારણ કરી લ્યે પણ પોતાને ભાવનું ભાસન નથી તેથી તેને સાચી શ્રદ્ધા નથી -તે વાત અહીં નથી. અહીં તો નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે.

અહીં સંવરની ભૂલ બતાવે છે. એક ક્ષણમાં જે નિશ્ચય થાય છે તેમાં બે કાર્ય તો બને પણ મહાવ્રતાદિના પરિણામ આસ્રવ છે, તેને સંવર-નિર્જરા માનવા તે ભ્રમ છે. અંતર્નિર્વિકલ્પ શાંતિ ને આનંદ ઉત્પન્ન થાય તે સંવર છે. છતાં જે પ્રશસ્ત રાગના ભાવથી આસ્રવ થાય તે જ ભાવથી સંવર-નિર્જરા પણ થાય એમ માનવું તે સંવર તત્ત્વમાં ભૂલ છે.

## શ્રી બાહુબલી મહામસ્તકાભિષેક મહોત્સવ દિન

## ફાગણ વદ ૫, ગુરુવાર, ૫-૩-૫૩.

અનાદિથી નિશ્ચયાભાસી જીવ પોતાની પર્યાયમાં થતાં વિકારને માનતો નથી ને પોતાને એકાંત શુદ્ધ જ માને છે તે મિથ્યાદષ્ટિ છે. અને આત્માના શુદ્ધ દ્રવ્યસ્વભાવની જેને દૃષ્ટિ નથી ને વર્તમાન દયાદિના

શુભ ભાવને જ ધર્મ માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે.

આત્મામાં પંચ મહાવ્રત, ભક્તિ વગેરેના પરિણામ થાય તે શુભ રાગ છે, તે આસ્રવ છે, તે રાગને આસ્રવ પણ માનવો ને તેને જ સંવર પણ માનવો -તે ભ્રમ છે. એક શુભ રાગ છે તે જ આસ્રવનું ને એક સંવરનું-બન્નેનું કારણ કેમ થાય ? મિશ્ર ભાવનું જ્ઞાન સમ્યગ્દષ્ટિને જ હોય છે. સમ્યગ્દષ્ટિને પણ જે રાગ છે તે ધર્મ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રાગ રહિત છે તે જ ધર્મ છે. હું જ્ઞાયક છું -એવા સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનથી જેટલો વીતરાગ ભાવ થયો તે સંવરધર્મ છે ને તે જ સમયે જે રાગ છે તે આસ્રવ છે. એક જ સમયમાં આવા બન્ને ભાવો મિશ્રરૂપ છે, તે બન્નેને ભિન્ન ભિન્ન ધર્મી જીવ ઓળખે છે. પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય -એમ નથી. વ્યવહારનો શુભ રાગ તો આસ્રવ છે, આસ્રવ તે સંવરનું કારણ કેમ થાય ? પહેલો વ્યવહાર, તે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય -એવી દષ્ટિથી તો સનાતન જૈન પરંપરામાંથી જુદા પડીને શ્વેતાંબરો નીકળ્યા. અને દિગંબર સંપ્રદાયમાં રહીને પણ કોઈ એમ માને કે રાગ કરતાં કરતાં ધર્મ થશે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે -તો એમ માનનાર પણ શ્વેતાંબર જેવા જ અભિપ્રાયવાળો છે, તેને દિગંબર જૈનધર્મની ખબર નથી.

જેણે રાગનો આદર કર્યો કે ''રાગ કરતાં કરતાં સમ્યગ્દર્શન થઈ જશે, પહેલા વ્યવહારની ક્રિયા સુધારો પછી ધર્મ થશે'' -એમ માનનારે દિગંબર જૈનશાસનને કે મુનિઓને માન્યા નથી. પોતાને દિગંબર જૈન કહેવડાવે પણ જૈનધર્મ શું છે તેની ખબર નથી, તો તે જીવ વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે.

વસ્તુ એક સમયમાં સામાન્યશક્તિનો ભંડાર છે, અને વિશેષરૂપ પર્યાય છે. તેમાં અભેદરૂપ સામાન્યની દષ્ટિ કરે તો પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે; પણ તે અભેદનો આશ્રય તો કરતો નથી, ને વ્યવહાર કરતાં કરતાં તેના આશ્રયે કલ્યાણ માને છે, તો તે વ્યવહારમૂઢ મિથ્યાદષ્ટિ છે. સ્વભાવની દષ્ટિ પ્રગટ કરીને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન થયું ત્યાં જે રાગ રહ્યો તેને ઉપચારથી વ્યવહાર કહ્યો છે, પણ ધર્મીની દષ્ટિમાં તેનો આદર નથી.

પર્યાયદષ્ટિથી આત્મા રાગથી અભિન્ન છે, અને ત્રિકાળી દ્રવ્યની દષ્ટિથી આત્મા રાગથી ભિન્ન જ્ઞાયકસ્વરૂપ છે; ત્યાં ત્રિકાળીની દષ્ટિ કરીને રાગને હેય જાણ્યો, ત્યારે રાગને વ્યવહાર કહેવાય છે. અજ્ઞાની એકલા શુભ રાગને ધર્મ માને છે. તે તો સરાગ ભાવથી જ ધર્મ માનીને તેને આદરે છે, તે ભ્રમ છે. તે મિથ્યાદષ્ટિ જીવ શુભમાં પ્રવર્તે છે અને તેને ધર્મ માને છે પણ તે વ્યવહારાભાસી છે. નિશ્ચયધર્મની ખબર વગર રાગમાં વ્યવહારધર્મનો આરોપ પણ ક્યાંથી આવે ? નિશ્ચય વગર વ્યવહાર કેવો ? તે તો વ્યવહારાભાસ છે.

વળી સમિતિ-ગુપ્તિ-પરિષહજય-અનુપ્રેક્ષા-ચારિત્ર -એને સંવર કહે છે, પણ અજ્ઞાની તેના સ્વરૂપને સમજતો નથી. નિશ્ચય સ્વરૂપના અવલંબન વગર સમિતિ-ગુપ્તિ વગેરે સાચા હોય નહિ, મનમાં પાપ



ન ચિંતવે ને શુભ રાગ રાખે, વચનથી મૌન રાખે અને કાયાથી હલનચલનાદિ ન કરે એવી મન-વચન-કાયાની ક્રિયાને અજ્ઞાની જીવ ગુપ્તિ માને છે અને તેને તે સંવર માને છે, પણ મૌન તો જડની ક્રિયા છે, શરીર સ્થિર રહે તે પણ જડની ક્રિયા છે તથા અંદર પાપચિંતવન ન કર્યું તે શુભ રાગ છે ઙ્કતેમાં ખરેખર સંવર નથી. પણ સ્વભાવની દષ્ટિ થયા પછી શુભાશુભ વિકલ્પ રહિત વીતરાગ ભાવ પ્રગટ્યો તે ખરી ગુપ્તિ અને સંવર છે. ત્યાં શરીર સ્થિર હોય ને વાણીની ક્રિયામાં મૌન વગેરે હોય તેને ઉપચારથી કાયગુપ્તિ અને વચનગુપ્તિ કહી. એકેંદ્રિયને તો સદા મૌન જ છે પણ તેને કાંઈ ગુપ્તિ ન કહેવાય. અંતરમાં વીતરાગ ભાવ પ્રગટ્યા વગર શુભ રાગ રાખે તો તે પણ ગુપ્તિ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે વીતરાગ ભાવ છે, ત્યાં મન-વચન-કાયાનું અવલંબન નથી, સ્વાધ્યાય વગેરેનો વિકલ્પ પણ નથી -એવો જે વીતરાગ ભાવ તે જ ગુપ્તિ છે અને તે જ સંવર-નિર્જરાનું કારણ છે. કષાયનો કણ પણ મારા સ્વભાવની ચીજ નથી -એવી દષ્ટિ થયા પછી વીતરાગ ભાવ થયો તે નિશ્ચય ગુપ્તિ છે. ને જ્યાં એવી નિશ્ચય ગુપ્તિ પ્રગટી હોય ત્યાં શુભ ભાવને વ્યવહાર ગુપ્તિ કહેવાય છે, પણ વ્યવહાર ગુપ્તિ તે ખરેખર સંવર નથી. વ્યવહાર ગુપ્તિ તો આસ્રવ છે, નિશ્ચય ગુપ્તિમાં વીતરાગ ભાવ છે તે જ સંવર છે.

સમ્યગ્દર્શન થયા પછી સંવર-નિર્જરા હોય છે. સમ્યગ્દર્શન વગર તો સંવર-નિર્જરા હોતા નથી. સમ્યગ્દર્શન પછી સમિતિ-ગુપ્તિ વગેરે ધર્મો મુનિઓને હોય છે -તે સંવર-નિર્જરા છે અને સમિતિ-ગુપ્તિ વગેરે જેટલા મુનિના ધર્મો છે તે બધાય ધર્મો અંશે સમ્યગ્દષ્ટિ શ્રાવકને પણ હોય છે અને શ્રાવકને પણ તેટલા અંશે સંવર-નિર્જરા છે.

**जिनपुङ्गतप्रवचने मुनीश्रवराणां यदुक्तमायरणम् ।**
**सुनिरूप्य निजां पदवीं शक्तिं च निषेव्यमेतदपि ॥**

ઙ્કપુરુષાર્થસિદ્ધિઉપાય

પર જીવોની રક્ષા હું કરું -એવી બુદ્ધિથી પ્રવર્તે છે અને તે રક્ષાના શુભ પરિણામને જ સંવર માને છે -તે પણ અજ્ઞાની છે. પર જીવની હિંસાના પરિણામને તું પાપ કહે છે, ને રક્ષાના પરિણામને તું સંવર કહે છે. તો પછી પુણ્યબંધ કોનાથી થશે ? માટે પરની રક્ષાના શુભ પરિણામ તે સંવર નથી પણ શુભાસ્રવ છે. પરની રક્ષા તો કરી શકતો નથી, અને પરની રક્ષાનો શુભ વિકલ્પ થાય તે પણ આસ્રવ છે, તે સંવર નથી. વીતરાગ ભાવથી પોતાના ચૈતન્યપ્રાણની રક્ષા કરવી તે નિશ્ચય સંવર-નિર્જરા છે, ને ત્યાં પર પ્રાણીની રક્ષાનો ભાવ તે વ્યવહાર સંયમ કહેવાય છે.

શ્રાવકને પણ અંશે સમિતિ-ગુપ્તિ વગેરે હોય છે, જેટલા મુનિધર્મ છે તે બધાય શ્રાવકોએ પણ એકદેશ ઉપાસવા યોગ્ય છે પણ શ્રાવક કહેવા કોને ? જેને પહેલા આત્માના સ્વભાવનું ભાન છે ને સ્વભાવના અવલંબને અંશે રાગ ટળીને વીતરાગી અકષાયી શાંતિ પ્રગટી છે તેટલે અંશે સંવર-

નિર્જરા વગેરે ધર્મ છે, તે શ્રાવક છે. સમ્યગ્દર્શન અને પંચમ ગુણસ્થાન વગર શ્રાવક કહેવાય નહિ.

૧૧ પડિમા તે સ્થૂળ ભેદ છે, તેમાં એકેક પડિમામાં પણ અનેક પ્રકારના સૂક્ષ્મ પરિણામો હોય છે. મુનિને છઠ્ઠા ગુણસ્થાને શુભ ભાવ આવે છે, ત્યાં સમિતિમાં પરની રક્ષાનો અભિપ્રાય નથી પણ તે પ્રકારનો હિંસાનો પ્રમાદભાવ જ થતો નથી એટલો વીતરાગ ભાવ થઈ ગયો છે -તેનું નામ સમિતિ છે. ગમન વગેરેનો શુભ રાગ થતાં મુનિને તેમાં અતિ આસક્તિભાવ નથી એટલે પ્રમાદની પરિણતિ નથી, તેથી તે સમિતિ છે. તેમાં સ્વભાવના અવલંબને વીતરાગ ભાવ થયો તે નિશ્ચય સમિતિ છે, તે તેને તત્ત્વાર્થસૂત્રમાં સંવર કહ્યો છે અને ૨૮ મૂળગુણમાં સમિતિ કહી છે તે વ્યવહાર સમિતિ છે, ને તે પુણ્યાસ્રવ છે, તે સંવર નથી. અજ્ઞાની તો વ્યવહાર સમિતિને જ ધર્મ માને છે, તે વ્યવહારાભાસી છે.

૨૮ મૂળગુણમાં આવતી સમિતિને સંવર કહે -તો તે અજ્ઞાની છે. તત્ત્વાર્થસૂત્રમાં જે સમિતિને સંવરનું કારણ કહ્યું છે તે સમિતિ જુદી અને ૨૮ મૂળગુણવાળી સમિતિ જુદી; તત્ત્વાર્થસૂત્રમાં ૨૮ મૂળગુણવાળી સમિતિને સંવર નથી કહ્યો, પણ સ્વભાવના અવલંબને પ્રગટેલી મુનિઓની વીતરાગ પરિણતિરૂપ નિશ્ચય સમિતિને જ સંવરનું કારણ કહ્યું છે. બન્ને પ્રકાર જુદા છે -તે સમજે નહિ ને વ્યવહાર સમિતિને જ સંવર માને તો તેને સંવર તત્ત્વની ખબર નથી. શુભ રાગ તે મુનિપણું નથી. અંતરમાં વીતરાગ ભાવ થયો તે મુનિપણું છે. ત્યાં શુભ રાગ રહ્યો તે વ્યવહાર સમિતિ છે-આસ્રવ છે. યથાર્થ સમજાણ વગર એકલા સંપ્રદાયના નામથી કાંઈ તરી જવાતું નથી. સમજાણ કરીને યથાર્થ નિર્ણય કરવો જોઈએ.

છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળા મુનિ ચાલતા હોય, પ્રમાદભાવ ન હોય ને કોઈ લીમડાનો સૂક્ષ્મ કોર પગે આવી જાય, ઝાડ ઉપરથી જીવજંતુ શરીર ઉપર પડીને ગરમીથી મરી જાય-ત્યાં મુનિને કાંઈ દોષ નથી, કેમ કે તેની પરિણતિમાં પ્રમાદ નથી. પોતાની પરિણતિમાં પ્રમાદ થાય તો દોષ છે. પણ અહીં તો કહે છે કે જોઈને ચાલવાનો શુભ ભાવ તે પણ ખરેખર સંવર નથી. જોઈને ચાલે, પ્રમાદ ન કરે ને કોઈ જીવ પણ ન મરે -છતાં તે શુભ રાગથી ધર્મ માને તો તે જીવને સંવર તત્ત્વની ખબર નથી.

સ્વર્ગ-મોક્ષની ઈચ્છાથી કે નરકાદિના ભયથી ક્રોધાદિ ન કરે ને મંદ રાગ રાખે પણ તેથી કાંઈ ધર્મ ન થાય, કેમ કે કષાય શું ને સ્વભાવ શું -તેનું ભાન નથી. લૌકિકમાં આબરૂ વગેરેના કારણે પરસ્ત્રી સેવન ન કરે, રાજાના ભયથી ચોરી ન કરે -તેથી કાંઈ તેને વ્રતધારી ન કહેવાય, કેમ કે કષાય કરવાનો અભિપ્રાય તો છૂટ્યો નથી. જેને પુણ્યની પ્રીતિ છે તેને કષાયનો જ અભિપ્રાય પડ્યો છે. જ્ઞાયકસ્વભાવનો જેને અનાદર છે ને રાગનો આદર છે તે જીવના અભિપ્રાયમાં અનંતાનુબંધી ક્રોધ પડ્યો છે, તે ધર્મી નથી. જેને જ્ઞાયકસ્વભાવનું ભાન નથી અને પરપદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માને છે-



તે જીવને રાગદ્વેષનો અભિપ્રાય છૂટ્યો નથી. ભગવાન પંચ પરમેષ્ઠી તે ઈષ્ટ અને કર્મ અનિષ્ટ એવી જેની બુદ્ધિ છે તે પણ અજ્ઞાની છે, હું તો જ્ઞાન છું ને બધા પરદ્રવ્યો મારા જ્ઞેય છે, તેમાં કોઈ મને ઈષ્ટ-અનિષ્ટ નથી -આવું ભાન થયા પછી ધર્મીને શુભ રાગ થતાં ભગવાનનું બહુમાન આવે છતાં પરમાં ઈષ્ટબુદ્ધિ નથી ને રાગનો આદર નથી, રાગ પરને કારણે થયો નથી. તત્ત્વજ્ઞાનના અભ્યાસથી જ્યારે કોઈ પણ પરપદાર્થ ઈષ્ટ-અનિષ્ટ ન ભાસે ત્યારે રાગનો અભિપ્રાય ન રહે.

**ફાગણ વદ ૬, શુક્રવાર, ૬-૩-૫૩.**

અજ્ઞાની અનાદિકાળથી તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં ભૂલ કરે છે, તેમાં સંવર તત્ત્વની ભૂલ કહેવાય છે. તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ ન ભાસે એમ અહીં કહ્યું છે. માત્ર આત્મજ્ઞાનથી ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ મટે એમ નહિ લેતાં સાત તત્ત્વોને યથાર્થરૂપે જાણે તો પોતાનું શુદ્ધ સ્વરૂપ ઉપાદેય માને અને પરથી ઉદાસીન થાય તે અનિત્યાદિ ભાવના મોક્ષમાર્ગમાં ગણી છે. શરીર, સ્ત્રી, કુટુંબ, ધન વગેરે અજીવ છે તેમાં કોઈ ઈષ્ટ-અનિષ્ટ નથી. સાત તત્ત્વોની સમ્યક્શ્રદ્ધા થતાં, શુદ્ધાત્માનો પ્રતિભાસ થતાં પરપદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટપણું ભાસતું નથી ને રાગદ્વેષની ઉત્પત્તિ થતી નથી તે ધર્મ છે.

વળી શરીરાદિમાં અશુચિ, અનિત્યાદિ ચિંતવનથી, તેને બૂરા જાણી, અહિતરૂપ જાણી, તેનાથી ઉદાસ થવું તેનું નામ તે અનુપ્રેક્ષા કહે છે પણ તે તો દ્વેષબુદ્ધિ છે. સ્ત્રી, પુત્રાદિ સ્વાર્થના સગાં છે, લક્ષ્મી પાપ ઉપજાવે છે -એમ માની તેના ઉપર દ્વેષ કરે છે. તો શું પરદ્રવ્ય તારું બૂરું કરે છે ? નહિ જ. તે તો તેમના પ્રત્યે દ્વેષ થયો. જેમ પ્રથમ કોઈ મિત્રથી રાગ કરતો હતો પછી દોષ જોઈ દ્વેષરૂપ ઉદાસ થયો, તેમ શરીરાદિ ઉપર પ્રથમ રાગ હતો પછી તેમને અનિત્યાદિ જાણી તેનાથી ઉદાસ થતાં તેના પ્રત્યે દ્વેષ કરનારો થયો -એ કાંઈ સાચી અનુપ્રેક્ષા નથી.

એક ઉપદેશક કહેતાં હતાં કે રાગના કારણરૂપ સ્ત્રી-ધનાદિ ઉપર એવો દ્વેષ કરો કે તેના પ્રત્યે જરા પણ રાગ ન રહે. તો શું પર ચીજથી રાગ-દ્વેષ-મોહ થાય છે ? શું પર ચીજનું ગ્રહણ-ત્યાગ કરી શકાય છે ? તત્ત્વજ્ઞાનપૂર્વક જ્ઞાતામાત્ર સ્વભાવમાં સ્થિર દશા થતાં સહજ પર ચીજ પ્રત્યેના રાગનો ત્યાગ થઈ જાય છે ને પરવસ્તુ તો તેના કારણે છૂટી જાય છે. અજ્ઞાનીને કર્તાબુદ્ધિનો મોહ છે. ભૂમિકાનુસાર સમયે સમયે રાગ થાય છે તેને પણ છોડી શકાતો નથી. આત્મા તો માત્ર જ્ઞાતા રહી શકે છે તેની અજ્ઞાનીને ખબર નથી તેથી પર ચીજને છોડું ને પર સંયોગથી દૂર રહું તો શાંતિ થાય-ધર્મ થાય એમ તે માને છે. પણ પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપને તથા શરીરાદિનો જે સ્વભાવ છે તેને જાણી, ભ્રમ છોડી, કોઈ પરને ભલા-બૂરા ન માનતાં માત્ર જ્ઞાતાદૃષ્ટા રહેવું તેનું નામ સાચી ઉદાસીનતા છે.

નિશ્ચય તત્ત્વાર્થ શ્રદ્ધાનપૂર્વક સ્વસન્મુખ યથાર્થ જ્ઞાતાપણામાં જેટલી એકાગ્રતા વધે છે તેનું નામ

સંવર-નિર્જરાનું કારણ સાચી અનુપ્રેક્ષા છે. શુભ રાગ રહ્યો તે વ્યવહાર અનુપ્રેક્ષા છે હતે તો આસ્રવ છે.

વળી ક્ષુધાદિ થતાં તેના નાશનો ઉપાય ન કરવો, આહારાદિ ન લેવા તેને તેને તે પરિષહ સહનતા કહે છે. હવે સંયોગી દૃષ્ટિ તો છે અને અંદરમાં ક્ષુધાદિને અનિષ્ટ માની દુઃખી તો થયો છે -તે તો અશુભ ભાવ છે પણ કદી શુભ ભાવ હોય તો પણ ધર્મ નથી. કોઈ કહે છે કે પ્રથમ પરિષહ સંબંધી પ્રતિકૂળતા ને વિકલ્પ થાય પછી બીજે સમયે રાગને જીતવો તે પરિષહજય છે. તો તે વાત ખોટી છે. કારણ કે વિકલ્પ તો રાગ છે, આસ્રવ છે. તે પરિષહજયરૂપ સંવર નથી. ક્ષુધા, તૃષા, રોગાદિ મટાડવાનો ઉપાય ન કરવો તે પરિષહજય નથી કેમ કે તેમાં તો શુભ રાગની ઉત્પત્તિ છે. મુનિ નગ્ન રહે છે તે પરિષહજય છે એમ પણ નથી પણ તત્ત્વજ્ઞાનપૂર્વક સ્વાશ્રયના બળથી રાગની ઉત્પત્તિ ન થવી તે પરિષહજય છે. જ્ઞાતામાત્રપણે સ્વરૂપમાં સ્થિર રહેવું તેનું નામ સંવર છે-પરિષહજયરૂપ ધર્મ છે.

આત્માનુશાસન ગ્રંથમાં લખે છે કે અજ્ઞાની ત્યાગી હોય ને તેને બાહ્ય સામગ્રીનો અભાવ વર્તે છે તે તો અંતરાયના કારણે છે. અંતરંગ જ્ઞાન, વૈરાગ્ય વિના ઉપચારથી પણ ધર્મ નથી. જેને અનુકૂળ સંયોગની રુચિ છે તેને તે જ સમયે પ્રતિકૂળ સંયોગનો દ્વેષ છે, તેમ આ ઉપવાસાદિમાં દુઃખ માને તથા રતિના કારણ મળતાં સુખ માને જ છે. એ તો પરથી સુખ-દુઃખરૂપ પરિણામ છે અને એ જ આર્ત-રૌદ્રધ્યાન છે. એનાથી સંવરધર્મ નથી પણ પરની અપેક્ષા રહિત એકલા જ્ઞાતા સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-લીનતા વડે સ્વસન્મુખ જ્ઞાતા રહે અને કોઈને અનુકૂળ-પ્રતિકૂળ ન માને તે જ સાચો પરિષહજય છે. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ મળે છતાં પોતાના સહજ જ્ઞાનસ્વભાવના આશ્રયે સર્વ ઠેકાણે જ્ઞાતાદૃષ્ટા રહેતાં જેટલી પોતાની વીતરાગદશા થઈ તેટલા અંશે ધર્મ છે. શુભરાગ તે પુણ્યાસ્રવ છે. વળી હિંસાદિક સાવદ્યયોગના ત્યાગને તે ચારિત્ર માને છે પણ હિંસા, આરંભ, સમારંભ બહારમાં નથી પણ જીવના અરૂપી વિકારભાવમાં આરંભ-હિંસાદિરૂપ ભાવ થાય છે. બાહ્ય ત્યાગ દેખાય માટે હિંસારૂપ આરંભથી છૂટી ગયો-એમ નથી.

૨૮ મૂળગુણ તથા મહાવ્રતાદિના પાલનરૂપ શુભ ઉપયોગ તે શુભાસ્રવ છે, તે ધર્મ નથી. અજ્ઞાની તે વ્રત-તપાદિના શુભ રાગને ઉપાદેય માને છે, હિતકર મદદગાર માને છે પણ તે ચારિત્ર નથી.

ચરણાનુયોગની અપેક્ષાએ પણ અજ્ઞાનીને વ્યવહાર ત્યાગ કહી શકાતો નથી. આત્માના તત્ત્વજ્ઞાનપૂર્વક અકષાય શાંતિની બુદ્ધિ થાય તે સંવરરૂપ ધર્મ છે. અવ્રતાદિના રાગનો ત્યાગ થતાં બાહ્ય ત્યાગ વ્યવહારથી કહેવાય છે. પણ બાહ્ય વસ્તુનો ત્યાગ તે ધર્મ નથી. રાગનો ત્યાગ કર્યો એમ કહેવું તે પણ નામમાત્ર છે-ઉપચારથી છે. કેમ કે જ્ઞાતા તો રાગના પણ અભાવસ્વરૂપ જ છે. આત્મા આત્મામાં સ્થિર થાય તે જ સાચું પ્રત્યાખ્યાન છે. વ્રતાદિનો શુભ રાગ છે તે આસ્રવ છે. તે આસ્રવ તો બંધનો સાધક



છે ને ચારિત્ર તો વીતરાગભાવમાત્ર હોવાથી મોક્ષનું સાધક છે. તેથી એ મહાવ્રતાદિરૂપ શુભ ભાવને ચારિત્રપણું સંભવતું નથી. અજ્ઞાનીના વ્રત ઉપચારથી પણ વ્રત કહેવાતાં નથી.

નિશ્ચય સમ્યગ્દર્શનપૂર્વક સ્વસન્મુખ વીતરાગ ભાવ થાય તેટલું ચારિત્ર છે અને મહાવ્રતાદિના શુભ રાગ જે મુનિદશામાં થાય છે તે ચારિત્ર નથી પણ ચારિત્રનો મળ છે-દોષ છે. એને નહિ છૂટતો જાણી તેનો ત્યાગ કરતાં નથી અને અવ્રતાદિ અશુભ રાગનો ત્યાગ કરે છે. પણ તે શુભાસ્રવને ધર્મ માનતા નથી.

જેમ કોઈ કંદમૂળાદિ ઘણા દોષવાળી લીલોતરીનો ત્યાગ કરે ને કોઈ લીલોતરી ખાય પણ તેને ધર્મ માને નહિ તેમ મુનિ હિંસાદિ તીવ્ર કષાયભાવરૂપ અવ્રતનો ત્યાગ કરે છે તથા અકષાય દૃષ્ટિ અને સ્થિરતાપૂર્વક મંદ કષાયરૂપ મહાવ્રતાદિ પાળે છે પણ વ્રતાદિ આસ્રવને મોક્ષમાર્ગ માનતા નથી.

## ફાગણ વદ ૭, શનિવાર, ૭-૩-૫૩.

વ્યવહારાભાસીનું વર્ણન ચાલે છે. સાત તત્ત્વોનો ભાવ ભાસ્યા વિના અગૃહીત મિથ્યાત્વ ટળતું નથી. તેવો જીવ સંવર તત્ત્વમાં શું ભૂલ કરે છે તે બતાવે છે.

**પ્રશ્ન** : જો એ પ્રમાણે છે તો ચારિત્રના તેર ભેદોમાં એ મહાવ્રતાદિકને કેમ કહ્યા છે ?

**ઉત્તર** : ત્યાં તેને વ્યવહાર ચારિત્ર કહે છે. ચારિત્ર જેવું છે તેવું ન માને તે સંવર તત્ત્વમાં ભૂલ છે. વ્યવહાર ચારિત્ર ઉપચારનું નામ છે. મુનિદશામાં અકષાય આનંદ હોય છે ને વિકલ્પ વખતે પાંચ મહાવ્રતના પરિણામ આવે છે એવો નિમિત્તનો સંબંધ જાણી મહાવ્રતમાં ચારિત્રનો ઉપચાર કરે છે. ચારિત્ર સાક્ષાત્ મોક્ષમાર્ગ છે, ને સમ્યગ્દર્શન પરંપરા મોક્ષમાર્ગ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે છે. આત્મામાં અકષાય શાંતિ પ્રગટે તે ચારિત્ર છે. તેવું ચારિત્ર પ્રગટ થયું છે તેવા મુનિના પાંચ મહાવ્રતને ઉપચારથી ચારિત્ર કહ્યું છે. નિશ્ચયથી નિઃકષાય ભાવ છે તે જ સાચું ચારિત્ર છે. એ પ્રમાણે સંવરના કારણોને અન્યથા જાણે છે તેથી અગૃહીત મિથ્યાત્વ છૂટતું નથી. મહાવ્રતાદિના પરિણામને સંવર માને તો સાચો શ્રદ્ધાની નથી.

## નિર્જરા તત્ત્વના શ્રદ્ધાનની અયથાર્થતા

અજ્ઞાનીને નિર્જરા તત્ત્વમાં ભૂલ થાય છે તે બતાવે છે. ઉપવાસ, વૃત્તિસંક્ષેપ, વિનય આદિને તે નિર્જરા માને છે, તે બધા બાહ્ય તપ છે. તેમાં કષાયમંદતા કરે તો પુણ્ય છે, શુદ્ધ આત્માનું ભાન થયા પછી અંતરમાં લીનતા કરે તે નિર્જરા છે. "બાહ્ય તપ તો શુદ્ધોપયોગ વધારવા અર્થે કરવામાં આવે છે." એનો અર્થ એમ છે કે પોતે જ્ઞાનસ્વભાવી છે એવી દૃષ્ટિપૂર્વક લીનતા કરતાં પહેલાં ઉપવાસાદિનો શુભ ભાવ નિમિત્તરૂપે હોય છે. તેથી બાહ્ય તપ શુદ્ધોપયોગ વધારવા અર્થે કરવામાં આવે છે -એમ

કહેવામાં આવે છે. જેને ઉપવાસાદિમાં આગ્રહ હોય તેની વાત નથી. સ્વભાવમાં લીન થતાં બાહ્યતપરૂપી નિમિત્ત ઉપરથી લક્ષ છૂટી ગયું તેથી બાહ્ય તપ ઉપર ઉપચાર આવે છે. સ્વભાવમાં લીનતા કરતાં ઈચ્છા સહજ તૂટી જાય છે. પોતે જ્ઞાનસ્વભાવી છે એમ નિશ્ચયપૂર્વક લીનતા કરતાં શુભ ઉપયોગ છૂટી જાય છે. શુદ્ધતામાં પોતાનો સ્વભાવભાવ કારણ થાય છે, તો શુભનો અભાવ કારણ છે -એમ ઉપચાર કરવામાં આવે છે. સમ્યગ્દર્શન વખતે અંશે શુદ્ધોપયોગ થયેલ છે, વિશેષ લીનતા થતાં શુદ્ધોપયોગ વધે છે. જેને સમ્યગ્દર્શન, સમ્યક્ અનુભૂતિ તથા અંશે આનંદ પ્રગટ થયેલ નથી તેને તો શુભનો ઉપચાર પણ આવતો નથી.

અજ્ઞાની જીવ કહે છે કે ઉપવાસ કરો, પડિમા આદિ ધારણ કરો. પણ ભાઈ ! સમ્યગ્દર્શન થયા પછી વિશેષ શુદ્ધતા માટેનો પ્રયોગ તે પડિમા છે. પડિમા બાહ્ય ચીજ નથી. અંતર શુદ્ધોપયોગ થતાં ઈચ્છા તૂટી જાય છે ત્યારે બાહ્ય તપ ઉપર આરોપ આવે છે.

આત્માના ભાન વિના અજ્ઞાની ઘણા તપ કરે છે પણ તેને નિર્જરા થતી નથી. હું આ કરું ને આ છોડું એવો ભાવ મિથ્યા છે. એવો વિકલ્પ વસ્તુસ્વભાવમાં નથી.

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं, ज्ञानात् अन्यत करोति किम् ।**
**पर भावस्य कर्तात्मा मोहोऽयम् व्यवहारिणाम् ॥**

આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન સિવાય બીજું શું કરે ? રાગ કરે કે છોડે એ પણ જ્ઞાનનું સ્વરૂપ નથી. જ્ઞાન આહાર લાવે છે કે છોડે ? ના, આત્મામાં જાણવાની ક્રિયા છે. નિર્ણય થયા પછી લીનતા થવી તે નિર્જરાનું કારણ છે.

જ્ઞાની જીવના બાહ્ય તપને ઉપચારથી નિર્જરાનું કારણ કહે છે. જો બાહ્ય દુઃખ સહન કરવું તે નિર્જરાનું કારણ હોય તો ઢોર વગેરે ઘણી ભૂખ, તરસ સહન કરે છે તો તેને ઘણી નિર્જરા થવી જોઈએ -પણ એમ બનતું નથી. માટે બાહ્ય દુઃખ સહન કરવું તે નિર્જરાનું કારણ નથી.

**પ્રશ્ન** : એ તો પરાધીનપણે સહે છે પણ સ્વાધીનપણે ધર્મબુદ્ધિથી ઉપવાસાદિરૂપ તપ કરે તો નિર્જરા થાય છે ? આહાર પાણી મળે છે તે મળવા છતાં અમો છોડી દઈએ તો અમોને નિર્જરા થાય ને?

**ઉત્તર** : ધર્મબુદ્ધિથી એટલે શુભ ભાવથી બાહ્ય ઉપવાસાદિક તો કરે પણ ત્યાં ઉપયોગ તો અશુભ, શુભ વા શુદ્ધરૂપ જેમ પરિણમે તેમ પરિણમો. ત્યાં અશુભ પરિણામ હોય તો પાપ થાય છે, શુભ પરિણામ હોય તો પુણ્ય થાય છે અને શુદ્ધ પરિણામ હોય તો ધર્મ થાય છે. અજ્ઞાની જીવને પરિણામની ખબર નથી. ૨૪ કલાક કે ૪૮ કલાક આહાર ન લીધો માટે શુભ પરિણામ થયા એમ નથી. પરિણામને બાહ્ય પદાર્થ સાથે સંબંધ નથી. પોતાની પ્રશંસા, માનાદિ માટે ઉપવાસાદિ કરે તો પરિણામ અશુભ



છે, તેને કષાયમંદતા નથી તેથી પાપ થાય છે. પોતે તપાદિ કરે ને તેની ઉજવણી માટે સગાંવહાલાં ન આવે તો અંદર ખેદ થાય -તે બધો અશુભ ભાવ છે. સાધુ નામ ધરાવી પ્રશંસા માટે ઉપવાસ કરે તો તે પાપ છે. બહારના ઉપવાસથી નિર્જરા નથી, શુભ ભાવ કરે તો પુણ્યબંધ છે. પોતાના પરિણામથી લાભ-અલાભ છે, બહારથી નથી. આઠ ઉપવાસ કર્યા હોય અને અંતર પરિણામ માનના હોય તો તેને પાપ લાગે છે. અમોએ આટલા ઉપવાસ કર્યા છતાં અમારા સામે કોઈ જોતું નથી દ્રવગેરે પરિણામથી પાપ લાગે છે. જો ઘણા ઉપવાસથી ઘણી નિર્જરા થાય તથા થોડા કરતાં થોડી થાય એવો નિયમ ઠરે તો નિર્જરાનું મુખ્ય કારણ ઉપવાસાદિ ઠરે પણ એમ તો બને નહિ. કારણ કે પરિણામ દુષ્ટ થતાં ઉપવાસાદિ કરતાં પણ નિર્જરા થવી કેમ સંભવે ? માટે જેવો અશુભ, શુભ, શુદ્ધરૂપ ઉપયોગ પરિણમે તે અનુસાર બંધ-નિર્જરા છે.

અશુભ-શુભથી બંધ છે ને શુદ્ધથી અબંધદશા થાય છે. માટે ઉપવાસાદિ તપ નિર્જરાનું કારણ ન રહ્યું, પણ અશુભ-શુભ બંધનું કારણ ઠર્યું તથા શુદ્ધ પરિણામ નિર્જરાનું કારણ ઠર્યું.

**પ્રશ્ન** : તો તત્ત્વાર્થસૂત્રમાં **'तपसा निर्जरा च'** એમ શા માટે કહ્યું છે ?

**ઉત્તર** : શાસ્ત્રમાં **'इच्छा निरोधस्तपः'** કહ્યું છે. શુભ અશુભ ઈચ્છા બન્નેનો નાશ કરવો તે તપ છે. ઈચ્છાને રોકવી તેનું નામ તપ છે -તે પણ ઉપદેશનું કથન છે. જે ઈચ્છા થાય છે તેને રોકી શકાય છે ? પોતાના જ્ઞાનસ્વભાવમાં લીન થતાં ઈચ્છા ઉત્પન્ન જ ન થઈ તેને ઈચ્છા રોકી એમ કહેવાય છે. પહેલી પર્યાયમાં ઈચ્છા હતી ને બીજી પર્યાયમાં સ્વભાવમાં લીનતા થતાં ઈચ્છા ઉત્પન્ન ન થઈ તે નિર્જરા છે તેથી તપ વડે નિર્જરા કહી છે.

**પ્રશ્ન** : આહારાદિરૂપ અશુભની ઈચ્છા તો દૂર થતાં જ તપ થાય પરંતુ જ્ઞાનીને ઉપવાસાદિ કે પ્રાયશ્ચિત્ત કરવાની ઈચ્છા રહે છે ને ?

**ઉત્તર** : ધર્મી જીવને ઉપવાસાદિની ઈચ્છા નથી, એક શુદ્ધ ઉપયોગની ભાવના છે. ઉપવાસ થાય છે ત્યાં આહાર આવવાનો જ ન હતો; ઈચ્છા તૂટી માટે આહાર અટકી ગયો -એમ છે જ નહિ. સ્વભાવમાં લીન થતાં ઈચ્છા તૂટી જાય છે. તે પણ તોડવી પડતી નથી. કોઈ પૂછે કે ઈચ્છા કરી હોત તો આહાર આવત ને ? એ પ્રશ્ન જ નથી. પોતાના જ્ઞાનસ્વભાવમાં લીનતા થતાં ઈચ્છા ઉત્પન્ન ન થઈ ને આહાર તો તેના કારણે ન આવ્યો એ ઉપવાસ છે.

જ્ઞાનીને ઉપવાસાદિની ઈચ્છા નથી. હું જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છું -એવું ભાન છે. એક શુદ્ધ ઉપયોગની ભાવના છે પણ આસ્રવની ઈચ્છા નથી. સોળ કારણભાવના રાગ છે તેની પણ ભાવના જ્ઞાનીને નથી. ઉપવાસાદિ કરતાં શુદ્ધોપયોગ વધે છે. તેથી તેઓ ઉપવાસાદિ કરે છે. એટલે કે પોતાના સ્વભાવના લક્ષે શાંતિ વધે છે -તો ઉપવાસથી નિર્જરા થઈ એમ કહેવામાં આવે છે. ''વસ્તુનો સ્વભાવ

તે ધર્મ છે.'' દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ.

પણ જો ધર્મી જીવ અથવા મુનિ જાણે કે ઉપવાસના પરિણામ સહજ આવતા નથી ને શરીરમાં શિથિલતા જાણે ને શુદ્ધોપયોગ શિથિલ થતાં જાણે તો ત્યાં તેઓ આહારાદિ ગ્રહણ કરે છે. ધર્માત્મા જ્ઞાની દેખે કે પોતાના પરિણામમાં શાંતિ રહેતી નથી તો આહારાદિ લ્યે છે. પ્રતિજ્ઞા લેતી વખતે તો કપટ નથી. પ્રાણ જાય તો પણ ન છોડું તેવા ભાવ પ્રતિજ્ઞા વખતે હોય છે પણ પાછળથી શિથિલતા દેખે તો આહાર લ્યે છે, હઠથી ઉપવાસ કરતાં નથી. પરિણામ તપાસીને તપ કરે છે, હઠ કરતાં નથી. જ્યાં હઠ છે ત્યાં લાભ નથી. મુનિપણું કે પડિમા હઠથી નભાવવા તે વ્યાજબી નથી.

જ્ઞાની તત્ત્વજ્ઞાન થયા પછી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને પડિમા કે મુનિપણું લ્યે છે, દેખાદેખીથી પડિમા લેતાં નથી. તે બધી દશા સહજ હોય છે.

બનારસીદાસ કહે છે કે :-

**સદ્‌ગુરુ કરે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા**

જે વાદવિવાદ કરે છે તે બધા આંધળા છે. પોતાના પરિણામ તપાસીને પડિમા આદિ હોવી યોગ્ય છે. બનારસીદાસનું કથન ગંભીર છે. ''એકમાં અનેક ખોજે.'' (પૃ. ૩૩૮) કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષાર્થ, કર્મનો અભાવ -એ પાંચે સમવાય એક સમયમાં આવી જાય છે.

સમયસાર નાટકમાં પૃ.૩૩૮માં કહે છે કે :-

**टेक डारि एकमैं अनेक खोजै सो सुबुद्धि ।**
**खोजी जीवै वादी मरै साची कहबति है ।**

સમયે સમયે જે પરિણતિ થવાની તે થવાની તે કોણે નિર્ણય કર્યો ? વસ્તુસ્વભાવ જ્ઞાન જ છે. પોતે જ નિર્ણય કરે છે.

નિયતનો નિર્ણય પુરુષાર્થથી થાય છે. જે સમયે જે થવાનું તે થવાનું છે -એવો નિર્ણય પુરુષાર્થથી થાય છે. પુરુષાર્થ સ્વભાવમાં છે ને સ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે.

**જે ખોજે છે તે જીવે છે ને વાદી મરે છે.**

વસ્તુસ્વરૂપ સમજ્યા વિના બધું નકામું છે. મુનિ પોતામાં શિથિલતા દેખે તો આહાર લ્યે છે.

અજીતનાથ આદિ તીર્થંકરોએ દીક્ષા લઈને બે ઉપવાસ જ કેમ ધારણ કર્યાં ? તેમની શક્તિ પણ ઘણી હતી પરંતુ જેવા પરિણામ થયા તેવા બાહ્ય સાધન વડે એક વીતરાગ શુદ્ધોપયોગનો અભ્યાસ કર્યો. એ પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી વાત કરી છે.



**પ્રશ્ન** : જો એમ છે તો આહાર ન લેવો, ઊણોદરી કરવી વગેરેને તપ કેમ કહ્યો ?

**ઉત્તર** : એને બાહ્ય તપ કહ્યો છે. બાહ્યનો અર્થ એ છે કે બીજાને દેખાય છે કે આ માણસ તપ કરે છે. પણ પોતે તો જેવા પરિણામ થશે તેવું જ ફળ પામશે. કારણ કે પરિણામ વિનાની શરીરની ક્રિયા ફળદાતા નથી.

**પ્રશ્ન** : શાસ્ત્રમાં તો અકામ નિર્જરા કહી છે. ત્યાં ઈચ્છા વિના ભૂખ-તૃષાદિ સહન કરતાં નિર્જરા થાય છે તો ઉપવાસ કરે, કષ્ટ સહન કરે તેને નિર્જરા કેમ ન થાય ?

**ઉત્તર** : અકામ નિર્જરામાં પણ બાહ્ય નિમિત્ત તો ઈચ્છા રહિત ભૂખ તૃષા સહન કરવી એ છે. ત્યાં પણ અંતર્‌કષાયમંદતા હોય તો અકામ નિર્જરા છે. કષાયમંદતા ન હોય તો અકામ નિર્જરા નથી. બાહ્યથી આહાર-પાણી ન મળે ને તે કાળે કષાયમંદતા હોય તો અકામ નિર્જરા છે.

**ફાગણ વદ ૮, રવિવાર, ૮-૩-૫૩.**

વ્યવહારાભાસીનો અધિકાર ચાલે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે તેવી દૃષ્ટિ થઈ નથી ને ક્રિયાકાંડમાં ધર્મ માને છે તે વ્યવહારાભાસી છે.

**પ્રશ્ન** : ઉપવાસ કરે, બાહ્ય સંયમ પાળે, આયંબિલ કરે, કંદમૂળાદિ ન ખાય તો તેને ધર્મ કેમ થતો નથી ?

**ઉત્તર** : ઢોર વગેરેને ભૂખ-તરસ સહન કરતી વખતે કષાયમંદતા થાય છે તે અકામ નિર્જરા છે, તે અકામ નિર્જરામાં પણ બાહ્ય નિમિત્ત તો ઈચ્છા રહિત ભૂખ, તૃષાદિ સહન કરવી એ થયું છે, ત્યાં મંદ કષાય ન હોય તો પાપબંધ પડે છે. કષાયમંદતા કરે તો પુણ્ય થાય ને દેવાદિનો બંધ પડે, પણ ત્યાં મિથ્યાત્વનું પાપ તો છે જ. અંતર્‌સ્વભાવનું ભાન નથી તેને ધર્મ થતો નથી.

નિર્જરા ચાર પ્રકારની છે.

(૧) બાહ્યથી પ્રતિકૂળ સંયોગ હોય ને તે વખતે કષાયમંદતા કરે તો અકામ નિર્જરા થાય છે. ગરીબ લોકોને અનાજ વગેરે મળે નહિ તે વખતે કષાયમંદતા કરે તો પુણ્ય થાય. નાની ઉંમરમાં કોઈ બાઈ વિધવા થાય ત્યાં કષાયમંદતા વડે બ્રહ્મચર્ય પાળે તે પુણ્ય છે, તેને અકામ નિર્જરા થાય છે.

(૨) આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે, તેવા અકષાય સ્વભાવનું લક્ષ હોય, દેહાદિની ક્રિયા જડથી થાય છે, પુણ્ય-પાપના ભાવ બન્ને બંધ છે, બંધ રહિત શુદ્ધ સ્વભાવનું ભાન હોય તેને સકામ નિર્જરા થાય છે.

(૩) વળી લોભ આદિના પરિણામ સમયે સમયે કરે છે ત્યારે જે કર્મના પરમાણુ ખરી જાય છે તેને સવિપાક નિર્જરા કહે છે. અજ્ઞાનીને નવા બંધ સહિત આ નિર્જરા થાય છે. આ સવિપાક

નિર્જરા ચારે ગતિના જીવોને થાય છે.

(૪) હું જ્ઞાતા છું, દેહની ક્રિયા મારી નથી, પર વસ્તુનો ત્યાગ કરી શકતો નથી એવી સાચી દૃષ્ટિ થયા પછી કર્મ ખરે છે તે અવિપાક નિર્જરા છે.

આત્માની ભાવના સહિત એવો સકામ શબ્દનો અર્થ થાય છે. હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું, રાગ કરવો કે દેહની ક્રિયા કરવી તે મારા સ્વભાવમાં નથી. એવા જ્ઞાનીને અકામ, સકામ, સવિપાક ને અવિપાક -એમ ચારે પ્રકારની નિર્જરા હોય છે. કર્મ પાક વિના ખર્યા માટે અવિપાક કહેલ છે, આત્માનો પુરુષાર્થ બતાવવા તેને જ સકામ નિર્જરા કહે છે. સકામ ને અવિપાક નિર્જરા જ્ઞાનીને જ હોય છે. તે ઉપરાંત જ્ઞાનીને અકામ અને સવિપાક નિર્જરા પણ હોય છે. અજ્ઞાનીને અકામ ને સવિપાક બે જ પ્રકારની નિર્જરા હોય છે.

હું જ્ઞાયક શુભાશુભ ભાવનો નાશક છું એવું ભાન થતાં ભ્રાંતિ ટળી જાય છે, ને શુભાશુભ ભાવનો રક્ષક છું એમ માને તે ભ્રાંતિ છે. હું કુટુંબ, દેશ વગેરેનો રક્ષક નથી તથા શુભાશુભ ભાવનો પણ રક્ષક નથી, પણ નાશક છું એવું ભાન થતાં સમ્યગ્દર્શન થાય છે. તે વખતે શુભાશુભ ભાવ સર્વથા ટળતાં નથી. ભ્રાંતિ ટળે છે પણ પુણ્ય-પાપ ટળતા નથી. પછી સ્વરૂપમાં લીનતા કરે તો પુણ્ય-પાપ ટળે છે. આમ કરે તે સાચો જૈન છે. પોતાની પર્યાયમાં પુણ્ય-પાપ ભાવ થાય છે તેનો સ્વભાવના લક્ષે નાશ કરવાવાળો તે જૈન છે. તેવા જીવને ચાર પ્રકારની નિર્જરા થાય છે. હું આત્મા છું, શરીર-મન-વાણી આદિ મારા નથી, તે બધાને જાણનારો છું, વિભાવનો ભક્ષક છું ને સ્વભાવનો રક્ષક છું એમ માનનાર જૈન છે. જે વિભાવનો રક્ષક છે તે સ્વભાવનો નાશક છે તે અજૈન છે. શુદ્ધ ચિદાનંદનું ભાન કરનાર જૈન છે. તેને ચારે પ્રકારની નિર્જરા હોય છે, ને અજ્ઞાનીને અકામ ને સવિપાક નિર્જરા હોય છે.

હવે અહીં મૂળ પ્રશ્નની વાત લઈએ.

બાહ્ય પ્રતિકૂળ નિમિત્ત વખતે ઢોર આદિ કષાયમંદતા કરે તો પુણ્યબંધ થાય ને દેવમાં જાય. પ્રતિકૂળતા વખતે કષાયમંદતા ન કરે તો પુણ્ય પણ થતું નથી. માત્ર દુઃખ સહન કરવાથી સ્વર્ગ મળતું નથી. બટાટા વગેરે જીવોને ઘણી પ્રતિકૂળતા હોય છે, અગ્નિમાં શેકાઈ જાય છે, ત્યાં દુઃખનું નિમિત્ત તો છે પણ કાંઈ બધાને પુણ્યબંધ થતો નથી. જે કષાયમંદતા કરે તેને પુણ્યબંધ થાય. જો તીવ્ર કષાય થતાં પણ કષ્ટ સહન કરતાં પુણ્યબંધ થાય તો સર્વ તિર્યંચાદિક દેવ જ થાય પણ એમ બને નહિ.

એ જ પ્રમાણે ઈચ્છા કરી ઉપવાસાદિ કરતાં ત્યાં ભૂખ-તૃષાદિ સહન કરે છે તે બાહ્ય નિમિત્ત છે પણ ત્યાં રાગની મંદતા કરે તો પુણ્યબંધ થાય પણ ધર્મ થતો નથી. ઉપવાસ વખતે પણ જેવા પરિણામ કરે તેવું ફળ છે. અહીં નિર્જરા તત્ત્વની ભૂલ બતાવે છે. સ્વરૂપ શુદ્ધિની વૃદ્ધિ થવી ને



રાગનો અભાવ થવો તે ભાવનિર્જરા છે ને કર્મનું ખરવું તે દ્રવ્યનિર્જરા છે.

જીવ જેવા પરિણામ કરે તેવો બંધ પડે છે. બાહ્ય પ્રતિકૂળતા સહે છે માટે પુણ્ય થતું નથી. જેમ અન્નને પ્રાણ કહ્યા છે તે ઉપચારમાત્ર છે. આયુપ્રાણ વિના જીવ જીવતો નથી. જો આયુષ્યપ્રાણ હોય તો અન્નને નિમિત્ત કહેવાય છે. તેમ ઉપવાસાદિ બાહ્ય સાધન થતાં અંતરંગ તપની વૃદ્ધિ થાય છે. એટલે કે શુદ્ધ ચિદાનંદના ભાનપૂર્વક અંતર્લીનતા કરે તો ઉપવાસને બાહ્ય સાધન કહેવાય છે.

ચિદાનંદ આત્મા વિભાવ રહિત છે એવા ભાન વિના ધર્મ થતો નથી. કુદેવાદિની શ્રદ્ધા છોડી હોય ને સાચા દેવાદિની શ્રદ્ધા થઈ હોય ને તે વિકલ્પનો પણ આદર નથી ને આત્માનું ભાન વર્તે છે તેવા જીવને અંતર્લીનતાથી તપ થાય છે.

હજારો રાણીઓનો ત્યાગ કર્યો હોય, ઉપવાસ કર્યા હોય પણ આત્માના ભાન વિના બધું વ્યર્થ છે. જે રાગમાં રોકાયો છે ને ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. જે બાહ્ય તપ તો કરે પણ અંતરંગ તપ ન હોય તો તેને ઉપચારથી પણ તપ કહેવાતો નથી. સ્વભાવની ભાવના હોય તો બાહ્ય તપને નિમિત્ત કહેવાય છે. નિશ્ચયનું ભાન હોય તો વ્યવહાર કહેવાય છે.

અજ્ઞાની કહે છે કે જેમ દુકાનમાં માલ ભર્યો હોય તો ભાવ વધે તેમ શુભ રાગાદિરૂપ માલ હોય તો આગળ વધાય, પણ તે વાત ખોટી છે. શુભ રાગ માલ જ નથી. ખરેખર તો આત્માનું ભાન હોય તો ભાવ વધે. મારો જ્ઞાનસ્વભાવ વીતરાગી છે એવી દૃષ્ટિ હોય તો લીનતા થાય છે. પણ જેને દ્રવ્યદૃષ્ટિ નથી તેને તપ સંજ્ઞા નથી.

વળી કહ્યું છે કે ‘‘જ્યાં કષાય, વિષય અને આહારનો ત્યાગ કરવામાં આવે છે તેને ઉપવાસ જાણવો, બાકીનાને શ્રીગુરુ લાંઘણ કહે છે.’’

જેને આહાર ત્યાગની ઈચ્છા નથી, પુણ્ય-પાપની ઈચ્છા નથી ને પર પદાર્થ તરફના વલણનો ત્યાગ છે તેને ઉપવાસ કહે છે. શુદ્ધ ચિદાનંદ આત્માની નજીક વસવું તેને ઉપવાસ કહે છે. અજ્ઞાનીને કાંઈ ભાન નથી તેથી પુણ્ય-પાપની વૃત્તિ રોકાય કેવી રીતે ? ન જ રોકાય. અકષાય સ્વભાવના ભાન વિના કદી ઉપવાસ નથી.

આહાર-પાણી આત્મા લઈ શકતો નથી, તે તો જડની ક્રિયા છે, રાગને લીધે આહાર આવતો નથી, આહારની ઈચ્છા હોવા છતાં તાવ આવે ને આહાર ન લેવાય. જમવા બેઠો હોય ને તે વખતે અશુભ સમાચાર આવે તો આહાર લેતો નથી. ત્યાં ખરેખર તો આહાર આવવાનો જ ન હતો, તેથી નથી આવ્યો, છતાં આહાર લેવા ને છોડવાની ક્રિયા મારાથી થાય છે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે.

આત્માના ભાન વિના ઉપવાસ કરે તેને લાંઘણ કહે છે. ઉપવાસ કરે માટે શરીર સારું થાય દ્રએમ પણ નથી. શરીરની અવસ્થાનો સ્વામી આત્મા નથી. અજીવની ક્રિયાનો સ્વામી થાય તે મૂઢ છે. શરીરને

રાખવા જીવ સમર્થ નથી. જે વખતે જે ક્ષેત્રે શરીર છૂટવાનું હોય તે વખતે, તે ક્ષેત્રે છૂટે છે. લાખ ઉપાય કરે, ડૉક્ટરો ઊતરે પણ જે સમયે, જે ક્ષેત્રે, જે વિધિએ શરીર છૂટવાનું તે છૂટવાનું જ, તેમાં ફેરફાર કરવા જીવની સત્તા નથી. અજ્ઞાની જીવ પોતાની પર્યાયમાં ઘાલમેલ કરે છે. આત્માના ભાન વિના ઉપવાસ કરે તો લાંઘણ છે. અજ્ઞાની જીવને પુણ્યના ઠેકાણા નથી ને ધર્મ માની બેસે તો મિથ્યાત્વ થાય છે.

અજ્ઞાની જીવ અજ્ઞાન તપના ઊજમણાં કરી અભિમાન કરે છે. પોતે લોભ ઘટાડે તો પુણ્ય થાય પણ આત્માના ભાન વિના ધર્મ થતો નથી.

અહીં કોઈ કહે કે જો એમ છે તો અમે ઉપવાસાદિક નહિ કરીએ; તો તેને કહે છે કે ''અમે તો ઉપવાસનું તથા નિર્જરાનું સાચું સ્વરૂપ કહીએ છીએ. ઉપદેશ ચઢવા માટે કરીએ છીએ. આહાર પ્રત્યે રાગ ઘટાડે તો પુણ્ય થાય, તીવ્ર કષાય ઘટે તો પુણ્ય થાય. આહાર ન ખાય માટે પુણ્ય થતું નથી. ધર્મ તો આત્માના ભાનથી થાય છે એવું કહે છે. તું ઊલટો નીચે પડે તો ત્યાં અમે શું કરીએ?''

જો તું અનાદિથી ઉપવાસાદિ કરે છે તો કર વા ન કર. કીર્તિ માટે, ઊજમણા માટે, મોટપ માટે કરતો હોય તો કર કે ન કર બધું સમાન છે. પણ વ્યવહાર ધર્મબુદ્ધિથી એટલે કે શુભ ભાવથી આહારાદિનો રાગ છોડે તો જેટલો રાગ છૂટ્યો તેટલો છૂટ્યો. તીવ્ર તૃષ્ણા છોડી મંદ તૃષ્ણા કરી તેને પુણ્ય સમજો. તેને તપ માનીશ તો મિથ્યાદષ્ટિ રહીશ. ચીજો પ્રત્યે રાગ ઘટે તેને પુણ્ય માનો, તેને નિર્જરા ન માનો. તેને ધર્મ માને તે મિથ્યાદષ્ટિ છે.

અંતરંગ તપોમાં પણ પ્રાયશ્ચિત્ત લેવું ત્યાં પુણ્ય છે, નિર્જરા નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો તે પુણ્ય પરિણામ છે. વૈયાવચ્ચ કરવાથી પુણ્ય થાય છે, ધર્મ થતો નથી. અજ્ઞાની લોકો કહે છે કે સાધુની વૈયાવચ્ચ કરવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. તીર્થંકર નામકર્મ જડ પ્રકૃતિ છે. તે બાંધવાની ભગવાનની આજ્ઞા નથી. તેમ જ જે ભાવથી તે પ્રકૃતિ બંધાય તે શુભ આસ્રવ છે, તે શુભ આસ્રવ કરવાની પણ ભગવાનની આજ્ઞા નથી. ભગવાન તો શુદ્ધ આત્માની ભાવના કરવાનું કહે છે. સ્વાધ્યાયનો શુભ ભાવ તે પુણ્ય છે. વ્યુત્સર્ગમાં શુભ ભાવ પુણ્ય છે, બાહ્ય ધ્યાનમાં શુભ ભાવ છે. કષાયમંદતા કરે તો પુણ્ય થાય ને સ્વભાવનું ભાન કરે તો ધર્મ થાય..

### ફાગણ વદ ૯, સોમવાર, ૯-૩-૫૩.

આજે સવારે સ્વાધ્યાય થઈ હતી.

### ફાગણ વદ ૧૦, મંગળવાર, ૧૦-૩-૫૩.

મોક્ષમાર્ગથી વિરુદ્ધ માન્યતા અનાદિની છે તેની વાત ચાલે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ



છે. અજ્ઞાની અનાદિથી સાત તત્ત્વોમાં ભૂલ કરે છે તેની વાત ચાલે છે. આત્માની શુદ્ધિની વૃદ્ધિ થવી ને અશુદ્ધતાનો નાશ થવો તે ભાવનિર્જરા છે ને કર્મનું ખરવું એ દ્રવ્યનિર્જરા છે. અજ્ઞાની નિર્જરા તત્ત્વમાં શું ભૂલ કરે છે તે બતાવે છે. પ્રાયશ્ચિત્ત, વિનય વગેરે અંતરંગ તપ નથી. પ્રાયશ્ચિત્ત ને વિનય નિમિત્તરૂપે પ્રવર્તતા હું જ્ઞાનાનંદ છું એમ શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે. સમ્યગ્દર્શન વિના સાચો તપ નથી. હું જ્ઞાયક છું, એક રજકણની ક્રિયા મારી નથી, દયા-દાનાદિનો સ્વામી નથી તેવા ભાનપૂર્વક અકષાય પરિણામ થાય તે નિર્જરા છે.

હું શુદ્ધ ચિદાનંદ છું એવી દૃષ્ટિ કરી જગતનો સાક્ષી રહે તેટલા અંશે શુદ્ધિ છે ને કર્મ ખરે છે તેટલી નિર્જરા છે ને બાર પ્રકારના તપમાં જેટલો વિકલ્પ ઊઠે છે તે બંધ છે એવા મિશ્ર ભાવ જ્ઞાનીને યુગપત્ હોય છે. અજ્ઞાની બાહ્યમાં ધર્મ માને છે, તેને નિર્જરા હોતી નથી.

**પ્રશ્ન** : શુભ ભાવોથી પાપની નિર્જરા અને પુણ્યનો બંધ થાય છે એમ કહો ને આત્મા શુભાશુભ રહિત દૃષ્ટિ કરે તો બન્નેની નિર્જરા થાય છે દ્રપુણ્ય-પાપ બન્ને ખરી જાય છે એમ કેમ ન કહો ? લોકો પણ કહે છે કે પુણ્યે પાપ ઠેલાય.

**ઉત્તર** : આત્મા જ્ઞાયક છે, તેની નિર્વિકલ્પ પ્રતીતિ તથા લીનતાથી બધી કર્મપ્રકૃતિની સ્થિતિ ઘટે છે તથા પુણ્યપ્રકૃતિની સ્થિતિ પણ ઘટી જાય છે. મિથ્યાદષ્ટિ નિર્જરા તત્ત્વને સમજતો નથી, તેથી તે બાહ્ય તપથી નિર્જરા માને છે. વળી તે માને છે કે આત્માનું ભાન થયા પછી સ્થિતિ ને રસ બન્ને ઘટે છે પણ તે વાત ખોટી છે. શુદ્ધોપયોગ થયા પછી પુણ્યપ્રકૃતિમાં રસ ઘટતો નથી. મોક્ષમાર્ગ વડે પુણ્ય ને પાપ બન્નેની સ્થિતિ ઘટે છે. ત્યાં પુણ્ય-પાપની વિશેષતા છે જ નહિ, તથા અનુભાગનું ઘટવું પુણ્યપ્રકૃતિઓમાં શુદ્ધોપયોગથી પણ થતું નથી.

ગોમ્મટસાર ગાથા ૨૭૪માં કહ્યું છે કે કેવળી ભગવાનને શાતાવેદનીયનો બંધ એક સમય માટે છે તેથી તે ઉદયરૂપ છે તેથી કેવળીને અશાતાવેદનીય શાતારૂપે પરિણમે છે. કેવળીને કષાય નથી, એકલો શુદ્ધોપયોગ છે તેથી અશાતાવેદનીયની અનુભાગશક્તિ અનંતગુણી હીણી થઈ જાય છે.

જે શાતા બંધાણી છે તેનો અનુભાગ અનંતગુણો છે. પહેલાં ન હતો તેના કરતાં અનંતગુણો રસ છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપમાં રમણતા કરે ત્યારે પાપનો રસ ઘટી જાય છે ને પુણ્યનો રસ વધી જાય છે. અકષાય પરિણામથી સ્થિતિ ઘટી જાય છે ને શાતાદિનો રસ અનંતગુણો વધી જાય છે.

આત્મા પોતે શુદ્ધ ચિદાનંદ છે, એવી દૃષ્ટિપૂર્વક શુદ્ધ ઉપયોગ કરે તો અનુભાગ વધે છે ને સ્થિતિ ઘટે છે. પુણ્ય-પાપ બન્નેની સ્થિતિ ઘટી જાય છે. પાપનો અનુભાગ ઘટી જાય છે ને પુણ્યનો અનુભાગ વધી જાય છે. તીર્થંકર ભગવાનને પુણ્યનો રસ વધી જાય છે. જેટલી વિશુદ્ધતા છે તેટલો અનુભાગ

વધી જાય છે. જે પુણ્યને ત્યાગે છે તેને પુણ્યનો રસ વધી જાય છે ને જે પુણ્યને ઇચ્છે છે તેને પુણ્યનો રસ ઘટી જાય છે.

ગુરુની વૈયાવચ્ચ આદિ કરવાથી તીર્થંકર નામપ્રકૃતિ બાંધશું એમ અજ્ઞાની માને છે તેને તત્ત્વની ખબર નથી. શુદ્ધોપયોગથી ઉપર ઉપરની પુણ્યપ્રકૃતિઓના અનુભાગનો તીવ્ર ઉદય થાય છે. હું શુદ્ધ ચિદાનંદ છું એવી દૃષ્ટિ થયા પછી શુભ ભાવ હોય તો પાપપ્રકૃતિ પલટી પુણ્ય થાય છે ને શુદ્ધ ભાવથી પુણ્યનો અનુભાગ વધી જાય છે ને પાપપ્રકૃતિ પલટી પુણ્યપ્રકૃતિ થઈ જાય છે. જે દાણો મોટો હોય તેનું ફોતરું પણ મોટું હોય તેમ શુદ્ધોપયોગની જેટલી પુષ્ટિ હોય તેટલી પુણ્યમાં પુષ્ટિ હોય છે. માટે શુદ્ધથી પુણ્યના અનુભાગની નિર્જરા થાય છે એ નિયમ સંભવતો નથી. શુદ્ધથી પુણ્યનો અનુભાગ વધી જાય છે. માટે પૂર્વોક્ત નિયમ સંભવતો નથી પણ વિશુદ્ધતાના અનુસાર જ નિયમ સંભવે છે.

જુઓ, ચોથા ગુણસ્થાનવાળો સમ્યગ્દૃષ્ટિ શાસ્ત્રાભ્યાસ કરે ને આત્માનું ચિંતવનાદિ કાર્ય કરે ત્યાં વિશેષ ગુણશ્રેણી નિર્જરા નથી, નિર્જરા થોડી છે ને બંધ ઘણો છે. અંતર્આનંદનો અનુભવ કરવો હોય ત્યારે પણ તેને નિર્જરા થોડી છે. અહીં પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનવાળાની સાથે સરખામણી કરે છે. ચોથા ગુણસ્થાનવાળો ધર્મી જીવ નિર્વિકલ્પ અનુભવમાં હોય તો તેને નિર્જરા થોડી, પંચમ ગુણસ્થાનવાળો શ્રાવક ઉપવાસ ને વિનયાદિ કરતો હોય તે કાળમાં પણ છઠ્ઠાવાળા કરતાં તેને નિર્જરા થોડી છે, કેમ કે અકષાય ઉપયોગના આધારે નિર્જરા છે, શુભની અપેક્ષાએ અથવા બાહ્ય ક્રિયાની અપેક્ષાએ નિર્જરા નથી. પંચમ ગુણસ્થાનવાળો ઉપવાસ કરતો હોય તો નિર્જરા થોડી ને છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ આહાર કરતાં હોય તો પણ તેમને નિર્જરા ઘણી છે. તે વખતે જે રાગ વર્તે છે તેથી નિર્જરા નથી. શુભ રાગથી પુણ્ય છે પણ શુભ રાગના કાળે નિર્જરા ઘણી છે. કેમ કે મુનિને સ્વરૂપના આશ્રયે ત્રણ કષાયનો નાશ થયો છે. અકષાય સ્વભાવના અવલંબને નિર્જરા થાય છે. ગુરુની સેવા એ પુણ્ય ભાવ છે, તેથી નિર્જરા નથી. કર્મનું ખરવું જે ભાવથી થાય તેને નિર્જરા કહે છે. આત્મામાં શુદ્ધ ભાવથી નિર્જરા થાય છે ને તેથી કર્મ ખરે છે પણ પુણ્યનો અનુભાગ વધે છે.

વળી બાહ્ય ક્રિયાથી નિર્જરા નથી, પંચમ ગુણસ્થાનવાળો શ્રાવક એક માસના ઉપવાસ કરે તે વખતે જે નિર્જરા થાય છે તેના કરતાં મુનિને નિદ્રા વખતે કે આહાર વખતે નિર્જરા વિશેષ છે. માટે અકષાય પરિણામ પ્રમાણે નિર્જરા થાય છે, બાહ્ય પ્રવૃત્તિ ઉપર આધાર નથી.

અજ્ઞાની લોકો બાહ્યથી ધર્મ માને. એક વખત ભોજન લ્યે, પાઠશાળા ચલાવે ઈત્યાદિ કાર્યોમાં ધર્મ માને છે. શુદ્ધ ચિદાનંદની દૃષ્ટિપૂર્વક લીનતા હોય તેને નિર્જરા છે. વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું મનાવે તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. નગ્નદશાપૂર્વક અકષાય દશા હોય તેને ભાવલિંગી મુનિ કહે છે. બાહ્યથી એકલા નગ્નપણામાં મુનિપણું નથી. જીવની ક્રિયા જીવથી થાય છે, તેમાં અજીવ નિમિત્તમાત્ર છે વગેરે નવ તત્ત્વોનું ભાન નથી તે બાહ્યમાં ઉપવાસાદિ કરે, મીઠું ન ખાય તો તેમાં શું થયું ? સાદો ખોરાક



લેવામાં નિર્જરા માને છે. અમુક ચીજો ન ખાય તેથી ધર્મ માને છે. બહારની ચીજ ખાવી કે ન ખાવી તેના ઉપર આધાર નથી. પોતાના શુદ્ધોપયોગથી નિર્જરા થાય છે. કોઈએ અન્ન-પાણી છોડી દીધા તેથી તેને ત્યાગી માને છે, તે ભ્રાંતિ છે. નવ તત્ત્વની ખબર નથી. પદાર્થને છોડવા-મૂકવા તે આત્માના અધિકારની વાત નથી.

પંચમ ગુણસ્થાનવાળો બળદ લીલું ઘાસ ખાતો હોય તે વખતે પણ તેને ચોથા ગુણસ્થાનવાળા ધ્યાની કરતાં વિશેષ નિર્જરા છે. અંતર બે કષાયનો નાશ છે તેથી ક્ષણે ક્ષણે વૃદ્ધિ થતી જાય છે. લીલોતરીનું પાપ નથી. નબળાઈથી જે અશુભ ભાવ થાય છે તેથી અલ્પ બંધ છે. અશુભ ભાવથી નિર્જરા નથી પણ અશુભ ભાવના કાળમાં બે કષાયનો નાશ છે તેથી નિર્જરા છે.

છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને આહારાદિથી શુભ બંધ પડે છે, પણ અંતર ત્રણ કષાય ટળ્યા છે તેથી શુદ્ધિ વધે છે. નિર્જરાની અપેક્ષાએ બંધ થોડો છે માટે બાહ્ય પ્રવૃત્તિ અનુસાર નિર્જરા નથી, અંતરંગ કષાયશક્તિ ઘટતાં ને વિશુદ્ધતા થતાં નિર્જરા થાય છે. અહીં વિશુદ્ધતા એટલે શુદ્ધતાની વિશેષતા સમજવી. અંતર કષાયશક્તિ ઘટવાથી નિર્જરા થાય છે, તેનું પ્રગટ સ્વરૂપ આગળ નિરૂપણ કરીશું ત્યાંથી જાણવું.

પંડિત શ્રી ટોડરમલજીને દૃષ્ટિ તો હતી, ઉપરાંત જ્ઞાનનો ઉઘાડ પણ ઘણો હતો. હજારો શાસ્ત્રોનો નિચોડ મોક્ષમાર્ગ પ્રકાશકમાં ભરી દીધો છે.

એ પ્રમાણે અનશન, વૃત્તિપરિસંખ્યાન, ધ્યાન વગેરેને તપ સંજ્ઞા ઉપચારથી છે એમ જાણવું અને તેથી જ તેને વ્યવહાર તપ કહ્યો છે. આત્મામાં શુદ્ધતા થાય તો પૂર્વે વિકલ્પ હોય તેને વ્યવહાર કહે છે. નિમિત્તનું લક્ષ છૂટી શુદ્ધિમાં વૃદ્ધિ થાય તો નિમિત્તને સાધન કહે છે. વ્યવહાર-ઉપચારનો એક અર્થ છે. વળી એવા સાધનથી વીતરાગ ભાવરૂપ જે વિશુદ્ધતા થાય તે જ સાચું તપ નિર્જરાનું કારણ જાણવું.

**દૃષ્ટાંત** : ધન વા અન્નને પ્રાણ કહ્યા છે, તેનું કારણ ધનથી અન્ન લાવી ભક્ષણ કરતાં પ્રાણ પોષી શકાય છે તેથી ધન વા અન્નને પ્રાણ કહ્યા છે પણ આયુષ્ય ન હોય તો ધન શું કામ કરે ? મડદાને આહાર-પાણી આપો તો શું થશે ? પાંચ ઈંદ્રિય, મન, વચન, કાયા, શ્વાસ ને આયુ એ પ્રાણ હોય તો ધનને પ્રાણ કહેવાય. પણ ઈંદ્રિયાદિ પ્રાણને ન જાણે ને ધનને જ પ્રાણ જાણી સંગ્રહ કરે તો મરણ જ થાય.

અંતર્દૃષ્ટિ ને જ્ઞાન નથી તેના બાહ્ય તપને ઉપચાર પણ ન કહેવાય. તેમ અનશન, પ્રાયશ્ચિત્ત, વિનય આદિને તપ કહ્યા તેનું કારણ અનશનાદિ સાધનથી પ્રાયશ્ચિત્તરૂપ પ્રવર્તતા વીતરાગભાવરૂપ સત્ય તપ પોષી શકાય છે. તેથી એ અનશન, પ્રાયશ્ચિત્ત વગેરેને ઉપચારથી તપ કહ્યા છે. પણ કોઈ વીતરાગ

ભાવરૂપ તપને તો ન જાણે પણ બાર તપને તપ જાણી સંગ્રહ કરે તો સંસારમાં ભમે. લોકો બહારના તપમાં ધર્મ માને છે. કુદેવાદિને માને ત્યાં તો ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ નથી તેને તપશ્ચર્યા કેવી ? અજ્ઞાનીની તપશ્ચર્યામાં સાચી તપશ્ચર્યા માનવી ને મનાવવી તે મોટું પાપ છે. દૃષ્ટિની ખબર નથી, સાચી વાત રુચે નહિ ને વ્રત ધારણ કરે, તે જૈન નથી. તેને પોતાની ખબર નથી. વ્યવહાર સહિત સાત તત્ત્વની પૃથક્તાની ખબર નથી તેને તત્ત્વાર્થ શ્રદ્ધાન ક્યાંથી હોય ? ન જ હોય.

માટે આટલું સમજી લેવું કે નિશ્ચય ધર્મ તો વીતરાગતા છે, પુણ્ય-પાપ રહિત પોતામાં શુદ્ધતા થાય છે તે વીતરાગ ભાવ છે.

## ફાગણ વદ ૧૧, બુધવાર, ૧૧-૩-૫૩.

વ્યવહારાભાસીનો અધિકાર ચાલે છે. સાત તત્ત્વોનો જેવો ભાવ છે તેવા ભાવનો ખ્યાલ નથી તે વ્યવહારાભાસી છે. નિર્જરા તત્ત્વ શું છે તેનો વિચાર કરવો જોઈએ. કર્મનું છૂટવું તે દ્રવ્યનિર્જરા છે, પર્યાયમાં શુદ્ધિનું થવું ને પુણ્ય-પાપ રહિત સ્વરૂપમાં લીનતા થવી તે ભાવનિર્જરા છે, તે ધર્મ છે. રસ પરિત્યાગ, વિનય, વૈયાવચ્છ, સ્વાધ્યાય તે ધર્મ નથી, તેને ઉપચારથી તપ કહ્યો છે. જાણવું-દેખવું મારો સ્વભાવ છે, રાગદ્વેષ મારો સ્વભાવ નથી. સ્વરૂપમાં લીનતા તે ધર્મ છે. વીતરાગ ભાવ હોય તો ઉપવાસને નિમિત્ત કહે છે. દૃષ્ટિપૂર્વક અવિકારી પરિણામને નિર્જરા કહે છે. બાહ્ય તપને ઉપચારથી ધર્મ સંજ્ઞા કહી છે. દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિચાર કરવો તે રાગ છે. તેવા રાગથી પણ આત્મા જુદો પડે તો નિર્જરા છે. ઉપવાસ નામ ધરાવે પણ સાત તત્ત્વના ભાવનું ભાસન જેને નથી તેને ઉપવાસ લાંઘણ જ છે, તેનાથી ધર્મ નથી. લાંઘણ હોવા છતાં તેનાથી નિર્જરા માને તો મિથ્યાત્વનું પાપ લાગે છે. આહાર ન આવવો તે જડની ક્રિયા છે. કષાયમંદતા પુણ્ય છે, પુણ્યથી રહિત શુદ્ધ આત્માના આશ્રયે નિર્જરા થાય છે તેનું રહસ્ય જે જાણતો નથી તેને નિર્જરાની સાચી શ્રદ્ધા નથી તેથી તેના બાહ્ય ઉપવાસને વ્યવહાર નામ લાગુ પડતું નથી.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. તેમાં નિર્જરા તત્ત્વની ભૂલ બતાવે છે. અજ્ઞાની માને છે કે બહારના પદાર્થો છોડ્યા માટે નિર્જરા થાય છે પણ તે નિર્જરા નથી. આત્મામાં નિર્વિકલ્પ અનુભવ થયો હોય તેને નિર્જરા થાય છે.

## મોક્ષ તત્ત્વના શ્રદ્ધાનની અયથાર્થતા

મોક્ષ તત્ત્વ અર્હંત-સિદ્ધનું લક્ષણ છે. પંચ પરમેષ્ઠીમાં અર્હંત-સિદ્ધ તે લક્ષ્ય છે ને મોક્ષ તત્ત્વ તેનું લક્ષણ છે. જેને મોક્ષ તત્ત્વનું ભાન નથી તેને અર્હંત-સિદ્ધની ખબર નથી. પોતામાં પૂર્ણ નિર્મળ પર્યાય થવી તે મોક્ષ છે.



## 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'

મુક્તિશિલા ઉપર જવું તેને અજ્ઞાની સિદ્ધપણું કહે છે પણ તે ભૂલ છે. પોતાની શક્તિમાં શુદ્ધતા પડી છે. તેમાંથી પરિપૂર્ણ વ્યક્ત શુદ્ધદશા થવી તે મોક્ષ છે. પર્યાયમાં મોક્ષ થાય છે, મોક્ષ અત્રે થાય છે, તે સમયે ઉર્ધ્વગમન સ્વભાવથી આત્મા ઉપર જાય છે. મોક્ષ અને ઉર્ધ્વગમનમાં સમયભેદ નથી. પોતાની જ્ઞાનશક્તિમાંથી કેવળજ્ઞાન પ્રગટ્યું, દર્શનશક્તિમાંથી કેવળદર્શન પ્રગટ થયું, આનંદશક્તિમાંથી કેવળઆનંદ થયો-વગેરે પ્રકારે બધી શુદ્ધતા થઈ તે મોક્ષ છે. કેવળજ્ઞાન લોકાલોકને જાણે તે તો વ્યવહાર છે. લોકાલોકને જાણે છે માટે કેવળજ્ઞાન અથવા મોક્ષ છે -એમ નથી. જ્ઞાન, દર્શન, આનંદ, વીર્યની પર્યાયની પરિપૂર્ણતા છે માટે મોક્ષ છે. મુક્તિશિલા ઉપર રહેવું તે સિદ્ધપણું નથી. મુક્તિશિલા ઉપર તો એકેંદ્રિય નિગોદના જીવો પણ છે. વળી તે જન્મ, જરા, મરણ, રોગ, ક્લેશાદિ દુઃખ દૂર થયા છે, માટે મોક્ષ માને છે. પણ પોતાનો સ્વભાવ જન્મ, જરા રહિત છે તેનું ભાન નથી. વળી અનંતજ્ઞાન વડે લોકાલોકનું તેમને જ્ઞાન થયું છે એમ તે જાણે છે. સિદ્ધદશામાં લોકાલોકનું જ્ઞાન થઈ જાય છે એમ જે જાણતો નથી તે તો વ્યવહારાભાસીમાં પણ આવતો નથી. અહીં તો કહે છે કે લોકાલોકને જાણવા છતાં પોતામાં અનંતજ્ઞાન ભરેલું છે એવી પોતાને ખબર નથી તે વ્યવહારાભાસી છે.

વળી કોઈ કહે છે કે અનંતને અનંત તરીકે ભગવાન જાણે માટે ભગવાનને કેવળજ્ઞાન નથી તે પણ ભૂલ છે. અનંતાને અનંત તરીકે ન જાણે ને અંત તરીકે જાણે તો તો કેવળજ્ઞાન ખોટું ઠરે. પરમાર્થ વચનિકા પૃ. ૩૫૩માં કહ્યું છે કે તે અનંતતાના સ્વરૂપને કેવળજ્ઞાની પુરુષ પણ અનંત જ દેખે, જાણે, કહે. અનંતનો બીજો અંત છે જ નહિ કે જે જ્ઞાનમાં (અંતરૂપે) ભાસે. તેથી અનંતતા અનંતરૂપ જ પ્રતિભાસે છે. ચૈતન્ય અગ્નિ પોતાના જ્ઞાનસ્વભાવના સામર્થ્યથી પોતાના દ્રવ્ય સહિત લોકાલોકને ન જાણે તો તે કેવળજ્ઞાન નથી. આત્મા પ્રભુશક્તિએ પરિપૂર્ણ છે તે પર્યાયમાં પૂર્ણ થઈ જાય છે. લોકાલોકને વ્યવહારે જાણે છે એમાં પણ જે ભૂલ કરે છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. પણ એકલા લોકાલોકને જ જાણે છે એમ માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. પોતાને જાણતાં પરને જાણી લ્યે છે.

વળી ભગવાનને ત્રૈલોક્ય પૂજ્યપણું માને છે પણ તે તો વ્યવહાર છે. પોતાનો સ્વભાવ પૂજ્ય છે તેની શક્તિના વિશ્વાસથી ત્રૈલોક્ય પૂજ્યપણું પ્રગટ થાય તેમ છે તેવી ખબર નથી. આમ સિદ્ધનો મહિમા બહારથી કહે છે. દુઃખ દૂર કરવાની, જ્ઞાન જાણવાની તથા પૂજ્ય થવાની ઈચ્છા તો સર્વ જીવોને છે. તેથી કાંઈ અપૂર્વતા નથી. પોતાનો સ્વભાવ પરિપૂર્ણ છે તેને ભરોસો નથી.

શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે કે 'જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી પણ જેના વચનના વિચાર યોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે' -એમ પર્યાયમાં ખ્યાલમાં આવ્યું છે, શક્તિરૂપ છે તો પર્યાયમાં કેવળજ્ઞાન થશે. વળી શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે. મારું કેવળજ્ઞાન અલ્પકાળમાં પ્રગટ થશે એમ ભરોસો આવ્યો છે. વિચારદશાએ એટલે જ્ઞાન થયું છે કે કેવળજ્ઞાન

પ્રગટ થશે ને ઈચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે. ઈચ્છા વર્તે છે કે ટૂંક સમયમાં કેવળજ્ઞાન પ્રગટ કરીશ. મારો આત્મા કેવળજ્ઞાન શક્તિથી ભરપૂર છે. પ્રથમ કેવળજ્ઞાન શક્તિ માની ન હતી. હવે માન્યું કે કેવળજ્ઞાન બહારથી આવશે નહિ પણ મારામાંથી આવશે -એમ શ્રદ્ધાથી કેવળજ્ઞાન વર્તે છે. મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે. વર્તમાન પર્યાયને ગૌણ કરીને દ્રવ્યાર્થિક નયથી કેવળજ્ઞાન વર્તે છે.'

આ મોક્ષ તત્ત્વની યથાર્થ પ્રતીતિ છે. જેને મોક્ષની પ્રતીતિ નથી તેને સમ્યગ્દર્શન નથી. વળી દુઃખ દૂર થવું તેને સિદ્ધદશા થવી કહે છે. દુઃખ દૂર થવું તે નાસ્તિની વાત કરી પણ અસ્તિ શું છે ? લોકાલોકને જાણવું તે વ્યવહારથી વાત કરી પણ નિશ્ચય શું છે ? મારો જ્ઞાનસ્વભાવ મારાથી છે એની ખબર નથી. પોતાના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટે છે એવી પ્રતીતિ નથી પણ ઊંડે ઊંડે કાંઈક ભેદ, વિકાર કે રાગના આશ્રયે ધર્મ માને છે. રાગથી મોક્ષતત્ત્વ નથી. નવ તત્ત્વને સ્વતંત્ર ન માને તો સાચી શ્રદ્ધા નથી.

વળી તેને એવો પણ અભિપ્રાય છે કે સ્વર્ગમાં સુખ છે તેનાથી અનંતગણું સુખ મોક્ષમાં છે પણ સ્વર્ગનું સુખ તો રાગવાળું છે ને વીતરાગી સુખ અનાકુળ છે. બન્નેની ભક્તિ જુદી છે એવું ભાન તેને નથી. સ્વર્ગ ને મોક્ષના સુખને એક જાણે તો ભૂલ છે. આત્મા સહજાનંદ મૂર્તિ છે. તેની પ્રતીતિ ને લીનતાથી સુખદશા થાય છે. સંસારસુખ કરતાં અનંતગણું સુખ મોક્ષમાં માને તે મિથ્યાદષ્ટિ છે. સ્વર્ગના સુખ તો વિષયાદિ સામગ્રીજનિત હોય છે ત્યાં આત્મજનિત સુખ નથી. ત્યાં બાગ-બગીચા, હીરા આદિ અનુકૂળ સંયોગોને સુખ માને છે પણ આત્માના સુખનું ભાસન નથી. અજ્ઞાની જીવ કહે છે કે મોક્ષમાં લાડી નથી, વાડી નથી, પૈસા નથી, ગાડી નથી તો શું સુખ ? એમ તે માને છે. વળી કોઈ કહે છે કે ભગવાન ત્રણ કાળના ત્રણ લોકના નાટક દેખે છે તેથી તેમને ઘણો આનંદ છે, એવા જીવોને મોક્ષની ખબર નથી. પોતાની પર્યાયમાં પૂર્ણ આનંદ પ્રગટે તે મોક્ષ છે. જેવી શક્તિ પરિપૂર્ણ છે તેવી પર્યાયમાં પરિપૂર્ણતા થવી તે મોક્ષ છે તેવી તેને ખબર નથી. પરંતુ મહાપુરુષો મોક્ષને સ્વર્ગથી ઉત્તમ કહે છે. તેથી અજ્ઞાની મોક્ષને ઉત્તમ માને છે. જેમ કોઈ ગાયનના સ્વરૂપને ન જાણે પણ બધી સભા વખાણે છે તેથી પોતે પણ વખાણે છે. આ પ્રમાણે અજ્ઞાની મોક્ષને ઉત્તમ માને છે.

**પ્રશ્ન** : શાસ્ત્રમાં પણ ઈંદ્રોના સુખ કરતાં અનંતગણું સુખ સિદ્ધોને છે એમ પ્રરૂપ્યું છે તેનું શું કારણ ?

**ઉત્તર** : અહીં મોક્ષ તત્ત્વની પિછાન નથી તેની વાત ચાલે છે. જેમ તીર્થંકરના શરીરની પ્રભા સૂર્યના તેજથી કરોડ ગુણી કહી પણ ત્યાં તેની એક જાતિ નથી. ભગવાનને પુણ્યપ્રકૃતિ ઉત્કૃષ્ટ છે ને પરમ ઔદારિક શરીર છે. સૂર્યનું વિમાન જે દેખાય છે તે પૃથ્વીકાય છે. તીર્થંકરને પંચેંદ્રિય શરીર છે તેથી પુણ્યપ્રકૃતિ ઘણી છે. પરંતુ લોકમાં સૂર્યપ્રભાનું માહાત્મ્ય છે તેનાથી પણ ઘણું માહાત્મ્ય જણાવવા



અર્થે ઉપમા આપી છે. તીર્થંકરના કેવળજ્ઞાનની તો શી વાત ?

પૂર્વે તીર્થંકર નામકર્મ બાંધેલ છે. તેના નિમિત્તે અદ્‌ભૂત શરીર છે. ભક્તામર સ્તોત્રમાં આવે છે કે હે નાથ ! જગતમાં જેટલા શાંત પરમાણુઓ છે તે બધા આપના શરીરમાં આવી પરિણમેલા છે. એવું તેમનું શરીર શાંત દેખાવવાળું છે. ગૌતમ જ્યાં સમવસરણમાં પેઠા ત્યાં ભગવાનને દેખી તેમનું માન ગળી ગયું. ખરેખર તો તેમની પાત્રતાથી માન ગળેલ છે પણ ભગવાન નિમિત્ત છે. આ દૃષ્ટાંત મુજબ સિદ્ધસુખને ઈંદ્રાદિ સુખથી અનંતગણું કહ્યું છે. ત્યાં તેની એક જાતિ નથી. પરંતુ લોકો માને છે માટે એમ કહેલ છે. મહિમા જણાવવા એમ કહેલ છે. અંદર સુખ પ્રગટ થયેલ છે. તેવી જાતિ બીજે હોય નહિ.

**પ્રશ્ન** : સિદ્ધસુખ અને ઈંદ્રાદિ સુખની તે એક જાતિ જાણે છે, એવો નિશ્ચય તમે કેવી રીતે કર્યો ?

**ઉત્તર** : જે ધર્મના સાધનથી તે સ્વર્ગ માને છે તે જ સાધનથી તે મોક્ષ માને છે. લોકો કહે છે કે વ્યવહાર કરો તો એક દિવસ બેડો પાર થઈ જશે. શું રાગ કરતાં કરતાં ધર્મ થાય ? ના, બહારનું લક્ષ છોડ્યા વિના કદી નિશ્ચય પ્રગટતો નથી. તમો રાગની ક્રિયાથી સ્વર્ગ માનો છો તથા રાગની ક્રિયાથી મોક્ષ પણ માનો છો તેથી તમોને મોક્ષની ખબર નથી. વ્યવહારથી મોક્ષ માને છે તે મૂઢ છે. તેને મોક્ષની જાતિની ખબર નથી. આયંબિલ કરવાથી, નવકાર ગણવા વગેરેથી ધર્મ થશે એમ માને છે. અંજનચોર પોતાના આત્માના આશ્રયે સમ્યગ્દર્શન પામેલ છે. તો નવકારમંત્રના શુભ રાગ ઉપર ઉપચાર આપેલ છે. જે ભાવથી સ્વર્ગ મળે તે ભાવથી મોક્ષ માને તે મિથ્યાદષ્ટિ છે. જે જીવ નિશ્ચયદશા પામે છે તેના પૂર્વના શુભ રાગને વ્યવહાર કહેલ છે. અંજનચોર સમ્યગ્દર્શન પામેલ છે, તેનો આરોપ નમસ્કારમંત્ર ઉપર આપ્યો છે. નવમી ગ્રૈવેયકે જનાર મિથ્યાદષ્ટિ મુનિ ઘણી વાર નમસ્કારમંત્ર ગણેલ છે; તેને કેમ આરોપ નથી આવતો ? તો કે તેને નિશ્ચય પ્રગટ થયેલ નથી. માટે અભેદદૃષ્ટિ કરી સમ્યગ્દર્શન ભવિષ્યમાં પ્રગટ કરેલ છે તો અંજનચોરના વ્યવહારના એક અંશ ઉપર આરોપ કરીને કહે કે નમસ્કારમંત્રથી અંજનચોર ધર્મ પામ્યો પણ અજ્ઞાની જીવ બહુ ક્રિયાથી ને શુભ રાગથી મોક્ષ થાય એમ માને છે. તે અજ્ઞાની જીવ મોક્ષ તત્ત્વને જાણતો નથી તેથી અર્હંતને પણ જાણતો નથી.

### ફાગણ વદ ૧૨, ગુરુવાર, ૧૨-૩-૫૩.

અહીં વ્યવહારાભાસીનું વર્ણન ચાલે છે. જેને સાત તત્ત્વોમાં વિપરીત માન્યતા છે તે વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે. કર્મને લીધે વિકાર માને તે અજીવ ને જીવમાં ભૂલ છે, પુણ્યને ઉપાદેય માને તે આસ્રવમાં ભૂલ છે, પુણ્યબંધને ઠીક માનવો ને પાપબંધને બૂરો માનવો તે બંધમાં ભૂલ છે, દયા-દાનાદિથી સંવર માનવો તે સંવરમાં ભૂલ છે.

તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે તે વ્યવહાર સમકિત નથી પણ નિશ્ચય સમકિત છે. તત્ત્વ એટલે ભાવનું ભાસન થવું અને અર્થ = દ્રવ્ય-ગુણ-પર્યાય. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભાવનું યથાર્થ ભાસન થવું તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

સિદ્ધચક્ર વિધાન પૂજા થાય છે તેમાં જડની ક્રિયા સ્વતંત્ર થાય છે, તે આત્માથી થયેલ નથી, નૈમિત્તિક ક્રિયા થાય તો આત્માની ઈચ્છા તથા યોગને નિમિત્ત કહેવાય. જડ ને ચેતન બન્ને ભિન્ન હોવા છતાં બન્ને ભેગા થઈને કામ કરે છે એમ માનવું તે ભ્રાંતિ છે, બન્ને નિશ્ચિત છે, ને બન્ને નિશ્ચય છે. ઉપાદાનની પર્યાય નિશ્ચય છે ને નિમિત્તની પર્યાય પણ નિશ્ચય છે. દરેક પદાર્થ પોતાની અપેક્ષાએ નિશ્ચય છે, બીજા પદાર્થ સાથેના સંબંધને વ્યવહાર કહેવાય છે.

વળી જોઈને ચાલવું ને જીવની રક્ષા કરવી તેને જે સમિતિ માને છે તે ભૂલ છે. દેહની ક્રિયા તથા શુભ પરિણામને સમિતિ માને છે તે ભૂલ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનપૂર્વક વીતરાગી દશા થાય તે સંવર છે.

વળી ઉપવાસ કરવો તેને નિર્જરા માને છે તે ભૂલ છે. અરાગી શુદ્ધોપયોગમાં રહેવું તે નિર્જરા છે, બાહ્યથી નિર્જરા થતી નથી.

વળી અજ્ઞાની મોક્ષ તત્ત્વમાં ભૂલ કરે છે. સિદ્ધ થવું તેને તે મોક્ષ માને છે તે ભૂલ છે. પોતાની પર્યાયમાં પૂર્ણ શુદ્ધ થવું તે મોક્ષ છે. લોકાલોકનું જ્ઞાન તે વ્યવહાર છે. પોતાના સ્વરૂપની પરિપૂર્ણ પ્રાપ્તિ થવી તે કેવળજ્ઞાન છે. વળી બધા જીવોને સુખની ઈચ્છા છે, ત્રિલોકના પૂજ્યપણાની પણ બધાને ઈચ્છા છે માટે તે મોક્ષનું ખરું સ્વરૂપ નથી. અજ્ઞાનીને મોક્ષના સ્વરૂપની ખબર નથી.

અજ્ઞાનીએ પ્રશ્ન કરેલ કે સ્વર્ગ ને મોક્ષસુખને એક માનીએ છીએ એમ આપ કેમ કહો છો?

**ઉત્તર** : જે પરિણામથી સ્વર્ગ મળે તે જ પરિણામથી મોક્ષ મળે છે એમ તું માને છે તેથી તારા અભિપ્રાયમાં સ્વર્ગ ને મોક્ષની એક જાતિ છે. વ્યવહાર કરો તો બેડો પાર થશે -એમ અજ્ઞાની માને છે. પણ કારણમાં વિપરીતતા છે માટે કાર્યમાં વિપરીતતા છે. અજ્ઞાની જીવ યથાર્થ કારણને માનતો નથી. પુણ્ય બહુ કરો તો પુણ્ય ફાટીને મોક્ષ મળશે -એમ માનનાર મૂઢ છે, તે મોક્ષને માનતો નથી. જે કારણથી બંધ થાય તે કારણને મોક્ષનું કારણ માને તે ભૂલ છે.

વળી કર્મના નિમિત્તથી પોતાની પર્યાયમાં ઔદયિકભાવ છે. અસિદ્ધભાવ જીવનું સ્વતત્ત્વ છે. અજ્ઞાનીને તેનો ભાવ ભાસતો નથી. મોક્ષ પોતાની પર્યાયમાં થાય છે. કર્મનું ટળવું તે પોતાનો ભાવ નથી. કર્મના નિમિત્તથી ઔદયિકભાવ-રાગદ્વેષ-છે, કેવળી ભગવાનને પણ પોતાની પર્યાયમાં કેટલાક ગુણો જેમ કે કર્તા, કર્મ, કરણ આદિ તથા વૈભાવિક, ક્રિયાવતી, યોગ વગેરેમાં વિભાવ



મોક્ષ થતો નથી. ઉપાધિભાવનો અભાવ થવાથી શુદ્ધ સ્વભાવરૂપ કેવળ આત્મા થવાથી દ્રવ્યમોક્ષ થાય છે. આમ મોક્ષ તત્ત્વનું ભાસન થવું જોઈએ.

જેમ સ્કંધમાંથી છૂટ્યા પછી પરમાણુ શુદ્ધ થાય છે તેમ આ કર્મવિપાકથી ભિન્ન થતાં શુદ્ધ થાય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિરૂપ આત્મા થાય છે. મોક્ષ લક્ષણ છે ને અર્હંત-સિદ્ધ લક્ષ્ય છે. મોક્ષના ભાવનું ભાસન નથી તેને અર્હંત-સિદ્ધની શ્રદ્ધા વિપરીત છે. યથાર્થ નિર્ણય કરે તો સમ્યગ્દર્શન થાય છે.

**દૃષ્ટાંત** - સ્કંધથી પરમાણુ છૂટો પડે તો શુદ્ધ છે પણ વિશેષતા એ છે કે પરમાણુ સ્કંધમાં હોય તો દુઃખી નથી ને છૂટો હોય તો સુખી નથી. તેને સુખદુઃખ નથી. આત્મા અશુદ્ધ અવસ્થા વખતે દુઃખી છે ને શુદ્ધ અવસ્થા વખતે સુખી છે. એટલો પરમાણુ અને આત્મા વચ્ચે ફેર છે. ઔપાધિકભાવ સંસાર છે ને તેનો અભાવ થવો તે મોક્ષ છે, ને ત્યાં નિરાકુળ લક્ષણ અનંત સુખની પ્રાપ્તિ થાય છે.

વળી ઈંદ્રાદિકને જે સુખ છે તે તો આકુળતાનું સુખ છે. ઈંદ્રાણીમાં-પૈસામાં સુખ નથી. ઈંદ્રો પણ પરમાર્થે દુઃખી છે. પોતાના સ્વભાવને ચૂકી પૈસા વગેરેમાં સુખ માને તે દુઃખ છે. રોગથી દુઃખી નથી ને નીરોગતાથી સુખી નથી. આકુળતાજન્ય પરિણામ થવા તે દુઃખ છે તેથી દેવો આદિ પરમાર્થે દુઃખી છે. એટલા માટે તેની ને સિદ્ધના સુખની એક જાતિ નથી.

વળી સ્વર્ગસુખનું કારણ તો પ્રશસ્ત રાગ છે ને મોક્ષસુખનું કારણ વીતરાગ ભાવ છે, એ રીતે કારણમાં ફેર છે. અજ્ઞાનીને સાત તત્ત્વની શ્રદ્ધાની ખબર નથી. તેના વિના ધર્મ થતો નથી. દયા, દાન, જાત્રા, ભક્તિ આદિમાં ધર્મ છે ? ના, ચારિત્ર તે ધર્મ છે, ને ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. મૂળ વિના શાખા ને ઝાડ ક્યાંથી હોય ? ન જ હોય.

અજ્ઞાની જીવને નવ તત્ત્વની વિકલ્પ સહિત શ્રદ્ધા થઈ પણ ભાવનું ભાસન ન થયું તેથી મિથ્યાદર્શન જ રહે છે.

અભવ્યને તત્ત્વાર્થ શ્રદ્ધાન છે તે નામનિક્ષેપથી છે પણ ત્યાં યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાન સમજવું નહિ. કારણ કે ભાવનું ભાસન તેને નથી. અભવ્યને જીવાદિનું શ્રદ્ધાન છે પણ ભાવભાસન નથી અથવા ભાવનિક્ષેપથી નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે એવું ભાસન તેને નથી.

શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે ''આત્મજ્ઞાનશૂન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન કાર્યકારી નથી.'' અહીં તત્ત્વાર્થ

શ્રદ્ધાન કહેલ છે તે નામનિક્ષેપથી છે. જેવો ભાવ છે તેવું ભાસન થવું તે તત્ત્વાર્થ શ્રદ્ધાન છે. રાગનું અવલંબન છૂટી નવે તત્ત્વના ભાવનું ભાસન એક આત્મામાં થવું તે સમ્યગ્દર્શન છે. જ્ઞાન ભેદ પાડીને જાણે છે છતાં તેમાં રાગનું અવલંબન નથી. અભેદના અવલંબને સમ્યગ્દર્શન થાય છે.

ભેદના ચાર પ્રકારે અર્થ નીચે મુજબ છે.

(૧) આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પાડવા તે પણ ભેદ છે-વ્યવહાર છે. તે બંધનું કારણ છે, ધર્મનું કારણ નથી.

(૨) આત્મા શરીરથી ભિન્ન છે, કર્મથી ભિન્ન છે. તેવા વિકલ્પ સહિત ભેદ પાડવો તે ભેદજ્ઞાન છે પણ તે રાગ સહિત છે. સમ્યગ્દર્શન થતાં પહેલાં આવું વિકલ્પવાળું ભેદજ્ઞાન હોય છે.

(૩) રાગનો અભાવ થઈ સ્વભાવમાં એકાગ્ર થવું તે નિર્વિકલ્પ ભેદજ્ઞાન છે. તેમાં પરથી જુદા પડવાની અપેક્ષાએ ભેદજ્ઞાન કહેલ છે છતાં તે નિર્વિકલ્પ છે.

(૪) તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન - આ ચોથી વાત છે. જ્ઞાન બધાને જાણી લ્યે છે. છતાં ત્યાં રાગ નથી. તે નિર્વિકલ્પ ભેદજ્ઞાનમાં આવી જાય છે છતાં અપેક્ષામાં ફેર છે. પોતાનું ભાવભાસન થતાં તેમાં સાત તત્ત્વોનું ભાવભાસન આવી જાય છે. અહીં પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાનસામર્થ્યથી સ્વને જાણતાં સાતે તત્ત્વોને જાણી લ્યે છે છતાં ત્યાં રાગ નથી એ અપેક્ષાએ નિર્વિકલ્પ ભેદજ્ઞાન છે.

પોતાના જ્ઞાનનો સ્વભાવ એવો જ છે કે સ્વ-પરને ભેદ પાડીને જાણે છે છતાં તે નિર્વિકલ્પ ભેદજ્ઞાન છે. સાતે તત્ત્વો ભેદરૂપ છે એવા ભાવનું ભાસન એક આત્મામાં થવું તે નિર્વિકલ્પ ભેદજ્ઞાન છે, તે અહીં તથા તત્ત્વાર્થસૂત્રમાં કહેવું છે.

શ્રી સમયસાર નાટકમાં સવિકલ્પ ભેદજ્ઞાન ને નિર્વિકલ્પ ભેદજ્ઞાનની વાત આવે છે. ત્યાં પ્રથમ સવિકલ્પ ભેદજ્ઞાનને ઉપાદેય કહેલ છે, પાછળથી તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન કહેલ છે તેમાં નિર્વિકલ્પ ભેદજ્ઞાનની વાત છે. નવ તત્ત્વની પરિપાટી નથી એટલે કે નવના વિકલ્પ નથી. મોક્ષશાસ્ત્રમાં જે તત્ત્વાર્થ શ્રદ્ધાન કહેલ છે તે એકરૂપભાવ છે, ત્યાં વિકલ્પ નથી. સમયસારમાં નવ તત્ત્વની પરિપાટી છોડી એક આત્મા પ્રાપ્ત થાઓ એમ જે કહેલ છે ત્યાં રાગ સહિતના નવ તત્ત્વની વાત કરી છે.

એકરૂપ સ્વભાવની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. પર્યાયમાં સાત તત્ત્વના ભાવનું ભાસન થવું તે સમ્યગ્જ્ઞાન છે. તેવા સમ્યગ્જ્ઞાન સહિત સમ્યગ્દર્શનની અહીં મોક્ષમાર્ગ પ્રકાશકમાં તથા તત્ત્વાર્થસૂત્રમાં વાત છે. સાત તત્ત્વનું ભાસન થવું તે જ્ઞાનપ્રધાન કથન છે. જ્ઞાન સાતને યથાર્થ જાણે છે છતાં તેમાં રાગ નથી. ત્રીજા બોલમાં વિકલ્પ રહિત ભેદજ્ઞાન કહ્યું તે પરથી ભેદ પાડવાની અપેક્ષાએ વાત છે, ને ચોથા બોલમાં પોતાના જ્ઞાનના સામર્થ્યથી સાતે તત્ત્વોનું ભાસન થાય છે તે એકરૂપ છે. સમયસારમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા દર્શનપ્રધાનથી છે.



અહીં પ્રવચનસારમાં આત્મજ્ઞાનશૂન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન કાર્યકારી નથી એમ કહ્યું તે નામનિક્ષેપવાળું તત્ત્વાર્થ શ્રદ્ધાન છે. રાગ રહિત તત્ત્વાર્થ શ્રદ્ધાનની ત્યાં વાત નથી.

વળી વ્યવહારદષ્ટિથી સમ્યગ્દર્શનના નિઃશંકિત, નિઃકાંક્ષિત આદિ આઠ અંગ કહ્યા તેને તે પાળે છે પણ તે તો શુભ રાગ છે, ધર્મ નથી. આઠ અંગ પાળે તો પણ વ્યવહારાભાસી છે.

**ફાગણ વદ ૧૩, શુક્રવાર, ૧૩-૩-૫૩.**

આ મોક્ષમાર્ગ પ્રકાશક છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેની અંતર્દષ્ટિ ને રમણતા કરવી મોક્ષમાર્ગ છે. અજ્ઞાની મોક્ષમાર્ગને સમજતો નથી. અહીં વ્યવહારાભાસીની ભૂલ બતાવે છે. શુદ્ધ ચિદાનંદની રુચિ છોડી પુણ્યમાં ધર્મ માને છે તે મિથ્યાદષ્ટિ છે. સાત તત્ત્વનું ભાવભાસન નથી તેને સમ્યગ્દર્શન નથી, તે સમ્યગ્દર્શન વિના જન્મ-મરણ ટળતાં નથી. આત્મજ્ઞાનશૂન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન કાર્યકારી નથી. દયા-દાનાદિની વૃત્તિ તે પુણ્યાસ્રવ છે. હિંસા, ચોરી, જૂઠું, પાપ આસ્રવ છે, બીજી ચીજ નિમિત્તમાત્ર છે. આમ પૃથક્ પૃથક્ ભાવની અજ્ઞાનીને ખબર નથી. રાગમાં રોકાવું તે બંધ છે. શુદ્ધ જીવના આશ્રયે પ્રગટતી સંવરદશા અધૂરી નિર્મળ પર્યાય છે તેવું ભાવભાસન નથી તે મિથ્યાદષ્ટિ જીવ છે. તત્ત્વાર્થસૂત્રમાં જે તત્ત્વાર્થ શ્રદ્ધાન કહેલ છે તે નિશ્ચય છે, એવા ભાન વિના સાધારણ તત્ત્વશ્રદ્ધા કરે તે મોક્ષનું કારણ થતું નથી. અનાદિ અજ્ઞાની જીવ નિઃશંકતા આદિ આઠ વ્યવહાર આચાર પાળે છે તો પણ મિથ્યાદષ્ટિ છે. જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપની ખબર નથી, હું જાણવાવાળો છું એવું સ્વસંવેદન જ્ઞાન નથી તે વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે. વ્યવહારનો વિકલ્પ તે આસ્રવ તત્ત્વ છે. પરમ પારિણામિક સ્વભાવભાવની દૃષ્ટિ નથી થઈ તે સમકિતિના આઠ આચાર પાળે તો પણ મિથ્યાદષ્ટિ છે. જે કુદેવાદિને માને છે તે તો વ્યવહારાભાસી પણ નથી. સર્વજ્ઞના ધ્વનિમાં જે તત્ત્વ આવ્યું તેની પ્રતીતિ કરે ને વિરુદ્ધની પ્રતીતિ છોડે તો પણ રાગ છે.

જેને કુદેવાદિની શ્રદ્ધા છે ને વ્યવહારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર નથી તે તો ગૃહીત મિથ્યાદષ્ટિ છે. જે સર્વજ્ઞ દેવ, નિર્ગ્રંથ ગુરુ ને અનેકાંત બતાવનાર શાસ્ત્રની શ્રદ્ધા કરે ને કુદેવાદિની શ્રદ્ધા છોડે તથા કુદેવાદિને માનવાવાળાની શ્રદ્ધા છોડે, આઠ મદ ન કરે, આઠ આચાર પાળે ને દેવ-ગુરુ-લોકમૂઢતા -એમ પચીસ મળનો ત્યાગ કરે છતાં તે રાગ છે પણ ધર્મ નથી. જેને પચીસ દોષનો ત્યાગ નથી તે તો ગૃહીત મિથ્યાદષ્ટિ છે. અહીં તો કહે છે કે જેને ગૃહીત મિથ્યાદર્શન ટળ્યું છે પણ અંતર્સ્વભાવનું ભાન નથી તે વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે. વ્યવહારે પચીસ દોષ ટાળવા છતાં યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાન નથી. તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં ભાવભાસન થવું જોઈએ. વળી સંવેગાદિ ધારણ કરે, દેવીઓ આવે તો પણ ચળે નહિ, ભગવાનની ભક્તિ માટે માથા આપે, -તો પણ તે શુભ રાગ છે. પરંતુ જેમ બીજ વાવ્યા વિના ખેતરની સાવધાની કરવા છતાં અનાજ થતું નથી. ખેતર સાફ કરે પણ બીજ ન વાવે તો પાક ઊગતો નથી એમ પચીસ દોષનો ત્યાગ કરે, સંવેગાદિનું પાલન કરે, તે ક્ષેત્રશુદ્ધિ છે. છતાં આત્મભાનરૂપ

બીજ વિના ક્ષેત્રશુદ્ધિ નકામી છે. તે વ્યવહાર આચારનું ફળ સંસાર છે. જે કુદેવાદિને માને છે તેને તો ક્ષેત્રશુદ્ધિ પણ નથી. સર્વજ્ઞે કહેલો માર્ગ તે જ માર્ગ છે એમ માને છે પણ સમ્યગ્દર્શનરૂપ બીજ વિના લાભ નથી. જેને કેવળજ્ઞાનમાં શંકા છે, જેને મહાવિદેહક્ષેત્રની શંકા છે, અસંખ્ય દ્વીપ-સમુદ્ર હશે કે નહિ તેવી શંકાવાળાને આગમની શ્રદ્ધા નથી, તે તો વ્યવહારાભાસીમાં પણ આવતો નથી. હું જ્ઞાયક છું એવા ભાનપૂર્વક રાગ હોય તેના રાગને વ્યવહાર કહે છે. જે વીતરાગ સર્વજ્ઞ કથિત ધર્મ તથા વેદાંતાદિને સરખા માને તે તો મિથ્યાદૃષ્ટિ છે.

**પ્રશ્ન** : મધ્યસ્થ બુદ્ધિ રાખે તો ?

**સમાધાન** : વિષ્ટા અને શીરામાં મધ્યસ્થ બુદ્ધિ રાખે તો ? તેને એક માનવા તે મૂર્ખાઈ છે. બન્નેને જેમ છે તેમ જાણે તે મધ્યસ્થ છે. અરીસાના સામે જેવા જેવા પદાર્થ હોય તેવા તેવા અરીસો બતાવે છે. તેમ જ્ઞાન જેવા પદાર્થો છે તેમ તેને જાણે છે. અરીસાના સ્વચ્છ પર્યાય પોતાના કારણે થાય છે તેમ ચૈતન્ય અરીસામાં વિરુદ્ધ ને અવિરુદ્ધ ચીજો જણાય છે. કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નથી. વ્યવહાર શ્રદ્ધા કરે પણ હું ચિદાનંદ છું એવું ભાવભાસન નથી તેને લાભ નથી. સાત તત્ત્વોની શ્રદ્ધા થયા વિના સમ્યગ્દર્શન થતું નથી. સાતના ભાવભાસનની વાત છે. જ્ઞાયકનો ભાવ, જડનો ભાવ, બધા પદાર્થોનો જુદો જુદો ભાવ ભાસ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. વ્યવહાર સમિકત કરે પણ તે રાગ છે. રાગ રહિત ચૈતન્યના ભાસ વિના બધું નિરર્થક છે. વ્યવહારથી ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. એ પ્રમાણે તેને સમ્યગ્દર્શન અર્થે સાધન કરવાં છતાં પણ સમ્યગ્દર્શન થતું નથી.

વ્યવહાર સુધારવા છતાં પરમાર્થનું ભાન નથી તે મિથ્યાદૃષ્ટિ છે. આ પ્રમાણે સમ્યગ્દર્શનમાં શું ભૂલ કરે છે તે બતાવી. હવે જ્ઞાનમાં શું ભૂલ કરે છે તે બતાવે છે.

## સમ્યક્‌જ્ઞાન અર્થે થતી પ્રવૃત્તિમાં અયથાર્થતા

શાસ્ત્રમાં શાસ્ત્રાભ્યાસ કરવાથી સમ્યગ્જ્ઞાન થવું કહ્યું છે તેથી શાસ્ત્રમાં તત્પર રહે છે. પોતાની જ્ઞાનપર્યાય શાસ્ત્રમાંથી આવે છે એમ માને છે. શાસ્ત્ર પુદ્‌ગલ છે, અજીવ છે, મૂર્ત છે. શાસ્ત્રના અભિપ્રાયની ખબર નથી. શાસ્ત્ર ગોખી ગોખીને મરી જાય છે પણ શાસ્ત્રના આશયની ખબર નથી તે શાસ્ત્રનો વેદિયો છે. જ્ઞાનગુણમાંથી જ્ઞાનપર્યાય આવે છે તેની તેને ખબર નથી. દેશનાલબ્ધિથી મને જ્ઞાન થશે એમ માને છે. અજ્ઞાની જીવ શાસ્ત્રાભ્યાસમાં લીન-તત્પર રહે છે. જ્ઞાની શાસ્ત્ર અભ્યાસ કરે છે પણ શાસ્ત્ર અભ્યાસમાં લીન નથી. તેને આત્મઅભ્યાસમાં લીનતા વર્તે છે. અજ્ઞાની શાસ્ત્ર અભ્યાસ કરે, શીખે, બીજાને શીખવાડે, યાદ કરી લ્યે પણ પ્રયોજનની ખબર નથી. રાગ શું, જડની ક્રિયા શું તેની ખબર નથી. અજ્ઞાની કહે છે કે આવા નિમિત્તો મેળવો, આવી ક્રિયા કરો -ઈત્યાદિ વાત કરે છે પણ બધું નિશ્ચિત છે તેની તેને ખબર નથી. આત્મામાં જાણવાનો સ્વભાવ નિશ્ચય છે ને જ્ઞેય પણ નિશ્ચય છે -એમ તે જાણતો નથી. અજ્ઞાની જીવ શાસ્ત્ર વાંચવામાં-જાણવામાં રોકાય છે પણ શાસ્ત્રની પર્યાય શાસ્ત્રના



કારણે નિશ્ચય છે ને પોતાની પર્યાય પોતાના કારણે નિશ્ચય છે એવું તેને ભાન નથી. શાસ્ત્ર શીખવાનું પ્રયોજન પાર ન પડ્યું. વાદવિવાદ કરે તે અંધા છે. પં. બનારસીદાસજી કહે છે કે :-

**સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.**

**ખોજી જીવે, વાદી મરે.**

સત્યનો શોધક જીવન પામશે ને વાદવિવાદ કરશે તે સંસારમાં રખડશે. શાસ્ત્રનું પ્રયોજન તો પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવાનું છે, તે કરતો નથી. આદિપુરાણમાં કહ્યું છે કે તત્ત્વજ્ઞાન વિના એકલા શાસ્ત્ર ભણે તે અક્ષરમલેચ્છ છે.

શાસ્ત્ર કહે છે કે દૃષ્ટિ પલટાવવી જોઈએ. પર્યાયજ્ઞાન થવાની જરૂર છે. જે પર્યાય એકલું પરનું જ્ઞાન કરે છે તે પલટી સ્વનું જ્ઞાન કરે તે પર્યાય જ્ઞાન છે. જ્ઞાનસામર્થ્યની વાત છે. શ્રુતજ્ઞાનની પર્યાય સ્વ-પર પ્રકાશક થાય તે સાચી છે. જે પર્યાય રાગમાં અટકે તે પર્યાય જ્ઞાન નથી. એક સમયમાં જ્ઞાનપર્યાય સ્વ-પરને જાણવાની તાકાતવાળી છે -એમ નહિ માનતા એકલા રાગને જાણે અથવા પરને જાણે તે પર્યાયજ્ઞાન નથી. શ્રીમદ્ રાજચંદ્રજીએ પર્યાયજ્ઞાન શબ્દ વાપરેલ છે. પોતાના સ્વભાવ આવશ્યક છે એમ પર્યાયમાં સ્વ-પર પ્રકાશક જ્ઞાન પ્રગટ ન થાય ત્યાં સુધી પર્યાયજ્ઞાન સાચું નથી. જ્ઞાનપર્યાયનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે. સમયસાર ગાથા ૧૫માં કહ્યું છે કે : ભાવશ્રુતજ્ઞાનપર્યાય સ્વ સહિત પરને જાણે છે -આમ ન જાણે તે મિથ્યાદૃષ્ટિ છે.

અજ્ઞાની શાસ્ત્ર શીખી જાય છે પણ તેનું શું પ્રયોજન છે તે જાણતો નથી. શાસ્ત્ર અભ્યાસ કરી પોતામાં ઠરવું જોઈએ એ તેનું પ્રયોજન છે, તે કરતો નથી પણ બીજાને સંભળાવવાનો અભિપ્રાય હોય અથવા વ્યાખ્યાન શૈલી સુધરી જશે એવો અભિપ્રાય રાખે તો મિથ્યાદૃષ્ટિ છે. બીજાને ઉપદેશ આપવાનો અભિપ્રાય છે. જેમ કોઈને લક્ષ્મી મળે તે વાત જીવ બહારમાં ઢંઢેરો પીટે નહિ. તો પણ પોતાના ખર્ચથી તેના ધનવાનપણાની ખબર પડી જાય છે; તેમ આત્માનું ભાન હોય તે અછતું રહેતું નથી. અજ્ઞાની તો દુનિયાને સમજાવવા જાય છે. ઘણા લોકો સમજે તો ઠીક એમ માને છે; કરોડો માણસ માને તો પોતાની વાત સાચી એમ તે માને છે. ઘણા લોકો પોતાને માને તો સંતુષ્ટ થાય છે. શું ઘણા લોકો માને તો પોતાને લાભ છે ? ને કોઈ ન માને તો પોતાને ગેરલાભ છે ? એમ નથી. સામેના જીવો પોતાને કારણે ધર્મ પાળે છે, ને પોતામાં ધર્મ થાય છે તે પોતાના કારણે થાય છે. પોતાને રાગ થાય છે પણ રાગથી પરને લાભ નથી. પોતાની પર્યાયથી પોતાના લાભ-નુકસાન છે. પરની પર્યાયથી પોતાને લાભ નુકસાન જરા પણ નથી -એવી તેને ખબર નથી.

ઉપદેશ આપવાથી સારા આહાર પાણી મળશે ને સગવડ મળશે એવી દૃષ્ટિ ખોટી છે. તેને આત્મા ઉપર દૃષ્ટિ નથી. બીજાની પર્યાય પોતાથી થતી નથી. જ્ઞાનાભ્યાસ તો પોતાના માટે કરવામાં આવે છે

ને વિકલ્પ વખતે વાણી નીકળવાની હોય તો નીકળે ને તેનું નિમિત્ત પામીને પરનું પણ ભલું થાય તો ભલું કરે છે; પણ પોતાના ઉપદેશથી પર ધર્મ પામે એવી માન્યતા મિથ્યા છે. ઉપદેશ અથવા વાણી આત્માથી નીકળતી નથી. વાણીની પર્યાય પણ નિશ્ચિત છે. અજ્ઞાની લોકોને આત્મજ્ઞાનની ખબર નથી ને શુભ રાગ આવે છે તેનાથી ધર્મ માને છે તેથી તેને મિથ્યાત્વનો લાભ થાય છે.

બીજા ઉપદેશ સાંભળે તેથી આત્માને લાભ નથી પણ પોતાના જ્ઞાનની નિર્મળતાથી પોતાને લાભ છે. કોઈ સાંભળે નહિ ને સમજે નહિ તો વિષાદ શા માટે કરે છે ? અનંત તીર્થંકરો થઈ ગયા પણ બધાનો મોક્ષ થયો નહિ. સૌ પોતપોતાની લાયકાતથી સમજે છે માટે પરનું કામ નથી. શાસ્ત્રનો ભાવ જાણી પોતાનું ભલું કરવું આમ સમજતો નથી ને એકલા શાસ્ત્રમાં તત્પર રહે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

## ફાગણ વદ ૧૪, શનિવાર, ૧૪-૩-૫૩.

અનાદિ અજ્ઞાની જીવ યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાન કરતો નથી તે જ્ઞાનમાં શું ભૂલ કરે છે તે બતાવે છે. શાસ્ત્ર વાંચી જાય છે પણ આત્મા પરદ્રવ્યથી ભિન્ન છે એવી પ્રતીતિ કરવી તે શાસ્ત્ર વાંચનનું પ્રયોજન છે તે તો કરતો નથી. દયા પાળવામાં ધર્મ માનવાનું શાસ્ત્ર કહેતા નથી, શાસ્ત્રનું પ્રયોજન વીતરાગતા છે તેને તે સમજતો નથી. બીજા ઉપદેશ સાંભળે તો ખુશી થાય છે પણ બીજાને ઉપદેશ દેવાથી પોતાને લાભ નથી. ઉપદેશ તો જડ છે, તેનો આત્મા સ્વામી નથી. ઉપદેશથી બીજા ધર્મ પામી જશે એમ માનવું તે ભ્રમ છે. ઉપદેશ તો જડની ક્રિયા છે. આત્મા તે કરી શકતો નથી. ઉપદેશ દેવાનો ભાવ તે શુભ આસ્રવ છે. તે બન્નેથી રહિત પોતાનો આત્મા શુદ્ધ છે તેવી પ્રતીતિ કરવી તે પ્રયોજન છે. તે પ્રયોજનને સાધતો નથી. કેટલાક વ્યાકરણ આદિમાં ઘણો વખત લગાવે પણ તેમાં આત્મહિત નથી. પોતાને ઘણી બુદ્ધિ હોય ને વખત હોય તો અભ્યાસ કરવો, પણ બુદ્ધિ ઓછી હોય ને એકલા વ્યાકરણાદિમાં રોકાઈ જાય તો આત્મહિત થઈ શકે નહિ. વળી કેટલાક લોકો કહે છે કે અષ્ટસહસ્ત્રી આદિમાં છાયાવાદ ભર્યો પડ્યો છે. એટલે કે એક દ્રવ્ય બીજા દ્રવ્ય ઉપર અસર કરે છે. પણ તે વાત સાચી નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્ય પર કદી અસર કરતું નથી, પણ એકમાં કાર્ય થાય ત્યારે બીજા પદાર્થની ઉપસ્થિતિ હોય છે.

વળી કોઈ કહે કે અગ્નિથી પાણી ગરમ થાય છે પણ તે વાત ખોટી છે. પાણી પાણીના કારણે ગરમ થાય છે તો અગ્નિને નિમિત્ત કહેવાય છે. ગુરુને લીધે શિષ્યની પર્યાય થતી નથી. પોતાના કારણે દરેક પદાર્થ સ્વયં પરિણમે છે. તો બીજા પદાર્થને નિમિત્ત કહેવાય છે.

અહીં કહે છે કે વ્યાકરણ, કાવ્ય આદિ શાસ્ત્રમાં આત્મહિત નિરૂપણ નથી. એનું પ્રયોજન એટલું છે કે પોતાની બુદ્ધિ બહુ હોય તો તેનો થોડો ઘણો અભ્યાસ કરી પછી આત્મહિત સાધક શાસ્ત્રોનો અભ્યાસ કરવો. સંસ્કૃત આદિ જાણે તો જ ન્યાય જાણે એવું નથી. અહીં કહે છે કે પોતાની બુદ્ધિ ઘણી હોય તો સંસ્કૃત આદિ શીખે ને પછી સત્સમાગમે દ્રવ્યાનુયોગમાં શાસ્ત્રનો અભ્યાસ કરે. બુદ્ધિ



થોડી હોય તો આત્મહિતસાધક સહેલાં શાસ્ત્ર વાંચવા. પોતે જ્ઞાયકસ્વભાવી છે, પર્યાયમાં દયા-દાનાદિ પરિણામ થાય છે તે વિકાર છે. વિકાર રહિત પોતે છે તેનો નિર્ણય સુગમ શાસ્ત્ર દ્વારા કરવો. મોક્ષમાર્ગ પ્રકાશક આદિ સુગમ શાસ્ત્ર છે તેનો અભ્યાસ કરવો. સંસ્કૃત વ્યાકરણ આદિ ભણતાં ભણતાં આયુષ્ય પૂર્ણ થઈ જાય તેમ ન કરવું. પ્રયોજનભૂત વાતનો અભ્યાસ કરવો જોઈએ. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ ન બને એમ ન કરવું. અહીં તત્ત્વજ્ઞાન શબ્દ લીધેલ છે કેમ કે તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. સાત તત્ત્વ ભિન્ન ભિન્ન છે એમ જાણવું જોઈએ.

દયા-દાનાદિના પરિણામ ચૈતન્યના પરિણામ છે. પર્યાયદૃષ્ટિએ તેનો જીવની સાથે અનિત્ય તાદાત્મ્ય સંબંધ છે. પણ દ્રવ્યદૃષ્ટિએ તે જીવના નથી કારણ કે જીવમાંથી નીકળી જાય છે -આમ સમજવું જોઈએ. એમ ન સમજે તો વ્યાકરણ આદિનો અભ્યાસ વ્યર્થ છે.

**પ્રશ્ન** : તો વ્યાકરણ આદિનો અભ્યાસ ન કરવો ?

**ઉત્તર** : એના અભ્યાસનો નિષેધ નથી પણ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ ન થઈ શકે એટલો વખત એમાં ગાળવો નહિ.

**પ્રશ્ન** : મહાગ્રંથ એવા શાથી કર્યા કે જેનો અર્થ વ્યાકરણાદિ વિના ખૂલે નહિ. ભાષા વડે સુગમરૂપ હિત-ઉપદેશ કેમ ન લખ્યાં ? સાદી ભાષામાં લખવું હતું.

**સમાધાન** : ભાષામાં પણ પ્રાકૃત, સંસ્કૃતાદિકના જ શબ્દો છે પરંતુ અપભ્રંશ સહિત છે. દેશમાં જાુદી જાુદી ભાષા છે. મહાન પુરુષો અપભ્રંશ કેમ લખે ? બાળક તોતડું બોલે પણ મોટા તો તોતડું ન બોલે. વળી હિંદી ભાષા અંગ્રેજીવાળા ન સમજે, એક બીજા ન સમજે એટલા માટે પ્રાકૃત સંસ્કૃતાદિ શુદ્ધ શબ્દરૂપ ગ્રંથ રચ્યા તથા વ્યાકરણ વિના શબ્દનો અર્થ યથાવત્ ભાસે નહિ. તથા ન્યાય વિના લક્ષણ, પરીક્ષા ન હોય. વ્યાકરણ વિના અર્થ ન જાણે તેટલા માટે અભ્યાસ કરવા કહ્યું છે. ભાષામાં પણ તેની થોડી ઘણી આમ્નાયનો પોતાની મેળે જ ઉપદેશ થઈ શકે છે પણ તેની ઘણી આમ્નાયથી બરાબર નિર્ણય થઈ શકે છે. રાગાદિ પર્યાયમાં થાય છે પણ તે આત્મામાંથી નીકળી જાય છે. માટે જીવનું સ્વરૂપ નથી. જ્ઞાનાદિ જીવનો સ્વભાવ છે. પાણી પદાર્થ છે તે પોતાના કારણે ગરમ થાય છે તો અગ્નિને નિમિત્ત કહેવાય -એવો ન્યાય સાદી ભાષામાં પણ લખ્યા હોય તો પ્રયોજન સમજાઈ જાય છે. અગ્નિ ને પાણીના પરમાણુમાં અન્યોન્ય અભાવ છે. અગ્નિ પાણીને અડતી નથી. અજ્ઞાની માને છે કે અગ્નિ આવી તો કપડાં બળી ગયા -તે વાત ખોટી છે. કપડાં કપડાંને કારણે બળે છે તેમાં અગ્નિ નિમિત્ત છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહાર કહેલ છે. વળી વ્યવહારથી બોલાય કે ગુરુથી જ્ઞાન થયું પણ એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને અડતી નથી, ભાષમાં સ્વયં ન્યાય આવડી જાય છે. સાધારણ ભાષામાં પણ સહેજે આમ્નાયનો પોતાની મેળે જ ઉપદેશ થઈ શકે છે. દરેક દ્રવ્ય પોતાના અનંત ગુણોને સ્પર્શે છે પણ પરદ્રવ્યની પર્યાયને કદી સ્પર્શતું નથી. એ મહાન ન્યાય

છે તે સમયસાર ગાથા ૩માં કહેલ છે.

દરેક પરમાણુ ને આત્મા સ્વતંત્ર છે તે પોતાના ધર્મીને સ્પર્શે છે. પરંતુ પરસ્પર એકબીજાને સ્પર્શતા નથી. કપડાંનો એક પરમાણુ અસ્તિત્વ આદિ પોતાના ગુણોને સ્પર્શે છે પણ અગ્નિના પરમાણુને સ્પર્શતા નથી. એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શતો નથી તે જ પ્રત્યક્ષ દેખાય છે. સંયોગ આવે તો પરિણમન થાય -એ દૃષ્ટિમાં ભૂલ છે. પ્રત્યેક આત્મા ને પરમાણુ પોતામાં પરિણમતો આખા લોકમાં સુંદર છે. ભિન્ન દ્રવ્ય ભિન્ન દ્રવ્યને સ્પર્શતું નથી. કર્મ અનંતા પરમાણુનો સ્કંધ છે, તે આત્માને કદી સ્પર્શતો નથી. કર્મનો ઉદય જડ છે, તે આત્માને અડતો નથી.

**પ્રશ્ન** : કર્મનો પ્રભાવ તો પડે ને ?

**ઉત્તર** : પ્રભાવ એટલે શું ? એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં પ્રવેશ થાય છે ? ના. એકબીજાની એકબીજામાં છાયા પડતી નથી. એક પરમાણુ બીજા પરમાણુમાં જાય છે ? રૂપી પરમાણુ અરૂપી આત્માને અડે છે ? ના, કર્મનો પ્રભાવ આત્મામાં માનવો તે મૂળમાં ભૂલ છે. અજ્ઞાનીને સાચી વાત સાંભળવામાં પણ કંટાળો આવે છે. બાળક ને અજ્ઞાની બધા કહે છે કે કુંભારને લીધે ઘડો થાય છે. પંડિત કહે છે કે નિમિત્ત આવે તો ઘડો થાય ને કુંભાર કહે છે કે હું આવ્યો તો ઘડો થયો. -તો એ અપેક્ષાએ બન્ને સરખા છે. કુંભારને ઘડાનો કર્તા કહેવો તે નયાભાસ છે. પંચાધ્યાયીમાં તે વાત લખી છે. કુંભાર ઘડાને કાંઈ કરતો નથી. માટી પોતાના કારણે વિશેષરૂપ પરિણમે ત્યારે કુંભારને નિમિત્ત કહેવાય છે. માટીમાં પ્રદેશત્વગુણ છે તેના કારણે તેની આકારરૂપ અવસ્થા થઈ જાય છે. તેવી જ રીતે આત્માનો આકાર શરીરના કારણે નથી. શરીર સ્થૂલ આવ્યું માટે આત્માનો આકાર સ્થૂલ થયો એમ છે નહિ. આત્મા ને શરીરનો આકાર સ્વતંત્ર છે. શરીર દુબળું થતાં આત્માના પ્રદેશો પણ સંકોચ પામે છે. ત્યાં આત્મા પોતાના કારણે સ્વયં સંકોચ પામે છે. ચાલુ ભાષામાં પણ આવા સિદ્ધાંતો સમજી શકાય છે.

**પ્રશ્ન** : એમ છે તો હવે સાદી ભાષારૂપ ગ્રંથ કેમ બનાવો છો ?

**સમાધાન** : કાળદોષથી જીવોની મંદ બુદ્ધિ છે. જીવોની પોતાની યોગ્યતા છે તેમાં કાળને નિમિત્ત કહેવાય છે. પંચમકાળ છે માટે કેવળજ્ઞાન નથી -એમ નથી. પોતાના કારણે કેવળજ્ઞાન થતું નથી તો કાળને નિમિત્ત કહેવાય છે. અજ્ઞાની સમજતો નથી ને કાળ ઉપર દોષ નાખે છે. જ્ઞાનાવરણીય કર્મને લીધે જ્ઞાન હીણું પડ્યું એમ તે કહે છે. પણ પોતાના કારણે જ્ઞાન હીણું કરે છે તો જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવાય છે. જ્ઞાનાવરણીય કર્મની પર્યાય જ્ઞાનને કદી અડતી નથી. દરેક પદાર્થ પોતામાં સમયે સમયે કાર્ય કરે છે. કાળ અચેતન છે. કાળ બીજાને પરિણમાવતો નથી. જો કાળ પરને પરિણમાવે તો નિગોદના જીવને સિદ્ધદશારૂપ કરી આપવા જોઈએ -પણ એમ થતું નથી. નિગોદ પોતાના કારણે નિગોદદશારૂપે પરિણમે છે તો કાળ નિમિત્ત છે. સિદ્ધ બિરાજે છે તે ક્ષેત્રે નિગોદ પણ છે. તે દરેકનું પરિણમન સ્વતંત્ર છે. કાળે શું કર્યું ? જે જીવ પોતાના કારણે જેવી અવસ્થા કરે છે તેનો આરોપ



કાળ ઉપર આવે છે. અત્યારે જીવો મંદ બુદ્ધિવાળા છે. જેટલું જ્ઞાન થશે તેટલું તો થશે એવો અભિપ્રાય વિચારી મોક્ષમાર્ગ પ્રકાશકરૂપ ભાષાગ્રંથ કરીએ છીએ. જે વ્યાકરણ આદિનો અભ્યાસ ન કરી શકે તેણે સુગમ શાસ્ત્ર વાંચવા. જે શબ્દની યુક્તિ માટે વ્યાકરણાદિ અવગાહે તેને પંડિતપણાનું અભિમાન છે. વાદવિવાદ માટે અવગાહે છે તે લૌકિક પ્રયોજન છે. ચતુરાઈ બતાવવા ભણે તો તેમાં આત્માનું હિત નથી. તેનો બને તેટલો થોડો ઘણો અભ્યાસ કરી આત્મહિત માટે તત્ત્વોનો નિર્ણય કરે તે જ ધર્માત્મા પંડિત જાણવો. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ કોઈને ઉપકારી નથી -એમ સમજવું જોઈએ. તત્ત્વાર્થસૂત્રમાં એક સૂત્ર આવે છે કે પુદ્ગલ આત્માને સુખદુઃખમાં ઉપકાર કરે છે. તેનો અર્થ એ છે કે આત્મા પોતામાં સુખ-દુઃખ ઉત્પન્ન કરે છે તો પુદ્ગલને નિમિત્ત કહેવાય છે. વળી કહ્યું કે પુદ્ગલ મરણમાં ઉપકાર કરે છે. આત્માની સ્થિતિ શરીર સાથે રહેવાની પૂરી થઈ તો શરીર છૂટી જાય છે. આત્માની સ્થિતિ સ્વતંત્ર છે. આયુકર્મ સ્વતંત્ર છે. શરીરની પર્યાય સ્વતંત્ર છે. કોઈ કોઈને પરાધીન નથી. આયુકર્મ પૂરું થયું માટે આત્મા છૂટી ગયો ? ના. દરેક સ્વતંત્ર છે.

અહીં કહે છે કે તત્ત્વાદિનો નિર્ણય કરે છે તે જ ધર્માત્મા પંડિત જાણવો. દ્રવ્ય-ગુણ-પર્યાય બધું સ્વતંત્ર છે -એમ સમજવું જોઈએ. આવો નિર્ણય ન કરે તો મિથ્યાદૃષ્ટિ છે.

## ચૈત્ર સુદ ૧, સોમવાર, ૧૬-૩-૫૩.

અહીં મોક્ષમાર્ગ પ્રકાશકમાં વ્યવહારાભાસનો અધિકાર ચાલે છે. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એવું જેને ભાન નથી અને શુભ ભાવથી લાભ માને છે તે વ્યવહારાભાસી છે. વળી કોઈ જીવ શુભ ભાવ કરે છે તેને સ્વર્ગ મળે છે અને પાપ ભાવ કરે છે તેને નરકાદિ મળે છે. પણ એનાથી સમ્યગ્દર્શન થતું નથી -એમ સમજે નહિ તો કથાનુયોગના કથનનું પ્રયોજન સમજતો નથી, અને ચરણાનુયોગમાં પણ પુણ્ય-પાપનું કથન છે. ચરણાનુયોગમાં જે શુભ પરિણામનું કથન છે તેનો હેતુ તો અશુભ ભાવ છોડાવવાનો છે પણ શુભ છે તે પુણ્યબંધ છે, તે ધર્મ નથી. જે જીવ શુભ ભાવમાં લાગી રહે છે અને સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે. એને તત્ત્વની ખબર નથી. શુદ્ધ આહારથી પરિણામ સુધરે એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે પરદ્રવ્યથી શુભ-અશુભ પરિણામ થતાં નથી. પુણ્ય-પાપ પરથી થતાં નથી પણ પોતે જેવા કરે છે એવા થાય છે. એમ સમજે નહિ અને પરદ્રવ્યને રાગદ્વેષનું કારણ માને અને શુદ્ધ-અશુદ્ધ આહારથી પરિણામ સારા-ખરાબ થાય છે એમ માને તેને આત્માનો લાભ થાય નહિ.

શાસ્ત્રમાં પ્રતિમાની સ્થાપના આદિ કરે તેને પુણ્ય થાય છે. એ નિમિત્તનું કથન કરીને શુભ પરિણામનું વર્ણન કર્યું છે પણ એનાથી ધર્મ થાય છે એમ નથી. નિર્દોષ આહાર કરવાથી સંવર-નિર્જરા થાય છે અને સદોષ આહાર કરવાથી પાપ થાય છે એમ કોઈ કહે તો એ વાત ખોટી છે. કોઈ એમ કહે કે અવિરતિને આહાર આપે તે પાપ ભાવ છે -એ વાત પણ ખોટી છે. કેમ કે કોઈ અનુકંપાથી

આહાર આપે તો પુણ્યબંધ થાય છે. એને પણ તે સમજતો નથી અને ચરણાનુયોગમાં એવા શુભ ભાવનું કથન કર્યું હોય તેને ધર્મ માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય-પાપના સ્વરૂપને તે સમજતો નથી.

કરણાનુયોગમાં માર્ગણાસ્થાન વગેરેનું વર્ણન કર્યું છે. ત્યાં ભેદથી કથન કર્યું હોય છે. તે ભેદને સમજીને અભેદ દૃષ્ટિ કરવી તે કરણાનુયોગનું પ્રયોજન છે. તેને સમજે નહિ ને એકલા ભેદમાં અટકે તો તે મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્યસંગ્રહની ટીકામાં કહેલ છે કે હાથની ક્રિયા આત્મા ત્રણ કાળમાં કરી શકતો નથી. જ્ઞાનાવરણીય કર્મના કારણે જ્ઞાનની પર્યાય અટકે છે -એમ નથી. સમયસારમાં કહેલ છે કે ચૌદે ગુણસ્થાનનું ભેદથી કથન કર્યું છે તે પણ આત્માનું સ્વરૂપ નથી.

દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરીને એકાંત આત્મા શુદ્ધ જ છે અને પર્યાયમાં વિકાર જ નથી એમ માને તો તે દ્રવ્યાનુયોગના પ્રયોજનને સમજતો નથી. પ્રથમ આત્માનું યથાર્થ સ્વરૂપ સમજ્યો હોય પછી તેને વિશેષ સ્થિરતા થાય તેને ચારિત્રદશા કહેવાય છે. પર્યાયમાં જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેનું જ્ઞાન ગોમ્મટસારે કરાવ્યું છે. અને દ્રવ્યાનુયોગ તે પર્યાય આદિના ભેદ છોડીને અભેદ સ્વરૂપનું અવલંબન કરો -એમ કહે છે.

શાસ્ત્રમાં એવું કથન આવે છે કે જ્ઞાનાવરણીય કર્મથી આત્માનું જ્ઞાન રોકાય છે. તો તે નિમિત્તનું કથન છે. મોહનીય કર્મના કારણે રાગદ્વેષ થાય છે -એમ છે જ નહિ. રાગદ્વેષમાં તે નિમિત્તમાત્ર છે -એમ બતાવવા એવું કથન કર્યું છે. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. જે શાસ્ત્રોમાં ત્રણ લોકનું નિરૂપણ કર્યું હોય છે તેનો અભ્યાસ કરે પણ એનું પ્રયોજન વિચારતો નથી, અભેદ દૃષ્ટિ કરતો નથી, શુદ્ધોપયોગ કરતો નથી તેને કાંઈ લાભ થતો નથી. અજ્ઞાની શાસ્ત્રનો અભ્યાસ કરે પણ તેનું પ્રયોજન વિચારે નહિ તો તે મિથ્યાદૃષ્ટિ છે.

સિદ્ધચક્રની પૂજા કરવાથી શરીરમાં કોઢ મટી જાય એવું શાસ્ત્રમાં નિમિત્તથી કથન આવે તેને કોઈ યથાર્થ જ માની લ્યે તો તે મિથ્યાદૃષ્ટિ છે. તે કથાનુયોગના પ્રયોજનને સમજતો નથી. પુરાણમાં પુણ્ય-પાપના ફળનું કથન છે. એમાં પુણ્યનું ફળ સારું માને તે કથાનુયોગના પરિણામને સમજતો નથી અને ચરણાનુયોગમાં પુણ્ય-પાપના પરિણામનું વર્ણન કર્યું છે એમાં પુણ્ય પરિણામથી ધર્મ થાય એમ માને તો તે ચરણાનુયોગના પ્રયોજનને સમજતો નથી. વળી કરણાનુયોગના અભ્યાસથી આત્માનું ભલું થાય એમ માને છે તે કરણાનુયોગના પ્રયોજનને સમજતો નથી. પોતાના અભેદ સ્વરૂપનો આશ્રય કરવો તે ત્રણે અનુયોગનું પ્રયોજન છે એને સમજતો નથી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી.

પહેલા સાચું તત્ત્વજ્ઞાન થાય તો પછી પુણ્ય-પાપના ફળને સંસાર જાણે. પુણ્ય-પાપ બન્ને હેય છે એમ વિચારે નહિ તેને તત્ત્વજ્ઞાન નથી. પુણ્ય-પાપ તે સંસાર છે, ધર્મનું કારણ નથી. જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કરીને તત્ત્વજ્ઞાનપૂર્વક અંતર્લીનતા કરે તે ધર્મ છે. ગુણસ્થાન, માર્ગણાસ્થાન છે તે જીવનું વ્યવહારે



નિરૂપણ છે. તે કાંઈ શરીરાદિ જડનું સ્વરૂપ નથી એમ સમજે તેને સમ્યગ્જ્ઞાન થાય છે.

હવે તત્ત્વજ્ઞાનનું કારણ અધ્યાત્મશાસ્ત્રો છે, તેનો તો અભ્યાસ કરે નહિ, દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરે તો વિપરીત કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. ઘણા તો એમ કહે છે કે સમયસાર શાસ્ત્ર મુનિ માટે છે. ઊંચી દશા થયા પછી વાંચવા જેવો છે એમ કહીને દ્રવ્યાનુયોગના અભ્યાસનો નિષેધ કરે છે. વળી કોઈ દ્રવ્યાનુયોગ શાસ્ત્રનો અભ્યાસ કરીને પણ કર્મના કારણે વિકાર થાય છે એમ માને છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. આત્માનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમય છે. રાગાદિ વિકાર મારો સ્વભાવ નથી. આત્માનો આશ્રય લેતાં કેવળજ્ઞાનાદિ પ્રગટ થાય છે એવો નિર્ણય જોણે કર્યો તે સમજે છે કે જે કાળે જે પર્યાય થવાની તે થવાની. આત્મામાં વિકાર કે ભવ નથી એવો નિર્ણય જેને હોય છે તેને કેવળજ્ઞાનનો યથાર્થ નિર્ણય થયો છે. આત્મા સર્વજ્ઞ થવાની લાયકાતવાળો છે -એવો નિર્ણય જેને થયો તેને અનંતભવ હોય નહિ. હું ભવ્ય છું કે અભવ્ય છું એનો પણ નિર્ણય કરવાની જેનામાં તાકાત નથી તેને સર્વજ્ઞશક્તિ આત્માની છે એવી પ્રતીતિ નથી. અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞનો નિર્ણય થયો તેને વધુ ભવ હોય નહિ. કર્મ અજીવ છે, મારામાં કર્મ નથી તો મને ભવ નથી. સર્વજ્ઞ સ્વભાવ મારો છે એવો જેને નિર્ણય થયો તેને ભવની શંકા હોતી નથી. મારા પુરુષાર્થને કાંઈ કર્મ રોકનાર નથી એવો નિર્ણય તે પુરુષાર્થ છે. તેને ભવ હોય નહિ.

પ્રવચનસાર ગાથા ૮૦માં કહેલ છે કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ જાણી આત્માનો એવો જ સ્વભાવ છે એવો નિર્ણય કરે તેનો મોહ-રાગ-દ્વેષ નાશ પામે છે. અરિહંતોએ એ જ વિધિથી રાગ-દ્વેષ-મોહનો નાશ કર્યો છે અને એવો જ ઉપદેશ આપ્યો કે અમોએ જે રીતે મોહનો નાશ કર્યો ને તમે પણ એવો જ પુરુષાર્થ કરો તો મોહનો નાશ થશે.

દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરીને પણ જે અંતર્પુરુષાર્થ કરતો નથી, પોતાનો અને પરનો યથાર્થ નિર્ણય કરતો નથી અને આસ્રવાદિને જેમ છે તેમ જાણતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે. અહીં સમ્યગ્જ્ઞાનમાં અયથાર્થ પ્રવૃત્તિ કેવી હોય છે તેનું કથન છે. તેમાં એમ કહે છે કે કદાપિ મુખથી કોઈ વખત એવું પણ કથન કરે કે એનું નિમિત્ત પામીને પૂર્વે જોણે સાંભળ્યું છે તે જીવને સમ્યગ્દર્શન થાય. અધ્યાત્મશાસ્ત્ર ભણીને પણ યથાર્થ નિર્ણય કરતો નથી તેનું અહીં વર્ણન છે પણ સમ્યગ્દર્શન કોના નિમિત્તે થાય છે એ વાત અહીં કહેવી નથી. નિયમસાર ગાથા ૫૩માં કહ્યું છે કે સમ્યગ્દર્શન પામવામાં પ્રથમ નિમિત્ત યથાર્થ જ્ઞાનીનો જ ઉપદેશ હોય છે. શ્રીમદ્દે પણ કહ્યું છે કે :

**બૂઝી ચહત જો પ્યાસ કો હૈ બૂઝન કી રીત**
**પાવે નહિ ગુરુગમ વિના એહી અનાદિસ્થિત.**

હવે આગળ દૃષ્ટાંત આપશે.

## ચૈત્ર સુદ ૨, મંગળવાર, ૧૭-૩-૫૩.

અહીં વ્યવહારાભાસનું વર્ણન ચાલે છે. આત્માના ભાન વિના એકલા શુભ ભાવમાં જે ધર્મ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. આત્મા જ્ઞાનસ્વરૂપી છે. શરીરાદિની ક્રિયા પર છે. પર્યાયમાં રાગ થાય છે તે આત્માનો સ્વભાવ નથી, -એવું જેને ભાન નથી તે મિથ્યાદૃષ્ટિ છે. તે શાસ્ત્રનો અભ્યાસ કરે છે પણ પોતાને પોતારૂપ અને પરને પરરૂપ જાણી સ્વરૂપનો નિર્ણય કરતો નથી તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. દયા, દાન, ભક્તિ આદિના ભાવ તે વિકાર છે. એનાથી ધર્મ થાય એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. આસ્રવને આસ્રવરૂપ ન માનતા તેને સંવર માને તે સાત તત્ત્વને યથાર્થ ભિન્ન ભિન્ન માનતો નથી તે ધર્મી નથી, જૈની નથી. કરિયાતાની કોથળીમાં ઉપર સાકર લખે તો કંઈ કરિયાતું સાકર થાય નહિ. એમ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ સાત તત્ત્વનું યથાર્થ જ્ઞાન કરે નહિ અને પોતે જૈની છે એમ માને તો પણ તે જૈની નથી, મિથ્યાદૃષ્ટિ અજૈની છે. એવો જીવ શાસ્ત્રાભ્યાસ કરીને કદાચિત્ મુખથી એવો પણ ઉપદેશ કરે કે જે ઉપદેશથી બીજા જીવો સમ્યગ્દૃષ્ટિ થઈ જાય છે. તેને પોતાને તો સમ્યગ્જ્ઞાન નથી પણ કોઈ વખતે શાસ્ત્રની વાત એવી પણ કરે છે કે જેના ઉપદેશથી બીજો જીવ સમ્યગ્દૃષ્ટિ થઈ જાય છે. ત્યાં સિદ્ધાંત એવો સિદ્ધ નથી કરવો કે મિથ્યાદૃષ્ટિના નિમિત્તથી સમ્યગ્દર્શન થાય છે પણ અહીં તો મિથ્યાદૃષ્ટિ શાસ્ત્રનો અભ્યાસ ઘણો કરે છે છતાં તેને સમ્યગ્જ્ઞાન નથી એ વાત સિદ્ધ કરવી છે. અજ્ઞાનીના નિમિત્તે કદી પણ કોઈ જીવ સમ્યગ્દર્શન પામે નહિ. દેશનાલબ્ધિમાં નિમિત્ત સાક્ષાત્ જ્ઞાની જ હોય છે. દેશનાલબ્ધિ જેને પ્રથમ મળી હોય એ જીવ પોતે વિચાર કરે કે આ મિથ્યાદૃષ્ટિ ઉપદેશ કરે છે એનો આવો અર્થ છે -એમ વિચારી પોતે સમ્યગ્દૃષ્ટિ થઈ જાય છે. પણ પૂર્વે કદી પણ સાંભળ્યું ન હોય, દેશનાલબ્ધિ પ્રાપ્ત થઈ ન હોય તે જીવ મિથ્યાદૃષ્ટિનો ઉપદેશ સાંભળીને કદી પણ સમ્યગ્દૃષ્ટિ થઈ શકે જ નહિ.

નિયમસારની ૫૩મી ગાથામાં સંસ્કૃત ટીકામાં કહેલ છે કે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિમાં સમ્યગ્જ્ઞાની જ નિમિત્ત હોય છે. અનાદિ જૈનદર્શનમાં એવી મર્યાદા છે કે સમ્યગ્જ્ઞાની વિના ત્રણ કાળમાં સમ્યગ્દર્શન થાય નહિ. જેમ ચિદાનંદના અનુભવથી જ્યારે છઠ્ઠું-સાતમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે ત્યારે બહારમાં શરીરની નગ્નદશા સહજ થઈ જાય છે. દ્રવ્યલિંગ નગ્નદશાને આધીન ભાવલિંગ મુનિદશા નથી પણ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને સમ્યગ્જ્ઞાની જ નિમિત્ત હોય છે પણ નિમિત્તાધીન સમ્યગ્દર્શન છે -એમ નથી.

દ્રવ્યલિંગ હોય અને ભાવલિંગ ન હોય એમ બને પણ ભાવલિંગ હોય ત્યાં દ્રવ્યલિંગ ન હોય એમ કદી ન બને. દેશનાલબ્ધિ પ્રાપ્ત થઈ હોય અને સમ્યગ્દર્શન ન હોય એમ બને પણ સમ્યગ્દર્શન જેને હોય અને પહેલાં દેશનાલબ્ધિ ન મળી હોય -એમ કદી ન હોય. છતાં દેશનાલબ્ધિમાં નિમિત્ત સમ્યગ્જ્ઞાની જ હોય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. પહેલાં દેશનાલબ્ધિ મળી હોય અને



પછી ઘણે કાળે પોતે પોતાથી વિચાર કરીને સમ્યગ્દર્શન પામે એને નિસર્ગજ સમ્યગ્દર્શન કહે છે. અધિગમ કે નિસર્ગજ કોઈ પણ સમ્યગ્દર્શનમાં નિમિત્તરૂપે પ્રથમ સમ્યગ્જ્ઞાની મળ્યા ન હોય એમ કદી બને નહિ છતાં એ બન્ને પ્રકારના સમ્યગ્દર્શનમાં નિમિત્તના કારણે સમ્યગ્દર્શન થાય છે -એમ નથી.

અહીં તો કહે છે કે મિથ્યાદૃષ્ટિ એવો ઉપદેશ આપે કે એના નિમિત્તથી બીજા જીવ સમ્યગ્દૃષ્ટિ થઈ જાય. ત્યાં એ વાત સિદ્ધ કરે છે કે મિથ્યાદૃષ્ટિ શાસ્ત્રાભ્યાસ કરીને એટલી ધારણા કરી હોય છે કે બીજો જીવ પોતે પૂર્વે સમ્યગ્જ્ઞાની પાસે સાંભળ્યું હોય તેને યાદ કરીને સમ્યગ્દૃષ્ટિ થઈ જાય ત્યારે આ નિમિત્ત છે એટલી ધારણા થાય છે છતાં તે મિથ્યાદૃષ્ટિ રહે છે. મિથ્યાદૃષ્ટિના નિમિત્તે પણ સમ્યગ્દર્શન થાય છે -એમ અહીં કહેવું નથી.

અનંતવાર ભગવાનના સમવસરણમાં ગયો, અનંતવાર દ્રવ્યલિંગ પણ ધારણ કર્યું પણ પોતે કોણ અને પર કોણ એવું યથાર્થ જ્ઞાન કરીને પરાધીન દૃષ્ટિ છોડી નહિ. નિશ્ચય આત્મસ્વભાવને ન જાણ્યો તો વ્યવહાર પણ કહેવાતો નથી. કાર્ય પ્રાપ્ત થયું નહિ તો કારણ પણ સાચું પ્રાપ્ત કર્યું નહિ. કાર્ય થયું તો કારણ કહેવાય છે. દરેક પદાર્થનું સ્વતંત્ર પરિણમન થઈ રહ્યું છે.

તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે તે નિશ્ચય સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વરૂપી ધર્મ પરમાંથી તો આવતો નથી પણ રાગની પર્યાયમાંથી પણ આવતો નથી. આત્મામાં દર્શન નામનો ગુણ છે તેમાંથી સમ્યગ્દર્શનરૂપ પર્યાય પ્રગટ થાય છે. આત્માના શ્રદ્ધાન ગુણની વિપરીત પર્યાય તે મિથ્યાત્વ છે, સવળી પર્યાય તે સમ્યક્ત્વ છે.

આત્મા પોતે પુરુષાર્થથી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે જ્યારે પાંચે સમવાય હોય છે. કાળ, નિયત, પુરુષાર્થ, સ્વભાવ અને કર્મનો અભાવ એ પાંચે સમવાય એક સમયમાં હોય છે. જેમ કોઈ બાળક સ્ત્રીનો સ્વાંગ કરી એવું ગાયન કરે કે જે સાંભળીને અન્ય પુરુષ-સ્ત્રી કામરૂપ થઈ જાય પણ આ તો જેવું શીખ્યો તેવું કરે છે પરંતુ તેનો ભાવ કાંઈ તેને ભાસતો નથી. તેથી પોતે કામાસક્ત થતો નથી. સ્ત્રીનો વેશ ધારણ કરે પણ એને અંતરમાં કાંઈ હોય નહિ. તેમ અજ્ઞાની જેવું શીખ્યો તેવું બોલે પણ એને પોતાને મર્મ ભાસતો નથી. જો પોતાને એનું શ્રદ્ધાન થયું હોત તો અન્ય તત્ત્વનો અંશ અન્ય તત્ત્વમાં મેળવત નહિ પણ તેને તેનું ઠેકાણું નથી.

દ્રવ્ય અંશી છે અને પર્યાય અંશ છે. પરની પર્યાય પોતાથી થાય અને પોતાની પર્યાય પરથી થાય એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. ઈચ્છાના કારણે ભાષા થતી નથી. કેમ કે ભાષા તે અજીવનો અંશ છે અને ઈચ્છા છે એ આસ્રવ છે, તે જીવનો અંશ છે. તેના કારણે અજીવનો અંશ થાય છે એમ જે માને છે તે અજ્ઞાની છે અને આસ્રવ અંશના કારણે સંવર-નિર્જરા અંશ થાય છે -એમ માને તે પણ બે અંશને એક કરે છે, માટે મિથ્યાદૃષ્ટિ છે. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટ થાય છે -એમ માને તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. અજ્ઞાનીને સાત તત્ત્વના યથાર્થ જ્ઞાન વિના સમ્યક્ત્વ

હોતું નથી. અગિયાર અંગનું જ્ઞાન કરવા છતાં આત્મસિદ્ધિ થતી નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે :-

અભવ્યસેનને જેમ જ્ઞાન નહોતું એવું જ્ઞાન આને નથી અને એના જેવી શ્રદ્ધા પણ નથી.

**ઉત્તર** : એ તો પાપી હતો. જેને હિંસાદિ પ્રવૃત્તિનો ભય નથી પરંતુ જે જીવ ગ્રૈવેયકાદિમાં જાય છે; મિથ્યાદૃષ્ટિ અભવીને શુક્લ લેશ્યા પણ હોય છે અને તેથી ગ્રૈવેયક જાય છે પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન સાચું એને થયું નથી. આત્માનું ભાવભાસન જેવું થવું જોઈએ એવું તે કરતો નથી માટે તે મિથ્યાદૃષ્ટિ રહે છે.

## ચૈત્ર સુદ ૩, બુધવાર, ૧૮-૩-૫૩.

આ મોક્ષમાર્ગ પ્રકાશક છે. એમાં વ્યવહારાભાસનો અધિકાર ચાલે છે. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, જાણવું તેનો સ્વભાવ છે, પરપદાર્થનું કાંઈ પણ કરવાનો આત્માનો સ્વભાવ નથી. જડની પર્યાય આત્માના કારણે નથી અને આત્માની પર્યાય જડના કારણે નથી. છતાં એકબીજાને કારણે તે પર્યાય (અંશ) છે એમ માનવું તે મિથ્યાત્વ છે. સાત તત્ત્વનું યથાર્થ જ્ઞાન જેને થાય છે તે એક તત્ત્વનો અંશ બીજા તત્ત્વના અંશમાં મેળવતો નથી. વિકાર તે આસ્રવ તત્ત્વ છે અને કર્મબંધન થાય છે તે અજીવ તત્ત્વ છે. આસ્રવના કારણે કર્મનો બંધ થાય છે એમ માનવામાં આવે તો એક તત્ત્વનો અંશ અન્ય તત્ત્વમાં તેણે મેળવ્યો તેથી તે મિથ્યાત્વ છે. વિકાર સ્વતંત્રપણે પોતાની પર્યાયમાં થાય છે તે વખતે કર્મની પર્યાય સ્વતંત્રપણે પોતાની સત્તામાં પોતાના કારણે થાય છે એમ માને તો સાત તત્ત્વ સિદ્ધ થાય છે દ્દએમ સમજવું.

આત્મામાં ઈચ્છા થઈ માટે પૈસા આવે છે એમ માનવામાં આવે તો આસ્રવ તત્ત્વ અને અજીવ તત્ત્વ એક થઈ જાય છે, બે તત્ત્વો ભિન્ન રહેતાં નથી. કર્મનો ઉદય આવ્યો તે અજીવ તત્ત્વ છે અને તેના કારણે વિકાર થયો એમ માનવામાં આવે તો બે તત્ત્વ ભિન્ન રહેતાં નથી. સમ્યગ્દૃષ્ટિ એક તત્ત્વનો અંશ બીજા તત્ત્વના અંશમાં મેળવતો નથી.

''**तत्त्वार्थश्रद्धानम् सम्यग्दर्शनम्**'' જે સૂત્ર છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે, વ્યવહાર સમ્યગ્દર્શન નથી. આત્મદર્શન કહો કે તત્ત્વાર્થ શ્રદ્ધાન કહો તે એક જ વાત છે. માટે જે સાત તત્ત્વોને ભિન્ન ભિન્ન યથાર્થપણે શ્રદ્ધે તેને સમ્યગ્દર્શન હોય છે. જીવ જ્ઞાયક છે, શરીરાદિની પર્યાય તે અજીવ છે, પુણ્ય-પાપના પરિણામ તે આસ્રવ છે, વિકારમાં અટકવું તે બંધ છે, આત્માની યથાર્થ રુચિ, જ્ઞાન અને રમણતા તે સંવર તત્ત્વ છે, શુદ્ધિની વૃદ્ધિ તે નિર્જરા તત્ત્વ છે અને પૂર્ણ શુદ્ધિ તે મોક્ષ તત્ત્વ છે. તે સાત તત્ત્વને યથાર્થ પૃથક્ પૃથક્ યથાર્થ જાણવા તે સમ્યગ્જ્ઞાન છે.

પુસ્તક આવ્યું માટે જ્ઞાન થયું -એમ માનવામાં આવે તો અજીવ તત્ત્વના અંશથી જીવ તત્ત્વનો



અંશ પ્રગટ થયો પણ અજીવ તત્ત્વના અંશના કારણે જીવ તત્ત્વનો અંશ પ્રગટ થતો નથી. બન્ને તત્ત્વ ભિન્ન છે એમ જાણવું. વ્યવહાર શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર અનંતવાર કર્યું પણ આત્મજ્ઞાન વિના આત્માની સિદ્ધિ થઈ નહિ -એમ પ્રવચનસારમાં કહેલ છે.

વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટ થાય એમ જેણે માન્યું તેણે આસ્રવ તત્ત્વના કારણે સંવર તત્ત્વ માન્યું. એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. વ્યવહાર તો ભેદ છે, અભેદ વિના ભેદ કોનો ? નિશ્ચય વગર વ્યવહાર ત્રણ કાળમાં સાચો હોય નહિ. આત્મસ્વરૂપના ભાનપૂર્વક અંતર રમણતા થાય છે તે ચારિત્ર છે. અંશે રાગનો અભાવ થઈને પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનની દશા થાય છે. વ્યવહાર શુભ ભાવ તે ચારિત્ર નથી. પહેલા વ્યવહાર અને પછી નિશ્ચય એમ સમ્યગ્દૃષ્ટિ કદી માને નહિ. આત્મા અખંડ જ્ઞાયક છે -એવી અભેદ દૃષ્ટિ થયા પછી જે રાગ રહે તેને વ્યવહાર કહેવાય છે.

પુણ્યથી ધર્મ થાય, વ્યવહારથી નિશ્ચય થાય એવી જેની માન્યતા છે તે વ્યવહાર જૈન પણ નથી. પુરુષાર્થની નબળાઈથી દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શુભ ભાવ આવ્યા વિના રહેતો નથી પણ પહેલાં શુભ ભાવરૂપ વ્યવહાર કરે અને પછી નિશ્ચય પ્રગટ થાય એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

આ વાત ઘણી શાંતિથી સાંભળવા જેવી છે. પ્રવચનસારમાં શ્રી કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે કે જેને આગમજ્ઞાન એવું થયું છે કે જે વડે સર્વ પદાર્થોને હસ્તામલકવત્ જાણે છે તથા એમ પણ જાણે છે કે 'આનો જાણવાવાળો હું છું' પરંતુ 'હું જ્ઞાનસ્વરૂપ છું' એવો પોતાને પરદ્રવ્યથી ભિન્ન કેવળ ચૈતન્યદ્રવ્ય અનુભવતો નથી, માટે આત્મજ્ઞાનશૂન્ય આગમજ્ઞાન પણ કાર્યકારી નથી. એ પ્રમાણે સમ્યગ્જ્ઞાન અર્થે જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરે છે તો પણ તેને સમ્યગ્જ્ઞાન નથી.

આગમજ્ઞાન અનંતવાર એવું થયું છે કે બહારમાં કાંઈ ભૂલ દેખાય નહિ. અત્યારે તો આગમજ્ઞાનનું પણ ઠેકાણું નથી. આગમથી વિરુદ્ધ પ્રરૂપણા કરે છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. પણ અહીં તો આગમજ્ઞાન કર્યું, પંચ મહાવ્રત અનંતવાર પાળ્યા પણ રાગથી રહિત આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાતા છે તેને અનુભવતો નથી, માટે તે મિથ્યાદૃષ્ટિ રહ્યો છે.

રાગ પણ ખરેખર છોડવો પડતો નથી. આત્મા જ્ઞાયકમૂર્તિ છે એવી દૃષ્ટિ થઈ અને ભેદ ઉપરની દૃષ્ટિ છૂટી ગઈ તેણે રાગ છોડ્યો એમ વ્યવહારથી કહેવાય છે. આત્મા જાણનાર-દેખનાર છે, એનો અનુભવ જે કરતો નથી પણ રાગથી ને પુણ્યથી મારું કલ્યાણ થઈ જશે એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને આત્મજ્ઞાન નથી. તેનું આગમજ્ઞાન કાંઈ કાર્યકારી નથી.

પહેલા યથાર્થ વસ્તુસ્વરૂપ કેવું છે ? તે સાંભળવું જોઈએ અને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. અત્યારે સત્ય શ્રવણ પણ ઘણું દુર્લભ થઈ પડ્યું છે. અજ્ઞાની શાસ્ત્રનો અભ્યાસ તો ઘણો કરે છે પણ તે કાંઈ સમ્યગ્જ્ઞાન નથી.

અષ્ટસહસ્રી, પ્રમેયકમલમાર્તંડ આદિ ગ્રંથોનો અભ્યાસ કરે પણ તે શાસ્ત્રને શું કહેવું છે તે સમજે નહિ અને માને કે એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યથી થાય છે તો તે મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્તના કારણે ઉપાદાનમાં કાર્ય થાય છે, કુંભાર આવ્યો માટે ઘડો થયો -એમ માનવું તે નયાભાસ છે. આત્મા ઇચ્છા કરે તો શરીરની ક્રિયા થાય છે -એમ માનવું તે નયાભાસ છે.

આ રીતે શાસ્ત્રાભ્યાસ કરે છે તે મિથ્યાજ્ઞાન છે. હવે મિથ્યાચારિત્રની વાત કરે છે.

## સમ્યક્ચારિત્ર અર્થે થતી પ્રવૃત્તિમાં અયથાર્થતા

હવે તેને સમ્યગ્ચારિત્ર અર્થે કેવી પ્રવૃત્તિ છે તે કહીએ છીએ. શુદ્રના હાથનું પાણી પીએ છે કે નહિ ? શુદ્ધ આહાર લે છે કે નહિ ? એમ બાહ્ય ક્રિયા ઉપર જ જેની દૃષ્ટિ છે પણ પોતાના પરિણામ સુધરવા-બગડવાનો તો વિચાર નથી તે મિથ્યાજ્ઞાની-મિથ્યાચારિત્રી છે. જો પરિણામોનો પણ વિચાર થાય તો જેવો પોતાનો પરિણામ થતો દેખે તેના જ ઉપર દૃષ્ટિ રહે છે પણ તે પરિણામોની પરંપરા વિચારતાં અભિપ્રાયમાં જે વાસના છે તેને વિચારતો નથી અને ફળ તો અભિપ્રાયમાં વાસના છે તેનું લાગે છે.

કષાયમંદતાથી ધર્મ થાય છે એવી વાસના મિથ્યાદૃષ્ટિને છૂટતી નથી. કષાયની મંદતા રહી માટે શુદ્ધ આહાર આવ્યો અને શુદ્ધ આહાર આવ્યો માટે મારું મન શુદ્ધ રહ્યું એવી વાસના એને છૂટતી નથી. જેમ કસ્તુરીની ગંધ ચોપડાને પાને પાને લાગી જાય તેમ બાહ્ય ક્રિયાથી પરિણામ સુધરે છે અને મંદ કષાય થાય છે માટે ધર્મ થાય છે એવી વાસના અજ્ઞાનીને છૂટતી નથી. અશુભ પરિણામ થયા માટે અશુદ્ધ આહાર આવ્યો અને શુદ્ધ આહાર લીધો માટે પરિણામ સુધર્યા -એમ નથી.

### ચૈત્ર સુદ ૫, ગુરુવાર, ૧૯-૩-૫૩.

અહીં વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિની સમ્યક્ચારિત્ર અર્થે કેવી પ્રવૃત્તિ હોય છે તેનું વર્ણન ચાલે છે. કોઈ પણ આત્મા પર જીવની દયા પાળી શકતો નથી કેમ કે પર જીવની પર્યાય પરથી થાય છે. નિશ્ચયથી કે વ્યવહારથી કોઈ પણ રીતે પરની દયા આત્મા પાળી શકે નહિ. આત્મામાં દયાના પરિણામ થાય છે એના કારણે પર જીવ બચતો નથી. દયાના શુભ પરિણામ થયા એ પણ ધર્મ નથી, છતાં અજ્ઞાનીની બાહ્ય ક્રિયા ઉપર દૃષ્ટિ છે.

બાહ્ય ક્રિયા સુધરવાથી મારા પરિણામ સુધરે છે અને મંદ કષાયના પરિણામથી ધર્મ થાય છે. એવા અભિપ્રાયની ગંધ બેસી જવી તેનું નામ મિથ્યા વાસના છે. એવી વાસના રાખીને બહારમાં પંચ મહાવ્રતનું પાલન તથા દયા-દાનાદિની ગમે તેટલી ક્રિયા કરે અને મંદ કષાય કરે તો પણ એને ધર્મ થતો નથી. હું તો જ્ઞાયક છું એવી અંતર્દૃષ્ટિ કરે તો ધર્મ થાય.



સિદ્ધચક્ર વિધાન કર્યું માટે પરિણામ સુધર્યા એમ મિથ્યાદૃષ્ટિ માને છે. દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતાથી નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે તે મિથ્યા વાસના છે. અનાદિકાળથી જીવે ક્રિયાકાંડમાં ધર્મ માન્યો છે. બહારમાં શુદ્ધ ક્રિયા કરું તો સમ્યગ્દર્શન પ્રગટ થઈ જશે એવી માન્યતા તે મિથ્યા વાસના છે.

કુંભાર વિના ઘડો થતો નથી -એ વાત ખોટી છે, એ તો નિમિત્તનું કથન છે. તેવી રીતે દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા વિના સમ્યગ્દર્શન થાય એવી માન્યતામાં ઊંડે ઊંડે વ્યવહારની વાસના છે તે મિથ્યાત્વ છે. આત્મામાં દયા-દાનાદિનો રાગ થાય છે એનો નિશ્ચયથી આત્મા જાણનાર છે -એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. ખરેખર આત્મા નિશ્ચયથી પોતાની જ્ઞાનપર્યાયનો જાણનાર છે. રાગાદિ પરજ્ઞેય છે, તેને વ્યવહારથી આત્મા જાણે છે, નિશ્ચયથી નહિ. રાગ કરું તો ધર્મ થાય, વ્યવહાર રત્નત્રય હોય તો નિશ્ચય રત્નત્રય થાય એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે.

હવે અહીં કોઈ જીવ તો કુળક્રમથી અથવા દેખાદેખીથી વા ક્રોધ, માન, માયા, લોભાદિથી આચરણ આચરે છે તેમને તો ધર્મબુદ્ધિ જ નથી. જે જીવ સમજ્યા વિના કહે કે અમારે પડિમા તો લેવી જ પડે, પડિમા વિના પ્રતિષ્ઠા નથી, તો એમ માનનારને ધર્મબુદ્ધિ જ નથી, એને અંતર્સ્વભાવનો ઉદ્યમ નથી.

ત્યાગી થઈને પૈસા માગે, ભોજન માટે યાચના કરે, તો તેને ધર્મબુદ્ધિ જ નથી. આત્મા નિવૃત્ત સ્વરૂપ જ છે એવી જેને ખબર નથી અને બહારમાં નિવૃત્ત થઈને આત્મામાં શાંતિ થઈ માને છે તેઓ કદાચ મંદ કષાયી હોય તો પણ તેને સમ્યગ્દર્શન થતું નથી. નિમિત્ત આવે તો આત્મામાં પરિણતિ સુધરે એવી માન્યતા જેના અંતરમાં પડી છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને સમ્યક્ચારિત્ર હોતું નથી.

કોઈ જીવ તો એવું માને છે કે જાણવાથી શું છે, માનવાથી શું છે પણ કાંઈક કરીશું તો ફળ પ્રાપ્ત થશે. અજ્ઞાની એમ માને છે કે એકલા જ્ઞાન-શ્રદ્ધાનથી કાંઈ લાભ નથી, કંઈક ક્રિયા કરીએ તો લાભ થાય એમ માનીને તેઓ વ્રતાદિ ક્રિયાના જ ઉદ્યમી રહે છે પણ તત્ત્વજ્ઞાનનો ઉદ્યમ કરતાં નથી. જેમ શીરો કરવો હોય તો પહેલાં ઘીમાં લોટ શેકીને પછી ગોળનું પાણી નાખીને તે બનાવવો જોઈએ. તેને બદલે પહેલાં ગોળના પાણીમાં લોટ શેકે તો શીરો થાય નહિ. તેમ અજ્ઞાની જીવ પહેલા વ્યવહાર ક્રિયામાં-શુદ્ધ આહાર આદિની ક્રિયા કરવામાં ઉદ્યમી રહે છે, જાણવાથી ને માનવાથી કાંઈ લાભ થતો નથી -એમ માને છે. અને કહે છે કે જાણ્યા પછી ક્રિયા કરવી પડે છે ને ? તો એ માન્યતા મૂઢ જીવની છે. તેને જ્ઞાન-દર્શન-ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે એની ખબર નથી. સમ્યગ્દર્શનમાં નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે, પછી અંતર્લીનતા કરે તે ચારિત્ર છે. સમ્યગ્જ્ઞાન વિના સમ્યક્ચારિત્ર હોતું નથી.

કરણી વાંઝણી નથી, મજૂરને મજૂરીનું ફળ મળે છે -એમ માનીને ક્રિયા કરે છે. તો તેને ક્રિયાનું ફળ ચાર ગતિમાં રખડવાનું મળે છે. વળી તે કહે છે કે બહુ જ્ઞાન થઈ ગયું હોય તો ચારિત્ર આવવું

જોઈએ. પણ ચક્રવર્તી આદિ સમ્યગ્દષ્ટિ હજારો વર્ષ સુધી સંસારમાં રહે છે એ વાતની એને ખબર નથી. એટલે મંદ કષાયરૂપ વ્રતાદિનો ઉદ્યમી રહે છે પણ આત્માને સમજવાનો પુરુષાર્થ કરતો નથી.

બહુ જાણે તો બહુ ચીકણા હોય છે, માટે બહુ જાણવું નહિ -એમ તે માને છે, પણ સૂક્ષ્મ વાતને બરાબર જાણવી જોઈએ. ભગવાન તો દયા-દાનાદિના પરિણામને પણ સ્થૂલ કહે છે. શ્રી સમયસાર ગાથા ૧૫૪માં કહે છે કે અત્યંત સ્થૂલ શુભ પરિણામમાં અજ્ઞાનીને રુચિ હોય છે. શરીરાદિની ક્રિયા તો સ્થૂલ છે જ, એની તો અહીં વાત જ નથી પણ આત્મામાં શુભ પરિણામ આવે છે તેને શ્રી અમૃતચંદ્ર આચાર્યે અત્યંત સ્થૂલ કહેલ છે, કેમ કે તે બંધના કારણ છે. અહીં વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિનો અધિકાર છે. એમાં કહે છે કે જે શુભ પરિણામને ભગવાન અત્યંત સ્થૂલ કહે છે તેમાં અજ્ઞાની મગ્ન રહે છે. આત્મામાં સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાય થાય છે તે સૂક્ષ્મ છે અને આત્માનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ પરમ સૂક્ષ્મ છે. જ્ઞાનીના શુભ પરિણામને વ્યવહાર કહે છે, અજ્ઞાનીને વ્યવહાર હોતો નથી.

ઉપવાસાદિની બાહ્ય ક્રિયાને અજ્ઞાની તપ માને છે. આત્મા જ્ઞાયક છે તેની રુચિ કરતો નથી પણ બહારની ક્રિયામાં રુચિ કરે છે તે મિથ્યાદષ્ટિ છે. સાત તત્ત્વ ભિન્ન ભિન્ન છે. રાગથી કર્મનું બંધન થાય છે એમ જે માને છે તે સાત તત્ત્વને માનતો નથી. એની સાતે તત્ત્વમાં ભૂલ છે. શરીરાદિ અજીવ તત્ત્વ છે અને આત્મા ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય છે તે જીવતત્ત્વ છે. એને ભિન્ન ભિન્ન ન માને ને એક તત્ત્વ પણ ઓછું માને તેને સાત તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી. એ રીતે તત્ત્વજ્ઞાનનો ઉપાય કરે નહિ અને બાહ્ય ક્રિયા કરે તો તેને સમ્યક્ચારિત્ર નથી. સાતે તત્ત્વ સ્વતંત્ર છે એમ યથાર્થ જ્ઞાન થયું તેવા જીવને કદાપિ કાંઈ પણ વ્રતાદિક ન હોય તો પણ તે અસંયત સમ્યગ્દષ્ટિ નામ પામે છે. માટે પહેલા તત્ત્વજ્ઞાનનો ઉપાય કરવો.

આત્મા જ્ઞાયકમૂર્તિ છે તેના આશ્રયે રાગાદિ છૂટે છે એમ માને અને જે થવાનું હોય તે થાય છે એમ માને તો પરદ્રવ્યના કર્તાપણાનું અભિમાન છૂટ્યા વિના રહે નહિ. કોઈ એમ કહે કે અમે છીએ તો તમોને જ્ઞાન થાય છે -તો એ વાત ખોટી છે. દરેક દ્રવ્યની જે પર્યાય થવાની તે થવાની તેને બીજો કાંઈ કરી શકે નહિ -એમ માને તે સાચો પંડિત છે. સર્વજ્ઞે જોયું છે માટે દ્રવ્યની પર્યાય થાય છે એમ નથી પણ જેવી પર્યાય થાય છે એવી સર્વજ્ઞે દેખી છે. આવું જાણે નહિ, તત્ત્વજ્ઞાનનો ઉપાય કરે નહિ અને ક્રિયાકાંડ કરે તો તે મિથ્યાચારિત્ર છે. હું જ્ઞાયક આત્મા છું, નિમિત્ત પર છે, આત્મામાં વિકાર થાય છે તેનાથી ધર્મ નથી. એવા જ્ઞાયકની રુચિ થઈ છે તે કદાચિત્ વ્રતાદિ ન પાળે તો પણ અસંયત સમ્યગ્દષ્ટિ છે. વ્રતાદિ પાળવાથી ધર્મ થાય છે -એમ માનનારા બંધમાર્ગી છે, આટલો મોટો ફેર છે.



## ચૈત્ર સુદ ૬, શુક્રવાર, ૨૦-૩-૫૩.

જુઓ, અહીં વ્યવહારાભાસ મિથ્યાદષ્ટિના ચારિત્રમાં અયથાર્થતા બતાવે છે. શ્રી યોગેન્દ્રદેવકૃત શ્રાવકાચારમાં પણ કહ્યું છે કે :-

**दंसणभूमिह बाहिरा, जिय वयरुक्ख ण होंति ।**

**અર્થ** : હે જીવ ! આ સમ્યગ્દર્શનભૂમિ વિના વ્રતરૂપી વૃક્ષ ન થાય. અર્થાત્ જે જીવોને તત્ત્વજ્ઞાન નથી તેઓ યથાર્થ આચરણ આચરતા નથી. એ જ અહીં વિશેષ દર્શાવીએ છીએ.

આત્મા પરપદાર્થનો કર્તા-હર્તા નથી પણ પરની ક્રિયા થાય છે એમાં નિમિત્ત તો છે ને ? એમ નિમિત્ત દષ્ટિવાળા મિથ્યાદષ્ટિ કહે છે. બનારસીદાસજી કહે છે કે સર્વ વસ્તુ અસહાય છે, તો નિમિત્ત આવ્યું માટે વસ્તુ પરિણમી એમ છે જ નહિ. કષાયની મંદતાથી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટે છે એમ અજ્ઞાની માને છે. પુણ્ય તે પણ પાપ છે -એમ યોગીન્દ્રદેવ કહે છે. પાપને તો સૌ પાપ કહે; પણ સમ્યગ્દષ્ટિ જીવ પુણ્ય પરિણામને પણ પાપ કહે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે, એમાં જેટલા અંશે રાગની ઉત્પત્તિ થાય છે તેને ભગવાન હિંસા કહે છે માટે તે પાપ છે.

દયાના જે શુભ પરિણામ થાય છે તેને વ્યવહારે અહિંસા કહેવાય છે. કષાયની મંદતાના પરિણામને સમ્યગ્દષ્ટિ ઝેર માને છે. શુભ પરિણામ નિશ્ચયથી હિંસા કહેવાય છે.

સત્ આચાર એટલે ભગવાન આત્મા સત્ છે. એનું ભાન કરીને અંતર્આચરણ તે સદાચાર છે. બાહ્ય ક્રિયા તે સદાચાર નથી. એક આંગળીને ફેરવવી તે આત્માના હાથની વાત નથી. આંગળી ચાલે છે, આંખ ફરે છે તે જડની ક્રિયા છે, આત્મા તેને કરતો નથી. શબ્દ થાય છે તે ભાષાવર્ગણામાંથી થાય છે. આત્માના વિકલ્પથી ભાષા થાય છે એમ તો નથી પણ હોઠ ચાલે છે માટે ભાષા થાય છે એમ પણ નથી કેમ કે શબ્દ ભાષાવર્ગણામાંથી થાય છે અને હોઠ આદિ આહારવર્ગણામાંથી થાય છે. દરેક વર્ગણા ભિન્ન ભિન્ન છે. આહારવર્ગણાના કારણે ભાષા નથી, હોઠ હલ્યો માટે ભાષા થઈ નથી. કાળદ્રવ્યનું લક્ષણ વર્તનાહેતુ છે, તેમ દરેક દ્રવ્યનો સ્વકાળ તે તેની વર્તના છે. દરેક દ્રવ્યમાં વર્તના છે તેમાં કાળ નિમિત્તમાત્ર છે. તે સમયે સમયે પોતાના સ્વકાળથી પરિણમી રહ્યા છે. જે કાળે દ્રવ્યની પર્યાય પોતપોતાના કારણે થાય છે તે વખતે બીજો પદાર્થ નિમિત્તમાત્ર છે.

કોઈ એમ કહે કે અમને ઈચ્છા થઈ માટે અમારું શરીર અહીંયા આવ્યું, તો તે સ્થૂલ મિથ્યાત્વ છે. શરીરની પર્યાય જે કાળે જે થવાની હોય તે જ થાય છે, તેમાં ઈચ્છા નિમિત્તમાત્ર છે પણ ઈચ્છાના કારણે શરીરની અવસ્થા થઈ નથી. વળી ઈચ્છા થઈ માટે આત્મા અહીં આવેલ છે એમ પણ નથી કેમ કે ઈચ્છા ચારિત્રગુણની પર્યાય છે અને આત્માનું ક્ષેત્રાંતર થવું તે ક્રિયાવતી શક્તિના કારણે છે. ભગવાન કહે છે કે તારી શુદ્ધતા તો બડી છે પણ તારી અશુદ્ધતા પણ મોટી છે, એને

ફેરવવા કોઈ તીર્થંકરની પણ તાકાત નથી.

જીવને ઈચ્છા હોય પણ શરીરમાં પક્ષઘાત થયો હોય તો શરીર ચાલે નહિ, માટે એવો નિર્ણય કરવો કે ઈચ્છાના કારણે આત્માનું ક્ષેત્રાંતર થતું નથી. સર્વગુણ અસહાય છે. જ્ઞાની સમજે છે કે આત્મા બોલે નહિ, આત્મા શરીરને ચલાવે નહિ અને જે વિકલ્પ થાય છે એનો પણ હું જાણનાર છું, એક સમયમાં પરિપૂર્ણ છું. રાગ અને નિમિત્તબુદ્ધિ જેને છૂટી ગઈ છે તેને કદાચિત્ બાહ્ય વ્રતાદિ ન હોય છતાં તે અવિરત સમ્યગ્દષ્ટિ છે. આત્માનું ભાન થયું એ વખતે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે તેને વ્યવહાર કહેવાય છે. કષાયની મંદતા જ્ઞાનીને પણ હોય છે પણ તેઓ તેને ધર્મ માનતા નથી. સદુપદેશ મળે તો પરિણામ ફરી જાય અને અસત્ ઉપદેશ મળે તો હલકા પરિણામ થાય -એમ નથી. કોઈના પરિણામ ઉપદેશના કારણે ફરતા નથી. માટે નિશ્ચયનો આવો ઉપદેશ મળશે તો વ્યવહાર-શુભ ભાવ પણ કોઈ કરશે નહિ એવી માન્યતા ભ્રમ છે.

આત્મામાં સર્વજ્ઞદશા થાય છે તે ક્યાંથી આવે છે ? નિમિત્તમાંથી કે રાગમાંથી એ દશા થતી નથી. વળી વર્તમાન અલ્પજ્ઞતા છે તેના આશ્રયે પણ સર્વજ્ઞદશા થતી નથી પણ આત્મા ચિદાનંદ સર્વજ્ઞસ્વભાવી છે તેના આશ્રયે સર્વજ્ઞદશા થાય છે. બ્રહ્મવિલાસમાં કહ્યું છે કે :

**जो जो देखी वीतरागने, सो सो होसी वीरा रे ।**
**अणहोसी कबहु न होसी, काहे होत अधीरा रे ॥**

જેને આવો નિર્ણય થયો છે તેને સર્વજ્ઞની પ્રતીતિ વર્તે છે. જે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને પોતાના સ્વભાવ સન્મુખ થઈને જાણે છે તેને ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે -એમ શ્રી પ્રવચનસાર ગાથા ૮૦ માં કહેલ છે.

આ જગતમાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણનાર એવા અનંતા સર્વજ્ઞ છે. અલ્પજ્ઞતામાંથી કે અલ્પજ્ઞતાના આધારે સર્વજ્ઞતા થતી નથી પણ આત્માનો સ્વભાવ સર્વજ્ઞ છે એના આશ્રયે અલ્પજ્ઞપર્યાયમાં સર્વજ્ઞની પ્રતીતિ થાય છે.

જે જે સર્વજ્ઞ થયા છે તે સર્વજ્ઞ શક્તિનો આશ્રય કરીને થયા છે -એવો નિર્ણય થયો એ જ પુરુષાર્થ છે. આ નિર્ણયમાં સર્વજ્ઞે જે જોયું છે એ પ્રમાણે જ થાય છે અને ક્રમબદ્ધ થાય છે એનો નિર્ણય યથાર્થ થાય છે. સર્વજ્ઞનો નિર્ણય કહો, સમ્યગ્દર્શન કહો, ક્રમબદ્ધનો નિર્ણય કહો, પરમ પારિણામિકભાવ કહો એ બધું એક જ છે. ગુણી સન્મુખ થઈને નિર્ણય કર્યો એને સર્વજ્ઞની યથાર્થ પ્રતીતિ થાય છે. આ એક જ સત્ય છે. લોકોને સત્ય વસ્તુ સાંભળવી પણ દુર્લભ થઈ પડી છે. અસત્ પ્રરૂપણા વધી ગઈ છે પણ તે કારણે સત્ પ્રરૂપણા છોડીને અસત્ પ્રરૂપણા થાય નહિ. આ એક જ સત્ ઉપદેશ છે, સર્વજ્ઞની પ્રતીતિ આત્મસન્મુખ થઈને કરે તો તે યથાર્થ કહેવાય. ક્રમબદ્ધનો



નિર્ણય થયો તેને નિમિત્ત અને રાગબુદ્ધિ છૂટી ગઈ એટલે દિશા બદલી ગઈ. એ જ સમ્યગ્દર્શન છે ને એ જ પુરુષાર્થ છે.

શ્રી સમયસારના સર્વવિશુદ્ધ અધિકારમાં કહેલ છે કે "શાસ્ત્ર કિંચિત્માત્ર પણ જાણતું નથી," અને આત્મામાં કિંચિત્માત્ર પણ અજ્ઞાન રહે -એમ નથી. આત્માનો સ્વભાવ તો સર્વજ્ઞ એટલે સર્વને જાણવાનો છે. એનો સ્વીકાર કરે નહિ અને રાગ તથા નિમિત્તનો સ્વીકાર કરે તે મિથ્યાદષ્ટિ છે. શાસ્ત્રમાં લખાણ તો અનેક પ્રકારના આવે પણ એનો આશય સમજવો જોઈએ. વ્યવહારથી કે નિમિત્તથી કથન કર્યું હોય તો તેને પણ બરાબર સમજવું જોઈએ.

## ચૈત્ર સુદ ૭, શનિવાર, ૨૧-૩-૫૩.

આજે સવારે જન્મકલ્યાણક હોવાથી પ્રવચન બંધ હતું.

## ચૈત્ર સુદ ૧૧, ગુરુવાર, ૨૬-૩-૫૩.

જેઓને તત્ત્વજ્ઞાન યથાર્થ નથી તેનું આચરણ પણ યથાર્થ નથી. જૈનમાં જન્મ લઈને પણ અંતરમાં ચિદાનંદ આત્માનું સ્વરૂપ કેવું છે એની ખબર નથી અને સમ્યગ્દર્શન જેને નથી તેનું બધું આચરણ ખોટું હોય છે.

તત્ત્વ એટલે ભાવ અને દ્રવ્ય-ગુણ-પર્યાય -ત્રણેને અર્થ કહેવાય છે. દ્રવ્ય એટલે અનંત શક્તિનો પિંડ, ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે દ્રવ્યનું વર્તમાન, તે ત્રણેને ભગવાન અર્થ કહે છે. જીવાદિ તત્ત્વાર્થનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે, કેવળી સિદ્ધ પરમાત્માને પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય છે. માટે તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે એમાં દોષ આવતો નથી.

આત્મા જ્ઞાયક છે તે જીવ તત્ત્વ, શરીર-કર્મ આદિ અજીવ તત્ત્વ છે, આત્મામાં પુણ્ય-પાપ થાય છે તે આસ્રવ તત્ત્વ છે, એમાં રોકાયો તે બંધ તત્ત્વ છે અને અંશે આત્માની શુદ્ધિ તે સંવર તત્ત્વ, શુદ્ધિની વૃદ્ધિ તે નિર્જરા તત્ત્વ છે અને પૂર્ણ શુદ્ધિ તે મોક્ષ તત્ત્વ છે. એ સાત તત્ત્વનું જેને ભાન નથી તેને જેમ જમીન વિના ઝાડ હોય નહિ એમ તત્ત્વાર્થ શ્રદ્ધાન વિના વ્રત નિયમરૂપ આચરણ હોય નહિ. સમ્યગ્દર્શન ભૂમિ વિના વ્રતરૂપ વૃક્ષ હોય નહિ. આત્મજ્ઞાનમાં કોઈ એકલો આત્મા લે એટલા માટે અહીં તત્ત્વજ્ઞાન કહેલ છે. દ્રવ્યકર્મ, આસ્રવ, બંધ, સંવર આદિને ન જાણે અને એકલો આત્મા આત્મા કરે તો તે મિથ્યાદષ્ટિ છે. અજીવને જાણ્યા વિના અજીવથી ભિન્ન આત્મા છે એમ નક્કી ન થાય, આસ્રવને જાણ્યા વિના આસ્રવથી નિવૃત્ત ન થાય અને સંવર-નિર્જરાને જાણ્યા વિના એના તરફ ઢળે નહિ. જીવને જાણ્યા વિના એનો આશ્રય થાય નહિ. માટે સાતે તત્ત્વનું યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે.

આ સાતમા અધિકારમાં જેને વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન હોય છે, શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય એવા જીવો પણ મિથ્યાદૃષ્ટિ હોય છે એની વાત કહેલ છે. જેઓને તત્ત્વનું જ્ઞાન નથી તેને યથાર્થ આચરણ નથી -એમ કહે છે. આચરણ યથાર્થ હોય નહિ અને માને કે અમને ચારિત્ર છે, તપ છે એને મિથ્યાત્વ રહે છે. જુઓ, અહીં તત્ત્વજ્ઞાન એટલે ભાવનું ભાસન થવું જોઈએ એમ કહેલ છે. માત્ર શાસ્ત્રજ્ઞાનની વાત નથી. શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં તત્ત્વજ્ઞાનપૂર્વક ભાવના ભાસન વિના જૈનમાં હોવા છતાં તે મિથ્યાદૃષ્ટિ છે.

સમ્યગ્દૃષ્ટિ પ્રતિજ્ઞા કરે છે તે તત્ત્વજ્ઞાનપૂર્વક કરે છે. મિથ્યાદૃષ્ટિની જેમ ઉતાવળ કરીને જ્ઞાની પ્રતિજ્ઞા લેતા નથી. સ્વરૂપના આચરણનો કણ - શાંતિનો કણ પ્રગટ થયો હોય છે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને પ્રતિજ્ઞા કરે છે. કાળ કેવો છે ? હઠ વગર, આક્ષેપ વગર, પરના દોષ જોયા વગર, પોતાના પરિણામ જોઈને પોતાની યોગ્યતા દેખાય છે. એ-પૂર્વક સમ્યગ્દૃષ્ટિ પ્રતિજ્ઞા અને પચ્ચખાણ કરે છે.

કેટલાક જીવો પ્રતિજ્ઞા લઈને બેસે પણ અંતરમાં તત્ત્વજ્ઞાન તો છે નહિ તેથી અંતરમાં કષાયની વાસના એને મટતી નથી. સ્વાભાવિકપણે જ્ઞાતાદૃષ્ટા રહેતાં, રાગનો અભાવ થતાં જેટલી શાંતિ પ્રગટે તે પચ્ચખાણ અને પ્રતિજ્ઞા છે. મોટી પ્રતિજ્ઞા ધારણ કરી બેસે પણ અંતરમાંથી કષાયની વાસના છૂટી હોતી નથી. અમે પ્રતિજ્ઞા કરી અને અમોને માન આપતા નથી, અમોને બરાબર આહારપાણી આપતા નથી -એમ કષાયની વાસના છૂટતી નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. તેનું બધું આચરણ મિથ્યા હોય છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :

**લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન,**
**ગ્રહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન.**

અંતર તત્ત્વજ્ઞાન થયું નથી ને પ્રતિજ્ઞા લઈને બેસી જાય છે તે પરમાર્થને પામતા નથી. લોકો પાસેથી માન કેમ મળે એવી કષાયની વાસના તેને હોય છે. એક જ સિદ્ધાંત છે કે તત્ત્વજ્ઞાન વિના યથાર્થ આચરણ હોય નહિ તેથી તત્ત્વજ્ઞાન વિના અંતરમાં કષાય થયા વિના રહે નહિ. પડિમા લે અને પછી શ્રાવકો પાસેથી માન ને આહાર પાણી આદિની માગણી કરે, મિજાજ કરે તે કષાયની વાસનાવાળો મિથ્યાદૃષ્ટિ છે. તેને વ્રતાદિ યથાર્થ હોતાં નથી. તે જીવ પ્રતિજ્ઞા લીધી હોય તે પૂર્ણ કરવા માટે આકુળ-વ્યાકુળ થાય છે. કોઈ ઘણા ઉપવાસ આદરી બેઠાં પછી પીડાથી દુઃખી થતો રોગીની માફક કાળ ગુમાવે છે પણ ધર્મસાધન કરતો નથી. તો પ્રથમથી જ સાધી શકાય તેટલી જ પ્રતિજ્ઞા કેમ ન લઈએ? પરિષહ સહન ન થઈ શકે; પાણીની તરસ લાગી હોય પછી એને બદલે છાશના અને પાણીના પોતાં ગળે મૂકે, ઘીની બાધા લઈને બેસે અને એને બદલે ઉદ્યમ કરીને બીજી અનેક સ્નિગ્ધ ચીજો વાપરે -આવી પ્રતિજ્ઞા યથાર્થ નથી.

એક પદાર્થ છોડીને બીજાનો અતિ લોલુપભાવ કરે છે તે તો તીવ્ર કષાયી છે અથવા તો પ્રતિજ્ઞાનું



દુઃખ સહન ન થાય ત્યારે તેને બદલે વિષય પોષવા અર્થે તે અન્ય ઉપાય કરે છે. જેમ કે ઉપવાસ કરી પછી ગંજીપા-સોગઠાબાજી રમવા મંડી પડે, કોઈ સૂઈ રહે છે અને કોઈ પણ પ્રકારથી વખત પૂરો કરે છે એ પ્રમાણે અન્ય પ્રતિજ્ઞામાં પણ સમજવું. આ કાંઈ યથાર્થ આચરણ નથી, સ્વભાવ દૃષ્ટિ કરીને આત્મામાં લીન થવું તે યથાર્થ આચરણ છે.

અથવા કોઈ પાપી એવા પણ છે કે પહેલા તો પ્રતિજ્ઞા કરે પણ પછી તેનાથી દુઃખી થાય ત્યારે તેને છોડી દે. પ્રતિજ્ઞા લેવી-મૂકવી એ તેને ખેલમાત્ર છે. પણ પ્રતિજ્ઞા ભંગ કરવાનું તો મહાપાપ છે, એ કરતાં તો પ્રતિજ્ઞા ન લેવી જ ભલી છે. એ પ્રમાણે પહેલાં તો વિચાર સિવાય પ્રતિજ્ઞા કરે અને પાછળથી છોડી દ્યે તેને પ્રતિજ્ઞા કહેવાય નહિ. પ્રતિજ્ઞા પ્રાણ જાય તો પણ છોડે નહિ. જેને તેને દીક્ષા આપી દે અને પછી પાછા છોડી દે એ તો રમતમાત્ર પ્રતિજ્ઞા છે, તે તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે.

વ્રતી સંમેલન થાય અને ત્યાગીઓ ભેગાં થાય, પછી ત્યાં ઉતાવળ કરીને લ્યે પડિમા ને ક્ષુલ્લક થઈ જાય. પછી છેલ્લી અવસ્થામાં લંગોટી છોડી દેવી એટલે આચરણ પૂર્ણ કર્યું માને. પ્રતિજ્ઞા ભંગનું મોટું પાપ છે એની તો એને ખબર નથી. આ વાત અજ્ઞાનીને અંતર બેસતી નથી, પ્રતિજ્ઞા ભંગ કરે એનો ડર જ નથી એને ભગવાને મહાપાપી કહ્યા છે.

ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય છતાં વ્રત ન હોય કેમ કે સમ્યગ્દર્શન થયા પછી તુરત જ બધાને ચારિત્ર આવી જાય એવો નિયમ નથી. સમ્યગ્દૃષ્ટિ પોતાના પરિણામને જુએ છે.

ભગવાન આત્મા સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે રાગનો નાશ થાય છે, ત્યારે રાગને જીતે છે એમ કહેવાય છે. માટે "જૈન" - જીતવું એ વ્યવહાર છે. સમયસાર ગાથા ૩૪-૩૫માં કહેલ છે "રાગનો ત્યાગ એ પણ નામમાત્ર છે." ત્યાગ પચ્ચખાણ નથી પણ જ્ઞાન પચ્ચખાણ છે એમ કહે છે. આ જૈનની વ્યાખ્યા કરી છે. આત્મા રાગને અને વિકારને જીતે એમ કહેવું તે પણ નામમાત્ર છે કેમ કે આત્મા જ્ઞાનમાં લીન થતાં રાગ છૂટી જાય છે માટે જ્ઞાન તે પચ્ચખાણ છે. સંસાર આત્માની પર્યાયમાં હોય છે, તે સંસારનો નાશ આત્મા કરે છે તે નામમાત્ર છે. શરીર, કપડાં આદિ પરવસ્તુને તો આત્મા છોડતો નથી પણ સંસારની પર્યાયને આત્મા છોડતો નથી કેમ કે સંસારની પર્યાય ત્રિકાળ સ્વભાવમાં ત્રણ કાળમાં ગ્રહણ થઈ નથી કે તેને છોડે. પર્યાયદૃષ્ટિએ એક સમયનો સંસાર અનિત્ય તાદાત્મ્ય સંબંધે છે પણ દ્રવ્યદૃષ્ટિએ અનિત્ય તાદાત્મ્ય સંબંધ નથી. કેમ કે વિકારનો પ્રવેશ સ્વભાવમાં ત્રણ કાળમાં થયો નથી.

પ્રથમ નક્કી કર્યું કે સંસાર મારી પર્યાયમાં મારું કાર્ય છે, કર્મના કારણે સંસાર નથી. પછી તે સંસાર મારા સ્વભાવમાં નથી. આત્માએ દ્રવ્યદૃષ્ટિથી સંસારને ગ્રહણ કર્યો જ નથી તો પછી સંસારને છોડવો એ વાત રહેતી નથી. આત્માની લીનતા થતાં સંસાર છૂટી જાય છે, સંસારને છોડવો પડતો

નથી. સંસારમાં શુભાશુભ ભાવ હોય છે, એમાં અવ્રતનો ભાવ છે તે અશુભ ભાવ છે. તે અશુભ ભાવ ન હોય ત્યારે વ્રતના શુભ ભાવ આવે છે પણ તે હજુ નિશ્ચય ચારિત્ર નથી પણ આસ્રવ છે.

સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે અને ચારિત્ર તે ધર્મ છે, તેથી સમ્યગ્દર્શન કરતાં ચારિત્રમાં અનંતી શાંતિ વધારે હોય છે. ચારિત્ર વિના મોક્ષ થાય નહિ. તીર્થંકરને પણ ચારિત્ર ગ્રહણ કરવું પડે છે માટે ધર્મ તો ચારિત્ર છે અને એનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દષ્ટિ પોતે સમજે છે કે આ અવ્રતના પરિણામ થાય છે તે કરવા જેવા નથી. પાંચમા ગુણસ્થાનમાં હજારો વર્ષ રહે છે, મુનિપણું હોતું નથી તે વખતે જ્ઞાનીને જે અવ્રતના પરિણામ થાય છે એને નિંદે છે પણ હઠ કરીને ત્યાગી થઈ જતાં નથી. મુનિપણું મહા દુર્લભ છે. આ કાળે ભાવલિંગી મુનિ દેખવા દુર્લભ છે. આ જીંદગીમાં તો ભાવલિંગી મુનિને દેખ્યા નથી. અત્યારે તો દ્રવ્યલિંગી મુનિના પણ ઠેકાણા નથી. આ કોઈ વ્યક્તિની વાત નથી. જેને નુકસાન થાય છે તે એને પોતામાં થાય છે, બીજાને એના નુકસાનનું ફળ હોતું નથી. પણ પોતાને તો યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. પ્રતિજ્ઞાભંગ કરવા કરતાં પ્રતિજ્ઞા ન લેવી તે ભલી કહે છે. એનો અર્થ એવો નથી કે આત્માના ભાનપૂર્વક પ્રતિજ્ઞા ન લેવી.

અવ્રતનો ભાવ સારો છે -એમ જાણે તો તે મિથ્યાદષ્ટિ છે. જેણે તીર્થંકર નામકર્મનો ભાવ પણ ભલો માન્યો નથી તે અવ્રતના ભાવને ભલો કેમ જાણે ? જે પરિણામ આસ્રવના છે તે ઝેર છે. અમૃતશાંતિની લૂંટ એનાથી થાય છે. સ્વરૂપ તો અરાગી છે, એમાં રાગ નથી -એવું જાણીને કષાય ઘટતાં પ્રતિજ્ઞા કરવી તે પ્રતિજ્ઞા છે.

હવે જૈનધર્મમાં પ્રતિજ્ઞા ન લેવા બદલ દંડ તો છે જ નહિ. જૈનધર્મમાં તો એવો ઉપદેશ છે કે પહેલા તત્ત્વજ્ઞાની થાય પછી જેનો ત્યાગ કરવો છે તેના દોષને ઓળખે અને ત્યાગ થવાથી જે ગુણ પ્રગટે એને પણ જાણે. પહેલા તત્ત્વજ્ઞાની થાય એમ વાત લીધી છે. દિગંબરમાં જન્મ્યો છે માટે તત્ત્વજ્ઞાની છે -એમ નથી. પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ માને તેને જન્મના દિગંબર કેવી રીતે મનાય ? કેમ કે એ માન્યતા તો શ્વેતાંબરની છે. શ્વેતાંબર ઉપાધ્યાય યશોવિજયજી દિગંબરની ભૂલ કાઢી છે. તો પહેલા વ્યવહાર અને પછી નિશ્ચય માનવો તે મિથ્યાત્વ છે. તત્ત્વજ્ઞાની થયા પછી પોતાના પરિણામ જોઈને પ્રતિજ્ઞા લે છે.

## ચૈત્ર સુદ ૧૨, શુક્રવાર, ૨૭-૩-૫૩.

આત્મા પરિપૂર્ણ શક્તિથી ભરેલો ભંડાર છે અને વર્તમાન પર્યાયમાં શુભાશુભ પરિણામ થાય છે તે વિકાર અને સંસાર છે. તે એક સમયની પર્યાય છે. આત્માનો સંસાર આત્માની પર્યાયમાં હોય છે, શરીર, સ્ત્રી આદિમાં સંસાર નથી. સંસારની અને પરની જેને રુચિ નથી પણ અખંડ જ્ઞાયકસ્વભાવની જેને રુચિ છે તે જૈન છે. જેને સ્વભાવની રુચિ નથી તેને સંસારની રુચિ છે, તે જૈન નથી.



આત્માની વર્તમાન અવસ્થામાં શુભાશુભરૂપ વિકાર છે એની રુચિ છે તેને સ્વભાવની રુચિ નથી. પરની રુચિની વાત અહીં છે જ નહિ. આત્મામાં રાગ થાય છે એની રુચિને જીતે તેને અહીં જૈન કહે છે. જૈનધર્મમાં એવો ઉપદેશ છે કે પહેલા તત્ત્વજ્ઞાની થાય પછી જેનો ત્યાગ કરે તેના દોષને ઓળખે, ત્યાગ કરવાથી જે ગુણ થાય તેને જાણે. કોઈ પ્રાણી કહે કે મારે દોષ ટાળવો છે. એનો અર્થ એવો થયો કે દોષ ટળી શકે છે અને નિર્દોષપણે પોતે રહી શકે છે. એટલે દોષ કાયમની ચીજ નથી અને નિર્દોષ સ્વરૂપ કાયમનું છે એમ નક્કી થાય છે. વળી વિકાર, દોષ કોઈ પરે કરાવ્યો નથી પણ પોતે કર્યો તો થયો છે -એમ માને તો વિકાર અને દોષને નાશ કરવાનો પુરુષાર્થ થઈ શકે. માટે જ્ઞાની દોષને જાણે છે અને દોષ રહિત આત્માનું સ્વરૂપ છે એને પણ જાણે છે.

કોઈ એમ કહે કે આત્મા છે એની પર્યાયમાં કર્મનું નિમિત્ત છે. તે કર્મમાં રસ અને અનુભાગ થોડો હોય તો આત્માની પર્યાયમાં વિભાવ થાય છે તેનો રસ અને અનુભાગ કેવી રીતે વિશેષ વધે? નિમિત્ત ઓછું હતું અને ઉપાદાનમાં વિકાર વધારે ક્યાંથી થયો ? **દષ્ટાંત** : એકેંદ્રિય જીવની એક સાગરની કર્મની સ્થિતિ હોય છે અને જ્યારે મનુષ્યપણાનું આયુષ્ય બાંધે અને મનુષ્ય થાય છે ત્યારે અંતઃક્રોડાક્રોડી સાગરની કર્મની સ્થિતિ બાંધે છે. તે વિશેષ ક્યાંથી થઈ ?

**સમાધાન** : કર્મના ઉદય પ્રમાણે આત્માએ વિકાર કરવો પડે એ વાત ખોટી છે -એમ આ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધ થાય છે. જુઓ, અહીં આ જાતનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવો હોય છે એની પણ જેને ખબર નથી તેને આત્મતત્ત્વની ખબર હોતી નથી. કર્મ અને વિકાર બન્ને સ્વતંત્ર છે. શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં તો કર્મના કારણે વિકાર થાય છે એ માન્યતા ચાલી આવે છે પણ દિગંબરમાં પણ કેટલોક મોટો ભાગ કર્મના કારણે વિકાર થાય -એમ માને છે. બધી એક જ જાત છે.

મનુષ્યમાં કર્મની સ્થિતિ વધારે હોય અને નિગોદમાં જાય છે ત્યારે સ્થિતિ ઘટી જાય છે તો ત્યાં કેવી રીતે ઘટાડી ? માટે નક્કી થાય છે કે કર્મ અને વિકાર બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે. કર્મના કારણે વિકાર ત્રણ કાળમાં થાય નહિ. સાતે તત્ત્વ સ્વતંત્ર છે અને ભિન્ન ભિન્ન છે એમ પ્રથમ નિર્ણય ન કરે એને ત્રણ કાળમાં આત્મજ્ઞાન થાય નહિ. આત્મા રાગદ્વેષ, ભ્રાંતિ કરે, વિકાર કરે તે બધું પોતે પોતાના કારણે કરે છે, કર્મના નિમિત્તના કારણે તે નથી -એમ પ્રથમ નક્કી કરે તેને તત્ત્વજ્ઞાન થાય છે.

કોઈ કહે કે આવું તત્ત્વજ્ઞાન જો બધાને થઈ જાય તો સંસારમાં કોઈ રહેશે નહિ, તો તેમ કહેનારને આત્માની યથાર્થ રુચિ જ નથી. કેમ કે સ્વભાવની રુચિવાળાને સંસારમાં કોણ રહેશે એના ઉપર દૃષ્ટિ હોતી નથી. જેમ કોઈ ધનનો અર્થી હોય તે એમ વિચાર ન કરે કે હું ધનવાન થઈશ તેમ બધા ધનવાન થઈ જશે, ગરીબ કોઈ રહેશે નહિ તો મારું કામ કોણ કરશે ? જેની જેમાં રુચિ હોય તે બીજાની સામું જુએ નહિ. અહીં તો સાચા જૈનની વાત છે. દર્શનમોહનો ઉદય તો અનાદિનો પડ્યો

છે, જેની દૃષ્ટિ કર્મ ઉપર પડી છે અને કર્મનો ઉદય પ્રમાણે વિકાર થાય એવી માન્યતા છે તેનું મિથ્યાત્વ કદી ટળતું નથી અને તત્ત્વજ્ઞાન થતું નથી. માટે પ્રથમ સાતે તત્ત્વ ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે એમ નિર્ણય કરે પછી તેને રાગનો યથાર્થ ત્યાગ થાય છે. બહારમાં વસ્ત્રાદિનો ત્યાગ કર્યો છે માટે તે ત્યાગી છે -એમ નથી. અંતરંગ સાતે તત્ત્વોનું ભાવભાસન જેને નથી તે જીવ ધર્મનો ત્યાગી છે. નિયમસારમાં (પૃ. ૨૫૭, ગાથા ૧૨૬) કહ્યું છે કે અજ્ઞાની સ્વધર્મનો ત્યાગી છે. મોહનો અર્થ જ સ્વધર્મ ત્યાગ છે. આત્મા પરિપૂર્ણ આનંદકંદ છે તેની રુચિ જોણે છોડી છે તે આત્માના ધર્મનો ત્યાગી છે.

આત્માનું જેને ભાન નથી તેણે ભલે પડિમા, વ્રતાદિ ધારણ કર્યા હોય તેણે મિથ્યાત્વરૂપી અધર્મનો ત્યાગ કર્યો નથી માટે તે સાચો ત્યાગી નથી. વસ્તુ દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વતંત્ર છે એનું જ્ઞાન થયા વિના વ્રત, પચ્ચખાણ લ્યે પણ ચારિત્ર નથી. દર્શન કોને કહેવું ? એની જેને ખબર નથી તે જીવને રત્નત્રય વ્રત હોય નહિ. રાગ અને વિકારની સ્વતંત્રતા ભાસતી નથી તેને સાચા વ્રત ત્રણ કાળમાં હોય નહિ. માટે પહેલા તત્ત્વજ્ઞાન હોવું જોઈએ. આ તત્ત્વજ્ઞાન કરવા માટે પ્રથમ વ્રત-પચ્ચખાણ કરે તો તત્ત્વજ્ઞાન થઈ જાય એમ નથી પણ ઊંધી માન્યતા છે તેને છોડે તો તત્ત્વજ્ઞાન થાય છે અને તત્ત્વજ્ઞાન થયા પછી જ્ઞાની પોતાના પરિણામો જોઈને પ્રતિજ્ઞા લે છે.

જ્ઞાની કોઈનો અંશ કોઈમાં મેળવતો નથી, એટલે કર્મનો અંશ વિકારના અંશમાં મેળવતો નથી અને વિકારના અંશને સ્વભાવમાં મેળવતો નથી. એવું તત્ત્વજ્ઞાન થયા પછી પોતાની પર્યાયમાં વિકાર થાય છે એને બરાબર જાણે. પોતાના પરિણામ સુધર્યા ન હોય અને પરવસ્તુ છોડે તો આકુળતા થયા વિના ન રહે. માટે આત્માની પર્યાયમાં દોષ છે એનો નાશ કરીને ગુણ થાય છે એમ જાણે પણ પરવસ્તુ છૂટી ગઈ માટે દોષનો નાશ થાય છે -એમ જાણે નહિ તેથી આવેશમાં આવીને પડિમા, વ્રત આદિ લઈ લેતો નથી. પડિમા, વ્રત બહારથી આવતા નથી. વર્તમાન પુરુષાર્થ જોઈને ભવિષ્યમાં પણ આવો ને આવો ભાવ ટકી રહેશે કે કેમ એનો વિચાર કરીને પ્રતિજ્ઞા લે છે.

જ્ઞાની શરીરની શક્તિ અથવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિકનો પણ વિચાર કરે છે. માટે એ પ્રમાણે પ્રતિજ્ઞા લેવી યોગ્ય છે. પોતાના પરિણામોનો વિચાર કરે. જો ખેદ થાય, આર્તધ્યાન થાય, પછી એ પ્રતિજ્ઞા નભે નહિ એવી પ્રતિજ્ઞા ન લેવી જોઈએ. પહેલા ઉપાદાન એટલે પરિણામની વાત કરી અને પછી નિમિત્ત, શરીરાદિનો પણ જ્ઞાની વિચાર કરે -એમ કહ્યું. ત્યાગી નામ ધરાવે અને બહારમાં ઠેકાણાં ન હોય. મુનિ થાય અને ઉદ્દિષ્ટ આહાર લે તો તેણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણ્યા નથી. દશ દશ ચોકા થાય અને એને માટે ઉદ્દિષ્ટ આહાર બનાવે અને તે લે તો તેને પ્રતિજ્ઞા યથાર્થ નથી. ત્યાગીને ભોજન કરાવવું હોય તો તેને શુદ્ધ આહાર માટે આખો દિવસ રોકાવું પડે તે બરાબર નથી.

પૃ. ૧૮૨માં આવ્યું હતું કે ''મુનિપદ લેવાનો ક્રમ તો આ છે કે પહેલાં તત્ત્વજ્ઞાન થાય પછી



ઉદાસીન પરિણામ થાય, પરિષહાદિ સહન કરવાની શક્તિ થાય અને તે પોતાની મેળે જ મુનિ થવા ઈચ્છે ત્યારે શ્રીગુરુ તેને મુનિધર્મ અંગીકાર કરાવે છે.'' પણ અત્યારે તો તત્ત્વજ્ઞાન રહિત વિષયાસક્ત જીવોને માયા વડે લોભ બતાવી મુનિપદ આપે છે પણ તે વ્યાજબી નથી. જૈન નામ ધરાવે અને ભાવલિંગી ને દ્રવ્યલિંગી કોને કહેવા એની ખબર નથી.

આગળ પૃ. ૨૯૫માં કહેલ છે કે જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય. હવે સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે. માટે પહેલાં દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થાય અને પછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિ ધારણ કરી વ્રતી થાય. એ પ્રમાણે મુખ્યપણે નીચલી દશામાં જ દ્રવ્યાનુયોગ કાર્યકારી છે.

## ચૈત્ર સુદ ૧૩, શનિવાર, ૨૮-૩-૫૩.

### (સ્ટાર ઓફ ઇન્ડિયા નામે ઓળખાતા બંગલામાં પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન)

### (પૂ. ગુરુદેવશ્રીનો પરિવર્તન દિન.)

આજે મહાવીર પરમાત્માનો જન્મકલ્યાણક દિવસ છે. જન્મદિવસ તો સાધારણ જીવોનો પણ કહેવાય છે પણ આ તો જન્મકલ્યાણક દિન છે. આજે ઘણાં લોકો જૈનના નામે પ્રરૂપણા કરે છે કે ભગવાને દુનિયાના ઉદ્ધાર માટે જન્મ લીધો પણ એ વાત ખોટી છે. ભગવાનને આત્માનું ભાન હતું. તીર્થંકર થવા પહેલાંના ત્રીજા ભવમાં એ ભાન સહિતની ભૂમિકામાં એવો રાગ આવ્યો કે હું પૂર્ણ થાઉં ને જગતના જીવો ધર્મ પામો તેથી તીર્થંકર નામકર્મ બંધાયું. તીર્થંકરનું દ્રવ્ય જ અનાદિનું એ જ લાયકાતવાળું હોય છે. અંતર્ગત પર્યાયની શક્તિ જ એવી હોય છે. ભગવાને પરના કારણે અવતાર લીધો -એમ નથી અને ભગવાનનો અવતાર થયો માટે લોકોનું કલ્યાણ થયું છે -એમ નથી.

ભગવાન મહાવીરે જન્મ લીધો એનો અર્થ -એમના આત્માની પર્યાયની યોગ્યતા જ એવી હતી. શરીરનો સંબંધ મળ્યો એ જન્મ નથી, આત્માની પર્યાયનો ઉત્પાદ થયો તેને જન્મ કહેવાય છે. ભગવાનના આત્માનો જન્મ થતો નથી, આત્મા તો ત્રિકાળ ધ્રુવ છે. જગતમાં જે દ્રવ્યની જે પર્યાય થાય છે તે પોતાની યોગ્યતાથી થાય છે. મહાવીર પરમાત્માનો જીવ પોતાના શ્રદ્ધા-જ્ઞાન-રમણતામાં વર્તતો હતો તે વખતે પોતાની નબળાઈના કારણે રાગ આવ્યો તેમાં તીર્થંકર નામકર્મ બંધાઈ ગયું હતું, અને એ જીવ તીર્થંકર થવાની યોગ્યતાવાળો હતો એ કારણે એમનો આત્મા તીર્થંકરપણે થયો છે. તીર્થંકરપણે થવાની લાયકાત તે દ્રવ્યમાં શક્તિરૂપે અનાદિકાળથી હતી. ધ્રુવપણે તો લાયકાત હતી પણ પર્યાયની લાયકાત થઈ એટલે હું પૂર્ણ થાઉં એવો વિકલ્પ આવ્યો. જગતના જીવો ધર્મ પામે એવી ભાવના પણ હતી, એમાં તીર્થંકર નામકર્મનો બંધ થયો હતો. તીર્થંકર પ્રકૃતિનો ઉદય તો વીતરાગદશા થયા પછી

આવે છે, કેવળજ્ઞાન થયા પછી ૐધ્વનિ છૂટે છે તે વાણીના નિમિત્તે જીવો પોતાની યોગ્યતાથી ધર્મ પામે છે.

ભગવાનની વાણી ધર્મમાં નિમિત્ત હોય છે, ધર્મવૃદ્ધિનું જે નિમિત્ત છે એવી વાણીમાંથી ધર્મની વૃદ્ધિ ન કરે અથવા ધર્મ પ્રગટ થવામાં નિમિત્ત ન બને તો તે ભગવાનની વાણીને સમજ્યો નથી.

અહો ભગવાન ! તમો જગદીશ છો. જગદીશ તો એને કહેવાય કે જગતના જીવોની સંખ્યા વધારે પણ તારા અવતારે તો જગતના જીવો ઘટી જાય છે -એમ ઓલંભો કરે છે. હે નાથ ! તારી વાણી જ્યારે નીકળે ત્યારે તેને સમજવાને લાયકાતવાળા જીવો ન હોય એમ બને નહિ. હે નાથ ! આપે ઘણાને તાર્યા છે -તે ઉપચારનું કથન છે. ભગવાનની વાણી અને સમજનાર જીવ બન્ને ભિન્ન ભિન્ન પદાર્થ છે અને ભિન્ન ભિન્ન કામ કરે છે, તે જીવ પોતે સમજે ત્યારે ભગવાનની વાણીને નિમિત્ત કહેવાય છે. ભગવાનની વાણી આવી માટે સમજ્યો એમ માને તો આત્મામાં ક્ષણિક ઉપાદાન સ્વતંત્ર છે તેનો નાશ કરે છે, એટલે કે શ્રદ્ધામાં નાશ કરે છે તે મિથ્યાદષ્ટિ છે. અજ્ઞાની સંયોગીદષ્ટિથી જુએ છે અને જ્ઞાની સ્વભાવદષ્ટિથી જુએ છે. બન્નેના રાહ જુદા છે, એક મોક્ષમાં જાય છે, બીજો નિગોદમાં જાય છે. આમ વસ્તુનું સ્વરૂપ છે.

જેમ જગતમાં કોઈ દ્રવ્યનો કોઈ અન્ય કર્તા નથી તેમ તે દ્રવ્યની પર્યાય દ્રવ્યનો અંશ છે તેનો કોઈ કર્તા નથી -એમ ભગવાનની વાણીમાં આવ્યું છે. ભગવાન તીર્થંકરનો જન્મકલ્યાણકદિન ઈંદ્રો પણ ઊજવે છે, એ દિવસ આજનો છે. શરીરમાં ભગવાન જન્મ્યા એ તો વ્યવહાર છે, આયુષ્યના કારણે આવ્યા તે પણ વ્યવહાર છે. ખરેખર ભગવાન આત્માની પર્યાયની યોગ્યતાના કારણે આવ્યા છે તે સત્ય છે. માતાની કુખે ભગવાન આવતા પહેલા ઈંદ્રના જ્ઞાનમાં આવ્યું કે છ મહિના પછી ભગવાન ત્રિશલાદેવીની કુખે જવાના છે. ક્રમબદ્ધપર્યાય ન હોય તો એ જ્ઞાન થાય નહિ. પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ એ સિદ્ધ કરે છે. ક્રમબદ્ધનો નિર્ણય કર્યા વિના ત્રણ કાળમાં સમ્યગ્જ્ઞાન થાય એમ નથી.

શ્રી સમયસાર કળશ ૬૨માં કહેલ છે કે :-

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।**

ભગવાનને જન્મ લીધાં પહેલાં જ્ઞાનનો નિર્ણય હતો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાન અને આત્મા અભેદ છે. ભગવાનની વાણીમાં નીકળ્યું હતું કે જ્ઞાન તે જ આત્મા છે, તે જ્ઞાન બીજાનું શું કરે? જ્ઞાન જાણે છે તેને બદલે પરભાવનો કર્તા આત્મા છે એમ માનવું તે વ્યવહારીજનોની મૂઢતા છે.

ભગવાન ત્રિશલાની કુખે પોતાની યોગ્યતાથી આવ્યા. પૂર્વે તેમને તીર્થંકર નામકર્મ બંધાયું ત્યારે પણ



ભગવાને જાણ્યું હતું કે હું જાણવાવાળો છું અને આત્મા મારું જ્ઞેય છે. એમ નિર્ણય કર્યો ત્યારે જે રાગ હતો તેને વ્યવહારે જાણ્યો કહેવાય છે. સ્વજ્ઞેયને જાણ્યા વિના રાગના જ્ઞાનને વ્યવહાર પણ કહેવાતો નથી. ખરેખર રાગને જ્ઞાન જાણતું નથી. સ્વને જાણતાં રાગ જણાઈ જાય છે એવો જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે. પોતાની માન્યતા પ્રમાણે દેવ-ગુરુ-શાસ્ત્રને ખતવે છે. રાગ છે તો જ્ઞાન છે અને જ્ઞાન છે તો રાગ છે -એમ નથી. જ્ઞાન જ્ઞાનથી છે -એવો નિર્ણય થયો તે સમ્યગ્જ્ઞાન છે, ત્યારે રાગ અને નિમિત્તને જાણવું તે વ્યવહાર છે. જે જ્ઞાનમાં રાગને જ્ઞાનમાં રહીને જાણવાની તાકાત થઈ નથી તે રાગને જાણે છે એવો વ્યવહાર પણ લાગુ પડતો નથી. એક જ્ઞાનમાં છ કારક સ્વતંત્રપણે છે. ચારિત્રગુણની પર્યાયમાં જે રાગ આવ્યો તેને જાણવાની તાકાત જ્ઞાનની છે. એવા જ્ઞાનપૂર્વક ભગવાનનો જન્મ થયો હતો. જે વખતે ભગવાન માતાની કુખમાં આવ્યા ત્યારે પણ તેમને રાગનું, નિમિત્તનું અને સ્વનું જ્ઞાન પૃથક્ પૃથક્ છે.

આજના દિવસે ઘણા લોકો અનેક પ્રકારથી ખોટી પ્રરૂપણા કરે છે કે ભગવાને હિંસા અટકાવી, કઈક જીવોનો ઉદ્ધાર કર્યો, આ બધા નિમિત્તના કથન છે પણ વસ્તુનું સ્વરૂપ એવું નથી. ભગવાને કોઈને તાર્યા નથી, ભગવાને હિંસા અટકાવી નથી, ભગવાને પરના કામ કર્યાં નથી -એ વાત સત્ય છે. જીવો પોતાના કારણે સમજે છે, હિંસા હિંસાના કારણે અટકે છે, એ બધામાં ભગવાન નિમિત્તમાત્ર છે. ભગવાનના કારણે પરમાં કાંઈ થયું નથી. નિર્ગ્રંથ મુનિ નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી છટ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા, એમાં વિકલ્પ આવ્યો કે હે ભગવાન ! તારા ચરણકમળના પ્રસાદથી અમે તર્યા છીએ. તમોએ અમારો ઉદ્ધાર કર્યો. જુઓ, એ બધું નિમિત્તનું કથન છે, પોતાની પર્યાયની લાયકાત વગર ભગવાન ઉદ્ધાર કરી શકતા નથી. લોકોમાં કહેવત છે કે જાણનારીમાં જોર ન હોય તો સૂયાણી શું કરે ? એમ પોતામાં સમ્યગ્દર્શન પ્રગટ કરવાની તાકાત ન હોય તો ભગવાન શું કરે ? નિમિત્તના કારણે ઉદ્ધાર થતો હોય તો એક જ તીર્થંકર થતાં બધા તરી જવા જોઈએ, પણ એમ બનતું નથી. છતાં ભગવાને અનંત જીવોને તાર્યા એમ કહેવાય છે. સંખ્યાત મનુષ્યો હોય છે તે બધા તરતાં નથી છતાં ભગવાનને અનંતના તારણહાર કહેવાય છે. એવા ભગવાનનો જન્મ કલ્યાણકારી છે. જેણે આત્માનું ભાન કર્યું નથી એવા જીવોનો અવતાર ગલૂડિયાં જેવો છે.

ભગવાન એ જ ભવમાં મોક્ષ જાય છે. વળી ભગવાનના પુણ્ય પણ ઊંચા હોય છે. તેમના પુણ્ય અને પવિત્રતા ઉત્કૃષ્ટ હોય છે. ઈંદ્ર જ્યારે જાણે કે ભગવાનનો જન્મ થયો છે ત્યારે સિંહાસન ઉપરથી તે નીચે ઉતરી જાય છે અને ભગવાનને નમસ્કાર કરે છે. ભગવાનનું શરીર તો બાળક છે, પોતે ઈંદ્ર છે, ક્ષાયિક સમ્યગ્દષ્ટિ છે છતાં ભક્તિભાવ ઉલ્લસી ગયો છે અને કહે છે કે અહો ! ત્રણ લોકના નાથને અમારા નમસ્કાર હો ! ભગવાન જન્મે અને સમજનાર ન હોય એમ બને નહિ અને લોકોની પાત્રતા પ્રગટે અને ભગવાનનો જન્મ ન હોય -એમ પણ ન બને છતાં ભગવાન જીવોને તારે છે -એમ નથી. ભગવાનને પણ ભગવાનપણું પોતામાં શક્તિરૂપે હતું તેમાંથી પ્રગટ થયું છે. ભગવાને

ઢંઢેરો પીટ્યો કે તારામાં પણ એવી શક્તિ છે, તું ઓશિયાળો નથી, તારે કોઈની મદદની જરૂર પડે -એમ નથી.

ભગવાનને સમજનાર એમ માને કે ભગવાને તો પોતામાં શક્તિરૂપ ભગવાનપણું હતું તે પર્યાયમાં સ્વતંત્રપણે પ્રગટ કર્યું છે. અને ભગવાને અહિંસા તો પોતાની પર્યાયમાં કરી છે, પરમાં કરી નથી. શાંતિરૂપ આત્મા છે; વર્તમાન પર્યાયમાં અશાંતિ છે તે મારું સ્વરૂપ નથી એવું ભાન કરવું તે અહિંસા છે. રાગનું જ્ઞાન તે વ્યવહાર છે અને સ્વનું જ્ઞાન તે નિશ્ચય છે -એમ જાણવું તે જન્મકલ્યાણક મહોત્સવ છે.

## ચૈત્ર સુદ ૧૪, રવિવાર, ૨૯-૩-૫૩.

વ્યવહારાભાસનો અધિકાર ચાલે છે. જેને તત્ત્વજ્ઞાન નથી તેનું આચરણ પણ યથાર્થ હોતું નથી. જૈનમતમાં તો એવો ક્રમ છે કે પહેલા તત્ત્વજ્ઞાની થાય અને પછી જેનો ત્યાગ કરવો છે એના દોષને ઓળખે અને દોષનો નાશ થવાથી જે ગુણ પ્રગટે છે તેને પણ બરાબર જાણે. ભગવાનની વાણીમાં એવો ઉપદેશ આવ્યો છે કે પહેલા આત્મજ્ઞાન એટલે તત્ત્વજ્ઞાન હોવું જોઈએ. પરથી લાભ થાય, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય અને રાગ કર્મથી થાય એવો ઉપદેશ ભગવાને આપ્યો નથી. રાગનું કારણ કર્મ અને નિશ્ચય રત્નત્રયનું કારણ વ્યવહાર રત્નત્રય છે એમ માને તો એનો અર્થ એવો થયો કે નિશ્ચય રત્નત્રય પણ કર્મના કારણે થાય છે. આવું માનનાર વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે તેનું આચરણ બધું ખોટું હોય છે.

સમયસાર નાટક પૃ. ૩૫૧માં કહ્યું છે કે આત્મામાં વિકાર થાય છે તે પરિણામમાં કોઈની સહાયતા નથી. છ યે દ્રવ્યો પોતપોતાના પરિણામ કોઈની સહાય વિના કરી રહ્યા છે. કોઈ કર્મ પ્રેરક થઈને આત્માને વિકાર કરાવતું નથી. દ્રવ્યકર્મથી ભાવકર્મ થાય છે -એમ નથી અને રાગથી વીતરાગતા થાય -એમ પણ નથી. માટે તત્ત્વજ્ઞાન વિના વ્રત-તપાદિ કરે તો તે બાળવ્રત ને બાળતપ છે. માટે માત્ર વર્તમાન પરિણામના ભરોસે પ્રતિજ્ઞા લે નહિ પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને પ્રતિજ્ઞા લે છે. આત્મામાં મુનિપણાનો પુરુષાર્થ હોય નહિ, શરીરની સ્થિતિ પણ તેવી હોય નહિ અને ત્યાગ કરી બેસે તો આર્તધ્યાન થાય. જ્ઞાની પોતાની શક્તિનો વિચાર કરીને પ્રતિજ્ઞા લે છે. પ્રતિજ્ઞા પ્રત્યે નિરાદરભાવ થાય નહિ અને ચઢતા ભાવ રહે એવી પ્રતિજ્ઞા લે છે. આવો જૈનધર્મનો ઉપદેશ છે અને જૈનધર્મની આમ્નાય પણ આવી છે. એમ બે પ્રકાર કહેલ છે.

અત્યારે તો પ્રતિજ્ઞાભંગ ઠેર ઠેર દેખાય છે. ક્ષુલ્લક અને મુનિપણાની પ્રતિજ્ઞા લે છે પણ ઉદ્દેશીક અને આધાકર્મી આહાર લે છે. એમને માટે મોસંબીના પાણી, કેળા વગેરે લાવવામાં આવ્યા હોય તે લે છે. જૈનધર્મમાં એવો ઉપદેશ નથી. વીતરાગના માર્ગમાં તો નિર્વાહ કરી શકે એવી પ્રતિજ્ઞા લેવાનું કહ્યું છે. પોતાના પરિણામને જોઈને પ્રતિજ્ઞા લે છે.



**પ્રશ્ન** : ચાંડાલાદિકોએ પ્રતિજ્ઞા કરી તેમને આટલો બધો વિચાર ક્યાં હોય છે ?

**ઉત્તર** : મરણપર્યંત કષ્ટ થાઓ તો ભલે થાઓ પરંતુ પ્રતિજ્ઞા ન છોડવી -એવા વિચારથી તે પ્રતિજ્ઞા કરે છે. પરંતુ પ્રતિજ્ઞામાં તેમને નિરાદરપણું નથી. આત્માના ભાન વિના પણ જે કોઈ પ્રતજ્ઞિા લે તે પણ મરણપર્યંત કષ્ટ આવે તો પણ પ્રતિજ્ઞા છોડતા નથી અને તેમને પ્રતિજ્ઞાનો આદર છૂટતો નથી. આ વ્યવહારાભાસ મિથ્યાદષ્ટિની પ્રતિજ્ઞાની વાત કરી, તે કષાયની મંદતારૂપ ચઢતા પરિણામ રહે તેવી રીતે પ્રતિજ્ઞા લે છે. એ પણ પ્રતિજ્ઞાભંગ થવા દેતો નથી. હવે સમ્યગ્દષ્ટિની વાત કરે છે. જ્ઞાની પ્રતિજ્ઞા લે છે તે તત્ત્વજ્ઞાનપૂર્વક જ કરે છે. પોતાના પરિણામ જોઈને પ્રતિજ્ઞા લે છે. તે વિચારે છે કે મારી પર્યાયમાં વર્તમાન તુચ્છતા વર્તે છે, મારા પરિણામ આગળ વધતા નથી. દ્રવ્યથી પ્રભુ છું પણ પર્યાયથી પામર છું એનું બરાબર જ્ઞાન કરે છે.

આત્મદ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે, એના આશ્રયે સમ્યગ્દર્શનરૂપ શુદ્ધ પર્યાય તો પ્રગટ થઈ છે પણ હજુ ઉગ્ર પુરુષાર્થપૂર્વક રાગનો સર્વથા અભાવ થયો નથી એટલે કે અશક્તિ છે. દ્રવ્યનો પૂર્ણ આશ્રય થયો નથી, પર્યાયમાં પામરતા છે અને એથી નિમિત્તનું લક્ષ સર્વથા છૂટ્યું નથી. એવી રીતે પર્યાયનું જ્ઞાન કરીને પ્રતિજ્ઞા લે છે. દૃષ્ટિમાં દ્રવ્યનું આલંબન છૂટી જાય તો મિથ્યાદષ્ટિ થઈ જાય અને પર્યાયમાં નિમિત્તનું આલંબન સર્વથા છૂટી જાય તો કેવળજ્ઞાન થઈ જાય. સાધકને દૃષ્ટિ અપેક્ષાએ દ્રવ્યનું આલંબન કદી છૂટતું નથી અને પર્યાયમાં પામરતા છે એટલે સર્વથા નિમિત્તનું આલંબન પણ છૂટ્યું નથી, માટે જ્ઞાની તત્ત્વજ્ઞાનપૂર્વક જ પ્રતિજ્ઞા લે છે. પરદ્રવ્ય કાંઈ કરે છે એ વાત તો છે જ નહિ. અહીં તો ત્રિકાળી દ્રવ્ય અને વર્તમાન પર્યાય -બે ની જ વાત છે. પર્યાયમાં દયાનો રાગ આવે તો એ પ્રકારના નિમિત્ત ઉપર લક્ષ જાય છે. પરનું આલંબન છૂટતું નથી. એનો અર્થ પર નિમિત્તના કારણે રાગ થયો છે -એમ નથી. જે જે પ્રકારનો રાગ થાય છે તે તે પ્રકારના નિમિત્તો ઉપર લક્ષ જાય છે પણ એ નિમિત્તોને કારણે રાગ થયો છે -એમ નથી.

નોરતામાં ભૂવો ડાકલું વગાડે છે, તેની દોરી એક હોવા છતાં તે બન્ને બાજુએ વાગે છે તેમ જ્ઞાનીને દૃષ્ટિની અપેક્ષાએ દ્રવ્યનું આલંબન હોય છે અને પર્યાયની અપેક્ષાએ નિમિત્તનું આલંબન લે છે. આમ સાધકદશામાં બે પ્રકાર પડે છે. દ્રવ્ય-પર્યાયના જ્ઞાન વિના વ્રત-પ્રતિજ્ઞા લઈ લે તો તે યથાર્થ આચરણ નથી. જ્ઞાનીની કોઈ નિંદા કરે તો તેનું પણ તે જ્ઞાન કરે છે અને અલ્પ રાગદ્વેષ થાય છે તેને પણ તે બરાબર જાણે છે. સહજ પરિણામ થાય એવી પ્રતિજ્ઞા જ્ઞાની લ્યે છે.

હવે કહે છે કે જેને અંતરંગ વિરક્તતા નથી થઈ અને બાહ્યથી પ્રતિજ્ઞા ધારણ કરે છે તે પ્રતિજ્ઞા લીધા પહેલાં અને પછી આસક્ત રહે છે. ઉપવાસની પ્રતિજ્ઞા લેવા પહેલા ધારણામાં આસક્ત થઈને આહાર લે છે અને ઉપવાસ પૂરો થાય એટલે મિષ્ટાન્ન ખાય છે અને ઉતાવળ પણ ઘણી કરે છે. જેમ જળને રોકી રાખ્યું હતું તે જ્યારે છૂટ્યું ત્યારે ઘણો પ્રવાહ વહેવા લાગ્યો તેમ આણે પ્રતિજ્ઞાથી

વિષય વૃત્તિ રોકી પણ અંતરંગમાં આસક્તતા વધતી ગઈ અને પ્રતિજ્ઞા પૂરી થતાં જ અત્યંત વિષય પ્રવૃત્તિ થવા લાગી એટલે એને ખરેખર પ્રતિજ્ઞાના કાળમાં પણ વિષય વાસના છૂટી નથી, તથા આગળ-પાછળ ઊલટો રાગ વધારે હોય છે, પણ ફળ તો રાગભાવ મટતાં જ થાય છે. માટે જેટલો રાગ ભાવ ઘટ્યો હોય એટલી જ પ્રતિજ્ઞા કરવી. મહામુનિ પણ થોડી પ્રતિજ્ઞા કરી પછી આહારાદિમાં ઘટાડો કરે છે અને જો મોટી પ્રતિજ્ઞા કરે છે તો પોતાની શક્તિ વિચારીને કરે છે માટે પરિણામમાં ચઢતા ભાવ રહે તથા આકુળતા ન થાય એમ કરવું તે કાર્યકારી છે.

વળી જેને ધર્મ ઉપર દૃષ્ટિ નથી તે કોઈ વેળા તો મોટો ધર્મ આચરે છે, ત્યારે કોઈ વેળા અધિક સ્વચ્છંદી થઈ પ્રવર્તે છે. જેમ દશલક્ષણ પર્વમાં દશ ઉપવાસ કરે અને બીજા દિવસોમાં એક પણ ઉપવાસ કરે નહિ. હવે જો ધર્મબુદ્ધિ હોય તો સર્વ ધર્મપર્વોમાં યથાયોગ્ય સંયમાદિ ધારણ કરે પણ એનો મિથ્યાદૃષ્ટિને વિવેક હોતો નથી. તેને વ્રત, તપ, દાન પણ સાચા હોતા નથી. અહીં તો અજ્ઞાનીને વિકલ્પ કેવો આવે એની વાત કરે છે. માન મળે તેમાં પૈસા ખર્ચે, મકાનમાં તખતી મૂકો તો વધારે રૂપિયા આપું -એમ કહેનાર જીવને ધર્મબુદ્ધિ નથી, રાગ ઘટાડવાનું એને પ્રયોજન નથી.

વળી કોઈ વેળા કોઈ ધર્મકાર્યોમાં ઘણું ધન ખર્ચે ત્યારે કોઈ વેળા કોઈ કાર્ય આવી પડે તો ત્યાં થોડું ધન પણ ન ખર્ચે. જો તેને ધર્મબુદ્ધિ હોય તો યથાશક્તિ સર્વ ધર્મકાર્યોમાં યથાયોગ્ય ધન ખર્ચ્યા કરે. એ પ્રમાણે અન્ય પણ જાણવું. અજ્ઞાનીને ધન ખર્ચવાનો પણ વિવેક હોતો નથી. ઉશ્કેરણીથી ધન ખર્ચે છે. પણ જો ધર્મબુદ્ધિ હોય તો પોતાની શક્તિ પ્રમાણે બધાં ધર્મકાર્યોમાં યથાયોગ્ય પૈસા આપ્યા વિના રહે નહિ. જેમ દીકરીને પરણાવવી હોય તો ખરડો કરવા ન જાય, પણ પોતાના ઘરમાંથી પૈસા કાઢે છે. મકાન બનાવવું હોય તો ખરડો કરે નહિ -એમ જેને ધર્મબુદ્ધિ હોય તે ધર્મના બધા કાર્યોમાં યથાશક્તિ ધન ખર્ચે છે. તેને એવા પરિણામ હોય છે.

તત્ત્વજ્ઞાનપૂર્વક વ્રત, તપ અને દાન હોવા જોઈએ -એ ત્રણ વાત કરી. એ પ્રમાણે જે જે કાળે જે જે પ્રકારનો રાગ હોય તે તે પ્રકારે જ્ઞાનીને વિવેક હોય છે -એમ સમજવું.

વળી જેને સાચા ધર્મની દૃષ્ટિ નથી તેને સાચું સાધન પણ નથી. બહારથી લક્ષ્મીનો ત્યાગ કર્યો હોય પણ વસ્ત્રાદિથી મોહ છૂટ્યો ન હોય, સુંદર કપડાં જોઈએ, મખમલના જોડા અને મખમલનો કોટ પહેરે તો તે ત્યાગ મેળ વગરનો છે. બહારથી ત્યાગ કર્યો હોય ને સટ્ટાનો ધંધો કરે તો જગતને ઠગવા માટે વેષ લીધો હોય છે. પોતે તો ત્યાગી હોય પણ બીજાને લક્ષ્મી પ્રાપ્ત કરવા માટે ફીચરના ભાવ કહે તે તો ધર્મમાં કલંકરૂપ છે, એણે તો ખરેખર લક્ષ્મીનો ત્યાગ કર્યો નથી પણ લાભાંતરાયના કારણે લક્ષ્મી આવી નથી. પોતે ત્યાગી થાય અને માતા-પિતા માટે ખરડો કરાવે તે પણ ત્યાગી નથી.

કોઈને ખરડામાં અમુક રકમ નોંધાવવા માટે કહેવું તે પણ ત્યાગીને માટે શોભનીય નથી. સાચો ત્યાગ હોય તો પોતાના પરિણામને જુએ. એક સાધુ કહે કે મારે અમુક રૂપિયા જોઈએ છે. આવી



રીતે સાધુ થઈને માગણી કરવી તે ધર્મની શોભા નથી. નિઃસ્પૃહપણે ત્યાગ હોવો જોઈએ. મુનિને યાચના હોય નહિ. પુરુષાર્થસિદ્ધિઉપાય શ્લોક ૨૦૦માં કહેલ છે કે જેટલું મુનિને આચરણ હોય છે એનો અંશ શ્રાવકને પણ હોવો જોઈએ, તો ધર્મ શોભે છે. જ્ઞાની પોતાની શક્તિ પ્રમાણે ત્યાગ કરે છે.

**ચૈત્ર સુદ ૧૫, સોમવાર, ૩૦-૩-૫૩.**

આજે સવારે શ્રી સમયસાર ગાથા પહેલી ઉપરનું રેકોર્ડીંગ રીલ પ્રવચન સંભળાવવામાં આવ્યું હતું.

**ચૈત્ર વદ ૧, મંગળવાર, ૩૧-૩-૫૩.**

આ વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિનો અધિકાર ચાલે છે. તત્ત્વજ્ઞાન વિના યથાર્થ આચરણ હોતું નથી. તે જીવ કોઈ ક્રિયા અતિ નીચી કરે છે તેથી લોકનિંદ્ય થાય છે તથા ધર્મની હાંસી કરાવે છે. જેમ કોઈ પુરુષ એક વસ્ત્ર તો અતિ ઉત્તમ પહેરે તથા એક વસ્ત્ર અતિ હીન પહેરે તો તે હાસ્યપાત્ર જ થાય તેમ આ પણ હાંસી જ પામે છે. વ્યવહારાભાસી જીવની ક્રિયા હાંસીપાત્ર હોય છે કેમ કે કોઈ વખત ઊંચી ક્રિયા કરે છે ને કોઈ વખત પાછી નીચી ક્રિયા કરવા લાગી જાય છે. તેથી લોકનિંદ્ય થાય છે. માટે સાચા ધર્મની તો આ આમ્નાય છે કે જેટલા પોતાના રાગાદિક દૂર થયા હોય તે અનુસાર જે પદમાં જે ધર્મક્રિયા સંભવે તે બધી અંગીકાર કરે.

ચોથે તથા પાંચમે ગુણસ્થાને જે પ્રકારની ક્રિયા સંભવે તે પ્રમાણે જ્ઞાની પ્રવર્તે છે. જ્ઞાની સમજે છે કે વર્તમાન પર્યાયમાં જે રાગ છે તે મારી નબળાઈથી છે, કર્મના કારણે થાય છે એમ તે માનતો નથી અને પોતાનાથી જેટલો રાગ છૂટ્યો હોય તે પ્રમાણે ક્રિયામાં પ્રવર્તે છે. હઠથી ત્યાગ કરતો નથી. જો પોતાથી થોડો રાગ છૂટ્યો હોય તો નીચા જ પદમાં પ્રવર્તે છે. પરંતુ ઉચ્ચપદ ધરાવી નીચી ક્રિયા ન કરે. સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં માંસ આદિનો આહાર હોય નહિ, સમ્યગ્દૃષ્ટિને કદાચ લડાઈના પરિણામ હોય પણ અભક્ષ્ય આહાર સમ્યગ્દૃષ્ટિને હોય નહિ. આસક્તિ હજી છૂટી નથી એટલે સ્ત્રીસેવનાદિ હોય છે. પાંચમા ગુણસ્થાને એની ભૂમિકા પ્રમાણે ત્યાગ હોય છે. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં આવ્યું છે કે જેને દારૂ-માંસનો ત્યાગ ન હોય તે ઉપદેશ સાંભળવાને પણ પાત્ર નથી.

**પ્રશ્ન** : સ્ત્રીસેવનાદિકનો ત્યાગ ઉપરની પ્રતિમામાં કહ્યો છે તો નીચલી અવસ્થાવાળો તેનો ત્યાગ કરે કે ન કરે ?

**ઉત્તર** : નીચલી અવસ્થાવાળો તેનો સર્વથા ત્યાગ કરી શકતો નથી, કોઈ દોષ લાગે છે. તેથી ઉપરની પ્રતિમામાં તેનો ત્યાગ હોય છે. પણ નીચલી અવસ્થામાં જે પ્રકારથી ત્યાગ સંભવે તેનો ત્યાગ નીચલી અવસ્થામાં પણ કરે. ચોથા ગુણસ્થાનવાળો પ્રતિમાની પ્રતિજ્ઞા કરે નહિ કેમ કે અંતર્વાસના હજુ છૂટી નથી. ચોથા ગુણસ્થાનની ભૂમિકા પ્રમાણે નિયમ લે છે. જેમ કોઈ સાત વ્યસન તો સેવે અને સ્વસ્ત્રીનો ત્યાગ કરે એ કેમ બને ? જો કે સ્વસ્ત્રીનો ત્યાગ કરવો એ ધર્મ છે તો પણ પહેલા

સાત વ્યસનનો ત્યાગ થાય ત્યારે જ સ્વસ્ત્રીનો ત્યાગ કરવો યોગ્ય છે.

અજ્ઞાની જીવને સંયોગમાં ને શુભ ભાવમાં રુચિ પડી છે. પછી ભલે તે સર્વજ્ઞની વાણી સાંભળતો હોય તો પણ તે બંધકથા સાંભળે છે કેમ કે એને તે વાણી બંધમાં નિમિત્ત છે. લોકોએ કામભોગબંધનની કથા અનંતવાર સાંભળી છે પણ આત્માની વાત એક ક્ષણ પણ સાંભળી નથી. સંયોગદૃષ્ટિ, નિમિત્તદૃષ્ટિ, વ્યવહારદૃષ્ટિ, પર્યાયદૃષ્ટિપૂર્વક વાણી સાંભળી છે તેથી વાણી તરફનો જે રાગ છે તેને કામભોગ કહેલ છે. આ વાત સમજવા જેવી છે. આની જેને ખબર નથી તે ભલે બહારથી ત્યાગ કરે તો પણ વ્યર્થ છે. પહેલાં સ્વસ્ત્રીને છોડે અને સાત વ્યસનને ન છોડે એના જેવી વાત છે. એ પ્રમાણે દરેક ઠેકાણે સમજી લેવું.

વળી સર્વ પ્રકારથી ધર્મના સ્વરૂપને નહિ જાણતાં એવા કેટલાક જીવો કોઈ ધર્મના અંગને મુખ્ય કરી અન્ય ધર્મોને ગૌણ કરે છે. જેમ કોઈ જીવદયા ધર્મને મુખ્ય કરી પૂજા-પ્રભાવનાદિ કાર્યોને ઉથાપે છે તે વ્યવહારધર્મને પણ સમજતા નથી. જ્ઞાનીને પૂજા, પ્રભાવના આદિનો ભાવ આવ્યા વિના રહે નહિ. પર જીવની હિંસા, અહિંસા કોઈ કરી શકતું નથી પણ ભાવની વાત છે. પૂજા-પ્રભાવનામાં શુભ ભાવ થાય છે એને ઉથાપાય નહિ છતાં એ ભાવને ધર્મ સમજવો નહિ. કોઈ પૂજા-પ્રભાવનાદિ ધર્મને મુખ્ય કરી હિંસાદિનો પણ ભય રાખતા નથી. રાત્રે પૂજા કરવી ન જોઈએ, પ્રતિમા ઉપર દૂધ, દહીં આદિથી અભિષેક કરવો ન જોઈએ, શુદ્ધ જળથી અભિષેક હોવો જોઈએ, તેની જેને ખબર નથી તે પણ ધર્મના અંગને જાણતો નથી.

આ વાત ન્યાયથી સમજવી જોઈએ. ભલે મિથ્યાદૃષ્ટિ હોય પણ સત્ય વાત આવે તો પહેલા સ્વીકારવી જોઈએ. અજ્ઞાની કોઈ તપની મુખ્યતા કરી આર્તધ્યાનાદિ કરીને પણ ઉપવાસાદિક કરે છે. અથવા પોતાને તપસ્વી માની નિઃશંકપણે ક્રોધાદિ કરે છે, ઉપવાસ કરીને સૂવે, આર્તધ્યાન કરીને દિવસ પૂરો કરે છે કેમ કે તત્ત્વજ્ઞાન વિના સાચો તપ હોતો નથી. જ્ઞાની તો શાંત હોય છે. આત્માની શાંતિ શોભે-ઓપે તેનું નામ તપસ્વી છે. તેને બદલે તપસ્વી નામ ધરાવે અને ઉગ્ર પ્રકૃતિ રાખે તો તે યથાર્થ નથી.

વરસીતપ કરે અને ઉપવાસના પારણે બરાબર સગવડ ન સચવાય તો કષાય કરે, આ તપ કહેવાય નહિ. કોઈ કોઈ ત્યાગી એવા હોય છે કે જાત્રા માટે અથવા તો ભોજનાદિ માટે પૈસાની પણ યાચના કરે અને કોઈએ આપ્યું ન હોય તો કષાય કરે. પહેલા તો ત્યાગીએ યાચના કરવી જ યોગ્ય નથી અને પાછો કષાય કરવો તે તો વધારે ખોટું કહેવાય. છતાં પોતાને ત્યાગી અને તપસ્વી માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિનો અવિવેક છે. મુનિ નામ ધરાવીને, પોતાને તપસ્વી માનીને ક્રોધ કરે, માન કરે, માયા કરે, લોભ પણ કરે, હું તપસ્વી છું તો ગ્રંથમાળામાં મારું નામ રાખે તો ઠીક -એમ માનીને માન કરે છે.



વળી કોઈ દાનની મુખ્યતા કરી ઘણા પાપ કરીને પણ ધન ઉપજાવી દાન આપે છે. પહેલા પાપ કરીને પૈસો ભેગો કરવો અને પછી દાન કરવું તે ન્યાય નથી. પહેલાં લક્ષ્મીની મમતા કરું અને પછી મમતા ઘટાડીશ તો તે યોગ્ય નથી. પરોપકારના નામે પણ પાપ કરે છે. કોઈ આરંભ-ત્યાગની મુખ્યતા કરી યાચના કરવા લાગી જાય છે. રાંધવામાં પાપ જાણી ભિખારીની જેમ માગવા જાય તો તે યોગ્ય નથી. તથા કોઈ જીવ અહિંસાને મુખ્ય કરીને જળ વડે સ્નાન-શૌચાદિ પણ કરતાં નથી. વળી કોઈ લૌકિક કાર્ય આવતાં ધર્મ છોડી દે છે અથવા તેના આશ્રયે પાપ પણ આચરે છે.

ધર્મની પ્રભાવના અર્થે મોટા મહોત્સવ થતાં હોય ત્યારે જ્ઞાની શિથિલતા રાખે નહિ, લૌકિક કાર્ય છોડીને ત્યાં ગયા વિના રહે નહિ. પંચાધ્યાયી ગાથા ૭૩૯માં કહેલ છે કે ''નિત્ય નૈમિત્તિકરૂપથી થવાવાળા જિનબિંબ મહોત્સવમાં પણ શિથિલતા ન કરવી તથા તત્ત્વજ્ઞાનીઓએ તો શિથિલતા કદી પણ અને કોઈ પ્રકારથી પણ કરવી નહિ.''

''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ'' માટે વિવેક કરવો જોઈએ. અજ્ઞાનીને વિવેક હોતો નથી. જેમ કોઈ અવિવેકી વ્યાપારીને કોઈ વ્યાપારના નફા અર્થે અન્ય પ્રકારથી ઘણો તોટો થાય છે તેવું આ કાર્ય થયું પણ જેમ વિવેકી વ્યાપારીનું પ્રયોજન નફો છે. તેથી તે સર્વ વિચાર કરી જેમ નફો થાય તેમ કરે. તેવી રીતે જ્ઞાનીનું પ્રયોજન તો વીતરાગ ભાવ છે તેથી તે સર્વ વિચાર કરીને વીતરાગ ભાવ વધે તેમ કરે છે.

ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે, એ જ જ્ઞાનીનું પ્રયોજન છે. દૃષ્ટિમાં વીતરાગતા તો છે અને ચારિત્રમાં પણ વીતરાગતા વધે એ જ જ્ઞાનીનું પ્રયોજન હોય છે, રાગનું પ્રયોજન હોતું નથી. તત્ત્વજ્ઞાન વિના રાગનો અભાવ થતો નથી. બહારનો ત્યાગ થયો કે ન થયો એનું પ્રયોજન જ્ઞાનીને નથી. શુભ ભાવનું પણ પ્રયોજન નથી. રાગ, નિમિત્ત અને પરની ઉપેક્ષા હોય છે અને સ્વની અપેક્ષા હોય છે.

## ચૈત્ર વદ ૨, બુધવાર, ૧-૪-૫૩.

વ્યવહારાભાસનો અધિકાર ચાલે છે. જે જીવ તત્ત્વજ્ઞાન તો કરતો નથી અને વ્રતાદિ કરે છે અને એને ધર્મ માને છે તે યથાર્થ આચરણ નથી -એમ કહે છે. આત્મા ચિદાનંદ પુણ્ય-પાપ રહિત છે, તેની રુચિ-પ્રતીતિ કરવી તે ધર્મ છે. જૈનદર્શનનું તાત્પર્ય શું છે ? ભગવાન આત્મા મહિમાવંત શુદ્ધ ચૈતન્ય છે, એને પુણ્ય-પાપ, ઇંદ્રિયોમાં સુખ નથી. સુખ તો અંતર આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, એમાં છે, એવી પ્રતીતિ કરે તે જ તાત્પર્ય છે. આત્મા નિમિત્ત, સંયોગથી પર છે. વિકલ્પ જેટલો આત્મા નથી. આત્મા તો વીતરાગસ્વરૂપ છે. એના આશ્રયે શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક જેટલો વીતરાગભાવ થયો તે ચારિત્ર છે.

દયા, દાન, ભક્તિ, જાત્રા આદિનો મંદ કષાયભાવ કરે તો તે પુણ્યભાવ છે. પણ જો એમાં આકુળતા ભાવ તીવ્ર હોય તો કષાયની મંદતા પણ હોતી નથી, તેથી પુણ્ય પણ નથી. આત્મા અંતર્મુખ થયા વિના જે કાંઈ કષાયની મંદતા થાય છે તે પુણ્ય છે, પરમાર્થે તે અધર્મ છે, ધર્મ નથી. જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય છે તે સર્વ અધર્મ ભાવ છે; કેમ કે જે ભાવથી બંધન થાય તે બધો અધર્મ ભાવ છે. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ છે એની રુચિપૂર્વક લીનતા થાય છે તે વીતરાગ ભાવરૂપ ચારિત્ર છે. આત્માનો મૂળધર્મ તો વીતરાગ ભાવ છે. રાગથી આત્મા ભિન્ન છે એવી દૃષ્ટિ કરવી તે ધર્મ છે. એવો જેને વિવેક નથી એટલે નિમિત્ત-રાગથી આત્મા પર છે. ક્ષણિક પર્યાય જેટલો હું નથી એવું જેને ભેદજ્ઞાનરૂપ વિવેક થયો નથી, તે વ્રત-તપ આદિની ક્રિયા કરે છતાં તેને સમ્યક્ચારિત્રનો ભાસ પણ હોતો નથી.

જેને ભેદવિજ્ઞાન નથી તે વાસ્તવિક ધર્મને અંગીકાર કરતો નથી. આત્મા કેવળજ્ઞાનનો કંદ છે; કેવળજ્ઞાન જેમાંથી થાય છે તે હું નથી એવું જેને ભાન નથી તે પુણ્યથી ધર્મ માને છે. તે અજ્ઞાની જીવ દયા, દાન, ભક્તિ, વ્રતાદિ કરે છે પણ તેને ચારિત્ર હોતું નથી. ચારિત્રનું મૂળ કારણ તો સમ્યગ્દર્શન છે તેની તો ખબર નથી તેથી મિથ્યાદૃષ્ટિને ચારિત્રનો ભાસ પણ હોતો નથી. તત્ત્વજ્ઞાનના નિર્ણય વિના ચારિત્ર હોય નહિ. જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં હોય છતાં પણ તેને નિઃશંક તત્ત્વજ્ઞાન હોય છે પણ અજ્ઞાની ત્યાગી હોય છતાં તેને સમ્યક્ચારિત્ર હોતું નથી.

વળી કોઈ જીવ અણુવ્રત, મહાવ્રતાદિરૂપ યથાર્થ આચરણ કરે છે તથા આચરણ અનુસાર જ પરિણામ છે પણ માયા, લોભાદિના એમને પરિણામ નથી. પહેલા તો જે વ્રતાદિ બરાબર પાળતો નથી એની વાત કરી હતી. હવે કહે છે કે ભગવાને કહેલા વ્રતાદિ યથાર્થ પાળે છે છતાં પણ તે ક્રિયાથી અને શુભ ભાવથી ધર્મ થાય, વ્યવહાર કરતાં કરતાં ધર્મ થઈ જાય એવી માન્યતા હોવાથી તેને પણ યથાર્થ ચારિત્ર નથી એમ કહે છે. જે જીવને આત્માનું ભાન નથી તથા અણુવ્રતાદિ બરાબર પાળતો નથી તે મિથ્યાદૃષ્ટિ તો છે પણ એનું આચરણ પણ ખોટું છે, એ વાત તો પહેલાં આવી ગઈ. હવે તો કહે છે કે વ્રતાદિ યથાર્થ આચરણ કરે છે છતાં પણ તે મિથ્યાદૃષ્ટિને ચારિત્ર નથી.

ભગવાનના માર્ગમાં પ્રતિજ્ઞા ન લે તો દંડ નથી પણ પ્રતિજ્ઞા લઈને ભંગ કરવો તે તો મહાપાપ છે. વસ્તુનું સ્વરૂપ શું છે ? એ વાત જાણવી જોઈએ. આ શાસ્ત્ર મોક્ષમાર્ગ પ્રકાશક છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. રાગ, વિકાર, જડની ક્રિયા મોક્ષમાર્ગ નથી. અહીં તો કહે છે કે કોઈ જીવ ૨૮ મૂળગુણ બરાબર પાળે, મન-વચનાદિ ગુપ્તિ પાળે, ઉદ્દિષ્ટ આહાર લે નહિ, માસમાસના ઉપવાસ કરે, તપ કરે, વ્યવહાર ક્રિયામાં દોષ બિલકુલ ન કરે -એવું આચરણ કરે છે અને તે પ્રમાણે કષાયની મંદતા પણ તેને હોય છે; એ ક્રિયાઓમાં તેને માયા અને લોભના પરિણામ નથી પણ એને ધર્મ જાણી મોક્ષ અર્થે તેનું સાધન કરે છે. તે સ્વર્ગાદિ ભોગોની ઈચ્છા રાખતો નથી



પરંતુ પ્રથમ તત્ત્વજ્ઞાન ન થયેલું હોવાથી પોતે તો જાણે છે કે -હું મોક્ષ અર્થે સાધન કરું છું પણ મોક્ષનું સાધન જે છે તેને તે જાણતો પણ નથી, કેવળ સ્વર્ગાદિનું જ સાધન કરે છે, તે મિથ્યાદૃષ્ટિ વ્યવહારાભાસી છે. તત્ત્વજ્ઞાનપૂર્વક આચરણ નથી માટે સાચું ચારિત્ર નથી. સમયસારમાં પણ કહેલ છે કે તત્ત્વજ્ઞાનપૂર્વક આધાકર્મી આહાર લેતો નથી તે યથાર્થ આચરણ છે. વીતરાગની આજ્ઞા જેવી વ્યવહારમાં છે એવું આચરણ કરે છે પણ મિથ્યાદૃષ્ટિ એને ધર્મનું સાધન માને છે. તેથી તે આચરણ મિથ્યાચારિત્ર છે. વ્યવહાર કરતાં કરતાં ધર્મનું સાધન થઈ જશે એ માન્યતા મિથ્યા છે. પ્રથમ અંતર સાધન પ્રગટ કર્યા વિના મંદ કષાયને વ્યવહારથી પણ સાધન કહેવાતું નથી. ત્રણે કાળે એક આત્મસાધનથી જ મોક્ષમાર્ગ થાય છે. હલકો કાળ છે માટે શુભ ભાવરૂપી સાધનથી મોક્ષમાર્ગ થાય -એમ નથી. સુખડી ત્રણે કાળે સાકર, ઘી, લોટની થાય છે. ચોથે કાળે તે ચીજ હોય અને પંચમ કાળે બીજી ચીજ સુખડી માટે હોય નહિ, એમ ત્રણે કાળ મોક્ષનું એક જ સાધન હોય છે.

જેને તત્ત્વજ્ઞાન નથી તે વ્રતાદિને ધર્મનું સાધન કરું છું એમ માને છે, પણ મોક્ષનું સાધન જે છે તેને તે જાણતો પણ નથી, કેવળ સ્વર્ગાદિનું જ સાધન કરે છે. મોક્ષપર્યાયનું સાધન તો મોક્ષમાર્ગ નિર્વિકલ્પ છે, અને તે મોક્ષમાર્ગનું કારણ અંતર શુદ્ધ ચૈતન્ય આત્મા છે એને તો તે જાણે નહિ અને ત્યાગ કરો, વ્રત કરો, ભક્તિ-પૂજા કરો તો સ્વર્ગમાં જશો અને પછી ભગવાન પાસે જવાશે અને ત્યાં સમ્યગ્દર્શન થઈ જશે. આવી જેની માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિ છે.

મિથ્યાદૃષ્ટિ ભગવાનની આજ્ઞાનો લોપ કરે છે. કોઈ સાકરને અમૃત જાણી ભક્ષણ કરે પણ તેથી અમૃતનો ગુણ તો ન થાય, કારણ પોતાની પ્રતીતિ અનુસાર ફળ થાય નહિ પણ જેવું સાધન કરે તેવું જ ફળ લાગે છે. પુણ્યને ધર્મ માને તેથી કાંઈ ધર્મ થાય નહિ. આકડાના ફળને કેરી માને તો આકફળ કેરી થાય નહિ. માટે પ્રતીતિ અનુસાર ફળ થાય નહિ પણ જેવું વસ્તુનું સ્વરૂપ છે એવી પ્રતીતિ કરે તો યથાર્થ ફળ થાય છે. શાસ્ત્રમાં એવું કહ્યું છે કે :-

ચારિત્રમાં જે **સમ્યક્** પદ છે તે અજ્ઞાનપૂર્વકના આચરણની નિવૃત્તિ અર્થે છે, માટે પહેલા તત્ત્વજ્ઞાન થાય, તે પછી ચારિત્ર હોય તે જ સમ્યક્ચારિત્ર નામ પામે છે. અજ્ઞાનનો જેને નાશ ન થાય તેને ચારિત્ર હોતું નથી. તત્ત્વજ્ઞાન કરે નહિ તેને સમ્યગ્દર્શન નથી. દિગંબર સંપ્રદાયમાં જન્મ્યો માટે સમ્યગ્દૃષ્ટિ છે -એમ નથી. દિગંબર કોઈ સંપ્રદાય નથી પણ વસ્તુનું સ્વરૂપ છે. સાત તત્ત્વના ભાવનું ભાસન થવું તે તત્ત્વજ્ઞાન છે.

૧) જીવ તત્ત્વ તો પરમ પારિણામિકભાવ શુદ્ધ ચૈતન્ય છે તે છે.

૨) અજીવ તત્ત્વ, તે પણ પારિણામિકભાવ તથા ઔદયિકભાવરૂપ છે. (અહીં અજીવ તત્ત્વમાં મુખ્યપણે કર્માદિ પુદ્ગલ તત્ત્વ લેવું છે.)

૩) આત્મામાં વિકાર ભાવ છે તે ઔદયિકભાવ છે તે આસ્રવ તત્ત્વ છે.

૪) સંવરમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર છે તો ક્ષાયોપશમિક, ઔપશમિક તથા ક્ષાયિકભાવ છે.

૫) બંધ ભાવ તે વિકાર ભાવ છે, ઔદયિકભાવ છે, તે આત્માનો શુદ્ધ પર્યાય નથી.

૬) નિર્જરા ક્ષાયોપશમિકભાવ, ઔપશમિકભાવ તથા ક્ષાયિકભાવ છે.

૭) મોક્ષ ક્ષાયિકભાવ છે.

આમ સાત તત્ત્વનો ભાવ સમજવો જોઈએ.

આત્મામાં તત્ત્વજ્ઞાનનું ભાવભાસન થાય પછી ચારિત્ર હોય છે. તત્ત્વજ્ઞાન વિના યથાર્થ સામાયિક, વ્રતાદિ હોય નહિ. તત્ત્વજ્ઞાન વિના દર્શનપ્રતિમા પણ ન હોય તો મુનિપણું તો ક્યાંથી હોય ? હાલ દિગંબર સંપ્રદાયમાં તો દેવાદિની શ્રદ્ધા છે માટે સમ્યગ્દર્શન છે એમ મોટો ભાગ માને છે અને પોતાને શ્રાવક માને છે. શ્રાવકમાં જન્મ થયો એટલે જન્મથી શ્રાવક છીએ -એમ માને છે, પણ તે મિથ્યાદષ્ટિ છે. સમ્યગ્દષ્ટિ તો આત્મા ચિદાનંદ છે એવી દષ્ટિ વિના હોય નહિ અને સમ્યગ્દર્શન અર્થાત્ તત્ત્વજ્ઞાન વિના ચારિત્ર હોય નહિ. જેમ કોઈ ખેડૂત બીજ તો વાવે નહિ અને અન્ય સાધન કરે તો તેને અન્નપ્રાપ્તિ ક્યાંથી થાય ? ઘાસફુસ જ થાય. તેમ અજ્ઞાની તત્ત્વજ્ઞાનનો તો અભ્યાસ કરે નહિ અને અન્ય સાધન કરે તો મોક્ષપ્રાપ્તિ ક્યાંથી થાય ? દેવપદાદિ જ થાય. કષાય મંદની ક્રિયા કરે તો સ્વર્ગાદિ થાય પણ ધર્મ થાય નહિ. છ ઢાળામાં કહેલ છે કે વ્રત ધારણ કરી અનંતવાર ગ્રૈવેયકમાં ગયો પણ આત્મજ્ઞાન વિના લેશ સુખ પામ્યો નહિ.

વળી તેમાં તો કોઈ જીવ તો એવા છે કે તેઓ તત્ત્વાદિના નામ પણ બરાબર જાણતા નથી અને માત્ર વ્રતાદિમાં જ પ્રવર્તે છે. નિર્દોષ વ્રત પાળે પણ તત્ત્વજ્ઞાન કરતાં નથી. વળી કેટલાક જીવ એવા છે કે પૂર્વે વર્ણન કર્યું છે તે પ્રકારે સમ્યગ્દર્શન-જ્ઞાનનું અયથાર્થ સાધન કરી વ્રતાદિમાં પ્રવર્તે છે; જો કે તેઓ વ્રતાદિ બાહ્ય દોષ રહિત બરાબર પાળે છે, પણ યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન વિના તેમનું સર્વ આચરણ મિથ્યાચારિત્ર જ છે.

શ્રી સમયસાર કળશ ૧૪૨માં અમૃતચંદ્રાચાર્યદેવ માર્ગને સ્પષ્ટ પ્રકાશે છે.

**અર્થ** : કોઈ મોક્ષથી પરાઙ્મુખ એવા અતિ દુસ્તર પંચાગ્નિ તપનાદિ કાર્ય વડે પોતે જ કલેશ કરે છે તો કરો, તથા અન્ય કોઈ જીવ મહાવ્રત અને તપના ભારથી ઘણા કાળ સુધી ક્ષીણ થતાં કલેશ કરે છે તો કરો પરંતુ આ સાક્ષાત્ મોક્ષસ્વરૂપ સર્વરોગ રહિત પદ આપોઆપ અનુભવમાં આવે એવો જ્ઞાનસ્વભાવ તે તો જ્ઞાનગુણ વિના અન્ય કોઈ પણ પ્રકારથી પામવાને સમર્થ નથી.

જેને આત્માનું ભાન નથી તેને વ્રતાદિ ભારરૂપ છે, સંસાર એક સમયનો પર્યાય છે પણ તે મારા



સ્વભાવમાં નથી, એનું ભાન નથી તેને વ્રતાદિ તો બોજારૂપ છે. ચારિત્ર તો આનંદસ્વરૂપ છે, કષ્ટરૂપ નથી. તત્ત્વજ્ઞાન વિના જે આચરણ છે તે કષ્ટરૂપ લાગે છે. ચારિત્ર તો સંવર છે, દુઃખના પર્યાયનો નાશ કરવાવાળું છે, એને કષ્ટદાયક માનવું તે મિથ્યાત્વ છે. ધર્મ કષ્ટદાયક હોય જ નહિ. ધર્મી આત્માને આનંદ હોય છે. પરિષહ હોય તો પણ તેનો ખ્યાલ ન હોય. સુકૌશલ મુનિને વાઘણ ખાય છે, તે વખતે આનંદ છે. ગજસુકુમાર મુનિને પણ આનંદ છે. અવિકારી આનંદકંદ પરિણામ તે ચારિત્ર છે, એની જેને ખબર નથી તેને સંવર તત્ત્વની ભૂલ છે-વિપરીત અભિનિવેશ છે.

મહાવ્રત લીધું એટલે પાળવું જોઈએ એવો કંટાળો લાવે તે સત્ય આચરણ નથી. તત્ત્વજ્ઞાન કરો, જગતની પરવા છોડો. આ વાત કદી સાંભળી નથી, માટે પહેલાં અભ્યાસ કરો.

જાત્રા કરવા જાય ને પહાડ ઉપર ચડે અને નીચે ઊતરે ત્યારે ભૂખ-તરસ લાગી હોય તે વખતે ધર્મશાળાના મુનીમ ઉપર કષાય કરે, ઝગડા કરે, તે કાંઈ જાત્રા નથી. શાંતિથી તત્ત્વજ્ઞાનપૂર્વક આકુળતા ઘટે એવું આચરણ હોવું જોઈએ. મુનિપણું, શ્રાવકપણું લે, શરીરને જીર્ણ કરે પણ મિથ્યાત્વને જીર્ણ કરતો નથી. જ્ઞાનમાં પરવસ્તુ જ્ઞેય છે છતાં આ મને ઈષ્ટ છે અને આ અનિષ્ટ છે એમ માનવું તે મિથ્યાત્વ છે. પહેલા યથાર્થ સમજણ કરવામાં ભલે ઘણો કાળ જાય પણ એ સિવાય બીજા ઉપાયો કરે તેથી આત્માનું કલ્યાણ થતું નથી.

મિથ્યાદષ્ટિ વ્રતાદિ પાળે છે પણ સાક્ષાત્ મોક્ષસ્વરૂપ સર્વ રાગ રહિત પદ આપોઆપ અનુભવમાં આવે એવો જ્ઞાનસ્વભાવ તે તો જ્ઞાનગુણ વિના અન્ય કોઈ પણ પ્રકારથી પામવાને સમર્થ નથી. વ્યવહાર, રાગ, ચિત્ત-મનના આશ્રયે તે પ્રાપ્ત થાય -એમ નથી. આત્માની જ્ઞાનક્રિયા સિવાય બીજી કોઈ ક્રિયાથી મોક્ષ થતો નથી. જ્ઞાનક્રિયામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે. સર્વજ્ઞ પૂર્ણસ્વભાવી વ્યક્ત છે. એ સિવાય બીજી કોઈ ચીજ રાગ, નિમિત્ત આદિ આત્મામાં નથી -એવું તત્ત્વજ્ઞાન વિના બીજી કોઈ પણ ક્રિયાથી મોક્ષ થતો નથી.

મોક્ષમાર્ગની વિધિ જાણે નહિ અને ક્રિયા કરવા મંડી જાય તો કાંઈ મોક્ષમાર્ગ ન થાય. જેમ હલવો-શીરો કરવાની વિધિ જાણે નહિ અને હલવો બનાવવા બેસી જાય તો હલવો થાય નહિ પણ લોપરી થાય. એમ પ્રથમ મોક્ષમાર્ગની વિધિ જાણે નહિ અને ક્રિયા કરવા મંડી જાય તો મોક્ષમાર્ગરૂપી હલવો થશે નહિ પણ મિથ્યાત્વરૂપ લોપરી થશે; અને ચાર ગતિમાં રખડવાનું સાધન થશે. માટે પ્રથમ તત્ત્વજ્ઞાન કરવું જોઈએ.

જે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે આત્માનો સ્વભાવ એવો છે એમ નિર્ણય કરે તો તેના મોહનો નાશ થાય છે -એ સિવાય મોહ નાશનો બીજો ઉપાય નથી.

## ચૈત્ર વદ ૩, ગુરુવાર, ૨-૪-૫૩.

આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપી છે એની રુચિ નથી અને વર્તમાન મંદ કષાયમાં ધર્મ માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે, આત્માએ શું કરવા જેવું છે એ વાત કરે છે. આત્મા જ્ઞાન જ છે. હાલવા-ચાલવાની ક્રિયાનો જાણવાવાળો છે, કોઈનું કરવાવાળો નથી એમ પ્રથમ નિર્ણય કરવો જોઈએ. અંતર્મુખ દૃષ્ટિ કર્યા વિના અન્ય કોઈ પ્રકારે આત્માનો અનુભવ થતો નથી. ક્રોડો ઉપવાસ કરે, ત્યાગ કરે, બ્રહ્મચર્ય પાળે પણ એથી ધર્મ થતો નથી અને ભવનો અંત આવતો નથી.

શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૭૨માં વ્યવહારાભાસીનું કથન ભગવાન અમૃતચંદ્રાચાર્યે કર્યું છે. તેમાં કહ્યું છે કે તેર પ્રકારનું ચારિત્ર પાળતો હોવા છતાં પણ તેને મોક્ષમાર્ગમાં નિષેધ કર્યો છે. બેતાલીસ, છેતાલીસ દોષ રહિત આહાર લ્યે, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિરૂપ ચારિત્ર પાળે તે કષાયની મંદતા છે. એને તે ધર્મ માને છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે, એને મોક્ષમાર્ગ નથી. વ્યવહારચારિત્ર મોક્ષમાર્ગ નથી. તેમ જ તે સાધક પણ નથી પણ મોક્ષમાર્ગમાં બાધકરૂપ છે. બંધમાર્ગ મોક્ષનું કારણ થાય નહિ. વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય જ્યાં કહેલ છે ત્યાં નિશ્ચય સાધનથી નિશ્ચય સાધ્યદશા પ્રગટ કરે તો વ્યવહારને ઉપચારથી સાધન કહેલ છે.

શ્રી સમયસાર નાટકમાં કહ્યું છે કે જેટલું વ્યવહાર સાધન કહેલ છે તે સાધક નથી પણ તે બધું બાધક છે અને શ્રી પ્રવચનસારમાં પણ આત્મજ્ઞાનશૂન્ય સંયમભાવ અકાર્યકારી કહેલ છે. પંચ મહાવ્રતાદિ નિરર્થક છે. આત્માના કલ્યાણમાં નિમિત્ત પણ કહેલ નથી. આ ચોથા ગુણસ્થાનની વાત છે. સમ્યગ્દર્શન કેમ થાય ? એની વાત છે. આત્મામાં સમ્યગ્દર્શનરૂપી નિર્વિકલ્પ વીતરાગભાવ કેમ પ્રગટ થાય તે કહે છે. એક સમયમાં હું આત્મા જ્ઞાયક છું એને લક્ષમાં લીધો એટલે રાગ, નિમિત્ત હું નહિ -એવું ભાન થયું તે ધર્મ છે. વિવેકપૂર્વક પરીક્ષા કરીને વિચાર કરવો તે પોતાનું કામ છે. આત્મા જ્ઞાયકસ્વરૂપ છે, રાગ વિકાર છે, નિમિત્ત પર છે -એમ ભેદજ્ઞાન કરવું જોઈએ. યુક્તિપૂર્વક વિચાર કરીને નિર્ણય કરવો તે આત્મજ્ઞાનનું કારણ છે. ધર્મ તો આત્માના આશ્રયે થાય છે. માટે પ્રથમ તત્ત્વજ્ઞાન કરવું તે કાર્યકારી છે.

વળી પરમાત્મપ્રકાશાદિ શાસ્ત્રોમાં એ પ્રયોજન અર્થે ઠામ ઠામ નિરૂપણ કર્યું છે કે તત્ત્વજ્ઞાન વિના વ્રતાદિ કાર્યકારી નથી. અહીં કોઈ એમ જાણે કે અંતરંગ ભાવ વિના બાહ્યથી અણુવ્રત, મહાવ્રતાદિ સાધે છે પણ જ્યાં અંતરંગ પરિણામ નથી અથવા સ્વર્ગાદિની વાંચ્છાથી સાધે છે -એવી સાધના કરતાં તો પાપબંધ થાય પણ દ્રવ્યલિંગી તો અંતિમ ગ્રૈવેયક સુધી જાય છે. કપટ રહિત મંદકષાયરૂપ પરિણામ હોય તો જ ગ્રૈવેયક સુધી જાય. અનંતવાર કપટથી પાળ્યું છે માટે મોક્ષ થયો નથી -એમ નથી. ભગવાને કહ્યા પ્રમાણે વ્રતાદિ પાળે છે તેથી જ ગ્રૈવેયક સુધી જાય છે. કપટથી કરે તો તો પાપબંધ થાય. તે મહા મંદકષાયી હોય છે. તે પણ મોક્ષનું કારણ ન થયું તો પછી અત્યારનો મંદ



કષાય સાધન થાય એમ બને નહિ. માટે વ્યવહાર સાધન નથી. દ્રવ્યલિંગી મુનિ આલોક-પરલોકના ભોગાદિની ઈચ્છા રહિત હોય છે. તથા કેવળ ધર્મબુદ્ધિથી મોક્ષાભિલાષી બની સાધન સાધે છે. એટલા માટે દ્રવ્યલિંગીમાં સ્થૂલ અન્યથાપણું તો નથી પણ સૂક્ષ્મ અન્યથાપણું છે તે સમ્યગ્દૃષ્ટિને ભાસે છે.

દ્રવ્યલિંગીનું મિથ્યાપણું સમ્યગ્દૃષ્ટિને ભાસે છે. તેને સૂક્ષ્મ મિથ્યાત્વ હોય છે એની પણ ખબર પડે છે. સામો જીવ મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યગ્દૃષ્ટિ છે એની ખબર ન પડે -એમ નથી. દ્રવ્યલિંગીને સ્થૂલ અન્યથાપણું નથી, સૂક્ષ્મ છે તેને સમ્યગ્દૃષ્ટિ જાણી લે છે. આત્મા અંતર્મુખ થઈને સાધન કરે તો સાધ્ય એવું સમ્યગ્દર્શન પ્રગટ થાય છે એની મિથ્યાદૃષ્ટિને ખબર નથી. તત્ત્વજ્ઞાનીને તેની પ્રરૂપણા ઉપરથી ખબર પડી જાય. તેની ભૂલ કેવળી સિવાય બીજા કોઈ જાણી શકે નહિ -એમ નથી. અત્યારે તો સ્થૂલ પ્રરૂપણા ખોટી ચાલે છે, એ તો પ્રગટ મિથ્યાદૃષ્ટિ જણાય છે. સૂક્ષ્મ મિથ્યાત્વ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. અત્યારે તો સ્થૂલ મિથ્યા પ્રરૂપણા ચાલે છે, એ તો પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે.

આગમ પ્રમાણે બહારમાં આચરણ હોય, વ્યવહાર બરાબર પાળે, સ્થૂલ પ્રરૂપણામાં પણ અન્યથાપણું ન હોય છતાં અંતરંગમાં સૂક્ષ્મ મિથ્યાત્વ છે તેને જ્ઞાની જાણે છે, પણ બહારમાં કહે નહિ કેમ કે સંઘમાં વિરોધ થાય. લોકો બહારથી પરીક્ષા કરે છે એટલે સ્થૂલ મિથ્યાત્વ હોય તો બહારમાં કહે પણ સૂક્ષ્મ મિથ્યાત્વ લોકો પકડી શકે નહિ એટલે બહારમાં જ્ઞાની કહે નહિ. લોકો પકડી શકે નહિ એટલે વિરોધ થાય-સ્થૂલ પ્રરૂપણા કરે કે વ્યવહાર હોય તો નિશ્ચય થાય, નિમિત્તના કારણે ઉપાદાનમાં કામ થાય તો જ્ઞાની કહે કે આ મિથ્યાદૃષ્ટિ છે. પણ બહારમાં વ્યવહાર ચોખ્ખો હોય અને મિથ્યાદૃષ્ટિ હોય તો જ્ઞાની પોતે જાણે પણ બહારમાં કહે નહિ.

અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગ ધારણ કરે, મંદ કષાય કરે પણ ઊંડાણમાં અંતરંગમાં વ્યવહારનો પક્ષ એને છૂટતો નથી. હવે એવા દ્રવ્યલિંગી ધર્મસાધન કરે છે તે કેવા છે તથા તેમાં અન્યથાપણું કેવી રીતે છે તે કહે છે. દ્રવ્યલિંગીને નિશ્ચયનો પક્ષ એક ક્ષણમાત્ર કદી આવ્યો નથી અને વ્યવહારનો પક્ષ કદી છૂટ્યો નથી. જુઓ, આ સમજવા જેવું છે. લોકો સમજતાં નથી અને કહે છે કે વ્યવહાર નહિ કરો તો ધર્મનો લોપ થઈ જશે, પણ વસ્તુનું સ્વરૂપ એવું નથી. અશુભ પરિણામ ન હોય ત્યારે દયા, દાન, ભક્તિ, જાત્રા આદિનો શુભ ભાવ હોય છે પણ તે સમ્યગ્દર્શનનું કારણ નથી. જ્યારે જ્ઞાયક આત્માની રુચિ-દૃષ્ટિ થશે ત્યારે સમ્યગ્દર્શન થશે.

જાતિસ્મરણ જ્ઞાનની એવી તાકાત છે કે પૂર્વે આ જીવ સાથે અમારો સંબંધ હતો -એમ જાણી લ્યે. પૂર્વનું શરીર વર્તમાનમાં નથી, તેમ જ આત્માને પણ સાક્ષાત્ જાણતો નથી છતાં વર્તમાન જાતિસ્મરણ જ્ઞાનની એવી જ તાકાત છે કે તે જાણી લ્યે છે કે આ આત્માની સાથે પૂર્વે સંબંધ હતો, આ નિર્ણય ક્યાંથી થયો ? જ્ઞાનની તાકાત એવી છે. ઋષભદેવ ભગવાનને અને શ્રેયાંશકુમારને આઠમા ભવમાં સંબંધ હતો તે વર્તમાનજ્ઞાનમાં જાતિસ્મરણથી નિર્ણય આવ્યો. જ્ઞાનની પર્યાયમાં આત્મા દેખાતો નથી

અને પૂર્વનું શરીર પણ વર્તમાનમાં નથી. કોઈ મિથ્યાદૃષ્ટિને પણ જાતિસ્મરણ જ્ઞાન હોય છે. તે પણ જાણી લ્યે છે કે ત્રીજા ભવમાં આ જીવ સાથે સંબંધ હતો -એવી જ્ઞાનની સ્વતંત્ર-નિરાલંબન તાકાત છે, તો પછી સમ્યગ્દૃષ્ટિ સામો આત્મા મિથ્યાદૃષ્ટિ છે એમ જાણી લે તેમાં શી નવાઈ ? એવું જ્ઞાનનું સામર્થ્ય છે.

જે કોઈ એમ કહે કે આત્માને જાણી શકાય નહિ, સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિની ખબર પડે નહિ, ભવી-અભવીની ખબર પડે નહિ તો તેને જ્ઞાનના સામર્થ્યની ખબર નથી. જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે, તે આત્માને અને પરને ન જાણે -એમ બને નહિ. પોતાના જ્ઞાનના સામર્થ્યનો ભરોસો એને નથી. લબ્ધિના અધિકારમાં વાત લીધી છે, એમાં કહેલ છે કે ચૌદ પૂર્વનું જ્ઞાન જેને છે એવી જ્ઞાની જે ન્યાય કાઢે એવો ન્યાય સમ્યગ્દૃષ્ટિ કાઢે -એટલું સામર્થ્ય છે, તેથી જ્ઞાનીને દ્રવ્યલિંગીનું અન્યથાપણું ભાસે છે. તે હવે કહે છે -

## દ્રવ્યલિંગીના ધર્મસાધનમાં અન્યથાપણું

પ્રથમ તો તે સંસારમાં નરકાદિના દુઃખ જાણી તથા સ્વર્ગાદિમાં પણ જન્મ-મરણાદિના દુઃખ જાણી સંસારથી ઉદાસ થઈ તે મોક્ષને ઈચ્છે છે. હવે એ દુઃખ તો બધાય જાણે છે પણ ઈંદ્ર, અહમિંદ્રાદિ વિષયાનુરાગથી ઈંદ્રિયજનિત સુખ ભોગવે છે તેને પણ દુઃખ જાણી નિરાકુળ સુખ અવસ્થાને ઓળખી જે મોક્ષ જાણે છે તે સમ્યગ્દૃષ્ટિ જાણવો.

જન્મ-મરણનું દુઃખ નથી, સંયોગનું દુઃખ નથી પણ દુઃખ તો આકુળતાથી છે. અજ્ઞાનીની દૃષ્ટિ સંયોગ ઉપર છે, પ્રતિકૂળ ક્ષેત્રનો સંયોગ દુઃખ નથી, માટે જન્મ-મરણનું દુઃખ માનવું તે મિથ્યાત્વ છે. એને આત્મામાં આકુળતા તે દુઃખ અને નિરાકુળતા તે સુખ છે એની ખબર નથી.

આત્મા જન્મતો નથી અને મરતો નથી. પર્યાયમાં સુખ-દુઃખ થાય છે. સ્વર્ગના સુખની ઈચ્છાથી અને નરકાદિના દુઃખ જાણીને સાધન કરે તો તો સ્થૂલ મિથ્યાદૃષ્ટિ છે. એ રીતે ઉદાસ થાય છે. સ્વર્ગમાં પણ ઈંદ્રિયજનિત વિષયભોગ છે તે પણ દુઃખરૂપ છે એમ જાણવું જોઈએ. પોતાની પર્યાયમાં તીર્થંકર નામકર્મ જે ભાવ વડે બંધાય તેવો ભાવ પણ આકુળતા છે, પંચ મહાવ્રતના પરિણામ આકુળતા છે, આત્મામાં સુખ છે એમ જાણી નિરાકુળતાના પરિણામ થાય તે મોક્ષનું કારણ છે એમ માને તે સમ્યગ્દૃષ્ટિ છે.

સોળ કારણભાવના ભાવીએ તો તીર્થંકરપ્રકૃતિ બંધાશે -એમ નથી. જે જીવની ચારિત્રગુણની પર્યાય જ એ પ્રકારની હોય છે તેને જ એ પ્રકારની સહજ ભાવના હોય છે, બીજાને હોતી નથી. સમ્યગ્દૃષ્ટિ ઈંદ્રિયજનિત સુખને આકુળતારૂપ દુઃખ જાણે છે. શુભ અને અશુભ લાગણીનું પોતામાં ઉત્થાન થવું તે જ આકુળતા અને દુઃખ છે, તે સુખ-દુઃખના તાત્ત્વિક સ્વરૂપની અજ્ઞાનીને ખબર નથી તેથી તે



બહાર સંયોગમાં સુખ-દુઃખ માની બાહ્યથી ઉદાસીન થાય છે -તે મિથ્યાદૃષ્ટિ છે એમ જાણવું.

**ચૈત્ર વદ ૪, શુક્રવાર, ૩-૪-૫૩.**

દ્રવ્યલિંગીનું ધર્મસાધન કેવું હોય છે એ કહે છે. અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કર્યું પણ આત્મા કોણ છે એને જાણ્યો નહિ. તેથી તે મિથ્યાદૃષ્ટિ વ્યવહારાભાસનું બધું આચરણ ખોટું છે -એ વાત કહે છે. નરકમાં દુઃખ છે અને સ્વર્ગમાં પણ જન્મ-મરણનું દુઃખ છે એમ તે માને છે પણ આત્મામાં આકુળતાના પરિણામ થાય છે તે દુઃખ છે -એને માનતો નથી.

નરકનું દુઃખ અને જન્મ-મરણનું દુઃખ છે એ તો બધા લોકો કહે છે પણ વિકારી પરિણામ દુઃખરૂપ છે એને જાણીને તેનો ત્યાગી થયો નથી. આત્મામાં નિરાકુળ સુખ છે તેને ઓળખીને મોક્ષનો ઉપાય કરે છે, પુણ્ય-પાપાદિ આત્માનો સ્વભાવ નથી એમ જાણે તો તે સમ્યગ્દૃષ્ટિ જાણવો. દ્રવ્યલિંગી મુનિ નિરતિચારપણે મહાવ્રત પાળે છે, મહા મંદકષાયી છે પણ એ સાધન કરતાં કરતાં આત્માનું કલ્યાણ થાય છે એમ તે માને છે માટે મિથ્યાદૃષ્ટિ છે.

વળી વિષય સુખાદિનું ફળ નરકાદિક છે એમ જાણીને પરદ્રવ્યને બૂરું માને છે પણ આત્મામાં વિષય કષાયના પરિણામ થાય છે તે દુઃખ છે તેને જાણતો નથી. વળી નરકમાં દુઃખ છે એમ માને છે પણ નરકક્ષેત્રમાં દુઃખ નથી કેમ કે કેવળ સમુદ્ઘાત વખતે કેવળી ભગવાનના આત્માના પ્રદેશ સાતમી નરકના ક્ષેત્રમાં પણ જાય છે છતાં તે વખતે અનંત ચતુષ્ટયના કારણે તેમને અનંત સુખ હોય છે. માટે ક્ષેત્રનું દુઃખ આત્માને નથી. અજ્ઞાની પરદ્રવ્યને ખરાબ જાણીને દ્વેષ કરે છે. શરીર અશુચિમય અને વિનાશિક છે -એમ શરીરનો દોષ કાઢે છે. શરીર તો જ્ઞાનનું જ્ઞેય છે, તે દુઃખનું કારણ નથી. જ્ઞાની અશુચિ ભાવના ભાવે છે તે શરીરનો જ્ઞાતા રહીને ભાવે છે, મિથ્યાદૃષ્ટિ શરીરને અનિષ્ટ જાણી દ્વેષબુદ્ધિ કરે છે એટલો ફેર છે.

અજ્ઞાની માને છે કે શરીરમાંથી કસ કાઢી લેવો, શરીરને પોષવું જોઈએ નહિ, શરીરને જીર્ણ કરીને, સંથારો કરીને ફેંકી દેવું જોઈએ એને શરીર ઉપર દ્વેષબુદ્ધિ છે. કુટુંબાદિ સ્વાર્થના સગાં છે એમ માની પરદ્રવ્યનો દોષ કાઢે છે અને એનો ત્યાગ કરે છે પણ આત્મામાં રાગદ્વેષ થાય છે એનો ત્યાગ કરતો નથી. કંચન, કામિની, કુટુંબને છોડો તો ધર્મનો લાભ થશે -એમ તે માને છે. વળી વ્રતાદિનું ફળ સ્વર્ગ-મોક્ષ છે. અત્યારે વ્રત પાળો તો સ્વર્ગમાં જશો અને ત્યાંથી ભગવાન પાસે જવાશે એટલે ત્યાં ધર્મ પામશું -એ બધી મિથ્યાબુદ્ધિ છે. તપશ્ચરણાદિ પવિત્ર ફળના આપનાર છે, એ વડે શરીર શોષવા યોગ્ય છે -એમ માને છે.

વળી દેવ-ગુરુ-શાસ્ત્ર હિતકારી છે ઈત્યાદિ પરદ્રવ્યોનો ગુણ વિચારી તેને જ અંગીકાર કરે છે, પણ સ્વ આત્મદ્રવ્ય હિતકારી છે એની તેને ખબર નથી. પરદ્રવ્ય હિતકારી કે અહિતકારી છે જ

નહિ. શુદ્ધ ઉપાદાનશક્તિ અંતરમાં પડી છે તેનો આશ્રય કરવો તે હિતકારી છે. આત્માની પર્યાયમાં શુભ રાગ થાય છે ત્યારે નિમિત્તનો આદર આવ્યા વિના રહેતો નથી પણ તે પોતાની કમજોરીથી આવ્યો છે, પરદ્રવ્યના કારણે રાગ આવ્યો નથી. ભગવાનને દેખીને પ્રમોદ ભાવ આવે છે તે ભગવાનના કારણે આવ્યો નથી. એને દેખીને રાગ આવતો હોય તો જે દેખે તે બધાને આવવો જોઈએ પણ એમ બનતું નથી. માટે પરદ્રવ્યને હિતકારી જાણી રાગ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. પરદ્રવ્યના ગુણ ને દોષ વિચારીને અજ્ઞાની રાગદ્વેષ કરે છે તેથી તેનું બધું આચરણ ખોટું છે.

અહીં વર્તમાનમાં દ્રવ્યલિંગી અને ભાવલિંગી મુનિ દેખાતા નથી તો કદાચ કોઈ દેવ મહાવિદેહક્ષેત્રમાંથી કોઈ મુનિને અહીં મૂકે અને અહીં તેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તો એમને દેખીને જ્ઞાનીને પ્રમોદ આવ્યા વિના રહે નહિ, પણ તે પ્રમોદ ભાવ તે મુનિ-કેવળીના દેખવાથી કે કેવળીના કારણે થયો નથી. પરદ્રવ્યને ઈષ્ટ જાણીને તે શુભ ભાવ થયો નથી. કેવળી તો જ્ઞાનનું જ્ઞેય છે, તે હિતકારી છે એમ જ્ઞાની માનતો નથી. વળી કોઈ અનિષ્ટ શબ્દો કહે તો કદાચ જ્ઞાનીને ખેદ થાય છે પણ તે ખેદ શબ્દોના કારણે થયો નથી. અજ્ઞાની પરદ્રવ્યને બૂરું જાણે છે અને તેને છોડવા માગે છે. ખરેખર તો ગાળ અનિષ્ટ નથી અને ભગવાન ઈષ્ટ નથી એ વાતની અજ્ઞાનીને ખબર નથી.

આ રીતે અનેક પ્રકારથી અજ્ઞાની કોઈ પરદ્રવ્યોને બૂરા જાણી અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરે છે તથા કોઈ પરદ્રવ્યોને ભલા જાણી ઈષ્ટરૂપ શ્રદ્ધાન કરે છે.

શરીરમાં રોગ આવે માટે આર્તધ્યાન થાય -એમ નથી. શરીર મજબૂત હોય તો ધર્મ થાય -એમ નથી. શરીર ધર્મનું સાધન નથી. આત્મામાં શુભ ભાવ થાય છે તે પણ ધર્મનું સાધન નથી તો પછી શરીર સાધન થાય એમ કદી બનતું નથી. શ્રી પ્રવચનસારમાં આવે છે કે મુનિઓએ શરીરને છોડવું નહિ, અકાળે શરીર છોડવાથી અસંયમી થવાય છે, એનો અર્થ આત્મા શરીર છોડી શકે છે એમ નથી પણ ત્યાં રાગ અને વીતરાગ ભાવનો વિવેક કરાવવા નિમિત્તથી કથન કરે છે. સમ્યગ્દૃષ્ટિ પરદ્રવ્યને બૂરું જાણે નહિ, પણ પોતાના રાગ ભાવને બૂરો જાણે છે.

**પ્રશ્ન** : સમ્યગ્દૃષ્ટિ પણ પરદ્રવ્યોને બૂરા જાણી ત્યાગ કરે છે.

**ઉત્તર** : સમ્યગ્દૃષ્ટિ પરદ્રવ્યોને બૂરા જાણતો નથી પણ પોતાના રાગ ભાવને બૂરો જાણે છે. પોતે સરાગ ભાવને છોડે છે તેથી તેના કારણનો પણ ત્યાગ થાય છે. વસ્તુ વિચારતાં કોઈ પરદ્રવ્ય તો ભલા-બૂરા છે જ નહિ. પરદ્રવ્ય આત્માનું એકરૂપ જ્ઞેય છે. એકરૂપમાં અનેકરૂપ કલ્પના કરીને એક દ્રવ્યને ઈષ્ટ અને બીજા દ્રવ્યને અનિષ્ટ માનવું તે મિથ્યાબુદ્ધિ છે. શુદ્ધ આહાર આવે માટે પરિણામ સુધરે છે -એમ નથી. વસ્તુનો સ્વભાવ જુએ તો પરદ્રવ્યમાં દોષ નથી. પોતાના પરિણામ દોષરૂપ છે, એનો વિવેક થવો જોઈએ. તીવ્ર કષાય જેને નથી એને માંસ આદિનો વિકલ્પ આવે નહિ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. માટે પરદ્રવ્યને ભલું-બૂરું માનવું નહિ.



**પ્રશ્ન** : પરદ્રવ્ય નિમિત્તમાત્ર તો છે ?

**ઉત્તર** : પરદ્રવ્ય બળાત્કારથી ક્યાંય બગાડતું નથી પણ પોતાના ભાવ બગાડે ત્યારે તે પણ બાહ્ય નિમિત્ત છે. પરદ્રવ્યથી પરિણામ બગડે તો દ્રવ્યની પરિણતિ સ્વતંત્ર રહેતી નથી. પોતે પરિણામ બગાડે તો પરદ્રવ્યને નિમિત્ત કહેવાય છે. વળી નિમિત્ત વિના પણ ભાવ તો બગડે છે માટે તે નિયમરૂપ નિમિત્ત પણ નથી. નિમિત્તના કારણે ભાવ બગડતો નથી. શ્રી સમયસારમાં આવે છે કે : અરતિ ભાવે દારૂ પીએ તો ગાંડાઈ થતી નથી પણ આત્મા પોતે ભાવ બગાડે તો પરદ્રવ્યને નિમિત્ત કહેવાય છે. આત્મા સ્વયં વિકાર કરે છે અને દોષ પરદ્રવ્ય ઉપર નાખે છે, એ ભૂલ છે. કર્મના કારણે કે સ્ત્રી-કુટુંબના કારણે રાગ થતો નથી, નિમિત્તની અસર કે પ્રભાવ પડતો નથી. ભગવાનની પ્રતિમા પાસે શુભ ભાવ થાય છે એટલી નિમિત્તની અસર છે-એમ અજ્ઞાની માને છે. અહીં તો એમ કહેલ છે કે નિમિત્ત વિના પણ ભાવ બગડે છે.

અહીં ત્રણ વાત કરી છે કે -

૧) પરદ્રવ્ય બળાત્કારથી ભાવ બગાડતું નથી,

૨) પોતે ભાવ બગાડે તો પરદ્રવ્યને નિમિત્ત કહેવાય છે,

૩) નિમિત્ત વિના પણ આત્માના ભાવ બગડે છે માટે નિયમરૂપ નિમિત્ત પણ નથી.

પંડિતજીએ પોતાના ઘરની વાત કરી નથી. પહેલા કહેલ છે કે મોતી તો છે એને અમે માળામાં મોતી ગોઠવે એમ ગોઠવીએ છીએ. એમ અમે શાસ્ત્રમાં કહેલ વાત કહીએ છીએ, અમારા ઘરની વાત કરતાં નથી.

જુઓ, આ વાત મુદ્દાની છે. નિમિત્તથી આત્મામાં લાભ-નુકસાન થાય છે એ માન્યતા મૂઢની છે. કર્મથી, પૈસાથી, કુટુંબથી કે શરીરાદિ પરદ્રવ્યથી આત્મામાં વિકાર થાય છે એ માન્યતા જૂઠી છે. નિમિત્ત પરવસ્તુ છે ખરી, પણ એના કારણે વિકાર થતો નથી. આત્મા પોતે જેવા ભાવ કરે એવો નિમિત્તમાં આરોપ આવે છે. આત્મા પોતે પોતાના ભાવ બગાડે તો બગડવામાં નિમિત્ત કહેવાય અને પોતે ભાવ સુધારે તો સુધરવામાં નિમિત્ત કહેવાય છે. વ્યવહારનયથી પરદ્રવ્યને કારણ કહેલ છે છતાં અજ્ઞાની નિશ્ચય કારણ માનીને પરદ્રવ્યના કારણે વિકાર થાય છે -એમ માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

નિમિત્ત વિના પણ ભાવ થાય છે. જુઓ, કોઈ તીર્થંકરનો જીવ ત્રીજી નરકમાંથી નીકળે છે ત્યારે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ છે અને મનુષ્યમાં તેમને ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે ત્યારે કોઈ નિમિત્ત હોતું નથી. નિમિત્ત વિના ક્ષાયિક સમ્યગ્દર્શન થાય છે. વળી કોઈ જીવ પોતે શ્રુતકેવળી હોય છે તો તેને પોતાના કારણે ક્ષાયિક સમ્યગ્દર્શન થાય છે. કોઈ કેવળી કે શ્રુતકેવળીનું નિમિત્ત હોતું પણ નથી. માટે

નિમિત્ત વિના પણ ભાવ સુધરે છે કે બગડે છે. માટે નિયમરૂપ નિમિત્ત પણ નથી. પરદ્રવ્યનો ગુણ-દોષ દેખવો તે મિથ્યા ભાવ છે. રાગદ્વેષ બૂરા છે, કોઈ પરદ્રવ્ય બૂરું નથી -એવી મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગીને સમજાણ નથી.

દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિ તો પરદ્રવ્યના દોષ જોઈને તેના ઉપર દ્વેષરૂપ ઉદાસીનતા કરે છે. એને સાચી ઉદાસીનતા થતી નથી - પરદ્રવ્યો દોષનું કારણ નથી. પૂજા ભણે છે એમાં પણ આવે છે કે **''कर्म बिचारे कौन भूल मेरी अधिकाई''** છતાં એનો વિચાર પણ કરતાં નથી. અજ્ઞાનીની ઉદાસીનતામાં એકલો શોક જ હોય છે, એક પદાર્થની પર્યાયમાં બીજા પદાર્થની પર્યાય અકિંચિત્કર છે તેની એને ખબર નથી તેથી પરદ્રવ્યની પર્યાયને બૂરી જાણી દ્વેષપૂર્વક ઉદાસીનભાવ કરે છે, પણ પરદ્રવ્યના ગુણ-દોષ ન ભાસે એ જ ખરી ઉદાસીનતા છે. એટલે કે પરદ્રવ્ય ગુણનું કે દોષનું કારણ છે એમ જ્ઞાની ન માને. પોતાને પોતારૂપ જાણે અને પરને પરરૂપ જાણે તે જ સાચી ઉદાસીનતા છે.

## ચૈત્ર વદ ૫, શનિવાર, ૪-૪-૫૩.

આત્મા જ્ઞાતાસ્વરૂપ છે એની ખબર નથી અને પરદ્રવ્યને લાભ-નુકસાનનું કારણ માને છે તે વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિની વાત ચાલે છે. પરપદાર્થ સુખદુઃખનું કારણ નથી. આકુળતાના પરિણામ દુઃખનું કારણ છે. પરદ્રવ્યને પરરૂપ જાણે અને આત્મા જ્ઞાતા છે, પરનો કર્તા નથી -એમ જાણી આત્માની રુચિ કરે તે લાભનું કારણ છે એટલે કે સ્વભાવ લાભનું કારણ છે અને વિકાર નુકસાનનું કારણ છે એમ માનવું તે સમ્યક્ત્વ છે.

અજ્ઞાનીને સાચી ઉદાસીનતા હોતી નથી. પરદ્રવ્યના ગુણદોષ ન ભાસે તો સાચી ઉદાસીનતા થાય. પરદ્રવ્યના દોષને અને ગુણને તો બરાબર જાણે છે પણ પરદ્રવ્ય મને હિતકર છે કે અહિતકર છે એમ માને નહિ તેનું નામ પરદ્રવ્યના ગુણદોષ ન ભાસે એમ સમજવું. શુભાશુભ ભાવ નુકસાનકારક છે અને ત્રિકાળી સ્વભાવ લાભદાયક છે -એ સિવાય જગતનો કોઈ પણ પદાર્થ આત્માને લાભ-નુકસાનનું કારણ નથી એમ સમજવું તે સાચી ઉદાસીનતા છે.

આત્માને કોઈ પર ચીજ પરિણામ બગાડવામાં સમર્થ નથી. ભગવાનના કારણે ગુણ થતો નથી. આધાકર્મી આહાર આવ્યો માટે પરિણામ બગડ્યા -એમ નથી. આત્મા પોતે પરિણામ બગાડે તો તેને નિમિત્ત કહેવાય અને પોતે પરિણામ સુધારે તો ભગવાનને નિમિત્ત કહેવાય. દુશ્મન આવ્યો માટે દ્વેષ થયો -એમ નથી, શરીરમાં તાવ આવ્યો માટે દુઃખ થયું -એમ નથી. એના કારણે આર્તધ્યાન થયું એમ માનવું તે મિથ્યાત્વ છે. શરીરમાં નીરોગતા હોય તો ધ્યાન કરી શકું, ગિરિગુફામાં ધ્યાન સારું થાય એ માન્યતા જૂઠ છે. એણે પરપદાર્થને ભલો-બૂરો માન્યો. આત્માનો અનુભવ કરવો તે ગિરિગુફા છે, પરક્ષેત્ર આત્માને ગુણક નથી. પરદ્રવ્યના કારણે આત્મામાં શાંતિ રહે એમ માનવું તે મૂઢતા છે. અંતર આત્મામાં ડૂબી જવું તે ધ્યાન છે. બહારના કારણે ધ્યાન અને શાંતિ નથી. સોનગઢ ક્ષેત્રના



વાતાવરણથી આત્મામાં શાંતિ થાય છે તે વાત પણ ખોટી છે.

પરપદાર્થ તો પર છે, સ્વમાં પરનો અભાવ છે માટે પરને ભલા-બૂરા ન માને, જ્ઞાની સુદેવાદિને હિતકારી ન માને અને કુદેવાદિને અહિતકારી ન માને. આધાકર્મી આહારથી આત્મામાં દોષ થાય છે -એમ મુનિ માનતા નથી પણ પોતાને આધાકર્મી આહાર લેવાનો વિકલ્પ આવે તેને દોષ માને છે. મુનિ આધાકર્મી આહાર લેતા નથી એ તો વ્યવહારનું કથન છે. ખરેખર તો એવો વિકલ્પ મુનિને હોતો નથી. આગમવિધિ પ્રમાણે શુદ્ધ આહાર-પાણી લેવાનો વિકલ્પ હોય છે પણ પોતા માટે આ આહાર-પાણી થયા છે એમ ખ્યાલમાં આવે છતાં તે લેવાનો વિકલ્પ કરે તો તે મહાપાપી છે. એનો તો વ્યવહાર પણ સાચો નથી. અહીં તો કહે છે કે બહારમાં શુદ્ધ ક્રિયા હોવા છતાં તે પરદ્રવ્ય પોતાને લાભનું કારણ છે એમ જે માને છે તે મિથ્યાદષ્ટિ છે. જ્ઞાની તો તેને જાણે છે પણ એનાથી લાભ-નુકસાન માનતો નથી. પર સાથે મારે કાંઈ પણ પ્રયોજન નથી, હું તો જ્ઞાયક છું અને પરપદાર્થ તો જ્ઞેય છે એમ તે માને છે.

નિર્દોષ આહારપાણી હોય કે આધાકર્મી હોય, તે બધું જ્ઞાતાનું જ્ઞેય છે, એમ જ્ઞાની સાક્ષીભૂત રહે છે. પરથી આત્માના પ્રયોજનની સિદ્ધિ નથી, પ્રયોજન તો આત્માથી સિદ્ધ થાય છે. એવી ઉદાસીનતા અજ્ઞાનીને હોતી નથી, જ્ઞાનીને જ હોય છે. માત્ર ઉદાસીન આશ્રમમાં બહારથી બેસી જવું તે કાંઈ સાચી ઉદાસીનતા નથી. ત્રણ લોકના નાથ ભગવાન પણ મારા જ્ઞાનનું જ્ઞેય છે અને કુદેવાદિ હોય તો તે પણ મારું જ્ઞેય છે. પર સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે પણ કર્તા-કર્મ સંબંધ નથી -એમ જ્ઞાની જાણે છે.

વળી દ્રવ્યલિંગી ઉદાસીન થઈ શાસ્ત્રમાં કહેલા અણુવ્રત-મહાવ્રતરૂપ વ્યવહાર ચારિત્રને અંગીકાર કરે છે, એકદેશ અથવા સર્વદેશ હિંસાદિ પાપોને છોડે છે અને તેની જગ્યાએ અહિંસાદિ પુણ્યરૂપ કાર્યોમાં પ્રવર્તે છે. હું પરની હિંસા કરી શકું છું કે પરની દયા પાળી શકું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. બચાવવાનો ભાવ થયો માટે જીવ બચી ગયો -એમ નથી. આત્માની ઈચ્છાના કારણે પોતાના શરીરની ક્રિયા થતી નથી તો પછી તેના કારણે પર જીવ બચી જાય એમ ત્રણ કાળમાં બનતું નથી. શરીરમાં શરીરના કારણે ક્રમબદ્ધ ક્રિયા થાય છે અને જીવ બચવાની ક્રિયા પણ ક્રમબદ્ધ એના કાળે એના કારણે થવાની હતી તે થઈ છે. મારા કારણે એ ક્રિયા થઈ એમ માની અજ્ઞાની અહંબુદ્ધિ કરે છે, તે મિથ્યા માન્યતા છે.

મુનિના શરીરના નિમિત્તે કદાચ પગ નીચે કોઈ જીવ મરી જાય પણ મુનિને પ્રમાદ નથી એટલે દોષ લાગતો નથી. શરીરના નિમિત્તે પર જીવ બચે કે મરે એ આત્માના અધિકારની વાત નથી. મોરપીંછી મેં ઊંચી કરી અને એ ક્રિયાથી જીવ બચ્યો એ માન્યતા વિષ્ણુને જગતનો કર્તા માનનારના જેવી છે. મિથ્યાદષ્ટિને ખબર નથી કે હાથના કારણે મોરપીંછી ઊંચી થતી નથી અને પીંછી ઊંચી થઈ માટે

જીવ બચ્યો છે -એમ પણ નથી. હાથની ક્રિયા તથા પીંછીની ક્રિયા પોતાના કારણે થઈ છે છતાં અજ્ઞાની જડની અવસ્થાનું અભિમાન કરે છે.

મારી ઈચ્છાના કારણે રૂપિયા રહ્યા છે તેથી હું પરિગ્રહધારી છું એ માન્યતા જેમ પર્યાયાશ્રિત અહંબુદ્ધિ છે તેમ મેં પરિગ્રહને છોડ્યો તે પણ પર્યાયાશ્રિત અહંબુદ્ધિ છે. હું નગ્ન પરિગ્રહ રહિત છું, મેં પરિગ્રહને છોડ્યો એ માન્યતા ભ્રમ છે. ભાષા આત્મા તો બોલતો નથી પણ હોઠના કારણે પણ ભાષા થતી નથી. કેમ કે ભાષા તો ભાષાવર્ગણામાંથી થાય છે અને હોઠ તો આહારવર્ગણાથી બનેલ છે. બન્ને વર્ગણા જુદી છે. માટે ભાષાનો કર્તા આત્મા નથી, ઈચ્છાના કારણે ભાષા નથી. આ વાત સમજ્યા વિના ધર્મ થાય એમ નથી.

આત્મા ખરેખર રાગને પણ છોડતો નથી તો આત્મા પરિગ્રહને છોડે એ માન્યતા ભ્રમરૂપ છે. શ્રી સમયસારમાં પણ એ જ કહ્યું છે કે :

**ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसातताः ।**
**सामान्यजनवत्तेषां न मोक्षोऽपि मुमुक्षुताम् ॥**

**અર્થ** : જે જીવ મિથ્યા અંધકારથી વ્યાપ્ત બની પોતાને પર્યાયાશ્રિત ક્રિયાનો કર્તા માને છે તે જીવ મોક્ષાભિલાષી હોવા છતાં જેમ અન્યમતી સામાન્ય મનુષ્યોનો મોક્ષ થતો નથી તેમ તેનો પણ મોક્ષ થતો નથી કારણ કે કર્તાપણાની અપેક્ષાએ બન્ને સરખા છે. જગતમાં જે પદાર્થ છે એનો કર્તા કોઈ નથી, અને જે પદાર્થ નથી એનો પણ કર્તા નથી. જે પદાર્થ છે એની પર્યાય નવી થાય છે એનો કર્તા બીજો કોઈ પણ પદાર્થ નથી. બીજો પદાર્થ એનો કર્તા હોય તો તે પદાર્થની અસ્તિ રહેતી નથી. માટે જે કોઈ શરીરાદિ પરદ્રવ્યનો કર્તા થાય છે તે જગત્કર્તા ઈશ્વરની માન્યતાવાળા જેવો થયો. મુનિ કે શ્રાવક નામ ધરાવીને માને કે મારી ઈચ્છાથી હાથ ચાલ્યો, તો અન્યમતીની જેમ તેનો પણ મોક્ષ થતો નથી.

કોઈ પરદ્રવ્યની પર્યાયનો હું કર્તા નથી, એના કારણે સ્વતંત્રપણે ક્રમબદ્ધ સર્વ પદાર્થની ક્રિયા થાય છે એમ માને તો સમ્યક્ નિયતવાદ થાય અને આત્મામાં સમ્યગ્દર્શન થાય એ સાર છે. પણ અજ્ઞાની બાહ્યક્રિયામાં મગ્ન છે, તે પરમાં અહંબુદ્ધિ કરે છે. પોતે શ્રાવકધર્મ અથવા મુનિધર્મની ક્રિયામાં નિરંતર મન-વચન-કાયાની પ્રવૃત્તિ રાખે છે. જેમ તે ક્રિયામાં ભંગ ન થાય તેમ પ્રવર્તે છે. પણ એવા ભાવ તો સરાગ છે અને ચારિત્ર તો વીતરાગ ભાવરૂપ છે. માટે એવા સાધનને મોક્ષમાર્ગ માનવો તે મિથ્યા બુદ્ધિ છે.

**પ્રશ્ન** : ત્યારે સરાગ અને વીતરાગ ભેદથી બે પ્રકારે ચારિત્ર કહ્યું છે તે કેવી રીતે છે ?

**ઉત્તર** : જેમ ચાવલ બે પ્રકારે છે. એક તો ફોતરાં સહિત અને બીજા ફોતરાં રહિત છે. હવે



ત્યાં એમ જાણવું કે ફોતરાં છે તે ચાવલનું સ્વરૂપ નથી, પણ ચાવલમાં દોષ છે. હવે કોઈ ડાહ્યો માણસ ફોતરાં સહિત ચાવલનો સંગ્રહ કરતો હતો તેને જોઈને કોઈ ભોળો મનુષ્ય ફોતરાંને જ ચાવલ માની સંગ્રહ કરે તો તે નિરર્થક ખેદખિન્ન જ થાય તેમ ચારિત્ર બે પ્રકારથી છે. એક તો સરાગ તથા એક વીતરાગ છે. ત્યાં એમ સમજવું કે રાગ છે તે ચારિત્રનું સ્વરૂપ નથી. પંચ મહાવ્રત ચારિત્ર નથી. બહારથી નગ્નદશા તે ચારિત્ર નથી. અજ્ઞાની લંગોટી છોડીને છઠ્ઠું ગુણસ્થાન થયું માને છે દ્રપણ એમ નથી. આત્માનું ચારિત્ર પરમાં તો હોય નહિ પણ નગ્નદશાનો ભાવ પણ ચારિત્ર નથી, તે તો ચારિત્રમાં દોષ છે.

હવે કોઈ જ્ઞાની પ્રશસ્ત રાગ સહિત ચારિત્ર ધારે છે, તેને દેખી કોઈ અજ્ઞાની પ્રશસ્ત રાગને જ ચારિત્ર માની સંગ્રહ કરે તો તે નિરર્થક ખેદખિન્ન જ થાય. દેખાદેખીથી વ્રત લઈ લે તો તે કાંઈ ચારિત્ર નથી. જ્ઞાની તો જેટલો વીતરાગ ભાવ થયો છે એને જ ચારિત્ર માને છે. અજ્ઞાની વ્રતને ચારિત્ર માને છે પણ તે ખરેખર ચારિત્ર નથી.

## ચૈત્ર વદ ૬, રવિવાર, ૫-૪-૫૩.

કેટલાક જીવો તત્ત્વજ્ઞાન વિના બહારથી આચરણ કરે છે પણ તે આચરણ બધું ખોટું છે, એને કાંઈ લાભ નથી. જ્ઞાનીને મંદ કષાયરૂપ આચરણ હોય છે, મુનિને મહાવ્રતાદિ હોય છે એને દેખીને અજ્ઞાની મંદ કષાયરૂપ આચરણમાં જ ધર્મ માનીને તેના જેવું આચરણ કરે છે પણ તે મિથ્યા છે, તેનાથી તેને શાંતિ મળતી નથી.

હવે પ્રશ્ન કરે છે કે : પાપક્રિયા કરતાં તો તીવ્ર કષાય થાય છે અને શુભ ક્રિયામાં મંદ કષાય થાય છે માટે જેટલો રાગ ઘટ્યો એટલું તો ચારિત્ર કહો ! અને એ પ્રમાણે તેને સરાગ ચારિત્ર સંભવે છે.

**સમાધાન** : જો તત્ત્વજ્ઞાનપૂર્વક એ પ્રમાણે હોય તો તો જેમ કહો છો એમ જ છે. પણ તત્ત્વજ્ઞાન તો થયું નથી, પરની દયા પાળી શકતો નથી, પરથી હું ભિન્ન છું, રાગ મારો સ્વભાવ નથી એની તો ખબર નથી તેને ચારિત્ર હોતું નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ છે એની ખબર નથી એવા જીવને તત્ત્વજ્ઞાન નથી તેથી પંચ મહાવ્રતાદિ મંદ કષાયરૂપ આચરણ છે તે ચારિત્ર નથી.

સાત તત્ત્વનું ભાવભાસન થવું તે સમ્યગ્દર્શન છે. રાગ રહિત નિર્વિકલ્પ સાત તત્ત્વના ભાવનું ભાસન થવું જોઈએ. મંદ કષાયરૂપ શુભ ભાવ છે તે ઝેર છે કેમ કે આત્માના અમૃતમય સ્વાદને તે લૂંટનાર છે. આત્મા સહજાનંદ સ્વરૂપ છે. આનંદથી વિપરીત અવસ્થા ઝેરરૂપ છે એવું ભાન જેને વર્તે છે તેવા જીવને અણુવ્રત-મહાવ્રતાદિનો શુભ ભાવ હોય તેને વ્યવહારે ચારિત્ર કહેવાય છે. સ્વભાવના આશ્રયે રાગ ઘટ્યો છે એટલું તો ચારિત્ર છે અને જે રાગ રહ્યો છે તે દોષ છે એમ જ્ઞાની જાણે છે.

અજ્ઞાની સાત તત્ત્વના સ્વરૂપને જાણતો નથી, માત્ર સાત તત્ત્વની ધારણા કરે છે તે પોપટની જેમ મુખપાઠી છે. પોપટ રામ બોલે પણ રામ કોણ છે એની એને ખબર નથી. આત્મામાં રમણ કરે તે રામ છે. જ્ઞાનીને સાત તત્ત્વનું ભાવભાસન છે. સાતે તત્ત્વ ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે. જ્ઞાનના બળથી સાત તત્ત્વનો નિર્ણય કર્યો છે તે સમ્યગ્દર્શન છે. તત્ત્વજ્ઞાન વિના આચરણ કરે છે તેને મંદ કષાયથી લાભ થાય છે એ વાસના છૂટતી નથી. રાગ ભાવ કરવાનો અભિપ્રાય અજ્ઞાનીને મટતો નથી. વ્યવહારમાં લાગ્યા રહો તો નિશ્ચય પ્રગટ થઈ જશે એવી અંતરમાં વાસના રહે છે તે વાત હવે કહે છે.

## દ્રવ્યલિંગીના અભિપ્રાયનું અયથાર્થપણું

દ્રવ્યલિંગી મુનિ રાજ્યાદિક છોડી નિર્ગ્રંથ થાય છે. હજારો રાણી છોડીને ત્યાગી થાય છે. અઠ્ઠાવીસ મૂળગુણોને પાળે છે. પોતાના માટે આહારપાણી બનાવેલા હોય તો લે નહિ, ઉગ્ર તપશ્ચર્યા કરે છે. અત્યારે તો આહારપાણી એને માટે બને છે અને લે છે, એને તો દ્રવ્યલિંગના પણ ઠેકાણાં નથી. જુઓ, અહીં કોઈ વ્યક્તિની વાત નથી. શાસ્ત્ર કહે છે એવો વ્યવહાર પણ હોય નહિ અને અમે વ્યવહાર પાળીએ છીએ -એમ માને છે, તે તો સ્થૂલ મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો અઠ્ઠાવીસ મૂળગુણ બરાબર પાળે છે તેની વાત છે. પણ તે મંદ કષાયથી આત્માનું કલ્યાણ થઈ જશે એવી ઊંડી વાસના તેને હોય છે, એ અભિપ્રાય એને છૂટતો નથી.

જૈનમાર્ગમાં પ્રતિજ્ઞા ન લે એનો દંડ નથી પણ પ્રતિજ્ઞા લઈને ભંગ કરવી એ તો મહાપાપ છે. છ છ મહિનાના ઉપવાસ દ્રવ્યલિંગી કરે છે, ક્ષુધાદિ બાવીસ પરિષહ સહન કરે છે, શરીરના ખંડખંડ ટુકડા કરે પણ કષાય કરે નહિ પણ કષાયની મંદતા એ શાંતિનું કારણ છે એવી વાસના તેને છૂટતી નથી. પરિષહ વખતે માને છે કે મને પાપનો ઉદય છે તેથી આ પ્રતિકૂળ સંયોગો મળ્યા છે એમ કોમળતા કરે છે પણ એ કોમળતામાં જ ધર્મ માને છે. વ્રતભંગના અનેક કારણો મળે પણ દૃઢ રહે છે. બીજા દેવલોકની ઈંદ્રાણી ચળાવવા આવે તો પણ બ્રહ્મચર્યમાંથી ચળે નહિ, કોઈથી ક્રોધ કરે નહિ, મારા કર્મના ઉદયે આ થયું છે એમ માની ક્રોધ કરે નહિ, મંદ કષાયનું અભિમાન નહિ, કપટથી સાધન કરે નહિ તથા એ સાધનો વડે આલોક-પરલોકના વિષયસુખને તે ઈચ્છતો પણ નથી. એવી દ્રવ્યલિંગીની દશા હોય છે. જો એવી દશા થઈ ન હોય તો નવમી ગ્રૈવેયક સુધી કેવી રીતે પહોંચે? છતાં તેને શાસ્ત્રમાં મિથ્યાદૃષ્ટિ-અસંયમી જ કહ્યો છે કેમ કે એને તત્ત્વનું સાચું શ્રદ્ધાન જ નથી. તત્ત્વજ્ઞાનપૂર્વક જે શ્રદ્ધાન થવું જોઈએ તે એને નથી. સાત તત્ત્વને ભિન્ન ભિન્ન ન જાણતાં એકનો અંશ બીજામાં મેળવે છે. પૂર્વે વર્ણન કર્યું છે તેવું તેને તત્ત્વોનું શ્રદ્ધાન-જ્ઞાન થયું છે અને એ જ અભિપ્રાયથી તે સર્વ સાધન કરે છે. હવે એ સાધનોના અભિપ્રાયની પરંપરાને વિચારીએ તો તેને કષાયોનો અભિપ્રાય આવે છે, જ્ઞાનીને પરદ્રવ્યની ક્રિયા કરવાની વાત તો છે જ નહિ પણ પોતાની પર્યાયમાં અશુભનો શુભ કરવાનો પણ તેને અભિપ્રાય નથી. આત્મા જ્ઞાતાપણે રહે તે જ અભિપ્રાય છે. એવા નિર્ણય



વિના જે કાંઈ સાધન દ્રવ્યલિંગી કરે છે તેમાં એકલું કષાયનું જ પોષણ છે.

દ્રવ્યલિંગી મુનિની બાહ્યક્રિયા એવી હોય છે કે જગતને તો એમ લાગે કે આ તો તારણહાર છે. હિન્દુસ્તાન એ રીતે ત્યાગના નામથી ઠગાણો છે પણ તત્ત્વજ્ઞાન શું ચીજ છે એની ખબર નથી. તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન કહેલ છે એટલે ઠેકાણે ઠેકાણે તત્ત્વનું જ્ઞાન દ્રવ્યલિંગીને નથી દ્રએમ કહ્યું છે.

દ્રવ્યલિંગી પાપના કારણને હેય જાણી છોડે છે પરંતુ પુણ્યના કારણ પ્રશસ્ત રાગને ઉપાદેય માન છે તથા તેને વધવાનો ઉપાય પણ કરે છે. હવે પ્રશસ્તરાગ પણ કષાય જ છે. જેણે કષાયને ઉપાદેય માન્યો તેને કષાય કરવાનું જ શ્રદ્ધાન થયું. શુભરાગ વધારવામાં જ તે રોકાય છે. અહીં તે જેનો વ્યવહાર સાચો છે છતાં એનાથી ધર્મ માને છે તે સૂક્ષ્મ મિથ્યાદૃષ્ટિની વાત કરી છે. જે જીવો અન્યમતીની સાથે જૈનમતને મેળવે છે એ તો જૈનધર્મને વ્યવહારે પણ માનતા નથી. રેશમી કપડા સાથે ટાઢને મેળવે એવું એ છે અને દેખતાની સાથે આંધળો હોડ કરે એના જેવી વાત છે. સર્વજ્ઞના માર્ગની સાથે કોઈ પણ ધર્મનો સમન્વય છે જ નહિ. જૈન તો સ્વતંત્ર વસ્તુસ્વભાવને કહેનાર છે. ''એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.''

દ્રવ્યલિંગીનો અભિપ્રાય અપ્રશસ્ત દ્રવ્યોથી દ્વેષ કરી પ્રશસ્ત દ્રવ્યોમાં રાગ કરવાનો છે પણ પરદ્રવ્યોમાં સામ્યભાવરૂપ અભિપ્રાય તેને હોતો નથી. શ્રીમદ્ રાજચંદ્રે અપૂર્વ અવસરમાં કહ્યું છે કે :-

**બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ, વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;**
**દેહ જાય પણ માયા થાય ન રોમમાં, લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.**

**....અપૂર્વ અવસર**

જ્ઞાની કોઈ પણ પરપદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માને નહિ, ચક્રવર્તી વંદન કરે પણ અંતરમાં માન થાય નહિ. એવા તત્ત્વજ્ઞાનપૂર્વક જ્ઞાનીને સામ્યભાવ હોય છે. અજ્ઞાનીને સામ્યભાવ હોતો નથી.

**પ્રશ્ન** : તો સમ્યગ્દૃષ્ટિ પણ પ્રશસ્ત રાગનો ઉપાય રાખે છે !

**ઉત્તર** : જેમ કોઈને ઘણો દંડ થતો હતો તે હવે થોડો દંડ આપવાનો ઉપાય રાખે છે તથા થોડો દંડ આપીને હર્ષ પણ માને છે. પરંતુ શ્રદ્ધાનમાં તો દંડ આપવો અનિષ્ટ જ માને છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પણ મંદ કષાયનો ઉપાય રાખે છે, તે ઉપદેશનું કથન છે, સિદ્ધાંત એમ નથી. જેને સ્વભાવદૃષ્ટિ થઈ છે તેને મંદ કષાય સહજ હોય છે. સમ્યગ્દૃષ્ટિને પાપરૂપ ઘણો કષાય થતો હતો તે હવે પુણ્યરૂપ થોડો કષાય કરવાનો ઉપાય રાખે છે એમ કહેલ છે તથા થોડો કષાય થતાં હર્ષ પણ માને છે પરંતુ શ્રદ્ધાનમાં તો કષાયને હેયરૂપ જ માને છે.

અહીં તો અઠ્ઠાવીસ મૂળગુણ ચોખ્ખા પાળે એને દ્રવ્યલિંગી કહેલ છે. વસ્ત્ર-પાત્ર રાખે અને મુનિપણું

મનાવે એ તો દ્રવ્યલિંગી નથી જ પણ નગ્ન થઈને પણ અઠ્ઠાવીસ મૂળગુણ યથાર્થ ન પાળે તો તે પણ દ્રવ્યલિંગી નથી. દ્રવ્યલિંગી તો વ્યવહાર બરાબર પાળે છે, તેને મોક્ષનું કારણ જાણી પ્રશસ્ત રાગનો ઉપાય રાખે છે, અને ઉપાય બની આવતા હર્ષ પણ માને છે. એ પ્રમાણે પ્રશસ્ત રાગના ઉપાયમાં અથવા તેના હર્ષમાં સમાનતા હોવા છતાં પણ સમ્યગ્દષ્ટિને તો તે દંડ સમાન છે અને મિથ્યાદષ્ટિને વ્યાપાર સમાન શ્રદ્ધાન છે. જુઓ, અહીં પંડિતજીએ ઘરની વાત કરી નથી, યથાર્થ વાત કહી છે. કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષબુદ્ધિ નથી. પાપી પ્રત્યે દ્વેષ ન હોય પણ પાપ કેવું હોય તેનું વર્ણન જ્ઞાની કરે છે. સમ્યગ્દષ્ટિ અઠ્ઠાવીસ મૂળગુણના રાગને દંડ માને છે, અજ્ઞાની એને લાભ માને છે, તેથી અભિપ્રાયમાં પૂર્વ-પશ્ચિમ જેટલો ફેર છે.

વળી દ્રવ્યલિંગી પરિષહ તપશ્ચરણાદિના નિમિત્તથી દુઃખ થાય છે તેનો ઈલાજ તો કરતો નથી. હવે દુઃખ વેદવું એ કષાય જ છે. જ્યાં વીતરાગતા હોય છે ત્યાં તો જેમ અન્ય જ્ઞેયને જાણે છે તે જ પ્રમાણે દુઃખના કારણ જ્ઞેયને પણ જાણે છે. એવી દશા તો તેને થઈ નથી. જ્ઞાનીને પરિષહ આવ્યો હોય તે દેખીને તે દુઃખી છે એમ જે માને તે મિથ્યાદષ્ટિ છે. મુનિ પરિષહ વખતે પણ અંતર્શાંતિમાં રમતા હોય છે. મનથી છૂટીને અંતરમાં લીન થયા હોય છે -એવી મુનિદશા હોય છે.

મિથ્યાદષ્ટિને એવી અંતર્શાંતિ-નિર્વિકલ્પ દશા કદી હોતી નથી. ઈષ્ટ-અનિષ્ટ સામગ્રી ઉપર જેની દષ્ટિ છે તેને તો આર્તધ્યાન હોય છે, તેથી તેને મંદ કષાય પણ હોતો નથી. વીતરાગ ભાવ હોય તો તે જેમ બીજા જ્ઞેયને જાણે છે તેમ પરિષહનો પણ જ્ઞાતા રહે પણ એવી દશા દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિને હોતી નથી.

અજ્ઞાની માને છે કે મેં પરવશપણે નરકાદિ ગતિમાં ઘણા દુઃખ સહ્યાં છે, આ પરિષહાદિનું દુઃખ તો થોડું છે, તેને જો સ્વવશપણે સહન કરવામાં આવે તો સ્વર્ગ-મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. પરિષહ સહન કરીએ નહિ અને વિષયસુખ ભોગવીએ તો ઘણું દુઃખ થશે. પરિષહમાં દુઃખ માન્યું એણે તો પરદ્રવ્યને દુઃખનું કારણ માન્યું તેથી તેને પરિષહમાં અનિષ્ટબુદ્ધિ થયા વિના રહે નહિ. પરિષહ તો જ્ઞાનનું જ્ઞેય છે, તે ઈષ્ટ-અનિષ્ટ નથી. છતાં તેમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ કરવી તે કષાય જ છે.

**ચૈત્ર વદ ૭, સોમવાર, ૬-૪-૫૩.**

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપી છે તેની જેને રુચિ નથી અને રાગની મંદતાથી લાભ માને છે તે વ્યવહારાભાસ મિથ્યાદષ્ટિ છે. હું ભાષાને બોલી શકું છું, હું પરની દયા પાળી શકું છું એવી જેની માન્યતા છે તેને દરેક દ્રવ્યની ક્રમબદ્ધપર્યાય થાય છે એવી પ્રતીતિ નથી. તે જીવ એમ માને છે કે મેં પરવશપણે નરકના દુઃખો અનંતવાર સહન કર્યા છે. એવા ભયથી તે વિષયાદિ છોડે છે. તે મંદ કષાય કરે છે પણ તેનાથી ધર્મ માને છે તેથી તે મિથ્યાદષ્ટિ છે.



વળી દ્રવ્યલિંગીને એવો વિચાર હોય છે કે જે કર્મ બાંધ્યા છે તે ભોગવ્યા વિના છૂટતા નથી, તે કર્મ અને આત્માને ભિન્ન માનતો નથી. કર્મનું ફળ આત્મામાં માને છે અને આત્મા કર્મને ભોગવે છે એમ તે માને છે. કર્મને ભોગવ્યા વિના છૂટકો નથી માટે મારે સહન કરવું જોઈએ એવા વિચારથી કર્મફળચેતનારૂપ પ્રવર્તે છે. શ્રેણિક રાજાને પણ કર્મના કારણે નરકમાં જવું પડ્યું, તેઓ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હતા, તેમને નરકમાં જવાનો ભાવ ન હતો છતાં કર્મના કારણે જવું પડ્યું એમ તે માને છે. પણ ખરેખર તો તે પોતાની યોગ્યતાના કારણે નરકમાં ગયા છે પણ આયુષ્યકર્મના કારણે ગયા નથી. આત્મા કર્મને ભોગવે છે એમ માનીને હરખ-શોકમાં અજ્ઞાની એકાકાર થાય છે. આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે, એમાં તો શાંતિ ભરેલી છે એની જેને દષ્ટિ નથી તે કર્મફળચેતનારૂપ પરિણમે છે.

વળી તે ઉપવાસ કરીને શરીરને જીર્ણ કરે છે અને એને આત્માની અવસ્થા માને છે. અજ્ઞાની જીવની દષ્ટિ જડની પર્યાય ઉપર છે. આત્મામાં કષાયની મંદતા થઈ માટે શરીરની અવસ્થા જીર્ણ થઈ છે -એમ પણ નથી. પોતાની અને શરીરાદિની અવસ્થા ભિન્ન છે તેને તે ઓળખતો નથી. આત્મા જ્ઞાતા છે અને શરીરની અવસ્થા એના કારણે થાય છે તેને તે જાણતો નથી. એ જ પ્રમાણે નાના પ્રકારના વ્યવહારરૂપ વિચારોથી પરિષહાદિક સહન કરે છે.

વળી તે રાજ્યાદિક વિષય સામગ્રીનો ત્યાગ કરે છે. સારા મિષ્ટાન્ન વગેરેનો પણ ત્યાગ કરે છે પણ તે તો જેમ કોઈ દાહજ્વરવાળો વાયુ થવાના ભયથી શીતળ વસ્તુના સેવનનો ત્યાગ કરે છે તેના જેવું થયું. પણ જ્યાં સુધી તેને શીતળ વસ્તુનું સેવન રુચે છે ત્યાં સુધી તેને દાહનો અભાવ કહેતા નથી. તેવી રીતે રાગસહિત જીવ નરકાદિના ભયથી વિષયસેવનનો ત્યાગ કરે છે પરંતુ જ્યાં સુધી તેને વિષયસેવન રુચે છે ત્યાં સુધી તેને રાગનો અભાવ કહેતા નથી. અંતરમાં વિષયની પ્રીતિ એને છૂટતી નથી. આત્માના આનંદની રુચિ થાય તો વિષયની રુચિ છૂટ્યા વિના રહે નહિ.

બહારમાં ત્યાગ કર્યો છે પણ અંતરમાં વિષયની મીઠાશ છૂટી નથી, માટે તેને રાગનો અભાવ થયો નથી. જેમ અમૃતના આસ્વાદી દેવને અન્ય ભોજન સ્વયં રુચતા નથી તેવી રીતે આત્માના આસ્વાદી જ્ઞાનીને વિષય સેવનની રુચિ થતી નથી. સ્વર્ગના દેવ મિઠાઈ આદિ ભોજન ખાતા નથી તેવી રીતે આત્માના આનંદનો રસ ધર્મીને હોય છે. તેથી તેને ખરેખર વિષય સેવનની રુચિ થતી નથી. એ પ્રમાણે ફળાદિની અપેક્ષાએ પરિષહ સહનાદિકને તે સુખના કારણ જાણે છે તથા વિષય સેવનાદિને દુઃખના કારણ જાણે છે પણ પરદ્રવ્ય સુખદુઃખનું કારણ નથી પણ જ્ઞાતાનું જ્ઞેય છે એમ તે માનતો નથી. વિષય સેવન છોડવાથી દુઃખ છૂટે છે -એમ નથી. દ્રવ્યલિંગી રાજ્યાદિ છોડે છે પણ તેને દુઃખનો અભાવ થતો નથી. કેમ કે જ્ઞાયકમૂર્તિ આત્મા પરથી અને રાગથી ભિન્ન અમૃતમય છે એની રુચિ નથી તેથી કષાયરૂપી દુઃખનો અભાવ તેને થયો નથી.

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ જે માનતો નથી તે જૈન નથી કેમ કે તેણે સર્વજ્ઞને

પણ માન્યા નહિ. પરદ્રવ્યની પર્યાય ફેરવી શકાય નહિ એવી બુદ્ધિ ન થાય ત્યાં સુધી પરની રુચિ છૂટે નહિ. અજ્ઞાની વર્તમાનમાં પરિષહ સહનાદિથી દુઃખ માને છે તથા વિષય સેવનાદિથી સુખ માને છે અને એના ફળમાં દુઃખ માને છે. વળી પરિષહ સહનમાં દુઃખ અને એના ફળમાં સુખ માને છે, તો જેનાથી સુખ-દુઃખ માને તેમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિથી રાગદ્વેષરૂપ અભિપ્રાયનો અભાવ થતો નથી.

યોગીન્દ્રદેવ કહે છે કે અજ્ઞાની ચાર ગતિમાં પોતાના કારણે દુઃખી થઈ રહ્યો છે. અજ્ઞાનીને પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ છે તેથી તેને ચારિત્ર હોતું નથી. દ્રવ્યલિંગી વિષય સેવન છોડી તપશ્ચરણાદિ કરે છે તો પણ તે અસંયમી છે. સિદ્ધાંતમાં અસંયત એટલે અવિરતિ સમ્યગ્દષ્ટિ અને દેશસંયત એટલે પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક કરતાં દ્રવ્યલિંગી મુનિને હલકો કહ્યો છે કેમ કે એનું પહેલું ગુણસ્થાન છે. દ્રવ્યલિંગી દિગંબર સાધુ નવ કોટિએ બ્રહ્મચર્ય પાળે, મંદ કષાય કરે પણ આત્માનું ભાન નથી તેથી તેને ચોથા-પાંચમા ગુણસ્થાનવાળા જ્ઞાની કરતાં હીન કહ્યો છે.

**પ્રશ્ન** : અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ હોય છે. જ્ઞાનીને રાજપાટ હોય, લડાઈમાં કદાચ ઊભો હોય, એવી કષાયની પ્રવૃત્તિ હોય છે અને દ્રવ્યલિંગીને એવી કષાયની પ્રવૃત્તિ દેખાતી નથી. દ્રવ્યલિંગી મુનિ ગ્રૈવેયક સુધી જાય છે અને ચોથા-પાંચમાવાળો જ્ઞાની સોળમા સ્વર્ગ સુધી જાય છે માટે તેનાથી દ્રવ્યલિંગીને હીન કેમ કહ્યો ? દ્રવ્યલિંગીને ભાવલિંગીથી હલકો કહો પણ ચોથા ગુણસ્થાનવાળા કરતાં હીન શા માટે કહો છો ?

**સમાધાન** : અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ તો છે પરંતુ શ્રદ્ધાનમાં તેને કોઈ પણ કષાય કરવાનો અભિપ્રાય નથી. પર્યાયમાં કષાય થાય છે એને તે હેય માને છે. દ્રવ્યલિંગીને તો શુભ કષાય કરવાનો અભિપ્રાય હોય છે અને શ્રદ્ધાનમાં એને ભલો પણ જાણે છે. જ્ઞાનીના અને અજ્ઞાનીના અભિપ્રાયમાં મોટો ફેર છે. અજ્ઞાની મંદ કષાયને ઉપાદેય માને છે, તેને એક પણ ભવનો નાશ થતો નથી. સમ્યગ્દષ્ટિ કષાયને હેય માને છે, તેથી તેણે અનંત ભવોનો નાશ કર્યો છે. માટે અભિપ્રાયની અપેક્ષાએ ચોથા તથા પાંચમા ગુણસ્થાનવાળા જ્ઞાની કરતાં દ્રવ્યલિંગીને હલકો કહ્યો છે. દ્રવ્યલિંગીને વૈરાગ્ય પણ ઘણો હોય છે પણ અભ્યંતરમાં દૃષ્ટિ કષાય ઉપર છે, અકષાય સ્વભાવની દૃષ્ટિ તેને નથી તેથી તે મંદ કષાયરૂપ પરિણામને ઉપાદેય માને છે. જ્ઞાની અને અજ્ઞાનીના અભિપ્રાયમાં ઊગમણો-આથમણો (પૂર્વ-પશ્ચિમ) ફેર છે. માટે જ્ઞાની કરતાં દ્રવ્યલિંગી મુનિને કષાય ઘણો છે -એમ કહેલ છે.

તે કષાયની મંદતાપૂર્વક યોગપ્રવૃત્તિ કરે છે. તે વડે અઘાતિમાં પુણ્યબંધ બાંધે પણ ઘાતિ કર્મનો બંધ તો એવો ને એવો પડે છે. બહારમાં સંયોગમાં ફેર પડે પણ અંતરંગ શાંતિ થતી નથી માટે એના આત્માને લાભ નથી. સત્ય વસ્તુ સમજવામાં પણ જેને ડર લાગે છે તેને સાચો અભિપ્રાય થઈ શકતો નથી. સમાજમાંથી દૂર કરશે, આહાર નહિ મળે એવો ભય જેને છે તેને સાચો અભિપ્રાય થતો નથી.



અહીં તો કહે છે કે દ્રવ્યલિંગી પંચ મહાવ્રત પાળીને અંતિમ ગ્રૈવેયક સુધી જાય અને સમ્યગ્દષ્ટિ કદાચ પહેલે દેવલોકે જાય પણ એ તો બહારના સંયોગની વાત છે. સમ્યગ્દર્શનપૂર્વક કદાચ નરકમાં જવું પણ સારું છે અને મિથ્યાત્વ સહિત અંતિમ ગ્રૈવેયકે જાય તો પણ બૂરું છે. ક્ષેત્રથી ઊંચે ગયો એ તો માખી ઊંચે ઊડે છે એના જેવું છે.

યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક ઘાતિ કર્મોનો અભાવ કરવો તે કાર્યકારી છે. અઘાતિમાં ફેર પડે એ કાંઈ કાર્યકારી નથી. આત્માના ગુણોનો ઘાત ન થાય એ લાભનું કારણ છે. અઘાતિ કર્મોનો ઉદય આત્માના ગુણોને ઘાતવામાં નિમિત્ત નથી, તે તો માત્ર બહારના સંયોગો આપે છે, માટે ઘાતિ કર્મોનો નાશ જે ભાવથી થાય તે કાર્ય કરવું સારું છે.

અત્યારે તો નિમિત્ત-ઉપાદાનની એટલી બધી સ્પષ્ટ વાત આવી છે કે પંડિતો પોતાની માન્યતાનો આગ્રહ રાખીને કુતર્ક કરીને પણ પોતાની વાત સિદ્ધ કરવા માગે છે. અષ્ટસહસ્રી આદિમાં નિમિત્તથી આત્માની પર્યાય થાય છે એમ આવે છે -એમ તેઓ કહે છે પણ તે વાત ખોટી છે. આત્માની પર્યાયમાં પોતાના કારણે હીણી દશા થાય છે એટલે કે ઘાત થાય છે ત્યારે ઘાતિ કર્મોને નિમિત્ત કહેવાય છે પણ ઘાતિ કર્મોના કારણે આત્માના ગુણોનો ઘાત થાય છે -એમ નથી. નૈમિત્તિક પર્યાય પોતાથી થાય છે ત્યારે નિમિત્તમાં આરોપ આવે છે. જો પોતાની જ્ઞાનાદિ પર્યાયમાં સર્વથા ઘાત થતો ન હોય તો તો કેવળજ્ઞાનાદિ હોય, પણ હીણી પર્યાય છે. તો એમાં કર્મ નિમિત્ત છે તે વાત યથાર્થ છે. નિમિત્ત છે ખરું પણ તે ઉપાદાનમાં પેસી જતું નથી તેમ જ તેમાં કાંઈ કાર્ય પણ કરતું નથી. આ વાતનું પ્રથમ જ્ઞાન કરવું જોઈએ.

હવે ઘાતિ કર્મોનો બંધ બાહ્ય પ્રવૃત્તિ અનુસાર નથી પણ અંતરંગ કષાય પ્રમાણે હોય છે તેથી જ દ્રવ્યલિંગીથી અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિને ઘાતિ કર્મોનો થોડો બંધ છે. મિથ્યાદષ્ટિને ઘાતિ કર્મોનો બંધ ઘણો છે. જ્ઞાનીને મિથ્યાત્વ નથી એટલો તો ઘાતિ કર્મનો બંધ નથી અને અજ્ઞાનીને ઘાતિ કર્મોનો પૂરો બંધ છે, તેથી દ્રવ્યલિંગીને હીન કહેલ છે.

### ચૈત્ર વદ ૮, મંગળવાર, ૭-૪-૫૩.

આજે સવારે સ્વાધ્યાય થઈ હતી.

### ચૈત્ર વદ ૯, બુધવાર, ૮-૪-૫૩.

જુઓ, અહીં વ્યવહારાભાસ મિથ્યાદષ્ટિનું સ્વરૂપ ચાલે છે. વ્યવહાર ક્રિયાકાંડ કરે છે પણ આત્મા કોણ છે એની જેને ખબર નથી તેવા દ્રવ્યલિંગી કરતાં અસંયત સમ્યગ્દષ્ટિ ઊંચો છે -એમ કહેલ છે. દ્રવ્યલિંગી મોક્ષમાર્ગમાં નથી અને સમ્યગ્દષ્ટિ મોક્ષમાર્ગમાં છે. દ્રવ્યલિંગી બહારમાં વ્રતાદિ પાળે છે છતાં તે બંધમાર્ગમાં છે. કારણ કે અભ્યંતરમાં મિથ્યાત્વ કષાય પડેલો છે. સમ્યગ્દષ્ટિને અભ્યંતર

મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો નાશ થયો છે.

દ્રવ્યલિંગીને સર્વઘાતિ કર્મોનો ઘણા સ્થિતિ-અનુભાગ સહિત બંધ છે કેમ કે અંતરમાં સંયોગદષ્ટિ છૂટી નથી. અને સમ્યગ્દષ્ટિને ઘાતિ કર્મોમાં દર્શનમોહનો તો બંધ નથી, અનંતાનુબંધીનો પણ બંધ નથી. કેમ કે અંતરમાં આત્માનું ભાન વર્તે છે અને પાંચમા ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાનાવરણીયનો પણ બંધ નથી. બીજો જે બંધ છે તેમાં અલ્પ સ્થિતિ અને અલ્પ અનુભાગ પડે છે. દ્રવ્યલિંગીને કદી પણ ગુણશ્રેણી નિર્જરા નથી, સમ્યગ્દષ્ટિને કોઈ વેળા ગુણશ્રેણી નિર્જરા હોય છે અને દેશ-સકલ સંયમ થતાં નિરંતર થાય છે માટે તેમને મોક્ષમાર્ગ થયો છે અને તેથી દ્રવ્યલિંગી મુનિને શાસ્ત્રમાં અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિથી હીન કહ્યો છે.

દ્રવ્યલિંગી પંચ મહાવ્રતાદિ પાળે છે પણ તેને આત્મામાં અભ્યંતર દષ્ટિ થઈ નથી તેથી તેને ગુણશ્રેણી નિર્જરા હોતી નથી. આત્માનો ગુણ અંશમાત્ર પણ પ્રગટ થયો નથી. દરેક આત્માની અને દરેક પરમાણુની પર્યાય સ્વતંત્ર થાય છે, એક સત્‌ના અંશથી બીજા સત્‌નો અંશ થાય -એમ બને નહિ, માટે નિમિત્તના કારણ નૈમિત્તિકપર્યાય થાય એમ ત્રણ કાળમાં બને નહિ. નિમિત્ત પણ તેની પોતાની અપેક્ષાએ ઉપાદાન છે, તેથી તે પોતાનું કાર્ય કરે છે. એવી દષ્ટિ થઈ નથી તેને કદી પણ ધર્મ થતો નથી. સમ્યગ્દષ્ટિ વિના ગુણશ્રેણી નિર્જરા થતી નથી. સંયોગદષ્ટિ અને સ્વભાવદષ્ટિ એ બેમાં પૂર્વ-પશ્ચિમ ફેર છે. દ્રવ્યલિંગીને સંયોગદષ્ટિ છે એટલે એને કદાપિ ધર્મ થતો નથી.

આત્મા જ્ઞાયક ચિદાનંદ છે તે કોઈ પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં હોય તો પણ સ્વતંત્ર છે એવી દષ્ટિ જેને થઈ નથી તેને કોઈ કાળમાં પણ ધર્મ થતો નથી. હું નિમિત્ત થાઉં તો બીજો ધર્મ પામે અને બીજા નિમિત્ત થાય તો મારામાં ધર્મ થાય -એ માન્યતા મિથ્યાદષ્ટિની છે.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. તેની પર્યાયમાં વ્રતાદિના શુભ ભાવ થાય છે તે તેનું ખરું સ્વરૂપ નથી, એવી દષ્ટિપૂર્વક અંતરમાં લીનતા થઈ છે તે ભાવલિંગી મુનિ છે અને તેને બહારથી દ્રવ્યલિંગ હોય છે.

જ્ઞાનની ક્રિયા આત્માની છે, રાગની ક્રિયા આત્માની નથી. રાગની ક્રિયા કરવી પડે એમ અજ્ઞાની કહે છે, તેને રાગની રુચિ છૂટી નથી. આત્માના ભાનપૂર્વક જ્ઞાનીને દયા આદિના શુભ ભાવ આવી જાય છે પણ એને કરવા પડતા નથી. દ્રવ્યલિંગીને રાગની રુચિ હોય છે તેથી સમ્યગ્જ્ઞાની કરતાં તેને શાસ્ત્રમાં નીચો કહ્યો છે. શ્રી સમયસારમાં દ્રવ્યલિંગી મુનિનું હીનપણું ગાથા, ટીકા ને કળશમાં પ્રગટ કર્યું છે, કેમ કે તે બહારની ક્રિયામાં સાવધાન રહે છે. શ્રી પંચાસ્તિકાયની ટીકામાં પણ જ્યાં કેવળ વ્યવહારાલંબીનું કથન કર્યું છે ત્યાં તે વ્યવહાર પંચાચાર પાળતો હોવા છતાં પણ તેનું હીનપણું જ પ્રગટ કર્યું છે. જેના નિમિત્તે આત્માની યથાર્થ વાત સાંભળી હોય, જેની પાસેથી ન્યાય મળ્યો હોય તેનો વિનય ન કરે તો તે નિહ્નવ છે-ચોર છે. પણ અહીં તો પંચાચારરૂપ વ્યવહારમાં વિનય પણ કરે છે છતાં આત્માનો વિનય જાણ્યો નથી તેથી તેને હીન કહ્યો છે.



શ્રી પ્રવચનસારમાં પણ દ્રવ્યલિંગીને સંસારતત્ત્વ કહ્યું છે. રાગથી ધર્મ માનવો અને પરથી લાભ-નુકસાન માનવું તે સંસારતત્ત્વ છે. ત્રસની ઉત્કૃષ્ટ બે હજાર સાગરની સ્થિતિ પૂરી કરીને તે નિગોદમાં ચાલ્યો જાય છે. મુનિપણું પાળે છતાં તેને સંસારતત્ત્વ કહેલ છે. આત્મા પરિપૂર્ણ છે એવી દષ્ટિ થઈ નથી તે દ્રવ્યલિંગી નગ્ન મુનિ થાય, શ્રાવકપણું પાળે, શુભ ભાવ કરે પણ અંતરદષ્ટિ નથી તેથી તે સંસારતત્ત્વ છે. સમ્યગ્દર્શનરૂપી ભૂમિ વિના વ્રતરૂપ વૃક્ષ થતું નથી. મિથ્યાદષ્ટિ ક્રિયાકાંડ કરે પણ તે રણમાં પોક મૂકવા જેમ વ્યર્થ છે, એને આત્માનો કાંઈ પણ લાભ થતો નથી. પરમાત્મપ્રકાશાદિ બીજા શાસ્ત્રોમાં પણ આ વાત સ્પષ્ટ કરી છે.

આત્માના ભાન વિના જપ, તપ, શીલ, સંયમાદિ ક્રિયાઓને અકાર્યકારી બતાવેલ છે. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય એવી માન્યતા મિથ્યાદષ્ટિની છે. એ પ્રમાણે કેવળ વ્યવહારાભાસ મિથ્યાદષ્ટિનું વર્ણન કર્યું. હવે નિશ્ચય-વ્યવહાર બન્ને નયોના આભાસને અવલંબે છે એવા મિથ્યાદષ્ટિનું વર્ણન કરે છે.

## નિશ્ચય-વ્યવહારાભાસાવલંબી મિથ્યાદષ્ટિઓનું સ્વરૂપ

જે જીવ એમ માને છે કે જિનમતમાં નિશ્ચય-વ્યવહાર બે નય કહ્યા છે માટે અમારે એ બન્ને નયોનો અંગીકાર કરવો -એ માન્યતા મિથ્યાત્વ છે. ભગવાને બે નય કહ્યા છે. ક્યારેક નિશ્ચયનય અને ક્યારેક વ્યવહારનય એમ બન્ને નયને અંગીકાર કરવા કેમ કે ભગવાનનો માર્ગ અનેકાંત છે, એકાંત કરવું નહિ -એમ મિથ્યાદષ્ટિ માને છે. પણ વ્યવહારનયના અંગીકારના અર્થને તે સમજતો નથી. આત્માની પર્યાયમાં રાગ થાય છે એને જાણવો તે વ્યવહારનયનો અગીંકાર છે. આત્મામાં અલ્પજ્ઞાનની પર્યાય છે એને જાણવું કે મારી પર્યાય અલ્પજ્ઞાનરૂપ છે તે વ્યવહારનય છે. રાગને આદરવો તેને અજ્ઞાની વ્યવહારનય કહે છે. તેણે તો વીતરાગ ભાવ અને રાગ ભાવ બન્નેથી લાભ માન્યો તે એકાંત છે.

મિથ્યાદષ્ટિ બન્ને નયને આદરણીય માને છે. તે જેમ કેવળ નિશ્ચયાભાસના અવલંબીઓનું કથન કર્યું હતું એ પ્રમાણે તો તે નિશ્ચયનો અંગીકાર કરે છે તથા જેમ કેવળ વ્યવહારાભાસના અવલંબીઓનું કથન કર્યું હતું તેમ વ્યવહારનો અંગીકાર કરે છે પણ એમાં તો પરસ્પર વિરોધ આવે છે, કેમ કે નિશ્ચયનય અંગીકાર કરવા જેવો છે અને વ્યવહારનય હેય છે, એ વાત ખ્યાલમાં આવી નથી. બન્ને નયોનું સાચું સ્વરૂપ એને ભાસ્યું નથી અને જૈનમતમાં બે નય કહ્યા છે, તેમાં કોઈને પણ છોડ્યો જતો નથી તેથી તે ભ્રમપૂર્વક બન્ને નયોનું સાધન સાધે છે. એ જીવો પણ મિથ્યાદષ્ટિ જાણવા.

હવે તે અજ્ઞાની મિથ્યાદષ્ટિની પ્રવૃત્તિ કેવી હોય છે તેને વિશેષતાથી કહે છે.

અંતરંગમાં પોતે તો નિર્ધાર કરી યથાવત્ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગને ઓળખ્યો નથી પણ જિનઆજ્ઞા માની નિશ્ચય-વ્યવહારરૂપ બે પ્રકારનો મોક્ષમાર્ગ માને છે. હવે મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી પણ મોક્ષમાર્ગનું

નિરૂપણ બે પ્રકારથી છે. આત્મામાં નિર્વિકલ્પ દશા થવી તે મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. અને જ્યાં મોક્ષમાર્ગ તો નથી પણ મોક્ષમાર્ગનું જે નિમિત્ત છે તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવાય છે. પંચ મહાવ્રતાદિ મોક્ષમાર્ગ નથી, પણ નિર્વિકલ્પ મોક્ષમાર્ગ પ્રગટ કરે તો તેને નિમિત્ત કહેવાય છે. નિશ્ચય મોક્ષમાર્ગ ન હોય તો પંચ મહાવ્રતાદિને વ્યવહાર પણ કહેવાતો નથી, એટલે કે તેમાં નિમિત્તપણાનો આરોપ પણ આવતો નથી. આ રીતે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ છે.

મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે કહેલ છે. એમાં વીતરાગી નિર્વિકલ્પ દશા તે નિશ્ચય મોક્ષમાર્ગ અને રાગ-વ્રતાદિની દશા તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. એક સાચો મોક્ષમાર્ગ અને બીજો નિમિત્ત, ઉપચાર, સહકારી કે ખોટો માર્ગ -એમ બે પ્રકાર મોક્ષમાર્ગના કહ્યા છે. અખંડ આત્મસ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટ્યો તે સાચો મોક્ષમાર્ગ છે, તે વખતે રાગ-વિકલ્પ છે તે મોક્ષમાર્ગ નથી પણ તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેલ છે. નિમિત્ત, સહચાર, ઉપચાર અને વ્યવહાર -એમ ચાર પ્રકાર કહેલ છે.

આત્મામાં નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ થયો તેને સાચો, અનુપચાર, શુદ્ધ ઉપાદાન અને યથાર્થ મોક્ષમાર્ગ કહેલ છે. તે વખતે રાગને ઉપચાર, નિમિત્ત, સહચારી અને વ્યવહાર મોક્ષમાર્ગ કહેલ છે. આમ નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ છે. અહીં મોક્ષમાર્ગનું કથન ચાલે છે તેથી આત્માની શુદ્ધ પર્યાયને ઉપાદેય કહેલ છે અને વ્યવહાર-રાગને હેય કહેલ છે. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં તો આત્માની શુદ્ધ પર્યાયને પણ હેય કહેલ છે. અહીં વ્યવહારને સહચારી નિમિત્ત કહેલ છે કેમ કે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું છે અને રાગ પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો જ હોય છે, કુદેવાદિનો હોતો નથી, માટે તે રાગને સહચારી કહેલ છે.

આગળ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં પૃ. ૩૫૦માં પંડિતજીએ કહ્યું છે કે : સમ્યક્ત્વીને વ્યવહાર સમ્યક્ત્વમાં નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે. વ્યવહાર વખતે પણ નિશ્ચયરૂપ પરિણતિ થઈ રહી છે માટે વ્યવહારમાં નિશ્ચય પરિણતિ ગર્ભિત કહી છે પણ એનો અર્થ એવો નથી કે વ્યવહાર સમ્યક્ત્વના કારણે નિશ્ચય સમ્યક્ત્વ થાય છે. પણ નિશ્ચય મોક્ષમાર્ગની પરિણતિ વખતે સાચા દેવાદિની શ્રદ્ધારૂપી રાગ હોય છે, એનું જ્ઞાન કરવું તેને વ્યવહાર કહેલ છે. આ પ્રમાણે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સમજવું.

### ચૈત્ર વદ ૧૦, ગુરુવાર, ૯-૪-૫૩.

નિશ્ચય અને વ્યવહારનયની જેને ખબર નથી તે ભ્રમથી બન્ને નયનું સાધન સાધે છે તે મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચય અને વ્યવહાર બન્ને નયનું સાધન કરીએ છીએ તેમ માનનારની વાત ખોટી છે કેમ કે તે અંતરંગમાં પોતે કોણ છે એનો નિર્ધાર કરતો નથી. તે નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગને પણ જાણતો નથી. તેથી તે બે પ્રકારનો મોક્ષમાર્ગ માને છે પણ મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગ તો એક જ છે, તેનું નિરૂપણ બે પ્રકારે છે.



નિશ્ચયે તો આત્મા શુદ્ધ છે. એટલે તેમાં તો કાંઈ કરવાનું નથી, વ્યવહારમાં દયા, દાન, ભક્તિ આદિ કરવાનું છે અને વ્યવહાર કરતાં કરતાં આત્મામાં ધર્મ થઈ જશે -એમ અજ્ઞાની માને છે. એક વ્યવહાર મોક્ષમાર્ગ અને બીજો નિશ્ચય મોક્ષમાર્ગ -એ બે માર્ગ નથી પણ બે પ્રકારથી કથન કરેલ છે. આત્માની રુચિ, જ્ઞાન અને રમણતા તે સાચો મોક્ષમાર્ગ છે, એને મોક્ષમાર્ગ કહેવો તે નિશ્ચય છે અને જે મોક્ષમાર્ગ તો નથી પણ તેનું નિમિત્ત છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવાય છે.

પોતાની પર્યાયમાં દયા, દાન, ભક્તિ, વ્રતાદિના શુભ ભાવ થાય છે તે ઉપચારથી મોક્ષમાર્ગ છે, રાગનો અભાવ થયો છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તેમાં તે શુભ ભાવ નિમિત્ત છે માટે ઉપચારથી મોક્ષમાર્ગ છે-એમ કહેલ છે પણ શુભ ભાવ ખરેખર મોક્ષમાર્ગ નથી. શરીરાદિની ક્રિયા તો વ્યવહારે પણ મોક્ષમાર્ગ નથી. જગતને અનાદિથી વીતરાગમાર્ગની ખબર નથી. મોક્ષમાર્ગનું સ્વરૂપ જાણ્યા વિના મોક્ષમાર્ગ પ્રગટે નહિ. વ્યવહાર રત્નત્રય તે મોક્ષમાર્ગ નથી પણ એને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે. પણ અમારે તો બન્ને નયનું સાધન સાધવું છે -એમ અજ્ઞાની ભ્રમથી માને છે.

જ્ઞાની એક સ્વભાવનું જ સાધન સાધે છે, બીજું સાધન ખરેખર નથી. જ્ઞાની નિશ્ચય મોક્ષમાર્ગ એક જ છે એમ માને છે, મિથ્યાદૃષ્ટિ બે નયનું સાધન સાધે છે, બે મોક્ષમાર્ગ માને છે અને બન્ને નયને ઉપાદેય માને છે -એમ ત્રણ પ્રકારથી ભૂલ કરે છે. શુભ રાગ મોક્ષમાર્ગ નથી પણ મોક્ષમાર્ગમાં નિમિત્ત છે-સહચારી છે. તેથી જેને નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તેના મંદ કષાયને ઉપચારથી મોક્ષમાર્ગ કહેલ છે. આવું નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ છે.

### સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર

આત્માની રુચિપૂર્વક રમણતા કરવી તે નિશ્ચય છે અને રાગ આવે છે તે વ્યવહાર છે. માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે તથા એક વ્યવહાર મોક્ષમાર્ગ છે -એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે.

વળી તે નિશ્ચય-વ્યવહાર બન્નેને ઉપાદેય માને છે તે પણ ભ્રમ છે. કારણ કે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરોધતા સહિત છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાતા છે તેની રુચિ થઈ એ વખતે રાગ હોય છે તે નિમિત્ત છે પણ એનાથી વીતરાગતા થતી નથી. સાધકદશામાં રાગ છે જ નહિ એમ નથી, એટલે નિમિત્ત છે જ નહિ -એમ નથી. નિમિત્તને ફેરવવું નથી. આઘુંપાછું કરવું એ સ્વભાવમાં છે જ નહિ. બહારની ક્રિયા તો આત્માના હાથની વાત છે જ નહિ પણ અશુભ ભાવ છોડીને શુભ ભાવ કરવો એ પણ પર્યાયબુદ્ધિ છે-ભ્રમબુદ્ધિ છે. વસ્તુ જ્ઞાયકસ્વરૂપી છે એને તે માનતો નથી.

નિશ્ચયથી સામાયિક તો આત્મામાં દૃષ્ટિપૂર્વક-તત્ત્વજ્ઞાનપૂર્વક લીનતા થાય તે છે, તે વખતે વિકલ્પ-

રાગને વ્યવહાર સામાયિક કહેવાય છે. કોઈ કહે કે ત્યારે શું સામાયિકને છોડી દેવી ? પણ અહીં તો કહે છે કે જેને વસ્તુના સ્વભાવની ખબર નથી તેને સામાયિક જ નથી. તો પછી સામાયિક છોડી દેવી -એ વાત રહેતી નથી. માટે પ્રથમ સામાયિકનું સ્વરૂપ સમજવું જોઈએ. સત્ વસ્તુને સમજે નહિ અને બીજો રસ્તો પકડે તો ધર્મ થાય -એમ નથી. જ્ઞાની પાસે નિર્માનતાથી કબૂલ કરે કે અમોએ અત્યાર સુધી માનેલી વાત વિપરીત હતી તો આ વાત સમજાય એમ છે.

એક શેઠને ત્યાં કોઈ માણસ નોકરી માટે ગયો. તેને શેઠે પૂછ્યું કે તને વ્યાપારનું બધું કામ આવડે છે, ધીરધાર કરતાં આવડે છે અને ધીરધાર કરીને પાછા રૂપિયા વસુલ કરતાં આવડે છે એટલે કે મીંડા વાળતા આવડે છે ? એ જાણે તો બધું જાણ્યું કહેવાય. તેમ અહીં કહે છે કે અત્યાર સુધી જે ધારણા કરી છે તેના મીંડા વાળતાં તને આવડે, ભૂલ કબૂલ કરતાં આવડે તો નવી ચીજ અંતરમાં પેસે એટલે કે સમજાય તેમ છે. અત્યાર સુધી વ્રતાદિ કરીને ધર્મ માનતો હતો તે મિથ્યાત્વને ઘૂંટતો હતો તે શ્રદ્ધાનની ભૂલ હતી એ પ્રથમ છોડવી જોઈએ. કર્મના કારણે વિકાર થાય છે એ માન્યતામાં પણ ભૂલ હતી -એમ કબૂલ કરવું જોઈએ. સમયસાર વાંચીને કહે કે અમે નિશ્ચયને માનીએ છીએ પણ સાથે સાથે કર્મના કારણે રાગ અને રાગથી નિશ્ચય રત્નત્રય માનતા તો આત્મા શુદ્ધ જ્ઞાયક છે એવી માન્યતા ક્યાં રહી ? માત્ર ધારણા કરી હતી એ ભૂલ હતી -એમ જ્યાં સુધી કબૂલ ન કરે ત્યાં સુધી પાત્રતા પણ નથી.

જ્યારે આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાને પકડે ત્યારે રાગને નિમિત્ત કહેવાય છે. સ્વભાવ ઉપર લક્ષ છે પણ રાગ ઉપર લક્ષ નથી. તેથી વિકારને પુદ્‌ગલના પરિણામ કહેલ છે, પણ તેથી કરીને કર્મના કારણે વિકાર થાય છે એમ નથી. આનાથી વિરુદ્ધ જેની માન્યતા છે તેનો એક અક્ષર પણ સાચો નથી. માત્ર શાસ્ત્રની ધારણા કરે પણ તેથી એના આત્માને કાંઈ લાભ થતો નથી.

કર્તાગુણને રાગ અને નિમિત્ત તરફ જોડી દીધો તો વિકારનો કર્તા થાય છે અને સ્વભાવની રુચિ થાય તો નિર્વિકારી કાર્યનો કર્તા થાય છે. કેવળજ્ઞાની પરમાત્મા પણ પોતાની પૂર્ણ નિર્વિકારી દશાના કર્તા છે. અજ્ઞાની રાગ અને નિમિત્તનો કર્તા થાય છે. જેને જન્મ-મરણ મટાડવા હોય તેણે આત્મસ્વરૂપ સમજવું જોઈએ. ચીભડાના એક વેલામાંથી ઘણા વેલા ફાટે છે અને આખા ખેતરમાં ફેલાઈ જાય છે. હવે તે વેલાનો નાશ કરવો હોય તો એનું મૂળ તો એક જ હોય છે ત્યાં જઈને દાતરડાથી તેનું મૂળ કાપી નાખે તો બધા વેલા સૂકાઈ જાય છે. ઉપરથી ઝાડની ડાળી, પાંદડા કાપવાથી પાછું એવું ને એવું તે ફાલે છે, એમ સંસારનું મૂળ મિથ્યાદર્શન છે એનો નાશ કરે તો સંસારરૂપી ઝાડનો નાશ થાય એમ છે. દયા, દાન, ભક્તિ આદિના શુભ ભાવથી સંસારનો નાશ થતો નથી.

પદ્મનંદી પચ્ચીશીમાં આવે છે કે નિશ્ચય રત્નત્રયનું સાધન શરીર છે અને શરીર આહારથી નભે છે અને આહાર શ્રાવક આપે છે માટે ઉપચારથી શ્રાવકે મોક્ષમાર્ગ આપ્યો એમ કથન કરાય છે. શ્રાવકને



આહાર આપવાનો ભાવ થયો છે, મુનિ આત્માનું સાધન કરી રહ્યા છે, તેમને ક્યારે હું આહારદાન કરું ! ધન્ય મુનિ ! અમારા આંગણે કલ્પવૃક્ષ આવ્યું એમ ભક્તિથી કહે છે. પણ તે સમજે છે કે આહાર રત્નત્રયનું સાધન નથી પણ વ્યવહારથી સાધન કહેવાય છે. ભાષા અને રાગ હોય છે ખરો પણ જ્ઞાની એનો કર્તા નથી. તે વખતે પણ હું જ્ઞાનાનંદ સ્વરૂપી છું એવું ભાન જ્ઞાનીને હોય છે. વ્યવહાર કરવો પડે છે -એમ નથી પણ વ્યવહાર આવી જાય છે. ભરત ચક્રવર્તી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતા પણ ભગવાનના નિર્વાણ વખતે રૂદન કરતાં કહે છે કે હે નાથ ! આજે ભરતનો સૂર્ય અસ્ત થયો. ઇંદ્ર કહે છે કે તમે તો ચરમ શરીરી છો, માટે આ શું ? તેમને પણ ભાન છે છતાં કહે છે કે હે પ્રભુ ! તમારો વિરહ પડ્યો, આપના ઉપદેશ હવે ક્યાંથી મળશે ?

શ્રી કુંદકુંદાચાર્ય પણ કહે છે કે હે સીમંધર ભગવાન ! આ ભરતક્ષેત્રે આપના વિરહ પડ્યા છે. હે નાથ ! મહાવિદેહમાં તો લાખો કેવળી બિરાજે છે અને અહીં ભરતક્ષેત્રે આપનો વિરહ છે, એમ વિરહનું દુઃખ લાગે છે. આ બધું સહજ હોય છે. એવો રાગ લાવવો પડતો નથી અને એ રાગ થયો તે કાંઈ મોક્ષમાર્ગ નથી. વ્યવહાર ઉપાદેય નથી, ઉપાદેય તો એક નિશ્ચય જ છે.

જુઓ, અહીં પંચકલ્યાણક મહોત્સવ વખતે શ્રી નેમીનાથ ભગવાનના વૈરાગ્ય પ્રસંગનો દેખાવ વૈરાગ્યવાળો હતો. રાજેમતી કહે છે કે હે નાથ ! આપ સ્વરૂપ સાધન માટે નીકળ્યા છો, હું પણ સ્વરૂપ સાધન માટે નીકળું છું. આવા દેખાવો જોઈને કોઈને રૂદન પણ આવી જાય પણ સમજે છે કે તેવો શુભ ભાવ પણ અંગીકાર કરવા જેવો નથી. નબળાઈથી રાગ થયો છે તે ઉપાદેય નથી.

શ્રી સમયસારમાં પણ એમ કહ્યું છે કે ''**ववहारोऽभूयत्थो देसिदो दु सुद्धणओ**'' વ્યવહાર અભૂતાર્થ છે. સત્ય સ્વરૂપને નિરૂપતો નથી પણ કોઈ અપેક્ષાએ ઉપચારથી અન્યથા નિરૂપે છે તથા નિશ્ચય શુદ્ધનય છે-ભૂતાર્થ છે કારણ કે વસ્તુનું સ્વરૂપ છે તેવું નિરૂપે છે. વ્યવહાર સત્ વસ્તુનું નિરૂપણ કરતો નથી પણ વસ્તુસ્વરૂપ હોય એનાથી જાુદું કહે છે, માટે વ્યવહાર ઉપાદેય નથી. અજ્ઞાની વ્યવહારને અંગીકાર કરવા જેવો માને છે તેથી તે મૂઢ છે.

વ્યવહારનય અન્યથા કહે છે એટલે બંધમાર્ગને મોક્ષમાર્ગ કહે છે, ખરેખર જે મોક્ષમાર્ગ નથી એને મોક્ષમાર્ગ કહે છે તે વ્યવહારનય છે અને નિશ્ચયનય જેવું સ્વરૂપ છે તેવું કહે છે. ભગવાને મને તાર્યો -એ બધું કથન વ્યવહારનયનું છે પણ વસ્તુસ્વરૂપ એવું નથી. માટે વ્યવહારનયને ઉપાદેય માનવો તે મિથ્યાત્વ છે. નિશ્ચયનય એક જ ઉપાદેય છે -એમ જ્ઞાની માને છે.

**ચૈત્ર વદ ૧૧, શુક્રવાર, ૧૦-૪-૫૩.**

અજ્ઞાની વ્યવહાર-નિશ્ચય બન્નેના સ્વરૂપને જાણતો નથી તેથી તે બન્નેને ઉપાદેય માને છે. આત્માની શુદ્ધ પર્યાય આત્માના અવલંબને થાય તે મોક્ષમાર્ગ છે. પણ વ્રત-તપાદિ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગમાં

તે નિમિત્તમાત્ર છે -એ વાત આવી ગઈ છે.

શ્રી સમયસારમાં કહેલ છે કે વ્યવહાર અભૂતાર્થ છે. એટલે કે વ્યવહાર-રાગ-નિમિત્ત છે જ નહિ -એમ નથી પણ વ્યવહાર સાચા સ્વરૂપને કહેતો નથી માટે અભૂતાર્થ છે. વ્રત, નિયમ આદિ મોક્ષમાર્ગ નથી છતાં એને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે. આત્મા શું છે, રાગ શું છે, નિમિત્ત શું છે એનું યથાર્થ જ્ઞાન અંતરમાં ન કરે ત્યાં સુધી મોક્ષમાર્ગ થાય નહિ.

અજ્ઞાની લોકો એમ કહે છે કે જેમ કુંભાર વિના ઘડો થતો નથી તેમ વ્યવહાર વિના નિશ્ચય થતો નથી. માટે વ્યવહારથી નિશ્ચય કહો તો શું વાંધો છે ? આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે એવી શ્રદ્ધા જેને થાય તેને રાગની રુચિ છૂટી જાય છે. શ્રી નિયમસાર કળશ ૧૯૪ માં કહેલ છે કે આત્મા જ્ઞાન છે-દર્શન છે એવા ભેદની દૃષ્ટિ જેને છે તેનો મોક્ષ થાય છે કે નહિ એ કોણ જાણે ? એટલે કે એનો મોક્ષ થતો નથી. અપૂર્ણ દશામાં ભેદ-પ્રભેદનો વિચાર કરતાં રાગ થયા વિના રહેતો નથી. કેવળીને પૂર્ણ જ્ઞાન છે તેથી ભેદ પ્રભેદના જ્ઞાનમાં રાગ નથી હોતો. નીચલી દશામાં પણ ભેદનું જ્ઞાન કરવું તે રાગનું કારણ નથી પણ ભેદનો વિચાર કરતાં રાગીને રાગ થાય છે. ભેદના કારણે રાગ થતો હોય તો કેવળીને પણ રાગ થાય, પણ એમ નથી. આગળ પૃ. ૨૫૭માં કહેલ છે કે અભેદ આત્મામાં જ્ઞાન-દર્શનાદિ ભેદ કર્યા ત્યાં તેને ભેદરૂપ જ માની ન લેવા. ભેદ તો સમજાવવા માટે છે પણ નિશ્ચયથી આત્મા અભેદ જ છે તેને જીવ વસ્તુ માનવી. ત્યાં જે સંજ્ઞા-સંખ્યા આદિથી ભેદ કહ્યા છે તે તો કહેવામાત્ર જ છે. પરમાર્થથી તે જુદા જુદા નથી એવું જ શ્રદ્ધાન કરવું.

આત્મા અનંત ગુણોનો પિંડ છે તેમાં ગુણ-પર્યાયનો ભેદ છે ખરો પણ અભેદ ચૈતન્યવસ્તુની દૃષ્ટિ કરાવવા અભેદ વસ્તુને માનવી એમ કહેલ છે. માટે અર્હંતના મતમાં ભેદથી મુક્તિ થતી નથી એમ કહ્યું છે. ભેદથી મુક્તિ થાય છે એમ તો અજ્ઞાની માને છે. આત્મા અસંખ્યપ્રદેશી અનંતગુણધામ છે એના અવલંબનથી મુક્તિ થાય છે પણ ગુણભેદના આશ્રયે મુક્તિ થતી નથી. માટે વ્યવહાર અભૂતાર્થ છે, આશ્રય કરવા જેવો નથી એમ કહેલ છે.

નિશ્ચય-વ્યવહાર પરસ્પર વિરુદ્ધ વ્યાખ્યા કરે છે. વ્યવહાર જૂઠું કથન કરે છે અને નિશ્ચય સાચું કથન કરે છે માટે વિરુદ્ધ છે. હવે કહે છે કે તું એમ માને છે કે સિદ્ધ સમાન શુદ્ધ આત્માનો અનુભવ તે નિશ્ચય તથા વ્રત, શીલ, સંયમાદિરૂપ પ્રવૃત્તિ તે વ્યવહાર -પણ તારું એ માનવું ઠીક નથી.

આત્માના વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. જ્યારે પર્યાય પૂર્ણ શુદ્ધ થશે ત્યારે સિદ્ધદશાનો અનુભવ થશે. સંસારીને સિદ્ધ સમાન અનુભવ થાય નહિ છતાં વર્તમાન સિદ્ધ સમાન અનુભવને અજ્ઞાની નિશ્ચય કહે છે -પણ એમ નથી અને તે વ્રત આદિ પ્રવૃત્તિને વ્યવહાર કહે છે પણ પ્રવૃત્તિ વ્યવહાર નથી. વ્રતાદિના પરિણામને મોક્ષમાર્ગ માનવો તે વ્યવહાર છે. અજ્ઞાની પ્રવૃત્તિને વ્યવહાર માને છે -પણ એમ નથી.



નિશ્ચય મોક્ષમાર્ગ તો આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા છે અને તે વખતે શુભ ભાવ હોય છે તેને મોક્ષમાર્ગ માનવો તે વ્યવહાર છે. દયા, દાન, ભક્તિનો રાગ તો મોક્ષમાર્ગથી વિરુદ્ધ બંધમાર્ગ છે પણ તે નિમિત્ત છે માટે ઉપચારથી એને મોક્ષમાર્ગ માનવો તે વ્યવહાર છે -એમ કહેલ છે. પણ અજ્ઞાની બહારની પ્રવૃત્તિને અને રાગને વ્યવહાર કહે છે. માટે તેને વ્યવહારની પણ ખબર નથી.

જુઓ, વર્તમાન વીતરાગી પર્યાય પ્રગટી હોય તેને નિશ્ચય કહે છે. તેને બદલે અજ્ઞાની સિદ્ધ સમાન શુદ્ધ પર્યાયના અનુભવને નિશ્ચય કહે છે પણ સંસારદશામાં સિદ્ધપણું છે નહિ, તેથી એ વાત તો જૂઠી થઈ માટે તેને નિશ્ચયની પણ ખબર નથી. શાસ્ત્રના શબ્દને માત્ર પકડી લીધા છે પણ ભાવને સમજતો નથી, માટે તે નિશ્ચયાભાસી છે અને વ્રતાદિની પ્રવૃત્તિને અજ્ઞાની વ્યવહાર માને છે પણ તે વ્યવહાર નથી. કારણ કે કોઈ દ્રવ્ય ભાવનું નામ નિશ્ચય તથા કોઈનું નામ વ્યવહાર -એમ નથી પણ એક જ દ્રવ્યના ભાવને તે જ સ્વરૂપે નિરૂપણ કરવો તે નિશ્ચયનય છે તથા તે દ્રવ્યના ભાવને ઉપચારથી અન્ય દ્રવ્યના ભાવસ્વરૂપે નિરૂપણ કરવો તે વ્યવહારનય છે.

આત્મામાં વીતરાગી પર્યાય થઈ તે મોક્ષમાર્ગની પર્યાય છે અને તે વખતે રાગની પર્યાય છે તે મોક્ષમાર્ગની પર્યાય નથી છતાં તેને મોક્ષમાર્ગની પર્યાય કહેવી તે વ્યવહાર છે. શરીરાદિ તો જડની ક્રિયા છે, એ તો ધર્મની પર્યાય નથી પણ વ્રતાદિના ભાવ થાય છે તે પણ મોક્ષમાર્ગરૂપી ધર્મની પર્યાય નથી છતાં તેને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે.

અજ્ઞાની નિશ્ચય-વ્યવહાર બે દ્રવ્યમાં કહે છે પણ તે વાત યથાર્થ નથી. દૃષ્ટાંત કહે છે - જેમ માટીના ઘડાને માટીનો ઘડો નિરૂપણ કરીએ તે નિશ્ચય તથા ઘીના સંયોગના ઉપચારથી તેને ઘીનો ઘડો કહીએ તે વ્યવહાર છે. એ જ પ્રમાણે બીજે ઠેકાણે પણ સમજવું.

કોઈને નિશ્ચય માનવો અને કોઈને વ્યવહાર માનવો તે ભ્રમણા છે. પર્યાયમાં સિદ્ધ સમાન શુદ્ધ માને છે તો વ્રતાદિનું સાધન શા માટે કરે છે ? સિદ્ધને વ્રતાદિનું સાધન હોતું નથી. માટે નિશ્ચય માનવામાં તારી ભૂલ છે તથા વ્રતાદિના સાધન વડે સિદ્ધ થવા ઈચ્છે છે તો વર્તમાનમાં શુદ્ધ આત્માનો અનુભવ મિથ્યા થયો. એ પ્રમાણે બન્ને નયોને પરસ્પર વિરોધ છે. માટે બન્ને નયોનું ઉપાદેયપણું સંભવતું નથી.

**પ્રશ્ન** : શ્રી સમયસાર આદિ શાસ્ત્રોમાં શુદ્ધ આત્માના અનુભવને નિશ્ચય કહ્યો છે તથા વ્રત, તપ, સંયમાદિકને વ્યવહાર કહ્યો છે અને અમે પણ એમ જ માનીએ છીએ.

**ઉત્તર** : શુદ્ધ આત્માનો અનુભવ તે સાચો મોક્ષમાર્ગ છે તેથી તેને નિશ્ચય કહ્યો છે પણ સિદ્ધ સમાન વર્તમાન અનુભવ કરવો તે નિશ્ચય નથી, એકલો જ્ઞાયક ચિદાનંદ શુદ્ધ સામાન્ય છે એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ જ મોક્ષમાર્ગ છે, એ નિશ્ચય બરાબર છે. વીતરાગી અંશ થયો તે શુદ્ધ છે

અને એને જ નિશ્ચય કહ્યો છે. એ વખતે વર્તતા રાગને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે, એને મોક્ષમાર્ગ કહ્યો તેથી અશુદ્ધતા કાંઈ શુદ્ધતા થતી નથી, તે તો બંધમાર્ગ જ છે પણ વ્યવહારથી એને મોક્ષમાર્ગ કહેલ છે.

### ચૈત્ર વદ ૧૩, શનિવાર, ૧૧-૪-૫૩.

અહીં મોક્ષમાર્ગની વાત ચાલે છે. નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ કોને કહેવો તે કહે છે. અજ્ઞાની કહે છે કે સમયસારાદિ શાસ્ત્રમાં તો શુદ્ધ આત્માના અનુભવને નિશ્ચય કહ્યો છે અને વ્રત, તપ, સંયમાદિકને વ્યવહાર કહ્યો છે. એમ જ અમે માનીએ છીએ અને તમોએ તો અમારી વાત જૂઠી કહી તો હવે કેવી રીતે છે ? -એમ શિષ્યનો પ્રશ્ન છે.

**સમાધાન** : આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ છે એનો અનુભવ તે સાચો મોક્ષમાર્ગ છે પણ વર્તમાન સિદ્ધ સમાન શુદ્ધ છું એવો અનુભવ કરવો તે નિશ્ચય નથી. માટે શુદ્ધ આત્માનો અનુભવ તું માને છે એ પ્રમાણે નથી. શુદ્ધ આત્મા કોને કહેવો, એ વાત હવે કહે છે. સ્વભાવથી અભિન્ન અને પરભાવોથી ભિન્ન એવો શુદ્ધ શબ્દનો અર્થ છે. પોતાના ગુણ-પર્યાયથી અભિન્ન અને શરીર, કર્મ આદિ પરદ્રવ્ય અને એના ભાવોથી ભિન્ન આત્મા છે એનું નામ શુદ્ધ છે. પણ સંસારી આત્માને શુદ્ધ સિદ્ધ સમાન માનવો એવો શુદ્ધ શબ્દનો અર્થ નથી. શરીરાદિની ક્રિયા તો મોક્ષમાર્ગ નથી. પણ દયા, દાન, ભક્તિ, વ્રતાદિના પરિણામ પણ મોક્ષમાર્ગ નથી, એ તો બંધમાર્ગ છે. નિશ્ચય તો શુદ્ધ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થવી તે મોક્ષમાર્ગ છે. સંસારીને સિદ્ધ માનવો એનું નામ શુદ્ધ આત્માનો અનુભવ નથી અને એ નિશ્ચય પણ નથી.

વળી વ્રત, તપાદિ કોઈ મોક્ષમાર્ગ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચારથી તેને મોક્ષમાર્ગ કહીએ છીએ તેથી તેને વ્યવહાર કહ્યો. એ પ્રમાણે ભૂતાર્થ-અભૂતાર્થ મોક્ષમાર્ગપણા વડે તેને નિશ્ચય-વ્યવહાર નય કહ્યા છે એમ જ માનવું પણ બન્ને સાચા છે અને બન્ને ઉપાદેય છે એમ માનવું નહિ. આત્મામાં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તે વખતે વ્રત-તપાદિના શુભ પરિણામ થાય છે તે ખરેખર તો બંધમાર્ગ છે પણ તે નિશ્ચય મોક્ષમાર્ગમાં નિમિત્ત છે માટે તેને મોક્ષમાર્ગ કહેવો એ વ્યવહાર છે. સિદ્ધનો અનુભવ નહિ પણ શુદ્ધનો અનુભવ તે નિશ્ચય અને વ્રત, તપાદિ બંધમાર્ગને મોક્ષમાર્ગનો ઉપચાર કરવો તે વ્યવહાર છે. આવું નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ છે. જેમ માટીના ઘડાને ઘીનો ઘડો કહેવો તે વ્યવહાર છે એટલે કે જે નથી તેને છે એમ કહેવું તે વ્યવહાર છે તેમ રાગ છે તે ખરેખર બંધમાર્ગ છે, મોક્ષમાર્ગ નથી પણ મોક્ષમાર્ગમાં નિમિત્ત છે માટે તેને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે.

શરીરાદિની ક્રિયા તો આત્માની નથી પણ આત્મામાં વિકારની ક્રિયા થાય છે તે પણ ખરેખર આત્માની ક્રિયા નથી. શુદ્ધ ચૈતન્યની રુચિ, જ્ઞાન, રમણતારૂપ ક્રિયા તે આત્માની શુદ્ધ ક્રિયા છે. તે



નિશ્ચય મોક્ષમાર્ગની ક્રિયા છે -એમ ત્રણ પ્રકારની ક્રિયા છે. જુઓ, નિશ્ચય-વ્યવહારની યથાર્થ વાત લોકોએ સાંભળી જ નથી તો સાંભળ્યા વગર યથાર્થ નિર્ણય ક્યાંથી થાય ? ન જ થાય. વ્રત, તપાદિની ક્રિયા બંધમાર્ગ છે એ વાત લોકોએ સાંભળી નથી તો પછી તે બંધમાર્ગથી ભિન્ન નિશ્ચય મોક્ષમાર્ગની ક્રિયાની વાત તો દુર્લભ થઈ પડી છે. તે નિશ્ચય મોક્ષમાર્ગની ક્રિયા બંધમાર્ગની ક્રિયામાંથી થતી નથી. આત્મામાં શક્તિરૂપ શુદ્ધ સ્વભાવ પડ્યો છે એમાંથી ધર્મની ક્રિયા થાય છે તે નિશ્ચય છે.

આત્મામાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ અનંત શક્તિઓ ભરી પડી છે, એમાંથી પૂર્ણ જ્ઞાનાનંદ પ્રગટ થાય છે. શક્તિ પડી છે એમાંથી વ્યક્તરૂપ અવસ્થા થાય છે. શક્તિ પડી છે એને ભજો, પર્યાયને નહિ, રાગને નહિ, નિમિત્તને નહિ પણ આત્મા શક્તિરૂપ છે તેની ભક્તિ કરવી – તે મોક્ષમાર્ગ છે. શ્રીમદ્દે એક બ્રાહ્મણનું દૃષ્ટાંત આપ્યું છે કે : એક બ્રાહ્મણે નક્કી કર્યું કે મારે શક્તિને પૂજવી છે. તેથી કોનામાં શક્તિ વધારે છે તેનો વિચાર કરવા બેઠો. ઉંદર કપડાને કાપે છે માટે એમાં શક્તિ વધારે છે, બિલાડી ઉંદરને મારી નાખે છે માટે એની શક્તિ વધી, બિલાડીને કૂતરો મારે છે માટે એની શક્તિ વધી, કૂતરાને એની સ્ત્રી લાકડી મારીને કાઢી મૂકે છે માટે સ્ત્રીની શક્તિ વધી અને મારી સ્ત્રી કરતાં મારી શક્તિ વધારે છે માટે ખરેખર તો મારામાં શક્તિ છે. માટે એનું જ પૂજન કરવું જોઈએ. શરીર, વાણી, મન આદિમાં આત્માની શક્તિ નથી કેમ કે તે તો પર છે અને આત્માની પર્યાયમાં પુણ્ય-પાપના ભાવો થાય છે એમાં કેવળજ્ઞાન પ્રગટ થાય એવી શક્તિ નથી અને વર્તમાન અપૂર્ણ પર્યાય છે એમાં પૂર્ણ થવાની શક્તિ નથી. પણ આત્મા ત્રિકાળ ધ્રુવ અનંત શક્તિથી પૂર્ણ ભરેલો છે એની પ્રતીતિ, જ્ઞાન અને લીનતા કરે તો એમાંથી કેવળજ્ઞાન પ્રગટ થાય એમ છે. એની માન્યતા-જ્ઞાન-રમણતા તે નિશ્ચય છે, તે વખતે વ્યવહાર રત્નત્રયના પરિણામ નિમિત્ત છે તેને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે.

હવે કારણ-કાર્યમાં નિશ્ચય-વ્યવહાર કહે છે. આત્મા દ્રવ્ય છે તે નિશ્ચય કારણ છે, એમાંથી મોક્ષ પ્રગટે છે માટે નિશ્ચય કારણ તો દ્રવ્ય છે અને મોક્ષ તે કાર્ય છે. આ રીતે નિશ્ચય કારણ-કાર્ય છે. મોક્ષનું યથાર્થ કારણ તો દ્રવ્ય છે અને મોક્ષમાર્ગની પર્યાય છે તેને મોક્ષનું કારણ કહેવું તે વ્યવહાર છે. તેને વ્યવહાર કારણ કેમ કહ્યું ? મોક્ષમાર્ગનો અભાવ તે મોક્ષનું કારણ છે અને દ્રવ્ય તે ભાવરૂપ કારણ છે. હવે અભાવરૂપ કારણને ભાવરૂપ કારણ કહેવું તે વ્યવહાર છે. અને આત્મા શુદ્ધ ચિદાનંદ ત્રિકાળ ધ્રુવ છે એને મોક્ષનું કારણ કહેવું તે નિશ્ચય છે.

આત્મવસ્તુ કેવી છે એનો પહેલાં ખ્યાલ કરવો જોઈએ. મૃગલાની ડૂંટીમાં કસ્તૂરી રહેલી છે પણ એની એને ખબર નથી-એનો વિશ્વાસ એને આવતો નથી. તેમ આત્મામાં અનંત શક્તિ ભરી પડી છે એનો વિશ્વાસ અજ્ઞાનીને આવતો નથી. સર્વજ્ઞ પરમાત્માએ તારા આત્મામાં અનંત શક્તિ ભરી પડી છે એમ જોયું છે. એ શક્તિમાંથી મોક્ષની પર્યાય થાય છે. તેથી મોક્ષનું નિશ્ચય કારણ તે દ્રવ્યસ્વભાવ

છે અને આત્માના રુચિ, જ્ઞાન, રમણતારૂપ મોક્ષમાર્ગને મોક્ષનું કારણ કહેવું તે વ્યવહાર છે. મોક્ષનું યથાર્થ કારણ મોક્ષમાર્ગ નથી પણ દ્રવ્યસ્વભાવ યથાર્થ કારણ છે -એમ નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ દરેક જગ્યાએ સમજવું.

અજ્ઞાની તો શરીરાદિની ક્રિયાને તથા શુભ ભાવને મોક્ષમાર્ગ માને છે પણ તે મોક્ષમાર્ગ નથી. આહાર ન લીધો તેથી શરીર સુકાઈ ગયું તે મોક્ષની કે બંધની ક્રિયા નથી પણ જડની ક્રિયા છે. આત્મામાં રાગની ક્રિયા થાય છે તે બંધમાર્ગ છે અને રાગ રહિત ક્રિયા થાય એ મોક્ષમાર્ગની ક્રિયા છે. બંધમાર્ગ તે મોક્ષમાર્ગ નથી પણ મોક્ષમાર્ગનો ઉપચાર કરવો તે વ્યવહાર છે. માટે કોઈને નિશ્ચય માનવો અને કોઈને વ્યવહાર માનવો એ તો ભ્રમણા છે. નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ યથાર્થ સમજવું જોઈએ.

લોકો સોનાની કિંમત આપે છે પણ તેમાં રહેલા તાંબાની કિંમત આપતા નથી તેમ જ્ઞાની આત્માની રુચિપૂર્વક જેટલો વીતરાગ-શુદ્ધ ભાવ થયો છે તેની કિંમત આપે છે પણ વ્રતાદિનો જે રાગ થાય છે એની કિંમત આપતા નથી. શુભ રાગ તો કથીર-તાંબા જેવો છે, એ સોનું નથી, સોનું તો રાગ રહિત શુદ્ધ ચૈતન્યની અવસ્થા થઈ છે તે છે. ભગવાનના માર્ગમાં તો શુદ્ધ ધર્મની ક્રિયાની કિંમત છે, રાગ તે મોક્ષમાર્ગની ક્રિયા નથી તે તો કથીર છે.

લીંબોળી તે નીલમણિ નથી, બાળકો લીંબોળીને નીલમણિ માને તેથી કરીને કાંઈ લીંબોળી નીલમણિ થાય નહિ, એની કોઈ કિંમત આપે નહિ, તેમ આત્મામાં રાગની પર્યાય થાય છે તે લીંબોળી જેવી છે. અજ્ઞાની એને મોક્ષમાર્ગરૂપી નીલમણિ માને પણ તે મોક્ષમાર્ગ નથી. જ્ઞાની એની કિંમત આપતા નથી. માટે વ્યવહાર મોક્ષમાર્ગ તે બંધમાર્ગ છે -એમ સમજવું.

## ચૈત્ર વદ ૧૪, રવિવાર, ૧૨-૪-૫૩.

મોક્ષમાર્ગ બે પ્રકારે નથી પણ એક જ પ્રકારે છે -એ વાત ચાલે છે. આત્માના શ્રદ્ધા, જ્ઞાન, રમણતા તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, એમાં નિમિત્ત શુભ ભાવ છે, એને વ્યવહારથી મોક્ષમાર્ગ કહેલ છે પણ તે ખરેખર મોક્ષમાર્ગ નથી. હવે પ્રશ્ન કરે છે કે :-

**પ્રશ્ન** : શ્રદ્ધાન તો નિશ્ચયનું રાખીએ છીએ તથા પ્રવૃત્તિ વ્યવહારરૂપ રાખીએ છીએ. એ રીતે અમે બન્ને નયોને અંગીકાર કરીએ છીએ.

**ઉત્તર** : એમ પણ બનતું નથી કારણ કે નિશ્ચયનું નિશ્ચયરૂપ તથા વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવું યોગ્ય છે. માટે અજ્ઞાની નિશ્ચયની શ્રદ્ધા અને વ્યવહારની પ્રવૃત્તિને બે નયનું ગ્રહણ કરવું કહે છે -તે વાત ખોટી છે. આત્માની શુદ્ધ પ્રતીતિ, એનું વેદન અને લીનતા તે એક જ મોક્ષપંથ છે. વ્રતાદિના શુભ ભાવને મોક્ષમાર્ગ માનવો તે મિથ્યાત્વ છે. ત્યારે અજ્ઞાની કહે છે કે અમે એકની શ્રદ્ધા કરીએ અને એકની પ્રવૃત્તિ કરીએ, -તો તે વાત પણ ખોટી છે. કેમ કે શ્રદ્ધા તો બન્ને નયની કરવી




જોઈએ. બન્ને નય છે -એમ જાણવું જોઈએ પણ આદરણીય તો એક નિશ્ચયનય છે.

આત્મામાં વીતરાગરૂપ પરિણતિ થાય છે તે નિશ્ચય છે અને રાગાદિની પર્યાય છે તે વ્યવહાર છે. નિશ્ચયની નિશ્ચયરૂપ અને વ્યવહારની વ્યવહારરૂપ શ્રદ્ધા કરવી તે બન્નેનું ગ્રહણ છે. પણ એક નયને માને અને બીજા નયને ન માને તો તે એકાંત મિથ્યાદષ્ટિ છે અને વ્યવહારથી નિશ્ચયમાં કાંઈ કામ થાય છે એમ માને તે પણ મિથ્યાદષ્ટિ છે.

અજ્ઞાની કહે છે કે વ્યવહારની પ્રવૃત્તિ કરીએ છીએ, પણ પ્રવૃત્તિ તો જડની પર્યાય છે, એને કોઈ કરી શકતો નથી. તે પ્રવૃત્તિ આત્માથી થાય છે એમ માનવું તે મિથ્યાત્વ છે.

હવે કહે છે કે પ્રવૃત્તિમાં નયનું પ્રયોજન જ નથી કારણ કે પ્રવૃત્તિ તો દ્રવ્યની પરિણતિ છે. ત્યાં જે દ્રવ્યની પરિણતિ હોય તેને તેની જ પ્રરૂપણ કરીએ તે નિશ્ચયનય તથા તેને જ અન્ય દ્રવ્યની પ્રરૂપીએ તે વ્યવહારનય. એ પ્રમાણે અભિપ્રાય અનુસાર પ્રરૂપણથી તે પ્રવૃત્તિમાં બન્ને નય બને છે. પણ કાંઈ પ્રવૃત્તિ જ તો નયરૂપ નથી. જડની પરિણતિ અને રાગની પરિણતિને જાણવી તે વ્યવહારનય છે. મોરપીંછી આદિની ક્રિયા થાય છે તે જડની પરિણતિ છે. આત્મા એને કરે છે એમ કહેવું તે વ્યવહાર છે. આત્મા તેને કરી શકે છે એમ નથી. મુનિ નિર્દોષ આહાર લે છે ને સદોષ આહારને છોડે છે એમ કહેવું તે વ્યવહાર છે પણ વ્યવહારથી આત્મા નિર્દોષ આહારને ગ્રહણ કરે છે અને સદોષ આહારને છોડે છે -એમ નથી. આત્મા કર્મને બાંધે છે અને છોડે છે એમ કહેવું તે વ્યવહારનયનું કથન છે પણ ખરેખર તે તો જડની પર્યાય છે, આત્માની નથી. આત્મા એને કરી શકતો નથી. છતાં આત્મા જડની પ્રવૃત્તિ કરી શકે છે એમ માનવું તે એકાંત મિથ્યાત્વ છે.

આત્મામાં રુચિપૂર્વક લીનતા થતાં છઠ્ઠા ગુણસ્થાનમાં મંદ કષાયરૂપ પરિણતિ થાય છે તેમાં સમિતિ આદિના પરિણામ હોય છે. તે વખતે શરીરાદિની બાહ્ય ક્રિયા પણ એવી જ હોય છે, તે જડ દ્રવ્યની પરિણતિ છે, આત્મા એને કરે છે એમ કહેવું તે વ્યવહારનયનું કથન છે પણ આત્માના ભાવના કારણે તે પ્રવૃત્તિ છે -એમ નથી. સ્વભાવની અધિકાઈમાં જ્ઞાની રાગ અને શરીરાદિ પરદ્રવ્યની પરિણતિનો કર્તા નથી, તે તો જ્ઞાયક સ્વભાવનો કર્તા છે. આત્માના સ્વભાવની મુખ્યતા વર્તે છે તેને રાગાદિની મુખ્યતા હોતી નથી.

ચાલવાની, ખાવાની, બોલવાની આદિ પરિણતિ તો જડની છે, આત્માની નથી. તે પ્રવૃત્તિમાં નયનું પ્રયોજન નથી પણ તે પ્રવૃત્તિને આત્માની કહેવી તે વ્યવહારનય છે અને તેને જડની પ્રવૃત્તિ કહેવી તે નિશ્ચયનય છે. પ્રવૃત્તિ કરવી તે વ્યવહારનય નથી. એક દ્રવ્યની ક્રિયા બીજા દ્રવ્યમાં મેળવે છે એને ભિન્ન ભિન્ન દ્રવ્યની શ્રદ્ધા પણ નથી. અજ્ઞાનીને આ વાતની ખબર નથી એટલે આ વાત સાંભળતા એને એમ લાગે છે કે અમે સીધે રસ્તે ચાલ્યા જતા હતા તેમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એમ કહીને તમોએ ડખો નાખ્યો. અજ્ઞાની માને છે કે જડની પ્રવૃત્તિ આત્માથી થાય છે

તે એકાંત મિથ્યાદષ્ટિ છે.

આત્માએ આહાર કર્યો કે આહારને છોડ્યો -એ બધું વ્યવહારનું કથન છે. ભોજનનું આવવું કે જવું એને આત્મા કરી શકતો નથી. ખરેખર તો જડ દ્રવ્યની તે વખતે તે પ્રકારની ક્રિયા થવાની હતી તે જ થઈ છે. આહાર આવવાનો હતો અને ન આવ્યો એમ પણ નથી. પુદ્‌ગલની પરિણતિ એના કારણે થાય છે એમ જાણવું તે નિશ્ચયનય છે અને આત્માએ એને કરી એમ કહેવું તે વ્યવહારનયનું કથન છે. આ રીતે અભિપ્રાય અનુસાર પ્રરૂપણ વિષે બે નય બને છે, પણ કાંઈ પ્રવૃત્તિ જ તો નયરૂપ નથી.

### નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની

-એમ શ્રી સમયસારમાં કહેલ છે. ત્યાં તો આત્માની શુદ્ધ પરિણતિને અભેદ કરીને કહેલ છે પણ અહીં તો એમ કહેવું છે કે જુદા જુદા દ્રવ્યની પરિણતિ જુદી જુદી છે. છતાં એકની પરિણતિને બીજાની પરિણતિ કહેવી તે વ્યવહારનય છે. પરની પરિણતિને આત્મા રાખતો નથી પણ પરની પરિણતિ આત્મા રાખે છે એમ કહેવું તે વ્યવહારનય છે. માટે જેમ છે તેમ સમજવું જોઈએ. કથન કરવું તે વ્યવહારનય છે પણ પ્રવૃત્તિ તે વ્યવહારનય નથી. એ વાતને અહીં સિદ્ધ કરે છે. આત્મા જડની પ્રવૃત્તિમાં પ્રવર્તે છે -એમ ચરણાનુયોગમાં કથન આવે છે તે વ્યવહારનયનું કથન છે પણ વસ્તુનું એવું સ્વરૂપ નથી.

કથનની પદ્ધતિ એવી હોય છે કે જડની પરિણતિથી આત્માની પરિણતિ સુધરે છે કેમ કે કોઈને એવી પ્રવૃત્તિમાં આત્માની પરિણતિ મંદ કષાયરૂપ હોય છે માટે નિમિત્તનું કથન છે કે આત્મા એ પ્રવૃત્તિને કરે છે. નિશ્ચયથી બાહ્ય પ્રવૃત્તિ તો જડની છે અને રાગની પરિણતિ તે આત્માની છે. માટે કથનમાં બે નય પડે છે પણ પ્રવૃત્તિમાં બે નય નથી.

આત્માના દ્રવ્ય-ગુણમાં તો વિકાર નથી અને પર્યાયમાં વિકાર આવ્યો તે ક્યાંથી આવ્યો ? તો કહે કે કર્મના કારણે આવ્યો. તો ત્યાં તેમ જ સત્ય માની લે તો તે નયને સમજતો નથી. કર્મની અવસ્થા તે પુદ્‌ગલની છે -એમ કહેવું તે નિશ્ચય છે, તેને આત્માએ કરી એમ કહેવું તે વ્યવહારનય છે. આમ બન્ને નયને જાણવા તે યથાર્થ છે પણ બન્ને નયને આદરણીય માનવા તે ભ્રમણા છે.

**પ્રશ્ન** : તો શું કરીએ ?

**ઉત્તર** : નિશ્ચયનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું તથા વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું. આત્મા ખાઈ શકે છે, આત્મા કર્મ બાંધે છે, આત્મા શરીરને ચલાવી શકે છે વગેરે પ્રકારની શ્રદ્ધાને છોડો. પહેલા બન્ને નયનું શ્રદ્ધાન કરવાનું કહેલ, ત્યાં તો બન્ને નય છે તેને જાણવા -એમ કહેવાનો આશય હતો,



અને અહીં નિશ્ચયને ઉપાદેય ને વ્યવહારને હેય માનવો તે બન્ને નયનું શ્રદ્ધાન છે -એમ સમજવું. પણ નિશ્ચયનય અને વ્યવહારનય બન્ને આદરણીય છે -એમ નથી. પણ નિશ્ચયનયથી પ્રરૂપણ કર્યું હોય કે આત્માની પર્યાય આત્માથી થાય છે અને જડની પર્યાય જડથી થાય છે -એવું શ્રદ્ધાન કરવું અને વ્યવહારનયથી આત્મા જડની પરિણતિ કરે છે એમ કહેલ હોય તે શ્રદ્ધાને છોડવી અને વ્યવહારનય છે એમ જાણવું -તે બન્ને નયનું શ્રદ્ધાન છે.

શાસ્ત્રમાં કથન આવ્યું હોય કે મુનિએ ઊભા ઊભા હાથમાં આહાર લેવો, ભૂમિશયન કરવું, નીરખી નીરખીને પગ ધરવો, જે રાજપાટ છોડે, જે નગ્ન રહે છે -તે બધું કથન વ્યવહારનું છે. આત્મા ચાલી શકતો નથી, નગ્નદશા આત્માએ કરી નથી, પગને ઉપાડી શકતો નથી. શરીરાદિની જે ક્રિયા થાય છે તેને જાણવી તે વ્યવહારનય છે. માટે વ્યવહારનયથી જ્યાં જ્યાં કથન કર્યું હોય ત્યાં તે જૂઠું છે એમ માનીને એવી શ્રદ્ધાને છોડવી.

શ્રી સમયસાર કળશ ૧૭૩માં પણ એ જ કહ્યું છે કે ‘‘જેથી બધાય હિંસાદિ વા અહિંસાદિમાં અધ્યવસાય છે તે બધા જ છોડવા એવું શ્રી જિનદેવે કહ્યું છે, તેથી હું એમ માનું છું કે જે પરાશ્રિત વ્યવહાર છે તે સઘળો જ છોડાવ્યો છે. તો સત્પુરુષ એક નિશ્ચયને જ ભલા પ્રકારે નિશ્ચળપણે અંગીકાર કરી શુદ્ધ જ્ઞાનઘનરૂપ પોતાના મહિમામાં સ્થિત કેમ કરતા નથી ?’’

ભાષા આદિની ક્રિયા મેં કરી, ચોરી, મૈથુન, પરિગ્રહ આદિની ક્રિયા જડની પરિણતિ છે. તે આત્મા કરે છે એવા અધ્યવસાનને છોડવા. વળી મેં પરની દયા પાળી, સાચું બોલ્યો, બ્રહ્મચર્ય પાળ્યું -એ બધા અધ્યવસાન છોડવા યોગ્ય છે કેમ કે એ બધી જડની પરિણતિ છે, આત્માની નથી. પરિગ્રહ આદિને આત્મા છોડી શકતો નથી. મારા આત્માથી પરની હિંસા થઈ, મેં પરની દયા પાળી વગેરે માનવું તે મિથ્યાત્વ છે -તે એકત્વબુદ્ધિ છે. નિમિત્તની પરિણતિ પરથી થઈ છે તેને બદલે મારાથી થઈ એ બધા અધ્યવસાન મિથ્યાત્વ છે માટે છોડવા યોગ્ય છે.

નિમિત્તની સાથે એકતાબુદ્ધિ છોડવી -એમ જિનેશ્વર ભગવાનના ૐધ્વનિમાં આવ્યું છે. આત્માએ પરદ્રવ્યમાં એટલે કોઈ પણ આત્મામાં કે પુદ્‌ગલમાં એકત્વબુદ્ધિ કરવી નહિ -એમ ભગવાને કહ્યું છે તેથી હું એમ માનું છું કે જે પરાશ્રિત વ્યવહાર છે તે સઘળોય છોડાવ્યો છે. એનો અર્થ એવો છે કે વ્યવહારની રુચિ છે તે જ મિથ્યાત્વ છે. માટે સત્પુરુષે એક નિશ્ચયનયને જ આદરણીય માનવો જોઈએ.

### ચૈત્ર વદ ૧૫, સોમવાર, ૧૩-૪-૫૩.

આજે સવારે શ્રી નિયમસારજી હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

## પ્ર. વૈશાખ સુદ ૧, મંગળવાર, ૧૪-૪-૫૩.

અહીં નિશ્ચય-વ્યવહારાભાસ મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ ચાલે છે. નિશ્ચયનય યથાર્થ છે અને તે અંગીકાર કરવા જેવો છે અને વ્યવહારનય અયથાર્થ છે માટે છોડવા યોગ્ય છે -એમ અજ્ઞાની માનતો નથી, પણ બન્ને નય ગ્રહણ કરવા જેવા છે એમ માને છે. વ્યવહાર છોડવા જેવો છે અને નિશ્ચય અંગીકાર કરવા જેવો છે એવો વિશ્વાસ કરવો એ બન્ને નયની યથાર્થ શ્રદ્ધા થઈ તે સમ્યક્ત્વ છે.

હું હતો તો જીવ મરી ગયો, મેં રાગ કર્યો માટે જૂઠું બોલવાની ક્રિયા થઈ, દેહથી ચોરી થઈ વગેરે ભાવ છોડવા જેવા છે. આત્મા દેહાદિની ક્રિયા કરે છે એ વ્યવહારનયનું કથન છે પણ એ શ્રદ્ધાન છોડવા યોગ્ય છે -એમ જ જિનેશ્વર ભગવાન કહે છે. કેવળીને ઈચ્છાપૂર્વક વાણી નથી અને છદ્મસ્થની વાણી પરિણામપૂર્વક હોય છે એટલે બંધ થાય છે -એમ શાસ્ત્રમાં લખાણ આવે છે એનો અર્થ છદ્મસ્થ જીવના પરિણામના કારણે વાણી થઈ છે -એમ નથી પણ વાણીને અને રાગને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેનું જ્ઞાન કરાવવા એમ કહેલ છે. વિષયની ક્રિયા આત્માના રાગ ભાવથી થઈ નથી અને રાગ આવ્યો માટે વસ્ત્ર મેં લીધું, રાગ વગર વસ્ત્ર લેવાતું નથી -એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં એકપણું માનવું તે મિથ્યાત્વ છે. માટે એ શ્રદ્ધાન છોડવા યોગ્ય છે. આત્માના સત્‌ના કારણે પરની સત્તા માનવી -એ મિથ્યાત્વ છે.

આત્મામાં નગ્ન થવાનો વિકલ્પ આવ્યો માટે શરીરની નગ્ન અવસ્થા થઈ છે -એમ નથી. પરિગ્રહ રાખવાનો ભાવ થયો માટે વસ્ત્રાદિ રહ્યા છે -એમ પણ નથી. ઈચ્છા થઈ માટે મોરપીંછી ઊંચી થઈ -એમ નથી. શાસ્ત્રમાં વ્યવહારનું કથન કર્યું હોય ત્યાં 'ખરેખર એમ નથી' એમ સમજવું જોઈએ. તેવી રીતે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આદિ પર ક્રિયા આત્માના શુભ ભાવને કારણે થઈ છે એ માન્યતા પણ છોડવા યોગ્ય છે કેમ કે આત્માના સત્‌ના કારણે પર સત્ નથી. મંદ કષાય થયો તેથી વસ્ત્ર છૂટી ગયું એ માન્યતા મિથ્યાત્વ છે, તીવ્ર રાગ હતો માટે વસ્ત્ર હતું એ માન્યતા પરમાં એકત્વબુદ્ધિ છે. તે મિથ્યાત્વરૂપી અધ્યવસાન છે માટે ત્રિલોકનાથ ભગવાને કહેલ છે કે એ અધ્યવસાન છોડવા યોગ્ય છે.

જુઓ, આ શ્લોકનો અર્થ સમયસાર નાટકમાં કહેલ છે.

**असंख्यात लोक परवांन जे मिथ्यात भाव,**
**तेई विवहार भाव केवली-उकत हैं।**
**जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयो,**
**ते नियत लीन विवहारसौं मुक्त है।।**
**निरविकलप निरूपाधि आतम समाधि;**
**साधि जे सुगुन मोख पंथकौं ढुकत हैं।**



**तेई जीव पर दसामैं थिररूप ह्वैके;**
**धरममैं धुके न करमसौं रूकत हैं।।**

અહીં તો વ્યવહારભાવને જ મિથ્યાત્વ કહેલ છે. અસ્થિરતાનો ભાવ ગૌણ છે. એટલે કે વ્યવહારનો આગ્રહ છે-વ્યવહારની રુચિ છે તે મિથ્યાત્વ છે. પરની જે જે પર્યાય થાય છે તે હું હતો માટે થઈ એ માન્યતાને મિથ્યાત્વ કહેલ છે. વ્યવહારભાવ ત્યાં મિથ્યાત્વભાવ અને મિથ્યાત્વભાવ ત્યાં વ્યવહારભાવ એમ કહેલ છે. જ્ઞાનીને વ્યવહારભાવ નથી. જુઓ તો ખરા, અહીં કડક વાત લીધી છે. ગ્રંથકારનો આશય સમજ્યા વિના આનો અર્થ ભર્યો છે તે બરાબર ભર્યો નથી. ગ્રંથકારે તો વ્યવહારભાવને મિથ્યાત્વ કહેલ છે તે એકત્વબુદ્ધિનો વ્યવહાર છે. જ્ઞાનીને એકત્વબુદ્ધિનો વ્યવહાર હોતો નથી. માટે વ્યવહારમાં એકત્વબુદ્ધિ માનવી તે જ મિથ્યાત્વ છે. તે એકત્વબુદ્ધિને જિનેશ્વર ભગવાને છોડાવી છે.

હિંસા, અહિંસા આદિમાં એકત્વબુદ્ધિ કરવી તે મિથ્યાત્વ છે. માટે હું માનું છું કે જે પરાશ્રિત વ્યવહાર છે તે સઘળો જ છોડાવ્યો છે. તો સત્પુરુષ એક નિશ્ચયને જ ભલા પ્રકારે નિશ્ચળપણે અંગીકાર કરી શુદ્ધ જ્ઞાનઘનરૂપ પોતાના મહિમામાં સ્થિતિ કેમ કરતાં નથી ? જુઓ, અહીં પરાશ્રિત વ્યવહાર બધો છોડાવ્યો છે, એમાં બધું આવી જાય છે. કોઈ પણ પરમાં એકત્વબુદ્ધિ કરવા જેવી નથી. ભગવાન છે માટે ૐ ધ્વનિ છે -એમ નથી. ૐ ધ્વનિના કારણે જીવો સમજે છે -એમ નથી, ભગવાન છે માટે શુભ રાગ થાય છે -એમ નથી. માટે ધર્માત્મા નિશ્ચયનયને અંગીકાર કરીને એક શુદ્ધ આત્માનો જ મહિમા કરે છે. અજ્ઞાની કે જેને વ્યવહારબુદ્ધિ છે એ તો આ વાતને સમજતા નથી. પણ અહો સંતપુરુષો ! તમો તો નિશ્ચયનયને અંગીકાર કરો અને સ્વભાવનો મહિમા કરો કેમ કે ભગવાને વ્યવહારને છોડાવ્યો છે. જેટલો વ્યવહાર છે તે બધાની એકત્વબુદ્ધિ કરવા જેવી નથી. નિશ્ચયની માત્ર વાત જ કરવી -એમ નથી પણ નિશ્ચયને જેમ છે તેમ બરાબર સમજીને અંગીકાર કરવો તે સમ્યક્ત્વ છે.

આગળ આઠમા અધિકારમાં આવે છે કે ભગવાને મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો છે અને અમે પણ ઉપદેશ આપીએ છીએ. તે તો નિમિત્તનું કથન છે પણ એ પ્રમાણે માનવું નહિ. એ માન્યતા છોડવા જેવી છે. એક દ્રવ્યની પર્યાય બીજું દ્રવ્ય કરી શકે નહિ -આ વાત રાખીને શાસ્ત્રના લખાણનો અર્થ કરવો જોઈએ. સંસારી જીવની સંસારી પર્યાય પોતાથી છે, કર્મના કારણે નથી -એમ પ્રથમ નક્કી કર્યા વિના વ્યવહારનું કથન પણ યથાર્થ એને લાગુ પડતું નથી. આત્મા શુદ્ધ જ્ઞાનઘન છે એનો મહિમા થતાં રાગનો મહિમા રહેતો નથી. નિશ્ચયથી તો રાગ પોતાનો છે પણ પરનો મહિમા છૂટતાં સ્વભાવદૃષ્ટિ થઈ ત્યારે રાગ મારો સ્વભાવ નથી તે નિર્ણય થયો તેથી રાગ રહેતો નથી.

અહીં વ્યવહારનો તો ત્યાગ કરાવ્યો છે. માટે નિશ્ચયને અંગીકાર કરી નિજ મહિમારૂપ પ્રવર્તવું યોગ્ય છે. વળી મોક્ષપાહુડની ૩૧મી ગાથામાં કહેલ છે -

**जो सुत्तो ववहारे, सो जोई जग्गए सकज्जम्मि ।**
**जो जग्गदि ववहारे, सो सुत्तौ अप्पणे कज्जे॥**

**અર્થ** : જે વ્યવહારમાં સુતા છે તે યોગી પોતાના કાર્યમાં જાગે છે તથા જે વ્યવહારમાં જાગે છે તે પોતાના કાર્યમાં સુતા છે. માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવા યોગ્ય છે.

સંસ્થા બનાવો, બહારમાં પ્રચાર કરો, શરીરાદિની ક્રિયા કરો એમ જે વ્યવહારમાં જાગતા છે તે સ્વભાવમાં સુતા છે. મિથ્યાદષ્ટિ પરના કાર્યમાં રોકાયો છે, તે પોતાના કાર્યમાં સુતો છે. અહીંના શ્રી જિનમંદિર, સમવસરણ, સ્વાધ્યાયમંદિર, પ્રવચનમંડપ, માનસ્તંભજી, બ્રહ્મચર્યાશ્રમ આદિ જોઈને લોકોને એમ થઈ જાય છે કે આવું આપણે ત્યાં બનાવીએ અને બહારમાં પ્રભાવના કરીએ. એમ જેની બહારમાં બુદ્ધિ છે તે વ્યવહારમાં જાગતા છે અને પોતાના કામ માટે સુતા છે.

જ્ઞાની સમજે છે કે પરના મહિમાથી આત્માનો મહિમા નથી. સમંતભદ્ર આચાર્ય કહે છે કે અહો ભગવાન ! આપનો મહિમા આ સમવસરણાદિથી નથી. આત્મામાં અનંત ચતુષ્ટય પ્રગટ થયા છે એ આપનો મહિમા છે. એમ જે આત્માના મહિમામાં જાગતા છે તે વ્યવહારમાં સુતા છે, તે પોતાનું કાર્ય કરવામાં જાગતા છે. અજ્ઞાનીને પરનો મહિમા આવે છે. તેને ધર્મનો મહિમા નથી.

બહારમાં વ્યવહાર થાય કે ન થાય એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. સમવસરણની પર્યાય ભગવાનના કારણે થઈ નથી. તીર્થંકરપ્રકૃતિ તો નિમિત્તમાત્ર છે. પ્રકૃતિના પરમાણુ અને સમવસરણના પરમાણુ ભિન્ન છે છતાં પ્રકૃતિના કારણે સમવસરણ થયું એમ કહેવું તે વ્યવહારનયનું કથન છે. માટે પરાશ્રિત ભાવ છોડવા યોગ્ય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો સ્વતંત્રતા બતાવે છે. અજ્ઞાની નિમિત્ત-નૈમિત્તિક સંબંધને બદલે કર્તા-કર્મ સંબંધ માને છે. તે વ્યવહારમાં જાગતા છે અને પોતાના કામમાં સુતા છે. જ્ઞાની તો સમજે છે કે સૌ સૌની પર્યાય પોતાના કારણે થાય છે -એમ સ્વતંત્રતા માનતા હોવાથી તે વ્યવહારમાં સુતા છે અને પોતાના કામમાં જાગતા છે.

જેમ સંસારનો અભાવ થઈને સિદ્ધદશા પ્રગટ થાય છે તે ફરતી નથી તેમ અસત્ય ફરીને સત્ય ગ્રહણ થાય છે તે સત્ય છૂટતું નથી, અસત્ય હોય તે છૂટી જાય છે, એક વખત સમ્યક્ત્વ થયું એટલે તે સત્ય જ રહે છે. માટે આ વાત યથાર્થપણે સમજવા જેવી છે. તે ફરે એમ નથી. સત્ય તો ત્રિકાળ સત્યરૂપ જ રહે છે એવો વિશ્વાસ પ્રથમ લાવવો જોઈએ.

અજ્ઞાની માને છે કે સંસ્થાઓ અમે ચલાવીએ છીએ -એ જીવ બહારમાં-વ્યવહારમાં જાગતા છે અને પોતાના કાર્યમાં સુતા છે. માટે વ્યવહારદષ્ટિ છોડવા યોગ્ય છે અને એક નિશ્ચયનું જ શ્રદ્ધાન કરવા જેવું છે. જુઓ, હવે સિદ્ધાંત કહે છે કે વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને અથવા તેના ભાવોને અથવા કારણ-કાર્યાદિને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એ શ્રદ્ધાન મિથ્યા જ છે, આત્માનું શરીર



છે, આત્માના આઠ કર્મ છે -એમ વ્યવહારનય બે દ્રવ્યને મેળવીને વાત કરે છે પણ વસ્તુનો સ્વભાવ એવો નથી. તેથી તે શ્રદ્ધાથી મિથ્યાત્વ થાય છે. માટે વ્યવહારનયનું શ્રદ્ધાન કરવા જેવું નથી. દસ પ્રાણ આત્માને જ હોય છે, જડને હોતા નથી -એવા કથન પ્રમાણે માની લેવું તે મિથ્યાત્વ છે.

પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહેલ છે કે પદાર્થનો જેવો સ્વભાવ છે તેને તેવો નિરૂપણ કરવો તે નિશ્ચય છે અને જેમ જૂઠો માણસ અનેક કલ્પના કરીને પોતાનું જાઠું નક્કી કરે છે તેમ વ્યવહારનય નિમિત્તનું છળ પામીને લાંબું લાંબું કરીને કથન કરે છે તેથી તે છોડવા યોગ્ય છે.

**ચૈત્ર વદ ૧૫, સોમવાર, ૧૩-૪-૫૩.**

આજે સવારે શ્રી નિયમસારજી હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

**પ્ર. વૈશાખ સુદ ૨, બુધવાર, ૧૫-૪-૫૩.**

નિશ્ચયનય તથા વ્યવહારનય બન્ને અંગીકાર કરવા યોગ્ય છે એમ નિશ્ચય-વ્યવહારાભાસ મિથ્યાદષ્ટિ કહે છે. તેને કહે છે કે એક નિશ્ચયનય જ અંગીકાર કરવા યોગ્ય છે પણ વ્યવહારનય અંગીકાર કરવા યોગ્ય નથી, વ્યવહારનય જાણવા યોગ્ય છે. વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ કહે તેને નિશ્ચયનય કહે છે અને જેવું સ્વરૂપ નથી એવું કહે તે વ્યવહારનય છે. માટે વ્યવહારનયનું જ્ઞાન કરો પણ તેનો આદર છોડો, એટલે કે એની શ્રદ્ધા છોડો.

શ્રી સમયસાર ગાથા ૧૨માં આવ્યું હતું કે જે જે કાળે જે જે રાગ આવે તેને જાણવો તે પ્રયોજનવાન છે. પૂર્ણદશા થઈ નથી ત્યાં સુધી રાગ આવે છે તેને જાણવો તે વ્યવહાર છે, પણ આદરવો તે વ્યવહાર નથી. નિશ્ચય એક અંશ છે અને વ્યવહાર પણ એક અંશ છે. એ બન્નેનું જ્ઞાન કરવું તે પ્રમાણ છે. વ્યવહારનય જાણવો પ્રયોજનવાન છે પણ તેનાથી લાભ થાય છે એવી શ્રદ્ધા છોડો. વ્યવહાર નથી જ એમ માનો તો એકાંત મિથ્યાત્વ થાય છે. વ્યવહારનય સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને મેળવીને વાત કરે છે. તે પ્રમાણે માની લેવું તે મિથ્યાત્વ છે.

આલાપ પદ્ધતિમાં નવ પ્રકારના આરોપને વ્યવહાર કહેલ છે. (૧) દ્રવ્યમાં દ્રવ્યનો, (૨) ગુણમાં ગુણનો, (૩) પર્યાયમાં પર્યાયનો, (૪) દ્રવ્યમાં ગુણનો (૫) દ્રવ્યમાં પર્યાયનો, (૬) ગુણમાં દ્રવ્યનો (૭) ગુણમાં પર્યાયનો, (૮) પર્યાયમાં દ્રવ્યનો (૯) પર્યાયમાં ગુણનો આરોપ કરવો તે વ્યવહાર છે.

(૧) એકેંદ્રિય આદિ શરીરવાળો જીવ કહેવો તે દ્રવ્યમાં દ્રવ્યનો આરોપ છે.

(૨) ઇંદ્રિયના નિમિત્તે જ્ઞાન થાય છે માટે જ્ઞાનને મૂર્તિક કહેવું તે ગુણમાં ગુણનો આરોપ છે.

(૩) શુદ્ધ જીવની પર્યાયને જીવની પર્યાય કહેવી તે પર્યાયમાં પર્યાયનો આરોપ છે.

(૪) જ્ઞાનમાં અજીવ દ્રવ્ય જણાય છે માટે તે દ્રવ્યમાં જ્ઞાનનો આરોપ કરવો તે બીજા દ્રવ્યમાં

ગુણનો આરોપ છે. લાકડી જ્ઞાનમાં જણાય છે માટે લાકડીને જ્ઞાન કહેવું તે પરદ્રવ્યમાં ગુણનો આરોપ છે.

(૫) એક પ્રદેશી પુદ્ગલ પરમાણુને દ્વિઅણુકાદિ સ્કંધોના સંબંધથી બહુપ્રદેશી કહેવું તે દ્રવ્યમાં પર્યાયનો આરોપ છે.

(૬) જ્ઞાનને આત્મા કહેવો તે ગુણમાં દ્રવ્યનો આરોપ છે.

(૭) જ્ઞાનગુણને પરિણમનશીલ જ્ઞાનગુણની પર્યાય કહેવી તે ગુણમાં પર્યાયનો આરોપ છે.

(૮) સ્થૂલ સ્કંધને પુદ્ગલદ્રવ્ય કહેવું તે પર્યાયમાં દ્રવ્યનો આરોપ છે.

(૯) ઉપયોગરૂપ પર્યાયને જ્ઞાન કહેવું તે પર્યાયમાં ગુણનો આરોપ છે.

-આ નવ બોલમાં બધા વ્યવહારના બોલ સમાઈ જાય છે. આ વ્યવહારનયનું કથન છે પણ એ પ્રમાણે માનવું નહિ. વિકાર હતો માટે કર્મ બંધાયું -તે વ્યવહારનું કથન છે પણ એ પ્રમાણે માની લેવું તે મિથ્યાત્વ છે.

જુઓ, અહીં પંડિતજીએ વ્યવહારની ખૂબ સ્પષ્ટતા કરી છે. પાઠશાળા ખોલીને વિદ્યાર્થીઓને તૈયાર કર્યા, જિનમંદિરો બનાવ્યા -એ બધું વ્યવહારનયનું કથન છે, પણ વસ્તુનું સ્વરૂપ એવું નથી. નિમિત્તની ઉપસ્થિતિ બતાવવા માટે શાસ્ત્રમાં વ્યવહારથી કથન કરેલ હોય છે. વ્યવહારનય અસત્ય પદાર્થોનું કથન કરે છે માટે એ પ્રમાણે માની ન લેવું. માનતુંગ આચાર્યે ભક્તામરથી તાળાં તોડી નાખ્યા, સીતાજીના બ્રહ્મચર્યથી અગ્નિ પાણીરૂપ થઈ, શ્રીપાળને ગંધોદકથી રોગ મટ્યો, શાંતિનાથ ભગવાન શાંતિના કર્તા છે વગેરે માનવું તે મિથ્યાત્વ છે કેમ કે કોઈની પર્યાય કોઈ કરતું નથી, પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવા વ્યવહારનયથી કથન કરવામાં આવે છે.

તીર્થંકર ભગવાને અનંત જીવોને તાર્યા, ભગવાને યજ્ઞમાં પશુહિંસા થતી હતી તે બંધ કરાવી, ભગવાને તીર્થની સ્થાપના કરી -આ બધા નિમિત્ત-નૈમિત્તિક સંબંધના કથન છે. એ પ્રમાણે જ માની લેવું તે મિથ્યાત્વ છે. ભગવાને તીર્થને સ્થાપ્યા નથી, ભગવાને હિંસા બંધ કરાવી નથી અને ભગવાને અનંત જીવોને ખરેખર તાર્યા નથી એ સત્ય વાત છે. કેમ કે કોઈનું કોઈ કાંઈ કરતું નથી. શાસ્ત્રમાં લખાણ આવે કે સંજ્વલન કષાયનો તીવ્ર ઉદય હોય તો છઠ્ઠું ગુણસ્થાન હોય છે અને મંદ ઉદય હોય તો સાતમું ગુણસ્થાન હોય છે -એ નિમિત્તનું કથન છે પણ ખરેખર એમ નથી. જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું -એમ કોઈના કારણ-કાર્ય કોઈમાં વ્યવહારનય મેળવે છે. પાણી પીવાથી તૃષા મટી, ખાવાથી ભૂખ મટી અને તેથી આત્મામાં શાંતિ થઈ એમ માનવું તે મિથ્યાત્વ છે.

શાસ્ત્રમાં જ્યાં જ્યાં વ્યવહારનું કથન આવે, દ્રવ્યમાં પર્યાયનો, દ્રવ્યમાં ગુણનો, દ્રવ્યમાં દ્રવ્યનો આરોપ કરવામાં આવે તો તે પ્રમાણે શ્રદ્ધા કરવી નહિ. સંસારની વાતમાં ખૂબ ડહાપણ બતાવે અને અહીં



આ વાત આવે ત્યાં કહે કે અમારાથી સમજાય નહિ, એનો અર્થ એ છે કે ધર્મની રુચિ જ નથી. રુચિ હોય તો સમજાયા વિના રહે નહિ અને આ વાત સમજ્યા વિના ધર્મ કે શાંતિ થાય એમ નથી. આત્માને સમજ્યા વિના નવકારમંત્ર ભણતાં ભણતાં દેહ છૂટી જાય તો પણ તેને સમાધિ કહેવાય નહિ. કદાચિત્ શુભ ભાવ હોય તો પુણ્યબંધ થાય.

આંગળીથી લાકડી ઊંચી થઈ તે કોઈનું કારણ-કાર્ય મેળવીને વ્યવહારનયથી કથન કરેલ છે, પણ ખરેખર આંગળીથી લાકડી ઊંચી થઈ નથી. આંગળીથી મોઢામાં કોળિયો મૂકાય છે તે વ્યવહારનયનું કથન છે. આત્મા આંગળીને ચલાવે નહિ, ચાવીને ખાઈ શકતો નથી -એ વાત યથાર્થ છે કેમ કે કોઈને કોઈ ચીજ સ્પર્શ જ કરતી નથી. આત્મા પુદ્ગલને સ્પર્શ કરતો જ નથી તો પછી આત્માને કારણે ખોરાક લેવાય છે એમ કહેવું તે વ્યવહારનયનું કથન છે. ઘંટીથી લોટ થાય છે એમ માનવું તે મિથ્યાત્વ છે કેમ કે ઘંટી અને ઘઉં વચ્ચે અન્યોન્ય અભાવ છે. એક દ્રવ્યના કારણે બીજા દ્રવ્યનું કાર્ય માનવું તે મિથ્યાત્વ છે.

શિક્ષકોની વ્યવસ્થા બરાબર છે માટે છોકરાઓ હોશિયાર થાય છે, કવિ કવિતા સુંદર બનાવે છે એમ માનવું તે મિથ્યાત્વ છે. અજ્ઞાની લોકો તો એમ જ માને છે પણ જ્ઞાની એમ માનતો નથી. નિશ્ચયનય એકબીજાના અંશને મેળવતો નથી તેથી જ્ઞાની એની શ્રદ્ધા કરે છે. નિશ્ચયનય કોઈમાં ભેળસેળ કરતો નથી. માટે નિશ્ચયનયની શ્રદ્ધા કરવી ને વ્યવહારનયની શ્રદ્ધા છોડવી એમ કહેલ છે.

**પ્રશ્ન** : જો એમ છે તો જિનમાર્ગમાં બન્ને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તેનું શું કારણ ?

**ઉત્તર** : જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને તો ''સત્યાર્થ એમ જ છે'' -એમ જાણવું. દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વયંસિદ્ધ છે તેને તો એમ જ સત્ય છે એમ જાણવું તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને ''એમ નથી'' પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે એમ જાણવું. કર્મથી વિકાર થયો એમ છે જ નહિ. આગળ આવશે કે દર્શનમોહથી મિથ્યાત્વ થાય છે, તે વ્યવહારનું કથન છે, તેથી તેને સત્ય માની લેવું નહિ. શાસ્ત્રમાં બે નયની વાત હોય છે. એક નય તો જેવું સ્વરૂપ છે તેવું જ કહે છે અને બીજો નય જેવું સ્વરૂપ હોય તેવું કહેતો નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ કથન કરે છે -એમ જાણવું.

ઘીનો ઘડો કહેવાય છે પણ ઘડો ઘીનો નથી. ઘીનો સંયોગ છે તે જણાવવા ઘીનો ઘડો કહેલ છે, ત્યાં વ્યવહારનયની મુખ્યતાએ કથન છે પણ વાસ્તવિકપણે એમ નથી તેમ જાણવું, તેનું નામ બન્ને નયનું ગ્રહણ છે. રાગ થાય છે એને જાણવો પણ રાગ મારો છે અને એ આદરણીય છે એમ માનવું નહિ. ભગવાનના દર્શનથી કે દેવઋદ્ધિથી સમ્યગ્દર્શન થાય છે -એમ માનવું નહિ. તે નિમિત્તનું કથન છે -એમ જાણવું તે વ્યવહારનયનું ગ્રહણ છે. નિશ્ચયનય ઉપાદેય છે અને વ્યવહારનય હેય છે એમ જાણવું તે બન્ને નયનું ગ્રહણ છે પણ બન્ને નય અંગીકાર કરવા જેવા છે એનું નામ કાંઈ બન્ને

નયનું ગ્રહણ નથી. અહીં તો જાણવાનું નામ જ ગ્રહણ કહેલ છે.

**પ્ર.વૈશાખ સુદ ૩, ગુરુવાર, ૧૬-૪-૫૩.**

નિશ્ચય ને વ્યવહારની સંધિ કરતાં જેને આવડતી નથી તેવા મિથ્યાદૃષ્ટિની વાત છે.

પ્રશ્ન કરેલ છે કે જો એમ છે તો જિનમાર્ગમાં બન્ને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તેનું શું કારણ?

**ઉત્તર** : આત્મા શુદ્ધ આનંદકંદ છે તેના શ્રદ્ધા-જ્ઞાન-રમણતાને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે. જિનમાર્ગમાં કોઈ ઠેકાણે નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને તો સત્યાર્થ એમ જ છે -એમ જાણવું. કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે. જપ, તપાદિને વ્યવહારધર્મ કહ્યો હોય તો તેનો અર્થ એમ સમજવો કે જપ, તપાદિ ધર્મ નથી પણ તેને વ્યવહારથી ધર્મ કહેવામાં આવે છે -એમ જાણવું. એ પ્રમાણે જાણવાનું નામ જ બન્ને નયોનું ગ્રહણ છે. વ્રત, તપાદિ પરિણામને ઉપચારથી ધર્મ કહે છે પણ તે ખરેખર ધર્મ નથી. અશુભ રાગ છૂટે છે ને નિમિત્તાદિ છૂટે છે એ અપેક્ષાએ વ્યવહાર કહેલ છે પણ તે ખરેખર ધર્મ નથી. શુદ્ધ ચિદાનંદ આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા એ એક જ મોક્ષમાર્ગ છે. વ્રત, તપ આદિને વ્યવહારધર્મ કહેવામાં આવે છે પણ તે પુણ્ય છે-વિકાર છે-અધર્મ છે. દૃષ્ટિમાં વ્યવહારનો નિષેધ જેને વર્તે છે અને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થઈ છે તેના પુણ્ય પરિણામને વ્યવહારધર્મ કહેવામાં આવે છે.

જેમ લૌકિકમાં મોસાળ પક્ષના કોઈ મુરબ્બીને ''કહેણો મામો'' કહે છે પણ તે સાચો મામો નથી, કહેવામાત્ર છે; તેમ આત્માની પર્યાયમાં થતાં દયા-દાનાદિના પરિણામને ''કહેણા મામાની'' જેમ ધર્મ કહેવામાં આવે છે. આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને આચરણરૂપી નિશ્ચયધર્મ પ્રગટ્યો હોય તે જીવના શુભ રાગને વ્યવહારધર્મ કહેવાય છે -એમ બન્ને પડખાં જાણવા તેનું નામ બન્ને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે. વ્યવહારને અંગીકાર કરવાની વાત નથી. ઘડો ઘીનો નથી પણ માટીનો છે. તેમ રાગાદિ પરિણામ ધર્મ નથી, કહેવામાત્ર છે. આમ જાણવું તેને ગ્રહણ કરવું કહ્યું છે. જ્યાં વ્યવહારની મુખ્યતા સહિત વ્યાખ્યાન હોય ત્યાં ''એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે એમ જાણવું. બન્ને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી ભ્રમરૂપ ન પ્રવર્તવું.''

વળી નિશ્ચયથી ધર્મ થાય છે ને વ્યવહારથી પણ ધર્મ થાય છે અથવા નિશ્ચયથી નિશ્ચયધર્મ છે ને વ્યવહારથી વ્યવહારધર્મ છે, અથવા કોઈ વખત ઉપાદાનથી કામ થાય ને કોઈ વખત નિમિત્તથી કામ થાય અથવા કોઈ વખત જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાય અથવા કોઈ વખત પોતાના કારણે જ્ઞાન રોકાય દ્દએમ માનવું તે ભ્રમણા છે. ખરેખર જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાતું નથી, અંતરાયથી વીર્ય રોકાતું નથી, મોહનીય કર્મથી ચારિત્ર રોકાતું નથી, કર્મથી જ્ઞાન રોકાયું વગેરે કથનો બધા નિમિત્તના કથનો છે.



ગોમ્મટસારમાં લખેલ છે કે ઘી-દૂધ વગરના લૂખા આહારથી વીર્ય હણાય તો એ લખાણ નિમિત્તથી છે. બદામ-પીસ્તાથી બુદ્ધિનો વિકાસ હોય તો પાડાને ખવડાવવાથી તેની બુદ્ધિ બહુ વિકાસ પામવી જોઈએ પણ એમ નથી. નિમિત્તના કથનોનો અર્થ સમજવો જોઈએ. આત્મામાં ભાવકર્મ પોતાના કારણે છે તેમાં દ્રવ્યકર્મ નિમિત્ત છે ને બાહ્ય પદાર્થ નોકર્મ છે. તે બધાનો સંબંધ બતાવવા એમ કથન છે.

જીવમાં આહાર, ભય, મૈથુન ને પરિગ્રહ -એમ ચાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે, તેમાં કર્મ નિમિત્ત છે તથા બાહ્ય નોકર્મ પણ નિમિત્ત શાસ્ત્રમાં બતાવે છે. આહાર દેખવાથી અથવા પેટ ખાલી હોય ત્યારે આહારસંજ્ઞા થાય છે, સ્મશાનના સ્થાનથી ભયસંજ્ઞા થાય છે -એમ લખાણ આવે છે તે નોકર્મ બતાવવા માટે છે. ખરેખર તો પોતાના કારણે આહારાદિ સંજ્ઞા થાય છે તો બીજા પદાર્થોને નિમિત્ત કહેવાય છે.

વળી કોઈ કહે કે સ્મશાનમાં કોઈ માણસ એકલો જાય તો ભય બહુ લાગે, બે જણ સાથે જાય તો ભય ઓછો લાગે ને ત્રણ-ચાર જણ આયુધાદિ સહિત જાય તો ભય ઘણો ઓછો લાગે છે માટે ત્યાં નિમિત્તનો પ્રભાવ પડે છે -એમ અજ્ઞાની કહે છે, પણ તે બધું ખોટું છે. ભયના પરિણામ ઓછા વત્તા થાય છે તે પોતાના કારણે થાય છે. હથિયાર આદિને લીધે ભય ઓછો થતો નથી તેમ જાણવું જોઈએ. પોતાની યોગ્યતા મુજબ પરિણામ થાય છે, નિમિત્તની બિલકુલ અસર નથી.

આત્મામાં રાગની ઉત્પત્તિ ન થવી તે યથાર્થ અહિંસા છે ને રાગની મંદતાને અહિંસા કહેવી તે કહેવામાત્ર છે. પાંચ મહાવ્રતમાં પહેલું અહિંસા મહાવ્રત છે, તે કહેવામાત્ર છે. તે બધા રાગના પરિણામ છે. નિશ્ચયથી તો તે હિંસા છે છતાં તેને અહિંસા કહેવી તે ઉપચારમાત્ર છે.

રાગ રહિત દશાને નિશ્ચય મહાવ્રત કહે છે. મંદ રાગાદિ પરિણામ કહેવામાત્ર મહાવ્રત છે. અજ્ઞાની તો જડની ક્રિયામાં મહાવ્રત માને છે ને સમજણ વિના દીક્ષા લઈ લ્યે છે તેથી અનંત સંસાર વધે છે.

માટે બન્ને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી ''આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે'' એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બન્ને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

**પ્રશ્ન** : જો વ્યવહારનય અસત્યાર્થ છે તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપ્યો ? એક નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું !

**ઉત્તર** : એવો જ તર્ક શ્રી સમયસાર(ગાથા ૮)માં કર્યો છે. ત્યાં આ ઉત્તર આપ્યો છે કે જેમ કોઈ અનાર્યને તેની ભાષા વિના સમજાવી શકાય નહિ તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે.

નિશ્ચય મોક્ષમાર્ગ સાચો છે, વીતરાગી પર્યાય સાચો ધર્મ છે, જોઈને ચાલવું, ભાષા મૃદુ બોલવી, જોઈને ચાલવું, તે ખરેખર સમિતિ નથી. શાસ્ત્રમાં કથન આવે કે મુનિએ ધોંસરા સમાન જોઈને ચાલવું

વગેરે. તો તેવો ઉપદેશ કેમ કર્યો ? તેના સમાધાનમાં જવાબ આપે છે કે વ્યવહાર વિના પરમાર્થ સમજાવી શકાતો નથી.

''સ્વસ્તિ'' શબ્દનો અર્થ અનાર્ય ન સમજી શકે, પણ ''સ્વસ્તિ''નો અર્થ તેની ભાષામાં કહે કે 'તારું અવિનાશી કલ્યાણ થાઓ' તો તે જીવ સમજી શકે છે, એમ વ્યવહારનો ઉપદેશ આપે છે. મ્લેચ્છ ભાષામાં સમજાવવું પણ બ્રાહ્મણે મ્લેચ્છ થવું નહિ તેમ વ્યવહારથી સમજાવવામાં આવે પણ વ્યવહારને નિશ્ચય માનવો નહિ. આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ભેદ પાડી સમજાવે છે પણ તે કહેવામાત્ર છે, આત્મામાં ખરેખર એવા ભેદ નથી, આત્મા તો અભેદ છે. અજ્ઞાનીને મનમાં વ્યવહાર રમી રહ્યો છે તેથી વ્યવહારની ભાષાથી આત્માનું સ્વરૂપ કહે છે પણ તેવું વસ્તુનું સ્વરૂપ નથી.

વળી વ્યવહાર અંગીકાર કરાવવા વ્યવહાર કહેતા નથી. વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે તેથી વ્યવહારનો ઉપદેશ છે. વળી એ જ સૂત્રની વ્યાખ્યામાં એમ કહ્યું છે કે એ પ્રમાણે નિશ્ચયને અંગીકાર કરાવવા માટે વ્યવહાર વડે ઉપદેશ આપીએ છીએ. પાંચ મહાવ્રત, ૨૮ મૂળગુણ આદિ વ્યવહારનયનો વિષય છે પણ તે અંગીકાર કરવા યોગ્ય નથી.

**પ્રશ્ન** : વ્યવહાર વિના નિશ્ચયનયનો ઉપદેશ હોઈ ન શકે તો વ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો તે કહો.

**સમાધાન** : અહીં કથન બીજી રીતે છે. સમયસારમાં આત્મા વસ્તુને અભેદ કહેલ છે ને તેના પર્યાયાદિ ભેદને વ્યવહાર કહેલ છે. એકરૂપ અભેદ આત્માની દૃષ્ટિ કરાવવા પોતાની પર્યાયના ભેદને ગૌણ કરી વ્યવહાર કહેલ છે. અહીં મોક્ષમાર્ગ પ્રકાશકમાં પરદ્રવ્યથી ભિન્ન ને સ્વભાવોથી અભિન્ન વસ્તુ કહેલ છે. અહીં પોતાની પર્યાય પોતામાં લીધી છે. પોતાના ગુણ-પર્યાયથી અભિન્ન છે એમ અહીં કહેલ છે.

અહીં સ્વના દ્રવ્ય-ગુણ-પર્યાયને નિશ્ચય કહેલ છે ને શરીર, કર્મ, નિમિત્તાદિને વ્યવહાર કહેલ છે. વસ્તુ છે તે પરદ્રવ્યથી ભિન્ન છે ને પોતાના સ્વભાવોથી અભિન્ન છે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના કારણે સ્વયંસિદ્ધ છે. વિકારી કે અવિકારી પર્યાય સ્વયંસિદ્ધ છે. અહીં વિકારી પર્યાય સહિત દ્રવ્ય કહ્યું છે તેને નિશ્ચય કહે છે ને જડની પર્યાયને વ્યવહાર કહે છે.

શ્રી સમયસારની ચૌદમી ગાથામાં વ્યંજનપર્યાય તથા અર્થપર્યાયને પણ વ્યવહાર કહેલ છે. તેને અહીં અભિન્ન વસ્તુમાં લીધેલ છે. એમ અપેક્ષા સમજવી જોઈએ. આત્માને જે ન ઓળખતો હોય તેને એમ જ કહ્યા કરીએ તો તે સમજે નહિ ત્યારે તેને સમજાવવા વ્યવહારનયથી (૧) શરીરાદિની પર્યાયની સાપેક્ષતાથી બતાવીએ છીએ. આ એકેંદ્રિય જીવ, આ મનુષ્ય જીવ -એમ કહે છે. પંચેંદ્રિય જીવને દસ પ્રાણ છે એમ શરીરાદિ પરદ્રવ્યની અપેક્ષા કરી નર, નારકી, પૃથ્વીકાયાદિરૂપ જીવના ભેદ કર્યા.



જડની અપેક્ષા લઈ જીવની ઓળખાણ કરાવવા શરીરને જીવ કહી દે છે. જે આત્માને સમજતો નથી, નિમિત્તના સંબંધ વિનાનો આત્મા જોણે જોયો નથી, દસ પ્રાણના સંબંધ વિનાનો, ઇંદ્રિયના સંબંધ વિનાનો આત્મા જોણે જોયો નથી તેને શરીરાદિ સહિત જીવની ઓળખાણ કરાવે છે.

(૨) હવે અંતરના વ્યવહારથી જીવની ઓળખાણ કરાવે છે. અભેદ વસ્તુમાં ભેદ ઉપજાવી જ્ઞાન દર્શનાદિ ગુણ પર્યાયરૂપ જીવના ભેદ કર્યા. આ જાણવાવાળો જીવ, દેખવાવાળો જીવ, વીર્યવાળો જીવ એમ ભેદથી જીવની ઓળખાણ કરાવે છે.

શ્રી સમયસારની સાતમી ગાથામાં કહેલ છે કે પર્યાયના ભેદ છે પણ વસ્તુને મુખ્ય કરાવવા પર્યાયના ભેદને ગૌણ કરી વ્યવહાર કહે છે, તેથી ભેદ અવસ્તુ છે; ભેદ પોતાની પર્યાય છે. પણ ભેદના લક્ષે રાગી જીવને રાગ થાય છે તેથી અભેદને મુખ્ય કરી ભેદને ગૌણ કરી ભેદને અવસ્તુ કહેલ છે.

અહીં મોક્ષમાર્ગ પ્રકાશકમાં ભેદને સ્વયંસિદ્ધ વસ્તુમાં ગણેલ છે ને ભેદથી સમજાવે છે. હવે ત્રીજો બોલ બતાવે છે.

વળી રાગ રહિત સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે, પંચ મહાવ્રતાદિના પરિણામ મોક્ષમાર્ગ નથી. લાખો રૂપિયા દાનમાં આપે તેથી તો ધર્મ નથી પણ તેમાં જે કષાયમંદતા થાય તે પુણ્ય છે, પણ ધર્મ નથી. પૈસા પાપ નથી પણ પૈસાને પોતાના માનવા તે પાપ છે. પૈસા જવારૂપ ક્રિયા પુણ્ય નથી પણ કષાયમંદતાના પરિણામ કરે તે પુણ્ય છે, પણ તે પુણ્ય પરિણામ મોક્ષમાર્ગ નથી, વીતરાગ ભાવ તે મોક્ષમાર્ગ છે. પણ અજ્ઞાની જીવ વીતરાગ ભાવ તે મોક્ષમાર્ગ એટલાથી સમજતો નથી તેથી તેને વ્યવહારનયથી સમજાવે છે.

અહીં ''વ્યવહારનય'' શબ્દ લખેલ છે તે ''તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક'' સાથે લાગુ પડતો નથી. તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાન તો નિશ્ચય છે, વ્યવહાર નથી. તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાન જેને નિશ્ચય પ્રગટ થયા છે તેને વ્યવહારનયથી પરદ્રવ્યના નિમિત્ત મટવાની સાપેક્ષતા વડે વ્રત આદિના ભેદો બતાવે છે. વીતરાગી ચારિત્ર તે મોક્ષમાર્ગ છે એમ અજ્ઞાની સમજતો નથી તેથી વ્યવહારથી સમજાવે છે. પોતામાં અશુભ રાગ મટે છે ને શુભ રાગ થયેલ છે તે શુભ રાગના વ્રત, શીલ આદિ ભેદો બતાવીને વીતરાગ ભાવની ઓળખાણ કરાવે છે. જેને નિશ્ચય તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાન થયા છે તેને જે વીતરાગ ભાવ પ્રગટે છે તે વીતરાગ ભાવને વ્રત, શીલ, સંયમાદિરૂપ શુભ ભાવના ભેદો દ્વારા સમજાવે છે. કારણ કે અજ્ઞાની ''વીતરાગ ભાવ'' એટલું માત્ર કહેતા સમજતો નથી.

### પ્ર.વૈશાખ સુદ ૪, શુક્રવાર, ૧૭-૪-૫૩.

આ મોક્ષમાર્ગ પ્રકાશક છે. મોક્ષમાર્ગ એટલે શું ? આત્માની પર્યાયમાં રાગ-દ્વેષ-અજ્ઞાનભાવરૂપ વિકાર છે તે સંસાર છે અને તે વિકાર રહિત પૂર્ણ નિર્મળ જ્ઞાનાનંદ દશા પ્રગટે તેનું નામ મોક્ષ છે

અને તે મોક્ષનું કારણ તે મોક્ષમાર્ગ છે. શુદ્ધ આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે મોક્ષમાર્ગ છે. પર જીવનું જીવન કે મરણ આત્મા કરી શકતો નથી અને દયા વગેરેનો શુભ ભાવ થાય તે પણ ખરેખર મોક્ષમાર્ગ નથી, મોક્ષમાર્ગ તો વીતરાગ ભાવ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે ત્રણે વીતરાગભાવરૂપ છે. મારો આત્મા જ્ઞાનાનંદસ્વરૂપી છે એવી વીતરાગી શ્રદ્ધા થાય તે સમ્યગ્દર્શન છે. પરનું ભલું-બૂરું હું કરી દઉં એવી માન્યતા તે અજ્ઞાન છે, આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગભાવ તે જ મોક્ષમાર્ગ છે, તેને જે ઓળખતો નથી તેને વ્યવહારનયથી વ્રત વગેરેના ભેદો પાડીને સમજાવ્યું છે. વ્યવહારશ્રદ્ધા તે કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો વીતરાગી રત્નત્રય જ છે પણ તેને ભેદ પાડીને સમજાવ્યું છે.

જીવાદિ સાતે તત્ત્વો ભિન્ન ભિન્ન જેમ છે તેમ તેની શ્રદ્ધા કરવી. સાતે તત્ત્વોના ભાવનું યથાર્થ ભાસન થવું તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. યથાર્થ તત્ત્વ શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક વીતરાગ ભાવ થયો તે મોક્ષમાર્ગ છે. જ્ઞાનાનંદ સ્વરૂપનું ભાન થયું હોય કે વિકાર થાય તે મારા સ્વભાવને માટે બેકાર છે, ને જડની ક્રિયાથી તો મારી શાંતિ નથી જ. આવા શ્રદ્ધા-જ્ઞાન સહિત વીતરાગ ભાવ તે મોક્ષમાર્ગ છે. પણ જે જીવ એવા ભાવને ઓળખતો નથી તેને વ્રતાદિ ભેદ પાડીને સમજાવ્યું છે, તેનું નામ વ્યવહાર છે. મોક્ષમાર્ગરૂપ વીતરાગ ભાવ તો એક જ પ્રકારનો છે. છતાં અનેક પ્રકારોથી તેનું કથન કરવું તે વ્યવહાર છે. પણ એનો અર્થ એમ નથી કે વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે પણ મોક્ષમાર્ગ છે. વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ નથી પણ જે નિશ્ચય મોક્ષમાર્ગ છે તેનું સ્વરૂપ સમજાવવા માટે વ્યવહારથી ભેદ પાડીને કહ્યું છે.

રાગાદિ તે મોક્ષમાર્ગ નથી. પૈસા ખરચે તેથી કાંઈ ધર્મ થઈ જતો નથી અને પૈસાથી પુણ્ય પણ નથી. પૈસા ખર્ચે તેમાં મંદ કષાય હોય તો પુણ્ય છે, ધર્મ તો જુદી ચીજ છે.

મોક્ષમાર્ગ તો વીતરાગ ભાવ છે. આત્માની પરમ આનંદદશા પ્રગટે તે મોક્ષ છે. મોક્ષ આત્મામાં થાય છે, તેનો ઉપાય પણ આત્માનો વીતરાગ ભાવ છે. અને તે વીતરાગ ભાવ એક જ પ્રકારનો છે, પણ તેને જે સમજતો નથી તેને નિમિત્તથી વ્રતાદિના અનેક ભેદ પાડીને સમજાવ્યું છે. પહેલા સ્ત્રી, વેપાર વગેરેને અશુભ પરિણામના નિમિત્ત બનાવતો, પણ આત્માના ભાનપૂર્વક અંશે વીતરાગતા થતાં, હિંસા વગેરેના અમુક નિમિત્તો છૂટી ગયા, ત્યાં નિમિત્ત છૂટવાની અપેક્ષાએ અહિંસા-સત્ય વગેરે ભેદ પાડીને સમજાવ્યું છે; પણ ત્યાં જે વ્રતનો શુભ રાગ છે તે કાંઈ ખરેખર મોક્ષમાર્ગ નથી, મોક્ષમાર્ગ તો વીતરાગ ભાવ છે. હિંસા ભાવ છૂટ્યો ત્યાં હિંસાના નિમિત્ત પણ છૂટ્યા. રાગદ્વેષ વખતે સ્ત્રી વગેરે નિમિત્તો હતા, વીતરાગ ભાવ થતાં તે નિમિત્ત છૂટી ગયા તેથી તે નિમિત્ત છૂટવાની અપેક્ષાએ બ્રહ્મચર્યવ્રત વગેરે કહીને વીતરાગ ભાવ ઓળખાવ્યો છે, પણ વ્રતાદિના શુભ ભાવ છે તે કાંઈ વીતરાગ ભાવ નથી.

અનાસક્તિ ભાવે જગતના કામ કરવા -એમ અજ્ઞાની લોકો કહે છે, પણ તે વાત મિથ્યા છે.



પરના કામ આત્મા કરી જ શકતો નથી, છતાં હું તેને કરું એમ માને છે તે જ મિથ્યાત્વ છે. જડ ઇંદ્રિયોને જીતવી એમ અજ્ઞાની માને છે, તે પણ જૂઠી વાત છે. ઇંદ્રિયો જડ છે તેને શું જીતવી? પણ અંદર આત્માનું ભાન થતાં ઇંદ્રિયો તરફનું વલણ છૂટ્યું ત્યાં ઇંદ્રિયોનું નિમિત્ત છૂટી ગયું, તેથી ઇંદ્રિયોને જીતી -એમ કહેવાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક ભૂમિકા અનુસાર વીતરાગ ભાવ થયો તે મોક્ષમાર્ગ છે અને તે ભૂમિકામાં વ્રતાદિનો શુભ રાગ પણ હોય છે. જ્યાં વીતરાગભાવરૂપ યથાર્થ મોક્ષમાર્ગ પ્રગટ્યો છે ત્યાં વ્રતાદિ ભેદોને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો, પણ જેને વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ પ્રગટ્યો જ નથી તેના એકલા રાગને ઉપચારથી પણ મોક્ષમાર્ગ નથી કહેતા. અહીં તો જેને યથાર્થ તત્ત્વના નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યા છે એવા જીવની વાત છે. નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન વગર તો મોક્ષમાર્ગનો અંશ પણ હોય નહિ.

મુનિને ચૈતન્યના નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક તેમાં લીનતાથી એવો વીતરાગ ભાવ થયો કે હિંસા-ચોરી-પરિગ્રહ વગેરેનો અશુભ ભાવ થતો નથી, ત્યાં તેને અહિંસા વ્રત, સત્ય વ્રત વગેરેના ભેદોથી સમજાવ્યું છે, પણ ત્યાં મોક્ષમાર્ગ તો વીતરાગ ભાવ છે, તે વીતરાગ ભાવ એક જ જાતનો છે. રાગ અને નિમિત્તો છૂટવાની અપેક્ષાએ પાંચ વ્રત વગેરે ભેદોથી મોક્ષમાર્ગનું કથન કરીને સમજાવ્યું છે. માટે યથાર્થ વસ્તુસ્થિતિ શું છે તે સમજવું જોઈએ. શરીરની ક્રિયા સરખી થાય તો ધર્મ થાય -એમ અજ્ઞાની માને છે, પણ શરીરની ક્રિયામાં કાંઈ ધર્મ નથી. મહા વીતરાગી મુનિ હોય અને લકવા થઈ ગયો હોય ત્યાં શરીરની ક્રિયાથી વંદનાદિ ન થાય છતાં અંતરમાં સ્વભાવના અવલંબને નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગ ભાવ ટક્યો છે તે મોક્ષમાર્ગ છે. મુનિની દશા દિગંબર હોય છે, વસ્ત્રનો રાગ તેમને હોતો જ નથી, ૨૮ મૂળગુણ હોય છે પણ ૨૮ મૂળગુણનો શુભ ભાવ તે ખરેખર મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ અંતર્સ્વરૂપના આશ્રયે થયેલો વીતરાગ ભાવ છે. પંચ મહાવ્રતના વિકલ્પ વખતે પાછળ તે ભૂમિકાને યોગ્ય વીતરાગ ભાવ છે તે જ મોક્ષમાર્ગ છે.

જડ પદાર્થો જગતના સ્વતંત્ર તત્ત્વો છે, આહાર આવવો કે છૂટવો તે ક્રિયા જડની છે, આત્માના હાથની તે ક્રિયા નથી. આત્માના ભાન વિના જડની ક્રિયાનું અભિમાન અજ્ઞાની કરે છે, તેને મોક્ષમાર્ગની ખબર નથી.

નિશ્ચયનો ઉપદેશ કરતાં વચ્ચે ભેદરૂપ વ્યવહારથી કથન આવ્યા વિના રહેતું નથી. નિશ્ચય મોક્ષમાર્ગ તો એક જ પ્રકારનો છે, પણ તેને સમજાવતાં ભેદ પાડીને સમજાવ્યું છે. ''બોલે ત્યાં બે માગે'' -એમ નિશ્ચયનો ઉપદેશ કરતાં વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી. આ બાબતમાં એક દૃષ્ટાંત આવે છે. કાકા-ભત્રીજા વચ્ચે પાંચ લાડવા હતા, ત્યાં તકરાર થઈ અને બન્નેએ નક્કી કર્યું કે 'જે બોલે તે બે ખાય ને ન બોલે તે ત્રણ.' પછી કોઈ બોલે નહિ, ત્યાં માણસોએ જાણ્યું કે આ બન્ને મરી ગયા છે તેથી તેને બાળવા માટે સ્મશાનમાં લઈ ગયા ને બાળવાની તૈયારી કરી, ત્યાં ભત્રીજાથી

ન રહેવાયું ને બોલ્યો કે "ઊઠ કાકા ! ત્રણ તારા ને મારા બે !" તેમ આત્માનો ચિદાનંદ સ્વભાવ છે, તેમાં નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતારૂપ મોક્ષમાર્ગ છે. વચ્ચે વિકલ્પ ઊઠ્યો તે રાગ છે; ઉપદેશનો વિકલ્પ ઊઠ્યો ત્યાં નિશ્ચય શ્રદ્ધા અને જ્ઞાનરૂપ બે લાડવા રહ્યા પણ નિર્વિકલ્પ રમણતારૂપ ત્રીજો લાડવો ગુમાવ્યો. માટે કહ્યું કે "બોલે તેના બે." અને ચૈતન્યમાં નિર્વિકલ્પપણે એકાગ્ર થયો ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેની એકતારૂપ મોક્ષમાર્ગ છે. વ્યવહારથી કથન કર્યું ત્યાં તેને જ વળગી રહે ને તેનો પરમાર્થ ન સમજે તો તે મિથ્યાદૃષ્ટિ છે.

(૧) નર-નારકાદિ શરીરને જીવ કહ્યો કે નરકનો જીવ, દેવનો જીવ, ત્યાં ખરેખર શરીર તે જીવ નથી પણ શરીર રહિત એકલા જીવને અજ્ઞાની ઓળખતો નથી તેથી તેને સમજાવવા માટે શરીરના નિમિત્તથી કથન કરીને જીવ ઓળખાવ્યો છે પણ ત્યાં શરીરને જ જીવ ન માની લેવો. શરીર તો જડ છે, શરીર અને જીવના સંયોગની અપેક્ષાએ કથન કર્યું કે આ એકેંદ્રિય જીવ, આ નરકનો જીવ; પણ ખરેખર ત્યાં જીવ તો તે એકેંદ્રિય વગેરે શરીરથી જુદો જ છે. પણ જેને જુદા જીવ ઉપર લક્ષ નથી તેને ઓળખાવવા માટે સંયોગ અપેક્ષાએ કથન કરીને ઓળખાવ્યું છે, પણ કથન કર્યું તેથી કાંઈ શરીર તે જીવ થઈ જતો નથી. શરીર વગરનો એકલો આત્મા અજ્ઞાનીએ કદી જોયો નથી, તેથી તેને સમજાવવા ઉપચારથી કથન કર્યું -તે વ્યવહાર છે. કીડીના શરીરની અપેક્ષાએ "કીડીનો જીવ" એમ કહેવાય, પણ તે કહેવામાત્ર છે. ખરેખર કીડીનું શરીર તે જીવ નથી, જીવ જુદો છે, જીવનું શરીર તો જ્ઞાન છે. "જ્ઞાનવિગ્રહ" તે આત્માનું શરીર છે. ચૈતન્યચમત્કાર ભગવાન આત્મા છે પણ મૃતક કલેવર એવા આ જડ શરીરમાં તે મૂર્છાઈ ગયો છે. જીવતા પણ શરીર તો મૃતક કલેવર જ છે. શ્રી સમયસારની ૯૬મી ગાથામાં કહે છે કે ભગવાન આત્મા તો પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન છે, ને શરીર તો જડ મૃતક કલેવર છે, પણ ભિન્ન ચૈતન્યને ચૂકીને "શરીર તે જ હું, શરીરની ક્રિયા મારાથી થાય છે" -એવી માન્યતાથી મૃતક કલેવરમાં મૂર્છિત થયો છે. તે અજ્ઞાનીને આત્મા શરીરથી ભિન્ન ભાસતો નથી. નિશ્ચયથી આત્મા તો વિજ્ઞાનઘન છે અને શરીરના સંયોગથી જીવનું કથન કર્યું તે વ્યવહાર છે, પણ ત્યાં ખરેખર જીવને શરીરવાળો જ માની લ્યે તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. અરે જીવ ! શરીર તો મડદું છે ને તું તો ચૈતન્યઘન છો, માટે "હું શરીરને ચલાવું છું" એવું મૃતક કલેવરનું અભિમાન છોડી દે. શરીર તો મૃતક કલેવર છે, તે તારા ધર્મનું સાધન નથી. તારો આત્મા અમૃતપિંડ વિજ્ઞાનઘન છે તે જ તારા ધર્મનું સાધન છે. શરીરને જીવ કહ્યો ત્યાં જીવ તો વિજ્ઞાનઘન છે, ને શરીર જડ છે, તેનાથી જીવ જુદો છે -એમ સમજવું.

(૨) વળી વ્યવહારનો બીજો પ્રકાર એ છે કે અભેદ આત્મામાં જ્ઞાન-દર્શનાદિના ભેદો પાડીને કથન કર્યું તે વ્યવહાર છે, પણ ત્યાં ખરેખર આત્મા તો અભેદ-એક છે. જાણે તે આત્મા, શ્રદ્ધા કરે તે આત્મા, આનંદ તે આત્મા -એમ જુદા જુદા ગુણના ભેદથી આત્મા ઓળખાવ્યો પરંતુ ત્યાં આત્મા કાંઈ જુદો જુદો નથી. આત્મા તો બધા ગુણોનો અભેદ પિંડ છે. સમજાવવા માટે અનેક



ભેદ પાડીને કહ્યું પણ નિશ્ચયથી આત્મા અભેદ છે તે જ જીવવસ્તુ છે -એમ સમજવું. વિશ્વાસ કરનાર કોણ છે ? શરીર, પૈસા, સ્ત્રી વગેરેનો વિશ્વાસ કરે છે -તે કોણ છે ? -કે આત્મા પોતાના શ્રદ્ધાગુણથી વિશ્વાસ કરે છે, માટે શ્રદ્ધા કરે તે આત્મા છે. તો હે ભાઈ ! તારા શ્રદ્ધાગુણ વડે જેમ તું પરનો વિશ્વાસ કરે છે તેમ શ્રદ્ધાને અંતર્મુખ કરીને તારા આત્માની શ્રદ્ધા કર. એ પ્રમાણે સમજાવ્યું છે પણ ત્યાં કાંઈ શ્રદ્ધા અને આત્મા વચ્ચે ભેદ નથી પણ સમજાવતાં કથનમાં ભેદ આવે છે.

પહેલા તો એમ કહ્યું કે શરીરાદિ પરવસ્તુને જીવ કહેવો -તે કથનમાત્ર છે, ખરેખર જીવ તેવો નથી. જીવ તો શરીરથી જુદો છે. તે જ પ્રમાણે ગુણભેદથી સમજાવ્યું છે, પણ વસ્તુ તો ગુણ-પર્યાયનો એક પિંડ છે. માટે ભેદથી જ વસ્તુની શ્રદ્ધા ન કરવી પણ અભેદ વસ્તુની શ્રદ્ધા કરવી. પરથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન -એ રીતે જીવની ઓળખાણ કરાવી છે. હવે વ્યવહારનો ત્રીજો પ્રકાર કહેશે. વ્રતાદિ ભેદોને મોક્ષમાર્ગ કહ્યો ત્યાં ખરેખર તે મોક્ષમાર્ગ નથી, ખરો મોક્ષમાર્ગ તો વીતરાગ ભાવ જ છે. તે વાત હવે કહેશે.

## પ્ર.વૈશાખ સુદ ૫, શનિવાર, ૧૭-૪-૫૩.

શાસ્ત્રોમાં વ્યવહારથી જે કથન કર્યું હોય તેનો અર્થ શું છે તે વાત ચાલે છે. ગુણ-ગુણી ભેદથી કથન કર્યું હોય કે જ્ઞાન તે જીવ, દર્શન તે જીવ, ચારિત્ર તે જીવ, -ત્યાં વસ્તુ તો એક છે, એવી અભેદ વસ્તુની દૃષ્ટિ કરવી તે ધર્મ છે. અભેદ વસ્તુ સમજાવવા માટે ભેદથી કથન કરીને સમજાવ્યું છે. જેમ શરીરને જીવ કહ્યો તે ઉપચારથી જ છે, તેમ જ મોક્ષમાર્ગને અનેક ભેદોથી સમજાવ્યો, ત્યાં પણ ખરેખર મોક્ષમાર્ગ તો એક જ પ્રકારનો છે. પંચ મહાવ્રત, શીલ, સંયમ વગેરે ભેદોને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો, ત્યાં તેને ખરેખર મોક્ષમાર્ગ ન માનવો. વીતરાગ ભાવ થતાં વસ્ત્રાદિ નિમિત્ત છૂટ્યાં અને રાગ છૂટ્યો તે અપેક્ષાએ મોક્ષમાર્ગને અનેક ભેદથી સમજાવ્યો છે. વ્રતાદિના શુભ ભાવ તે મોક્ષમાર્ગ નથી છતાં તેને મોક્ષમાર્ગ કહેવો તે તો કથનમાત્ર છે. મુનિ વનવાસ ગયા ને વસ્ત્ર-સ્ત્રી વગેરેને છોડ્યા, છ'કાયની હિંસા છોડી -એમ કહેવું તે પણ ઉપચારથી છે, કેમ કે પરદ્રવ્યને આત્મા ક્યાં છોડી શકે છે ? રાગ છૂટતાં વસ્ત્રાદિ છોડ્યાં એમ કહેવાય છે -તે નિમિત્તની અપેક્ષાએ છે.

એક પરમાણુમાત્રને પણ આત્મા ગ્રહી કે છોડી શકતો નથી. જ્ઞાનાનંદ આત્માની દૃષ્ટિ થઈ અને તેમાં એકાગ્ર થતાં વીતરાગ ભાવ પ્રગટ્યો તે તો નિશ્ચયથી મોક્ષમાર્ગ છે, અને ત્યાં હિંસાદિકના નિમિત્તો છૂટ્યાં એ અપેક્ષાએ અહિંસા-સત્ય વગેરે મહાવ્રત કહ્યા, તે નિશ્ચયથી મોક્ષમાર્ગ નથી; મોક્ષમાર્ગ તો એક જ છે, પણ સમજાવવા માટે તેનું અનેક પ્રકારના ભેદથી નિરૂપણ કર્યું તે વ્યવહાર છે. નિશ્ચય તે વસ્તુનું યથાર્થ સ્વરૂપ છે, ને વ્યવહાર તે આરોપ છે -એટલે કે યથાર્થ સ્વરૂપ એમ નથી. ચોથા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી કષાયનો અભાવ છે, ને ત્યાં માંસ, મધ, દારૂ વગેરે લેવાનો ભાવ જ તેને હોતો નથી. એટલે તેવું નિમિત્ત પણ તેને હોતું નથી. ત્યાં જીવે માસાંદિ અભક્ષ્યને

છોડ્યું -એમ કહેવું તે વ્યવહારથી છે કેમ કે પરદ્રવ્ય તો છૂટું જ છે -પણ તે જાતનો ભાવ છૂટતા નિમિત્ત પણ છૂટી ગયું.

જ્ઞાનાનંદ ચૈતન્ય દ્રવ્યના આશ્રયે જ મોક્ષમાર્ગ છે, રાગના આધારે કે નિમિત્તના આશ્રયે મારો મોક્ષમાર્ગ નથી. આમ જેને પ્રતીત નથી તે જીવ ખરેખર દિગંબર શ્રદ્ધાવાળો નથી. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થઈ જશે -એમ માનનાર દિગંબરમતની શ્રદ્ધાવાળો નથી પણ મિથ્યાદષ્ટિ છે. પરદ્રવ્યને આત્મા છોડે એમ કહેવું તે કથનમાત્ર છે. વીતરાગભાવ થતાં રાગના નિમિત્ત છૂટ્યાં, તે અપેક્ષાએ અહિંસા વગેરે વ્રતોને મોક્ષમાર્ગ કહ્યો.

આત્માએ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ગ્રહ્યા અને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને છોડ્યાં -એ પણ ઉપચારથી છે. પણ આત્માની ઓળખાણ થતાં વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો શુભ રાગ આવ્યો ને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રના સેવનનો મિથ્યા ભાવ છૂટી ગયો, ત્યાં કુદેવાદિ નિમિત્ત પણ છૂટી ગયા. આત્માએ તેને છોડ્યા એમ કહેવું તે વ્યવહારમાત્ર છે. પરને કોણ છોડે અને કોણ ગ્રહે ?

સ્વરૂપમાં લીન થયો અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ પણ છૂટી ગયું ત્યાં નિમિત્તનું લક્ષ છૂટવાની અપેક્ષાએ દેવ-ગુરુ-શાસ્ત્રને પણ છોડ્યા એમ કહેવાય છે. પરદ્રવ્યનું નિમિત્ત મટવાની અપેક્ષાએ કથન કર્યું છે કે હિંસા છોડીને પર જીવની અહિંસા ગ્રહણ કરી, અસત્ય છોડ્યું ને સત્ય ગ્રહણ કર્યું, ચોરી છોડીને અચૌર્ય ગ્રહણ કર્યું, પરિગ્રહ છોડ્યો ને દિગંબરદશા ગ્રહણ કરી, અબ્રહ્મ છોડ્યું ને બ્રહ્મચર્ય ગ્રહણ કર્યું. પણ ત્યાં એમ સમજવું કે સ્વભાવના અવલંબને આત્માને વીતરાગ ભાવ થતાં તે તે પ્રકારનો રાગ છૂટી ગયો. ખરેખર રાગને છોડવો તે પણ વ્યવહારથી છે કેમ કે જે રાગ થયો તેને તે સમયે છોડવો શું ? અને બીજા સમયે તો તે રાગનો વ્યય થઈ જ જાય છે. માટે ખરેખર રાગનું પણ ગ્રહણ-ત્યાગ નથી, પણ સ્વભાવમાં એકાગ્રતા વડે વીતરાગ ભાવ પ્રગટ થયો ત્યાં રાગને છોડ્યો એમ કહેવાય છે અને રાગ છૂટતાં હિંસાદિ નિમિત્તોને છોડ્યા એમ પણ ઉપચારથી કહેવાય છે. પંચ મહાવ્રતાદિનો શુભ ભાવ થતાં હિંસાદિ તરફનો અશુભ ભાવ છૂટ્યો, પણ ત્યાં તે શુભ રાગરૂપ સંયમાદિક કે વ્રત તે ખરેખર મોક્ષમાર્ગ નથી. છ'કાયની દયાનો ભાવ તે ખરેખર મોક્ષમાર્ગ નથી, મોક્ષમાર્ગ તો વીતરાગ ભાવ જ છે. તે વીતરાગ ભાવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સમાઈ જાય છે.

પરદ્રવ્યનું નિમિત્ત મટવાની અપેક્ષાએ વ્રત-તપ વગેરેને મોક્ષમાર્ગ કહ્યો, ત્યાં તેને જ મોક્ષમાર્ગ ન માની લેવો પણ તે તો વ્યવહારમાત્ર કથન છે. કેમ કે જો પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગ આત્માને હોય તો આત્મા પરનો કર્તા-હર્તા થાય, પણ એમ વસ્તુસ્વરૂપ નથી. કોઈ દ્રવ્યની ક્રિયા બીજા દ્રવ્યને આધીન નથી. શરીરને હું ચલાવું એમ માને તે મિથ્યાદષ્ટિ છે. શરીરની આંગળી ચાલે કે ભાષા બોલાય તે જીવની ક્રિયા નથી, જીવે તે ક્રિયા કરી નથી. છતાં મારાથી તે ક્રિયા થઈ એમ જે માને તે જૈન નથી, તેને નવ તત્ત્વની શ્રદ્ધા નથી. આંગળીની ક્રિયા આત્માને આધીન નથી. માથાના વાળનો લોચ



થાય ત્યાં આંગળીને આધીન તે ક્રિયા નથી, તેમ જ આંગળીની ક્રિયા આત્માને આધીન નથી. કોઈ દ્રવ્યની ક્રિયા કોઈ બીજા દ્રવ્યને આધીન નથી. બહારનો ત્યાગ તે તો મોક્ષમાર્ગ નથી અને અંદર વ્રતાદિનો શુભ રાગ તે પણ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો વીતરાગ ભાવ છે. સ્વભાવ તરફ ઝૂક્યો ત્યાં રાગ છૂટ્યો ને વીતરાગ ભાવ થયો, તેથી સ્વભાવ તરફ ઝૂક્યો તે જ મોક્ષમાર્ગ છે. પહેલા કાંઈ આત્માએ પરદ્રવ્યને ગ્રહણ કર્યું ન હતું અને વીતરાગતા થતાં કાંઈ આત્માએ પરદ્રવ્યને છોડ્યું નથી. પરદ્રવ્ય તો ત્રણે કાળે આત્માથી છૂટાં જ છે.

અજ્ઞાનીને સાચી સમજણ કઠણ લાગે છે ને મુનિપણું સહેલું લાગે છે, પણ અરે ભાઈ ! આત્માના જ્ઞાન વગર મુનિપણું હોય જ ક્યાંથી ? સમ્યગ્દર્શન વગર અનંતવાર મુનિવ્રત ધારીને સ્વર્ગમાં ગયો પણ અંદરમાં યથાર્થ મોક્ષમાર્ગ શું છે તે ન સમજ્યો.

આત્મામાં જે અશુદ્ધતા છે તેને મટાડવાનો ઉપાય બાહ્ય ક્રિયા માને છે, તથા શુદ્ધ પર્યાયની ઉત્પત્તિનું કારણ દેવ-ગુરુ વગેરે નિમિત્તો છે. એ રીતે અજ્ઞાની જીવ અશુદ્ધતા અને શુદ્ધતા બન્ને પર્યાય પરથી માને છે. શુદ્ધતાનો ઉત્પાદ પણ પરથી માન્યો ને અશુદ્ધતાનો નાશ પણ પરથી માન્યો. એટલે આત્મા તો ઉત્પાદ-વ્યય વગરનો જ એકલો ધ્રુવ રહી ગયો ! ! પણ એ શ્રદ્ધા જ મિથ્યા છે. ચિદાનંદ ધ્રુવ સ્વભાવની દૃષ્ટિથી જ સમ્યગ્દર્શનનો ઉત્પાદ અને મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. એ જ શુદ્ધતા પ્રગટવાની અને અશુદ્ધતાના નાશની ક્રિયા છે. બહારની ક્રિયાથી તો અશુદ્ધતા નથી મટતી ને શુભ રાગ તે પણ અશુદ્ધતા મટવાનું કારણ નથી. શુભ રાગ પણ પુણ્યબંધનું કારણ છે, તે ભાવથી આત્મા બંધાય છે, ત્યાં અજ્ઞાની તેને મોક્ષનું કારણ માને છે. શુભ રાગથી અમને પુણ્ય તો બંધાશે ને ? -એમ જેને પુણ્યબંધનની હોંશ છે તેને અબંધ આત્મસ્વભાવનો અનાદર છે. નિશ્ચયથી આત્માનો વીતરાગ ભાવ જ મોક્ષમાર્ગ છે અને વ્રતાદિકને મોક્ષમાર્ગ કહેવો તે તો ઉપચાર જ છે. વીતરાગ ભાવને તથા વ્રતાદિકોને <u>કદાચિત્</u> કાર્ય-કારણપણું છે, વીતરાગ ભાવ વર્તતો હોય, પ્રમાદ ભાવ ન હોય ને કદાચિત્ શરીરના નિમિત્તે કોઈ જીવની હિંસા થઈ જાય ત્યાં કારણ-કાર્યપણું નથી. માટે વીતરાગ ભાવે અને બાહ્ય વ્રતાદિકોને કદાચિત્ સંબંધ કહ્યો છે. મુનિ છઠ્ઠા ગુણસ્થાને હોય ને કોઈ આવીને મુનિને ઉપાડીને પાણીમાં બોળી દે -ત્યાં શરીરના નિમિત્તે પાણીના જીવોની હિંસા થાય પણ મુનિ તેના નિમિત્ત નથી, મુનિ તો ધ્યાનની શ્રેણી માંડીને કેવળજ્ઞાન પામી જાય છે. વળી વીતરાગ ભાવમાં એકાગ્ર થયો ત્યાં વ્રતાદિકનો શુભ વિકલ્પ પણ નથી. જ્ઞાનીને પૂજા-ભક્તિનો ભાવ આવે, પગે ઘૂઘરા બાંધી તાંડવ નૃત્ય કરે પણ સમજે છે કે આ ભક્તિનો ભાવ આવ્યો છે તે મારા કારણે છે, નાચવામાં શરીરની ક્રિયા જડની છે, તેમાં મારો મોક્ષમાર્ગ નથી, મારો મોક્ષમાર્ગ તો મારા સ્વભાવના અવલંબને જ છે.

ઋષભદેવ ભગવાનની પાસે ઇંદ્રે નીલાંજના દેવીને નચાવી, ને નાચતાં નાચતાં તેનું આયુષ્ય પૂરું

થઈ ગયું, ત્યાં ભગવાન વૈરાગ્ય પામ્યા પણ તે પોતાના કારણે વૈરાગ્ય પામ્યા છે, નિમિત્તને કારણે વૈરાગ્ય પામ્યા હોય તો જોનારા બધા કેમ ન પામ્યા ?

વળી હનુમાનજી જંગલમાં તારો ખરતો જોઈને વૈરાગ્ય પામ્યા, ત્યાં તારો ખર્યો તે તો નિમિત્તમાત્ર છે, ખરેખર પોતે પોતામાં તેવો વીતરાગ ભાવ પ્રગટ કર્યો ત્યારે બહારની ચીજને નિમિત્તથી કારણ કહ્યું. એ જ પ્રમાણે મોક્ષમાર્ગમાં વ્રતાદિને કારણ કહેવું તે પણ નિમિત્તથી જ છે, તે નિયમરૂપ નથી, પણ ક્યારેક વ્રતાદિને અને મોક્ષમાર્ગને નિમિત્ત-નૈમિત્તિકપણું હોય છે.

અજ્ઞાની જીવ આત્માના ભાન વિના વ્રતાદિના શુભ રાગમાં પ્રવર્તતો હોય ને બાહ્ય વ્રતાદિની ક્રિયા તેને હોય, પરંતુ તે કાંઈ તેને મોક્ષમાર્ગનું કારણ થતું નથી, કેમ કે જ્યાં મોક્ષમાર્ગ હોય ત્યાં વ્રતાદિ હોય તેને નિમિત્ત-વ્યવહારથી મોક્ષમાર્ગ કહેવાય છે. વ્રતાદિને મોક્ષમાર્ગ કહેવો તે ખરેખર તો કથનમાત્ર છે.

(૧) નર-નારકાદિ શરીરને જીવ કહેવો તે સંયોગનું કથન છે.

(૨) વસ્તુ અભેદ છે. તેમાં જ્ઞાન-દર્શન વગેરે જુદા જુદા ગુણોથી ભેદ પાડીને કથન કરવું તે પણ ઉપચારથી કથન છે, વસ્તુ તો એક જ છે.

(૩) વીતરાગ ભાવ મોક્ષમાર્ગ છે તેને બદલે વ્રતાદિક શુભ રાગને મોક્ષમાર્ગ કહેવો તે ઉપચારથી કથનમાત્ર છે.

આ પ્રમાણે વ્યવહારકથનના ત્રણ દૃષ્ટાંતો આપ્યા તે પ્રમાણે બધામાં સમજી લેવું.

''**ધર્માસ્તિકાય અભાવાત્**'' અલોકાકાશમાં ધર્માસ્તિકાય નહિ હોવાથી સિદ્ધના જીવો આગળ જતા નથી -એ કથન પણ ઉપચારમાત્ર છે. ખરેખર તો સિદ્ધ ભગવાનની ક્રિયાવતી શક્તિની જ તેટલી યોગ્યતા છે.

ગુરુના નિમિત્તથી જ્ઞાન થયું -અહો ! ધન્ય ગુરુ, તારા ચરણકમળના પ્રતાપે હું ભવસાગર ઊતરી ગયો -એમ મોટા મોટા મુનિઓ પણ વિનયથી કહે છે પણ ત્યાં તે ઉપચારકથન છે. પોતે પોતાથી તર્યો ત્યારે વિનયથી ગુરુને કહે છે કે ''હે નાથ ! આપે તાર્યો, આપના પ્રતાપથી હું સંસારસાગરના પારને પામ્યો.'' આ પ્રમાણે શાસ્ત્રમાં જ્યાં જ્યાં વ્યવહારકથન આવે ત્યાં ત્યાં યથાર્થ વસ્તુને સમજીને તેનું શ્રદ્ધાન કરવું પણ વ્યવહારના કથનને જ સત્ય ન માની લેવું કેમ કે વ્યવહારનય પરદ્રવ્યના સંયોગ અને નિમિત્ત આદિની અપેક્ષાથી વર્ણન કરે છે; માટે આવા વ્યવહારનયને અંગીકાર ન કરવો.

વ્યવહારનય પરને ઉપદેશ કરવામાં જ કાર્યકારી છે કે પોતાનું પણ કાંઈ પ્રયોજન સાધે છે ? એ વાત હવે કહેશે.



**પ્ર.વૈશાખ સુદ ૬, રવિવાર, ૧૯-૪-૫૩.**

નિશ્ચય અને વ્યવહારના વર્ણનનો અધિકાર ચાલે છે. વ્યવહારનય છે તે વસ્તુના યથાર્થ સ્વરૂપને નથી બતાવતો પણ ઉપચારથી અન્યથા નિરૂપણ કરે છે. અજ્ઞાની જીવ અનાદિથી વ્યવહારને જ યથાર્થ માને છે, વ્રતાદિના શુભ રાગને ધર્મ માને છે તે મિથ્યા છે. વ્યવહારનય પરને ઉપદેશવામાં જ કાર્યકારી છે કે પોતાનું કાંઈ પ્રયોજન સાધે છે -એમ પૂછ્યું છે, તેનો ઉત્તર કહે છે. પરને ઉપદેશ દેવામાં વ્યવહારનય આવે છે તે વાત તો કરી, હવે પોતાને માટેની વાત છે. ચૈતન્ય વસ્તુ દેહાદિથી ભિન્ન છે ને પોતાના ગુણોથી અભેદ છે પણ દેહના સંયોગથી એકેંદ્રિય જીવ-પંચેંદ્રિય જીવ વગેરે કહીને વ્યવહારથી ઓળખાવ્યો છે. ''જીવ ચૈતન્યસ્વરૂપ, દેહથી ભિન્ન છે'' -એમ કહેતાં કોઈ અજ્ઞાની જીવ એવું સમજી જાય કે એવા તો સિદ્ધ ભગવાન જ છે. માટે તે જ જીવ છે ને હું તો શરીરવાળો જ છું, તો તે પરમાર્થને સમજતો નથી. વ્યવહાર કહીને પણ જીવનું લક્ષ કરાવવું હતું. માટે વ્યવહારકથન પ્રમાણે જ વસ્તુસ્વરૂપ ન સમજી લેવું.

હવે પોતામાં પણ જ્યાં સુધી પોતે પરમાર્થ વસ્તુને ન સમજે ત્યાં સુધી ''હું જ્ઞાન છું, હું દર્શન છું'' એમ વ્યવહારમાર્ગ દ્વારા વસ્તુનો નિર્ણય કરવો. વ્યવહારમાર્ગ એટલે શું ? બહારના ક્રિયાકાંડની વાત નથી પણ અંદર 'હું જ્ઞાન છું' ઈત્યાદિ ભેદનો વિકલ્પ ઉઠે છે તેને વ્યવહારમાર્ગ કહ્યો છે. અભેદ વસ્તુનો અનુભવ નથી એટલે ભેદનો વિકલ્પ આવે છે પણ અભેદનો નિર્ણય કરવા માગે છે માટે તે ભેદના વિચારને વ્યવહાર કહ્યો છે. 'મનુષ્ય જીવ' એમ પહેલા વિચારીને, પછી દેહથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ છું -એમ જીવને લક્ષમાં લ્યે ત્યાં ગુણગુણીના ભેદથી જીવને લક્ષમાં લેવો તે વ્યવહાર છે, તે વ્યવહારમાર્ગ દ્વારા અભેદ જીવનો નિર્ણય કરવો. ભેદનો વિચાર પણ નિમિત્ત છે, જે જીવ તેનું આલંબન છોડીને અભેદરૂપ જીવને લક્ષમાં લ્યે તેને ભેદનો વિચાર તે વ્યવહારમાર્ગ કહેવાય. આવા જીવનો નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન પામવાની ક્રિયા છે. યથાર્થ સ્વરૂપ શું છે ને ઉપચાર શું છે તેનો પહેલાં નિર્ણય કરે. વીતરાગ ભાવ તે ખરો મોક્ષમાર્ગ છે ને બહારમાં વ્રત, તપ વગેરે ભેદોને મોક્ષમાર્ગ કહેવો તે ઉપચારમાત્ર છે, તે ખરેખર મોક્ષમાર્ગ નથી.

૧) મનુષ્ય જીવ, દેવ જીવ વગેરેને જીવ કહ્યો ત્યાં એમ નિર્ણય કરવો કે મનુષ્ય, દેવ વગેરેના જે શરીર છે તે જીવ નથી, જીવ તો તેનાથી જુદો ચૈતન્યમય છે.

૨) ગુણગુણી ભેદથી કથન કર્યું કે જ્ઞાન તે જીવ, દર્શન તે જીવ; ત્યાં એવો નિર્ણય કરવો કે જીવ વસ્તુ તો અનંતગુણથી અભેદ છે.

૩) વ્રતાદિ ભેદોને મોક્ષમાર્ગ કહ્યો, ત્યાં એવો નિર્ણય કરવો કે વ્રતાદિનો રાગ કે બાહ્ય ક્રિયા તે ખરેખર મોક્ષમાર્ગ નથી, ખરેખર મોક્ષમાર્ગ તો વીતરાગ ભાવ જ છે.

એ પ્રમાણે દરેક ઠેકાણે વ્યવહારકથન હોય તેમાં પરમાર્થનો નિર્ણય કરવો પણ વ્યવહારકથનને જ ન વળગી રહેવું. પરમાર્થ વસ્તુનો નિર્ણય કરવો તે જ પ્રયોજન છે અને વ્યવહારનયનું કથન તેમાં નિમિત્ત છે, તે નિમિત્તપણાની અપેક્ષાએ વ્યવહારને કાર્યકારી કહ્યો છે. પણ જે પરમાર્થનો નિર્ણય કરે તેને વ્યવહાર નિમિત્ત કહેવાય છે. અનાદિથી પરમાર્થ તત્ત્વ સમજ્યો નથી તેથી તેનો નિર્ણય કરવામાં વચ્ચે ભેદનો વિચાર આવ્યા વિના રહેતો નથી પણ તે વ્યવહારને ઉપચારમાત્ર માનીને, પરમાર્થ વસ્તુનો નિર્ણય કરે તો તેને વ્યવહાર કાર્યકારી એટલે કે નિમિત્ત કહેવાય. પણ નિશ્ચયની માફક વ્યવહારકથનને પણ સત્યભૂત માની લ્યે અને તેવું જ શ્રદ્ધાન કરી લ્યે તો તેને તો ઊલટો વ્યવહારનય અકાર્યકારી થઈ જાય. ‘‘મનુષ્યનો જીવ’’ એમ કહેતાં જીવને તો ન સમજે અને મનુષ્ય શરીરને જ જીવ માની લ્યે તો તેને મિથ્યા શ્રદ્ધા જ દૃઢ થાય છે. તે જ પ્રમાણે વ્રતાદિ શુભ રાગને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો ત્યાં તે રાગને જ ખરેખર મોક્ષમાર્ગ માની લ્યે અને વીતરાગભાવરૂપ યથાર્થ મોક્ષમાર્ગને ન ઓળખે તો તેને મિથ્યા શ્રદ્ધા જ થાય છે, તેથી તેને વ્યવહારનય અકાર્યકારી જ થયો.

તથા ગુણગુણી ભેદથી કથન કરીને સમજાવ્યું ત્યાં તે ભેદના લક્ષમાં જ રોકાઈ જાય ને અભેદનું લક્ષ ન કરે તો તેને પણ વ્યવહારનય કાર્યકારી ન થયો.

માટે જે નિશ્ચયનું અવલંબન લઈને જીવનું પરમાર્થ સ્વરૂપ સમજે છે તેને જ ભેદકથન વ્યવહાર કહેવાય છે. પરમાર્થ ન સમજે તો તેને વ્યવહાર પણ નથી કેમ કે એવો વ્યવહાર તો અનાદિથી કર્યો છે.

જે જીવ પરમાર્થને સમજતો નથી અને વ્યવહારને જ સત્યભૂત માની લ્યે છે તેને તો વ્યવહાર કાંઈ કાર્યકારી નથી. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહે છે કે :-

**અર્થ** : મુનિરાજ અજ્ઞાનીને સમજાવવા અર્થે અસત્યાર્થ જે વ્યવહારનય તેને ઉપદેશે છે પરંતુ જે કેવળ વ્યવહારને જ જાણે છે તેને તો ઉપદેશ આપવો જ યોગ્ય નથી; વળી જેમ કોઈ સાચા સિંહને ન જાણતો હોય તેને તો બિલાડું જ સિંહ છે, તેમ જે નિશ્ચયને ન જાણતો હોય તેને તો વ્યવહાર જ નિશ્ચયપણાને પ્રાપ્ત થાય છે.

જુઓ, ખરેખર તો દ્રવ્યના આશ્રયે જ નિર્ણય થાય છે, વ્યવહાર દ્વારા કાંઈ પરમાર્થનો નિર્ણય થતો નથી, પણ નિર્ણય કરનારને તેવું નિમિત્ત હોય છે અને ઉપદેશમાં વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. તેથી વ્યવહાર દ્વારા નિર્ણય કરવો -એમ ઉપચારથી કહ્યું છે. પણ જે વ્યવહારને જ વળગી રહે તેને તો ઉપદેશ આપવો જ યોગ્ય નથી.

જેમ વચનગુપ્તિનો ઉપદેશ ચાલતો હોય કે ‘‘વચનગુપ્તિ રાખવી’’ -ત્યાં કોઈ જીવ સામે એમ કહે કે જો વચનગુપ્તિ રાખવાનું કહો છો તો તમે કેમ વચન બોલો છો ? -તો એમ કહેનાર જીવ



સ્વચ્છંદી છે, તેને વ્યવહારની ખબર નથી ને પરમાર્થની પણ ખબર નથી, તે જીવ ઉપદેશને લાયક નથી. તેમ ઉપદેશમાં પરમાર્થ સમજાવતાં વચ્ચે વ્યવહારકથન આવી જાય છે, ત્યાં જે જીવ વ્યવહારને જ સત્યભૂત માનીને તેની શ્રદ્ધા કરે છે ને પરમાર્થને સમજતો નથી તે જીવ ઉપદેશને લાયક નથી.

અહીં તો કહે છે કે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને ધર્મ કરવામાં પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય એમ જે માને તે જીવ વ્યવહારમૂઢ મિથ્યાદૃષ્ટિ, શ્વેતાંબર જેવો છે. પરમાર્થ સ્વભાવનો આશ્રય કરીને નિશ્ચય સમ્યગ્દર્શન કર્યું ત્યારે રાગને વ્યવહારનો આરોપ કર્યો. પણ પરમાર્થ વગરનો એકલો શુભ રાગ તો અનાદિથી કર્યો છે, તેને વ્યવહાર પણ કહેતા નથી. પહેલો વ્યવહાર એમ માને તે જીવ ઉપદેશ દેવાને પણ લાયક નથી. અરે ભાઈ ! પરમાર્થ બતાવવા અમે વ્યવહારથી કથન કર્યું હતું, તેને બદલે કેવળ વ્યવહારના અવલંબનથી જ જે લાભ માની લ્યે છે તે જીવ પરમાર્થ સમજવાને તો લાયક નથી ને ઉપદેશને માટે પણ લાયક નથી. અહો ! મુનિ કહે છે કે અમારે ઉપદેશમાં જે પરમાર્થ વસ્તુ સમજાવવી હતી તે તો સમજ્યો નહિ અને અનાદિની વ્યવહારદૃષ્ટિ છોડી નહિ. તો તે જીવે અમારો ઉપદેશ સાંભળ્યો જ નથી. ઉપદેશમાં વ્યવહાર આવે ત્યાં કહે કે ‘‘જુઓ, અમારો વ્યવહાર આવ્યો કે નહિ !’’ -એમ કહીને વ્યવહારના આશ્રયથી લાભ માને છે - તે મિથ્યાદૃષ્ટિ છે. અભવ્યના અભિપ્રાયમાં ને તેના અભિપ્રાયમાં કાંઈ ફેર નથી.

શ્રી સમયસારમાં કહે છે કે ‘‘અભવ્યને વ્યવહારના પક્ષનો સૂક્ષ્મ આશય રહી જાય છે’’ -પરમાર્થની દૃષ્ટિ કરતો નથી ને વ્યવહારના આશ્રયથી લાભ માને છે તે જીવ ઉપદેશને લાયક નથી. ઉપદેશ આપીને અમારે તો અભેદની દૃષ્ટિ કરાવવી છે, કાંઈ ભેદનું અવલંબન નથી કરાવવું, પણ ઉપદેશમાં વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, કેમ કે

**‘‘उपादानविधि निर्वचन है निमित्त उपदेश’’**

-એ જ પ્રમાણે

**‘‘निश्चयविधि निर्वचन है व्यवाहर उपदेश’’**

નિર્વિકલ્પ તત્ત્વનો નિર્ણય કરવા માટે પહેલાં વિકલ્પ ઊઠ્યો, પણ શું તે વિકલ્પ વડે નિર્વિકલ્પ નિર્ણય થાય ? - ન થાય, પણ તે વિકલ્પનો અભાવ કરીને નિર્વિકલ્પ અનુભવ થાય છે. ત્યાં વ્યવહાર દ્વારા નિર્ણય કર્યો એમ કહેવું તે ઉપચારમાત્ર છે એટલે કથનમાત્ર છે, તે ઉપચાર પણ ક્યારે થાય? કે અનુપચાર એટલે કે પરમાર્થનો નિર્ણય કર્યો ત્યારે રાગને અને ભેદને ઉપચાર કહ્યો. નિર્વિકલ્પ તત્ત્વનો નિર્ણય રાગના અવલંબનથી થયો નથી, પરમાર્થ દ્રવ્યના અનુભવમાં ઝૂક્યો, ત્યાં રાગ એક બાજુ રહી ગયો, તે વખતે ભલે અબુદ્ધિપૂર્વક રાગ હોય, પણ તે રાગ દ્વારા નિર્ણય થયો નથી, પણ રાગ રહિત પરિણતિએ અંતરમાં પરમાર્થ દ્રવ્ય તરફ ઝૂકીને નિર્ણય કર્યો છે. એટલે ખરેખર રાગ રહિત ઉપયોગ-

પરિણતિ દ્વારા જ નિર્ણય થયો છે, રાગ દ્વારા કે વ્યવહાર દ્વારા નિર્ણય થયો નથી. રાગને કે વ્યવહારને ખરેખર સાધન માની લ્યે તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, તે દેશનાને પાત્ર નથી.

પરમાર્થ વસ્તુ તો સત્ય છે, ને વ્યવહાર તે જૂઠો છે. સત્ય વસ્તુના નિર્ણયમાં વચ્ચે જૂઠો એવો વ્યવહાર આવે છે, પણ તે વ્યવહાર છોડીને પરમાર્થનો નિર્ણય થાય છે. વ્યવહાર દ્વારા સત્યનો નિર્ણય થતો નથી, કેમ કે વ્યવહાર તો અયથાર્થ વસ્તુને કહેનારો છે. તે વ્યવહારને જ જે જાણે છે એટલે કે વ્યવહારે ઉપચારથી જે જૂઠું કથન કર્યું તે જૂઠને જ યથાર્થ માની લ્યે તે જીવ સત્ય સમજવાને પાત્ર નથી, ઉપદેશને લાયક નથી. એટલે કે ઉપદેશ સમજવાની તેનામાં તાકાત નથી. સત્ય-પરમાર્થભૂત વસ્તુનો ઉપદેશ કરવા જતાં વચ્ચે ભેદ વગેરેનું કથન આવી જાય છે પણ તે ભેદ અને વિકલ્પ પોતે જ પરમાર્થ વસ્તુ નથી માટે તે અસત્યાર્થ છે. નિર્વિકલ્પ વસ્તુને વચનથી કહેવા જતાં ભેદ આવ્યા વિના રહેતો નથી. ભગવાનનો દિવ્યધ્વનિ સાંભળીને પણ જે જીવ ભેદના આશ્રયથી લાભ માને છે તે જીવે ધર્મકથા સાંભળી નથી પણ બંધકથા જ સાંભળી છે.

એ જ પ્રમાણે પરમાર્થને સમજાવવા માટે મુનિરાજ ઉપદેશ આપે છે ત્યાં પરમાર્થને જે સમજતો નથી અને કથનમાં વ્યવહાર આવે તેને જ પરમાર્થ જાણીને શ્રદ્ધે છે -તે જીવે ખરેખર ઉપદેશ સાંભળ્યો નથી.

''ઉપદેશથી લાભ નથી એમ કહે,'' ત્યાં અજ્ઞાની કહે છે કે ''જો ઉપદેશથી અમને લાભ ન થતો હોય તો આપ ઉપદેશ કેમ આપો છો ?'' -તો જ્ઞાની કહે છે કે અરે મૂઢ ! તારે માટે અમારો ઉપદેશ નથી, અમારા ઉપદેશનું રહસ્ય તું સમજ્યો નથી. સ્વયંસિદ્ધ જ્ઞાનાનંદ વસ્તુ છે તેનો નિર્ણય કરવામાં વચ્ચે વિકલ્પ આવ્યો તે અસત્યાર્થ છે-જૂઠો છે, તે વિકલ્પમાં પરમાર્થનો નિર્ણય કરવાની તાકાત નથી. અજ્ઞાની તે વિકલ્પને અને રાગને જ વ્યવહાર કહે છે ને ''પહેલો વ્યવહાર'' -એમ કહીને તેના આશ્રયે લાભ મનાવે છે. આમ વ્યવહારના પક્ષથી તો આખો શ્વેતાંબર પંથ નીકળ્યો છે.

દિગંબરનો સિદ્ધાંત છે કે પરમાર્થ વગર વ્યવહાર હોય જ નહિ. પરમાર્થના આશ્રયે જ મોક્ષમાર્ગ છે; ને પરમાર્થ થયો ત્યારે રાગને વ્યવહાર કહેવાય છે. પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય -એમ નથી. તેને બદલે શ્વેતાંબર તેનો વિરોધ કરીને ''પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય'' એમ મનાવે છે, હ્તે મોટી ભૂલ છે. વ્યવહાર કરતાં કરતાં લાભ થાય એમ માને તો તેનામાં અને શ્વેતાંબરના અભિપ્રાયમાં કાંઈ ફેર નથી. વ્યવહાર તો અસત્યાર્થ છે-ઉપચારમાત્ર છે, ઉપદેશમાં વ્યવહાર આવે પણ તેના આશ્રયથી લાભ નથી, તેને બદલે વ્યવહારના આશ્રયથી જે લાભ માને તે જીવ દેશનાને પાત્ર નથી. અંતરમાં જ્ઞાનવસ્તુ છે તેને પકડી ત્યારે રાગમાં વ્યવહારનો આરોપ આવ્યો. અંતરમાં પરમાર્થ વસ્તુને પકડ્યા વગર વ્યવહાર કોનો ? અહીં તો કહે છે કે વ્યવહારનો પક્ષ છોડીને જે પરમાર્થનો નિર્ણય નથી કરતો તે જીવ અમારો ઉપદેશ સાંભળવાને પાત્ર નથી. સિંહને ઓળખાવવા માટે કહે છે કે જો ''આ



બિલાડી જેવો સિંહ હોય'' -ત્યાં બિલાડીને જ સિંહ માની લ્યે તે સાચા સિંહને જાણતો નથી. તેમ જે પરમાર્થને તો જાણતો નથી અને વ્યવહારથી પરમાર્થ સમજાવવા ઉપદેશ કર્યો ત્યાં વ્યવહારને જ પરમાર્થ માનીને શ્રદ્ધા કરે છે તે જીવ પરમાર્થને સમજતો નથી. વ્યવહાર અસત્યાર્થ છે તેને જ જે સત્યાર્થ માને તેને તો અસત્યાર્થ જ સત્યાર્થપણાને પ્રાપ્ત થાય છે એટલે કે તે જીવ અસત્ય શ્રદ્ધાન કરે છે.

વ્યવહારને અસત્ય કહ્યો તેથી કોઈ અજ્ઞાની એમ કહે કે વ્યવહાર અસત્ય છે તો અમે વ્રત-તપ છોડી દઈશું ! -તો તેનું સમાધાન શું છે તે હવે કહેશે.

**પ્ર. વૈશાખ સુદ ૭, સોમવાર, ૨૦-૪-૫૩.**

વ્યવહાર તે સત્યાર્થ કહેતો નથી પણ ઉપચારથી કથન કરે છે, તેથી તે હેય છે એટલે કે તે પ્રમાણે શ્રદ્ધાન કરવું યોગ્ય નથી. અજ્ઞાનીને સમજાવવા માટે ભેદ પાડીને વ્યવહારથી ઉપદેશ કર્યો પણ ભેદ તે જ વસ્તુ નથી, વસ્તુ તો અનંતગુણથી અભેદ છે. જ્ઞાનાનંદ આત્માની દૃષ્ટિ જેને નથી તેને વ્યવહારથી સમજાવે છે. વાણીમાં ક્રમથી ઉપદેશ આવે છે, પણ જે જીવ વ્યવહારને જ સત્ય જાણીને શ્રદ્ધા કરે છે ને પરમાર્થ વસ્તુને જાણતો નથી તે તો ઉપદેશને લાયક નથી. રાગાદિ ભાવ તે ખરેખર ધર્મ નથી, અંતરમાં વસ્તુના શ્રદ્ધા-જ્ઞાન કરવા તે ધર્મ છે. શરીરાદિથી ભિન્ન અને દયા-દાનાદિના ભાવથી પણ પાર અખંડ જ્ઞાનસ્વભાવ શું છે તેની જેને દૃષ્ટિ નથી તે જીવ તત્ત્વને સમજતો નથી અને વ્યવહારને જ વસ્તુસ્વરૂપ માની લ્યે છે. જેમ બિલાડીને જ કોઈ સિંહ માની લ્યે તે સાચા સિંહને જાણતો નથી. તેમ જે જીવ પરમાર્થને જાણતો નથી ને એકલા ભેદરૂપ વ્યવહારના વિકલ્પને જ જાણે છે તેને તો વ્યવહાર જ નિશ્ચય થઈ ગયો, આરોપ જ સત્ય થઈ ગયો, નિમિત્ત જ ઉપાદાન થઈ ગયું, તેની શ્રદ્ધા મિથ્યા છે.

સિંહને ઓળખાવવા માટે એમ કહ્યું કે બિલાડી જેવો સિંહ હોય, ત્યાં બિલાડીને જ સિંહ માની લ્યે તો તે સિંહને જાણતો નથી, તેમ પરમાર્થ વસ્તુ સમજાવવા જ્ઞાનીઓએ વ્યવહારથી ઉપદેશ કર્યો. ત્યાં વ્યવહારને જ જે ધર્મ માની લ્યે છે -રાગને જ ધર્મ માની લ્યે છે- તે જીવ ઉપદેશને લાયક નથી. વ્યવહાર યથાર્થ સ્વરૂપ કહેતો નથી તેથી તે અસત્યાર્થ છે, માટે તે હેય છે.

અહીં તો વ્યવહારને હેય કહ્યો ત્યાં કોઈ નિર્વિચાર અજ્ઞાની એવો પ્રશ્ન કરે છે કે તમે વ્યવહારને તો અસત્ય અને હેય કહો છો, તો અમે વ્રત-તપ-સંયમ વગેરે વ્યવહારકર્મ શા માટે કરીએ ! તે સર્વને છોડી દઈશું !

તો તેને ઉત્તર : અરે ભાઈ ! અમે વ્રતાદિને ક્યાં વ્યવહાર કહ્યો છે ? વ્રતાદિ તો કાંઈ વ્યવહાર નથી, પણ તે વ્રતાદિને મોક્ષમાર્ગ માનવો તે વ્યવહાર છે. માટે તેની શ્રદ્ધા છોડ. વ્રતાદિને વ્યવહારથી

મોક્ષમાર્ગ કહ્યો છે પણ તે ખરેખર મોક્ષમાર્ગ નથી -એવી શ્રદ્ધા કરવી તેનું નામ વ્યવહારનું હેયપણું છે. માટે તું વ્રતાદિને મોક્ષમાર્ગ માનવાનું છોડી દે. પણ તે વ્રતાદિને છોડીને જો અશુભ ભાવ કરીશ તો પાપ થશે ને ઊલટો નરકાદિમાં જઈશ. વ્રતપર્યાય પોતે કાંઈ વ્યવહાર નથી પણ તે વ્રતપર્યાયમાં મોક્ષમાર્ગનો આરોપ કરવો તે વ્યવહાર છે, માટે તેને મોક્ષમાર્ગ માનવાની શ્રદ્ધા છોડ. મોક્ષમાર્ગમાં વચ્ચે ભગવાનની ભક્તિ, નિઃશંકતા વગેરે આઠ આચાર, વ્રત-તપ વગેરે શુભ ભાવ આવે છે, તે તો નીચલી ભૂમિકામાં છૂટશે નહિ, શુદ્ધોપયોગ થાય ત્યારે જ તે શુભ રાગ છૂટે; માટે તે પરિણતિ હોય ત્યાં સુધી તેને નિશ્ચયથી પોતાની જાણ પણ તેને મોક્ષમાર્ગ ન જાણ. વ્યવહાર છોડવો એટલે શું ? કે વ્રત વગેરેના રાગાદિને મોક્ષમાર્ગ ન માનવો. વ્રતાદિને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે, અને તે વ્રતાદિને મોક્ષમાર્ગ ન માનવો પણ વ્રતને વ્રત તરીકે જ જાણવા તે નિશ્ચય છે. તે આત્માની જ અશુદ્ધ પરિણતિ છે. અહીં તો નિશ્ચય-વ્યવહારની એવી શૈલી છે કે પોતાના ભાવને પોતાનો કહેવો તે નિશ્ચય છે, ને પોતાના ભાવને બીજાનો કહેવો તે વ્યવહાર છે. વ્રતાદિનો રાગ ભાવ તે ખરેખર મોક્ષમાર્ગનો ભાવ નથી પણ બંધમાર્ગનો ભાવ છે. છતાં તે ભાવને મોક્ષમાર્ગ માનવો તે વ્યવહાર છે, તે માન્યતા છોડીને યથાર્થ વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગને ઓળખ. જ્યાં સ્વભાવના આશ્રયે વીતરાગી મોક્ષમાર્ગ પ્રગટ્યો છે ત્યાં વ્રતાદિને બાહ્ય સહકારી જાણીને તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. મોક્ષમાર્ગમાં વચ્ચે તે હોય છે, અંતરમાં નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટ્યા તે જ નિશ્ચયથી મોક્ષમાર્ગ છે, ને તેની સાથે વ્રત-તપ-ત્યાગ વગેરે તો પરદ્રવ્યાશ્રિત છે, વ્યવહારમોક્ષમાર્ગ તો પરદ્રવ્યાશ્રિત છે, સાચો મોક્ષમાર્ગ વીતરાગ ભાવ છે તે સ્વદ્રવ્યાશ્રિત છે. તેથી સ્વદ્રવ્યાશ્રિત ભાવને મોક્ષમાર્ગ કહેવો તે નિશ્ચય છે, ને વ્રતાદિ પરદ્રવ્યાશ્રિત છે તેને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે એટલે કે તે ખરેખર મોક્ષમાર્ગ નથી. ખરેખર મોક્ષમાર્ગ તો બીજો છે -આમ સમજવું તેનું નામ વ્યવહારનું હેયપણું છે. નિશ્ચય મોક્ષમાર્ગની સાથે નિમિત્ત તરીકે વ્રતાદિ કેવા હોય તે જાણવાની ના નથી, પણ તેને જ મોક્ષમાર્ગ માનવાનું છોડી દે.

વ્રતાદિના પરિણામ તો વચ્ચે આવ્યા વિના રહેશે નહિ, વીતરાગતા થયા વગર શુભ રાગ છૂટે નહિ. શુદ્ધોપયોગ ન હોય ત્યાં શુભ કે અશુભ ઉપયોગ હોય. માટે શુભ પરિણામ હોય તે જુદી વાત છે, પણ તે શુભને મોક્ષમાર્ગ માનવો તે મિથ્યા છે. શુભને મોક્ષમાર્ગ માનવાનું છોડી દે. વ્યવહારને હેય કરવો તેનો આ અર્થ છે. નિશ્ચય સ્વભાવમાં દૃષ્ટિ રાખ અને વચ્ચે વ્રત-તપના પરિણામ આવે તેને પણ તારા જ પરિણામ જાણ પણ તેને મોક્ષમાર્ગ ન માન. વ્યવહાર અને રાગ વચ્ચે આવે તો જુદી વાત છે પણ તેને જ મોક્ષમાર્ગ માની લ્યે તો તેને મિથ્યાત્વ છે. તેના શુભમાં તો મોક્ષમાર્ગનો ઉપચાર પણ નથી. ઉપચાર તો ત્યારે કહેવાય કે ખરેખર તે મોક્ષમાર્ગ નથી -એવું સમજે અને વીતરાગભાવરૂપ સાચા મોક્ષમાર્ગને જાણે. વ્રતાદિનો શુભ રાગ તે ખરેખર મોક્ષમાર્ગ નથી -એવી ધર્મીને માન્યતા થઈ હોવા છતાં જ્યાં સુધી શુદ્ધોપયોગ નથી થયો ત્યાં સુધી ભક્તિ-પૂજા-વ્રતાદિના શુભ ભાવ આવે છે.



જો શુભ પરિણામ પણ છોડી દે ને અશુભ પરિણામમાં વર્તે તો તો ત્યાં મોક્ષમાર્ગનું નિમિત્ત પણ નથી. જો અશુભને મોક્ષમાર્ગનું નિમિત્ત માને તો તો ત્યાં નિશ્ચયની દૃષ્ટિ પણ નહિ રહે એટલે ત્યાં મોક્ષમાર્ગનો આરોપ પણ નથી. મોક્ષમાર્ગનું નિમિત્ત શુભને કહેવાય પણ અશુભને ન કહેવાય. જ્યાં દૃષ્ટિ જ્ઞાયકતત્ત્વ ઉપર હોય ત્યાં શુભમાં મોક્ષમાર્ગનો આરોપ આવે, પણ જ્યાં દૃષ્ટિ જ ખોટી છે એટલે યથાર્થ મોક્ષમાર્ગ પ્રગટ્યો જ નથી ત્યાં તો શુભમાં મોક્ષમાર્ગનો ઉપચાર પણ આવતો નથી. તથા શુભ છોડીને અશુભ કરે તો તે અશુભમાં તો મોક્ષમાર્ગના નિમિત્તનો ઉપચાર પણ સંભવતો નથી. શુદ્ધોપયોગ થયો નથી ને શુભને છોડશે તો અશુભ થઈને નરકાદિમાં જશે. જુઓ, આ મિથ્યાદૃષ્ટિની વાત છે તેથી નરકની વાત લીધી. સમ્યગ્દર્શન પછી પણ વિષય કષાયના કોઈ અશુભ ભાવો આવી જાય છે પણ તેને તે નરકાદિનું કારણ થતાં નથી, તેમ જ તે અશુભ કાંઈ મોક્ષમાર્ગનું નિમિત્ત નથી. મોક્ષમાર્ગનો ઉપચાર વ્રતાદિ શુભમાં આવે પણ હિંસાદિના અશુભ પરિણામોમાં તો તેવો ઉપચાર પણ હોતો નથી. મિથ્યાદૃષ્ટિ શુભ છોડીને અશુભમાં વર્તશે તો પાપ બાંધી નરકમાં જશે. ધર્મીને અશુભ આવે પણ તેને અશુભ વખતે નરકાદિના આયુનો બંધ થતો નથી. પણ હજી જેને ધર્મની દૃષ્ટિ પણ નથી ને શુભ રાગને વ્યવહાર કહીને છોડે છે તો તેને તો મોક્ષમાર્ગની કે તેના ઉપચારની પણ દૃષ્ટિ ન રહી. તેને તો દૃષ્ટિ જ જૂઠી છે. માટે શુભ છોડીને અશુભમાં પ્રવર્તવું તે તો નિર્વિચારીપણું છે. હા, જો સમ્યગ્દર્શન પછી વ્રતાદિક શુભ ભાવ છોડીને કેવળ વીતરાગ ઉદાસીનભાવરૂપ રહેવાનું બને તો તેમ કર, પણ તે તો શુદ્ધોપયોગ વગર બને નહિ, ને નીચલી દશામાં ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને શુદ્ધોપયોગ રહેતો નથી, તેથી ત્યાં શુભ રાગ આવે છે અને વ્રતાદિકનો ભાવ આવે છે પણ તેને મોક્ષમાર્ગ ન માનવો. નીચલી દશામાં શુભને છોડીને અશુભમાં વર્તે તો તો તે સ્વચ્છંદી થશે. માટે શ્રદ્ધામાં તો નિશ્ચયને તથા પ્રવૃત્તિમાં વ્યવહારને ઉપાદેય માનવો -તે માન્યતા પણ મિથ્યાત્વ ભાવ જ છે. પણ નિશ્ચયને તો યથાર્થ વસ્તુસ્વરૂપ જાણીને અંગીકાર કરવો, ને વ્યવહારને તો આરોપ જાણીને તેનું શ્રદ્ધાન છોડવું. -આ રીતે બન્ને નયો સમજવા.

હવે તે જીવ બન્ને નયોનો અંગીકાર કરવા અર્થે કોઈ વેળા પોતાને શુદ્ધ સિદ્ધ સમાન, રાગાદિ રહિત અને કેવળજ્ઞાનાદિ સહિત આત્મા અનુભવે છે, તથા ધ્યાનમુદ્રા ધારણ કરી એવા વિચારોમાં લાગે છે, પોતે એવો નથી છતાં ભ્રમથી નિશ્ચયથી ‘‘હું આવો જ છું’’ એમ માની સંતુષ્ટ થાય છે, તથા કોઈ વેળા વચન દ્વારા નિરૂપણ પણ એવું જ કરે છે, પણ પ્રત્યક્ષ પોતે જેવો નથી તેવો પોતાને માનવો ત્યાં નિશ્ચય નામ કેવી રીતે પામે ? કારણ કે વસ્તુને યથાવત્ પ્રરૂપણ કરે તેનું નામ નિશ્ચય છે. તેથી જેમ કેવળ નિશ્ચયાભાસવાળા જીવનું અયથાર્થપણું પહેલાં કહ્યું હતું, તેમ જ આને પણ જાણવું.

દ્રવ્યદૃષ્ટિથી સિદ્ધ સમાન કહ્યો છે પણ પર્યાયમાં પણ પોતાને સિદ્ધ જેવો માનીને અજ્ઞાની સંતુષ્ટ થાય છે. પર્યાયમાં રાગ અને અલ્પજ્ઞતા હોવા છતાં પોતાને વીતરાગી કેવળજ્ઞાન સહિત સિદ્ધ જેવો

માને છે. પણ પર્યાયમાં સિદ્ધપણું તો નથી છતાં સિદ્ધપણું માને છે અને તેને અજ્ઞાની નિશ્ચય માને છે પણ તે નિશ્ચય નથી, તે તો મિથ્યા શ્રદ્ધા છે. પર્યાયમાં જેમ છે તેમ જાણવું જોઈએ.

અથવા તે એમ માને છે કે ''આ નયથી આત્મા આવો છે તથા આ નયથી આવો છે'' પણ આત્મા તો જેવો છે તેવો જ છે, ત્યાં નય વડે નિરૂપણ કરવાનો જે અભિપ્રાય છે તેને આ ઓળખતો નથી, જેમ આત્મા નિશ્ચયનયથી તો સિદ્ધ સમાન, કેવળજ્ઞાનાદિ સહિત દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મ રહિત છે તથા વ્યવહારનયથી સંસારી, મતિજ્ઞાનાદિ સહિત, દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મ સહિત છે -એમ તે માને છે; હવે એક આત્માને એવા બે સ્વરૂપ તો હોય નહિ કારણ કે જે ભાવનું સહિતપણું માનવું તે જ ભાવનું રહિતપણું એક જ વસ્તુમાં કેવી રીતે સંભવે ? માટે એમ માનવું ભ્રમ છે.

અજ્ઞાની એક જ પર્યાયમાં બે પ્રકાર માને છે, એક જ પર્યાયમાં સિદ્ધપણું ને તે જ પર્યાયમાં સંસારીપણું -એમ અજ્ઞાની માને છે. પર્યાયમાં નિશ્ચયથી સિદ્ધપણું ને તે જ પર્યાયમાં વ્યવહારથી સંસારીપણું -એમ અજ્ઞાની માને છે, પણ તેમાં વસ્તુસ્વરૂપનો તો નિર્ણય કરતો નથી.

વળી, એક જ પર્યાયમાં મતિજ્ઞાન અને કેવળજ્ઞાન બન્ને કઈ રીતે સંભવે ? અજ્ઞાની માને છે કે વર્તમાન પર્યાયમાં હું વ્યવહારથી મતિજ્ઞાનાદિ સહિત છું ને નિશ્ચયથી વર્તમાન પર્યાયમાં કેવળજ્ઞાની છું. પણ એ રીતે નિશ્ચય-વ્યવહાર છે જ નહિ. એક જ પર્યાયમાં સિદ્ધપણું ને સંસારીપણું બે ન હોય, એક જ પર્યાયમાં મતિજ્ઞાન ને કેવળજ્ઞાન કેમ હોય ? એક જ પર્યાયમાં રાગ અને વીતરાગતા બન્ને કઈ રીતે હોય ? હા, વસ્તુમાં દ્રવ્યદૃષ્ટિથી સિદ્ધશક્તિ છે ને પર્યાયમાં સંસાર છે, દ્રવ્યમાં કેવળજ્ઞાનની શક્તિ છે ને પર્યાયમાં મતિજ્ઞાન વગેરે અલ્પજ્ઞાન છે -એમ જાણે તો તો બરાબર છે. પણ એક પર્યાયમાં જ બે ભાવો માનવા તે કાંઈ નિશ્ચય-વ્યવહાર નથી, તે તો મિથ્યા શ્રદ્ધા છે, તો કેવી રીતે છે ?

જેમ રાજા અને રંક મનુષ્યપણાની અપેક્ષાએ સમાન છે, તેમ સિદ્ધ અને સંસારી એ બન્ને જીવપણાની અપેક્ષાએ સમાન કહ્યા છે, કેવળજ્ઞાનાદિ અપેક્ષાએ સમાનતા માનીએ પણ તેમ છે નહિ; કારણ કે સંસારીને નિશ્ચયથી મતિજ્ઞાનાદિક જ છે તથા સિદ્ધને કેવળજ્ઞાન છે. અહીં એટલું વિશેષ કે સંસારીને મતિજ્ઞાનાદિક છે તે કર્મના નિમિત્તથી છે, તેથી સ્વભાવ અપેક્ષાએ સંસારીને કેવળજ્ઞાનની શક્તિ કહીએ તો તેમાં દોષ નથી. જેમ રંક મનુષ્યમાં રાજા થવાની શક્તિ હોય છે તેમ આ શક્તિ પણ જાણવી.

પર્યાય અપેક્ષાએ તો મતિજ્ઞાનાદિક છે તે નિશ્ચયથી છે. નિશ્ચયથી કેવળજ્ઞાનની શક્તિ કહેવી તે તો દ્રવ્યની અપેક્ષાએ છે, પણ પર્યાયમાં કાંઈ નિશ્ચયથી કેવળજ્ઞાન નથી, પર્યાયમાં તો નિશ્ચયથી મતિ-શ્રુતજ્ઞાન જ છે.

વળી દ્રવ્યકર્મ-નોકર્મ તો પુદ્‌ગલની પર્યાય છે, તેથી નિશ્ચયથી તો સંસારી જીવથી પણ તે ભિન્ન જ છે. પરંતુ સંસારપર્યાય વખતે તે કર્મ-નોકર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે જાણવો જોઈએ. સિદ્ધ ભગવાનની જેમ સંસારીને પણ કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સર્વથા ન માને તો તે ભ્રમ



છે. હા, ધર્મી જીવને દૃષ્ટિમાં કર્મ સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટી ગયો છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં જે ભાવકર્મ રાગદ્વેષ વગેરે થાય છે તે તો આત્માનો ઉદયભાવ છે, તે ભાવ નિશ્ચયથી આત્માનો છે, તથા કર્મ તેમાં નિમિત્ત છે, તેથી તેને કર્મનો કહેવો તે ઉપચારથી છે-વ્યવહારથી છે. રાગદ્વેષાદિ ઉદય ભાવો પણ નિશ્ચયથી આત્માના છે, કેમ કે તે આત્માની પર્યાયમાં થાય છે, તથા શરીર-કર્મ વગેરે નિશ્ચયથી જડની પરિણતિ છે, તેની સાથે જીવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

દૃષ્ટિના વિષયમાં તો એમ કહેવાય કે રાગાદિ તે આત્માના છે જ નહિ, તે નિશ્ચયથી જડના છે, પણ ત્યાં દ્રવ્યદૃષ્ટિની વાત છે ને અહીં તો બે દ્રવ્યોની પૃથક્તા બતાવે છે. જે દ્રવ્યનો જે ભાવ હોય તેને તેનો કહેવો તે પણ નિશ્ચય છે. રાગને આત્માનો કહેવો તે પણ નિશ્ચય છે. રાગ નિશ્ચયથી આત્માનો છે, કર્મથી રાગ થયો એમ માનવું તે ભ્રમ છે. સંસારી જીવના જ રાગાદિ છે, કર્મના નથી. તે રાગાદિક ભાવને કર્મના માનવા તે ભ્રમ છે. માટે નિશ્ચયથી આમ છે ને વ્યવહારથી આમ છે -એમ એક જ વસ્તુમાં બે ભાવ માનવા તે ભ્રમ છે, પણ જુદા જુદા ભાવોની અપેક્ષાએ નયોની પ્રરૂપણા છે. માટે જે અપેક્ષાએ જે ભાવનું કથન હોય તે પ્રમાણે યથાર્થ સમજવું -તે સત્યશ્રદ્ધા છે. મિથ્યાદૃષ્ટિને અનેકાંતના સ્વરૂપની ખબર નથી.

## પ્ર.વૈશાખ સુદ ૮, મંગળવાર, ૨૧-૪-૫૩.

આજે સવારે શ્રી પ્રવચનસાર હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

## પ્ર.વૈશાખ સુદ ૯, બુધવાર, ૨૨-૪-૫૩.

મિથ્યાદૃષ્ટિ નિશ્ચય અને વ્યવહારના નામે ગરબડ કરે છે તેની આ વાત છે. નિશ્ચય અને વ્યવહાર બન્નેને માનવા એમ તે કહે છે પણ તેનું સ્વરૂપ સમજતો નથી. પોતામાં રાગાદિ થાય તે નિશ્ચય અને શરીરની ક્રિયા કરવી તે વ્યવહાર -એમ અજ્ઞાની માને છે, તેને નિશ્ચય-વ્યવહારની ખબર નથી. જડની ક્રિયા આત્મા કરતો જ નથી. સિદ્ધ ભગવાનની માફક સંસારી જીવની પર્યાયમાં પણ નિશ્ચયથી રાગાદિ નથી ને કર્મનો સંબંધ નથી -એમ માનવું તે ભ્રમ છે. જીવની પર્યાયમાં રાગાદિ છે તે નિશ્ચયથી જીવના જ છે, તે જડ કર્મના નથી. રાગાદિને કર્મના કહેવા તે ઉપચારથી છે. સંસારપર્યાય વખતે પણ આત્મા જ કર્તા-કર્મ-કરણ વગેરે છ કારકપણે પરિણમે છે, ને સિદ્ધપર્યાય વખતે પણ કર્તા-કર્મ વગેરેપણે આત્મા જ પરિણમે છે -એમ શ્રી પ્રવચનસારમાં કહ્યું છે. નિશ્ચયથી રાગ આત્માનો અને વ્યવહારથી કર્મનો -એમ બે પ્રકાર નથી, રાગ તો આત્માની પર્યાયમાં જ છે, જડમાં નથી; છતાં બન્નેનો માનવો તે મિથ્યાબુદ્ધિ છે.

જેમ ઘીનો ઘડો કહેવો તે સંયોગના નિમિત્તથી કથન છે, તેમ રાગને જડ કર્મનો કહેવો તે નિમિત્તની અપેક્ષાએ વ્યવહારકથન છે. નિશ્ચયથી સંસારપર્યાય પણ આત્માની જ છે. તે સંસારપર્યાયનો કર્તા આત્મા

છે, કર્મ પોતે છે, કરણ પણ આત્મા પોતે છે, તેનું ફળ પણ આત્મામાં જ છે -આમ જાણે નહિ અને વિકારને ખરેખર જડનો માને, અથવા જડને કારણે માને તો તે મિથ્યાદષ્ટિ છે.

જુઓ, અજ્ઞાની કહે છે કે જડ કર્મને કારણે રાગ થાય અને વ્યવહાર રત્નત્રયનો રાગ કરતાં કરતાં નિશ્ચય રત્નત્રય પ્રગટે -એટલે તેના અભિપ્રાયમાં તો જડ કર્મથી જ મોક્ષ થયો; વ્યવહાર રત્નત્રયનો રાગ કરતાં કરતાં નિશ્ચય મોક્ષમાર્ગ થાય અને જડ કર્મને કારણે રાગ થાય એટલે જડ કર્મ જ એના મોક્ષનું કર્તા ઠર્યું, પણ તેની બન્ને વાત જૂઠી છે. જડ કર્મ આત્માના વિકારમાં નિમિત્ત છે, તે બતાવવા માટે ગોમ્મટસાર વગેરેમાં નિમિત્તથી કથન કર્યું છે. અને શ્રી સમયસારાદિમાં જીવના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરાવવા માટે પર્યાયને ગૌણ કરીને વિકારને કર્મનો કહ્યો છે, પણ ખરેખર વિકાર તે આત્માની પર્યાય છે, તે અપેક્ષાએ નિશ્ચયથી વિકાર આત્માનો છે અને કર્મનો કહેવો તે માત્ર આરોપ છે.

વળી આ જીવને વ્રત-શીલ-સંયમાદિકનો અંગીકાર હોય છે તેને વ્યવહારથી 'આ પણ મોક્ષમાર્ગનું કારણ છે' એવું માની તે ઉપાદેય માને છે, એ તો જેમ પહેલા કેવળ વ્યવહારાલંબી જીવને અયથાર્થપણું કહ્યું હતું તેમ આને પણ અયથાર્થપણું જ જાણવું. વળી તે આમ પણ માને છે કે ''યથાયોગ્ય વ્રતાદિ ક્રિયા તો કરવી યોગ્ય છે પરંતુ તેમાં મમત્વ ન કરવું.'' હવે જેનો પોતે કર્તા થાય તેમાં મમત્વ કેવી રીતે ન કરે ? જો પોતે કર્તા નથી તો 'મારે કરવી યોગ્ય છે' એવો ભાવ કેવી રીતે કર્યો ? તથા જો પોતે કર્તા છે તો તે (ક્રિયા) પોતાનું કર્મ થયું એટલે કર્તા-કર્મ સંબંધ સ્વયં સિદ્ધ થયો, હવે એવી માન્યતા તો ભ્રમ છે.

શરીરથી બ્રહ્મચર્ય પાળે, આહાર નિર્દોષ કરે, શરીરથી હિંસા ન થાય, ઈત્યાદિ બાહ્ય વ્રતાદિની ક્રિયાને અજ્ઞાની મોક્ષનું સાધન માને છે. વળી અજ્ઞાની એમ કહે છે કે ઈંદ્રિયજ્ઞાન, ઓછો આહાર, શરીરનું આસન સ્થિર રાખવું -વગેરે ક્રિયાઓ કરવી ખરી પણ તેનું મમત્વ ન કરવું, પણ એ વાત મિથ્યા છે. પહેલાં તો કર્તા થયો ત્યાં જ મમત્વ આવ્યું. કર્તા થવું અને મમત્વ ન કરવું એ કઈ રીતે બને? જડની ક્રિયા આત્મા કરી જ શકતો નથી છતાં હું કરું છું એમ માને છે તે મોટું મિથ્યાત્વનું મમત્વ છે. જડ શરીરની ક્રિયા હું કરી શકું એમ જેણે માન્યું તે જીવ જડનો કર્તા થયો ને જડ તેનું કર્મ થયું, ત્યાં જડ સાથે કર્તા-કર્મ સંબંધ થયો ! પણ એ માન્યતા મિથ્યા છે.

બાહ્ય વ્રતાદિક છે તે તો શરીરાદિ પરદ્રવ્યાશ્રિત છે, અને પરદ્રવ્યનો પોતે કર્તા નથી, માટે તેમાં કર્તૃત્વબુદ્ધિ પણ ન કરવી તથા તેમાં મમત્વ પણ ન કરવું. એ વ્રતાદિકમાં ગ્રહણ ત્યાગરૂપ પોતાનો શુભોપયોગ થાય છે તે પોતાના આશ્રયે છે અને તેનો પોતે કર્તા છે, માટે તેમાં કર્તૃત્વબુદ્ધિ પણ માનવી તથા ત્યાં મમત્વ પણ કરવું.



પરના ગ્રહણ ત્યાગનો કર્તા તો આત્મા નથી, પણ તે વખતે શુભોપયોગ થાય તે આત્માના આશ્રયે છે, હિંસા ન કરું, દયા પાળું -એવો શુભ ભાવ થયો તેનો કર્તા આત્મા છે. તે વખતે બહારની ક્રિયામાં હિંસા ન થાય ને દયા પળે તે તો પરદ્રવ્યની ક્રિયા છે, તેનો કર્તા આત્મા નથી પણ તે વખતે આત્માની પર્યાયમાં શુભ રાગ થયો તેનો કર્તા આત્મા છે, પર્યાય અપેક્ષાએ તે રાગનો કર્તા નિશ્ચયથી આત્મા છે, જડને કારણે તે રાગ થયો નથી અને આત્માના કારણે જડની ક્રિયા થઈ નથી. અહીં નિશ્ચય-વ્યવહારની જેને ખબર નથી એવા અજ્ઞાનીને સમજાવે છે કે જો ભાઈ ! રાગાદિ ભાવો તારી પર્યાયમાં જ થાય છે, કાંઈ જડમાં થતા નથી. માટે નિશ્ચયથી રાગનો કર્તા તું છો, રાગ તારો છે. પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરાવવી હોય ત્યારે એમ કહે કે નિશ્ચયથી આત્મા રાગનો કર્તા નથી. જો શુદ્ધ દ્રવ્યને પણ રાગનું કર્તા માને તો તે પણ મિથ્યાદષ્ટિ છે. શુદ્ધ દ્રવ્યને ભૂલીને એકલા રાગનો જ કર્તા થાય તો તે પણ અજ્ઞાની છે. તેને શુદ્ધ નિશ્ચયની ખબર નથી તેમ જ પર્યાયમાં રાગ થાય છે તે નિશ્ચયથી પોતાની પર્યાયનો છે -એમ ન જાણે તો તેને પર્યાયનું ભાન નથી. સમ્યગ્દષ્ટિ રાગનો કર્તા નથી એમ કહ્યું છે તે તો તેની દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું છે, પણ સમ્યગ્દષ્ટિને પણ પર્યાયમાં જેટલો રાગ થાય છે તેનો કર્તા પર્યાય અપેક્ષાએ તે આત્મા જ છે, કાંઈ જડ તેનો કર્તા નથી. માટે પર્યાયમાં રાગ થાય તેને પોતાનો જાણવો પણ તે શુભ રાગને મોક્ષનું કારણ ન માનવું, શુભ રાગને મોક્ષનું કારણ માનવું તે ભ્રમ છે. ધર્મનું કારણ તો રાગ રહિત શુદ્ધોપયોગ છે. શુદ્ધોપયોગને અને શુભોપયોગને પ્રતિપક્ષપણું છે શુભ રાગ તો પુણ્યબંધનું કારણ છે ને મોક્ષનું કારણ તે શુદ્ધોપયોગ જ છે. શુભ રાગથી પુણ્યબંધ પણ થાય અને વળી તે મોક્ષનું કારણ પણ થાય -એમ એક જ ભાવને બંધ-મોક્ષ બન્નેનું કારણ માનવું તે ભ્રમ છે. માટે વ્રતાદિના શુભ રાગને બંધનું જ કારણ જાણવું પણ તેને મોક્ષનું કારણ ન માનવું.

વ્રત-અવ્રત એ બન્ને વિકલ્પ રહિત જ્યાં પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગનું કાંઈ પ્રયોજન નથી એવો ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ છે, તે જ મોક્ષમાર્ગ છે; નીચલી દશામાં કોઈ જીવોને શુભોપયોગ અને શુદ્ધોપયોગનું યુક્તપણું હોય છે, તેથી એ વ્રતાદિ શુભોપયોગને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે, પણ વસ્તુવિચારથી જોતાં શુભોપયોગ મોક્ષનો ઘાતક જ છે. આ રીતે જે બંધનું કારણ છે તે જ મોક્ષનું ઘાતક છે દ્વએવું શ્રદ્ધાન કરવું.

સમ્યગ્દષ્ટિને શુભોપયોગ પણ ખરેખર બંધનું જ કારણ છે, પણ તે વખતે સાથે નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાનરૂપ મોક્ષમાર્ગ છે તેથી ઉપચારથી તેના શુભને મોક્ષનું કારણ કહ્યું પણ ખરું સાધન તો વિકલ્પ રહિત શ્રદ્ધા, જ્ઞાન ને વીતરાગી ચારિત્ર જ છે, રાગ તે મોક્ષનું સાધન છે જ નહિ -આવું શ્રદ્ધાન કરવું. મોક્ષનું કારણ તો રાગ રહિત જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્રતારૂપ શુદ્ધોપયોગ જ છે. આમ શુદ્ધોપયોગને મોક્ષનું કારણ જાણીને તેનો ઉદ્યમ કરવો અને શુભાશુભ ઉપયોગને હેય જાણવા.

શુદ્ધ ઉપયોગ જ મોક્ષનું કારણ હોવાથી આદરણીય છે -એવી શ્રદ્ધા તો થઈ છે પણ જ્યાં શુદ્ધોપયોગ ન થઈ શકે ત્યાં શુભોપયોગ હોય છે. અશુભને છોડીને શુભ ભાવ કરવો -એમ ઉપદેશમાં કહેવાય પણ કાંઈ અશુભ આવે છે ને તેને છોડવો -એમ નથી. શુભનો કાળ છે ત્યાં અશુભ રાગ થતો જ નથી. રાગ થયો ને તેને છોડવો -એમ નથી. અશુભ થયો જ નથી તેને છોડવો શું ? અને અશુભ થયો તેને છોડવો કઈ રીતે ? થયો તે તો થયો જ છે, ને બીજા સમયે તો તે છૂટી જ જાય છે. એ જ પ્રમાણે શુદ્ધોપયોગ થયો ત્યાં શુભ ઉપયોગ પણ છૂટી જાય છે, એટલે કે શુભની ઉત્પત્તિ જ ત્યાં થતી નથી. શુભ-અશુભ પરિણતિ તો પોતાની છે, પણ અહીં તો એમ કહ્યું કે શુભોપયોગ હોય તે સમયે અશુભોપયોગ નથી હોતો તેથી તેણે અશુભોપયોગ છોડ્યો એમ વ્યવહારથી કહેવાય છે. પરનું ગ્રહણ-ત્યાગ તો છે જ નહિ પણ અશુભ છોડું ને શુભને ગ્રહણ કરું તે પણ ઉપચારથી કહેવાય છે. શુભ વખતે શુભનો જ કાળ છે, ને તે વખતે અશુભનો કાળ જ નથી, તેથી અશુભ છોડ્યો એમ કહ્યું.

ક્રમબદ્ધપર્યાયમાં તો કાંઈ ફેર નથી પડતો પણ ઉપદેશમાં તો એમ જ કથન આવે કે પાપ છોડો, અશુભ છોડો. શુભ અને અશુભ બન્ને ઉપયોગ અશુદ્ધ જ છે પણ તેમાં શુભ કરતાં અશુભમાં વધારે અશુદ્ધતા છે. જ્યાં શુદ્ધોપયોગ છે ત્યાં તો બહારમાં લક્ષ જ નથી. ચૈતન્યના અનુભવમાં જ એકાગ્રતા વર્તે છે એટલે પરદ્રવ્યનો તો તે સાક્ષી જ છે. તેથી ત્યાં પરદ્રવ્યનું તો કાંઈ પ્રયોજન જ નથી પણ શુભ ઉપયોગ વખતે બાહ્યમાં અહિંસા પાળું, જોઈને ચાલું ઈત્યાદિ વ્રતાદિકની પ્રવૃત્તિ હોય છે તથા અશુભોપયોગ વખતે હિંસા વગેરે અવ્રતાદિકની પ્રવૃત્તિ થાય છે. આ રીતે શુભ અને અશુભ ભાવરૂપ અશુદ્ધ ઉપયોગ વખતે પરદ્રવ્યની પ્રવૃત્તિ સાથે નિમિત્ત-નૈમિત્તિકપણું હોય છે પણ જ્યાં શુદ્ધોપયોગ છે ત્યાં તો પરદ્રવ્ય સાથે સંબંધ જ નથી. આ ગ્રહું ને આ છોડું ઈત્યાદિ ગ્રહણ ત્યાગના વિકલ્પ શુદ્ધોપયોગમાં નથી હોતા, જ્યારે શુદ્ધોપયોગ ન હોય ત્યારે અશુદ્ધ ઉપયોગમાં શુભ-અશુભ રાગ હોય છે, ત્યાં વ્રતાદિ શુભ વખતે શરીરની બ્રહ્મચર્યાદિ ક્રિયા સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પંચ મહાવ્રતની વૃત્તિનો શુભ રાગ હોય ત્યારે શરીરની નગ્ન દિગંબરદશા જ હોય એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. શુભ ઉપયોગ હોય ને શરીરથી હિંસા-મૈથુન વગેરે ક્રિયા થતી હોય -એમ બને નહિ. પંચ મહાવ્રતનો શુભ રાગ હોય ને શરીર ઉપર વસ્ત્રાદિનું ગ્રહણ હોય -એમ બને નહિ. વ્રતના શુભ રાગ વખતે તેને યોગ્ય બાહ્ય ક્રિયા સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે પણ હાથમાં છરી લઈને શાક કાપતો હોય અને તે વખતે પંચ મહાવ્રતના પરિણામ વર્તતા હોય -એમ બને નહિ. હાથની ક્રિયા તો જડની છે પણ રાગને અને બાહ્ય ક્રિયાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. પંચ મહાવ્રતની વૃત્તિ હોય ત્યાં શરીરની વસ્ત્ર રહિત દશા જ હોય, પણ ત્યાં શરીર ઉપરથી વસ્ત્રને દૂર કરવાની ક્રિયા જીવની નથી, વિકલ્પ થયો તેનો જ જીવ કર્તા છે અને જ્યાં શુદ્ધોપયોગમાં ઠર્યો ત્યાં તો પરદ્રવ્ય ઉપર લક્ષ જ નથી. જીવના રાગને અને પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ શુદ્ધોપયોગમાં ગ્રહણ-ત્યાગનો



વિકલ્પ જ નથી.

પંચ મહાવ્રતની વૃત્તિ આવી માટે વસ્ત્ર છોડવા પડે છે -એમ જે માને છે તે વસ્ત્ર છોડવાની ક્રિયાનો કર્તા થાય છે, તે મિથ્યાત્વ છે અને પંચ મહાવ્રત હોવા છતાં શરીર ઉપર વસ્ત્ર હોય -એમ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. પંચ મહાવ્રતને અને વસ્ત્રના ત્યાગને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, પણ ત્યાં જીવે તો પંચ મહાવ્રતનો શુભ રાગ કર્યો, પરંતુ વસ્ત્ર છોડવાની ક્રિયા જીવના કારણે થઈ નથી. શુભ પરિણામ તે કારણ અને વસ્ત્ર છૂટવા તે તેનું કાર્ય -એમ નથી. અશુભ પરિણામ થવા તે કારણ ને બહારમાં હિંસાદિની ક્રિયા થઈ તે તેનું કાર્ય -એમ પણ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ કર્તા-કર્મ સંબંધ નથી. અજ્ઞાની તો આત્માના પરિણામને કારણે બહારની ક્રિયા થઈ એમ માનીને જડની ક્રિયાનો સ્વામી થાય છે, તે મિથ્યાદૃષ્ટિ છે. તેને અહીં સમજાવ્યું છે કે ભાઈ ! તારી પર્યાયમાં શુભ-અશુભ ભાવો થાય છે તે તારા છે પણ જડની ક્રિયા તારી નથી. ચૌદમા ગુણસ્થાન સુધી પર્યાયમાં અશુદ્ધતા છે તે જીવનો ભાવ છે -એમ જાણે અને શુદ્ધ દ્રવ્યસ્વભાવને પણ જાણે અને પરદ્રવ્યની ક્રિયાને પોતાની ન માને -ત્યારે નિશ્ચય-વ્યવહારનું યથાર્થ જ્ઞાન થાય છે.

## પ્ર.વૈશાખ સુદ ૧૦, ગુરુવાર, ૨૩-૪-૫૩.

અજ્ઞાની જીવ અનાદિથી શુભને અને બાહ્ય ક્રિયાને મોક્ષનું કારણ માને છે, તે તેનો ભ્રમ છે. મોક્ષનું કારણ તો શુદ્ધોપયોગ જ છે, શુભ-અશુભ ઉપયોગ તો બંધનું કારણ છે. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન અને તેમાં લીનતા તે મોક્ષનું કારણ છે. અશુદ્ધ ઉપયોગને અને પરદ્રવ્યની પરિણતિને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, પણ શુદ્ધોપયોગને બહારની પ્રવૃત્તિ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી, શુદ્ધોપયોગને તો સ્વભાવની સાથે જ સંબંધ છે. અશુભ ઉપયોગને અને બહારની અવ્રતાદિ પ્રવૃત્તિને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તથા શુભ ઉપયોગને અને બહારની વ્રતાદિ પ્રવૃત્તિને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, પણ તે બન્ને પરદ્રવ્યાલંબી અશુદ્ધભાવ છે, તે મોક્ષનું કારણ નથી. પહેલાં અશુભ છૂટીને શુભ થાય પણ તે કાંઈ મોક્ષનું કારણ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધોપયોગ થાય તે જ મોક્ષનું કારણ છે.

અંદર પંચ મહાવ્રતનો શુભ રાગ હોય ત્યાં શરીરની વસ્ત્ર રહિત દશા સહજ હોય જ છે -એવો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ધ્યાનમાં કોઈ વસ્ત્ર ઓઢાડી દે - તો તે ઉપસર્ગ છે, ત્યાં મુનિને તે પરિગ્રહને ગ્રહણ કરવાનો રાગ નથી. અંદરમાં છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય મહાવ્રતનો ભાવ હોય અને બહારમાં હાથમાં છરી લઈને શાક કાપતો હોય -એમ કદી ન બને. હા, એમ બને કે બહારમાં દિગંબર શરીર હોય છતાં અંદર મુનિપણું ન હોય. અહીં તો એમ કહેવું છે કે શુભને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો -ત્યાં તે મોક્ષમાર્ગ ખરેખર નથી. શુભને મોક્ષનું કારણ માને તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ શુદ્ધોપયોગને જ ઉપાદેય જાણે છે, પણ શુદ્ધોપયોગ ન હોય ત્યારે પહેલાં અશુભ છોડીને શુભ હોય છે, પછી

તે શુભ છોડીને શુદ્ધોપયોગ થાય તે મોક્ષનું કારણ છે. અત્યારે તો કોઈ ભાવલિંગી સંત અહીં જોવામાં આવતા નથી પણ દ્રવ્યલિંગીના ચોખ્ખા વ્યવહારવાળા પણ દેખાતા નથી. દ્રવ્યલિંગીને પણ ૨૮ મૂળગુણનું પાલન હોવું જોઈએ, પોતાને માટે કરેલો આહાર તે લ્યે નહિ. વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર પ્રરૂપણા અને ૨૮ મૂળગુણ -એ ત્રણે વાત હોય ત્યારે દ્રવ્યલિંગી કહેવાય અને એટલું હોવા છતાં કોઈ સૂક્ષ્મ મિથ્યાત્વ તેને રહી જાય છે.

''કોઈ એમ માને છે કે શુભોપયોગ છે તે શુદ્ધોપયોગનું કારણ છે. હવે ત્યાં જેમ અશુભોપયોગ છૂટી શુભોપયોગ થાય છે તેમ શુભોપયોગ છૂટી શુદ્ધોપયોગ થાય છે એમ જ જો કાર્ય-કારણપણું હોય તો શુભોપયોગનું કારણ અશુભોપયોગ પણ ઠરે; અથવા દ્રવ્યલિંગીને શુભોપયોગ તો ઉત્કૃષ્ટ હોય છે ત્યારે શુદ્ધોપયોગ હોતો જ નથી, તેથી વાસ્તવિકપણે એ બન્નેમાં કાર્ય-કારણપણું નથી.''

અશુભમાંથી સીધો શુદ્ધોપયોગ કોઈને ન થાય. અશુભ ટળીને શુભ થાય, ને શુભ ટળીને પછી શુદ્ધ થાય છે. જો કે વ્રતના પરિણામ પણ છોડવા જેવા છે, પણ સમ્યગ્દષ્ટિને પહેલા અવ્રતના પરિણામ છૂટીને વ્રતના પરિણામ થાય છે, ને પછી શુદ્ધોપયોગ થતાં વ્રતના શુભ પરિણામ પણ છૂટી જાય છે. શુભ છૂટીને શુદ્ધ થયો -તેથી ઉપચારથી તેને શુદ્ધનું કારણ કોઈ વાર કહ્યું પણ વાસ્તવિકપણે શુભ તે શુદ્ધનું કારણ નથી. જો શુભ તે શુદ્ધનું કારણ હોય તો તો અશુભ તે શુભનું કારણ થાય! -પણ એમ નથી. વળી જો શુભ તે શુદ્ધનું કારણ થાય તો તો દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિ ઉત્કૃષ્ટ શુભ ભાવ કરીને નવમી ગ્રૈવેયકે જાય છે છતાં તેને તે શુભ રાગ કિંચિત્ પણ શુદ્ધનું કારણ થતું નથી. માટે શુભ રાગ તે શુદ્ધનું કારણ નથી. કોઈ વાર ભાવલિંગી મુનિ પહેલા સ્વર્ગે જાય ને દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિ શુભથી ઠેઠ નવમી ગ્રૈવેયકે જાય, પણ તેને તે શુભના કારણે શુદ્ધતા કાંઈ પણ થતી નથી. માટે શુભ અને શુદ્ધને ખરેખર કારણ-કાર્યપણું નથી.

''જેમ કોઈ રોગીને ઘણો રોગ હતો અને પાછળથી અલ્પ રોગ રહ્યો, ત્યાં એ અલ્પ રોગ કાંઈ નીરોગ થવાનું કારણ નથી; હા, એટલું ખરું કે અલ્પ રોગ રહે ત્યારે નીરોગ થવાનો ઉપાય કરે તો થઈ જાય પણ કોઈ જો એ અલ્પ રોગને જ ભલો જાણી તેને રાખવાનો યત્ન કરે તો તે નીરોગ કેવી રીતે થાય ? જેમ કોઈ કષાયીને તીવ્ર કષાયરૂપ અશુભોપયોગ હતો, પાછળથી મંદ કષાયરૂપ શુભોપયોગ થયો. હવે એ શુભોપયોગ કાંઈ નિષ્કષાય શુદ્ધોપયોગ થવાનું કારણ નથી, હા એટલું ખરું કે શુભોપયોગ થતાં શુદ્ધોપયોગ જો યત્ન કરે તો થઈ જાય, પણ કોઈ એ શુભોપયોગને જ ભલો જાણી તેનું જ સાધન કર્યા કરે તો શુદ્ધોપયોગ ક્યાંથી થાય ? બીજું મિથ્યાદષ્ટિનો શુભોપયોગ તો શુદ્ધોપયોગનું કારણ છે જ નહિ, પણ સમ્યગ્દષ્ટિને શુભોપયોગ થતાં નિકટ શુદ્ધોપયોગની પ્રાપ્તિ થાય છે એવા મુખ્યપણાથી કોઈ ઠેકાણે શુભોપયોગને પણ શુદ્ધોપયોગનું કારણ કહીએ છીએ, એમ સમજવું.

શુદ્ધોપયોગ તો સ્વભાવમાં એકાગ્ર થાય ત્યારે જ થાય છે. શુભ તો પરના લક્ષે થાય છે, આખી



દષ્ટિ પલટી જાય ત્યારે શુદ્ધોપયોગ થાય છે. મિથ્યાદષ્ટિને તો શુદ્ધોપયોગ થતો જ નથી. એટલે તેને તો શુભોપયોગ ઉપચારથી પણ શુદ્ધનું કારણ કદી થતો નથી. સમ્યગ્દષ્ટિને સ્વભાવની દષ્ટિ તો વર્તે છે અને શુભને તોડીને નિકટમાં જ શુદ્ધોપયોગની પ્રાપ્તિ થવાની છે તે અપેક્ષાએ સમ્યગ્દષ્ટિને ક્યારેક શુભ તે શુદ્ધનું કારણ કહેવાય છે.

''વળી આ જીવ પોતાને નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનો સાધક માને છે, ત્યાં પૂર્વે કહ્યા પ્રમાણે આત્માને શુદ્ધ માન્યો તે તો સમ્યગ્દર્શન થયું, તે જ પ્રમાણે જાણ્યો તે સમ્યગ્જ્ઞાન થયું, તથા તે જ પ્રમાણે વિચારમાં પ્રવર્ત્યો તે સમ્યગ્ચારિત્ર થયું. એ પ્રમાણે પોતાને નિશ્ચય રત્નત્રય થયું માને છે; પણ હું પ્રત્યક્ષ અશુદ્ધ છતાં શુદ્ધ કેવી રીતે માનું-જાણું-વિચારું છું ! ઈત્યાદિ વિવેક રહિત માત્ર ભ્રમથી સંતુષ્ટ થાય છે.''

આત્માને 'શુદ્ધ-શુદ્ધ' કહે છે પણ કઈ રીતે શુદ્ધ છે તેની તેને ખબર નથી, દ્રવ્યદષ્ટિ વગર એમ ને એમ કહે છે કે આત્મા તો સિદ્ધ જેવો શુદ્ધ છે પણ પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં શુદ્ધતા માનવી તે તો ભ્રમ છે. વસ્તુ સમજ્યા વગર શુદ્ધ આત્માની માન્યતા કઈ રીતે કરી ? જો શુદ્ધ દ્રવ્યની યથાર્થ માન્યતા, જ્ઞાન અને એકાગ્રતા કરે તો પર્યાયમાં શુદ્ધતા થવી જોઈએ, પણ પર્યાયની તો તેને ખબર નથી, હું શુદ્ધ છું -એમ કલ્પનાથી માને છે, એમ જાણે છે તથા એવા વિચારમાં બેસે છે -તેને જ તે નિશ્ચય રત્નત્રય માને છે, પણ નિશ્ચય રત્નત્રયના ખરા સ્વરૂપની તેને ખબર નથી. વળી વ્યવહાર રત્નત્રયને પણ અજ્ઞાની બીજી રીતે ભ્રમરૂપ માને છે.''

''અર્હંતાદિક વિના અન્ય દેવાદિકને હું માનતો નથી વા જૈનશાસ્ત્રાનુસાર જીવાદિકના ભેદ શીખી લીધા છે તેને જ માનું છું અન્યને માનતો નથી તે તો સમ્યગ્દર્શન થયું. જૈનશાસ્ત્રોના અભ્યાસમાં ઘણો પ્રવર્તું છું તે સમ્યગ્જ્ઞાન થયું તથા વ્રતાદિરૂપ ક્રિયાઓમાં પ્રવર્તું છું તે સમ્યક્ચારિત્ર થયું'' -એ પ્રમાણે પોતાને વ્યવહાર રત્નત્રય થયું માને છે; પણ વ્યવહાર તો ઉપચારનું નામ છે અને તે ઉપચાર પણ ત્યારે જ બને કે જ્યારે તે સત્યભૂત નિશ્ચય રત્નત્રયના કારણાદિરૂપ થાય. અર્થાત્ જેમ નિશ્ચય રત્નત્રય સધાય તેમ તેને સાધે તો તેમાં વ્યવહારપણું સંભવે, પણ આને તો સત્યભૂત નિશ્ચય રત્નત્રયની પિછાણ જ થઈ નથી તો એ પ્રમાણે કેવી રીતે સાધી શકે ? માત્ર આજ્ઞાનુસારી બની દેખાદેખી સાધન કરે છે તેથી તેને નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ પણ થયો નહિ.

''એ પ્રમાણે આ જીવ નિશ્ચયાભાસને જાણે-માને છે, પરંતુ વ્યવહારસાધનને ભલા જાણે છે તેથી સ્વચ્છંદી બની અશુભરૂપ પ્રવર્તતો નથી પણ વ્રતાદિ શુભોપયોગરૂપ પ્રવર્તે છે તેથી અંતીમ ગ્રૈવેયક સુધીના પદ પામે છે, તથા જો નિશ્ચયાભાસની પ્રબળતાથી અશુભરૂપ પ્રવૃત્તિ થઈ જાય તો તેનું કુગતિમાં પણ ગમન થઈ પરિણામાનુસાર ફળ પામે છે, પરંતુ સંસારનો જ ભોક્તા રહે છે, અર્થાત્ સાચો મોક્ષમાર્ગ પામ્યા વિના તે સિદ્ધપદને પામી શકતો નથી. એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારાભાસ બન્ને નયાવલંબી

મિથ્યાદષ્ટિઓનું નિરૂપણ કર્યું. એ જીવ નિશ્ચયાભાસને જાણે-માને છે પરંતુ વ્યવહારસાધનને ભલા જાણે છે, તેથી સ્વચ્છંદી બની અશુભરૂપ પ્રવર્તતો નથી.

હવે સમ્યક્ત્વસન્મુખ જે મિથ્યાદષ્ટિ છે તેનું નિરૂપણ કરીએ છીએ.

## સમ્યક્ત્વસન્મુખ મિથ્યાદષ્ટિનું નિરૂપણ

કોઈ મંદ કષાયાદિનું કારણ પામીને જ્ઞાનાવરણ આદિ કર્મોનો ક્ષયોપશમ થવાથી તત્ત્વવિચાર કરવાની શક્તિ પ્રગટ થાય છે. પૂર્વે કુદેવાદિને માનતો હતો તે તીવ્ર કષાય હતો, હવે સુદેવાદિને માનતો થયો તેથી કષાય મંદ થયો તેથી તેને જ્ઞાનનો ઉઘાડ થયો અને તત્ત્વવિચાર કરવાની શક્તિ પ્રગટી; અને મિથ્યાત્વ મંદ થયું હોવાથી દેવ-ગુરુ-શાસ્ત્ર, નવ તત્ત્વ, છ દ્રવ્ય આદિ તત્ત્વોનો વિચાર કરવા ઉદ્યમી થયો, એમ થતાં તેને બાહ્ય નિમિત્ત સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળ્યો અને ત્યાં સાચા ઉપદેશને શ્રવણ કરવાનું બન્યું. તે ઉપદેશમાં પોતાને પ્રયોજનભૂત મોક્ષમાર્ગના, દેવ-ગુરુ-ધર્માદિના, જીવાદિ તત્ત્વોના, સ્વ-પરના કે પોતાને અહિતકારી-હિતકારી ભાવોના ઈત્યાદિ ઉપદેશથી સાવધાન થઈ તેણે એવો વિચાર કર્યો કે અહો ! મને આ વાતની તો ખબર ન હતી, હું ભ્રમથી ભૂલી પર્યાય-શરીરમાં તન્મય થઈ રહ્યો છું, પણ આ શરીર તો અલ્પકાળ રહેશે; આમ વૈરાગ્ય થાય છે, તથા નક્કી કરે છે કે પૂર્વોક્ત તત્ત્વોની મને ખબર ન હતી. ‘‘હું તો એ જાણું છું’’ એમ ભ્રમથી માની બેસે તે તો પાત્ર જ નથી કેમ કે તે પૂર્વની અને વર્તમાનની પોતાની માન્યતા વચ્ચે કાંઈ ભેદ પાડતો નથી.

વળી તે વિચારે છે કે મને આ સર્વ નિમિત્તો મળ્યા છે માટે મારે આ વાતનો નિર્ણય કરવો જોઈએ કારણ કે આમાં જ મારું હિત છે -આમ વિચારી જે ઉપદેશ સાંભળ્યો તેનો નિર્ધાર કરવાનો ઉદ્યમ કરે છે; અહીં ઉપદેશ લીધો છે, પ્રથમ શાસ્ત્ર વાંચી તત્ત્વવિચાર કરે છે -એમ કહ્યું નથી.

### પ્ર.વૈશાખ સુદ ૧૧, શુક્રવાર, ૨૪-૪-૫૩.

સમ્યગ્દર્શનની સન્મુખ થયેલા જીવની પાત્રતા કેવી હોય તેનું આ વર્ણન છે. જે હજી સમ્યગ્દર્શન પામ્યો નથી પણ સમ્યગ્દર્શન પામવા માટે તત્ત્વનિર્ણય વગેરેનો ઉદ્યમ કરે છે -એવા જીવની વાત છે. જેને આત્માનું હિત કરવાની ભાવના થઈ છે, સમ્યગ્દર્શન પ્રગટ કરીને આત્માનું કલ્યાણ કરવાની ધગશ જાગી છે એવા જીવને પ્રથમ તો કષાયની મંદતા થઈ છે, તત્ત્વનો નિર્ણય કરવા જેટલી જ્ઞાનની શક્તિ ઊઘડી છે, નિમિત્ત તરીકે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા છે અને પોતાને તેમની પ્રતીત થઈ છે. જ્ઞાની પાસેથી યથાર્થ ઉપદેશ મળ્યો છે ને પોતે પોતાના પ્રયોજન માટે મોક્ષમાર્ગ વગેરેનો ઉપદેશ સાંભળ્યો છે; ક્યા ભાવો આત્માને હિતકારી છે ને ક્યા ભાવો અહિતકારી છે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ શું છે ને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર કેવા છે ? જીવાદિ નવ તત્ત્વોનું સ્વરૂપ શું છે ? દ્રવ્ય-ગુણ-પર્યાય શું, ઉપાદાન-નિમિત્તનું સ્વરૂપ શું, મોક્ષમાર્ગનું ખરૂં સ્વરૂપ શું -ઈત્યાદિ પ્રયોજનભૂત બાબતોનો યથાર્થ



ઉપદેશ ગુરુગમે મળ્યો છે ને પોતે અંતરમાં તેનો નિર્ણય કરીને સમજવાનો પ્રયત્ન કરે છે; તે સમજીને પોતે પોતાનું જ પ્રયોજન સાધવા માગે છે. ઉપદેશની ધારણા કરીને હું બીજાને સંભળાવું કે બીજાને સમજાવી દઉં એવા આશયથી નથી સાંભળતો પણ સમજીને પોતાનું કલ્યાણ કરવાની જ ભાવના છે.

જુઓ, આ તો હજી સમ્યગ્દર્શન પામ્યા પહેલાની પાત્રતા બતાવે છે. જે પોતાનું કલ્યાણ કરવા માગે છે તેને મંદ કષાય અને જ્ઞાનનો ઉઘાડ તો હોય જ; એ ઉપરાંત, પહેલા તો જ્ઞાની પાસેથી સાચો ઉપદેશ મળવો જોઈએ, અજ્ઞાની-કુગુરુઓના ઉપદેશથી યથાર્થ તત્ત્વનિર્ણય થાય નહિ. જેને કુદેવ-કુગુરુ તો છૂટી ગયા છે, નિમિત્ત તરીકે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા છે ને કષાયની મંદતાપૂર્વક તત્ત્વનિર્ણયનો ઉદ્યમ કરે છે -તેવા જીવની આ વાત છે. જુઓ, આમાં શું કરવાનું કહ્યું ? -તત્ત્વનિર્ણયનો ઉદ્યમ કરવાનું કહ્યું. જેઓ કુદેવ-કુગુરુને માને, સર્વજ્ઞને આહાર માને, મુનિઓને વસ્ત્ર માને, વ્યવહારના અવલંબનથી મોક્ષમાર્ગ થવાનું માને -એવા જીવો તો તીવ્ર મિથ્યાદષ્ટિ છે, તેમને તો સમ્યક્ત્વ થવાની પાત્રતા નથી. જૈનધર્મનું જે મૂળ છે એવા સર્વજ્ઞને પણ જે ન ઓળખતો હોય તે તો ગૃહીત મિથ્યાદષ્ટિ છે, એવા જીવોની અહીં વાત નથી. અહીં તો જે જીવ સર્વજ્ઞને ઓળખીને માને છે, સાચા ગુરુને માને છે અને તેમણે કહેલા યથાર્થ તત્ત્વોનો નિર્ણય કરીને સમ્યગ્દર્શન પ્રગટવા માટેનો ઉદ્યમ કરે છે -એવા જીવની વાત છે. જુઓ, તે સમ્યક્ત્વસન્મુખ જીવમાં કેવી કેવી પાત્રતા હોય તે બતાવે છે.

૧) પ્રથમ તો મંદ કષાય થયો છે; આત્માનું હિત કરવાની જિજ્ઞાસા થઈ ત્યાં મંદ કષાય થઈ જ ગયો, તીવ્ર વિષય કષાયના ભાવમાં ડૂબેલા જીવને તો આત્માના હિતનો વિચાર જ ઊગતો નથી.

૨) મંદ કષાયથી જ્ઞાનાવરણાદિનો એવો ક્ષયોપશમ થયો છે કે તત્ત્વનો વિચાર અને નિર્ણય કરવા જેટલી જ્ઞાનની શક્તિ પ્રગટી છે. જુઓ, તત્ત્વનિર્ણય કરવા જેટલી બુદ્ધિ તો છે પણ જેને આત્માની દરકાર નથી તે જીવ તત્ત્વનિર્ણયમાં પોતાની બુદ્ધિ જોડતો નથી ને બહારના વિષય કષાયમાં જ બુદ્ધિ લગાવે છે.

૩) જે સમ્યક્ત્વસન્મુખ છે તે જીવને મોહની મંદતા થઈ છે તેથી તે તત્ત્વવિચારમાં ઉદ્યમી થયો છે. દર્શનમોહની મંદતા થઈ છે તેમ જ ચારિત્રમોહમાં પણ કષાયોની મંદતા થઈ છે, પોતાના ભાવમાં મિથ્યાત્વાદિનો રસ ઘણો મંદ થઈ ગયો છે અને તત્ત્વના નિર્ણય તરફ ઝુકાવ થયો છે. સંસારના કાર્યોની લોલૂપતા ઘટાડીને આત્માનો વિચાર કરવામાં ઉદ્યમી થયો છે. સંસારના કામમાંથી નવરો થાય (તેનો રસ ઘટાડે) ત્યારે આત્માનો વિચાર કરે ને ! સંસારની તીવ્ર લોલૂપતામાં પડ્યો હોય તેને આત્માનો વિચાર ક્યાંથી આવે ? જેના હૃદયમાંથી સંસારનો રસ ઊડી ગયો છે અને જે આત્માના વિચારનો ઉદ્યમ કરે છે કે ‘અરે ! મારે તો મારા આત્માનું સુધારવું છે, દુનિયા તો એમ ને એમ ચાલ્યા કરશે, દુનિયાની દરકાર છોડીને મારે તો મારું હિત કરવું છે’ -આવા જીવની આ વાત છે.

૪) તે જીવને બાહ્ય નિમિત્ત તરીકે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રાદિ મળ્યા છે; તેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા છૂટી ગઈ છે ને સર્વ વીતરાગદેવને જ માને છે, અરિહંત ભગવાનની વીતરાગી પ્રતિમા તે પણ દેવ છે. શાસ્ત્રમાં નવ દેવ પૂજ્ય કહ્યા છે :- પંચ પરમેષ્ઠી, જિનધર્મ, જિનવાણી, જિનચૈત્ય અને જિનબિંબ -એ નવેય દેવ તરીકે પૂજ્ય છે. સર્વજ્ઞ વીતરાગદેવને ઓળખે તેમ જ દિગંબર સંત ભાવલિંગી મુનિ મળે તે ગુરુ છે. તેમ જ કોઈ જ્ઞાની સત્પુરુષ નિમિત્ત તરીકે મળે તે પણ જ્ઞાનગુરુ છે. પાત્ર જીવને નિમિત્ત તરીકે જ્ઞાનીનો ઉપદેશ જ હોય છે. નરક વગેરેમાં મુનિ વગેરેનું સીધું નિમિત્ત નથી પણ પૂર્વે જ્ઞાનીની દેશના મળી છે તેના સંસ્કાર ત્યાં નિમિત્ત થાય છે. દેવ-ગુરુ વગર એકલું શાસ્ત્ર તે સમ્યગ્દર્શનનું નિમિત્ત ન થાય. માટે કહ્યું કે સમ્યક્ત્વસન્મુખ જીવને કુદેવાદિની પરંપરા છોડીને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પરંપરા મળી છે.

૫) વળી તે જીવને સત્ય ઉપદેશનો લાભ મળ્યો છે. આવા નિમિત્તોનો સંયોગ મળવો તે તો પૂર્વના પુણ્યનું ફળ છે અને સત્ય તત્ત્વનો નિર્ણય કરવાનો ઉદ્યમ તે પોતાનો વર્તમાન પુરુષાર્થ છે. પાત્ર જીવને નિમિત્ત કેવા હોય તે પણ ઓળખાવે છે કે નિમિત્ત તરીકે સત્ય ઉપદેશ મળવો જોઈએ. યથાર્થ મોક્ષમાર્ગ શું, નવ તત્ત્વોનું સ્વરૂપ શું, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય, સ્વ-પર, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, સમ્યગ્દર્શનાદિ હિતકારી ભાવો તથા મિથ્યાત્વાદિક અહિતકારી ભાવો -એ બધાનો ઉપદેશ યથાર્થ મળ્યો. ઉપદેશ મળવો તે તો પુણ્યનું ફળ છે પણ તે ઉપદેશ સાંભળીને તત્ત્વનો નિર્ણય કરવાની જવાબદારી પોતાની છે, એ વાત હવે કહે છે.

૬) જ્ઞાની પાસેથી યથાર્થ તત્ત્વનો ઉપદેશ મળ્યા પછી પોતે સાવધાન થઈને તેનો વિચાર કરે છે; એમ ને એમ ઉપર ઉપરથી સાંભળી લેતો નથી પણ બરાબર ધ્યાનપૂર્વક સાંભળીને સાવધાનપણે તેનો વિચાર કરે છે. અને ઉપદેશ સાંભળતા બહુમાન આવે છે કે અહો ! મને આ વાતની તો ખબર જ નથી, આવી વાત તો મેં પૂર્વે કદી સાંભળી જ નથી. જુઓ, આ જિજ્ઞાસુ જીવની લાયકાત ! એને જગતની દરકાર નથી, બીજા ઘણા જીવોને સમજાવી દઉં કે બીજાનું કલ્યાણ કરી દઉં -એવા વિચારમાં તે અટકતો નથી પણ મારા આત્માનું હિત કઈ રીતે થાય -એની જ એને લગની લાગી છે. આ જીવના શુભ રાગને લીધે કાંઈ પર જીવનું હિત થઈ જતું નથી, પર જીવનું હિત-અહિત થવું તો તેના પરિણામને આધીન છે; માટે હું જગતના જીવો ઉપર ઉપકાર કરી દઉં કે દેશનો ઉદ્ધાર કરી દઉં -એમ તે માનતો નથી, પોતાના આત્માનું જ પ્રયોજન વિચારે છે, ને સાવધાન થઈને અંતરમાં મોક્ષમાર્ગ તથા જીવાદિ તત્ત્વો વગેરેનો વિચાર કરે છે. જેને પોતાના આત્માનું હિત કરવું હોય તે જગતનું જોવા રોકાય નહિ. બહારમાં ગામેગામ ઘણા જિનમંદિર થાય ને ઘણા જીવો ધર્મ પામે તો મારું કલ્યાણ થઈ જાય -એમ વિચારીને જો બહારમાં જ રોકાય તો આત્મા સામે ક્યારે જુએ ? અરે ભાઈ ! તું તારા આત્મામાં એવું મંદિર બનાવ કે જેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ભગવાન આવીને બિરાજે ! ભક્તિ-પ્રભાવના વગેરેનો શુભ રાગ આવે તે જુદી વાત છે પણ પાત્ર જીવ તે



રાગ ઉપર જોર ન આપતાં આત્માના નિર્ણયનો ઉદ્યમ કરે છે. અહો ! આવા તત્ત્વની મને અત્યાર સુધી ખબર ન હતી, મેં ભ્રમથી રાગાદિને જ ધર્મ માન્યો હતો ને શરીરને જ મારું સ્વરૂપ માનીને તેમાં હું તન્મય થયો, પણ આ શરીર તો જડ-અચેતન છે ને હું તો જ્ઞાનસ્વરૂપ છું, આ શરીરનો સંયોગ તો અલ્પકાળ પૂરતો જ છે, આ મનુષ્યભવ કાંઈ કાયમ રહેવાનો નથી, અહીં મને હિતના સર્વ નિમિત્તો મળ્યા છે, માટે મારે મોક્ષમાર્ગ વગેરેનો બરાબર નિર્ણય કરવો -આમ વિચારીને તત્ત્વનિર્ણયનો ઉદ્યમ કરે છે.

જુઓ, આ સમ્યગ્દર્શન પામવાની તૈયારીવાળા જીવની પાત્રતા ! હજી સમ્યગ્દર્શન પામ્યા પહેલા આવો નિર્ણય કરે છે કે હું આત્મા અનાદિઅનંત છું ને આ શરીરની સ્થિતિ તો અલ્પકાળની જ છે. માટે મારે તત્ત્વનિર્ણય કરીને મારું આત્મહિતનું પ્રયોજન સાધી લેવું; અરે ! થોડા કાળનું જીવન, તેમાં આત્માનું જ કરવા જેવું છે. આમ વિચારી સંસારના કામમાંથી રસ ઘટાડીને ચૈતન્યનો નિર્ણય કરવાનો ઉદ્યમ કરે છે. તેમાં જ પોતાનું હિત ભાસ્યું છે તેથી તે કાર્ય કરવામાં પ્રીતિ અને હર્ષપૂર્વક ઉદ્યમ કરે છે. આ રીતે પોતાનું કાર્ય કરવાનો તેને ઘણો ઉલ્લાસ છે, તેથી જે ઉપદેશ સાંભળે તેનો વિચાર કરીને નિર્ધાર કરવાનો નિરંતર ઉદ્યમ કરે છે. 'દુનિયાને સુધારી દઉં ને દેશનો ઉદ્ધાર કરી દઉં' -એવા વિચારમાં રોકાતો નથી પણ હું તત્ત્વ સમજીને મારા આત્માનો ઉદ્ધાર કરું -એમ વિચારીને તત્ત્વનિર્ણયનો ઉદ્યમ કરે છે, - ''કામ એક આત્માર્થનું બીજો નહિ મનરોગ.''

૭) ત્યાં ઉદ્દેશ એટલે કે નામ જાણે, તથા લક્ષણનિર્દેશ એટલે જેનું જે લક્ષણ હોય તે જાણે તથા પરીક્ષા દ્વારા વિચારીને નિર્ણય કરે. જીવ-અજીવ વગેરે નામ શીખે, તેમના લક્ષણ જાણે અને પરીક્ષા કરીને નિર્ણય કરે. જે ઉપદેશ સાંભળ્યો તેનો નિર્ધાર કર્યો અને પછી અંતરમાં તેનો પોતે નિર્ણય કરે છે. ઉપદેશ અનુસાર નામ અને લક્ષણ જાણીને પોતે વિવેકથી નિર્ણય કરે છે.

સાત તત્ત્વોને સ્વતંત્ર કહે, વસ્તુને દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ કહે, અને વળી એમ કહે કે ''નિમિત્ત આવે તો પર્યાય થાય, નિમિત્ત વગર પર્યાય ન થાય'' તો તેનો ઉપદેશ પરસ્પર વિરુદ્ધ છે -એવા ઉપદેશને તો માને નહિ, પણ જ્ઞાની પાસેથી જે સાચો ઉપદેશ મળ્યો છે તેનો પણ પોતે જાતે ઉદ્યમ કરીને નિર્ણય કરે છે. જ્ઞાની કહે છે કે દરેક તત્ત્વ સ્વતંત્ર છે, નિમિત્ત કાંઈ કરતું નથી; અને વળી એમ પણ કહે છે કે જ્ઞાની પાસેથી જ દેશનાલબ્ધિ મળ્યા વગર કોઈ જીવને સમ્યગ્જ્ઞાન થાય નહિ -તો તેનો મેળ કઈ રીતે છે ? -એમ પોતે બરાબર વિચારીને નિર્ણય કરે. પોતાના જ્ઞાનથી વિવેક કરે છે કે વસ્તુ કઈ રીતે છે ?

તત્ત્વનિર્ણય કરવા માટે પ્રથમ તો તત્ત્વોના નામ અને લક્ષણ જાણે અને પછી પોતે પરીક્ષા દ્વારા વિવેક કરીને તત્ત્વના ભાવોને ઓળખીને નિર્ણય કરે. અજ્ઞાનીના વિરુદ્ધ ઉપદેશને તો માને જ નહિ, પરંતુ જ્ઞાની પાસેથી જે યથાર્થ ઉપદેશ મળ્યો તેનો પણ પોતે જાતે ઉદ્યમ કરીને નિર્ણય કરે છે. એમ

ને એમ માની લેતો નથી, પણ પોતે પોતાનો વિચાર ભેળવીને મેળવણી કરે છે. જ્ઞાની પાસેથી સાંભળી લીધું પણ પછી ‘આ કઈ રીતે છે’ એમ પોતે તેના ભાવને ઓળખીને જાતે નિર્ણય ન કરે તો સાચી પ્રતીતિ થતી નથી. માટે કહ્યું કે જ્ઞાની પાસેથી તત્ત્વનો જે ઉપદેશ સાંભળ્યો તેને ધારણ કરી રાખે ને પછી એકાંતમાં વિચાર કરીને જાતે તેનો નિર્ણય કરે. ઉપદેશ સાંભળવામાં જ જે ધ્યાન ન રાખે ને તે વખતે બીજા સંસારના વિચારમાં ચડી જાય તેને તો તત્ત્વના નિર્ણયની દરકાર જ નથી. શું કહ્યું તે ધારે પણ નહિ તો વિચાર કરીને અંતરમાં નિર્ણય કઈ રીતે કરશે ? જેમ ગાય ખાવા ટાણે ખાઈ લ્યે છે ને પછી નિરાંતે બેઠી બેઠી તેને વાગોળીને પચાવે છે, તેમ જિજ્ઞાસુ જીવ જેવો ઉપદેશ સાંભળે તેવો બરાબર યાદ કરી લ્યે અને પછી એકાંતમાં વિવેકપૂર્વક વિચાર કરીને તેનો નિર્ણય કરે, ને અંતરમાં તેને પરિણમાવવાનો પ્રયત્ન કરે. યથાર્થ ઉપદેશ સાંભળવો, યાદ રાખવો, વિચાર કરવો અને તેનો નિર્ણય કરવો -એમ ચાર વાત મૂકી. તત્ત્વનો નિર્ણય કરવાની શક્તિ પોતામાં હોવી જોઈએ. આ જીવને એટલો જ્ઞાનનો ઉઘાડ તો થયો છે પણ તે જ્ઞાનને તત્ત્વનો નિર્ણય કરવામાં લગાવવું જોઈએ. સાંભળ્યા પછી પોતે એકલો પોતાના ઉપયોગમાં વિચાર કરે કે શ્રીગુરુએ આમ કહ્યું તે કઈ રીતે છે ! -એ પ્રમાણે ઉપદેશ અનુસાર પોતે જાતે નિર્ણય કરવાનો પ્રયત્ન કરે છે. માત્ર સાંભળ્યા જ કરે અને વાંચ્યા જ કરે પણ જાતે કાંઈ પણ વિચાર કરીને તત્ત્વનિર્ણયમાં પોતાની શક્તિ ન લગાવે તો તેને યથાર્થ પ્રતીતિનો લાભ થાય નહિ. ‘હું જ્ઞાનાનંદ આત્મા છું, મારા આશ્રયે જ મારું હિત છે, મારા સિવાય પરના અવલંબને રાગાદિક ભાવો થાય છે તેમાં મારું હિત નથી’ -એ પ્રમાણે તત્ત્વોના ભાવનું ભાસન થવું જોઈએ, તો જ યથાર્થ તત્ત્વ શ્રદ્ધાન થાય છે. આવું તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

‘‘તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે’’ એમ જ્ઞાનીએ ઉપદેશ આપ્યો ને પોતે સાંભળ્યો, પછી પોતે જાતે એકાંતમાં બેસી વિચાર કરે કે જીવાદિ સાત તત્ત્વો કહ્યાં તેનું સ્વરૂપ શું છે ? તેના શ્રદ્ધાનને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું તે કઈ રીતે ઘટે છે ? -એમ જાતે નિર્ણય કરે, સાત તત્ત્વોને પરીક્ષા કરી ઓળખે.

‘‘સમ્યગ્દર્શન’’ એમ કહ્યું તે નામ થયું, ‘‘તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં’’ એમ કહ્યું તે સમ્યગ્દર્શનનું લક્ષણ થયું. ‘‘જીવ’’ એમ કહ્યું તે નામ થયું, ‘‘જ્ઞાનસ્વરૂપ જીવ છે’’ એમ કહ્યું તે જીવનું લક્ષણ થયું, -એ પ્રમાણે તત્ત્વોના નામ જાણે તથા તેમના લક્ષણો જાણે, દેવ-ગુરુ-શાસ્ત્ર, મોક્ષમાર્ગ, ઉપાદાન-નિમિત્ત, સ્વ-પર, હિત-અહિત વગેરેના નામ તેમ જ લક્ષણ સાંભળીને જાણે તથા જાતે પરીક્ષા કરીને તેનો નિર્ણય કરે. જ્ઞાનીએ કહ્યું તે જ્ઞાની પાસે રહ્યું પણ પોતે નિર્ણય ન કરે તો પોતાને તત્ત્વનો યથાર્થ લાભ થાય નહિ. માટે નામ અને લક્ષણ ઓળખીને નિર્ણય કરવો જોઈએ.

સમ્યક્ચારિત્ર એ નામ, ત્યાં વીતરાગભાવ તે તેનું લક્ષણ છે. જીવ-અજીવ વગેરે નામ કહેવા તે નામનિર્દેશ છે અને પછી દરેકનું લક્ષણ ભિન્ન ભિન્ન બતાવવું તે લક્ષણનિર્દેશ છે.



નવે તત્ત્વોને, મોક્ષમાર્ગને વગેરેને ઓળખીને, પોતે એકલો વિચાર કરે. એકાંતમાં વિચાર કરવાનું કહ્યું તેમાં વિચારની એકાગ્રતા બતાવે છે, ક્ષેત્રની વાત નથી લીધી કે નિર્ણય કરવા માટે જંગલમાં જવું પડે ! ભગવાનના સમવસરણમાં બેઠો હોય ને અંદરના વિચારમાં એકાગ્ર થઈને સમ્યગ્દર્શન પામી જાય, તો ત્યાં પણ તેને એકાંત જ થયું.

ત્યાં યુક્તિ-અનુમાન-પ્રત્યક્ષ-તર્ક આદિથી ઉપદેશમાં આવેલા તત્ત્વો એમ જ છે કે અન્યથા છે -તેનો નિર્ણય કરે તથા વિશેષ વિચારે કે ઉપદેશમાં તો આમ કથન આવ્યું પરંતુ એમ જો માનવામાં ન આવે તો શું બાધા આવે ?

જીવનું લક્ષણ જ્ઞાન કહ્યું, તે જ્ઞાન સર્વ અવસ્થામાં રહે છે. માટે તે નિર્દોષ લક્ષણ છે. દયા-દાનાદિ વિકલ્પ કાંઈ જીવમાં ત્રિકાળ રહેતા નથી માટે તે જીવનું ખરું લક્ષણ નથી. જુઓ, અનુમાનથી નિર્ણય કરવામાં પણ જ્ઞાનલક્ષણથી જીવનો નિર્ણય કરે છે પણ રાગથી કે શરીરાદિની ક્રિયાને જીવનું લક્ષણ નથી માનતો. લક્ષણ દ્વારા અનુમાન કરે છે તે નિઃશંક છે. જેમ ધૂમાડા દ્વારા અગ્નિનું અનુમાન કર્યું કે અહીં ધૂમાડો છે માટે અગ્નિ છે, તે અનુમાન સંદેહવાળું નથી પણ સત્ય છે, તેમ જ્ઞાન તે આત્મા, રાગ તે આત્મા નહિ, શરીરની ક્રિયા તે આત્મા નહિ, પણ જ્ઞાન તે આત્મા -એમ જ્ઞાનલક્ષણથી આત્માના સ્વભાવનું યથાર્થ અનુમાન કરે છે. હજી સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણ થયું નથી, તો પણ યથાર્થ નિર્ણય કરવાની અપેક્ષાએ અહીં પ્રમાણથી નિર્ણય કરવાનું કહ્યું છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે તે સ્વસન્મુખ જ્ઞાનથી પ્રગટ થાય છે, કોઈ રાગ-વિકલ્પથી તે પ્રગટ થતો નથી. વિકલ્પ-વ્યવહારથી જ્ઞાનસ્વભાવ પ્રગટ થતો હોય, પ્રથમ વ્યવહારથી ધર્મ પ્રગટ થતો હોય તો શું આ જીવને વિકલ્પ-ભેદરૂપ વ્યવહાર, મંદ કષાયરૂપ પરિણતિ પૂર્વે અનંતકાળમાં નથી આવી? તે ભેદ-વિકલ્પ-કષાયની મંદતા તો પૂર્વે જીવે અનંતવાર કર્યા છે, તો તેથી નિશ્ચય પ્રગટવો જોઈએ, પણ એમ બનતું નથી.

એક દ્રવ્ય બીજા દ્રવ્યના આધારે રહેતું નથી, એકમાં બીજાથી કિંચિત્ લાભ-નુકસાન નથી -એમ દ્રવ્યની સ્વતંત્રતાનો ઉપદેશ આવે ત્યાં પણ બરાબર વિચારીને નિર્ણય કરે. ધર્માસ્તિકાયના નિમિત્તથી જીવ-પુદ્ગલ ગતિ કરે છે -એમ કથન આવે ત્યાં વિચારે કે જીવ-પુદ્ગલ સ્વયં ગતિ કરે છે ત્યાં ધર્માસ્તિકાય નિમિત્તમાત્ર છે તે કાંઈ બળજોરીથી ગતિ કરાવતું નથી; -એમ યુક્તિ વડે તત્ત્વનો નિર્ણય કરે.

વળી એક તત્ત્વ વિષે પરસ્પર વિરોધી બે દલીલો આવે ત્યાં કઈ યુક્તિ પ્રબળ છે અને કઈ યુક્તિ નિર્બળ છે ? તેનો વિચાર કરે. ત્યાં પ્રબળ યુક્તિ ભાસે તેને સત્ય માને અને નિર્બળ યુક્તિ ભાસે તેને છોડી દ્યે. આમ વિચારીને તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ.

## પ્ર.વૈશાખ સુદ ૧૨, શનિવાર, ૨૫-૪-૫૩.

જે જીવ સમ્યગ્દર્શન એટલે કે આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ કરવા માગે છે -એવા જીવનું આ વર્ણન છે. મિથ્યાત્વ વગેરે ભાવો અહિતરૂપ છે ને સમ્યક્ત્વાદિ ભાવો મને હિતરૂપ છે, -એમ પહેલા ઓળખે છે. પહેલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તથા જીવાદિ તત્ત્વો વગેરેના નામ સાંભળીને તેના લક્ષણને ઓળખે. પહેલાં સાંભળીને ધારણ કરી લ્યે ને પછી જાતે પરીક્ષા કરીને વિવેકથી નક્કી કરે.

સમ્યગ્દર્શનનું લક્ષણ નિર્વિકલ્પ પ્રતીતિ,
સમ્યગ્જ્ઞાનનું લક્ષણ સ્વ-પરપ્રકાશકપણું,
સમ્યક્ચારિત્રનું લક્ષણ વીતરાગતા,
જીવ તત્ત્વનું લક્ષણ જ્ઞાનસ્વભાવ.

એ પ્રમાણે બધા તત્ત્વોના નામ અને લક્ષણ જાણે. આસ્રવ આત્માની વિકારી પર્યાય છે, તે પર્યાયમાં આત્માના દ્રવ્ય-ગુણ રહેલા છે, કેમ કે ગુણ પોતાની સર્વ પર્યાયોમાં રહે છે. તેને બદલે વિકાર થયો તે કર્મને લીધે થયો એમ માને તો તેણે પોતાના ચારિત્રગુણને સર્વ પર્યાયમાં રહેલો ન માન્યો, એટલે ગુણને જ ન માન્યો ને દ્રવ્યને પણ ન માન્યું. ગુણ તો તેને કહેવાય કે જે દ્રવ્યના પૂરા ભાગમાં ને તેની બધી હાલતમાં રહે. એ જ પ્રમાણે મિથ્યાત્વ ભાવ થયો તે પણ જીવની પર્યાય છે, તે જડ મોહકર્મને લીધે થઈ નથી. મિથ્યાત્વપર્યાયમાં જડ કર્મ નથી રહેતું પણ તેમાં શ્રદ્ધાગુણ રહે છે. રાગપર્યાય થઈ તો તે ક્યાંથી આવી ? ત્રિકાળ દ્રવ્ય-ગુણમાં રાગ નથી, તો શું કર્મે રાગ કરાવ્યો ? -ના. કર્મમાં ક્યાં રાગ છે ? કર્મમાં કાંઈ એવી તાકાત નથી કે તે વિકારને કરાવે. રાગપર્યાય તે પણ ચારિત્રગુણનો તે સમયનો સ્વકાળ છે. ચારિત્રગુણ પોતાની બધી હાલતમાં રહે છે. જુઓ, આમ ન જાણે તો તેણે ગુણનું લક્ષણ જાણ્યું નથી. રાગ કર્મને લીધે થાય એમ માને તો ચારિત્રગુણ પોતાની બધી પર્યાયમાં વ્યાપક ન રહ્યો. તો રાગ વખતે ચારિત્રગુણ ક્યાં ગયો ? આ પ્રમાણે તત્ત્વનો ભાવ ભાસીને એવી પ્રતીતિ કરે કે ઇંદ્ર ડગાવવા આવે તો ય ન ફરે.

રાગમાં જડ કર્મ નિમિત્ત છે, પણ તે નિમિત્તના ગુણો પોતાની પર્યાયમાં વર્તી રહ્યા છે, નિમિત્તના ગુણો કાંઈ પરમાં જતાં નથી. ઉપાદાનના ગુણો ઉપાદાનની બધી પર્યાયમાં રહે છે, ને નિમિત્તના ગુણો નિમિત્તની બધી પર્યાયોમાં વ્યાપે છે, એકના ગુણ બીજાની પર્યાયમાં વ્યાપતા નથી.

ગુણ સ્વતંત્રપણે વર્તીને-પરિણમીને-પોતાની પર્યાયમાં વ્યાપે છે, તે ગુણ જ પોતાની પર્યાયનો સ્વતંત્રપણે કર્તા છે.

જીવાદિ સાત તત્ત્વો જગતમાં છે. જીવ સિવાયના અજીવ તત્ત્વો પણ જગતમાં છે. જીવ પોતાના સ્વભાવને ચૂકીને પરલક્ષ કરે છે ત્યારે વિકાર થાય છે. તે વિકારમાં અજીવ નિમિત્ત છે. પુણ્ય-પાપ



વગેરે ભાવો તે આસ્રવ છે-દુઃખદાયક છે, ને સંવર-નિર્જરા તો જીવની પોતાની સમ્યગ્દર્શનાદિરૂપ નિર્મળ પર્યાય છે. મોક્ષ તે આત્માની પૂર્ણ શુદ્ધતા છે. આ પ્રમાણે બધા તત્ત્વોનો અનુમાનથી તથા શાસ્ત્રથી બરાબર નિર્ણય કરવો જોઈએ.

પરમાણુમાં વિકાર થયો એટલે કે બે ગુણ ચીકાશ વગેરે પલટીને અનંતગુણ ચીકાશ વગેરે થઈ, તો તે કોઈએ તેને પરિણમાવ્યો નથી પણ તે પોતે પરિણમ્યો છે, તેની પર્યાયમાં તેના ગુણો વર્તી રહ્યા છે. બે ગુણ લૂખાશ કે ચીકાશવાળો પલટીને ચાર ગુણ લૂખાશ કે ચીકાશવાળા સાથે બંધાયો, ત્યાં ચાર ગુણવાળાએ તેને પરિણમાવ્યો નથી પણ પોતે પોતાના ગુણથી જ પરિણમ્યો છે. આમ બધા તત્ત્વોને સ્વતંત્ર જાણે.

ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં વિકાર નથી, છતાં વિકાર ક્યાંથી આવ્યો ? તો કહે છે કે પર્યાય રોકાણી માટે થયો. વળી, એકને સમ્યગ્દર્શન થયું ને બધાને કેમ ન થયું ? બીજાને સમ્યગ્દર્શન થયું ને મને કેમ હજી ન થયું ? કે તેણે પુરુષાર્થ કર્યો માટે તેને થયું. -એ પ્રમાણે નિર્ણય કરે.

બધા તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવાનો ઉદ્યમ કર્યા જ કરે, અને પોતે એકાંતમાં વિચારે તથા સમજવા માટે વિશેષ જ્ઞાની પાસે પ્રશ્ન-ઉત્તર કરે. હું પૂછીશ તો ''મને નથી આવડતું'' એમ લોકોને ખબર પડી જશે -એમ માનમાં ન રોકાય, પણ સમજવા માટે પૂછ્યા જ કરે તથા જે ઉત્તર આપે તેને બરાબર વિચારે, પૂછવામાં શરમાય નહિ. પ્રશ્ન પૂછવામાં નિર્માનતા આવી, વળી પોતાના સમાન બુદ્ધિના ધારક સાધર્મી સાથે વિચાર કરે-પરસ્પર ચર્ચા કરે અને એકાંતમાં તેનો વિચાર કરીને નિર્ણય કરે. જેને સમ્યક્ત્વની ચાહના હોય, સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ગરજ હોય -તે જીવની આ વાત છે. જુઓ, આ સમ્યગ્દર્શન માટેનો ઉદ્યમ !

અહો ! ચૈતન્ય વસ્તુ કોઈ અપૂર્વ છે, અનંતવાર શુભ ભાવ કર્યો છતાં ચૈતન્ય વસ્તુ લક્ષમાં ન આવી, તો રાગથી પાર ચૈતન્ય વસ્તુ કોઈ અંતરની અપૂર્વ ચીજ છે, તેના નિર્ણયમાં કોઈ બહારના કારણો કે રાગ મદદ કરતાં નથી. અનંતવાર દ્રવ્યલિંગી સાધુ થઈ શુભ ભાવથી નવમી ગ્રૈવેયક સુધી ગયો. છતાં ચૈતન્ય વસ્તુ ખ્યાલમાં ન આવી. તો તે ચૈતન્ય વસ્તુ રાગના અવલંબનથી પાર છે, કોઈ અપૂર્વ મહિમાવાળી વસ્તુ છે, તે અંતર્મુખ જ્ઞાનથી જ પકડાય તેવી છે. આમ એકાંતમાં વિચારીને ચૈતન્યને પકડવાનો ઉદ્યમ કરે.

પહેલા તો ઉપદેશ સાંભળીને, જ્ઞાનીને પૂછીને, સાધર્મી જનો સાથે ચર્ચા કરીને તથા પોતે વિચારીને તત્ત્વનો બરાબર નિર્ણય કરે. તત્ત્વના નિર્ણયમાં જ ભૂલ હોય તો અનુભવ થાય નહિ. માટે કહ્યું કે તત્ત્વનિર્ણયનો ઉદ્યમ કરવો. ''સહજ છે, સમ્યક્ત્વ સહજ છે, કયો જીવ ક્યારે સમ્યક્ત્વ પામશે દ્ગતે બધી નોંધ કેવળી ભગવાનના ચોપડામાં છે'' -એમ કહેવાય, પણ ત્યાં સહજ કહેતા જ ઉદ્યમ પણ તેમાં ભેગો છે જ. કેવળીએ જોયું ત્યારે સમ્યગ્દર્શન થશે -એવો 'સહજ'નો અર્થ નથી. શ્રી સમયસારમાં

કહ્યું છે કે હે જીવ ! તું જગતનો વ્યર્થ કોલાહલ છોડીને અંતરમાં ચૈતન્ય વસ્તુને અનુભવવાનો છ માસ પ્રયત્ન કર, તો તને અવશ્ય તેની પ્રાપ્તિ થશે. રુચિ થઈ અને અંતરમાં અભ્યાસ કરે તો અલ્પકાળમાં અંતરમાં તેનો અનુભવ થયા વિના રહે નહિ, તેથી સમ્યગ્દર્શન માટે અંતરમાં તત્ત્વનિર્ણય અને અનુભવનો ઉદ્યમ કરવો જોઈએ.

''વળી અન્યમતીઓ દ્વારા કલ્પિત તત્ત્વનો ઉપદેશ આપ્યો છે તે વડે જો જૈન ઉપદેશ અન્યથા ભાસે, તેમાં સંદેહ થાય, તો પણ ઉપર કહ્યા પ્રમાણે ઉદ્યમ કરે, એ પ્રમાણે ઉદ્યમ કરતાં 'જેવો શ્રી જિનદેવનો ઉપદેશ છે તેમ જ સત્ય છે, મને પણ એમ જ ભાસે છે' એવો નિર્ણય થાય છે; કારણ કે જિનદેવ અન્યથાવાદી નથી.'':

સનાતન દિગંબર જૈનમત સિવાય બધા અન્યમતી છે. સર્વજ્ઞ ભગવાનને રોગ થાય, ઝાડા થાય ને આહાર-દવા લ્યે -એવું માને તે અન્યમત છે, તે જૈનમત નથી. દિગંબર સંપ્રદાયમાં રહીને પણ જે એમ માને કે વ્યવહાર કરતાં કરતાં પરમાર્થ પ્રગટશે, નિમિત્તના અવલંબને ધર્મ થશે -તો એમ માનનાર પણ અન્યમતી જેવો છે.

આઠ વર્ષે કેવળજ્ઞાન પામે ને પછી કરોડો-અબજો વર્ષ સુધી શરીર રહે, આહાર-પાણી ન હોય છતાં એવું ને એવું શરીર રહે -એવો પરમ ઔદારિક શરીરનો સ્વભાવ છે, પણ તેમાં સંદેહ કરીને ભગવાનને આહારાદિ મનાવે તો તે મિથ્યાદૃષ્ટિ અન્યમતી છે. સનાતન સર્વજ્ઞ પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્ય, ધરસેનાચાર્ય, સમંતભદ્રાચાર્ય વગેરે સંતોએ જે સ્વરૂપ કહ્યું છે તે જ યથાર્થ છે, તે પરંપરાથી વિપરીત મનાવે તો તે કલ્પિતમાર્ગ છે.

મુનિને આહાર દેવાથી મિથ્યાદૃષ્ટિને પરિત સંસાર થાય છે એમ મનાવે, સસલા વગેરે પર જીવની દયા પાળવાના શુભ રાગથી પરિત સંસાર થવાનું માને-મનાવે તો તે કલ્પિત તત્ત્વ છે, તે જૈનમાર્ગ નથી, મિથ્યાદૃષ્ટિને અનંતાનુબંધી રાગદ્વેષ પડ્યા છે, તેને દયા-દાનના શુભ રાગથી પરિત સંસાર થાય નહિ. સમ્યગ્દર્શનથી જ પરિત સંસાર થાય છે, તેને બદલે રાગથી પરિત સંસાર થવાનું મનાવે છે તે વાત મિથ્યા છે. અહીં તો કહે છે કે તેવું માનનારા જૈનમતી નથી પણ અન્યમતી છે. આ પ્રમાણે તત્ત્વનો બરાબર નિર્ણય કરવો જોઈએ. આવો જ માર્ગ મહાવિદેહમાં ચાલી રહ્યો છે. જેવો માર્ગ ત્યાં છે તેવો જ અહીં છે, ને જેવો અહીં છે તેવો જ ત્યાં છે. ભરત, ઐરાવત ને મહાવિદેહ વગેરે બધે ઠેકાણે સનાતન વીતરાગમાર્ગ એક જ પ્રકારનો છે. તેનો જેવો ભાવ સર્વજ્ઞ ભગવાને કહ્યો છે તેવો જ ભાવ પોતાને ભાસવો જોઈએ. પોતાને ભાવભાસન સહિત પ્રતીતિ થાય તે જ યથાર્થ પ્રતીતિ છે. એક માખી પણ સાકર અને ફટકડીના સ્વાદનો ભેદ પાડીને વિવેક કરે છે ને સાકરનો સ્વાદ લેવા જાય છે તેમ પંચેંદ્રિય સંજ્ઞી જીવોને તત્ત્વનિર્ણયની શક્તિ મળી છે, તો પોતાના જ્ઞાનથી તત્ત્વનો નિર્ણય કરીને તેનો ભાવ ભાસવો જોઈએ. સમ્યગ્દર્શન માટે શું ઉપાદેય છે, શું હેય છે તે બધા તત્ત્વનો




ભાવ ભાસવો જોઈએ. વિચાર તો કરે પણ વિચાર કરીને તત્ત્વનો અવાય (-નિર્ણય) થવો જોઈએ. ભગવાને કહ્યું માટે સાચું એમ માની લ્યે પણ પોતાને તેનો ભાવ ભાસે નહિ -તો તે પ્રતીત યથાર્થ નથી. માટે **ભાવભાસન** ઉપર ખાસ વજન છે.


**પ્રશ્ન** : જો જિનદેવ અન્યથાવાદી નથી તો જેવો તેમનો ઉપદેશ છે તેમ જ શ્રદ્ધાન કરી લઈએ, પરીક્ષા શા માટે કરીએ ?

**ઉત્તર** : પરીક્ષા કર્યા વિના એવું તો માનવું થાય કે- 'જિનદેવે આ પ્રમાણે કહ્યું છે તે સત્ય છે' પરંતુ તેનો ભાવ પોતાને ભાસે નહિ, અને ભાવ ભાસ્યા વિના શ્રદ્ધાન નિર્મળ થાય નહિ, કારણ કે જેની કોઈના વચન દ્વારા જ પ્રતીતિ કરી હોય તેની અન્યના વચન વડે અન્યથા પણ પ્રતીતિ થઈ જાય તો એ વચન વડે કરેલી પ્રતીતિ શક્તિ અપેક્ષાએ અપ્રતીતિ સમાન જ છે, -પણ જેનો ભાવ ભાસ્યો હોય તેને અનેક પ્રકાર વડે પણ અન્યથા માને નહિ, માટે ભાવભાસન સહિત જે પ્રતીતિ થાય તે જ સાચી પ્રતીતિ છે.

જ્ઞાનમાં ભાવભાસન-નિર્ણય-નિશ્ચય-અવાય થઈ ગયો હોય તો જગત આખું ફરી જાય-અન્યથા કથન કરતું હોય-ઇંદ્ર પરીક્ષા કરે તો પણ તેની પ્રતીતિ ફરે નહિ, તેમાં અડગ રહે.

ભાવ ભાસ્યા વિના ભૂલ થયા વિના રહે નહિ, તેનું દૃષ્ટાંત :-





એક વાર કોઈ છોકરાને મચ્છરની સમજાણ આપવા માટે મચ્છરનું મોટું ચિત્ર કરીને બતાવ્યું કે મચ્છરને આવા ચાર પગ હોય, આવી સૂંઢ હોય વગેરે.

થોડા વખત પછી ગામમાં હાથી આવ્યો અને તે છોકરાને પૂછ્યું કે આ શું છે ? તો છોકરો કહે કે તે દિવસે ચિત્રમાં બતાવ્યો હતો તેવો આ મચ્છર છે ! જુઓ, ભાવ ભાસ્યા વિના મોટા હાથીને મચ્છરિયું માની લીધું. તેમ જીવ વગેરે તત્ત્વોનો ભાવ જેને ભાસ્યો નથી તે ક્ષણિક રાગને જીવ માની લ્યે. માટે જીવ વગેરે તત્ત્વોનો ભાવ ભાસ્યા વિના તેની યથાર્થ પ્રતીતિ થતી નથી. યથાર્થ ભાવભાસન સહિત જે પ્રતીતિ થાય તે જ સાચી પ્રતીતિ છે.

કોઈ ''પુરુષ પ્રમાણતાથી વચન પ્રમાણ કરીએ છીએ'' પરંતુ પુરુષની પ્રમાણતા પણ સ્વયં થતી નથી, પહેલાં તેના કેટલાક વચનોની પરીક્ષા કરી લઈએ છીએ ત્યારે જ પુરુષની પ્રમાણતા થાય છે.

હવે ઉપદેશમાં અનેક પ્રકારના તત્ત્વો કહ્યા છે તેમાં કયા કયા તત્ત્વોની પરીક્ષા કરવી તે કહેશે.

**પ્ર.વૈશાખ સુદ ૧૩, રવિવાર, ૨૬-૪-૫૩.**

જે જીવ મિથ્યાદૃષ્ટિ હોવા છતાં સમ્યક્ત્વસન્મુખ છે, સમ્યક્ત્વની તૈયારી અને ઉદ્યમી છે -એવા જીવની વાત ચાલે છે. તે જીવ તત્ત્વનો નિર્ણય કરવાનો ઉદ્યમ કરે છે. કુદેવાદિની માન્યતા તો છૂટી જ ગઈ છે, ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેને જ માને છે, તથા તેમણે કહેલાં તત્ત્વનો નિર્ણય કરે છે.

જિનવચનોમાં અનેક પ્રકારના તત્ત્વોનો ઉપદેશ છે, તેમાંથી પ્રયોજનભૂત તત્ત્વો કયા કયા છે તે કહે છે, ક્યા કયા તત્ત્વોનો પરીક્ષા કરીને નિર્ણય કરવો જોઈએ તે કહે છે.

ઉપદેશમાં કોઈ તત્ત્વો ઉપાદેય તથા કોઈ તત્ત્વો હેય છે -તેનું વર્ણન છે. આત્માની સંવર-નિર્જરા-મોક્ષરૂપ નિર્મળ પર્યાય તે ઉપાદેય તત્ત્વ છે તથા મિથ્યાત્વાદિ મંદ ભાવો તે હેય તત્ત્વો છે. વ્યવહારમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપાદેય છે ને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર હેય છે, નિશ્ચયમાં પોતાનો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. અન્ય જીવ-અજીવ તત્ત્વ તે જ્ઞેય છે. આમ નવે તત્ત્વોમાં હેય-ઉપાદેય તત્ત્વની પરીક્ષા કરીને નક્કી કરવું જોઈએ.

કુદેવ-કુગુરુને સાચા માનીને આદર કરે તો તેમાં પોતાનું અહિત થાય છે, માટે પરીક્ષા કરવી જોઈએ. શાક લેવા જાય તો ત્યાં શાકની પરીક્ષા કરીને લ્યે છે, એમ ને એમ સડેલો માલ લઈ લેતો નથી. તો જેને ધર્મ કરવો હોય તેણે પરીક્ષા કરીને નક્કી કરવું જોઈએ કે યથાર્થ મોક્ષમાર્ગ કયો છે ? કયા ભાવો ઉપાદેય છે, કયા ભાવો હેય છે, કયા ભાવો મને હિતરૂપ છે, કયા ભાવો મને અહિતરૂપ છે તથા સાચો મોક્ષમાર્ગ બતાવનારા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા છે ને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર કેવા છે -તે બધાની તો પરીક્ષા કરીને નિર્ણય કરવો. મિથ્યાત્વ-રાગ-દ્વેષ તે અહિતરૂપ ભાવો છે, તેને હિતનું કારણ માને તો જીવનું બૂરું થાય. સમ્યગ્દર્શનાદિ સંવર-નિર્જરારૂપ ભાવો છે તે હિતરૂપ છે અને મોક્ષરૂપ ભાવ પરમ હિતરૂપ છે. આમ બધાનો નિર્ણય કરવો.



ઉપદેશમાં કોઈ ઉપાદેય અને કોઈ હેય તત્ત્વ નિરૂપવામાં આવે છે, ત્યાં એ હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા તો અવશ્ય કરી લેવી, કારણ કે તેમાં અન્યથાપણું થતાં પોતાનું બૂરું થાય છે, અર્થાત્ જો ઉપાદેયને હેય માની લે તો બૂરું થાય, અગર હેયને ઉપાદેય માની લે તો પણ બૂરું થાય.

હવે કોઈ પૂછે છે કે પોતે પરીક્ષા ન કરે અને જિનવચનમાં કહ્યા પ્રમાણે હેયને હેય માને તથા ઉપાદેયને ઉપાદેય માને તો શું વાંધો ? તેનો ઉત્તર કહે છે.

**ઉત્તર** : અર્થનો ભાવ ભાસ્યા વિના વચનનો અભિપ્રાય ઓળખાય નહિ, પોતે તો માની લે કે હું 'જિનવચન અનુસાર માનું છું' પરંતુ ભાવ ભાસ્યા વિના અન્યથાપણું થઈ જાય.

તત્ત્વનો જેવો ભાવ છે તેવી જ શ્રદ્ધા કરવી તે તત્ત્વાર્થ શ્રદ્ધાન છે. આ વાત ૮૦મા પાને તથા ૨૧૭મા પાને પણ કરી છે. પ્રયોજનભૂત તત્ત્વનું જેવું સ્વરૂપ છે તેવું ઓળખ્યા વગર યથાર્થ શ્રદ્ધાન થાય નહિ. પ્રયોજનભૂત તત્ત્વની તો પરીક્ષા કરીને શ્રદ્ધા કરે, અને કોઈક સૂક્ષ્મ તત્ત્વોની પરીક્ષા કરીને તેમણે કહ્યા પ્રમાણે માની લ્યે.

આ બાબતમાં સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૩૨૩-૩૨૪માં કહ્યું છે કે :

''એ પ્રમાણે નિશ્ચયથી સર્વ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યોને તથા તે દ્રવ્યોની સર્વ પર્યાયોને સર્વજ્ઞના આગમ અનુસાર જે જાણે છે-શ્રદ્ધાન કરે છે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ થાય છે તથા જે એ પ્રમાણે શ્રદ્ધાન નથી કરતો પણ તેમાં શંકા-સંદેહ કરે છે તે સર્વજ્ઞના આગમથી પ્રતિકૂળ છે-પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.''

જે જીવ, જ્ઞાનાવરણના વિશિષ્ટ ક્ષયોપશમ વિના તથા વિશિષ્ટ ગુરુના સંયોગ વિના તત્ત્વાર્થને જાણી શકતો નથી તે જીવ જિનવચનમાં આ પ્રમાણે શ્રદ્ધાન કરે છે કે 'જિનેન્દ્રદેવે જે તત્ત્વ કહ્યું છે તે બધું ય ભલા પ્રકારથી હું ઈષ્ટ કરું છું' એ પ્રમાણે પણ તે શ્રદ્ધાવાન થાય છે.

સામાન્યપણે તત્ત્વોનો નિર્ણય તો પોતે કર્યો છે પણ વિશેષ ક્ષયોપશમજ્ઞાન નથી તેથી સૂક્ષ્મ તત્ત્વોને જાણી શકતો નથી - તો તે સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે માને છે. પરંતુ મૂળભૂત તત્ત્વોનો નિર્ણય પણ ન કરે તેને તો યથાર્થ પ્રતીતિ થતી નથી. માટે અહીં કહે છે કે તત્ત્વાર્થનો ભાવ પોતાના જ્ઞાનમાં ભાસ્યા વગર કેવળીના વચનનો યથાર્થ અભિપ્રાય સમજાય નહિ અને પોતે પરીક્ષાથી ઓળખ્યા વગર અન્યથા પ્રતીતિ થઈ જાય છે. લોકમાં પણ કોઈ માણસને કામ માટે મોકલ્યો હોય ત્યાં તે માણસ જો તેનો ભાવ ન સમજ્યો હોય તો ભૂલ કરે છે, એક ને બદલે બીજું લાવે એને ''હીરો ઘોઘે જઈ આવ્યો ને ડેલે હાથ દઈ આવ્યો'' -એના જેવું કરે છે. એક વાર હીરાના માબાપ વાત કરતાં હતા કે કાલે સવારમાં હીરાને ઘોઘે મોકલવો છે. એ વાત હીરો સાંભળી ગયો અને સવારમાં વહેલો ઊઠીને ઘોઘે જઈને પાછો આવ્યો. ઘેર આવ્યો ત્યાં માબાપે પૂછ્યું કે હીરા ! ક્યાં ગયો 'તો ? હીરો કહે

તમે રાત્રે મને ઘોઘે મોકલવાની વાત કરતાં હતા તેથી હું ઘોઘે જઈ આવ્યો. માબાપ કહે પણ શું કામ મોકલવો હતો ? જે કામ માટે મોકલવો હતો તે તો જાણ્યું નહિ, ને એમ ને એમ હીરો ઘોઘે જઈ આવ્યો તેમ ''ભગવાને આમ કહ્યું છે માટે માની લ્યો'' -એમ પરીક્ષા કર્યા વગર માને પણ પોતે તેનું પ્રયોજન જાણે નહિ તો લાભ થાય નહિ. માટે હેય અને ઉપાદેય તત્ત્વો કયા કયા છે તેનો બરાબર નિર્ણય કરીને ઓળખવા. ભગવાને કહ્યું તે પ્રમાણે પોતાના જ્ઞાનમાં બરાબર નિર્ણય ન થાય ત્યાં સુધી પરીક્ષા કરીને પોતાની ભૂલ શોધે અને સત્ય નિર્ણય કરે. ગમે તેવા દેવ, ગમે તેવા ગુરુ ને ગમે તેવા શાસ્ત્રને માની ન લ્યે.

જિનવચન અને પોતાની પરીક્ષા એ બન્નેની સમાનતા થાય ત્યારે તો જાણવું કે સત્ય પરીક્ષા થઈ છે. જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી જેમ કોઈ લેખા ગણે છે ને તેની વિધિ ન મળે ત્યાં સુધી પોતાની ભૂલને ખોળે છે, તેમ આ પણ પોતાની પરીક્ષામાં વિચાર કર્યા કરે. તથા જે જ્ઞેય તત્ત્વ છે તેની પણ પરીક્ષા થઈ શકે તો કરે, નહિ તો અનુમાન કરે કે જેણે હેય-ઉપાદેય તત્ત્વ જ અન્યથા નથી કહ્યાં તે જ્ઞેય તત્ત્વ અન્યથા શા માટે કહે ? જેમ કોઈ પ્રયોજનભૂત કાર્યોમાં જૂઠ ન બોલે તે અપ્રયોજનરૂપ કાર્યમાં જૂઠ શા માટે બોલે ? માટે જ્ઞેય તત્ત્વોનું સ્વરૂપ પરીક્ષા વડે વા આજ્ઞા વડે પણ જાણવું.

જૈનશાસનમાં જીવાદિ તત્ત્વો, સર્વજ્ઞદેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેનું તો ખાસ નિરૂપણ કર્યું છે. તેનો તો હેતુથી-યુક્તિથી-અનુમાનથી નિર્ણય થઈ શકે છે, તેને તો પરીક્ષાથી ઓળખવા, તથા ત્રિલોક-ગુણસ્થાનો, માર્ગણા-સ્થાનો તથા પુરાણની કથાઓ તે આજ્ઞાનુસાર સમજી લેવા. બધા સૂક્ષ્મ તત્ત્વની પણ પરીક્ષા ન થઈ શકે ત્યાં તો સર્વજ્ઞની આજ્ઞાનું બહુમાન કરીને માની લેવું જોઈએ.

જીવાદિ દ્રવ્યો તથા તત્ત્વોને તો પીછાણવા, કેમ કે તે તો અનુમાન, યુક્તિ તથા અનુભવથી નિર્ણય થઈ શકે તેવા છે તથા મિથ્યાત્વ, અજ્ઞાન તથા રાગાદિ ભાવો છોડવા જેવા છે તેને પણ બરાબર ઓળખીને આદરવા નહિ. વળી નિમિત્ત અને નૈમિત્તિક ભાવોને પણ ઓળખવા. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની દશાવાળાને બહારમાં કેવું નિમિત્ત હોય, કેવળીદશામાં કેવું નિમિત્ત હોય -તે બધું ઓળખવું જોઈએ. મુનિદશામાં પણ સદોષ આહાર અને વસ્ત્રાદિનું નિમિત્ત માને તો ત્યાં તેને નૈમિત્તિકરૂપ મુનિદશાની જ ખબર નથી. કેવળજ્ઞાનદશામાં આહાર માને તો તેને નિમિત્ત-નૈમિત્તિકની ખબર નથી.

નિમિત્તની અપેક્ષાએ કથન કરો તો પર્યાયને નૈમિત્તિક કહેવાય છે અને તેને જ પોતાની પર્યાય અપેક્ષાએ કથન કરતાં ઉપાદેય કહેવાય છે. નૈમિત્તિક કહ્યું માટે તે નિમિત્તને લીધે થયેલું છે -એમ નથી.

લોકો પ્રશ્ન કરે છે કે ભગવાને અમને સમજાય તેવું કેમ કહ્યું નથી ? તો અહીં કહે છે કે ભગવાન-મુનિઓએ સમજાય તેવું જ કહ્યું છે, પણ તને પરીક્ષા કરવાની દરકાર નથી, હેતુ-યુક્તિ આદિ વડે નિર્ણય કરવાને તું ઉપયોગ લગાવતો નથી માટે તને સમજાતું નથી. હેતુ-યુક્તિ આદિ વડે સમજાય



તેવું જ કથન કર્યું છે. સમજવાનો પ્રયાસ કરે તેને સમજાય.

જીવાદિ દ્રવ્યો વા તત્ત્વોને જાણવા, ત્યાગવા યોગ્ય મિથ્યાત્વ-રાગાદિ તથા ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શનાદિકનું સ્વરૂપ બરાબર જાણવું તથા નિમિત્ત-નૈમિત્તિક આદિકને જેમ છે તેમ ઓળખવા. ઈત્યાદિકમાં ઉપાદાન-નિમિત્ત, ઉપાદાન-ઉપાદેય વગેરે જાણવું. ચિદ્‌વિલાસમાં કહ્યું છે કે કારણ-કાર્યને યથાર્થપણે જાણે તેણે સર્વ જાણ્યું. શ્રી સમયસારમાં નિમિત્તને હેય તત્ત્વ કહ્યું છે. આ સર્વે તત્ત્વો મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ માટે અવશ્ય જાણવા યોગ્ય છે. માટે તેમને તો બરાબર હેતુ-યુક્તિ, પ્રમાણ-નય વડે જાણવા જ જોઈએ તથા જો વિશેષ ક્ષયોપશમ હોય તો નિર્દેશ-સ્વામીત્વ વડે તથા સત્-સંખ્યાદિ વડે તે તત્ત્વોના વિશેષો પણ જાણવા. અર્થાત્ જેવી બુદ્ધિ હોય અને જેવું નિમિત્ત બને તે પ્રમાણે સામાન્ય-વિશેષરૂપ તે તત્ત્વોને ઓળખવા જોઈએ. એમ અહીં દ્રવ્યાનુયોગને પ્રધાન કહ્યો છે. વળી તે તત્ત્વોને વિશેષ જાણવાના ઉપકારી ગુણસ્થાન-માર્ગણાસ્થાન આદિ જાણવા. આ કરણાનુયોગ જાણવાનું કહ્યું તથા પુરાણાદિ (પ્રથમાનુયોગ), વ્રતાદિ ક્રિયાને (ચરણાનુયોગ) પણ જાણે તથા જ્યાં ન સમજાય ત્યાં આજ્ઞા પ્રમાણે જાણે.

એ રીતે તેને જાણવા માટે વિચાર, શાસ્ત્ર-સ્વાધ્યાય, શ્રવણ, અભ્યાસ આદિ કરે. પોતાનું કાર્ય સમ્યગ્દર્શન કરવાનો જેને ઘણો હર્ષ-ઉલ્લાસ છે, પ્રમાદ નથી, તે અંતરંગ પ્રીતિથી તેનું સાધન કરે. આમ સાધન કરતાં જ્યાં સુધી તત્ત્વાર્થ શ્રદ્ધાન-અંતરંગ પ્રતીતિ ન થાય ત્યાં સુધી તેના જ અભ્યાસમાં પ્રવૃત્ત રહે.

## પ્ર.વૈશાખ સુદ ૧૪, સોમવાર, ૨૭-૪-૫૩.

જે જીવ સમ્યક્ત્વસન્મુખ થયો છે તેને અંતરમાં પોતાનું સમ્યગ્દર્શનરૂપી કાર્ય કરવાનો ઘણો જ હર્ષ છે. એટલે ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરે છે, પણ પ્રમાદ કરતો નથી. તત્ત્વવિચારનો ઉદ્યમ કરે છે, અને એવો ઉદ્યમ કરતાં કરતાં કેવળ પોતાના આત્મા વિષે જ ''આ હું છું'' એવી અહંબુદ્ધિ થાય ત્યારે સમ્યગ્દૃષ્ટિ થાય છે. જેમ શરીરમાં અહંબુદ્ધિ છે કે આ હું છું તેમ ચૈતન્યસ્વરૂપ આત્મામાં અહંબુદ્ધિ-અનુભવપૂર્વક થાય ત્યારે જ સમ્યગ્દર્શન થાય છે. ચોથા ગુણસ્થાનથી જ શુદ્ધ પરિણતિ શરૂ થઈ જાય છે. શુદ્ધોપયોગ ચોથા ગુણસ્થાને થોડો જ કાળ રહે છે, તે વખતે બુદ્ધિપૂર્વક કષાય નથી, શુદ્ધોપયોગ હોવા છતાં હજી અબુદ્ધિપૂર્વક રાગ પણ છે, સર્વથા વીતરાગતા થઈ ગઈ નથી. સ્વભાવ સન્મુખ જ ઉપયોગ છે ત્યાં બુદ્ધિપૂર્વક રાગ નથી. અંતરમાં અનુભૂતિપૂર્વક વેદન થઈ ગયું છે કે હું તો જ્ઞાનમૂર્તિ આત્મા જ છું. -આનું નામ સમ્યગ્દર્શન છે. જ્યાં સુધી આવો અનુભવ ન થાય ત્યાં સુધી તત્ત્વવિચારનો ઉદ્યમ કર્યા જ કરે, પોતાના ભાવોને બરાબર જાણે, હું જ્ઞાનાનંદ આત્મા છું, આત્માના આશ્રયે સમ્યગ્દર્શનાદિ થાય તે મને હિતરૂપ છે. -આમ અનુભૂતિપૂર્વક-સ્વસંવેદન-પ્રત્યક્ષજ્ઞાનથી જાણે ત્યારે જ સમ્યગ્દષ્ટિ છે. નિર્વિકલ્પ અનુભવમાં મતિ-શ્રુતજ્ઞાન પણ સ્વાનુભવપ્રત્યક્ષ છે. આવા જ્ઞાનથી આત્માના સ્વભાવને

જ પોતાપણે જાણે - તે જીવ સમ્યગ્દષ્ટિ છે. જે સમ્યક્ત્વસન્મુખ જીવ તેવો અભ્યાસ કરે છે તે જીવ થોડા કાળમાં જ સમ્યગ્દર્શન પામે છે; આ ભવમાં જ પામે છે, અગર આ ભવના સંસ્કાર લઈને જ્યાં જાય ત્યાં પામે છે. તિર્યંચમાં પણ કોઈ જીવ પૂર્વ સંસ્કારના બળથી નિમિત્ત વગર પણ સમ્યગ્દર્શન પામી જાય છે. અંતરમાં સ્વરૂપસન્મુખ થવાનો અભ્યાસ કરતાં કરતાં મિથ્યાત્વનો રસ એકદમ ઘટતો જાય છે; અને એવો અભ્યાસ કરતાં કરતાં સ્વરૂપ સન્મુખ થતાં મિથ્યાત્વનો અભાવ થઈ જાય છે. અહીં ઉદ્યમ કરે ને સામે કર્મનો રસ ન ટળે -એમ બને જ નહિ. અહીં સમ્યક્ત્વ થયું ત્યાં સામે મિથ્યાત્વકર્મનો અભાવ થઈ જ જાય છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. છતાં કોઈ કોઈનું કર્તા નથી. અંતરમાં સ્વરૂપસન્મુખ થવાનો ઉદ્યમ કરવો તે જ સમ્યક્ત્વનું મૂળ કારણ છે, તથા દેવ-ગુરુ વગેરે બાહ્ય નિમિત્તો છે. કોઈ જીવને વર્તમાનમાં તેવા નિમિત્ત ન પણ હોય, ને પૂર્વ સંસ્કારના બળથી સમ્યક્ત્વ પામી જાય છે. પૂર્વે દેશનાલબ્ધિ તો જરૂર મળી જ હોવી જોઈએ -એ તો નિયમ છે. તત્ત્વવિચાર કરીને યથાર્થ તત્ત્વનિર્ણયનો ઉદ્યમ ન કરે તો તે જીવ સમ્યક્ત્વનો અધિકારી નથી.

જુઓ, તત્ત્વવિચારનો મહિમા ! તત્ત્વવિચાર રહિત દેવાદિકની પ્રતીતિ કરે, ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરે તથા વ્રત-તપશ્ચરણાદિ કરે છતાં તેને તો સમ્યક્ત્વ થવાનો અધિકાર નથી અને તત્ત્વવિચારવાળો એ વિના પણ સમ્યક્ત્વનો અધિકારી થાય છે. વળી કોઈ જીવને તત્ત્વવિચાર થવા પહેલાં કોઈ કારણ પામીને દેવાદિકની પ્રતીતિ થાય, વા વ્રત-તપ અંગીકાર થાય અને પછી પણ તે તત્ત્વવિચાર કરે, પરંતુ સમ્યક્ત્વનો અધિકારી તો તત્ત્વવિચાર થતાં જ થાય છે.

અનાદિ મિથ્યાદષ્ટિને પહેલાં એકવાર તો <u>જ્ઞાની</u> પાસેથી <u>સીધી</u> દેશનાલબ્ધિ જરૂર મળેલી હોય જ. પછી ભલે પૂર્વ ભવમાં દેશનાલબ્ધિ પામ્યો હોય ને તેના સંસ્કારથી વર્તમાનમાં સમ્યગ્દર્શન પામી જાય. ત્યાં તેને નિસર્ગજ કહેવાય. પણ નિસર્ગજનો અર્થ એવો નથી કે જ્ઞાનીની દેશના વગર સમ્યક્ત્વ થઈ ગયું ! નિસર્ગજ સમ્યક્ત્વવાળાને પણ એક વાર પૂર્વે જ્ઞાની પાસેથી દેશનાલબ્ધિ તો જરૂર મળી જ હોય છે. અહીં તો કહેવું છે કે તત્ત્વવિચારના અભ્યાસથી જીવ સમ્યગ્દર્શન પામે છે. સમ્યગ્દર્શન માટે મૂળ તો તત્ત્વવિચારનો ઉદ્યમ જ છે. જેને તત્ત્વનો વિચાર નથી અને દેવ-ગુરુ વગેરેની પ્રતીતિ કરે છે, ઘણા શાસ્ત્રનો અભ્યાસ કરે છે, વ્રત-તપ વગેરે કરે છે તો પણ તે જીવ સમ્યક્ત્વની સન્મુખ નથી, માટે તત્ત્વવિચારની મુખ્યતા છે.

પહેલા સ્વરૂપસન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભૂતિ થાય-આનંદનું વેદન થાય ત્યારે જ યથાર્થ સમ્યગ્દર્શન થયું કહેવાય, તે સિવાય યથાર્થ પ્રતીતિ કહેવાય નહિ. પણ અનુભૂતિ પહેલા તત્ત્વવિચાર કરીને દૃઢ નિર્ણય કરે; નિર્ણયમાં જ જેવી ભૂલ હોય તેને તો યથાર્થ અનુભૂતિ ક્યાંથી થાય ? ન જ થાય. એકલા વિકલ્પથી તત્ત્વવિચાર કર્યા કરે તો તે જીવ પણ સમ્યક્ત્વ પામતો નથી. અંતરમાં ચૈતન્ય સ્વભાવનો મહિમા કરીને તેની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તે જ સમ્યગ્દર્શન છે.



વળી કોઈને તત્ત્વવિચાર હોવા છતાં પણ તત્ત્વ પ્રતીતિ ન થવાથી સમ્યક્ત્વ તો ન થયું પણ માત્ર વ્યવહાર ધર્મની પ્રતીતિ-રુચિ થઈ જવાથી તે દેવાદિકની પ્રતીતિ કરે છે વા વ્રત-તપને અંગીકાર કરે છે. તથા કોઈને દેવાદિકની પ્રતીતિ અને સમ્યક્ત્વ એક સાથે થાય છે તથા વ્રત-તપ સમ્યક્ત્વની સાથે પણ હોય વા ન પણ હોય પરંતુ દેવાદિકની પ્રતીતિનો તો નિયમ છે. એ વિના સમ્યક્ત્વ થાય નહિ. વ્રતાદિક હોવાનો નિયમ નથી. ઘણા જીવો તો પહેલાં સમ્યક્ત્વ થયા પછી જ વ્રતાદિક ધારે છે, તથા કોઈને એક સાથે પણ થઈ જાય છે.

નિમિત્તની અપેક્ષાએ અત્યાર સુધી તત્ત્વવિચારની મુખ્યતાથી કથન કર્યું. હવે અંતરંગ ઉતરવા માટે તત્ત્વવિચારની પ્રધાનતાને પણ ઉડાડે છે.

કોઈને તત્ત્વવિચાર હોવા છતાં પણ તત્ત્વ પ્રતીતિ ન થવાથી સમ્યક્ત્વ તો ન થયું પણ માત્ર વ્યવહાર ધર્મની પ્રતીતિ-રુચિ થઈ જવાથી તે દેવાદિકની પ્રતીતિ અને વ્રત-તપને અંગીકાર કરે છે. તત્ત્વ પ્રતીતિ-અંતરંગ અનુભૂતિ ન કરી, જ્ઞાયક સન્મુખ ન થયો તો તત્ત્વવિચાર વડે વ્યવહાર ધર્મની રુચિ તેને રહી જાય છે, પણ વસ્તુસ્વભાવને પામતો નથી. માટે જ્ઞાયક સન્મુખ અનુભૂતિ જ પ્રધાન છે, તે જ સમ્યક્ત્વ છે.

વળી કોઈને દેવાદિની પ્રતીતિ અને સમ્યક્ત્વ એક સાથે થાય છે. પ્રથમ કહ્યું કે દેવાદિની પ્રતીતિ કરે છે અને પછી સમ્યક્ત્વ થાય છે તથા નથી પણ થતું. અહીં હવે કહ્યું કે દેવાદિની પ્રતીતિ થઈ ત્યાં અંતરંગ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કરી તેથી બન્ને એક સાથે થાય છે તથા સમ્યક્ત્વ સાથે જ કોઈને વ્રત-તપાદિ હોય છે, કોઈને નથી પણ હોતા. પરંતુ સમ્યક્ત્વ વખતે દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ તો નિયમરૂપ હોય છે. સાચા દેવાદિની પ્રતીતિ વિના તો સમ્યક્ત્વ ન જ હોય; હા, સાચા દેવાદિની પ્રતીતિ હોય પરંતુ અંતરંગ તત્ત્વની અનુભૂતિ ન કરે તો સમ્યક્ત્વ ન થાય. ઘણા જીવો તો સમ્યક્ત્વ થયા પછી વ્રતાદિ અંગીકાર કરે છે, કોઈને એક સાથ પણ હોય છે.

આ પ્રમાણે તત્ત્વવિચારવાળો સમ્યક્ત્વનો અધિકારી છે, પરંતુ તેને સમ્યક્ત્વ થાય જ એવો નિયમ નથી, આત્મસન્મુખ પરિણામ ન કરે તો સમ્યક્ત્વ ન થાય, કેમ કે સમ્યક્ત્વ થવા પહેલા પાંચ લબ્ધિ થવી કહી છે. પ્રથમ સમ્યક્ત્વ થતાં શુદ્ધોપયોગ-નિર્વિકલ્પ ધ્યાન હોય છે. ત્યાં બુદ્ધિપૂર્વકના વિકલ્પ છૂટી જાય છે, અતીંદ્રિય આનંદનું વેદન થાય છે.

ક્ષયોપશમલબ્ધિ, વિશુદ્ધિલબ્ધિ, દેશનાલબ્ધિ, પ્રાયોગ્યલબ્ધિ અને કરણલબ્ધિ -એ પાંચ લબ્ધિ સમ્યક્ત્વ થતાં પહેલા હોય છે.

૧) **ક્ષયોપશમલબ્ધિ** : જેના હોવાથી તત્ત્વવિચાર થઈ શકે એવો જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષયોપશમ થાય અર્થાત્ ઉદયકાળને પ્રાપ્ત સર્વઘાતી સ્પર્દ્ધકોના નિષેકોના ઉદયનો અભાવ તે ક્ષય તથા ભાવિકાળમાં

આવવા યોગ્ય કર્મોનું સત્તારૂપે રહેવું તે ઉપશમ, એવી દેશઘાતી સ્પર્દ્ધકોના ઉદય સહિત કર્મોની અવસ્થા તેનું નામ ક્ષયોપશમ છે, તેની જે પ્રાપ્તિ થવી તે ક્ષયોપશમલબ્ધિ છે.

૨) **વિશુદ્ધિલબ્ધિ** : મોહનો મંદ ઉદય આવવાથી મંદ કષાયરૂપ ભાવ થાય કે જેથી તત્ત્વવિચાર થઈ શકે તે વિશુદ્ધિલબ્ધિ છે.

૩) **દેશનાલબ્ધિ** : શ્રી જિનેન્દ્રદેવ દ્વારા ઉપદેશેલા તત્ત્વનું ધારણ થવું, તેનો વિચાર થવો તે દેશનાલબ્ધિ છે. નરકાદિકમાં જ્યાં ઉપદેશનું નિમિત્ત ન હોય ત્યાં તે પૂર્વ સંસ્કારથી થાય છે. અહીં ''ઉપદેશ'' કહ્યો છે, કોઈ ઉપદેશ વિના એકલા શાસ્ત્ર વાંચી દેશનાલબ્ધિ પ્રાપ્ત કરી શકે -એમ બને નહિ. ઉપદેશેલા તત્ત્વનું બરાબર ગ્રહણ-ધારણ થવું જોઈએ.

૪) **પ્રાયોગ્યલબ્ધિ** : કર્મોની પૂર્વ સત્તા ઘટી અંતઃકોડાકોડી સાગર પ્રમાણ રહી જાય તથા નવીન બંધ પણ અંતઃકોડાકોડી સાગર પ્રમાણના સંખ્યાતમા ભાગમાત્ર થાય, તે પણ એ લબ્ધિકાળથી માંડીને ક્રમથી ઘટતો જ જાય અને કેટલીક પાપપ્રકૃતિઓનો બંધ ક્રમથી મટતો જાય, ઈત્યાદિ યોગ્ય અવસ્થા થવી તેનું નામ પ્રાયોગ્યલબ્ધિ છે. એ ચારે લબ્ધિ ભવ્ય તથા અભવ્ય બન્નેને હોય છે. એ ચાર લબ્ધિઓ થયા પછી સમ્યક્ત્વ થાય તો થાય અને ન થાય તો ન પણ થાય એમ શ્રી લબ્ધિસારમાં કહ્યું છે. માટે એ તત્ત્વવિચારવાળાને પણ સમ્યક્ત્વ હોવાનો નિયમ નથી. જેમ કોઈને હિતશિક્ષા આપી, તેને જાણી તે વિચાર કરે કે આ શિક્ષા આપી તે કેવી રીતે છે ? પછી વિચાર કરતાં તેને 'આમ જ છે' એવી તે શિક્ષાની પ્રતીતિ થઈ જાય, અથવા અન્યથા વિચાર થાય, વા અન્ય વિચારમાં લાગી તે શિક્ષાનો નિર્ધાર ન કરે તો તેને પ્રતીતિ ન પણ થાય; તેમ શ્રીગુરુએ તત્ત્વોપદેશ આપ્યો, તેને જાણી વિચાર કરે કે -આ ઉપદેશ આપ્યો તે કેવી રીતે છે ? પછી વિચાર કરતાં તેને 'આમ જ છે' એવી પ્રતીતિ થઈ જાય, અથવા અન્યથા વિચાર થાય, અથવા અન્ય વિચારમાં લાગી તે ઉપદેશનો નિર્ધાર ન કરે તો પ્રતીતિ ન પણ થાય -એવો નિયમ છે, પણ તેનો ઉદ્યમ તો માત્ર તત્ત્વવિચાર કરવાનો જ છે.

પ્રથમની ચાર લબ્ધિ તો મિથ્યાદષ્ટિ ભવ્ય-અભવ્ય જીવને પણ હોય છે, પરંતુ સમ્યક્ત્વ થતાં તો આ ચાર લબ્ધિ અવશ્ય હોય જ. કરણલબ્ધિ થતાં તુરતમાં સમ્યક્ત્વ અવશ્ય પ્રગટે છે.

માટે તત્ત્વવિચારવાળાને સમ્યક્ત્વ થવાનો નિયમ નથી. જેમ કોઈને કોઈએ હિતની શિખામણ આપી હોય તેને જાણી તે વિચાર કરે કે આ શિક્ષા આપી તે કેવી રીતે છે, પછી વિચાર કરતાં ''આમ જ છે'' એવી તે શિક્ષાની પ્રતીતિ થઈ જાય અથવા અન્યથા વિચાર થઈ જાય કે અન્ય વિચારમાં લાગી જાય, તો શિક્ષાનો નિર્ધાર ન થાય અને પ્રતીતિ ન થાય તેમ શ્રીગુરુએ ઉપદેશ આપ્યો હોય ત્યાં પ્રથમ વિચાર કરે અને પછી અન્યથા વિચારમાં લાગી જાય, અથવા વિશેષ વિચાર કરીને નિર્ધાર ન કરે તો અંતરંગ પ્રતીતિ ન થાય.



પાંચમી કરણલબ્ધિ થતાં સમ્યગ્દર્શન જરૂર થાય છે, તેનું વર્ણન હવે કરશે.

**પ્ર.વૈશાખ સુદ ૧૫, મંગળવાર, ૨૮-૪-૫૩.**

આજે સવારે શ્રી સમયસારની બીજી ગાથા ઉપરનું રેકોર્ડિંગ રીલ પ્રવચન સંભળાવવામાં આવ્યું હતું.

**પ્ર.વૈશાખ સુદ ૧૫(દ્વિ.), બુધવાર, ૨૯-૪-૫૩.**

સમ્યક્ત્વસન્મુખ જીવનું આ વર્ણન ચાલે છે. તત્ત્વવિચારનો ઉદ્યમ કરતાં જીવને સમ્યગ્દર્શન થાય ત્યારે પહેલા પાંચ લબ્ધિ હોય છે. તેમાં પહેલી ચાર લબ્ધિ તો દરેક જીવને થઈ શકે છે પણ પાંચમી કરણલબ્ધિ છે તે લબ્ધિ થતાં જીવને અંતર્મુહૂર્તમાં જરૂર સમ્યક્ત્વ થાય છે, તે કરણલબ્ધિનું આ વર્ણન ચાલે છે.

૫) **કરણલબ્ધિ** : પાંચમી કરણલબ્ધિ થતાં સમ્યક્ત્વ અવશ્ય થાય જ એવો નિયમ છે. પણ તે તો જેને પૂર્વે કહેલી ચાર લબ્ધિઓ થઈ હોય અને અંતર્મુહૂર્ત પછી જેને સમ્યક્ત્વ થવાનું હોય તે જ જીવને કરણલબ્ધિ થાય છે. એ કરણલબ્ધિવાળા જીવને બુદ્ધિપૂર્વક તો એટલો જ ઉદ્યમ હોય છે કે તત્ત્વવિચારમાં ઉપયોગને તદ્રૂપ થઈ લગાવે અને તેથી સમયે સમયે તેના પરિણામ નિર્મળ થતાં જાય છે. જેમ કોઈને શિક્ષાનો વિચાર એવો નિર્મળ થવા લાગ્યો કે જેથી તેને શિક્ષાની પ્રતીતિ તુરત જ થઈ જશે, તેમ તત્ત્વ ઉપદેશનો વિચાર એવો નિર્મળ થવા લાગ્યો કે જેથી તેને તેનું શ્રદ્ધાન થઈ જાય. વળી એ પરિણામોનું તારતમ્ય કેવળજ્ઞાન વડે દેખ્યું તે વડે કરણાનુયોગમાં તેનું નિરૂપણ કર્યું છે. એ કરણલબ્ધિના ત્રણ ભેદ છે. અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ, તેનું વિશેષ વ્યાખ્યાન તો શ્રી લબ્ધિસાર શાસ્ત્રોમાં કર્યું છે ત્યાંથી જાણવું.

(અહીં સંક્ષેપમાં કથન કર્યું છે તે મૂળમાંથી જોઈ લેવું. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૬૬ થી ૨૬૯.)

અંતરમાં ચૈતન્ય સ્વભાવસન્મુખ પરિણામ થતાં અંદર કોઈ સૂક્ષ્મ પરિણામો થઈ જાય છે -તે કેવળીગમ્ય છે. 'હું અધઃકરણ કરું, અનિવૃત્તિકરણ કરું,' -એવું લક્ષ નથી હોતું પણ અંતરમાં ચૈતન્ય સન્મુખ તત્ત્વવિચારનો ઉદ્યમ કરતાં તેવા અધઃકરણ વગેરેના પરિણામ થઈ જાય છે, તે પોતાને બુદ્ધિગમ્ય નથી.

અધ્યાત્મદષ્ટિએ આત્મસન્મુખ પરિણામ થયા છે અને આગમદષ્ટિએ ત્રણ કરણના પરિણામ થયા છે -એમ કહેવાય છે. જીવના વિશુદ્ધ પરિણામોનું નિમિત્ત થતાં કર્મનું તેવું પરિણમન થઈ જાય છે. પણ જીવનો ઉદ્યમ તો પોતાના સ્વભાવસન્મુખ પરિણામનો જ છે.

સમ્યગ્દર્શન પામ્યા પછી કોઈ જીવ પ્રમાદથી પાછો ભ્રષ્ટ થઈને સંસારમાં રખડે છે. મિથ્યાત્વકર્મના

ઉદયથી સમ્યક્ત્વનો અભાવ થઈ જાય અને મિથ્યાત્વ કર્મના ઉદયનો અભાવ થતાં સમ્યક્ત્વ થઈ જાય -એમ કહ્યું છે તે નિમિત્તથી કથન છે. જે વખતે અહીં જીવના પરિણામ સ્વભાવસન્મુખ થાય ને સમ્યક્ત્વ થાય તે વખતે સામે મિથ્યાત્વ કર્મનો ઉદય હોય નહિ -એમ જાણવું.

જાુઓ, પરિણામોની વિચિત્રતા ! કે કોઈ જીવ તો અગિયારમા ગુણસ્થાને યથાખ્યાત ચારિત્ર પામી પાછો મિથ્યાદૃષ્ટિ બની કિંચિત્ ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્તનકાળ સુધી સંસારમાં રૂલે છે, ત્યારે કોઈ જીવ નિત્ય નિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ આઠ વર્ષની આયુમાં મિથ્યાત્વથી છૂટી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે છે, એમ જાણી પોતાના પરિણામ બગાડવાનો ભય રાખવો તથા તેને સુધારવાનો ઉપાય કરવો.

અનાદિ નિગોદમાંથી નીકળી મનુષ્ય થાય ને આઠ વર્ષે સમ્યક્ત્વ પામીને અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન પામી જાય છે, અને કોઈ જીવ અગિયારમા ગુણસ્થાનેથી પડીને પાછો નિગોદમાં જાય છે, તેમાં જીવના પરિણામની જ વિચિત્રતા છે, કોઈ બીજાના કારણે તેમ થતું નથી. કોઈ જીવે નિગોદ અને સિદ્ધ વચ્ચે ફક્ત મનુષ્યનો એક જ ભવ કર્યો. આઠ વર્ષ પહેલાં નિગોદમાં ને આઠ વર્ષ પછી કેવળી ! અને બીજો કોઈ જીવ અગિયારમા ગુણસ્થાનેથી પડીને પાછો નિગોદમાં ! -આમ જાણીને પોતે પોતાના પરિણામ સુધારવાનો સ્વસન્મુખ ઉદ્યમ રાખવો ! પોતે પોતાના પરિણામ બગાડવાનો ભય રાખવો ને સુધારવાનો ઉદ્યમ રાખવો.

વળી એ સાદિ મિથ્યાદૃષ્ટિને જો થોડો કાળ મિથ્યાત્વનો ઉદય રહે તો બાહ્ય જૈનપણું નષ્ટ થતું નથી, તત્ત્વોનું અશ્રદ્ધાન પ્રગટ થતું નથી તથા વિચાર કર્યા વિના યા અલ્પ વિચારથી જ તેને ફરી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જાય છે, તથા જો ઘણો કાળ તેને મિથ્યાત્વનો ઉદય રહે તો જેવી અનાદિ મિથ્યાદૃષ્ટિની દશા હોય છે તેવી તેની પણ દશા થઈ જાય છે, ગૃહિત મિથ્યાત્વને પણ તે ગ્રહણ કરે છે. તથા નિગોદાદિકમાં પણ તે રૂલે છે, એનું કાંઈ પ્રમાણ નથી. વળી કોઈ જીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ સાસાદની થાય છે તો ત્યાં જઘન્ય એક સમય તથા ઉત્કૃષ્ટ છ આવલી પ્રમાણ કાળ રહે છે, તેના પરિણામની દશા વચન દ્વારા કહી શકાતી નથી. અહીં સૂક્ષ્મકાળમાત્ર કોઈ જાતિના કેવળજ્ઞાનગમ્ય પરિણામ હોય છે તથા અનંતાનુબંધીનો ઉદય થાય છે પણ મિથ્યાત્વનો ઉદય હોતો નથી, તેનું સ્વરૂપ આગમપ્રમાણથી જાણવું. વળી કોઈ જીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ મિશ્રગુણસ્થાનને પ્રાપ્ત થાય છે ત્યાં તેને મિશ્રમોહનીયનો ઉદય થાય છે. તેનો કાળ મધ્યમ અંતર્મુહૂર્ત માત્ર છે, તેનો કાળ પણ થોડો છે એટલે તેના પરિણામ પણ કેવળજ્ઞાનગમ્ય છે. અહીં એટલું ભાસે છે કે જેમ કોઈને શિક્ષા આપી તેને તે કંઈક સત્ય અને કંઈક અસત્ય એક કાળમાં માને છે તેમ આને તત્ત્વોનું શ્રદ્ધાન-અશ્રદ્ધાન એક કાળમાં હોય છે, તે મિશ્ર દશા છે.

સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થઈને જે જીવ અજ્ઞાની થયો ને નિગોદમાં ગયો છે, તેની દશા પણ અનાદિ અજ્ઞાનીના જેવી થઈ જાય છે. હા, તેને પરિત સંસાર થઈ ગયો છે પણ વર્તમાનમાં તો તેને મિથ્યાજ્ઞાન



જ છે. સમ્યક્ત્વ પામીને પછી ભ્રષ્ટ થયો તેના જ્ઞાનને 'મિથ્યાજ્ઞાન' ન કહેવાય -એમ નથી. સમ્યગ્દર્શન પામનારની દૃષ્ટિ તો સ્વભાવ સન્મુખ જ છે, તેના સમય સમયના સૂક્ષ્મ પરિણામ છદ્મસ્થ પકડી ન શકે.

ત્રીજું મિશ્ર ગુણસ્થાન છે, પણ ત્યાં મિશ્રનો અર્થ એવો નથી કે સાચા દેવ-ગુરુને પણ માને અને કુદેવ-કુગુરુને પણ માને. કુદેવ-કુગુરુને માને તે તો પ્રત્યક્ષ મિથ્યાદૃષ્ટિ જ છે.

**પ્રશ્ન** : 'અમારે તો જિનદેવ વા અન્ય દેવ બધાય વંદન કરવા યોગ્ય છે' ઈત્યાદિ મિશ્ર શ્રદ્ધાનને મિશ્ર ગુણસ્થાન કહે છે ?

**ઉત્તર** : ના, એ તો પ્રત્યક્ષ મિથ્યાત્વ દશા છે; વ્યવહારરૂપ દેવાદિકનું શ્રદ્ધાન થતાં પણ મિથ્યાત્વ રહે છે તો આને તો દેવ-કુદેવનો કાંઈ નિર્ણય જ નથી, એટલે આને તો પ્રગટ વિનય મિથ્યાત્વ છે એમ જાણવું.

હજી સાચા દેવ-ગુરુને માને છતાં પણ જો અંતરમાં આત્માની નિર્વિકલ્પ શ્રદ્ધા ન હોય તો તે મિથ્યાદૃષ્ટિ જ રહે છે, તેને પણ મિશ્ર ગુણસ્થાન નથી કહેતા, તો પછી જેને હજી સાચા સર્વજ્ઞદેવ અને કુદેવ વચ્ચેનો વિવેક નથી ને બધાને સરખા માને છે તે તો વિનય મિથ્યાદૃષ્ટિ છે, તેને મિશ્ર ગુણસ્થાન નથી, પણ ચોખ્ખું પહેલું ગુણસ્થાન છે.

એ પ્રમાણે સમ્યક્ત્વસન્મુખ મિથ્યાદૃષ્ટિઓનું કથન કર્યું તથા પ્રસંગોપાત અન્ય પણ કથન કર્યું. એ પ્રમાણે જૈનમતવાળા મિથ્યાદૃષ્ટિઓના સ્વરૂપનું નિરૂપણ કર્યું. અહીં નાના પ્રકારના મિથ્યાદૃષ્ટિઓનું કથન કર્યું છે તેનું પ્રયોજન એટલું જ જાણવું કે એ પ્રકારોને ઓળખી પોતાનામાં કોઈ એવો દોષ જોઈ કષાયી ન થવું. કારણ કે પોતાનું ભલું-બૂરું તો પોતાના પરિણામોથી થાય છે; જો અન્યને રુચિવાન દેખે તો કાંઈક ઉપદેશ આપી તેનું પણ ભલું કરે.

સમયે સમયે જડ-ચેતનના પરિણામ સ્વતંત્રપણે પોતાથી ક્રમબદ્ધ થાય છે. આવું વસ્તુસ્વરૂપ સર્વજ્ઞદેવ સિવાય બીજા મતમાં ક્યાં છે ? -ક્યાંય નથી. આત્માનો જ્ઞાયકસ્વભાવ છે ને જડ ચેતનના સમય સમયના પરિણામો સ્વતંત્ર થાય છે. આવી યથાર્થ વસ્તુસ્થિતિ દિગંબર જૈનમતમાં જ છે. મિથ્યાદૃષ્ટિ જીવોનું કથન કર્યું છે તે ઓળખીને પોતામાં તેવો કોઈ દોષ હોય તો તે ટાળવાને માટે આ વર્ણન કર્યું છે. પોતે પોતાનું વિચારીને, આત્માની રુચિ કરીને, મિથ્યાત્વ ટાળીને સમ્યક્ત્વનો ઉદ્યમ કરવો -તે પ્રયોજન છે.

''પોતાના પરિણામ સુધારવાનો ઉપાય કરવો યોગ્ય છે, માટે સર્વ પ્રકારના મિથ્યાત્વ ભાવ છોડી સમ્યગ્દૃષ્ટિ થવું યોગ્ય છે કારણ કે સંસારનું મૂળ મિથ્યાત્વ છે, મિથ્યાત્વ સમાન અન્ય કોઈ પાપ નથી. એક મિથ્યાત્વ અને તેની સાથે અનંતાનુબંધીનો અભાવ થતાં એકતાલીસ પ્રકૃતિઓનો બંધ તો

મટી જ જાય છે, તથા સ્થિતિ અંતઃકોડાકોડી સાગરની રહી જાય છે અને અનુભાગ પણ થોડો જ રહી જાય છે, થોડા જ કાળમાં તે મોક્ષપદ પામે છે; પણ મિથ્યાત્વનો સદ્ભાવ રહેતાં અન્ય અનેક ઉપાય કરવા છતાં પણ મોક્ષ થતો નથી, માટે હર કોઈ ઉપાય વડે પણ સર્વ પ્રકારથી એ મિથ્યાત્વનો નાશ કરવો યોગ્ય છે.''

કર્મ વગેરે પરને લીધે જીવના પરિણામ બગડતા-સુધરતા નથી, પણ પોતાના ઉદ્યમથી જ પરિણામ બગડે-સુધરે છે; તેથી એવો ઉપદેશ છે કે પોતાના પરિણામ સુધારવાનો ઉદ્યમ કરવો યોગ્ય છે.

માટે સર્વ પ્રકારના મિથ્યાભાવો છોડી સ્વભાવ સન્મુખ થઈને સમ્યગ્દૃષ્ટિ થવું યોગ્ય છે. સમ્યગ્દર્શન જ પરમ હિતનો ઉપાય છે. સમ્યગ્દર્શન વગર શુભભાવ કરે તો પણ કલ્યાણ નથી કેમ કે સંસારનું મૂળ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ સમાન અન્ય કોઈ પાપ નથી. સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ થયો, અને જીવની એટલી શુદ્ધ પરિણતિ થઈ કે તે જીવને એકતાલીસ કર્મ પ્રકૃતિનો તો બંધ થતો જ નથી, ને પૂર્વ કર્મની સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગર જ રહે છે તથા ઘાતિકર્મો વગેરેમાં અનુભાગ પણ અલ્પ જ રહી જાય છે. જુઓ, આ સમ્યગ્દર્શનનો પ્રતાપ ! સમ્યગ્દર્શન થતાં અલ્પકાળમાં અવશ્ય મોક્ષપદ પામે છે ને મિથ્યાત્વવાળા જીવને ગમે તેવા ઉપાય કરવા છતાં પણ મોક્ષ થતો નથી. માટે હરકોઈ ઉપાય વડે પણ સર્વ પ્રકારથી એ મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું યોગ્ય છે -આ ઉપાયથી જીવનું કલ્યાણ થાય છે.

**એ પ્રમાણે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્રમાં જૈનમતવાળા મિથ્યાદૃષ્ટિઓનું નિરૂપણ કરવાવાળો સાતમો અધિકાર સંપૂર્ણ.**

**પરમ કૃપાળુ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**

**પરમ કૃપાળુ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**

**પરમ કૃપાળુ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**



### શ્રાવણ સુદ ૩, બુધવાર, ૧૨-૮-૫૩.

**(આ સાતમો અધિકાર હમણાં જ માહ માસથી વૈશાખ માસ સુધીમાં વંચાઈ ગયો છે પરંતુ બે ક્ષુલ્લકજી આવ્યા છે તેમને આ અધિકાર સાંભળવાની જિજ્ઞાસા હોવાથી ફરીથી વંચાય છે -પૃ. ૨૦૦)**

આ અધિકારમાં સૂક્ષ્મસ્વરૂપ સમજાવ્યું છે. દિગંબર જૈનમત જે સર્વજ્ઞ પરંપરાથી ચાલ્યો આવે છે તે એક જ સત્ય છે, તેના સિવાયના બીજા બધા મતો સત્યથી વિપરીત છે. આ અધિકારમાં તો જૈન સંપ્રદાયમાં રહેલા જીવને પણ તત્ત્વની કેવી સૂક્ષ્મ ભૂલ રહી જાય છે તે બતાવે છે. જીવને અનાદિકાળનું અગૃહીત મિથ્યાત્વ કેમ ટળે તે વાત આ અધિકારમાં સમજાવી છે.

આ સંસારરૂપી જે ઝાડ છે તેનું મૂળિયું એક મિથ્યાત્વ છે, તે મિથ્યાત્વરૂપી મૂળિયાને નિર્મૂળ કરીને હવે સમ્યગ્દર્શનાદિથી મોક્ષનો ઉપાય કરીએ. તે મિથ્યાત્વને ટાળીને સમ્યગ્દર્શન વગેરે મોક્ષનો ઉપાય કેમ પ્રગટે તેની વાત અહીં સમજાવશે.

### શ્રાવણ સુદ ૪, ગુરુવાર, ૧૩-૮-૫૩.

આ સાતમા અધિકાર પહેલાં પાંચમા અને છઠ્ઠા અધિકારમાં ગૃહીત મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ કહ્યું હતું. ત્યાં જે કોઈ ઈશ્વરને જગતનો કર્તા માને છે, બ્રહ્મા, વિષ્ણુ આદિનું જે કલ્પિત સ્વરૂપ તેને માને છે તે તો અન્યમત છે. પરંતુ જૈન નામ ધરાવીને સ્થાનકવાસી તથા શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય છે તેને યથાર્થ જૈનમાર્ગથી ઘણી વિપરીત માન્યતા હોવાથી, તે પણ અન્યમત છે, તે જૈનમત અનુયાયી નથી.

આ અધિકારમાં જે દિગંબર જૈનમતને માને છે તેનું પણ મિથ્યાત્વ કેમ ગયું નથી તે કહે છે. આ દિગંબર માર્ગ સિવાય બધા મતો ખોટા છે. સનાતન સત્યમાર્ગ કહો કે વિશ્વધર્મ કહો કે દિગંબર જૈનધર્મ કહો તે બધું એક જ છે. એવા દિગંબરમતને માનીને નિશ્ચય-વ્યવહારનું જેને ભાન નથી એવા મિથ્યાદૃષ્ટિની વાત કરે છે. જૈન કોઈ પક્ષ નથી; સ્વભાવના લક્ષે રાગદ્વેષને જીતે તે જૈન છે. દિગંબર સંપ્રદાયમાં રહીને સનાતન વીતરાગમાર્ગનો સ્વીકાર કર્યો છે એમ તે માને છે. સમયસાર, ધવલાદિ જે યથાર્થ પરંપરાના શાસ્ત્રો છે એની આજ્ઞા તે માને છે પણ તેથી તે જૈની છે એમ નથી. એવી માન્યતા તો અનંતવાર કરી છે. હા, એણે ગૃહીત મિથ્યાત્વનો કદાચ ત્યાગ કર્યો હોય છે. ઘણા તો એવા છે કે દિગંબરમાં જન્મીને દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એની પણ એને ખબર હોતી નથી. ભાગચંદ્રજી છાજડે સત્તાસ્વરૂપમાં કહેલ છે કે જૈનમાં જન્મ્યો એટલે ગૃહીત મિથ્યાત્વ છૂટી ગયું છે -એમ નથી. દેવનું સ્વરૂપ કેવું હોય ? નગ્ન ભાવલિંગી મુનિ તથા શાસ્ત્ર પણ સાચા કેવા હોય ? એની જેને ખબર નથી તે દિગંબરમાં ત્યાગી હોય, પંડિત હોય, પ્રતિમાધારી હોય છતાં તે પણ ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર યથાર્થ કેવા ? હોય તેની વ્યવહાર શ્રદ્ધા તો બરાબર હોય

અને કુદેવાદિને માનતો ન હોય, એટલે કે દિગંબર સિવાય શ્વેતાંબર સ્થાનકવાસીની જેને માન્યતા હોય તે સાચા દેવાદિને માનતો નથી. વળી, જે દિગંબરમતમાં કહેલા દેવાદિને જ માને છે તે શ્વેતાંબરાદિને માનતો નથી એવા જીવોને પણ મિથ્યાત્વ હોય છે. શ્વેતાંબરના ઉત્તરાધ્યયન સૂત્રમાં આવે છે કે સિદ્ધદશા થતાં પહેલા જ્ઞાનઉપયોગ થાય છે અને પછી દર્શનઉપયોગ હોય છે. આમ અનેક પ્રકારથી શાસ્ત્રમાં વિરુદ્ધતા છે. અહીં વ્યક્તિવિરોધની વાત નથી પણ વિરુદ્ધ માન્યતા હોય તે તો બરાબર જાણવું જોઈએ. કોઈ જીવ પ્રત્યે વિરોધ રાખવો નહિ પણ યથાર્થમાર્ગથી વિરુદ્ધમાર્ગની પ્રરૂપણા કરતો હોય તો તેને બરાબર જાણીને પોતે તેનો સ્વીકાર કરવો નહિ. અહીં તો કહે છે કે ગૃહીત મિથ્યાત્વ છૂટ્યા પછી અગૃહીત મિથ્યાત્વનો એક અંશ પણ બૂરો છે તેથી તે સૂક્ષ્મ મિથ્યાત્વ પણ ત્યાગવા યોગ્ય છે. માટે આ અધિકારમાં સૂક્ષ્મ મિથ્યાત્વ ત્યાગવાની વાત કરી છે.

કુંદકુંદાચાર્યે અષ્ટપાહુડમાં કહેલ છે કે -તલતુષમાત્ર પણ વસ્ત્ર-પાત્ર આદિ ધારણ કરી મુનિપણું મનાવે તો તે નિગોદમાં જાય છે. આ કાંઈ ભયસૂત્ર નથી, પણ યથાર્થ વસ્તુનું સ્વરૂપ છે. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેથી વિપરીત માને, મનાવે, પ્રશંસા કરે, તો તે બધા ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. મુનિપણું ધારણ કરીને સાથે પરિગ્રહ રાખે, અધઃકર્મી આહાર લે અને મુનિપણું માને તો તે પણ નિગોદમાં જાય છે કેમ કે તે પણ ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

શ્રી સમયસાર, પ્રવચનસાર, ધવલ, મહાધવલ આદિ ગ્રંથો છે તે જિનાગમ છે. એમાં નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ કહેલ છે. ભાવલિંગી સંત મુનિઓ પરમેષ્ઠી પદમાં હતા. કુંદકુંદાચાર્ય આદિ સંત મુનિઓને ગણધરના પણ નમસ્કાર પહોંચતા હતા. તે કેવી રીતે ? મહાવિદેહક્ષેત્રમાં સીમંધરપ્રભુ પાસે ગણધર બિરાજમાન છે તે શાસ્ત્રની રચના કરે ત્યારે નમસ્કારમંત્ર ભણે છે. એ પંચ પરમેષ્ઠીમાં બધા ભાવલિંગી મુનિ આવી જાય છે. ''ણમો લોએ સવ્વ સાહૂણં'' -લોકની અંદર રહેલા સર્વ સંતમુનિઓને મારો નમસ્કાર હો -એમ ગણધર પણ નમસ્કાર કરે છે. એવા સંત મુનિઓએ બનાવેલા શાસ્ત્રો છે તે જિનાગમ છે. સમંતભદ્રાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય વગેરે સંતો ધર્મના થાંભલા જેવા થઈ ગયા છે.

પ્રવચનસારમાં આચાર્ય કહે છે કે ભાવલિંગી મુનિ કેવા હોય ? ''શ્રામણ્યને અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા. કેમ કે દુઃખથી મુક્ત થવાનો યથાર્થ માર્ગ અમે જાણ્યો છે અને અનુભવ્યો છે.'' આવા ભાવલિંગી મુનિ હોય છે.

આવી વાત સાંભળ્યા પછી પણ ઘણા શ્રોતાઓ તો ધજાની પૂંછડી જેવા રહે છે. શાસ્ત્રમાં દૃષ્ટાંત છે કે ધજાની પૂંછડી જે દિશા તરફનો પવન હોય તે તરફ ઊડે છે, એમ ધજાની પૂંછડી જેવા શ્રોતાઓ જ્યાં જાય ત્યાં પાટે બેસીને જે કાંઈ પ્રરૂપણ કરતું હોય તો તે પણ બરાબર છે અને આ પણ બરાબર છે -એમ કહે છે. આવા જીવો તો નિર્ણય કરવાની દરકાર કરતાં નથી. એ તો સ્થૂલ ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે, એની તો અહીં વાત નથી.



અહીં તો કહે છે કે જૈનમતમાં નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ જાણે નહિ તો તેને સમ્યગ્દર્શન થાય નહિ. યથાર્થનું નામ નિશ્ચય અને ઉપચારનું નામ વ્યવહાર છે. સંપ્રદાય દૃષ્ટિવાળાને એની ખબર નથી. અનુપચાર કહો કે યથાર્થ કહો તે એક જ છે. નિશ્ચય એટલે કે યથાર્થ સ્વરૂપને જાણ્યા વિના રાગાદિને ઉપચાર પણ કહેવાતો નથી. વસ્તુના યથાર્થ સ્વભાવને જે જાણતાં નથી અને એમાં નિમિત્તરૂપ રાગ અને નિમિત્તને જે જાણતાં નથી તે વિપરીતમાર્ગમાં પ્રવર્તે છે. એનું શ્રદ્ધા, જ્ઞાન અને પ્રવર્તન બધું ઊંધું હોય છે. એવા મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ કહે છે.

## કેવળ નિશ્ચયનયાવલંબી જૈનાભાસોનું નિરૂપણ

આત્મા દ્રવ્યે શુદ્ધ છે; અને પર્યાયમાં રાગાદિ થાય છે તેનો સ્વીકાર કરે નહિ અને એકલો આત્મા, આત્મા કહે, આત્મા તો જ્ઞાયક છે -એમ માને તો તે નિશ્ચયાભાસી છે. જે જે ગુણસ્થાનમાં જે જે પર્યાય હોય છે તેને બરાબર જાણવી જોઈએ. તે વ્યવહારનું જ્ઞાન કરવા જેવું છે. વ્યવહાર આદરણીય છે -એમ નથી. પર્યાયમાં પોતાના કારણે અશુદ્ધતા છે એમ ન માને અને એકલો આત્મા શુદ્ધ જ છે એમ માને છે તે નિશ્ચયાભાસી છે. ભક્તિ આદિનો રાગ તો મુનિને પણ આવે છે, છતાં નીચલી ભૂમિકામાં તે રાગ હોતો નથી -એમ માને તે નિશ્ચયાભાસી છે; અને રાગ થાય છે એને આદરણીય માને તો તે વ્યવહારાભાસી છે. તે બન્ને મિથ્યાદૃષ્ટિ છે. ચૌદમા ગુણસ્થાન સુધી પણ અસિદ્ધત્વ ભાવ હોય છે તેને માને નહિ તો તે ખરેખર નિશ્ચયને પણ જાણતો નથી. અહીં નિશ્ચયનયાવલંબી કહેલ છે તેનો અર્થ નિશ્ચયને જાણે છે -એમ નથી પણ નિશ્ચયની વાતો કરે છે પણ નિશ્ચયને યથાર્થપણે જાણતો નથી. પરંતુ નિશ્ચયાભાસના શ્રદ્ધાની બની પોતાને મોક્ષમાર્ગી માને છે તે જીવ તો નિશ્ચય-વ્યવહાર બન્નેને યથાર્થપણે જાણતો નથી. નિશ્ચય અને વ્યવહાર -બન્ને છે એમ જાણો; પણ વ્યવહારથી નિશ્ચય છે એમ નથી, અને નિશ્ચય છે તો વ્યવહાર છે એમ પણ નથી.

નિશ્ચયાભાસી નિશ્ચયની વાત સાંભળીને હું પરમાત્મા છું એમ માને છે અને પર્યાયમાં હજી સંસારદશા છે એને જાણતો નથી; પણ પરમાત્મદશા તો સંસારદશાનો અભાવ થયે થાય છે. પરમાત્મદશા અને સંસારદશા એક સાથે હોય નહિ. સિદ્ધ સમાન તો આત્માનો સ્વભાવ છે પણ પર્યાયમાં સિદ્ધદશા નથી છતાં નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ આત્માને પર્યાયમાં પણ સિદ્ધ સમાન માને છે.

### શ્રાવણ સુદ ૫, શુક્રવાર, ૧૪-૮-૫૩.

અહીં નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ જીવો કેવા હોય છે ? તે કહે છે. આત્મા જ્ઞાયક છે અને વિકાર પર છે તથા પરદ્રવ્યનો તો આત્મા કર્તા નથી એવું ભાન નથી અને વર્તમાનમાં હું પર્યાયમાં સિદ્ધ છું એમ નિશ્ચયાભાસી માને છે. અહીં ''સિદ્ધ સમાન અનુભવે છે'' એનો અર્થ તો સિદ્ધ સમાન વર્તમાન પર્યાય છે એમ માને છે. વર્તમાન સિદ્ધપર્યાયનો અનુભવ નથી, અને અનુભવ છે એમ તે

જાણે છે અને માને છે; તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે વર્તમાન પર્યાયમાં પ્રત્યક્ષ રાગદ્વેષાદિ સંસારદશા છે, ઉદયભાવ પ્રત્યક્ષ છે; સિદ્ધપર્યાયમાં ઉદયભાવ હોય નહિ.

સમયસારમાં આત્મા શુદ્ધ જ્ઞાયક છે એમ કહેલ છે એ તો આત્માનો ત્રિકાળી સ્વભાવ સિદ્ધ સમાન છે એમ કહેલ છે. કેટલાક સમયસાર વાંચીને પોતાને વર્તમાન સિદ્ધ સમાન પર્યાયથી પણ માને છે તે વેદાંતદૃષ્ટિ-એકાંતદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યમાં અશુદ્ધતા છે એમ માને નહિ અને પર્યાયમાં અશુદ્ધતા છે એમ માને છે. દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી એમ બન્નેની અસ્તિ યથાર્થપણે જ્ઞાની જાણે છે. ભાવલિંગી મુનિ હોય તો તે પણ જાણે છે કે મારો સ્વભાવ તો શુદ્ધ છે અને પર્યાયમાં વ્યવહારથી અશુદ્ધતા છે. શરીર, કર્માદિ અજીવ તત્ત્વ છે તે આત્માથી ભિન્ન છે અને પર્યાયમાં આસ્રવ અને બંધ છે -એમ માને છે. આસ્રવ તત્ત્વને ન માને તો સાત તત્ત્વની પણ શ્રદ્ધા ન રહે.

દ્રવ્યદૃષ્ટિ અપેક્ષાએ પર્યાય અભૂતાર્થ છે પણ પર્યાય સર્વથા અભૂતાર્થ નથી. નિશ્ચયથી અભૂતાર્થ છે એટલે દ્રવ્ય અપેક્ષાએ અભૂતાર્થ છે, પરંતુ વ્યવહાર અપેક્ષાએ પર્યાય ભૂતાર્થ છે. સંસારદશામાં આસ્રવ-બંધ છે છતાં ભ્રમથી મુક્તદશા માને તે મિથ્યાદૃષ્ટિ છે. સમયસારમાં જ્ઞાનીને આસ્રવ-બંધ નથી દ્ગએમ કહેલ છે, ત્યાં તો દ્રવ્યદૃષ્ટિના વિષયનું જોર બતાવવા માટે કહેલ છે. ત્યાં સમ્યગ્દર્શનનું માહાત્મ્ય બતાવવું છે. તેથી દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ આસ્રવ-બંધ નથી -એમ કહ્યું છે, પણ તેનો અર્થ એવો નથી કે વર્તમાન પર્યાયમાં બિલકુલ આસ્રવ-બંધ, ચારિત્રમોહનો પણ નથી.

શાસ્ત્રમાં આત્માને શુદ્ધ સિદ્ધ સમાન કહેલ છે તે તો દ્રવ્યદૃષ્ટિથી કહેલ છે એટલે પરથી ભિન્ન, પોતાના ભાવથી અભિન્ન આત્મા છે તે અપેક્ષાએ શુદ્ધ છે, તથા ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પણ આત્મા શુદ્ધ છે. પરંતુ પર્યાય અપેક્ષાએ વર્તમાનમાં સિદ્ધ નથી. ચૌદમા ગુણસ્થાને પણ પર્યાય અપેક્ષાએ સિદ્ધ સમાન નથી. કેવળીને પણ વિકાર હોય છે. તે વિકાર ચાર કર્મ બાકી છે માટે છે -એમ નથી. પણ કેવળીના આત્માના વૈભાવિક આદિ ગુણો હજુ વિકારરૂપે પરિણમે છે. જ્યારે તેરમે અને ચૌદમે ગુણસ્થાને પણ જીવ સંસારી કહેલ છે તો પછી નીચલી દશાવાળો પોતાને પર્યાયથી સિદ્ધ સમાન માને તો તે મિથ્યાદૃષ્ટિ છે.

દૃષ્ટાંત કહે છે - જેમ રાજા અને ગરીબ મનુષ્યપણાની અપેક્ષાએ તો સરખા છે પણ રાજાપર્યાય અને ગરીબપર્યાય અપેક્ષાએ બન્ને સરખા નથી. તેવી રીતે સિદ્ધ અને સંસારી બન્ને જીવતત્ત્વપણાની અપેક્ષાએ સરખા છે. સિદ્ધમાં જીવતત્ત્વપણું છે તેવું જ સંસારદશામાં પણ જીવતત્ત્વપણું છે, માટે એ અપેક્ષાએ ફેર નથી.

આ સાતમો અધિકાર ઘણો સારો છે અને બરાબર સમજવા જેવો છે, કેમ કે આમાં સૂક્ષ્મ મિથ્યાત્વ કેવી રીતે રહી જાય છે તેની વાત કરી છે.



વર્તમાન પર્યાયમાં સિદ્ધદશા હોય તો આસ્રવ-બંધનો અભાવ કરીને સંવર, નિર્જરા અને મોક્ષ કરવાનો રહેતો નથી. જ્ઞાની પર્યાયમાં અશુદ્ધતા છે એને બરાબર જાણે છે. કેવળી ભગવાન પણ પોતાના કેવળજ્ઞાનમાં પોતાની વર્તમાનદશા હજુ સંસારદશાવાળી છે, સિદ્ધદશા નથી એમ જાણે છે. અહીં પર્યાયની શુદ્ધ-અશુદ્ધતાની વાત છે; દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ કહેલ છે તે તો પરભાવથી ભિન્ન અને પોતાના ભાવોથી અભિન્ન આત્મા છે એ અપેક્ષાએ આત્મા શુદ્ધ છે -એમ કહેલ છે. સમ્યગ્જ્ઞાન તે પ્રમાણજ્ઞાન છે તેથી દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ અને પર્યાય અપેક્ષાએ અશુદ્ધ છે એમ બરાબર જાણે છે.

દ્રવ્યદૃષ્ટિએ આત્મા પ્રભુ છે અને પર્યાયદૃષ્ટિએ પામરતા છે એમ બન્નેને યથાર્થપણે જાણે તે પ્રમાણજ્ઞાન છે. એકને જાણે અને બીજાને ન જાણે તો તે પ્રમાણજ્ઞાન નથી.

હવે બીજી વાત કરે છે કે નિશ્ચયાભાસી પોતાને વર્તમાન કેવળજ્ઞાનાદિ છે એમ માને છે, પણ વર્તમાન તો મતિજ્ઞાન શ્રુતજ્ઞાનાદિની અવસ્થા છે; અને મતિજ્ઞાન તે ક્ષયોપશમભાવ છે એમાં કેવળજ્ઞાન જે ક્ષાયિકભાવ છે તે માનવો તે ભ્રમ છે. હજુ ક્ષાયિકભાવ તો થયો નથી છતાં ક્ષાયિકભાવ છે એમ માનવું એ જ મિથ્યાત્વ છે. શાસ્ત્રમાં સર્વ જીવને કેવળજ્ઞાન કહેલ છે તે તો શક્તિ અપેક્ષાએ કહેલ છે કારણ કે દરેક આત્મામાં કેવળજ્ઞાન થવાની શક્તિ ત્રિકાળ છે. શ્વેતાંબરમતની એવી માન્યતા છે કે કેવળજ્ઞાન બધા જીવોમાં સત્તારૂપ છે. જેમ સૂર્યનો પ્રકાશ પ્રગટ છે, તેને વાદળાં આડા આવી ગયા હોય એમ કેવળજ્ઞાન છે. કર્મ ખસી જાય તો, કેવળજ્ઞાન પ્રગટ જ છે - એ માન્યતા ભ્રમરૂપ છે. કેવળજ્ઞાન ધ્રુવ નિત્ય સ્વભાવમાં શક્તિરૂપે છે તે પુરુષાર્થ કરે તો પર્યાયમાં પ્રગટ થાય. કર્મનું આવરણ જાય તો પ્રગટ થાય -એમ નથી.

કેવળજ્ઞાન શક્તિરૂપે છે એનો અર્થ એ છે કે દ્રવ્યમાં ગુણ અપેક્ષાએ એટલે કે ત્રિકાળી શક્તિ અપેક્ષાએ કેવળજ્ઞાન છે પણ પર્યાય અપેક્ષાએ કેવળજ્ઞાન નથી, કેમ કે પર્યાય અપેક્ષાએ કેવળજ્ઞાન હોય તો પર્યાય તો પ્રગટ છે, માટે કેવળજ્ઞાન પણ પ્રગટ હોવું જોઈએ -પણ એમ નથી; પરંતુ આત્મા જ્યારે પુરુષાર્થની ઉગ્રતા કરે ત્યારે શક્તિમાંથી પ્રગટરૂપ થાય છે -એમ જ્ઞાની જાણે છે.

કોઈ એમ માને છે - એટલે શ્વેતાંબર એમ માને છે અથવા દિગંબરમાં પણ નિશ્ચયાભાસી કોઈ જીવ એમ માને છે કે આત્માના પ્રદેશોમાં તો કેવળજ્ઞાન જ છે પણ તે ઉપરના આવરણથી પ્રગટ થતું નથી -એ પણ ભ્રમ છે. જેને નિશ્ચયનું યથાર્થ ભાન હોય એવા નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિનું કથન કદાચ ઉપરથી સરખું લાગે પણ અંદર મોટો આંતરો-ફેર છે. જેમ તળાવની ઉપરની સપાટી સરખી લાગે છે પણ અંદરની ઊંડાઈ માપે તો મોટો ફેર નીકળે છે. નિશ્ચયાભાસી કેવળજ્ઞાનને આત્મપ્રદેશોમાં પર્યાય અપેક્ષાએ પ્રગટ માને છે પણ કર્મના કારણે રોકાયેલ છે -એમ માને છે તે ભ્રમ છે.

કેવળજ્ઞાન તો વજ્રપટલાદિ આડા આવે તો પણ જાણે છે વજ્રનો પડદો નડતો નથી તો કર્મ જે સૂક્ષ્મ છે એના કારણે કેવળજ્ઞાન રોકાય એમ કેમ બને ?

અહીં કોઈને પ્રશ્ન થાય કે કર્મની સાથે તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે માટે કર્મથી રોકાય છે.

તો તેનું સમાધાન : તે વાત બરાબર નથી; કેમ કે અહીં તો નિમિત્તને પણ તુચ્છ અને હીન બતાવ્યું છે. કેવળજ્ઞાન પ્રગટરૂપ હોય અને કર્મ તેને રોકવામાં નિમિત્ત થાય એમ બને નહિ. માટે કેવળજ્ઞાન વર્તમાન પર્યાયમાં પ્રગટરૂપ નથી -એમ જાણવું.

## શ્રાવણ સુદ ૬, શનિવાર, ૧૫-૮-૫૩.

જૈનકુળમાં જન્મ્યા છતાં પણ મિથ્યાદષ્ટિપણું કેવી રીતે રહે છે તેની વાત કરે છે. નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ સંસારદશા વખતે પોતાને સિદ્ધ સમાન શુદ્ધ માને છે તે ભ્રમ છે. જીવપણે સિદ્ધ અને સંસારી સરખા છે પરંતુ પર્યાય અપેક્ષાએ સરખા નથી એમ જેણે સ્વીકાર કર્યો નથી તેને સમ્યગ્દર્શનનો પણ પુરુષાર્થ કરવાનો રહેતો નથી. તેથી તેવા નિશ્ચયાભાસી જીવનું મિથ્યાત્વ નાશ પામતું નથી.

વળી કોઈ એમ માને છે કે આત્માના અસંખ્ય પ્રદેશમાં કેવળજ્ઞાન પ્રગટ છે પણ કર્મના આવરણથી તે ઢંકાયેલ છે -એ પણ ભ્રમ છે. કેવળજ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે, એને વજ્રપટલ પણ રોકી શકતું નથી તો પછી કર્મના કારણે કેવળજ્ઞાન રોકાય એમ બને નહિ. વળી જેણે પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ માન્યું તેણે કેવળજ્ઞાન પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવાનો રહેતો નથી. માટે કેવળજ્ઞાન પર્યાયમાં પ્રગટ નથી એમ માનવું જોઈએ. ચાર ઘાતિકર્મ તો નિમિત્તમાત્ર છે. પુરુષાર્થની નબળાઈને કારણે કેવળજ્ઞાન પ્રગટ નથી. આત્મા શક્તિ અપેક્ષાએ ત્રિકાળ શુદ્ધ છે તેમ ન માનતા પર્યાયમાં શુદ્ધતા માને તે નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ છે. તેને કેવળજ્ઞાન પ્રગટ કરવાનો અથવા સમ્યગ્દર્શનરૂપી ધર્મ પ્રગટ કરવાનો પણ અવકાશ નથી. માટે પર્યાયમાં અલ્પજ્ઞતા અને રાગ છે એમ જાણવું જોઈએ.

જો કેવળજ્ઞાનનો નિરંતર સદ્ભાવ રહે તો તે પારિણામિકભાવ ઠરે. કેમ કે જે ત્રિકાળ હોય તે પારિણામિકભાવ છે, પણ કેવળજ્ઞાન તો ક્ષાયિકભાવ છે. આત્માની દષ્ટિપૂર્વક અંતર્લીનતાપૂર્વક ક્ષયોપશમ-ભાવનો નાશ કરીને કેવળજ્ઞાનરૂપ ક્ષાયિકભાવ નવો પ્રગટ કરે છે માટે કેવળજ્ઞાન પારિણામિકભાવ નથી.

શ્વેતાંબર કેવળજ્ઞાનને સત્તારૂપે માને છે ને દિગંબર તેને શક્તિરૂપે માને છે. જો સત્તારૂપે એટલે કેવળજ્ઞાનને નિરંતર પ્રગટરૂપ માનવામાં આવે તો તે પારિણાકિભાવ ઠરે પણ એમ નથી. સર્વ ભેદ જેમાં ગર્ભિત છે એવો ચૈતન્યભાવ તે જ પારિણામિકભાવ છે. આમ માને તો કેવળજ્ઞાનનો પુરુષાર્થ કરવાનો અવકાશ રહે છે. મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યયજ્ઞાન ક્ષાયોપશમિકભાવે છે અને કેવળજ્ઞાન ક્ષાયિકભાવ છે પણ તે કોઈ પારિણામિકભાવ નથી.

આત્મા સ્વભાવવાન છે ને ચૈતન્યભાવ તેનો સ્વભાવ છે. અને મતિજ્ઞાનાદિ પાંચ અવસ્થા છે તે ચૈતન્યગુણની પર્યાય છે. હવે કેવળજ્ઞાનરૂપ પર્યાયને નિરંતર સદ્ભાવરૂપ માને તો તેને પ્રગટ કરવાનું રહેતું નથી. તેથી તે જીવ ત્રિકાળ સંસારમાં રહે છે. આ રીતે માનનાર નિશ્ચયાભાસી જીવ મિથ્યાદષ્ટિ છે.



શાસ્ત્રમાં સૂર્યનું દષ્ટાંત આપેલ છે તેનો તો એટલો જ અર્થ લેવો કે જ્યારે વાદળા હોય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ નથી -એમ એનો અર્થ સમજવો. પણ કેવળજ્ઞાન પ્રગટ છે અને કર્મથી ઢંકાયેલ છે એમ એનો અર્થ સમજવો નહિ. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે, તેના દષ્ટિ-જ્ઞાન-રમણતા કરીને વર્તમાન પુરુષાર્થ કરતો નથી માટે પર્યાયમાં કેવળજ્ઞાન નથી એમ સમજવું. પર્યાયને પર્યાય સમજવી, ગુણને ગુણ જાણવો અને દ્રવ્યને દ્રવ્ય જાણવું જોઈએ.

જે દષ્ટાંત હોય તે સર્વ પ્રકારે મળતું આવે નહિ. જેમ પુદ્ગલમાં વર્ણગુણ છે, તેની લીલી, પીળી આદિ અવસ્થા છે, તે વર્ણગુણ નથી પણ વર્ણગુણની અવસ્થા છે. વર્ણગુણ તો ત્રિકાળ છે, તેની પર્યાય ત્રિકાળ હોય નહિ. રંગની બધી અવસ્થા એક સાથે ન હોય. લીલી વખતે કાળી પર્યાય ન હોય અને પીળી અવસ્થા વખતે કાળી અવસ્થા ન હોય, તેમ આત્મામાં ચૈતન્યગુણ છે, તે ચૈતન્યગુણની મતિજ્ઞાનાદિ અવસ્થા છે. મતિજ્ઞાન વખતે કેવળજ્ઞાન ન હોય. શ્રુતજ્ઞાન વખતે અવધિજ્ઞાનની અવસ્થા ન હોય. અવસ્થા એક સાથે ન હોય કેમ કે એક પર્યાયનો બીજી પર્યાયમાં અભાવ હોય છે.

શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન આદિ તો પર્યાય છે અને ચૈતન્યગુણ ત્રિકાળ છે. મતિજ્ઞાન વખતે જે કેવળજ્ઞાન માને તેને ધર્મ કરવાનો અવકાશ નથી. તેથી તે નિશ્ચયાભાસીને સુખ થતું નથી, તે ભ્રમણાથી પરમાં સુખ કલ્પે છે અને દુઃખી થાય છે.

**પ્રશ્ન** : શાસ્ત્રમાં જ્ઞાનને કર્મનું આવરણ છે એમ કહેલ છે તો આવરણનો અર્થ વસ્તુને ઢાંકે છે એવો થાય છે. જો કેવળજ્ઞાન પ્રગટ ન હોય તે કેવળજ્ઞાનાવરણીય કર્મ શા માટે કહ્યું છે ? માટે અમે કેવળજ્ઞાનને પ્રગટ માનીએ છીએ અને કર્મના કારણે તે ઢંકાયેલ છે -એમ માનીએ છીએ. કોઈ અજ્ઞાની એમ કહે કે અભવી કે ભવી જે કેવળજ્ઞાન પ્રગટ કરવાનો નથી તેને કેવળજ્ઞાનાવરણીય કર્મ ન હોય અને જેને કેવળજ્ઞાન થવાનું હોય તેને કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ હોય છે, પણ તે વાત ખોટી છે. અનાદિ ભવી કે અભવી બધાને કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ હોય છે.

અજ્ઞાની શુદ્ધ-અશુદ્ધ આહારમાં રોકાઈ જાય છે. તેને ભક્ષ્ય અને અભક્ષ્યના સ્વરૂપની ખબર નથી. આહારાદિ પરદ્રવ્ય આત્માને ભક્ષ્ય કે અભક્ષ્ય છે જ નહિ. પરદ્રવ્ય તો આત્માનું જ્ઞેય છે. આત્મા ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય છે. એના દષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવા તે આત્માનો શુદ્ધ આહાર છે અને મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ પરિણામ તે આત્માનો અશુદ્ધ આહાર છે. આ વાતની અજ્ઞાનીને ખબર નથી એટલે તે બહારમાં ભક્ષ્ય-અભક્ષ્ય માને છે તે મિથ્યાત્વ છે.

## શ્રાવણ સુદ ૭, રવિવાર, ૧૬-૮-૫૩.

કેટલાક જીવો માને છે કે વર્તમાન પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ છે અને એને કર્મનું આવરણ છે, પણ એ માન્યતા ભ્રમ છે. અલ્પજ્ઞ પર્યાય વખતે પણ કેવળજ્ઞાન પ્રગટ છે એમ જે માને છે તેને

કેવળજ્ઞાન પ્રગટ કરવાનો પુરુષાર્થ રહેતો નથી.

આત્મામાં કેવળજ્ઞાન સત્તારૂપે નથી પણ શક્તિરૂપે છે. જેમ દિવાસળીના ટોપકામાં અગ્નિ શક્તિરૂપે છે તેમ આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે. દિગંબરમતમાં પણ જો કોઈ એમ માને કે કર્મના આવરણના કારણે કેવળજ્ઞાન રોકાયું છે તો તે શ્વેતાંબરમતવાળા કે જે કેવળજ્ઞાનને સત્તારૂપે માને છે એવી માન્યતાવાળો થયો, તેથી તે પણ મિથ્યાદષ્ટિ છે. લીંડી પીપરમાં ચોસઠ પહોરી તીખાશ થવાની શક્તિ છે પણ તે પ્રગટરૂપ નથી. તેમ આત્માની વર્તમાન પર્યાય મતિજ્ઞાનાદિની છે, પણ કેવળજ્ઞાન નથી. તે કેવળજ્ઞાન કર્મના કારણે રોકાયેલું નથી પણ પોતાના કારણે જ્ઞાનની હીણી અવસ્થા છે.

હવે શિષ્યે પ્રશ્ન કર્યો કે શાસ્ત્રમાં તો આવરણ કહેલ છે અને આવરણ નામ વસ્તુને આચ્છાદવાનું છે. માટે કેવળજ્ઞાનાવરણીય કર્મના કારણે કેવળજ્ઞાન ઢંકાયેલું છે, જો વર્તમાન પ્રગટ હોય તો તેને આવરણ કરે.

**ઉત્તર** : શક્તિને વ્યક્ત ન થવા દે એ અપેક્ષાએ આવરણ કહેલ છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની તાકાત બધા આત્માઓમાં છે. એવા સ્વભાવને જે પ્રગટ કરતો નથી, તેને કેવળજ્ઞાનાવરણીય કર્મ નિમિત્તરૂપે પ્રગટ થવા દેતું નથી એમ કહેવાય છે. ઉપાદાનની પર્યાયમાં એ પ્રકારની યોગ્યતા છે તો નિમિત્ત ઉપર આરોપ અપાય છે.

જેમ દેશચારિત્રનો અભાવ હોતા શક્તિ ઘાતવાની અપેક્ષાએ અપ્રત્યાખ્યાનાવરણ કષાય કહ્યો છે. ચોથે ગુણસ્થાને દેશચારિત્ર હોતું નથી. આત્મા પોતે દેશચારિત્ર પ્રગટ કરતો નથી એને અપ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મનું નિમિત્ત છે પણ જેને દેશચારિત્ર પ્રગટ હોય તેને અપ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મનું આવરણ હોય એમ બને નહિ. શક્તિની ઘાતવાની અપેક્ષાએ કર્મનું આવરણ કહેલ છે પણ વર્તમાન વ્યક્ત પર્યાયનો ઘાત કરે એમ એનો અર્થ નથી. અ = કિંચિત્, + પ્રત્યાખ્યાન = પચ્ચખાણ અને આવરણ = ઘાત કરવો. હવે સીધો અર્થ તો દેશપચ્ચખાણને ઘાતે છે એમ થાય છે, પણ એમ નથી. કિંચિત્ પ્રત્યાખ્યાન પ્રગટ છે અને એને ઘાતે છે -એમ નથી. પરંતુ વર્તમાનમાં કિંચિત્ પણ પ્રત્યાખ્યાન પ્રગટ નથી એ અપેક્ષાએ નિમિત્તથી અપ્રત્યાખ્યાનવરણ કર્મ ઘાતે છે એમ કહેવાય છે.

શરીરાદિની ક્રિયા કરો; દયા, દાન, ભક્તિ આદિ કરો તો કેવળજ્ઞાન પ્રગટ થશે એમ જે માને છે તેને આત્મામાં શક્તિરૂપે કેવળજ્ઞાન છે એની પ્રતીતિ નથી, તેથી તે મિથ્યાદષ્ટિ છે.

જુઓ, અહીં અપ્રત્યાખ્યાનાવરણ કર્મનું દષ્ટાંત આપીને કેવળજ્ઞાનાવરણ કર્મનો અર્થ સમજાવ્યો કે શક્તિની ઘાતવાની અપેક્ષાએ આવરણ કહેલ છે. વસ્તુમાં પરનિમિત્તથી જે ભાવ થાય તેનું નામ ઔપાધિકભાવ છે. નિમિત્તની અપેક્ષા વિના જે ભાવ થાય છે તે સ્વાભાવિકભાવ છે. આ બન્ને ભાવ તો પોતાના કારણે થાય છે. ઔપાધિકભાવમાં નિમિત્ત હોય છે અને સ્વાભાવિકભાવમાં નિમિત્ત નથી એટલો જ એનો અર્થ સમજવો.



કેવળજ્ઞાનમાં લોકલોક જ્ઞેય તરીકે નિમિત્ત છે -એ વાત અહીં કહેવી નથી. જેમ જળને અગ્નિનું નિમિત્ત થતાં ઉષ્ણપણું થાય છે ત્યાં તો શીતળપણાનો અભાવ જ છે. અગ્નિના નિમિત્તે પાણી ઉષ્ણ થાય છે -એમ નથી. પાણીમાં ઉષ્ણતાનો નૈમિત્તિકભાવ છે તે વખતે અગ્નિ નિમિત્ત છે. એ બન્નેનો એક કાળ છે, પણ અગ્નિ હતી માટે પાણી ગરમ થયું -એમ નથી. અહીં તો પાણીની વર્તમાન અવસ્થા ગરમ છે તે વખતે તેની અવસ્થા શીતળ નથી એ વાત કહેવી છે. પાણીની અવસ્થા ગરમ અને ઠંડી સાથે હોય -એમ બનતું નથી.

પાણીમાં શીતળરૂપ શક્તિ છે એ ગરમ અવસ્થા વખતે પ્રગટ નથી. ઉષ્ણ અવસ્થામાં અગ્નિ નિમિત્ત છે અને જ્યારે પાણીની ગરમ અવસ્થાનો વ્યય થઈને શીતળ અવસ્થા થાય છે ત્યારે અગ્નિનું નિમિત્ત હોતું નથી. પાણીનો સ્વભાવ શીતળ છે તેથી શીતળદશા પ્રગટ થાય એમાં નિમિત્તની અપેક્ષા નથી. પાણીની શક્તિ શીતળરૂપ છે તે વ્યક્તરૂપ થાય ત્યારે શીતળ પાણી માનવું જોઈએ. પણ ગરમ અવસ્થામાં શીતળ અવસ્થા માનવી નહિ. તેવી રીતે આત્મામાં કેવળજ્ઞાન પ્રગટ નથી એમાં કેવળજ્ઞાનાવરણ કર્મ નિમિત્ત છે અને જ્યારે કેવળજ્ઞાન પ્રગટ કરે ત્યારે તે કર્મનું નિમિત્ત હોતું નથી. આ રીતે આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે સદાકાળ છે પણ કેવળજ્ઞાન પ્રગટ ન હોય ત્યારે તેને પ્રગટ માનવું નહિ.

વળી જેમ શીતળ સ્વભાવ વડે, ઉષ્ણ જળને પણ શીતળ માની તેનું પાનાદિ કરે તો તેથી દાઝવું જ થાય છે તેમ કેવળજ્ઞાનસ્વભાવ વડે અશુદ્ધ આત્માને પણ કેવળજ્ઞાની માની અનુભવવામાં આવે તો તેથી દુઃખી જ થાય છે અને ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. માટે નિમિત્તદષ્ટિ, પર્યાયદષ્ટિ છોડી દો અને સ્વભાવદષ્ટિ કરો તો આત્માનું કલ્યાણ થશે.

## શ્રાવણ સુદ ૮, સોમવાર, ૧૭-૮-૫૩.

આ જગતમાં જે ચીજો છે તે અનાદિની છે અને તે ચીજોનો કદી નાશ થતો નથી. આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે એમ ન માનતા વર્તમાન પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ છે એમ જે માને છે તે નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ છે.

વળી નિશ્ચયાભાસી પર્યાયમાં રાગાદિ ભાવ પ્રત્યક્ષ હોવા છતાં પણ ભ્રમથી પોતાને રાગાદિ રહિત માને છે તે મિથ્યાત્વ છે. અજ્ઞાની માને છે કે દ્રવ્ય-ગુણમાં તો વિકાર નથી માટે પર્યાયમાં જે વિકાર થાય છે તે કર્મના કારણે છે, તો તેમ માનવું તે અજ્ઞાન છે. પર્યાયમાં અશુદ્ધતા પોતાના કારણે થયેલી છે એને તે માનતો નથી. હવે અમે તેને પૂછીએ છીએ કે આ રાગાદિના પરિણામ પ્રત્યક્ષ જોવામાં આવે છે તે ક્યાં થાય છે. આત્મામાં થાય છે કે કર્મ-પુદ્ગલમાં કે શરીરમાં થાય છે ? હવે જો કર્મ અને શરીરમાં રાગ થાય તો રાગ ભાવ અચેતન ને મૂર્તિક થઈ જાય પણ રાગ ભાવ તો આત્માનો અમૂર્તિક ભાવ છે. સમયસારાદિમાં વિકાર પરિણામને પુદ્ગલના કહેલ છે. એ તો આત્મામાંથી નીકળી જાય છે અને કર્મના લક્ષે ઉત્પન્ન થયેલો ભાવ હોવાથી તે આત્માનો સ્વભાવ નથી એમ બતાવવા

કહેલ છે પણ ખરેખર તે પુદ્ગલના ભાવો નથી તે તો આત્માના પરિણામ છે. તે જીવનું સ્વતત્ત્વ છે, તેથી રાગાદિ ભાવો પ્રત્યક્ષ ચેતના સહિત અમૂર્તિક ભાવ છે. ચેતના દયા, દાનાદિ વિકારી ભાવોમાં રોકાઈ જાય છે ત્યારે તે થાય છે -એમ કબૂલ કર્યા પછી તે રાગાદિ પરલક્ષે થતાં હોવાથી અને આત્માનો ત્રિકાળી સ્વભાવ નહિ હોવાથી તે ભાવોને દૃષ્ટિની અપેક્ષાએ પુદ્ગલના કહેલ છે. આત્માના પોતાના અપરાધથી પુણ્ય-પાપના ભાવો થાય છે એમ ન માને તો સ્વચ્છંદી થઈને અશુભ પરિણતિ થઈ નરક-નિગોદમાં જાય છે. એને ધર્મ તો થતો નથી પણ સારી ગતિ પણ થતી નથી. એવો જીવ નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

શ્રી સમયસાર કળશ ૨૦૩માં પણ કહેલ છે કે રાગાદિ ભાવકર્મ છે તે કોઈએ નથી કર્યા એમ નથી, તેથી એ કાર્યભૂત છે. આત્માની વર્તમાનદશામાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે તે અરૂપી ભાવકર્મ છે. જો રાગાદિ ભાવો કાર્ય છે તો તે કાર્યનો કોઈ કર્તા હોવો જોઈએ. ગુણનું વિશેષ કાર્ય તે પર્યાય છે. સિદ્ધમાં પણ ગુણનું વિશેષ કાર્ય હોય છે. પુણ્ય-પાપના પરિણામ છે તે જીવ અને કર્મ ભેગા થઈને કરે છે -એમ નથી. ૫૦ ટકા જીવના અને ૫૦ ટકા પુદ્ગલના -એમ બન્ને ભેગા મળતા રાગાદિ થાય છે એમ અજ્ઞાની માને છે પણ એમ નથી. સો એ સો ટકા જીવના કાર્યમાં જીવ કર્તા છે ને પુદ્ગલના કાર્યમાં પુદ્ગલ કર્તા છે. બે ભાગીદાર થઈને કામ કરે છે -એમ નથી. કેમ કે જો એમ હોય તો કર્મ પણ વિકારનો કર્તા થાય; અને એમ થતાં સુખ-દુઃખનું ફળ કર્મ પ્રકૃતિને પણ ભોગવવું પડે પણ એમ નથી. સુખ-દુઃખનું વેદન તો એક આત્માને જ હોય છે.

ઇંદ્રિયોનો ધર્મ ઇંદ્રિય કરે છે એમ માની અજ્ઞાની સ્વચ્છંદી થઈને અશુભ ભાવમાં રુચિ કરે છે. પણ શુભાશુભ ભાવ કાંઈ જડ ઇંદ્રિયોનું કર્તવ્ય નથી. વળી તે વિકારીભાવ એકલી કર્મપ્રકૃતિ જ કરે છે એમ પણ નથી. કેમ કે કર્મ તો અચેતન છે અને રાગ તો ચેતન છે. તેથી રાગનો કર્તા આત્મા જ છે. ભાવકર્મ તો ચેતનના અનુસારી છે. ચેતન વિના તે હોય નહિ -એમ યથાર્થ સમજવું જોઈએ.

આત્મામાં કામ, ક્રોધ, હિંસા, મિથ્યાત્વાદિના પરિણામ થાય છે તે પુદ્ગલનું કાર્ય નથી, પણ આત્માનું કાર્ય છે; માટે તેનો કર્તા આત્મા પોતે જ છે. આત્માનો ગુણ નિર્મળ હોવા છતાં પર્યાયમાં અવગુણ અને દોષ પોતે કરે તો થાય છે. કોઈ કર્મના કારણે દોષ થતો નથી. આત્મા જાણનાર-દેખનાર છે તેને ભૂલીને અજ્ઞાની રાગદ્વેષ આદિ કરે છે. જડમાં ભૂલ થાય નહિ. પુદ્ગલને ખબર નથી તેથી તે દોષ કરતું નથી. એ પ્રમાણે રાગદ્વેષાદિ જીવમાં થાય છે એમ જાણવું.

હવે આમ હોવા છતાં જે જીવ કર્મના કારણે રાગાદિ ભાવો થાય છે એમ માને છે અને પોતાને રાગાદિનો અકર્તા માની, તે રાગાદિ પોતામાં પોતાના કારણે થવા છતાં પ્રમાદી રહે છે ને કર્મ ઉપર દોષ નાખે છે, તે તેનો દુઃખદાયક ભ્રમ છે. આ વાત સમજવાને પુરુષાર્થ કરે નહિ અને આખો દિવસ ક્રિયાકાંડમાં રોકાઈ જાય, શુદ્ધ આહારાદિમાં રોકાઈ જાય, કાં તો પૂજા-ભક્તિમાં રોકાઈ જાય



તો તે જીવનો ભ્રમ કદી નાશ પામે નહિ.

શ્રી સમયસાર કળશ ૨૨૧માં પણ કહ્યું છે કે :-

જે જીવ રાગાદિની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું માને છે એટલે કે નિમિત્તના કારણે જ આત્મામાં રાગ થાય છે એમ માને છે તે જીવ શુદ્ધ જ્ઞાનથી રહિત હોવાના કારણે આંધળો છે. તેથી તે મોહ-નદી ઊતરી શકતો નથી. આત્મા પોતે અપરાધ કરે તો પરદ્રવ્ય-કર્મને નિમિત્ત કહેવાય પણ નિમિત્તના કારણે આત્મામાં અશુદ્ધતા થાય છે -એમ નથી.

આત્માના પરિણામને પુદ્ગલના કારણે માનવા તે મણમાં આઠ પાંચ શેરીની ભૂલ છે-એટલે કે પૂરેપૂરી ભૂલ છે. આવી માન્યતાવાળો જીવ અજ્ઞાની થયો થકો મિથ્યાત્વના પ્રવાહને છોડી શકતો નથી.

શ્રી સમયસારના સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં કહ્યું છે કે જે જીવ એમ માને છે કે કર્મ જ જગાડે છે, સુવાડે છે, પરઘાત કર્મથી હિંસા છે, વેદકર્મથી અબ્રહ્મ છે, માટે કર્મ જ કર્તા છે -એમ માનનાર જૈનીને સાંખ્યમતી કહ્યો છે. તે જીવ પ્રમાદી થઈને અશુભ પરિણામથી નિગોદમાં જાય છે. નામકર્મની પ્રકૃતિનો ઉદય આવે છે ત્યારે પરનો ઘાત થાય છે એમ માને છે પણ હિંસાના પરિણામ તો પોતે કરે છે છતાં કર્મને માથે નાખે છે. વળી સ્ત્રી, પુરુષ, નપુંસકવેદના ઉદયના કારણે વિષય-વિકાર થાય છે એમ માને છે પણ આત્મા પોતે વિષયવાસના કરે છે એમાં કર્મ તો નિમિત્તમાત્ર છે -એમ ન માનતા કર્મના માથે દોષ નાખે છે તે સ્વચ્છંદી થઈ પાપ પરિણામ કરી દુર્ગતિમાં જાય છે.

પાપના પરિણામનો કર્તા કર્મને માને છે તે આત્માને પરાધીન માને છે. જૈનમતમાં આવીને કર્મના કારણે વિકાર થાય છે એમ માને તો પોતે સાંખ્યમતીની જેમ અકર્તા થાય છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. કર્મનું કાર્ય તો કર્મમાં થાય છે, આત્મામાં કિંચિત્ પણ કર્મનું કાર્ય થતું નથી -એમ જેને ખબર નથી તે જૈનમતમાં હોવા છતાં સાંખ્યમતી છે, તે નિશ્ચયાભાસી છે.

**શ્રાવણ સુદ ૮, મંગળવાર, ૧૮-૮-૫૩.**

આત્માનો નિશ્ચય સ્વભાવ તો પુણ્ય-પાપ રહિત જ્ઞાન અને આનંદ છે, એના ભાન વિના નિશ્ચયાભાસી જીવ જૈનમતમાં આવીને પણ પુણ્ય-પાપના પરિણામ કર્મથી થાય છે એમ માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

આત્મામાં જે વિકાર થાય છે તેમાં જે કર્મનું કારણ માને છે એવા જૈનમતીને સાંખ્યમતીની જેમ ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહેલ છે. જેમ સાંખ્યમતી આત્માને શુદ્ધ માની સ્વચ્છંદી થાય છે તેમ જ આ પણ થયો.

કર્મના કારણે વિકાર થાય છે એવી જેની શ્રદ્ધા છે તેણે રાગાદિને પોતાના ન જાણ્યા પણ તેણે

આત્માને રાગાદિનો અકર્તા માન્યો. તેથી રાગાદિ થવાનો એને ભય રહ્યો નહિ. તેથી તેને રાગાદિના નાશનો ઉપાય કરવાનો રહ્યો નહિ. શુભ-અશુભ ભાવ તે બધો વિકાર છે. જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ વિકાર છે. તે વિકારનો કર્તા આત્મા છે એમ જેની શ્રદ્ધા નથી તેને વિકારના નાશનો ઉપાય કરવાનો રહેતો નથી.

એક પંડિતે એક વિદ્યાર્થીને લપાટ મારી પછી કોઈએ તેને પૂછ્યું કે આ શું કર્યું ? તેણે જવાબ આપ્યો કે ચારિત્રમોહના ઉદયથી ક્રોધ આવ્યા વિના રહે નહિ, તો તે વસ્તુસ્વરૂપને સમજતો નથી. વળી કોઈ કહે છે કે રામચંદ્રજીએ પણ ચારિત્રમોહના ઉદયથી છ મહિના સુધી લક્ષ્મણજીનું મડદું ઉપાડ્યું. આમ કર્મના કારણે આત્મામાં રાગાદિ થાય છે એમ જે માને છે તે સાંખ્યમતી જેવો ગૃહીત મિથ્યાદૃષ્ટિ જેવો છે -એમ અહીં કહે છે. કર્મના ઉદયના કારણે આત્મામાં વિકાર થતો નથી કેમ કે કર્મને અને આત્માને અત્યંત અભાવ છે. કર્મના કારણે રાગાદિ થાય એમ માનનારને મિથ્યાત્વશલ્ય ગયું નથી ને શલ્ય રહિત થયેલ નથી તેને સાચા વ્રત-પચ્ચખાણ હોઈ શકે નહિ.

કર્મ તે અજીવ તત્ત્વ છે ને રાગ તો આસ્રવ તત્ત્વ છે. કર્મના કારણે રાગ થાય એમ માન્યું, તેણે બન્ને તત્ત્વોને ભિન્ન માન્યા નહિ. તેવા જીવને નવે તત્ત્વની યથાર્થ શ્રદ્ધા રહી નહિ. વળી પરના કારણે પુણ્ય-પાપ થાય છે એમ માન્યું એટલે વિકારનો ભય રહ્યો નહિ.

૧) રાગાદિ ભાવને જેણે પોતાનો ન માન્યો તેણે પોતાને તેનો અકર્તા માન્યો.

૨) રાગાદિનો કર્તા પોતાને ન માન્યો એટલે એને ભય પણ રહ્યો નહિ.

૩) વિકારનો ભય ન રહ્યો એટલે તેને મટાડવાનો ઉપાય ન રહ્યો.

૪) એટલે સ્વચ્છંદી બની ખોટા કર્મ બાંધી અનંત સંસારમાં રખડે છે.

આ રીતે સ્વચ્છંદી થઈ, અશુભ પરિણામ કરે, સ્ત્રીઆદિનો સંગ કરે, બ્રહ્મચર્ય તોડે અને કહે કે આત્મા તો શુદ્ધ છે, તો તે જીવ મૂઢ છે. મિથ્યાત્વ કર્મને બાંધીને નિગોદમાં જાય છે અને અનંતકાળ નિગોદમાં જ રહે છે.

હવે અહીં પ્રશ્ન કરે છે કે : સમયસારમાં કહ્યું છે કે વર્ણાદિ અથવા રાગાદિ ભાવ છે તે બધાય આ આત્માથી ભિન્ન છે. વળી ત્યાંજ રાગાદિકને પુદ્‌ગલમય પણ કહ્યા છે. બીજા શાસ્ત્રોમાં પણ એ જ પ્રમાણે કહેલ છે. આપે તો રાગાદિ પરિણામ આત્માના છે એમ કહ્યું પણ શાસ્ત્રમાં તો તેને પુદ્‌ગલના કહેલ છે. જુઓ, અહીં તો જે શિષ્યે શાસ્ત્રનો અભ્યાસ કર્યો છે તેણે આ પ્રશ્ન કર્યો છે. રાગાદિને આત્માથી ભિન્ન કહેલ છે અને આત્માને રાગાદિથી ભિન્ન કહેલ છે.

**ઉત્તર** : આત્મામાં રાગાદિરૂપ પરિણામ થાય છે તે ઉપાધિ ભાવ છે, તે આત્માનો મૂળ સ્વભાવ નથી. છતાં અજ્ઞાની તેને પોતાનો સ્વભાવ માને છે. જેને પોતાના માને તેને છોડવાનો ઉપાય કેમ



કરે ? ન જ કરે. પાપ ભાવ અધર્મ છે, તેને છોડવા જેવા માને છે પણ વ્રત-તપાદિ તથા સોળ કારણભાવના કે જે મલિન ભાવ છે તેને અજ્ઞાની ધર્મ માને છે, તેથી તેને છોડવાનો ઉદ્યમ રાખતો નથી.

સમ્યગ્દૃષ્ટિને તીર્થંકર નામકર્મ બંધાય, તેનો પણ આદર હોતો નથી. એને તે કર્તવ્ય માનતો નથી. જો એને આદરણીય માને તો તીર્થંકર નામકર્મ બંધાય જ નહિ. જે વિકારને ધર્મ માને તે તેને છોડવાનો પુરુષાર્થ પણ કરે નહિ. માટે પુણ્ય-પાપ ભાવને પોતાનો સ્વભાવ માનવો તે વિપરીત શ્રદ્ધા છે. આહાર લેવાનો વિકલ્પ તે તો વિકાર છે જ, પણ આહાર છોડવાનો ભાવ પણ વિકાર છે. સ્વભાવની અપેક્ષાએ પુણ્ય-પાપાદિ વિકારી ભાવને આત્માથી ભિન્ન કહેલ છે. હવે તેને પુદ્‌ગલ કેમ કહેલ છે તે કહે છે.

પુણ્ય-પાપાદિ વિકારી ભાવ તે જડ કર્મના નિમિત્તે થયેલો ભાવ હોવાથી, નિમિત્તની મુખ્યતા કરીને, શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ કરાવવા માટે તેને પુદ્‌ગલમય કહેલ છે. સ્વભાવના આશ્રયે વિકાર થતો નથી પણ પોતે પોતાના અપરાધથી નિમિત્તનું લક્ષ કરીને રાગાદિ ભાવ કરે છે તેથી તેને નિમિત્તનો ભાવ કહેલ છે. કોઈ વાણિયાનો દીકરો કુસંગે ચડી જાય તો તેને કુસંગના કારણે કુટેવ પડી ગઈ છે એમ કહેવાય પણ ખરેખર કુસંગના કારણે તે ખરાબ ટેવ પડી નથી, કેમ કે કુસંગ કર્યો છે તો પોતે, માટે કુટેવ પડી છે. અહીં નિમિત્તની મુખ્યતાથી કહેલ છે. એનો અર્થ નિમિત્તની મુખ્યતાથી રાગ થયો છે એમ ન સમજવું પણ રાગને નિમિત્તની મુખ્યતાથી પરનો કહેલ છે. અહીં દૃષ્ટાંત કહે છે.

જેમ વૈદ્ય રોગને મટાડવા ઈચ્છે છે તો દરદીને ઠંડી લાગી ગઈ હોય તો તેને ઉષ્ણ દવા બતાવે છે ને ઉષ્ણતા હોય તો ઠંડી દવા બતાવે છે. એવી રીતે સર્વજ્ઞદેવ અથવા આચાર્યદેવ રાગાદિ ભાવને છોડાવવા માગે છે. બધા જ્ઞાનીઓનો એક જ ઉપદેશ છે કે રાગાદિ ભાવ છોડો.

૧) હવે જે જીવ રાગાદિને પરનું કાર્ય માને છે અને પ્રમાદી થઈ સ્વચ્છંદી થાય છે તેને કહે છે કે તે રાગાદિ ભાવો તારા ગુણનું વિકારી કાર્ય છે. અગિયારમા ગુણસ્થાનથી જીવ પડે છે તે કર્મના કારણે પડે છે અને શ્રેણિક રાજા નરકમાં ગયા તે કર્મના કારણે ગયા છે એમ અજ્ઞાની માને છે પણ એમ નથી. આત્મા પોતાના દોષના કારણે અગિયારમા ગુણસ્થાનથી પડે છે અને શ્રેણિકરાજા પોતાની પર્યાયની યોગ્યતાથી નરકમાં ગયા છે, એમાં કર્મ તો નિમિત્તમાત્ર છે. પૂજા ભણે ત્યારે કહે કે **"कर्म बिचारे कौन, भूल मेरी अधिकाई"** પણ એના અર્થને સમજે નહિ. એવા જીવોને રાગાદિ પરિણામ આત્માના છે એમ શ્રદ્ધાન કરાવ્યું છે.

૨) જે રાગાદિ ભાવને પોતાનો સ્વભાવ માની તેના નાશનો પુરુષાર્થ કરતો નથી તેને રાગાદિ ભાવ નિમિત્તની મુખ્યતાથી થયેલ હોવાથી પરભાવ છે, તે આત્માનો સ્વભાવ નથી એવું શ્રદ્ધાન કરાવ્યું.

આ બન્ને વિપરીત શ્રદ્ધાનથી રહિત થતાં સત્ય શ્રદ્ધાન થાય છે. ૧) રાગને કર્મના કારણે માને ને ૨) રાગને પોતાનો સ્વભાવ માને -તે બન્ને વિપરીત શ્રદ્ધાન છે. એનાથી રહિત થાય છે ત્યારે

તે એમ માને છે કે આ પુણ્ય-પાપ આત્માનો સ્વભાવ નથી પણ કર્મના નિમિત્તે આત્માના કારણે આત્માની પર્યાયમાં થાય છે. તે વિકારનો નાશ થતાં કર્મનો પણ અભાવ થાય છે ને સ્વભાવભાવ રહી જાય છે. માટે તેના નાશનો પુરુષાર્થ કરવો યોગ્ય છે.

### શ્રાવણ સુદ ૯, બુધવાર, ૧૯-૮-૫૩.

નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિના સ્વરૂપની વાત ચાલે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાયક છે, એનું તો એને ભાન નથી ને વર્તમાન પર્યાયમાં જે વિકાર થાય છે તે કર્મના કારણે થાય છે એમ માને છે. પણ તે પુણ્ય-પાપના પરિણામ પોતાના ઊંધા પુરુષાર્થથી થાય છે, એમ માનતો નથી તેથી મિથ્યાદષ્ટિ છે.

આત્માનો અપરાધ કર્મના નિમિત્તથી થાય છે અને કર્મનું નિમિત્ત મટતા, રાગાદિનો નાશ થાય છે અને સ્વભાવભાવ રહી જાય છે એમ કહેલ છે, તેથી હવે એમાંથી શિષ્યને પ્રશ્ન ઊઠ્યો છે કેઃ

**પ્રશ્ન** : જો કર્મના નિમિત્તથી રાગાદિ થાય છે તો જ્યાં સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી વિભાવ દૂર કેવી રીતે થાય ? માટે તેનો પુરુષાર્થ કરવો નિરર્થક છે.

**ઉત્તર** : એક કાર્ય થવામાં અનેક કારણ હોય છે તેમાં જે કારણ બુદ્ધિપૂર્વકના હોય તેને તો પોતે ઉદ્યમ કરીને મેળવે અને અબુદ્ધિપૂર્વક કારણ તો સ્વયં મળે ત્યારે કાર્યસિદ્ધિ થાય છે. જેમ પુત્ર થવાનું કારણ બુદ્ધિપૂર્વક તો વિવાહાદિ છે તથા અબુદ્ધિપૂર્વક કારણ તો ભવિતવ્ય છે. હવે ત્યાં પુત્રનો અર્થી વિવાહાદિનો તો પુરુષાર્થ કરે અને ભવિતવ્ય સ્વયં થાય ત્યારે પુત્ર થાય. તેમ મિથ્યાત્વ, અવ્રત, વ્રત, પુણ્ય-પાપના પરિણામ દૂર કરવા માટે પુરુષાર્થ તો તત્ત્વાદિનો વિચાર કરવો તે છે. આત્મા જ્ઞાયક છે, દયા, દાન, ભક્તિ આદિના ભાવ વિકાર છે, શરીરાદિ પર છે -એમ તત્ત્વ ભિન્ન ભિન્ન છે એવો વિચાર કરવો. પુણ્ય-પાપ આસ્રવ છે, હેય છે, સંવર-નિર્જરા ઉપાદેય છે અને પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે -એમ તત્ત્વોનો વિચાર કરવો.

એ પ્રકારનો પુરુષાર્થ કરે ને આ રીતે તત્ત્વનો વિચાર કરે તો તેને સમ્યગ્દર્શન પ્રગટે છે. કોઈ કહે કે અમે આવો વિચાર કરીએ છીએ પણ કાર્ય દેખાતું નથી; તો કહે છે કે યથાર્થ તત્ત્વવિચારાદિ કરે અને કાર્ય ન પ્રગટે એમ બને નહિ. કાર્ય દેખાતું નથી તો સમજવું કે યથાર્થ કારણ જે તત્ત્વવિચારાદિ છે તેને તે જાણતો નથી. યથાર્થ તત્ત્વાદિના વિચાર બુદ્ધિપૂર્વક કરે એટલે અબુદ્ધિપૂર્વક મોહકર્મનો ઉપશમાદિક હોય છે. એટલે કે કર્મનો ઉપશમાદિ સ્વયં થાય છે. આત્માનો પુરુષાર્થ કર્મમાં કામ કરતો નથી.

કોઈ એમ કહે કે હું દયા, દાન, ભક્તિ આદિનો પુરુષાર્થ કરું છું પણ ફળ કાંઈ દેખાતું નથી તો એનો અર્થ એ જ કે તે પુરુષાર્થ જ ઊંધો છે માટે યથાર્થ કાર્ય દેખાતું નથી. આત્મા બુદ્ધિપૂર્વક સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે મોહકર્મનો ઉપશમાદિ સ્વયં થાય છે અને પુરુષાર્થપૂર્વક સ્વભાવમાં લીન



થાય છે ને અંશે શુદ્ધતા પ્રગટ કરે છે ત્યારે અપ્રત્યાખ્યાનાવરણ કર્મનો અભાવ સ્વયં એના કારણે થાય છે. આત્માના પુરુષાર્થને કારણે કર્મનો નાશ થાય છે -એમ નથી. જો આત્માના કારણે કર્મનો નાશ થાય તો બે દ્રવ્યોની એકતા થાય છે ને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન રહેતાં કર્તા-કર્મ સંબંધ થઈ જાય છે. માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમયક્ચારિત્રનો બુદ્ધિપૂર્વક પુરુષાર્થ કરવો તે જીવનું કાર્ય છે અને જ્યારે જીવ એવો પુરુષાર્થ કરે છે ત્યારે મોહકર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય સ્વયં થાય છે.

આગળ આવશે કે મોક્ષની પ્રાપ્તિમાં એક પુરુષાર્થની જ મુખ્યતા છે. ત્યાં કહે છે કે કાળલબ્ધિ અને ભવિતવ્ય તો કોઈ ચીજ જ નથી. વળી કર્મનો ઉપશમાદિ તો સ્વયં હોય છે. જીવને કર્મનો નાશ કરવો પડતો નથી. તેથી સમ્યગ્દર્શનનો અર્થી તો તત્ત્વાદિનો વિચાર કરે છે અને મુનિ સ્વભાવની લીનતાના અર્થી હોવાથી તેનો પુરુષાર્થ કરે છે. ત્યારે તે તે પ્રકારનો મોહકર્મનો ઉપશમાદિ સ્વયં થાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

આત્મા અને કર્મ બન્ને ભિન્ન ભિન્ન પદાર્થ છે. એટલે આત્માનો પુરુષાર્થ તો બુદ્ધિપૂર્વક તત્ત્વાદિનો વિચાર કરવો તે છે; પણ કર્મના નાશનો પુરુષાર્થ આત્મા કરી શકતો નથી. તત્ત્વાદિના વિચારને બુદ્ધિપૂર્વકનું કારણ કહ્યું ને મોહકર્મનો ઉપશમ સ્વયં થાય છે -એ બીજું કારણ થયું. આમ બે કારણ થતાં રાગાદિનો નાશ થાય છે એમ સિદ્ધ કરેલ છે પણ મોહકર્મના કારણે રાગનો અભાવ થાય છે એમ અહીં કહેવું નથી, પણ એક કાર્ય થવામાં બે કારણ સિદ્ધ કરેલ છે. આત્મા બુદ્ધિપૂર્વક તત્ત્વાદિનો વિચાર કરે છે ત્યારે અબુદ્ધિપૂર્વક કર્મનો ઉપશમ સ્વયં થાય છે -એમ સમજવું.

અજ્ઞાની જીવો શાસ્ત્રનો આધાર લઈને કર્મના કારણે આત્મામાં દોષ થાય છે એમ માને છે પણ આત્મા પોતે ઊંધો પુરુષાર્થ કરે છે એમાં કર્મ નિમિત્તમાત્ર છે -એમ તે જાણતો નથી. તે જીવ નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ છે.

**પ્રશ્ન** : જેમ વિવાહાદિ પણ ભવિતવ્ય આધીન છે તેમ તત્ત્વવિચારાદિ પણ કર્મના ક્ષયોપશમાદિને આધીન છે માટે ઉદ્યમ કરવો નકામો છે. અમારો વર્તમાન જ્ઞાનનો ઉઘાડ એવો નથી માટે પુરુષાર્થ કેવી રીતે કરીએ ?

**ઉત્તર** : તત્ત્વવિચારાદિ કરવા યોગ્ય જ્ઞાનનો ઉઘાડ તો તને વર્તમાન થયો છે તેથી તે ઉપયોગને તત્ત્વાદિના વિચાર કરવામાં લગાવીએ છીએ. સંસારનો વિચાર તો કરે છે. અસંજ્ઞી જીવને એવો ઉઘાડ નથી પણ તને તો વિચાર છે તેથી તે વિચારને આત્મા તરફ લગાવવાનું કહીએ છીએ. પરમાં ઉપયોગ લગાવે છે તે સ્વમાં લગાવ એમ કહીએ છીએ. અસંજ્ઞી જીવોને એવો ક્ષયોપશમ નથી તેથી તેને અમે ઉપદેશ આપતા નથી.

**પ્રશ્ન** : હોનહાર હોય તો તત્ત્વવિચારાદિમાં પુરુષાર્થ થાય પણ હોનહાર વિના એમાં ઉપયોગ કેવી રીતે લાગે ?

**ઉત્તર** : જો તને એવું જ શ્રદ્ધાન છે તો સર્વત્ર કોઈ પણ કાર્યનો ઉદ્યમ ન કર. શરીરને સાચવું, પૈસા કમાઉં એવો તો ભાવ કરે છે. એમ રાગનો પુરુષાર્થ કરે છે પણ ધર્મના પુરુષાર્થ માટે તો હોનહાર કહે છે. તો અમને તો લાગે છે કે તને ધર્મનો રાગ નથી, ધર્મની રુચિ નથી. માત્ર માનાદિ માટે આવી જૂઠી વાતો કરે છે. તેથી તે જીવ મિથ્યાદષ્ટિ છે. વળી તે જીવ વર્તમાન રાગાદિ થાય છે છતાં રાગાદિ રહિત છું એમ માને છે માટે મિથ્યાદષ્ટિ છે.

## શ્રાવણ સુદ ૧૦, ગુરુવાર, ૨૦-૮-૫૩.

અહીં નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિના સ્વરૂપની વાત ચાલે છે. દિગંબર સંપ્રદાયમાં જન્મ લીધો હોય અને સાચા દેવાદિને માનતો હોય પણ નિશ્ચય-વ્યવહારનું જેને ભાન નથી તેને સાચો જૈની કહેતા નથી.

આત્માની પર્યાયમાં રાગ થાય છે તે કર્મના કારણે થાય છે એમ માનનાર ભલે દિગંબરમતમાં હોય છતાં તે સાંખ્યમતી-ગૃહીત મિથ્યાદષ્ટિ જેવો છે. ખરેખર તો એવા જીવોને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પણ યથાર્થ શ્રદ્ધા નથી. અઠ્ઠાવીસ મૂળગુણની પણ જેને યથાર્થ ખબર નથી, ઉદ્દેશિક આહાર લે અને મુનિ મનાવે એ તો મિથ્યાત્વનું પોષણ કરે છે. કેમ કે શાસ્ત્રમાં કહેલ છે કે પ્રતિજ્ઞા ન લે એ દોષ નથી પણ પ્રતિજ્ઞા લઈને તોડવી એ તો મહાદોષ છે. જેમ ઉપવાસ ન કરવો તે દોષ નથી પણ ઉપવાસની પ્રતિજ્ઞા લઈને થોડો પણ આહાર કરવો તે તો મહાન પાપ છે. કોઈ ઉદ્દેશિક આહારનો ઊંધો અર્થ કરે છે કે શ્રાવક આહાર માટે વિનંતી કરે અને તે વિનંતીનો સ્વીકાર કરીને તેને ત્યાં આહાર માટે જાય તો ઉદ્દેશિક કહેવાય -પણ એમ નથી. ક્ષુલ્લક કે મુનિ માટે આહાર બનાવ્યો હોય અને તે આહાર લે તો તે પણ ઉદ્દેશિક આહાર છે. મુનિ માટે ચોકા બનાવે ને કહે કે ઉદ્દેશિક નથી તો તે યથાર્થ નથી.

જેને આત્માનું ભાન નથી તે જીવ ઉતાવળથી પ્રતિજ્ઞા લઈ લે અને પછી પાળી શકે નહિ. એક દિવસ પણ દોષિત આહાર લે તો પણ પ્રતિજ્ઞા ભંગ થાય છે. અહીં તો જે સાચો વ્યવહાર પાળે, જિનેશ્વર ભગવાને કહેલા વ્રત-પચ્ચખાણ કરે ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે છતાં પણ નિશ્ચય-વ્યવહારની યથાર્થ ખબર નહિ હોવાથી તે મિથ્યાદષ્ટિ છે, એની વાત છે.

૧) આત્મા વર્તમાન સિદ્ધ સમાન શુદ્ધ પર્યાયથી પણ છે એમ જે માને છે તે મિથ્યાદષ્ટિ છે.

૨) કેવળજ્ઞાન શક્તિરૂપે નથી પણ સત્તારૂપે છે એટલે કે કેવળજ્ઞાન પ્રગટ છે પણ કર્મના આવરણના કારણે ઢંકાયેલ છે એમ જે માને છે તે પણ મિથ્યાદષ્ટિ છે.



૩) વર્તમાન પર્યાયમાં રાગાદિ હોવા છતાં રાગ રહિત પોતાને માને છે તે પણ મિથ્યાદષ્ટિ છે.

૪) કર્મ-નોકર્મનો સંબંધ હોવા છતાં પણ જે આત્માને નિર્બંધ માને છે તે પણ મિથ્યાદષ્ટિ છે.

બંધન તો પ્રત્યક્ષ દેખાય છે અને કર્મના નિમિત્તે વર્તમાન આત્માની પર્યાયમાં નૈમિત્તિક ભાવ તો દેખાય છે. જ્ઞાનાવરણ કર્મનું નિમિત્ત છે અને આત્મામાં જ્ઞાનની હીનતા છે, વળી મોહનીય કર્મનું નિમિત્ત છે અને આત્મામાં રાગાદિ છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પ્રત્યક્ષ છે. એમ દ્રવ્યબંધ છે એનો સ્વીકાર ન કરવામાં આવે તો ભાવબંધનો પણ વર્તમાન સ્વીકાર નહિ રહે. આત્મા જો પરલક્ષ કરીને અટકતો ન હોય તો વર્તમાન પૂર્ણદશા હોવી જોઈએ પણ એ નથી માટે બંધનદશા છે એમ સમજવું જોઈએ.

વળી શરીરના નિમિત્તે આત્માની અવસ્થા થતી જોઈએ છીએ. શરીર ચાલતા સાથે આત્મા પણ ચાલે છે -એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. શરીરના કારણે આત્માને ચાલવું પડે -એમ નથી પણ આત્માની યોગ્યતા પોતાના કારણે ચાલવાની એ વખતે એવી જ હોય છે, એનું નામ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ સંબંધ છૂટી જાય તો આત્મામાં કેવળજ્ઞાન થઈ જાય અથવા મુક્તિ થઈ જાય. અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે ત્યારે અજ્ઞાની ત્યાં કર્તા-કર્મ સંબંધ માને છે. નિમિત્ત વસ્તુ છે પણ નિમિત્તના કારણે ઉપાદાનમાં કાંઈ કામ થતું નથી અને નિમિત્ત છે જ નહિ એમ પણ નથી. નિમિત્ત છે જ નહિ એમ માને તો મિથ્યાત્વ છે ને નિમિત્તના કારણે ઉપાદાનમાં કામ થાય એમ માને તે પણ મિથ્યાત્વ છે.

જુઓ, અહીં શરીર અનુસાર આત્માની અવસ્થા થતી દેખાય છે એનો અર્થ એવો છે કે રસ્તામાં કેળાની છાલ ઉપર પગ પડે અને લપસી જાય તો શરીર અનુસાર આત્મા પણ સાથે પડે છે. એવી આત્માની પોતાની ક્ષેત્રાંતર થવાની યોગ્યતા છે પણ શરીરના કારણે આત્માનું પડવું થયું છે એમ નથી અને શરીરની સાથે આત્માની એવી અવસ્થા પોતાના કારણે ન થાય એમ પણ નથી, એનું નામ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો પ્રત્યક્ષ દેખવામાં આવે છે. તો બંધન નથી એમ કેમ કહી શકાય ? જો બંધન ન હોય તો મોક્ષમાર્ગી તેના નાશનો ઉદ્યમ શા માટે કરે ?

નિમિત્ત-નૈમિત્તિક સંબંધને ન માને તો તે મિથ્યાદષ્ટિ છે. સ્ત્રીનો દેહ હોય અને મુક્તિ થાય એમ અજ્ઞાની માને છે, તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધને માનતો નથી. સ્ત્રીને ત્રણ કાળમાં છઠ્ઠું ગુણસ્થાન આવતું નથી -એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એવી જ સ્ત્રીદેહમાં રહેલા જીવની યોગ્યતા છે એમ ન માને તે ગૃહીત મિથ્યાદષ્ટિ છે. વીતરાગમાર્ગ અલૌકિક છે. લોકો પોતાની કલ્પનાથી માને છે એવો તે માર્ગ નથી. આંખમાં કણું ચાલે પણ સાચા માર્ગમાં થોડી પણ ભૂલ ચાલે નહિ -એમ સમજવું.

આત્મામાં ભાવબંધન જ ન હોય તો સમ્યગ્દષ્ટિ જ્ઞાનાનંદ સ્વભાવમાં સ્થિર થઈને વિકારનો નાશ શા માટે કરે ? માટે પર્યાયમાં બંધન છે એમ જાણવું.

**પ્રશ્ન** : તો શાસ્ત્રોમાં આત્માને કર્મ-નોકર્મથી ભિન્ન અબદ્ધ-સ્પૃષ્ટ કેવી રીતે કહ્યો છે ? સમયસાર ગાથા ૧૪માં આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત કહેલ છે. તો આત્મા બંધાયેલો છે એમ કેવી રીતે માનવું ?

**ઉત્તર** : જુઓ, સંબંધ અનેક પ્રકારના છે. તાદાત્મ્યસંબંધ અપેક્ષાએ આત્માને કર્મ-નોકર્મથી ભિન્ન કહેલ છે. કર્મ અને શરીરનો આત્મામાં અત્યંત અભાવ છે એ અપેક્ષાએ આત્માને અબદ્ધસ્પૃષ્ટ કહેલ છે. પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છે જ.

આત્માની પર્યાયમાં વિકાર છે તે યથાર્થ છે અને વિકાર છે તો નિમિત્ત પણ છે. જો વિકાર ન હોય તો નિમિત્ત કોનું ? માટે નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી કર્મનું બંધન અવશ્ય છે. પણ તેથી કર્મના કારણે રાગ છે એમ ન માનવું. કર્મના નિમિત્તે આત્મા અનેક અવસ્થા પોતાના કારણે ધારણ કરે છે. તેથી પોતાને સર્વથા નિર્બંધ માનવો તે મિથ્યાત્વ છે. આત્મા દ્રવ્યસ્વભાવથી નિર્બંધ છે ને પર્યાયમાં બંધ છે એમ યથાર્થ સમજવું જોઈએ.

### શ્રાવણ સુદ ૧૧, શુક્રવાર, ૨૧-૮-૫૩.

નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ પોતાને સર્વથા નિર્બંધ માને છે પણ ખરેખર તો પર્યાયમાં બંધન છે અને સ્વભાવ નિર્બંધ છે એમ માનવું જોઈએ.

**પ્રશ્ન** : અમારે તો બંધ-મોક્ષનો વિકલ્પ કરવો નથી કારણ કે શાસ્ત્રમાં એમ કહેલ છે કે જે જીવ આત્માને બંધાયેલો અને મુક્ત માને છે તે જીવ નિઃસંદેહ બંધાય છે. માટે અમે આત્માને બંધ કે મુક્ત માનતા નથી.

**ઉત્તર** : જે જીવની પર્યાયબુદ્ધિ છે તે મિથ્યાદષ્ટિ છે. બંધન અને મુક્ત તો પર્યાય છે. જે જીવ એકલી પર્યાયને માને છે પણ ત્રિકાળી સ્વભાવને માનતો નથી તેને એવો ઉપદેશ આપ્યો છે કે જે જીવ દ્રવ્યસ્વભાવને જાણતો નથી તે જીવ પર્યાયદષ્ટિ હોવાથી બંધાય છે.

આત્મામાં સંસારદશા એક સમયની છે અને મુક્તદશા પણ એક સમયની છે કેમ કે તે પર્યાય છે. હવે જે જીવ માત્ર પર્યાયને સ્વીકારે છે પણ આત્મા જ્ઞાયક ચૈતન્ય છે એને જાણતો નથી તે નિઃશંક મિથ્યાદષ્ટિ છે. સિદ્ધદશા સમયે સમયે એવી ને એવી થાય છે એ અપેક્ષાએ સાદિ-અનંત કહેવાય છે. સંસારદશા એક એક સમયની છે પણ પરંપરાની અપેક્ષાએ અનાદિકાળથી છે. કોઈ પણ પર્યાય બે સમયની કદી ભેગી થતી નથી. જે દ્રવ્યને તો ન જાણે પણ એકલી પર્યાયને માને તે મિથ્યાદષ્ટિ છે અને જે એકલા દ્રવ્યને માને પણ પર્યાયને ન માને તે પણ મિથ્યાદષ્ટિ છે.



પર્યાયદષ્ટિ કરવાથી બંધપર્યાયનો નાશ અને મુક્તદશાની ઉત્પત્તિ થાય નહિ પણ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવના આશ્રયે મુક્તદશા પ્રગટે છે. માટે ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરી પર્યાયને ગૌણ કરવી તે યથાર્થ છે. કોઈ એમ કહે કે એક મ્યાનમાં બે તલવાર ન રહે તો એક આત્મામાં બે વાત કેમ બને ? તો કહે છે કે એક મ્યાનમાં તલવાર તો એક જ છે પણ એક તલવારના બે પડખા હોય છે. એક ધારવાળું પડખું અને બીજું ધાર વગરનું -તે એક મ્યાનમાં સાથે જ હોય છે; તેમ આત્મામાં ત્રિકાળી સ્વભાવ અને પર્યાય એમ બે પડખા સાથે જ છે, તેમાં એક પડખાને મુખ્ય કરીને બીજા પડખાને ગૌણ કરવાની વાત છે.

આત્મવસ્તુ તો અનાદિ અનંત છે અને પર્યાય તો એક સમયની છે. જેમ એક પુરુષ પાંચસો ધનુષ્યનો હોય, તેના પગના એક ભાગમાં લોઢાના તારનું બંધન હોય અને તેના હાથમાં તે બંધન કાપવા માટે છરી હોય તો તે બંધન અને કાપવાની છરી બન્ને એક ભાગ છે, પણ તેટલો જ પુરુષ નથી. તેમ બંધ-મુક્ત તો એક સમયનો પર્યાય છે, એવડો જ આત્મા નથી, આત્મા તો ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે અને પર્યાય એક સમયની છે, તે બન્ને થઈને આખો આત્મા છે. માટે આત્માને સર્વથા નિર્બંધ માનવો નહિ.

અજ્ઞાની આત્માને સર્વથા નિર્બંધ માને છે, તેને કહે છે કે પર્યાયમાં બંધ છે પણ તે ત્રિકાળ સ્વભાવમાં તન્મય નથી. બંધને અને સ્વભાવને તાદાત્મ્ય સંબંધ નથી એમ કહેલ છે. ત્યારે અજ્ઞાની સર્વથા બંધ છે જ નહિ એમ માને છે. માટે તે નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ છે. તેથી તેને નિરંતર બંધ થાય છે અને સંસારમાં રખડે છે.

જો પર્યાયમાં સર્વથા બંધ ન જ હોય તો આ આત્મા બંધાયો એમ કેમ કહેવાય છે ? અને આ આત્મા મુક્ત છે એમ કેમ કહેવાય છે ? માટે પર્યાય અપેક્ષાએ બંધન-મુક્ત છે. બંધનો વ્યય અને મુક્તદશાનો ઉત્પાદ તે એક સમયમાં બેરૂપપણું છે અને ત્રિકાળી સ્વભાવ તો એકરૂપ છે. તે એકરૂપતામાં બેરૂપતા માનવી એને અહીં મિથ્યાદષ્ટિ કહેલ છે, કેમ કે એકરૂપતાની મુખ્યતામાં બેરૂપતા ગૌણ થઈ જાય છે એમ સમજવું પણ પર્યાયમાં બેરૂપતા છે જ નહિ -એમ નથી. જો પર્યાયમાં સર્વથા બંધ ન હોય તો સ્વભાવનો આશ્રય કરીને બંધના નાશનો અને મુક્તદશા કરવાનો ઉદ્યમ શા માટે કરે ? માટે પર્યાય અપેક્ષાએ બંધન છે અને ત્રિકાળ અબંધ છે -એમ બન્નેને યથાર્થ જાણવું જોઈએ.

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ છે એવો અનુભવ કરવો તે પર્યાય છે. પર્યાયમાં બંધ ન હોય તો બંધનું લક્ષ છોડી સ્વભાવનો અનુભવ શા માટે કરવામાં આવે ? માટે એમ નક્કી થયું કે આત્મા દ્રવ્યદષ્ટિએ એકરૂપ છે તથા પર્યાયદષ્ટિએ બેરૂપ છે. ત્રિકાળી સ્વભાવમાં એક જ પ્રકાર છે અને પર્યાયમાં તો ઉત્પાદ-વ્યય બે પ્રકાર છે. તેથી પર્યાયદષ્ટિએ અનેક અવસ્થારૂપ કહેલ છે અને દ્રવ્યદષ્ટિએ એકરૂપ દશા છે એમ કહેલ છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયની જેને ખબર નથી, સાત તત્ત્વ ભિન્ન ભિન્ન યથાર્થ જાણે નહિ અને માને નહિ તે ખરેખર દિગંબર જૈન જ નથી. માટે ત્રિકાળી સ્વભાવ શુદ્ધ એકરૂપ છે અને પર્યાયમાં અનેકતા છે એમ માનવું યોગ્ય છે.

નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ અનેક પ્રકારથી કેવળ નિશ્ચયનયના અભિપ્રાયથી વિરુદ્ધ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરે છે પણ યથાર્થ જાણતો નથી. શાસ્ત્રોમાં અનેક પ્રકારથી કથન હોય છે તેને યથાર્થ સમજવા જોઈએ. કોઈ ઠેકાણે આત્મામાં વિકાર થાય છે તેને પુદ્‌ગલના પરિણામ કહે છે અને આત્મા ત્રિકાળ શુદ્ધ છે એમ કહે છે ત્યાં અજ્ઞાની નિશ્ચયાભાસી પોતાના અભિપ્રાયથી પર્યાયમાં બંધન છે જ નહિ એમ માની લે છે તેથી તે મિથ્યા અભિપ્રાયને ધારણ કરે છે.

વળી સાત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. પહેલા બંધ-મોક્ષનું જ્ઞાન કરવાની વાત કરી હતી. હવે સાત તત્ત્વોનું જ્ઞાન કરવું જોઈએ -એમ કહે છે. આસ્રવનું જ્ઞાન કરે તો પર્યાયમાં રાગાદિ થાય છે તે મારા કારણે થાય છે એમ માને, પણ તે કર્મના કારણે માને નહિ. પરના કારણે માને તો આસ્રવ અને અજીવને ભિન્ન ભિન્ન માન્યા નહિ. માટે સાત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. ચારિત્રમાં રાગાદિનો નાશ કરવો જોઈએ, પણ અજ્ઞાની તો પોતાને માત્ર શુદ્ધ છે એમ માની, પ્રમાદી થઈ, સ્વચ્છંદી થાય છે. અંતર્લીનતા તે ચારિત્ર છે, રાગ કે દેહની ક્રિયા તે ચારિત્ર નથી. અજ્ઞાનીને યથાર્થ ચારિત્રનો પુરુષાર્થ નથી કેમ કે ચારિત્રના સ્વરૂપની જ એને ખબર નથી.

## શ્રાવણ સુદ ૧૩, શનિવાર, ૨૨-૮-૫૩.

નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિની વાત ચાલે છે. આત્માનો સ્વભાવ જ્ઞાયક છે એવી જેને ખબર નથી અને માત્ર આત્મા આત્મા કરે પણ સાત તત્ત્વોને જાણે નહિ અને રાગાદિ દૂર કરવાનો ઉદ્યમ કરે નહિ તે મિથ્યાદષ્ટિ છે.

આત્મા ચૈતન્યમૂર્તિ છે અને પુદ્‌ગલાદિ પર છે. આત્મામાં વિકાર થાય છે તે આસ્રવ છે અને જ્ઞાયક સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે સંવર છે-નિર્જરા છે અને પૂર્ણ શુદ્ધિ તે મોક્ષ છે. એમ સાત તત્ત્વોની તો નિશ્ચયાભાસીને ખબર નથી અને તેને જાણવાનો ઉદ્યમ પણ કરતો નથી અને આત્માનો શુદ્ધ અનુભવ કરવો એમ માનીને સંતુષ્ટ થાય છે. આત્માને વર્તમાન શુદ્ધ અનુભવ નથી છતાં છે એમ ભ્રમથી માને છે અને શુદ્ધ અનુભવના અભ્યાસ માટે અજ્ઞાની નિશ્ચયાભાસી એમ ચિંતવે છે કે -

૧) હું સિદ્ધ સમાન શુદ્ધ છું, ૨) કેવળજ્ઞાન સહિત છું,
૩) દ્રવ્યકર્મ-નોકર્મ રહિત છું, ૪) પરમાનંદમય છું તથા
૫) જન્મ-મરણાદિ રહિત છું.



જુઓ, અહીં પ્રથમ ક્રમથી વાત કરી હતી તે પ્રમાણે ક્રમથી વાત કરે છે કે હું પર્યાયમાં સિદ્ધ સમાન શુદ્ધ છું એમ નિશ્ચયાભાસી માને છે. વળી વર્તમાનમાં મતિજ્ઞાનાદિની પર્યાય હોવા છતાં કેવળજ્ઞાન વર્તમાનમાં પ્રગટ છે એમ તે માને છે; દ્રવ્યકર્મ-નોકર્મનો સંબંધ હોવા છતાં દ્રવ્યકર્મ આદિના સંબંધ રહિત છું -એમ માને છે; વર્તમાન આકુળતા અને દુઃખવાળી પર્યાય હોવા છતાં પરમાનંદમય છું એમ તે માને છે અને જન્મ-મરણ પ્રત્યક્ષ હોવા છતાં તેનાથી રહિત માને છે -આ પ્રકારે નિશ્ચયાભાસી અંતરંગમાં આત્માના અનુભવ માટે અભ્યાસ કરે છે અને ચિંતવે છે. તો હવે તેને પૂછે છે કે :-

તમે જે આ ચિંતવન કરો છો તે દ્રવ્યદષ્ટિથી કરો છો કે પર્યાયદષ્ટિથી કરો છો ? જો દ્રવ્યદષ્ટિથી આત્મા શુદ્ધ છે એમ ચિંતવતા હો તો દ્રવ્ય તો શુદ્ધ-અશુદ્ધ સર્વ પર્યાયનો સમુદાય છે. ભૂતકાળમાં જેટલી અશુદ્ધ પર્યાય થઈ ગઈ તે ક્યાં ગઈ ? જો દ્રવ્યમાં નથી અને વર્તમાનમાં પણ ભૂતકાળની પર્યાય નથી તો તે ક્યાં રહી ? ત્રણ કાળની પર્યાયોનો સમુદાય તે ગુણ છે અને અનંત ગુણોનો પિંડ તે આત્મા છે.

દષ્ટાંત તરીકે સોનું લ્યો તો તેના પીળા ગુણની જેટલી ભૂત, ભવિષ્ય ને વર્તમાનની પર્યાય છે તે પીળો ગુણ છે; તે પીળાશ, ચીકાશ આદિ ગુણોનો પિંડ તે સોનું છે; તેમ આત્મામાં ચારિત્રગુણની ત્રણ કાળની શુદ્ધ-અશુદ્ધ પર્યાય તે ચારિત્રગુણ છે, તે તથા જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણોનો પિંડ તે આત્મા છે. એટલે શુદ્ધ-અશુદ્ધ સર્વ પર્યાયોનો સમુદાય તે દ્રવ્ય છે. નિશ્ચયાભાસી દ્રવ્યને એકાંત શુદ્ધ જ માને છે માટે તે મિથ્યાદષ્ટિ છે.

વસ્તુસ્વરૂપને યથાર્થ સમજ્યા વિના ક્રિયાકાંડ-જપ-તપાદિ કરે પણ તે વડે ધર્મ થતો નથી. આત્મા એકાંત શુદ્ધ જ છે એમ જે માને છે તેને કહે છે કે ભાઈ ! આત્મા તો શુદ્ધ-અશુદ્ધ સર્વ પર્યાયોનો સમુદાય છે. એક જ્ઞાનગુણ લ્યો તો અનાદિ કુમતિજ્ઞાનાદિની પર્યાય થઈ ગઈ અને સાધકદશા પછી સુમતિ આદિની પર્યાય હોય છે અને ભવિષ્યકાળમાં કેવળજ્ઞાનાદિની શુદ્ધ પર્યાય સાદિ અનંતકાળ રહે છે. તે બધી પર્યાયોનો સમુદાય તે જ્ઞાનગુણ છે. એવા અનંતગુણોનો પિંડ તે દ્રવ્ય છે. એનાથી જુદું અન્ય કોઈ દ્રવ્ય નથી, માટે એમ સિદ્ધ થયું કે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો સમુદાય તે દ્રવ્ય છે.

અનાદિથી આત્મા મર્યાદિત દષ્ટિમાં ગુંચાઈ ગયો છે, તેને અપરિમિત-અમર્યાદિત દષ્ટિ કરાવે છે. આત્મામાં અનંતગુણો છે તે અમર્યાદિત છે, એવા દ્રવ્યનું યથાર્થ જ્ઞાન કરાવે છે.

સમુદ્રની અંદર તરંગો થાય છે તે નવા નવા થાય છે. પહેલા તરંગનો વ્યય થાય છે અને નવા તરંગનો ઉત્પાદ થાય છે. એમાં જે પહેલા તરંગનો વ્યય થયો તે સમુદ્રમાં જ સમાઈ ગયો છે તેમ આત્મામાં ભૂતકાળની જેટલી અશુદ્ધ પર્યાયો થઈ ગઈ તે બધી આત્મામાં અંતર્ગત છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળની પર્યાયથી જુદો આત્મા નથી, પણ તે જ આત્મા છે. જો આત્માને સર્વથા શુદ્ધ માનવામાં આવે તો ભૂતકાળની અશુદ્ધ પર્યાયો ક્યાં સમાણી ? માટે અશુદ્ધ પર્યાય, ભવિષ્યમાં

થનારી શુદ્ધ પર્યાય અને વર્તમાન સાધક પર્યાય છે તે ત્રણે કાળની પર્યાયોનો સમુદાય તે દ્રવ્ય છે એમ માનવું. સુખ-દુઃખની પર્યાયનો સમુદાય તે આનંદગુણ છે, મિથ્યાત્વ પર્યાય જેટલી વીતી ગઈ તે અનાદિસાંત છે અને પછી સમ્યગ્દર્શન પર્યાય થઈ તે સાદિ અનંતકાળ સુધી મોક્ષમાં રહે છે. તે મિથ્યાત્વ અને સમ્યક્ત્વની પર્યાયોનો સમુદાય તે શ્રદ્ધાગુણ છે. એવી રીતે વીર્યગુણની પર્યાય પૂર્વમાં બાળવીર્યરૂપે હતી તે પંડિતવીર્યરૂપે થઈ; તે બાળ અને પંડિતવીર્યની પર્યાયોનો પિંડ તે વીર્યગુણ છે. એવી રીતે બધા ગુણોની અનાદિ-અનંત બધી પર્યાયોનો પિંડ તે આત્મા છે.

કોઈ કહે કે અભવીને શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો સમુદાય તે દ્રવ્ય કેવી રીતે કહેવું ? તો એમાં-

૧) એક વાત તો એ છે કે પ્રગટતાની અપેક્ષાએ ભલે તેને અશુદ્ધ પર્યાયનો પિંડ કહેવાય છે પણ

૨) તેનામાં કેવળજ્ઞાનની શક્તિ ત્રિકાળ છે અને કેવળજ્ઞાનાવરણીય કર્મ પણ તેને હોય છે એ અપેક્ષાએ શુદ્ધ-અશુદ્ધ દ્રવ્ય કહેવાય છે.

૩) અભવી આત્મા હોય તો પણ તેના બધા ગુણો અશુદ્ધ નથી એટલે અમુક ગુણો અસ્તિત્વ આદિ તો ત્રિકાળ શુદ્ધ છે. તેથી પણ શુદ્ધ-અશુદ્ધ દ્રવ્ય કહેવાય છે. અને એ સિવાય

૪) બધા આત્મામાં અગુરુલઘુત્વગુણના કારણે ષટ્ગુણહાનિવૃદ્ધિરૂપ પરિણતિ અનાદિ-અનંત શુદ્ધ હોય છે -એ અપેક્ષાએ પણ શુદ્ધ-અશુદ્ધ પર્યાયોનો પિંડ તે દ્રવ્ય છે એમ કહેલ છે.

આત્મામાં અસ્તિત્વાદિ છ સામાન્ય ગુણ છે, તેમાં એક પ્રદેશત્વગુણની પર્યાયમાં જ અશુદ્ધતા થાય છે, બીજા પાંચ ગુણો તો બધા શુદ્ધ જ છે, એટલે અહીં તો બધા ગુણોની પર્યાયના સમુદાયને દ્રવ્ય કહેલ છે. તેથી શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ તે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે એમ અહીં કહેલ છે. નિશ્ચયાભાસી આત્માને એકલો શુદ્ધ જ માને છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે -એમ જાણવું.

પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ જેવું છે તેવું જાણે નહિ અને તેની શ્રદ્ધા કરે નહિ તે તો આ વાત સમજવાને લાયક પણ નથી, પણ દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા છતાં આત્માના સ્વરૂપને જેમ છે તેમ જે જાણતો નથી અને આત્મા એકાંત શુદ્ધ છે એમ જે માને છે તેને કહ્યું કે તારી એ વાત ખોટી છે કેમ કે દ્રવ્ય તો શુદ્ધ-અશુદ્ધ સર્વ પર્યાયોનો સમુદાય છે.

હવે જો પર્યાય અપેક્ષાએ શુદ્ધ છે એમ માનો તો પણ ખોટું છે કેમ કે વર્તમાન પ્રત્યક્ષ અશુદ્ધ પર્યાય છે. માટે પર્યાય અપેક્ષાએ શુદ્ધ ન માનવું. હા, આત્મા શુદ્ધ થવાને લાયક છે એમ માનવું તે યથાર્થ છે; એટલે દ્રવ્ય શુદ્ધ-અશુદ્ધ સર્વ પર્યાયોનો સમુદાય હોવા છતાં મારામાં શક્તિ તો સિદ્ધ થવાની છે, પરમાનંદમય થવાની છે -એમ માનવું જોઈએ. માટે દ્રવ્ય અપેક્ષાએ કે પર્યાય અપેક્ષાએ એકાંતે શુદ્ધ ન માનવું પણ હું શક્તિ અપેક્ષાએ શુદ્ધ છું, સિદ્ધ થવાને લાયક છું એમ માનવું તે



યથાર્થ છે. માટે આત્માને એકાંતે શુદ્ધરૂપ ચિંતવન કરવું તે ભ્રમ છે. જો તમે પોતાને સિદ્ધ સમાન માનો તો આ સંસારાવસ્થા-વિકારી પર્યાય કોની છે ? એક સમયમાં શુદ્ધ અને અશુદ્ધ બે પર્યાય ન હોય.

વળી વર્તમાન કેવળજ્ઞાન પર્યાયમાં છે તો આ મતિજ્ઞાનાદિની પર્યાય કોની છે ? અને દ્રવ્યકર્મ-નોકર્મ રહિત છો તો સિદ્ધદશા પ્રગટ કેમ નથી ? અને જો આત્મા પર્યાયથી પણ પરમાનંદમય છે તો રાગાદિનો નાશ કરવાનો રહ્યો નહિ. આનંદગુણ તો સુખ-દુઃખ પર્યાયનો પિંડ છે અને પર્યાયમાં પ્રગટ આનંદ હોય તો તો આનંદ પ્રગટ કરવાનું રહેતું નથી. માટે પર્યાય અપેક્ષાએ આત્માને એકાંત શુદ્ધ, કેવળજ્ઞાન સહિત અને પરમાનંદમય માનવો તે ભ્રમ છે.

## શ્રાવણ સુદ ૧૪, રવિવાર, ૨૩-૮-૫૩.

દિગંબર જૈન કુળમાં જન્મીને, માત્ર દેવાદિની શ્રદ્ધા કરે છે પણ યથાર્થ તત્ત્વજ્ઞાન જે કરતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે તેની વાત ચાલે છે. દિગંબર જૈન સિવાય બીજા વ્યવહારે પણ જૈન નથી.

અજ્ઞાની આત્મા પોતાને શુદ્ધ ચિંતવે છે, તેને દ્રવ્ય-ગુણ-પર્યાયની યથાર્થ ખબર નથી. એટલે પર્યાયમાં પરમાનંદ નથી છતાં તે પોતાને પરમાનંદમય માને છે. તેને કહે છે કે વર્તમાન પૂર્ણાનંદ હોય તો કાંઈ કર્તવ્ય કરવાનું રહેતું નથી અને જન્મ-મરણ પર્યાય અપેક્ષાએ પણ ન હોય તો આ દુઃખ અવસ્થા છે તે કોની છે ? સ્વભાવ દુઃખરૂપ નથી પણ પોતે સ્વભાવને ભૂલી ગયો છે માટે પર્યાયમાં દુઃખ તો પ્રગટ છે. માટે અન્ય અવસ્થાને અન્ય અવસ્થા માનવી તે ભ્રમણા છે. દુઃખદશાને સુખદશા માનવી તે મિથ્યાત્વ છે.

પર્યાયમાં સંસારદશા છે અને સિદ્ધદશા માનવી, મતિજ્ઞાનાદિ છે અને કેવળજ્ઞાન માનવું, દ્રવ્યકર્મ તથા નોકર્મનો સંબંધ છે છતાં તેનાથી સંબંધ રહિતપણું માનવું તે જ મિથ્યાત્વ છે. તે મિથ્યાદૃષ્ટિને એક અંશ માત્ર ધર્મ થતો નથી.

**પ્રશ્ન** : તો શાસ્ત્રમાં શુદ્ધ ચિંતવન કરવાનો ઉપદેશ શા માટે આપ્યો છે ?

જુઓ, અહીં દ્રવ્ય શુદ્ધ નથી ને પર્યાય પણ શુદ્ધ નથી એમ જ્યારે ગુરુએ કહ્યું ત્યારે શિષ્ય મુંઝાયો કે શાસ્ત્રમાં શુદ્ધ ચિંતવન કરવાનું તો કહ્યું છે તો તે કેવી રીતે છે ?

**ઉત્તર** : શુદ્ધપણું બે અપેક્ષાએ છે. એક તો દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું છે અને એક પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું છે. પહેલા દ્રવ્ય અને પર્યાય બન્નેને અશુદ્ધપણું કહ્યું હતું. હવે શુદ્ધપણાની વાત કરે છે. દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું તો પરદ્રવ્યથી ભિન્નપણું અને પોતાના ભાવોથી અભિન્નપણું તે છે. કર્મ અને શરીરથી આત્મા જુદો છે પણ પોતાના શુભાશુભ પરિણામથી આત્મા એકમેક છે. પરદ્રવ્યથી ભિન્ન હોવાને કારણે શુદ્ધ છે એમ સમજવું.

જુઓ, અજ્ઞાનીને દ્રવ્ય અને પર્યાયના યથાર્થ સ્વરૂપની ખબર નથી એટલે તે દ્રવ્યને એકાંત શુદ્ધ માને છે. તેને કહે છે કે શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ તે આત્મા છે. એટલે પોતાના ભાવોથી અભિન્ન અને પરભાવોથી ભિન્ન માનવું તે દ્રવ્યને યથાર્થપણે શુદ્ધ માન્યું કહેવાય.

હવે, પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું કહેલ છે તે તો ઔપાધિકભાવોનો અભાવ થવો તે શુદ્ધપણું છે. આત્માની રુચિપૂર્વક રાગાદિનો નાશ ન કરે તો પર્યાયમાં શુદ્ધપણું હોતું નથી. આત્મા પરદ્રવ્યરૂપે થયો જ નથી અને પોતાના ભાવોથી એકમેક છે તે દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું છે અને આત્મા ત્રિકાળ શક્તિ અપેક્ષાએ શુદ્ધ છે એના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાપૂર્વક સ્વભાવની પ્રાપ્તિરૂપ નિર્મળતા થાય તે પર્યાયની શુદ્ધતા છે. પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં શુદ્ધતા માનવી તે જ મિથ્યાત્વ છે. પર્યાયમાં વીતરાગતા થઈ ગઈ હોય તો પછી શુદ્ધ ચિંતવન કરવાનું રહેતું નથી.

શાસ્ત્રમાં શુદ્ધ ચિંતવનનું જે કથન કર્યું છે તે તો દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ ચિંતવન કહેલ છે. તે વાત સમયસારની ગાથા ૬ની ટીકામાં કહેલ છે કે -

**''प्रमत्तोऽप्रमत्तश्च न भवत्येष एवाशेषद्रव्यांतरभावेभ्यो भिन्नत्वेनोपास्यमानः शुद्ध इत्यभिलप्यते''**

**અર્થ** :- આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નથી, એ જ સર્વ પરદ્રવ્યોના ભાવોથી ભિન્નપણા વડે સેવતાં શુદ્ધ એવો કહીએ છીએ. પુદ્ગલાદિ પરદ્રવ્યોના ભાવોથી આત્મા ભિન્ન છે -એમ નક્કી થતાં આત્માના ત્રિકાળી સ્વભાવનો આશ્રય થતાં વર્તમાન પર્યાય ગૌણ થઈ જાય છે એમ એનો ભાવાર્થ છે. આત્મા પરદ્રવ્ય તરફની દૃષ્ટિ છોડી સ્વદ્રવ્યની રુચિ કરે છે એટલે પરદ્રવ્યના નિમિત્તે થતાં પ્રમત્ત-અપ્રમત્તભાવની ગૌણતા થઈ જાય છે. એ રીતે આત્માને શુદ્ધ કહેલ છે.

સ્વ ભાવોથી અભિન્ન અને પર ભાવોથી ભિન્ન આત્મા છે એમ આત્માને માનતા સર્વથા રાગાદિથી રહિત થતો નથી. સર્વથા રાગ રહિત થાય તો વીતરાગ થઈ જાય માટે અશુદ્ધદશા છે પણ જ્ઞાનીને તેની ગૌણતા હોય છે.

વળી સમયસાર ગાથા ૭૩માં પણ કહેલ છે કે :-

**''समस्तकारक चक्रप्रक्रियोत्तीर्णनिर्मलानुभूतिमात्रत्वात्छुद्धः''**

**અર્થ** :- સમસ્ત કર્તા કર્મ આદિ કારકોના સમૂહની પ્રક્રિયાથી પારંગત એવી નિર્મળ અનુભૂતિ અભેદ જ્ઞાન તન્માત્ર છે.

જ્ઞાનીની નિર્મળ અનુભૂતિ પરથી ભિન્ન થઈ તેને જ પર્યાય અપેક્ષાએ શુદ્ધ કહેવાય છે. પર ભાવોથી ભિન્ન અને સ્વ ભાવોથી અભિન્ન સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ એટલે સમસ્ત કર્તા કર્મ આદિનો ભેદ છૂટી ગયો અને આત્માની નિર્મળ અનુભૂતિ થઈ તે સમ્યગ્દર્શન છે. તે પર્યાય અપેક્ષાએ શુદ્ધ છે. એવી રીતે 'શુદ્ધ' શબ્દનો અર્થ સમજવો.



હવે 'કેવળ' શબ્દનો અર્થ કહે છે. પરભાવથી ભિન્ન નિઃકેવળ પોતે જ તેનું નામ કેવળ છે. પરથી જુદો કેવળ આત્મા છે તે જ કેવળનો અર્થ છે, પણ પર્યાયથી ભિન્ન છે એમ નથી. જો પર્યાયથી કેવળ ભિન્ન હોય તો પૂર્ણ કેવળજ્ઞાન હોય પણ એમ નથી.

લોકોને બાહ્ય ક્રિયાની વાત કરે તો સહેલી લાગે છે. 'પરમાર્થ વચનિકા'માં આવ્યું હતું કે -આગમપદ્ધતિ મૂઢ જીવોને સહેલી લાગે છે અને તેને વ્યવહાર કહે છે; અને અધ્યાત્મપદ્ધતિને વ્યવહારથી પણ જાણતો નથી. વ્યવહારમાં જ ધર્મ માની બેસે છે, તે મિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો કહે છે કે પર્યાય અપેક્ષાએ શુદ્ધ માને તો મહા વિપરીતતા થાય છે. કેમ કે એક પર્યાયમાં બે પર્યાય હોતી નથી. માટે દ્રવ્યથી સામાન્ય એકરૂપ અને પરથી ભિન્ન જાણવો અને પર્યાય અપેક્ષાએ જેવી જેવી અવસ્થા શુદ્ધ કે અશુદ્ધ હોય તેને જાણવી જોઈએ. એવું ભાન કર્યા વગર સમ્યગ્દર્શન થાય નહિ. સમ્યગ્દર્શન ગુરુકૃપાથી મળતું નથી. અનંતવાર ભગવાનના સમવસરણમાં ગયો અને ભક્તિ, પૂજા પણ અનંતવાર કરી પણ સમ્યગ્દર્શન થયું નહિ. કેમ કે જેવો દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વભાવ છે તેવો જાણ્યો નહિ.

મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અભેદતા છે. તે રાગ આદિના અભાવથી થાય છે. રાગાદિનો અભાવ કરવો એવી શ્રદ્ધા કરવી. પૂજા, ભક્તિ, જાત્રાદિના રાગનો પણ અભાવ કરવા જેવો છે એમ જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે. એ રાગ રાખવા જેવો છે એવું જ્ઞાન-શ્રદ્ધાન યથાર્થ નથી. પુણ્ય-પાપ રહિત અંતરસ્થિરતા કરવી તે ચારિત્ર છે, વ્રતાદિના પરિણામ તે ચારિત્ર નથી. તેનો તો અજ્ઞાનીને વિચાર જ નથી. અજ્ઞાનીને શુદ્ધ પર્યાયનો અનુભવ નથી છતાં શુદ્ધ પર્યાય છે એમ માને છે. શુભ રાગ મને આવતો જ નથી એમ તે માને છે. પણ રાગ ન આવતો હોય તો વીતરાગ દશા હોય. નિશ્ચયાભાસી શાસ્ત્ર અભ્યાસના વિકલ્પનો નિષેધ કરે છે પણ પૂર્ણદશા ન હોય ત્યાં સુધી શુભ વિકલ્પ આવ્યા વિના રહેતો નથી.

### શ્રાવણ સુદ ૧૫, સોમવાર, ૨૪-૮-૫૩.

આજે સવારે શ્રી નિયમસાર હરિગીતની સ્વાધ્યાય હતી.

### શ્રાવણ વદ ૧, મંગળવાર, ૨૫-૮-૫૩.

નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિનું લક્ષણ કેવું હોય છે ? તે કહે છે. તે પોતાને પર્યાયમાં વર્તમાન શુદ્ધ માને છે, અને જે રાગ થાય છે તેને માનતો નથી. તે સ્વચ્છંદથી અશુભ ભાવમાં પ્રવર્તે છે. ખરેખર મોક્ષમાર્ગમાં તો રાગાદિ મટાડવાનું શ્રદ્ધાન, રાગાદિ મટાડવાનું જ્ઞાન અને રાગાદિ મટાડવાનું આચરણ હોય છે, એની તો એને ખબર નથી. શુભ ભાવ સાધકને હોતો જ નથી એમ નથી, પણ શુભ રાગથી ધર્મ માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

૧) અજ્ઞાની શાસ્ત્રાભ્યાસ કરવો નિરર્થક બતાવે છે. શુભ રાગ આવે છે તેને તે નિશ્ચયાભાસી માનતો નથી. સ્વભાવની દૃષ્ટિ થઈ, અને પછી અશુભ રાગ ન થતાં શુભ રાગ સાધકદશામાં હોય છે; છતાં નિશ્ચયાભાસી શુભ ભાવ ન જ હોય એમ નિષેધ કરે છે.

૨) દ્રવ્યાદિકના, ગુણસ્થાન-માર્ગણાસ્થાનના અને ત્રિલોકાદિકના વિચારોને વિકલ્પ ઠરાવે છે. હા, તે વિકલ્પ છે એ વાત બરાબર છે, પણ હજુ પૂર્ણદશા ન થઈ હોય ત્યાં સુધી નીચલી દશામાં એ પ્રકારનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી; છતાં તેને નિશ્ચયાભાસી માનતો નથી. જ્ઞાનીને અંતરદૃષ્ટિપૂર્વક ગુણસ્થાનાદિના વિચારો આવે છે તે શુભ રાગ છે. તે મારો સ્વભાવ નથી એમ તે માને છે, છતાં અશુભ રાગ કરતાં શુભ રાગને મંદ માને છે. અજ્ઞાની માને છે કે હું તો નિર્વિકલ્પ થઈ ગયો છું એટલે મને એ વિકલ્પ આવતો નથી; એમ તે પ્રમાદી થઈ જાય છે. તે સોળ સોળ કલાક સુધી ધ્યાનમાં બેસે અને કહે કે કુંદકુંદાચાર્ય કરતાં પણ મારી દશા વધી ગઈ છે દ્વએમ ભ્રમથી માની બેસે છે. પણ ભાઈ ! ગણધર જેવા પણ અંતર્મુહૂર્તથી વધારે ધ્યાનમાં રહી શકતા નથી, પર્યાયમાં રાગ થાય અને રાગ થતો જ નથી એમ માને છે તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

૩) તપશ્ચરણ કરવાને અજ્ઞાની વૃથા કલેશ ઠરાવે છે. આત્મામાં આનંદનો અનુભવ થતાં ઈચ્છાની ઉત્પત્તિ થતી જ નથી એને અજ્ઞાની કલેશ ઠરાવે છે. સમ્યગ્દર્શન થયા પછી વ્રતાદિ આવ્યા વિના રહેતા નથી છતાં અજ્ઞાની તેને બંધનમાં પડવું ઠરાવે છે; પરંતુ અશુભ રાગ છોડી દે એવી હજુ નીચલી દશામાં શુદ્ધતા થઈ નથી, ત્યાં શુભ છોડી દેવો જોઈએ એમ તે માને છે, કેમ કે તે પૂજનાદિ સર્વ કાર્યોને શુભાસ્રવ જાણી ત્યાગવારૂપ પ્રરૂપે છે.

એ પ્રમાણે અનેક પ્રકારના શુભ ભાવ આવે છે એને માનતો નથી અને પ્રમાદી થાય છે. હવે જો શાસ્ત્રાભ્યાસ નિરર્થક હોય તો મુનિઓને પણ ધ્યાન અધ્યયન એ બે જ કાર્ય મુખ્ય છે. ગણધરાદિને પણ ધ્યાન હોય છે, તથા તીર્થંકરદેવ પાસે શ્રવણ પણ કરે છે. મુનિઓ જ્યારે ધ્યાનમાં ઉપયોગ ન લાગે ત્યારે શાસ્ત્ર અધ્યયન કરે છે પણ અશુભ ભાવમાં ઉપયોગને લગાવતા નથી.

સ્વભાવની રુચિ જેને થઈ છે તે જીવ પણ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે તો દર્શન-જ્ઞાન નિર્મળ થાય છે. ક્ષાયિક સમ્યગ્દર્શન તો નિર્મળ છે પણ જ્ઞાનમાં વિશેષ નિર્મળતા થાય છે. જ્ઞાનની પ્રધાનતાથી વાત કરીને દર્શન-જ્ઞાનમાં નિર્મળતા થાય છે એમ અપેક્ષાથી કહેલ છે, એક ગુણની પર્યાયથી બીજા ગુણની પર્યાય થાય નહિ એ વાત અહીં નથી, પણ જ્ઞાનની નિર્મળતાનો આરોપ દર્શનમાં આપેલ છે.

જ્યાં સુધી આત્માના વિચારો રહે છે ત્યાં સુધી અશુભ ભાવ ઘટીને શુભ ભાવ થાય છે, એટલે કષાયની મંદતા થાય છે. સમ્યગ્દૃષ્ટિને પણ એ અપેક્ષાએ એટલો રાગ ઘટે છે, અને ભાવિ વીતરાગ ભાવની વૃદ્ધિ થાય છે તો પછી એવા કાર્યોને નિરર્થક કેમ મનાય ? એટલે અશુભ ભાવનો અભાવ થાય છે, માટે શાસ્ત્રાધ્યયન આદિ કાર્યોને નિરર્થક ન માનવા.



**પ્રશ્ન** : જૈન શાસ્ત્રોમાં અધ્યાત્મ ઉપદેશ છે. તેનો અભ્યાસ કરવો પણ અન્ય શાસ્ત્રોના અભ્યાસથી કાંઈ સિદ્ધિ નથી.

**ઉત્તર** : જો તારી દૃષ્ટિ સાચી છે તો બધા શાસ્ત્રોના જ્ઞાનની વાત કાર્યકારી છે. બધા શાસ્ત્રોના અભ્યાસમાં તો દ્રવ્યાનુયોગનું જ્ઞાન મુખ્ય છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે એનું જ્ઞાન કરવું તે મુખ્ય છે, બીજું જ્ઞાન કરવું તે ગૌણ છે. એટલે બીજા શાસ્ત્રોનું જ્ઞાન જ ન કરવું -એમ નથી.

હવે સમ્યગ્દૃષ્ટિને તો આત્માનો નિર્ણય થઈ ચૂક્યો છે, પણ જ્ઞાનની નિર્મળતા માટે પણ શાસ્ત્રાભ્યાસ કાર્યકારી છે અને સમ્યગ્દર્શન ન હોય તો તેણે પ્રથમ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરીને પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવું. સમ્યગ્દર્શન થયા પછી પણ જ્ઞાનની વૃદ્ધિ માટે અને વીતરાગતા વધારવા માટે શાસ્ત્રનું જ્ઞાન કરવું યોગ્ય છે.

અત્યારે તો દ્રવ્યલિંગી નામ ધરાવીને માને છે કે સમયસાર આદિ અધ્યાત્મશાસ્ત્ર વાંચવા નહિ. અહીં તો શાસ્ત્રોનો અભ્યાસ કરવો તે મુખ્ય છે અને એમાં પણ મુખ્ય દ્રવ્યાનુયોગના શાસ્ત્રો વાંચવા જોઈએ. આ શાસ્ત્રના આઠમા અધિકારમાં પૃ. ૨૯૫માં સ્પષ્ટ કહ્યું છે કે પ્રથમ દ્રવ્યાનુયોગના શાસ્ત્રોનો અભ્યાસ કરી સમ્યગ્દર્શન પ્રગટ કરે પછી વ્રતી મુનિ થાય છે એવી જૈનધર્મની પરિપાટી છે; છતાં અજ્ઞાની દ્રવ્યાનુયોગના શાસ્ત્રોના અભ્યાસનો નિષેધ કરે છે, તે વીતરાગમાર્ગને સમજ્યો નથી.

અહીં અજ્ઞાની પોતાને સમ્યગ્દૃષ્ટિ થઈ ગયો છે એમ માની શાસ્ત્રાધ્યયનનો નિષેધ કરે છે પણ તે યોગ્ય નથી. પ્રથમ દ્રવ્યાનુયોગના શાસ્ત્રોનો અભ્યાસ કરવો યોગ્ય છે; છતાં ગૌણતાએ અન્ય શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી રાગની મંદતા થાય છે, તેથી અન્ય શાસ્ત્રોની અરુચિ ન કરવી. આચાર્યોને જે પ્રકારનો વિકલ્પ આવ્યો તે પ્રકારના શાસ્ત્રો રચાઈ ગયા છે, તે શાસ્ત્રનું જ્ઞાન ન કરવું -યોગ્ય નથી. એની અરુચિ ન કરવી. જેને જ્ઞેયની અરુચિ થઈ તેને જ્ઞાનની રુચિ રહી નહિ. માટે, શાસ્ત્રના જ્ઞાનની અરુચિ ન હોવી જોઈએ.

જેમ કે જેનામાં વિષયાસક્તપણું હોય તે-

૧) વિષયાસક્ત પુરુષોની કથા પણ રુચિથી સાંભળે,

૨) વિષયના વિશેષોને પણ જાણે,

૩) વિષયાચરણમાં જે સાધનો હોય તેને પણ હિતરૂપ જાણે,

૪) વિષયના સ્વરૂપને ઓળખે.

તેમ સમ્યગ્દૃષ્ટિ છે-

૧) તેને આત્માની રુચિ હોવાથી તે આત્મરુચિના ધારક તીર્થંકરાદિની કથા પણ જાણે; આ કથાનુયોગની

વાત કરી; અને

૨) આત્માના વિશેષો જાણવા માટે ગુણસ્થાનાદિકને પણ જાણે, માર્ગણાનો પણ વિચાર કરે, આ કરણાનુયોગની વાત કરી;

૩) આત્મ-આચરણમાં સાધનરૂપ જે વ્રતાદિ છે તેને પણ હિતરૂપ માને એટલે વ્રતાદિને નિમિત્તથી હિતરૂપ જાણે છે. જ્ઞાનીને આત્માની રુચિ હોવાથી જેટલો અવ્રતનો ભાવ ઘટી ગયો છે એ અપેક્ષાએ વ્રતના પરિણામને નિમિત્તની અપેક્ષાએ હિતરૂપ જાણે છે. આ ચરણાનુયોગની વાત કરી;

૪) આત્માના સ્વરૂપને પણ ઓળખે, એ દ્રવ્યાનુયોગની વાત કરી.

-આ રીતે સમ્યગ્દષ્ટિ હોય કે મિથ્યાદષ્ટિ દ્વબન્નેને ચારે અનુયોગનો અભ્યાસ કાર્યકારી છે. તેમાં પણ દ્રવ્યાનુયોગનો અભ્યાસ મુખ્ય છે કેમ કે મૂળભૂત તો એમાં છે. તેથી કહ્યું છે કે જૈનમાર્ગમાં મુનિપણું લેવાનો ક્રમ તો એવો છે કે પહેલાં તત્ત્વજ્ઞાન સહિત સમ્યગ્દર્શન થાય, પછી ઉદાસીન પરિણામ થાય અને પછી પોતામાં પરિષહાદિ સહન કરવાની તાકાત થાય અને તે પોતે પોતાની મેળે મુનિપણું લેવા માગે તો આચાર્ય તેને દીક્ષા આપે. માટે પ્રથમ દ્રવ્યાનુયોગના અભ્યાસથી તત્ત્વજ્ઞાન કરવું કાર્યકારી છે.

## શ્રાવણ વદ ૨, બુધવાર, ૨૬-૮-૫૩.

જેને આત્માના જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ થઈ નથી, વર્તમાન પર્યાય દ્રવ્ય સાથે અભેદ થઈ નથી અને પર્યાયમાં વિકાર વર્તે છે તેને જાણતો નથી, હું તો શુદ્ધ જ છું, મારે રાગ થતો જ નથી દ્વએમ માને છે, તે નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ છે. તે જીવ એમ કહે છે કે ''આપણે શાસ્ત્રાભ્યાસનું શું કામ છે ? શાસ્ત્ર વાંચવામાં વિકલ્પ થાય છે.'' પણ ભાઈ ! આત્મજ્ઞાન પછી પણ જ્ઞાનાદિની વિશેષ નિર્મળતા માટે ચારે અનુયોગનો અભ્યાસ કાર્યકારી છે. દ્રવ્યાનુયોગનો જ અભ્યાસ કરવો ને કથાનુયોગ-ચરણાનુયોગ વગેરેનો અભ્યાસ સર્વથા કરવો જ નહિ એમ માને તે અજ્ઞાની છે. ચારે અનુયોગનો અભ્યાસ કાર્યકારી છે.

નિર્વિકલ્પ અનુભવમાં સમ્યગ્દષ્ટિ નિરંતર રહી શકતા નથી એટલે તેને શાસ્ત્રાભ્યાસ વગેરેનો ભાવ આવે છે. નિર્વિકલ્પ અનુભવની અપેક્ષાએ તે શુભ રાગને હેય કહ્યો છે, નિર્વિકલ્પ અનુભવમાં રહેવું તે તો ઉત્તમ જ છે, પણ છદ્મસ્થની બુદ્ધિ આત્મસ્વરૂપમાં લાંબો કાળ લાગતી નથી. માટે જ્ઞાનની વિશેષ નિર્મળતા માટે શાસ્ત્રાભ્યાસમાં બુદ્ધિ જોડવી યોગ્ય છે. નિશ્ચયાભાસી તો તેનો સર્વથા નિષેધ કરે છે, તેને અહીં કહે છે કે અરે ભાઈ ! તને બીજો રાગ તો આવે છે ! તો શાસ્ત્રાભ્યાસ વગેરેમાં પણ ઉપયોગ જોડવો તે યોગ્ય છે. તેમાં જે રાગ છે તે દોષ છે, પણ તીવ્ર રાગની અપેક્ષાએ શાસ્ત્રાભ્યાસમાં જોડાવું યોગ્ય છે. સમ્યગ્દર્શન થયું ત્યાં કાંઈ તદ્દન વીતરાગતા થઈ જતી નથી. સમ્યગ્દર્શન પછી પણ



રાગ તો આવે છે; જો નિર્વિકલ્પ આનંદમાં જ્ઞાનપર્યાય એકાગ્ર થઈ જાય તો તો તે બરાબર છે. પણ જ્યારે નિર્વિકલ્પ આનંદમાં ન રહેવાય ત્યારે સ્વાધ્યાય, પૂજા, દેવ-ગુરુની ભક્તિ વગેરે પ્રશસ્ત કાર્યો છોડીને વિકથા વગેરે નિંદનીક કામમાં જોડાય તો મહા અનર્થ થાય. જેમ કોઈ મહાન શીલવાન સ્ત્રી બાલ બ્રહ્મચારિણી જ રહે તો તે ઉત્તમ છે, પણ તેમ ન રહી શકાય તો સ્વપુરુષને છોડીને પરપુરુષ પાસે તો ન જ જાય, પરપુરુષ પાસે જાય તે તો મહા નિંદનીક છે; સીતાજી વગેરેને પરપુરુષનો સ્વપ્નેય વિકલ્પ ન હતો, આ તો દૃષ્ટાંત છે. તેમ આત્માનું ભાન થયા પછી બ્રહ્માનંદ સ્વરૂપમાં નિર્વિકલ્પપણે રહી શકાય તે તો ઉત્તમ છે, પણ નિર્વિકલ્પ ન રહેવાય ત્યારે અશુભ વિષય કષાયમાં પ્રવર્તવું તેમાં તો પાપ છે; માટે શાસ્ત્રાભ્યાસનો નિષેધ કરી સ્વચ્છંદે પ્રવર્તવું યોગ્ય નથી.

જુઓ, નીચલી દશામાં શાસ્ત્રાભ્યાસ કાર્યકારી છે તે અહીં સિદ્ધ કરવું છે. પછી અનુક્રમમાં ક્યારેક જ્ઞાનીને પણ અશુભ ભાવ આવે. નીચલી દશામાં મુખ્યપણે દ્રવ્યાનુયોગનો અભ્યાસ કાર્યકારી છે, કેમ કે અધ્યાત્મનો ઉપદેશ મુખ્યપણે તેમાં છે. ધર્મીની દૃષ્ટિ તો જ્ઞાયકભાવ ઉપર પડી છે. શુભના કાળે ને અશુભના કાળે અશુભ આવી જાય તેનો જ્ઞાતા છે. જ્ઞાયકસ્વભાવમાં જ ઉપાદેયબુદ્ધિ થઈ છે, પણ અજ્ઞાની તો જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતો નથી ને સ્વચ્છંદે પ્રવર્તે છે.

સર્વજ્ઞનો ને ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય કર્યો ત્યાં તો સમ્યગ્દર્શન થઈ ગયું-સ્વભાવની દૃષ્ટિ થઈ ગઈ, એવા સમકિતીને પર્યાય ફેરવવાની બુદ્ધિ નથી. ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાને ભૂમિકા પ્રમાણે તે તે પ્રકારનો રાગ આવી જાય છે, તેમાં શુભને શુભ જાણે, અશુભને અશુભ જાણે. ઉપદેશમાં તો એમ કહેવાય કે ભાઈ ! અશુભ છોડીને શુભમાં પ્રવર્તવું યોગ્ય છે. સ્વાધ્યાય, પૂજા વગેરે શુભ રાગ આવે છે તેની વાત છે; તે શુભ રાગથી ધર્મ તો થતો નથી પણ તે નીચલી ભૂમિકામાં આવે છે, તેનો વિવેક કરવો જોઈએ.

ધારણા કરીને જો અનુભવમાં ન ઊતરે તો તે ધારણાનું અભિમાન થયા વિના રહે નહિ. શ્રી નિયમસારમાં કહે છે કે ગુણ-ગુણી ભેદના વિકલ્પમાં જે રોકાયો છે તે મુનિ પણ પરવશ છે. નિર્વિકલ્પ જ્ઞાનાનંદ સ્વરૂપનું ધ્યાન તે જ સ્વવશપણું છે, તેમાં અવશપણું હોવાથી તે આવશ્યક ક્રિયા છે. પણ શુભ રાગના કાળે શુભ આવે છે. જ્ઞાયક ઉપર જેની દૃષ્ટિ છે તેને પર્યાયના ક્રમમાં શુભ-અશુભનો વિવેક હોય જ છે, અશુભમાં તો તીવ્રપણે પ્રવર્તે અને સ્વાધ્યાય વગેરેમાં રાગ છે એમ કહીને તેનો નિષેધ કરે તો તે નિશ્ચયાભાસી છે. જ્યારે સમકિતી ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાનમાં હોય ત્યારે તો પાસે બેન્ડ વાજા વાગતાં હોય તો પણ તે તરફ ધ્યાન હોતું નથી પણ હજી જેને સમ્યગ્દર્શનનું ભાન પણ નથી અને સ્વાધ્યાય આદિનો નિષેધ કરે છે તો તેના પરિણામ તો અશુભમાં જ જશે.

વળી દ્રવ્યાદિકના અને ગુણસ્થાનાદિકના વિચારોને તું વિકલ્પ ઠરાવે છે, હવે એ વિકલ્પ તો છે, પરંતુ ઉપયોગ નિર્વિકલ્પ ન રહે અને આ વિકલ્પોને ન કરે તો અન્ય વિકલ્પ થાય છે, અને તે

ઘણા રાગાદિ ગર્ભિત હોય છે. વળી નિર્વિકલ્પ દશા નિરંતર રહેતી નથી, કારણ કે છદ્મસ્થનો ઉપયોગ એકરૂપ રહે તો ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત જ રહે. તું કહીશ કે દ્ગ 'હું આત્મસ્વરૂપનું જ ચિંતવન અનેક પ્રકારે કર્યા કરીશ.' પણ સામાન્ય ચિંતવનમાં તો અનેક પ્રકાર બનતા નથી તથા વિશેષ કરીશ તો દ્રવ્ય, ગુણ, પર્યાય, ગુણસ્થાન અને માર્ગણાદિ શુદ્ધ-અશુદ્ધ અવસ્થાનો વિચાર થશે.

વળી કેવળ આત્મજ્ઞાનથી જ તો મોક્ષમાર્ગ થાય નહિ. પણ સાત તત્ત્વોનું શ્રદ્ધાન-જ્ઞાન થતાં તથા રાગાદિક દૂર કરતાં મોક્ષમાર્ગ થશે. હવે સાત તત્ત્વોના વિશેષો જાણવા માટે જીવ-અજીવના વિશેષો વા કર્મના આસ્રવ-બંધાદિકના વિશેષો અવશ્ય જાણવા યોગ્ય છે, જેથી સમ્યગ્દર્શન-જ્ઞાનની પ્રાપ્તિ થાય. ત્યાર પછી રાગાદિક દૂર કરવા માટે જે રાગાદિક વધારવાના કારણો હોય, તેને છોડી જે રાગાદિક ઘટાડવાના કારણો હોય ત્યાં ઉપયોગને લગાવવો. વળી દ્રવ્યાદિકના વા ગુણસ્થાનાદિકના વિચાર તો રાગાદિક ઘટાડવાના કારણો છે, કારણ કે એમાં કોઈ રાગાદિકનું નિમિત્ત નથી. માટે સમ્યગ્દષ્ટિ થયા પછી પણ ત્યાં ઉપયોગ લગાવવો.

જીવ શું, અજીવ શું, આસ્રવ શું ? -એમ સાતે તત્ત્વોના સ્વરૂપને ઓળખીને તેની શ્રદ્ધા કરે, તેમાં ઉપાદેયને ઉપાદેય જાણે, હેયને હેય જાણે ને રાગાદિક છોડીને મોક્ષમાર્ગમાં પ્રવર્તે, એકલા આત્મજ્ઞાનથી મોક્ષમાર્ગ નથી એમ અહીં કહ્યું છે તેનો અર્થ એમ છે કે સાત તત્ત્વોને ઓળખે પણ નહિ, તો પરથી ભિન્ન જીવને સાધી શકે નહિ. સમયસારમાં આત્મજ્ઞાનથી મોક્ષ થવાનું કહ્યું છે ત્યાં તો તેમાં સાત તત્ત્વની શ્રદ્ધા પણ ગર્ભિત આવી જાય છે. અહીં તો જે સાત તત્ત્વોની શ્રદ્ધાનો સર્વથા નિષેધ કરે છે, એવા નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ જીવની સામે વાત છે. પર્યાયની લાયકાતનો વિચાર કરે નહિ અને વેગથી એમ કહે કે બસ ! અમારે તો આ જ ભવમાં કેવળજ્ઞાન અને મોક્ષ લઈ લેવો છે! પણ ભાઈ ! તત્ત્વ શું છે તેની તો હજી ખબર નથી, સાત તત્ત્વનો વિવેક કરીને દ્રવ્ય શું છે ? પર્યાયની તાકાત કેટલી છે, વિકાર કેટલો છે ? તે બધું જાણે, પછી સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક ચારિત્રદશા પ્રગટ કરે ત્યારે મોક્ષમાર્ગ થાય છે.

**પ્રશ્ન** : રાગાદિક મટાડવાના કારણો જે હોય તેમાં તો ઉપયોગ લગાવવો ઠીક છે, પણ ત્રિલોકવર્તી જીવોની ગતિ આદિનો વિચાર કરવો, કર્મોના બંધ, ઉદય, સત્તાદિકના ઘણા વિશેષો જાણવા તથા ત્રિલોકના આકાર-પ્રમાણાદિકને જાણવા, ઈત્યાદિ વિચાર શું કાર્યકારી છે ?

**ઉત્તર** : એને વિચારતાં પણ રાગાદિક વધતા નથી, કારણ કે એ જ્ઞેયો ઈષ્ટ-અનિષ્ટરૂપ નથી, તેથી વર્તમાન રાગાદિકના કારણ નથી, તથા એને વિશેષ જાણતાં તત્ત્વજ્ઞાન નિર્મળ થાય છે, તેથી એ ભાવી રાગદિક ઘટાડવાના જ કારણ છે, માટે એ કાર્યકારી છે.

સમકિતીની બુદ્ધિમાં કોઈ પણ પરદ્રવ્ય ઈષ્ટ-અનિષ્ટ નથી. પરદ્રવ્ય રાગનું કારણ નથી. માટે પરદ્રવ્યને જાણવું તે કાંઈ રાગદ્વેષનું કારણ નથી.



**પ્રશ્ન** : સ્વર્ગ-નરકાદિકને જાણવાથી તો ત્યાં રાગદ્વેષ થાય છે ?

**ઉત્તર** : જ્ઞાનીને તો એવી બુદ્ધિ થાય નહિ, અજ્ઞાનીને થાય. જ્યાં પાપ છોડી પુણ્યકાર્યમાં લાગે, ત્યાં કાંઈક રાગાદિક ઘટે જ છે.

પોતાને સમ્યગ્દષ્ટિ માનીને જે સ્વચ્છંદ સેવે છે એવા મિથ્યાદૃષ્ટિ નિશ્ચયાભાસીને અહીં સમજાવ્યું છે.

**પ્રશ્ન** : શાસ્ત્રમાં તો એવો ઉપદેશ છે કે પ્રયોજનભૂત થોડું જ જાણવું કાર્યકારી છે, માટે ઘણાં વિકલ્પ શા માટે કરીએ ?

**ઉત્તર** : જે જીવ અન્ય ઘણું જાણે પણ પ્રયોજનભૂતને ન જાણે, અથવા જેની ઘણું જાણવાની શક્તિ નથી, તેને એ ઉપદેશ આપ્યો છે; પણ જેને ઘણું જાણવાની શક્તિ હોય તેને તો એમ કહ્યું નથી કે દ્ગ'ઘણું જાણવાથી બૂરું થશે.' તેને તો જેટલું ઘણું જાણશે તેટલું જ પ્રયોજનભૂત જાણવું નિર્મળ થશે.

જેને બુદ્ધિ હોય ને અપ્રયોજનભૂતમાં રોકાય, છાપા વાંચે, લડાઈ વગેરેની વિકથામાં રોકાય, ને પ્રયોજનભૂત તત્ત્વને જાણવાનો પ્રયત્ન ન કરે તો તેમાં તો તીવ્ર રાગ છે. પણ જેને બુદ્ધિ જ થોડી હોય ને વિશેષ જાણવાની તાકાત જ ન હોય તો તેને કહ્યું છે કે અપ્રયોજનભૂત ન જાણાય તો પ્રયોજનભૂત થોડા તત્ત્વો જાણવા પણ ભલા છે; પણ જેને બુદ્ધિ વિશેષ હોય તેને તો ગુણસ્થાન વગેરે વિશેષ તત્ત્વો જાણવાથી જ્ઞાનની વિશેષ નિર્મળતા થશે. માટે તે પણ કાર્યકારી છે -એમ જાણવું.

## શ્રાવણ વદ ૩, ગુરુવાર, ૨૭-૮-૫૩.

નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિની વાત ચાલે છે. તેને આત્માનું ભાન નથી અને તે માને છે કે અમારે તો પ્રયોજનભૂત થોડું જ જાણવું કાર્યકારી છે માટે અમારે શાસ્ત્રોના અભ્યાસનો વિકલ્પ શા માટે કરવો? એનો અહીં જવાબ ચાલે છે.

**ઉત્તર** : જે જીવ અન્ય ઘણું જાણે પણ પ્રયોજનભૂતને ન જાણે અથવા જેની ઘણી જાણવાની શક્તિ નથી તેને એ ઉપદેશ આપ્યો છે પણ જેને જાણવાની શક્તિ ઘણી હોય તેને શાસ્ત્રાદિ જાણવાથી બૂરું થશે એમ કહેલ નથી. આત્માનું તો જ્ઞાન કરે નહિ ને બીજી વાતોમાં ઘણો રોકાય તે તો મિથ્યાદૃષ્ટિ છે. ચોવીસે કલાક આવું ખાવું ને આવું પીવું એમ બહારમાં ને બહારમાં રોકાયા કરે અને આત્માને જાણવાનો પ્રયાસ પણ ન કરે તેને પ્રયોજનભૂત જાણવું એમ કહ્યું છે અને જેની ઘણી જાણવાની શક્તિ છે, સમ્યગ્દર્શન થયું છે અને જ્ઞાનનો ઉઘાડ ઘણો છે તેને તો બીજો અભ્યાસ ન કરવો એમ કહેલ નથી. અપ્રયોજનભૂતને જાણવામાં રોકાય છે એને પ્રયોજનભૂત જાણવાનું કહેલ છે. વાસ્તવિક દૃષ્ટિ થયા પછી શાસ્ત્રાભ્યાસ વડે પ્રયોજનભૂત પદાર્થનું જ્ઞાન વિશેષ નિર્મળ થાય છે.

આત્મા શું છે એને જાણે નહિ, આત્મામાં રાગ થાય છે એની પણ ખબર ન હોય અને સંસારમાં અપ્રયોજનભૂત -નાત, જાતની વાતમાં રોકાઈ જાય તેને કહેલ છે કે પ્રયોજનભૂત જાણવું કાર્યકારી છે. જીવ-અજીવ આદિનું વિશેષ જ્ઞાન કરવાથી સમ્યગ્દર્શનમાં નિર્મળતા થાય છે. તેથી શાસ્ત્રમાં કહેલ છે કે ઢ

**''सामान्यशास्त्रतो नूनं, विशेषो बलवान् भवेत्''**

**અર્થ** : સામાન્યશાસ્ત્રથી વિશેષ બળવાન છે. ''વિશેષથી જ ખરો નિર્ણય થાય છે'' માટે વિશેષ જાણવા યોગ્ય છે.

અહીં સામાન્યનો અર્થ દ્રવ્ય અને વિશેષનો અર્થ પર્યાય -એમ નથી. દ્રવ્ય કરતાં પર્યાય બળવાન છે એમ નથી પણ સામાન્ય જ્ઞાન કરતાં વિશેષ જ્ઞાન બળવાન છે એમ કહેવું છે. શાસ્ત્રનું જ્ઞાન થોડું હોય તેને સામાન્ય કહેલ છે અને શાસ્ત્રનું જ્ઞાન વધારે હોય તે વિશેષ છે. માટે સામાન્ય કરતાં વિશેષ બળવાન છે એમ કહેલ છે. અહીં જ્ઞાનની વાત છે. દ્રવ્યથી પર્યાય બળવાન છે એ વાત નથી.

વળી સામાન્યશાસ્ત્ર એટલે દ્રવ્યાનુયોગના શાસ્ત્ર અને વિશેષ એટલે કરણાનુયોગ આદિ શાસ્ત્રો બળવાન છે એમ પણ નથી. સામાન્ય દ્રવ્યના આશ્રયે જે વિશેષ પર્યાય ઊઘડી છે તેના કારણે આત્માની પર્યાયમાં વિકાસ વધ્યો છે, તેને બળવાન કહેલ છે. પણ દ્રવ્ય કરતાં પર્યાય બળવાન છે એમ નથી અને દ્રવ્યાનુયોગ કરતાં બીજા અનુયોગ બળવાન એમ પણ નથી. સામાન્ય સંક્ષેપ શાસ્ત્રજ્ઞાન કરતાં ચારે અનુયોગનું વિશેષ વિસ્તારપૂર્વક જ્ઞાન છે તે બળવાન છે. પ્રથમ સંક્ષેપમાં જ્ઞાન હતું તે સામાન્યના આશ્રયે હતું અને વિશેષ નિર્મળ જ્ઞાન થયું તે પણ સામાન્યના આશ્રયે થાય છે. પર્યાયમાં સંક્ષેપમાં જ્ઞાન થયું હતું અને પછી વિશેષ જ્ઞાન થયું તેને અહીં બળવાન કહેલ છે.

શિવભૂતિ મુનિને આત્માના સામાન્ય અને વિશેષ બન્ને પડખાનું જ્ઞાન હતું. પરનું વિશેષ જ્ઞાન ન હતું. પ્રથમ જ્ઞાનની નિર્મળતા હતી, પછી જ્ઞાનની નિર્મળતા વધી તેને પ્રથમ જ્ઞાન કરતાં વિશેષ બળવાન કહેલ છે. જ્ઞાનીને ધારણા ભલે ઓછી હોય પણ પ્રયોજનભૂત જ્ઞાન તો બરાબર હોય છે એટલે વિરોધતા ન આવે. વિશેષ સ્પષ્ટીકરણ કદાચ ન કરી શકે પણ સ્વભાવની અપેક્ષાએ અને પરની ઉપેક્ષા જ્ઞાનીને હોવાથી સમયે સમયે જ્ઞાનની વિશેષ નિર્મળતા થતી જાય છે. તે સામાન્ય કરતાં વિશેષ બળવાન છે -એમ સમજવું. શિવભૂતિ મુનિને આ પ્રકારે યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા હતા.

આત્માના આશ્રયે જે જ્ઞાન પ્રગટ થયું તેના વડે નિર્ણય થાય છે. ખરેખર શાસ્ત્રના અભ્યાસથી જ્ઞાન નિર્મળ થાય છે એમ નથી પણ આત્માના યથાર્થ સ્વરૂપને અજ્ઞાની જાણતો નથી અને શાસ્ત્રાભ્યાસનો નિષેધ કરે છે તેને અહીં નિમિત્તથી કથન કરીને શાસ્ત્રનો વિશેષ અભ્યાસ કરવાથી જ્ઞાન નિર્મળ થાય છે એમ કહેલ છે. જો શાસ્ત્રથી જ્ઞાન થતું હોય તો વધારે શાસ્ત્ર ભણે તો આત્મામાં નિર્મળતા થાય, 



પણ એમ નથી. આત્માના આશ્રયે જ્ઞાન વધે છે એમાં શાસ્ત્રાભ્યાસ નિમિત્તમાત્ર છે. આત્માના આશ્રયે નિર્ણય થાય છે એને શાસ્ત્રના અભ્યાસથી નિર્ણય થાય છે એમ નિમિત્તથી કહેલ છે.

નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ અશુભ ભાવ છોડીને આત્માના આશ્રયે જે શાસ્ત્રાભ્યાસનો વિકલ્પ જ્ઞાનીને પણ હોય છે તેનો તે નિષેધ કરે છે, તેથી તેને કહેલ છે કે શાસ્ત્રાભ્યાસથી આત્માનો ખરો નિર્ણય થાય છે. અહીં શાસ્ત્રથી નિર્ણય થાય છે એમ કહેવું નથી પણ સમ્યગ્દષ્ટિને આત્માનો નિર્ણય છે અને આત્માના આશ્રયે વિશેષ નિર્મળતા થાય છે તેમાં શાસ્ત્રાભ્યાસ નિમિત્ત છે -એ વાત કહેવી છે. તેથી શાસ્ત્રોનો વિશેષ અભ્યાસ કરવો યોગ્ય છે પણ નિષેધ કરવો યોગ્ય નથી.

આકાશમાં પક્ષી ઊડે છે એના પગલા ક્યાંય મળે નહિ અને પાણીમાં માછલી વગેરેના પગલા જોવા માગે તો પગલા મળે નહિ, જમીન ઉપર ચાલે તેના પગલા મળે છે; તેવી રીતે આત્માના પગલાનો પત્તો પુણ્ય-પાપના ભાવમાં મળતો નથી. વળી પુણ્ય-પાપની ક્રિયામાં ધર્મ મળતો નથી પણ આત્માના આશ્રયે ધર્મનો પત્તો મળે છે. આત્માનું લક્ષણ તો જ્ઞાન છે, તેને પકડે તો ધર્મ થાય છે. પુણ્ય-પાપના લક્ષણે પત્તો ખાય એમ નથી.

વળી અજ્ઞાની પોતાને સમ્યગ્દષ્ટિ માનીને તપશ્ચરણને વ્યર્થ કલેશ ઠરાવે છે પણ મોક્ષમાર્ગ થતાં તો સંસારી જીવોથી ઊલટી પરિણતિ જોઈએ. વિભાવની રુચિ કરે અને કહે કે મને મોક્ષમાર્ગ પ્રગટ થયો છે એમ તો બને નહિ કેમ કે મોક્ષમાર્ગ પ્રગટ થયો હોય તો આત્માની રુચિ હોવી જોઈએ અને પરની રુચિ ન જોઈએ. સંસારી જીવોને ઈષ્ટ-અનિષ્ટ સામગ્રીથી રાગદ્વેષ થાય છે.

પરપદાર્થમાં ઈષ્ટબુદ્ધિ માનવી તે જ મિથ્યાત્વ છે. સમ્યગ્દષ્ટિને પરપદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ હોતી નથી. ક્ષુધામાં ખેદ થાય તે અનિષ્ટબુદ્ધિ છે. જ્ઞાનીને એવી ખેદબુદ્ધિ નથી. આહાર પેટમાં બરાબર કસવાળો હોય તો ઉપવાસમાં શાંતિ રહે; અને ભૂખ લાગે અને આહાર આદિ ન મળે તો અશાંતિ થાય છે એમ જેની માન્યતા છે તેને પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ છે. જ્ઞાનીને એવી બુદ્ધિ થતી નથી. સમ્યગ્દષ્ટિને પોતાની નબળાઈના કારણે રાગદ્વેષ થાય છે તે પરના કારણે રાગદ્વેષ થાય છે એમ માનતો નથી.

સમ્યગ્દષ્ટિ રાજા હોય અને કોઈ બીજો રાજા રાજ્ય ઉપર આક્રમણ કરે તો તેને પરના કારણે દ્વેષ થતો નથી પણ પોતાની નબળાઈના કારણે દ્વેષ આવે છે એમ જાણે છે. સમ્યગ્દષ્ટિ રાગ છોડવાને અર્થે ભોજનાદિ સામગ્રીનો ત્યાગી થાય છે. આ વ્યવહારનયનું કથન છે. ખરેખર સ્વભાવ સન્મુખ થતાં રાગાદિ છૂટી જાય છે અને તેથી ઈષ્ટ ભોજનાદિનો વિકલ્પ હોતો નથી ને બહારમાં ભોજનાદિનો યોગ પણ હોતો નથી. તેથી ભોજનાદિનો ત્યાગી થાય છે -એમ વ્યવહારથી કહેલ છે. સમ્યગ્દષ્ટિને સ્વભાવસન્મુખ દષ્ટિ હોવાથી સ્વાધીનપણે પોતે ભાવના કરે છે તેથી ઈષ્ટ-અનિષ્ટ સામગ્રી પ્રત્યે રાગદ્વેષ થતો નથી.

**શ્રાવણ વદ ૪, શુક્રવાર, ૨૮-૮-૫૩.**

જૈન સંપ્રદાયમાં પણ જેને નિશ્ચય-વ્યવહારનું યથાર્થ ભાન નથી એવા મિથ્યાદૃષ્ટિની વાત અહીં કહે છે. એમાંથી અહીં નિશ્ચયાભાસીની વાત કરે છે.

આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદની દૃષ્ટિ જેની થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિને શાસ્ત્રાભ્યાસનો વિકલ્પ નીચલી ભૂમિકામાં આવ્યા વિના રહે નહિ છતાં નિશ્ચયાભાસી અજ્ઞાની તે વિકલ્પનો નિષેધ કરે છે. અને જ્ઞાનીને અંતર્લીનતા ન હોય તે વખતે તપશ્ચરણાદિનો વિકલ્પ હોય છે. હું ઈચ્છા રહિત થાઉં એવી ભાવના જ્ઞાનીને પણ હોય છે પણ અનશનાદિ ઉપર જ્ઞાનીને દ્વેષ હોતો નથી. અજ્ઞાનીને તો તપશ્ચરણાદિમાં દ્વેષ થાય છે તેથી તે ઉપવાસાદિને ખેદ ઠરાવે છે. એનો અર્થ એવો થયો કે ખાવું-પીવું એમાં સુખ છે એવી તેની બુદ્ધિ છે માટે તે મિથ્યાદૃષ્ટિ છે.

ભોજનનો ત્યાગભાવ તે શુભ પરિણામ છે અને ભોજન લેવાનો ભાવ તે અશુભ ભાવ છે. હવે જેણે શુભ ભાવમાં કલેશ માન્યો તેને ભોજન લેવામાં સુખબુદ્ધિ થઈ. જ્ઞાનીને એવી બુદ્ધિ હોતી નથી. હું મોક્ષમાર્ગી છું -એમ અજ્ઞાની માને છે. તો તેને જ્ઞાનીના જેવો ભાવ હોવો જોઈએ, પણ તે ભાવ નથી માટે તે મિથ્યાદૃષ્ટિ જ છે.

**પ્રશ્ન** : કોઈ સમ્યગ્દૃષ્ટિ તપશ્ચરણ નથી પણ કરતાં, ઘણા સમ્યગ્દૃષ્ટિએ ઉપવાસ પણ કર્યા નથી એવું શાસ્ત્રમાં પણ આવે છે.

**ઉત્તર** : કોઈ કારણવિશેષથી તેનાથી તપ થઈ શકતું નથી. સમ્યગ્દૃષ્ટિ શક્તિ પ્રમાણે ત્યાગ-તપ કરે છે. મિથ્યાદૃષ્ટિને એ વિવેક હોતો નથી. જ્ઞાની તો વર્તમાન પોતાના પરિણામ જોઈને ત્યાગ અને ઉપવાસ આદિ કરે છે. હઠથી ત્યાગ કરતાં નથી પરંતુ શ્રદ્ધાનમાં તો તપને તે ભલું જાણે છે. જ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિ હોવાના કારણે પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે. તેથી તેને ક્યારે હું દીક્ષા ગ્રહણ કરું વગેરે ભાવના કરે છે અને તેના સાધનનો ઉદ્યમ પણ રાખે છે. સ્વરૂપમાં એકાગ્ર થવાનો પુરુષાર્થ કરે નહિ અને બહારમાં ત્યાગી નામ ધરાવે તેને સમ્યગ્દૃષ્ટિ કેવી રીતે કહેવો ? કેમ કે અજ્ઞાનીને શ્રદ્ધામાં તો તપ કરવો તે કલેશ છે એમ ઠરાવે છે તેથી તેને ધર્મ થતો નથી.

**પ્રશ્ન** : તો શાસ્ત્રમાં એમ કહ્યું છે કે તપ આદિ કલેશ કરે છે તો કરો પરંતુ જ્ઞાન વિના સિદ્ધિ નથી, તેનું શું કારણ ?

**ઉત્તર** : જે જીવો તત્ત્વજ્ઞાનથી પરાઙ્મુખ છે તેને એમ કહ્યું છે. જુઓ, અહીં તત્ત્વજ્ઞાનની વાત મુખ્ય લીધી છે. આત્માના જ્ઞાનની વાત કરી નથી કેમ કે પુણ્ય-પાપ આદિ સાત તત્ત્વોની જેને ખબર જ નથી એને સમ્યગ્દર્શન હોય જ નહિ. જે જીવ તત્ત્વજ્ઞાન કરતો નથી અને ઉપવાસ આદિ બહારની ક્રિયામાં જ મોક્ષ માને છે તેમને એવો ઉપદેશ આપ્યો છે કે જ્ઞાન વિના ત્રણ કાળમાં મોક્ષ થાય



નહિ. જીવ અજીવાદિ સાત તત્ત્વોને જાણ્યા વિના એકલી બહારની ક્રિયા કરે અને શુભ ભાવ કરે એનાથી રાગાદિનો અભાવ થાય નહિ પરંતુ રાગના નાશને માટે તપાદિનો નિષેધ નથી.

અજ્ઞાની તો તત્ત્વ શું કહેવાય, અતત્ત્વ શું કહેવાય -એનું જ્ઞાન કરે નહિ અને એકલી તપશ્ચર્યા કરે, શરીરને સૂકવી નાખે અને એ વડે ધર્મ માની બેસે છે -એને એમ કહેલ છે કે આત્માના ભાન વિના ધર્મ ત્રણ કાળમાં થાય નહિ. તત્ત્વદૃષ્ટિ વિના ઉપવાસાદિ કરે તેથી કાંઈ લાભ થાય નહિ. ઊંટનો પગ ભાંગી જાય અને જંગલમાં પડ્યો હોય તે ઘાસ-પાણી વગરનો સૂકાઈને મરી જાય તેમ જે અજ્ઞાની આત્માને સમજ્યા વિના તપ કરે -એ બન્ને સરખા છે. કેમ કે એવી ક્રિયા તો અનંતવાર કરી છે પણ તત્ત્વજ્ઞાન થતાં રાગાદિના અભાવ અર્થે સમ્યગ્દૃષ્ટિ પણ તપની ભાવના કરે છે. સ્વભાવની લીનતાપૂર્વક ઈચ્છાનો અભાવ કરવાની તો જ્ઞાની પણ ભાવના કરે છે. જો એમ ન હોય તો ગણધરાદિક ચારિત્ર શા માટે ગ્રહણ કરે ? ખરેખર ચારિત્ર તો અંતર્લીનતા તે છે; નિમિત્તરૂપે બહારમાં શુભ ભાવ હોય છે.

જ્ઞાની પણ ચારિત્ર ગ્રહણ કરે છે, માટે શક્તિ અનુસાર તપ કરવો યોગ્ય છે, પણ અજ્ઞાની તો વ્રતાદિને બંધન માને છે. નિશ્ચય વ્રત કાંઈ બંધનું કારણ નથી. નિશ્ચય વ્રત થતાં વ્યવહાર પણ જ્ઞાનીને હોય છે છતાં અજ્ઞાની તો સ્વચ્છંદવૃત્તિ કરે છે. યથાર્થ જ્ઞાન થાય તો સ્વચ્છંદવૃત્તિ રહે નહિ અને એમ થતાં બહારમાં નિમિત્તરૂપે તપ અને ત્યાગ અવશ્ય હોય છે.

**પ્રશ્ન** : અમારા પરિણામ શુદ્ધ છે. બાહ્યત્યાગ ન કર્યો તો ન કર્યો ?

**ઉત્તર** : જો અહીં નિમિત્તને ઉડાવવાની વાત અજ્ઞાની કરે છે. વિષયસેવન કરે અને કહે કે અમારા પરિણામ એવા ન હતા, પણ એમ બને નહિ. સ્વચ્છંદી થઈ અશુભ ભાવ કરે, હિંસા, અસત્ય, ચોરી આદિ કરે અને કહે કે અમને મૂર્છા નથી, પણ પરિણામ વિના એવા કાર્ય સ્વયં થતાં નથી. એટલે કે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. જ્ઞાનીને હિંસા આદિના ભાવ હોય છે પણ મૂર્છા હોતી નથી. પૃથ્વી, પાણી આદિમાં અસંખ્ય જીવો હોય છે. ત્યાગી નામ ધરાવીને, ગૃહસ્થો પોતાના માટે તે પાણી બનાવે છે એમ ખબર હોવા છતાં તે પાણી લે તો તે હિંસાનો ભાગીદાર છે. એટલે કે તેને પણ હિંસાના પરિણામ છે. છતાં અમારે હિંસાના પરિણામ નથી એમ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. કરવું, કરાવવું અને અનુમોદવું એ બધો પાપ ભાવ છે. જ્ઞાની તો સમજે છે કે એવા પરિણામ મારી નબળાઈના કારણે થાય છે. અજ્ઞાની તો એવા પરિણામ થાય છે છતાં પોતાને શુદ્ધ પરિણામ છે એમ માને છે -એ જ મિથ્યાત્વ છે.

એક રાજા પાસે એક વખત સ્વામીનારાયણના સાધુ ગયા. તેને રાજાએ પૂછ્યું કે તમને કોઈ ભક્તિથી પૈસા મૂકે તો શું કરો ? અને રેલ્વેની ટિકીટ જોઈતી હોય તો શું કરો ? તેણે જવાબ આપ્યો કે અમારી સાથે પાળા રહે છે તે પૈસા લઈ લે અને ટિકીટ પણ તે લે, અમે તો નિષ્પરિગ્રહી છીએ.

ત્યારે રાજાએ કહ્યું કે હું પણ રાજ્યની ઉપજના પૈસા મારી પાસે નથી રાખતો, તે બધા મારો દીવાન સાચવે છે અને મારી જોઈતી વસ્તુઓ પણ તે લાવી આપે છે. માટે મહારાજ તમારો ત્યાગ પણ મારા જેવો જ છે, મારામાં અને તમારામાં કાંઈ ફેર રહ્યો નહિ. હું પણ મારા ખિસ્સામાં પૈસો પણ રાખતો નથી; એમ કોઈ ત્યાગી થઈને બીજા પાસે કામ કરાવે અને અનુમોદન આપે તો તે ત્યાગી નથી. છતાં પોતે ત્યાગી છે એમ માને અને અમારા પરિણામ શુદ્ધ છે એમ માને તો તે મિથ્યાદષ્ટિ છે. કેમ કે પોતાના પરિણામને અને બાહ્ય ક્રિયાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. માટે પરિણામ વિના એવા કાર્યો હોય નહિ. અહીં ચારિત્રની અપેક્ષાએ વાત છે, દૃષ્ટિની અપેક્ષાએ વાત નથી. અજ્ઞાની તો પોતાને વર્તમાન શુદ્ધ પરિણામ માને છે તેથી તે હિંસાદિના પરિણામને ગણતો નથી પણ એ રીતે પોતાને વર્તમાન શુદ્ધ પરિણામ માનતા અશુદ્ધ અવસ્થાનો તો કદી નાશ થશે જ નહિ.

**પ્રશ્ન** : પરિણામોને રોકતા પણ એ બાહ્ય હિંસાદી ઘટાડી શકાય છે. પરંતુ પ્રતિજ્ઞા કરવામાં તો બંધ થાય છે માટે પ્રતિજ્ઞા કરવી યોગ્ય નથી.

**ઉત્તર** : જે કાર્ય કરવાની આશારૂપ આસક્તિ રહે તેની પ્રતિજ્ઞા લેવાતી નથી. કેમ કે આસક્તિભાવ છે ત્યાં રાગ તો અવશ્ય હોય છે માટે આસક્તિનો ભાવ છોડ્યો નથી એટલો તો દોષ જરૂર હોય છે. આસક્તિભાવ છોડ્યા વિના પ્રયોજન પડતાં તદ્રૂપ પરિણામ થાય છે અને પ્રયોજન પડ્યા વિના પણ આશા રહે માટે પ્રતિજ્ઞા કરવી યોગ્ય છે.

**પ્રશ્ન** : ઉદય કેવો આવશે એની ખબર નથી તેથી પ્રતિજ્ઞા લીધા પછી ભંગ થાય તો પાપ થાય માટે પ્રતિજ્ઞા ન લેવી જોઈએ.

**ઉત્તર** : પ્રતિજ્ઞાનો નિર્ધાર થઈ શકશે નહિ એમ લાગે તો પ્રતિજ્ઞા ન કરવી જોઈએ. પણ પ્રતિજ્ઞા લીધા પહેલા જ એવો અભિપ્રાય રાખે કે જ્યારે જરૂર પડશે ત્યારે છોડી દેશું તો તે પ્રતિજ્ઞાથી કાંઈ લાભ નથી. આસક્તિનો ભાવ છોડ્યા વિના અવિરત સંબંધી બંધનો અભાવ થાય નહિ. સમ્યગ્દષ્ટિને બંધ હોતો નથી એ તો દૃષ્ટિ અપેક્ષાએ કહેલ છે પણ હજુ ચારિત્રદશામાં જેટલો શુભ-અશુભ ભાવ છે તેટલું તો બંધન સમ્યગ્દષ્ટિને પણ છે.

વળી સ્વભાવ તરફનો પુરુષાર્થ કરે નહિ અને કર્મનો ઉદય ક્યારે આવશે ? એવો વિચાર કરે તો તેથી યથાર્થ પુરુષાર્થ થાય નહિ. જેમ કોઈ પોતાને પચે એટલું અનાજ લે પણ બીજા કોઈને પચતું ન હોય અને અનાજ ન લે એની માફક આ પણ ન લે તો મરણ જ થાય; એમ કોઈ પ્રતિજ્ઞા લઈને ભ્રષ્ટ થયા હોય એમ જાણીને પોતે પ્રતિજ્ઞા ન લે તો રાગાદિનો અભાવ ન થાય. માટે પ્રતિજ્ઞા અવશ્ય લેવી જોઈએ. જ્ઞાની તો પોતાની શક્તિ પ્રમાણે પ્રતિજ્ઞા લે છે. છતાં પાછળથી પુરુષાર્થની નબળાઈ લાગે તો પ્રતિજ્ઞા છોડી દે છે. પણ અજ્ઞાની તો પહેલેથી જ ઉદયનો દોષ કાઢે તેને પ્રતિજ્ઞાના યથાર્થ ભાવ જ નથી. જ્ઞાની હઠથી ત્યાગ કરતાં નથી. સમંતભદ્ર મુનિ તો આચાર્ય હતા. છતાં પોતાના



પરિણામ જોઈને આચાર્ય પદવી પણ છોડી દીધી. જ્ઞાનીને વિવેક હોય છે, અજ્ઞાનીને એવો વિવેક હોતો નથી. અંતરસ્વરૂપમાં લીનતા કરતો નથી અને એવો ભાવ પણ નથી તેથી તે સ્વચ્છંદી થઈ પ્રતિજ્ઞાનો નિષેધ કરે છે પરંતુ જ્ઞાનીને પણ પ્રતિજ્ઞા હોય છે તેથી પ્રતિજ્ઞા લેવી આવશ્યક છે.

## શ્રાવણ વદ ૫, શનિવાર, ૨૯-૮-૫૩.

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ છે એવી અંતર્દૃષ્ટિ થઈ ન હોય અને શુભ ભાવ જે આવવો જોઈએ એને અજ્ઞાની ગણતો નથી. તે જીવ સ્વચ્છંદી થઈ એકલા અશુભ ભાવમાં પ્રવર્તે છે તે નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ છે.

જ્ઞાનીને આત્માનું ભાન હોય છે, છતાં શુભ ભાવ આવ્યા વિના રહેતો નથી. જ્ઞાની પર પર્યાયને પલટાવવા માગતો નથી અને પોતાની પર્યાયને પણ ફેરવવા માગતો નથી. તેની દૃષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી તે જ્ઞાતા જ રહે છે. આત્માની સન્મુખતા જ્ઞાનીને છૂટતી નથી. શુભાશુભ ભાવ હોવા છતાં તેની રુચિ જ્ઞાનીને હોતી નથી. અજ્ઞાનીને સ્વભાવની રુચિ થઈ નથી. તે જીવ તપ-ત્યાગને કલેશ ઠરાવે છે તેની અહીં વાત ચાલે છે.

જ્ઞાની તપનો નિષેધ કરતો નથી પણ તપની ભાવના ભાવે છે. ભલે વર્તમાનમાં જ્ઞાનીને ત્યાગ-તપ ન હોય છતાં તે તેનો નિષેધ કરતો નથી. અજ્ઞાનીને આત્માની યથાર્થ પ્રતીતિ નથી તેથી તેને ત્યાગ-તપ કલેશરૂપ લાગે છે. જ્ઞાનીને નબળાઈને કારણે ખેદ અને રાગ આવે ખરો પણ તેનો તે જ્ઞાતા રહે છે. અજ્ઞાની તેમાં એકત્વબુદ્ધિ કરે છે. કોઈ જીવ કદાચિત્ પ્રતિજ્ઞાથી પાછો પડી ગયો હોય તો તેનો દાખલો લઈને કોઈને પ્રતિજ્ઞા ન કરવી એમ નથી. વિષ્ણુમુનિને પોતાના કારણે વિકલ્પ આવ્યો અને તે મુનિપણાથી પાછા પડ્યા એટલે બીજાએ એનું દૃષ્ટાંત લઈને આત્મામાં સ્થિરતારૂપ પ્રતિજ્ઞા બિલકુલ ન જ કરવી એમ નથી. જ્ઞાનીને વિશેષ સ્થિરતા કરવાની ભાવના હોય છે. તે શક્તિ અનુસાર તપશ્ચર્યા કરે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને પ્રતિજ્ઞા કરે છે, મરણ પર્યંત કષ્ટ આવે તો પણ પ્રતિજ્ઞાને ન છોડે, પ્રતિજ્ઞામાં તે અનાદર કરતો નથી કેમ કે સમ્યગ્દષ્ટિ તત્ત્વજ્ઞાનપૂર્વક પ્રતિજ્ઞા કરે છે. નિમિત્તના વિવેકપૂર્વક, ક્રમબદ્ધના ભાનપૂર્વક જ્ઞાની પ્રતિજ્ઞા કરે છે. મિથ્યાદષ્ટિ પણ કદાચિત્ પ્રાણ જાય તો પણ કરેલી પ્રતિજ્ઞા ન છોડે છતાં એને ધર્મ થતો નથી અને સમ્યગ્દષ્ટિ પ્રતિજ્ઞા લે છે તે યથાર્થ આત્મભાનપૂર્વક લ્યે છે એટલે એ પ્રતિજ્ઞાનો અનાદર કરતો નથી. જ્ઞાની હઠથી પ્રતિજ્ઞા કરતો નથી, અજ્ઞાની હઠથી પ્રતિજ્ઞા કરે છે. છતાં પણ પ્રતિજ્ઞા એવી હોવી જોઈએ કે તે લીધા પછી પણ ન તોડે તો શુભ ભાવરૂપ સાચી પ્રતિજ્ઞા કહેવાય, પણ પ્રતિજ્ઞા લેતાં જ ભવિષ્યમાં નભશે નહિ એમ ધારીને પ્રતિજ્ઞા લે તો તેને શુભ ભાવ પણ સાચો નથી. અહીં કહે છે કે કોઈ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયો, તેને જાણીને જ્ઞાનીએ પ્રતિજ્ઞાનો નિષેધ કરવો યોગ્ય નથી. પણ આત્માની સ્થિરતારૂપ ભાવના ભાવવી તે યોગ્ય છે.

વળી પ્રારબ્ધાનુસાર કાર્ય બને જ છે પણ તું પુરુષાર્થપૂર્વક ભોજનાદિકનો વિકલ્પ કરે છે અને અહીં પ્રતિજ્ઞા કરવાનો ભાવ કરવાની મનાઈ બતાવે છે. જો અશુભ ભાવ પણ પુરુષાર્થપૂર્વક કરે છે તો ત્યાગના ભાવનો ઉદ્યમ કરવો યોગ્ય જ છે. એટલે કે સ્વરૂપની સ્થિરતાનો પ્રયત્ન કરવો યોગ્ય છે. હા, જો અપ્રમત્ત દશા થઈ ગઈ હોય તો પુરુષાર્થપૂર્વક બહારમાં કાંઈ થયું નથી એમ અમે માનશું. પણ સ્વચ્છંદી થવાની યુક્તિ કરવી યોગ્ય નથી, તેથી પ્રતિજ્ઞા કરવી યોગ્ય છે. સ્ત્રીઆદિના સંગનો ભાવ કરે છે અને અસંગ થવાનો ભાવ કરતો નથી તે સ્વચ્છંદી છે. અજ્ઞાની એકાંત કરે છે તેને કહે છે કે વ્રતાદિ કરવા યોગ્ય છે.

વળી નિશ્ચયાભાસી પૂજનાદિ કાર્યોને શુભાસ્રવ જાણીને હેય માને છે એ વાત તો સાચી છે પણ તે શુભ ભાવ છોડીને શુદ્ધ ઉપયોગમાં રહેતો હોય તો બરાબર છે. પણ વિષય કષાયરૂપ અશુભ ભાવમાં પ્રવર્તે અને શુભ ભાવનો નિષેધ કરે તે તો મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને તો બધો વિવેક હોય છે. હજુ પરમાંથી રુચિ ખસી ન હોય અને અમે વીતરાગી થઈ ગયા છીએ એમ માનનાર નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે.

અહીં હઠથી ત્યાગી થઈ જવાની વાત નથી અને એકલો શુભ ભાવ કરવાની પણ વાત નથી. પણ તત્ત્વજ્ઞાનપૂર્વક, અશુભ ભાવ છોડીને, જ્ઞાનીને પણ પૂર્ણદશા ન હોય ત્યાં સુધી શુભ ભાવ હોય છે એમ અહીં બતાવવું છે, પણ શુભ ભાવ ન કરે અને એકલા અશુભ ભાવમાં રહે તો તેને ઊંચી ગતિ પણ ન થાય અને એકલું બૂરું જ થાય. શુભ ભાવથી સ્વર્ગાદિ થાય અને ભલી વાસના કરે તો ભલા નિમિત્તો થતાં કર્મના સ્થિતિ-અનુભાગ પણ ઘટી જાય છે. ત્યાં કદાચિત્ પુરુષાર્થ કરે તો સમ્યક્ત્વાદિ પણ પ્રાપ્ત થાય છે. એકલા અશુભ ભાવથી તો નરક-નિગોદમાં જ જાય છે એટલે એને સમ્યગ્દર્શનાદિ પ્રગટ થવાં ઘણા દુર્લભ થઈ પડે છે. શુભોપયોગમાં મંદ કષાય છે, અશુભોપયોગમાં તીવ્ર કષાય છે. હવે મંદ કષાયના કારણો છોડી, તીવ્ર કષાયના કારણો તો એવા છે કે જેમ કડવી વસ્તુ ન ખાવી અને ઝેર ખાવું, પણ તે તો અજ્ઞાન છે.

**પ્રશ્ન** : શાસ્ત્રમાં તો શુભ અને અશુભને તો સરખા કહેલ છે માટે અમારે શુભ રાખવા અને અશુભને છોડવા એવો ભેદ પાડવો નથી.

**ઉત્તર** : જે જીવ શુભ ભાવને જ મોક્ષનું કારણ માને છે અને શુદ્ધોપયોગને ઓળખતો પણ નથી તેને શુભાશુભ ભાવ સરખા છે એમ કહેલ છે. અજ્ઞાની તો શુભ ભાવ કરતાં કરતાં કલ્યાણ થઈ જાય છે એમ માને છે. તેને કહે છે કે જેને શુદ્ધોપયોગ હોતો નથી તેને શુભ ભાવ પરંપરાએ મોક્ષનું કારણ પણ કહેવાતું નથી. એક તો પુણ્ય-પાપ બન્ને અશુદ્ધ ભાવ છે અને બીજું પુણ્ય-પાપ બંધના કારણ છે એ અપેક્ષાએ બન્ને સમાન છે પણ પુણ્ય-પાપનો ભેદ પાડીને જોઈએ તો પુણ્ય પરિણામમાં મંદ કષાય છે અને પાપ પરિણામમાં તીવ્ર કષાય છે. તેથી પુણ્ય પરિણામમાં બંધ પણ



ઓછો થાય છે. ઉપવાસાદિ કરે અને તૃષા લાગે ત્યારે આર્તધ્યાન કરે તો તે પાપભાવ જ છે, અને કષાયની મંદતામાં પુણ્યભાવ છે -એ અપેક્ષાએ પુણ્ય-પાપમાં ફેર છે. પાપભાવમાં બંધ પણ ઘણો થાય છે તેથી પાપ કરતાં પુણ્યભાવ ઠીક છે અને ધર્મની અપેક્ષાએ પુણ્ય-પાપ બન્ને સરખા છે.

રોગ તો થોડો અથવા ઘણો હોય તો તે ખરાબ જ છે પણ પાંચ ડીગ્રીની અપેક્ષાએ એક ડીગ્રી તાવને સારો કહેવાય છે, તેમ શુદ્ધોપયોગ ન હોય ત્યારે અશુભ ભાવ છોડીને શુભમાં પ્રવર્તવું યોગ્ય છે. આ વાતના મર્મને ન સમજે તો કાં તો એકલા શુભ ભાવમાં લાગી જાય અને કાં તો શુભને છોડીને અશુભમાં લાગી જાય છે પણ શુદ્ધોપયોગ કરવાનો પ્રયાસ કરતો નથી તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. વીતરાગમાર્ગ તો અલૌકિક માર્ગ છે. તેને સમજવા માટે ઘણો પુરુષાર્થ જોઈએ.

અનાદિથી પર ઉપર દૃષ્ટિ અને રુચિ છે. તે દિશા બદલીને સ્વમાં રુચિપૂર્વક અંતરસ્થિરતા કરવી તેમાં અનંતો પુરુષાર્થ છે. અત્યારે તો જૈનના નામે અનેક પ્રકારની આત્માની વાતો કરે છે. એવી વિપરીત દૃષ્ટિવાળાનો સંગ વધી ગયો છે તેથી આ વાત સમજવી દુર્લભ થઈ પડી છે. શુભ ભાવથી ધર્મ થતો નથી અને શુભ ભાવ આવ્યા વિના પણ રહેતો નથી એમ બન્નેને યથાર્થપણે સમજવું.

**પ્રશ્ન** : કામાદિક અને ક્ષુધાદિક મટાડતાં અશુભ પ્રવૃત્તિ તો થયા વિના રહેતી નથી અને શુભ ભાવ કરવો હોય તો નવી ઈચ્છા કરવી પડે છે. હવે જ્ઞાનીને તો નવી ઈચ્છા કરવી નથી માટે શુભનો ઉદ્યમ ન કરવો. અશુભ ભાવમાં તો વિકલ્પો સહજ આવી જાય છે, એના માટે પુરુષાર્થ કરવો પડતો નથી. શુભ ભાવમાં પુરુષાર્થ કરવો પડે છે. માટે શુભ ભાવની પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી એવો નિશ્ચયાભાસીનો પ્રશ્ન છે, તેનો જવાબ હવે આપશે.

## શ્રાવણ વદ ૬, રવિવાર, ૩૦-૮-૫૩.

જૈનમાં જન્મ્યા છતાં નિશ્ચય અને વ્યવહારની સંધિનું જ્ઞાન નથી ને એકાંત માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. અહીં નિશ્ચયાભાસીનું વર્ણન ચાલે છે. તે માને છે કે હું સમ્યગ્દૃષ્ટિ છું ને અશુભ સહેજે થઈ આવે છે ને શુભમાં પુરુષાર્થ કરવો પડે છે. એવી દૃષ્ટિવાળાને ઉપદેશ કરે છે. અશુભ ભાવમાં પુરુષાર્થ કરે છે ને કહે છે કે તે સહેજે થઈ આવે છે.

સમય સમયમાં પોતાને તથા અનંતા પરને ક્રમે ક્રમે પર્યાય છે તેમ માનનારને પરનું કર્તૃત્વ ઊડી જાય છે, તેમ જ પોતામાં પણ ક્રમબદ્ધપર્યાય થાય છે તેના ઉપર પણ તેની દૃષ્ટિ નથી. હું આવો શુભ રાગ કરું ને અશુભને છોડું એવી દૃષ્ટિ તેને હોતી નથી. આમ વિકાર ને પરનો અકર્તા છું ને સ્વભાવનો કર્તા છું એવી સાચી દૃષ્ટિ થઈ છે તેને અહીં ઉપદેશ નથી પણ નિશ્ચયાભાસીને ઉપદેશ આપે છે.

અશુભ કે શુભ પરિણામ તેના સ્વકાળે આવે છે છતાં પરની તથા રાગની કર્તૃત્વબુદ્ધિ જ્ઞાનીને

નથી. આવા પુણ્ય પરિણામ લાવું એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી. અહીં નિશ્ચયાભાસીની વાત છે. શુભ પરિણામ ચારિત્રગુણની પર્યાયમાં ક્રમસર આવે છે તેની જેને ખબર નથી એવા નિશ્ચયાભાસીને કહે છે કે શુભ-અશુભ બન્નેમાં પુરુષાર્થ છે. પૂજા, ભક્તિ, દયા, દાન આદિમાં લક્ષ જવાથી ને તેના નિમિત્તથી વીરાગતા વધવાથી કામાદિ હીન થાય છે. ધંધા આદિના પરિણામ અશુભ છે ને વિનય આદિના પરિણામ શુભ છે. શુભ વખતે કામવાસના તરફનું લક્ષ ઘટી જાય છે. વળી શાસ્ત્ર તરફ લક્ષ હોય ત્યારે ક્ષુધા-તૃષા ઉપર લક્ષ જાય છે ને સંકલેશભાવ થોડો થાય છે. માટે શુભ ઉપયોગનો અભ્યાસ વ્યાજબી છે. ઉદ્યમ કરવા છતાં ક્ષુધા, તૃષા વગેરે રહે તો તે અર્થે થોડું પાપ લાગે તેમ કરવું. આ ઉપદેશના વાક્યો છે. જ્ઞાની તો સહજ પરિણામમાં વર્તે છે. વળી અહીં શુભનો અભ્યાસ કરવા કહ્યું એટલે શુભ પરિણામ કરવા જેવા છે એવો તેનો અર્થ નથી. વળી મિથ્યાદૃષ્ટિ શુભ ભાવમાં ધર્મ નહિ હોવા છતાં ધર્મ માને છે તેથી તેને મિથ્યાત્વનું મોટું પાપ લાગે છે.

અહીં તો સ્વચ્છંદી જીવની વાત કરે છે. તે અશુભનો આદર કરે છે ને કહે છે કે અશુભ સહેજે આવી જાય છે ને શુભમાં પુરુષાર્થ કરવો પડે છે. તો એમ કહેનારને પુરુષાર્થની ખબર નથી. બન્નેમાં પોતાનું ઊંધું વીર્ય છે.

અહીં કહ્યું કે ક્ષુધા, તૃષા વખતે થોડું પાપ લાગે તેમ કરવું પણ અહીં પાપ કરવાની વાત નથી. સમ્યગ્દૃષ્ટિને શુભાશુભ પરિણામ આવે છે છતાં તેનો તેને આદર નથી. જ્ઞાનીને અશુભ પરિણામ થાય છે તેની નિંદા કરે છે ને તેનું જ્ઞાન વર્તે છે. માટે શુભોપયોગને છોડી નિઃશંક પાપરૂપ પ્રવર્તવું તો યોગ્ય નથી.

વળી તું કહે કે ''જ્ઞાનીને ઈચ્છા નથી અને શુભોપયોગ ઈચ્છા કરવાથી થાય છે'' પણ જેમ કોઈ પુરુષ કિંચિત્માત્ર પણ પોતાનું ધન આપવા ઈચ્છતો નથી પરંતુ જ્યાં ઘણું દ્રવ્ય જતું જાણે ત્યાં અલ્પ દ્રવ્ય આપવાનો ઉપાય કરે છે. પચીસ હજાર રૂપિયાની નુકસાની જતી હોય ત્યારે પાંચસો રૂપિયા જતા કરીને પણ સમાધાન કરે છે. તેમ જ્ઞાની કષાયના કાર્યો કરવા જેવા માનતો નથી પરંતુ જ્યાં ઘણા અશુભ ભાવ થતાં જાણે ત્યાં ઈચ્છા કરીને શુભ પરિણામ કરે.

એ પ્રમાણે આ વાત સિદ્ધ થઈ કે જ્યાં શુદ્ધોપયોગ થતો જાણે ત્યાં તો શુભકાર્યનો નિષેધ જ છે.

એક જાણને પ્રશ્ન પૂછવામાં આવેલ તે પ્રતિક્રમણના કાળે શુક્લધ્યાનની શ્રેણી મંડાતી હોય તો શું કરવું ? તેણે જવાબ આપ્યો કે પ્રતિક્રમણ તો વખતસર કરવું જોઈએ. આમ અજ્ઞાની જીવોને તત્ત્વની ખબર નથી. પ્રતિક્રમણ તો શુભ રાગ છે -શુક્લધ્યાન તો શુદ્ધોપયોગ છે.



## કેવળ નિશ્ચયાવલંબી જીવની પ્રવૃત્તિ

એક શુદ્ધાત્માને જાણવાથી જ્ઞાનીપણું હોય છે અન્ય કશાની જરૂર નથી એમ તે માને છે પણ તેને સાત તત્ત્વની ખબર નથી. એકલા આત્માની શ્રદ્ધા સમ્યગ્દર્શન નથી. અજ્ઞાનીને છ દ્રવ્યની ખબર નથી. કોઈ વેળા ધ્યાનમાં બેસી જાય ને ધારે કે હું સર્વ કર્મ રહિત છું ને સિદ્ધ સમાન છું ઈત્યાદિ વિચારથી સંતુષ્ટ થાય છે પણ એ સર્વ કર્મઉપાધિ રહિત વિશેષણ કેવી રીતે લાગુ પડે છે તેની તેને ખબર નથી. માત્ર શબ્દો ગોખી જાય છે, તે મિથ્યાત્વનું ઘુંટણ કરે છે.

વળી ભગવાન આત્મા અચલ છે, અખંડિત છે એમ કહે છે. એમ તો છયે દ્રવ્યો અચલ ને અખંડિત છે પણ આત્મામાં અચલપણું કેવી રીતે છે તેની તેને ખબર નથી. વળી કહે કે આત્મા અનુપમ છે પણ પરમાણુ આદિ પાંચ દ્રવ્યો પણ અનુપમ છે. કોઈને કોઈની ઉપમા નથી. વળી બધા દ્રવ્યો અચિંત્ય અને અતીંદ્રિય છે. આત્માને અચિંત્ય ને અતીંદ્રિય શા માટે કહ્યો તેની તેને ખબર નથી. એવા વિશેષણો બીજા દ્રવ્યોમાં પણ છે માટે તે લક્ષણ સાચા નથી. હું પરમાનંદ છું-અભેદ છું વગેરે શબ્દો બોલી જાય પણ વસ્તુ શું છે-કેમ છે તેની ખબર નથી.

અજ્ઞાની જીવ કોઈ વેળા સૂતાં-બેસતાં જે તે અવસ્થામાં એવો વિચાર રાખી પોતાને જ્ઞાની માને છે. અજ્ઞાની જીવને આસ્રવ પરિણામ થવા છતાં તેનું ભાન નથી. વળી આગમમાં સમકિતીને આસ્રવ-બંધ નથી એમ કહ્યું છે તે દૃષ્ટિની મુખ્યતાએ કહ્યું છે પણ પર્યાયમાં આસ્રવ-બંધ થતાં જ નથી -એમ નથી. જો પર્યાયમાં વિકાર ન હોય તો તેને ટાળી વીતરાગતા પ્રગટ કરવાની રહેતી નથી. અજ્ઞાની જીવ સ્વચ્છંદી બની અશુભ પરિણામરૂપે પ્રવર્તે છે. પણ સ્વ-પરને જાણવાનું ચિહ્ન તો વૈરાગ્યભાવ છે. શ્રી સમયસારમાં પણ કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિને નિશ્ચયથી જ્ઞાન-વૈરાગ્યશક્તિ હોય છે. જ્ઞાનીને શક્તિપ્રમાણમાં રાગનો અભાવ વર્તે છે. સમકિતીને અનંતાનુબંધીના રાગનો અભાવ વર્તે છે. વળી વૈરાગ્યનો અર્થ સમજવો જોઈએ. બૈરાં-છોકરાં છોડવા તે વૈરાગ્ય નથી. અંતરમાં અનંતાનુબંધી રાગનો અભાવ થવો તે વૈરાગ્ય છે. ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર હોય છે. પૂર્ણ સ્વભાવ તરફ ઢળતાં અનંતાનુબંધીના રાગથી ખસી જાય છે.

જ્ઞાનીને જ્ઞાયકસ્વભાવની પ્રતીતિ ને રાગનો અભાવ થઈ અંશે ચારિત્ર છે. શ્રદ્ધાગુણ અખંડ સ્વભાવને પકડે છે, તેનો વિષય એક સ્વ છે, ને જ્ઞાનનો વિષય સ્વ-પર બન્ને છે. તે અખંડ સ્વભાવને તથા રાગને જાણે છે. ચારિત્ર ક્રમે ક્રમે વધે છે, તેનો વિષય ક્રમે ક્રમે વધવું તે જ છે.

સમ્યક્ શ્રદ્ધાની સાથે અનંતાનુબંધીના અભાવરૂપી વૈરાગ્ય હોય જ છે. રાગમાં કે પરમાં સુખ માને તેવી દૃષ્ટિ જ્ઞાનીને નથી, એટલો વૈરાગ્ય તો હોય જ છે. ભરત ચક્રવર્તી આખો દિવસ રાજ્યપાટમાં રહે ને છતાં સમકિતી છે ને આ ભવમાં મોક્ષ જવાના છે એમ દિવ્યધ્વનિમાં આવેલ. છ ખંડમાં રાજ્ય કરવા છતાં આ શું ? એમ કોઈ સોનીને શંકા પડેલ. તેની ભરતને ખબર પડી તેથી તેમાણે

તેને બોલાવ્યો ને કહ્યું કે તમારે હાથમાં તેલથી પૂરું ભરેલું છાલિયું લઈને આખું ગામ કેવું શણગારેલું છે તે જોવું પણ જો એ છાલિયામાંથી એક ટીપું પણ તેલનું ઢોળાશે તો સાથેનો સિપાઈ તલવારથી મારી નાખશે. સોનીએ મરણના ભયને લીધે ગામની કોઈ પણ શણગારની ચીજો જોઈ નહિ.

જેમ મરણની બીકે બહારની શોભાનો ખ્યાલ નથી પણ માત્ર કટોરાનો ખ્યાલ રાખે છે તેમ ધર્મી જીવને ચૈતન્યના સ્વભાવનો ખ્યાલ રહ્યા કરે છે. તે ક્યાંય બહારમાં સુખ માનતા નથી. અજ્ઞાની જીવને દૃષ્ટિની ખબર નથી ને આસ્રવ-બંધના પરિણામને ગણતો નથી. તેને કહે છે કે ધર્મી જીવને નિશ્ચયથી જ્ઞાન-વૈરાગ્યશક્તિ હોય છે.

## શ્રાવણ વદ ૭, સોમવાર, ૩૧-૮-૫૩.

આત્માનું સ્વરૂપ પરિપૂર્ણ છે એવું અંતરભાન થયું નથી ને પુણ્ય છોડી પાપમાં પ્રવર્તે છે તથા શાસ્ત્રની ઓથ લઈને કહે છે કે મને પણ સમ્યગ્દૃષ્ટિની જેમ બંધન નથી, તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને તો પર્યાયનો વિવેક વર્તે છે. અજ્ઞાનીને સ્વભાવનું ભાન નથી તેની વાત ચાલે છે તે બાબત શ્લોકમાં કહ્યું છે. અજ્ઞાની માને છે કે હું સમ્યગ્દૃષ્ટિ છું ને મને કદી બંધ નથી એમ શાસ્ત્રમાં કહ્યું છે. એ પ્રમાણે નિશ્ચયાભાસી જીવ ગર્વ કરે છે. અજ્ઞાનીને આત્માનું ભાન નથી ને રાગી થઈ વૈરાગ્ય રહિત આચરણ કરે છે. અંતરમાં વીરાગતા જોઈએ તે નથી. અનંતાનુબંધીના અભાવની વીરાગતા નથી. પુણ્ય-પાપના ભાવમાં મૂર્છા છે. વસ્તુનું ભાન નથી, પુણ્ય-પાપ ને નિમિત્તનો પ્રેમી મિથ્યાદૃષ્ટિ છે, તે વૈરાગ્યશક્તિ રહિત છે. પરવસ્તુ મારાથી નિરાળી છે. શરીર, કર્મ મારા નથી, પુણ્ય-પાપ નબળાઈથી થાય છે. તે મૂળ સ્વરૂપમાં નથી એવું ભાન નથી તે સમકિત ને વૈરાગ્ય રહિત છે.

ઈર્યાસમિતિ એટલે જોઈને ચાલવું. ૪૬ દોષ રહિત નિર્દોષ આહાર લ્યે એમ પાંચ સમિતિનું પાલન કરે તો કરો, તેથી કાંઈ હિત નથી કેમ કે તે રાગનો પ્રેમી છે. જ્ઞાનીને શુભ-અશુભનો ખેદ વર્તે છે અને અજ્ઞાનીને હોંશ વર્તે છે. તે પરથી ઉદાસ થયો નથી. અજ્ઞાની પાંચ મહાવ્રતને પોતાનો આધાર માને છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો એકાંત પ્રેમી થયો છે તે જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ વિનાનો મિથ્યાદૃષ્ટિ છે. પોતા માટે બનાવેલ આહાર હોય તો પ્રાણ જાય છતાં તે દોષવાળો આહાર ન લ્યે. છતાં શુભ ભાવ ઉપર દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ મુનિનું અવલંબન છે. પરમાં સાવધાનતા છે, સ્વરૂપની સાવધાનતા નથી. મારું જ્ઞાનસ્વરૂપ નિમિત્ત, રાગને વ્યવહારે જાણનાર છે. જ્ઞાનશક્તિ વિના એટલે કે જ્ઞાનની પ્રગટ પર્યાય કર્યા વિના હજુ પણ તે પાપી છે. જ્ઞાનશક્તિ તો ધ્રુવ છે તેનું અવલંબન લઈ જે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરવા જોઈએ તે પ્રગટ કર્યા નથી તેથી તે હજી પાપી જ છે. પાંચ મહાવ્રતનું પાલન કરે, પુણ્ય કરે તો પણ પાપી જ કહ્યો છે. નિશ્ચયદૃષ્ટિની અપેક્ષાએ પુણ્ય પરિણામ પણ પાપ જ છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે ને પાંચ મહાવ્રત અને ૨૮ મૂળગુણનું પાલન તે અનાત્મા છે, પણ આત્મા નથી. રાગ અજીવ છે, સ્વરૂપમાં નથી છતાં તેમાં પ્રેમ છે તેને આત્માનો પ્રેમ નથી. તેને



આત્મા ને અનાત્માનું ભેદજ્ઞાન નથી. પુણ્યમાં ધર્મ નહિ હોવા છતાં ધર્મ માને છે તેથી તેને પાપી કહ્યો છે.

એક જીવ સામાન્ય રીતે પાપ ભાવ છોડે, અનીતિ ન કરે તો વર્તમાન પરિણામની અપેક્ષાએ ઠીક છે એમ કથાનુયોગમાં કહેવાય છે. પણ અહીં તો મહાવ્રતથી ધર્મ માને છે તેને પણ દૃષ્ટિની અપેક્ષાએ પાપી કહેલ છે. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૧૯૮માં કહ્યું છે કે "જૈનધર્મમાં તો એવી આમ્નાય છે કે પહેલા મોટું પાપ છોડાવી પછી નાનું પાપ છોડાવવામાં આવે છે તેથી તે મિથ્યાત્વને સાત વ્યસનાદિથી પણ મહાન પાપ જાણી પહેલા છોડાવ્યું છે." લોકોને મિથ્યાત્વની ખબર નથી. પરસ્ત્રી, વેશ્યા, લંપટપણું, ચોરી વગેરે પાપથી પણ મિથ્યાત્વ મહાન પાપ છે. ઊંધી દૃષ્ટિના મહાન પાપની જગતને ખબર નથી. સાત વ્યસન વગેરે મોટા પાપથી પણ મિથ્યાત્વ મોટું પાપ છે. જગતમાં નિંદા, પ્રશંસાના વિચારથી શિથિલ થવું યોગ્ય નથી. અમારી દુનિયામાં ઈજ્જત જશે એ વિચારથી શિથિલ ન થવું. માટે પ્રથમ મિથ્યાત્વને છોડવું. સર્વજ્ઞના ન્યાયથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી.

વળી અમે પૂછીએ છીએ કે પરને પર જાણ્યું તો પરદ્રવ્યમાં રાગ કરવાનું શું પ્રયોજન છે ? દેવ, ગુરુ, શાસ્ત્ર, કર્મ તથા પરની ક્રિયા ભિન્ન છે એમ જાણ્યું હોય તો પરમાં રાગ-દ્વેષ કરવાનું શું પ્રયોજન છે ? સમ્યગ્જ્ઞાનમાં બધા જ્ઞેયો સમાન છે, કોઈ ઈષ્ટ-અનિષ્ટ નથી. અનુકૂળ શરીર હોય ને આહારપાણી સારા મળે તો લાભ થાય ને તાવ આવે તો નુકસાન થાય એવા રાગદ્વેષ કરવાનું શું પ્રયોજન છે ?

શરીરાદિ પર છે, તેની ગમે તે અવસ્થા હોય પણ તેનાથી લાભ કે નુકસાન માનવું તે મિથ્યા ભાવ છે.

**પ્રશ્ન** : મોહનો ઉદય આવવાથી રાગદ્વેષ થાય છે. પૂર્વે ભરતાદિ થયા. શાંતિનાથ, અરનાથ વગેરે તીર્થંકરો ગૃહસ્થદશામાં છ ખંડ સાધવા નીકળ્યા ને લગ્ન કર્યા, તેમને પણ વિષય કષાયરૂપ કાર્ય થતાં સાંભળીએ છીએ.

**ઉત્તર** : જ્ઞાનીને પોતાના પુરુષાર્થની નબળાઈ છે તેમાં મોહકર્મ નિમિત્ત છે. દુશ્મનને દેખીને જ્ઞાનીને દ્વેષ થતો નથી તથા સ્ત્રીને માટે પ્રેમ થતો નથી પણ પોતાની નબળાઈથી થાય છે, જ્ઞાનીને રુચિપૂર્વક રાગદ્વેષ થતાં નથી; તેમને રાગ હિતકર છે એવી બુદ્ધિ હોતી નથી. મારે દુશ્મનને મારવા જોઈએ ને ભક્તોનું પાલન કરવું જોઈએ એવી રુચિ હોતી નથી. ભાષામાં કથન આવે કે અમે રક્ષણ કરશું પણ ભાવમાં ફેર છે. ચક્રવર્તીને ૬૪૦૦૦ દીકરા હોય ને તેમને કહે કે મારી પ્રજા છે પણ અંતરમાં ભાવનું ભાસન જુદું છે. પરને પ્રેમ ખાતર કાંઈ કરતા નથી, પરદ્રવ્યને પોતાનું માનતા નથી. ભાષામાં એમ આવે પણ પરદ્રવ્ય ને રાગ મારું સ્વરૂપ નથી એમ અંતરમાં માને છે. યથાર્થ દૃષ્ટિ થયા પછી પરદ્રવ્યનો પ્રેમ હોય જ નહિ. અનેક પ્રકારના ભોજન ખાતો દેખાય પણ ભાન છે કે રાગદ્વેષ દુઃખદાયક છે.

આત્મા આનંદ સ્વરૂપ છે ને વિકાર મારું સ્વરૂપ નથી એમ ભાન થતાં આનંદનો અંશ પર્યાયમાં આવ્યો ત્યારે રાગરહિત દશા થઈ તે અનેકાંત છે.

પરદ્રવ્યને મારા માની લાભ માનવો તે એકાંતદષ્ટિ છે. પરદ્રવ્ય તે પરદ્રવ્ય છે ને સ્વદ્રવ્યમાં તેનો અભાવ છે તથા વિકાર વિકાર છે ને વિકારનો સ્વભાવમાં અભાવ છે -એમ જ્ઞાનીને નિર્ણય છે. દ્રવ્યમાં જ્ઞાન ને આનંદ તો છે પણ સ્વભાવના આશ્રયે સ્વસંવેદન જ્ઞાન અને આનંદ પર્યાયમાં પ્રગટતાં અનેકાંત સ્વભાવ પ્રગટ્યો. અનેકાંતપૂર્વક પ્રગટેલું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. સમકિતીને રુચિપૂર્વક પુણ્ય-પાપના ભાવો થતાં નથી.

સમ્યગ્દષ્ટિને પુરુષાર્થની નબળાઈ છે તેથી રાગાદિ થાય છે, તેમાં કર્મ નિમિત્ત છે. જો પુરુષાર્થની નબળાઈ ન હોય તો કેવળજ્ઞાન હોવું જોઈએ, પણ હજી રાગ વર્તે છે. પણ પર ચીજો રાગદ્વેષ કરાવે છે -એમ માનતાં નથી. વિકારમાં પરદ્રવ્ય નથી ને પરદ્રવ્યમાં વિકાર નથી. વિકાર સ્વભાવમાં નથી ને સ્વભાવમાં વિકાર નથી. આમ અનેકાંતનું ભાન વર્તે છે તેથી બુદ્ધિપૂર્વક (અભિપ્રાયપૂર્વક) રાગ થતો નથી. એક સમયમાં આખી ચીજ પૂર્ણ છે એવું ભાન છે. સ્વભાવને લીધે વિકાર નહિ ને વિકારને લીધે સ્વભાવ નહિ -એમ અનેકાંતનું ભાન હોવાથી રુચિપૂર્વક રાગાદિ થતાં નથી, તેનું વિશેષ વર્ણન આગળ કરશું.

જે જીવને સાત તત્ત્વોની શ્રદ્ધામાં આસ્રવ-બંધનો ખેદ વર્તતો નથી એટલે કે હેય માનતો નથી તે સ્વચ્છંદી છે. સમકિતી આસ્રવ-બંધને હેય માને છે. મિથ્યાદષ્ટિ આસ્રવ-બંધને હેય માનતો નથી ને સ્વભાવ સન્મુખ થઈ તેના નાશનો ઉપાય કરતો નથી. સ્વભાવ ઉપાદેય છે ને આસ્રવ-બંધ હેય છે એવું અજ્ઞાનીને જ્ઞાન નથી. જ્ઞાન સ્વભાવ તરફ ઢળે છે ને સ્વભાવને ઉપાદેય માન્યો ને રાગની રુચિ છૂટી તે રાગનું હેયપણું છે. સ્વભાવ ઉપાદેય ને રાગ હેય એવો વિકલ્પ ઉઠાવવો તે કાર્યકારી નથી. અજ્ઞાનીને વિકલ્પનો નાશ કરવાનો ઉદ્યમ નથી. વિકારની વિમુખતા ને સ્વભાવ સન્મુખતા અજ્ઞાની કરતો નથી. રાગાદિ પરિણામ હેય છે એવું શ્રદ્ધાન અજ્ઞાનીને સંભવતું નથી. આત્મા ઉપાદેય છે, સંવર-નિર્જરા કથંચિત્ ઉપાદેય છે ને પુણ્ય-પાપ, આસ્રવ-બંધ હેય છે એવા ભાન વિના સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. જીવ અજીવ આદિ સાતે તત્ત્વોના શ્રદ્ધાનનું પ્રયોજન એ છે કે પુણ્ય-પાપાદિને હેય જાણવા ને સ્વભાવ સન્મુખ થવાનો પ્રયત્ન કરવો; આમાં સાતે આવી જાય છે.

જીવ, સંવર, નિર્જરા ને મોક્ષની અપેક્ષા કરવી જોઈએ ને અજીવ, આસ્રવ, બંધની ઉપેક્ષા કરવી જોઈએ. સ્વભાવની સન્મુખતા ને રાગાદિની વિમુખતામાં સાતે તત્ત્વો આવી જાય છે. અજ્ઞાની જીવ પુણ્ય-પાપને બૂરા માનતો નથી પણ ઠીક માને છે તેથી તેની શ્રદ્ધા ખોટી છે. ભરત આદિ ધર્માત્માને વિષયકષાયના પરિણામ થાય છે ને જડ આદિની પ્રવૃત્તિ જડના કારણે હોય છે. પરંતુ ધર્મી માને છે કે જડની પર્યાય જડના કારણે થાય છે તથા રાગાદિ પરિણામ બૂરા છે ને સ્વભાવ ઉપાદેય છે.



પણ અજ્ઞાની જીવ ધર્માત્માના દાખલા લઈ સ્વચ્છંદી થાય તો તીવ્ર આસ્રવ-બંધને પામે.

**શ્રાવણ વદ ૮, મંગળવાર, ૧-૯-૫૩.**

આજે સવારે રેકોર્ડિંગ રીલ સંભળાવવામાં આવ્યું હતું.

**શ્રાવણ વદ ૧૦, બુધવાર, ૨-૯-૫૩.**

જૈન સંપ્રદાયમાં જન્મવા છતાં નિશ્ચય ને વ્યવહારની સંધિનું જ્ઞાન નથી તે મિથ્યાદષ્ટિ છે. સનાતન જૈન દિગંબરમાં જન્મવા છતાં અંતર વાસ્તવિક સ્વરૂપ જે જાણતાં નથી તેની વાત કરે છે. જોણે કલ્પનાથી શાસ્ત્ર લખ્યા, વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું મનાવ્યું તે તો ગૃહીત મિથ્યાદષ્ટિ છે -તેની અહીં વાત નથી. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેની ખબર નથી ને રાગ મારું કર્તવ્ય નથી એવી બુદ્ધિ થઈ નથી ને જડના કાર્યોમાં અહંબુદ્ધિ કરે છે ને ખાવાપીવાની જડની ક્રિયા મારાથી થાય છે એવી કર્તાબુદ્ધિ મટતી નથી ને પુણ્ય-પાપની કર્તાબુદ્ધિ મટી નથી તે નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિની વાત ચાલે છે.

શ્રી સમયસાર કળશમાં કહ્યું છે ''આ જ્ઞાનનયને અવલોકવાવાળા પણ જે સ્વચ્છંદી ને મંદ ઉદ્યમી થાય છે તે સંસારમાં ડૂબે છે.'' રાગાદિ મારું કર્તવ્ય નથી, દેહાદિ મારા નથી, હું જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છું, પરની ક્રિયાનો વ્યવહારે પણ કર્તા નથી. એવી અંતર્દ્રષ્ટિ ઊઘડી નથી ને સ્વચ્છંદતામાં જોડાઈ જાય છે ને હું શુદ્ધ છું એમ સ્વરૂપ સન્મુખ પુરુષાર્થ કરતો નથી તે સ્વચ્છંદી છે. માત્ર જ્ઞાનનયની વાતો કરે છે ને માને છે કે અમે સમકિતી છીએ પણ સમકિતીને પાપના ભાવ થાય છે પણ તેનો ખેદ ને ભય વર્તે છે. જેને પાપનો ભય ને ખેદ નથી ને સ્વરૂપનો અનુભવ નથી તે સંસારમાં ડૂબે છે.

વળી ત્યાં પણ અન્ય કળશમાં સ્વચ્છંદી થવાનો નિષેધ કર્યો છે. જડ ને રાગનો આત્મા જાણનાર છે. તે કાર્ય મારા માની કરવા ઉચિત નથી. અજ્ઞાની જીવ મંદ ઉદ્યમ કરે છે માટે થોડો પુરુષાર્થ કરે છે એમ નથી. હું જ્ઞાનસ્વભાવી છું એમ પુરુષાર્થ કરતો નથી ને પરની કર્તાબુદ્ધિનો પુરુષાર્થ કરે છે માટે મંદ ઉદ્યમી કહ્યો છે. જ્ઞાનીને પુણ્ય-પાપના પરિણામ થાય છે તેનો ખેદ વર્તે છે.

પરના કામ સ્વતંત્ર થાય છે ને હું જાણનાર છું એમ અભિપ્રાયવાળાને બંધ થતો નથી. હું પરને સમજાવી શકું, મેં પરને સમજાવ્યા છે એમ પરની પર્યાયનું અભિમાન વર્તે છે તે જ્ઞાતા રહે તેમ બને નહિ. જ્ઞાની રાગાદિને ખરાબ માને છે ને અજ્ઞાની સારા માને છે.

સમ્યગ્દષ્ટિ થયા પછી પ્રથમ અવ્રત ભાવ છોડવો અને શુભ પરિણામમાં લાગવું. પ્રથમ શુભ ભાવ છૂટે નહિ પણ અવ્રતના અશુભ પરિણામ છૂટે. મિથ્યાદષ્ટિને વ્રત હોતા નથી એટલે તેની આ વાત નથી. સમકિતીએ અશુભ પરિણામ છોડવા એટલે અશુભ પરિણામ આવ્યા હતા તેને છોડવા એમ નથી. સ્વભાવની રુચિ થઈ છે એટલે તીવ્ર રાગ છોડી મંદ રાગમાં રહે પછી જે વ્રતાદિનો મંદ રાગ

પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને હોય છે તેને છોડી સાતમે ગુણસ્થાને સ્વરૂપમાં રમણતા કરવી.

અજ્ઞાની માને છે કે હું છું તો ભાષા બોલાય છે એમ પરના કર્તૃત્વપણા સહિત ઈચ્છા છે તે સ્વચ્છંદી છે તેથી તેને બંધ થાય છે. જ્ઞાનીને અભિપ્રાયપૂર્વક એટલે પરના કર્તૃત્વ સહિત તથા રાગના કર્તૃત્વ સહિત ઈચ્છા હોતી નથી તેથી તે સ્વચ્છંદી નથી. સાચી દૃષ્ટિ થઈ છે તેણે અશુભ છોડ્યા પછી શુભ છોડીને સ્વરૂપમાં રમણતા કરવી.

અહીં મિથ્યાદૃષ્ટિની વાત નથી. મિથ્યાદૃષ્ટિએ તો અશુભ ભાવ ઘણી વાર છોડ્યા છે ને શુક્લ લેશ્યાના પરિણામ કર્યા છે. અભવી મિથ્યાદૃષ્ટિ શુક્લ લેશ્યાના પરિણામ કરી નવમી ગ્રૈવેયકે જાય છે. હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એવા ભાન વિના વ્રત, તપ હોતા નથી, તેની વાત નથી. સ્વચ્છંદીને ઉપદેશ આપે છે કે જ્ઞાની હોય તે અશુભ અવ્રતના પરિણામ છોડી, પછી શુભ પરિણામ છોડી સ્વરૂપમાં લીન થાય છે. પુણ્ય-પાપની ક્રિયા રોકાઈ જાય ને અંતરશુદ્ધિ થાય તે ચારિત્ર છે. ચોથે, પાંચમે ગુણસ્થાને શુદ્ધ ઉપયોગ કોઈ વાર આવે છે ને થોડો કાળ રહે છે. તે જીવ અવ્રતના પરિણામ બૂરા માને છે તે છોડી વ્રત-તપના પરિણામમાં રહે છે.

આઠ કર્મમાં સ્થિતિ ને અનુભાગમાં કષાય નિમિત્તકારણ છે ને પ્રદેશ અને પ્રકૃતિબંધમાં યોગ નિમિત્ત છે તો કષાયમાં મિથ્યાત્વ ન હોય. મિથ્યાત્વ ક્યાં ગયું ? તો કહે છે કે મિથ્યાત્વ મોટો કષાય છે. તે આઠે કર્મોમાં તીવ્ર રસ પાડવામાં નિમિત્ત છે. મિથ્યાત્વ મોટું અશુભ છે માટે તે અશુભને પ્રથમ છોડવો ને પછી અવ્રતના અશુભ છોડે, પછી વ્રતના શુભ પરિણામ છોડી શુદ્ધમાં રહેવું. કોઈ કહે પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને ભૂમિકા અનુસાર શુભ પરિણામ આવતા નથી તો તે મૂઢ છે ને તે પરિણામ આવ્યા માટે ધર્મ થશે એમ માને તો તે પણ મૂઢ છે. માટે જેમ છે તેમ સમજી અશુભ છોડી શુભ કાર્યમાં લાગવું ને શુભને છોડી શુદ્ધોપયોગરૂપ થવું.

વળી કોઈ વેપાર, ધંધા, સ્ત્રી આદિના કાર્યને ઘટાડે છે પરંતુ શુભને હેય જાણી શાસ્ત્ર અભ્યાસમાં પ્રવર્તતા નથી. પૂજા, ભક્તિ, દાનના પરિણામ કરતાં નથી ને વીતરાગ ભાવ તો પ્રાપ્ત થયો નથી કારણ કે સમ્યગ્દૃષ્ટિ નથી માટે શુદ્ધ ઉપયોગ થતો નથી. તે જીવ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ -ચારે પુરુષાર્થથી રહિત છે. શાસ્ત્ર અભ્યાસ ને દયા-દાનાદિ વ્યવહાર ધર્મ છે; પુણ્ય-પાપથી રહિત મોક્ષનો પુરુષાર્થ છે. સ્ત્રી, કુટુંબ, વેપાર, ધંધા છોડ્યા માટે અર્થ ને કામનો પુરુષાર્થ છોડ્યો ને દયા-દાનાદિના શુભ ભાવ કરતો નથી. આમ ચારે પુરુષાર્થ રહિત થયો.

આ અધિકાર મોક્ષમાર્ગ પ્રકાશનો છે તેથી સ્વરૂપનો પુરુષાર્થ કરતો નથી તેની નિંદા કરે છે. શ્રી પંચાસ્તિકાયમાં દૃષ્ટાંત આપેલ છે કે જેમ ઘણી ખીર ખાંડ ખાઈ પુરુષ આળસુ થાય છે વા જેમ વૃક્ષ નિરુદ્યમી છે તેમ તે જીવો નિરુદ્યમી છે. આત્મા ચૈતન્યમૂર્તિ છે તેની જાગૃતિ કરતાં નથી ને શુભ ભાવ કરતા નથી તે આળસુ છે. અહીં શુભને સ્થાપવાનો અભિપ્રાય નથી પણ અજ્ઞાનીની ઊંઘાઈ



બતાવે છે. રાગ મંદ કરે તો પરદ્રવ્યને જાણવાનો ઉઘાડ થાય ને પુણ્ય-પાપ રહિત આત્માની રુચિ કરે તો આત્માને જાણવાનો ઉઘાડ થાય. અહીં કહે છે કે શુદ્ધ સ્વભાવને જાણતો નથી ને શુભ કરતો નથી તે આળસુ બની રહેલ છે તેની નિંદા કરે છે.

હવે તેમને પૂછીએ છીએ કે તમોએ વેપાર ધંધા છોડ્યા ને શાસ્ત્રાભ્યાસ છોડ્યા, પૂજા-દાનાદિ છોડ્યા તો તમારો ઉપયોગ ક્યાં રહે છે ? ઉપયોગ તો આલંબન વિના રહેતો નથી. જો તે કહે કે અમે આત્માનું ચિંતવન કરીએ છીએ પણ અજ્ઞાનીને દ્રવ્ય, ગુણ, પર્યાય કે નય, નિક્ષેપના સ્વરૂપની ખબર નથી. વળી અજ્ઞાનીએ તો શાસ્ત્રના વિચારોને વિકલ્પ ઠરાવ્યા છે તેમ જ કોઈ વિશેષણથી આત્માને જાણવામાં ઘણો કાળ લાગે નહિ. એકરૂપ ચિંતવનમાં છદ્મસ્થનો ઉપયોગ વધારે વખત લાગે નહિ. ગણધરનો ઉપયોગ પણ લાંબો વખત ન રહે. ગણધરાદિને પણ શુભ પરિણામ આવ્યા વિના રહેતા નથી.

અહીં અજ્ઞાની કહે છે કે અમને શુભ રાગ આવતો નથી ને આત્માના ચિંતવનમાં રહીએ છીએ તો તે વાત ખોટી છે. ગણધર ભગવાને અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરી તેવા મહાન ધર્માત્માને પણ શુભ રાગ આવે છે ને ભગવાનની વાણી સાંભળે છે, પણ સમજે છે કે શુભ રાગને લીધે જ્ઞાન વધતું નથી. ગણધરને શુભ રાગ આવે છે ત્યારે અવલંબન લીધા વિના રહેવાતું નથી, તેથી પૂછે છે કે શુભ રાગ આવે છે ત્યારે આત્માનું અવલંબન હોતું નથી પણ પર ઉપર લક્ષ જાય છે. ભક્તિ, શાસ્ત્રસ્વાધ્યાયના પરિણામ રાગ છે તે અવલંબન વિના ન હોય. માટે તારું કહેવું પ્રમાણ નથી. રાગ ને રાગનું નિમિત્ત શું હોવું જોઈએ તેની અજ્ઞાનીને ખબર નથી.

જેમ કોઈ વેપાર આદિમાં નિરુદ્યમી થઈ પ્રમાદમાં વ્યર્થ કાળ ગુમાવે છે તેમ તું સમકિત કરતો નથી તેમ જ અશુભ છોડી શુભ પરિણામ કરતો નથી. અહીં શુભ કરવા જેવો છે એમ કહેવું નથી. તેં ધંધાદિ છોડ્યા તો તારો ઉપયોગ સ્વરૂપમાં લીન નથી ને તું શુભમાં રહેતો નથી તો તું શું કરે છે ? એમ પૂછે છે.

કોઈ વેળા કાંઈ ચિંતવન જેવું કરે છે, કોઈ વેળા વાતો બનાવે છે તથા કોઈ વેળા ભોજનાદિ કરે છે પણ પોતાનો ઉપયોગ નિર્મળ કરવા માટે શાસ્ત્ર અભ્યાસ ને ઈચ્છા નિરોધ તપ કરતો નથી ને ભક્તિ આદિમાં પ્રવર્તતો નથી. સમ્યગ્દર્શન વિના તપ ને ધ્યાન હોતું નથી. નિર્જરા ચારિત્રની પર્યાય છે. શુદ્ધ ઉપયોગ સમ્યગ્દર્શન વિના ન હોય. તું શુભ પરિણામ પણ કરતો નથી, માત્ર શૂન્ય જેવો પ્રમાદી થવાનું નામ શુદ્ધ ઉપયોગ ઠરાવે છે. ત્યાં ક્લેશ થોડો થવાથી જેમ કોઈ આળસુ બની પડ્યા રહેવામાં સુખ માને તેમ તું આનંદ માને છે. વસ્તુની ખબર નથી, દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર નથી. તું કહે છે કે અમને આનંદ આવે છે, તે ભ્રાંતિ છે.

જેમ કોઈ ભિખારી સ્વપ્નમાં રાજા માની સુખ માને અથવા પકવાન પેટ ભરીને સ્વપ્નમાં ખાધો

ને સુખ માને છે પણ જાગ્રત થાય ત્યારે ભૂખની વેદના લાગે છે તેમ પર્યાયમાં સંસાર વર્તવા છતાં પર્યાયમાં સિદ્ધદશા વ્યક્ત માનવી તે ભ્રમ છે. એક પર્યાયમાં બીજી પર્યાય માનવી તે મિથ્યાદષ્ટિ છે. જેમ કોઈ જગ્યાએ ખુશી માની સુખી થાય તેમ કાંઈક વિચાર કરવામાં રતિ માની સુખી થાય તેને તું અનુભવજનિત આનંદ કહે છે, તે તો રાગ છે. સંસારપર્યાયમાં સિદ્ધપર્યાય હોય નહિ. રતિના આકુળતાવાળા પરિણામમાં સુખ માનવું ને શુદ્ધ ઉપયોગ માનવો તે ભ્રમણા છે.

## શ્રાવણ વદ ૧૧, ગુરુવાર, ૩-૯-૫૩.

જૈનકુળમાં જન્મ્યા છતાં જેને આત્માનું ભાન નથી, દ્રવ્ય શું ને પર્યાય શું -એવા નિશ્ચય-વ્યવહારની ખબર નથી ને પોતાને સમકિતી માની નિશ્ચયાભાસી થઈને વર્તે છે એવા મિથ્યાદષ્ટિ જીવની પ્રવૃત્તિમાં ક્યાં ભૂલ હોય છે તે અહીં બતાવે છે. તે જીવ સ્ત્રી-પુત્રાદિમાં અરતિ-દ્વેષભાવથી ઉદાસીન થાય છે. પરદ્રવ્યને દુઃખનું કારણ માનીને તેના ઉપર દ્વેષ કરે છે. એટલે તે અજ્ઞાનીના ત્યાગમાં વીતરાગ ભાવ નથી પણ દ્વેષ ભાવ છે. અંતર્સ્વભાવના આનંદની વાત તો ખબર નથી, જ્ઞાનાનંદ સ્વરૂપનું તો ભાન નથી એટલે તેનો ત્યાગ કષાય ગર્ભિત હોય છે. અજ્ઞાની તેને વૈરાગ્ય માને છે પણ જ્યાં પરદ્રવ્યને દુઃખનું કારણ માન્યું ત્યાં તો મિથ્યાત્વનો કષાય પડ્યો છે, ત્યાં સાચો વૈરાગ્ય હોય નહિ. વીતરાગરૂપ ઉદાસીન દશા તો સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે ને તે દશામાં તો અંતરના જ્ઞાનાનંદ સ્વરૂપના અવલંબને નિરાકુળતા હોય છે, તેમાં કોઈ પ્રત્યે રાગ કે દ્વેષ હોતો નથી. સમ્યગ્દર્શનપૂર્વક એવો જ્ઞાન-આનંદ અને વૈરાગ્ય ધર્મીને થાય છે. પણ પરદ્રવ્યને જે ઈષ્ટ-અનિષ્ટ માને છે તેને તો રાગદ્વેષનો જ અભિપ્રાય થયો, તેને સાચો વીતરાગ ભાવ હોય નહિ.

સમ્યગ્દર્શન શું છે તેનું હજી જેને ભાન પણ નથી તેને ચારિત્રમોહની હીનતા થતી નથી, એટલે તેને વૈરાગ્ય ભાવ હોતો નથી. ઈચ્છાનુસાર ભોજન વગેરે પ્રવૃત્તિમાં વર્તે અને તેમાં પોતાને અનાકુળતા માનીને આનંદ માને છે, પણ વિષય કષાયમાં આનંદ માન્યો તે તો આર્ત-રૌદ્રધ્યાનનો પાપ ભાવ છે, ધર્મી જીવને તો બાહ્ય વિષયસામગ્રીનું લક્ષ છોડીને અંતરના ચિદાનંદ સ્વરૂપના અવલંબને વીતરાગી શાંતિ હોય છે, તેને જ સાચો વીતરાગ અકષાય ભાવ હોય છે. તેને બાહ્ય સુખસામગ્રીની ઈચ્છાનો રાગ થતો નથી તેમ જ બાહ્યમાં પ્રતિકૂળ દુઃખસામગ્રી ઉપર દ્વેષ પણ થતો નથી; પરદ્રવ્ય મને સુખદુઃખનું કારણ તો છે નહિ -એવું ભાન તો સમકિતીને પહેલેથી હોય છે ને તે ઉપરાંત વિશેષ વૈરાગ્ય થતાં બહારમાં સુખદુઃખની કલ્પના પણ નથી થતી, તેનું નામ સાચી ઉદાસીનતા છે. જુઓ, સમકિતીને ચોથા-પાંચમા ગુણસ્થાને પણ આર્તધ્યાન કોઈક વાર થઈ જાય છે, પણ તે પરના કારણે માનતા નથી, અજ્ઞાની પરદ્રવ્યના કારણે સુખદુઃખ માને છે. તેને આર્તધ્યાન મિથ્યાત્વપૂર્વક હોય છે, ધર્મીને આર્તધ્યાન થાય પણ તે મિથ્યાત્વપૂર્વક નથી, તે વખતે ય તેને અનંતાનુબંધી કષાયના અભાવપૂર્વક વૈરાગ્ય વર્તી રહ્યો છે. બુદ્ધ વગેરેએ જે વૈરાગ્ય કર્યો તે તો પરદ્રવ્યને દુઃખરૂપ માનીને કલેશ થયો છે એટલે



તેનામાં સાચો વૈરાગ્ય નથી પણ અનિત્ય જાગરિકા છે. અરેરે ! દેહ દુઃખદાયક છે, રોગ-જરા-મરણ વગેરે તો દુઃખ છે, બધું ક્ષણિક છે એમ પરદ્રવ્યને કલેશરૂપ જાણીને વૈરાગ્ય કર્યો તે સાચો વૈરાગ્ય નથી. એકલી અનિત્યતાના લક્ષે વૈરાગ્ય હોય નહિ. અંતરમાં ધ્રુવ જ્ઞાનાનંદ વસ્તુ શું છે તેના અવલંબને અનાકુળ આનંદ થતાં બાહ્ય પદાર્થો પ્રત્યે વૈરાગ્ય ભાવ સહજ થઈ જાય છે. અહીં બુદ્ધ વગેરેની તો વાત નથી, તે તો ગૃહીત મિથ્યાત્વમાં જાય છે. અહીં તો જૈનમતને જે માને છે, સર્વજ્ઞદેવ સિવાય કુદેવ-કુગુરુને જે માનતો નથી અને સર્વજ્ઞના કહેલા શાસ્ત્રને જ સત્ય માને છે, એટલે વ્યવહાર શ્રદ્ધા તો થઈ છે, એવા જીવને ક્યાં ભૂલ રહે છે તેની વાત છે. તે એમ માને છે કે ''હું એકાંત શુદ્ધ સિદ્ધ સ્વરૂપ છું, અશુદ્ધતા મારામાં કોઈ પ્રકારે થતી જ નથી'' -આમ માનીને નિરુદ્યમી થઈ વિષય કષાયમાં સ્વચ્છંદે પ્રવર્તે છે -તે મિથ્યાદષ્ટિ છે. ભાઈ ! શક્તિએ તું સિદ્ધ જેવો શુદ્ધ છો પણ પર્યાય તો મલિન છે, તે મલિનતા તારામાં થાય છે -તેને જાણીને ટાળવાનો ઉદ્યમ કર. જો અશુદ્ધતા થાય છે તેને જાણે જ નહિ તો વેદાંત જેવો એકાંત મિથ્યાદષ્ટિ છે.

**પ્રશ્ન** : કોઈ કહે કે અમને ખબર ન હતી, માટે અમે નિર્દોષ છીએ !

**ઉત્તર** : અજાણપણું તે બચાવ નથી. તાલફૂટ ઝેર હોય અને સાકર માનીને ખાય, પછી કહે કે મને ખબર ન હતી કે આ ઝેર છે. તો શું તેને ઝેર ખાવાનું ફળ નહિ આવે ? અજાણપણું તે બચાવ નથી; કૂવા ઉપર લૂગડું પાથર્યું હોય અને ખબર વિના તેના ઉપર પગ મૂકે, તો શું થાય? -કૂવામાં પડે ! -ત્યાં અજાણપણું બતાવીને કાંઈ બચાવ થતો નથી. તેમ આત્મા શું, સર્વજ્ઞ શું ? દ્રવ્ય શું, પર્યાય શું ? તેમાં ધર્મ કઈ રીતે થાય ? એની કાંઈ ખબર ન હોય અને રાગાદિથી ધર્મ માની લ્યે તો તેને અજ્ઞાન ભાવે ચોરાશીની જેલમાં પૂરાવું પડશે. પોતાની પર્યાયમાં અશુદ્ધતા છે ને ત્રિકાળી શક્તિ શુદ્ધ છે -એમ બન્નેનું જેને ભાન નથી, અશુદ્ધતા તે પોતાના અપરાધથી થયેલી છે -તેનું ભાન નથી, ને પોતાને સિદ્ધ જેવો શુદ્ધ માનીને પ્રવર્તે છે તે તો સ્વચ્છંદી અજ્ઞાની છે. તેને વેદાંત અને સાંખ્ય જેવો ઉપદેશ ઈષ્ટ લાગે છે. કેમ કે પોતાને પણ તેના જેવું જ એકાંત મિથ્યા શ્રદ્ધાન છે. જુઓ, વ્યવહારમાં સર્વજ્ઞને માને છે છતાં અંતરમાં આવી મિથ્યા શ્રદ્ધા છે તેને ખરેખર સર્વજ્ઞના અભિપ્રાયની ખબર નથી.

૧) વેદાંતી કહે છે કે આત્મામાં અશુદ્ધતા છે જ નહિ.

૨) બીજો કોઈ એમ કહે કે ''આત્માના દ્રવ્ય-ગુણમાં અશુદ્ધતા નથી, તો પર્યાયમાં ક્યાંથી આવી?'' કે કર્મે કરાવી.

૩) ત્રીજો એમ કહે કે આત્મામાં અશુદ્ધતા છે તે બહારની ક્રિયાથી દૂર થાય.

દ્વતો એ ત્રણેયનો અભિપ્રાય મિથ્યા છે. પર્યાયમાં અશુદ્ધતા છે તે પણ પોતાના અપરાધથી છે, ને તે પોતાના જ ઉદ્યમથી ટળે છે.

અરે ભાઈ ! એક વાર તું યથાર્થ વસ્તુસ્થિતિ તો સમજ ! આ શરીરાદિ તો અજીવ છે, ને મલિનતા તે તારી પર્યાયમાં એક સમય પૂરતી છે. ત્રિકાળી શક્તિ શુદ્ધ છે, તેના અવલંબને તે અશુદ્ધતા ટળે છે.

અજ્ઞાની એમ માને છે કે પરદ્રવ્યને જાણવાથી મને વિકાર અને બંધન થઈ જશે; પણ બંધનું કારણ તો મોહ ભાવ છે, પરદ્રવ્ય જ્ઞાનમાં જણાય તે કાંઈ બંધનું કારણ નથી. પરદ્રવ્યને જાણવાના કારણે રાગદ્વેષ થવાનું માન્યું તેને પોતાના જ્ઞાનસ્વભાવની ખબર નથી. છદ્મસ્થને પરદ્રવ્યના ચિંતવન વખતે રાગદ્વેષ હોય છે તે જુદી વાત છે. પણ તે પોતાની નબળાઈના કારણે છે, પરના કારણે નથી. જ્ઞાન કાંઈ રાગદ્વેષનું કારણ નથી તેમ જ પરદ્રવ્ય પણ રાગદ્વેષનું કારણ નથી. સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં ત્રણ લોકના સમસ્ત ચિત્ર-વિચિત્ર પદાર્થો જણાય છે છતાં તેમને મોહનો અભાવ હોવાથી બંધન થતું નથી. સાધકદશામાં પણ જેટલો વીતરાગ ભાવ થયો છે તેટલા તો આસ્રવ-બંધ થતાં જ નથી. ભલે સ્વ તરફ ઉપયોગ હોય કે પર તરફ હોય, પણ જેટલો વીતરાગ ભાવ છે તેટલું તો બંધન થતું જ નથી. અરિહંત-સિદ્ધને જાણે તેને શુભ ઉપયોગ હોય છે એમ કહ્યું. ત્યાં કાંઈ પરદ્રવ્યને કારણે શુભ રાગ નથી પણ છદ્મસ્થને પર તરફના ઉપયોગને વખતે સાથે તેવો રાગ પોતાની ભૂમિકાને કારણે થાય છે તે બતાવ્યું છે.

જુઓ, આ તો જૈનદર્શનનું સ્વરૂપ છે, અલૌકિક વીતરાગ સર્વજ્ઞનો પંથ છે, તે સમજવામાં તો મહાન ઉદ્યમ જોઈએ. આ કાંઈ લાલાપેથાની જેમ એમ ને એમ સમજાઈ જાય તેમ નથી. અંતરમાં તેનો ઉદ્યમ જોઈએ. જેને આ માર્ગ સમજવામાં આવ્યો ને રુચિ થઈ તેને પછી ભવભ્રમણ રહે નહિ.

સમકિતીને અવધિજ્ઞાન થાય ને પૂર્વના અસંખ્ય ભવો ભાસે કે પૂર્વે અહીં હતો, ત્યાં પૂર્વના ભવનું જ્ઞાન તે કાંઈ આસ્રવ-બંધનું કારણ થતું નથી. બંધનું કારણ તો રાગ-દ્વેષ-મોહ જ છે.

જુઓ, સમકિતીને ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ અંતરનો અનુભવ થાય છે. મહાવિદેહમાં તો આઠ વર્ષની કુંવરીને પણ એવું સમ્યગ્દર્શન થાય છે. એવા સમકિતી આત્મજ્ઞાની ધર્મી જીવ ચોથા ગુણસ્થાને જ્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં હોય, અને પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક આહારાદિ ક્રિયામાં વર્તતા હોય, આત્મધ્યાનમાં ન હોય છતાં ત્યારે પણ ચોથા ગુણસ્થાન કરતાં પાંચમા ગુણસ્થાનવાળાને વિશેષ નિર્જરા છે, ને ચોથા ગુણસ્થાનવાળાને નિર્જરા તેના કરતાં ઓછી છે. કેમ કે પાંચમે ગુણસ્થાને બે કષાયનો અભાવ છે ને અંતરનો અતીંદ્રિય આનંદ ઘણો વધી ગયો છે. ચોથા ગુણસ્થાને હજી ત્રણ કષાય છે. જો કે ચોથા ગુણસ્થાને પણ સંવર-નિર્જરા તો થયા જ કરે છે પણ પાંચમા ગુણસ્થાન જેટલી નથી.

પાંચમા ગુણસ્થાનવાળો જીવ હાથી હોય ને લીલોતરી ખાતો હોય ને પાણી પીતો હોય છતાં તે વખતેય, ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાનમાં રહેલા સમકિતી કરતાં તેને વિશેષ સંવર-નિર્જરા છે. લીલોતરી ખાવાની વાત આવે ત્યાં અજ્ઞાનીને અરરર ! થઈ જાય છે. પણ ભાઈ ! અંતરની પરિણતીની તને ખબર નથી. અંતર્દૃષ્ટિમાં ચિદાનંદ સ્વભાવનું અવલંબન પડ્યું છે, કષાય પરિણતિ ઘણી ઘટી



ગઈ છે, બે કષાયોનો તો તદ્દન અભાવ થઈ ગયો છે ને આનંદ દશા પ્રગટી છે, ત્યાં ભલે પરદ્રવ્ય તરફ ઉપયોગ હોય છતાં તેને ચોથા ગુણસ્થાન કરતાં ઘણું અલ્પ બંધન છે ને સંવર-નિર્જરા વિશેષ છે ને અજ્ઞાની જીવ બહારમાં ત્યાગી થઈને બેસે, શુભ રાગ કરે છતાં તેને જરા પણ સંવર-નિર્જરા નથી, તેને સમયે સમયે મિથ્યાત્વથી અનંત બંધન થયા કરે છે. માટે અંતર્દૃષ્ટિ શું છે તે જાણવું જોઈએ.

## શ્રાવણ વદ ૧૨, શુક્રવાર, ૪-૯-૫૩.

વાસ્તવિક જ્ઞાન વિના ને સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવને જાણ્યા વિના કહે કે રાગદ્વેષથી મને આસ્રવ નથી -એવું માનનાર નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિની વાત ચાલે છે.

પર પદાર્થનો વિચાર બંધનું કારણ છે ને સ્વનો વિચાર અબંધનું કારણ છે એમ અજ્ઞાની કહે છે પણ તે બરાબર નથી. અજ્ઞાની જીવને રાગનું સામર્થ્ય ભાસે છે ને સ્વ-પર પ્રકાશક જ્ઞાનસામર્થ્ય ભાસતું નથી. તે માને છે કે છ દ્રવ્યાદિની વિચારણા કરવાથી આસ્રવ થાય છે -પણ તે વાત બરાબર નથી; કેમ કે ચોથા ગુણસ્થાનવાળો જીવ નિર્વિકલ્પ ધ્યાનમાં હોય ત્યારે તેને નિર્જરા થોડી છે અને આસ્રવ-બંધ ઘણો છે તથા પંચમ-છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવ પર પદાર્થને જાણતાં હોય ત્યારે તેમને વિશેષ સંવર-નિર્જરા છે; માટે સ્વને જાણવાથી નિર્જરા થાય અને પરને જાણતાં આસ્રવ-બંધ થાય એ વાત મિથ્યા છે. સ્વ-પર પ્રકાશક તો જ્ઞાનનો સ્વભાવ જ છે.

ચોથા ગુણસ્થાનવાળા જીવને પણ પુરુષાર્થની નબળાઈને લીધે ત્રણ કષાય બાકી છે. ગુણશ્રેણી નિર્જરા નથી. સ્વરૂપમાં ધ્યાનસ્થ હોવા છતાં તેને આસ્રવ-બંધ ઘણો છે. પર તરફથી ઉપયોગ ફેરવી સ્વચિંતવનમાં એકાગ્ર થયો હોય ત્યારે પણ તેને ત્રણ કષાય બાકી છે એટલે આસ્રવ-બંધ વધારે છે. પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનની અપેક્ષાએ આસ્રવ-બંધ વધારે છે એમ કહ્યું છે.

ચોથા ગુણસ્થાનવાળો ધ્યાનમાં હોય અને પાંચમા ગુણસ્થાનવાળો વેપારમાં બેઠો હોય તો પણ પાંચમા ગુણસ્થાનવાળાને નિર્જરા વધારે છે. અંતર્સ્વભાવના અવલંબને અકષાયી પરિણતિ પ્રગટેલ છે તેટલી નિર્જરા સદાય રહ્યા કરે છે. વળી છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને ત્રણ કષાયનો નાશ થયો છે તેથી આહાર વિહાર વખતે જેટલી નિર્જરા થાય તેટલી નિર્જરા ધ્યાનસ્થ ચોથા ગુણસ્થાનવાળાને હોતી નથી. માટે પરદ્રવ્યના વિચારથી વધારે આસ્રવ-બંધ થાય ને સ્વના વિચારથી નિર્જરા વધારે થાય એમ વસ્તુસ્વરૂપ નથી. પણ આત્માના આશ્રયે જેટલો રાગદ્વેષ ઘટ્યો તેટલી નિર્જરા છે ને જેટલો રાગદ્વેષ બાકી છે તેટલો બંધ છે. ચોથા ગુણસ્થાને રાગ વધારે છે માટે બંધ વિશેષ છે ને પાંચમે-છઠ્ઠે આત્માના અવલંબને રાગ ઓછો છે માટે આસ્રવ-બંધ ઓછો છે. મિથ્યાદૃષ્ટિને નિર્જરા નથી, તેને એકાંત બંધ છે તેની અહીં વાત નથી. એટલે અહીં જવાબ આપે છે કે રાગાદિના સ્વરૂપનું તને યથાર્થ જ્ઞાન નથી. આત્માના અવલંબને ધ્યાન થાય છે ને રાગાદિ ઘટે છે. બહારની ચીજો સાથે રાગાદિનો સંબંધ નથી.

**પ્રશ્ન** : તમોએ કહ્યું છે કે જેટલો કષાયનો નાશ કર્યો એટલી શુદ્ધ પરિણતિ કાયમ રહે છે પણ શાસ્ત્રમાં કહ્યું કે અનુભવ વખતે આ નિશ્ચયનય, આ વ્યવહારનય, આ દ્રવ્યનિક્ષેપ છે, આ ભાવનિક્ષેપ છે, એવા નય, નિક્ષેપ, પ્રમાણના ભેદનો વિચાર છોડી દે. આત્મા જ્ઞાનમય છે, દર્શનમય છે, આનંદમય છે -એવા ગુણભેદ અનુભવ વખતે હોતા નથી. શ્રી સમયસાર ગાથા ૭ માં કહ્યું કે સમકિતીને જ્ઞાન નથી, દર્શન નથી, ચારિત્ર નથી. ગુણ-ગુણીભેદ દૃષ્ટિનો વિષય નથી. નિર્વિકલ્પ ધ્યાન વખતે આવો વિચાર હોતો નથી તેનું શું કારણ ?

**સમાધાન** : આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે તેની દૃષ્ટિ કરીને અનુભવ કરતાં નથી ને નય-નિક્ષેપાદિના તથા દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદમાં એકાંત રોકાઈ જાય છે ને અખંડ અભેદરૂપ આત્માને અનુભવતા નથી તેને આ ઉપદેશ આપ્યો છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે, પરનું જ્ઞાન બંધનું કારણ નથી એમ અહીં બતાવવું છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે. સમયસારમાં કહ્યું કે નય ઉદય પામતા નથી, પ્રમાણ આથમી ગયા છે તે દૃષ્ટિપ્રધાન કથન છે. એકલા વિકલ્પમાં પડ્યા રહે છે તેને એ ઉપદેશ આપ્યો છે. પ્રથમ વસ્તુસ્વભાવનો યથાર્થ નિર્ણય કરવા માટે નય-નિક્ષેપ-પ્રમાણનો વિકલ્પ હોય છે. બધું જેમ છે તેમ જાણવુ જોઈએ. વસ્તુનો નિશ્ચય થયા પછી તેના વિકલ્પોની જરૂર નથી. તે વિકલ્પો પુણ્યબંધનું કારણ છે.

હવે સમ્યગ્દર્શન થયા પછીની વાત કરે છે. સમકિતી એકલા અભેદ સ્વભાવમાં જ રહ્યા કરે એવું હોતું નથી. આત્મજ્ઞાન થયા પછી સ્વદ્રવ્ય અખંડ સ્વભાવીનું સામાન્ય ને પર્યાયાદિનું જ્ઞાન વિશેષ દ્વબન્ને પ્રકારે જ્ઞાન કરે છે પણ તે વીતરાગતા સહિત થાય છે તેનું નામ નિર્વિકલ્પ દશા છે. રાગ રહિત જેટલી અકષાય દશા થઈ છે તેટલા સંવર-નિર્જરા છે, તેનું નામ નિર્વિકલ્પ દશા છે.

**પ્રશ્ન** : ધર્માત્મા સ્વ ને પરદ્રવ્યના સામાન્ય-વિશેષના વિચાર કરે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર કરે છે. આથી ઘણા વિકલ્પ થયા તો તેને નિર્વિકલ્પ સંજ્ઞા કેવી રીતે સંભવે ?

**સમાધાન** : વિચાર વિનાનું થવું તે નિર્વિકલ્પતા નથી. છદ્મસ્થને વિચાર સહિત જાણવું હોય છે. છદ્મસ્થને વિચારનો અભાવ માને તો તે મિથ્યા છે. વિચાર તો મતિજ્ઞાનનો ભેદ છે. ઈહા આદિ ન રહે તો પ્રગટ જ્ઞાનપર્યાયનો અભાવ થાય ને જડપણું થાય.

જ્ઞાનીને દ્રવ્યનું જ્ઞાન હોય છે તેમ ગુણ-પર્યાયનું પણ જ્ઞાન હોય છે. સામાન્યનું જ્ઞાન અબંધનું કારણ ને વિશેષનું જ્ઞાન બંધનું કારણ થાય એમ બને નહિ. સામાન્યનો વિચાર વિશેષ વિના ન હોય, સમકિતીને સ્વ-પરનું જ્ઞાન સદાય હોય છે. પરમાં પરબુદ્ધિ થયા વિના નિજમાં નિજબુદ્ધિ કેવી રીતે રહે ?

ત્યારે શિષ્ય પૂછે છે કે શ્રી સમયસારમાં કહ્યું છે કે આ ભેદવિજ્ઞાન એટલે પરથી જુદાપણાની ભાવના ત્યાં સુધી ભાવવી કે જ્યાં સુધી જ્ઞાન પરથી છૂટી જ્ઞાનમાં સ્થિર થાય. માટે અનુભવ થયા



પછી પરને જાણવાની કાંઈ જરૂર નથી.

**ઉત્તર** : હવે ત્યાં તો આમ કહ્યું છે કે અનંતકાળથી નિમિત્ત તથા રાગને પોતાના માનતો હતો, દેહની ક્રિયા મારી માનતો હતો, સ્વ-પરને એક માનતો હતો, પુણ્યથી ધર્મ માનતો હતો, પુણ્યને અને આત્માને એક માનતો હતો, નિમિત્તથી ધર્મ માનતો હતો તથા નિમિત્ત ને આત્માને એક માનતો હતો, તેને પરથી પૃથક્પણારૂપ ભેદવિજ્ઞાનની ભાવના કરવાનું કહ્યું હતું. પરરૂપને જુદું જાણી એટલે વિકાર, દેહની ક્રિયા ચૈતન્યથી ભિન્ન છે એમ પરને પરરૂપ જાણી સ્વમાં ઠર્યો, શરીર ને પુણ્ય-પાપથી જુદો છું એમ પરથી ભેદવિજ્ઞાન કરી લીધું ને સ્વમાં ઠર્યો એટલે ભેદવિજ્ઞાનની જરૂર રહેતી નથી. પરથી ભેદજ્ઞાન કર્યા પછી પરથી ભેદજ્ઞાન કરવાનું રહેતું નથી એ ખરું પણ પરનું જ્ઞાન રહેતું નથી એવો તેનો અર્થ નથી. આત્મા સ્વ છે ને રાગ પર છે એવું જ્ઞાન અનુભવ થયા પછી ચાલ્યું જતું નથી. સ્વ ને પર એક માનતો હતો તેને ઉપદેશ આપેલ છે. ભેદવિજ્ઞાન થયા પછી પરને પરરૂપ ને આપને આપરૂપ સ્વયં જાણ્યા જ કરે છે. કેવળી ભગવાન પણ સ્વ-પરને જાણે છે ને બંધ નથી. તેમની ચળદશામાં સ્વ-પર જાણવું હોય છે તેથી સ્વ-પરને જાણવું રાગનું કારણ નથી, માટે કોનું ચિંતવન કરવાથી નિર્જરા ને બંધ થાય તેની શિષ્યને ખબર નથી.

## શ્રાવણ વદ ૧૩, શનિવાર, ૫-૯-૫૩.

જૈન સંપ્રદાયમાં જન્મીને કેટલાક એમ માને છે કે પરથી જુદાપણાનું જ્ઞાન થયું માટે પરનું જાણવાપણું રહેતું નથી પણ તે ભ્રમણા છે; કેમ કે આત્માનો સ્વભાવ સ્વ-પરને જાણવાનો છે. પરવસ્તુને જાણવું તે રાગનું કારણ નથી. પરથી ભિન્ન આત્મા છે એમ કહ્યું માટે પરનું જ્ઞાન શા માટે કરવું ? એમ પ્રશ્ન કરેલ છે.

તેને કહે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન થયા પછી જુદું પાડવાના વિકલ્પની જરૂર રહેતી નથી, પણ પરને પરરૂપ જાણવાનું મટી જતું નથી. જાણવાનું નામ રાગ નથી. આત્મા કેવળ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન સવિકલ્પ છે એટલે તે સ્વ-પરને વિશેષ પ્રકારે જાણે છે. પરને પર જાણવાથી રાગ થતો નથી. જો પરને લીધે રાગદ્વેષ હોય તો કેવળી ભગવાન લોકાલોકને જાણે છે તો ભગવાનને રાગદ્વેષ થવા જોઈએ પણ એમ બનતું નથી. છદ્મસ્થને પોતાની નબળાઈથી રાગદ્વેષ થાય છે.

પરદ્રવ્ય પ્રમેય છે, જ્ઞાનમાં જણાવા લાયક છે પણ પરવસ્તુ વિકાર કરાવવા લાયક નથી. જ્ઞાનસ્વભાવ પરને જાણતાં વિકાર કરે એવો તેનો સ્વભાવ નથી. પોતે જ્ઞાનસ્વરૂપ જાણનાર છે ને જાણાવા યોગ્ય પણ છે તથા પોતા સિવાય બીજા જીવો ને જડ પદાર્થો જણાવા લાયક છે. તે પદાર્થો જણાય માટે રાગ થાય છે એમ નથી.

આ ધર્મની મૂળ વાત છે. અજ્ઞાનીએ સાચી રીત જાણી નથી. ધર્માત્મા લડાઈમાં હોય કે પૂજામાં

હોય, ધ્યાનમાં હોય કે વિષયમાં હોય તો પણ સ્વને સ્વ જાણે છે ને પરને પરરૂપ જાણે છે, સ્વ-પરને એકમેક જાણતા નથી. અજ્ઞાની સ્વ-પરને એકમેક જાણે છે. સમ્યગ્જ્ઞાની થયા પછી પરદ્રવ્યને જાણવાનું મટી જાય છે -એમ નથી. ચક્રવર્તીને ૯૬૦૦૦ સ્ત્રી આદિ પરિવાર હોય છે પણ આત્માનું ભાન છે. મારો જ્ઞાન સિવાય બીજો સ્વભાવ નથી -એમ તે જાણે છે. રાગાદિ પર છે, રાગને તથા જ્ઞાનને એકમેક માનતા નથી.

જ્ઞાનીને વાણીમાં એમ આવે કે આ અમારું ગામ છે, આ અમારા મિત્ર છે, આ શત્રુ છે; છતાં ભાન છે કે આ પર છે, મારે તેની સાથે કાંઈ લેવા દેવા નથી. સમ્યગ્જ્ઞાન થવાથી પરનું જાણપણું કેમ મટી જાય ? અજ્ઞાનીને વસ્તુનું ભાન નથી ને કહે છે કે પરને જાણવાનું શું કામ છે ?

તેને કહે છે કે તે ચીજો તેના કાળે આવે છે. આત્મા તેને લાવતો નથી તેમ જ છોડતો નથી, તેમ જ તેના કારણે રાગદ્વેષ થતા નથી. પરવસ્તુ પરના કારણે છે, જ્ઞાન જ્ઞાનના કારણે છે. રાગદ્વેષવશ થઈને ઉપયોગને પરમાં લગાવવો અથવા કોઈ જ્ઞેયને જાણતાં ત્યાંથી ઉપયોગ છોડાવી દેવો -એ પ્રમાણે ઉપયોગ વારંવાર ભમાવવો તે વિકલ્પ છે. રાગદ્વેષને તાબે થઈ ઉપયોગ લગાવે તે કષાય છે પણ જ્ઞાનસ્વભાવને જાણી પરને જાણે તે કષાય નથી. એક જ્ઞેય છોડાવી બીજા જ્ઞેય તરફ દોડે તો ઉપયોગ ભમે છે. રાગદ્વેષને તાબે થઈને ઉપયોગને ભમાવતો નથી અને સ્વ-પરને, જ્ઞેયને જેમ છે તેમ જાણે છે તેમાં દોષ નથી.

વળી કોઈ કહે કે ચીજો ઘણી છે માટે રાગદ્વેષ ઘણા થાય -પણ એમ નથી. બહારના સંયોગને લીધે રાગનું માપ નથી. કોઈના શરીરમાં ઘણા પરમાણુ હોય તો તે વધારે કષાયવાળો ને થોડા પરમાણુ હોય તો ઓછો કષાયવાળો -એમ નથી. સંયોગોની સંખ્યા ઉપર વિકાર નથી ને વિકારના પ્રમાણમાં સંખ્યા નથી. ચક્રવર્તીને ૯૬૦૦૦ સ્ત્રી હોવા છતાં અનંતાનુબંધીનો રાગ નથી, તેમને અનંત સંસારનો રાગ ટળી ગયો છે. નિગોદના જીવને એક પણ સ્ત્રી નથી છતાં અનંતાનુબંધીનો રાગ વર્તે છે. માટે બહારના સંયોગો સાથે સંબંધ નથી. અજ્ઞાની કહે છે કે પરને જાણવાથી રાગ થાય છે તે વાત ખોટી છે. ઘણી મૂડી છે માટે ઘણી મમતા છે -એમ નથી. દ્રવ્યલિંગી મુનિને એક લંગોટી પણ નથી છતાં રાગ મારો -એમ માને છે તેથી અનંતો પરિગ્રહ તેને છે ને સમકિતી ચક્રવર્તીને બાહ્ય સંયોગોના ઢગલા છે છતાં રાગ અનંતમા ભાગે વર્તે છે.

મુનિ જમીનને અડે છે, જગતના પદાર્થો જુએ છે, રસ્તે ચાલતાં બધું જુએ છે, જાણવામાં બધું આવે છે પણ પર તથા રાગની સાથે એકત્વબુદ્ધિ ટળી ગઈ છે. પરપદાર્થ તથા પુણ્ય-પાપની એકતાબુદ્ધિ છૂટવી ને અસ્થિરતાનો ભાવ છૂટવો તે ત્યાગ છે. પરપદાર્થ જોવા-જાણવાથી વિકાર થાય તો વિકાર કદી ટળે નહિ.

અજ્ઞાની કહે છે કે પરવસ્તુના સંયોગમાં આવવાથી વિકાર થાય છે પણ તે ભૂલ છે. પર ચીજો તો રાગનું કારણ નથી પરંતુ પર સંબંધીનું જ્ઞાન પણ રાગનું કારણ નથી એમ સમજાવે છે.



આત્માના જ્ઞાનસ્વભાવને તથા પ્રમેય ધર્મ ધરનાર પરવસ્તુને જાણતાં નથી તે મિથ્યાદૃષ્ટિ છે.

પંચાધ્યાયીમાં પ્રભાવના અંગમાં કહ્યું છે કે પંચકલ્યાણક આદિ મહાન મહોત્સવમાં જ્ઞાનીઓએ ભેગા થવું. સમકિતીઓએ તથા પંડિતોએ તો વિશેષ લાભ લેવો જેથી તેને વિશેષ ખ્યાલ આવે ને બીજાને સમ્યગ્જ્ઞાનનો લાભ મળે. શું બહારની સંખ્યા નડે છે ? બહારની ચીજો લાભ-નુકસાનનું કારણ નથી.

સમવસરણ ને ભગવાન જણાયા માટે શુભ રાગ આવ્યો એમ નથી. અજ્ઞાને બન્ને સ્વભાવને જાણતો નથી ને સમવસરણના ક્ષેત્રને લીધે લાભ માને છે ને તેને લીધે જ્ઞાન માને છે પણ તે વાત ખોટી છે. સ્વ-પર બધાને જાણવું તે જ્ઞાનનું કામ છે. પરને લીધે વિકાર થાય એમ નથી. સ્વમાં રહું તો વિકાર ન થાય ને પરને જાણું તો વિકાર થાય -એમ નથી.

**પ્રશ્ન** : તો રાગ આવ્યો ક્યાંથી ?

**ઉત્તર** : જ્ઞેયોને લીધે રાગ નથી ને જ્ઞાનને લીધે પણ રાગ નથી. પોતાના ચારિત્રગુણની વર્તમાન યોગ્યતાને કારણે રાગ આવ્યો છે. આ ભેદો ન જાણે તો ધર્મ થાય નહિ.

૧) જ્ઞાન જ્ઞાનને જાણે તથા જ્ઞાન એ જ રાગને જાણે એવો જ્ઞાનનો સ્વકાળ છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ ખીલ્યો છે તેથી તે તે એ જ પ્રકારે જાણે છે.

૨) સામે જ્ઞેયો આવે છે તે જ્ઞેયોના સ્વકાળને લીધે આવે છે.

૩) જ્ઞાનીને નબળાઈનો રાગ થાય છે તે ચારિત્રગુણની સ્વતંત્ર યોગ્યતાને લીધે થાય છે, તે સ્વકાળે થઈ આવે છે.

આમ ત્રણે જ્ઞાન, રાગ અને જ્ઞેય સ્વકાળે એક સમયે છે છતાં એકબીજાને પરાધીન નથી. અહીં કહે છે કે જ્ઞાનમાં એકાગ્રતા નહીં કરતાં ને જ્ઞેયને જ્ઞેય તરીકે જાણવાની શક્તિ નહિ સંભાળતા રાગને તાબે થાય છે તે વિકલ્પ છે. જ્ઞાની અન્ય અન્ય જ્ઞેયને જાણવા જેટલો કાળ ઉપયોગને ભમાવતાં નથી તેટલો કાળ નિર્વિકલ્પ દશા જાણવી.

**પ્રશ્ન** : છદ્મસ્થનો ઉપયોગ અનેક પ્રકારના જ્ઞેયોમાં જરૂર જાય છે તો ત્યાં નિર્વિકલ્પતા કેવી રીતે સંભવે ?

**ઉત્તર** : જેટલો કાળ એક જ્ઞેયને જાણવારૂપ રહે તેટલો કાળ નિર્વિકલ્પતા નામ પામે છે. સમ્યગ્જ્ઞાન સહિત રાગદ્વેષ કર્યા વિના જાણવાનું થાય તે નિર્વિકલ્પતા જ છે. સિદ્ધાંતમાં ધ્યાનનું લક્ષણ પણ ''**एकाग्र-चिंतानिरोधोज्ञानम्**'' કહ્યું છે.

અહીં એકનો અર્થ આત્મા ન સમજવો. સ્વજ્ઞેયને જાણતો હોય કે પરજ્ઞેયને જાણતો હોય તથા

એકનું મુખ્ય ચિંતવન હોય તથા અન્ય ચિંતવન પણ હોય તેનું નામ ધ્યાન છે. પરને જાણતાં હું મને જાણું છું, પોતાનો જ્ઞાનસ્વભાવ સ્વ-પર પ્રકાશક છે. સ્વ-પર પ્રકાશક સ્વભાવને જાળવી રાખવો તેને અહીં નિર્વિકલ્પતા કહે છે.

### ભાદરવા સુદ ૧૨, રવિવાર, ૨૦-૯-૫૩.

**(શ્રાવણ વદ ૧૩ પછી વચમાં શ્રી ઋષભજિનસ્તોત્ર વંચાયેલ. ફરી આજે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશનો સાતમો અધિકાર ચાલુ થાય છે.)**

મિથ્યાદષ્ટિ નિશ્ચયાભાસી જીવની પ્રવૃત્તિમાં કેવી ભૂલ હોય છે તે વાત ચાલે છે. આત્મામાં સંસાર-પર્યાય વર્તે છે તેને ન માનતા એકાંત શુદ્ધતા માને છે તે મિથ્યાદષ્ટિ નિશ્ચયાભાસી છે. ''આત્માનું ધ્યાન જ કરવું ને પરનો વિચાર આવવા જ ન દેવો કેમ કે પરને જાણવાથી રાગ થાય છે'' - એમ તે અજ્ઞાની માને છે. પણ ભાઈ ! મુનિઓને પણ સ્વરૂપના ધ્યાનમાં લીનતા લાંબો કાળ રહેતી નથી, તેઓ પણ સ્વાધ્યાય વગેરેમાં ઉપયોગને લગાવે છે. પરદ્રવ્યને જાણવું તે કાંઈ રાગદ્વેષનું કારણ નથી. મુનિઓને જેટલી વીતરાગ પરિણતિ થઈ છે તેટલી તો પરદ્રવ્યને જાણતી વખતે પણ વીતરાગતા વર્તે છે. હજી જેને તત્ત્વનું ભાન પણ નથી તેને આત્માનું ધ્યાન ક્યાંથી હોય ? પરદ્રવ્યને જાણવું તે બંધનું કારણ નથી પણ રાગ-દ્વેષ-મોહભાવ તે જ બંધનું કારણ છે.

**પ્રશ્ન** : જો એમ છે તો મહામુનિ, પરિગ્રહાદિના ચિંતવનનો ત્યાગ શા માટે કરે છે ?

**ઉત્તર** : જેમ વિકાર રહિત સ્ત્રી કુશીલના કારણરૂપ પર ઘરોનો ત્યાગ કરે છે તેમ વીતરાગ પરિણતિ રાગદ્વેષના કારણરૂપ પરદ્રવ્યનો ત્યાગ કરે છે. પણ જે વ્યભિચારના કારણ નથી એવા પર ઘર જવાનો ત્યાગ નથી તેમ જે રાગદ્વેષના કારણ નથી એવા પરદ્રવ્ય જાણવાનો ત્યાગ નથી. ત્યારે તે કહે છે કે જેમ સ્ત્રી પ્રયોજન જાણી પિતાદિકના ઘરે જાય તો ભલે જાય પણ પ્રયોજન વિના જેના તેના ઘરે જવું તે યોગ્ય નથી; તેમ પરિણતિને પ્રયોજન જાણી સપ્ત તત્ત્વોનો વિચાર કરવો તો યોગ્ય છે પરંતુ વિના પ્રયોજન ગુણસ્થાનાદિકનો વિચાર કરવો યોગ્ય નથી. તેનું સમાધાન - જેમ સ્ત્રી પ્રયોજન જાણી પિતાદિ વા મિત્રાદિના ઘરે પણ જાય છે, તેમ પરિણતિ તત્ત્વોના વિશેષ જાણવાના કારણરૂપ ગુણસ્થાનાદિક અને કર્માદિકને પણ જાણે છે.

પરદ્રવ્ય ખરાબ છે, સ્વદ્રવ્ય ભલું છે, પરને જાણવાથી રાગ-દ્વેષ-મોહ થાય છે એમ માનનારને પરથી જુદાપણાનું ભાન નથી. ઈષ્ટ-અનિષ્ટ તો પોતાના ભાવ છે, તે પોતામાં પોતે કરે તો થાય છે. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળાદિને ઈષ્ટ-અનિષ્ટ માનવા તે જ ભ્રમ છે. જ્ઞાન તો નિત્ય જાણનાર સ્વભાવી છે. તેથી જ્ઞાનની જે સમયે જેવી યોગ્યતા હોય તેમાં પરપદાર્થ જણાયા વિના રહે નહિ. સહજ જાણવું જેનો સ્વભાવ છે તે ક્યારે ન જાણે ? પણ અજ્ઞાનીને સ્વ-પર જ્ઞાનસ્વભાવની ખબર નથી. તેથી કોઈને અનુકૂળ માની તેને રાગનું કારણ માને છે અને કોઈને ખરાબ માની તેને દ્વેષનું કારણ માને



છે. પણ સ્વચ્છ દર્પણ સમાન જ્ઞાનમાં તો અનેક પ્રકારો જણાય છે. સ્વ-પરનું જાણવું તે ઉપાધિ નથી અને વિકારનું કારણ પણ નથી. અજ્ઞાની કહે છે કે અમને પરદ્રવ્ય જાણતાં રાગાદિ થાય છે માટે કોઈ પરદ્રવ્યનું લક્ષ કરવું નથી, તો તે સ્વ-પર પ્રકાશક જ્ઞાનની સ્વચ્છતાને જાણતો નથી. જ્ઞાની તો જેને જાણે તેને સમ્યક્જ્ઞાનની સ્વચ્છતા જાણે છે. તેમાં રાગનો અભિપ્રાય નથી. તેથી તેનું જેટલું જ્ઞાતાભાવથી જાણવું છે તેટલી વીતરાગતા જ છે.

રાગ-વિકલ્પ પોતાની નબળાઈથી ઊઠે છે તે કાંઈ પરિષહજય નથી પણ જ્ઞાતામાત્ર સ્વભાવની એકતારૂપ સ્વસન્મુખતા જાગ્રતિ રહેતા જેટલો વિકલ્પ-રાગ ઉત્પન્ન ન થયો તેનું નામ પરિષહજય છે.

પરદ્રવ્યનો વિચાર કરવો તે રાગનું કારણ નથી પણ વિચાર તે તો મતિ-શ્રુતજ્ઞાનનું સામર્થ્ય છે. જો પરથી રાગાદિ થાય તો પરાધીનતા થઈ. પરદ્રવ્ય તો જ્યાં જાય ત્યાં દેખાશે. કોઈ રાજા ભાવલિંગી મુનિ થઈ જંગલમાં ધ્યાનમાં બેસી ગયા, ત્યાં તેની પૂર્વની રાણીઓ આવી હઠ કરે, સ્પર્શ કરે અથવા પોકાર કરે કે અમને ઉપદેશ આપો તો શું મુનિ દ્વેષ કરે ? જગતમાં છ યે દ્રવ્યો અનાદિઅનંત એકક્ષેત્રે રહેવાના છે, કોણ કોને દૂર કરે ? ક્ષેત્રથી કોઈ બાધક કે સાધક નથી -એમ જાણે તે પોતાના જ્ઞાનભાવની શાંતિ પ્રગટ કરી શકે.

**પ્રશ્ન** : તો પછી ગામ છોડી મુનિ જંગલમાં કેમ જાય છે ?

**ઉત્તર** : જાય કોણ ? અહીં જાઉં તો ધ્યાન થશે એમ મુનિને આગ્રહ નથી. જેવી યોગ્યતા હોય ત્યાં જવાય ને જેવી જ્ઞાનની યોગ્યતા હોય તે જણાય. સ્ત્રીનો સમૂહ દેખાય કે સિંહનો ઉપસર્ગ જણાય બન્નેમાં સમાનપણે જ્ઞાતા રહે તેનું નામ સમભાવ છે.

શાસ્ત્રમાં આવે કે નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું જોઈએ. તેનો એ અર્થ છે કે બ્રહ્મચારી જીવે એવો પ્રમાદ ન કરવો જોઈએ. કોઈ સ્વચ્છંદી થઈ એમ કહે કે અમે પરદ્રવ્યથી લાભ-નુકસાન માનતા નથી, એકાંતમાં સ્ત્રીનો સંગ હો તેથી શું ? તથા શાસ્ત્ર ભણાવવાના બહાને સ્ત્રી સમુદાયનો પરિચય કરી રાગ પોષે તેની વાત નથી પણ જેને વીતરાગ દષ્ટિપૂર્વક જ્ઞાતાપણાની ભાવના છે તેને હેય-ઉપાદેયનો વિવેક હોય જ. તેને પરદ્રવ્યને જાણવા વખતે પણ વીતરાગ ભાવ હોય છે -એવું શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન** : જો એમ છે તો શાસ્ત્રમાં આત્માનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણને મોક્ષમાર્ગ છે એમ કેમ કહ્યું છે ?

**ઉત્તર** : અનાદિથી પરમાં મારાપણાનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ હતું તે છોડાવવા એ ઉપદેશ છે. ખરી રીતે તો જ્ઞાયકમાત્ર પોતામાં પોતાપણાનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ થતાં અને પરમાં રાગાદિ કરવાનું શ્રદ્ધાનાદિ મટતાં મિથ્યાબુદ્ધિ રહિત સમ્યગ્દર્શનાદિ થાય છે. પણ જો પરનું પરરૂપ શ્રદ્ધાનાદિ કરવાથી

સમકિતાદિ ન થતાં હોય તો કેવળી સર્વજ્ઞને પણ તેનો અભાવ આવે, માટે પરપદાર્થને જાણવું તે દોષ નથી.

## ભાદરવા સુદ ૧૩, સોમવાર, ૨૧-૯-૫૩.

બહિરાત્મા અજ્ઞાની જીવ એમ માને છે કે પરને જાણવાથી રાગદ્વેષ થાય છે તેને કહે છે કે જો પરદ્રવ્યને પરરૂપ ન જાણે તો ભેદજ્ઞાનની સિદ્ધિ થતી નથી. જ્યાં પરદ્રવ્યને ભલા-બૂરા જાણવા ત્યાં તો અભિપ્રાયપૂર્વક રાગદ્વેષ સહજ જ થયો. જ્યાં જ્યાં પોતાને પોતારૂપ, પરને પરરૂપ યથાર્થ જાણ્યા કરે, ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ ન કરે એમ જાણવું તો જીવનો સ્વભાવ છે. જ્ઞાનીને પરવસ્તુ જાણતાં રાગદ્વેષ થતાં નથી. ઘણું શું કહીએ ? જેમ જ્ઞાતાસ્વભાવની દૃષ્ટિપૂર્વક રાગાદિ મટાડવાનું શ્રદ્ધાન થાય તે જ શ્રદ્ધાન સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે તથા જેમ રાગાદિ મટે તે જ આચરણ સમ્યક્ચારિત્ર છે અને એવો જ મોક્ષમાર્ગ માનવો યોગ્ય છે. કોઈ પણ શાસ્ત્રમાં કે ઉપદેશમાં શુભ રાગથી ધર્મ થાય, નિમિત્ત હોય તો ઉપાદાનનું કાર્ય થાય, વિભાવ તથા નિમિત્તથી ધર્મ કહ્યો હોય તો તે મિથ્યાત્વ પોષક અજ્ઞાનીએ રચેલા શાસ્ત્રો છે -એમ જાણવું.

જૈનધર્મના માનનારા પણ જો શુભરાગરૂપ વ્યવહાર રત્નત્રયથી ધર્મ માનતા હોય, નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થાય એમ માનતાં હોય, આત્માને પર્યાયમાં પણ શુદ્ધ માનતા હોય, પરથી લાભ-નુકસાન માનતા હોય વગેરે અનેક પ્રકારની ભૂલ કરતાં હોય તેમનું સ્વરૂપ અહીં બતાવે છે. જ્ઞાની-ધર્મી જીવ બીજાની મિથ્યાત્વ પોષક વાત સાંભળી સહન કહે નહિ.

## કેવળ વ્યવહારાવલંબી જૈનાભાસોનું નિરૂપણ

જિનાગમમાં વ્યવહારની મુખ્યતાથી ઉપદેશ છે, પણ વ્યવહારની મુખ્યતાથી ધર્મનો લાભ છે એવું ક્યાંય કહ્યું નથી છતાં અજ્ઞાની જીવ પરાશ્રય ભાવોને ભલા માની બાહ્ય સાધનાદિકનું જ શ્રદ્ધાનાદિ કરે છે. તેને ધર્મના સર્વ અંગ અન્યથારૂપ થઈ મિથ્યા ભાવને પ્રાપ્ત થાય છે. જગત કહે છે જાણવું-માનવું તેમાં શું ? કાંઈક કરશું તો પામશું. વ્યવહાર કરતાં કરતાં ક્યારેક ધર્મ થઈ જશે -એમ અજ્ઞાનીને પુણ્યની રુચિ ઊંડે ઊંડે ખસતી નથી. પાંચ મહાવ્રતાદિ શુભ પ્રવૃત્તિ હિતકર છે, સમકિત થવામાં મદદગાર છે એમ અજ્ઞાની માને છે તેથી તેની મિથ્યા માન્યતાનો સર્વત્ર નિષેધ કર્યો છે. કોઈ કાગડાનું માંસ છોડે તો પણ જેટલો રાગ છોડ્યો તેટલો ભલો કહ્યો પણ તે ધર્મની વાત નથી. તીવ્ર પાપ છોડી મંદ કષાયનો ભાવ હોય પણ તે ધર્મ નથી. શુભ રાગ પુણ્ય છે પણ ધર્મ નથી. તેથી પાપ અપેક્ષાએ પુણ્યનો ઉપદેશ હોય છે. પણ જે જીવ પૂજા, દયા, દાન વ્રતાદિ શુભાસ્રવની પ્રવૃત્તિ વડે જ ધર્મ માનીને સંતુષ્ટ થાય છે અને પુણ્ય-પાપ રહિત સાચા મોક્ષમાર્ગમાં ઉદ્યમી થતો નથી તેને મોક્ષમાર્ગ સન્મુખ કરવા માટે તેની શુભરૂપ પ્રવૃત્તિનો પણ નિષેધ કરીએ છીએ. અજ્ઞાની ગમે તેવા મંદ કષાયથી



શુભ વ્યવહારમાં પ્રવર્તે તો પણ તેને મિથ્યાત્વ તથા અનંતાનુબંધી ૪૧ પાપપ્રકૃત્તિ, જે મોટો પાપાસ્રવ છે, તેનું બંધન નિરંતર થયા કરે છે. માટે અજ્ઞાનીને પાપાનુબંધી પુણ્ય થાય છે.

કોઈ કહે કે અમે સાચા દેવાદિને જ માનીએ છીએ, અન્ય દેવાદિકને માનતા નથી તેથી અમે ગૃહીત મિથ્યાત્વથી તો છૂટ્યા છીએ, એટલા તો ભલા છીએ ? તો તેને સત્તાસ્વરૂપ ગ્રંથમાં કહે છે કે તને હજી વ્યવહારથી સુદેવાદિના બાહ્ય લક્ષણની પણ ખબર નથી. કારણ કે તે સંબંધમાં યુક્તિ આગમ અનુસાર જે શ્રદ્ધા-જ્ઞાન-આચરણ જોઈએ તેની તમને ખબર નથી. મુનિ તથા ક્ષુલ્લક થઈને ઉદ્દેશિક અને અધઃકર્મી આહારનો દોષ શું ? તેને સમજે નહિ તથા સાધકની ભૂમિકાનુસાર શું હોય ને શું ન હોય તેની ખબર નથી તેને જૈનના બાહ્ય વ્યવહારની પણ ખબર નથી.

**પ્રશ્ન** : જ્ઞાનાર્ણવ ગ્રંથમાં સત્પુરુષની સંખ્યા આ કાળે બે-ત્રણની કહી છે તેનો શું અર્થ ?

**ઉત્તર** : ત્યાં સંખ્યાની મર્યાદા બતાવવા નથી કહ્યું પણ થોડા હોય છે એમ બતાવવા માટે કહ્યું છે.

અજ્ઞાની શુભથી-પુણ્યથી ધર્મ માને છે તેની મિથ્યા શ્રદ્ધારૂપ પ્રવૃત્તિનો નિષેધ સાંભળીને જો તે જીવ શુભ પ્રવૃત્તિ છોડી પાપમાં વર્તશે તો તેનું બૂરું જ થશે અને યથાર્થ શ્રદ્ધાન કરી મોક્ષમાર્ગમાં પ્રવર્તશે તો તેનું ભલું થશે. જેમ કોઈ નિર્ગુણ ઔષધિનો નિષેધ સાંભળી ભલી ઔષધિ છોડી જો કુપથ્ય સેવન કરે તો તે મરે છે, તેમાં વૈદ્યનો દોષ નથી. તેમ કોઈ સંસારી પુણ્યની શ્રદ્ધાનો નિષેધ સાંભળી મંદ કષાયના શુભ સાધન છોડી વિષય કષાયના તીવ્ર રાગમાં પ્રવર્તશે તો તે નરકાદિના દુઃખને જ પામશે, તેમાં ઉપદેશદાતાનો દોષ નથી. વક્તાનો આશય તો અસત્ય શ્રદ્ધાનાદિ છોડાવી સત્ય સુખના ઉપાયમાં લગાડવાનો જ જાણવો અને એવા સમ્યક્ અભિપ્રાયથી જ અહીં નિરૂપણ કરીએ છીએ.

અજ્ઞાની એમ વિરોધ કરે છે કે તમે નિમિત્તને તથા વ્યવહારને માનતા નથી, જો તેનાથી લાભ મનાવો તો તેને માન્યા કહેવાય. તો જ્ઞાની તેની મિથ્યા માન્યતાનો નિષેધ કરે છે. મોટામાં મોટું પાપ તો મિથ્યા અભિપ્રાય છે તેની અજ્ઞાનીને ખબર નથી.

## ભાદરવા સુદ ૧૪, મંગળવાર, ૨૨-૯-૫૩.

કોઈ તો કુળ પરંપરાથી ચાલ્યા આવતા જૈનધર્મમાં રૂઢિમાત્રથી પ્રવર્તે છે પણ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-લીનતારૂપ જૈનધર્મ છે તેનું સ્વરૂપ તો જાણતાં નથી, માત્ર દેખાદેખીથી અન્યમતીની જેમ આ પણ વર્તે છે. જો કુળક્રમથી જ ધર્મ હોય તો મુસલમાનાદિ સર્વ ધર્મી ઠરે !

જૈનધર્મ તો અનાદિથી એક પ્રકારે છે. નગ્ન દિગંબર ભાવલિંગી સંતો અત્યારે પણ મહાવિદેહક્ષેત્રમાં જ્યાં શ્રી સીમંધર પરમાત્મા છે તેમની ધર્મસભામાં બિરાજે છે. બધા મળી પાંચ વિદેહક્ષેત્ર છે તેમાં લાખો દિગંબર સંત અને કેવળજ્ઞાની ભગવંતો વિચરે છે. જૈનધર્મની સાચી પરંપરા જે કુળમાં છે

ત્યાં જન્મે છતાં સાચી પરીક્ષાથી દેવ-ગુરુ-ધર્મ-તત્ત્વાદિ તથા બંધ-મોક્ષનું સ્વરૂપ ન સમજે તો તેને તેનો કાંઈ આત્મા સંબંધી લાભ નથી. કુળથી ધર્મ થતો હોય તો જેનું કુળ ચોર હોય ને તે ચોરી કરે તો તેને પકડે ને દંડ આપે છે, કાંઈ કુળ જાણી છોડી દેતા નથી. તેમ પિતા મિથ્યા ધર્મમાં માનતો હોય ને તે અનુસાર પુત્ર પ્રવર્તે, અપૂર્વ સત્ય શું છે તે ન જાણે તેથી કાંઈ સંસારદુઃખ ન મટે, ચાર ગતિમાં અનંતા ભવભ્રમણરૂપ દંડ અવશ્ય પામે. વળી પિતા દરિદ્રી હોય અને પોતે ધનવાન થાય તો કુળક્રમ વિચારી પોતે તો દરિદ્રી રહેતો નથી. ધર્મમાં કુળનું શું પ્રયોજન છે ? પિતા નરકમાં જાય, પુત્ર મોક્ષમાં જાય. સાચો જૈનધર્મ જે કુળમાં હોય ત્યાં પોતે જન્મ્યો હોય તો ત્યાં પણ સમજ્યા વિના રૂઢિથી ન વર્તવું પણ પરીક્ષાથી જેવી જિનદેવની આજ્ઞા છે તેવી જ ધર્મપ્રવૃત્તિ કરવી પણ કુળાચરણ ન જાણવું. ધર્મ અને તેનું સ્વરૂપ તથા તેનું ફળાદિ શું છે તેનો બરાબર નિર્ણય કરીને ધર્મ અંગીકાર કરવો. પણ સમજ્યા વિના કુળાચાર જાણી વર્તે તો તે ધર્મ નથી. લગ્નાદિ કાર્યોમાં તો કુળક્રમનો વિચાર કરવો. કુળ મર્યાદા છોડી સ્વચ્છંદી ન થવું. ધર્મમાં પણ અનુભવી જ્ઞાનીના સમાગમમાં રહી પાત્રતાપૂર્વક યથાર્થ માર્ગ ઓળખીને જૂઠા માર્ગનું અન્યથાપણું જાણીને અસલી જૈનધર્મને જ માનવો. જો નિર્ણય વિના શાસ્ત્રમાં લખ્યું તે સાચું એમ માની લે તો હઠથી, પક્ષથી માન્યું છે તેથી તેને હિતકર-અહિતકર માર્ગનો નિર્ણય નથી. તે તો અન્યમતીની જેમ જાણવા.

જીવાદિ નવ તત્ત્વ તથા દેવાદિ જે પ્રયોજનભૂત છે અને હેય-ઉપાદેયનું સ્વરૂપ તો જેમ છે તેમ પરીક્ષાપૂર્વક માનવું ને પછી દ્વીપ-સમુદ્ર, રામ-રાવણાદિ, પરમાણુ આદિ ધર્માસ્તિકાય વગેરેનું સ્વરૂપ સર્વજ્ઞની આજ્ઞાનુસાર માનવું, તેમાં શંકા ન કરવી કારણ કે પરીક્ષા કર્યા પછી પુરુષ પ્રમાણે વચન પ્રમાણ કરી શકાય છે. જે મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વો, દેવ-ગુરુ-શાસ્ત્ર-બંધ-મોક્ષનું સ્વરૂપ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેનો તો અવશ્ય પરીક્ષા કરી નિર્ણય કરવો. પરીક્ષા કર્યા વિના માનવાથી તત્ત્વાદિમાં ભાવનું યથાર્થ ભાસન થાય નહિ અને અજ્ઞાન ટળે નહિ; માટે પરીક્ષા વડે સાચો નિર્ણય કરવાથી સાચી પ્રતીતિ થાય છે.

### ભાદરવા સુદ ૧૫, બુધવાર, ૨૩-૯-૫૩.

આજે સવારે હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

### ભાદરવા વદ ૧/૨, ગુરુવાર, ૨૪-૯-૫૩.

દિગંબર જૈનમતનો અનુયાયી હોવા છતાં જેને યથાર્થ વસ્તુસ્વરૂપની ખબર નથી અને એકલા વ્યવહારમાં -રાગમાં ધર્મ માને છે તથા કુળ પરંપરા માત્રથી જ પોતાને ધર્મી માને છે પણ સત્યનો નિર્ણય કરતાં નથી તો તે પણ મિથ્યાદષ્ટિ જ છે.

વળી કોઈ આજ્ઞાનુસારી જૈન છે. જેમ અન્યમતી પણ પોતાના માનેલા શાસ્ત્રોની આજ્ઞા માને



છે, તેમ આ પણ સમજ્યા વગર શાસ્ત્રની આજ્ઞા માને છે પણ સત્ય-અસત્યનો નિર્ણય કરીને માનતો નથી તો તેને પણ મિથ્યાત્વ ટળતું નથી. અમારા મતમાં ભગવાનને આહાર હોવાનું કહ્યું નથી એમ માને છે, પણ ભગવાનનું સ્વરૂપ પોતાના જ્ઞાનમાં જાણ્યું નથી, પરીક્ષાથી ઓળખાણ કરી નથી, માત્ર દેખાદેખીથી માને છે, તો તે પણ ધર્માત્મા નથી. નિર્ણય વિના તો જેમ અન્યમતી પોતપોતાના દેવને માને છે તેમ તે પણ સર્વજ્ઞ ભગવાનને માને છે પણ પરીક્ષા કરીને નિર્ણય કર્યા વિના પોતાના જ્ઞાનમાં લાભ થાય નહિ. ભલે ભગવાન તો સાચા છે પણ ભગવાનનું સાચાપણું કઈ રીતે છે તે જેના જ્ઞાનમાં ભાસ્યું નથી, તેનું જ્ઞાન પણ મિથ્યા છે. પરીક્ષા કર્યા વગર સત્ય-અસત્યનો નિર્ણય થાય નહિ. સત્ય-અસત્યના નિર્ણય વગર એકલા પક્ષથી માને તો તેને મિથ્યાત્વ ટળતું નથી.

**પ્રશ્ન** : શાસ્ત્રમાં આજ્ઞા આદિ દસ પ્રકારના સમ્યક્ત્વ કહ્યા છે. આજ્ઞાવિચયને ધર્મધ્યાનનો ભેદ કહ્યો છે તેમ જ નિઃશંકિત અંગની વ્યાખ્યામાં કહ્યું છે કે જિનવચનમાં સંશય ન કરવો, તો તે કઈ રીતે છે ?

**ઉત્તર** : પોતાના જ્ઞાનથી જેનો નિર્ણય થઈ શકે તેવા પ્રયોજનભૂત તત્ત્વોની તો બરાબર પરીક્ષા કરીને માને અને બાકીનું સર્વજ્ઞની આજ્ઞાથી પ્રમાણ કરે. સાચા શાસ્ત્રો ને કુશાસ્ત્રોના કથનમાં પરસ્પર વિરુદ્ધતા આવે ત્યાં કોનું કથન પ્રમાણભૂત છે ને કોનું વિરુદ્ધ છે તેનો પોતે જાતે નિર્ણય કરે. જેના મૂળભૂત તત્ત્વોમાં ભૂલ હોય, સાચા દેવ-ગુરુની પરંપરા જેનામાં ન હોય-એવા શાસ્ત્રોના કથન અપ્રમાણ છે. મૂળ તત્ત્વો જ જેણે વિપરીત કહ્યા તેને તો આત્માની દરકાર જ ન રહી. સર્વજ્ઞ ભગવાનની પરંપરામાં કહેલા યથાર્થ તત્ત્વોને ઓળખીને માનવા જોઈએ.

**પ્રશ્ન** : પરીક્ષા કરવા જતાં કોઈ કથન તો પ્રમાણ ભાસે તથા કોઈ કથન અપ્રમાણ ભાસે તો ત્યાં શું કરવું ?

**ઉત્તર** : સર્વજ્ઞ ભગવાને કહેલા અને તેની પરંપરામાં આવેલા જે શાસ્ત્રો છે તેમાં તો ભૂલ હોય જ નહિ. સર્વજ્ઞ વીતરાગદેવના કથનમાં ભૂલ હોય જ નહિ. માટે સર્વજ્ઞદેવના કથન અનુસાર જ પોતાના જ્ઞાનમાં જ્યાં સુધી ન ભાસે ત્યાં સુધી પોતાની પરીક્ષામાં ભૂલ છે એમ સમજવું. સર્વજ્ઞ ભગવાનની પરંપરા સાથે પોતાના જ્ઞાનનો મેળ થવો જોઈએ.

કોઈ કહે છદ્મસ્થથી પરીક્ષા કરવામાં ભૂલ થઈ જાય તો શું કરવું ? તેનું સમાધાન હૃ ભાઈ ! જેને આત્માની દરકાર હોય અને પરીક્ષા કરે તો મૂળ પ્રયોજનભૂત તત્ત્વોમાં તો ભૂલ થાય નહિ, સાચી જ પરીક્ષા થાય. અત્યાર સુધી જેમનું સાંભળ્યું અને માન્યું તેના કરતાં આ વાતમાં ક્યાં ફેર પડ્યો? મૂળભૂત ભૂલ શું હતી ? એનો જાતે નિર્ણય કરે તો સત્ય-અસત્યનો બરાબર વિવેક થઈ જાય. પણ જૂની માન્યતાનો આગ્રહ છોડવો ન હોય, પોતાનું રાખીને સાંભળે -તો તેને સત્ય-અસત્યનો તફાવત દેખાય નહિ. આ તો પાત્ર થઈને, પોતાનું માન મૂકીને સમજવા માગે તો સમજાય તેવું છે. અને

અત્યાર સુધી જે સમજ્યા તે બધું ભૂલવાળું હતું ને હવે આ વાત તેનાથી તદ્દન જુદી-અપૂર્વ-છે. આમ અંતરમાં પરીક્ષા કરીને સમજે તો જરૂર નિર્ણય થાય.

દેવ-ગુરુ-શાસ્ત્ર, જીવાદિ તત્ત્વ વગેરે પ્રયોજનભૂત તત્ત્વોનો તો પરીક્ષા કરીને બરાબર નિર્ણય કરવો જોઈએ. પક્ષપાત છોડીને તથા પ્રમાદ છોડીને પરીક્ષા કરે અને યથાર્થ સત્યનો નિર્ણય કરીને અંતરમાં જાય - તો જ મિથ્યાત્વ ટળે. પરીક્ષાથી ઓળખ્યા વગર માને તો તેમાં સમ્યગ્જ્ઞાનનો લાભ થાય નહિ. માટે જેને પોતે માને છે-તેમાં સત્યપણું કઈ રીતે છે, બીજાથી તેમાં શું ફેર છે તે ઓળખીને નિર્ણય કરવો જોઈએ.

શાસ્ત્રોમાં એકવાર એમ કહે છે કે ''જીવ પોતે જ પોતાની બુદ્ધિના અપરાધથી રાગાદિ ભાવોને કરે છે, તેમાં કોઈ પરનો દોષ નથી'' અને વળી બીજે ઠેકાણે એમ કહે કે ''જ્ઞાની પોતે સ્વયં રાગાદિ ભાવે પરિણમતો નથી પણ કર્મોદયના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે'' તો શું તે કથનમાં પરસ્પર વિરોધ છે ? પરસ્પર વિરોધ નથી પણ અપેક્ષાની શૈલી જુદી જુદી છે. અજ્ઞાની પરને કારણે રાગદ્વેષ થવાનું માને છે તેને સમજાવ્યું કે ભાઈ ! રાગાદિ ભાવો થાય છે તે તારી જ બુદ્ધિનો અપરાધ છે, પરના કારણે થતા નથી. અને બીજા કથનમાં જ્ઞાનીની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે તે બતાવવા કહ્યું છે કે ધર્મી જીવ રાગાદિરૂપે સ્વયં પરિણમતો નથી, એમ કહીને ત્યાં સ્વભાવદૃષ્ટિ ઓળખાવી છે.

બંધ-પુણ્યાસ્રવ-વ્યવહારનો પક્ષ તો અનંતવાર કર્યો છે પણ આત્માના લક્ષે શુદ્ધ નયનો પક્ષ કદી આવ્યો નથી. નિર્વિકલ્પ અતીંદ્રિય આનંદ આત્મામાંથી પ્રગટ કરવો હોય તેણે પ્રથમ મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત રકમ, હેય-ઉપાદેયનું સ્વરૂપ શું તેની તો પરીક્ષા અવશ્ય કરવી. અને જે શાસ્ત્રમાં એ સત્ય કહ્યાં હોય તેની સર્વ આજ્ઞા માનવી તથા જેમ અન્યથા કહેલ હોય તેની કોઈ વાત ન માનવી. બાહ્ય અહિંસા, વ્રતાદિની વાત કરી હો પણ વિષ મિશ્રિત દૂધની જેમ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની વાત દૂરથી જ છોડવી જોઈએ. જૈનધર્મના નામે પણ કલ્પિત શાસ્ત્રો બનાવી તેને સત્‌શાસ્ત્રો મનાવે છે તેથી પરીક્ષા કરવી જોઈએ.

સર્વજ્ઞ ભગવાને પ્રયોજનભૂત દેવાદિ તથા દ્રવ્ય-ગુણ-પર્યાય, નવ તત્ત્વ, હેય-ઉપાદેયનું સ્વરૂપ કે જેની પરીક્ષા થઈ શકે છે તેમાં જરા પણ વિરુદ્ધ કહ્યું નથી, તો અપ્રયોજનભૂત દ્વીપ-સમુદ્રાદિનું કથન અન્યથા કેમ કરે ? જે હજારો રૂપિયાની વાતમાં છળ-જૂઠ ન કરે તે એક પાઈ માટે જૂઠું કેમ કહે ? શ્વેતાંબર સંપ્રદાયમાં દેવાદિ તથા તેના બહાને બીજી હજારો વાતમાં વિરુદ્ધતા લખી ભગવાનના નામે શાસ્ત્રો કલ્પિત બનાવ્યા છે. એવી પરંપરા ચલાવવાથી વક્તાના વિષય કષાય પોષાય છે. આમ વિપરીત કથન કર્યું હોય તેની કોઈ વાત માન્ય નથી. દિગંબર સંપ્રદાયમાં આવીને પણ સાચી પરીક્ષા ન કરે અને પક્ષપાતથી માને તેથી આત્મહિત ન થાય.

**પ્રશ્ન** : વિષય કષાયથી દેવાદિનું કથન તો ખોટું કહ્યું પણ તે જ શાસ્ત્રોમાં બીજા કથન અન્યથા



શા માટે કહ્યા ?

**ઉત્તર** : જો એક જ કથન ખોટું લખે તો તેનું જૂઠાણું જલદી ઉઘાડું પડી જાય તથા જુદી પરંપરા ન ઠરે પણ ઘણા કથન અન્યથા કરે, તેથી પોતાની પદ્ધતિ જ જુદી ઠરે અને સ્વતંત્ર મત સ્થપાય. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પણ ઘણું વિરુદ્ધ કથન છે તથા દયા-દાનના શુભ રાગથી સંસાર પરિમિત ન થાય કેમ કે તે પુણ્યાસ્રવ પુણ્યબંધનું કારણ છે પણ તેમ ન માનતા દયા-દાનના શુભ રાગથી વિપાકસૂત્રમાં સંસાર પરિમિત થયાના ૧૦ દૃષ્ટાંત દીધાં છે તથા પ્રશ્નવિપાકસૂત્રમાં શુભ જોગથી-વ્રતાદિ શુભાસ્રવથી સંવર-નિર્જરારૂપ ધર્મ કહેલ છે, તો તેવા કથન પરીક્ષાવાન માને નહિ.

અમને એવા શાસ્ત્રો ને ગુરુ મળ્યા માટે ભ્રમ થયો એ વાત પણ ખોટી છે. પોતે સત્ય-અસત્ય માર્ગની પરીક્ષા ન કરી અને તેની વાત પોતાને રુચિ તેથી પોતે ભ્રમ ઊભો કર્યો છે. સર્વજ્ઞ વીતરાગને નામે હજારો વાતો વસ્તુસ્થિતિથી વિરુદ્ધ લખી ત્યાં તુચ્છ બુદ્ધિવાન તો ભ્રમમાં પડી જાય છે. તે પોતાની યોગ્યતાના કારણે ભૂલે છે. શ્વેતાંબર મતમાં ઘણા કથન અન્યથા કર્યા તથા પ્રતીતિ યોગ્ય મનાવવા માટે કોઈ કોઈ સાચા કથન પણ કર્યા પણ સમજુ પુરુષ તો એવા ભ્રમમાં પડે નહિ, પણ પ્રયોજનભૂત વાતની પરીક્ષા કરતાં જેમાં એ સત્ય ભાસે તે મતની સર્વ આજ્ઞા માને. હવે પક્ષપાત છોડી પરીક્ષા કરતાં એક સનાતન જૈનમત જ સત્ય ભાસે છે, કારણ કે સનાતન દિગંબર પરંપરામાં તો એના વક્તા શ્રી સર્વજ્ઞ વીતરાગ છે, ૧૮ દોષ રહિત છે, તેઓ જૂઠ કેમ કહે ? એ પ્રમાણે યથાર્થ રીતે પરીક્ષાપૂર્વક જિનઆજ્ઞા માને તો સત્ય શ્રદ્ધાન છે, અને તેનું જ નામ આજ્ઞાસમકિત છે.

## ભાદરવા વદ ૩, શુક્રવાર, ૨૫-૯-૫૩.

અહીં કહે છે કે જૈનમતમાં જન્મીને એકલી આજ્ઞાથી જ દેવ-ગુરુને માને પણ પરીક્ષા કરીને પોતે સમજે નહિ તો તેને સમ્યક્ત્વ થતું નથી. મૂળભૂત તત્ત્વો, દેવ-ગુરુ-શાસ્ત્ર, નવ તત્ત્વો વગેરેની પરીક્ષા કરવી જોઈએ. એ રીતે પરીક્ષા કરતાં જૈનમત એક જ સત્ય ભાસે અને પછી બીજી સૂક્ષ્મ બાબતોમાં આજ્ઞા અનુસાર શ્રદ્ધા કરીને માની લ્યે, તો તેને સાચી શ્રદ્ધા થાય છે. આ પ્રમાણે પરીક્ષાપૂર્વક જિનઆજ્ઞા માને તેને આજ્ઞા સમ્યક્ત્વ હોય છે. પોતે જાતે અંતરમાં પ્રતીતિ કર્યા વગર એકલી આજ્ઞાથી જ જૈનમતને માને એવું તો દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ પણ કરે છે, પણ તેને કાંઈ આજ્ઞા સમ્યક્ત્વ નથી. માટે કંઈક પરીક્ષા કરીને પછી આજ્ઞા માનવી જોઈએ. 'કંઈક' એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર તથા નવ તત્ત્વો વગેરેના સ્વરૂપને ઓળખવું જોઈએ. પહેલા પરીક્ષાથી ઓળખવા જોઈએ કે આ સર્વજ્ઞ ભગવાન કઈ રીતે છે ? ગુરુ કેવા હોય ? એમ ઓળખ્યા પછી ષટ્‌ગુણહાનિવૃદ્ધિ વગેરે સૂક્ષ્મ તત્ત્વો કે જેમાં પોતાનું જ્ઞાન કામ ન કરી શકે - તે સર્વજ્ઞની આજ્ઞાથી પ્રમાણ માની લ્યે. લોકમાં પણ પહેલા પુરુષની કંઈક પરીક્ષા કરીને પછી તેના ઉપર વિશ્વાસ મૂકે છે.

જિનવચનની પરીક્ષા કરવી જોઈએ. સ્વયંભૂસ્તોત્રમાં સમંતભદ્ર આચાર્ય કહે છે કે હે નાથ ! આ

જગતના પદાર્થો એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે એવા સૂક્ષ્મ સ્વરૂપને આપે સર્વજ્ઞતા વડે પ્રત્યક્ષ કર્યું તે જ આપની સર્વજ્ઞતાની નિશાની છે. હે નાથ ! સર્વજ્ઞતા સિવાય એક સમયના ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત વાણીમાં આવે નહિ. માટે આપની વાણીમાં સમય સમયના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવ્યા છે તે જ આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે. આ પ્રમાણે અમે આપની પરીક્ષા કરીને આપની આજ્ઞા માનીએ છીએ. પરીક્ષાપૂર્વક આજ્ઞા માને તે યથાર્થ છે. આજ્ઞા સમ્યક્ત્વ કહ્યું તેમાં પણ પરીક્ષાપૂર્વકની આજ્ઞાની વાત છે. જેમની આજ્ઞા પોતે માને છે તેની ઓળખાણ કરવી જોઈએ.

વળી જિનવચનની પરીક્ષા કરવી તે કાંઈ દોષ નથી. નિર્ણય કરવા માટે આશંકા ઊઠે તે કાંઈ મિથ્યાત્વ નથી. સ્વાધ્યાય-ચર્ચા કરે, પ્રશ્ન પૂછે તે તો નિર્ણય અને દ્રઢતા માટે છે. પ્રમાણ અને નયથી પરીક્ષા કરીને તત્ત્વની સમજ કરવી જોઈએ.

નવ તત્ત્વના વિચાર, પ્રમાણ-નય-નિક્ષેપથી તત્ત્વનો વિચાર અને બદ્ધ-અબદ્ધ ઈત્યાદિ વિચાર તે બધામાં રાગમિશ્રિત વિચાર છે. તે વિકલ્પનો પણ અભાવ કરીને અભેદ સ્વરૂપનો નિર્વિકલ્પ અનુભવ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. નવ તત્ત્વના વિચારો તે બધો વ્યવહાર છે. જેને રુચિ હોય તેણે પહેલા બરાબર તત્ત્વના નિર્ણયનો ઉદ્યમ કરવો જોઈએ. જેને હજી મૂળ નિર્ણયમાં જ ભૂલ હોય તેને અનુભવ થાય નહિ. માટે પરીક્ષા કરીને સત્યનો નિર્ણય કરવો. અનાદિથી ઊંધા મતનું સેવન કરીને મિથ્યાત્વને લીધે જીવ સંસારમાં રખડ્યો છે. તેથી હવે સત્યને ઓળખીને જો મિથ્યા શ્રદ્ધા છોડે ને સાચી શ્રદ્ધા કરે તો મોક્ષમાર્ગ થાય, માટે અહીં તેની વાત કરે છે.

વસ્તુનો યથાર્થ નિર્ણય કરવો કે ''આ સત્ય છે ને આ અસત્ય છે'' તેમાં કાંઈ રાગદ્વેષ નથી. પાપી જીવો ધર્મના નામે ઊંધી વાત કરતા હોય તો તેની પરીક્ષા કરીને તેને અસત્ય માનવું. સત્યને સત્ય તરીકે સ્થાપવું ને અસત્યને અસત્ય કહેવું તે તો સત્યજ્ઞાન છે, તે કાંઈ રાગદ્વેષ નથી. જૈનમતના નામે પણ કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવોએ વિપરીત કથન કર્યું હોય તો ત્યાં બરાબર પરીક્ષા કરવી પણ જિનવચનના નામથી છેતરાઈ જવું નહિ. અનંતકાળમાં નહિ મળેલી એવી અપૂર્વ ચીજ શું છે ? તે વાતની પરીક્ષા કરીને ઓળખવું જોઈએ.

જેમ કોઈ ઠગ હૂંડી લખે ને લખવાની જગ્યાએ સહી કરવામાં શાહુકારનું નામ લખે ત્યાં કોઈ ભોળો અપરીક્ષક ઠગાય, તેમ કોઈ દુરાશયીએ પોતે સર્વજ્ઞ ભગવાનના નામે શાસ્ત્ર લખીને તેના કર્તા જિન, ગણધર અને આચાર્ય બતાવ્યા ત્યાં ભ્રમથી કોઈ જૂઠું શ્રદ્ધાન કરે તો તે મિથ્યાદ્રષ્ટિ જ થાય. સંપ્રદાય ઘણા વર્ષથી ચાલતો હોય પછી માની લે કે આપણા પરંપરાથી મોટા મોટા સાધુ-આચાર્ય જે વાત માને તેમાં ભૂલ કેમ હોય ? આપણે તો તેમણે માનેલું જ માનવું, પરીક્ષા ન કરવી - તે તો ગૃહીત મિથ્યાત્વ છે. જ્યાં સાચા દેવાદિનું સ્વરૂપ છે તે સનાતન દિગંબર જૈનમતમાં જન્મ્યો હોય તે જીવ પણ જો પરીક્ષા વિના રૂઢિથી માની લે તો પણ મિથ્યાદ્રષ્ટિ જ રહે.



વળી કોઈ બાહ્ય આચાર અને મંદ કષાય ઉપરથી ધર્મની પરીક્ષા કરે છે પણ મૂળ પરીક્ષા કરતાં નથી, માત્ર પરની દયા-શીલ-તપ-સંયમાદિ ક્રિયાઓથી પૂજા-પ્રભાવનાદિ કાર્યો વડે તથા કોઈ અતિશય-ચમત્કારાદિ વડે આ જીવ ધર્મી છે એમ માને છે. મહિનાઓના ઉપવાસ, છ રસનો ત્યાગ, મંદ કષાય, વ્યવહાર આચરણ બરાબર પાળે તેથી શું ? કેમ કે તે ધર્મના લક્ષણ નથી. કારણ કે અન્યમતી પણ મંદ કષાયી હોય છે. તેથી બાહ્ય ક્રિયાથી તથા મંદ કષાયરૂપ શુભ વ્યવહારથી ધર્મની પરીક્ષા કરતાં અતિવ્યાપ્તિ દૂષણ આવે છે. માટે તે પરીક્ષા સાચી પરીક્ષા નથી.

નિશ્ચયપૂર્વક વ્યવહાર જૈનમતમાં જ હોય. વીતરાગમાર્ગમાં જે નિશ્ચય તત્ત્વજ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્રનું સ્વરૂપ છે એવું કોઈ અન્યમતમાં નથી.

**પ્રશ્ન** : એ કાર્ય જેવા જૈનમાં છે તેવા અન્યમાં નથી. તેથી ત્યાં અતિવ્યાપ્તિ દોષ નથી.

**ઉત્તર** : એ તો સત્ય છે પણ તું જેવા દયાદિ માને છે તેવા તો તે પણ કહે છે. દયાદિ પુણ્યનું લક્ષણ છે, ધર્મનું લક્ષણ નથી. પર જીવોની રક્ષાને તું દયા કહે છે. ત્યારે તેઓ પણ તે જ કહે છે. સાચી અહિંસારૂપ સ્વ દયાની વાત અન્ય મતમાં તો છે જ નહિ.

**પ્રશ્ન** : જૈનના વ્યવહારમાં તથા અન્યના વ્યવહારમાં એટલો ફેર છે કે તે કોઈ વેળા દયા ઉપદેશે છે તથા કોઈ વખત હિંસા સ્થાપે છે.

**ઉત્તર** : ત્યાં દયાદિનો અંશમાત્ર તો આવ્યો માટે એ લક્ષણોથી અતિવ્યાપ્તિપણું (બીજામાં પણ તે વાતનું હોવું તે) આવે છે. તેથી દયાદિ શુભ રાગ વડે બાહ્ય વેશ-ક્રિયા વડે જૈનધર્મની સાચી પરીક્ષા થાય નહિ. પણ જૈનધર્મમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને જ મોક્ષમાર્ગ કહ્યો છે. ત્યાં સુદેવાદિ વા જીવાદિકનું સત્ય શ્રદ્ધાન કરવાથી સમ્યગ્દર્શન થાય છે, તેના યથાર્થ જ્ઞાનથી સુજ્ઞાન થાય છે તથા સ્વદ્રવ્યના જ આલબંન વડે ખરેખર રાગાદિ મટતાં સમ્યક્ચારિત્ર થાય છે. તે સ્વરૂપ જૈનમત વિના કોઈમાં નથી. માટે એ સાચા લક્ષણ વડે પરીક્ષા કરતાં મિથ્યાદ્રષ્ટિપણું રહે નહિ.

### ભાદરવા વદ ૪, શનિવાર, ૨૬-૯-૫૩.

અનાદિથી જીવને મિથ્યા શ્રદ્ધા છે તે સંસારનું મૂળ છે, તે ટળીને સાચી શ્રદ્ધા કેમ થાય ? તેની આ વાત છે. ખરેખર જૈનધર્મ શું છે તેની અજ્ઞાનીને ખબર નથી. કુળ પરંપરા વગેરેથી પોતાને જૈન માને પણ પરીક્ષા કરીને ઓળખે નહિ -તો સાચી શ્રદ્ધા થાય નહિ. જૈનધર્મનું લક્ષણ દયા છે એમ કહે પણ દયા કોને કહેવી ? તે ઓળખે નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે વીતરાગ ભાવ છે તે જ પરમાર્થે દયા છે, ને તે જ ધર્મ છે. સમ્યગ્દર્શન વગર એકલી પરની દયાનો શુભ રાગ તે કાંઈ ધર્મનું લક્ષણ નથી. આમ ઓળખ્યા વગર રાગને ધર્મ માને તેને જૈનધર્મની ખબર નથી. સર્વ તત્ત્વો સ્વતંત્ર છે, કોઈ તત્ત્વને બીજા તત્ત્વની અપેક્ષા નથી. આવી સ્વતંત્રતાના ભાનપૂર્વક જે વીતરાગ

ભાવ થાય તે જૈનધર્મ છે. દયાનો શુભ ભાવ તો અન્યમતમાં પણ હોય છે. માટે તે ધર્મનું સાચું લક્ષણ નથી. લક્ષણથી બરાબર સ્વરૂપને ઓળખીને શ્રદ્ધા કરે તેને જ સાચી શ્રદ્ધા છે.

વળી કોઈ જીવો મોટા માણસની સંગતી વડે જૈનધર્મને માને છે. કોઈ મહાપુરુષે દિગંબર જૈનધર્મને માન્યો માટે આપણે પણ માનવું -એમ બીજાને દેખીને પોતે માને છે, પણ પોતે જાતે ઓળખતો નથી. વળી બીજા વ્રત લ્યે તે દેખીને પોતે સમજ્યા વગર વ્રતાદિ લઈ લ્યે તથા દેખાદેખીથી શુદ્ધ-અશુદ્ધ ક્રિયામાં પ્રવર્તે છે. શુદ્ધ ક્રિયા એટલે આચરણનો શુભ ભાવ, તેમાં પ્રવર્તે છે ને તેને ધર્મ માને છે. આહારશુદ્ધિ, જિનપૂજા, સ્વાધ્યાય વગેરે ક્રિયામાં વર્તે અને તેને જ ધર્મ માને પણ યથાર્થ તત્ત્વ શું છે તેની ઓળખાણ કરતો નથી. આ પ્રમાણે અનેક પ્રકારના જીવો પોતે જૈનધર્મના રહસ્યને વિચારપૂર્વક ઓળખતા નથી, ઓળખ્યા વગર પોતાને જૈન કહેવડાવે છે -તેને પણ હજી મિથ્યાત્વ ટળ્યું નથી. તેઓ એકલા શુભ આચરણથી પોતાને જૈન માને છે. તેથી તેમને તીવ્ર પાપ ભાવ ટળીને કષાયની મંદતા થઈ છે, તે પુણ્યના નિમિત્તમાં વર્તે છે. જેવી પાપ પ્રવૃત્તિ અન્ય કુદેવાદિની માન્યતામાં થાય છે તેવી પાપ પ્રવૃત્તિ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતાવાળાને થતી નથી, તેને પુણ્ય પરિણામ હોય છે. તેમ જ મોક્ષમાર્ગમાં સાચા નિમિત્ત પણ તેને મળ્યા છે. તેથી કુદેવાદિને માનનારા અને તીવ્ર પાપમાં પ્રવર્તનારા બીજા જીવો કરતાં તો તે સાચા દેવ-ગુરુને માનનારો જીવ ભલો છે. તે સ્વર્ગાદિમાં જશે પણ સમ્યગ્દર્શન વગર સાચું કલ્યાણ ન થાય. જન્મ-મરણનો અંત તો યથાર્થ ઓળખાણ કરીને સાચી શ્રદ્ધા-જ્ઞાન કરે તો જ આવે તેમ છે.

જે જીવ આજીવિકા માટે વ્રતાદિ ધારણ કરે, વિવાહાદિ સંબંધની આશાથી, વા માનાદિ અર્થે, ભોજનાદિની સગવડતા અર્થે ઇત્યાદિ વિષય કષાય સંબંધી પ્રયોજન વિચારી કપટથી જૈની થાય છે તે તો પાપી જ છે. સંસારના નાશ અર્થે જૈનધર્મ છે તેને સંસાર પોષણનું સાધન બનાવે તે મોટો અન્યાય છે.

**પ્રશ્ન** : હિંસાદિ વ્યાપાર, ખેતી વગેરેમાં પાપ થાય છે તો થોડા પાપમાં-ધર્મના સાધનમાં આજીવિકા કરીએ તો તેમાં બૂરું શું થયું ? એથી તો બન્ને પ્રયોજન સધાય છે.

**ઉત્તર** : પાપકાર્ય અને ધર્મકાર્યનું એક સાધન કરતાં તો પાપ જ થાય છે. જેમ ધર્મસાધનરૂપ જિનમંદિર બનાવી ત્યાં સ્ત્રીસેવાનાદિ પાપોનું સાધન કરે તો તે પાપી જ છે. તેમ પૂજા-શાસ્ત્રાદિક કે જે ધર્મના સાધનરૂપ કાર્યો છે તેને જ આજીવિકાદિ પાપના સાધન બનાવે તો તેથી પાપ જ થાય.

**પ્રશ્ન** : જો એમ છે તો મુનિ પણ ધર્મસાધન અર્થે પર ઘેર ભોજન કરે છે તથા સાધર્મી બીજા સાધર્મીનો ઉપકાર કરે-કરાવે છે તે કેમ બને ?

**ઉત્તર** : મુનિ દેહાદિ પોષવા ધર્મ સાધતા નથી. કોઈ તેમને ધર્માત્મા જાણી સ્વયં વિનંતીપૂર્વક



ભોજન, ભક્તિ, ઉપકારાદિ કરે તો તેમાં દોષ નથી પણ પોતે જ ભોજનાદિકની ગૃદ્ધિ રાખી ધર્મ સાધે તે તો પાપ જ છે.

**પ્રશ્ન** : બાહ્યથી ત્યાગી થાય તે પ્રથમ ભલે પાપી હોય પણ પછી તો સાચા ધર્મની બુદ્ધિ થઈ જાય. માટે ધર્મના નામે ગમે તે આવે તેને નિભાવવા જોઈએ ને ?

**ઉત્તર** : પ્રથમથી જ જે જીવોની આહારાદિની સગવડતા લેવાની ભાવના છે, ધર્મની રુચિ નથી એવાને ભેગા કરી તેને પોષવા એવો અભિપ્રાય કોઈ રીતે ઠીક નથી. જે મુનિ થવા યોગ્ય છે તેને આત્મજ્ઞાન તો છે ને તે વૈરાગ્યવાન થઈ નિશ્ચય રત્નત્રયરૂપ મુનિપદ અંગીકાર કરે છે. તેને તો ભોજનાદિ તથા માનાદિનું પ્રયોજન હોતું નથી પણ કોઈ ભક્તિવાન જીવ વિધિપૂર્વક ભોજનાદિક આપે છે તો શરીરની સ્થિતિ અર્થે લે, નહિ તો સમતા રાખે પણ ક્લેશિત થાય નહિ.

કોઈ સાધર્મી સ્વયં ઉપકાર-ભક્તિ-વૈયાવૃત્ય કરે તો કરે તથા ન કરે તો તેથી પોતાને જરાય ક્લેશ થતો નથી; પણ અજ્ઞાની તો જરા સગવડતામાં ખામી દેખાય, સાંભળનારા ન આવે, માનાદિ ન મળે તો ક્રોધથી ધૂવાં-ફૂવાં થઈ જાય તે તો પાપી જ છે.

જૈનાભાસી મિથ્યાદૃષ્ટિની ધર્મસાધનાની કેવી પ્રવૃત્તિ હોય છે તે હવે કહે છે.

જે જીવો દિગંબર જૈન સંપ્રદાયમાં જન્મેલા છે, કુલાચારથી દેખાદેખીથી ધર્મસાધન કરે છે તો ધર્મદૃષ્ટિ જ નથી. તેઓ ભક્તિપૂજા કરે તો ચિત્ત ક્યાંય ભમે, દૃષ્ટિ ફર્યા કરે, મુખેથી પાઠ વા નમસ્કારાદિ કરે પણ ''તેમને હું કોણ છું, કોની સ્તુતિ કરું છું, શા માટે સ્તુતિ કરું છું, આ પાઠનો અર્થ શું છે ?'' એ આદિનું કાંઈ ભાન નથી. કદાચિત્ કુદેવાદિકની સેવા કરવા લાગી જાય; ભય, આશા, સ્નેહ, લોભાદિથી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા અને એના આચરણ ભલા છે એમ પણ માની બેસે; સુદેવાદિ તથા કુદેવાદિની પરીક્ષા ન કરે ને વાડામાં કે કુળમાં જે પદ્ધતિ છે તેના પક્ષમાં રાચી રહે છે. દાન દે છે તો પાત્ર-અપાત્રનો વિવેક ન કરે પણ જેમ પોતાની પ્રશંસા થાય તેમ દાન આપે; તપ કરે તો ભૂખ્યા રહેવું તથા જેમ માન વધે તેમ કરે, પણ પોતાના હિત-અહિતની ઓળખાણ નથી. વ્રતાદિમાં પણ બાહ્ય ક્રિયા જ દેખે છે. અંદર તીવ્ર રાગાદિ ભાવ થાય છે તેનો વિચાર નથી. કોઈ સાચી ક્રિયા તો કોઈ તો વ્યવહાર આગમમાં ન લખી હોય તેવી ક્રિયા પોતાની અધિકતા દેખાડવા કરે છે. વળી પૂજા, પ્રભાવનાદિ કાર્યોમાં હિંસાદિ પણ ઉપજાવે છે, રાત્રે પૂજા-અભિષેક કરે, દીવાના પ્રકાશમાં હિંસા થાય છતાં ગણે નહિ માત્ર માનાદિ કષાય પોષાય તેમ કરે છે.

### ભાદરવા વદ ૫, રવિવાર, ૨૭-૯-૫૩.

**પ્રશ્ન** : મિથ્યાત્વ ટાળવા માટે આટલી બધી ભૂલો જાણવી ને તેને માટે પરીક્ષા કરવાનો અભ્યાસ કરવો તે બધી માથાકૂટ છોડી કંઈ કરવા લાગી જઈએ તો કોઈ વખત ધર્મ થઈ જશે ?

**ઉત્તર** : અંધારાના ગમે તેટલા ગુણાકાર-ભાગાકાર કરે તેથી અજવાળું ન આવે તેમ ઊંધી માન્યતાની ગમે તેટલી પ્રવૃત્તિ કરે તેથી સત્ય સમજાણ અને શાંતિ ન આવે. તેનું એક દષ્ટાંત દ્ર એક સ્ત્રીનો પતિ મંત્ર વડે પશુ થઈ ગયો હતો. વિદ્યાધરે તેની સ્ત્રીને કહ્યું કે તેને વનમાં જઈ સંજીવની વનસ્પતિ ખવડાવે તો પશુ મટી માણસ થાય પણ તે સ્ત્રી વનસ્પતિને ઓળખી શકી નહિ. પછી તેના પતિને જે તે વનસ્પતિ લાવીને ખવડાવવા લાગી. એમ કરતાં સાચી ઔષધિ મળી ગઈ ને ભાગ્ય ખૂલ્યા પણ આ દષ્ટાંત ધર્મમાં લાગુ ન પડે. કોઈ ઝેરી વનસ્પતિથી મરી પણ જાય. માટે પ્રથમ સત્યનો નિર્ણય જોઈએ. નિમિત્ત તથા જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદની દષ્ટિ અને સ્થિરતા તે ધર્મ છે. પુણ્ય-પાપના આશ્રયે ધર્મ નથી. સર્વ કાળે, સર્વ જીવને એક સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-લીનતાથી જ ધર્મ છે. એ મૂળ વાતમાં વિરોધ ટાળી સાચી પરીક્ષા કરતા નથી તેઓને કોઈ પ્રકારે ધર્મની શરૂઆત પણ થતી નથી. કોઈ જીવો મિશ્ર પદ્ધતિથી ધર્મ સાધે છે. જેમ કે પોતાને કંઈક તો કુળાદિ-રૂપબુદ્ધિ તથા કંઈક ધર્મબુદ્ધિ છે તેથી મિથ્યાત્વ સહિત સ્થૂળ પુણ્ય બાંધે છે. ધર્મબુદ્ધિ એટલે પુણ્યની તેની પ્રવૃત્તિ આગમ કહ્યા અનુસાર કંઈક અંશે કરે છે. તેમાં મંદ કષાય કરી પુણ્યનો બંધ કરે છે પણ તેથી કાંઈ ધર્મ થતો નથી. વળી કોઈ તો નિસ્પૃહપણે ધર્મબુદ્ધિથી આપણું હિત થશે એવું માનીને પુણ્યરૂપ સ્થૂળ ધર્મને સાધે છે પણ આ સ્વાશ્રયરૂપ નિશ્ચયધર્મને જાણતા નથી તેથી તેઓ અભૂતાર્થરૂપ (પુણ્યરૂપધર્મ)ને સાધે છે. અર્થાત્ માત્ર વ્યવહાર સમકિતાદિને મોક્ષમાર્ગ જાણી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે. નવ તત્ત્વોના ભેદ જાણે છે અને મહાવ્રતાદિ પાળે છે. પણ તેમાં ધર્મ માની તેનાથી મોક્ષમાર્ગ માને છે, પણ તે પુણ્ય છે ધર્મ નથી. શાસ્ત્રમાં કોઈ પ્રકારે દેવ-ગુરુ-ધર્મની પ્રતીતિથી સમ્યક્ત્વ હોવું કહ્યું છે. ત્યાં એવી આજ્ઞા માની ૧૮ દોષ રહિત વીતરાગદેવને અર્હંતદેવ તથા નગ્ન દિગંબર ગુરુ તથા જૈનશાસ્ત્રને જ માને, બીજાઓને નમસ્કારાદિ ન કરે પણ ત્યાં સૂક્ષ્મતાથી ગુણ-અવગુણની પરીક્ષા કરતાં નથી. સમ્યગ્દષ્ટિને ગૃહસ્થદશામાં રાજપદ હોય, હજારો સ્ત્રી અથવા લડાઈમાં ઊભો દેખાય, ક્રોધ પણ કરતો દેખાય છતાં તેને અંતરંગમાં વીતરાગી શ્રદ્ધા ને સહજ સમતા છે. નિશ્ચય-વ્યવહાર, હેય-ઉપાદેયનું સ્વરૂપ, સ્વ-પરનું સ્વરૂપ તથા સ્વભાવ-વિભાવ વિવેકમાં જરાય ભૂલ થતી નથી.

વળી બાહ્યથી નક્કી કરનાર પૂર્વોક્ત બાહ્ય લક્ષણથી દેવાદિને માને છે. તેઓ સુદેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં પ્રવર્તે છે છતાં જૈનાભાસી કેમ છે તે કહે છે. અમારે તો અર્હંતદેવ છે. ઈંદ્રાદિથી પૂજ્ય અનેક અતિશય, ક્ષુધાદિ ૧૮ દોષ રહિત, શરીરની સુંદરતા સહિત, સ્ત્રી સંગ આદિ રહિત, દિવ્યધ્વનિનો ઉપદેશ અને કેવળજ્ઞાનથી લોકાલોકને જાણે છે તથા કામ ક્રોધાદિ જેમણે નાશ કર્યો છે -એમ માહાત્મ્ય થાય છે. તેમાં જે વિશેષણથી ગુણ ગાય છે તેમાં કેટલાક વિશેષણ પુદ્‌ગલાશ્રિત છે તથા કોઈ વિશેષણ જીવાશ્રિત છે તેનું ભેદજ્ઞાન તેને નથી. પણ જેમ કોઈ અસમાન જાતિ મનુષ્યાદિ અવસ્થામાં જડ-ચેતનની ભિન્નતા ન જાણતાં મિથ્યાદષ્ટિને ધારે છે તેમ આ પણ દેહ અને જીવોના ભાવોને મિશ્ર કરી જીવ અને પુદ્‌ગલના વિશેષણો જુદા જુદા ન માની મિથ્યાત્વી જ રહે છે.



વળી બાહ્ય ચિહ્નોથી અર્હંતદેવનું મહાનપણું માને છે. પણ જે જીવના વિશેષણો છે તેને વિવેકજ્ઞાનથી જીવાશ્રિત જાણે અને પુદ્‌ગલ તથા રાગાદિનું લક્ષણ જીવથી ભિન્ન જાણી, પરાશ્રયની બુદ્ધિ છોડી, જીવનું સ્વતંત્ર સ્વરૂપ યથાવત્ જાણે તો મિથ્યાદષ્ટિ રહે નહિ.

વળી તે અર્હંતદેવને સ્વર્ગ-મોક્ષદાતા, દીનદયાળ, તારણહાર, પતિતપાવન માને છે. તે તો ઉપચારના કથન વિનય અર્થે છે. પણ તેમ ન માનતા તેનો જેમ અન્યમતીઓ કર્તૃત્વબુદ્ધિથી ઈશ્વરને માને છે તેમ આ પણ અર્હંતને માને છે.

**ઓ દીનબંધુ શ્રીપતિ કરુણા નિધાનજી,**
**અબ મેરી વ્યથા ક્યોં ન હરો, વાર ક્યોં લગી.**

હે ભગવાન ! પ્રસન્ન થાઓ. આપે સીતાજીની અગ્નિ પરીક્ષામાં અગ્નિ શીતળ કરી, જળકમળ બનાવી લાજ રાખી વગેરે પ્રકારે સ્તુતિ-ભક્તિ આદિ કરે છે પણ તે તો બધા ઉપચારના કથનો છે. ભગવાન કાંઈ તે ક્રિયા કરવા આવતા નથી. ભગવાનની ભક્તિ કરતાં પુણ્યોદયથી પ્રતિકૂળતા અનુકૂળતારૂપે થઈ જાય ત્યાં ભગવાનમાં ઉપચાર કરતાં તેવી ભક્તિ કરાય છે. જો તે કથનને સત્યાર્થ માને અને માત્ર શુભ રાગનું પ્રયોજન ન જાણે તો અન્યમતીની જેમ તે પણ સ્થૂળ મિથ્યાદષ્ટિ છે.

નિમિત્તથી કાંઈ થતું નથી તથા જીવ ઈચ્છા કરે તેથી પણ કાંઈ અનુકૂળ પ્રતિકૂળ થતું નથી. કારણ કે જીવના પરિણામો જીવમાં થતાં હોવાથી તેનું ફળ (જીવમાં આવે છે) પુદ્‌ગલમાં આવે નહિ અને જડ કર્મનું ફળ તેના પરાવર્તનના નિયમાનુસાર તે કાળે તે ક્ષેત્રે તે પ્રકારે તે પુદ્‌ગલોમાં આવે છે, જીવમાં નહિ. જીવ જેવા ભાવ કરે તેનું ફળ (હર્ષ-શોક-સુખ-દુઃખરૂપ અનુભવ) પોતામાં આવે છે. પુણ્યોદયથી એવી અનુકૂળતા આવે તો અરહંત ભગવાનને નિમિત્ત કહેવાનો વ્યવહાર છે. તેથી ઉપચારથી તો તરણ, તારણ, દુઃખ હરનાર વગેરે વિશેષણો વિનય ભક્તિભાવમાં સંભવે છે. પોતાના પરિણામ શુદ્ધ થયા વિના અર્હંત પણ સ્વર્ગ મોક્ષાદિ દાતા છે એમ ઉપચાર પણ લાગુ પડતો નથી. વળી અર્હંતાદિના નામાદિકથી શ્વાનાદિકને સ્વર્ગ પામ્યા કહે છે પણ ભગવાનનું નામ સાંભળવાથી પરિણામ સુધરે એ વાત ખોટી છે. પોતે ભગવાનના નામનો જાપ કરે પણ તે કાળે શુભ ભાવ ન કરે તો ન થાય. પોતે તૃષ્ણા છોડી મંદ કષાય કરે તો પુણ્ય પરિણામ થાય ને સ્વર્ગ પ્રાપ્તિ થાય. પરિણામ એકાગ્ર શાંત કર્યા વિના માત્ર નામ લેનારને પણ સ્વર્ગ પ્રાપ્તિ ન થાય તો પછી માત્ર શબ્દો સાંભળવાથી ક્યાંથી થાય ? પણ અર્હંતાદિનું નામ સાંભળવામાં એ શ્વાનાદિકે મંદકષાયરૂપ ભાવ કર્યા તેથી તેના ફળરૂપે તેમને સ્વર્ગ પ્રાપ્તિ થઈ છે. પરંતુ ઉપચારથી ત્યાં નામની મુખ્યતા કરી છે. ખરેખર તો ભાવ અનુસાર ફળ છે -એમ જાણવું જોઈએ.

## ભાદરવા વદ ૬, સોમવાર, ૨૮-૯-૫૩.

જૈન સંપ્રદાયમાં પણ ધર્મના નામે પૂજા-ભક્તિ-વ્રતાદિ કરે છે ને દેવ-ગુરુ-ધર્મનું સાચું સ્વરૂપ સમજતા નથી તથા પૂજાદિથી આ લોકના સુખ સગવડતા મળશે અને અનિષ્ટનો નાશ થશે એમ માને છે તેઓ સ્થૂળ મિથ્યાદષ્ટિ છે. ઈષ્ટ-અનિષ્ટના નિમિત્તો મળવા તે તો પૂર્વ કર્મનો ઉદય છે. શુભાશુભ પરિણામનું નિમિત્ત પામીને કર્મમાં સંક્રમણ-અપકર્ષણ-ઉત્કર્ષણ થાય છે. અશાતા કર્મ શાતારૂપ થઈ જાય છે. ત્યાં પણ જડની અવસ્થા જીવના ભાવથી બદલી નથી, કર્મની પર્યાયની તે કાળની તેવી યોગ્યતા જ હતી તો તેમાં ત્યાં તે પ્રકારની યોગ્યતા થઈ ને જીવના શુભાશુભ ભાવનો કાળ -બેઉનો મેળ થવો તેનું નામ સ્વતંત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જીવના પરિણામથી કર્મમાં સંક્રમણાદિ થવાનું કથન તો નિમિત્ત તથા ઉપચારનું છે. કોઈની પર્યાયનો કોઈ કર્તા નથી. ભક્તામર સ્તોત્ર બોલતા ૪૮ તાળા તૂટ્યા એ પણ ઉપચારનું કથન છે, ઘીનો ઘડો કહેવાનું જેમ વ્યવહારકથન છે. પરમાણુ જે કાળે જેવી રીતે પલટવાના હોય તે જ કાળે તેની યોગ્યતાથી પલટે છે.

અર્હંતાદિની ભક્તિ કરે તો તેઓ બીજાનું ભલું કરે એમ નથી, કારણ કે અર્હંત ભગવાન કાંઈ કોઈના કર્તા નથી પણ પુણ્યોદય હોય અને અરહંતાદિની ભક્તિરૂપ પોતાના શુભોપયોગરૂપ મંદ કષાયના પરિણામ કર્યા હોય ત્યારે મેળ થતાં પૂર્વના પાપનું સંક્રમણાદિ થઈ જાય અને બાહ્ય અનુકૂળતાનો યોગ દેખાય તો ત્યાં અનિષ્ટનો નાશ અને ઈષ્ટની પ્રાપ્તિના કારણમાં અરહંતાદિની ભક્તિ કારણ છે એમ ઉપચારથી કહેવાય છે. અશુભથી બચવા માટે શુભ રાગ આવે છે ત્યાં જ્ઞાની પણ ભક્તિ આદિમાં પ્રવર્તે છે પણ તેનાથી ધર્મ માનતા નથી.

વળી કોઈ જીવ ભક્તિને મુક્તિનું વા સમકિતનું કારણ માનીને તેમાં અતિ અનુરાગી થઈ વર્તે છે તે તો અન્યમતી જેવું થયું. ભક્તિ તો રાગરૂપ હોવાથી પુણ્યબંધનું કારણ છે. જે ભાવથી બંધન થાય તે ભાવ મોક્ષનું વા સમકિતનું કારણ કદી ન થાય આમ જ્ઞાની જાણે છે. પણ નીચલી દશામાં રાગ તો અનેક પ્રકારનો થાય છે. જો ભક્તિ ન કરે તો પાપ રાગ થાય માટે પાપથી બચવા માટે જ્ઞાની પણ પૂજા-ભક્તિમાં વર્તે છે વા મોક્ષમાર્ગમાં તેને બાહ્ય નિમિત્તમાત્ર માને છે. જ્ઞાની ભક્તિના શુભ રાગમાં પણ ધર્મ માટે મદદગાર માનતો નથી પણ શુદ્ધોપયોગનો જ ઉદ્યમી રહે છે. અને તીવ્ર રાગજ્વર મટાડવા અર્થે કદાચિત્ જ્ઞાનીને પણ ભક્તિનો ભાવ હોય છે. સાચા દેવાદિ પ્રત્યે દીન-દાસપણું પ્રગટ કરી હે ભગવાન ! તમે જ કલ્યાણકારી છો, કારણ છો -એમ વિનયથી ગુણાનુવાદ કરે પણ અભિપ્રાયમાં રાગને કર્તવ્ય માને નહિ.

**પ્રશ્ન** : જો એમ છે તો જ્ઞાની કરતાં અજ્ઞાનીને ભક્તિની વિશેષતા હશે.

**ઉત્તર** : યથાર્થતાની અપેક્ષાએ જ્ઞાનીને જ સત્ય ભક્તિ છે તથા અજ્ઞાનીને તો રાગ ભાવની મુખ્યતા હોવાથી ભક્તિને મુક્તિનું વા સમકિતનું કારણ માને છે. તેથી તે અતિ અનુરાગી થઈ ભક્તિમાં વર્તે



છે. જ્ઞાની તેને શુભબંધનું કારણ જાણે છે. ભક્તિ-વિનયના કથનોમાં તો જેવા વિશેષણો અજ્ઞાનીની ભક્તિમાં હોય છે તેવા વિશેષણો જ્ઞાની પણ ભગવાન પ્રત્યે વિનયથી બોલે પણ અંદર અભિપ્રાયમાં તો નિરંતર વિવેક વર્તે છે કે પરની ભક્તિનો રાગ પણ બાધક છે ખરેખર સાધક નથી. હવે કોઈ જીવ આજ્ઞાનુસાર બાહ્યથી સ્થૂળ પરીક્ષા કરે છે કે આ નગ્ન દિગંબર મુનિ તે જ અમારા જૈન ગુરુ છે, માટે તેમની ભક્તિ કરવી -એમ વિચારી તેમની ભક્તિ કરે છે. તથા કોઈ તો બહારથી બરાબર પરીક્ષા કરે કે અમારા ગુરુ તો ૨૮ મૂળગુણ પૂરેપૂરા ચોખ્ખા પાળે છે. આ મુનિ દયા પાળે છે, બ્રહ્મચર્ય પાળે છે, ધનાદિ રાખતા નથી, ઉપવાસાદિ તપ કરે છે, બાવીસ પરિષહ સહન કરે છે, ક્રોધ કરતાં નથી, ઉપદેશ આપી અન્ય જીવોને ધર્મ સમજાવે છે. એ ઉપરથી જૈન ગુરુપણાની પરીક્ષા કરે છે પણ અંતરંગ અભિપ્રાય તો સમજતાં નથી. મોક્ષમાર્ગમાં હેય-ઉપાદેય હિત-અહિત ભાવોનું સ્વરૂપ શું છે તેના યથાર્થ સ્વરૂપને જાણી ને તેની પરીક્ષા કરે નહિ અને બાહ્ય વ્રત-તપાદિ ઉપરથી ગુરુ માની ભક્તિ કરે તો એવા બાહ્ય દયા, શાંતિ આદિ ગુણો તો અન્યમતી પરમહંસાદિમાં પણ હોય છે. માટે જૈન મુનિપણાનું લક્ષણ તું માને છે તેવું નથી. માત્ર બાહ્ય પરીક્ષાથી મુનિપદની સાચી પરીક્ષા થાય નહિ. વળી પરીક્ષા કરનાર જે મુનિના જે ગુણ માને છે તેમાં ઉપવાસ, ઉપદેશ, ચાલવું વગેરે તથા પર જીવની દયા વગેરે તો પુદ્ગલાશ્રિત છે તથા તે ક્રિયા સંબંધી શુભ રાગ તો જીવાશ્રિત છે-રાગથી બાહ્યની ક્રિયા નથી ને દેહાદિની ક્રિયાથી જીવના પરિણામ થતાં નથી. એમ તેની વિશેષતા નહિ જાણવાથી જીવ-પુદ્ગલની અસમાનજાતીય મુનિપર્યાયમાં એકત્વબુદ્ધિથી તે મિથ્યાદષ્ટિ જ રહે છે. આત્માશ્રિત નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ એ જ મુનિનું સાચું લક્ષણ છે -એમ તે ઓળખતો નથી તેથી મિથ્યાદષ્ટિ જ રહે છે. જો સાચી પરીક્ષા કરે, જીવ-અજીવના ભિન્ન ભિન્ન લક્ષણોથી ઓળખાણ કરે તો મિથ્યાદષ્ટિ રહે જ નહિ.

સાચા ભાવલિંગી મુનિ હોય છતાં તેના આત્માશ્રિત દર્શન-જ્ઞાન-ચારિત્રને ન ઓળખે ને માત્ર બાહ્ય પરીક્ષા કરી ભક્તિ કરે તો તેને માત્ર પુણ્ય થાય છે. ધર્મ સંબંધી લાભ ન થાય. આ રીતે અજ્ઞાનીને ભક્તિ પણ યથાર્થરૂપ હોતી નથી, માત્ર પુણ્ય બાંધે છે.

## ભાદરવા વદ ૭, મંગળવાર, ૨૯-૯-૫૩.

જે જીવ સર્વજ્ઞ વીતરાગદેવ કથિત શાસ્ત્રો શું છે ને તેમાં પ્રયોજન શું કહ્યું છે તે તો જાણે નહિ અને અહો સમયસાર, પ્રવચનસાર, ગોમ્મટસાર, ષટ્ખંડાગમ-ધવલ-જયધવલ વગેરે અમારે મહાન શાસ્ત્રો છે. કેવળી ભગવાનના પૂજ્યપણાથી આ તેમની વાણી પણ પૂજ્ય છે -એમ જાણી ભક્તિ કરે છે પણ વસ્તુસ્વભાવનો યથાર્થપણે નિર્ણય કરતા નથી તેમને સમકિતનું સ્વરૂપ સમજાતું નથી એ વાત ચાલે છે. વળી કોઈ એવી પરીક્ષા કરે કે આ શાસ્ત્રોમાં વૈરાગ્ય-છકાયની દયા-ક્ષમા-નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય આદિનું વર્ણન છે માટે ઉત્કૃષ્ટ છે પણ એવું કથન તો વેદાંતાદિ અન્યમતમાં પણ હોય છે.

માટે તે પરીક્ષા યથાર્થ નથી. વળી આ શાસ્ત્રોમાં સ્વર્ગ-નરક-અસંખ્ય દ્વીપ-સમુદ્ર લોકાલોકનું ગંભીર વર્ણન છે તેવી મહાનતા જાણીને ભક્તિ કરે છે પણ જ્યાં પ્રત્યક્ષ તથા અનુમાનાદિનો વિષય નથી ત્યાં સત્ય-અસત્યનો નિર્ણય કેવી રીતે થાય. માટે એ પ્રમાણે પણ સાચી પરીક્ષા થાય નહિ. અહીં તો અનેકાંતરૂપ સાચા જીવાદિ તત્ત્વોનું યથાર્થ નિરૂપણ છે તથા સાચો વીતરાગમય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ દર્શાવ્યો છે. તેથી જૈન શાસ્ત્રોની ઉત્કૃષ્ટતા છે તેને આ ઓળખતો નથી. જો યથાર્થ રીતે જાણે તો મિથ્યાદૃષ્ટિ રહે નહિ.

એક પર્યાય બીજી પર્યાયથી નથી, એક ગુણ બીજા ગુણથી નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યથી નથી, રાગથી જ્ઞાન નથી, રાગથી જડ કર્મ નથી, જડ કર્મથી રાગ તથા જ્ઞાન નથી, કુંભારથી ઘડો થયો નથી -એમ દરેક વસ્તુની ત્રિકાળ સ્વતંત્રતા બતાવે તે અનેકાન્ત છે. પ્રત્યેક સમયની પર્યાય સ્વતંત્ર સત્ છે. જો દ્રવ્ય તથા ગુણથી જ પર્યાય થતી હોય તો દ્રવ્ય-ગુણ એક સરખા કાયમ છે તેથી એક સરખી જ પર્યાય થવી જોઈએ પણ તેમ થતું નથી. માટે જે કાળે જે પર્યાય થઈ તે તેના કારણે સત્ છે. એમ દરેક પરમાણુમાં સમજી લેવું. દરેક વસ્તુ પોતાના સ્વરૂપથી છે તથા પરથી નથી, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળના આધારે નથી એમ જાણે ને પરના કર્તા-ભોકતાપણાની મિથ્યાબુદ્ધિ તથા પરથી લાભ-નુકસાનની શ્રદ્ધા છોડે અને સ્વતંત્ર દ્રવ્ય-ગુણ-પર્યાયની સાચી શ્રદ્ધા કરે. દરેક પર્યાયમાં સ્વથી સત્ છે, અહેતુક-અકારણીય છે. જેમ દ્રવ્ય સત્ છે તેમ ગુણ સત્ અને પર્યાય પણ સત્ છે. તેથી દર્શનમોહનો અભાવ થાય તો સમકિત થાય, જડ કર્મ મંદ પડે તો ધર્મ થાય એ વાત નથી. આમ જાણવું તે અનેકાન્ત સ્વભાવનું યથાર્થ જ્ઞાન છે. અત્યારે અનેકાન્તના નામે લોકો ઊંધું માને છે કે કદી નિમિત્તથી થાય, ક્યારેક ઉપાદાનની મુખ્યતાથી કાર્ય થાય, કદી વ્યવહારથી ધર્મ થાય ને કદી નિશ્ચયથી થાય. તો તે અસ્તિ-નાસ્તિથી સત્ય બતાવનાર અનેકાન્તનું સ્વરૂપ સમજ્યા નથી. અનેકાન્ત તે ફુદડીવાદ નથી પણ સત્ય સ્વરૂપ આમ જ છે બીજી રીતે નથી -એમ નિશ્ચય નિયમ બતાવે છે. અનેકાન્ત અમૃત સંજીવની છે. જે દૃષ્ટિથી આત્મા શુદ્ધ છે તે દૃષ્ટિથી અશુદ્ધ નથી. પણ દ્રવ્યદૃષ્ટિથી વિરુદ્ધ લક્ષણવાળી પર્યાયદૃષ્ટિથી વર્તમાન પર્યાયમાં જીવ અશુદ્ધ છે. અશુદ્ધતા પોતાની ભૂલ છે. કોઈ કર્મના ઉદયથી અશુદ્ધતા નથી -એમ સાચી વસ્તુસ્થિતિ બતાવે અને વિરુદ્ધ માન્યતાનો નિષેધ કરે તો અનેકાન્તનું જ્ઞાન સાચું છે. કોઈ એમ માને કે સમ્યગ્દર્શન થયું છતાં કોઈ જીવ અસંખ્ય વર્ષ સુધી અવ્રતી કેમ રહે છે. માટે તેને ચારિત્રમોહનીય કર્મનો તીવ્ર ઉદય નડે છે. તો તેની વાત જૂઠી છે કેમ કે જડ કર્મનો જીવમાં અભાવ છે અને **દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણાઃ ।** એક ગુણમાં બીજા ગુણનો અભાવ છે. માટે શ્રદ્ધાગુણ ઊઘડ્યો તે ચારિત્રનું કાંઈ કરી દે એમ બને નહિ. માટે જે એમ માને છે કે સાચું જ્ઞાન થાય તેને વ્રત-ચારિત્ર હોય જ, તેઓને બે ગુણની સ્વતંત્રતાની ખબર નથી.



## તત્ત્વાર્થ શ્રદ્ધાનનું અયથાર્થપણું

શાસ્ત્રમાં **''તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્''** કહ્યું છે તે નિશ્ચય સમ્યગ્દર્શનનું લક્ષણ છે. તેને અત્યારે લોકો વ્યવહાર સમકિતનું લક્ષણ માને છે તે મોટી ભૂલ છે. કારણ કે મોક્ષમાર્ગ કાંઈ વ્યવહારને આશ્રયે નથી. જો એમ હોય તો મોક્ષશાસ્ત્ર મોક્ષમાર્ગ બતાવનાર ન ઠરે પણ આસ્રવ-બંધ બતાવનાર ઠરે.

અજ્ઞાની તો શબ્દો શીખી લે ને ત્યાં જ ઉપયોગ લગાવે, બીજાને ઉપદેશ દે પણ પોતાને તેનો ભાવ ભાસતો નથી. વાચ્ય પદાર્થના સ્વરૂપનું યથાર્થ રૂપ ઓળખતો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે અર્થ-પદાર્થ કહેવાય છે. એક સમયનો રાગ રહે તે પણ એક પદાર્થ છે કારણ કે એક સમયનું સત્ છે. શાસ્ત્રમાં આવે કે જ્ઞાનમાં લોકાલોક ઝળકે છે. જેવું જ્ઞાન હોય તેવા જ્ઞેયાકારે જ્ઞાન થાય છે. તેનો અર્થ એમ કરે કે જીવમાં પરપદાર્થની છાયા-આકૃતિ પડે છે. તો તે જીવ સદા અરૂપી છે તેની ખબર નથી. જ્ઞાનમાં ૫૦ હાથનો લીંબડો દેખાય તેથી શું જ્ઞાન એવડું મોટું થઈ જતું હશે ? જ્ઞાનનું સ્વ-પર પ્રકાશક એટલે જાણનાર સ્વરૂપ જ એવું છે કે પોતાની પર્યાયના સામર્થ્યથી જાણે છે. તેનો ભાવ-તેનું સ્વરૂપ ન ભાસે ત્યાં સુધી સત્ય સ્વરૂપ જરા પણ સમજે નહિ. તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ વસ્તુના ભાવનું નામ તત્ત્વ કહ્યું છે. તેનો ભાવ ભાસ્યા વિના તત્ત્વાર્થ શ્રદ્ધાન ક્યાંથી થાય ? ગુણસ્થાન અને માર્ગણા વગેરે જીવને હોય એમ કહ્યું હોય ને વળી બીજે ઠેકાણે શાસ્ત્રમાં આવે કે તે જીવના નથી. તે ગુણસ્થાનો તે પુદ્‌ગલ કહ્યા છે ત્યાં અપેક્ષા અને તે કથનનું પ્રયોજન ન સમજે તેને મુંઝવણ થાય કે એક જીવને બે વિરુદ્ધ ભાવ કેમ કહ્યા ? પણ જીવ અનાદિથી પરાશ્રયરૂપ વ્યવહારમાં જ માની રહ્યો છે તે દૃષ્ટિ છોડાવવા ગુણસ્થાનાદિ ભેદ બતાવી તેટલો ને તેવો જીવ નથી એમ કહી ભેદને ગૌણ કરી વ્યવહાર કહ્યો અને નિત્ય સ્વભાવને મુખ્ય કહી તેને નિશ્ચય કહ્યો છે. ભેદના આશ્રયે વિકલ્પ થાય છે ને અભેદ નિર્મળ એકરૂપ સ્વભાવના આશ્રયે રાગાદિ વિકલ્પ ટળી શાંતિનો અનુભવ થાય છે. તેથી નિશ્ચયદૃષ્ટિનો વિષય પૂર્ણરૂપે શુદ્ધાત્મા છે. તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. તેની મુખ્યતા કરે તે જ જીવ ધર્મને પામે છે.

બાર પ્રકારના તપને નિર્જરાનું કારણ કહ્યું પણ અજ્ઞાની તેના સ્વરૂપને ઓળખતો નથી. પણ તેથી શુભ વિકલ્પ અને બાહ્ય ક્રિયા ઉપર દૃષ્ટિ રાખે છે ને તેનાથી તપ અને નિર્જરા માને છે. નિશ્ચય સ્વદ્રવ્યના અવલંબનથી વીતરાગ ભાવ અનુસાર સંવર, નિર્જરા અને તપ છે તેમ તે જાણતો નથી. તેથી તેનું મિથ્યાદૃષ્ટિપણું ટળતું નથી. અંદરમાં વીતરાગદૃષ્ટિ અને વીતરાગી સ્થિરતા હોય તો બાહ્ય તપને નિમિત્તમાત્ર કહેવાય છે. શાસ્ત્રમાં કથન છે કે જોઈને ચાલવું તો તેનો અર્થ શું ? શું વ્યવહારથી જીવ શરીરને ચલાવી શકે છે ? જીવ તો સદાય અરૂપી છે. ઈચ્છા કરે તેથી શરીરની અવસ્થા થાય એમ નથી પણ ઈર્યાસમિતિનો ખરો અર્થ પોતાના જ્ઞાતાપણામાં જાગ્રત રહેવું ને પ્રમાદ ન કરવો એનું નામ

ઈર્યાસમિતિ છે. અને બીજાને દુઃખ ન થાય, ઘાત ન થાય એવો શુભ વિકલ્પ તેનું નામ વ્યવહાર સમિતિ છે -એમ નિર્ણયપૂર્વક અજ્ઞાની માનતો નથી. એ રીતે શાસ્ત્રના શબ્દો શીખે છે પણ તેના ભાવને ખરા રૂપમાં સમજતો નથી. તત્ત્વાર્થનું વસ્તુસ્વરૂપ સમજ્યા વિના તેના વ્રત-તપ, પૂજા-ભક્તિ બધા અજ્ઞાનરૂપ હોવાથી સંસારનું કારણ થાય છે. આ રીતે તત્ત્વાર્થ જિનવાણીના મર્મને યથાર્થપણે સમજ્યા વિના અજ્ઞાન-મિથ્યાત્વ કેમ ટળે ?

**ભાદરવા વદ ૮, બુધવાર, ૩૦-૯-૫૩.**

સવાર તથા બપોર સ્વાધ્યાય હતો.

**ભાદરવા વદ ૯, ગુરુવાર, ૧-૧૦-૫૩.**

આ નવ તત્ત્વનું જ્ઞાન કરી લે પણ તેના વાસ્તવિક સ્વરૂપનું ભાવભાસન ન થાય અને યથાર્થ નિર્ણય ન કરે તો તેની હેય-ઉપાદેયની ખતવણીમાં ક્યાંક પણ ભૂલ રહે જ છે. જેમ કોઈ ચતુર થવા માટે સંગીતશાસ્ત્ર દ્વારા તાલ તાનાદિના ભેદો શીખે પણ સ્વરાદિનું સ્વરૂપ જાણે નહિ તો તે કંઈ ને કંઈ અન્યરૂપમાં માને, ને કાંઈ સાચું માને તો પણ નિઃશંક નિર્ણયપૂર્વક માનતો નથી. તેથી તેનામાં ચતુરપણું થતું નથી. તેમ કોઈ જીવ સમકિતી થવા માટે શાસ્ત્રો દ્વારા જીવાદિ તત્ત્વોને શીખે પણ તેનું નિશ્ચય સ્વરૂપ ઓળખે નહિ તો અન્ય તત્ત્વને અન્ય તત્ત્વરૂપ માની બેસે. કોઈ વાત સત્યરૂપ પણ માને તો પણ નિર્ણય રહિત હોવાથી તેને સમ્યક્ત્વ થતું નથી.

જેમ કોઈ સંગીત શાસ્ત્રો જાણ્યા વિના સંગીતના સ્વરૂપને જાણી લે છે, તેમ કોઈ શાસ્ત્ર ન ભણ્યો હોય તો પણ જો જીવાદિનું સ્વરૂપ બરાબર ઓળખે તો તે સમકિતી જ છે. જેમ હરણ ભલે સંગીતના નામ આદિ ન જાણે પણ સંગીતના સ્વરૂપને જાણે જ છે. તેમ કોઈ અલ્પજ્ઞ જીવાદિના નામ જાણતાં નથી પણ નવ તત્ત્વોના ભાવરૂપ સત્યાર્થપણાને જાણે છે અર્થાત્ જે સદાય જ્ઞાન-શાંતિપણે જાણનાર સ્વરૂપ છે તે હું છું, રાગાદિ-દેહાદિ પર છે, આ ભાવ બૂરા છે. તેમાં આકુળિત ભાવરૂપ પુણ્ય-પાપ આસ્રવ-બંધના ભાવ આવી ગયા. અને આ ભાવ ભલા છે એમાં સંવર-નિર્જરા-મોક્ષરૂપ ભાવ ભલા છે એવું ભાવભાસન થઈ જાય છે. અંદર જ્ઞાનમાત્ર શાંતિરૂપે રહેવાના ભાવને સંવર-નિર્જરારૂપ ભલા ભાવ છે અને સ્વને ચૂકીને ચારિત્રમાં નબળાઈથી જે કાંઈ પુણ્ય-પાપની લાગણી, વિકલ્પ, આકુળતા થાય છે તે ભાવો ભલા નથી અને અંશે આકુળતા ટળે છે તો પૂર્ણ અંશે દોષ ટળીને અવ્યાબાધ નિરાકુળતારૂપ સુખ પ્રગટે છે તે મોક્ષ છે, તે ઉપાદેય છે. શબ્દો ન આવડે, બીજો સમજી શકે એવી વાણી ન આવે છતાં પોતાને સ્વભાવ-પરભાવનું સ્વરૂપ આમ જ છે. આ હેય આદરવા યોગ્ય નથી, આ ઉપાદેય અંગીકાર કરવા યોગ્ય છે એવો દૃઢ નિર્ણય સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ ઢોર સંજ્ઞી પંચેંદ્રિયને હોય છે. ધ્રુવ જ્ઞાનાનંદમય ટકીને બદલવું એવી ચૈતન્ય સ્વસત્તા તે આત્મા છે. શરીરને દુઃખ-સુખ ન હોય



માટે જડ છે. જ્ઞાન-શાંતિપણું ભૂલી દયા-દાન-વ્રતાદિ અથવા હિંસાદિ પુણ્ય-પાપરૂપ વિકલ્પમાં રોકાવું તે આકુળતા છે; દુઃખ છે અને આત્મા આશ્રિત નિત્ય અનાકુળ અકષાય શાંતિ સ્વતરફનું લક્ષણ છે ને સંવર-નિર્જરારૂપ ભાવ છે તે ધર્મ છે -એવું ભાવભાસન સમ્યગ્દૃષ્ટિ તિર્યંચને પણ હોય છે.

**પ્રશ્ન** : શરીર પ્રત્યક્ષ છે કે આત્મા ?

જ્ઞાનનું સ્વસંવેદન થતાં અખંડ પ્રતિભાસસ્વરૂપ જ્ઞાન-આનંદમાત્ર છું એમ પ્રત્યક્ષ અનુભવ થાય છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછી અનુમાનજ્ઞાનથી જે કાંઈ જાણે છે તે પોતાના સ્વાનુભવ પ્રત્યક્ષ જ્ઞાન સહિત સ્વ-પરને જાણે છે. સામા પદાર્થમાં પ્રત્યક્ષ પરોક્ષપણું નથી પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ-પરોક્ષપણું છે. પરને જાણવું તેમાં પરપદાર્થ પરોક્ષ નથી પણ અલ્પજ્ઞનું મતિ-શ્રુતજ્ઞાન છે તે પરને જાણવામાં પોતાના પરોક્ષ પ્રમાણજ્ઞાનથી જાણે છે. રાગ અને મન-ઈંદ્રિયના સંગથી છૂટી એકલા જ્ઞાયકસ્વરૂપને જાણે ત્યારે તે જ્ઞાન સ્વસંવેદન પ્રત્યક્ષ છે. અજ્ઞાની તો હું પરને જાણું છું, પરપદાર્થને પ્રત્યક્ષ-પરોક્ષ માને છે તે તેની ઊંધી માન્યતા છે. સમ્યગ્જ્ઞાની તિર્યંચ હોય તો પણ મોક્ષમાર્ગની પ્રયોજનભૂત વાતમાં જરાય ભૂલે નહિ. બીજી વાતમાં સમજફેર થાય નવ તત્ત્વનુ યથાર્થ ભાવભાસન હોય છે. અલ્પજ્ઞ મનુષ્ય સમ્યગ્જ્ઞાની હોય છે. અવિરોધનું ઘણું કહી ન શકે પણ તત્ત્વથી વિરુદ્ધ એક અક્ષર પણ નિરૂપણ કરે નહિ. શિવભૂતિ મુનિ હતા તે જીવાદિકના નામ જાણતાં ન હતા અને **''તુષ-માષ ભિન્ન''** એમ ગોખવા લાગ્યા. ગુરુએ તો કહેલું કે આત્મા અખંડ જ્ઞાન-શક્તિમય છે ને રાગાદિ તુચ્છ ફોતરા જેવા નકામા છે. એમ ટૂંકામાં ગુરુએ ભેદજ્ઞાન બતાવેલ, તે દ્વારા અંદર ધ્યાન કરવા કહેલ. તો તે શબ્દો પણ ભૂલી ગયા, પરંતુ તેના યથાર્થ ભાવનું ભાસન તો હતું. હવે એક બાઈને અડદની દાળ ધોઈને ફોતરા જુદા પાડતી જોઈને તેને ભેદજ્ઞાનનું દૃષ્ટાંત બનાવી નિર્મળ સ્વરૂપનું સારી રીતે આલંબન લઈ ધ્યાન કરવા માંડ્યું. ધ્યાન એટલે સ્વાલંબી જ્ઞાનમાં એકાગ્રતા, તે દ્વારા અંદર ઠર્યા ને કેવળજ્ઞાન પ્રગટ થયું. ભાવના ભાસન વિના ૧૧ અંગના પાઠી જીવાદિ તત્ત્વોના ઘણા પ્રકાર જાણે, ઉપદેશ કરે, નિત્ય વાંચન કરે પણ અંદરમાં તેના સ્વરૂપનું નિર્ણયપૂર્વક ભાવભાસન નથી, તેથી તે મિથ્યાદૃષ્ટિ જ રહે છે.

હવે તેને જીવ તથા અજીવ તત્ત્વની ભૂલ કેમ છે તે કહે છે.

## જીવાજીવની શ્રદ્ધાની અયથાર્થતા

અનાદિથી સ્વ-પરના ભાન વિના કેવી વિપરીત માન્યતા છે તે કહીએ છીએ. જૈનશાસ્ત્રોમાં કહેલ જીવના ત્રસ-સ્થાવરના ભેદ, સ્થાવરાદિરૂપ તથા ગુણસ્થાન-માર્ગણાદિરૂપ ભેદોને જાણે તથા જીવ-પુદ્‌ગલાદિના ભેદો વા તેના વર્ણાદિ ભેદોને જાણે. પુરાણો તથા ત્રિલોકનું વર્ણન વગેરે જાણે, કરણાનુયોગ તથા ચરણાનુયોગની વાતો જાણે, ઉપદેશ પણ કરે છતાં સમયસારાદિ અધ્યાત્મશાસ્ત્રમાં ભેદવિજ્ઞાનના કારણરૂપ તથા વીતરાગ દશા થવાના કારણભૂત જેવું કથન છે તેનો સાચો અર્થ શું છે ? તેમાં મારે માટે હિતરૂપ પ્રયોજન શું કહ્યું છે તેનો નિર્ધાર કરી જાણતો નથી.

આત્મામાં શુદ્ધ ચિદાનંદના આલંબન દ્વારા ભેદજ્ઞાન અને વીતરાગતા એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. અને એ રીતે અંદરમાં વીતરાગ દષ્ટિ અને વીતરાગી ચારિત્ર પ્રગટ કરે તે શાસ્ત્રનું તાત્પર્ય છે તે આ જાણતો નથી. જે સાચું સમજે તેને રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન બતાવનાર દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તરૂપે હોય છે પણ નિમિત્તથી જ્ઞાન નથી તથા ધર્મ-અધર્મ પણ નિમિત્તને લીધે નથી. રાગાદિ અશુદ્ધતા અને પુદ્‌ગલના પરિણામ કહ્યા હોય તો તેને વીતરાગી દ્રવ્યસ્વભાવના આશ્રયથી કાઢી નાખવા છે માટે તેને જડ કહ્યા છે -એમ સમજાણ કરવી. પણ રાગાદિ જડના જ છે એમ માની સ્વચ્છંદી થતો હોય તેને અશુદ્ધ ઉપાદાનરૂપે તું પરિણમે છે, તું કરે છે તો થાય છે ન કરે તો ન થાય -એમ પોતાના અપરાધનું જ્ઞાન કરાવવા રાગાદિ અશુદ્ધ નિશ્ચયનયથી જીવના છે એમ કહેલ છે. માટે બરાબર કથનવિવક્ષા સમજવી જોઈએ. સમયસારની ૧૨મી ગાથામાં વીતરાગ ન થાય ત્યાં સુધી ગુણસ્થાન અનુસાર રાગ અને તેમાં કેવા નિમિત્તો હોય છે તે બતાવ્યું છે તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

એમ વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે પણ વ્યવહાર ઉપાદેય છે એવું ક્યાંય કહ્યું નથી. આવી અપેક્ષા ન સમજે તેને યથાર્થ નિર્ણય તો થતો નથી. તે નિશ્ચયાભાસી અથવા વ્યવહારાભાસી અથવા ઉભયમાં મૂઢ રહે છે.

વળી તે શાસ્ત્રો ભાણીને તત્ત્વાદિના સ્વરૂપને જાણી લે પણ પોતાને પોતારૂપ જાણી તેમાં પરનો અંશ પણ ન મેળવવો અર્થાત્ ઇચ્છાથી શરીર ચાલે છે, હું વાણી બોલી શકું છું, જડનું કામ હું કરી શકું છું, દયા-દાન, હિંસાદિ શુભાશુભ વિકલ્પ મારું સ્વરૂપ છે, મને મદદગાર છે -એમ ઊંધી ખતવણી ન કરવી તથા પરથી મને લાભ-નુકસાન થઈ શકે છે. શરીરમાં રોગ, ક્ષુધા, તૃષા હોય તો મને દુઃખ થાય ને ધર્મ ન થઈ શકે અને નીરોગતા આદિ અનુકૂળતા હોય તો મને ઠીક પડે એમ પરનો અંશ એટલે જડ કર્મ તથા શરીરાદિની પર્યાયનો કોઈ પ્રકાર પોતામાં ન મેળવવો -એ જીવ-અજીવ તત્ત્વ જાણવાનું પ્રયોજન છે. પરની પર્યાય પોતામાં ન ખતવવી અને પોતાની પર્યાય પરમાં ન ખતવવી. પરના કારણ-કાર્યમાં હું છું ને મારા કારણ-કાર્યમાં પરની સત્તા છે -એમ ઊંધી ખતવણી ઊંધી માન્યતાપૂર્વક સમયસારાદિ ગમે તેટલા શાસ્ત્ર વાંચે છતાં મિથ્યાત્વ જ રહે છે.

### ભાદરવા વદ ૧૦, શુક્રવાર, ૨-૧૦-૫૩.

અહીં જીવ-અજીવ તત્ત્વની શ્રદ્ધાનમાં અયથાર્થતાની વાત ચાલે છે. અનાદિકાળથી જીવ અને અજીવ તત્ત્વની ભૂલ કેવી રીતે થઈ રહી છે તે કહે છે. અજ્ઞાની શાસ્ત્રો વાંચીને ધારણા કરે છે, પણ આત્માને પોતારૂપ જાણવો અને પરને પરરૂપ જાણવો જોઈએ તેમ તે સાચું શ્રદ્ધાન કરતો નથી. આત્માના અંશમાં પુદ્‌ગલનો અંશ ન મેળવવો એવી સાચી શ્રદ્ધા અજ્ઞાની કરતો નથી.

જેવી રીતે અન્ય મિથ્યાદષ્ટિ નિર્ણય કર્યા વિના જાણપણાની અવસ્થામાં આખો આત્મા માની લે છે અને પુદ્‌ગલાદિમાં અહંબુદ્ધિ કરે છે, શરીરાદિમાં પોતાપણું માને છે, તેવી રીતે આ જીવ પણ



રાગાદિની પર્યાય થાય છે તેમાં અહંબુદ્ધિ કરે છે અને પુદ્‌ગલાદિમાં અહંબુદ્ધિ કરે છે અને આ આત્મા હોય તો શરીરની અવસ્થા થાય અને ઉપદેશ આત્મા આપે છે એમ માને છે તેથી તે અજ્ઞાની છે. ઉપદેશ તો ભાષાવર્ગણામાંથી થાય છે, ભાષા આહારવર્ગણામાંથી થતી નથી. તો પછી આત્મા ભાષાને કરે એમ તો બનતું જ નથી. માટે જૈન સંપ્રદાયમાં જન્મીને જૈન નામ ધરાવીને પણ જ્ઞાનનો ક્ષયોપશમ થાય એમાં અહંબુદ્ધિ કરે તો તે અન્ય મિથ્યાદષ્ટિની જેમ એક અંશમાં આખો આત્માને માની લે છે. ઉપદેશમાં નિમિત્ત શરીર છે અને ઉપવાસાદિ શરીર આશ્રિત થાય છે. તે બધી અજીવની ક્રિયા છે, આત્માને આધીન તે અવસ્થા નથી છતાં અજ્ઞાની માને છે કે મેં ઉપવાસ કર્યો, તેથી તે મિથ્યાદષ્ટિ છે.

આજે મેં ઓછો આહાર લીધો, આવું આસન મેં કર્યું, શુદ્ધાહાર લીધો, હું ગરમ પાણી પીઉં છું એમ જે માને છે તે શરીરાશ્રિત ક્રિયામાં અહંબુદ્ધિ કરે છે. આવો જીવ ખરેખર જ ધર્મનો ત્યાગી છે, એ મોહનો ત્યાગી થયો નથી -એમ નિયમસારની ટીકામાં કહેલ છે. મારું શરીર મજબૂત છે. ધ્યાનની અવસ્થામાં એક પગ ઉપર ત્રણ ત્રણ કલાક હું ઊભો રહું છું -એમ અજ્ઞાની શરીરાશ્રિત ક્રિયામાં અહંબુદ્ધિ કરે છે તે અન્યમતીની જેમ મિથ્યાદષ્ટિ છે.

અજ્ઞાનીને ધ્યાન કરતાં કલ્પના થઈ જાય છે કે જાણે મને સમવસરણ દેખાય છે અને આત્માનો અનુભવ થાય છે પણ તે બધી કલ્પના હોય છે. વળી અજ્ઞાની કોઈ વખત શાસ્ત્ર પ્રમાણે જ વાત કરે પણ અંતરંગમાં સ્વ-પરનું ભેદજ્ઞાન નથી. આત્માશ્રયે નિર્ણય કર્યો નહિ હોવાથી શાસ્ત્રો પ્રમાણે વાતો કરે તો પણ તેને સમ્યગ્દષ્ટિ કહેવાય નહિ. કેફી માણસ કદાચ કોઈ વખત માતાને માતા પણ કહે છતાં તે સાચો નથી. દિગંબર નામ ધરાવે પણ આ વાતને સમજે નહિ તો તે સાચા દિગંબર કહેવાતા નથી, કેમ કે જે પ્રમાણે તે શાસ્ત્રને ભાણે છે તે પ્રમાણે અંતરંગમાં ભાવનું ભાસન થયું નથી. જેમ બીજાને બીજાથી જુદો બતાવે તેમ તે શરીરાદિથી આત્મા ભિન્ન છે એમ કહે પણ તેનો અંતરમાં ભિન્નપણાનો ભાવ ભાસતો નથી તેથી તેને જીવ-અજીવના જુદાપણાની યથાર્થ શ્રદ્ધા નથી.

વળી પર્યાયમાં જીવ પુદ્‌ગલમાં પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયાઓ થાય છે તે સર્વને બે દ્રવ્યના મિલાપથી નિપજી તેમ અજ્ઞાની માને છે. આ શરીર ચાલે તો આત્મા ને શરીર સાથે મળીને ચાલે છે -એમ માને છે. શરીરના કારણે આત્માની ક્રિયા થાય છે -એમ તે બે દ્રવ્યોના મિલાપથી ક્રિયા થઈ માને છે. આત્મામાં જ્ઞાન ઇંદ્રિય-પુસ્તક હતા તો થયું એમ તે માને છે. શરીર ચાલ્યું માટે આત્માને ચાલવું પડ્યું એમ બે દ્રવ્યો મળીને કામ થાય છે એમ તે માને છે પણ પરસ્પર નિમિત્તમાત્ર છે એમ તે માનતો નથી. જીવની ક્રિયામાં શરીરની ક્રિયા નિમિત્તમાત્ર છે પણ શરીરના કારણે જીવની ક્રિયા થઈ નથી એમ તે માનતો નથી. જ્ઞાન-દર્શન-વીર્ય આદિની પર્યાયમાં પરવસ્તુ નિમિત્તમાત્ર છે -એમ અજ્ઞાની માનતો નથી. અન્નપાણી નિમિત્તમાત્ર છે. લૂખા આહારના કારણે વીર્ય હણાય છે

એમ શાસ્ત્રમાં કહ્યું હોય તો ત્યાં આહાર તો નિમિત્તમાત્ર છે એમ અજ્ઞાની માનતો નથી. તે તો નોકર્મના કારણે વીર્ય હણાય છે એમ માને છે. 'અન્ન એવું મન' એમ જે કહેવાય છે તે તો પોતાના પરિણામમાં નિમિત્તમાત્ર છે તેથી ઉપચારથી એવું કથન કરવામાં આવે છે. પણ આહારના કારણે પરિણામ થાય છે એમ કોઈ પણ અપેક્ષાએ વાત સાચી નથી. શાસ્ત્રમાં મુનિને નવ નવ કોટિએ અશુદ્ધ આહાર લેવો નહિ એમ કહેલ છે. એ તો એવા પરિણામ મુનિને હોય જ નહિ એ બતાવેલ છે અને એમાં અશુદ્ધ આહાર હોતો નથી તેથી તે નિમિત્તમાત્ર છે, એનો ઉપચાર કરેલ છે.

જૈનદર્શનમાં થોડું પણ વિપરીત માને તો ચાલે એમ નથી. જે નિમિત્ત હોય તેને તેમ જાણવું જોઈએ અને નિમિત્તના કારણે થાય છે એમ માનવું ન જોઈએ. અશુદ્ધ આહાર ન આવવો એમાં જીવના પરિણામ નિમિત્તમાત્ર છે. કોઈ ચોથા ગુણસ્થાનવાળો જીવ હોય અને બહારમાં પંચ મહાવ્રતાદિના શુભ પરિણામ હોય છે પણ તે સમજે છે કે આટલી કષાયની મંદતા છે પણ પોતાને ભાવલિંગી મુનિ માનતો નથી. તેથી શુભ ભાવના કારણે અંતિમ ગ્રૈવેયક સુધી તે જાય છે. બહારમાં નગ્નદશા થઈ છે માટે તે ભાવલિંગ છે અને મુનિપણું છે એમ જ્ઞાની માનતો નથી. ત્યાં જેવી વ્યવહારની પ્રતિજ્ઞા લીધી છે તેવો ચોખ્ખો વ્યવહાર હોય છે. મિથ્યાદષ્ટિને પણ કદાચ આગમ પ્રમાણે બહાર આચરણ વ્યવહારથી હોય છે. તો તેને સમ્યગ્દષ્ટિ વ્યવહારે કહે છે પણ જ્ઞાની સમજે છે કે અંતરમાં આ ફેર છે. અત્યારે ભાવલિંગી ભલે દેખાતા નથી, એથી એનો અર્થ એવો નથી કે મુનિપણાનો વર્તમાન નિષેધ છે. કોઈ પણ ક્ષેત્રે ન હોય એમ નિષેધ નથી. અત્યારે અહીંના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં દેખાતા નથી એ વાત બરાબર છે.

અત્યારે અધઃકર્મી આહાર-પાણી લઈને મુનિપણું માને છે તો તે દ્રવ્યલિંગ પણ નથી. વળી અત્યારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એવા છે કે સહજ નિર્દોષ આહાર-પાણી મળવા મુશ્કેલ છે. અત્યારે તો જોવામાં આવતા મુનિઓ માટે આહાર પાણી થાય છે, ગરમ પાણી પણ સાધુ માટે થાય છે અને સાધુ તે લે છે. તેથી દ્રવ્યલિંગી મુનિપણું પણ બરાબર દેખાતું નથી, પણ એથી કરીને ભાવલિંગી અને દ્રવ્યલિંગીનો આ કાળમાં સર્વથા નિષેધ છે એમ નથી. શાસ્ત્રમાં કેવળજ્ઞાનનો નિષેધ કર્યો છે પણ મુનિપણાનો નિષેધ કર્યો નથી. ઘણું બીજું ક્ષેત્ર છે તો ત્યાં મુનિઓ કદાચ હોય. માટે વર્તમાનમાં મુનિપણાનો નિષેધ કરવો નહિ. છતાં દ્રવ્યલિંગપણું બરાબર ન હોય એને મુનિ માનવા એમ નથી કેમ કે તેને તો જીવ-પુદ્‌ગલના ભાવ ભિન્ન ભિન્ન વ્યવહારે પણ ભાસતા નથી. તેથી તેને જીવ-અજીવની યથાર્થ શ્રદ્ધા હોતી નથી.

જૈન સંપ્રદાયમાં જન્મીને, સાચા દેવાદિને માનીને બહારમાં ત્યાગી થાય પણ જીવ-અજીવના સ્વરૂપને જાણે નહિ તો તે મિથ્યાદષ્ટિ છે. એની વાત કરતાં કહે છે કે જીવના કારણે શરીરાદિની ક્રિયા થાય છે અને શરીરાદિને કારણે જીવની ક્રિયા થાય છે એમ જે માને છે, તે જીવ-અજીવને ભિન્ન માનતો



નથી. શાસ્ત્રમાં પરસ્પર નિમિત્તથી ક્રિયા થાય છે એમ લખાણ આવે ત્યાં નિમિત્તથી કાર્ય થાય છે એમ અજ્ઞાની માને છે. તે જીવ-અજીવના સ્વરૂપને જાણતો નથી. તેથી તે જીવ-અજીવનો યથાર્થ શ્રદ્ધાની નથી. માટે તે મિથ્યાદષ્ટિ છે.

આ રીતે સાત તત્ત્વમાં જીવ-અજીવનું અયથાર્થ શ્રદ્ધાન અજ્ઞાનીને કેવી રીતે હોય છે તે કહ્યું.

## આસ્રવ તત્ત્વના શ્રદ્ધાનની અયથાર્થતા

વળી આસ્રવ તત્ત્વમાં જે હિંસાદિ પાપાસ્રવ છે તેને તો હેય જાણે છે તથા અહિંસાદિરૂપ પુણ્યાસ્રવ છે તેને ઉપાદેય માને છે. અજ્ઞાની પંચ મહાવ્રતના પરિણામને અંગીકાર કરવા જેવા માને છે. દયા-અહિંસાદિના પરિણામ શુભાસ્રવ છે તેથી પુણ્ય અને પાપ બન્ને પરિણામ બંધના કારણ છે. તેથી તેમાં ઉપાદેયપણું માનવું તે જ મિથ્યાત્વ છે. જ્ઞાનીને પંચ મહાવ્રતના પરિણામ આવ્યા વિના રહેતાં નથી પણ તેથી તે ઉપાદેય છે એમ નથી. જો પુણ્યાસ્રવને ઉપાદેય માને તો તેણે બંધને ઉપાદેય માન્યો માટે તે મિથ્યાદષ્ટિ છે. (૧) વ્યવહાર કરવો પડે છે એમ નથી પણ (૨) વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. આમ બન્નેમાં મોટો ફેર છે. વ્યવહાર કરવો પડે છે એમાં ઉપાદેયપણું આવે છે અને વ્યવહાર આવ્યા વિના રહેતો નથી એમાં હેયપણું આવે છે. આમ બન્ને વાતમાં ફેર છે, તેને અજ્ઞાની જાણતો નથી માટે આસ્રવ તત્ત્વની ભૂલ છે.

## આસો સુદ ૧૩, મંગળવાર, ૨૦-૧૦-૫૩.

અહીં કેવળ વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિને તત્ત્વાર્થ શ્રદ્ધાનનું અયથાર્થપણું કેવું હોય છે તે અધિકાર ચાલે છે.

## આસ્રવ તત્ત્વના શ્રદ્ધાનની અયથાર્થતા

સાત તત્ત્વોના ભાવભાસન વિના અજ્ઞાની માત્ર નવ તત્ત્વો ગોખી જાય છે, પણ તેને સાચું તત્ત્વ શ્રદ્ધાન હોતું નથી. મોક્ષશાસ્ત્રમાં તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહેલ છે તે નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે. તેને અજ્ઞાનીઓ વ્યવહાર સમ્યગ્દર્શનની વાત છે એમ કહે છે. તેવી ભૂલ અનાદિકાળથી અજ્ઞાની કરે છે તેથી તેને મિથ્યાદર્શન ટળતું નથી.

આત્માના પરિણામમાં હિંસાદિના ભાવ થાય છે તેને તો તે અજ્ઞાની પાપાસ્રવ જાણે છે અને તે તો હેય છે એમ જાણે છે. તથા અહિંસાદિમાં હિંસાદિરૂપ પુણ્યાસ્રવ છે તેને તે ઉપાદેય માને છે. કષાયની મંદતાના ભાવ અધર્મ છે છતાં તે ધર્મમાં મદદગાર છે અને એ કરતાં કરતાં ધર્મ થઈ જાય છે -એમ માનીને તે પુણ્યાસ્રવને ઉપાદેય માને છે, તેથી તે મિથ્યાદષ્ટિ છે.

શુભાશુભ ભાવ બંધના જ કારણ છે. છતાં અજ્ઞાની પુણ્યબંધને ઉપાદેય માને છે તે મિથ્યાત્વ

છે. શ્રી સમયસારના બંધ અધિકારમાં પણ એ જ કહ્યું છે કે સર્વ જીવોનો જીવન, મરણ, સુખ, દુઃખ પોતપોતાના કર્મોદય નિમિત્તથી થાય છે. છતાં જ્યાં અન્ય જીવ અન્ય જીવના એ કાર્યોનો કર્તા થાય એ જ મિથ્યા અધ્યવસાય બંધનું કારણ છે. આત્મા પર જીવને સુખ-દુઃખ આપી શકતો નથી છતાં અજ્ઞાની માને છે કે હું પરને સુખી-દુઃખી કરી શકું છું. પર જીવનું સુખી દુઃખી થવું કે જન્મ મરણ થવા તો તેના કર્મના નિમિત્તે થાય છે. છતાં અજ્ઞાની માને છે કે મેં આ જીવને બચાવ્યો, મેં આ જીવને માર્યો તથા મારા કારણે આ જીવ સુખી થયો, આ જીવ દુઃખી થયો પણ તે માન્યતા મિથ્યા છે. બીજા જીવોને બચાવવાનો કે સુખી કરવાનો ભાવ છે તે પુણ્યબંધ છે. ત્યાં પુણ્યબંધ કહીને વખાણ કરતાં નથી, કરવા જેવો છે એમ પણ કહેતા નથી. આત્મા પુણ્યબંધમાં બંધાય છે છતાં અજ્ઞાની એનાથી લાભ માને છે. તેથી તેને દર્શનમોહનીય પ્રકૃતિ બંધાય છે. બીજાને હું મારી શકું, દુઃખી કરી શકું એ માન્યતા મિથ્યાત્વ સહિતનું પાપ છે.

હું સાચું બોલી શકું છું, શરીર વડે બ્રહ્મચર્ય પાલન કરી શકું છું, તે અજ્ઞાનપૂર્વકનો પુણ્યબંધ છે. શરીરથી બ્રહ્મચર્યનું પાલન કરવું તે જડની ક્રિયા છે. પરિગ્રહ છૂટી જવો તે પણ જડની ક્રિયા છે અને છોડવાનો ભાવ થવો તે પુણ્યબંધનું કારણ છે. હું જૂઠું બોલ્યો, મેં ચોરી કરી, શરીરથી મેં વિષય લીધો તે અજ્ઞાનપૂર્વક પાપબંધ છે. તે અનંત સંસારના કારણભૂત અભિપ્રાય છે. પરને હેરાન કરી શકું છું, અગવડતા આપી શકું છું તે મિથ્યાત્વ સહિત પાપબંધનું કારણ છે. સમ્યગ્દષ્ટિ તથા મિથ્યાદષ્ટિ બન્નેને પુણ્ય તથા પાપનો બંધ થાય છે. મિથ્યાદષ્ટિને શાતાની પ્રકૃતિની સ્થિતિ લાંબી બંધાય છે. સમ્યગ્દષ્ટિને શાતાની સ્થિતિ અલ્પ પડે છે. મિથ્યાદષ્ટિને લાંબી સ્થિતિના કારણે સંસારમાં ખૂબ રખડવાનો લાભ મળે છે.

આ રીતે પુણ્ય-પાપરૂપ બન્ને ભાવને હેયરૂપ માનવા જોઈએ. સત્યાદિના ભાવોને પણ અહિંસાદિના ભાવોની જેમ હેયરૂપ માનવા જોઈએ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ પુણ્ય-પાપનું કારણ જીવદ્રવ્ય છે, બન્નેનું ક્ષેત્ર એક છે અને કાળ પણ એક છે, ભાવમાં ફેર છે. જેને આત્માનું ભાન નથી તે પુણ્યને આદરણીય અને પાપને છોડવા યોગ્ય માને છે, તેને આસ્રવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી માટે તે મિથ્યાદષ્ટિ છે.

હિંસામાં પરને મારવાની બુદ્ધિ થાય પણ તેનું આયુષ્ય પૂર્ણ થયા વિના તે મરે નહિ. આત્મા તેને મારી શકે નહિ. મીઠાની એક કણીમાં અસંખ્ય જીવ છે. તેને મારવાનો ભાવ અજ્ઞાની કરી શકે પણ આત્મા તેને મારી શકે નહિ. એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના જીવોને મારવાનો ભાવ કરે તેને પાપબંધન થાય છે અને બચાવવાનો ભાવ કરે તેને પુણ્યબંધ થાય છે. પણ બીજા જીવોને આત્મા મારી કે બચાવી શકતો નથી, પરની રક્ષા હું કરી શકું છું એમ અજ્ઞાની માને છે તેથી તેને મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય છે. પુણ્ય-પાપ બન્ને ભાવો છોડવા યોગ્ય છે કેમ કે તે આત્માનું ખરું સ્વરૂપ



નથી. આત્મા ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે તે એક જ ઉપાદેય છે.

જ્યાં વીતરાગ થઈ દષ્ટા-જ્ઞાતારૂપ પ્રવર્તે ત્યાં જ નિર્બંધતા છે માટે તે ઉપાદેય છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન વીતરાગી શ્રદ્ધા છે. રાગ અને વિકલ્પ મારો સ્વભાવ નથી એવો નિર્ણય થયો તેને અહીં તત્ત્વાર્થ શ્રદ્ધાન કહેલ છે. વ્યવહાર સમ્યગ્દર્શન તો આસ્રવ છે. આત્મા જ્ઞાયક ચિદાનંદ છે તેવી રાગ રહિત દષ્ટિ થઈ તે વીતરાગી શ્રદ્ધા છે. ત્યાં જ નિર્બંધતા છે માટે તે વીતરાગી શ્રદ્ધા આદરણીય છે. પૂર્ણ વીતરાગી દશા ન થાય ત્યાં સુધી સમ્યગ્દષ્ટિને શુભ ભાવ હોય છે પણ તેને શ્રદ્ધાન તો એવું હોય છે કે પંચ મહાવ્રતાદિના ભાવો પણ બંધના કારણ છે. તેના વડે આત્માના આનંદનો ઘાત થાય છે. તે બંધનું કારણ છે. વ્યવહાર રત્નત્રયના પરિણામને મોક્ષમાર્ગ જાણે તે મિથ્યાદષ્ટિ છે. વળી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ આસ્રવના ભેદ છે. તેને બાહ્યરૂપથી માને પણ અંતરંગમાં એ ભાવોની જાતિને જાણે નહિ. અહીં તો મિથ્યાત્વાદિ આસ્રવોને બાહ્યથી માને છે તેની વાત કરે છે. બાહ્યથી પણ માનતો નથી એની અહીં વાત નથી. સાચા દેવાદિની પણ જેને ઓળખાણ નથી એ તો ગૃહીત મિથ્યાદષ્ટિ છે. દિગંબરમાં જન્મીને પણ સાચા દેવાદિને માને નહિ તેને ગૃહીત મિથ્યાત્વ નથી હોતું પણ અંતરમાં અગૃહીત મિથ્યાત્વ અનાદિનું છે તેને અજ્ઞાની જાણતો નથી. તેને આસ્રવ તત્ત્વની યથાર્થ ખબર નથી. તેથી તે મિથ્યાદષ્ટિ રહે છે.

બાહ્ય ત્રસ-સ્થાવરની હિંસાને વા ઈંદ્રિય-મનના વિષયોમાં પ્રવૃત્તિને અવિરતિ માને પણ તે ખરેખર અવિરતિ નથી પણ આત્મામાં પ્રમાદના પરિણામ થવા તે અવિરતિ છે -એવી અજ્ઞાનીને ખબર નથી. વિષયસેવનમાં પણ અભિલાષા મૂળ છે તેને અજ્ઞાની જાણતો નથી. અજ્ઞાની બહારમાં ક્રોધાદિ કરવા તેને કષાય માને છે પણ અભિપ્રાયમાં જે રાગદ્વેષ રહે છે તેને તે ઓળખતો નથી. રાગાદિના પરિણામમાં તેને પ્રીતિ વર્તે છે તે આસ્રવ છે, તેને તે જાણતો નથી તેથી તે મિથ્યાદષ્ટિ રહે છે. શરીરમાં રોગ આવ્યો, ઠંડી લાગી, સર્પ કરડ્યો તેનો ઈલાજ કરે નહિ પણ અંતરમાં આણગમો થાય તેને તો જાણે નહિ, તે કષાયરૂપી આસ્રવને જાણતો નથી. આત્મા જ્ઞાનાનંદ છે, પર્યાયમાં નબળાઈના કારણે રાગદ્વેષ થાય છે. પરના કારણે રાગાદિ થાય છે એમ નથી. અજ્ઞાની સંયોગને લીધે રાગાદિ માને છે. ચૌવીહાર કર્યો હોય એટલે રાત્રે તરસ લાગે ત્યારે પાણી પીએ નહિ પણ અંતરમાં આણગમો થાય તેને ચૌવીહાર કહેવાય નહિ છતાં અજ્ઞાની માને કે મેં ચૌવીહાર અખંડ રાખ્યો, તે મિથ્યાત્વ છે. તે અંતરંગ પરિણામને ઓળખતો નથી. વળી બહારમાં હાલવું, ચાલવું, બોલવું આદિ થાય તેને યોગ જાણે છે પણ અંતરમાં શક્તિભૂત યોગને તો જાણતો નથી. શરીરાદિની ક્રિયા તો જડ છે પણ આત્માના પ્રદેશકંપનને યોગ કહે છે તેને તે જાણતો નથી.

વળી રાગ-દ્વેષ-મોહરૂપ જે આસ્રવ ભાવ છે તેનો નાશ કરવાની તો ચિંતા નથી અને બાહ્ય ક્રિયા અથવા બાહ્ય નિમિત્ત મટાડવાનો ઉપાય રાખે છે પણ એ મટવાથી કાંઈ આસ્રવ મટતા નથી. અજ્ઞાનીને

પુણ્ય-પાપાસ્રવને નાશ કરવાની ભાવના નથી પણ બહારમાં છોડો, ખાવું છોડો, વસ્તી છોડો, સ્ત્રીનો સંગ છોડો -એમ અજ્ઞાની ઉપાય રાખે છે. શ્રદ્ધા-જ્ઞાન દ્વારા રાગાદિનો નાશ થાય છે એનો ઉપાય અજ્ઞાની રાખતો નથી. બાહ્ય ક્રિયા તો દ્રવ્યલિંગી મુનિએ સુધારી છે પણ તેને સમ્યગ્દર્શન થયું નથી. ઘી, દૂધ, સાકર વગેરે છોડો તો ઇન્દ્રિયો વશ રહેશે -એમ અજ્ઞાની બહારમાં ઉપાય રાખે છે. પણ તેથી આસ્રવનો અભાવ થતો નથી. આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરવી તે આસ્રવના અભાવનો ઉપાય છે એની તો એને ખબર નથી. બહારમાં શુદ્ધ આહાર લેવો ઇત્યાદિ ઉપાય રાખે છે. એમ ગૃહીત મિથ્યાત્વ ટાળે છે પણ પુણ્ય-પાપ આદિ પરિણામને ટાળવાનો ઉપાય રાખતો નથી તેથી તેને આસ્રવ મટતો નથી.

દ્રવ્યલિંગી મુનિ અન્ય દેવાદિની સેવા કરતો નથી. હિંસા વા વિષયોમાં પ્રવર્તતો નથી. બહારમાં બીજા દેવલોકની ઇંદ્રાણી ચળાવવા આવે તો પણ બ્રહ્મચર્યમાંથી ડગતો નથી પણ અંતરમાં પરિણામ તે સુધારતો નથી. શુભ ભાવ કરીને નવમી ગ્રૈવેયક સુધી ગયો પણ અંતરની શ્રદ્ધાની એને ખબર નથી. વળી અવિરતિના નાશ માટે બહારમાં વિષય લેતો નથી, પણ તેથી અવિરતિનો અભાવ થતો નથી. બહારમાં ક્રોધાદિ કરતો નથી પણ અંતરંગમાં કષાયનો અભાવ થયો નથી. મન-વચન-કાયાને રોકે છે તો પણ તેને યોગનો અભાવ થયો નથી. એ રીતે દ્રવ્યલિંગી મુનિને મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ એ ચારે આસ્રવ હોય છે.

વળી દ્રવ્યલિંગી મુનિ કપટ વડે એ કાર્યો કરતો નથી કેમ કે કપટ વડે કરે તો ગ્રૈવેયક સુધી જાય નહિ. કાયાનું સરળપણું, ભાવનું સરળપણું હોય છે તેથી પુણ્યબંધ થાય છે ને તે ગ્રૈવેયક સુધી જાય છે. આમ હોવા છતાં તેને જ્ઞાનાનંદ સ્વરૂપનું ભાન નથી. અંતરંગ અભિપ્રાયમાં મિથ્યાત્વાદિરૂપ રાગાદિ ભાવો છે તે જ આસ્રવ છે. તેને ન ઓળખવાથી આસ્રવ તત્ત્વનું પણ તેને સાચું શ્રદ્ધાન નથી. સાચા તત્ત્વની દૃષ્ટિ વિના બહારનો ઉપાય રાખે પણ અંતર ઉપાય કરે નહિ તેને આસ્રવ તત્ત્વની પણ યથાર્થ શ્રદ્ધાન નથી. આત્માના યથાર્થ શ્રદ્ધાનપૂર્વક મિથ્યાત્વાદિ આસ્રવને જાણીને જે વિવેક કરતો નથી તેનું મિથ્યાત્વ ટળતું નથી.

આસ્રવ તત્ત્વમાં ત્રણ પ્રકાર કહ્યાઃ

૧) પુણ્ય-પાપ બન્ને મલિન પરિણામ હોવા છતાં પુણ્યને ઉપાદેય માને અને પાપને હેય માને તે આસ્રવતત્ત્વની ભૂલ છે.

૨) બાહ્ય મિથ્યાત્વાદિ આસ્રવોને જાણે છે પણ અંતરંગ આત્માના પરિણામોમાં જે આસ્રવ થાય છે તેને જાણતો નથી.

૩) બાહ્યની ક્રિયા અને નિમિત્તને મટાડવાનો અજ્ઞાની ઉપાય રાખે છે પણ અંતરમાં આસ્રવના નાશનો ઉપાય રાખતો નથી. -આમ ત્રણ પ્રકાર કહ્યા છે.



## બંધ તત્ત્વના શ્રદ્ધાનની અયથાર્થતા.

વળી અજ્ઞાની બંધ તત્ત્વમાં જે અશુભ ભાવો વડે નરકાદિરૂપ પાપબંધ થાય તેને તો બૂરો જાણે છે અને શુભ ભાવો વડે દેવાદિરૂપ પુણ્યબંધ થાય તેને ભલો જાણે છે. આસ્રવ તત્ત્વમાં શુભ-અશુભ પરિણામની વાત હતી. અહીં શુભ-અશુભના કારણે બંધ પડે છે તે વાત છે. પુણ્યના કારણે મળેલી સુખસામગ્રીમાં રાગ કરે છે અને પાપના કારણે મળેલી દુઃખની સામગ્રીમાં દ્વેષ કરે છે તે બંધ તત્ત્વને જાણતો નથી. શુભ બંધ સારો છે એમ માનનારને રાગદ્વેષ કરવાની શ્રદ્ધા થઈ તેથી તેને બંધ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી. પાપ પરિણામથી નરકમાં જવું પડશે માટે કરવા નહિ, પુણ્યબંધ કરીએ તો સ્વર્ગ આદિમાં જવાશે માટે શુભ બંધ સારો છે એમ માનનારને બંધ તત્ત્વની ભૂલ છે.

## આસો સુદ ૧૪, બુધવાર, ૨૧-૧૦-૫૩.

જીવ અનાદિકાળથી સાત તત્ત્વોની ભૂલ કરી રહ્યો છે તેની વાત ચાલે છે. જૈન સંપ્રદાયમાં જન્મીને પણ સાત તત્ત્વોને યથાર્થ જાણે નહિ તેનું મિથ્યાત્વ જાય નહિ અને તેનું પરિભ્રમણ મટે નહિ.

અજ્ઞાની બંધ તત્ત્વમાં કેવી ભૂલ કરે છે તે કહે છે.

પુણ્ય-પાપરૂપ આસ્રવ મલિન પરિણામ છે, તેમાં એકને સારો અને એકને ખરાબ માનવો એમ આસ્રવ તત્ત્વની ભૂલમાં કહ્યું. અહીં તો શુભાશુભ ભાવના કારણે કર્મબંધ થાય છે. એ બંધમાં એકને ઠીક માનવો અને બીજાને અઠીક માનવો તે બંધ તત્ત્વની ભૂલ છે. અશુભના કારણે નરક-તિર્યંચાદિનો બંધ પડે તે સારો નહિ અને અજ્ઞાનીને પુણ્ય પરિણામના કારણે સ્વર્ગનું કે જુગલિયા આદિનું આયુષ્ય વગેરે બંધાય તેને તે સારો જાણે છે. મિથ્યાદૃષ્ટિને શુભ ભાવને લીધે પુણ્યની સ્થિતિ લાંબી બંધાય છે. છતાં તેના ફળમાં લાંબો કાળ સામગ્રી રહે છે -એમ નથી કેમ કે મિથ્યાદૃષ્ટિ પુણ્યબંધને સારો માને છે તેથી શુભ ભાવ ફરી જાય છે અને પાપના પરિણામ કરે છે તેથી તે સ્થિતિને તોડી નાખે છે અને એ કારણે પુણ્યબંધમાં લાંબો કાળ સામગ્રી રહે છે -એમ નથી.

અહીં તો કહે છે કે આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે તેને ભૂલીને તે શુભ કે અશુભ ગમે તેવા પરિણામ કરે તો તે બન્ને બંધના કારણ છે. તેમાં એક બંધ સારો છે અને એક બંધ ખરાબ છે -એમ નથી. જેણે પુણ્યબંધને સારો માન્યો તેને ઇષ્ટ સામગ્રી પ્રત્યે રાગ થયો અને પાપબંધ ખરાબ માન્યો તેને અનિષ્ટ સામગ્રી પ્રત્યે દ્વેષ થયો માટે તે મિથ્યાદૃષ્ટિ છે. મંદ કષાય કરશું તો સ્વર્ગમાં જઈશું અને ત્યાંથી ભગવાન પાસે જઈશું, એવી ઇષ્ટ સામગ્રીમાં રાગ થયો ને અનિષ્ટ સામગ્રીમાં દ્વેષ થયો તેથી તેને રાગદ્વેષ કરવાની શ્રદ્ધા થઈ પણ આત્મા જ્ઞાતા છે એવી શ્રદ્ધા થઈ નહિ.

અનુકૂળ સામગ્રીમાં રાગ અને પ્રતિકૂળ સામગ્રીમાં દ્વેષ થયો તેને ભાવિકાળ માટે પણ ઇષ્ટ-અનિષ્ટ સામગ્રીમાં રાગદ્વેષ કરવાનો અભિપ્રાય રહ્યો. અનુકૂળ સામગ્રી ધર્મમાં મદદરૂપ થાય અને પ્રતિકૂળ સામગ્રી

ધર્મમાં અડચાણ કરે એમ છે જ નહિ. અનુકૂળ સામગ્રીમાં રાગ અને પ્રતિકૂળ સામગ્રીમાં દ્વેષ કરવાનો અભિપ્રાય મિથ્યાદૃષ્ટિને હોય છે. આત્મા અબંધ સ્વભાવી છે. તેને સમજ્યા વિના બંધમાં પુણ્યબંધ સારો અને પાપબંધ ખરાબ એમ માનવું તે ભ્રમ છે.

વળી શુભાશુભ ભાવો વડે પુણ્ય-પાપના વિશેષો તો અઘાતિ કર્મોમાં થાય છે પણ અઘાતિ કર્મો કાંઈ આત્માના ગુણને હણતાં નથી. શુભાશુભ પરિણામથી ઘાતિ કર્મ તો નિરંતર બંધાયા કરે છે. વ્રત-તપ-દયા-દાનાદિ કરે તો તેના ફળમાં અઘાતિ કર્મમાં ફેર પડે છે પણ તેના વડે આત્માને કાંઈ લાભ થાય એમ છે જ નહિ. આત્મગુણના ઘાતક ઘાતિ કર્મો તો નિરંતર બંધાય છે. અઘાતિ કર્મો આત્માના ગુણમાં નુકસાન કરે એમ નથી. અશુભ ભાવ વડે પાપબંધ પડે તેથી કાંઈ આત્માને નુકસાન નથી. નરકાદિનો સંયોગ મળે એમાં આત્માના ગુણને કાંઈ હાનિ નથી. શુભ પરિણામ કરે તેના ફળમાં ઈષ્ટ સંયોગ મળે તેનાથી આત્માને કાંઈ લાભ થતો નથી. પરંતુ શુભ ભાવના પરિણામ વડે પણ ઘાતિ કર્મ તો બંધાય છે ને તેથી આત્માને નુકસાન થાય છે. શુભાશુભ પરિણામ વખતે મોહનીય આદિ ચારે ઘાતિ કર્મ બંધાય છે -એમ જે જાણતો નથી તે બંધ તત્ત્વને સમજતો નથી.

પુરુષવેદ બંધાય, સ્ત્રીવેદ બંધાય, હાસ્ય, રતિ આદિ બંધાય તે પાપ જ છે. શુદ્ધ ચિદાનંદની જેને શ્રદ્ધા નથી તેને ઘાતિ કર્મ બંધાય છે અને તે સર્વ પાપરૂપ જ છે તે વડે એના આત્માને કાંઈ લાભનું કારણ નથી. બહારમાં ઈષ્ટ સામગ્રી મળે તેથી કાંઈ આત્માને લાભ નથી અને કદાચ કોઈ નરકમાં જાય અને ત્યાં સમ્યગ્દર્શન પામે તો ત્યાં તે સંયોગો તેને નુકસાન કરતાં નથી. અજ્ઞાની ભગવાનના સમવસરણમાં જાય તો ત્યાં તેના આત્માને કાંઈ લાભનું કારણ થતું નથી. માટે અઘાતિમાં ફેર પડવાથી આત્માને કાંઈ લાભ-નુકસાન નથી પણ ઘાતિકર્મનો તો અજ્ઞાનીને નિરંતર બંધ પડે છે. માટે પુણ્યબંધ સારો છે અને પાપબંધ ખરાબ છે -એમ જે ભેદ પાડે છે તે બંધ તત્ત્વને જાણતો નથી, તેથી તેને મિથ્યા શ્રદ્ધા છે. તે મિથ્યાદૃષ્ટિને નથી બંધની શ્રદ્ધા, નથી આત્માની શ્રદ્ધા કે નથી સાચા દેવાદિની શ્રદ્ધા -આ મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે.

## સંવર તત્ત્વના શ્રદ્ધાનની અયથાર્થતા

વળી અજ્ઞાની સંવર તત્ત્વમાં અહિંસાદિરૂપ શુભાસ્રવને સંવર માને છે પરંતુ એક જ કારણથી પુણ્યબંધ પણ માનીએ તથા સંવર પણ માનીએ એમ બને નહિ. પંચ મહાવ્રત પાળો, બ્રહ્મચર્ય પાળો, સત્ય બોલો, પરિગ્રહ છોડો તો સંવર થઈ જશે -એમ અજ્ઞાની માને છે. પણ તે તો બધો પુણ્ય ભાવ છે, આસ્રવ ભાવ છે. દયા-વ્રતાદિના પરિણામથી પુણ્યબંધ પણ થાય અને તેનાથી સંવર પણ થાય -એમ બને નહિ.

**પ્રશ્ન** : મુનિને એક જ કાળમાં બે ભાવ થાય છે અને તેમને બંધ પણ થાય છે તથા સંવર-નિર્જરા પણ છે તે કેવી રીતે છે ?



**ઉત્તર** : એ ભાવ મિશ્રરૂપ છે. કંઈક વીતરાગ થયા છે તથા કંઈક સરાગ થયા છે. ત્યાં જે વીતરાગ પરિણામ થયા છે તે વડે તો સંવર જ છે અને જે રાગરૂપ પરિણામ છે તે વડે બંધ જ છે. ભાવલિંગી મુનિ અંતર આનંદના અનુભવમાં વર્તે છે તેટલો તો વીતરાગ ભાવ છે અને જેટલો રાગ રહ્યો છે તેટલો બંધ છે. પુરુષાર્થની નબળાઈને કારણે મુનિને અઠ્ઠાવીસ મૂળગુણના પરિણામ વર્તે છે. તેનાથી કિંચિત્ બંધ છે ખરો પણ તે સંસારનું કારણ નથી. જેટલો વીતરાગ ભાવ પ્રગટ્યો છે તેટલી શાંતિ છે અને વ્રતાદિના શુભાશુભ ભાવ થાય છે એટલી અશાંતિ છે. હવે મિશ્ર ભાવથી તો બે કાર્ય બને. એક પ્રશસ્ત રાગથી જ પુણ્યાસ્રવ પણ માનવો તથા સંવર-નિર્જરા પણ માનવી એ ભ્રમ છે.

મિશ્ર ભાવ છે તે એક પર્યાયમાં બે ભાવ છે. જેટલો વીતરાગ ભાવ છે તે સંવર-નિર્જરારૂપ છે અને જેટલો રાગ ભાવ છે તે બંધરૂપ છે. એક સમયમાં ચારિત્રગુણની એક પર્યાયમાં કેટલાક અંશો શુદ્ધ વીતરાગ ભાવરૂપ હોય છે અને કેટલાક અંશો અશુદ્ધ રાગરૂપ હોય છે. તેથી તે મિશ્ર ભાવમાં સંવર-નિર્જરા અને બંધ એક સાથે સંભવે છે પણ શુભ ભાવથી બંધ પણ થાય અને સંવર પણ થાય એમ બને નહિ. હવે મિશ્ર ભાવમાં પણ આ સરાગતા છે અને આ વીતરાગતા છે એવી ઓળખાણ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. અજ્ઞાની જેટલો રાગ ઘટ્યો છે તેટલાને સંવર-નિર્જરા માને છે પણ જેને સમ્યગ્દર્શન નથી તેને સંવર-નિર્જરા હોતા નથી. મિથ્યાદૃષ્ટિને એકલો બંધ જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ દયા, વ્રત, તપ, પૂજા આદિના ભાવને હેયરૂપ જાણે છે પણ મિથ્યાદૃષ્ટિને એવી ઓળખાણ નથી. સાચા ભગવાનની પૂજા-ભક્તિ આદિનો ભાવ થાય તેને જ્ઞાની હેયરૂપ જાણે છે, મિથ્યાદૃષ્ટિ તેને સંવર-નિર્જરા માને છે અને તેને આદરવા યોગ્ય માને છે તેથી તેને સંવર તત્ત્વની ખબર નથી. વળી સિદ્ધાંતમાં ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય તથા ચારિત્ર વડે સંવર થાય એમ કહ્યું છે. પરંતુ તેનું પણ તે યથાર્થ શ્રદ્ધાન કરતો નથી. કેવી રીતે તે અહીં કહે છે.

હવે ગુપ્તિની વાત કરે છે. મન-વચન-કાયાની ચેષ્ટા ન કરવી અને પાપ ચિંતવન ન કરે, મૌન રાખે, એક ઠેકાણે બેસી રહે તેને તે ગુપ્તિ માને છે પણ તે તો આસ્રવ અને અધર્મરૂપી પુણ્ય ભાવ છે. મનમાં શુભ ભાવ ભક્તિ આદિ કરે, પાપનું ચિંતવન ન કરે તેને ગુપ્તિ માને તે મિથ્યાત્વી છે. વચન, કાયાની પ્રવૃત્તિને શુભ ભાવપૂર્વક રોકતો હોય તો પુણ્યબંધ થાય છે પણ તે ગુપ્તિરૂપ સંવર નથી. આત્મા જ્ઞાયક છે, પુણ્ય પરિણામ પણ મલિન છે અને મન-વચન-કાયા તે પર છે એવી શ્રદ્ધાપૂર્વક શુભ ભાવની પણ કલ્પના ન કરે ત્યારે મન-વચન-કાયાની ચેષ્ટા ન થાય. તેવી વીતરાગ ભાવરૂપ ગુપ્તિને સંવર કહે છે. વચન, કાયાને સ્થિર કરે પણ પ્રમાદ કરીને અશુભ પરિણામ કરે તેને શુભ ભાવનું ચિંતવન પણ હોતું નથી, એવા જીવની અહીં વાત નથી. પણ અહીં તો શુભ પરિણામ રાખે પણ એને ધર્મ માને તો તે ગુપ્તિના સ્વરૂપને સમજતો નથી, તેથી તેને સંવર તત્ત્વની પણ ખબર નથી. નવકારમંત્ર ગણે, જાપ જપે, માળા ગણે તે વખતે શુભ ભાવ હોય તે પુણ્ય છે, સંવર નથી પણ આસ્રવ છે. શુભ ભાવ કરે તો તેને પરલક્ષી જ્ઞાનનો ઉઘાડ થાય પણ તે વડે આત્માના જાણી

શકે નહિ. ચૈતન્ય આત્માના અવલંબને જે જ્ઞાન પ્રગટ થાય તે સાચું જ્ઞાન છે અને તે ટકી રહે છે.

**આસો સુદ ૧૫, ગુરુવાર, ૨૨-૧૦-૫૩.**

જૈન કુળમાં જન્મ થવા છતાં સાત તત્ત્વોની જેને યથાર્થ ખબર નથી તે સાચો જૈન નથી. જૈનનો બાહ્ય વ્યવહાર કરવા છતાં સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન કર્યું નથી તેને સંવર તત્ત્વની ભૂલ કેવી રીતે હોય છે તે કહે છે. સંવર તત્ત્વના સતાવન પ્રકાર છે. વિકારની અનુત્પત્તિ અને શાંતિની ઉત્પત્તિને સંવર કહે છે.

પર જીવોની રક્ષા કરવી તેને અજ્ઞાની સમિતિ માને છે. જોઈને ચાલવું, વિચારીને બોલવું તેને સમિતિ માને છે. કોઈ પ્રાણીને દુઃખ ન થાય અને તેનું રક્ષણ થાય એ સમિતિ નથી પણ પુણ્યાસ્રવ છે. જોઈને ચાલવું તો છ'કાયની રક્ષા થાય એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. મુનિ છ'કાયના રક્ષક છે, છ'કાયના પિયર છે એ માત્ર વ્યવહારનું કથન છે પણ ખરેખર કોઈ જીવ પરની રક્ષા કરી શકતો નથી. પર જીવને હું બચાવી શકું છું એમ માનવું તે મિથ્યાત્વ છે.

પરને મારવાના ભાવથી તો પાપ થાય છે અને પરને બચાવવાના ભાવથી સંવર કહેશો તો પછી પુણ્યના પરિણામ કોને કહેશો ? પર જીવની રક્ષા કરવાનો ભાવ તે પુણ્યાસ્રવ છે. જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિપૂર્વક જ્ઞાતા રહે છે તે સમિતિ છે -એમ જ્ઞાની માને છે. મુનિને કિંચિત્ ગમનાદિની ક્રિયા થાય છે, ત્યાં તેમને પ્રમાદરૂપ પ્રવૃત્તિ નથી તેથી તેમને સમિતિ હોય છે. હું જ્ઞાનસ્વભાવી આત્મા છું, હું કોઈ જ્ઞેયને ટાળું કે રાખું એમ છું જ નહિ, એવી દૃષ્ટિ થઈ છે તેમને પણ ગમનાદિ ક્રિયા વખતે રાગ તો હોય છે પણ એમાં તીવ્ર રાગ ન થાય ને સ્વભાવસન્મુખતા રહે માટે જ્ઞાનીને પ્રમાદરૂપ પ્રવૃત્તિ હોતી નથી. જ્ઞાનાનંદ ચૈતન્ય ચમકતો દીવો છે તેવી અંતર્દૃષ્ટિ થવા છતાં સ્વરૂપમાં હજુ પૂર્ણ લીનતા થઈ નથી. એમને રાગ હોય છે ત્યારે શરીરાદિની ક્રિયા હોય છે એ વખતે સ્વરૂપની જાગ્રતિપૂર્વક જેટલો રાગનો અભાવ થયો એને સમિતિરૂપ સંવર કહેવાય છે. સંવર તે શુદ્ધોપયોગ છે. બીજા જીવોને દુઃખી કરવાનો ભાવ મુનિને હોતો નથી તેથી સહજે પર જીવો મરતા નથી પણ પર જીવોની હું રક્ષા કરી શકું છું એવી બુદ્ધિ તેમને હોતી નથી. સમિતિનો શુભ ભાવ હોવા છતાં કોઈ ઊડતું જીવડું પગ નીચે આવીને કચડાઈ જાય તો એનો દોષ મુનિને હોતો નથી.

આત્માની તીવ્ર ગતિમાં પ્રમાદનો ભાવ ન થવા દેવો તે સારી સમિતિ છે, એને અજ્ઞાની જાણતો નથી. તેથી તેને સંવર તત્ત્વનું ભાન નથી. મુનિ ભિક્ષા માટે ગયા હોય ત્યાં અગ્નિનો ભડકો દેખે તો ઈચ્છાને તોડી નાખે છે અને પાછા ફરે છે. ત્યાં અગ્નિના જીવોની રક્ષા ખાતર તેઓ તેમ કરતાં નથી પણ સ્વભાવના અવલંબને તીવ્ર પ્રમાદ ન થવા દેવાનો ભાવ તેમને હોય છે અને તે સમિતિ છે. ત્રણ કષાયનો નાશ થઈને જેને અમર શાંતિ પ્રગટી છે એની વાત તો અપૂર્વ અને અદ્‌ભૂત છે. અત્યારે તો વ્યવહારે દ્રવ્યલિંગના પણ ઠેકાણાં નથી તો ભાવલિંગ તો ક્યાં છે ? આગમ પ્રમાણે દ્રવ્યલિંગની



ક્રિયા હોય છે, છતાં સંવરાદિનું યથાર્થ ભાન નથી. તેથી તેને યથાર્થ સમિતિ હોતી નથી. મુનિની ભૂમિકામાં આધાકર્મી આહારાદિનો ભાવ સહજ હોતો નથી.

વળી ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકારના ધર્મને અજ્ઞાની જાણતો નથી. અજ્ઞાની બંધાદિકના ભયથી ક્રોધાદિ કરતો નથી. કષાયની મંદતા કરીશું, કપટ આદિ નહિ કરીએ તો સ્વર્ગ મળશે એવી ઈચ્છા અજ્ઞાનીને હોય છે પણ તેને ક્રોધાદિ કરવાનો અભિપ્રાય ગયો નથી. જ્ઞાનસ્વરૂપ આત્મામાં ક્રોધાદિ છે જ નહિ એવું ભાન તેને નથી. ક્રોધ કરશું તો સ્વર્ગ મળશે નહિ અને નરકાદિ ટળશે નહિ એમ માનીને ત્યાગ, તપ આદિ વ્યવહારથી કરે પણ અંતરમાં ક્રોધ આદિ ટાળવાનો અભિપ્રાય મટ્યો નથી માટે તેને સાચો ધર્મ થતો નથી. તેને સંવર તત્ત્વની ખબર નથી.

રાજા કે શેઠના ભયથી કે બંધાદિના ભયથી અથવા મહંતપણાની ઈચ્છાથી તે ક્રોધાદિ કરતો નથી; ગુનો કરશું તો રાજા દંડ દેશે તે ભયથી ગુનો કરે નહિ. વળી પરસ્ત્રીનું લંપટપણું કરશું તો બહારમાં મોટપ રહેશે નહિ, લોકમાં નિંદા થશે એમ માનીને પરસ્ત્રીનો ત્યાગી થાય તો તે ખરેખર ત્યાગી કહેવાય નહિ. એમ મોટપ માટે કે ભયના કારણે પાપાદિના કામો ન કરે તેથી કાંઈ ત્યાગી કહેવાય નહિ. તેમ અમે સાધુ કહેવાઈએ માટે અમારે તકરાર વગેરે ન કરવી જોઈએ એમ માને તો તે ત્યાગી કહેવાય નહિ. બહારમાં મોટું નામ હોય અને અંદરમાં ઝગડા કરે તો ત્યાગી કહેવાય નહિ, તો તે કેવી રીતે ત્યાગી હોય ? આ પદાર્થ ઈષ્ટ છે અને આ પદાર્થ અનિષ્ટ છે એમ ભાસતા ક્રોધાદિ થાય છે પણ જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ ચીજ પ્રિય-અપ્રિય ભાસે નહિ ત્યારે ક્રોધાદિ સ્વયં થતાં નથી તે સાચો ધર્મ છે.

સર્વજ્ઞ ભગવાન મને ઈષ્ટ છે, તેઓ છે માટે મને એમના પ્રત્યે બહુમાન આવે છે તેમ માનનારે પરપદાર્થને ઈષ્ટ માન્યો. તેને તત્ત્વની ખબર નથી. કોઈ કહે કે મીરાંબાઈએ ઝેરનો પ્યાલો અમૃત માનીને પીધો માટે તેમને પર પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ન હતી પણ તે વાત બરાબર નથી કેમ કે તેમને તો તત્ત્વની ખબર જ ન હતી. તત્ત્વજ્ઞાનપૂર્વક પર પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ન થાય તો સ્વયં ક્રોધાદિ થતાં નથી. વળી કોઈ કહે કે આત્મામાં ધર્મ પ્રગટે એટલે બહારમાં પ્રભાવ પડે તો એ વાત પણ સત્ય નથી. ગજસુકુમાર મુનિને ધર્મ પ્રગટ્યો હતો છતાં શરીરનો નાશ થઈ ગયો. જેને આત્મામાં ધર્મ થયો હોય તેના સમીપમાં વેર હોય નહિ એ તો વ્યવહારનું કથન છે પણ એવો સિદ્ધાંત નથી. ધર્મીને પ્રતિકૂળ સંયોગ ન જ હોય એમ નથી. સનતકુમાર ચક્રવર્તી એ ભવે મોક્ષ જવાના હતા પણ શરીરમાં સાતસો વર્ષ સુધી ગળત કોઢ રહ્યો. ધર્મીને બહારમાં અનુકૂળતા જ રહે એવું ધર્મનું સ્વરૂપ નથી.

કોઈ એમ કહે કે એક ધર્મી જીવ પરદેશમાં રહેતો હતો. એનો પંદર વર્ષનો દીકરો દેશમાં મરી ગયો એમ કોઈએ એની પરીક્ષા કરવા માટે કહ્યું. ત્યારે ધર્મીએ કહ્યું કે મારો દીકરો મરે નહિ એવી

ધર્મીને દઢતા હતી. જુઓ, આ વાત તદ્દન ખોટી છે. ધર્મીના કારણે એના દીકરાનું આયુષ્ય વધી જાય એમ છે જ નહિ. કોઈના કારણે કોઈની સ્થિતિ હોય નહિ, ધર્મીને પણ સર્પ આદિ કરડે અને તેનું શરીર છૂટી જાય, ધર્મીને પરની સાથે કાંઈ સંબંધ નથી. ધર્મીને બાહ્ય અનુકૂળતા જ હોય એવો કાંઈ નિયમ નથી. ધર્મી ગરીબ હોય ને અધર્મી કરોડપતિ હોય, ધર્મીને શરીરમાં રોગ હોય અને અધર્મીને શરીરમાં નિરોગતા હોય. બાહ્યની સાથે કાંઈ સંબંધ નથી. પર પદાર્થ કોઈ ઈષ્ટ કે અનિષ્ટ છે જ નહિ -એમ તત્ત્વજ્ઞાની જાણે છે અને તેથી તેને ક્રોધાદિ સ્વયં થતાં જ નથી. આ ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મોની વ્યાખ્યા છે અને તે જ સંવર છે. આ પર પદાર્થ ઈષ્ટ કે અનિષ્ટ છે એવી બુદ્ધિપૂર્વક કષાયની મંદતા કરે તો તેને ધર્મ કે સંવર હોતો નથી માત્ર પુણ્યબંધ થાય છે. આવી જેને ખબર નથી તેને સાત તત્ત્વની વ્યવહારે પણ સાચી શ્રદ્ધા નથી.

પાંચ પંદર માણસો શહીદ થઈ જાય તો દેશનો ઉદ્ધાર થઈ જાય એવી માન્યતા મૂઢની છે. એ ધર્મને સમજતો નથી. જૈન નામ ધરાવીને પણ પર પદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માને અને કષાયની મંદતામાં ધર્મ માને તો તેને દશ લક્ષણી ધર્મની ખબર નથી. આપણે ક્ષમા રાખીએ તો ભવિષ્યમાં એવા જીવો પાકશે કે જેનો પ્રભાવ હજારો જીવો ઉપર પડશે. તો એ વાત તદ્દન જૂઠી છે. બીજાના કારણે બીજાને લાભ થાય એમ કદી બનતું નથી. જૈન છાપામાં પણ આવા ઊંધા લેખો આવે તો તેને જૈન કેવી રીતે કહેવાય ? દરેક પદાર્થ સ્વતંત્ર છે. એની પર્યાય એના કારણે એના કાળે જ થાય બીજાના કારણે તેના ઉપર કોઈ પ્રભાવ પડે એમ કદી બનતું નથી. એમ માનનારને તત્ત્વજ્ઞાનની ખબર નથી. તત્ત્વજ્ઞાનીને પર પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટપણું ભાસતું નથી તે ધર્મ છે.

ત્યાગી નામ ધરાવે કે લૌકિકમાં નેતા નામ ધરાવે પણ તત્ત્વજ્ઞાન વિના તે પરપદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માનતો હોવાથી એક જ જાતના અજ્ઞાની છે. મારે લઈને દેશને લાભ થશે અને મારા કારણે જીવની રક્ષા થશે એ બધી પરને ઈષ્ટ-અનિષ્ટ માનવાની બુદ્ધિ છે. આવો જીવ ભૂખ્યો રહે, જેલમાં જાય, ઉપવાસ કરે પણ એને ધર્મ થતો નથી. અજ્ઞાની ધર્મના સ્વરૂપને જાણતો નથી. ગુપ્તિ, સમિતિ અને ધર્મના સ્વરૂપનું ભાન નથી. તેને સંવર તત્ત્વની ખબર નથી.

### આસો વદ ૧, શુક્રવાર, ૨૩-૧૦-૫૩.

આજે સવારે આત્મસિદ્ધિની સ્વાધ્યાય હતી.

### આસો વદ ૨, શનિવાર, ૨૪-૧૦-૫૩.

સંવર તત્ત્વની અયથાર્થ શ્રદ્ધાનને કારણે અજ્ઞાની સમિતિ, ગુપ્તિ અને દશ પ્રકારના ધર્મના સ્વરૂપને યથાર્થ જાણતો નથી. એ ત્રણ બોલ થયા છે. હવે ચોથો બોલ અનુપ્રેક્ષાનો કહે છે.

આ શરીર અશુચિમય છે માટે એના તરફનો રાગ છોડો, એ તો દ્વેષબુદ્ધિ થઈ. પરને બૂરા જાણીને



ઉદાસ થવું તેને અજ્ઞાની અનુપ્રેક્ષા કહે છે પણ તે અનુપ્રેક્ષા નથી. જેમ કોઈ બીજા પ્રત્યે ગુણ જોઈને રાગ કર્યો અને અવગુણ દેખીને દ્વેષ કરવા લાગ્યો, તેમ અજ્ઞાની સ્ત્રી, કુટુંબ, શરીરાદિના ગુણ જાણીને રાગ કરે છે અને પછી તેના અવગુણ દેખીને દ્વેષ કરવા લાગ્યો તે કાંઈ સાચી અનુપ્રેક્ષા નથી. તેના વડે સંવર થતો નથી. તે તો બન્ને આકુળતા અને દુઃખના કારણો છે. એવી ઉદાસીનતા તો દ્વેષરૂપ છે. હું જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વભાવ છું, શરીરાદિ મારાથી પર છે, એ સારા કે ખરાબ નથી -એમ પોતાનું અને પરનું યથાર્થ સ્વરૂપ જાણીને રાગ-દ્વેષ ન કરવો તે સાચી અનુપ્રેક્ષા છે. આત્માના યથાર્થ સ્વરૂપને જાણીને એમાં લીન થવા અર્થે બાર પ્રકારની ભાવનાનું ચિંતવન કરવું એનું નામ યથાર્થ ભાવના છે.

હવે પરિષહજયની વાત કરે છે. ક્ષુધાદિ લાગતા તેના નાશનો ઉદ્યમ ન કરવો, રોગ આવે અને દવા ન લેવી તેને અજ્ઞાની પરિષહ સહન કરવો કહે છે. પણ અંતરંગમાં ક્ષુધા, તૃષા અને રોગ થતાં દ્વેષ થયો અને આહાર, પાણી, દવા વગેરે મળતા રતિ કરે એમાં સંવર તો નથી, પરંતુ પુણ્ય ભાવ પણ નથી, કેમ કે તે રતિ-અરતિના ભાવમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે. તેને પુણ્ય ભાવ નથી તો સંવર તો ક્યાંથી હોય ? અજ્ઞાની એને સંવર માને છે. સુખ-દુઃખના કારણો મળતા સુખી-દુઃખી ન થાય પણ જ્ઞાતા-દૃષ્ટા રહે એનું નામ પરિષહજય છે ને તે સંવર છે. કાલે ઠંડું પાણી પીધું હોત તો આજે ઉપવાસમાં આટલું સહન ન કરવું પડત તે તો આર્તધ્યાન છે. હવે ચારિત્રની વાત કરે છે.

વળી હિંસાદિ સાવદ્યયોગના ત્યાગને અજ્ઞાની ચારિત્ર માને છે. ત્યાં મહાવ્રતાદિરૂપ શુભોપયોગને ઉપાદેયપણાથી ગ્રહણરૂપ માને છે. અહિંસા આદિના શુભ પરિણામમાં અજ્ઞાની સંવર માને છે. અઠ્ઠાવીસ મૂળગુણ તે પુણ્યાસ્રવ છે પણ ચારિત્ર નથી. અજ્ઞાની તેને ઉપાદેય માને છે. તત્ત્વાર્થસૂત્રમાં ભગવાન ઉમાસ્વામીએ પંચ મહાવ્રતાદિને આસ્રવ કહેલ છે. અત્યારે કોઈ મુનિ નામ ધરાવનાર આ તત્ત્વાર્થસૂત્રમાં અઠ્ઠાવીસ મૂળગુણને જ્યાં આસ્રવ કહેલ છે, ત્યાં ફેરફાર કરીને તે ચારિત્ર છે એમ ઉમાસ્વામીની ભૂલ કાઢે છે. મહાન આચાર્યો અદ્ભૂત ભાવલિંગી સંત હતા, શાસ્ત્રના પારંગત હતા, એમણે પંચ મહાવ્રતના પરિણામને આસ્રવ કહેલ છે. અત્યારે તો પંચ મહાવ્રતના વ્યવહારે પણ ઠેકાણાં નથી અને તે કહે કે અઠ્ઠાવીસ મૂળગુણાદિ ચારિત્ર છે, સંવર છે, તો તે સંવર તત્ત્વને સમજતો નથી. તેવો જીવ અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે.

ચારિત્રના ભેદમાં અઠ્ઠાવીસ મૂળગુણ આવતા નથી, કેમ કે અઠ્ઠાવીસ મૂળગુણના પરિણામ તો બંધના સાધક છે અને આત્માના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક જે રમણતા છે તે મોક્ષનું સાધક છે.

જૈન નામ ધરાવીને જૈનથી વિરુદ્ધ પ્રરૂપણ કરે કે લેખો લખે તેને જૈન ન કહેવાય. જગતને ખુશી રાખવા માટે લૌકિક વાતો જાણી છાપામાં લખે તે બધા મિથ્યાત્વના પોષક છે. અહીં કહે છે

કે આત્માના યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક સ્વરૂપમાં લીનતા થાય તેને વીતરાગી ચારિત્ર કહે છે અને તે મોક્ષનું કારણ છે. સર્વ કષાય રહિત ઉદાસીન ભાવનું નામ ચારિત્ર છે.

છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિને આત્મરમણતા હોય છે, તે ચારિત્ર છે. ત્યાં પણ મુનિને ચારિત્રમોહના નિમિત્તે મહા મંદકષાયરૂપ પ્રશસ્ત રાગ હોય છે, તે ચારિત્રમાં દોષ છે એમ જ્ઞાની માને છે. વળી તે જાણે છે કે હજી મને યથાખ્યાત ચારિત્ર પ્રગટ્યું નથી તેથી શુભ ભાવ સર્વથા છૂટ્યા નથી. જેવી રીતે જ્ઞાની કંદમૂળ, લસણ, ડુંગળી, બટાટા આદિ ઘણા દોષવાળી લીલોતરી છોડી દે છે અને દૂધી, તૂરિયા, ભીંડા આદિ લીલોતરી ખાય છે પણ તેને ધર્મ માનતો નથી. તેવી રીતે મુનિ હિંસાદિ તીવ્રકષાયરૂપ ભાવનો ત્યાગ કરે છે અને અહિંસાદિ આદિ મંદકષાયરૂપ મહાવ્રતાદિને પાળે છે, પણ તેને તે મોક્ષમાર્ગ માનતાં નથી.

જુઓ, અહીં કંદમૂળ આદિમાં વધારે દોષ કહેલ છે અને પ્રત્યેક વનસ્પતિમાં ઓછો દોષ કહેલ છે. હિંસાદિમાં વધારે દોષ છે અને અહિંસા આદિમાં ઓછો દોષ છે. કોઈ કહે કે એ તો પરદ્રવ્ય છે, માટે પરસ્ત્રીના વિષયમાં અને સ્વસ્ત્રીના વિષયમાં સરખો દોષ છે -તો એમ નથી. પુણ્ય-પાપમાં વ્યવહારે ફેર છે. એકમાં તીવ્ર કષાય છે અને બીજામાં મંદકષાય છે પણ તે એકેમાં ધર્મ નથી એમ જ્ઞાની જાણે છે.

આત્માના ભાનપૂર્વક અંતરમાં પૂર્ણ લીનતા ન થઈ હોય ત્યારે પંચ મહાવ્રતરૂપ મંદકષાયના પરિણામ મુનિને આવે છે પણ તેને તો ચારિત્ર માનતા નથી. હવે એમાંથી પ્રશ્ન ઊઠ્યો કેઃ

**પ્રશ્ન** : જો પંચ મહાવ્રતાદિ આસ્રવ છે પણ ચારિત્ર નથી તો શાસ્ત્રમાં તેને ચારિત્રના ભેદમાં લીધેલ છે તો ત્યાં એમ કેમ કહેલ છે ?

**ઉત્તર** : ત્યાં એને વ્યવહાર ચારિત્ર કહેલ છે. જેને અંતરમાં સાચું મુનિપણું પ્રગટ થયું હોય તેને પંચ મહાવ્રતાદિના પરિણામ આવ્યા વિના રહે નહિ. તેમને આધાકર્મી આહાર લેવાનો વિકલ્પ હોતો નથી. પંચ મહાવ્રતના પરિણામ ન હોય અને ભાવલિંગી મુનિપણું અમને છે એમ કોઈ કહે તો તે વાત ખોટી છે. મહાવ્રતાદિ થતાં જ વીતરાગ ચારિત્ર થાય છે એવો સંબંધ છે. મુનિને નિર્ગ્રંથદશા પ્રગટ થઈ છે અને પંચ મહાવ્રત હોય છે. તેમને જે નિશ્ચય ચારિત્ર પ્રગટ થયું છે, તેનો ઉપચાર મહાવ્રતાદિમાં કહેલ છે. નિશ્ચય વગર મહાવ્રતમાં ઉપચાર પણ લાગુ પડતો નથી. પંચ મહાવ્રતાદિને વ્યવહારે ચારિત્ર કહેલ છે.

અજ્ઞાની સંવર તત્ત્વના યથાર્થ કારણને જાણતો નથી તેથી તેને સંવર તત્ત્વની સાચી શ્રદ્ધા હોતી નથી. હવે નિર્જરા તત્ત્વની વાત કરે છે.



## નિર્જરા તત્ત્વના શ્રદ્ધાનની અયથાર્થતા

આત્મામાં શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધતાનો નાશ તે ભાવનિર્જરા છે અને કર્મની નિર્જરા થવી તે દ્રવ્યનિર્જરા છે -એમ નિર્જરાના ત્રણ પ્રકાર છે. અજ્ઞાની નિર્જરા તત્ત્વને યથાર્થ જાણતો નથી તેથી તે અનશનાદિ બાર પ્રકારના તપને નિર્જરા માને છે પણ તે કેવળ બાહ્ય તપ હોવાથી તેનાથી નિર્જરા થતી નથી. આહાર ઓછો ખાવો, દૂધ-દહીં આદિનો ત્યાગ કરવો, પાપ લાગ્યું હોય તેનું પ્રાયશ્ચિત્ત લેવું તેને અજ્ઞાની નિર્જરા માને છે પણ એ નિર્જરા નથી કેમ કે તે તો બાહ્ય તપ છે. એવો તપ તો દ્રવ્યલિંગી મુનિ થઈને અનેક વાર કર્યો પણ તેને ધર્મ થયો નહિ. તે બાહ્ય તપ તો શુદ્ધોપયોગ વધારવા માટે કરવામાં આવે છે. પણ આત્મા શુદ્ધ ચિદાનંદ છે, આહારાદિથી પર છે અને શુભ ભાવ તે પણ મારું સ્વરૂપ નથી એમ જાણનાર જ્ઞાનીને અંતર્લીનતા થતાં રાગની ઈચ્છા જેટલી તૂટી ગઈ છે ને અંતર્શાંતિ વધી ગઈ છે તે નિર્જરા છે.

પુણ્ય પરિણામ નિર્જરાનું કારણ નથી પણ અંતર શુદ્ધોપયોગરૂપ રમણતા થાય તે નિર્જરા છે. એવી નિર્જરા જેને હોય છે તેના અનશનાદિ બાહ્ય તપને નિમિત્ત કહેવાય છે. જો બાહ્ય દુઃખને સહન કરવું એ જ નિર્જરાનું સ્વરૂપ હોય તો ઢોર અને કેદી ઘણું દુઃખ સહન કરે છે તો તેને પણ નિર્જરા થવી જોઈએ, પણ એમ બનતું નથી. ઢોર ભૂખ-તૃષાને સહન કરે છે, કેદીને જેલમાં અગવડતા મળે છે તેને સહન કરે છે, કીડી મકોડાના ભવમાં ઘણાં દુઃખ સહન કરે છે, જો એમાં ધર્મ કે નિર્જરા હોય તો તેને પણ થવી જોઈએ પણ એમાં ધર્મ કે નિર્જરા નથી. આત્માના ભાન વિના કોઈ બાહ્યથી ત્યાગી નામ ધરાવીને બહારમાં દુઃખ સહન કરે તો તેને પણ નિર્જરા થતી નથી -એમ અહીં કહે છે.

**પ્રશ્ન** : ઢોર વગેરે તો પરાધીનતાથી સહન કરે છે અને અમે તો સ્વાધીનતાથી ત્યાગ કરીને ધર્મબુદ્ધિથી સહન કરીએ છીએ. માટે અમને તો ધર્મ થાય ને ? અમે ઢોરની જેમ સહન કરતાં નથી, માટે અમારામાં ફેર છે. તેથી તેનો ઉત્તર કહો.

**ઉત્તર** : ધર્મબુદ્ધિથી બહારમાં ઉપવાસ કરે, કાયોત્સર્ગાદિ કરે પણ ત્યાં તો અશુભ, શુભ કે શુદ્ધ ઉપયોગરૂપે જેવા પરિણામ કરે તેવું ફળ થાય. બાહ્ય ક્રિયા અનુસાર નિર્જરા નથી. પૈસા ખાતર ખાડો ગાળીને તેમાં બેસીને માથે ધૂળ નાખે એવું સહન કરે પણ ત્યાં તો પાપભાવ છે. માટે પોતાના ભાવ અનુસાર નિર્જરા છે. બાહ્ય ક્રિયા અનુસાર નિર્જરા નથી.

### આસો વદ ૩, રવિવાર, ૨૫-૧૦-૫૩.

જુઓ, અહીં નિર્જરા તત્ત્વની અયથાર્થ શ્રદ્ધાની વાત ચાલે છે. આત્મા ત્રિકાળ શુદ્ધ છે. તેમાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાપૂર્વક શુદ્ધિની વૃદ્ધિ થવી અને અશુદ્ધિનો નાશ થવો તથા કર્મનું ખરવું થાય

તેને નિર્જરા તત્ત્વ કહે છે. આત્માના ભાનપૂર્વક શુદ્ધિની ઉત્પત્તિ થવી, અશુદ્ધિની ઉત્પત્તિ ન થવી અને નવા કર્મનું અટકવું થાય તે સંવરતત્ત્વ છે.

આત્મામાં જે શાંતિ થઈ છે, તેના કરતાં બીજા સમયે શાંતિની વૃદ્ધિ થાય તે ખરેખર નિર્જરા છે, એની જેને ખબર નથી તે ઉપવાસ, ઊણોદરી, વૈયાવચ્છ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ આદિ કરે તો તેને ત્યાં શુભ અશુભ ઉપયોગ હોય તે પ્રમાણે બંધન થાય છે, બાહ્ય ક્રિયા અનુસાર નિર્જરા નથી. ધર્મબુદ્ધિથી ઉપવાસાદિ કરીએ તો તો નિર્જરા થાય કે નહિ ? એવો પ્રશ્ન હતો. આહાર-પાણી સ્વતંત્રપણે મળતા હોય અને છોડીએ, સમવસરણમાં ભગવાન બિરાજતા હોય તેમને ધર્મબુદ્ધિથી વંદન કરીએ તો નિર્જરા થાય કે નહિ ? ગુરુની ભક્તિ, વૈયાવચ્છ સેવા કરીએ તો નિર્જરા થાય કે નહિ ? તો કહે કે ના, તેના વડે નિર્જરા થતી નથી.

બાહ્યમાં ઉપવાસ, ભક્તિ, વિનય, સ્વાધ્યાય કરતો હોય પણ ત્યાં તો ઉપયોગ શુદ્ધ, શુભ કે અશુભ જેવો હોય તેવું ફળ થાય. શુભ ઉપયોગ હોય તો પુણ્ય બંધાય અને અશુભ ઉપયોગ હોય તો પાપ બંધાય. બાહ્ય ક્રિયાના આશ્રયે પુણ્ય, પાપ કે ધર્મ નથી. પુણ્ય-પાપ રહિત પરિણામ થાય તેને શુદ્ધોપયોગ કહે છે, તે રૂપે પરિણમે તો ધર્મ થાય. જો ઘણા ઉપવાસાદિ કરતાં ઘણી નિર્જરા થાય અને થોડા કરતાં થોડી નિર્જરા થાય, તો નિર્જરાનું કારણ તો બાહ્ય ક્રિયા ઠરે પણ એમ છે જ નહિ. એક જીવ બાહ્યમાં ભગવાનનો ઘણો વિનય કરતો હોય અને બીજાને આત્માનું ભાન હોય પણ બહારમાં વિનયાદિ યોગ ન હોય તો તેથી કરીને અજ્ઞાનીને વધારે નિર્જરા થાય છે અને જ્ઞાનીને ઓછી નિર્જરા થાય છે -એમ નથી.

આખી જીંદગી દહીં-દૂધ આદિ ન ખાય એથી કરીને કાંઈ નિર્જરા થતી નથી. બાહ્ય ક્રિયા સાથે નિર્જરાને સંબંધ નથી. મહિના મહિનાના ઉપવાસ કરે પણ ત્યાં પરિણામ પ્રમાણે લાભ-નુકસાન થાય છે. કષાયની મંદતા કરી હોય તો પુણ્ય બંધાય, અભિમાન કર્યું હોય તો પાપ થાય અને પુણ્ય-પાપ રહિત શુદ્ધ પરિણામ કર્યા હોય તો નિર્જરા થાય.

જુઓ, આ મુદ્દાની વાત છે. વરસી તપ કરે, બાર મહિના સુધી એકાંતરા ઉપવાસ કરે; એમાં ઉજમાણાનો ભાવ હોય અને કષાયની મંદતા ન કરે તો તે વરસી તપમાં પણ પાપ થાય -કેમ કે પરિણામ ઉપર આધાર છે. ઉપવાસાદિ ધર્મનું મુખ્ય કારણ નથી. કારણ કે પરિણામ દુષ્ટ થતાં ઉપવાસાદિ કરતાં પણ નિર્જરા કેમ સંભવે ? ''આ ત્રણ દિવસના ઉપવાસ કરીને બેઠાં પણ કોઈ સામું જોતું નથી'' એવા પરિણામ કરે તો તે દુષ્ટ પરિણામ છે. તેને નિર્જરા તો થાય નહિ પણ એકલો પાપબંધ જ થાય છે. એમાં આત્માને અધર્મનો લાભ થાય છે પણ ધર્મનો જરાય લાભ થતો નથી. ભગવાનની પ્રતિમા સામે ઊભો હોય અને ભક્તિ-વિનય કરતો હોય પણ અંતરમાં એવા પરિણામ હોય કે આ જોઈને કોઈ આહારની વિનંતી કરવા આવશે, તો તે પાપભાવ છે. ચાર કલાક સુધી ભગવાનની ભક્તિ



કરે, પણ શાસ્ત્ર અધ્યયનમાં વખત આપે નહિ, તેને સમજવાની ચીજમાં વિવેક નથી એને સારા શુભ ભાવ હોતા નથી, તો પછી તેને નિર્જરા તો કેમ હોય ? ન જ હોય !

પુણ્ય-પાપના પરિણામ તે બંધનું કારણ છે અને શુદ્ધ પરિણામ વડે નિર્જરા થાય છે. બાહ્ય આચરણની મુખ્યતા રહી નહિ. જેવા પરિણામ કરે તે પ્રમાણે બંધ-અબંધ થાય. બાર પ્રકારના તપ કે જે બાહ્ય ક્રિયા છે એના અનુસારે નિર્જરા કે બંધ નથી.

ઘણા વર્ષો સુધી શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય પણ નિર્ણયનું ઠેકાણું ન હોય, તત્ત્વાદિની કાંઈ ખબર ન હોય તો તેને શાસ્ત્ર અધ્યાયથી કાંઈ લાભ થતો નથી. શાસ્ત્ર શ્રવણ કરે તે વખતે કષાયની મંદતા કરે પણ સાચું શું ને ખોટું શું એનો નિર્ણય કરે નહિ તો તેને શાસ્ત્ર અધ્યયનથી નિર્જરાનો લાભ થતો નથી. શરીર, કર્મ આદિ પર છે અને આત્મામાં પુણ્ય-પાપના પરિણામ થાય તે આત્માનો સ્વભાવ નથી. એમ પૃથક્ પૃથક્ જાણે નહિ, અનેકને એકરૂપ માને તો તેને તત્ત્વાર્થ શ્રદ્ધાનનો લાભ થતો નથી. સાત તત્ત્વોને જેમ છે તેમ પૃથક્પણે ન જાણે તેને ભેદજ્ઞાનરૂપી ધર્મ થતો નથી. જુઓ, આ યથાર્થ વસ્તુની જેને રુચિ થઈ હોય અને આ જ કરવા જેવું છે એમ જે માનતો હોય તેને બધા જીવો એ વાતને સ્વીકારે તો સારું એવી ભાવના હોય પણ છોકરો જો આવું સાંભળશે તો ધંધો કોણ કરશે ? માટે તે ન સાંભળે તો સારું એવી એને ભાવના હોય નહિ. પૃથક્ પૃથક્ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા હોય, તો જેમ પોતાને શુભ-અશુભ ભાવ થાય તે હિતકર નથી એમ જાણ્યું તેમ બીજાને પણ શુભાશુભ પરિણામ થાય તો તેને પણ હિતકર નથી એમ જાણે અને માને પણ છોકરો શુભાશુભ ભાવ કરે તો સારું દ્રએમ તે માને નહિ. છોકરાં માટે હમણાં ધર્મ-શ્રવણાદિ નથી. અમે તો હવે વેપાર કરી શકીએ એમ નથી માટે અમારું આ કામ છે પણ એનું કામ નથી -એમ જ્ઞાની માને નહિ. જેણે શુભાશુભ પરિણામને અહિતકર માન્યા હોય તેને આવો ભાવ હોય નહિ. જો આવો ભાવ આવતો હોય તો તેને સાત તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી.

અહીં તો કહે છે કે પુણ્ય-પાપ અને નિર્જરાનો આધાર પોતાના પરિણામ ઉપર છે પણ બાહ્ય ક્રિયા ઉપર નથી. માટે તારા પરિણામમાં પુણ્ય-પાપથી ધર્મ થાય એમ માનીશ નહિ. પુણ્ય-પાપનો સંસર્ગ કરવો નહિ તે નિર્જરા છે. અહો ભગવાન ! તું શાંત થા ! એવો ભાવ થઈ જવો જોઈએ કે જેમ મારા પરિણામમાં શુભાશુભ ભાવથી મને લાભ નથી તો બીજાને પણ એ પરિણામથી લાભ ન જ હોય. વળી બીજાના પુણ્ય-પાપના કારણે પણ મને લાભ નુકસાન નથી .

કોઈ એમ કહે કે આવો નિર્ણય મરતી વખતે કરીશું, ભેદજ્ઞાન મૃત્યુ વખતે કરીશું. એ ઠીક છે એમ જેણે માન્યું તેણે વર્તમાનમાં તે ઠીક છે એમ માન્યા વિના મરતી વખતે આ ભેદજ્ઞાન કરવા જેવું છે એ વાત રહેતી નથી. માટે નક્કી થયું કે શુદ્ધિની વૃદ્ધિનું કારણ શુદ્ધોપયોગરૂપી ભેદજ્ઞાન છે પણ બાહ્ય ક્રિયા તે શુદ્ધિનું કારણ નથી. ત્યારે શિષ્યને પ્રશ્ન ઊઠ્યો કે તત્ત્વાર્થસૂત્રમાં **''તપસા**

**निर्जरा च''** એમ શા માટે કહ્યું છે ?

**પ્રશ્ન** : તપશ્ચર્યા કરવાથી નિર્જરા થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે તેનું કારણ શું ? અને તે કેવી રીતે છે ?

**ઉત્તર** : શાસ્ત્રમાં **इच्छा निरोधस्तपः** એમ કહ્યું છે અર્થાત્ ઇચ્છાને રોકવી તેનું નામ તપ છે. આત્મા જ્ઞાનાનંદ છે, એમાં ઇચ્છા જ નથી એવું ભાન કર્યા વિના ઇચ્છા અટકે નહિ. શુભ અને અશુભ બન્ને ઇચ્છા છે. આહાર કરવાની ઇચ્છા અને આહાર ન કરવાની ઇચ્છા બન્નેનો નિરોધ તે તપ છે. આત્માને સમજ્યા વિના ઇચ્છાનો અભાવ થાય જ નહિ. પુણ્ય-પાપના પરિણામ રહિત જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિના આશ્રયે શુભાશુભ વિકલ્પને થવા ન દેવા તે ઇચ્છા નિરોધરૂપ તપ છે.

આત્મા વિકારને ઘટાડી શકે છે એમ જે માનતો હોય તે જીવ આત્મા વિકારથી રહિત છે એમ માન્યા વિના વિકારને યથાર્થ ઘટાડી શકે નહિ. આત્મા જ્ઞાનાદિ અનંત ગુણથી ભરેલો છે અને પુણ્ય-પાપ પરિણામથી શૂન્ય છે એમ જાણે તો વિકારથી રહિત થાય. આત્મા ઇચ્છા રહિત થઈ શકે છે, પણ જ્ઞાન રહિત કદી થતો નથી, કેમ કે જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે. તે જ્ઞાન શાસ્ત્રમાંથી આવતું નથી. શાસ્ત્રાભ્યાસ કરીને જૈન તત્ત્વજ્ઞાન ઉપર હજારો માણસો સમક્ષ ભાષણ કરે પણ આત્મા જ્ઞાનાદિ અનંતગુણોથી ભરેલો છે, તે જ્ઞાન પરમાંથી આવતું નથી એવો નિર્ણય કર્યો ન હોય તો તેને માત્ર શાસ્ત્રાભ્યાસથી કાંઈ લાભ નથી.

ઇચ્છાને રોકવી એ તો વ્યવહારનું કથન છે, પણ ખરેખર ઇચ્છા રોકી શકાતી નથી. પણ જ્ઞાનાનંદ સ્વભાવમાં લીન થતાં ઇચ્છાની ઉત્પત્તિ જ થતી નથી તેણે ઇચ્છા રોકી એમ કહેવાય છે. કેમ કે જે ઇચ્છા થઈ નથી તેને શું રોકવી ? અને જે ઇચ્છા થઈ તેને શું રોકવી ? જે ઇચ્છાને ટાળવા માગે છે, તે ઇચ્છા મારા સ્વભાવમાં જ નથી એવો નિર્ણય થયે, ઇચ્છાની ઉત્પત્તિ ન થાય તે તપ છે.

ઉપવાસ, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાયાદિનો વિકલ્પ તે શુભ ઇચ્છા છે. એમાં અશુભ ઇચ્છા મટી તે કાંઈ ધર્મ નથી. શુભાશુભ બન્ને ઇચ્છા મટતાં ઉપયોગ શુદ્ધ થાય છે તે નિર્જરા છે. ભગવાનના વિનયનો ભાવ તે પણ બંધનું કારણ છે; તેવી ઇચ્છા પણ મટે ત્યારે ધર્મ થાય છે. આ નિર્જરા તત્ત્વની વાત ચાલે છે. જેને એક તત્ત્વની ભૂલ છે તેને સાતે તત્ત્વની ભૂલ છે. આ વાતને સમજવાનો પુરુષાર્થ કરે નહિ અને બાહ્ય ક્રિયા કરો તો લાભ થશે એમ માને તેને નિર્જરા થતી નથી. સત્ એવા આત્માનું શરણ લીધા વિના અશરણરૂપી અધર્મનો અભાવ થતો નથી. આત્મા ત્રિકાળી શુદ્ધ ચિદાનંદના આશ્રયે પુણ્ય-પાપના પરિણામ ન થયા એથી શુભાશુભની ઇચ્છા ન રહેતા નિર્જરા થઈ ત્યારે બાહ્ય ક્રિયાને નિમિત્તે નિર્જરા થઈ એમ કહેવાય છે. એટલે કે તપ વડે નિર્જરા થઈ એમ કહેલ છે.



## આસો વદ ૪, સોમવાર, ૨૬-૧૦-૫૩.

આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે, એના ભાન વિના એકલા ઉપવાસાદિ બાહ્ય ક્રિયા કરે તો એનાથી ધર્મ થતો નથી, નિર્જરા થતી નથી. અજ્ઞાની અનાદિથી નિર્જરા તત્ત્વને સમજ્યા વિના બાહ્ય ઉપવાસ, ઉણોદરી, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ આદિ કરીને ધર્મ માને છે તે મિથ્યાત્વ છે -એ વાત ચાલે છે.

અજ્ઞાની કહે છે કે જ્ઞાનીને અશુભ ઇચ્છાનો તો અભાવ છે પણ તેને આહાર છોડવાની શુભ ઇચ્છા તો થાય છે, તો તેને ઇચ્છા હોતી નથી એમ કેમ કહેવાય ? માટે શુભ ઇચ્છાથી પણ રહિત થાય તો નિર્જરા થાય એ વાત રહેતી હતી.

આત્મા વસ્તુ છે. તેમાં પર વસ્તુનો અભાવ છે અને શરીરાદિમાં આત્માનો અભાવ છે. તો પછી આત્મામાં જેનો અભાવ છે એવી પર વસ્તુમાં આત્મા શું કરે ? અને પરથી આત્માને કાંઈ લાભ થાય એમ પણ બનતું નથી. જો પરનો પોતાનામાં અભાવ ન હોય તો બે વસ્તુનું પૃથક્પણું રહેતું નથી. જો બે પદાર્થો પૃથક્ પૃથક્ છે તો બન્નેના કાર્યો પણ ભિન્ન ભિન્ન છે. તે બન્નેના ભિન્ન ભિન્ન કાર્યો એક કાળે થાય છે એમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કોઈ કોઈને મદદ કરે છે એમ બતાવતું નથી, પણ પરિણમન સ્વતંત્ર છે એમ બતાવે છે. આ વાત સમજ્યા વિના સાચું જ્ઞાન થાય નહિ અને તેના વિના ત્રણ કાળમાં પણ સુખ થાય નહિ.

અહીં નિર્જરા તત્ત્વની વાત ચાલે છે. શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે. મૌન રહેવું આદિ શુભ વિકલ્પ થાય છે તેનાથી નિર્જરા થતી નથી એ વાત અમને બેસતી નથી એ અજ્ઞાનીનો પ્રશ્ન છે.

**ઉત્તર** : ખાવું નહિ, જંગલમાં રહેવું, બે-ચાર કલાક સ્થિર બેસી રહેવું, સ્વાધ્યાય કરવી તેને અજ્ઞાની તપ કહે છે. પણ તેને કહે છે કે તે તપશ્ચર્યા નથી. જેને આત્મા ચૈતન્યમૂર્તિ છે એનું ભાન છે અને જે શરીરાદિનો અને પુણ્ય-પાપના પરિણામનો સ્વામી થતો નથી એવા સમ્યગ્દૃષ્ટિ જીવને ઉપવાસ આદિ કરવાની ઇચ્છા હોતી નથી. તેને તો એક શુદ્ધોપયોગની જ ઇચ્છા હોય છે.

ધર્મી પુરુષને શુભાશુભ ભાવો કરવાની ઇચ્છા હોતી નથી. શુભ ભાવ આવી જાય એ જુદી વાત છે પણ શુભ ઇચ્છા કરવા જેવી છે એવી કર્તૃત્વબુદ્ધિથી જ્ઞાની ઇચ્છા કરતો નથી. જ્ઞાનીને એક ચૈતન્ય સ્વભાવની જ ઇચ્છા છે. ચક્રવર્તી હોય અને હજારો રાણીઓના વૃંદમાં પડ્યો હોય અને ઇંદ્ર હોય તે ઇંદ્રાણી આદિના સંયોગમાં હોય પણ ત્યાં તેને પર પદાર્થને હું મેળવું અને પરને હું છોડું એવી ઇચ્છા થતી નથી. જ્ઞાનીને ભક્તિ આદિનો શુભ ભાવ આવી જાય પણ શુભ ભાવની ઇચ્છા નથી. અંતરમાં એકાગ્રતા થતાં શુદ્ધોપયોગ થાય એની ભાવના છે. જ્ઞાનીને ક્રોધ થાય એ વખતે પણ તેને જ્ઞાનનો આદર છૂટતો નથી કેમ કે નબળાઈને લઈને થયેલા ક્રોધનો તે સ્વામી થતો નથી.

આત્માનો કાયમી સ્વભાવ તો જ્ઞાન, આનંદ છે અને પુણ્ય-પાપનો ભાવ તે આત્માનો સ્વભાવ નથી માટે જ્ઞાનીને ઉપવાસ આદિના પુણ્ય ભાવની પણ ઈચ્છા હોતી નથી. આત્મા પરને છોડી કે ગ્રહી શકે નહિ એવું જેણે જાણ્યું છે તેને આહારાદિ છોડવાની કે ગ્રહણ કરવાની ઈચ્છા હોતી નથી.

આત્મા નિર્મળાનંદ છે. એની રુચિમાં જ્ઞાનીને પુણ્ય-પાપની રુચિ નથી એટલે તેને ઉપવાસાદિ શુભની પણ ઈચ્છા હોતી નથી. સાચા સંતોની સેવા કરું, શાસ્ત્ર અધ્યયન કરું, ભક્તિ કરું, ધ્યાન કરું એવી ઈચ્છા જ્ઞાનીને થતી નથી. ફક્ત જ્ઞાનાનંદની ભૂમિકા જોઈ છે અને જાણી છે તેમાં જ જ્ઞાની એકાગ્ર થવા માગે છે. આહારાદિ છોડવાનો વિકલ્પ આવી જાય છે પણ જ્ઞાનીને એની ભાવના હોતી નથી. ચિદાનંદમય આત્મભાવનાવાળો સમ્યગ્દષ્ટિ છે અને પુણ્ય-પાપની ઈચ્છાવાળો મિથ્યાદષ્ટિ છે. જ્ઞાની ઈચ્છાને રાખવાનો કામી નથી કેમ કે ઈચ્છા દોષ છે અને આકુળતા છે. જ્ઞાનીને ભાવના તો એક શુદ્ધોપયોગની છે. આત્મામાં ઠરી શકે નહિ અને શુભ વિકલ્પ ઊઠે એ જુદી વાત છે, પણ તેની ભાવના હોતી નથી. સ્વભાવની રુચિ છૂટીને વિકારની રુચિ થાય તે સુખના પંથે નથી પણ દુઃખના પંથે ચાલી રહ્યો છે, તે મિથ્યાદષ્ટિ છે.

આત્મામાં ક્ષણે ક્ષણે અવસ્થા થાય છે તે ક્રમબદ્ધ છે. તે અવસ્થાનો ધારણ કરનાર આત્મા ધ્રુવ ચિદાનંદ છે એની દષ્ટિ થતાં પર્યાયમાં અશુદ્ધતાનો નાશ થઈને શુદ્ધતા થઈ જાય છે. અશુદ્ધતાનો નાશ કરવો પડતો નથી. આવી જેને ખબર નથી તે પર્યાયને ફેરવવા માગે છે, માટે તે પર્યાયદષ્ટિ છે, તેને શુદ્ધતા થતી નથી. સત્ય તે પરમેશ્વર છે, અહિંસા તે સર્વસ્વ છે, એ તો કથન થયું પણ તેનો ભાવ, વાચ્ય શું છે એની તો ખબર ન હોય તેને ધર્મ થતો નથી. પર જીવને બચાવવો એ અહિંસા જ નથી. એને અહિંસા માનનાર આત્માની હિંસા કરનાર અધર્મી છે. એક દ્રવ્યની અવસ્થા બીજા દ્રવ્યના કારણે થતી નથી. સ્વભાવના જ્ઞાનપૂર્વક રાગાદિની ઉત્પત્તિ જ ન થવી તે અહિંસા છે. પેટ્રોલ ખલાસ થઈ રહ્યું માટે મોટર અટકી પડી -એમ નથી. ડ્રાઈવરને પૂછ્યું હોય કે આ મોટર કેમ અટકી ? તો તે કહે કે પેટ્રોલ ખલાસ થઈ ગયું માટે અટકી પડી. અને કોઈ માત્ર શાસ્ત્રનો ભણનાર પંડિત હોય તેને પૂછો તો તે પણ એમ કહે કે પેટ્રોલ ખલાસ થઈ ગયું માટે મોટર અટકી પડી તો તે બન્નેની એક જ માન્યતા થઈ. ભગવાન તો કહે છે કે દરેક દ્રવ્યની અવસ્થા સ્વતંત્રપણે થાય છે -એની એને ખબર નથી. પેટ્રોલ ખલાસ થવાના કારણે મોટર અટકી નથી પણ મોટર પોતાની લાયકાતના કારણે અટકી છે એ વાત સત્ય છે. અજ્ઞાની એ વાતનો સ્વીકાર કરતો નથી. પરની કોઈ પણ અવસ્થા કરી શકે નહિ છતાં અજ્ઞાની પરની અવસ્થા બદલવાની આકુળતા કરી રહ્યો છે તે જ ભ્રમણા છે.

સર્વજ્ઞ ભગવાન પાસે બેસું તો મને ક્ષાયિક સમ્યગ્દર્શન થાય એવી જ્ઞાનીને ઈચ્છા હોતી નથી. વળી તેને ઉપવાસાદિની ભાવના નથી. અનશનાદિ વિકલ્પો આવી જાય છે. પ્રાયશ્ચિત્તની ઈચ્છા આવી જાય છે પણ એની ભાવના હોતી નથી. સ્વભાવની ભાવના કરતાં, પરનું લક્ષ છૂટતાં પુણ્ય-પાપ



રહિત આત્મામાં શુદ્ધિ વધે છે તે નિર્જરા છે. જ્ઞાનામૃતનો અંશે અનુભવ હોય છે. આહાર ન કરવાની ઈચ્છા પણ અશુદ્ધોપયોગ છે. તેના વડે કદી શુદ્ધોપયોગ થતો નથી. ઉપવાસાદિનો વિકલ્પ જ્ઞાનીને આવી જાય છે પણ તે તેનો કર્તા નથી.

શરીરની શિથિલતા જાણે અને પોતાને શુદ્ધોપયોગમાં શિથિલ થતો જાણે તો હઠપૂર્વક આહાર છોડવાનો વિકલ્પ જ્ઞાની કરે નહિ. સહજ પરિણામ થવા જોઈએ તે થતાં ન જાણે તો જ્ઞાની હઠ કરતો નથી. સહજાનંદ સ્વભાવનું સાવધાનપણું કેમ રહે અને પરનું સાવધાનપણું કેમ છૂટે એની જેને ખબર નથી તેને ઉપવાસાદિમાં હઠ થયા વિના રહે નહિ.

હવે જો ઉપવાસાદિથી કેવળજ્ઞાન અને ધર્મ થતો હોય તો ભગવાન અજીતનાથ આદિ ત્રેવીસ તીર્થંકરોએ બે જ ઉપવાસ કેમ કર્યા ? તેમની શક્તિ તો ઘણી હતી ! તો કહે છે કે જ્ઞાની હઠપૂર્વક તપ કરતાં નથી. ઉપવાસ કરીને શરીરમાં માલિશ કરાવે, મોઢામાં બુચકંદ નામની વનસ્પતિ રાખે અને છીંકણી સૂંઘે તો તેવું તો ઉપવાસમાં હોય જ નહિ. પણ આહારાદિને છોડવાની ઈચ્છા થાય, તે પણ કરવા જેવી નથી -એમ જ્યાં સુધી નિર્ણય ન કરે ત્યાં સુધી સાચો ઉપવાસ, તપ કે નિર્જરા હોતી નથી. તીર્થંકરદેવ તો એ જ ભવમાં મોક્ષ લેવાના છે. એમણે તો બે ઉપવાસ કર્યા હતા. માટે એનો અર્થ એવો થયો કે બાહ્ય ક્રિયાથી મોક્ષ નથી. ખરેખર તો શુદ્ધોપયોગનો અભ્યાસ જ્ઞાની કરે છે, ધર્માત્મા વીતરાગ દશાનો જ અભ્યાસ કરે છે.

## આસો વદ ૫, મંગળવાર, ૨૭-૧૦-૫૩.

અહીં નિર્જરાનો અધિકાર ચાલે છે. આત્મા જ્ઞાયક છે એની રુચિપૂર્વક અંતર્લીનતા થતાં શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધિનો નાશ થાય તેને નિર્જરા અથવા તો ધર્મ કહેવાય છે. બાર પ્રકારના બાહ્ય તપ તે નિર્જરા નથી. પુણ્ય-પાપરૂપ અશુદ્ધ પરિણામથી રહિત આત્માનો શુદ્ધોપયોગ તે જ તપ છે એમ કહ્યું ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે શાસ્ત્રમાં તો ઊણોદરી, સ્વાધ્યાય, વિનયાદિને પણ તપ કહેલ છે તે વાત તો તમોએ ઉડાડી દીધી. એટલે કે તે તપ નથી એમ કહ્યું, તેનો ઉત્તર આપે છે.

**ઉત્તર** : શાસ્ત્રમાં બાર પ્રકારના તપ કહ્યા છે એ તો બાહ્ય તપ છે. ઉપવાસ કરે, ભગવાનની સ્તુતિ કરે, સ્વાધ્યાય કરે તેને લોકો દેખે છે એટલે તેને બાહ્ય તપ કહેલ છે પણ ધર્મ કે અધર્મનો આધાર આત્માના અંતરંગ પરિણામ પર છે. બાહ્ય ક્રિયા અનુસાર તપ નથી. જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન પરને જાણે એવો જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે. જેવું જ્ઞાન નિર્દોષ છે એવું ચારિત્ર અંશે નિર્દોષ પ્રગટ્યું છે તેને જ્ઞાન જાણે અને તે વખતે જેટલો મલિન ભાવ છે તેને પણ તે જાણે એવો તેનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે.

આત્મસ્વરૂપ સમજ્યા વિના વ્રત, તપ, ભક્તિ આદિ કરે તો પણ નિર્જરા થતી નથી. જેવા પરિણામ

કરે તેવું ફળ પામે છે. ઉપવાસ કર્યા હોય અને કોઈ પ્રશંસા ન કરે, સગવડતા ન સાચવે ત્યારે કષાય કરે તો તેને નિર્જરા તો નથી પણ પુણ્ય પણ નથી. અશુભ ભાવ હોવાથી એકલો પાપબંધ જ થાય છે.

આત્મામાં જેવા ભાવ કરે તેવું ફળ મળે છ. કારણ કે ભાવ વિનાની એકલી શરીરની ક્રિયા માત્ર ફળદાતા નથી.

**પ્રશ્ન** : શાસ્ત્રમાં તો એમ કહ્યું છે કે ઈચ્છા વિના ક્ષુધા, તૃષા આદિ સહન કરે, તેને પણ અકામ નિર્જરા થાય છે, એનું શું કારણ ?

**ઉત્તર** : અકામ નિર્જરામાં પણ તું કહે છે એમ નથી. પાપ ઘટે અને પુણ્યનો બંધ થાય તેને અકામ નિર્જરા કહેવાય છે. આહાર-પાણી ન મળે, શરીરમાં રોગ આવે એમાં ઈચ્છા તો એવા સંયોગ મળે એવી ન હતી છતાં પણ ત્યાં કષાયના પરિણામ મંદ કરે તો પુણ્યબંધ થાય છે, ધર્મ તો ત્યાં થતો નથી. નિમિત્ત મળ્યું માટે પુણ્ય થયો એમ નથી પણ તે વખતે તીવ્ર કષાય ન થવા દે તો પુણ્યબંધ થાય છે. સ્ત્રી હોય અને તેનો પતિ મરી ગયો અથવા પરદેશ ગયો હોય તે વખતે તે બ્રહ્મચર્ય પાળે છે, એવી એની ઈચ્છા તો ન હતી પણ તે બ્રહ્મચર્ય પાળે તે વખતે જેવા પરિણામ કરે તેવું ફળ મળે છે. જો કષાયની મંદતા કરે તો પુણ્ય થાય ને તીવ્ર કષાયના પરિણામ કરે તો અકામ નિર્જરા પણ થતી નથી. શરીરથી બ્રહ્મચર્યની ક્રિયા થઈ માટે અકામ નિર્જરા થાય છે -એમ નથી.

શુભ ભાવને વ્યવહારે સુશીલ કહેવાય કે નહિ ? એવો પ્રશ્ન થાય તો કહે છે કે અજ્ઞાનીના શુભ ભાવને વ્યવહારે પણ સુશીલ કહેવાય નહિ. પણ જેને નિશ્ચયદષ્ટિ પ્રગટી હોય તેના શુભ ભાવને વ્યવહારે સુશીલ કહેવાય છે પણ ખરેખર શુભ પરિણામ સુશીલ છે જ નહિ.

શરીર સારું ન હોય એટલે મિષ્ટાન ખાઈ શકે નહિ તેને છોડવાની ઈચ્છા તો નથી પણ એવા સંયોગમાં આવી પડ્યા છે એવે વખતે અંતરમાં આકુળતાના પરિણામ કરે તો તેને પુણ્ય પણ નથી એટલે કે અકામ નિર્જરા પણ નથી. કંદમૂળમાં અનંત જીવો છે તેને ગરમ તેલમાં કકડાવે તે વખતે જીવોને એવી ઈચ્છા તો હોતી નથી છતાં પ્રતિકૂળ સંયોગ તો મળ્યો એ વખતે કોઈ જીવ કષાયની મંદતાના ભાવ પોતાના પુરુષાર્થથી કરે તો મરીને મનુષ્ય થાય છે, પણ બધા મનુષ્ય થતાં નથી. સહન તો બધા કરે છે પણ મંદ કષાય કરે તેને પુણ્યબંધ થાય છે. તીવ્ર કષાય કરે તો ત્યાં નિર્જરારૂપી ધર્મ તો નથી પણ પુણ્ય પણ થતું નથી. જેલમાં પૂરે અને ખાવા ન આપે તો ત્યાં પોતે પરિણામમાં મંદ કષાય કરે તો પુણ્યબંધ થાય છે. સંયોગથી કાંઈ લાભ-નુકસાન નથી.

યાત્રા કરવા જાય, બાહુબલીજીના અભિષેકનો પ્રસંગ હોય, ત્યાં કળશ લખાવવા છતાં ન મળે ત્યારે આકુળતા કરે, ઝગડા અને હજારો ગાઉથી યાત્રા કરવા આવ્યા છીએ એમ કહીને તીવ્ર કષાય કરે, હાથમાં કળશ હોય પણ કષાયની મંદતા કરતો નથી તો તેને ધર્મ તો થતો નથી પણ પુણ્ય પણ



થતું નથી, એકલો પાપબંધ જ થાય છે. બાહ્ય ક્રિયાથી લાભ નથી પણ પરિણામ જેવા કરે તેવું ફળ મળે છે.

જડની ક્રિયામાં મુખ્ય-ગૌણ કરવાનું હોતું નથી કારણ કે જડની ક્રિયા આત્માને આધીન નથી. પોતાના વિકારી પરિણામને ગૌણ કરીને આત્માના ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરે તો ધર્મ થાય એમ છે. માટે આત્માના જેવા પરિણામ કરે એના ઉપર ધર્મ-અધર્મ છે. જડની ક્રિયા સાથે સંબંધ નથી

**આણંદ કહે પરમાણંદને, માણસે માણસે ફેર,**
**એક નાણું આપ્યે ન મળે, એક ટકાના તેર.**

એમ અહીં વાતે વાતે ફેર છે. જ્ઞાની અને અજ્ઞાનીના અભિપ્રાયમાં મોટો ફેર છે. અજ્ઞાની બાહ્ય ક્રિયા અનુસાર ધર્મ માને છે. બાહ્ય તપને નિર્જરા માને છે પણ અહીં તો કહે છે કે જેવા પરિણામ કરે તેવું જ ફળ મળે છે. જ્ઞાની-અજ્ઞાનીમાં ઉગમણો-આથમણો ફેર છે.

જેમ અન્નને પ્રાણ કહેલ છે તેમ બાર પ્રકારના તપને તપસંજ્ઞા કહી છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવની રુચિપૂર્વક કષાયનો અભાવ ન કરે તો નિર્જરા કે ધર્મ થતો નથી. ઉપવાસ, ઉણોદરી આદિના નિમિત્તમાં શુદ્ધ ચિદાનંદની દષ્ટિપૂર્વક અંતર્લીનતા કરે છે તો ઉપવાસાદિ ઉપચારથી તપ કહેવાય છે. બાર પ્રકારના તપ કરે પણ અંતરંગ ભાન થયું ન હોય તો તેને વ્યવહારે પણ તપ કહેવાય નહિ. સ્વભાવના ભાન વિના નિમિત્ત કોને કહેવાય ? જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે એને નિમિત્ત પણ સ્વ-પર પ્રકાશક એવો જ્ઞાની જ હોય છે પણ નિમિત્તના કારણે સ્વ-પર પ્રકાશપણું થાય છે -એમ નથી. કષાય થાય તેને હું જાણું પણ તેને હું કરું નહિ એમ જ્ઞાની માને છે. તેને તપસંજ્ઞા લાગુ પડે છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે :દ્ર

**कषाय विषयाहार स्त्यागो यत्र विधीयते ।**
**उपवासं सविज्ञेयः शेषं लंघनकः विदुः ॥**

મારા આત્મામાં શુભાશુભ ઈચ્છા છે જ નહિ એવા ભાનપૂર્વક જોણે આહારની ઈચ્છાનો અભાવ કર્યો છે તેને ગુરુ ઉપવાસ કહે છે પણ જેને એવું ભાન નથી તે ઉપવાસાદિ કરે તો તેને ગુરુ લાંઘણ કહે છે. આટલા ઉપવાસ કરું તો સામાનો હૃદયપલટો થઈ જશે એમ માનીને ઉપવાસ કરે તેને ધર્મ તો નથી પણ પુણ્ય પણ નથી, પણ એકલો હઠાગ્રહ હોવાથી તેને મિથ્યાત્વનું મહાન પાપ થાય છે. હું ઉપવાસ કરું તો પરના પરિણામ સુધરી જાય એમ તો નથી પણ ઉપવાસ કરવાની ઈચ્છા થાય તેની પણ ભાવના ન હોય. આત્મા જ્ઞાયક છે એની ભાવનાપૂર્વક આહારાદિની ઈચ્છાનો અભાવ કર્યો હોય તો તેને શ્રીગુરુ ઉપવાસ કહે છે. ઘરમાં કલેશ થયો હોય તે મટાડવા માટે પોતે આહાર ન કરે તો તેવા મિથ્યાદષ્ટિને એકલા પાપનો જ બંધ થાય છે. એવા ઉપવાસને કરે, કરાવે અને અનુમોદે

તે બધા મિથ્યાદષ્ટિ છે. આત્માના શુદ્ધ પરિણામ વિના ઉપવાસ કરે તો તે માત્ર લાંઘણ જ છે એમ કહ્યું ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે જ્યારે ઉપવાસને જ તમે લાંઘણ કહો છો તો અમે હવે ઉપવાસ નહીં કરીએ. તેનો ઉત્તર હવે આપશે.

**આસો વદ ૮, શુક્રવાર, ૩૦-૧૦-૫૩.**

આજે સવારે શ્રી સમયસાર હરિગીતની સ્વાધ્યાય હતી.

**આસો વદ ૯, શનિવાર, ૩૧-૧૦-૫૩.**

નિર્જરા તત્ત્વમાં અજ્ઞાની કેવી રીતે ભૂલ કરે છે એનો અધિકાર ચાલે છે. આત્મામાં યથાર્થ શ્રદ્ધાનપૂર્વક લીનતા થવી તે ખરેખર નિર્જરા છે, એના બદલે અજ્ઞાની કહે છે કે ઉપવાસાદિની ક્રિયાને શાસ્ત્રમાં નિર્જરા કહી છે માટે અમે તો એને જ નિર્જરા માનીએ છીએ. કુદેવાદિની શ્રદ્ધા હોય એની તો અહીં વાત નથી પણ સાચા દેવાદિની શ્રદ્ધા કરીને વિનય-ભક્તિ આદિ કરે છે તે પણ રાગ છે. તેથી તે પણ ધર્મ અને નિર્જરા નથી એ વાત અહીં કહે છે.

શાસ્ત્રમાં વિનયને તપ કહેલ છે અને વિનય તે મોક્ષનો દરવાજો છે એમ કહેલ છે તથા ભગવાનની ભક્તિ અને પૂજાને તપ કહેલ છે તેનું શું કારણ ? દેવાદિની ભક્તિ ને વિનય કરવો તેને તપ કહેલ છે પણ ખરેખર તે તપ નથી. અહીં તેને સમજાવવા માટે દૃષ્ટાંત આપે છે.

જુઓ, ધનને ને અન્નને પ્રાણ કહેલ છે, ખરેખર તે પ્રાણ નથી. ધનને અને અન્નને પ્રાણ કહેલ છે એનું કારણ એ છે કે ધનથી અન્ન લાવીને પ્રાણ પોષી શકાય છે એટલે કે જે જીવતો માણસ હોય અને જેને પ્રાણ ટકતા હોય તેને અન્ન નિમિત્ત કહેવાય છે. વાસુદેવ મરી જાય છે ત્યારે બલદેવ છ મહિના સુધી તેને ભોજન આદિ ખવડાવવાની ચેષ્ટા કરે છે તે તો પોતાના અપરાધથી થયેલો રાગ છે એવું બલદેવને ભાન હોય છે. છતાં રાગને કારણે છ મહિના સુધી આ રીતે ચેષ્ટા કરે છે પણ તેને પ્રાણ મળતા નથી, એટલે અન્નને કારણે પ્રાણ ટકતા નથી પણ પ્રાણ ટકે ત્યાં તો અન્નને નિમિત્ત કહેવાય છે, તેથી અન્ન લાવીને પ્રાણને પોષે છે એમ કહેલ છે. ગ્લુકોઝનું ઈંજેકશન આપે તો જેને શક્તિ હોય તેને નિમિત્ત થાય, અંદરમાં જ શક્તિ ન હોય તો ઈંજેકશનને નિમિત્ત પણ કહેવાય નહિ. જે કોઈ પ્રાણને જાણતો નથી અને એકલા ધનનો અને અન્નનો સંગ્રહ કરે તેથી કાંઈ પ્રાણ ટકે નહિ.

એવી રીતે ધન તે બાહ્ય પ્રકારના છ તપ છે અને અન્ન તે અભ્યંતર છ પ્રકારના તપ છે. તે બાર પ્રકારના તપમાં મંદ કષાયરૂપ પરિણામોને આત્મામાં વીતરાગ ભાવ પ્રગટ ન કરે તેને નિમિત્તરૂપે પણ કહેવાય નહિ. આત્મામાં વીતરાગ ભાવ પ્રગટ કરે, વીતરાગ ભાવ જીવતો હોય, મોક્ષમાર્ગ જેને જાગતો હોય તેને બાહ્ય તપ નિમિત્તરૂપે કહેવાય.



આત્માની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગ ભાવ પ્રગટ કરે તો અનશનાદિને નિમિત્ત કહેવાય. બાહ્ય તપના સાધનથી સત્ય તપને પોષી શકાય છે -એમ કહ્યું છે પણ અંતરંગ સત્ય તપ પ્રગટ કરે નહિ તો તે બાહ્ય તપને ઉપચાર પણ લાગુ પડતો નથી. ચૈતન્ય જીવ તો જાગ્યો એટલે કે હું તો જ્ઞાયક ચિદાનંદ છું, મારા સ્વભાવમાં પરને કરવું, લેવું, મૂકવું તો છે જ નહિ. વિકલ્પ મારો સ્વભાવ નથી એવી દૃષ્ટિ ન કરે તો તેના બાહ્ય શુભ ભાવને નિમિત્તરૂપે પણ કહેવાય નહિ.

મિથ્યાદષ્ટિ જીવ વીતરાગી ચૈતન્યપ્રાણથી મરી ગયેલો છે તેથી તેને કોઈ પણ પ્રકારના બાહ્ય તપને નિમિત્તરૂપે કહેવાતા નથી. સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રરૂપ યથાર્થ તપને તો અજ્ઞાની જાણતો નથી અને બાહ્ય ઉપવાસાદિ કરે, ભક્તિ કરે, જિન મંદિરો બનાવે, માનસ્તંભ બનાવે પણ એથી જરા પણ ધર્મ થાય નહિ. અંતરંગમાં તો વીતરાગી ધર્મ પ્રગટ થયો નથી એટલે કે યથાર્થ તપને તો જાણે નહિ અને એકલો ગુરુની સેવામાં રોકાય, ભગવાનની ભક્તિમાં રોકાય તો તે શુભ ભાવથી સંસારમાં પરિભ્રમણ જ થાય પરંતુ આત્મપ્રાપ્તિરૂપ ધર્મ ન થાય. આત્મામાં ઈચ્છા રહિત વીતરાગ ભાવ પ્રગટ થાય તે તપ છે. એની તો ખબર ન હોય ને બહારની ક્રિયા અને શુભરાગરૂપ મંદ કષાયમાં રોકાય તે જીવને નિર્જરા થતી નથી, તેથી તે જીવ ચાર ગતિમાં રખડે છે. ત્રણ પ્રકારના પ્રાણ કહ્યા તેમ ત્રણ પ્રકારના તપ કહ્યા છે. ઈંદ્રિયાદિ પ્રાણ તે સાચા પ્રાણ છે. એમ વીતરાગ ભાવ તે સાચો તપ છે. અને ધન તથા અન્ન બાહ્ય પ્રાણ કહ્યો તેમ છ પ્રકારના બાહ્ય તપ તથા છ પ્રકારના અભ્યંતર તપ કહ્યા છે તે બાહ્ય તપ છે. આ રીતે દૃષ્ટાંત વડે સિદ્ધાંત કહ્યો.

આત્માને સમજ્યા વિના જિનમંદિર બનાવે, અનેક તપાદિ કરે તો પણ સંસારમાં જ ભ્રમણ કરે. ઘણું શું કહીએ ! જ્ઞાનાનંદની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થવી એ જ ધર્મ છે બાકી બીજો કોઈ ધર્મ જ નથી. શાસ્ત્રમાં અનેક પ્રકારના ભેદોને બાહ્ય સાધન કહેલ છે તે ઉપચારથી કથન કહેલ છે.

ક્ષમા કોને કહેવી એની ખબર તો હોય નહિ અને માને કે ક્ષમા મોક્ષનો દરવાજો છે. પણ આત્માની અરુચિ તે ક્રોધ છે અને આત્માની રુચિ કરવી તે ક્ષમા છે એની તો ખબર નથી, તેને સાચી ક્ષમા ક્યાંથી હોય ? વીતરાગ જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ આત્મા છે, એનો આશ્રય કરીને વીતરાગ દૃષ્ટિ થઈ તેને જે શુભ ભાવ હોય તેને ઉપચારથી ધર્મ સંજ્ઞા આપી છે. આ રહસ્યને જાણતો નથી, તેથી અજ્ઞાનીને નિર્જરા તત્ત્વની સાચી શ્રદ્ધા નથી.

નિશ્ચય-વ્યવહારની જેને ખબર નથી તેને નિર્જરા તત્ત્વની સાચી શ્રદ્ધા નથી. સ્વાધ્યાયમાં ધર્મકથાનો ભેદ આવે છે. માટે અજ્ઞાની ધર્મકથાના પુસ્તકને વાંચવાથી તપ થાય છે એમ માને છે, પણ ધર્મકથામાં જે ચિત્ત રોકાય એમાં શુભ ભાવ છે તે તો આસ્રવ અને બંધ છે. અજ્ઞાનીને એની ખબર નથી. ''ણમોકાર ભણે, તો તે સ્વાધ્યાય અને વિનયમાં આવી જાય છે. માટે તેને નૈગમનયથી ધર્મ અને તપ કહેવાય છે'' -એમ અજ્ઞાની કહે છે. અહીં કહે છે કે બારે પ્રકારના તપમાં ધર્મ નથી. વીતરાગ

અને જ્ઞાયકદષ્ટિ થયા વિના વ્યવહારે તે તપ છે એવો ઉપચાર પણ લાગુ પડતો નથી. નય તો સમ્યગ્જ્ઞાનનો એક ભાગ છે. મિથ્યાદષ્ટિને નય હોય જ નહિ. સમ્યગ્જ્ઞાન વિના નય ન હોય અને સમ્યક્દર્શન વિના સમ્યગ્જ્ઞાન ન હોય અને સમ્યક્દર્શન આત્મા ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એના આશ્રય વિના થતું નથી. માટે જેને આત્માની શ્રદ્ધા નથી તેને નિર્જરા થાય નહિ.

સમ્યક્દષ્ટિનો વિષય શું છે અને મિથ્યાદષ્ટિનો વિષય શું છે ? એ મર્મને જાણે નહિ, તો તેને નિર્જરા તત્ત્વની સાચી શ્રદ્ધા નથી. સાત તત્ત્વની યથાર્થ શ્રદ્ધાન વિના સમ્યક્દર્શન થતું નથી.

### મોક્ષ તત્ત્વના શ્રદ્ધાનની અયથાર્થતા

મોક્ષપર્યાયની સાચી શ્રદ્ધા મિથ્યાદષ્ટિને નથી તે વાત કહે છે. તે સિદ્ધ થવું એને મોક્ષ માને છે. જન્મ, જરા, મરણ આદિનું દુઃખ મોક્ષમાં નથી. વળી તે લોકાલોકનું જ્ઞાન થાય તેને સિદ્ધ માને છે પણ તે તો વ્યવહાર છે.

શ્રીમદ્દે કહ્યું છે કે :–

**કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન,**
**કહીએ કેવળ જ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.**

આવું સિદ્ધનું સ્વરૂપ છે પણ પરને જાણે છે, ત્રણ લોકમાં પૂજ્ય છે એમ સિદ્ધની મહિમા અજ્ઞાની કરે છે. મુક્તિશિલા ઉપર ભગવાન બિરાજે છે -એમ ભગવાનના વખાણ કરે છે પણ તે મોક્ષનું સ્વરૂપ નથી. મોક્ષ દ્રવ્ય નથી, મોક્ષ ગુણ નથી પણ મોક્ષ તો એક સમયની પૂર્ણ પવિત્ર દશા છે, પર્યાય છે. એક સમયની પર્યાય બીજે સમય રહેતી નથી. અજ્ઞાની મોક્ષને ગુણ કહે છે. મોક્ષ ગુણ નથી પણ આત્મામાં જે ગુણો શક્તિરૂપે છે તેવી પર્યાય પ્રગટ કરી છે તેથી ગુણો પ્રગટ્યા એમ કહેવાય છે. પણ મોક્ષ ગુણ નથી, પર્યાય છે. આત્મામાં પૂર્ણાનંદનો અનુભવ તે મોક્ષ છે.

અજ્ઞાનીની વાતે વાતે ભૂલ છે માટે જ્ઞાની તેને વાતે વાતે ભૂલ બતાવે છે. લોકાલોકને જાણે છે માટે ભગવાન છે એમ માને છે પણ એ તો વ્યવહાર છે અને દુઃખ દૂર થયા છે માટે ભગવાન છે એમ માને છે તો દુઃખ દૂર કરવાની ઈચ્છા તો સર્વ જીવોને છે. તો ભગવાનમાં અને એનામાં કાંઈ ફેર રહ્યો નહિ. માટે મોક્ષ તત્ત્વના યથાર્થ સ્વરૂપને જાણ્યા વિના અજ્ઞાન ટળે નહિ અને સમ્યગ્દર્શન થાય નહિ.

# અધિકાર આઠમો

## ઉપદેશનું સ્વરૂપ

### પ્ર. વૈશાખ વદ ૪/૫, રવિવાર, ૩-૫-૫૩.

મોક્ષમાર્ગ પ્રકાશકના આ અધિકારમાં શાસ્ત્રના ઉપદેશની પદ્ધતિ કેવી છે તે કહે છે. મિથ્યાદષ્ટિ વગેરે જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને તેમનો ઉપકાર કરવો તે જ ઉત્તમ ઉપકાર છે. યથાર્થ વીતરાગી મોક્ષમાર્ગની આ વાત છે. જ્ઞાનીને તેવો શુભ રાગ આવે છે, ને તીર્થંકરોને વર્તમાનમાં રાગ નથી પણ પૂર્વે તેવો વિકલ્પ હતો કે જીવો વીતરાગી મોક્ષમાર્ગ પામે. ગણધરોને પણ તેવો વિકલ્પ આવે છે. ઉપદેશ તો ઉપદેશના કારણે નીકળે છે, અને સામો જીવ તેની પોતાની લાયકાતથી સમજે છે. ઉપદેશની પદ્ધતિમાં તો વ્યવહારથી કહેવાય કે આ વ્યક્તિએ આના ઉપર ઉપકાર કર્યો; પરને બંધ-મોક્ષ કરવાનો જીવનો અધ્યવસાય પરને માટે તો અકિંચિત્કર છે. જીવના અધ્યવસાયના કારણે પર જીવ બંધાતો કે મુકાતો નથી. સામો જીવ તેના પોતાના વીતરાગ ભાવથી જ મુક્તિ પામે છે ને તેના પોતાના રાગ ભાવથી જ બંધાય છે. કોઈ કોઈનો ઉપકાર કરે તે વ્યવહારનું કથન છે. અહો ! ગુરુએ મહા ઉપકાર કર્યો, ગુરુએ મોક્ષમાર્ગ આપીને અનંત ભવથી ઉગાર્યો, -ગુરુના પ્રતાપે હું ધર્મ પામ્યો -એમ વિનયથી જ્ઞાની પણ કહે છે. સામા જીવને ધર્મ પમાડવાનો તેવો વિકલ્પ હતો, ને આ જીવમાં ધર્મ પામવાની લાયકાત હતી -ત્યાં એમ કહેવાય કે આમણે આ જીવને ધર્મ પમાડ્યો.

વાણી જડ છે. તે તો ભાષાવર્ગણા સ્વયં પલટીને થાય છે. યોગના કંપનને લીધે પણ ભાષા નથી. યોગનું કંપન તો સદા છે, તેથી વાણી પણ સદા નીકળવી જોઈએ, પણ એમ બનતું નથી. નિમિત્ત તરીકે ઉપકાર કરવામાં પણ વીતરાગી મોક્ષમાર્ગની વાત લીધી છે. વીતરાગી મોક્ષમાર્ગનો ઉપદેશ આપવો તે જ પરમ ઉપકાર છે. જ્ઞાનીને ક્રમબદ્ધપર્યાયની તો ખબર છે એટલે ઉપદેશ ઉપર કે પર જીવ સમજે તેના ઉપર તેનું જોર નથી. ધર્મી જાણે છે કે પર જીવ સત્ છે. તે સામાન્ય-વિશેષરૂપ છે, તેનું સામાન્યસત્ ને વિશેષસત્ બન્ને સ્વયંસિદ્ધ તેના પોતાથી છે. માટે હું તેને સમજાવી દઉં - એવો જ્ઞાનીને અભિપ્રાય નથી. પણ પોતે જેવો ધર્મ પામ્યા તેવો અપૂર્વ ધર્મ જગતના પાત્ર જીવો પણ પામે -એવો પ્રભાવનાનો ભાવ ધર્મીને આવ્યા વિના રહેતો નથી. પણ અંતરમાં ભાન છે કે દરેક પદાર્થ સત્ છે, તેના ઉત્પાદ, વ્યય ને ધ્રુવ ત્રણે અંશ પોતાથી જ સત્ છે. પર જીવમાં સમજણનો ઉત્પાદ, ને અણસમજણનો વ્યય તથા તેની દ્રવ્યપણે ધ્રુવતા તથા ઉપદેશમાં પરમાણુના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય તે પણ સ્વતંત્ર છે. **સિદ્ધોવર્ણ સમામ્નાયઃ** એટલે વર્ણમાલા અનાદિથી સ્વયંસિદ્ધ છે, તે શબ્દોને બીજો કોઈ બનાવતો નથી.

આવું નવ તત્ત્વનું યથાર્થ જ્ઞાન હોવું જોઈએ. શાસ્ત્રમાં અનેક કથન આવે પણ તેની કથનપદ્ધતિનો આશય શું છે તે સમજવો જોઈએ. શાસ્ત્રનો આશય જીવોને મોક્ષમાર્ગ બતાવવાનો જ છે. શ્રી તીર્થંકર ભગવાનને પૂર્વે એવો જ ભાવ હતો ને શ્રી ગણધરદેવ વગેરે પણ એવો જ આશય વિચારી શાસ્ત્રમાં મોક્ષમાર્ગનો ઉપદેશ કરે છે. અને આ શાસ્ત્રમાં પણ તેમના જ ઉપદેશ અનુસાર કથન કર્યું છે.

ત્યાં પ્રથમ ઉપદેશનું સ્વરૂપ જાણવું જોઈએ. ઉપદેશને જાણવા માટે અહીં તેનું વર્ણન કરે છે કેમ કે શાસ્ત્રમાં અનેક પ્રકારની કથનપદ્ધતિ છે -તેને બરાબર જાણ્યા વગર અન્યથા વિપરીત માનીને પ્રવર્તે તો ઉપદેશનું પ્રયોજન સમજાય નહિ ને હિત થાય નહિ. અહો ! તીર્થંકર ભગવાને અનંત જીવોને તાર્યા એમ કહેવાય, પણ કાંઈ એક તીર્થંકરના કાળમાં અનંત જીવો મોક્ષ ન પામી જાય ! -માટે તે તો ભક્તિનું કથન છે. ભગવાનના નિમિત્તે ઘણા જીવો તર્યા -એમ બતાવ્યું છે.

જૈનમતમાં ઉપદેશ ચાર અનુયોગનો આપ્યો છે. તીર્થંકરો, ગણધરો, ચક્રવર્તી-વાસુદેવ-બળદેવ-નારદ વગેરે મહાપુરુષોના ચરિત્રનું કથન કરીને તેમાં પણ જીવોને મોક્ષમાર્ગ બતાવવાનો જ આશય છે. ચારે અનુયોગના બધા શાસ્ત્રોનો અભિપ્રાય તો જીવને મોક્ષમાર્ગ બતાવવાનો છે. ચરણાનુયોગમાં ગૃહસ્થોના તથા મુનિઓના ધર્માચરણનું કથન છે, કરણાનુયોગમાં ગુણસ્થાન-માર્ગણાદિરૂપ જીવનું, કર્મોનું વા ત્રિલોકાદિનું નિરૂપણ છે. ગુણસ્થાન અને માર્ગણાસ્થાનને પંડિત ટોડરમલજીએ વારંવાર જીવના ભાવો કહ્યા છે; એટલે કે તે ભાવમાર્ગણા છે એમ તેઓ કહેવા માગે છે. દ્રવ્યાનુયોગમાં જીવાદિ છ દ્રવ્યોનું, સાત તત્ત્વનું તથા સ્વ-પર ભેદજ્ઞાન વગેરેનું વર્ણન છે. દ્રવ્ય-ગુણ-પર્યાય, નિર્વિકલ્પદશા વગેરેનું વર્ણન દ્રવ્યાનુયોગમાં હોય છે. ચોથા ગુણસ્થાને પણ નિર્વિકલ્પ અનુભવદશા હોય છે. દ્રવ્યાનુયોગમાં મોક્ષમાર્ગનો પ્રધાનપણે ઉપદેશ છે. ચારે અનુયોગમાં દ્રવ્યાનુયોગના અભ્યાસની મુખ્યતા આગળ બતાવશે.

હવે ચારે અનુયોગમાં શું શું પ્રયોજન છે તે બતાવે છે. સામાન્યપણે તો ચારે અનુયોગનું પ્રયોજન મોક્ષમાર્ગનો જ ઉપદેશ કરવાનું છે, પણ તેની કથનની પદ્ધતિ ઓળખાવે છે.

## પ્રથમાનુયોગનું પ્રયોજન

પ્રથમાનુયોગ એટલે આદિપુરાણ વગેરેમાં તો સંતોએ પુણ્ય-પાપનું અનેક પ્રકારે વર્ણન કર્યું છે. સંસારની વિચિત્રતા, પુણ્ય-પાપના ફળ તથા મહાપુરુષોની પ્રવૃત્તિ ઈત્યાદિ નિરૂપણથી જીવોને ધર્મમાં લગાવ્યા છે. આરાધક જીવોના વિશિષ્ટ પુણ્ય કેવા હોય -એ વગેરેનું તેમાં વર્ણન છે. તીર્થંકરો, ગણધરો, ચક્રવર્તી વગેરે મહાપુરુષોના ચારિત્રો તેમાં બતાવ્યા છે. સમ્યગ્દર્શન સહિત જીવને જ એવા પુણ્ય બંધાય છે -તે બતાવીને જીવોને ધર્મમાં લગાડ્યા છે. વ્યવહારધર્મ તે પુણ્ય છે. મહાપુરુષોનું જીવનચરિત્ર કેવું હોય, મહાપુરુષોને પણ કેવા સંકટો આવ્યા ને તે વખતે કેવી ધીરજ રાખી -એ બધું સાંભળતા જીવને શુભ ભાવ થાય છે ને કોઈ પાત્ર જીવ ધર્મસન્મુખ પણ થઈ જાય છે. મંદબુદ્ધિવાળા જીવો સૂક્ષ્મ તત્ત્વની વાત તો સમજતાં નથી તેથી મહાપુરુષોના જીવન વગેરે દ્વારા તેને ઉપદેશ આપ્યો છે.



આ જીવને જાતિસ્મરણ થયું -એમ જીવોના પૂર્વ ભવોનું તથા પુણ્ય-પાપ વગેરેનું ફળ બતાવીને જીવની નિત્યતા વગેરેની ઓળખાણ કરાવી છે. મંદબુદ્ધિ જીવોને તીર્થંકર-ગણધર-રાજા વગેરેની વાર્તા દ્વારા ઉપદેશ આપતાં તેમાં તેનો ઉપયોગ લાગે છે. સૂક્ષ્મ તત્ત્વોમાં તેનો ઉપયોગ લાગતો નથી. મુખ્યપણે એવા જીવોને માટે પ્રથમાનુયોગમાં ઉપદેશ છે. વળી જિનમંદિર બંધાવવામાં, ભગવાનની પૂજા-ભક્તિ કરવી, તીર્થયાત્રા કરવી ઈત્યાદિ ઉપદેશ પ્રથમાનુયોગમાં આપીને જીવોને પાપથી છોડાવી પુણ્યમાં લગાડ્યા છે. તથા જીવના પુણ્ય-પાપનું ફળ બતાવ્યું છે કે આ જીવે આવા પુણ્ય કર્યા તેથી સ્વર્ગમાં ગયો અને આવા પાપ કર્યા તેથી નરકમાં ગયો. પૂર્વ ભવમાં આવા પુણ્ય કર્યા તેથી આવું ફળ પામ્યો ને આવા પાપ કર્યા તેથી આવું ફળ પામ્યો -એમ બતાવીને જીવોને પાપથી છોડાવ્યા છે.

'પ્રથમ' એટલે કે અવ્યુત્પન્નમિથ્યાદષ્ટિ જે ધર્મ પામ્યો નથી એવા મિથ્યાદષ્ટિ જીવને માટે જે અનુયોગ (કથન) છે તે પ્રથમાનુયોગ છે. પ્રથમાનુયોગમાં મુખ્યપણે મિથ્યાદષ્ટિ જીવોને સમજાવવા માટે સ્થૂળ કથન હોય છે.

જુઓ, મોક્ષમાર્ગનો મુખ્ય ઉપદેશ તો દ્રવ્યાનુયોગમાં જ છે. માટે મુખ્ય તો તેનો જ અભ્યાસ રાખવો. ચાર અનુયોગમાં પહેલા આનો અભ્યાસ કરવો ને પછી આનો અભ્યાસ કરવો -એવો કોઈ નિયમ નથી. પણ પોતાના પરિણામ જોઈ જેના અભ્યાસથી પોતાને લાભ થાય તેવો જ અભ્યાસ કરવો.

વળી સમ્યગ્દષ્ટિ જીવોને પ્રથમાનુયોગનો અભ્યાસ ઉદાહરણરૂપ ભાસે છે. ધર્મી જીવને શુભ-અશુભ તથા શુદ્ધ ઉપયોગના ફળનું જ્ઞાન છે, ને તેના ઉદાહરણરૂપ શાસ્ત્રમાં જીવોનું વર્ણન છે તેને તે ઉદાહરણરૂપ જાણે છે. અને મોક્ષમાર્ગી જીવોના પુરુષાર્થની વાત સાંભળતા પોતે પણ મોક્ષમાર્ગમાં વિશેષ ઉત્સાહવાન થાય છે. પ્રથમાનુયોગમાં પણ ગૌણપણે તો દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ અને ચરણાનુયોગ બધા સમાઈ જાય છે. તે પ્રમાણે દરેક અનુયોગમાં બીજા અનુયોગ પણ ગૌણપણે આવી જાય છે. પોતાને જે નિર્ણય હતો તેનું પુરાણમાં ઉદાહરણ મળતા પોતાને સાક્ષી મળી, અને મહાપુરુષોના જીવનપ્રસંગો જાણતાં પોતાને પણ તેવો ઉત્સાહ જાગે છે. મહાપુરુષોના પરાક્રમની વાત સાંભળતા યોદ્ધાને જેમ શૂરાતન ચડે છે તેમ મોક્ષમાર્ગી તીર્થંકરો, મુનિવરો વગેરેના પુરુષાર્થની વાત સાંભળતા ધર્મી જીવને પોતાને પણ મોક્ષમાર્ગનું શૂરાતન ચડે છે - ધર્મનો ઉત્સાહ વધે છે.

卐卐卐○卐卐卐

**नहीं दे तू उपदेशको, प्रथम लेही उपदेश**
**सबसें न्यारा अगम है, वो ज्ञानीका देश**

અહીં તો ઉપદેશની પદ્ધતિ કેવી હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. પણ ઉપદેશ આપવામાં જ લાગી જાય ને પોતાના આત્મહિતની દરકાર ન કરે -તો તેને કાંઈ લાભ ન થાય. પહેલાં તો યથાર્થ ઉપદેશ

સમજીને પોતાના આત્માનું હિત કરવાની વાત છે. પછી ઉપદેશનો યોગ હોય ને સામો જીવ સમજે -તે જુદી વાત છે. પણ ઉપદેશનું સ્વરૂપ સાંભળતા કોઈ જીવ એમ શીખે કે 'મારે આવી સભામાં આવો ઉપદેશ કરવો ને અમુક સભામાં આવો ઉપદેશ કરવો' દ્રતો તેને ઉપદેશનું અભિમાન છે, પણ આત્મહિતની દરકાર નથી. ઉપદેશનો વિકલ્પ અને ભાષા તો તેના કાળે બની જાય છે, જ્ઞાનીને તેના ઉપર જોર નથી. ઉપદેશનું સ્વરૂપ સમજી પોતે પોતાનું પ્રયોજન સાધવા માટેની આ વાત છે.

દ્રપ્રવચન બાદ ચર્ચામાંથીદ્ર

દ્રદ્રદ્ર૦દ્રદ્રદ્ર

**પ્ર. વૈશાખ વદ ૬, સોમવાર, ૪-૫-૫૩.**

જૈન શાસ્ત્રોમાં ચાર અનુયોગ છે, તેમાં ઉપદેશની પદ્ધતિ કેવી છે તેનું વર્ણન ચાલે છે. તેમાં કરણાનુયોગનું પ્રયોજન શું છે તે કહે છે.

## કરણાનુયોગનું પ્રયોજન

કરણાનુયોગમાં સૂક્ષ્મ ગણતરી વગેરેનું વર્ણન હોય છે. જીવ અને કર્મની સૂક્ષ્મ અવસ્થાઓનું તેમાં કથન છે. કરણાનુયોગમાં જીવોની વા કર્મોની વિશેષતા તથા ત્રિલોકાદિની રચના નિરૂપણ કરી જીવોને ધર્મમાં લગાવ્યા છે. જે જીવ ધર્મમાં ઉપયોગ લગાવવા ઈચ્છે છે તે જીવોના ગુણસ્થાન-માર્ગણાદિ ભેદ તથા કર્મોના કારણ અવસ્થા-ફળ કોને કેવી કેવી રીતે હોય છે ઈત્યાદિ ભેદ તથા ત્રણ લોકમાં નરક, સ્વર્ગાદિના ઠેકાણાં ઓળખી પાપથી વિમુખ થઈ ધર્મમાં લાગે છે. વળી જો એવા વિચારોમાં ઉપયોગ રમી જાય તો પાપપ્રવૃત્તિ છૂટી સ્વયં તત્કાળ ધર્મ ઊપજે છે, તથા તેના અભ્યાસથી તત્ત્વજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે. અનેક ઠેકાણે માર્ગણાસ્થાનોને જીવના જ વિશેષો કહ્યા છે તે ઉપરથી ભાવમાર્ગણા જ છે -એમ નક્કી થાય છે. ક્યાં ક્યાં જીવો છે, કઈ ગતિમાં કયા કયા જીવો છે - તે પ્રકારે જીવને શોધવા તેનું નામ માર્ગણા છે. અને ખરેખર તો અંતરમાં આત્માના સ્વભાવને શોધવો -તેનું જ્ઞાન કરવું તે મોક્ષમાર્ગ છે.

જ્ઞાનનો ચોર થાય, જ્ઞાનનો દ્વેષ કરે - તેના કારણે તીવ્ર જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે. એ પ્રમાણે કયા કારણે કયું કર્મ બંધાય છે તેનું વર્ણન કરણાનુયોગમાં છે.

જુઓ, કરણાનુયોગ વગેરેના અભ્યાસમાં શુભ રાગ સહેજે થઈ જાય છે, પણ મુખ્ય પ્રયોજન તો સમ્યક્ શ્રદ્ધાનું છે, શુભ રાગ તે મુખ્ય પ્રયોજન નથી. કરણાનુયોગ વિચારે તો સર્વજ્ઞની પ્રતીતિ થઈ જાય; કેમ કે સર્વજ્ઞ સિવાય બીજા તેવું સૂક્ષ્મ કથન કરી શકે નહિ. તત્ત્વજ્ઞાનથી જે જીવાદિ તત્ત્વો જાણ્યા હોય - તેના જ વિશેષ પ્રકારોનું વર્ણન કરણાનુયોગમાં છે. કરણાનુયોગમાં કોઈ કથન તો જીવાદિના સૂક્ષ્મ પરિણામોનું છે, અને કોઈ કથન ઉપચારનું પણ છે. જેમ કે જ્ઞાનાવરણીય કર્મે જ્ઞાનને રોક્યું.



વળી ભગવાને સર્વજ્ઞતાથી જેટલું જોયું તેટલું વાણીમાં પૂરું નથી આવતું, તે તો બરાબર છે. વળી કોઈ કથન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના પ્રમાણનું (માપનું) છે. વળી નિમિત્તના આશ્રયે કથન કરીને કોઈ વાર એમ કહે કે અમુક આહારથી અમુક પ્રકારનો દોષ થાય, -એ પ્રમાણે અનેક પ્રકારના કથન છે.

જ્ઞાન રોકાય, ત્યાં અંતરમાં જ્ઞાનાવરણ કર્મ નિમિત્ત છે ને બહારમાં પડદો-ભીંત વગેરે નોકર્મ નિમિત્ત છે, પણ ત્યાં જ્ઞાન રોકાવાની પોતાની પર્યાયની લાયકાત છે તેનું જ્ઞાન કરાવ્યું છે. કરણાનુયોગના સૂક્ષ્મ અભ્યાસથી ધર્મી જીવને જ્ઞાનની નિર્મળતા વધતી જાય છે. જેમ હીરાના ઘણા પ્રકારને જાણતો હોય તે હીરાની વિશેષ પરીક્ષા કરી શકે છે. તેમ જીવ-અજીવ વગેરે તત્ત્વોને ઘણા પ્રકારોથી જે જાણે તે તત્ત્વોની વિશેષ પરીક્ષા કરી શકે છે ને તેને તત્ત્વજ્ઞાનની વિશેષ નિર્મળતા થાય છે.

**પ્રશ્ન** : બહારમાં તો ચમત્કાર બતાવે છે, તો અહીં કાંઈ ચમત્કાર છે ?

**ઉત્તર** : હા, આ આત્મા પોતે એવો ચૈતન્યચમત્કાર છે કે તેની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટી જાય. જુઓ, આ ચૈતન્યનો ચમત્કાર ! સર્વજ્ઞ સિવાય બીજા કોઈ ઠેકાણે આવો ચમત્કાર હોય તો બતાવો ! વળી એકેક આત્મા અસંખ્યપ્રદેશી -એ વાત પણ બીજે ક્યાંય હોય તો બતાવો?

એકેક આત્મા સ્વતંત્ર, એકેક આત્મામાં અનંત ગુણો, એકેક ગુણની અનંત પર્યાયો, ને એક સમયની જ્ઞાનપર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની તાકાત, -આવો ચૈતન્યનો ચમત્કાર છે. એકેક શક્તિમાં પોતાના છ કારક સ્વતંત્ર છે. કર્તૃત્વ, સ્વચ્છત્વ, પ્રભુત્વ, વિભુત્વ વગેરે અનંત શક્તિ આત્મામાં છે. જગતમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ચૈતન્યનો જ ચમત્કાર છે. અત્યારે મહાવિદેહમાં સીમંધર ભગવાન બિરાજે છે. તેઓ આવો ચૈતન્યચમત્કાર બતાવી રહ્યા છે.

ભગવાને કેવળજ્ઞાનથી જે પદાર્થો જોયા તેનું કથન કરણાનુયોગમાં છે. આ કરણાનુયોગના અભ્યાસથી સૂક્ષ્મ તત્ત્વોનું જ્ઞાન થાય છે, ને જ્ઞાનની નિર્મળતા વધીને રાગ ઘટે છે. જ્ઞાની પણ અંતરમાં વધારે વખત નિર્વિકલ્પ રહી શકતા નથી. તેથી તેઓ પોતાનો ઉપયોગ કરણાનુયોગ વગેરેના અભ્યાસમાં લગાવે છે. કેવળીએ જે પ્રત્યક્ષ જોયું તેને સમકિતી પરોક્ષ જ્ઞાનની પ્રતીતમાં લ્યે છે. ધર્મી જીવ સ્યાદ્વાદથી બધું પરોક્ષ જાણે છે.

કેવળીના જ્ઞાનમાં અને સમ્યગ્જ્ઞાની છદ્મસ્થના જ્ઞાનમાં પ્રત્યક્ષ પરોક્ષનો જ ભેદ છે, પણ કાંઈ વિપરીતતા નથી. ગણિતકાર્યના કારણરૂપ જે સૂત્ર છે તેમાં જે અધિકાર હોય તેને કરણાનુયોગ કહે છે. ષટ્ખંડાગમ વગેરેમાં તેનું ખૂબ વર્ણન છે.

## ચરણાનુયોગનું પ્રયોજન

પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકના અને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા નિર્ગ્રંથ મુનિઓના આચરણનું વિધાન જે અનુયોગમાં હોય તેને ચરણાનુયોગ કહે છે. ચરણાનુયોગમાં નાના પ્રકારના ધર્મસાધન નિરૂપણ

કરી જીવોને ધર્મમાં અર્થાત્ શુભ રાગમાં લગાવવામાં આવે છે.

પહેલા દ્રવ્યાનુયોગ પ્રમાણે તત્ત્વજ્ઞાન થાય, અને પછી રાગાદિ ઘટતાં ચરણાનુયોગ અનુસાર વ્રતાદિ આચરણ હોય છે. જે જીવ હિત-અહિતને જાણતો નથી અને હિંસાદિ પાપકાર્યોમાં તત્પર થઈ રહ્યો છે તેને જેમ પાપકાર્યોને છોડી ધર્મ-શુભ રાગના કાર્યમાં જોડાય તેમ અહીં ઉપદેશ છે; તેને જાણી જિનધર્માચરણ કરવાને સન્મુખ થતાં તે જીવ ગૃહસ્થ-મુનિધર્મનું વિધાન સાંભળી પોતાનાથી જેવું આચરણ બને તેમાં જોડાય છે. સામાન્ય જનતા પાપથી છૂટી પુણ્યમાં લાગે -એવા પ્રયોજનથી પણ તેને અહીં ઉપદેશ આપવામાં આવે છે. પરંતુ યથાર્થ દૃષ્ટિ વિના વ્રતાદિ પાળે તેથી કાંઈ જન્મ-મરણાદિ તેને છૂટે દ્નએમ બને નહિ. દ્રવ્યલિંગધારી મહા કડક આચરણ -ઊંચી શુભ લેશ્યા વડે નવમી ગ્રૈવેયકે જીવ ગયો તે પણ ધર્મનું કારણ ન થયું. માટે ચરણાનુયોગનું પ્રયોજન અને કથન યથાર્થરૂપે સમજવું જોઈએ.

ચરણાનુયોગમાં જે દેવપૂજા આદિ ષટ્કર્મ આવે છે તે સમકિતીની વાત છે. તત્ત્વદૃષ્ટિ થયા પછીના શુભ આચરણનું એ કથન છે. જેને યથાર્થ શ્રુતજ્ઞાન પ્રગટ્યું છે-નયજ્ઞાન થયું છે તેને નયના વિષયભૂત નામ-સ્થાપનાદિ નિક્ષેપોનું યથાર્થ જ્ઞાન હોય છે. જેને નયજ્ઞાન પ્રગટ્યું છે તેને અરિહંતદેવના સ્થાપનાનિક્ષેપ અને પૂજાનું યથાર્થ જ્ઞાન હોય છે. અજ્ઞાની ભલે તે ષટ્કર્માદિ કરે પણ તત્ત્વદૃષ્ટિ રહિત હોવાથી તેને એનાથી પુણ્યબંધ થાય પણ ધર્મ ન થાય.

દ્રવ્યલિંગી મુનિવ્રત પાળે, અગિયાર અંગનું જ્ઞાન કરે પરંતુ અંતરંગમાં તેને સૂક્ષ્મ વ્યવહારનો પક્ષ-શુભ રાગથી કાંઈક પણ મોક્ષમાર્ગમાં લાભ છે એવો પક્ષ-તેને રહી જાય છે, તેથી તેનું મિથ્યાત્વ જતું નથી. અંતરંગ માટે તેને બાહ્ય શુભરાગરૂપ સાધન કાંઈક પણ મદદરૂપ છે-એમ રહી જાય છે. પરંતુ વાસ્તવમાં અખંડ ધ્રુવ દ્રવ્ય જ એક દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું સાધન છે તે તેને અંતરંગમાં બેસતું નથી.

કાંઈ માંસ છોડે તો વ્યવહારથી તેને કહેવાય કે તેં ઠીક કર્યું પણ તેનાથી ધર્મ થઈ જશે એમ પૂછે તો કહે કે ના ભાઈ, એ તો પુણ્યબંધ છે, ધર્મ તો અંતરંગ તત્ત્વની ઓળખાણથી થાય. કોઈ અજ્ઞાની જીવ અન્ય કુદેવ-દેવી-ભવાની-કાલિકા આદિને માનતો હોય તેને ઉપદેશ આપે કે ભાઈ ! ત્યાં તો બકરાં-ભેંસ આદિની હિંસા થાય છે, તેમને માનવાથી તારું મહા અહિત થશે, માટે તેમની માન્યતા છોડ અને વીતરાગ નિર્દોષ જિનદેવને માન, તેથી તને પુણ્ય થશે. હા, ત્યાં ધર્મ માની બેસે તો કહે કે ભાઈ ! ધર્મ તો ચિદાનંદ આત્માના જ્ઞાન-શ્રદ્ધાન આદિથી જ થાય. એ રીતે ચરણાનુયોગનો આશય સમજવો જોઈએ.

### પ્ર. વૈશાખ વદ ૭, મંગળવાર, ૫-૫-૫૩.

ચરણાનુયોગના ઉપદેશનું પ્રયોજન બતાવે છે. મુનિપણાનું ને ગૃહસ્થદશાનું વર્ણન જેમાં હોય તેને



ચરણાનુયોગ કહે છે. અહીં શુભ ભાવની વાત ચાલે છે. જ્ઞાયક ચિદાનંદનું ભાન કરવું તે ધર્મ છે. ચરણાનુયોગમાં અનેક પ્રકારના સાધન નિરૂપણ કરી વ્યવહારધર્મમાં લગાડે છે. આત્માનું જ્ઞાન થયું છે તેવા જ્ઞાનીની વાણીમાં કેવા પ્રકારનો ઉપદેશ આવે છે તેની વાત ચાલે છે. મિથ્યાદૃષ્ટિને આત્માનું ભાન નથી તથા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ ભાન નથી તેથી તેને ઉપદેશ આપવાનો અધિકાર નથી. અહીં કહે છે કે જે હિત-અહિતને જાણતો નથી ને હિંસા, જૂઠ આદિમાં તત્પર છે તેને જ્ઞાની આવો ઉપદેશ આપે છે કે જેટલો શુભ ભાવમાં જોડાય તેટલું પુણ્ય છે પણ તે ધર્મ નથી.

સમ્યગ્જ્ઞાની કેવો ઉપદેશ કરે છે તે સમજાવે છે. ચરણાનુયોગમાં દયા-દાનાદિ કરવાનું કહે, ગૃહસ્થોએ પૂજા કરવી, દાન કરવું વગેરે વાત કરે. અજ્ઞાની જીવ પોતાથી જેવો વ્યવહારધર્મ થાય તેવા સાધન કરે તો પુણ્ય થાય, પણ તે ધર્મ નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જેને મળ્યા છે તેની વાત ચાલે છે.

ચરણાનુયોગ મુજબ આચરણ કરે તો તેના ફળમાં ભવિષ્યમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળી જાય. ત્યાં તેને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થવાની હોય તો થાય. નિમિત્તથી તત્ત્વજ્ઞાન થતું નથી. અનંતવાર નિમિત્ત મળ્યા પણ સમ્યગ્દર્શન થયું નહિ. વર્તમાન સંયોગથી તો નહિ પણ વર્તમાન જ્ઞાનનો ઉઘાડ પણ સમ્યગ્દર્શનનું કારણ નથી. અગિયાર અંગ ને નવ પૂર્વના ઉઘાડના આશ્રયથી પણ સમ્યગ્દર્શન થતું નથી, તો પછી પર ને રાગથી સમ્યગ્દર્શન થાય તેમ તો કદી બને નહિ.

અહીં કહે છે કે જે શુભ ભાવ કરે છે તેને તેના ફળમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત મળી રહે પણ ત્યાં પોતે પોતાના પુરુષાર્થથી સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તો તેને નિમિત્ત કહેવાય.

હિંસા, જૂઠું, ચોરી, આદિના ભાવ છોડી અહિંસાદિ પરિણામ કરે છે તે પુણ્ય ભાવ છે. હિત-અહિતનો વિચાર કરતો નથી તેવા સ્થૂળ દૃષ્ટિવાળા જીવને પુણ્ય પરિણામ કરવાનો પણ ઉપદેશ આપે છે. ઉપદેશ તો ઉપદેશના કારણે નીકળે છે. જ્ઞાની ભાષાના કર્તા નથી. ભાષા ભાષાના કારણે નીકળે છે તો ઇચ્છાને નિમિત્ત કહેવાય છે.

અજ્ઞાનીની વાત થઈ ગઈ. હવે જ્ઞાનીની વાત કરે છે. તત્ત્વજ્ઞાની થઈ ચરણાનુયોગને અભ્યાસે છે, તેને બધા આચરણ પોતાના વીતરાગ ભાવ અનુસાર ભાસે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ આત્મજ્ઞાનપૂર્વક આચરણ પાળે છે. શ્રાવકને બાર વ્રતનો તથા મુનિને ૨૮ મૂળગુણ પાલનનો વિકલ્પ આવે છે. મુનિને વસ્ત્ર-પાત્ર રાખવાનો ભાવ હોતો નથી. મુનિને માત્ર સંજ્વલન કષાય હોય છે, ઉપદેશ આપવાનો, આહારનો કે વિહારનો રાગ તેમને આવે છે.

પંચમ ગુણસ્થાનમાં એકદેશ વીતરાગતા છે ને મુનિદશામાં સર્વદેશ વીતરાગતા છે. મુનિનું ચિહ્ન વીતરાગતા છે. બાહ્યમાં નગ્નદશા હોય છે. મુનિ સમજે છે કે અંતરમાં વીતરાગતા તે નૈમિત્તિકદશા છે અને ૨૮ મૂળગુણ પાલન ને શરીર તેમાં નિમિત્ત છે. શ્રાવક સમજે છે કે અંતર બે કષાય ટળી વીતરાગતા

થઈ છે તેમાં દાન, પૂજન આદિનો વિકલ્પ નિમિત્ત છે-એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સમજે છે.

મુનિઓ શૂરવીર હોય છે. સાચા મુનિનું સ્વરૂપ પણ લોકોએ સાંભળ્યું નથી. સર્વજ્ઞ ભગવાનના દિવ્યધ્વનિમાં આવો માર્ગ આવ્યો છે, તે સનાતનમાર્ગ છે. મુનિ સમજે છે કે ચરણાનુયોગમાં જે વિધિ કહી છે તે બરાબર છે. શ્રાવક સમજે છે કે દાન, પૂજા આદિ જે વિધાન કહેલ છે તે નિમિત્ત છે ને અંતર વીતરાગદશા નૈમિત્તિક છે. શ્રાવકને ભૂમિકા અનુસાર રાગ આવે છે. કથનશૈલીમાં એમ આવે કે શ્રાવકોએ પ્રતિમાની પૂજા કરવી, ગુરુ આદિને દાન દેવું -એમ વિધિ બતાવે છે. ધર્મી જીવ પ્રત્યે શુભ રાગ આવે છે. ધર્મીને લીધે રાગ આવતો નથી પણ પોતાના કારણે શુભ રાગ આવે છે ઙ્રએમ ધર્મી સમજે છે.

શ્રાવક ને મુનિધર્મોના ભેદ ઓળખી પોતામાં વીતરાગ ભાવ થયો હોય એમ સાધે છે પણ હઠ કરતો નથી. પરનો અકર્તા છે એવા ભાનપૂર્વક પોતાની યોગ્યતા અનુસાર પ્રતિજ્ઞા લ્યે છે. પોતાની હદ કરતાં વિશેષ ત્યાગ ન કરે. પોતાની પદવીને લાયક ભાવ કરે.

શ્રી નિયમસારના પરમ ભક્તિ અધિકાર (પૃ. ૨૯૯)ની નોટમાં કહેલ છે કે ‘‘આ બધા પદો સમ્યક્ત્વપૂર્વક હઠ વિનાની સહજ દશાના છે, એ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.’’ સમ્યગ્જ્ઞાન દશા થયા પછી હઠ વિના એવો શુભ રાગ આવે છે છતાં તે ધર્મ નથી. શુભ રાગ પુણ્ય છે પણ આવ્યા વિના રહેતો નથી.

સમકિતી જીવ પોતાના પરિણામ જોઈને સ્થિરતા કરે. આત્માના ભાન સહિત રાગ રહિત દશા થઈ તેને કાર્યકારી જાણે ને જેટલો રાગ રહે તેને હેય જાણે, ઉપાદેય ન જાણે. દયા-દાનાદિનો રાગ તે ધર્મ નથી. વીતરાગતા તે પરમ ધર્મ છે. રાગ કરાવવાનું પ્રયોજન નથી. જે રાગ આવે છે તેને હેય સમજી વીતરાગતાને કાર્યકારી માને -એ ચરણાનુયોગનું પ્રયોજન છે.

## દ્રવ્યાનુયોગનું પ્રયોજન

સમયસાર, પ્રવચનસાર વગેરે દ્રવ્યાનુયોગના શાસ્ત્રો છે, તેમાં છ દ્રવ્યોનું સ્વરૂપ ભિન્ન ભિન્ન કહ્યું છે. જીવ ને અજીવ શું છે, રજકણની પર્યાય કેમ થાય છે તથા સ્વ-પરની ભિન્નતા કેમ છે એવી જેને ખબર નથી તેને હેતુ, દૃષ્ટાંત, યુક્તિ અને પ્રમાણ-નયાદિ વડે તેનું સ્વરૂપ બતાવે છે કે જેથી તેને પ્રતીતિ થઈ જાય. જીવ જ્ઞાયક સ્વરૂપ છે, તે જડની ક્રિયા કરી શકતો નથી, શુભ રાગથી ધર્મ નથી વગેરે પ્રકારે ઉપદેશ આપે છે.

તેના અભ્યાસથી અજ્ઞાન દૂર થાય, સર્વજ્ઞ સિવાય અન્યમતના કલ્પિત તત્ત્વ જૂઠા ભાસે. જૈનમતની યથાર્થ શ્રદ્ધા કરે, સમયસાર, નિયમસાર, તત્ત્વાર્થસૂત્ર આદિ દ્રવ્યાનુયોગના શાસ્ત્ર છે. તત્ત્વાર્થસૂત્રમાં મુખ્યપણે દ્રવ્યાનુયોગની વાત છે. આનો અભ્યાસ કરે તો અનાદિનું અજ્ઞાન દૂર થઈ જાય. પુણ્યથી કે દેહની



ક્રિયાથી ધર્મ થશે તેવી માન્યતા દૂર થાય. આમ જૈનમતની પ્રતીતિ થાય. ભગવાન સર્વ દોષ રહિત હોય, એક સમયમાં જ્ઞાન-દર્શન ઉપયોગ હોય, મુનિ નિર્ગ્રંથ હોય એમ પ્રતીતિ થાય તથા જીવ-અજીવ આદિ તત્ત્વોનો અભ્યાસ વારંવાર કરે તો તુરત જ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય. જીવ જ્ઞાયકસ્વભાવી છે, અજીવ પર છે, આસ્રવ આકુળતાવાળા છે, ઙ્રએમ દરેક તત્ત્વનું ભાવભાસન થાય તો તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય. વળી અહીં શબ્દ ‘‘તુરત જ’’ વાપરેલ છે તેથી દ્રવ્યાનુયોગના અભ્યાસનું મહત્ત્વ બતાવ્યું છે.

અજ્ઞાની જીવો વેપાર આદિમાં ઘણા કલાક ગાળે પણ ધર્મનો અભ્યાસ કરવાનો સમય મળતો નથી -એમ કહે. ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે જીવો રાચી રહ્યા છે. શરીર, પૈસા, દીકરા વગેરે મારા છે એવી વિપરીત માન્યતા તે ભાવમરણ છે.

દ્રવ્યાનુયોગ અનુસાર છ દ્રવ્ય ને સાત તત્ત્વોનો અભ્યાસ ચાલુ રાખે તો શીઘ્ર તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય. અહીં અજ્ઞાની માટે વાત કરેલ છે. કોઈ કહે છે કે સમયસાર શ્રાવકોએ વાંચવું નહિ, તો તે વાત ખોટી છે. અહીં સ્પષ્ટ કહે છે કે અજ્ઞાની દ્રવ્યાનુયોગનો અભ્યાસ રાખે તો તેને સમ્યગ્જ્ઞાન થાય.

હવે જ્ઞાનીની વાત કરે છે. જેને તત્ત્વજ્ઞાન થયું છે તે જીવ પણ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરે. જેમ કોઈ વિદ્યા શીખી લીધી હોય પણ જો તેનો અભ્યાસ રાખ્યા કરે તો તે યાદ રહે, ન રાખે તો ભૂલી જાય, અહીં એકલા ગોખવાની વાત નથી પણ ભાવની વાત છે. ભાવભાસન થવું જોઈએ.

જેને તત્ત્વજ્ઞાન થયું છે તે જીવ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરે તો યાદ રહે, નહિતર ભૂલી જાય. સંક્ષેપતાથી જે તત્ત્વજ્ઞાન થયું હતું તે અહીં અનેક યુક્તિ, હેતુ, દૃષ્ટાંત વડે સ્પષ્ટ થઈ જાય. જ્ઞાનીને અભ્યાસ કરતાં કરતાં રાગ ઘટી જાય ને અલ્પકાળમાં તે મોક્ષ સાધે.

દ્રવ્યાનુયોગના અભ્યાસમાં અજ્ઞાનીને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ શીઘ્ર થઈ જાય એમ કહ્યું છે ને જ્ઞાનીને મોક્ષની પ્રાપ્તિ શીઘ્ર થઈ જાય -એમ કહ્યું છે.

**પ્ર. વૈશાખ વદ ૮, બુધવાર, ૬-૫-૫૩.**

આજે સવારે હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

**પ્ર.વૈશાખ વદ ૯, ગુરુવાર, ૭-૫-૫૩.**

ચાર અનુયોગનું પ્રયોજન આવી ગયું. હવે ચાર અનુયોગના ઉપદેશનો પ્રકાર બતાવે છે. અન્યથા સમજે તો દૃષ્ટિ વિપરીત થાય.

## પ્રથમાનુયોગના વ્યાખ્યાનનું વિધાન

તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ વગેરે મહાપુરુષોની કથા લખી હોય તે ધર્મકથા છે. ત્યાં કથા તો જેવી

છે તેવી જ કહી છે ને જેવું થયું હોય તેવું લખ્યું હોય છે તથા કોઈ ગ્રંથકર્તાના વિચાર અનુસાર કહે છે પરંતુ ત્યાં પ્રયોજન અન્યથા હોતું નથી.

તીર્થંકરોના પંચ કલ્યાણક વખતે ઈંદ્રો આવ્યા હતા તે બરાબર છે, પણ ઈંદ્રોએ જે શબ્દથી સ્તુતિ કરી તે જ શબ્દ ગ્રંથકર્તા લખે તેવો રિવાજ નથી. જુદા જુદા પ્રસંગે જુદી જુદી સ્તુતિ કરી હોય ને ગ્રંથકર્તા બીજી સ્તુતિ લખે પણ તેનું પ્રયોજન એક જ છે, જુદું નથી. વળી કથામાં કોઈને વાર્તાલાપ થાય તે શબ્દો જ નીકળે -એમ નથી. માતા પાસે પુત્ર વૈરાગ્યના શબ્દો જે કહે તે મુજબ જ શબ્દો હોય એવો નિયમ નથી પણ પ્રયોજન વૈરાગ્યનું બતાવે. વળી નગર, વન, સંગ્રામ, શેઠ, રાજા વગેરેના નામ યથાવત્ લખે પણ નગરનું વર્ણન જુદા પ્રકારે આવે -એમ સમજવું. વળી પ્રસંગરૂપ કથાઓ પણ ગ્રંથકર્તા પોતાના વિચાર અનુસાર કહે છે. ધર્મકથાનુયોગમાં વ્યાખ્યાનની પદ્ધતિ કેવી છે તે કહે છે જેથી વિરોધ ન આવે. ધર્મપરીક્ષામાં મૂર્ખની કથા લખી ત્યાં એ જ કથા કહે એવો નિયમ નથી, પરંતુ મૂર્ખતા બતાવે. કોઈ કથા નવી જોડી દે પણ મૂર્ખપણું પ્રસિદ્ધ થાય એવી વાર્તા કહે. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ સમજવું.

**પ્રશ્ન** : અયથાર્થ કહેવું તો જૈનશાસ્ત્રોમાં સંભવે નહિ.

**ઉત્તર** : પ્રયોજન બીજું પ્રગટ કરે તો અયથાર્થ કહેવાય. કોઈએ અમુક શબ્દો કહેવા કહ્યું પણ તે મુજબ અક્ષર ન કહે પણ પ્રયોજન કહી દે તો તે મિથ્યાવાદી નથી. શબ્દો એ જ હોય એવો નિયમ નથી. વળી કોઈ રાજકુમારે ઘણા વૈરાગ્યના શબ્દો કહ્યા હોય પણ કથામાં તેના જ કહેલા શબ્દો આવે એવો નિયમ નથી પણ વૈરાગ્યનું પ્રયોજન જણાવે. પોતાના વિચાર અનુસાર વૈરાગ્યપોષક શબ્દો લખે પણ રાગપોષક શબ્દો ન લખે. તેથી અન્યથા પ્રયોજન ન થયું માટે તેને અયથાર્થ કહેતા નથી. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ સમજવું.

વળી કથાનુયોગ અનુસાર કથા કહેવી તે ભાષાનું કાર્ય છે. આત્મા તેનો કર્તા-હર્તા નથી. અહીં તો પદ્ધતિ બતાવે છે. પ્રથમાનુયોગમાં તો જેની મુખ્યતા હોય તેને જ પોષવામાં આવે છે. જેમ કોઈએ ઉપવાસ કર્યા તેનું ફળ તો અલ્પ હતું પણ બીજા ધર્મથી સ્વર્ગની પ્રાપ્તિ થઈ ત્યાં એક ઉપવાસથી સ્વર્ગ મળ્યું એમ કહી દે છે. ઉપવાસનું ફળ બતાવવા આવી પદ્ધતિ છે. વળી કોઈએ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા દઢ રાખી, નમસ્કારનું સ્મરણ કર્યું ને કષ્ટ દૂર થયું. જેમ કે સીતાજીની અગ્નિપરીક્ષામાં અગ્નિનું પાણી થયું તે બ્રહ્મચર્યનું ફળ નથી, પૂર્વ પુણ્યના ફળમાં તેમ થયું છે. પણ કથાકાર બ્રહ્મચર્યના ફળમાં અગ્નિ શીતળ થઈ એમ કહે છે. આવી વ્યાખ્યાનની રીત છે. બ્રહ્મચર્યના પાલનથી અગ્નિ શીતળ થઈ ગઈ માટે એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા થઈ જાય છે એમ કોઈ કહે તો તે વાત ખોટી છે. અગ્નિ પોતાના કારણે શીતળ થાય છે, તેમાં પૂર્વકર્મ નિમિત્ત છે.

ભક્તામર સ્તોત્ર ભણવાને લીધે તાળાં તૂટ્યા એમ કહે છે. ત્યાં તાળા તૂટવાની યોગ્યતા તો તાળાની



છે તેમાં સીધું નિમિત્ત પૂર્વનું પુણ્ય છે. છતાં ભક્તામરના શુભ ભાવથી તાળા તૂટ્યા એમ કહેવામાં આવે છે, જડની પર્યાયનો આત્મા સ્વામી નથી. કથાનુયોગમાં વર્તમાન શુભ રાગ ઉપર આરોપ કરી કથન કરે છે. જૈન શાસનના માહાત્મ્યથી આમ થયું એમ કહે છે.

વળી કોઈ જૂઠું બોલતો હોય ને લક્ષ્મી ચાલી જાય તો કહે કે જૂઠાને લીધે લક્ષ્મી ચાલી ગઈ. ત્યાં લક્ષ્મી ચાલી જવામાં પૂર્વ અશાતાનો ઉદય નિમિત્ત છે પણ વર્તમાન અશુભ ઉપર આરોપ આવે છે. જેમ કે કોઈએ શિકાર ઘણો કર્યો હોય ને પછી શરીરમાં ઈયળો પડી હોય તો ત્યાં પૂર્વ અશાતાના નિમિત્તે એવી સ્થિતિ થઈ છે તેનો આરોપ વર્તમાન અશુભ ઉપર આવે છે-એ પ્રમાણે સમજવું.

**પ્રશ્ન** : એમ જૂઠા ફળ દર્શાવવા તે યોગ્ય નથી. એવા કથનને પ્રમાણ કેમ કરીએ ?

**સમાધાન** : આવું પાપ કરીશ તો કીડા પડશે, નરકમાં જવું પડશે વગેરે કહે. એ પ્રમાણે અજ્ઞાનીને બતાવી ધર્મમાં લગાવે છે. ઘણું ફળ દર્શાવ્યા વિના ધર્મમાં જોડાતો નથી, તેથી તેનું ભલું થવા અર્થે એમ કહીએ છીએ.

પુણ્યના ફળને પાપનું ફળ બતાવે અથવા પાપના ફળને પુણ્યનું બતાવે તો જૂઠું કહેવાય. જેમ દસ પુરુષો ભેગા મળીને કામ કરે તો ઉપચારથી કોઈ એક પુરુષે કર્યું કહીએ તો ત્યાં દોષ નથી. અથવા જેના પિતાદિકે કાર્ય કરેલ હોય તો પુત્રના નામથી કહે તો દોષ નથી, તેમ બહુ શુભ કાર્યોનું ફળ અથવા અશુભ કાર્યોનું ફળ પામ્યો હોય તો એક શુભ અથવા અશુભના ફળમાં આ પ્રાપ્તિ થઈ એમ કહે છે. જેમ કે દેડકાએ એક ફૂલથી ભગવાનની પૂજા કરી તો સ્વર્ગને પામ્યો એમ કહેવાય છે. ત્યાં સ્વર્ગના પ્રાપ્તિ તો બીજા પુણ્ય સાથે હતા તેથી થઈ છે પણ એક પૂજા ઉપર આરોપ કરી દીધો.

વળી કોઈ પાપી જીવ માંસ આદિ ખાતો હોય પણ કોઈ વાર પાંજરાપોળાદિમાં રૂપિયા આપે તો તેને મુખ્ય કરીને કહે કે તેં ઠીક કર્યું, અજ્ઞાની જીવને એમ બતાવે છે.

ધર્મકથાનુયોગમાં ક્યાંક વ્યવહાર ને ક્યાંક નિશ્ચયનું વર્ણન છે. હવે અહીં ઉપચારરૂપ વ્યવહાર વર્ણન કર્યું છે. એ પ્રમાણે તેને પ્રમાણ કરવું પણ તેને તારતમ્યરૂપ ન માની લેવું. ક્ષણ ક્ષણના પરિણામ કરણાનુયોગ અનુસાર છે તેમ જાણવા.

વળી પ્રથમાનુયોગમાં ઉપચારરૂપ કોઈ ધર્મ અંગ થતાં ત્યાં સંપૂર્ણ ધર્મ થયો કહીએ છીએ. જેમ અંજનચોરને શંકા ન થઈ તેથી તેને સમ્યક્ત્વ થયું એમ કહીએ છીએ. કથાનુયોગમાં ઉપચારકથન છે. સમ્યક્ત્વ તો તત્ત્વાર્થ શ્રદ્ધાન થતાં જ થાય છે પરંતુ કાંક્ષા અથવા શંકા ન કરી હોય તો તેના ઉપર આરોપ આપી દે છે. ભવિષ્યમાં અંજનચોર નિશ્ચય સમ્યક્ત્વ સ્વભાવના અવલંબનથી પામ્યો, તો વ્યવહાર ઉપર આરોપ આપ્યો છે. ને વ્યવહારનો આરોપ એક અંગ ઉપર આપેલ છે. નિશ્ચય સમકિત પામેલાની

વાત આવે છે. આ તો એક અંગની વાત છે. ઘણા જીવ આઠ અંગ પાલન કરે છે તો પણ નિશ્ચય સમકિત પામ્યા નથી તેથી તેને વ્યવહાર કહેતાં નથી. પણ જે જીવ સમકિત પામે છે તેને વ્યવહારનો આરોપ આવે છે. એક અંગ વ્યવહારનું પ્રગટેલ છે માટે નિશ્ચય સમકિત પામે છે એવો તેનો અર્થ નથી, પણ નિશ્ચય સમકિત પામે તો આરોપ આવે છે. માટે કથાનુયોગનું કથન સમજવું જોઈએ. નિઃશંક આદિ સમ્યગ્દર્શનના વ્યવહારઅંગ છે, તેના ઉપર આરોપ આપી કથન કરે છે. વ્યવહારથી નિશ્ચય પામે છે એવો તેનો અર્થ નથી પણ નિશ્ચયધર્મ પ્રગટ કરે તો વ્યવહાર ઉપર આરોપ આવે છે ને ઉપચારથી સમ્યક્ત્વ થયું કહીએ છીએ.

વળી કોઈ જીવને એક અંગ જાણતાં સમ્યક્જ્ઞાન થયું કહીએ છીએ. પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન હોય, દ્રવ્ય-ગુણ-પર્યાયનું સાચું જ્ઞાન હોય, ને સંશયાદિથી રહિત થતાં સમ્યક્જ્ઞાન પ્રગટે છે દ્રઆમ જે નિશ્ચય સમ્યગ્જ્ઞાન પામતો નથી તેને આરોપ પણ આવતો નથી. નવ પૂર્વ અગિયાર અંગ ભણવા છતાં આત્માનું જ્ઞાન કરેલ નથી તેને આરોપ આવતો નથી પણ જે ભવિષ્યમાં સમ્યગ્જ્ઞાન પામે છે તેવા જીવને થોડું જ્ઞાન થતાં ઉપચારથી સમ્યગ્જ્ઞાન કહીએ છીએ.

વળી કોઈ જીવ બ્રહ્મચર્ય પાળે તો તેને ચારિત્ર થયું કહીએ છીએ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો હોય ને નાની પ્રતિજ્ઞા લીધી હોય તો તેને શ્રાવક કહી દે છે. ખરેખર શ્રાવક તો પંચમ ગુણસ્થાન પ્રગટ કરવાથી થાય છે.

શ્રેણિક તો અસંયત સમ્યગ્દષ્ટિ હતા છતાં તેમને ઉત્તમ શ્રાવક કહી દીધા. ઉત્તમ શ્રાવક તો દસમી-અગિયારમી પડિમાવાળો હોય છે છતાં શ્રેણિકને ઉત્તમ શ્રાવક કહી દીધા. તે જૈની હતા, તેને વીતરાગદેવની પ્રતીતિ હતી, આત્મભાન હતું તેથી ઉત્તમ શ્રાવકનો આરોપ કરી દીધો. આ પ્રમાણે કથાનુયોગમાં પદ્ધતિ છે.

વળી કોઈ જીવ સમ્યક્ત્વ રહિત મુનિલિંગ ધારણ કરે અથવા કોઈ મુનિ અતિચાર લગાવતો હોય છતાં તેને અહીં મુનિ કહે છે પણ બાહ્ય નગ્નદશા હોવી જોઈએ -આગમ પ્રમાણે તેની પ્રરૂપણા હોવી જોઈએ. હવે મુનિ તો છઠ્ઠું ગુણસ્થાન પ્રગટ થતાં થાય છે. અંતર વીતરાગદશા વર્તતી હોય તેને મુનિ કહે છે પરંતુ બાહ્ય મુનિલિંગવાળાને ઉપચારથી મુનિ કહે છે.

સમવસરણમાં મુનિની સંખ્યા કહી. ત્યાં કાંઈ બધાય શુદ્ધ ભાવલિંગી ન હતા, પરંતુ બાહ્યમાં નગ્નદશા હોવાથી તેને મુનિ કહે છે, એ જ પ્રમાણે કથાનુયોગમાં જાણવું.

વળી કથાનુયોગમાં ધર્મબુદ્ધિથી કોઈ અનુચિત કાર્ય કરે તેની પણ પ્રશંસા કરવામાં આવે છે. જેમ કે વિષ્ણુકુમારે મુનિનો ઉપસર્ગ દૂર કર્યો તે ધર્માનુરાગથી કર્યો પણ તે મુનિને યોગ્ય નથી. મુનિ કપટ કરે ને બ્રાહ્મણનું રૂપ લ્યે તો મુનિપણું રહે નહિ. તેનું મુનિપણું છૂટી જાય છે. તેવું કાર્ય તો ગૃહસ્થધર્મમાં સંભવે છે. ગૃહસ્થને એવા શુભ પરિણામ આવે. મુનિને ત્રણ કષાય નાશ થયા છે, તેને બ્રાહ્મણનો



વેશ લેવો ને જમીન માગવી તે યોગ્ય નથી. ત્યાં મુનિનો ઊંચો ધર્મ છોડી નીચો ધર્મ અંગીકાર કરવો અયોગ્ય છે પરંતુ વાત્સલ્યની પ્રધાનતા બતાવવા વિષ્ણુકુમારની પ્રશંસા કરી પણ એ છળ વડે બીજાઓએ શ્રેષ્ઠ ધર્મ છોડી નીચો ધર્મ અંગીકાર કરવો યોગ્ય નથી.

## પ્ર.વૈશાખ વદ ૧૦, શુક્રવાર, ૮-૫-૫૩.

વ્યાખ્યાનની પદ્ધતિ શું છે તે વાત ચાલે છે. ઉપદેશનો મર્મ ન સમજે તો વિપરીત દૃષ્ટિ થાય. વિષ્ણુકુમાર મુનિએ મુનિનો ઉપસર્ગ ટાળ્યો તે મુનિને યોગ્ય નથી, પણ વાત્સલ્યઅંગ દેખી તેની પ્રશંસા કરી પણ તેથી તે બહાના હેઠળ બીજાઓએ ઊંચો ધર્મ છોડી નીચો ધર્મ અંગીકાર ન કરવો.

વળી બીજું દૃષ્ટાંત આપે છે. ગોવાળિયાએ મુનિને અગ્નિથી તપાવ્યા. ઠંડી ઘણી હતી તેથી કરુણા માટે અગ્નિ કરેલ. ઠંડી અવસ્થા દૂર કરવાથી રતિ થવાનું કારણ થાય છે પણ તેમને રતિ તો કરવી નથી માટે ત્યાં ઊલટો ઉપસર્ગ થાય છે. માટે વિવેકી જીવોએ એવો ઉપચાર કરવો યોગ્ય નથી. પ્રથમાનુયોગમાં એક અંગ બતાવી તેને સારું કહે છે ને કોઈ કારણે કરુણાઅંગની પ્રશંસા કરી પણ મુનિને અગ્નિથી તપાવી ઠંડી દૂર કરવી યોગ્ય નથી એમ બતાવે છે. કથાનુયોગમાં કરુણાઅંગના વખાણ કર્યાં પણ ધર્મથી વિરુદ્ધ હોય તે કાર્ય કરવું યોગ્ય નથી.

વળી કથામાં વાત આવે છે કે સિંહોદર રાજા મિથ્યાદૃષ્ટિ હતો ને વજ્રકર્ણ રાજા સમકિતી હતો તેથી સિંહોદરને નમ્યો નહિ પણ મુદ્રિકામાં પ્રતિમા રાખી તેને નમતો. હવે મોટા મોટા ધર્મી જીવો મુસલમાન રાજાને પણ નમે ત્યાં રાગનો દોષ છે પણ સમ્યગ્દર્શનમાં દોષ નથી. પ્રતિમાને વીંટીમાં રાખવી યોગ્ય નથી, યથાયોગ્ય વિધિ મુજબ એ ન હોય. વજ્રકર્ણ રાજાને તે જ્ઞાન ન હતું તેથી ધર્માનુરાગથી બીજાને નમું નહિ એ બુદ્ધિથી નમ્યો નહિ તેથી તેની પ્રશંસા કરી. હું જૈન છું, અન્ય મિથ્યાદૃષ્ટિને નમું નહિ એવી બુદ્ધિની પ્રશંસા કરી પણ પ્રતિમા એવી રીતે રાખવી તે અવિનય છે. પણ કથાનુયોગમાં ધર્માનુરાગ દેખી પ્રશંસા કરી.

શ્રી સમયસારમાં રાગની પ્રશંસાનો નિષેધ કરે છે ને અહીં કથાનુયોગમાં મિથ્યાદૃષ્ટિના રાગની પણ પ્રશંસા કરી તો અહીં અપેક્ષા સમજવી જોઈએ. પણ તેથી શુભ રાગ કર્તવ્ય છે અથવા લાભનું કારણ છે એમ ન સમજવું. અહીં રાજાએ કપટ કર્યું ને પ્રતિમા મુદ્રિકામાં રાખી તેથી કાંઈ એવું કાર્ય બીજાએ કરવું યોગ્ય નથી.

કથાનુયોગમાં ઉપદેશ આવો આવી જાય છે. જ્ઞાની ઉપદેશના કર્તા નથી, સહજ આવી જાય છે. ઉપદેશની ભાષા જડની પર્યાય છે. ઈચ્છાને લીધે ભાષા આવે એમ માને તો પરનો કર્તા થઈ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. અહીં પ્રથમાનુયોગમાં એમ કથન આવે કે આવો ઉપદેશ કરવો, તો શું ઉપદેશ કરી શકાતો હશે ? ના, વાણી વાણીના કારણે નીકળે છે તેમાં કેવો ઉપદેશ હોય છે તેનું જ્ઞાન કરાવે છે.

વળી કોઈએ પૈસા, પુત્ર વગેરેની પ્રાપ્તિ માટે ભગવાનના મંદિર બનાવ્યા. રોગ આવ્યો તે દૂર કરવા પ્રતિમા બનાવે, પુત્ર થાય તો સમ્મેદશીખરની જાત્રા કાઢું અથવા કોઈ નમસ્કાર મંત્ર ભણે. સવા લાખ નમસ્કાર મંત્ર ભણું તો ખોવાયેલો પુત્ર મળી જશે એમ કથન કથાનુયોગમાં આવે છે ત્યાં નિઃકાંક્ષિતગુણનો અભાવ થાય છે, નિદાનબંધ થાય છે ને પ્રયોજન પાપકાર્યનું છે.

શ્રીપાળને કોઢ થયો હતો, ગંધોદક ચોપડ્યું ને રોગ મટી ગયો, ત્યાં ખરેખર તો અશાતા મટી જવાથી શાતા થઈ છે. હવે એવી કથા વાંચી કોઈ વિચારે કે ગંધોદક લગાવવાથી મારી આંખો, કંઠ બરાબર રહે, તો એવી માન્યતાથી મિથ્યાત્વ રહે છે, ત્યાં પાપનો બંધ થાય છે. પરંતુ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની પૂજા ન કરી ને સુદેવાદિની પૂજા કરી તેથી એટલા વખાણ કથાનુયોગમાં કરે છે એમ સમજવું. પણ ત્યાં ધર્મ તો છે જ નહિ. ત્યાં તીવ્ર અશુભ પરિણામ ન થયા પણ કાંઈક અશુભ ઘટ્યા માટે તેના વખાણ કરે છે. બીજાઓએ છળથી લૌકિક કાર્યો અર્થે ધર્મસાધન કરવું યોગ્ય નથી, એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ સમજવું. અજ્ઞાનીએ કુદેવાદિને ન માનેલ તેથી પાપનો ઓછો બંધ થયો તેથી પ્રશંસા કરેલ છે. માટે યથાયોગ્ય સમજવું પણ ભ્રમરૂપ થવું નહિ.

હવે કરણાનુયોગમાં કેવા પ્રકારથી વ્યાખ્યાન છે તે અહીં કહીએ છીએ.

## કરણાનુયોગમાં વ્યાખ્યાનનું વિધાન

કરણ એટલે સૂક્ષ્મ પરિણામ અથવા અવસ્થા. દસ કરણ આવે છે. ઉદય, બંધ, ઉપશમ, સંક્રમણ, ઉત્કર્ષણ, નિદ્ધત, નિકાચિત વગેરે પુદ્ગલની તે પ્રકારની અવસ્થા કર્મના કારણે થાય છે તેનું જ્ઞાન કરાવે છે.

જેમ કેવળી ભગવાને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થોને જાણ્યા. પરંતુ આત્માને કાર્યકારી જીવ-કર્માદિક વા ત્રિલોકાદિકનું જ કરણાનુયોગમાં વ્યાખ્યાન છે. જ્ઞાનમાં અનંત જણાય છે તેના અનંતમા ભાગે વાણીમાં આવે છે. ભગવાન વાણીના કર્તા નથી, મેં તો બહુ જાણ્યું છે પણ વાણી દ્વારા થોડું કહી શકીશ એવો ભગવાનને વિકલ્પ નથી. વાણી દ્વારા થોડું આવે છે. જીવને આટલી ભાષાની જરૂર છે અથવા દુનિયાને લાભ થાય એટલી ભાષા કરું એવો ભગવાનને વિકલ્પ નથી. સહજ જ વાણી નીકળે છે. તેના ઉદાહરણ જીવોના ભાવની અપેક્ષાએ ગુણસ્થાન કહ્યા છે. પણ તે ભાવ અનંત સ્વરૂપ સહિત છે. એક મિથ્યાત્વના અનેક પ્રકાર હોય. એક સમ્યક્ત્વસન્મુખ મિથ્યાદૃષ્ટિ હોય, એક અનંત ભવે મોક્ષ જનાર મિથ્યાદૃષ્ટિ હોય તેથી તે બધાના ભાવોમાં ભેદ ઘણા છે પણ ભાવોની એક જાતિ કરી ચૌદ ગુણસ્થાન કહે છે. જેમ સીડીને ચૌદ પગથિયા છે. એક પગથિયા ને બીજા પગથિયા વચ્ચે અંતર હોય છે. એક દોરાથી માપો તો ઘણું અંતર છે. તેમ પહેલા ગુણસ્થાનમાં ઘણો ફેર હોય છે. તારતમ્યતા અનંત પ્રકારે છે ને શુભ-અશુભના પ્રકારો અસંખ્ય છે. છતાં સામાન્ય પ્રકારે તેને એક ગુણસ્થાન કહી દીધું છે. દરેક ગુણસ્થાનમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ હોય છે. એક જ ગુણસ્થાનમાં



લ્યો. બે ક્ષયોપશમ સમકિતીના ભાવોની તારતમ્યતામાં ઘણો ફેર છે. એટલું કથન વાણી દ્વારા આવતું નથી. બહુભાવની એક જાતિ બતાવી ચૌદ ગુણસ્થાન કહે છે.

વળી જીવને શોધવાના અનેક પ્રકાર છે, ત્યાં મુખ્ય ચૌદ માર્ગણા છે. ગતિ, જાતિ, ભવ્ય, અભવ્ય, કષાય, લેશ્યા વગેરે સંક્ષેપથી કહેલ છે. જ્ઞાન અનંત છે પણ તેને બતાવનાર શબ્દો સંખ્યાતા છે. કેવળીનું આયુષ્ય અસંખ્ય વર્ષનું હોતું નથી, સંખ્યાત વર્ષનું હોય છે તેથી શબ્દ સંખ્યાત નીકળે. સંખ્યાત શબ્દમાં અનંત ભાવો સમજાવવા છે તેથી ટૂંકામાં સમજાવે છે એવી પદ્ધતિ છે.

વળી કર્મ પરમાણુ અનંત પ્રકારની શક્તિવાળા છે. એક કર્મ પરમાણુમાં બીજા કર્મ પરમાણુ કરતાં અનુભાગ અનંતગુણો છે. પર્યાયમાં વર્તમાન યોગ્યતા એવી છે. લીલા મરચાની તીખાશ ને તીખાની તીખાશ એ બન્ને તીખાશમાં ફેર છે, પણ તે વાણીમાં બતાવી શકાતું નથી. વળી એક એક મરચાની તીખાશમાં પણ ફેર છે. જ્ઞાનમાં આવે પણ તેનું વર્ણન ન થઈ શકે. તાજા ઘીના સ્વાદનું જ્ઞાન થાય પણ તેનું વર્ણન વાણીમાં ન આવે. તેમ જીવ ને કર્મના ઘણા પ્રકાર જ્ઞાનમાં જોયા પણ તે વાણીમાં ન આવે. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૩૫૦માં કહ્યું છે કે ''જે જાણ્યું છે તે સર્વ લખવામાં આવે નહિ.'' વળી ''જે વાત જાણવામાં આવે તે લખવામાં આવી શકે નહિ -મળ્યે કંઈક કહી શકાય.''

આમ કર્મપરમાણુ અનંત પ્રકારની શક્તિ સહિત છે પણ ઘણાની એક જાતિ કરી આઠ વા એકસો અડતાલીસ પ્રકૃતિ કહી.

વળી ત્રણ લોક -ઊર્ધ્વ, મધ્ય ને અધો લોક- છે. જે વસ્તુ છે તેનો બનાવવાવાળો કોઈ ન હોય; તે અનાદિથી છે. ત્રણ લોકમાં અનેક રચના છે. તેનું વર્ણન વાણીમાં પૂરું આવી ન શકે. દેવલોકમાં જિનની શાશ્વત પ્રતિમાઓ અસંખ્ય છે -જેનું પૂરું વર્ણન કરી ન શકાય.

વળી સંખ્યાના ભેદ અનંત છે. હવે સંખ્યા અનંત ક્રમસર કહેવી હોય તો અનંતકાળ જોઈએ, પણ કોઈ જીવનું અનંતકાળનું આયુષ્ય નથી કે તે અનંત કહી શકે. જેથી સંખ્યાત, અસંખ્યાત ને અનંત એમ ત્રણ ભેદ કહ્યા અથવા સંખ્યાતના ત્રણ, અસંખ્યાતના નવ ને અનંતના નવ ભેદ એમ એકવીસ ભેદ કહ્યા. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે સમજવું.

વળી વસ્તુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવથી અખંડિત છે પણ તેનું જ્ઞાન કરાવવા માટે પ્રદેશની કલ્પના કરે છે. આત્માના અસંખ્યાત પ્રદેશ કહે છે, સમયનું વર્ણન કરે છે. એક સમયની પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ પડે છે. એક કેવળજ્ઞાનની પર્યાય અનંત કેવળીઓને જાણે છે, તેથી અનંત અવિભાગ પ્રતિચ્છેદ પડે છે, આ પ્રમાણે કલ્પના કરી નિરૂપણ કરે છે. એક વસ્તુમાં જુદા જુદા ગુણો વા પર્યાયોનો ભેદ કરી નિરૂપણ કરે છે.

વળી એક આત્મામાં અનંત ગુણો ને અનંત પર્યાયો છે. ગુણ-પર્યાયો આત્મામાં અભેદ છે. વસ્તુ

અખંડ એકરૂપ છે છતાં ભેદ કરી બતાવે છે. આકાશમાં અનંત પ્રદેશો છે. વળી પર્યાયમાં છેલ્લા ભાગને અવિભાગ પ્રતિચ્છેદ કહે છે, એમ નિરૂપણ કરે છે. વળી આત્મા જુદો છે ને શરીર મન, વાણી, આદિ જુદા છે છતાં સંબંધ જાણી આ જીવને મનુષ્ય શરીર મળ્યું, દેવનું શરીર મળ્યું -એમ કથન કરે છે. ગતિ, જાતિ આદિ ભેદોને એક જીવના નિરૂપણ કરે છે.

જીવને દસ પ્રાણ મળ્યા, આટલી પર્યાપ્તિ મળી, આટલી ઇંદ્રિયો મળી એમ વ્યવહારનયની પ્રધાનતાથી વ્યાખ્યા જાણવી. જીવનો શરીરમાં અત્યંત અભાવ છે પણ સંબંધથી કથન કરે છે. અહીં બે નો સંબંધ જાણ્યા વિના જાણી ન શકે માટે વ્યવહારથી વર્ણન કરે છે. વળી કોઈ ઠેકાણે નિશ્ચય વર્ણન પણ હોય છે. જેમ કે જીવાદિક દ્રવ્યોની સંખ્યાનું નિરૂપણ કર્યું. જીવો અનંત કહ્યા તે નિશ્ચયથી છે. ત્યાં જુદા જુદા એટલા જ દ્રવ્ય છે તે યથાસંભવ જાણી લેવા.

## પ્ર.વૈશાખ વદ ૧૧, શનિવાર, ૯-૫-૫૩.

આ અધિકારમાં ચાર અનુયોગની કથનપદ્ધતિના વાત ચાલે છે. સર્વજ્ઞ પરમાત્માએ કરણાનુયોગના શાસ્ત્રને વિષે જીવ આદિની સંખ્યાનું વર્ણન કરેલ છે. જીવ અનંત છે, પુદ્‌ગલ અનંતાનંત છે, અસંખ્ય કાળાણુ, એક ધર્મ, એક અધર્મદ્રવ્ય અને એક આકાશ છે તેમ માનવું જોઈએ.

વળી કરણાનુયોગમાં જે કથન છે તેમાં કોઈ છદ્મસ્થને પ્રત્યક્ષ કે અનુમાનથી ગોચર થાય છે. પણ જે અનુમાનાદિ ગોચર ન થાય તેને આજ્ઞા પ્રમાણ વડે જ માનવા. જીવ મનુષ્યગતિમાં અમુક કાળ રહે છે, તે ઘણા કાળ સ્થાયી પર્યાયની અપેક્ષાએ કહેવાય છે પણ તેમાં સમય સમયના પરિણામ થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમયે સમયે થાય છે તે ખ્યાલમાં આવતા નથી, તે આજ્ઞા પ્રમાણે માનવા. વસ્ત્ર, મકાનાદિ અમુક વર્ષ રહે છે તે બહુ કાળ ટકવાની અપેક્ષાએ કહેલ છે, પણ સમયે સમયે બધી વસ્તુઓમાં પરિણમન થાય છે. નવી પર્યાય ઉત્પન્ન થાય છે, પૂર્વ પર્યાયનો વ્યય થાય છે ને ધ્રુવપણું કાયમ રહે છે. સમય સમયનું પરિણમન છદ્મસ્થના ખ્યાલમાં આવતું નથી. તે આગમ ને ન્યાયથી નક્કી કરવું જોઈએ. આત્માની જ્ઞાનાદિ પર્યાય સમયે સમયે પરિણમે છે. દ્રવ્યત્વગુણના કારણે પરિણમન થયા કરે છે, તે આજ્ઞાથી પ્રમાણ માનવું. છદ્મસ્થ પ્રત્યક્ષ જોઈ ન શકે. ભગવાને કરણાનુયોગમાં કથન કર્યું તેમાં સ્થૂળ પરિણમનનું અનુમાન હોઈ શકે પણ સૂક્ષ્મ પરિણમન આજ્ઞા અનુસાર માનવું.

કરણાનુયોગમાં છદ્મસ્થોની પ્રવૃત્તિ અનુસાર વર્ણન નથી પણ કેવળજ્ઞાનગમ્ય પદાર્થોનું નિરૂપણ છે. કોઈ જીવ છ દ્રવ્યો ને સાત તત્ત્વોનો વિચાર કરતો હોય ને વ્રતાદિ પાળતો હોય પણ અંતરંગ સમકિત ને ચારિત્રશક્તિ નથી તેથી તેને મિથ્યાદૃષ્ટિ ને અવ્રતી કહીએ છીએ. વળી કોઈ જીવ દ્રવ્યોના વિચાર રહિત છે ને વ્રત નથી, અન્ય કાર્યોમાં પ્રવર્તે છે વા નિદ્રાદિ વડે નિર્વિચાર જેવા થઈ રહે છે તો પણ અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો સદ્‌ભાવ હોવાથી સમ્યગ્દૃષ્ટિ વા વ્રતી કહીએ છીએ. કોઈ મૌન હોય ને વ્રતાદિના વિચાર કરતો હોય પણ અંતરમાં ભાન ન હોય તો તે સમકિતી નથી.



અહીં અંતરંગ પરિણામ અનુસાર કથન છે. વળી કોઈ જીવને કષાયની પ્રવૃત્તિ ઘણી છે પણ જો તેને અંતરંગ કષાયશક્તિ થોડી છે તો તેને મંદ કષાયી કહીએ છીએ તથા કોઈ જીવને કષાયોની પ્રવૃત્તિ તો થોડી છે પણ જો તેને અંતરંગ કષાયશક્તિ ઘણી છે તો તેને તીવ્ર કષાયી કહીએ છીએ.

વ્યંતરાદિ દેવ કષાયોથી નગરનો નાશ કરે છે તો પણ તેને થોડી કષાયશક્તિ હોવાથી પીત લેશ્યા કહી તથા એકેંદ્રિય જીવો કષાયના કાર્ય કરતાં દેખાતા નથી છતાં તેને કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાના ભૂંડા પરિણામ વર્તે છે. અંતરની અવસ્થાનું વર્ણન કરે છે. એકેંદ્રિયને અનંતાનુબંધીની કષાયશક્તિ છે. સર્વાર્થસિદ્ધિના દેવો ૩૩ સાગરની સ્થિતિવાળા છે. ત્યાંથી નીકળી મનુષ્ય થઈને મોક્ષે જવાના છે, તેને દેવીઓ નથી, દુકાન વગેરે નથી, તેથી થોડી પ્રવૃત્તિ છે પણ અંતરમાં ત્રણ કષાય બાકી છે તેથી કષાયશક્તિ ઘણી છે તેથી તેને અસંયમી કહ્યા ને પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક આત્મજ્ઞાનીને બે કષાયનો નાશ થયો છે ને સમ્યક્ અનુભવપૂર્વક શાંતિ વર્તે છે, તે જીવ કરોડો રૂપિયાના ધંધા કરતો હોય, પરિગ્રહ રાખતો હોય છતાં તેને બે કષાય ટળ્યા છે, તેથી તેને દેશસંયમી કહ્યો. સર્વાર્થસિદ્ધિના દેવોને ૩૩ હજાર વર્ષે આહારની ઇચ્છા થાય છતાં અસંયમી છે ને પંચમ ગુણસ્થાનવાળો દરરોજ ભોજન કરતો હોય, વેપાર-ધંધામાં હોય છતાં ભાનપૂર્વક કષાયમંદતા થઈ છે તેથી તેને દેશવિરતિ કહ્યો છે. અજ્ઞાની બાહ્યથી નિવૃત્તિ લઈને બેઠો હોય ને શાસ્ત્રનો અભ્યાસ કરતો હોય છતાં અંતરમાં આત્મભાન નથી તેથી મોટો કષાયી છે.

કોઈ અજ્ઞાની કહે છે કે મનુષ્યભવમાં એક જીવ મુનિ છે ને બીજો જીવ શ્રાવક છે. તે દરેકનું આયુષ્ય પૂર્ણ થતાં તે સ્વર્ગમાં જાય છે. મુનિ કરતાં શ્રાવકને ઓછો શુભ ભાવ હોય છે માટે સ્વર્ગમાં તેની સ્થિતિ મુનિના જીવ કરતાં ઓછી હોય છે તેથી તે શ્રાવકનો જીવ સ્વર્ગમાંથી વહેલો નીકળી, મનુષ્ય થઈને વહેલો મોક્ષે જઈ શકે છે એ અપેક્ષાએ શ્રાવકપણું સારું -એમ અજ્ઞાનીની દલીલ છે. પણ મોક્ષ તો વર્તમાન પુરુષાર્થ આધીન છે તેની તેને ખબર નથી, તેથી તેવી માન્યતા કરનાર જીવ મૂઢ છે. તે વસ્તુસ્વરૂપને જાણતો નથી.

વળી કોઈ જીવને મન-વચન-કાયની ચેષ્ટા ઓછી દેખાય પણ કર્મગ્રહણશક્તિ વિશેષ હોય તો તે અપેક્ષાએ ઘણો યોગ કહ્યો. કોઈને ઘણી ચેષ્ટા દેખાય છતાં પણ કર્માકર્ષણશક્તિની હીનતાથી અલ્પયોગ કહ્યો. કેવળી ભગવાન સ્થિર હોય તે વખતે પણ તેમને ઘણો યોગ છે. બાળક બહુ દોડે છે, હરણ દોડે છે છતાં યોગ થોડો છે કેમ કે કર્મગ્રહણશક્તિ ઓછી છે. કરણાનુયોગની અપેક્ષાએ ભગવાને જોયું તેમ કહેલ છે. તે શાસ્ત્ર અનુસાર પરિણામ જાણવા.

વળી કોઈ ઠેકાણે જેની વ્યક્તતા તો કાંઈ ભાસતી નથી તો પણ સૂક્ષ્મ શક્તિના સદ્‌ભાવથી તેનું ત્યાં અસ્તિત્વ કહ્યું. જેમ ભાવલિંગી મુનિને અબ્રહ્મચર્યના ભાવ નથી પણ વેદના ઉદયનો નાશ નવમે ગુણસ્થાને થાય છે, છઠ્ઠે વેદનો ઉદય હોય છે તેથી તેમને મૈથુનસંજ્ઞા કહી. ચરણાનુયોગ અપેક્ષાએ

બ્રહ્મચારી કહે પણ કરણાનુયોગની અપેક્ષાએ મૈથુનસંજ્ઞા કહી છે. અહમિંદ્રોને દુઃખનું કારણ વ્યક્ત નથી તો પણ કદાચિત્ અશાતાનો ઉદય કહ્યો.

નારકીને સુખનું કારણ વ્યક્ત નથી છતાં કદાચિત્ શાતાનો ઉદય કહ્યો. ભગવાને સૂક્ષ્મ પરિણમન જોયું તે કહ્યું. ભગવાનના કલ્યાણક પ્રસંગે નારકી જીવોને શાતાનો ઉદય હોય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. વળી કોઈ બીજા વખતે પણ શાતાનો ઉદય હોય તેથી કદાચિત્ શાતાનો ઉદય કહ્યો. ભગવાને જોયું તેમ કહ્યું, એમ અન્યત્ર જાણવું.

કરણાનુયોગમાં એમ બતાવે કે દર્શનમોહનો ઉપશમ થાય તો ઉપશમ સમ્યગ્દર્શન થાય, દર્શનમોહનો ક્ષય થાય તો ક્ષાયિક સમ્યગ્દર્શન થાય. ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું નિરૂપણ કર્મપ્રકૃતિની અપેક્ષા સહિત કરે છે. સમય સમયના પરિણામ છદ્મસ્થના પકડવામાં આવતા નથી પણ કરણાનુયોગમાં એમ કથન કરેલ છે. ત્યાં કોઈ કરણાનુયોગ અનુસાર ઉદ્યમ કરે તો બને નહિ. જેમ કે કોઈ કહે કે હું પ્રથમ કર્મનો ક્ષય કરું તો તેમ બને નહિ, કર્મ નજરે દેખાતા નથી ને કર્મનો નાશ આત્મા કરી શકતો નથી પણ સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરતાં કર્મનો સ્વયં નાશ થઈ જાય છે. પણ કરણાનુયોગમાં એમ કથન આવે કે સાત પ્રકૃતિનો નાશ થાય તો ક્ષાયિક સમ્યગ્દર્શન થાય પણ તેનો અર્થ એવો નથી કે સાત પ્રકૃતિનો નાશ કરવાનો પુરુષાર્થ કરવો. સ્વભાવ તરફ પુરુષાર્થ કરતાં સાત પ્રકૃતિનો નાશ થઈ જાય છે. જીવ પોતાનો પુરુષાર્થ કરે ત્યારે કર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય સ્વયં થઈ જાય છે, કર્મનો નાશ કરવો પડતો નથી -એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે.

અહીં કરણાનુયોગમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથન કર્મના ઉપશમાદિની અપેક્ષાથી કરેલ છે પણ વસ્તુસ્થિતિ એમ નથી. કોઈ જીવ કરણાનુયોગ અનુસાર ઉદ્યમ કરે તો થઈ શકે નહિ. કરણાનુયોગમાં પર્યાયની યોગ્યતા બતાવવી છે. યથાર્થ પદાર્થ જણાવવાનું પ્રયોજન છે. ત્યાં આચરણ કરાવવાની મુખ્યતા નથી. ચરણાનુયોગ અનુસાર પ્રવૃત્તિ કરે કે હું રાગ રહિત છું, જ્ઞાનાનંદ છું, કર્મ મને નડતા નથી એમ પોતાના સ્વભાવ અનુસાર શ્રદ્ધા-જ્ઞાન-આચરણ કરે, સાત તત્ત્વોનો વિચાર કરવો, રાગ રહિત સ્થિરતા કરવી તે ચરણાનુયોગ અનુસાર છે તે મુજબ કરવું.

કોઈ કહે કે મોહનીયની સાત પ્રકૃતિનો નાશ ભગવાનની સમીપ થાય છે તો ભગવાન પાસે જાઉં ને સાતનો નાશ કરું -તો તે તેનો ઉપાય નથી. ધર્મી જીવ ભગવાન પાસે વાણી સાંભળે છે ને પોતાના સ્વભાવના આશ્રયે ક્ષાયિક સમકિત પામે છે. ભગવાન સામું જોવાથી ક્ષાયિક સમકિત થતું નથી. પોતાના આશ્રયે ક્ષાયિક સમકિત થતાં મોહનીયની સાત પ્રકૃતિઓ સ્વયમેવ નાશ પામે છે.

પોતે તત્ત્વાદિના વિચારનો ઉદ્યમ કરે કે હું જીવ છું, કર્મ આદિ અજીવ છે, દયા-દાનાદિ પુણ્ય છે વગેરે નવ તત્ત્વોનો વિચાર કરે તો દર્શનમોહનો ઉપશમ સ્વયં થઈ જાય છે. જીવના પરિણામને લીધે કર્મનો ઉપશમ થતો નથી, કર્મ સ્વયં ઉપશમ થાય છે. જીવ પોતામાં વીર્યની સ્ફૂરણા કરે ત્યારે



અંતરાય કર્મ હઠી જાય છે -સમકિત ને ચારિત્ર વગેરે દશા થાય છે ત્યારે કર્મનો ક્ષયોપશમ કરવો પડતો નથી. અંતર એકાગ્ર થઈ વિચાર કરે તો કર્મનો ઉપશમ અથવા ક્ષય થઈ જાય છે. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે સમજવું.

કોઈ જીવ એક અંતર્મુહૂર્તમાં અગિયારમા ગુણસ્થાનથી પડી ક્રમથી મિથ્યાદૃષ્ટિ થઈ વળી પાછો ચઢી કેવળજ્ઞાન ઉપજાવે છે તો ત્યાં પોતાના કારણે પડી જાય છે ને પાછો પોતાના કારણે ચડી જાય છે. સૂક્ષ્મ પરિણામ પોતે પકડી શકતો નથી. કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ અંતર્મુહૂર્તમાં સમકિત પ્રગટ કરે ને કેવળજ્ઞાન લ્યે, પણ સૂક્ષ્મ પરિણામ કાંઈ બુદ્ધિગોચર થતાં નથી. માટે કરણાનુયોગ અનુસાર તેને જાણી લેવા.

કોઈ જીવ અગિયારમા ગુણસ્થાનથી પડે છે તે પોતાના કારણે પડે છે, કર્મની જોરાવરી આત્મા ઉપર નથી. પોતે પોતાના ઊંધા પુરુષાર્થથી પડે છે તો કર્મને લીધે પડ્યો એમ કહેવામાં આવે છે. કરણાનુયોગમાં કર્મની અપેક્ષતાથી કથન કરે છે પણ વસ્તુસ્થિતિ એમ નથી.

કોઈ મુનિ અંતરમાં સમકિત વમી ગયા હોય ને મિથ્યાદૃષ્ટિ થઈ ગયા હોય, એના સૂક્ષ્મ પરિણમનનું કથન કરણાનુયોગમાં આવે છે. કર્મના કારણે કોઈ ઊંધો પડતો નથી, પોતે સવળો અથવા અવળો પુરુષાર્થ કરે છે, તેમાં કર્મ નિમિત્તમાત્ર છે.

સમ્યક્ત્વાદિના પરિણામ બુદ્ધિગોચર થતાં નથી તેનો અર્થ એમ નથી કે કર્મના ઉદયને લીધે એવા પરિણામ થાય છે. અબુદ્ધિપૂર્વક પુરુષાર્થ પણ પોતાનો છે, તે કર્મના લીધે નથી. એકેંદ્રિયને વિશેષ બુદ્ધિ નથી તો ત્યાં કર્મને કારણે પડેલ છે ? ના, પોતાના પરિણામને લીધે નિગોદમાં રહે છે. પ્રચુર ભાવકલંક પરિણામને લીધે નિગોદમાં રહે છે. બટાટામાં અનંતા જીવો એક શરીરમાં રહે છે, કોઈ શુભ ભાવ કરી મનુષ્ય થાય છે ને કોઈ મનુષ્ય મરીને નિગોદમાં જાય છે. **''कर्म बिचारे कौन, भूल मेरी अधिकाई''** એમ સમજવું જોઈએ.

માટે કરણાનુયોગ અનુસાર જેમ છે તેમ જાણી લેવું પરંતુ બુદ્ધિગોચર પોતાનું ભલું થાય તેમ કરવું.

## પ્ર.વૈશાખ વદ ૧૨, રવિવાર, ૧૦-૫-૫૩.

અહીં ચાર અનુયોગમાં કેવી પદ્ધતિથી વ્યાખ્યાન કરેલ છે તેની વાત ચાલે છે. લખાણનો ઉદ્દેશ સમજે તો સમ્યગ્જ્ઞાન થાય, નહિતર વિપરીતબુદ્ધિ થાય છે. કરણાનુયોગના ગ્રંથ વિષે કર્મના ઉપશમાદિથી ઉપશમ સમ્યગ્દર્શનાદિ થાય છે એમ કહ્યું છે તેનો અર્થ એમ નથી કે હું કર્મનો ઉપશમ કરું અથવા નાશ કરું, પણ તેને કરણાનુયોગ અનુસાર જેમ છે તેમ જાણી લે. હું શુદ્ધ જ્ઞાનાનંદ છું, કર્મ શરીરાદિ જડ છે, રાગાદિ ક્ષણિક વિકાર છે એમ નિર્ણય કરે તો કર્મનો ઉપશમ સ્વયં થઈ જાય છે. કાળલબ્ધિ

પાકે ત્યારે કર્મ ટળે ને ? ના, હું શુદ્ધ ચિદાનંદ છું એવા શ્રદ્ધા-જ્ઞાન કરી લીનતા કરે તે કાળલબ્ધિ છે, જે કાળમાં પોતાનો પુરુષાર્થ કર્યો તે કાળલબ્ધિ છે. પુરુષાર્થ કરતાં કર્મ સ્વયં ટળી જાય છે. વસ્તુ શુદ્ધ છે. તેની દૃષ્ટિ કરીને એકાગ્રતા કરવી તે ભાવના છે. આત્મામાં રાગપર્યાય કથંચિત્ ભિન્ન છે, કથંચિત્ અભિન્ન છે. રાગપર્યાય આત્મદ્રવ્યની છે એ અપેક્ષાએ કથંચિત્ અભિન્ન છે પણ ટળી જાય છે માટે કથંચિત્ ભિન્ન છે.

અહીં કહે છે કે હું શુદ્ધ છું એવી દૃષ્ટિ કરી ને લીનતા કરવી તે પ્રવૃત્તિ છે. આવી પ્રવૃત્તિ થતાં કર્મ સ્વયં ટળી જાય છે. આત્માએ કર્મોને ટાળ્યા એમ વ્યવહારથી કહેવાય છે. વ્યવહાર કહેવાનું કારણ એ છે કે કર્મ કર્મના કારણે ટળી જાય છે તે નૈમિત્તિક છે, તેમાં આત્માની શુદ્ધતા નિમિત્ત છે. તેથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવા કહેવાય કે આત્માએ કર્મોને ટાળ્યા.

'નમો અરિહંતાણં'નો અર્થ એમ આવે કે ભગવાને કર્મોનો નાશ કર્યો તો ત્યાં શું આત્મા કર્મોનો સ્વામી છે કે તેનો નાશ કરી શકે ? ના, આત્મા કર્મનો નાશ કરી શકતો નથી. અર્હંતદશા-કેવળજ્ઞાનાદિરૂપ દશા પ્રગટ થઈ તે વખતે જ્ઞાનાવરણીયાદિ કર્મની કર્મરૂપી પર્યાય મટી ગઈ ને સામાન્ય વર્ગણા થઈ ગઈ તેથી ભગવાને કર્મનો નાશ કર્યો એમ કહે છે. તેમાં ભગવાનનો પુરુષાર્થ નિમિત્ત છે એ બતાવવા એમ કહેલ છે. જડના ઉત્પાદ-વ્યય-ધ્રુવ જડમાં જડના કારણે થાય છે, આત્મા તે કરી શકતો નથી. કર્મ કર્મના કારણે નાશ થાય છે તેમાં અર્હંતના અનંત ચતુષ્ટય નિમિત્ત છે તેથી અર્હંતે કર્મોનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. વળી અર્હંત ભગવાને રાગદ્વેષનો નાશ કર્યો તે પણ ઉપચાર છે, સ્વભાવમાં લીનતા થતાં રાગદ્વેષ ઉત્પન્ન જ ન થયા તેનો અર્થ રાગદ્વેષનો નાશ કર્યો તે છે.

મનુષ્યપર્યાય પલટીને દેવપર્યાય ઉત્પન્ન થઈ ને જીવ ધ્રુવ રહ્યો. મનુષ્યપર્યાય પલટી તેને મનુષ્યગતિનો નાશ થયો કહેવાય છે. મનુષ્યગતિરૂપ પરિણામ આત્મામાં છે, શરીરમાં નથી. ગતિરૂપ પરિણામ ઔદયિકભાવ છે, તે જીવનું સ્વતત્ત્વ છે. જીવની ગતિ અરૂપી છે, શરીરની વાત નથી. મનુષ્યશરીર જડ છે, તેમાં મનુષ્યગતિ નથી તથા નામકર્મને લીધે ગતિનો ઉદય નથી. જડ કર્મ અને આત્મા વચ્ચે અત્યંત અભાવ છે. આત્મા બીજે ક્ષેત્રે પોતાની યોગ્યતાથી જાય છે ને જડ કર્મ પોતાની યોગ્યતાથી જાય છે. જડ કર્મ આત્માને આધીન કરતાં નથી. દરેક દ્રવ્ય ભિન્ન ભિન્ન છે. જીવ પોતાની ભૂલથી નરકમાં જાય છે, કર્મ નરકમાં લઈ જતું નથી.

વળી કરણાનુયોગમાં ઉપદેશની મુખ્યતાપૂર્વક વ્યાખ્યાન છે, તેને સર્વથા તેમ જ ન માનવું. જેમ કે જિન, મિલ, પ્રેસ, યંત્ર વગેરે હિંસાદિના ઉપાયનું જ્ઞાન કરવું તે કુમતિજ્ઞાન છે. તાતા કું.માં લોઢાના શસ્ત્ર બને છે તે શસ્ત્રનું જ્ઞાન કુમતિજ્ઞાન છે એમ ત્યાં કહેલ છે. વળી સર્વજ્ઞ સિવાય અન્યમતીના શાસ્ત્રાભ્યાસને કુશ્રુતજ્ઞાન કહ્યું તથા બૂરું દેખાય, ભલું ન દેખાય તેને વિભંગજ્ઞાન કહ્યું. ત્યાં જિન તથા યંત્ર આદિનો અભ્યાસ છોડાવવા તેને કુમિતજ્ઞાન કહેલ છે. વળી પરમતના શાસ્ત્રનો અભ્યાસ જ્ઞાની



પણ કરે છે પણ જેને કુશાસ્ત્રની રુચિ છે તેને તે છોડાવવા એમ કહેલ છે. જેની બુદ્ધિ વિપરીત છે તેને તે છોડાવવા એમ કહેલ છે કે સર્વજ્ઞદેવે કહેલા શાસ્ત્રો વાંચવા. મિથ્યાદૃષ્ટિનું બધું જ્ઞાન કુજ્ઞાન છે. સમયસાર વાંચે તો પણ કુજ્ઞાન છે. પોતાની દૃષ્ટિથી વાંચે છે. તે દલીલ કરે છે કે "જુઓ, સમયસારમાં પણ લખેલ છે કે વિકારનો સ્વામી કર્મ છે." દ્ગએમ કહી કર્મ ઉપર દોષ નાખે છે, પોતાની દૃષ્ટિએ વાંચે છે તેથી તેનું જ્ઞાન કુજ્ઞાન છે પણ ત્યાં અર્થ એમ છે કે ધર્મી જીવ રાગનો સ્વામી થતો નથી, તેથી વિકારનો સ્વામી કર્મ છે એમ કહેલ છે. કર્મને વિકાર સાથે વ્યાપ્ય-વ્યાપકભાવ છે એમ કહી દે છે. અજ્ઞાની જીવ શાસ્ત્રનું રહસ્ય ન સમજે તેથી તેનું બધું જ્ઞાન કુજ્ઞાન છે ને સમ્યગ્દૃષ્ટિ કુશાસ્ત્ર વાંચે તો પણ સુજ્ઞાન છે. જેની દૃષ્ટિ સવળી છે તેનું બધું સવળું છે ને જેની દૃષ્ટિ અવળી છે તેનું બધું જ્ઞાન અવળું છે. મિથ્યાદૃષ્ટિ નવ પૂર્વ, અગિયાર અંગ ભણે તો પણ અજ્ઞાન છે.

જીવ રાગ કરે માટે પુદ્ગલોને પરાણે કર્મરૂપે પરિણમવું પડે -એમ નથી. જે પરમાણુમાં કર્મ થવાની લાયકાત છે તે કર્મરૂપે પરિણમે છે, બીજા પરમાણુ પરિણમતા નથી. પરમાણુ કર્મરૂપે પરિણમે છે તેમાં જીવનો રાગ નિમિત્ત છે.

લૂખો આહાર કરે તો વીર્યનો નાશ થાય, ભેંસનું દહીં ખાય તો નિદ્રા આવે એ બધા કથન નિમિત્તના છે. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે સમજી લેવું.

વળી કોઈ ઠેકાણે સ્થૂળ કથન કર્યું હોય તેને તારતમ્યરૂપ ન જાણવું. જેમ વ્યાસથી ત્રણ ગુણી પરિધિ કહીએ છીએ પણ સૂક્ષ્મપણાથી ત્રણ ગુણાથી કાંઈક અધિક હોય છે એમ જ અન્ય ઠેકાણે સમજવું.

વળી કોઈ ઠેકાણે મુખ્યતાની અપેક્ષાએ વ્યાખ્યાન હોય તેને સર્વ પ્રકારરૂપ ન જાણવું. જેમ મિથ્યાદૃષ્ટિ અને સાસાદન ગુણસ્થાનવાળા જીવોને પાપી જીવ કહ્યા ત્યાં દૃષ્ટિ અપેક્ષાએ પાપી કહ્યા છે. વિપરીત અભિનિવેશ મોટું પાપ છે, એ અપેક્ષાએ કહેલ છે, પણ શુભ ભાવ કરે તેટલું પુણ્ય છે. વળી અવિરતિ ગુણસ્થાનવાળા જીવને પુણ્યજીવ કહ્યા. લડાઈમાં હોવા છતાં પુણ્યજીવ કહ્યો. ત્યાં સમ્યગ્દર્શનની મુખ્યતાની અપેક્ષાએ સમજવું પણ તારત્મ્યતાથી બન્નેમાં યથાસંભવ પુણ્ય-પાપ હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવ શુભ ભાવ કરે છે તે પુણ્ય છે ને સમકિતી લડાઈ આદિના ભાવ કરે છે તે પાપ છે એમ સમજવું. દયા-દાનાદિ પરિણામ પુણ્ય છે-ધર્મ નથી. અંતર શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા તે ધર્મ છે. કરણાનુયોગમાં અનેક પ્રકારની પદ્ધતિ છે તે યથાસંભવ જાણવી. ઊલટા અર્થ કરે તો દૃષ્ટિ વિપરીત થઈ જાય. એ પ્રકારે કરણાનુયોગમાં વ્યાખ્યાનનું વિધાન દર્શાવ્યું. હવે ચરણાનુયોગમાં કેવી રીતે વ્યાખ્યાન છે તે અહીં દર્શાવીએ છીએ.

રત્નકરંડ શ્રાવકાચાર, પુરુષાર્થસિદ્ધિઉપાય વગેરેમાં પદ્ધતિ કેવી રીતે છે તે બતાવે છે.

## ચરણાનુયોગમાં વ્યાખ્યાનનું વિધાન

ચરણાનુયોગમાં જેમ જીવોને પોતાના બુદ્ધિગોચર ધર્મનું આચરણ થાય તેવો ઉપદેશ આપે છે. ત્યાં ધર્મ તો નિશ્ચયરૂપ મોક્ષમાર્ગ છે, દયા-દાનાદિના પરિણામ તે ધર્મ નથી. આત્મા દેહ, મન, વાણી આદિથી ભિન્ન છે, શાંતસ્વભાવી છે. એવા શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા તે મોક્ષમાર્ગ છે. જ્ઞાનીને પણ અધૂરી દશામાં શુભ રાગ આવે છે પણ તે ધર્મ નથી. દયા-દાનાદિ પરિણામને નિમિત્તરૂપ સાધન કહેલ છે તેથી ઉપચારથી વ્યવહારનયની પ્રધાનતાથી તેને ધર્મ કહેલ છે. આત્મામાં કરણ નામનો ગુણ અનાદિ અનંત છે તે કરણ-સાધન દ્વારા નિશ્ચયધર્મ પ્રગટ કરે તો વ્રતાદિના પરિણામને વ્યવહારસાધન કહેલ છે.

અંજનચોરને નિઃશંક અંગથી સમકિત થયું એમ કહ્યું ત્યાં ભવિષ્યમાં પોતાના સ્વભાવના સાધનથી સમકિત થાય છે તો વ્યવહારઅંગથી સમકિત થયું એમ કહે છે.

ચરણાનુયોગમાં શુભ ભાવના ભેદોને જેમ કે ૨૮ મૂળગુણના વિકલ્પોને ધર્મ કહી દીધા છે. બાર વ્રત તથા ૨૮ મૂળગુણનું પાલન ધર્મ નથી, તે પુણ્યાસ્રવ છે પણ તેને ધર્મ કહેલ છે. રાગ કરતાં કરતાં નિશ્ચય વીતરાગી દશા થાય એમ કદી બને નહિ. છ ઢાળામાં વાત આવે છે કે વ્યવહાર કારણ અથવા નિમિત્ત છે, પણ ક્યારે ? નિશ્ચયથી આત્માનું સાધન કરે તો ૨૮ મૂળગુણના પાલનને ઉપચારથી સાધન કહે છે ને પૂર્વના વિકલ્પને ભૂતનૈગમનયથી સાધન કહે છે. નિશ્ચયધર્મમાં ગ્રહણ-ત્યાગનો વિકલ્પ નથી.

ચોથા ગુણસ્થાનમાં અનંતાનુબંધીનો અભાવ છે, તેટલી અકષાય નિશ્ચયદશા થઈ છે, તેમાં ગ્રહણ-ત્યાગનો વિકલ્પ નથી પણ હજુ કષાય બાકી છે તેને લીધે વિકલ્પ ઊઠે છે. પાંચમે બે કષાય ટળતાં વીતરાગતા થઈ છે ને છઠ્ઠે ત્રણ કષાય ટળતાં વીતરાગતા થઈ છે. તે વીતરાગી પર્યાયમાં ગ્રહણ-ત્યાગનો વિકલ્પ નથી. જ્ઞાનીને અકષાય નિર્વિકલ્પ પરિણતિ સદાય રહે છે પણ સંપૂર્ણ નિશ્ચયદશા થઈ નથી ને રાગ હજી બાકી રહેલ છે તેથી ધર્મવિરોધી કાર્યોને છોડાવવાનો તથા ધર્મસાધનાદિ કાર્યોને ગ્રહણ કરાવવાનો ઉપદેશ છે. બે વાત સિદ્ધ કરી.

૧) આત્માના અવલંબને જે નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર પ્રગટે તે સાચો ધર્મ છે.

૨) આત્માના અવલંબને જે વીતરાગતા પ્રગટે છે તેમાં ગ્રહણ-ત્યાગનો વિકલ્પ આવતો નથી. અંદર જેટલી સ્થિરતા થઈ છે, અકષાય પરિણતિ થઈ છે તેમાં ગ્રહણ-ત્યાગનો વિકલ્પ નથી. પણ ભૂમિકા અનુસાર કષાય બાકી છે તેમાં વિકલ્પ આવે છે. બુદ્ધિપૂર્વક વિકલ્પ ટળી જાય તો સાતમું ગુણસ્થાન ને તેની ઉપરની દશા આવી જાય. રાગી જીવને રાગ આવે છે તેથી ધર્મ વિરોધી કાર્યો છોડાવે છે. હિંસા ન કરવી વગેરે કહે છે. પંચમ ગુણસ્થાનવાળાને કહે કે ભગવાનની પૂજા કરો, ચૈત્યાલય બનાવો ઈત્યાદિ શુભ રાગ કરવાનું ચરણાનુયોગ કહે છે.



જેટલી સ્થિરતા થઈ છે તેમાં રાગ ઊઠતો નથી એટલે ત્યાં ઉપદેશનો પ્રશ્ન ઊઠતો નથી પણ જેટલો રાગ વર્તે છે ને વિકલ્પ વર્તે છે ત્યાં ઉપદેશ બે પ્રકારે કહે છે.

**પ્ર.વૈશાખ વદ ૧૩, સોમવાર, ૧૧-૫-૫૩.**

અહીં ચાર પ્રકારના અનુયોગમાં ઉપદેશની રીત બતાવે છે. તે ન સમજે તો અન્યથા શ્રદ્ધા થઈ જાય. નિશ્ચયરૂપ મોક્ષમાર્ગ તે જ ધર્મ છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા તે ધર્મ છે પણ પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી અથવા ધર્મ પામવાની લાયકાત ન દેખે ત્યારે કયા પ્રકારે ઉપદેશ આપે છે તે વાત ચાલે છે. બે પ્રકારની રીત છે. ૧) નિશ્ચયપૂર્વક વ્યવહારની વાત અને ૨) એકલા વ્યવહારની વાત. આ ઉપદેશની શૈલીની વાત ચાલે છે. આત્મા ઉપદેશ કરી શકે છે એ વાત તો છે જ નહિ.

ધર્મ પામવાની લાયકાત ન દેખે તેવા જીવને દયા-દાનાદિ તથા પૂજન આદિ કરવાનો ઉપદેશ હોય છે. તેમાં પુણ્ય છે, પણ ધર્મ નથી. જ્ઞાનાનંદ આત્માની દૃષ્ટિ કરીને તેમાં લીન થવું તે ધર્મ છે. રાગાદિ પરિણામને ઉપચારથી ધર્મ કહે છે પણ તે ધર્મ નથી. જે જીવને નિશ્ચયનું જ્ઞાન નથી, રાગ ને નિમિત્ત શું છે તેનું જ્ઞાન નથી ને ઉપદેશ દેવા છતાં જ્ઞાન થતું ન દેખે તેને પુણ્યાદિ પરિણામ કરવાનું કહે પણ તે ધર્મ નથી. જીવને દયા પાળવાનું કે ચૈત્યાલય બનાવવાનું કહે તેથી તે સીધો કુગતિમાં ન જાય. જેને આત્માનું ભાન ન હોય તેને ચાર ગતિ મટતી નથી. આત્મા ઉપદેશની ક્રિયા કરી શકતો નથી કારણ કે ઉપદેશ તો જડ છે, પણ ઉપદેશ કેવા પ્રકારનો નીકળે છે તે બતાવે છે. નિશ્ચય ઉપદેશની લાયકાત નથી તેને વ્યવહારનો ઉપદેશ આપે છે. આત્મા શું, વિકાર શું તે સમજવાની લાયકાત ન હોય તેને વ્યવહારનો ઉપદેશ આપીને પુણ્યમાં લગાવે છે, પણ પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય છે તે વાત છે જ નહિ.

જેને નિશ્ચય-વ્યવહારનું જ્ઞાન છે તથા સમજવાની જિજ્ઞાસા છે તેવા જીવને ઉપદેશ આપે છે. ''ઉપદેશ આપતાં તેનું જ્ઞાન થતું જાણાય છે'' એટલે કે શિષ્ય પોતાના કારણે જ્ઞાન કરે છે તો ઉપદેશને નિમિત્ત કહેવાય છે.

જેનામાં સમજવાની લાયકાત છે ને આત્માનું કલ્યાણ કરવું છે તેને નિશ્ચય સહિત વ્યવહારનો ઉપદેશ આપે છે. ચરણાનુયોગમાં ઉપદેશની પદ્ધતિ કેવી છે તે વાત ચાલે છે. સભા વિષે તો દ્રવ્યાનુયોગનો મુખ્ય ઉપદેશ દેવો યોગ્ય છે. ચરણાનુયોગમાં અનાર્યને પુણ્ય કરવાનો ઉપદેશ આપે કે શિકાર ન કરવો, અધર્મ ન કરવો, પરસ્ત્રીનું લંપટપણું ન કરવું વગેરે કહે પણ તે પુણ્ય છે, ધર્મ નથી. આત્માનું ભાન કરે તેને ધર્મ થાય છે. સ્થૂળ બુદ્ધિવાળાને એકલા વ્યવહારનો ઉપદેશ આપે છે ને સમ્યગ્દૃષ્ટિને અથવા સમ્યક્ત્વ સન્મુખ જીવોને નિશ્ચય સહિત વ્યવહારનો ઉપદેશ આપીએ છીએ કારણ કે શ્રીગુરુ તો સર્વ જીવોના ઉપકારી છે.

અસંજ્ઞી જીવો તો ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય નથી. તેને ઉપદેશ શું દેવો ? તેમને તો એટલો જ ઉપકાર કર્યો કે અન્ય જીવોને કહે કે તેમની દયા પાળવી, તેમને દુઃખ ન દેવું પણ તેથી શુભ ભાવ થાય છે, ધર્મ થતો નથી.

''તથા જે જીવ કર્મની પ્રબળતાથી નિશ્ચય મોક્ષમાર્ગને પ્રાપ્ત થઈ શકતા નથી''઼ આ કથન નિમિત્તનું છે. જેને કર્મની રુચિ છે અથવા કર્મનું લક્ષ કરી ભાવકર્મ બહુ કરે છે તેને નિશ્ચય મોક્ષ પ્રાપ્ત થતો નથી. જડ કર્મ રાગ કરાવતાં નથી, પોતે વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય. આત્મા કર્મનો કર્તા નથી, કર્મ આત્માનો કર્તા નથી. અહીં નિમિત્તથી કથન છે. જેનો પુરુષાર્થ વિપરીત છે ને સાચું સમજવાની દરકાર નથી ને કુતર્ક કરે છે તેને વ્યવહાર ઉપદેશ આપે છે. તત્ત્વજ્ઞાનની ખબર ન હોય તેને પાપનું કાર્ય છોડાવી સ્વર્ગાદિમાં ઇંદ્રિયસુખના કારણરૂપ પુણ્યકાર્યોમાં લગાવે છે. જો શુભ ભાવ ન કરે ને અશુભ ભાવ કરે તો નરકમાં જાય. આત્માનું ભાન નથી તેથી રખડવું પડશે એવા પ્રાણીને શુભ ભાવ કરવાનું કહે. દયા-દાન કરો, શુભ ભાવ કરો તો સ્વર્ગ મળશે એમ પુણ્ય કાર્યોમાં લગાવે. જેટલું દુઃખ મટ્યું તેટલો ઉપકાર થયો.

માંસ ખાવું, શિકાર કરવો તે પાપ ભાવ છે. તે પાપ ભાવ છોડાવવા કહે કે પાપ ન કરો, શુભ ભાવ કરો.

વળી પાપીને તો પાપવાસના જ રહે છે. નરકમાં ધર્મનું નિમિત્ત નથી, પરંપરા દુઃખને પામે. પુણ્યવાનને ધર્મવાસના રહે, સ્વર્ગમાં જાય, સ્વર્ગમાં સુખ પામે ને ત્યાં ધર્મ શ્રવણના નિમિત્ત પણ છે. અથવા ''કર્મશક્તિ હીન થઈ જાય તો તે મોક્ષમાર્ગને પ્રાપ્ત થઈ જાય છે'' -એ નિમિત્તનું કથન છે. કષાયમંદતા વખતે કર્મશક્તિ ઘટી જાય છે. તે વખતે શુભનો આશ્રય છોડી સ્વભાવનો આશ્રય કરે તો મોક્ષમાર્ગને પ્રાપ્ત થાય છે. શુદ્ધની દૃષ્ટિ ન કરે તો ધર્મ ન પામે. અહીં બતાવે છે કે પાપ કરતાં પુણ્યમાં સત્ સાંભળવાનું નિમિત્ત મળે છે, ને પોતે સમજવાનો પ્રયત્ન કરે તો ધર્મ પામે છે. -આ પ્રમાણે વ્યવહારના ઉપદેશથી હિંસાદિ પાપોથી છોડાવી દયા આદિ શુભ ભાવ કરાવે છે.

વળી જે જીવો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશાને પ્રાપ્ત થયા છે વા પ્રાપ્ત થવા યોગ્ય છે તેમને એવો ઉપકાર કર્યો કે તેમને નિશ્ચય સહિત વ્યવહારનો ઉપદેશ આપે છે. જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ હોય તો શુભ રાગને વ્યવહાર કહે છે. આ પ્રમાણે બે પ્રકારથી ઉપદેશ આપીએ છીએ.

હવે વ્યવહારના ઉપદેશમાં બાહ્ય ક્રિયાની પ્રધાનતા છે, ત્યાં તે ક્રિયાની પ્રધાનતાથી ઉપદેશ છે પણ આત્મા જડની ક્રિયા કરી શકે છે તે વાત નથી. હિંસા, જૂઠું ચોરી આદિ પરિણામ કરતો હોય તેને કહે કે પરની હિંસા છોડ, પૈસા છોડ; પણ ત્યાં જડની ક્રિયા છોડી શકે છે એવો અર્થ નથી. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ છે. એકલા અજ્ઞાનીને વ્યવહાર બતાવે છે. પાપક્રિયા છોડી પુણ્યક્રિયા કરવાનું કહે, દેરાસર બનાવો વગેરે કહે, પણ તેથી કરીને શુભ ભાવથી ધર્મ થતો નથી. આત્માની ઓળખાણ કરે તો ધર્મ



થાય છે. મૌન રહો એમ કહે, પણ મૌનથી કષાયમંદતા થતી નથી, પણ કષાયમંદતા કરે તો મૌનને નિમિત્ત કહેવાય છે. બાહ્ય ક્રિયાથી પરિણામ સુધરે જ એવો નિયમ નથી, પણ ઉપદેશની પદ્ધતિ એવી છે. શ્રીગુરુ તો પરિણામ સુધારવા અર્થે બાહ્ય ક્રિયાને ઉપદેશે છે. ત્યાં જડની ક્રિયા આત્મા કરતો નથી એવો ઉપદેશ આવી જાય છે.

હવે જ્ઞાની જ્ઞાનીને ઉપદેશ આપે છે અથવા જ્ઞાન પામવાની લાયકાતવાળાને ઉપદેશ આપે છે. ત્યાં કહે છે કે આત્માનું જ્ઞાન કરો, કર્મ અજીવ છે, કર્મને લીધે આત્માને નુકસાન થતું નથી. રાગાદિ નિશ્ચયથી તારા પરિણામ છે તો કર્મને નિમિત્ત કહે છે. એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારનો ઉપદેશ આપે છે. આત્મા પોતે પોતાના પરિણામનો કર્તા છે. વિકારી પરિણામનો પણ કર્તા આત્મા છે, કર્મ આત્મા છે, આત્માના સાધનથી વિકાર થાય છે. વિકાર પોતાની પર્યાયને આપે છે માટે સંપ્રદાન વગેરે છ કારક આત્માના છે, તેવી રીતે છ કારક નિમિત્તમાં લેવા. નિમિત્તકર્તા, નિમિત્તકર્મ, નિમિત્તસાધન, નિમિત્તસંપ્રદાન આદિ છ કારકોનો ઉપચાર કર્મમાં આવે છે પણ કર્મ કારણ છે તેથી વિકાર થાય છે તે વાત છે જ નહિ. પોતાની પર્યાયમાં છ કારકો નિશ્ચય છે તો વ્યવહાર છ કારકો કર્મમાં લગાવવા. કર્મ વિકારનું કારણ વ્યવહારથી છે. વિકારનો કર્તા, કર્મ, આધાર, કર્મ વ્યવહારથી છે. લાકડી પોતાના કારણથી ઊંચી થાય છે તો આંગળીનું કારણ નિમિત્ત કહેવાય છે.

છ સામાન્ય ગુણ, ચાર અભાવ ને છ કારકનું રહસ્ય સમજે તો તેમાં ઘણું આવી જાય છે.

સ્ફટિકની પાછળ પીળો કાગળ રાખો તો પીળી ઝાંઈ દેખાય છે. ત્યાં સ્ફટીકની પીળી ઝાંઈ પોતાની યોગ્યતાથી થઈ છે, પોતાના સાધનથી પીળી થઈ તો પીળા કાગળને સાધન કહેવાય છે.

પોતે પોતાના ગુણ-અવગુણનો આધાર છે તો નિમિત્તને આધાર કહેવાય છે. નિમિત્તના છ કારક સ્વતંત્ર છે ને ઉપાદાનના છ કારક સ્વતંત્ર છે -આમ સમજવું જોઈએ. અહીં નિશ્ચય સહિત વ્યવહારના ઉપદેશની વાત ચાલે છે. શ્રોતાજન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી, રાગ ઘટાડવાનો અભ્યાસ કરી પરિણામ સુધારે. અહો ! હું એકલો ચિદાનંદ આત્મા છું, મારી પ્રશંસા કે નિંદા કરનાર મારી પાછળ આવવાના નથી, હું કોની સાથે રાગ કે દ્વેષ કરું એમ વૈરાગ્ય ભાવના કરે તો પરિણામ સુધરી જાય. અજ્ઞાનીને લાગે છે કે આવી સાચી વાત સાંભળવાથી વ્યવહારમાં મુશ્કેલી પડશે. પણ ભાઈ, સાચી વાત સાંભળવાથી તો પરિણામ સુધરે છે. તત્ત્વજ્ઞાનપૂર્વક વૈરાગ્ય કરે તો પરિણામ સુધરે, ને ત્યાં પરિણામો અનુસાર બાહ્ય ક્રિયા પણ સુધરી જાય. તત્ત્વજ્ઞાનપૂર્વક મુનિદશા થાય ત્યારે શરીરની દશા નગ્ન થઈ જાય પણ વસ્ત્ર સહિત રહે તેમ બને નહિ. બ્રહ્મચર્યપાલનનો ભાવ હોય ત્યારે દેહથી અબ્રહ્મચર્ય સેવે તેમ બને નહિ. અહિંસાનું પાલન હોય ત્યારે કોઈને મારવા માટે છરી હાથમાં લ્યે તેમ બને નહિ. માટે શ્રીગુરુ મુખ્ય તો પરિણામ સુધારવાનો ઉપદેશ કરે છે.

**પ્ર.વૈશાખ વદ ૧૪, મંગળવાર, ૧૨-૫-૫૩.**

અહીં ચરણાનુયોગમાં શ્રાવક ને મુનિના આચરણ કહ્યા છે તેનો હેતુ બતાવે છે. તેમાં બે પ્રકારનો ઉપદેશ ચાલે છે. લોકો વ્યવહારથી નિશ્ચય માને છે તે ભ્રમ છે. અર્હંતદેવ, નિર્ગ્રંથ ગુરુ આદિને માનો એમ ચરણાનુયોગમાં કથન આવે છે તેને માનવા તે પુણ્ય છે, તેને બદલે કોઈ તેને ધર્મ માને તો મૂઢ છે. જીવ-અજીવની ભેદ સહિત શ્રદ્ધા કરવાનું કહે છે. નવ તત્ત્વની ભેદ સહિત શ્રદ્ધા પુણ્યનું કારણ છે. દયા-દાનાદિ પુણ્યાસ્રવ છે -એમ વ્યવહારે શ્રદ્ધા કરાવે છે. તેનાથી વ્યવહારધર્મ એટલે કે પુણ્ય થાય છે. આત્મા જ્ઞાનાનંદ વસ્તુ છે તેનું સાધન કરે તો નવ તત્ત્વની રાગ સહિત શ્રદ્ધાને સાધન કહે છે. દયા, દાન, વ્રત, તપ આદિમાં કષાયમંદતા કરે તો પુણ્ય થાય છે. ચરણાનુયોગમાં આવી પદ્ધતિ છે. નવ તત્ત્વની ભેદસહિત-રાગસહિત શ્રદ્ધા વડે અથવા વ્યવહાર કરતાં કરતાં ધર્મ થશે એમ માને તો ચરણાનુયોગને સમજતો નથી. વળી શંકાદિક પચ્ચીસ દોષ ન લગાવવા એમ કહે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને ન માનવા તથા તેને માનવાવાળાને પણ ન માનવા કેમ કે તે અનાયતન છે. કુદેવાદિને ન માનવાથી શુભ ભાવ થાય છે. ભગવાનના માર્ગમાં શંકા ન કરવી, જાતિ આદિ મદ ન કરવો, કાંક્ષા ન કરવી -એવી શ્રદ્ધાથી શુભ ભાવ થાય છે પણ પરમાર્થધર્મ થતો નથી. અશુભ છોડાવવા ને શુભમાં લાવવા એવી પ્રરૂપણા હોય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાવાળાને ખાસ પ્રકારનું પુણ્ય થાય છે છતાં તે ધર્મ નથી. ભગવાન ચૈતન્યસ્વભાવી સૂર્યને પકડે તો ધર્મ થાય છે. વ્યવહારથી સ્વભાવસન્મુખ દશા થતી નથી. જીવે અનંતવાર ૨૮ મૂળગુણનું પાલન કર્યું પણ પોતે સ્વભાવસન્મુખ ન થયો તેથી ધર્મ ન થયો. માટે શુભ રાગ તે સાધન નથી. શુભ રાગ બંધનું કારણ છે પણ ધર્મનું કારણ નથી. ભગવાનના માર્ગમાં નિઃશંક રહો વગેરેનું ફળ પુણ્ય છે, પણ ધર્મ નથી. અર્હંત, દેવ, ગુરુને માનવા તે વ્યવહાર સમકિત છે. નિશ્ચયના ભાન વિના વ્યવહાર તે વ્યવહારાભાસ છે. બે પ્રકારના ઉપદેશમાં એકલા વ્યવહારની વાત ચાલે છે. કુદેવાદિને માનવારૂપ અશુભ રાગ છોડે છે ને સુદેવાદિને માનવારૂપ શુભરાગ કરે છે. જો શુદ્ધ સ્વભાવ પ્રગટ કરે તો શુભને નિમિત્ત કહેવાય. સમ્યગ્દૃષ્ટિ જીવ શુભ રાગને પણ હેય માને છે. શુભ છોડી શુદ્ધ સ્વભાવ પ્રગટ કરશે તેથી ધર્મી જીવના શુભ રાગને ઉપચારથી કારણ કહે છે. ધર્મી જીવ તીર્થંકર પ્રકૃતિને પણ હેય માને છે. જે ભાવથી બંધ થાય તે ભાવને મોક્ષનું કારણ માનવું તે મિથ્યાત્વ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ શુભ રાગને તથા તીર્થંકર પ્રકૃતિને હેય માને છે.

હવે વ્યવહાર સમ્યગ્જ્ઞાનની વાત કરે છે. ભગવાનની વાણી અનુસાર ષટ્ખંડાગમ બન્યા તે વ્યવહારના શાસ્ત્ર છે. ને સમયસારાદિ નિશ્ચયના શાસ્ત્ર છે, તેનો અભ્યાસ કરવો તે શુભ ભાવ છે, કારણ કે તે પરદ્રવ્ય છે. તે ધર્મનું કારણ નથી. અન્યમતના શાસ્ત્રનો અભ્યાસ તો વ્યવહારધર્મનું પણ કારણ નથી. જેવું વસ્તુસ્વરૂપ છે એવું ભગવાનના જ્ઞાનમાં આવ્યું ને વાણી દ્વારા નીકળી ગયું. તે અનુસાર રચાયેલા શાસ્ત્ર વાંચવાનું કહે તેથી ગતિ સુધરે છે એટલે કે નરકાદિને બદલે સ્વર્ગ થાય, તેથી સાંસારિક સુખની પ્રાપ્તિ થાય પણ ધર્મ ન થાય.



વળી જેની પાસેથી જ્ઞાન મળ્યું હોય તેનો વિનય કરવો, ભગવાનના શાસ્ત્રનો વિનય કરવો -એમ ઉપદેશમાં આવે. જ્ઞાની પાસેથી વાત મળવા છતાં કહે કે અમારા શાસ્ત્રમાં પણ એવી જ વાત છે ને હું પણ એમ જ માનતો હતો, અમારામાં નિશ્ચય ને વ્યવહાર બન્ને છે એમ માને તે વ્યવહારનો પણ ચોર છે. આત્માનું ભાન નથી માટે નિશ્ચયનો તો ચોર છે જ. માટે એવો અવિનય ન કરવો ઈત્યાદિ ઉપદેશ આવે છે, તે પુણ્યનું કારણ છે.

હવે સમ્યક્ચારિત્રના ઉપદેશની કથનપદ્ધતિ કહે છે. અહિંસાદિ પાલન કરો એમ કહે છે. ભગવાનના મત સિવાય અન્યમતનું આચરણ વ્યવહાર આચરણ પણ નથી. મુનિને ૨૮ મૂળગુણના પાલનનું ને શ્રાવકને ૧૨ વ્રતના પાલનનું તથા ઉપવાસાદિ કરવાનું કહે પણ તે પુણ્યનું કારણ છે. અશુભ છૂટી શુભ થાય છે તેથી પુણ્યબંધ થાય છે ને સ્વર્ગ મળે છે પણ ધર્મ થતો નથી.

ભગવાને કહેલા ચરણાનુયોગની આવી પદ્ધતિ છે પણ તે ધર્મનું કારણ નથી.

વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ન થઈ શકે એવા જીવોને કોઈ પણ પ્રતિજ્ઞા લેવાનું કહે. ભીલને કાગડાનું માંસ છોડાવ્યું, ત્યાં પુણ્ય થાય છે. હરણનું માંસ છોડો, પાડાનો વધ ન કરો, એટલો અશુભભાવ ઓછો થાય છે માટે તેમ કહે છે. ગોવાળને નમસ્કારમંત્ર જપવાનું કહે તેથી પુણ્ય થાય છે પણ તેનાથી ભવનો નાશ થાય છે -એમ નથી.

ચિદાનંદ આત્માનો આદર કરે તો ધર્મ થાય છે. ઘણાં જીવો ભદ્રિક પરિણામથી દાન આપે તો પુણ્ય થાય પણ ધર્મ નથી. વળી સાધારણ બુદ્ધિવાળા જીવો કે જે વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ ન સમજે તેને કહે કે દરરોજ પૂજા કરવી. વળી પ્રભાવના કરવાનું કહે, શાસ્ત્રદાન કરવાનું કહે, પણ તેથી પુણ્ય થાય છે. ભક્તિના ભાવ શુભ છે, શુભ ભાવથી જડની ક્રિયા થાય છે -એમ નથી. ને જડની ક્રિયા થઈ માટે શુભ ભાવ થયો એમ પણ નથી. પોતામાં મંદ કષાયના પરિણામ થાય તેને જાણવા તે વ્યવહાર છે. જડની પર્યાય જડના સ્વકાળે થાય છે. અજ્ઞાની કહે છે કે હું હોઉં તો આ ન કરું. તો શું આત્મા જડની પર્યાય કરી શકે છે ? ના. વળી સાધારણ પ્રાણીને કહે કે જાત્રા કરો, લાખ-બે લાખ રૂપિયા ખર્ચે. ત્યાં કષાયમંદતા કરે તો પુણ્ય છે, ધર્મ નથી. અભિમાન કરે તો પાપ છે. કોઈના ઉપદેશથી સામાની પર્યાય થતી નથી તેમ જ અટકતી નથી. અહીં ઉપદેશની રીત બતાવે છે.

સાચો રસ્તો તો જે છે તે છે. જગત માને કે ન માને, આબરૂ રહે કે નહિ તેની સાથે સંબંધ નથી. જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે ધર્મ છે એમ ભગવાન કહે છે. અહીં ચરણાનુયોગમાં આવો શુભ ભાવ કરવો એમ ઉપદેશ આવે છે. આ એકલા વ્યવહારની વાત કરી.

હવે નિશ્ચયપૂર્વક વ્યવહારના ઉપદેશની રીત બતાવે છે. ત્યાં સમ્યગ્દર્શનના અર્થે તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન કરે છે. અહીં નિશ્ચય શ્રદ્ધાન કરાવે છે. જીવ જ્ઞાયકમૂર્તિ છે, કર્મ જડ છે, દયા-દાનાદિ પુણ્ય

છે, હિંસા-જૂઠ આદિ પાપ છે -એમ સાતે તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન કરાવે છે, તે સાચું શ્રદ્ધાન છે. અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે.

પ્રથમ સત્ય સમજવાની જિજ્ઞાસા હોવી જોઈએ. અનાદિથી ભૂલ ચાલી આવે છે પણ યથાર્થ સમજવાનો પ્રસંગ મળે તો તે ભૂલ છૂટે. ભૂલને ભૂલ ન માને તો ભૂલ કદી ટળે નહિ.

વળી આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શરીરાદિ પર છે એવા ભેદવિજ્ઞાન વડે પરદ્રવ્યમાં રાગાદિ છોડાવે છે. સ્વરૂપની શ્રદ્ધા કરવી તે નિશ્ચય છે, સ્વ-પરનું યથાર્થ જ્ઞાન કરવું તે નિશ્ચય છે ને રાગ ટળી વીતરાગતા થવી તે નિશ્ચય છે. સ્વભાવનો આશ્રય કરવો તે નિશ્ચય છે, વ્યવહાર તે ઉપચાર છે. નિશ્ચય યથાર્થ છે ને રાગ ઉપચાર છે, એવી શ્રદ્ધા કરો. સ્વ-પર ભેદવિજ્ઞાન તે જ્ઞાન છે એવી શ્રદ્ધા કરો ને રાગ છોડી વીતરાગતા થવી તે ચારિત્ર છે એવી શ્રદ્ધા કરો. અહીં શ્રદ્ધાની વાત ચાલે છે. આવી શ્રદ્ધા કરવાથી અર્હંત દેવ, નિર્ગ્રંથ મુનિ ને અહિંસા ધર્મ સિવાય અન્ય દેવાદિ જૂઠા લાગે છે, કુદેવાદિની શ્રદ્ધા છૂટી જાય છે. તેથી તે પ્રમાણે નિરૂપણ કરે છે. ત્યાં નિર્વિકલ્પ પ્રતીતિ આવે તે નિશ્ચય છે ને રાગ આવે તે વ્યવહાર છે.

હવે સમ્યગ્જ્ઞાનની વાત કરે છે. સંશય, વિપર્યય અને અચોક્કસતા વગેરે દોષ રહિત જે આત્માનું જ્ઞાન થાય છે તે નિશ્ચય છે ને સાચા શાસ્ત્ર અવલોકવાનો વિકલ્પ આવે તે વ્યવહાર છે. તે પ્રયોજન અર્થે જૈન શાસ્ત્રનો અભ્યાસ કરવાનું કહે તે ઉપચાર છે, પુણ્યબંધનું કારણ છે. આ પ્રમાણે નિશ્ચય સહિત વ્યવહારના ઉપદેશની પદ્ધતિ છે.

હવે સમ્યક્ ચારિત્ર અર્થે જે ઉપદેશ આવે છે તેની વાત કરે છે. ત્યાં પંચ મહાવ્રતનો રાગ છોડો ને સ્વભાવમાં લીન થાઓ એમ કહે છે. ૨૮ મૂળગુણ પાલન તે ચારિત્ર નથી. તેથી શુભાશુભ ભાવ છોડવાનું કહે છે. સમ્યગ્દષ્ટિ શ્રાવકને એકદેશ ત્યાગ છે ને મુનિને સર્વદેશ ત્યાગ છે, તેથી હિંસાદિ પાપક્રિયા છૂટી જાય છે ને અહિંસા આદિના પરિણામની પ્રવૃત્તિ થાય છે. જેટલો રાગ ઘટ્યો તે તો નિશ્ચય છે. શ્રાવકને બે કષાયનો ને મુનિને ત્રણ કષાયનો અભાવ છે પણ જેટલો મંદ કષાય રહ્યો છે તે વ્યવહાર છે. તેવા મંદ રાગથી શ્રાવક ને મુનિઓના વ્રતોની પ્રવૃત્તિ થાય છે તે વ્યવહાર છે.

**પ્ર.વૈશાખ વદ ૧૫, બુધવાર, ૧૩-૩-૫૩.**

આજે સવારે રેકોર્ડિંગ રીલ પ્રવચન સંભળાવવામાં આવ્યું હતું.

**દ્વિ. વૈશાખ સુદ ૧/૨, ગુરુવાર, ૧૪-૫-૫૩.**

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. તેના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતાથી મોક્ષ થાય છે, બહારથી મોક્ષ આવતો નથી. પૂર્ણ શુદ્ધતા તે મુક્તિ છે. મુક્તિના માર્ગનો આ ગ્રંથ પ્રકાશ કરે છે.



ચરણાનુયોગની પદ્ધતિ કહે છે. હું જ્ઞાનાનંદ છું એવું ભાન થયા પછી શ્રાવકને તથા મુનિને સમ્યક્ આચરણ હોય છે. આત્મજ્ઞાની મુનિને નગ્નદશા હોય છે. તેવા મુનિને ઘણો રાગ ટળ્યો છે ને મંદ રાગ રહ્યો છે. પાંચ મહાવ્રતને ઉપચારથી આચરણ કહે છે. હવે ધર્મ સમજવાની લાયકાત નથી તેને ભક્તિ તથા પૂજાદિ વ્યવહાર કરવાનું કહે તેથી સ્વર્ગ મળે પણ જન્મ-મરણ મટતાં નથી તથા જે જીવને સમ્યગ્દર્શન છે અથવા તે પામવાની લાયકાત છે તેને નિશ્ચય સહિત વ્યવહારનો ઉપદેશ આપે છે. જ્ઞાનાનંદ આત્માની દૃષ્ટિ કરો, અનુભવ કરો, તેમાં ન રહી શકે ત્યારે ભક્તિ-પૂજાના પરિણામ આવે છે તેનું જ્ઞાન કરાવે છે.

કોઈ પ્રશ્ન પૂછે કે માનસ્તંભ, મંદિર આદિ બનાવવામાં ધર્મ નથી તો શું કામ બનાવો છો ?

**સમાધાન** : આત્મા મંદિર કે માનસ્તંભાદિ જડની ક્રિયાનો સ્વામી નથી. સ્વભાવનું ભાન હોવા છતાં તેમાં ઠરી ન શકે ત્યાં સુધી ધર્મીને પણ શુભ રાગ આવે છે, પણ તેનાથી ધર્મ નથી; તેમ જ શુભ રાગથી જડની ક્રિયા પણ થતી નથી. જડની ક્રિયા આત્મા કરી શકે છે તે વાત ખોટી છે. જીવ જે લોભાદિના પરિણામ ઘટાડી કષાયમંદતા કરે તે શુભ ભાવ છે, તે વાત સાચી છે. ત્યાં તેના પરિણામનું જ્ઞાન કરાવે છે.

જીવે મંદિર બનાવ્યું તે વ્યવહારનું કથન છે. મંદિર બનાવવામાં શુભ ભાવ કોનો હતો તેની ઓળખાણ કરાવવા તે કથન વ્યાજબી છે પણ શુભ ભાવથી મંદિરની ક્રિયા થાય છે -એમ નથી.

શરીરાદિ ક્રિયા જડની છે, તે આત્માની નથી એવું ભાન થવા છતાં હજી રાગ બાકી છે તેથી પૂજા આદિનો શુભ ભાવ આવે છે. પણ જ્ઞાની સમજે છે કે પૂજાદિ ભાવ ધર્મ માટે બેકાર છે. અંતરમાં પૂર્ણ લીનતા નથી તેથી તેને જ્ઞાની કહે છે કે અણુવ્રત લ્યો, ભગવાનની ભક્તિ કરો, આખડી લ્યો, પૂજા કરો, પ્રભાવના કરો -એવો ઉપદેશ ચરણાનુયોગમાં આવે છે. આત્માનું ભાન હોવા છતાં જ્ઞાનીને પણ અધૂરી દશામાં શુભ ભાવ આવે છે. શાસ્ત્રમાં વાત આવે છે કે પોતાના માટે બે-પાંચ લાખનું મકાન બનાવે, દીકરીના લગ્નમાં પૈસા સારી રીતે ખર્ચે તો પછી દેવ-ગુરુ-શાસ્ત્ર માટે પણ વાપરવા જોઈએ. સમ્યગ્દષ્ટિને ભાન છે કે દેહના રજકણ મારાથી હલતા ચલતા નથી. દયા-દાન તે બંધનું કારણ છે છતાં સંસાર માટે પાપના પરિણામ આવે છે તે છોડી પ્રભાવના કરો, ચૈત્યાલય બનાવો, જાત્રા કાઢો એમ કહે છે. ધર્મી જીવને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પ્રમોદ આવ્યા વિના રહેતો નથી, છતાં શુભ રાગ તે ધર્મ નથી એમ સમજે છે. યથાશક્તિ વ્રતાદિ કરો, ભક્તિ-પૂજા કરો, સ્વાધ્યાય કરો, એકાંત સ્થળમાં નિર્વિકલ્પ અનુભવ કરો -એમ મુનિઓ સમ્યગ્દષ્ટિને ઉપદેશ આપે છે.

એ પ્રમાણે આચરણ કરાવવા ઉપદેશ બે પ્રકારનો આપે છે. જે ધર્મ સમજતો નથી તેને એકલો વ્યવહારનો ઉપદેશ આપે છે, હાથ જોડવાની ક્રિયા આત્મા કરી શકતો નથી તેમ અજ્ઞાનીને ખબર નથી. આત્મા છે તો જડની ક્રિયા થાય છે એમ તે માને છે. તેવા જીવને વ્યવહારનો ઉપદેશ આપે

છે પણ તેથી ધર્મ થતો નથી. સમ્યગ્દષ્ટિ અથવા સમ્યગ્દર્શન પામવાને લાયક જીવને નિશ્ચય સહિત વ્યવહારનો ઉપદેશ આપે છે એમ સમજવું.

વળી ચરણાનુયોગમાં હિંસા, જૂઠું, ચોરી આદિના તીવ્ર પરિણામ છોડાવવા દયા-દાનાદિના મંદકષાયરૂપ ભાવ કરવાનો ઉપદેશ આપે છે. પરમાર્થે તો બન્ને બૂરા જ છે. હું શુદ્ધ ચિદાનંદ છું એવું ભાન ન થાય ત્યાં સુધી ધર્મ થતો નથી. પણ સંસારમાં તીવ્ર કષાય છોડાવવા દયા-દાનાદિ કરવા કહે છે. સર્વ કષાય ન છૂટતો જાણી જેટલો કષાય ઘટે તેટલું તો ભલું થશે એવું ત્યાં પ્રયોજન જાણવું.

જેને વેપાર-ધંધા, આરંભ, પરિગ્રહની બુદ્ધિ છૂટી નથી, મકાન બનાવવાની, વિષય સેવવાની બુદ્ધિ છૂટી નથી તેને કહે છે કે ભગવાનની પૂજા કરો, પ્રભાવના કરો, દયા-દાનમાં પૈસા ખર્ચો, પાઠશાળા બનાવો, ચૈત્યાલય બનાવો વગેરે કહે. તો શું ત્યાં જડની ક્રિયા આત્મા કરી શકતો હશે ? ના, આત્મા જડની ક્રિયા કરી શકતો નથી પણ શુભ પરિણામમાં રહેવા માટે તેમ કહે છે. વળી મંદિરમાં ભામંડળ, છત્રાદિ બનાવવાનું કહે ને ભગવાન પાસે નૃત્ય ગાનાદિ કરવાનું કહે. છોકરો કમાઈને આવે ત્યાં બાપને હોંશ આવે ને દીકરાને ભેટી પડે. ત્યાં અશુભ રાગની ચેષ્ટા કરે છે તે છોડાવવા ભગવાનના વિરહમાં ભગવાનની પ્રતિમા પાસે નાચવાનું કહે. શકેંદ્ર એકાવતારી છે. તે ભગવાનના જન્મ વખતે ઘુઘરા બાંધીને નાચે છે. અહો ધન્ય અવતાર ! આપ તારણહાર છો. શકેંદ્ર ગંભીર છે, બત્રીસ લાખ વિમાનનો સ્વામી છે પણ ભગવાન પાસે બાળકની જેમ નાચે છે. સમજે છે કે જડની ક્રિયા જડથી થાય છે. છતાં શુભ રાગ આવ્યા વિના રહેતો નથી. એક તરફ કહે કે ભગવાન પાસે નાચવું ને બીજી તરફ કહે કે નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન તે ધર્મ છે - આ શું ! મોટો માણસ ચામર લઈને નાચે. આ શું ! અશુભ રાગ છોડાવવા માટે શુભ રાગ કરવાનું કહે છે.

ભગવાનને અથવા પ્રતિમાને દેખી ધર્મીને પ્રમોદ આવ્યા વિના રહેતો નથી એવો ઉપદેશ ચરણાનુયોગમાં આવે છે. વાદિરાજ મુનિ સ્તુતિ કરે છે કે હે નાથ ! આપ જ્યારે જન્મો છો ત્યારે નગરી આદિ પણ શોભાયમાન થઈ જાય છે, તો પછી તારી સ્તુતિ કરતાં આ શરીર સુંદર થઈ જાય એમાં શી નવાઈ છે ? હવે તેમને શાતાનો ઉદય છે તેથી શરીરમાં કોઢ મટી સુંદર બની જાય છે. વળી ઇંદ્રો પણ સ્તુતિ કરે છે. ચરણાનુયોગમાં કહે છે કે ભક્તિ કરવા લાયક છે. ત્યાં શુભ રાગ જણાવે છે પણ શુભ રાગથી ધર્મ છે એમ કહેવું નથી.

વળી સંસારમાં સગાં-વહાલાંને સહાય દેવાનો ભાવ આવે છે તો પછી ધર્માત્માને સહાય આપવાનું કહે. સજ્જન ધર્માત્માને મદદ કરો ને લક્ષ્મીનો સદુપયોગ કરો -એમ કહે છે. દ્રવ્યાનુયોગમાં કહે કે આત્મા લક્ષ્મીનો ઉપયોગ કરી શકતો નથી ને એકબીજાને સહાય કરી શકતો નથી તો તે યથાર્થ જ છે. પણ શુદ્ધ સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી સાધકને પણ આવો શુભ રાગ આવે છે.

શુભ રાગ પણ બૂરો છે પણ કષાયની તીવ્રતાની અપેક્ષાએ મંદ રાગને ભલો કહે છે. આવી



અપેક્ષા ન સમજે ને શુભ રાગને ધર્મ માને તો મૂઢ છે ને આવો શુભ ભાવ ન જ આવે એમ સમજે તો પણ મૂઢ છે.

ધર્માત્મા જીવોએ નિર્ધન જીવોનો અનાદર ન કરવો પણ તેને મદદ કરવી એવો ઉપદેશ આપે છે. પરમાર્થથી સહાય થઈ શકતી નથી પણ અશુભ ભાવ છોડાવવા શુભ ભાવ કરાવવા કહે છે. માટે એવી ઉપદેશપદ્ધતિ જૂઠી ન સમજવી.

ચરણાનુયોગમાં આવો ઉપદેશ આવે છે. જાત્રા કરવા તથા મંદિર બનાવવા કહે છે. ત્યાં પરંપરા કષાયનું પોષણ નથી ને પાપકાર્યોમાં પરંપરા કષાયોનું પોષણ થાય છે. અહીં અપેક્ષા સમજવી. તીવ્ર કષાયની અપેક્ષાએ મંદ કષાયને ઠીક કહેલ છે. ખરેખર તો મિથ્યાદષ્ટિ જીવનો મંદ રાગ પણ અનર્થનું કારણ છે, કારણ કે તેની દષ્ટિ રાગ ઉપર છે પણ તે વાત અહીં કહી નથી, બીજી પદ્ધતિથી વાત કરી છે. પાપકાર્યોમાં પરંપરા કષાયોનું પોષણ થાય છે તેથી પાપકાર્યોથી છોડાવી આ કાર્યોમાં લગાવીએ છીએ. થોડા ઘણા જેટલા છૂટતાં જાણે તેટલા પાપકાર્ય છોડાવી સમ્યક્ત્વ અથવા અણુવ્રત પાળવાનો ઉપદેશ આપીએ છીએ.

વળી મુનિઓને સંસાર છૂટી ગયો છે. આરંભાદિકની ઇચ્છા તૂટી ગઈ છે. તેમને પૂર્વે કહેલા પૂજા આદિના કાર્યો તથા સર્વ પાપકાર્યો છોડાવી મહાવ્રતાદિ કાર્યોનો ઉપદેશ આપીએ છીએ.

જેમને કિંચિત્ રાગાદિ છૂટતાં જાણે તેમને દયા કરવાનું તથા પ્રતિક્રમણાદિ કરવાનું કહે પણ જ્યાં સર્વ રાગ દૂર થયો છે ને વીતરાગી દશા થઈ છે તેને કાંઈ પણ કાર્ય કરવાનું રહ્યું નથી. તેથી કેવળી ભગવાનને કાંઈ ઉપદેશ નથી -એવો ક્રમ જાણવો.

વળી ચરણાનુયોગમાં કષાયી જીવોને કષાય ઉપજાવીને પણ પાપથી છોડાવી ધર્મમાં લગાવીએ છીએ. જેમ પાપનું ફળ નરકના દુઃખ બતાવી ભય ઉપજાવી પાપ છોડાવીએ છીએ. માંસ ખાશો તો મરીને નરકમાં જશો ને પરમાધામીના માર ખાશો. ત્યાં ભય બતાવીને પુણ્યમાં લગાવે છે. ચરણાનુયોગની આ પદ્ધતિ છે. ઢોરમાં જશો ને કસાઈ પાસે કપાશો -એમ ભય બતાવે છે. ભય કષાય છે છતાં પાપ છોડાવવા એમ કહે છે. ત્યાં કષાય મંદ કરે તો પુણ્ય થાય છે. વળી પૂજાદિક કરશો તો દેવપદ મળશે એમ લોભ બતાવી શુભ પરિણામમાં લગાવે છે.

પૈસાની તૃષ્ણાવાળાને દયા-દાનાદિ કરવાનું કહે. બીજું આ જીવ ઇંદ્રિય, વિષય, શરીર, પુત્ર એને ધનના અનુરાગથી પાપ કરે છે. ધર્મથી વિમુખ રહે છે માટે ઇંદ્રિયવિષયોને મરણ અને કલેશના કારણ બતાવી અરતિ કરાવીએ છીએ. વળી જે જીવ ખાવા-પીવામાં ને દુકાનના ધંધામાં રચ્યોપચ્યો રહે છે ને ચોવીસે કલાક પાપ કરે છે તેને કહે છે કે વિષયસેવન કરવાથી શરીર ક્ષીણ થઈ જશે ને મરી જઈશ, ઇંદ્રિય વિષયોથી શરીરની અવસ્થા ખરાબ થશે. પુત્ર, સ્ત્રી વગેરે બધા લૂંટારા છે, સ્વાર્થના

સગાં છે વગેરે કહી અરતિ ઉપજાવી, શુભ ભાવ કરાવે ત્યાં તીવ્ર કષાય છોડાવવાનો હેતુ છે, પણ ત્યાં ધર્મ નથી.

ઉપદેશની પદ્ધતિ બતાવે છે. ચરણાનુયોગમાં એક કષાય ઉપજાવી બીજો કષાય ઘટાડવા ઉપદેશ આપે છે તે પુણ્ય પરિણામ છે. આવી પદ્ધતિ છે. ધર્મ તો આત્માના શ્રદ્ધા-જ્ઞાન દ્વારા જ થાય છે.

**દ્વિ.વૈશાખ સુદ ૩, શુક્રવાર, ૧૫-૫-૫૩.**

આચરણ કરાવવાના ઉપદેશની રીત બતાવે છે. કઈ અપેક્ષાએ કથન છે તે સમજે નહિ તો ધર્મ થાય નહિ. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેના શ્રદ્ધા-જ્ઞાન કરવા તે ધર્મ છે. શરીરની ક્રિયા તે ધર્મ નથી. ચરણાનુયોગમાં મંદ કષાય કરાવવા ઉપદેશ આપે છે પણ તે ધર્મ નથી. ધર્માત્માને પણ અધૂરી દશામાં રાગ આવે છે તેથી તે પ્રકારનો ઉપદેશ આપે છે.

અહીં કહે છે કે શરીર અશુચિ છે -એમ કહી દુગંછા ઉપજાવીને પણ વૈરાગ્ય કરાવવાનો ઉપદેશ આપવામાં આવે છે. દુગંછા દ્વેષ છે છતાં વૈરાગ્ય ઉપજાવવા એમ કહે છે કે શરીર હાડ-માંસથી ભરેલું છે. એમ દ્વેષ ઉપજાવી કષાયમંદતા કરાવે છે પણ તે ધર્મ નથી. અજ્ઞાની જીવ કહે છે કે શુભ રાગ કરતાં કરતાં ધર્મ થશે તો તે વાત ખોટી છે. વળી લક્ષ્મીવાળાને કહે કે તારા સ્ત્રી-પુત્ર બધા ધનના લૂંટનારા છે એમ બતાવી દ્વેષ કરાવે છે પણ વૈરાગ્યના હેતુ માટે એવો વ્યવહાર ઉપદેશ આવે છે પણ ત્યાં ધર્મ નથી. વાસ્તવિક ધર્મ આત્માના આશ્રયે થાય છે. સંસારમાં વિચિત્રતા છે. પતિ-પત્નિ જુદા રહે છે -એવા દાખલા આપી દ્વેષ કરાવી રાગની મંદતા કરાવે. વળી લક્ષ્મી હશે તો બંદૂક લઈને ચોર આવશે ને મારી નાખશે એમ ભય બતાવે ને એવા દાખલા પણ બને છે. જે લક્ષ્મીને સુખનું કારણ માનેલ હોય તે કલેશનું અને મરણનું નિમિત્ત બને છે -એમ કહી તૃષ્ણા ઘટાડવાનો ઉપદેશ આવે છે પણ તેથી ધર્મ થાય છે એમ ન સમજવું. ત્યાં વ્યવહારધર્મ એટલે કે પુણ્ય થાય છે. અજ્ઞાની પુણ્યને ધર્મ માને છે. ચિદાનંદ આત્માની રુચિ કરવાથી જ ધર્મ થાય છે, કોઈ નિમિત્તથી, રાગથી કે બાહ્યથી ધર્મ થતો નથી.

ભગવાનની સ્તુતિ કરો, બ્રહ્મચર્ય પાળો તો દરિદ્રતા નાશ પામશે એમ કહે, તો ત્યાં પૂર્વના પુણ્યને લીધે દરિદ્રતા નાશ પામે છે પણ વ્યવહાર પદ્ધતિમાં આવું વિધાન છે. ત્યાં શુભ રાગ કરાવવાનો હેતુ છે. લોભ કષાય ઉપજાવી પુણ્યના કાર્યોમાં લગાવે છે. પ્રતિકૂળ સંયોગ પલટી અનુકૂળ સંયોગ મળે તો શુભ રાગથી મળ્યા એમ કહેવામાં આવે છે. એ જ પ્રમાણે અન્ય ઉદાહરણ પણ જાણવા.

**પ્રશ્ન** : કોઈ કષાય છોડાવી વળી કોઈ અન્ય કષાય કરાવવાનું શું પ્રયોજન ?

**ઉત્તર** : જેમ રોગ તો શીતાંગ પણ છે તથા જ્વર પણ છે પણ કોઈને ઠંડીથી મરણ થતું જાણે તો વૈદ્ય તેને તાવ અથવા ગરમી કરવાનો ઉપાય કરે છે. સૂંઠ વગેરે લગાવવાનું કહે, ગરમ



ધાબળા ઓઢાડે ને ઘણો તાવ થયો હોય ને જીવવાની આશા હોય તો મીઠાનું પાણી અને બરફ લગાવવા કહે. તેમ દયા, દાન, પૂજાદિ ભાવ બૂરા છે ને વિષયભોગ વિશેષ બૂરા છે તેથી કોઈ જીવને વિકારકાર્ય ઘણું જાણે તો શ્રીગુરુ પુણ્યકાર્યના કારણભૂત કષાયમંદતા કરવાનું કહે. પણ અજ્ઞાની તેને ધર્મ માની બેસે છે તે યથાર્થ નથી. કોઈ જીવને શુભ રાગ કરવાનું કહે. પછી તેને સાચી વાત જણાવે કે શુદ્ધ ચિદાનંદ આત્માના આશ્રયે ધર્મ થાય છે. શુભ રાગમાં રાખવાનો હેતુ નથી, પાછળથી મંદ કષાય પણ મટાડવાનો ઉપાય કરે. કોઈ શિકારાદિના પાપ કરતો હોય, વળી કોઈ વેપારી આખો દિવસ દુકાનના જ કામ કરતો હોય તેને કહે કે મંદિર જજે, રોજના ચાર સ્તવન ગાજે, અભિષેક કરજે વગેરે કરવાનું કહે પણ ત્યાં મંદ કષાય કરે તો પુણ્ય છે, ધર્મ નથી. આ પ્રમાણે અહીં પ્રયોજન જાણવું.

વળી ચરણાનુયોગમાં જેમ જીવ પાપને છોડી ધર્મમાં જોડાય તેવા અભિપ્રાય સહિત અનેક યુક્તિથી વર્ણન કરીએ છીએ. ત્યાં લૌકિક દૃષ્ટાંત યુક્તિ વડે ન્યાય પદ્ધતિથી સમજાવીએ છીએ. કોઈ ઠેકાણે અન્યમતના ઉદાહરણ આપે છે. લક્ષ્મીને કમળવાસિની કહી છે તે વાત જૂઠી છે. સમુદ્રમાં વિષ અને લક્ષ્મી બન્ને ઊપજે છે એ અપેક્ષાએ લક્ષ્મીને વિષની બેન કહી. વસ્તુસ્વરૂપ એમ નથી પણ એવા દાખલા આપે છે. લક્ષ્મી વિષની ભગિની નથી. લક્ષ્મી તો જડ છે પણ લોકો કહે છે માટે ત્યાં એવી ઉપમા આપી છે. લક્ષ્મીએ ઝેરનું કાર્ય કહ્યું એમ કહેવાય છે. ખરેખર તો પોતાના કારણે મરે છે. લક્ષ્મીના કારણે માણસ મરતો નથી. ઉદાહરણ જૂઠું સમજવું પરંતુ સાચા પ્રયોજનને પોષે છે તેથી દોષ નથી.

કોઈ કહે કે અહીં જૂઠનો દોષ લાગે છે ? તો કહે છે કે જૂઠ છે પણ પ્રયોજન સાચું છે. હેતુ વૈરાગ્યનો છે માટે જૂઠ ન કહીએ. જૂઠું પ્રયોજન પોષે તો ભૂલ છે. એ પ્રમાણે અલંકારયુક્ત નામાદિકમાં વચન અપેક્ષાએ સાચ જૂઠ નથી પણ પ્રયોજન અપેક્ષાએ સાચું-જૂઠું છે.

જેમ તુચ્છ શોભ સહિત નગરને ઈંદ્રપુરી સમાન કહીએ છીએ. તે જો કે જૂઠું છે પરંતુ ત્યાં શોભા બતાવવી છે માટે તે જૂઠ નથી. ચરણાનુયોગમાં આવી પદ્ધતિ છે. વળી કહ્યું કે આ નગરમાં છત્રને જ દંડ છે, અન્ય ઠેકાણે નથી -એમ અલંકાર આવે છે. રાજા પ્રજાને દંડ દેતો નથી એ બતાવવા એમ કહેલ છે. તે જો કે જૂઠું જ છે કારણ કે અન્ય ઠેકાણે દંડ થતો જોવામાં આવે છે પણ અન્યાયવાન ઓછા છે ને ન્યાયવાન વધારે છે. ન્યાયવાનને દંડ થતો નથી એવા પ્રયોજનને પોષ છે એમ જાણવું. આ પ્રમાણે પદ્ધતિ જાણવી. વળી બૃહસ્પતિનું નામ સુરગુરુ લખેલ છે પણ તેમ નથી. તે ઉપમા આપી છે. વળી મંગળ ગ્રહને કુંજ કહેલ છે પણ તેવા નામ તો અન્યમત અપેક્ષાએ છે. એનો અક્ષરાર્થ છે તે તો જૂઠો છે પરંતુ એ નામો તે પદાર્થને પ્રગટ કરે છે માટે તે જૂઠા નથી. એ પ્રમાણે અન્યમતાદિકના ઉદાહરણ આપીએ છીએ તે જૂઠા છે પરંતુ અહીં ઉદાહરણનું શ્રદ્ધાન કરાવવું નથી. પ્રયોજન સાચું છે તેથી અહીં દોષ નથી.

વળી ચરણાનુયોગમાં છદ્મસ્થના ખ્યાલમાં આવે એવી અપેક્ષાએ લોકપ્રવૃત્તિની મુખ્યતા સહિત ઉપદેશ આપીએ છીએ પણ કેવળજ્ઞાન અપેક્ષાએ-સૂક્ષ્મપણાની અપેક્ષાએ આપતા નથી. કારણ કે તેનું આચરણ થઈ શકતું નથી અને અહીં તો આચરણ કરાવવાનું પ્રયોજન છે. જેમ અણુવ્રતીને ત્રસહિંસાનો ત્યાગ કહ્યો. આત્માના ભાન પછી પંચમ ગુણસ્થાનવાળાને સ્ત્રીસેવન આદિમાં ત્રસહિંસા તો થાય છે. અનાજના ધંધામાં પણ કોઈ ત્રસ જીવનો ઘાત થાય છે, રસોઈમાં પણ કોઈ ત્રસ જીવ મરી જાય છે તો પણ ત્રસના ઘાતનો ત્યાગ છે -એમ કહેવાય છે. તે જાણે છે કે ત્રસ જીવો મરે છે પણ તેનો મારવાનો અભિપ્રાય નથી. ત્રસ જીવ માર્યો એમ લોકમાં કહેવાય તેવી ત્રસહિંસા તે કરતો નથી. તેથી ત્રસહિંસાનો ત્યાગ કહ્યો.

વળી મુનિને સ્થાવરહિંસાનો ત્યાગ કહ્યો. લીલોતરી, પૃથ્વી, પાણી વગેરે સચેત છે, તેમાં એકેંદ્રિય જીવ છે. મુનિને સ્થાવરની હિંસાનો ત્યાગ છે છતાં મુનિઓ કોઈ વખતે નદીઓ ઊતરે છે, કોઈ વખતે વહાણમાં જાય છે, ત્યાં સ્થાવર અને ત્રસ જીવો મરે છે, પણ લોકો જેને હિંસા કહે તેવી હિંસા કરતાં નથી. વળી પાણીમાં ઘણા સૂક્ષ્મ જીવો છે, પાણીને ગાળવા છતાં તે અંદર ચાલ્યા જાય છે, તેવી કેટલાક જીવોની સૂક્ષ્મ અવગાહના છે જે દૃષ્ટિગોચર થતી નથી. તેની સ્થિતિ પૃથ્વી ને જળ આદિમાં હોય છે. મુનિ પણ શાસ્ત્રથી જાણે છે. ઢેડગરોળી ઈંડા મૂકે છે તે પંચેંદ્રિય હોય છે તે ખ્યાલમાં ન આવે ને હાલતાં ચાલતાં મરી જાય છે, પણ મારવાનો અભિપ્રાય નથી. પ્રમાદથી સ્થાવર-ત્રસહિંસાનો અભિપ્રાય નથી.

સર્વજ્ઞ તીર્થંકર ભગવાનને પરમ ઔદારિક શરીર હોય છે તેના નિમિત્તે જીવની હિંસા થતી નથી. કોઈ પરિહારવિશુદ્ધ ચારિત્રવાળા મુનિના શરીરના નિમિત્તે પણ હિંસા થતી નથી.

અહીં કહે છે કે મુનિને સ્થૂળ હિંસાનો ત્યાગ છે. પ્રમાદથી મારવાનો ભાવ નથી. મુનિ ભૂમિ ખોદતા નથી તથા સચેત પાણી પીતા નથી. લોકમાં સ્થૂળ હિંસા કહે તેવી પ્રવૃત્તિ કરતા નથી. કૂવાના પાણીમાં સૂક્ષ્મ જીવો છે. પાણી ગરમ ન કરે ત્યાં સુધી તે સચેત છે. પાણીમાં એકેંદ્રિય જીવો છે, વૃક્ષના પાંદડા આદિમાં જીવો છે. લીમડાના ફૂલમાં-કોરમાં અનંત જીવો છે. બુદ્ધિપૂર્વક આચરણ કરી શકે તેની અહીં વાત ચાલે છે. સ્થૂળ જીવોને ન મારવા તેને હિંસાનો ત્યાગ કહ્યો. એ જ પ્રમાણે અસત્ય, ચૌર્ય, અબ્રહ્મચર્ય અને પરિગ્રહનો ત્યાગ તેમને કહ્યો છે.

મુનિ જૂઠું બોલતા નથી તેથી સત્યવાદી કહ્યા પણ સૂક્ષ્મ અપેક્ષાએ બારમા ગુણસ્થાન સુધી અસત્ય વચનયોગ છે. વળી કેવળજ્ઞાનીને જીવનમુક્તદશા થવા છતાં યોગનું નિમિત્ત છે તેથી કર્મના પરમાણુ આવે છે તેથી અદત્ત કર્મપરમાણુ આદિનું ગ્રહણ કહ્યું. ચરણાનુયોગમાં નિમિત્તની અપેક્ષાએ કથન છે. કેવળી ભગવાનને ઔદારિક શરીરના પરમાણુ આવે છે તેથી તેને ગ્રહણ કરે છે એમ કહેવામાં આવે છે. વાસ્તવિક રીતે જીવ પરમાણુનું ગ્રહણ-ત્યાગ કરી શકતો નથી.



વળી મુનિને બ્રહ્મચારી કહેલ છે, નવમા ગુણસ્થાન સુધી અબુદ્ધિપૂર્વક વેદનો ઉદય છે છતાં તેને બ્રહ્મચારી કહે છે. પણ બુદ્ધિપૂર્વક વેદમાં જોડાણ નથી તેથી બ્રહ્મચારી કહે છે. દસમા ગુણસ્થાન સુધી લોભનો ઉદય છે તેથી અંતરપરિગ્રહ છે ને સર્વજ્ઞ પરમાત્માને સમવસરણ હોય છે પણ પ્રમાદભાવનો અભિપ્રાય નથી. ચોરી કરે, પરિગ્રહ રાખે, જૂઠું બોલે, કુશીલ સેવે વગેરે લોકમાં નામ પામે એવું તેને હોતું નથી તેથી જૂઠા તથા ચોરી આદિનો ત્યાગ કહેલ છે તે ચરણાનુયોગ અનુસાર છે. કરણાનુયોગના સૂક્ષ્મ પરિણામ અનુસાર તે હોતું નથી -એમ સમજવું.

## દ્વિ.વૈશાખ સુદ ૪, શનિવાર, ૧૬-૫-૫૩.

ચાર પ્રકારના અધિકાર શાસ્ત્રમાં છે. તેની કથનપદ્ધતિ જેવી છે તેવી ન સમજે તો ગોટાળો થાય. સાધારણ બાળ જીવોને સમજાવવા કથાનુયોગમાં પુણ્યના ફળ બતાવે પણ તે ધર્મ નથી, પરિણામનું વર્ણન કરણાનુયોગમાં છે ને ચરણાનુયોગમાં પદ્ધતિ કેવી હોય છે તે વાત ચાલે છે. સ્વભાવમાં અરાગી પરિણામ થાય ને રાગ ઘટે તે પ્રયોજન હોય છે. મુનિને મૂળગુણોમાં પાંચ ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ કહ્યો, પણ ઇંદ્રિયોનું જાણવું મટતું નથી. વળી સર્વથા રાગ છૂટી ગયો હોય તો યથાખ્યાત ચારિત્રદશા હોવી જોઈએ પણ એમ નથી. હજી થોડો ઘણો રાગ છે પણ સ્થૂળપણે ઇચ્છાનો અભાવ છે ને અતીંદ્રિય આનંદનો અનુભવ કરે છે ને બાહ્ય વિષયોની સામગ્રી મેળવવાની પ્રવૃત્તિ નથી તેથી પાંચ ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ કહ્યો. આમ અપેક્ષા સમજવી. આત્માનું અવલંબન છે, ત્રણ કષાય ટળ્યા છે, જરા પ્રમાદભાવ છે ને પાંચ ઇંદ્રિયનું જાણવું વર્તે છે પણ સ્વચ્છંદી નથી તેથી પાંચ ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ કહ્યો.

વળી વ્રતી જીવ ચરણાનુયોગ અનુસાર ત્યાગ કરે છે. શ્રાવકને ત્રસહિંસાનો ત્યાગ છે પણ કેવળજ્ઞાની જ જેને દેખી શકે તેવા ત્રસ જીવની હિંસાનો ત્યાગ નથી પણ લોકપ્રવૃત્તિમાં જેને ત્રસહિંસા કહે છે તેનો ત્યાગ છે -એમ સમજવું. ત્રસ જીવોને મારવાનો સંકલ્પ ન કરે, મારવાના વચન ન બોલે ને મારવામાં પોતાની કાયા નિમિત્ત ન થાય એમ પ્રવર્તે. આમ ત્રસહિંસાનો ત્યાગ વર્તે છે, એમ અન્ય પણ ત્યાગ વા ગ્રહણ હોય છે તે એવી પદ્ધતિ સહિત જ હોય છે એમ જાણવું.

**પ્રશ્ન** : જડ અને ચૈતન્યના સૂક્ષ્મ પરિણામના કથન કરવાવાળા કરણાનુયોગમાં કેવળજ્ઞાનની અપેક્ષાએ તારતમ્યરૂપ કથન છે. ત્યાં નિર્ગ્રંથ મુનિઓને બાર અવિરતિનો સર્વથા અભાવ કહ્યો તે કેવી રીતે છે?

**ઉત્તર** : અવિરતિ પણ યોગકષાયમાં ગર્ભિત હતી. છકાયની જીવની હિંસાનો ભાવ તે અવિરતિ ભાવ છે પરંતુ ત્યાં પણ ચરણાનુયોગની અપેક્ષાએ ત્યાગ કહ્યો. પાંચ ઇંદ્રિયો તથા મન તરફની સ્વેચ્છાચારી પ્રવૃત્તિ હોતી નથી તેથી અવિરતિનો ત્યાગ કહ્યો.

સમ્યગ્દર્શન થયા પછી રાગ ઘટી ગયો છે તે મુનિ છે. એક વાર ભોજન ને પાણી લ્યે છે.

એવી દશા સહજ હોય છે, તે હઠથી હોતી નથી. આનંદની ઉગ્ર દશા વર્તે છે. શાંતિ વધતી હોય છે. મુનિ બિમાર હોય ત્યારે શ્રાવક આહાર સાથે દવા આપી દે તો જુદી વાત છે પણ એક વખત સિવાય બીજી વખત કાંઈ પણ લેતા નથી. તેઓ સિંહવૃત્તિવાળા હોય છે, કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા હોય છે.

મુનિને અલ્પ રાગ હોય છે, કોઈ કલ્પના આવી જાય, અતિચાર લાગી જાય પણ ત્રણ કષાયનો અભાવ છે તેથી મુનિપણું ટકી રહે છે. પુરુષાર્થની ઉગ્રતાનો પ્રયોગ કરે છે. આહારનો વિકલ્પ સહજ ટાળી દે છે.

વળી ચરણાનુયોગમાં વ્યવહાર લોકપ્રવૃત્તિની અપેક્ષાએ નામાદિક કહીએ છીએ. જેમ સમ્યગ્દષ્ટિને પાત્ર તથા મિથ્યાદષ્ટિને અપાત્ર કહ્યા, ત્યાં જેને આગમ પ્રમાણે શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ છે તેને સમ્યગ્દષ્ટિ કહ્યા છે. જિનદેવની તથા નિર્ગ્રંથ મુનિની લક્ષણથી પરીક્ષા કરી છે તેને વ્યવહારે સમકિતી કહે છે ને આવી શ્રદ્ધા ન હોય તેને મિથ્યાદષ્ટિ જાણવો. કારણ કે દાન આપવું ચરણાનુયોગમાં કહ્યું છે. ત્યાં ચરણાનુયોગની અપેક્ષાએ સમ્યક્ત્વ-મિથ્યાત્વ કહીએ છીએ. જો ત્યાં કરણાનુયોગની અપેક્ષાએ સમ્યક્ત્વ-મિથ્યાત્વ ગ્રહણ કરવામાં આવે તો જે જીવ અગિયારમા ગુણસ્થાને હોય તે જ પાછો અંતર્મુહૂર્તમાં પ્રથમ ગુણસ્થાનમાં આવે. અંતરમાં રુચિ પલટી જાય ને અંતરના પરિણામ દાતાર પકડી ન શકે તેથી બાહ્ય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય તેને પાત્ર ગણી દાન આપે છે.

વળી જો દ્રવ્યાનુયોગના અપેક્ષાએ ત્યાં સમ્યક્ત્વ-મિથ્યાત્વ ગ્રહણ કરવામાં આવે તો મુનિસંઘમાં દ્રવ્યલિંગી પણ છે, ભાવલિંગી પણ છે. બાહ્યમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા સાચી હોય પણ અંતરમાં પરિણામ મિથ્યા હોય તો તેની બીજાને ખબર શી રીતે પડે ?

અહીં દ્રવ્યાનુયોગની અપેક્ષાએ ખ્યાલ આવી જાય કે અમુક મુનિના વિચારમાં ફેર છે, પણ બાહ્ય પ્રવૃત્તિ સાચી હોય, ૨૮ મૂળગુણનું પાલન કરતો હોય, ભાવલિંગી સંતોની સાથે દ્રવ્યલિંગી મુનિ પણ હોય, તેની પરીક્ષા કરણાનુયોગ અનુસાર ન થઈ શકે પણ દ્રવ્યાનુયોગ અનુસાર બરાબર નિર્ણય થવો કઠણ છે કારણ કે બાહ્ય પ્રવૃત્તિ બન્નેની સમાન છે. તથા જો કદાચિત્ સમ્યગ્દષ્ટિને કોઈ ચિહ્ન વડે તેનો નિર્ણય થાય ને ભક્તિ ન કરે તો બીજાને સંશય થાય કે આની ભક્તિ કેમ ન કરી ?

સૂક્ષ્મ પરિણામ વડે પાત્ર-અપાત્રની પરીક્ષા થઈ શકતી નથી. દ્રવ્યાનુયોગ અનુસાર કોઈ સમકિતી જીવને કોઈ મુનિની શ્રદ્ધા વિષે શંકા પડી જાય. અહીં નગ્ન દિગંબર મુનિની વાત છે. જેનો વ્યવહાર સાચો છે તેની સાથે સૂક્ષ્મ ચર્ચા થતાં ખ્યાલમાં આવી જાય કે આની સૂક્ષ્મ ભૂલ છે, પણ બહારથી વ્યવહાર સાચો હોય, બાહ્ય પ્રરૂપણા સાચી હોય તો સમ્યગ્દષ્ટિ પણ તેનો વિનય કરે. બીજાને સંશય ન થાય તે ખાતર એમ કરે છે.



મુનિની બાહ્ય પ્રવૃત્તિ સમાન છે પણ સૂક્ષ્મ ચર્ચામાં ખ્યાલ આવી જાય કે મુનિની અમુક વાતમાં ભૂલ છે, પણ સૂક્ષ્મ વાત બહારમાં મૂકી શકાય એમ નથી. નિમિત્તથી કાર્ય થાય એમ માને તે તો સ્થૂળ ભૂલ છે. સૂક્ષ્મ ભૂલવાળા મિથ્યાદષ્ટિની ભૂલ પ્રગટ થાય તો સંઘમાં વિરોધ થાય તેથી પ્રગટ કરતાં નથી. સ્થૂળ ભૂલ નથી માટે ચરણાનુયોગની અપેક્ષાએ તેવા મુનિ દાનને પાત્ર છે. માટે ત્યાં વ્યવહાર સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ કથન જાણવું.

**દ્વિ.વૈશાખ સુદ ૫, રવિવાર, ૧૭-૫-૫૩.**

ચરણાનુયોગમાં આચરણ કરાવવાની મુખ્યતા છે. ચિદાનંદ આત્માના આશ્રયે ધર્મ થાય છે પણ વીતરાગતા ન થાય ત્યાં સુધી રાગ આવે છે તેના પ્રકારની વાત ચાલે છે.

વ્યવહાર જ્ઞાનાદિ સાચા હોય પણ અંતરઆત્માનું ભાન નથી તે દ્રવ્યલિંગી છે. અહીં પ્રશ્ન કરે કે સમ્યગ્દષ્ટિ જીવને આત્માનું ભાન છે તેથી તે દ્રવ્યલિંગીને પોતાનાથી હીનગુણ સહિત માને છે તો તે તેની ભક્તિ કેવી રીતે કરે ?

**ઉત્તર** : દ્રવ્યલિંગીનો વ્યવહાર સાચો હોય છે. પાંચ મહાવ્રત પાળતો હોય છે પણ ચર્ચા-વાર્તા કરતાં સૂક્ષ્મ ભૂલ દેખાય છતાં સમકિતી બાહ્યથી તેનો વિરોધ ન કરે. દ્રવ્યલિંગીને સનાતન જૈનમાર્ગ પ્રમાણે ૨૮ મૂળગુણ પાલનાદિ સાધન ઘણું હોય છે. સમકિતીને સંસારમાં હોવાથી એવો વ્યવહાર હોતો નથી. દ્રવ્યલિંગીને આગમ પ્રમાણે સમકિત અથવા વ્યવહારજ્ઞાન છે તથા વ્યવહાર સાધન ઘણું છે. અને ભક્તિ કરવી તે પણ વ્યવહાર છે; માટે જેમ પોતે ધનવાન હોય પરંતુ કુળમાં જો કોઈ મોટો હોય તો તેને કુળ અપેક્ષાએ મોટો જાણી તેનો સત્કાર કરવામાં આવે છે તેમ પોતે સમ્યક્ત્વગુણ સહિત છે પરંતુ જો કોઈ વ્યવહારધર્મ એટલે સર્વજ્ઞની આજ્ઞા અનુસાર ધર્મમાં પ્રધાન હોય તો વ્યવહારધર્મની અપેક્ષાએ ગુણ અધિક માની તેની ભક્તિ કરે. બાહ્ય ત્યાગ-તપશ્ચર્યા આદિમાં અધિક હોય તેની ભક્તિ કરે એમ જાણવું. વ્યવહાર ચોખ્ખો હોવો જોઈએ. સાધારણ ભૂલ હોય તો બહાર ન પાડે પણ મોટી ભૂલ ગોપવી શકાય નહિ. સર્વજ્ઞે કહેલ છે તે અનુસાર જેનો વ્યવહાર સાચો હોય તેવાની ભક્તિ સમકિતી કરે. સમકિતી કરતાં દ્રવ્યલિંગીનો વ્યવહાર વધારે છે માટે ચોથા ગુણસ્થાનવાળો દ્રવ્યલિંગીની ભક્તિ કરે.

એ જ પ્રમાણે જે જીવ ઘણા ઉપવાસ કરે છે તેને તપસ્વી કહીએ છીએ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય ને રાગ ઘટાડે તેનું બાહ્ય આચરણ ચરણાનુયોગ અનુસાર કહેવાય. જે આત્માના ભાન સહિત ધ્યાન-અધ્યયનાદિ વિશેષ કરે છે તે ઉત્કૃષ્ટ તપસ્વી છે. દરરોજ ખાતો હોય છતાં સ્વાધ્યાય-ધ્યાન કરતો હોય, આહાર લેવા-મૂકવાની ક્રિયા આત્મા કરી શકતો નથી એવું ભાન છે ને અનાહારક સ્વભાવ માનતો હોય તો તે તપસ્વી છે.

ખરેખર મુનિવ્રત લીધું તે તપકલ્યાણક છે. અંદર જ્ઞાનસહિત વીતરાગદશા થવી તે તપકલ્યાણક છે. પણ ચરણાનુયોગમાં બાહ્ય તપની પ્રધાનતા છે. બહારમાં ઉપવાસ કરે તેને તપસ્વી કહે છે. એ પ્રમાણે અન્ય નામાદિક પણ સમજવા. એ જ પ્રમાણે અન્ય અનેક પ્રકાર સહિત ચરણાનુયોગમાં વ્યાખ્યાનનું વિધાન જાણવું.

હવે દ્રવ્યાનુયોગમાં કેવી રીતે વ્યાખ્યાન છે તે અહીં દર્શાવીએ છીએ.

## દ્રવ્યાનુયોગમાં વ્યાખ્યાનનું વિધાન

દ્રવ્યાનુયોગ વિષે કેવી પદ્ધતિ ચાલે છે તે બતાવે છે. છ દ્રવ્યો છે. તેમાં અનંતા ગુણો છે ને તેની અનંતી પર્યાયો છે, દરેક સ્વતંત્ર છે એમ જે બતાવે તે દ્રવ્યાનુયોગ છે. કોઈથી કોઈની પર્યાય થતી નથી. જડની પર્યાય વ્યવહારથી પણ આત્મા કરી શકતો નથી. આંખથી આત્મા દેખતો નથી, આત્મા જ્ઞાનથી દેખે છે. પોતાથી જ્ઞાન થાય તો આંખને નિમિત્ત કહેવાય છે. આંખને લીધે જ્ઞાન માને તે ભ્રમ છે. આંખ અને જ્ઞાનની પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે. જ્ઞાનગુણનું વિશેષરૂપ પરિણમન જ્ઞાનસામાન્યથી થાય છે, નિમિત્તથી વિશેષ થતું નથી.

છ યે દ્રવ્યો ભિન્ન છે, એક દ્રવ્યથી બીજા દ્રવ્યની અવસ્થા માનવામાં આવે તો છ રહેતાં નથી. પુદ્ગલો અનંતા છે. એક પુદ્ગલ બીજા પુદ્ગલનું કરે એમ માનવામાં આવે તો અનંતા પુદ્ગલદ્રવ્ય સાબિત થતાં નથી. કોઈ કોઈને ઉપકાર અથવા અપકાર કરવા સમર્થ નથી. પરની સેવા કોઈ કરતો નથી. પોતામાં સેવા કરવાનો શુભ રાગ આવે છે. માનાદિના પરિણામ ન હોય તો શુભ રાગ છે. શુભથી લાભ માને તો તેણે આત્માની અસેવા કરી છે ને મિથ્યાત્વની સેવા કરી છે. તૃષ્ણા ઘટાડે એટલો પુણ્યભાવ છે. પરની સેવા કરી શકું છું એવો મિથ્યાભાવ તે મોટું પાપ છે. એક પદાર્થ ને બીજા પદાર્થ વચ્ચે અત્યંત અભાવ છે. તો પછી એક બીજાને શું કરે ? શાસ્ત્રના શબ્દો યથાર્થ વસ્તુસ્વરૂપ બતાવે છે. ''ગોળ'' શબ્દ ગોળ પદાર્થને બતાવે છે તેમ શાસ્ત્રના શબ્દો પદાર્થની સ્વતંત્રતા બતાવે છે. એવી સ્વતંત્રતાનો ઢંઢેરો દ્રવ્યાનુયોગ પીટે છે.

પ્રત્યેક પદાર્થ ભિન્ન ભિન્ન કામ કરે તો પ્રત્યેકતા રહે ને ભેગા થઈને કામ કરે તો ભિન્ન રહેતાં નથી. આ આંગળીના દરેક પરમાણુનું કાર્ય સ્વતંત્ર થાય છે. આમ યથાર્થ શ્રદ્ધાન કરવું જોઈએ. સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે. માટે પહેલા દ્રવ્યાનુયોગ અનુસાર યથાર્થ શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થવું યોગ્ય છે.

વળી કોઈ જીવ ભગવાનની વાણી સાંભળવા ગયો તો પણ શું ? પોતામાં નૈમિત્તિક દશા ન પામ્યો તો ભગવાનની વાણીને નિમિત્ત પણ ન કહેવાય. કેવળી ભગવાન પાસે જવા છતાં કોરો રહી ગયો. માટલામાં પાણી ન પડે તો માટલું કોરું રહી જાય તેમ અજ્ઞાની કોરો રહી જાય છે.



જીવાદિ દ્રવ્યો સ્વતંત્ર છે. દરેક દ્રવ્યમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને આધાર ગુણો છે. આધાર ગુણને લીધે તે પોતામાં રહેલ છે. પરના આધારે કોઈ વસ્તુ રહેતી નથી. એક પરમાણુ બીજા પરમાણુથી જુદો છે, કોઈને લીધે કોઈ નથી. અનંતા દ્રવ્યો પૃથક્ છે તેની યુક્તિ બતાવે છે. આધાર નામના ગુણને લીધે તે રહે છે. પરને લીધે રહે છે એમ કહેવું તે ઉપચાર છે. દરેક દ્રવ્યનું સાધન અથવા કરણ પોતામાં છે. પરમાણુમાં પણ સાધનગુણ અનાદિ અનંત છે. આત્મા આત્માના સાધનથી કાર્ય કરે છે, કર્મના સાધનથી તે નરકમાં જતો નથી. પોતાની યોગ્યતાથી નરકમાં જાય છે. કર્મને કાંઈ ખબર નથી, કર્મ નિમિત્તમાત્ર છે. અહીં દ્રવ્યાનુયોગમાં યથાર્થ શ્રદ્ધાન કરાવવાનું પ્રયોજન છે.

આત્મા ને પરમાણુ આદિ પોતાના ગુણ-પર્યાયથી અભેદ છે. પોતાના ગુણ ને પર્યાય પોતામાં છે. પરથી ભિન્ન છે ને પોતાથી અભિન્ન છે. એક પરમાણુમાં અનંતા ગુણો ને અનંતી પર્યાયો અભિન્ન છે. બીજા પરમાણુના ગુણ-પર્યાયથી તે ભેદરૂપ છે.

ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. જે દ્રવ્યના પૂરા ભાગમાં ને તેની સર્વ હાલતોમાં રહે તેને ગુણ કહે છે. એક બટાટાની નાની કટકીમાં અસંખ્ય શરીર છે, એક શરીરમાં અનંતા નિગોદ જીવો છે. ત્યાં દરેક જીવ પોતાના ગુણ-પર્યાયથી અભિન્ન છે ને પરના ગુણ-પર્યાયથી ભિન્ન છે. ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે, પોતાની લંબાઈ, પહોળાઈ તે ક્ષેત્ર છે, સમય સમયની પર્યાય તે કાળ છે ને પોતાની ત્રિકાળી શક્તિઓ તે ભાવ છે. દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભેદ છે ને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ભેદરૂપ છે. આમ અભેદ હોવા છતાં પણ ભેદકલ્પના વડે વ્યવહારથી દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ દ્રવ્યાનુયોગ નિરૂપણ કરે છે. જેમાં વર્ણ હોય તે પુદ્ગલ છે. જેમાં જ્ઞાન હોય તે જીવ છે -આમ સમજાવવા માટે ભેદથી કથન કરેલ છે.

## દ્વિ.વૈશાખ સુદ ૫, સોમવાર, ૧૮-૫-૫૩.

ચાર અનુયોગમાં જે કથનપદ્ધતિ છે તે બરાબર ન સમજે તો વિપરીત દૃષ્ટિ થાય છે. ચરણાનુયોગમાં વ્યવહારપ્રધાન કથન છે, કથાનુયોગમાં પુણ્ય-પાપના ફળ બતાવે છે, કરણાનુયોગમાં સૂક્ષ્મ પરિણામ અનુસાર વર્ણન છે, તે અનુસાર આચરણ કરી શકતા નથી. દ્રવ્યાનુયોગમાં યથાર્થ શ્રદ્ધાન કરાવે છે. છ દ્રવ્ય ને નવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા કરાવે, ભેદ, યુક્તિ, સાધનને દૃષ્ટાંત આપી નિરૂપણ કરે છે. તે અનુયોગ પ્રમાણે દૃષ્ટિ ન કરે તો બધું વ્યર્થ છે. જીવ આદિ વસ્તુ અભેદ છે, પણ તેમાં ભેદકલ્પના કરી નિરૂપણ કરે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ કરવા તે વ્યવહાર છે.

સમયસારમાં ભેદાભેદ વસ્તુ કહી. ત્યાં અભેદની દૃષ્ટિ તે સમ્યગ્દર્શનનું કારણ છે, ને પર્યાયને અભૂતાર્થ કહેલ છે. વીતરાગદશા થયા પછી દ્રવ્યને ભેદાભેદસ્વરૂપે જાણે છે. રાગી જીવને ભેદના લક્ષે આત્માનો અનુભવ થતો નથી. એ માટે ભેદને ગૌણ કરી જૂઠો કહેલ છે.

વળી એકાંત અભેદ કહો તો ગુણ-પર્યાયનો નાશ થાય ને એકાંત ભેદ કહો તો દ્રવ્ય સાબિત થતું નથી. અહીં દ્રવ્ય-ગુણ-પર્યાયની કલ્પના કરી વસ્તુ અભેદ કહી. અહીં બીજી અપેક્ષાથી કહેવું છે. ભેદ સમજાવવા માટે ભેદ કરે છે. ભેદ પણ આત્માનો ધર્મ છે. કેવળી ભગવાન પણ ભેદાભેદ વસ્તુને જાણે છે.

આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં બીજી પદ્ધતિ છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે. ગુણ-પર્યાયનું ક્ષેત્ર એક જ છે માટે અભેદ છે. સમયસારમાં એમ કથન આવે છે કે એક સમયની પર્યાયને ભેદ કહી, ગૌણ કરી, વ્યવહાર કહ્યો ત્યાં દ્રવ્યદૃષ્ટિ કરાવવા એમ કહ્યું છે. અહીં ગુણ-પર્યાયના પ્રદેશો અભેદ છે માટે અહીં દ્રવ્ય-ગુણ-પર્યાયને અભેદ કહ્યા છે. જ્યારે સમયસારમાં વિશેષને ગૌણ કરી સામાન્ય ધ્રુવસ્વભાવને સમ્યગ્દર્શનનો વિષય બતાવે છે. જે ભેદને સમયસારમાં ગૌણ કરી કાઢી નાખ્યો તે ભેદને અહીં દ્રવ્યમાં અભેદ લીધો કેમ કે ક્ષેત્રે અભેદતા છે.

વળી સમયસારમાં જે પર્યાય સ્વભાવ તરફ વળે તેને દ્રવ્ય સાથે અભેદ કહી દે છે, અનુભૂતિ છે તે જ આત્મા છે એમ કહી દે છે. અહીં જીવાદિ અભેદ છે તો પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડે છે તે પણ યુક્ત છે.

સમયસારમાં એમ કહેવું છે કે ગુણ-પર્યાયના ભેદનો આશ્રય કરવાથી રાગ થાય છે. તેથી ભેદને ગૌણ કરી ભેદ તારામાં નથી એમ કહ્યું, ને વીતરાગતા થયા પછી વસ્તુને ભેદાભેદસ્વરૂપ જાણે છે એમ કહ્યું.

અભેદમાં ભેદ દેખાતો નથી તે અપેક્ષાએ અથવા દૃષ્ટિપ્રધાન કથનમાં ગુણ-પર્યાયના ભેદને અવસ્તુ કહી છે ને અહીં ગુણ-પર્યાયના ભેદને વસ્તુ કહી છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે. વળી જેને સમયસારમાં ભેદ કહેલ છે તેને જ અહીં અભેદ કહેલ વસ્તુ ગુણ-પર્યાયથી અભેદ છે પણ સમજાવવા માટે ભેદથી નિરૂપણ કરે છે.

વળી પ્રતીતિ આણાવવા માટે અનેક યુક્તિ આપે છે. પ્રમાણ-નયથી ઉપદેશ આપે છે. સામાન્યસ્વભાવ દ્રવ્યાર્થિકનયનો વિષય છે, પર્યાય અથવા વિશેષ વ્યવહારનયનો વિષય છે. બન્ને પડખાનું જ્ઞાન કરનાર પ્રમાણ છે. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા છે એમ અનુમાન કરાવે છે. વળી સ્વસંવેદનજ્ઞાનથી પ્રત્યક્ષ વેદે તે પ્રત્યક્ષજ્ઞાન છે. આત્માના અસંખ્ય પ્રદેશ પ્રત્યક્ષ દેખાતા નથી પણ અનુમાન થાય છે.

સોનાનું દૃષ્ટાંત આપે છે. સોનામાં ગુણભેદરૂપ વિશેષ છે પણ સામાન્યમાં વિશેષ નથી -એમ દૃષ્ટાંત આપે છે ને તેથી વસ્તુની પ્રતીતિ કરાવે છે.

વળી નવ તત્ત્વોની યુક્તિ ને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે, ત્યાં ચિદાનંદ આત્મા સ્વ છે, શરીર-મન-વાણી પર છે એમ પૃથક્તાનું જ્ઞાન થાય એવો ઉપદેશ દ્રવ્યાનુયોગમાં કરવામાં આવે છે. ભેદવિજ્ઞાન,



શ્રદ્ધાન ને ચારિત્ર થાય તેમ જીવ-અજીવનો નિર્ણય કરાવે છે. વળી શ્રદ્ધાનો વિષય આત્મા છે, નગ્નપણું તે ચારિત્ર નથી એમ નિરૂપણ કરી બે તત્ત્વનું ભેદવિજ્ઞાન કરાવે છે. હવે આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષમાં શું પ્રયોજન છે તે બતાવે છે. દયા-દાનાદિ આસ્રવ છે એમ સમજાવે છે. તે તારા કલ્યાણ માટે કાર્યકારી નથી ને રાગાદિની અપેક્ષા છૂટી વીતરાગભાવ પ્રગટ થાય એમ કથન કરે છે. જીવ-અજીવના ભેદો જાણવાનો હેતુ ભેદવિજ્ઞાન કરાવવાનો છે. ને આસ્રવ, પુણ્ય આદિનું કથન કરે છે પણ પુણ્યભાવ કરાવવાનો હેતુ નથી. વીતરાગભાવ થાય તે હેતુ છે. જૈનદર્શનનો મર્મ દ્રવ્યાનુયોગમાં છે. માટે યથાર્થ રીતે દ્રવ્યાનુયોગ સમજવો જોઈએ.

**પ્રશ્ન** : પણ અમારે તો નયાતીક્રાંત થવું છે.

**ઉત્તર** : પ્રથમ નિશ્ચય અને વ્યવહારનય સમજ્યા વિના નયાતીક્રાંત થવાતું નથી, માટે પ્રથમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

સીતાજી જંગલમાં ગયા ત્યારે જરા રુદન આવ્યું હતું. પર્યાયમાં નબળાઈ છે છતાં અંતર્દૃષ્ટિ ખસી નથી. રામને કહેવડાવે છે કે સીતાને છોડી દીધી પણ પોતાના આત્માના ધર્મને ન છોડે, એમ દૃષ્ટાંતમાં પણ વીતરાગભાવનો હેતુ છે.

મૂળ ચીજ આત્માની દૃષ્ટિ છે. દ્રવ્યાનુયોગ વિના નિવેડો નથી ને સત્સમાગમ વિના દ્રવ્યાનુયોગ સમજાય તેમ નથી. આત્મા ચિદાનંદ સ્વરૂપ છે. એની પ્રતીતિ કરી રાગ રહિત થાઓ, અભેદ સ્વભાવનું લક્ષ કરો એમ દ્રવ્યાનુયોગ મહિમા ગાય છે. વળી દ્રવ્યાનુયોગમાં નિશ્ચય અધ્યાત્મ ઉપદેશની પ્રધાનતા છે. ત્યાં દયા-દાનાદિ પરિણામનો નિષેધ કરે છે. અજ્ઞાની દયા-દાનાદિમાં ધર્મ માને છે તે ભૂલ છે. દ્રવ્યાનુયોગમાં સ્વભાવદૃષ્ટિ કરાવવા પુણ્યનો નિષેધ કરાવે છે. અજ્ઞાની બાહ્ય ક્રિયામાં પુણ્ય માને છે. અહીં તો સમ્યગ્દૃષ્ટિના પુણ્યનો પણ નિષેધ કરે છે. સ્વભાવના આશ્રયે જ ધર્મ છે એમ સમજાવે છે.

જે જીવ આત્માનો અનુભવ કરતો નથી ને બાહ્ય વ્રતાદિમાં જ મગ્ન છે તેને ત્યાંથી ઉદાસીન કરાવે છે ને સ્વભાવની શ્રદ્ધા-નિર્વિકલ્પ પ્રતીતિ કરાવવા વ્રત-શીલ-સંયમને અધર્મ કહે છે. પુણ્યથી ધર્મ થતો નથી, ભક્તિ-પૂજા-જાત્રાદિના ભાવ અધર્મ છે, આત્મકલ્યાણ માટે તે બેકાર છે. નિશ્ચય જ્ઞાયકસ્વભાવની રુચિ કરે તો રાગનો આદર ન કરે પણ અજ્ઞાની તે વાત સમજતો નથી. તેથી નિર્વિકલ્પ પ્રતીતિ કરાવવા પાંચ મહાવ્રત, શીલ, સંયમને હીન કહે છે પણ પુણ્ય પરિણામ છોડી પાપ પરિણામ કરવા એવો અર્થ ન સમજવો ને એવો ઉદ્દેશ નથી. શુભભાવ ધર્મ નથી એમ સમજવું. તે સમ્યગ્દર્શનનું કારણ નથી. દયા-દાનાદિના પરિણામથી પરંપરા ધર્મ માનતો હોય તો તેનો નિષેધ કરે છે. પણ શુભ પરિણામ છોડી અશુભ કરાવવાનો હેતુ નથી. શુભનો નિષેધ કરી શુદ્ધની દૃષ્ટિ કરાવે છે.

## દ્વિ.વૈશાખ સુદ ૯, મંગળવાર, ૧૯-૫-૫૩.

દ્રવ્યાનુયોગમાં આત્માનું કલ્યાણ કેમ થાય તેની મુખ્યતાથી ઉપદેશ છે. તેનું વર્ણન ચાલે છે, દ્રવ્યાનુયોગમાં વ્યવહારની હીનતા બતાવી નિશ્ચયને સત્યાર્થ કહે છે. આત્મા અનાકુળ શાંત છે એવી દૃષ્ટિ કરવા માટે વિકાર બેકાર છે. પરની સેવા કે પરની હિંસા હું કરી શકતો નથી, પર પરના કારણે ટકે છે, મારાથી પરમાં કાંઈ થતું નથી. વળી પુણ્ય પરિણામને બંધનું કારણ કહી નિષેધ કરાવે છે.

**પ્રશ્ન** : અધ્યાત્મશાસ્ત્રોમાં પુણ્ય-પાપને સમાન કહ્યા છે, બન્ને બંધના કારણ છે એ અપેક્ષાએ સમાન કહ્યાં. પુણ્ય-પાપ રહિત શુદ્ધ ચિદાનંદ આત્માની દૃષ્ટિ ને લીનતા કરવી તે શુદ્ધોપયોગ છે ને તે ધર્મ છે. માટે શુદ્ધોપયોગ હોય તો ઠીક, નહિતર દયા, દાન, સેવાદિમાં લાગો કે હિંસા, જૂઠ આદિમાં લાગો દ્રબન્ને એક જ છે.

**ઉત્તર** : જેમ ક્ષુદ્ર જાતિની અપેક્ષાએ જાટ અને ચાંડાળને સમાન કહ્યા છે પરંતુ ચાંડાળની જાત કરતા જાટની જાત ઊંચી છે. ચાંડાળ અસ્પૃશ્ય છે ને જાટ સ્પૃશ્ય છે એવી મર્યાદા છે. તેમ બંધ કારણની અપેક્ષાએ પુણ્ય-પાપ બન્ને સરખા હોવા છતાં પાપમાં તીવ્ર રાગદ્વેષ થાય છે ને પુણ્યમાં મંદ રાગદ્વેષ થાય છે. ક્રોધ, માન, માયા, લોભાદિમાં તીવ્ર રાગ છે ને દયા આદિમાં મંદ રાગ છે છતાં તેમાં ધર્મ નથી. શુદ્ધની દૃષ્ટિ કર્યા વિના કલ્યાણ નથી. શુદ્ધ ચિદાનંદની રુચિ કરાવવા પુણ્ય-પાપ બન્નેને છોડાવ્યા છે પણ પુણ્ય છોડી પાપ કરવું એમ કહેવાનો અભિપ્રાય નથી.

અંતરમાં મંદ કષાયના પરિણામ કરે તો પુણ્ય થાય છે, ક્રિયાથી પુણ્ય નથી. પુણ્ય કરતાં કરતાં ધર્મનો અવસર મળશે -એમ પણ નથી. અનંતકાળમાં શુદ્ધ સ્વભાવની રુચિ કરી નથી. તેને નિશ્ચયની રુચિ કરાવવા વ્યવહારને હીન બતાવ્યો છે. વ્રત, તપ, જપ આદિ ધર્મનું કારણ નથી, આત્માની રુચિ કરવી તે ધર્મ છે. વીતરાગ ન થાય ત્યાં સુધી પુણ્ય-પાપના ભાવ આવશે પણ તેની રુચિ છોડવી. નિશ્ચયની રુચિ કરાવવા વ્યવહારને નીચો બતાવ્યો છે પણ તેથી પુણ્યને છોડી, પાપમાં લાગવું વ્યાજબી નથી.

ક્રિયા ત્રણ પ્રકારની છે. જડની અવસ્થા જડની ક્રિયા છે, પોતામાં પુણ્ય-પાપ ભાવ થાય તે વિકારી ક્રિયા છે. જડથી ને વિકારથી રહિત આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન-લીનતા કરવી તે ધાર્મિક ક્રિયા છે.

જડ સત્ છે, આત્મા સત્ છે. સત્‌ને સત્ ન માને ને પરથી ક્રિયા માને તે અસત્ છે. જડની ક્રિયા જડથી થાય છે, આત્મા તેને કરી શકે છે એમ માનનારને મિથ્યાત્વનું મોટું પાપ લાગે છે. વળી પોતામાં દયા-દાનાદિ ભાવ થાય છે તે પોતાથી થાય છે, પરને લીધે તે થતાં નથી. ચિદાનંદ સ્વભાવની પર્યાયમાં તે ઉપાધિ છે-વિભાવ છે. પુણ્ય-પાપ અનંતવાર કર્યા ને સ્વર્ગમાં ગયો પણ પુણ્ય-પાપથી રહિત હું જ્ઞાન છું એવા ભાવનું ભાસન ન થયું તેથી ધર્મ થયો નહિ.



વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ શુભ વિકલ્પ ઊઠે છે, તે પુણ્યાસ્રવ છે. મુનિને ૨૮ મૂળગુણ હોય છે પણ તે વિકાર હોવાથી ખરેખર અવગુણ છે, તે સંસાર અર્થે છે. અનાકુળ શાંતિ અંતરમાં પ્રગટે તે ધર્મ છે. જેટલો રાગ બાકી રહે તે આસ્રવ છે, બંધનું કારણ છે. સ્વરૂપમાં સ્થિર થવું તે કલ્યાણ છે, બીજું કલ્યાણ નથી.

મુનિ થઈ પાંચ મહાવ્રત પાળ્યા, વળી અભિગ્રહ લીધા, હું ભિક્ષા લેવા જઉં ત્યારે બાઈએ મોતી ભરેલો સાડલો પહેર્યો હોય, મોતી તૂટીને સાડલાને છેડે બાંધ્યા હોય, મોતીચૂર લાડવા હોય તો ભિક્ષા લેવી, એવો નિયમ ધારણ કરેલ હોય પણ ક્રિયાથી રહિત આત્માની વાત રુચિ નહિ, તેથી ધર્મ થયો નહિ. વળી ઇંદ્રિયોનો સંયમ કર્યો, વળી અથાગ વૈરાગ્ય કર્યો, મૌન સેવ્યું, જપ કર્યા, બધાથી ઉદાસી થયો, પણ મન-વાણી આદિથી આત્મા પાર છે ને રાગથી પણ ભિન્ન છે એવી રુચિ કરી નહિ તેથી જન્મ-મરણ મટ્યા નહિ.

અધ્યાત્મમાં આવો ઉપદેશ ચાલે છે પણ તેથી પુણ્ય છોડી પાપમાં લાગવું એવો તેનો અર્થ નથી. સમ્યગ્જ્ઞાન કરાવવા માટે વ્યવહારને હીન બતાવેલ છે.

પર પદાર્થોની અવસ્થા આત્મા કરી શકતો નથી, શરીરાદિ જડ છે, તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ જડથી થાય છે. દરેકનું કાર્ય ભિન્ન ભિન્ન થઈ રહ્યું છે, પરની સેવા જીવ કરી શકતો નથી, અજ્ઞાની માત્ર અભિમાન કરે છે. આત્માથી પરનું કાર્ય થાય તો તે વખતે પરના સામાન્યે શું કર્યું ? આત્મા પરનું કરી શકે છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

જૂની પર્યાયનો વ્યય થાય છે, નવી પર્યાયનો ઉત્પાદ થાય છે ને ગુણ ધ્રુવ છે -એમ જાણવું જોઈએ. જાણવું તે ઉન્નતિક્રમનો ઉપાય છે. નામનું અજ્ઞાન નામના જ્ઞાનથી ટળે છે. સત્‌નું અજ્ઞાન સત્‌નું જ્ઞાન કરવાથી ટળે. કોઈ માણસનું નામ જાણવા માટે ઉપવાસ કરે, પચીસ લાખ રૂપિયા ખર્ચે તો નામ જાણવા મળતું નથી. તેમ આત્મા જાણવા માટે લાખો રૂપિયા ખર્ચે ને ઉપવાસ કરે તો પણ આત્માનું જાણપણું થતું નથી.

અહીં તો કહે છે કે મુનિના ૨૮ મૂળગુણ તે ધર્મ નથી. વીતરાગદશા ન થાય ત્યાં સુધી નબળાઈથી રાગ આવે છે. જ્ઞાની તે રાગનો સ્વામી નથી. જગતના સર્વ પદાર્થો સત્ છે, તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. સમ્યગ્દૃષ્ટિ સમજે છે કે શુભાશુભ ભાવ તે અધર્મ છે, તેનાથી રહિત આત્માની દૃષ્ટિ થવી તે ધર્મ છે.

વિકાર રહિત જ્ઞાતાસ્વભાવ છે એવા ભાન વિના સમ્મેદશિખર જાય, વર્ષીતપ કરે, જાત્રા કરે તે બધું રણમાં પોક સમાન છે. જ્ઞાનના ભંડારની રુચિ ન કરે ને પુણ્યની રુચિ કરે તો કદી કલ્યાણ થાય નહિ એવો ઉપદેશ કરે છે. છતાં પુણ્ય છોડી પાપ કરવું યોગ્ય નથી.

વળી ભગવાનની પૂજા-ભક્તિ આદિમાં પુણ્ય છે, ધર્મ નથી. જડની ક્રિયા જડના કાળક્રમે થાય છે. જ્ઞાની સમજે છે કે અશુભથી બચવા શુભ આવે છે, પણ તેમાં તે ધર્મ માનતા નથી. અજ્ઞાની જીવ જાત્રા આદિમાં ધર્મ માને છે પણ તેમાં કષાયમંદતા કરે તો પુણ્ય છે, ક્રિયાથી પુણ્ય નથી- તેમ જ પુણ્યથી ધર્મ નથી. મંદિરમાં જઈ લક્ષ્મીની લાલચ કરે તો પાપ છે. જે જીવ ભક્તિ આદિમાં નિમગ્ન છે તેને આત્મશ્રદ્ધા કરાવવા દેહમાં દેવ છે, દેરામાં દેવ નથી ઈત્યાદિ ઉપદેશ આપે છે. યોગીન્દ્રદેવ કહે છે :-

**નથી દેવ મંદિર વિષે, દેવ ન મૂર્તિ ચિત્ર,**
**તનમંદિરમાં દેવ જિન, સમજ થઈ સમચિત્ત.**

એમ કહીને મંદિરમાં ને ભક્તિમાં જે ધર્મ માને છે તેને આત્માની શ્રદ્ધા કરવા કહે છે. ચિદાનંદ આત્મદેવ તારામાં છે, મંદિરમાં તારો દેવ નથી. દેવપૂજામાં એકાંત ધર્મ માને તે ભૂલ છે. પૂજા, ભક્તિને એકાંતે ઉત્થાપે તે પણ ખોટો છે. ધર્મી જીવ જાણે છે કે રાગ દશામાં પ્રતિમાજી ઉપર લક્ષ જાય છે પણ સમજે છે કે તે પુણ્ય છે. અજ્ઞાની તેમાં ધર્મ માને છે. દ્રવ્યાનુયોગમાં આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરાવવા ભગવાનની ભક્તિ આદિને હીન બતાવે છે. તેની રુચિ છોડાવવા કહે છે પણ તે ભક્તિને છોડી ખાવા-પીવાના ભાવ કરવા એવો તેનો અર્થ નથી. તારા આત્માની ભક્તિ વિના ભગવાનની ભક્તિ સાચી નથી. પુણ્ય-પાપ ક્રિયાથી રહિત આત્માની શ્રદ્ધા કરવી તે નિશ્ચયભક્તિ છે ને શુભ રાગ તે વ્યવહારભક્તિ છે એમ સમજાણ કરાવે છે. કોઈ કહે કે પંચ કલ્યાણક કરાવવાથી આઠ ભવે મુક્તિ થાય તો તે ભ્રમ છે. પંચ કલ્યાણક કરાવવાથી મુક્તિ થતી નથી. જડની ક્રિયા જડથી થાય છે. રાગ ઘટાડ્યો હોય તો પુણ્ય છે, પણ તેનાથી રહિત આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવા તે ધર્મ છે. આ સમજ્યા વિના આરો આવે તેમ નથી. રાગાદિના પરિણામથી જ્ઞાનસ્વભાવી આત્મા ભિન્ન છે એવા ભેદજ્ઞાન વિના બધું રણમાં પોક સમાન છે. ચૈતન્યવસ્તુ સત્ નિર્વિકારી શુદ્ધ છે તેની ખબર નથી તેને ધર્મ નથી. શુભ રાગથી પરંપરા ધર્મ થતો નથી. ડુંગળી ખાવાથી અમૃતનો ઓડકાર આવતો નથી તેમ શુભ રાગ કરતાં કરતાં ધર્મ થતો નથી. ભક્તિના શુભ રાગની રુચિ છોડાવવા ને આત્માની દૃષ્ટિ કરાવવા ભક્તિની હીનતા બતાવે છે, પણ ભક્તિના ભાવ છોડી પાપકાર્યો કરવા એવો અભિપ્રાય નથી.

## દ્વિ.વૈશાખ સુદ ૭, બુધવાર, ૨૦-૫-૫૩.

દ્રવ્યાનુયોગ એટલે તત્ત્વનું કથન જેમાં આવતું હોય તેની વાત ચાલે છે. આત્માની પર્યાયમાં દયા-દાનાદિ પરિણામ થાય છે તે આસ્રવ છે-બંધનું કારણ છે, ધર્મનું કારણ નથી. તેનો અર્થ એમ નથી કે પ્રમાદી થવું. દ્રવ્યની ને પર્યાયની પરમેશ્વરતા પોતપોતામાં છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવતા એ જ પરમેશ્વરતા છે. જડ પણ પરમેશ્વર છે. સત્ છે તે સત્ય છે, સત્ય એ જ પરમેશ્વર છે. પછી તેના જ્ઞાનાનંદ પરમેશ્વર ને જડ પરમેશ્વર એ બે ભાગ પડે છે. દરેક પદાર્થ પ્રભુ છે, પોતાની ધ્રુવતા રાખીને નવી



નવી પર્યાય થાય છે, ને જૂની પર્યાયનો નાશ થાય છે. દરેક પરમાણુની પર્યાય પોતાથી થાય છે, જીવથી કે બીજા પરમાણુથી તે થતી નથી. આ સત્ છે. સત્યનો સ્વીકાર એ જ સાચા પરમેશ્વરનો સ્વીકાર છે. આત્મા પરથી ભિન્ન છે, પોતાની પર્યાયમાં વિકાર થાય છે તેને લીધે સ્વાભાવિક પરમેશ્વરતા ઉત્પન્ન થતી નથી. દયા-દાનાદિમાં પણ પર્યાયની પ્રભુતા છે પણ સ્વાભાવિક પ્રભુતા બતાવવા માટે તે પર્યાયની હીનતા બતાવે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતામાં છે. પોતાના સત્ અપેક્ષાએ બધા પદાર્થો અસત્ છે. પોતાની પ્રભુતા પોતામાં છે. વિકાર પોતાના કારણે કરે છે. દયા-દાનાદિ ભાવ પોતે કરે છે. પણ શાંતિ પ્રગટ કરાવવા અને સ્વભાવની રુચિ કરાવવા રાગને હીન બતાવે છે. વિકાર પણ પ્રભુ છે, કેમ કે પોતાની પ્રભુતાથી થાય છે, પણ તે અશુદ્ધ પ્રભુતા છે. જ્ઞાયકસ્વભાવની પ્રભુતા કરાવવા રાગાદિ પરિણામને હીન બતાવે છે. અન્ય દુઃખી પ્રાણીને કારણે રાગ થતો નથી. પોતાની પર્યાયમાં પોતાના કારણે શુભ રાગ થાય છે. કોઈ જીવ પાણીમાં ડૂબવાની તૈયારીમાં હતો, ત્યારે કોઈ મોટો માણસ ત્યાંથી નીકળતા તેને બચાવવા તે ગાડીમાંથી ઉતરી પડ્યો. તેણે કહ્યું કે મારા સમાધાન માટે હું બચાવવા ઊતર્યો છું. અજ્ઞાની જીવ વિકાર પરને લીધે માને છે પણ પરથી તે થતો નથી. પોતાની અવસ્થામાં શુભ ભાવ થાય છે, પરથી નહિ પણ પોતાથી થાય છે એમ સ્વીકાર કર્યા પછી સ્વભાવની રુચિ કરાવવા તેને હીન બતાવે છે.

બધા પદાર્થો સત્ છે. દરેક દ્રવ્યમાં પૂર્વ પર્યાયનો વ્યય થાય છે, ઉત્તર પર્યાયનો ઉત્પાદ થાય છે ને ગુણો ધ્રુવ રહે છે. તે પોતપોતાને લીધે છે, પરને લીધે નથી. વળી આત્મામાં જે રાગ આવે છે તે સત્ છે, તે નિમિત્તને લીધે નથી. એવી કબૂલાત નથી તેને ધર્મની લાયકાત નથી. અહીં કહે કે અશુદ્ધતાના અંશમાં આખો સ્વભાવ આવી જતો નથી. રાગ પલટી જાય છે, પરની અપેક્ષાએ વર્તમાન રાગ સત્ છે પણ ત્રિકાળી ધ્રુવની અપેક્ષાએ વર્તમાન રાગ અસત્ છે. એટલે વ્યવહાર આદરવા યોગ્ય નથી એમ કહ્યું. ક્ષણિક સત્ અશુદ્ધ છે, અશુદ્ધતાથી શાંતિ મળે તેમ નથી. માટે રાગને હેય સમજી ધ્રુવસ્વભાવની રુચિ કર તો શાંતિ મળે તેમ છે.

પરની ક્રિયા આત્મા કરી શકતો નથી. રાગાદિ પરિણામ પર્યાયમાં થાય છે. તે રાગનો નિષેધ કરી સ્વભાવની શ્રદ્ધા કરાવે છે.

આ સમજવા માટે સાચી રુચિ હોવી જોઈએ. બહુ બુદ્ધિનું કામ નથી. પદાર્થ છે એમ કહેવું ને તે મારાથી છે એમ કહેવું તે બન્ને વાત વિરુદ્ધ છે. હું છું તો મારામાં રાગાદિના પરિણામ જુદા જુદા થાય છે, તેની રુચિ છોડાવી જ્ઞાયકની રુચિ કરાવે છે.

દેડકાને ઝાઝો ઉઘાડ નથી પણ હું આત્મા સ્વથી છું, પરથી હું નથી, પર્યાયમાં વિકાર થાય છે એટલો હું નથી, હું જ્ઞાન છું એવા ભાનથી ધર્મ પામે છે. ભગવાનના સમવસરણમાં ચકલા પણ સમ્યગ્દર્શન પામે છે.

દરેક દ્રવ્યનું ઉત્પાદ-વ્યય-ધ્રુવ સત્ છે, મારું સત્ મારાથી છે, પરથી નથી; મારા પુણ્ય-પાપ મારાથી છે ને પરથી નહિ, વળી રાગાદિ પરિણામ થાય છે તે આકુળતા છે, મારે તે જોઈતા નથી. સ્વભાવ અનાકુળ છે. આમ અનાકુળ સ્વભાવની રુચિ કરવી તે સમ્યગ્દર્શન છે.

દરેક પદાર્થ સત્ છે, તેની સત્યતાનું જ્ઞાન ન આવે ત્યાં સુધી ઊંધી દૃષ્ટિ રાખીને મોક્ષની ગતિ કરવા માગે તો મોક્ષની ગતિ ન થાય.

હું છું, પર છે, ક્ષેત્ર છે, કાળ છે, ભાવ છે, એમ કહેવું ને પરથી હું છું ને મારાથી પર છે એમ કહેવું તે સત્‌ને સમજ્યો નથી. પરના સત્‌થી પોતાનું સત્ નથી. દયા-દાનાદિ પરિણામ થાય છે તે કાયમી ચીજ નથી, તે પલટીને અશુભ થઈ જાય છે, તે બન્ને કૃત્રિમ છે, શક્તિની ઊલટી પરિણતિ છે, તેનો નિષેધ કરી સુલટા સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરાવે છે.

ત્રિકાળી સત્‌ની રુચિ કરાવવા ક્ષણિક સત્‌નો નિષેધ કરાવે છે. હું શુદ્ધ ચિદાનંદ છું એમ ધ્રુવને સ્વીકારનાર ને પર પદાર્થો તથા રાગાદિ પરિણામને હેય માનનાર એવો સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારમાં હોવા છતાં નિર્જરા કરે છે; અને દ્રવ્યલિંગીને પૃથક્‌તાનું ભાન નથી તેથી નિર્જરા નથી.

સમ્યગ્દૃષ્ટિને કોઈ વખત લડાઈ આદિના પરિણામ હોવા છતાં નિર્જરાના કારણ કહ્યા કેમ કે વર્તમાન અશુભ ઉપર તેની દૃષ્ટિ નથી પણ જ્ઞાનાનંદ સ્વભાવ ઉપર દૃષ્ટિ છે, તેથી અશુભ ઝરી જાય છે ને સ્વભાવમાં શુદ્ધિ વધે છે. પર મારાથી અસત્ છે, તેની ક્રિયા તેના કાળક્રમે થાય છે, અશુભ રાગ જેટલો હું નથી, હું જ્ઞાયક છું એવી રુચિ થઈ છે તેથી અશુભ રાગ હોવા છતાં નિર્જરાના કારણરૂપ કહ્યું. ત્યાં ભોગ અંગીકાર કરવા જેવા છે એમ ન સમજવું. ભરત ચક્રવર્તીને ૯૬૦૦૦ સ્ત્રી હતી, અંદર ત્રિકાળી સત્‌નો આદર છે, નિમિત્ત અને વિકારની દૃષ્ટિ નથી. તેથી ક્ષણે ક્ષણે નિર્જરા કહી પણ અશુભ રાગ ઉપાદેય ન સમજવો. સંયોગ અને રાગ ઉપર દૃષ્ટિ છૂટીને જ્ઞાયકની રુચિ થઈ છે તેથી સમ્યગ્જ્ઞાનનો મહિમા બતાવે છે. અશુભ પરિણામ હોવા છતાં કેવળ શ્રદ્ધાનશક્તિના બળથી મંદ બંધ થવા લાગ્યો. અનંત પર પદાર્થોમાં મારો અધિકાર નથી ને મારી સત્તામાં પરનો અધિકાર નથી. અનંતા પર ઉપરથી દૃષ્ટિ છૂટી ગઈ છે ને રાગાદિક ક્ષણિક છે. તેના જેટલો હું નથી, હું તો જ્ઞાયક છું એમ ત્રિકાળી શક્તિનો આદર વર્તતો હોવાથી અશુભના મંદ બંધને ગણ્યો નહિ. પર પદાર્થો મારાથી નથી, હું પરથી નથી -એમ શ્રદ્ધાના બળે સમ્યગ્દૃષ્ટિના ભોગોને બંધના કારણ ન કહ્યા પણ નિર્જરાના કારણ કહ્યા. પરંતુ વાસ્તવિક વિચાર કરતાં ભોગ જો નિર્જરાના કારણ હોય તો તેને છોડી સમ્યગ્દૃષ્ટિ જીવ મુનિપદને શા માટે ગ્રહણ કરે ?

સમ્યગ્દૃષ્ટિ ભાવના ભાવે છે કે હું ક્યારે સ્વભાવમાં સ્થિર થાઉં ? તે માને છે કે મારું સુખ પરમાં નથી, હું જ્ઞાયક ચિદાનંદ છું, એવા સ્વભાવનો આદર કરે છે તેથી મુનિપદમાં અશુભ ભાવ છૂટી જાય છે. જ્ઞાનસ્વભાવને સ્વીકારે છે તેને અશુભ ભાવ ખરી જાય છે એમ કહેવામાં આવે છે.



અહીં તો એ કથનનું એટલું જ પ્રયોજન છે કે જુઓ સમ્યક્ત્વનું માહાત્મ્ય કે જેના બળથી ભોગ પણ પોતાના ગુણને કરી શકતા નથી. ભગવાન સત્ પરમેશ્વર છે તેનો સ્વીકાર કરવાથી ભોગ પણ પોતાના ગુણને કરી શકતા નથી એટલે કે તેઓ બંધ કરી શકતા નથી. જ્ઞાની નબળાઈના રાગનો સ્વામી થતો નથી, ત્રિકાળી સ્વભાવનો સ્વામી થાય છે. આમ જે જોતો નથી તે બાહ્ય દૃષ્ટિવાન બહિરાત્મા છે, અંતર્‌દૃષ્ટિ દેખવાવાળો અંતરાત્મા છે.

આ પ્રમાણે અન્ય કથન પણ હોય તો ત્યાં તેનું યથાર્થપણું સમજી લેવું. તત્ત્વજ્ઞાનના અથવા દ્રવ્ય-ગુણ-પર્યાયના અધિકાર વિષે ચરણાનુયોગની માફક શુદ્ધનું ગ્રહણ ને શુભનો ત્યાગ કરાવવાનું પ્રયોજન છે. તેથી છદ્મસ્થની બુદ્ધિગોચર પરિણામોની અપેક્ષાએ જ ત્યાં કથન કરવામાં આવે છે.

એટલું વિશેષ છે કે ચરણાનુયોગમાં બાહ્ય ક્રિયાની મુખ્યતાથી વર્ણન કરીએ છીએ. દ્રવ્યાનુયોગમાં આત્મપરિણામોની મુખ્યતાથી વર્ણન કરે છે. અંદરના પરિણામની વાત કરે છે. પદાર્થોના કથન વખતે એમ કહે છે કે શુભ ભાવ છોડી શુદ્ધ ભાવ કરો, ત્યાં કરણાનુયોગની અપેક્ષાએ સમય સમયના પરિણામની વાત નથી. કરણાનુયોગની અપેક્ષાએ શુદ્ધતા બારમા ગુણસ્થાને છે, ને દ્રવ્યાનુયોગની અપેક્ષાએ શુદ્ધતા ચોથાથી શરૂ થાય છે.

અહીં આચરણના ભેદની અપેક્ષાએ ઉપયોગની વાત છે. દયા-દાનાદિ શુભ છે. વિપરીત માન્યતા, દ્વેષાદિ અશુભ પરિણામ છે ને આત્માના ભાનપૂર્વક લીનતા શુદ્ધ પરિણામ છે. આ આચરણની અપેક્ષાએ ઉપયોગની વાત છે. શુભ-અશુભ બન્ને અશુદ્ધોપયોગ છે, સ્વભાવનું જ્ઞાન કરી, સ્થિરતા કરવી તે શુદ્ધોપયોગ છે.

હું જ્ઞાન છું. મારો સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે એમ સ્વભાવ સન્મુખ થઈ પુણ્ય-પાપનો ભાવ છૂટી અંશે શુદ્ધતા થાય છે તેને શુદ્ધોપયોગ કહે છે. કરણાનુયોગની અપેક્ષાએ શુદ્ધોપયોગની વાત નથી. કરણાનુયોગની અપેક્ષાએ બારમે ગુણસ્થાને શુદ્ધોપયોગ કહે છે તેનું અહીં કથન નથી. અહીં તો દ્રવ્યાનુયોગમાં બુદ્ધિપૂર્વક રાગને છોડી શુદ્ધને ગ્રહણ કરે તે શુદ્ધોપયોગ છે. શુદ્ધોપયોગ તે ધર્મ છે. શુભ-અશુભ બન્ને અધર્મ છે, પરિણામ ઉપર ધર્મ-અધર્મ છે. અહીં છદ્મસ્થના પરિણામની અપેક્ષાએ કથન છે. બુદ્ધિપૂર્વક રાગ છોડી સ્વભાવમાં એકાગ્રતા કરે તેને શુદ્ધોપયોગ કહે છે. આમ દ્રવ્યાનુયોગની પદ્ધતિ સમજવી જોઈએ.

**દ્વિ.વૈશાખ સુદ ૮, ગુરુવાર, ૨૧-૫-૫૩.**

આજે સવારે શ્રી યોગસાર હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

**દ્વિ.વૈશાખ સુદ ૯, શુક્રવાર, ૨૨-૫-૫૩.**

દ્રવ્યાનુયોગની કથનપદ્ધતિ કેવી હોય છે તેની વાત અહીં ચાલે છે. ઉપયોગના ત્રણ ભેદ કહ્યા.

દયા-દાનાદિના પરિણામ શુભ ઉપયોગ છે, હિંસા, જૂઠાદિના પરિણામ અશુભ ઉપયોગ છે ને આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે શુદ્ધ ઉપયોગ છે અને તે ધર્મ છે. આ છદ્મસ્થની અપેક્ષાએ કથન છે. પુણ્ય-પાપ રહિત આત્મામાં એકાગ્રતા કરવી તે શુદ્ધોપયોગ છે. ચોથે ગુણસ્થાને બુદ્ધિપૂર્વક રાગ છૂટી જતાં શુદ્ધોપયોગ થાય છે એમ દ્રવ્યાનુયોગમાં કહે છે. કરણાનુયોગની અપેક્ષાએ બુદ્ધિ-અબુદ્ધિપૂર્વક રાગનો અભાવ થતાં શુદ્ધોપયોગ બારમે ગુણસ્થાને થાય છે. કરણાનુયોગની અપેક્ષાએ અંશે પણ રાગ રહે ત્યાં સુધી શુદ્ધોપયોગ કહેવાય નહિ. તેવો શુદ્ધોપયોગ નીચલી દશાવાળો કરી શકે નહિ. આત્માના ધર્મની વ્યાખ્યા ચાલતી હોય ત્યાં શુદ્ધોપયોગ તે ધર્મ છે. દયા-દાનાદિના પરિણામ તે ધર્મ નથી. આત્મા જડ પદાર્થને છોડી શકતો નથી. ઉપવાસાદિમાં આહાર પ્રત્યે રાગ મંદતા હોય તો પુણ્ય છે-ધર્મ નથી. પણ આહારપાણી મેં છોડ્યા એવી ઊંધી માન્યતા કરે તો તે મિથ્યાત્વનું મોટું પાપ સાથે જ છે.

જ્ઞાની શુદ્ધોપયોગની ભાવના કરે છે. અધૂરી દશામાં વ્રતાદિનો રાગ થઈ આવે છે પણ નિમિત્ત લાવવાની કે રાગ કરવાની ભાવના ધર્મીને હોતી નથી. કારણ કે તે તો આસ્રવની ભાવના છે. રાગ રાગના કાળે આવે છે, જ્ઞાની રાગની ભાવના કરતાં નથી.

આત્મા જ્ઞાનાનંદ છે. તેની રુચિ કરે તે સમ્યગ્દર્શન છે, ત્યાર પછી આત્મામાં લીનતા થાય તેને શુદ્ધોપયોગ કહે છે. સમકિતીને ત્રણ કષાય, શ્રાવકને બે કષાય ને મુનિને એક કષાય બાકી છે. અંદર અવ્યક્ત રાગ હોય છે પણ બુદ્ધિપૂર્વક રાગનો અભાવ કરી આત્મામાં સ્થિરતા કરે તે શુદ્ધોપયોગ છે. આવો ઉપયોગ કરું એવી હઠ નથી. સમકિતીને તે સહજ આવે છે. આવો ઉપયોગ લાવું એવી ઈચ્છાથી શુદ્ધોપયોગ આવતો નથી.

**પ્રશ્ન** : શુદ્ધોપયોગ જ્યારે લાવવા માગે ત્યારે સમકિતી લાવી શકે ને ?

**સમાધાન** : હું શુદ્ધોપયોગ લાવું એવી ઈચ્છા સમકિતીને નથી, ઈચ્છા રાગ છે, ને તેનાથી શુદ્ધોપયોગ આવતો નથી. સ્વભાવ સન્મુખ થતાં ઈચ્છા તૂટી જાય છે. સમકિતીને અકષાય પરિણમન સદાય છે. છઠ્ઠે ગુણસ્થાને અકષાય પરિણમન છે પણ શુદ્ધોપયોગ નથી. ચોથે-પાંચમે ગુણસ્થાને શુદ્ધ પરિણતિ સદાય છે, પણ શુદ્ધોપયોગ સદાય નથી. સ્વરૂપમાં લીન થતાં બુદ્ધિપૂર્વક રાગનો અભાવ થાય તે શુદ્ધોપયોગ છે. સ્વભાવ સન્મુખ દૃષ્ટિ થઈ પછી કાળક્રમે શુદ્ધોપયોગ આવે છે-શુદ્ધોપયોગની ભાવના છે પણ શુદ્ધોપયોગને ઈચ્છાપૂર્વક લાવું એવો લોભ સમકિતીને નથી. તેને આત્માની દૃષ્ટિ સદાય છે પણ શુદ્ધોપયોગ સદાય નથી. સ્વભાવ સન્મુખ થતાં શુદ્ધોપયોગ થાય છે.

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૩૯૭માં લોભના ચાર પ્રકાર કહ્યા છે. તેમાં ઉપયોગના લોભને પણ લોભ કહ્યો છે. જ્ઞાનીને ઉપયોગનો પણ લોભ હોતો નથી. સહજ શુદ્ધોપયોગ હોય છે. ઈચ્છા થવી એ ભાવના નથી પણ આસ્રવ છે. જ્ઞાનમાં એકાગ્રતા થવી તે ભાવના છે. પર્યાયનો ક્રમ બદલાવું એ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિની છે. ક્રમ પલટતો નથી. પુરુષાર્થગુણને જુદો પાડીને જ્ઞાની કાર્ય કરતા નથી. જ્ઞાનાનંદ



સ્વભાવના આશ્રયે સહજ શુદ્ધ ઉપયોગ થઈ જાય છે. જે કાળક્રમે જે પર્યાય થવાની તે જ થવાની છે.

પંચાધ્યાયી ગાથા ૮૬૨માં કહ્યું છે કે ''હે મહા પ્રાજ્ઞ ! જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે, પરમાં ઉપયોગ વર્તે છે તેને છોડીને સ્વમાં લાવવાની હઠ કરીશ નહિ, દૃષ્ટિ પલટવી તે જ પુરુષાર્થ છે. પોતે પોતાનામાં સ્થિતિ કરવા માટે પરવસ્તુથી હઠીને અંતરમાં એકાકાર થવાની ઈચ્છાથી હે મહા પ્રાજ્ઞ ! તમે દુ:ખી ન થાઓ.''

સ્વમાં આવું તો જ લાભ થાય એવી હઠ કરવી નહિ. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે. શું પરને જાણવાથી વિશેષ રાગ થાય છે ? ના, જ્ઞાનસ્વભાવ સ્વ-પર પ્રકાશક છે. શુદ્ધોપયોગ સહજ આવી જાય છે. ઈચ્છાને લીધે શુદ્ધોપયોગ આવે છે -એમ નથી. ઈચ્છા રાગ છે, તેનું કાર્ય શુદ્ધોપયોગ નથી.

પરને છોડું કે શુભને છોડું એ વાત તો છે જ નહિ, પણ શુદ્ધને લાવું એમ પણ નથી. દ્રવ્ય વસ્તુની મર્યાદા છે. શુદ્ધોપયોગનો કાળ ન હોય તે વખતે શું જ્ઞાની તેને લાવવા માગે છે ? શું પર્યાયનો ક્રમ ફેરવવા માગે છે ? ના, જ્ઞાનસ્વભાવ તરફ પુરુષાર્થ છે તેમાં શુદ્ધોપયોગ આવી જાય છે. જે સમયે જે પરિણામ થવાના તે થવાના, તેને પલટાવવાની બુદ્ધિ સમકિતીને નથી. પર્યાય ફેરવવાની બુદ્ધિ મિથ્યાદૃષ્ટિને છે. સ્વભાવસન્મુખ દશા થતાં શુદ્ધોપયોગ સહજ થઈ જાય છે.

બુદ્ધિપૂર્વક શુભાશુભ ભાવ છૂટી આત્મામાં સહજ લીનતા થાય તે શુદ્ધોપયોગ છે. તેવો સર્વથા શુદ્ધોપયોગ બારમે ગુણસ્થાને છે. પણ નીચેની ભૂમિકાવાળો જીવ બુદ્ધિપૂર્વક રાગ છોડી અંતરમાં લીનતા કરે છે તેથી સ્થૂળ અપેક્ષાએ તેને પણ શુદ્ધોપયોગ કહ્યો છે. ચોથે ગુણસ્થાને નિર્વિકલ્પ દશામાં શુદ્ધોપયોગ છે પણ રાગનો સર્વથા અભાવ નથી. અબુદ્ધિપૂર્વક ત્રણ પ્રકારના કષાય બાકી છે. ચોથે, પાંચમે ને સાતમે ગુણસ્થાને આત્માનો આનંદ લેતો હોય ત્યારે શુદ્ધોપયોગ કહ્યો, ત્યાં અબુદ્ધિપૂર્વક રાગ તો છે પણ તેનું કથન ન કર્યું. બુદ્ધિપૂર્વક રાગ છોડે છે એ અપેક્ષાએ ત્યાં કથન છે.

જ્ઞાની રાગનો તથા નિમિત્તનો તો કર્તા નથી પણ રાગમાં અટકતો હતો તે નહિ અટકતાં સ્વભાવમાં લીનતા કરે તે શુદ્ધોપયોગ છે. છદ્મસ્થ એક સમયના પરિણામ પકડી શકતો નથી. આત્માનો અને રાગનો ભેદ સ્થૂલ અપેક્ષાએ પાડે છે. કરણાનુયોગની અપેક્ષાએ જે સૂક્ષ્મ રાગ હોય છે તેને જાણી ન શકે.

દ્રવ્ય-ગુણ-પર્યાયની યથાર્થ વાત હોય તેવા દ્રવ્યાનુયોગમાં સ્થૂળ અપેક્ષાએ કથન છે. કરણાનુયોગમાં સમય સમયના પરિણામ જાણવા.

દ્રવ્યાનુયોગ તથા કરણાનુયોગના શુદ્ધોપયોગની વિધિ મેળવવા માગે તો ન મળે. બારમે ગુણસ્થાને

બન્ને અનુયોગની અપેક્ષાએ શુદ્ધોપયોગ હોય છે પણ દ્રવ્યાનુયોગની અપેક્ષાએ ચોથે, પાંચમે કદાચિત્ અને સાતમે ગુણસ્થાને શુદ્ધોપયોગ હોય છે. ચોથે ગુણસ્થાને એક કષાયનો, પાંચમે ગુણસ્થાને બે કષાયનો ને છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયનો નાશ કરી જે શુદ્ધ પરિણતિ થઈ છે તે તો સદાય છે. પણ સ્વભાવમાં લીન થાય છે ત્યારે જ શુદ્ધોપયોગ હોય છે, તે કદાચિત્ હોય છે.

અહીં એમ કહેવું છે કે દ્રવ્યાનુયોગ અનુસાર શુદ્ધોપયોગનું આચરણ ચોથે, પાંચમે કદાચિત્ હોય ને સાતમે શુદ્ધોપયોગ હોય છે. પણ કરણાનુયોગ અનુસાર ચોથે, પાંચમે ને સાતમે રાગ રહેલો છે તેથી શુદ્ધોપયોગ નથી. કરણાનુયોગ અનુસાર અગિયારમે ગુણસ્થાને અને બારમે ગુણસ્થાને શુદ્ધોપયોગ હોય છે.

૧) કોઈ કહે કે ચોથે શુદ્ધોપયોગ હોતો જ નથી તો તે ભૂલ છે, દ્રવ્યાનુયોગની અપેક્ષાએ ત્યાં શુદ્ધોપયોગ છે.

૨) કોઈ કહે કે ચોથે, પાંચમે ને સાતમે શુદ્ધોપયોગ સદાય હોય છે, તો એમ પણ નથી. ચોથે-પાંચમે કદાચિત્ હોય છે.

૩) વળી કરણાનુયોગની અપેક્ષાએ ચોથે-પાંચમે શુદ્ધોપયોગ થઈ ગયો -તો એમ પણ નથી. કરણાનુયોગની અપેક્ષાએ અગિયારમે-બારમે શુદ્ધોપયોગ છે.

શુદ્ધોપયોગ હઠથી લાવવો નથી, વસ્તુ સહજ છે, ક્રમ ફેર નથી. જ્ઞાયક તરફ દૃષ્ટિ વળી ને પર્યાયબુદ્ધિ છૂટી એટલે સ્વભાવ તરફ ગમન થાય છે. મુનિના સંથારા વખતે બીજા મુનિ એવો ઉપદેશ આપે કે :-

''હે મુનિ ! સમાધિમરણ નજીક છે, આહાર અનંતવાર લીધો, પાણી પણ અનંતવાર પીધા, હવે તેના ઉપરનું લક્ષ છોડો'' -એમ ઉપદેશ કરે. આત્માનું ભાન છે પણ સહનશીલતા ન દેખે તો મુનિ ઉપદેશ આપી જાગ્રત કરે છે. ''અનંત અવતાર ધારણ કર્યા, હમણાં આ દેહ છૂટી જશે માટે અંતરમાં લીન થાઓ.'' મુનિને સમજાવવાનો વિકલ્પ આવે છે ને શિષ્યને સમજવાનો વિકલ્પ આવે છે, બન્ને કાળક્રમે આવે છે પણ ઉપદેશ આવો આવે છે.

**પ્રશ્ન** : પુરુષાર્થ ક્રમબદ્ધ થાય છે ને ?

**ઉત્તર** : સ્વભાવસન્મુખ થતાં ક્રમબદ્ધનો નિર્ણય થાય છે, પરની કર્તાબુદ્ધિ ને રાગની કર્તાબુદ્ધિ છૂટી જાય છે. સ્વભાવસન્મુખ દશા સહજ હોય છે.

ઉપદેશની પદ્ધતિ અમુક પ્રકારે આવે છે પણ મર્મ બીજો છે. સ્વભાવનો પુરુષાર્થ કર્યો તેમાં કેવળી ભગવાનનો નિર્ણય પણ થઈ ગયો, ને એ જ મોક્ષમાર્ગ છે. સ્વભાવ સન્મુખ દશા થવી તે જ ધર્મ છે.



દ્રવ્યાનુયોગમાં કહ્યું કે દ્રવ્યદૃષ્ટિ થઈ પછી બુદ્ધિપૂર્વક રાગ છૂટી સ્વભાવમાં લીનતા થવી તે શુદ્ધ ઉપયોગ છે.

## દ્વિ.વૈશાખ સુદ ૧૦, શનિવાર, ૨૩-૫-૫૩.

અહીં દ્રવ્યાનુયોગની કથનપદ્ધતિની વાત ચાલે છે. દ્રવ્યાનુયોગની અપેક્ષાએ ચોથા ગુણસ્થાને બુદ્ધિપૂર્વક રાગનો અભાવ કરી સ્વરૂપમાં લીન થાય તેને શુદ્ધોપયોગ કહ્યો છે. કરણાનુયોગની અપેક્ષાએ કષાયનો અંશ રહેવાથી તેને શુદ્ધોપયોગ કહેતાં નથી. કરણાનુયોગની અપેક્ષાએ બારમે ગુણસ્થાને શુદ્ધોપયોગ કહેલ છે. એ જ પ્રમાણે અન્ય કથન સમજવું.

સર્વજ્ઞ સિવાય અન્યમતનું અસત્ય સ્વરૂપ બતાવી તેનો નિષેધ કરેલ છે. અસત્ય બતાવ્યા છે તેથી દ્વેષ છે એમ ન સમજવું. એક જ આત્મા માને, નિમિત્તથી કાર્ય માને, વ્યવહારથી ધર્મ માને તે બધા જૂઠા છે. સનાતન જૈનમાર્ગ સિવાય બીજા બધા અન્યમત છે. ત્યાં દ્વેષબુદ્ધિ ન જાણવી. તેને બતાવે નહિ તો લોકોને સ્વરૂપની કેવી રીતે ખબર પડે ? સત્યનું સ્થાપન ને અસત્યનું ઉત્થાપન થાય છે તેમાં વ્યક્તિદ્વેષ નથી. સર્વજ્ઞના મત સિવાય એક પણ મત સાચો નથી.

એ પ્રમાણે તથા અન્ય પણ અનેક પ્રકારથી દ્રવ્યાનુયોગમાં વ્યાખ્યાનનું વિધાન કર્યું છે. એ પ્રમાણે ચારે અનુયોગના વ્યાખ્યાનનું વિધાન કર્યું. કોઈ ગ્રંથમાં એક અનુયોગની, કોઈમાં બેની, કોઈમાં ત્રણની તથા કોઈમાં ચારે અનુયોગની પ્રધાનતા સહિત વ્યાખ્યાન છે. ત્યાં જ્યાં જેમ સંભવે તેમ સમજી લેવું.

હવે અનુયોગોમાં પદ્ધતિની કેવી મુખ્યતા હોય છે તે કહે છે.

## ચારે અનુયોગોમાં વ્યાખ્યાનની પદ્ધતિ

કથાનુયોગમાં અલંકાર બહુ કરે, સાંભળનારનું મન રંજન થાય તેમ ઉપયોગ લગાવવા કહે છે. વળી કોઈ પરોક્ષ થઈ ગયા તેની અધિકતાથી વાત કરે છે કે જેથી વસ્તુનું સ્વરૂપ ભાસે. કરણાનુયોગમાં કર્મ અને આત્માના સૂક્ષ્મ પરિણામની મુખ્યતા છે કારણ કે ત્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના પ્રમાણાદિનું નિરૂપણ કરીએ છીએ અને ગણિતગ્રંથોની આમ્નાયથી તેનું સુગમપણે જાણપણું થાય છે.

ચરણાનુયોગમાં રાગ ઘટાડવાની મુખ્યતાએ કથન છે. વળી તેમાં શુભ રાગનો ઉપદેશ છે.

દ્રવ્યાનુયોગમાં ન્યાયશાસ્ત્રોની પદ્ધતિ મુખ્ય છે કારણ કે ત્યાં નિર્ણય કરાવવાનું પ્રયોજન છે. વિકારથી ધર્મ થતો નથી. દ્રવ્યસ્વભાવના આશ્રયે ધર્મ થાય છે, નિશ્ચય અબાધિત યુક્તિ લાગુ પડે તેને ન્યાય કહે છે, પરથી બંધન થતું નથી, પરિણામથી બંધન થાય છે, તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવો તે ધર્મ છે. સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે, સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોતું નથી. ન્યાયશાસ્ત્રમાં નિર્ણય કરવાનો ઉપદેશ આપે છે, ન્યાયશાસ્ત્રમાં પરતંત્રતા બતાવતા નથી. અજ્ઞાની કહે છે કે અષ્ટસહસ્રીમાં 'છાયાવાદ'

ભરેલો છે. એટલે કે એક દ્રવ્ય બીજા દ્રવ્ય ઉપર અસર કરે છે તેમ તેમાં આવે છે. ઠંડી હવાને લીધે આત્મા ઉપર અસર પડે છે, આરસ પથ્થર ઉપર પગ મૂકો તો તે પગની ગરમી ચૂસી લ્યે છે ને ઠંડી આપે છે -એમ અજ્ઞાની કહે છે. પણ કોઈનો કોઈના ઉપર પ્રભાવ પડે, તે વાત જૈનદર્શનમાં નથી. આ પ્રમાણે ન્યાયશાસ્ત્રમાં નિર્ણય કરાવ્યો છે. એ પ્રમાણે એ અનુયોગોમાં પદ્ધતિની મુખ્યતા છે તથા અન્ય પણ અનેક પદ્ધતિ સહિત વ્યાખ્યાન તેમાં હોય છે.

**પ્રશ્ન** : અલંકાર, ગણિત, નીતિ અને ન્યાયનું જ્ઞાન તો પંડિતોને થાય છે, તુચ્છ બુદ્ધિવાળા જીવો સમજી શકતા નથી માટે સીધું કથન કેમ ન કર્યું ?

**ઉત્તર** : શાસ્ત્ર છે તે મુખ્યપણે તો પંડિત અને ચતુર પુરુષોને અભ્યાસ કરવા યોગ્ય છે. જો અલંકારાદિ હોય તો ત્યાં મન લાગે, ને જેની બુદ્ધિ ઓછી હોય તેને પંડિત સમજાવે. ન સમજે તો ઉપરથી કહે પરંતુ ગ્રંથોમાં સીધા કથન લખવાથી વિશેષ બુદ્ધિવાળા જીવ તેના અભ્યાસમાં પ્રવર્તે નહિ. માટે અલંકારાદિ આમ્નાય સહિત કથન કરીએ છીએ.

સમયસારની ટીકા આદિ ઘણા વાંચે છે પણ મર્મ સમજતાં નથી. દ્રવ્યાનુયોગના ન્યાય જેવા છે તેવા ન સમજે તો શું કામનું ? આ પ્રમાણે એ ચારે અનુયોગનું નિરૂપણ કર્યું. જૈનમતમાં ઘણા શાસ્ત્ર તો એ ચારે અનુયોગમાં ગર્ભિત છે. વળી વ્યાકરણ, ન્યાય, છંદ, કોષ, વૈદ્યક, જ્યોતિષ અને મંત્રાદિ શાસ્ત્ર પણ જૈનમતમાં હોય છે તેનું શું પ્રયોજન છે તે સાંભળો.

## વ્યાકરણ, ન્યાય, છંદ, કોષ, વૈદ્યક, જ્યોતિષ ને મંત્રાદિ શાસ્ત્રનું પ્રયોજન

વ્યાકરણ, ન્યાયાદિકનો અભ્યાસ થતાં અનુયોગરૂપ શાસ્ત્રોનો અભ્યાસ થઈ શકે છે માટે વ્યાકરણાદિક શાસ્ત્રો કહ્યા છે. કોઈ કહે કે ભાષારૂપ સરળ નિરૂપણ કર્યું હોત તો વ્યાકરણાદિનું શું પ્રયોજન રહેત? તેનું સમાધાન - ભાષા તો અપભ્રંશરૂપ વાણી દેશ દેશમાં અન્ય અન્ય છે. ગુજરાતી ભાષાવાળા હિંદી ન સમજે, હિંદીવાળા ગુજરાતી ન સમજે તેથી મહાપુરુષોએ એક જ ભાષામાં શાસ્ત્ર રચેલ છે. વળી તેમાં વ્યાકરણાદિ આમ્નાયથી વર્ણન કર્યું છે. માટે પોતાની બુદ્ધિ અનુસાર થોડો ઘણો અભ્યાસ કરી અનુયોગરૂપ પ્રયોજનભૂત શાસ્ત્રોનો અભ્યાસ કરવો.

વળી વૈદ્યકાદિ ચમત્કારથી જૈનમતની પ્રભાવના થાય. કોઈ સમ્યગ્જ્ઞાની મુનિ હોય ને પ્રભાવનાનું અંગ જાણી દવાનું કહે પણ મુનિઓ વિકલ્પના સ્વામી નથી. સહજ વૈદ્યકનો અભ્યાસ થયો છે. જેથી અન્યમતવાળાનું માન ગાળવાનું બની જાય. પૂજ્યપાદ સ્વામીને એવો અભ્યાસ હતો. બહારમાં પ્રભાવનાનું કારણ હોય તો બને. મુનિઓ જંગલમાં બેઠા હોય ને કહી દે કે અમુક જાતનું પાંદડું અમુક ભાગ તરફ રાખે તો ગૂમડું પાકી જાય ને અમુક ભાગ તરફ રાખે તો ગૂમડું ફૂટી જાય વગેરે વૈદ્યકની વાત કોઈ વાર કહી દે. ઔષધ આદિથી ઉપકાર પણ બને તથા જે જીવ લૌકિક કાર્યોમાં



રક્ત છે તે આ દવાના ચમત્કારથી જૈની થાય ને પાછળથી સત્યધર્મ પામી પોતાનું કલ્યાણ કરે ઈત્યાદિ પ્રયોજન સહિત વૈદ્યકાદિ શાસ્ત્રો કહ્યા છે. અહીં એટલું ખરું કે આ પણ જૈનશાસ્ત્ર છે એમ જાણી તેના અભ્યાસમાં જ ઘણા લાગવું નહિ. જો ઘણી બુદ્ધિથી તેનું સહજ જાણવું થાય તથા તેને જાણતા પોતાનો રાગ વધતો ન જાણે તો તેનું જાણવું પણ ભલે થાય પરંતુ અનુયોગ શાસ્ત્રવત્ એ શાસ્ત્રો કાર્યકારી નથી. માટે તેના અભ્યાસનો વિશેષ ઉદ્યમ કરવો નહિ.

**પ્રશ્ન** : જો એમ છે તો ગણધરાદિ પુરુષોએ તેની શા માટે રચના કરી ?

**ઉત્તર** : પૂર્વોક્ત કિંચિત્ પ્રયોજન જાણી તેની રચના કરી છે. જેમ ઘણો ધનવાન કોઈ વેળા અલ્પ કાર્યકારી વસ્તુનો સંચય કરે છે પણ જો અલ્પ ધનવાન તેવી વસ્તુનો સંચય કર્યા કરે તો ધન ત્યાં જ ખર્ચાઈ જાય. પછી તે કાર્યકારી વસ્તુનો સંગ્રહ કરી શકે નહિ. તેમ ઘણા જ્ઞાનવાળા અલ્પ કાર્યકારી શાસ્ત્રો વાંચે પણ જેને બુદ્ધિ થોડી હોય તે અપ્રયોજનમાં લગાવે તો બુદ્ધિ ત્યાં રોકાઈ જાય ને પછી ઉત્કૃષ્ટ કાર્યકારી શાસ્ત્રોનો અભ્યાસ કેવી રીતે કરે ?

વળી જેમ મંદ રાગી મહામુનિઓ આદિપુરાણમાં શૃંગારની વાત કરે પણ વિકારી થાય નહિ પણ જો તીવ્ર રાગી શૃંગારનું નિરૂપણ કરે તો પાપ જ બાંધે તેમ મંદ રાગી ગણધરાદિ છે તેઓ વૈદ્યકાદિ શાસ્ત્ર નિરૂપણ કરે તો પણ વિકારી થતાં નથી પણ જો તીવ્ર રાગી તેના અભ્યાસમાં લાગી જાય તો રાગ વધારી પાપકર્મોને જ બાંધે -એમ સમજવું. એ પ્રમાણે જૈનમતના ઉપદેશનું સ્વરૂપ જાણવું. હવે તેમાં કોઈ દોષ કલ્પના કરે છે તેનું નિરાકરણ કરે છે.

## પ્રથમાનુયોગમાં દોષકલ્પનાનું નિરાકરણ

કોઈ જીવ કહે કે પ્રથમાનુયોગમાં શૃંગાર બતાવ્યો, લડાઈ કરાવી તેનું કથન ઘણું કર્યું માટે એવું કથન કરવું ઠીક નથી કારણ તેના નિમિત્તથી રાગ થાય છે. તેને કહીએ છીએ કે કથા કહેવી હોય ત્યારે તો બધીય અવસ્થાનું કથન કરવું જોઈએ. વળી જે અલંકાર સહિત કથન કરે ત્યાં પંડિતના વચન યુક્તિ સહિત નીકળે.

**પ્રશ્ન** : સંબંધ મેળવવા માટે સામાન્ય કથન કરવું હતું પણ વધારીને કથન શા માટે કર્યું ?

**ઉત્તર** : પરોક્ષ કથનને વધારીને કહ્યા વિના તેનું સ્વરૂપ ભાસે નહિ. કથા વખતે ઘણો વિસ્તાર કરે. પહેલાં તો આવા આવા ભોગ ને સંગ્રામ કર્યા, પછી સર્વનો ત્યાગ કરી મુનિ થયા.

હનુમાન કામદેવ પુરુષ હતા, શરીર ઘણું સુંદર હતું, તારો ખરતો જોઈ વૈરાગ્ય થયો. સુંદર શરીરની રાખ થશે, શરીરની રક્ષામાં મારો સમય જાય છે, મુનિપણું લઈ કેવળજ્ઞાન પ્રગટ કરું -એમ વિચારી વૈરાગ્ય લ્યે છે. રાજકુમારની વાત કરે તો અજ્ઞાનીને એમ લાગે કે આવી ઋદ્ધિ હોય તો ! પણ રાગ પોષવા માટે કથા નથી. આવી ઋદ્ધિ હતી છતાં તેને છોડી વૈરાગ્ય લ્યે છે. સુંદર શરીર નાશવાન

છે, તેના રજકણો વીંખાઈ જશે, આત્મા નિત્યાનંદ ધ્રુવ છે વગેરે બતાવવા અલંકાર કર્યો, ત્યાં હેતુ વૈરાગ્ય કરાવવાનો છે. ચક્રવર્તીને ૯૬ કરોડ પાયદળ ને ૯૬ કરોડ ગામ હતા. ૯૬૦૦૦ સ્ત્રી હતી, તારે ત્યાં ૯૬૦૦૦ નળિયા પણ નથી એમ કહી વૈરાગ્ય ઉપજાવવાનું પ્રયોજન છે.

તું કહે છે કે એના નિમિત્તથી રાગાદિક વધી જાય છે પણ જેમ કોઈ ચૈત્યાલય બનાવે છે ત્યાં તેનું પ્રયોજન તો ધર્મકાર્ય કરાવવાનું છે. છતાં એ જ મકાનમાં કોઈ પાપકાર્ય કરે તો મંદિર બનાવનારનો શો વાંક છે ? તેવી રીતે શ્રીગુરુ પુરાણ વિષે વર્ણન કરે તેમાં ધર્મ વિષે લગાવવાનો હેતુ છે છતાં કોઈ પાપી પાપ કરે તો શ્રીગુરુનો શો દોષ ?

**પ્રશ્ન** : જે રાગાદિના નિમિત્ત હોય તે કથન જ કરવા નહોતા.

**ઉત્તર** : સરાગી જીવોનું મન કેવળ વૈરાગ્યમાં ન લાગે. જેમ બાળકને કરિયાતું આપવું હોય તો પેંડો આપવાનું કહી કરિયાતું આપે છે. તેમ સરાગીને ભોગાદિ કથનના આશ્રયે ધર્મમાં રુચિ કરાવીએ છીએ. તેને કહે છે કે આવા પુણ્યથી રાજકુમાર થાય ને પછી વૈરાગ્ય લાવી મુનિ થાય છે -એમ કહી ધર્મની રુચિ કરાવે છે.

**પ્રશ્ન** : જો એમ છે તો વૈરાગી પુરુષોએ તો એવા ગ્રંથોનો અભ્યાસ કરવો યોગ્ય નથી.

**ઉત્તર** : જેના અંતરંગમાં રાગ ભાવ નથી તે ગમે તેવા કથન સાંભળે તો પણ તેને રાગદ્વેષ ઊપજતાં નથી. મુનિઓને રાગદ્વેષ થતાં નથી. એ તો જાણે છે કે આ પ્રમાણે જ અહીં કથન કરવાની પદ્ધતિ છે.

**પ્રશ્ન** : તો જેને શૃંગારાદિ કથન સાંભળતા રાગાદિ ભાવ થઈ આવે છે તેણે તો એવા કથન સાંભળવા યોગ્ય નથી.

**ઉત્તર** : જ્યાં ધર્મનું પ્રયોજન છે તથા જ્યાં ત્યાં ધર્મને પોષણ કરેલ છે એવા જૈનશાસ્ત્રોમાં પ્રસંગોપાત શૃંગારાદિનું કથન કર્યું છે. તેને સાંભળતા જે ઘણો રાગી થયો તે અન્ય ક્યા ઠેકાણે વીરાગી થશે ? તે છોડીને દુકાને બેસશે ને અન્ય સંસારના કામમાં રોકાશે તો ઘણો રાગ થશે માટે તેને પણ પુરાણ સાંભળતા થોડી ઘણી ધર્મબુદ્ધિ થાય તો થાય; બીજા કાર્યોથી આ ભલું જ છે.

**પ્રશ્ન** : પ્રથમાનુયોગમાં અન્ય જીવોની કથાઓ -તીર્થંકર, બળદેવ આવા થયા એમાં અમારે શું?

**ઉત્તર** : જેમ કામી પુરુષોને કામી પુરુષોની વાર્તા સાંભળતા કામ્યપ્રેમ વધે છે તેમ ધર્મી પુરુષોને ધર્માત્માની કથા સાંભળતા ધર્મમાં વિશેષ પ્રીતિ વધે છે. નેમીનાથ તીર્થંકર બ્રહ્મચારી હતા. તેમણે પશુ દેખી લગ્ન કરવાનું છોડી મુનિપણું લીધું, રથ ફેરવી ચાલી નીકળ્યા. આવી વાત સાંભળી વૈરાગ્ય થાય છે. મહાવીર ભગવાનનો જીવ દસમા ભવે સિંહ હતો તેની વાત કરે કે સિંહ ક્રૂર હતો, માંસ ખાતો હતો ત્યાં મુનિઓ ઉપરથી આવે છે. સિંહ વિચારમાં પડી ગયો કે આ કોણ છે ! મુનિઓ કહે છે



કે તું દસમા ભવે તીર્થંકર થઈશ. આ માંસ ખાવું તને શોભે નહિ. આમ વાત સાંભળીને સિંહને આંસુ આવી જાય છે, તે વૈરાગ્ય પામે છે. આવી વાત સાંભળી વૈરાગી જીવોને વૈરાગ્ય આવે છે. સિંહના પરિણામ તરત સુધરી ગયા. આ પ્રમાણે પ્રથમાનુયોગનો અભ્યાસ કરવો.

## દ્વિ.વૈશાખ સુદ ૧૧, રવિવાર, ૨૪-૫-૫૩.

ચાર પ્રકારનો અધિકાર શાસ્ત્રમાં હોય છે, તેમાં કોઈ દોષ કાઢે તો તેનું નિરાકરણ કરે છે. કથાનુયોગમાં શૃંગાર આદિની વાત આવે છે, એમાં કાંઈ દોષ નથી -એ વાત આવી ગઈ છે. હવે કરણાનુયોગમાં દોષ કલ્પના કરે છે તેનું નિરાકરણ કરે છે.

## કરણાનુયોગમાં દોષકલ્પનાનું નિરાકરણ

કોઈ જીવ કહે છે કે કરણાનુયોગમાં ગુણસ્થાન, માર્ગણાસ્થાન અને કર્મપ્રકૃતિ તથા ત્રણ લોકનું કથન કર્યું છે તો તેને જાણવાથી શું થાય ? પણ કાંઈ વ્રત કરીએ, ભક્તિ કરીએ અને કાં તો આત્માનો અનુભવ કરીએ તો ભલું થાય.

**સમાધાન** : પરમેશ્વર તો વીતરાગ છે. ભક્તિ કરવાથી ભગવાન પ્રસન્ન થતાં નથી પણ ભક્તિ કરવાથી પોતાના પરિણામ મંદકષાયરૂપ થાય છે અને તેનું ઉત્તમ ફળ પોતાથી જ થાય છે. ભક્તિ કરતાં કરણાનુયોગના અભ્યાસમાં તો વધારે મંદ કષાય થાય છે. તેથી તેનું ફળ ઉત્તમ છે.

વળી વ્રતાદિક તો કષાય ઘટાડવાના બાહ્ય નિમિત્ત સાધન છે. પોતે કષાયની મંદતા કરે તો વ્રતાદિને બાહ્ય સાધન કહેવાય અને કરણાનુયોગનો અભ્યાસ કરવા છતાં ત્યાં ઉપયોગ જોડાઈ જાય ત્યારે રાગાદિ દૂર થાય છે. તેથી તે અંતરંગ નિમિત્ત સાધન છે. માટે કરણાનુયોગનો અભ્યાસ વિશેષ કાર્યકારી છે. અને વ્રત લઈને પણ જો શાસ્ત્ર અધ્યયન ન કરે તો મંદ કષાય પણ બરાબર થતો નથી. માટે પ્રમાદ કરવો યોગ્ય નથી. કરણાનુયોગના અભ્યાસમાં પ્રમાદ રહેતો નથી. આત્માનો અનુભવ કરવો એ તો ધર્મીનું મુખ્ય કામ છે. એ કામ કરે એણે કરણાનુયોગનો અભ્યાસ કરવો જ જોઈએ એમ કહેવું નથી. પણ નિર્વિકલ્પ ઉપયોગમાં વિશેષ કાળ રહી શકતો નથી અને તેથી બીજો વિકલ્પ આવ્યા વિના રહે નહિ માટે કરણાનુયોગનો અભ્યાસ કરવો યોગ્ય છે. તત્ત્વજ્ઞાન વિના એકલા કરણાનુયોગના અભ્યાસમાં રોકાઈ જાય તો પણ ધર્મ થતો નથી.

કરણાનુયોગના અભ્યાસથી શ્રદ્ધા વિશેષ નિર્મળ થાય છે. કરણાનુયોગનો અભ્યાસ વર્તમાન રાગાદિ ઘટાડે છે અને ભવિષ્યના રાગાદિ ઘટવાનું કારણ પણ થાય છે. માટે કરણાનુયોગના અભ્યાસમાં ઉપયોગને જોડવો. મોહ અને યોગના નિમિત્તે ચૌદ ગુણસ્થાનના ભેદ પડે છે એમ ગોમ્મટસારમાં આવે છે તેને જાણીને આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે એવો નિર્ણય કરવો યોગ્ય છે. અજ્ઞાની કહે છે કે શાસ્ત્ર ભણી ભણીને શું કરવું છે ? અહિંસા ધર્મ તો શાસ્ત્રનો સાર છે. માટે અહિંસા પાળવી, કોઈ પ્રાણીને મારવો

નહિ. ''જીવો અને જીવવા દો'' એ શાસ્ત્રનો સાર છે એમ તે માને છે. પણ કોઈ જીવ બીજા કોઈને બચાવી શકતો નથી, તેમ જ હિંસા કરી શકતો નથી. આત્માની દૃષ્ટિપૂર્વક જેટલો રાગ ઘટે તે અહિંસા છે. પરની દયા પાળવી તે વ્યવહારે અહિંસા છે. નિશ્ચયથી તો તે હિંસા છે એની જેને ખબર નથી તે કરણાનુયોગમાં દોષ કાઢે છે.

**પ્રશ્ન** : કરણાનુયોગમાં દ્વીપ-સમુદ્રાદિ અને યોજનાદિનું નિરૂપણ કર્યું છે તેથી શું સિદ્ધિ છે ? એટલે અસંખ્યાતા દ્વીપ-સમુદ્રાદિનું જ્ઞાન કરીને શું કામ છે ?

**ઉત્તર** : તેનું જ્ઞાન કરવામાં પણ રાગદ્વેષ થતાં નથી પણ આ લોકની મમતા છૂટીને પરલોકની બુદ્ધિ થાય છે માટે એમાં દોષ નથી.

**પ્રશ્ન** : જો એમ છે તો જેનાથી કાંઈ પ્રયોજન નથી એવા પાષાણાદિને પણ જાણતાં ત્યાં ઈષ્ટ-અનિષ્ટપણું માનતા નથી એટલે તે પણ કાર્યકારી થયું ?

**ઉત્તર** : સરાગી જીવ રાગાદિ પ્રયોજન વિના કોઈને પણ જાણવાનો ઉદ્યમ કરે નહિ, પરંતુ જો સ્વયં તેનું જાણવું થાય તો અંતરંગ રાગાદિ અભિપ્રાયના વશથી ત્યાંથી ઉપયોગને છોડાવવા જ ઈચ્છે છે. અને અહીં તો ઉદ્યમપૂર્વક દ્વીપ-સમુદ્રાદિને જાણે છે અને ત્યાં ઉપયોગને લગાવે છે તેથી રાગાદિ ઘટે એવું કાર્ય થાય છે. માટે પાષાણાદિના જ્ઞાનમાં રાગાદિ થાય છે અને દ્વીપ આદિના જ્ઞાનમાં રાગાદિ ઘટે છે એમ સમજવું.

અસંખ્યાતા દ્વીપ તથા સમુદ્રને જાણે અને એમાં પાંચમા ગુણસ્થાનવાળા અસંખ્યાતા શ્રાવકો છે એમ જાણી તેનો મહિમા લાવે. આત્મજ્ઞાની, અવધિજ્ઞાની, જાતિસ્મરણ જ્ઞાનવાળા અસંખ્યાતા છે એમ જાણે, એમાં રાગદ્વેષનું કારણ નથી અને પથ્થરાદિમાં તો પોતાનું પ્રયોજન ભાસે તો રાગ થાય છે. કોઈ સારો ગોળ પથ્થર દેખ્યો હોય તો રાગ થઈ આવે કે આપણા કામમાં આવશે એમ રાગ કરે પણ સમુદ્ર આદિનું પાણી કે પથ્થર અહીં કાંઈ ઉપયોગમાં આવી શકે એમ નથી. માટે દ્વીપ-સમુદ્રના જ્ઞાનથી રાગ આદિ થતાં નથી અને સ્વર્ગાદિનું વર્ણન સાંભળી મંદ કષાયનું એ ફળ છે -એમ જાણે અને પુણ્ય કાર્ય તરફ વળે, પણ એથી કરીને તે રાગ વધવાનું કારણ નથી. અહીં તો પાપ કરતાં પુણ્ય પરિણામ કરે છે એટલો પણ કરણાનુયોગથી લાભ છે -એમ કહેલ છે.

વળી દ્વીપાદિને જાણતાં યથાવત્ રચના ભાસે ત્યારે અન્ય મતાદિનું કહ્યું ખોટું છે એમ જાણે અને આ જ સત્ય છે એમ સત્યશ્રદ્ધાની થાય તથા ભ્રમણા મટી જાય છે. મહાવિદેહ ક્ષેત્રમાં એક સાથે વીસ તીર્થંકરો હોય છે. અહીં તો એક પછી એક તીર્થંકર થાય. પાંચ ભરત, પાંચ ઐરાવત ને પાંચ મહાવિદેહ છે, તેને આ બધું સર્વજ્ઞ ભગવાને કહેલું છે, એમાં ભૂલ નથી -એમ જાણે તો ઉપયોગ નિર્મળ થાય છે. તેથી કરણાનુયોગનો અભ્યાસ કાર્યકારી છે.



**પ્રશ્ન** : કરણાનુયોગમાં ઘણી કઠિનતા હોવાથી તેના અભ્યાસમાં ખેદ થાય છે.

**ઉત્તર** : જો વસ્તુને શીઘ્ર જાણવામાં આવે તો ત્યાં ઉપયોગ બરાબર લાગતો નથી તથા જાણેલી વસ્તુને વારંવાર જાણવાનો ઉત્સાહ પણ થાય નહિ. માટે કઠણ હોવા છતાં પણ અભ્યાસ કરવો યોગ્ય છે. જેનો અભ્યાસ થઈ શકે નહિ, એની વાત નથી. એકલો પ્રમાદ કરે તેના કરતાં વિચાર કરે, શાસ્ત્રનો અભ્યાસ કરે તો મંદ કષાય તો થાય પણ અભ્યાસ કરે નહિ તો એકલો પાપ ભાવ થાય. માટે કરણાનુયોગનો અભ્યાસ કરવો. વળી તું કહે છે કે કરણાનુયોગના અભ્યાસમાં ખેદ થાય છે પણ પ્રમાદી રહેવામાં તો પાપ થાય છે. માટે ધર્મ અર્થે તો ઉદ્યમ કરવો જ યોગ્ય છે.

## ચરણાનુયોગમાં દોષકલ્પનાનું નિરાકરણ

કોઈ જીવ કહે કે ચરણાનુયોગમાં બાહ્ય વ્રતાદિ સાધનનો ઉપદેશ છે એટલે એનાથી કાંઈ સિદ્ધિ નથી. પોતાના પરિણામ નિર્મળ જોઈએ, પછી બાહ્ય તો ઈચ્છાનુસાર પ્રવર્તો -એમ વિચારી તે આ ઉપદેશથી વિમુખ રહે છે તેને કહે છે કે આત્મપરિણામોને અને બાહ્ય પ્રવૃત્તિને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પોતાના ભાવપૂર્વક બાહ્ય ક્રિયા થાય છે અને એમ માને કે મારો ભાવ ન હતો -તો તે ભ્રમ છે.

અંતરમાં રાત્રિભોજનના ત્યાગનો ભાવ હોય અને બહારમાં પાણી પીવાનો યોગ હોય -એમ બને નહિ. છદ્મસ્થ જીવના ભાવને અને પરક્રિયાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. કોઈ વખત પરિણામ વિના પણ ક્રિયા થાય છે. જેમ કે આત્માને પડવાનો ભાવ ન હોય અને શરીર કોઈ વખતે પડી જાય છે. માટે પરિણામના કારણે જડની ક્રિયા થાય છે -એમ નથી પણ આત્માને અશુભ ભાવ-લીલોતરી કાપવાનો ભાવ થાય છે ત્યારે બહારમાં લીલોતરી આદિ કાપવાની ક્રિયા હોય છે -એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ચોરી કરવાવાળો કોઈ ચીજ હાથમાં લે તે વખતે કોઈ તે જોઈ જાય તો કહે કે મેં આ ચીજને જોવા માટે લીધી છે અને કોઈને ખબર પડે નહિ તો ખીસામાં મૂકી દે. તો તે પરિણામપૂર્વક ક્રિયા થઈ છે. બાહ્ય ક્રિયા તો જડથી થઈ છે, આત્માથી થઈ નથી પણ તે વખતે એવા ભાવ હોવા છતાં અમારો ભાવ ન હતો એમ કહે તો તે મિથ્યાદૃષ્ટિ છે. સમયસારાદિમાં પરિણામ છોડાવવા માટે પરવસ્તુ છોડવાનો ઉપદેશ આપ્યો છે કેમ કે પોતાના ભાવને અને બાહ્ય ક્રિયાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

અંતરમાં રાગાદિ ઘટી જાય તો બહારમાં પણ તેને યોગ્ય ક્રિયા હોય છે. પાંચમું ગુણસ્થાન અંતરમાં થયું હોય અને બહારમાં શ્રાવકપણું ન હોય એમ બને નહિ અને છઠ્ઠા ગુણસ્થાનમાં પણ પંચમહાવ્રતાદિના પરિણામ હોય છે. સર્વાર્થસિદ્ધિ વિમાનના દેવો સમ્યગ્દૃષ્ટિ અને ઘણા જ્ઞાની છે છતાં તેમને ચોથું ગુણસ્થાન છે ત્યારે ગૃહસ્થ શ્રાવક મનુષ્યને પાંચમું ગુણસ્થાન છે તથા તીર્થંકરાદિ પુરુષોએ ગૃહસ્થપદ છોડી સંયમ ગ્રહણ કરેલ છે. માટે આ નિયમ છે કે બાહ્ય સાધનને અને પરિણામને નિમિત્ત-નૈમિત્તિક

સંબંધ છે. સાચા મુનિ હોય અને બહારમાં વસ્ત્રાદિ હોય એમ બને નહિ. આ રીતે ચરણાનુયોગનો અભ્યાસ પણ કરવા યોગ્ય છે.

## દ્રવ્યાનુયોગમાં દોષકલ્પનાનું નિરાકરણ

કોઈ જીવ કહે છે કે દ્રવ્યાનુયોગના શાસ્ત્રોમાં વ્રતાદિનું હીનપણું બતાવ્યું છે માટે તે વાંચવા નહિ. સમયસાર આદિમાં તો વ્રતાદિનો ભૂક્કો ઉડાડ્યો છે. વ્યવહાર આવે છે ત્યાં તિરસ્કાર કરે છે અને નિશ્ચયની વાત આવે છે ત્યાં ગળું પકડે છે, વ્યવહાર હેય છે તેથી તે ધર્મ નથી અને સમ્યગ્દૃષ્ટિના વિષયભોગને નિર્જરાનું કારણ કહેલ છે. સમ્યગ્દર્શન વિના જેટલી ક્રિયા હોય છે તે બધી સંસાર અર્થે છે અને આત્માના ભાનપૂર્વક સંસારમાં હોય તો પણ તેને નિર્જરા થાય છે. ઈત્યાદિ કથન સાંભળી જીવ સ્વચ્છંદી થાય છે અને પુણ્ય છોડી પાપમાં પ્રવર્તે છે માટે દ્રવ્યાનુયોગના શાસ્ત્રો વાંચવા યોગ્ય નથી એમ અજ્ઞાની દ્રવ્યાનુયોગમાં દોષ બતાવે છે.

જુઓ, પંડિતજીએ આ લખેલ છે એટલે તે વખતે પણ દ્રવ્યાનુયોગનો વિરોધ કરવાવાળા હતા અને અત્યારે પણ ત્યાગી આદિ નામ ધરાવીને કહે છે કે અત્યારે સમયસારાદિ ગ્રંથો વાંચવા ન જોઈએ પણ મહાબંધ ગ્રંથ વાંચવો જોઈએ કારણ કે બંધનું જ્ઞાન કરવાથી બંધનો નાશ થાય છે. એ રીતે દ્રવ્યાનુયોગમાં દોષ કાઢે છે પણ અહીં તો પંડિતજી કહેશે કે દ્રવ્યાનુયોગનો અભ્યાસ સૌથી પહેલા કરવો જોઈએ.

જેમ સાકર ખાતા ગધેડું મરી જાય તો તેથી કાંઈ મનુષ્ય તો સાકર ખાવી ન છોડે તેમ કોઈ વિપરીતબુદ્ધિ જીવ અધ્યાત્મગ્રંથો સાંભળી સ્વચ્છંદી થાય તો તેથી કાંઈ વિવેકી જીવ તો અધ્યાત્મગ્રંથોનો અભ્યાસ ન છોડે. સમયસાર આદિ દ્રવ્યાનુયોગના શાસ્ત્રોમાં આત્મજ્ઞાનની મુખ્યતાથી રાગાદિનો અભાવ કરવાનો જ ઉપદેશ હોય છે ત્યાં સ્વચ્છંદ કરાવવાનો અભિપ્રાય નથી.

આત્માના પરિણામમાં અજ્ઞાની સ્વચ્છંદી થઈને પાપ ભાવ કરે તો તેને છોડાવવાનો પણ ઉપદેશ આપે છે અને જો યથાર્થ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરે તો સ્વચ્છંદી થાય નહિ પણ કોઈ જીવ સ્વચ્છંદી થાય તો એમાં કાંઈ શાસ્ત્રનો દોષ નથી.

કોઈ બાઈએ પોતાના પડોશીના છોકરાને સીડી ઉપર ચડતો જોઈને કહ્યું કે ''જો પડીશ તો મરીશ'' તેનો અભિપ્રાય બચાવવાનો હતો પણ તે છોકરાની માએ ''મરીશ'' એ શબ્દ પકડીને ઝગડો કર્યો, તો તે બાઈના આશયને સમજી નહિ એમ દ્રવ્યાનુયોગના કથનને બરાબર સમજે નહિ અને એક વાત સ્વચ્છંદતાથી પકડી લે તો તેમાં કાંઈ શાસ્ત્રનો દોષ નથી, પણ તે જીવનો દોષ છે.

વળી જો જૂઠી દોષકલ્પના વડે અધ્યાત્મશાસ્ત્રોના વાંચન-શ્રવણનો નિષેધ કરવામાં આવે તો મોક્ષમાર્ગનો મૂળ ઉપદેશ તો ત્યાં જ છે, એટલે તેનો નિષેધ કરતાં મોક્ષમાર્ગરૂપી ધર્મનો નિષેધ થાય છે. સમયસાર



આદિમાં જ મૂળ ધર્મનો ઉપદેશ છે, બીજા ત્રણ અનુયોગમાં મૂળધર્મનો ઉપદેશ નથી. હવે જ્યાં યથાર્થ ધર્મનું નિરુપણ કર્યું હોય તેને નિષેધ કરે તો તેણે મોક્ષમાર્ગનો નિષેધ કર્યો કહેવાય. માટે અધ્યાત્મશાસ્ત્રો સભા વચ્ચે બરાબર વાંચવા જોઈએ.

### દ્વિ.વૈશાખ સુદ ૧૨, સોમવાર, ૨૫-૫-૫૩.

શિષ્યનો પ્રશ્ન છે કે દ્રવ્યાનુયોગમાં તો વ્રતાદિનો નિષેધ કર્યો છે, ત્યાં તો સ્વચ્છંદી થવાનો સંભવ છે માટે તે વાંચવા-સાંભળવા યોગ્ય નથી. તેને કહે છે કે ભાઈ ! દ્રવ્યાનુયોગ જે સમ્યગ્દર્શનનું મુખ્ય કારણ છે તેનો નિષેધ કરવો યોગ્ય નથી, કેમ કે તેનો નિષેધ કરવાથી મોક્ષમાર્ગનો નિષેધ થાય છે. વ્રતાદિના પરિણામમાં પુણ્ય થાય છે, ધર્મ થતો નથી.

લોકો એમ માને છે કે ક્રિયાકાંડ મોક્ષમાર્ગનું એક અંગ છે પણ તે મોક્ષમાર્ગ નથી. પણ આત્મા જ્ઞાનાનંદમૂર્તિ છે એના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે મોક્ષમાર્ગ છે. અને એનો ઉપદેશ તો દ્રવ્યાનુયોગમાં જ મુખ્ય છે. મૂઠીમાં સોનું હતું તેને ભૂલીને બહારમાં શોધતો હતો એમ અજ્ઞાની ચિદાનંદ સ્વરૂપી આત્મા છે તેને ભૂલી ગયો છે, તેને તેના જ્ઞાન વડે જાણે તો પ્રાપ્તિ થાય એમ છે. સમયસારાદિ ગ્રંથો તીર્થંકરના મુખથી નીકળેલી વાણીનો સાર છે. એમાં કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી, કોઈ પરવસ્તુને છોડી કે ગ્રહી શકતો નથી. વર્તમાન રાગાદિ છે તે ચિદાનંદ આત્માનું સ્વરૂપ નથી, એ કરતાં કરતાં ધર્મ થાય નહિ. દયા, દાન, ભક્તિનો ભાવ આવે છે પણ એનાથી ધર્મ થાય છે અને તે આદરણીય છે -એમ નથી, તેમ જાણવું અને શ્રદ્ધા કરવી તે ધર્મ છે. અધ્યાત્મગ્રંથ વાંચે તો તે ખબર પડે એમ છે પણ કથાઓ વાંચવાથી કે ક્રિયાકાંડ કરવાથી તેની ખબર પડે એમ નથી.

વળી ઘણા લોકો તો કહે છે કે સમયસારાદિ અધ્યાત્મગ્રંથો સાતમા ગુણસ્થાનવાળા માટે છે પણ અહીં તો કહે છે કે દ્રવ્યાનુયોગથી આત્માનું સાચું જ્ઞાન થાય છે, તેથી દ્રવ્યાનુયોગનો ઉપદેશ કરવો યોગ્ય છે. જેમ વરસાદ થવાથી ઘણા જીવોનું હિત થાય છે અને કદાચ કોઈને નુકસાન થતું હોય તો કાંઈ વરસાદનો નિષેધ થાય નહિ, તેમ અધ્યાત્મ ઉપદેશ સભામાં આપવાથી ઘણા જીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે, કોઈ જીવ પોતાની સ્વચ્છંદતાથી પાપમાં પ્રવર્તે તો એથી કરીને અધ્યાત્મ ઉપદેશનો નિષેધ કરવો યોગ્ય નથી.

વરસાદમાં ઘણા જીવોનું કલ્યાણ થાય છે તેમ અધ્યાત્મ ઉપદેશથી ઘણા જીવોનું કલ્યાણ થાય છે. સાચા ઉપદેશથી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રરૂપ ધર્મની પ્રાપ્તિ થાય છે. આમ હોવા છતાં અજ્ઞાની કહે છે કે આ વાત સાંભળવી પણ નહિ. આત્મા બોલી શકે નહિ -એમ જ્યારે વાત બહાર આવી ત્યારે અજ્ઞાની મૂઢ કહે છે કે આત્મા નથી બોલતો ત્યારે કોણ એનો બાપ બોલે છે ? એમ કષાય ભાવ કરે છે. પણ આત્મા શુદ્ધ જ્ઞાતાદૃષ્ટા છે, તે વાણી તો બોલી શકતો નથી પણ દયા, દાન, ભક્તિ આદિના પરિણામ થાય તેનાથી પણ આત્માને લાભ નથી એમ દ્રવ્યાનુયોગમાં ઉપદેશ આવે

છે તેને બરાબર સમજે તો કલ્યાણ થાય છે. કોઈ સ્વચ્છંદી પાપપ્રવૃત્તિ કરે પણ એ તો પહેલા મિથ્યાદૃષ્ટિ હતો અને અત્યારે પણ મિથ્યાત્વ પરિણામ કરે છે તો પછી એમાં મિથ્યાત્વની અપેક્ષાએ કાંઈ ફેર પડ્યો નથી. પણ હા, એટલું થાય કે શુભ પરિણામને બદલે અશુભ પરિણામ કરે છે તો સ્વર્ગાદિ ન થતાં હલકી ગતિ થાય.

અધ્યાત્મ ઉપદેશ ન થતાં ઘણાં જીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તિનો અભાવ થાય છે ને તેથી ઘણા જીવોનું બૂરું થાય છે માટે અધ્યાત્મ ઉપદેશ મુખ્યપણે આપવો યોગ્ય છે. અજ્ઞાની ઉપદેશ આપે છે કે પુણ્ય કરો, દાન કરો, જાત્રા કરો, ભક્તિ કરો, બાહ્ય તપશ્ચર્યા કરો દ્વએ કરતાં કરતાં ધર્મ થશે પણ તેથી તો ઘણા જીવોનું બૂરું થાય છે. સાચો ઉપદેશ આપવામાં ન આવે તો ઘણા જીવોનું અને ઘણું બૂરું થાય છે. માટે એનો નિષેધ કરવો યોગ્ય નથી.

**પ્રશ્ન** : દ્રવ્યાનુયોગરૂપ અધ્યાત્મ ઉપદેશ છે તે ઉત્કૃષ્ટ છે ને તે ઊંચ દશાને પ્રાપ્ત હોય તેને જ કાર્યકારી છે પણ નીચલી દશાવાળાને તો વ્રત, સંયમાદિનો ઉપદેશ યોગ્ય છે. જેનું જઠર મંદ હોય અને અનાજ પચતું ન હોય તેને મિઠાઈ આપવામાં આવે તો તેને નુકસાન થાય તેમ અધ્યાત્મ ઉપદેશ પચાવવાની અમારી તાકાત નથી માટે તે ઉપદેશ આપવો યોગ્ય નથી. ઊંચી દશાવાળા માટે તે કામનો છે પણ નીચલી દશાવાળાને પુણ્ય આદિ કરવાનો ઉપદેશ આપવો યોગ્ય છે.

**સમાધાન** : જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલા સમ્યક્ત્વ હોય, પછી વ્રત હોય. સમ્યગ્દર્શન થયા વિના વ્રત-સંયમાદિ યથાર્થ હોય નહિ. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના પંથમાં તો એવો ક્રમ છે કે પહેલા તો સમ્યદ્ગ્દર્શન હોય અને પછી વ્રત હોય છે. સાચા દેવાદિની જેને ખબર નથી તેને તો વ્યવહાર સમ્યગ્દર્શન પણ નથી. નિશ્ચય આત્માનું ભાન થયું હોય તેને જ સાચા વ્રતાદિ હોય છે. વીતરાગના માર્ગમાં તો સમકિતની મુખ્યતા પ્રથમ છે. ભેદજ્ઞાન પહેલા થવું જોઈએ. તે સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે. માટે દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દૃષ્ટિ થાય તે પ્રથમ ધર્મ છે અને પછી વ્રતાદિ હોય છે.

દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દૃષ્ટિ થાય છે અને ત્યાર પછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિ ધારણ કરી વ્રતી થાય. આત્મામાં રાગ થાય છે તે કર્મના કારણે થતો નથી એમ ભેદજ્ઞાન કરવું જોઈએ અને તે અધ્યાત્મગ્રંથના અભ્યાસથી જ થાય છે. વ્રતાદિની ક્રિયા તો અભવી પણ કરે છે, એમાં કાંઈ નવીન નથી પણ ભેદજ્ઞાન કરવું તે અપૂર્વ છે. માટે અધ્યાત્મગ્રંથ કે જે ભેદજ્ઞાન કરવાનું નિમિત્ત છે તેનો અભ્યાસ પ્રથમ કરવો યોગ્ય છે. અનાદિ અજ્ઞાની અપ્રતિબુદ્ધ છે એને આ ઉપદેશ આપવામાં આવે છે. આ કાંઈ ઊંચી દશાવાળા માટે છે -એમ નથી. ત્રણે કાળે આ એક જ ઉપદેશ કરવો યોગ્ય છે. અમુક કાળે આ હોય ને હલકા કાળે બીજો હોય -એમ નથી.

એ પ્રમાણે મુખ્યપણે નીચલી દશાવાળાને જ દ્રવ્યાનુયોગ કાર્યકારી છે. આમ હોવા છતાં કોઈ



લૌકિક વાત કહે તો તેના સાંભળનારા પણ ઘણા નીકળે પણ એ તો અનાદિથી અનંતવાર કર્યું છે. સંસારની રુચિવાળાને એવું ગમે છે. પણ એ આત્માને કાંઈ કાર્યકારી નથી. અહીં તો કહે છે કે નીચલી દશાવાળાને પણ અધ્યાત્મ ઉપદેશ કાર્યકારી છે, માટે એ જ ઉપદેશ આપવો યોગ્ય છે. પણ એવો ઉપદેશ સાંભળવો જ નહિ એમ જે માને છે તે તો સમ્યગ્દર્શનનો નિષેધ કરે છે.

જે સમ્યગ્દર્શનને લાયક જ ન હોય એમ જાણે તો તેને વ્રતાદિનો ઉપદેશ આપે પણ એથી કાંઈ કલ્યાણ ન થાય. ધર્મ સમજવાની જ દરકાર ન હોય અને એકલા વ્યવહારનો આગ્રહ કરતો હોય તો પછી તેને કહે કે ભાઈ, કષાયની મંદતા કરીશ તો પુણ્ય થશે પણ ધર્મ થશે નહિ. આમ હોવાથી ઊંચી દશાવાળાએ અધ્યાત્મનો અભ્યાસ કરવો યોગ્ય છે એમ જાણીને નીચલી દશાવાળાએ દ્રવ્યાનુયોગના અભ્યાસથી પરાઙ્મુખ રહેવું યોગ્ય નથી.

**પ્રશ્ન** : ઊંચા ઉપદેશનું સ્વરૂપ નીચલી દશાવાળાને ભાસે નહિ, માટે આવી વાત અમને સમજાય નહિ. એલ.એલ.બી. અને એમ.એ.ની ઊંચી વાત અમારે માટે નથી. તેથી અધ્યાત્મ ઉપદેશ કરવો યોગ્ય નથી કેમ કે અમારી વર્તમાન એવી લાયકાત નથી.

**ઉત્તર** : અન્ય તો અનેક પ્રકારની ચતુરાઈ જાણે છે અને અહીં મૂર્ખપણું પ્રગટ કરે છે તે યોગ્ય નથી. સંસારની ખાવાપીવાની વાત કરે તો એમાં ચતુરાઈ બતાવે, વ્યવહારની વાત કરે તો આવું ખપે અને આવું ન ખપે; શુદ્ધ આહાર આવો હોય વગેરે કહે પણ

**વ્યવહારે લખ દોહ્યલા, કાંઈ ન આવે હાથ રે.**

સંસારમાં રુચિવાળો હોવાથી સંસારના કામ બધા જાણે અને અહીં અમે સમજી શકીએ નહિ એમ કહે. ઘેર છોકરાની સગાઈની વાત ચાલતી હોય તો ત્યાં ઘરના બધા માણસો ચતુરાઈ બતાવે છે, ચોપડાના હિસાબમાં ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢે, ગમે તેવું અટપટું કામ હોય તો પણ તેનો ઉકેલ કરે, ત્યાં ઉપયોગને લગાવે અને અહીં સમજાય નહિ એમ કહે તો તેને ધર્મની રુચિ જ નથી. જ્યાં રુચિ હોય ત્યાં તો ચતુરાઈ કરે છે અને ડહાપણ બતાવે છે. છોકરીઓ રંગોળી કાઢે, ભરત ભરે, તોરણો કરે તો ત્યાં ચતુરાઈ કરે. ત્યાં બધું જાણે અને અહીં તત્ત્વજ્ઞાન સમજવું હોય તો તે અમને સમજાય નહિ એમ કહે. સંસારમાં તો બીજા કરતાં સારું કરી બતાવવા મહેનત કરે પણ અહીં તત્ત્વજ્ઞાનમાં વિચાર જ કરતો નથી. વિચાર કરે તો પોતાના જ્ઞાનના ઉઘાડ પ્રમાણે તત્ત્વ ભાસ્યા વિના રહે નહિ. અધ્યાત્મશાસ્ત્રોનો અભ્યાસ કરવાનો જે નિષેધ કરે છે તે ભગવાનના માર્ગનો દ્વેષી છે એમ આથી સિદ્ધ થાય છે.

## દ્વિ.વૈશાખ સુદ ૧૩, મંગળવાર, ૨૬-૫-૫૩.

દ્રવ્ય, ગુણ અને પર્યાયનું યથાર્થ જ્ઞાન થયા વિના સમ્યગ્દર્શન થાય નહિ -એમ દ્રવ્યાનુયોગમાં કહે

છે. ત્યારે શિષ્યે શંકા કરી કે આ તો ઊંચો ઉપદેશ છે માટે નીચલી દશાવાળાને માટે તે નથી. તેનો ઉત્તર આપ્યો કે સંસારની વાતમાં રુચિ કરે અને ત્યાં ચતુરાઈ બતાવે છે અને અહીં આત્માની વાતમાં અમારાથી ન સમજાય એમ માને છે તે મિથ્યાત્વ છે.

સંસારમાં બાઈઓ એક તાવડી લેવા જાય કે કપડું લેવા જાય તો ત્યાં બરાબર પરીક્ષા કરે, મકાન લેવું હોય તો ત્યાં પણ બરાબર તપાસ કરે છે, જૂનું છે કે નવું છે ? પાકું કામ છે કે કાચું કામ છે ? વગેરે પ્રકારે પાકી તપાસ કરે છે -એમ સંસારના કામમાં તો બરાબર ચતુરાઈ બતાવે છે અને ધર્મના નામે પણ બહારમાં ચૌવીહાર, દયા, દાન, ભક્તિ આદિ કરવામાં ચતુરાઈ બતાવે છે પણ આત્માનું યથાર્થ જ્ઞાન કરવું હોય તો ત્યાં કઠિનતા બતાવે છે, તે તો પોતાની અરુચિ બતાવે છે. ભલે જ્ઞાનનો ઉઘાડ બધાનો સરખો ન હોય પણ જેટલો ઉઘાડ હોય તેના પ્રમાણમાં આત્માની રુચિ કરીને પુરુષાર્થ કરે તો સમજાય એમ છે પણ સર્વથા નિરૂદ્યમી થઈને પ્રમાદ કરે તો તે તો જૈનમાર્ગનો દ્વેષી છે.

વસ્તુને યથાર્થ સમજવા માટે અધ્યાત્માદિ ગ્રંથોનો અભ્યાસ કરે નહિ તે પ્રમાદી છે, તે ભગવાનના માર્ગનો વિરોધી છે. તત્ત્વજ્ઞાનનો નિષેધ કરનાર જૈનમાર્ગનો દ્વેષી થયો, દ્રવ્યાનુયોગ સિવાય બીજા ત્રણ અનુયોગમાં જૈનમાર્ગનો મુખ્ય અધિકાર નથી. માટે પ્રથમ દ્રવ્યાનુયોગ કે જેમાં તત્ત્વજ્ઞાન છે તેનો અભ્યાસ મુખ્યપણે કરવો યોગ્ય છે.

**શંકા** : આ કાળ નિકૃષ્ટ એટલે હલકો છે માટે અધ્યાત્મના ઉપદેશની મુખ્યતા કરવી યોગ્ય નથી, અત્યારે આજીવિકાનું ઠેકાણું ન હોય એમાં અધ્યાત્મ ઉપદેશ કરો તે બરાબર નથી.

અજ્ઞાની આખો દિવસ પરની ચિંતા કર્યા કરે છે પણ બહારમાં પુણ્ય વગર કાંઈ મળતું નથી. બહારમાં જે થવાનું હોય તે થાય છે એમાં ત્રણ કાળમાં ફેરફાર થઈ શકે નહિ -એવો વસ્તુનો સ્વભાવ છે. તે તત્ત્વજ્ઞાન દ્રવ્યાનુયોગમાં કહેલ છે તેને સમજે તો સમાધાન થાય એમ છે. આમ કરો અને આમ ન કરો એવો ખદબદાટ તત્ત્વજ્ઞાનના અભ્યાસવાળાને હોય નહિ. અહીં તો શિષ્યની શંકા છે કે અધ્યાત્મ ઉપદેશ આ કાળમાં ન કરવો જોઈએ.

**સમાધાન** : આ કાળ સાક્ષાત્ મોક્ષ થવાની અપેક્ષાએ હલકો છે પણ આત્માના અનુભવ માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થવામાં અત્યારે મના નથી, તેથી આત્માનુભવ માટે દ્રવ્યાનુયોગનો અભ્યાસ અવશ્ય કરવો. વર્તમાનમાં ભાવલિંગી મુનિનો પણ નિષેધ નથી. સમ્યગ્દર્શન પણ વર્તમાનમાં થઈ શકે છે. તેથી તેને માટે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો યોગ્ય છે. છ દ્રવ્ય સ્વતંત્ર, સાત તત્ત્વ સ્વતંત્ર છે વગેરે દ્રવ્યાનુયોગમાં કહેલ છે માટે તેનો જરૂર અભ્યાસ કરવો.

ષટ્પાહુડમાં પણ શ્રી કુંદકુંદાચાર્યે કહેલ છે કે આજ પણ ત્રિરત્ન વડે શુદ્ધ જીવ આત્માને ધ્યાઈ સ્વર્ગલોક અથવા લૌકાંતિક દેવપણું પામે છે અને ત્યાંથી ચ્યવી મનુષ્ય થઈ મોક્ષે જાય છે.



અત્યારે આ કાળમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે આત્માને ધ્યાવીને સ્વર્ગ આદિમાં જઈ શકે છે. એકાવતારીપણું થઈ શકે છે, લૌકાંતિક દેવ થઈ શકે છે અને સ્વર્ગમાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષને પામે છે, એનો નિષેધ નથી. માટે દ્રવ્યાનુયોગનો અભ્યાસ મુખ્ય કરવો જોઈએ. આ કાળમાં આ જ કરવા જેવું છે. સભામાં પણ દ્રવ્યાનુયોગનો જ મુખ્ય ઉપદેશ આપવો એમ કહે છે.

અજ્ઞાની આ વાત સાંભળીને પણ એમ કહે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એમ માનીએ તો એકાંત થાય છે. અગ્નિથી પાણી ગરમ થતું નથી એમ માનીએ તો એકાંત થાય છે. તેને દ્રવ્યાનુયોગનું યથાર્થ જ્ઞાન નથી. તે તેની વિશેષ શંકા કરે છે.

**શંકા** : અધ્યાત્મશાસ્ત્રોમાં જ્યાં સ્વ-પર ભેદવિજ્ઞાનની વાત કરી છે તે તો કાર્યકારી ઘણી છે અને સમજી પણ જલદી શકાય છે પરંતુ દ્રવ્ય-ગુણ-પર્યાય, પ્રમાણ-નયાદિનું ને અન્યમત પ્રરૂપિત તત્ત્વાદિના નિરાકરણનું જે કથન કર્યું છે ત્યાં વિકલ્પ વધારે થાય છે અને ઘણો પ્રયાસ કરવો પડે છે માટે તેનો અભ્યાસ કરવો નહિ.

અહીં પ્રશ્ન એ છે કે સ્વ-પરનું ભેદવિજ્ઞાન કરવું તે તો સહેલું છે પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સૂક્ષ્મ જ્ઞાન કરવું અઘરું લાગે છે. વળી વીતરાગ આમ કહે છે અને બીજા આમ કહે છે માટે બીજાનું ખોટું છે એમ કહેલ છે ત્યાં ઘણો વિકલ્પ આવે છે, વીતરાગના માર્ગમાં તો બધી વાત આવે છે તેનું જ્ઞાન કરવામાં વિકલ્પ આવે છે એમ માની નિષેધ કરે છે પણ એવા વિકલ્પો આવ્યા વિના રહે નહિ. સત્યમાર્ગ આ છે એટલે કે તેનાથી જે વિરુદ્ધ હોય તે બધા અસત્ય માર્ગ છે. એ બન્ને વાત અસ્તિ-નાસ્તિપૂર્વક અધ્યાત્મશાસ્ત્રમાં આવ્યા વિના રહે નહિ.

શુદ્ધ કારણપર્યાય, ક્રમબદ્ધપર્યાયની સૂક્ષ્મ વાત પણ દ્રવ્યાનુયોગમાં આવે. આ વાત સાંભળતા અંતરમાં પ્રમોદ આવવો જોઈએ તેને બદલે વિકલ્પ થઈ જાય છે અને ઘણી સૂક્ષ્મ છે માટે જાણવા યોગ્ય નથી એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. એક પરમાણુનું ક્ષેત્ર નાનું છે અને આકાશનું ક્ષેત્ર ઘણું મોટું છે પણ બન્નેનો અસ્તિત્વગુણ સરખો છે. ક્ષેત્રથી આકાશ મોટું છે માટે ભાવથી પણ મોટું છે -એમ નથી. દ્રવ્ય અપેક્ષાએ સરખાપણું છે, ક્ષેત્રથી ફેર છે, ભાવથી સરખા છે અને પર્યાયથી ફેર છે. તેનું જ્ઞાન કરવામાં અજ્ઞાનીને કંટાળો લાગે છે પણ સંસારની વાતમાં તો તે કંટાળો લાવતો નથી. જ્ઞાનનો ઉઘાડ હોવા છતાં આ વાત સમજવા નવરો થતો નથી એટલે સમજવું અઘરું પડે છે. માટે દ્રવ્યાનુયોગનો અભ્યાસ ન કરવો એમ અજ્ઞાનીની દલીલ છે. હવે તેનો ઉત્તર આપે છે.

**સમાધાન** : સામાન્ય જાણવા કરતાં વિશેષ જાણવું બળવાન છે. અહીં જાણવાની અપેક્ષાએ સામાન્ય કરતાં વિશેષ બળવાન છે એમ કહેલ છે. દૃષ્ટિ અપેક્ષાએ વાત નથી. સંક્ષેપમાં જાણવા કરતાં વિસ્તારથી બરાબર સમજ્યો હોય તો નિર્ણયમાં વિશેષ દૃઢતા થાય છે.

દ્રવ્ય-ગુણ-પર્યાય આદિનું જેટલું જેટલું વધારે જ્ઞાન થાય તેટલું જ્ઞાન વિશેષ નિર્મળ થાય, શ્રદ્ધા દઢ થાય અને રાગ ઘટી જાય -એમ દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેની વાત લીધી. માટે ચારે અનુયોગના શાસ્ત્રોનો અભ્યાસ કરવો, પણ એમાં દોષ કાઢવો તે બરાબર નથી.

વળી વ્યાકરણ-ન્યાયાદિક શાસ્ત્રોનો પણ થોડો ઘણો અભ્યાસ કરવો કારણ કે એના જ્ઞાન વિના મહાન શાસ્ત્રોનો અર્થ ભાસે નહિ અને વસ્તુનું સ્વરૂપ એ પદ્ધતિથી ભાસે તેવુ ભાષાદિકથી ભાસે નહિ. માટે તે અભ્યાસ પણ પરંપરા કાર્યકારી છે -એમ જાણીને તેમાં પ્રવર્તવું, પણ એમાં જ ફસાઈ રહેવું નહિ.

વળી વૈદ્યક શાસ્ત્રો છે તેનું મોક્ષમાર્ગમાં કાંઈ પણ પ્રયોજન જ નથી તેથી કોઈ વખત વ્યવહારધર્મના અભિપ્રાયથી ખેદ રહિતપણે એનો અભ્યાસ બની જાય તો ઉપકારાદિ કરવો પણ પાપરૂપ પ્રવર્તવું નહિ. તથા જો એનો અભ્યાસ ન થાય તો પણ એથી કાંઈ બગાડ નથી. એ પ્રમાણે આચાર્યોએ વૈદ્યકાદિ શાસ્ત્રો કર્યા હોય તેમાં દોષ કાઢવું યોગ્ય નથી એમ કહે છે. બધા શાસ્ત્રો બરાબર છે એમ સમજવું.

## અપેક્ષાજ્ઞાનના અભાવે આગમમાં દેખાતા પરસ્પર વિરોધનું નિરાકરણ

હવે શાસ્ત્રોમાં અપેક્ષાદિકને નહિ જાણવાથી પરસ્પર વિરોધ ભાસે છે તેનું નિરાકરણ કરે છે. પ્રથમાનુયોગ આદિ ચારે અનુયોગમાં આમ્નાય અનુસાર જ્યાં જેમ કથન કર્યું હોય ત્યાં તેમ જાણી લેવું. પણ અન્ય અનુયોગના કથનથી અન્યથા જાણી ત્યાં સંદેહ કરવો નહિ. દ્રવ્યાનુયોગમાં કહે કે પુણ્યને મનથી સારું માનવું નહિ, વચનથી સારું કહેવું નહિ ને કાયાથી ચેષ્ટા બતાવીને સારું છે એમ માનવું નહિ. પુણ્યને કુશીલ કહેલ છે. પુણ્ય-પાપ બન્ને સરખા છે-કરવા યોગ્ય નથી એમ માનવું. અને કથાનુયોગમાં પુણ્ય કરવા જેવું છે એમ વાત આવે તો એમાં વિરોધ જાણવો નહિ. ચરણાનુયોગમાં શુભ ભાવ કરવો એમ કહેલ છે, એનો મેળ કરતાં ન આવડે તો ભ્રમ થયા વગર રહે નહિ. જે જે અનુયોગમાં જે રીતે કથન કર્યું હોય ત્યાં તેને બરાબર સમજી લેવું. ચરણાનુયોગમાં શુભ પરિણામ કરવાનું અનુમોદન નથી પણ અજ્ઞાની એકલા અશુભ ભાવમાં પ્રવર્તતો હોય અને સમ્યગ્દર્શનને સમજતો ન હોય તો તેને શુભ ભાવ કરવાનું કથન કર્યું હોય છે. માટે ત્યાં સંદેહ કરવો નહિ.

જેમ કોઈ ઠેકાણે તો નિર્મળ સમ્યગ્દષ્ટિને શંકા-કાંક્ષા-વિચિકિત્સાનો અભાવ કહ્યો ત્યારે કોઈ ઠેકાણે ભયનો ને જુગુપ્સાનો આઠમા ગુણસ્થાન સુધી ઉદય કહ્યો અને લોભનો દશમા ગુણસ્થાન સુધી ઉદય કહ્યો; તો ત્યાં વિરોધ ન જાણવો. કારણ કે શ્રદ્ધાનપૂર્વક તીવ્ર શંકાદિનો સમ્યગ્દષ્ટિને અભાવ થયો છે અને મુખ્યપણે સમ્યગ્દષ્ટિ શંકા આદિ કરતો નથી એ અપેક્ષાએ સમ્યગ્દષ્ટિને શંકા આદિનો અભાવ છે. ચરણાનુયોગમાં સ્થૂળ પરિણામની અપેક્ષાએ કથન કર્યું હોય છે માટે તે બન્ને કથનને બરાબર વિરોધ વગર સમજવાં જોઈએ. સમ્યગ્દષ્ટિને બુદ્ધિપૂર્વક દુગંચ્છા હોતી નથી એ પ્રમાણે દરેક ઠેકાણે સમજી લેવું.



## દ્વિ.વૈશાખ સુદ ૧૪, બુધવાર, ૨૭-૫-૫૩.

આ આત્માની પૂર્ણ શુદ્ધ દશા થવી તે મોક્ષ છે ને અપૂર્ણ શુદ્ધ દશા છે તે માર્ગ એટલે ઉપાય છે. તેને બરાબર સમજવા માટે શાસ્ત્રમાં અપેક્ષાથી કથન કર્યું હોય તેને યથાર્થપણે સમજવું જોઈએ.

આત્મા જ્ઞાનાનંદમૂર્તિ છે, તે દેહથી ભિન્ન છે. એની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. અજ્ઞાની દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને જ સમ્યગ્દર્શન માને છે તે બરાબર નથી. અહીં સમ્યગ્દષ્ટિને તીવ્ર શંકા આદિ હોતા નથી તે વાત ચાલે છે. અથવા મુખ્યપણે સમ્યગ્દષ્ટિ શંકા આદિ કરે નહિ. આત્મા સુખરૂપ છે, એને દુઃખરૂપ માનવો અથવા દયા, દાન, ભક્તિથી ધર્મ થશે એવી તીવ્ર શંકા સમ્યગ્દષ્ટિને હોતી નથી. તે એમ માને છે કે આ દેહથી આત્મા જુદો છે અને પર્યાયમાં રાગાદિ થાય છે એ આત્માનું ખરું સ્વરૂપ નથી. દયા, દાન, ભક્તિ આદિથી પુણ્ય થાય છે, એ પુણ્યની ઈચ્છા પણ સમ્યગ્દષ્ટિને હોતી નથી.

સમ્યગ્દષ્ટિને ચરણાનુયોગની અપેક્ષાએ મુખ્યપણે શંકાદિ હોય નહિ પણ કરણાનુયોગની અપેક્ષાએ આઠમા ગુણસ્થાન સુધી ભયાદિના પરિણામ હોય છે. તો એમાં વિરોધતા ન સમજવી. આ રીતે આગળ ચારે અનુયોગના ઉપદેશ વિધાનમાં કેટલાક દૃષ્ટાંતો કહ્યા છે તે અપેક્ષાપૂર્વક પોતાની બુદ્ધિથી સમજી લેવા.

વળી એક જ અનુયોગમાં વિવક્ષાવશથી અનેકરૂપ કથન કરવામાં આવે છે. જેમ કે કરણાનુયોગમાં ભાવલિંગી સંતને સાતમા ગુણસ્થાને પ્રમાદ હોતો નથી -એમ કહ્યું છે પણ અબુદ્ધિપૂર્વક કષાય દસમાદિ ગુણસ્થાન સુધી હોય છે એમ કહ્યું છે. તો ત્યાં વિરોધ ન સમજવો. છઠ્ઠા ગુણસ્થાનમાં પણ જેટલો વ્રતાદિનો ભાવ આવે તે પણ પ્રમાદ છે-રાગ છે એમ કહેલ છે.

આત્મામાં અહિંસાદિના ને ઉપદેશાદિના પરિણામ થાય છે તે પ્રમાદદશા છે અને રાગ ભાવ છે તેને અજ્ઞાની ધર્મ માને છે પણ તે ધર્મ નથી. બુદ્ધિપૂર્વક પ્રમાદ સાતમે ગુણસ્થાને હોતો નથી. છઠ્ઠા ગુણસ્થાનમાં શુભ ભાવ થાય છે અને સાતમે ગુણસ્થાને સ્થૂળ રાગ હોતો નથી. તેથી ત્યાં અભિપ્રાયપૂર્વક રાગ નહિ હોવાને કારણે તે કષાય પ્રમાદ નથી એમ કહેલ છે. પણ સૂક્ષ્મ કષાયની અપેક્ષાએ દસમા ગુણસ્થાન સુધી કષાય હોય છે. માટે એમ વિરોધ સમજવો નહિ.

વળી ચરણાનુયોગમાં ચોરી, પરસ્ત્રીગમનાદિ સાત વ્યસનનો ત્યાગ પ્રથમ પ્રતિમામાં કહ્યો છે ત્યારે ત્યાં જ તેનો ત્યાગ બીજી પ્રતિમામાં પણ કહ્યો છે, ત્યાં વિરોધ ન સમજવો. શ્રાવકદશામાં સમ્યગ્દર્શનપૂર્વક સાત વ્યસનનો ત્યાગ હોય છે. ચોરી, પરસ્ત્રી વગેરેનો ત્યાગ હોય છે અને બીજી પડિમામાં પણ તેનો ત્યાગ કહ્યો છે. સાત વ્યસનમાં તો એવા ચોરી આદિ કાર્ય ગ્રહણ કર્યા છે કે જેથી દંડાદિક પ્રાપ્ત થાય, લોકમાં ઘણી નિંદા થાય તથા વ્રતોમાં એવા ચોરી આદિ ત્યાગ કરવા યોગ્ય કહ્યા છે કે જે

ગૃહસ્થધર્મથી વિરુદ્ધ હોય અથવા કિંચિત્ લોકનિંદ્ય હોય એવો અર્થ સમજવો. આ પ્રમાણે દરેક ઠેકાણે સમજવું.

વળી નાના પ્રકારના ભાવોની સાપેક્ષતાથી એક જ ભાવને અન્ય અન્ય પ્રકારથી નિરૂપણ કરવામાં આવે છે. જેમ કે કોઈ ઠેકાણે તો મહાવ્રતાદિને ચારિત્રના ભેદ કહ્યા ત્યારે કોઈ ઠેકાણે મહાવ્રતાદિક હોવા છતાં પણ દ્રવ્યલિંગીને અસંયમી કહેલ છે. ત્યાં પણ વિરોધ સમજવો નહિ કારણ કે સમ્યગ્જ્ઞાન સહિત વ્રતાદિકને ચારિત્ર કહેલ છે. પણ અજ્ઞાનપૂર્વક વ્રતાદિક હોવા છતાં પણ તે અસંયમી જ છે. કેમ કે તે મિથ્યાદૃષ્ટિ શરીરાદિની ક્રિયાથી ધર્મ માનતો હોય છે, શુભ ભાવ કરતાં કરતાં ધર્મ થઈ જશે એવી તેની માન્યતા હોવાથી તે ત્યાગી હોવા છતાં પણ મૂઢ અજ્ઞાની અસંયમી છે. એને પંચ મહાવ્રતની ક્રિયા હોય છે પણ તે ધર્મ નથી. રાગ રહિત અંતરમાં લીનતા થઈ હોય તે જ ચારિત્ર છે. આ બન્ને વાતને બરાબર અપેક્ષાથી સમજવી જોઈએ.

શાસ્ત્રમાં આવે છે કે જિનેશ્વર ભગવાન પાસે અનંતવાર જીવ ગયો છે અને વ્રતાદિ ક્રિયા પણ અનંતવાર કરી છે, તેથી ધર્મનો કાંઈ લાભ થયો નહિ. અને સમ્યગ્દૃષ્ટિને વ્રતાદિ ન હોય તો પણ દ્રવ્યલિંગી કરતાં તે અનંતગુણો ઊંચો છે. જડને ચૈતન્ય માને અને ચૈતન્યને જડ માને વગેરે સાત તત્ત્વની ભૂલ જેને ગઈ નથી તે અજ્ઞાની વ્રતાદિ કરવા છતાં મૂઢ છે.

અજ્ઞાની અનંતકાળથી હું શરીરવાળો છું, પૈસાવાળો છું આદિ માન્યતા કરે છે તે જીવ તત્ત્વની ભૂલ છે. શરીર તે હું છું, શરીરને ચલાવી શકું છું, તે અજીવ તત્ત્વની ભૂલ છે. અજીવને જીવ કાંઈ પણ કરી શકે તે અજ્ઞાનીની જૂઠી માન્યતા છે. તે ત્યાગી થવા છતાં પણ અસંયમી છે.

મોહ, રાગ, દ્વેષ પ્રત્યક્ષ દુઃખદાયક છે છતાં તેને સુખરૂપ માને તે આસ્રવ તત્ત્વની ભૂલ છે, પંચ મહાવ્રતાદિના શુભ ભાવ પ્રગટ દુઃખદાયક છે છતાં તેને સારા અને લાભદાયક માનવા તેને આસ્રવ તત્ત્વની ખબર નથી.

પુણ્ય ભાવને સારો માને અને પાપ ભાવને ખરાબ માને તે બંધ તત્ત્વની ભૂલ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સુખરૂપ છે છતાં તે દુઃખરૂપ લાગે છે તે સંવર તત્ત્વની ભૂલ છે. આત્મામાં શાંતિરૂપ ચારિત્રદશા સુખરૂપ છે તેને અજ્ઞાની દુઃખરૂપ અને વેળુના કોળિયા સમાન માને છે તેને સંવર તત્ત્વની ખબર નથી. ધર્મ દુઃખદાયક હોય નહિ પણ સુખરૂપ જ હોય છે. અજ્ઞાની વીતરાગ ધર્મને દુઃખરૂપ માનીને તેની અશાતના કરે છે.

આત્મામાં રમણતા કરવી તે ચારિત્ર છે, તેની જેને ખબર નથી તે બહારમાં કષ્ટ સહન કરવું તેને ચારિત્ર માને છે. પાંચ ઇંદ્રિયના વલણમાંથી છૂટીને સ્વભાવમાં જતો નથી તેને નિર્જરા તત્ત્વની ભૂલ છે. મોક્ષમાં નિરાકુળ સુખ છે એને માનતો નથી પણ ત્યાં આકુળતા માને છે. મોક્ષમાં પાંચ ઇંદ્રિયના સુખ નથી, ત્યાં લાડી-વાડી આદિ સાધનો નથી માટે ત્યાં સુખ નથી. સિદ્ધ કોઈનું ભલું



કરતા નથી એવા સિદ્ધ અમારે જોઈતા નથી. તે સિદ્ધ આકુળતા રહિત સુખી છે તેની જેને ખબર નથી તે મોક્ષ તત્ત્વની ભૂલ કરે છે.

વળી જેમ પાંચ મિથ્યાત્વમાં પણ વિનય કહ્યો ને બાર પ્રકારના તપોમાં પણ વિનય કહેલ છે, ત્યાં વિરોધ ન સમજવો. કારણ કે વિનય કરવા યોગ્ય ન હોય તેને પણ વિનય કરી તેમાં ધર્મ માનવો તે તો વિનય મિથ્યાત્વ છે તથા ધર્મપદ્ધતિથી જે વિનય કરવા યોગ્ય હોય એનો યથાયોગ્ય વિનય કરવો તે વિનય તપ છે.

બાર પ્રકારના તપમાં વિનય તપ છે અને બીજી જગ્યાએ વિનય મિથ્યાત્વ પણ કહેલ છે. બધા દેવ સાચા છે, બધા ધર્મો સાચા છે એ માન્યતા તે વિનય મિથ્યાત્વ છે. વીતરાગ સર્વજ્ઞદેવના ધર્મ સાથે કોઈ પણ અન્ય ધર્મનો મેળ નથી છતાં બધા ધર્મો સાથે સમન્વય કરવો તે વિનય મિથ્યાત્વ છે. કોઈનો વિરોધ કરવાની વાત નથી પણ જેને હજી ગૃહીત મિથ્યાત્વ પણ છૂટ્યું નથી એવાઓનો વિનય કરવો તે વિનય મિથ્યાત્વ છે.

આત્માનો ધર્મ તો અપૂર્વ છે. અનંતકાળે નહિ પ્રાપ્ત કરેલો એવો છે. અત્યારે ક્રિયાકાંડ વગેરેમાં ધર્મ માને છે, પણ એવો ધર્મ તો અનંતવાર કર્યો છે, તેથી તે અપૂર્વ નથી. વીતરાગમાર્ગની વ્યવહારે પણ શ્રદ્ધા નથી, દેવ-ગુરુ-શાસ્ત્રની પણ જેને ખબર નથી એવા ત્યાગીનો વિનય કરવો તે વિનય મિથ્યાત્વ છે. આ વિનય તો મહાપાપ છે અને ધર્મી જીવોનો યથાયોગ્ય વિનય કરવો તે વિનય તપ છે, તે ગુણ છે. માટે બન્ને વિનયનો અર્થ અપેક્ષાથી બરાબર સમજવો. એવા કથનમાં વિરોધ નથી. વિનય મિથ્યાત્વ તે અધર્મ છે અને વિનય તપ છે તે ધર્મ છે -એમ સાચી ઓળખાણ કરવી. પણ શાસ્ત્રના આવા કથનથી મૂંઝાવું નહિ. પણ બરાબર પરીક્ષા કરવી અને અપેક્ષા સમજવી.

વળી જેમ કોઈ ઠેકાણે તો અભિમાનની નિંદા કરી ત્યાં કોઈ ઠેકાણે પ્રશંસા કરી છે, ત્યાં પણ વિરોધ ન સમજવો. કારણ કે માન કષાયથી પોતાને ઉચ્ચ મનાવવા અર્થે વિનયાદિ ન કરવા તે તો અભિમાન છે અને તે નિંદ્ય જ છે પણ નિર્લોભિપણાથી દીનતા આદિ ન કરવામાં આવે તો એવું અભિમાન પ્રશંસનીય છે. અમે ઉત્તમ કુળના છીએ, અમારે અનીતિ ન હોય.

**રઘુકુળ રીતિ ઐસી ચલી આઈ, પ્રાણ જાઈ અરૂ વચન ન જાઈ.**

- એવી ઉત્તમ કુળની રીતિ છે, તે લૌકિક નીતિ છે. રામચંદ્રજીને ગાદીને ઠેકાણે વનવાસ થાય છે. દશરથ રાજા કહે છે કે અમારી રઘુકુળની રીતિ એવી છે કે વચન આપ્યું ફરે નહિ, એમ ધર્મમાં નીતિ એવી છે કે પરને પોતાનું માને નહિ, રાગમાં ધર્મ માને નહિ -એવી રીતિ છે, તે અડગતા પ્રશંસનીય છે. અજ્ઞાની માન કષાયના પોષણ માટે ચતુરાઈ કરે તો તે નિંદ્ય છે. માટે જ્યાં જે કથન હોય તે અપેક્ષાથી બરાબર સમજવું પણ મુઝાવું નહિ.

## દ્વિ.વૈશાખ વદ ૧, શુક્રવાર, ૨૯-૫-૫૩.

શાસ્ત્રમાં અનેક પ્રકારના લખાણ આવે તેની અપેક્ષા ન જાણે તો ભૂલ થાય. દીનતા ન કરે તો અભિમાન પ્રશંસા કરવા યોગ્ય છે, તે અભિમાન નથી પણ દઢતા છે. અમે મિથ્યાદષ્ટિને નમશું નહિ એવું અભિમાન પ્રશંસનીય છે.

વળી કોઈ સ્વચ્છંદી બીજાને ધક્કો મારે અને કહે કે એ તો શરીરની અવસ્થા છે, મેં માર્યો નથી, તો તે ઊંધો છે, તે ધિઠાઈ કરે છે. સ્વભાવની દષ્ટિ કરે તેને પરનું અભિમાન ન હોય. જ્ઞાન જ્ઞાનમાં રોકાવું જોઈએ તેને બદલે રાગમાં ને પરમાં જ્ઞાન અટક્યું છે તે પોતાને છેતરે છે. જીવ પોતે ભાવ કરે છે. ખરેખર તો જ્ઞાનસ્વભાવ ઉપર દષ્ટિ હોવી જોઈએ; પરની પર્યાય, શરીરની પર્યાય કે રાગની પર્યાય ઉપર દષ્ટિ ન હોવી જોઈએ. હું જ્ઞાનસ્વભાવી છું, બધાને જાણનારો છું એમ સ્વનો નિર્ણય કરનારનું પરપ્રકાશક જ્ઞાન સાચું હોય છે. સ્વના જ્ઞાન વિના એકલું પરપ્રકાશક જ્ઞાન ખોટું છે.

વળી જેમ કોઈ ઠેકાણે ચતુરાઈની નિંદા કરી ત્યારે કોઈ ઠેકાણે પ્રશંસા કરી ત્યાં વિરોધ ન સમજવો કારણ કે માયા કષાયથી કોઈને ઠગવા અર્થે ચતુરાઈ કરવામાં આવે તે તો નિંદ્ય જ છે પણ યથાસંભવ કાર્યમાં વિવેક કરે તો માયા નથી. મૌન જાળવે ને વિવેક કરે તો પ્રશંસનીય છે. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે સમજવું.

વળી એક જ ભાવની તેનાથી ઉત્કૃષ્ટ ભાવની અપેક્ષાએ કોઈ ઠેકાણે નિંદા કરી હોય તથા કોઈ ઠેકાણે તેનાથી હીન ભાવની અપેક્ષાએ પ્રશંસા કરી હોય તો ત્યાં વિરોધ ન સમજવો. કોઈ શુભ ક્રિયાની નિંદા કરી હોય તો ત્યાં ઊંચી શુભ ક્રિયા કરાવવાનો હેતુ છે. ભક્તિમાં આખો દિવસ લાગ્યો હોય તેને સ્વાધ્યાય, વાંચન, મનન આદિ કરાવવામાં લગાડે અથવા આત્માનું ભાન કર એમ કહે. ત્યાં ભક્તિ ઉડાડવાનો હેતુ નથી. માટે અપેક્ષા સમજવી જોઈએ. સ્વાધ્યાયમાં રોકાતા શુભ ભાવ ઘણો થાય છે તેથી નીચલા શુભની નિંદા કરે. જ્યાં પ્રશંસા કરી હોય ત્યાં તેનાથી નીચી ક્રિયા વા અશુભ ક્રિયાની અપેક્ષાએ તેમ કર્યું છે એમ સમજવું. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ જાણવું. બીજુ ઉચ્ચ જીવની અપેક્ષાએ કોઈ જીવની નિંદા કરી હોય તો ત્યાં તેની સર્વથા નિંદા ન જાણવી. કોઈ ઊંચા જીવ અથવા મુનિની અપેક્ષાએ ચોથા ગુણસ્થાનવાળાને હલકો કહ્યો. ત્યાં તેને ઊંચો ચડાવવા માટે કહે છે. માટે અપેક્ષા સમજવી. વળી મિથ્યાદષ્ટિની અપેક્ષાએ સમ્યગ્દષ્ટિને કહે કે તારો અનંત સંસાર કપાઈ ગયો. દષ્ટિના વિષયની અપેક્ષાએ સમકિતીને અબંધ કહી દે છે. ઉપલાની અપેક્ષાએ નિંદા કરી હોય ને નીચલાની અપેક્ષાએ પ્રશંસા કરી હોય તો ત્યાં યથાસંભવ ગુણદોષ જાણી લેવા. સમ્યગ્દષ્ટિ જીવ પર્યાયમાં પોતાને પામર માને છે પણ વસ્તુ અપેક્ષાએ હું પ્રભુ છું એમ માને છે. આમ યથાસંભવ જાણવું જોઈએ.

વળી શાસ્ત્રમાં એક જ શબ્દનો કોઈ ઠેકાણે તો કોઈ અર્થ થાય છે તથા કોઈ ઠેકાણે કોઈ અર્થ



થાય છે ત્યાં પ્રકરણ ઓળખી તેનો સંભવિત અર્થ સમજવો. મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન કહ્યું તે દર્શનનો અર્થ શ્રદ્ધાન છે, તે સામાન્ય ઉપયોગ નથી. ઉપયોગના વર્ણનમાં દર્શન શબ્દનો અર્થ વસ્તુનું સામાન્ય ગ્રહણમાત્ર છે. છદ્મસ્થને એક જ્ઞાન થયા પછી ને બીજું જ્ઞાન થતાં પહેલા જ્ઞેય તરફ સામાન્ય ઝૂકાવ થવો તે દર્શન અથવા સામાન્ય પ્રતિભાસ છે. સાચી શ્રદ્ધાનો વિષય અખંડ, અભેદ, સામાન્ય સ્વભાવ છે અને દર્શનનો વિષય જે સામાન્ય કહ્યો છે તે કોઈ ચીજને ભેદ પાડ્યા વિના દેખે છે તેમ સમજવું.

આવું સાચું જ્ઞાન કરે તો પોતાના સ્વરૂપની લક્ષ્મીનું માહાત્મ્ય આવે. ઈંદ્રિય વર્ણનમાં દર્શન શબ્દનો અર્થ નેત્ર વડે દેખવામાત્ર છે. નેત્ર વડે ભગવાનના દર્શન કર્યાં તે જ્ઞાનોપયોગ છે.

વળી સૂક્ષ્મ અને બાદરનો અર્થ ઘણા પ્રકારે આવે છે. કદની અપેક્ષાએ નાનું-મોટું કહે છે. સૂક્ષ્મ પ્રમાણ સહિત હોય તેનું નામ સૂક્ષ્મ તથા સ્થૂળ પ્રમાણ સહિત હોય તેનું નામ બાદર -એવો અર્થ થાય છે.

પુદ્ગલ સ્કંધાદિના કથનમાં ઈંદ્રિયગમ્ય ન હોય તે સૂક્ષ્મ કહેવાય તથા જે ઈંદ્રિયગમ્ય હોય તે બાદર એવો અર્થ થાય છે. જીવના કથનમાં ૠદ્ધિ આદિના નિમિત્ત વિના સ્વયં રોકાય નહિ તેનું નામ સૂક્ષ્મ છે તથા રોકાય તેનું નામ બાદર એવો અર્થ થાય છે. વસ્ત્ર પાતળું હોય તો સૂક્ષ્મ જેમ કે રેશમ પાતળું હોય તો સૂક્ષ્મ કહે છે ને ખાદી જાડી છે તેથી તેને બાદર કહે છે. અને કરણાનુયોગના કથનમાં પુદ્ગલ સ્કંધના નિમિત્તથી રોકાય નહિ તેનું નામ સૂક્ષ્મ તથા રોકાય તેનું નામ બાદર એવો અર્થ થાય છે.

હવે પ્રત્યક્ષ શબ્દના અર્થ બતાવે છે. લોક વ્યવહારમાં ઈંદ્રિયોથી જાણે તેને પ્રત્યક્ષ કહે છે. વળી પ્રમાણ ભેદોમાં અંદરમાં સ્પષ્ટ પ્રતિભાસનું નામ પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાનને સકલ પ્રત્યક્ષ કહે છે. વળી આત્મામાં પુણ્ય-પાપ રહિત દશા થઈ આત્મામાં સ્થિર થાય તેને પ્રત્યક્ષ અનુભવ કહે છે. ત્યાં અસંખ્ય પ્રદેશ પ્રત્યક્ષ દેખાતા નથી પણ બુદ્ધિપૂર્વક રાગદ્વેષ છૂટી આત્મામાં સ્થિર થઈ અનુભવ કરે છે માટે પ્રત્યક્ષ કહે છે. આમ અપેક્ષા જાણવી.

વળી અવધિજ્ઞાન વડે આ રૂપી પદાર્થને જાણ્યો ત્યાં પરનું યથાર્થ જ્ઞાન થાય છે પણ પરને જોવું તે તો વ્યવહાર છે, કેવળી ભગવાને લોકાલોકને પ્રત્યક્ષ જોયો તે પણ વ્યવહાર છે. ખરેખર તો સ્વને જાણે છે પણ પરને બરાબર સ્પષ્ટ જાણે છે માટે પ્રત્યક્ષ કહ્યું છે. એક દેવ સ્વર્ગમાં ઊપજ્યો ને ઉપયોગ મૂકે તો જાણે કે સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે, તો ઈંદ્રિયથી જાણતો નથી, પણ પરને સ્પષ્ટ જાણે છે માટે પ્રત્યક્ષ કહ્યું પણ સ્વની અપેક્ષાએ પરને જાણવું તે વ્યવહાર છે. આત્માના અનુભવની અપેક્ષાએ સ્વમાં સ્થિરતા કરે છે તે પ્રત્યક્ષ છે. આમ અપેક્ષા સમજવી.

વળી મિથ્યાદષ્ટિને અજ્ઞાન કહ્યું ત્યાં સર્વથા જ્ઞાનનો અભાવ ન સમજવો, તે જડ થઈ ગયો નથી. સાચું જ્ઞાન નથી તેથી અજ્ઞાન કહ્યું છે.

વળી ઉદીરણા શબ્દનો અર્થ દેવાદિકને ઉદીરણા ન કહી. દેવને આયુષ્યની ઉદીરણા ન હોય. ત્યાં અન્ય નિમિત્તથી મરણ નથી તેથી ઉદીરણા ન કહી તથા દસ કરણોના કથનમાં ઉદીરણાકરણ દેવને પણ કહ્યું. કરણના દસ પ્રકાર છે. ઉત્કર્ષણ, અપકર્ષણ, નિદ્ધત, નિકાચિત વગેરે દસ કરણોના કથનમાં ઉદીરણા છે. ત્યાં ઉપરના નિષેકોનું ઉદયાવલીમાં નાખીએ તેનું નામ ઉદીરણા છે. ખરેખર કોઈ કર્મના પરમાણુ આઘા પાછા આવતા નથી પણ ભવિષ્યના કર્મનો ઉદય વહેલો આવ્યો એટલે ઉદીરણા કહી છે તે વ્યવહારથી કથન છે. તે બધા કર્મો પણ ક્રમબદ્ધ જ છે. વર્તમાનમાં પુરુષાર્થથી સ્થિતિ ઘટાડી એ બતાવવા તેને ઉદીરણા કહેવામાં આવે છે.

કર્મની સ્થિતિ ઘટાડી દે એવું લખાણ આવે ત્યાં અપેક્ષા સમજવી. ધવલમાં લખાણ છે કે ભગવાન જિનેન્દ્રના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મોનો ભૂકો થઈ જાય છે. હું શુદ્ધ છું એવી રુચિ કરી આત્માની શ્રદ્ધા કરે છે તે જીવે સ્વભગવાનના દર્શન કર્યા છે. ને તેવો જીવ, જેમ સિંહ કોઈ હાથીના ટુકડા કરી નાખે છે તેમ નિદ્ધત ને નિકાચિત કર્મના ટુકડા કરી નાખે છે. ત્યાં તે જીવનો પુરુષાર્થ બતાવે છે. વળી કોઈ વાર કર્મની વ્યાખ્યા કરતાં એમ કહે છે કે નિદ્ધત કર્મો ટાળી શકાય નહિ ત્યાં કર્મની તારતમ્યતા બતાવવી છે. એ રીતે યથાયોગ્ય અન્ય ઠેકાણે અર્થ સમજવા.

બીજું એક જ શબ્દના પૂર્વ શબ્દ જોડતાં અનેક પ્રકારના અર્થ થાય છે વા તે જ શબ્દના અનેક અર્થ છે. ત્યાં જેવો સંભવે તેવો અર્થ સમજવો. જેમ કે જીતે તેનું નામ જિન છે. પરંતુ ધર્મપદ્ધતિમાં કર્મરૂપી વૈરીને જીતે તે જિન સમજવા. પર જીવોને જીતવાની વાત ન સમજવી. વળી કર્મ પણ ખરેખર શત્રુ નથી, પરંતુ અંતરમાં મોહ-રાગ-દ્વેષ થાય તે વેરી છે તેને જીતે તે જિન છે એમ સમજવું. અહીં કર્મ શબ્દ જોડી અર્થ કર્યો, બીજો ન કર્યો.

વળી પ્રાણ ધારણ કરે તેનું નામ જીવ છે. જ્યાં જીવન-મરણનું વ્યવહાર અપેક્ષાએ કથન હોય ત્યાં ઈંદ્રિયાદિ ધારણ કરે તે જીવ છે. પાંચ ઈંદ્રિયો ધારે તે જીવ ને પાંચ ઈંદ્રિયો છૂટી જાય ત્યારે જીવ હોતો નથી એમ વ્યાખ્યા કરે પણ વ્યવહારપ્રાણથી જીવ કહો તો સિદ્ધ જીવ ઠરશે નહિ.

વળી સમય શબ્દના અનેક અર્થ છે. આત્માનું નામ સમય છે. સમ્યક્ પ્રકારે જ્ઞાનનું પરિણમવું તે સમય છે. જે જાણે છે ને પરિણમે છે તે આત્મા છે એમ આત્મામાં લાગુ પડે છે. એકલું પરિણમન એવો અર્થ લ્યો તો બધા દ્રવ્યો આવી જાય છે. વળી કાળનું નામ સમય છે, વળી શાસ્ત્રનું નામ સમય છે. વીતરાગના શાસ્ત્રો તે સ્વસમય છે ને અન્યમતના કહેલા શાસ્ત્રો તે પરસમય છે -આમ અર્થ સમજવો.

વળી વીતરાગદેવ કહે છે તે સ્વમત છે ને અન્ય કહે તે પરમત છે. ત્યાં મતનું નામ સમય છે. અમારો મત આમ છે. આમ અનેક અર્થમાં જ્યાં જેવો સંભવે ત્યાં તેવો અર્થ સમજવો.



વળી કોઈ ઠેકાણે અર્થ અપેક્ષાએ નામાદિક કહેવામાં આવે છે તથા કોઈ ઠેકાણે રૂઢિ અપેક્ષાએ નામાદિક કહેવામાં આવે છે. ત્યાં જ્યાં રૂઢિ અપેક્ષાએ નામ લખ્યા હોય ત્યાં તેનો શબ્દાર્થ ગ્રહણ કરવો નહિ પણ તેનો રૂઢિ અર્થ ગ્રહણ કરવો. જેમ કે આત્મા જ્ઞાનાનંદ છે; તેની રુચિ, જ્ઞાન ને રાગ રહિત રમણતાને ધર્મ કહ્યો, આત્મા પોતાની વીતરાગી પર્યાયને ધારી રાખે છે તેથી ધર્મ કહે છે.

કોઈ જગ્યાએ ચારિત્રને ધર્મ કહ્યો, ત્યાં ઉત્કૃષ્ટ વીતરાગતા બતાવી. કોઈ જગ્યાએ સમ્યક્ત્વ અને સમ્યગ્જ્ઞાનને ધર્મ કહે છે. ધર્મ ઊંચા સ્થાનમાં ધારે છે. વળી શુભ રાગને વ્યવહારથી ધર્મ કહે છે. વળી જડ ને ચેતન ગતિ કરે ત્યારે ધર્મદ્રવ્ય નિમિત્ત છે. ત્યાં ધર્મનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ન સમજવો અથવા ઉત્તમ ધર્મને ધારે છે એમ ન સમજવો, ધર્મ રૂઢિથી નામ છે.

## દ્વિ.વૈશાખ વદ ૨, શનિવાર, ૩૦-૫-૫૩.

શાસ્ત્રના કથન કઈ પદ્ધતિથી છે તે સમજે નહિ તો અજ્ઞાન ટળે નહિ. કોઈ ઠેકાણે શબ્દનો જે અર્થ થતો હોય તે તો ન ગ્રહણ કરવો પણ ત્યાં જે પ્રયોજનભૂત અર્થ હોય તે ગ્રહણ કરવો. જેમ કોઈ ઠેકાણે કોઈનો અભાવ કહ્યો હોય ત્યાં કિંચિત્ સદ્ભાવ હોય તો સર્વથા અભાવ ન ગ્રહણ કરવો પણ કિંચિત્ સદ્ભાવને નહિ ગણતાં અહીં અભાવ કહ્યો છે. સમ્યગ્દષ્ટિને રાગાદિકનો અભાવ કહ્યો ત્યાં અર્થ ન સમજે તો ઊંધાઈ ટળે નહિ. અહીં કહ્યું કે સમ્યગ્દષ્ટિને સમ્યક્ એટલે પ્રશંસનીય દષ્ટિ છે. શરીર, મન, વાણીની ક્રિયા મારામાં નથી, નબળાઈને લીધે શુભ-અશુભ ભાવ થાય એટલો હું નથી. હું દ્રવ્યસ્વભાવે શુદ્ધ છું એવું જ્ઞાતાદષ્ટાપણું પ્રગટેલ છે તેને ત્રણ કષાય હોવા છતાં દષ્ટિ અપેક્ષાએ રાગાદિ થતાં નથી એમ કહ્યું. પર્યાયમાં રાગાદિ થાય છે પણ દષ્ટિનું જોર બતાવવા રાગનો અભાવ કહ્યો. પણ ત્યાં તેને સર્વથા રાગ નથી એમ ન સમજવું.

સમકિતી કોઈ વખતે લડાઈમાં હોય છે ને રાગદ્વેષના પરિણામ કરતો દેખાય છે પણ દષ્ટિ પલટી ગઈ છે. દ્રવ્યસ્વભાવ અંતર પડ્યો છે એવી ગુણદષ્ટિ અથવા ધ્રુવદષ્ટિના કારણે શ્રદ્ધા સવળી થઈ છે એવા જીવને પોતાની નબળાઈથી પુણ્ય-પાપના ભાવ થાય છે પણ સ્વભાવની દષ્ટિ હોવાથી તેનો અભાવ કહ્યો. શ્રી સમયસારમાં કહે છે કે સમકિતીને સંસાર નથી, તેની દષ્ટિ દ્રવ્યસ્વભાવમાં છે, પાંચ મહાવ્રતને પણ બંધન માને છે. હું શુદ્ધ ચિદાનંદ છું એવી દષ્ટિના જોરમાં અલ્પ રાગને ગણેલ નથી પણ ત્યાં રાગનો સર્વથા અભાવ જાણવો નહિ. પંચમ ગુણસ્થાનવાળાને કોઈ વખતે રૌદ્રધ્યાન થાય, તે પરના કારણે નહિ, છતાં રૌદ્રધ્યાનને ઉપાધિ સમજે છે. મારો સ્વભાવ ઉપાધિ રહિત છે, એવી દષ્ટિના જોરમાં કહ્યું કે જ્ઞાનીને વિકાર થતો નથી.

અહીં કહ્યું છે કે શબ્દનો અર્થ પ્રયોજન મુજબ કરવો. તેરમે ગુણસ્થાને કર્મ પરમાણુનો આસ્રવ એક સમય પૂરતો આવે છે એમ કહ્યું ને ચોથે ગુણસ્થાને આસ્રવ નથી એમ કહ્યું તો આ બેનો શો

મેળ ? સમકિતી પુણ્ય ભાવને પણ અધર્મ સમજે છે. તેને આત્માનું ભાન છે તે દૃષ્ટિ અપેક્ષાએ સમકિતીને આસ્રવ નથી એમ કહ્યું ને તેરમે કરણાનુયોગની અપેક્ષાએ કહ્યું.

અજ્ઞાની શરીરાદિને તથા રાગને પોતાનું સ્વરૂપ માને છે તેને વીતરાગની આજ્ઞાની ખબર નથી. 'આ' એટલે મર્યાદા અને 'જ્ઞા' એટલે જાણવું. પુણ્ય-પાપના ભાવ આત્માની મર્યાદામાં નથી. આત્મા જ્ઞાનસ્વભાવી છે એમ આત્માનું ભાન થયું, પછી દયા-દાનાદિના પરિણામ આવે છે તેને બંધનું કારણ સમજે છે પણ સમ્યગ્દર્શનની અપેક્ષાએ તેને આસ્રવ-બંધ નથી એમ કહી દે છે. મુનિને આહાર લેવાનો રાગ આવે, પંચ મહાવ્રતનો રાગ આવે, કોઈ વાર આર્તધ્યાન થઈ આવે તેમ છતાં તેમને રાગ થતો નથી એમ કહ્યું, તે સ્વભાવની દૃષ્ટિનું સામર્થ્ય બતાવવા કહ્યું છે.

ધર્માસ્તિકાયનો શબ્દાર્થ કરો તો બંધ બેસશે નહિ. પુણ્ય-પાપ રહિત વીતરાગી શાંતિને ધર્મ કહે છે. ધર્મનું હોવાપણું છે ને કાય છે તે ધર્માસ્તિકાયમાં છે ? ના. માટે શબ્દાર્થ પ્રમાણે ધર્માસ્તિકાયનો અર્થ કરે તો બેસે નહિ. ત્યાં રૂઢિ મુજબ અર્થ સમજવો.

ક્રોધ, માન, માયા, લોભને કષાય કહે છે. હાસ્ય, રતિ, અરતિ આદિને નોકષાય કહે છે. ત્યાં શબ્દાર્થ પ્રમાણે અર્થ ન સમજવો. કષાયનો નિષેધ એવો અર્થ ન કરવો, પણ ક્રોધાદિ જેવા તે કષાય નથી, કિંચિત્ કષાય છે માટે નોકષાય કહેલ છે. આમ શાસ્ત્રનો અર્થ કરતાં આવડવો જોઈએ, પ્રયોજન સમજવું જોઈએ.

વળી કોઈ ઠેકાણે કોઈ યુક્તિ વડે કથન કર્યું હોય ત્યાં તેનું પ્રયોજન ગ્રહણ કરવું. જેમ શ્રી સમયસાર કળશમાં એમ કહ્યું કે ધોબીના દૃષ્ટાંતવત્ પરભાવના ત્યાગની દૃષ્ટિ જ્યાં સુધી પ્રવૃત્તિને પ્રાપ્ત ન થઈ તેટલામાં તો આ અનુભૂતિ પ્રગટ થાય છે. ધોબીને ત્યાંથી બીજુ કપડું ભૂલથી લઈ આવ્યો હોય તો તે કપડું બીજાનું છે એવું ભાન થતાં તે કપડું છોડી દે છે. તેમ શરીર, મન, વાણી, પુણ્ય-પાપને મારા માની મિથ્યા ભાવ ઓઢીને સૂતો છે, પણ ભાન થયું કે વ્રત-અવ્રત બન્ને વિકાર છે. એ વિકાર મારો નથી એવું ભાન થતાં વિકારમાં પરિણમન ન થયું ત્યાં સમ્યક્ દૃષ્ટિ થઈ ગઈ.

હવે ત્યાં આ પ્રયોજન છે. પ્રથમ પુણ્ય-પાપની રુચિ હતી. દેવ-ગુરુ-શાસ્ત્રના રાગથી સમકિત થશે એવી માન્યતા હતી તે પરભાવનો ત્યાગ થયો તેટલામાં અનુભૂતિ પ્રગટ થઈ ગઈ. સ્વભાવના સત્કારને તથા રાગના ત્યાગને કાળભેદ નથી. રાગનો ત્યાગ થતાં જ અનુભૂતિ પ્રગટ થાય છે. એટલે કે સ્વભાવમાં આવ્યો એટલે પુણ્ય પરિણામની પણ રુચિ છૂટી ગઈ.

લોકમાં પણ કોઈના આવતાંની સાથે જ કોઈ કાર્ય થયું હોય તો ત્યાં એમ કહેવામાં આવે કે તમે આવ્યા નહિ ત્યાં તો આ કાર્ય થઈ ગયું, તેમ વિભાવ પરિણમન ન થયું ત્યાં સ્વભાવનું કાર્ય થઈ ગયું. ત્યાં વિભાવ ઉપર દૃષ્ટિ નથી પણ સ્વભાવની રુચિ થતાં વિભાવની રુચિ છૂટી જાય છે



-એમ સમજવું. આત્માનું ભાન હોવા છતાં વિભાવ થોડો હોય છે પણ તેની રુચિ નથી એટલે તે ટળી ગયો એમ કહે છે.

વળી કોઈ ઠેકાણે પ્રમાણાદિ કહ્યા હોય તે જ પ્રમાણાદિ ન માની લેવા પણ ત્યાં જે પ્રયોજન હોય તે જાણવું. જેમ કે જ્ઞાનાર્ણવમાં શ્રી શુભચંદ્રાચાર્ય કહે છે કે આ પંચમકાળમાં બે ત્રણ સમકિત હોય છે. બે ત્રણ કહ્યા માટે તેટલું જ પ્રમાણ માનવું નહિ. નિયમપૂર્વક કાંઈ એટલા જ નથી પણ થોડા છે એમ પ્રયોજન જાણવું. શાસ્ત્રની વાત સમજવી જોઈએ. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ સમજવું. એ જ પદ્ધતિપૂર્વક તથા અન્ય પણ અનેક પ્રકારથી શબ્દોના અર્થ થાય છે તેને યથાસંભવ જાણવા પણ વિપરીત અર્થ ન જાણવા. વળી જે ઉપદેશ થાય તેને યથાર્થપણે ઓળખવો. એક નિશ્ચયપોષક ઉપદેશ ને એક વ્યવહારપોષક ઉપદેશ એમ બે પ્રકાર છે. સમકિતીને ભક્તિ આદિના શુભ રાગ આવે છે, ઈંદ્રો પણ નાચી ઊઠે છે, તે સમજે છે કે હું જ્ઞાતા છું, રાગનો સ્વામી નથી, શરીરની ક્રિયાનો સ્વામી નથી. પહેલા દેવલોકના ઈંદ્ર ને ઈંદ્રાણી એકાવતારી હોય છે, નંદીશ્વરદ્વીપમાં શાશ્વત પ્રતિમાઓ છે, ત્યાં આઠ દિવસ ભક્તિ કરે છે. કરતાલ લઈને નાચ કરે છે. તેની બે સાગરની આયુષ્ય સ્થિતિ હોવાથી મહાવિદેહમાં અસંખ્ય તીર્થંકરોના મહોત્સવ ઊજવે છે પણ તે સમજે છે કે તે રાગ છે. ભગવાનનો જન્મ થતાં સિંહાસન કંપે એટલે નીચે ઊતરી જાય, મોજડી કાઢી ભગવાનને વંદન કરે છે. ત્યાં શુભ રાગ આવે છે. તે બધું વ્યવહારનું કથન છે. નિશ્ચયના કથનમાં આવે કે શુભ રાગના કાળે તે જાતનો રાગ આવે છે, રાગ લાવ્યો લવાતો નથી, વગેરે નિશ્ચયનો ઉપદેશ આવે. આમ પોતાને યોગ્ય ઉપદેશ અંગીકાર કરવો.

જેમ વૈદ્યક શાસ્ત્રોમાં અનેક ઔષધિ કહી છે. તેને જાણે ખરો પણ પોતાનો રોગ દૂર થાય તેવી ઔષધિ ગ્રહણ કરે, પોતાને શરદી હોય તો ઉષ્ણ ઔષધિ ગ્રહણ કરે પણ શીત ઔષધિ ન લ્યે, એ બીજાને કાર્યકારી છે એમ જાણે, તેમ જૈનશાસ્ત્રને વિષે અનેક ઉપદેશને જાણે પણ પોતાનો વિકાર ટળે ને સ્વભાવની દૃષ્ટિપૂર્વક સ્થિરતા થાય એવો ઉપદેશ ગ્રહણ કરે પણ વિકારને પોષવાવાળા ઉપદેશને ગ્રહણ ન કરે, એ ઉપદેશ અન્યને કાર્યકારી છે -એમ જાણે.

**ઉદાહરણ :-** જેમ શાસ્ત્રમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયપોષક ઉપદેશ છે તથા કોઈ ઠેકાણે વ્યવહારપોષક ઉપદેશ છે. નિશ્ચયની વાત ચાલતી હોય ત્યારે કહે કે દેહની ક્રિયા આત્મા કરી શકતો નથી એમ વાત આવે. બીજી વખત વાત આવે કે ભગવાનની પૂજા કરવી, દયા-દાનાદિ કરવા -ત્યાં સમજવું કે તે પુણ્ય છે. વ્યવહારનું અધિકપણું હોય તો નિશ્ચયપોષક ઉપદેશ ગ્રહણ કરવો. હું આત્મા શુદ્ધ છું - એમ સમજવું. જે સ્વચ્છંદી છે ને વિષય ભોગવતો હોય તેને કહે છે કે ભાઈ, અશુભ પરિણામ તારા છે, અશુભમાં પાપ છે, શુભમાં પુણ્ય છે, શુભથી અશુભ ખરાબ છે એમ કહી સ્વચ્છંદ મટાડવા કહે છે. આમ વસ્તુની સ્થિતિ સમજી યોગ્ય ઉપદેશ ગ્રહણ કરવો.

## દ્વિ.વૈશાખ વદ ૩, રવિવાર, ૩૧-૫-૫૩.

વીતરાગે કહેલા શાસ્ત્રોમાં કેવા પ્રકારની કથનપદ્ધતિ છે તે જાણવી જોઈએ. વ્યવહાર કોને કહેવો? દયા, દાન, વ્રત, પૂજા આદિના ભાવ થાય તે પુણ્ય પરિણામ છે, તે વ્યવહાર છે. આત્મા આનંદકંદ ધ્રુવ છે તેના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે નિશ્ચય છે -એમ શાસ્ત્રમાં બે પ્રકારનો ઉપદેશ ચાલે છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખવાનો રાગ છે તે પુણ્ય છે. તેને વ્યવહાર ક્યારે કહેવાય ? રાગ રહિત આત્મા જ્ઞાનાદિ ગુણોનો ભંડાર છે, તેના અનાકુળ સ્વભાવનો અનુભવ થવો તે સમ્યગ્દર્શન છે, એવું નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ્યા પછીના શુભ રાગને વ્યવહાર કહે છે.

પાણીની સપાટી કાંઠે ને મધ્યમાં સરખી લાગે પણ કાંઠાની તથા મધ્યની ઊંડાઈમાં ઘણો ફેર છે. તેમ ઉપર ટપકે માનેલી વાતમાં ને અંદરની વાસ્તવિકતામાં ઘણો ફેર છે. શરીરની અવસ્થા તે વ્યવહાર નથી, તે તો જડનો પર્યાય છે. સાચા દેવ-ગુરુ પ્રત્યેનો રાગ, મહાવ્રતનો રાગ પણ ઝેર છે, તે ચૈતન્ય અમૃત સ્વાદને લૂંટનારો છે એમ રાગને જાણવો તે વ્યવહાર છે, રાગ રહિત આત્માની ઓળખાણ થવી તે નિશ્ચય છે. નિશ્ચય સ્વાશ્રિત છે ને વ્યવહાર પરાશ્રિત છે. આત્મા ગુણી છે ને જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ તેના ગુણો છે. એવા ગુણ-ગુણીનો ભેદ તે વ્યવહાર છે-પુણ્ય છે, તે વ્યવહાર પણ કોને ? રાગ રહિત અભેદ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરી તેમાં લીનતા કરે તેના રાગને વ્યવહાર કહે છે. આ નિશ્ચય-વ્યવહારની વાત યથાર્થ સમજવી જોઈએ.

અનંતકાળમાં જીવ નિશ્ચય-વ્યવહારના યથાર્થ સ્વરૂપને સમજ્યો નથી. જો યથાર્થ સમજે તો અંતર આનંદનો અનુભવ થાય જ. દેહ, મન, વાણી, કર્મ આદિ જડ છે-પર છે, તે જગતના સત્ પદાર્થો છે, તે તેના કારણે પલટે છે તથા ટકે છે. મારામાં પલટન થાય છે તેમાં જે રાગ આવે તે મારું સ્વરૂપ નથી, તે વિકાર છે માટે દુઃખદાયક છે. રાગ વિનાનું મારું સ્વરૂપ છે, અનાકુળ શાંતિનું વેદન થાય તે નિશ્ચય છે, ગુણ-ગુણીના ભેદનો વિચાર રહે તે વ્યવહાર છે.

દયા-દાનાદિ વ્યવહાર છે, તે કરતાં કરતાં નિશ્ચય પ્રગટે એમ માનનાર નિશ્ચયથી ભ્રષ્ટ છે. વ્યવહારથી નિશ્ચય થતો નથી, રાગમંદતાના પરિણામથી ધર્મ માને છે, પહેલો વ્યવહાર કરીએ તો આત્મજ્ઞાન થાય એમ માનનાર આત્મજ્ઞાનથી ભ્રષ્ટ છે. વ્યવહારના અવલંબને સમ્યગ્દર્શન કદી થતું નથી.

રોટલા છોડી શકાય, ઉના પાણી પી શકાય, એમ જગતની ચીજોના ગ્રહણ-ત્યાગ કરી શકાય -એમ માનનાર મૂઢ છે. તે જીવ જડ જગતનો ઈશ્વર બને છે. તે જીવ વિષ્ણુને જગત્કર્તા માનનારની જેમ મિથ્યાદૃષ્ટિ છે.

જૈન વાડો નથી. જીતનાર તે જૈન છે. હું શુદ્ધ જ્ઞાયક ધ્રુવ છું તેવી શ્રદ્ધા કરતાં ભ્રાંતિ ટળે ને સ્થિરતા કરતાં અસ્થિરતા ટાળે તે જૈન છે. કરિયાતાની કોથળી ઉપર સાકર નામ લખવાથી કાંઈ



કરિયાતું મીઠું થતું નથી તેમ માત્ર જૈન નામ ધરવાથી જૈન થવાતું નથી. આત્મા પરવસ્તુના ગ્રહણ-ત્યાગ કરી શકતો નથી, જગતના પદાર્થો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ છે. પૂર્વ પર્યાયે નાશ પામતો, નવી પર્યાયે ઊપજતો ને ગુણરૂપે ટકતો પદાર્થ છે. છતાં જે એમ માને કે પરપદાર્થની અવસ્થા હું ફેરવી દઉં તે મૂઢ છે-મિથ્યાદૃષ્ટિ છે.

જડ પદાર્થોનું રૂપાંતર થવું, ક્રિયાંતર થવું તે તેની સત્તાની વાત છે. જડની સત્તામાં ચૈતન્યસત્તાનો અભાવ છે. ચૈતન્યસત્તામાં જડની સત્તાનો અભાવ છે. છતાં એકબીજા એકબીજાનું કરી દે એમ માનનાર મિથ્યાત્વને ઘૂંટે છે.

ભાષા જડની અવસ્થા છે, ભાષા આત્માથી બોલાતી નથી, હોઠ આહારવર્ગણામાંથી બનેલા છે. ચણાના ઝીણા લોટમાંથી મેસુબ થાય ને જાડા લોટમાંથી મગજ થાય. તેમ પરમાણુની અનેક જાત છે, એક જાત શરીર બને તેવી છે અને એક જાત ભાષા બને તેવી છે. જડની પર્યાય કોઈ આત્મા બનાવી શકતો નથી. આહારવર્ગણામાંથી ભાષા ન થાય ને ભાષાવર્ગણામાંથી શરીર ન થાય તો પછી આત્મા ભાષા કરે તેમ બને નહિ. આત્માથી ભાષા થાય તેમ માનનાર જડના અસ્તિત્વને ઉડાડે છે. તેને નિશ્ચય-વ્યવહારની ખબર નથી.

ભાષાનો પર્યાય જડનો છે, આત્મા અરૂપી છે, બન્ને વચ્ચે અત્યંત અભાવની ભીંત છે. આત્માથી ભાષા બોલાય એમ માનનાર વિષ્ણુ જગત્કર્તાની માન્યતાવાળાની જેમ મિથ્યાદૃષ્ટિ છે. ભાષાવર્ગણાના પરમાણુ શબ્દરૂપે પરિણમે છે. અજ્ઞાની માને છે કે મારે લીધે બોલાયું તેને વ્યવહાર હોતો નથી, ભાષા ને ઈચ્છા વિનાના આત્માના સ્વભાવની શ્રદ્ધા કરવી તે નિશ્ચય છે ને રાગ આવે તેને જાણવો તે વ્યવહાર છે.

અનાદિથી જીવ વ્યવહારમૂઢ છે. શાસ્ત્રમાં વ્યવહારની વાત આવે ત્યાં વ્યવહારમાં લીન થાય છે. રાગથી ધર્મ માને છે તેને નિશ્ચય-વ્યવહાર એકે હોતા નથી. રાગ રહિત સ્વભાવ છે તેમાં જે વળેલો છે તે નિશ્ચય છે, ને તેને વ્યવહાર હોય છે.

**દ્રવ્યક્રિયા રુચિ જીવડાજી, ભાવધર્મ રુચિ હીન;**
**ઉપદેશક પણ એહવા જી, શું કરે જીવ નવીન !**
**ચંદ્રાનન જિન સાંભળીએ અરદાસ.**

જીવો દ્રવ્યક્રિયામાં ધર્મ માને છે, પુણ્યમાં ધર્મ માને છે, પણ રાગ રહિત ચિદાનંદ સ્વરૂપ છે તેનું તેમને ભાન નથી. ને હે નાથ ! તેને ધર્મોપદેશક પણ એવી જ માન્યતાવાળા મળે છે. તેથી તેઓ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કેવી રીતે કરે ? માટે હે પ્રભુ ! આ અરજી સાંભળજો.

"પહેલા નિશ્ચય શ્રદ્ધાન વડે વૈરાગ્યથી ભ્રષ્ટ બની સ્વચ્છંદી થઈ રહ્યો હતો, પછી પણ નિશ્ચય ઉપદેશની જ મુખ્યતા કરી વિષય કષાયને પોષણ કરે." હું જ્ઞાનસ્વરૂપ છું એવી કલ્પના કરે પણ

સ્વભાવના અવલંબને રાગ ઘટાડવાનો પ્રયત્ન કરતો નથી ને હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવ એવા ને એવા કરે ને માને કે તે બંધનું કારણ નથી તો તે નિશ્ચયાભાસી છે.

વિષયકષાયરૂપ પાપના પરિણામ કરવા છતાં પાપ ન માને તે નિશ્ચયથી ભ્રષ્ટ છે ને વૈરાગ્યથી પણ ભ્રષ્ટ છે. ધર્મીને અંતરનો પલટો ખાઈ ગયો છે, શુભ ભાવ પણ દુઃખદાયક છે એવી દૃષ્ટિ થઈ હોય તેને સ્વચ્છંદતા હોતી નથી. પાપના ભાવ અને સ્વચ્છંદતાના ભાવ પોતાના છે, છતાં તેને સ્વીકારે નહિ ને પોતાને ધર્મી માને તે મિથ્યાદૃષ્ટિ છે.

આત્મામાં અનંતા પરપદાર્થોનો અભાવ છે. ત્રણ કાળ ત્રણ લોકમાં એક તત્ત્વ બીજા તત્ત્વને અડ્યું નથી, અડતું નથી ને અડશે નહિ. આત્માના ભાન વિના જંગલમાં જાય તો પણ વિકારમાં પડ્યો છે. સમ્યગ્દૃષ્ટિ જંગલમાં હોય કે ઘરમાં હોય તો પણ સદાય જંગલમાં છે, કેમ કે તેને આત્માનું ભાન વર્તે છે.

દાંતનું ચોકઠું બરાબર બેસે તો ખાવામાં કામ આવે પણ સરખું ન બેસે તો ખાવામાં કામ ન આવે, તેમ એક પણ વાત યથાર્થ રીતે સમજાય તો બધી વાત સમજાય, નહિતર સમજાય નહિ.

અજ્ઞાની કહે છે કે પરદ્રવ્યના કારણે બંધ નથી. તો પૂછીએ છીએ કે પરદ્રવ્યનો સંગ કરવાનો ભાવ કોણે કર્યો ? તે તો પોતે કર્યો છે. વ્યવહારથી રાગ ઘટાડવાનો પુરુષાર્થ નથી ને બંધ થતો નથી એમ જે માને છે તે ભ્રષ્ટ છે. ધર્માત્મા એવા ન હોય. સ્વભાવના અવલંબને રાગ ઘટાડે નહિ તો તેનું બૂરું જ થાય.

વળી આત્માનુશાસનમાં એમ કહે છે કે ''તું ગુણવાન થઈ દોષ કેમ લગાવે છે ? દોષવાન થવું હતું તો દોષમય જ કેમ ન થયો ?'' આ કથનનો મર્મ ન સમજે તો વસ્તુસ્વરૂપ સમજી ન શકાય.

અરે ધર્માત્મા ! મુનિ થઈને દોષ કેમ લગાવે છે ? ભાઈ ! થોડો દોષ પણ તને શોભે નહિ -એમ કહેવાનો ભાવ છે. હે ગુણવાન ! તારે ગુણવાન રહેવું હોય તો દોષ કેમ લગાવે છે ? અને તારે દોષવાન થવું હતું તો દોષમય કેમ ન થયો ? જરા પણ દોષ કરવા જેવો નથી. એ માટે શિખામણ છે. પણ કોઈ અજ્ઞાની ગુણવાનના થોડા દોષને દેખી ગુણવાનને નીચે ઉતારે તો તેનું બૂરું જ થાય. થોડો દોષ છોડાવી ઘણો દોષ કરાવવો -એવો હેતુ નથી.

ચંદ્રને ઉદ્દેશીને કહે છે કે આટલું લાંછન રાખ્યું તેના કરતાં કાળું થવું હતું તેમ ધર્માત્માને કોઈ કહે કે આટલો દોષ કરવા કરતાં તારે દોષમય રહેવું હતું પણ ત્યાં ઝાઝો દોષ કરાવવાનો હેતુ નથી, પણ તે સાંભળી પાપી જીવ ગુણવાનના દોષ કાઢે તો તે વ્યાજબી નથી. કોઈ અજ્ઞાની કહે કે બધા ચાર ચાર કલાક વ્યાખ્યાન સાંભળે છે તો કોઈએ બૈરાં-છોકરાં છોડ્યા ? -આમ અજ્ઞાની ઊંધું કાઢે છે. ચાર કલાક નિવૃત્તિ લઈને શુભ ભાવ કરે છે તેટલી જિજ્ઞાસા છે. અજ્ઞાની તેટલી પણ નિવૃત્તિ



લેતો નથી ને પોતાની હલકાઈ ન દેખાય તે માટે બીજાની ભૂલ કાઢે છે તે મૂઢ છે. સર્વ દોષમય કરતાં કિંચિત્ દોષરૂપ હોવું બૂરું નથી માટે મારાથી તો એ ભલો છે ! -એમ વિચારવું જોઈએ.

વળી અહીં એમ કહ્યું કે દોષમય જ કેમ ન થયો ? એ તો તર્ક કર્યો છે, પણ કાંઈ સર્વ દોષમય થવા માટે ઉપદેશ નથી. બીજું જો ગુણવાન પુરુષને કિંચિત્ દોષ થવા છતાં પણ નિંદા છે તો સર્વ દોષ રહિત તો સિદ્ધ ભગવાન છે, સમકિતીને આત્માનું ભાન છે પણ રાગ થઈ આવે છે પણ તેથી તે બધો દોષવાન છે એમ ન સમજવું.

**પ્રશ્ન** : જો એમ છે તે મુનિલિંગ ધારણ કરી કિંચિત્ પરિગ્રહ રાખે તો તે નિગોદમાં જાય એમ ષટ્પાહુડમાં શા માટે કહ્યું છે ?

જો થોડો દોષ હોય તો હરકત નથી તો પછી મુનિ થઈને વસ્ત્ર રાખે તો નિગોદમાં જાય એમ શા માટે કહ્યું છે ? આ તો થોડો દોષ છે -એમ અજ્ઞાની દલીલ કરે છે.

**ઉત્તર** : મુનિને આત્માનું ભાન હોય છે, ત્રણ કષાય ટળી ગયા છે, નગ્ન દિગંબર હોય છે, જે એવા ન હોય ને વસ્ત્ર રાખીને મુનિપણું મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે.

વસ્ત્ર રાખીને મુનિપણું મનાવવું તે નાનો દોષ નથી, તે પ્રતિજ્ઞાભંગનો મોટો દોષ છે. મુનિ મન, વચન, કાયાથી કરે નહિ, કરાવે નહિ ને અનુમોદન કરે નહિ. મુનિ વસ્ત્ર-પાત્ર રાખે નહિ, રાખવાનું કરાવે નહિ ને અનુમોદન કરે નહિ -આવી પ્રતિજ્ઞા હોય છે. મુનિઓને માત્ર મોરપીંછ ને કમંડલ હોય છે. એવા મુનિઓ થોડો પણ પરિગ્રહ રાખે તો નિગોદમાં જાય છે. આ વાત કઠણ પડે તેવી છે. પ્રથમ સમ્યગ્દર્શન થયા પછી જ મુનિપણું હોય છે, તેને નવ કોટિએ પરિગ્રહ છૂટી જાય છે. આવી મોટી પ્રતિજ્ઞા લેવા છતાં તેનો ભંગ કરે તેથી નિગોદમાં જાય છે. આ નાનો દોષ નથી.

ઉપવાસમાં એક દાણો ખાય તો પાપ છે ને એક ટાણું કરનાર એક વખત જમે તો જેટલો રાગ ઘટાડે તેટલું પુણ્ય છે. માટે મોટી પ્રતિજ્ઞા લઈને જ તેનો ભંગ કરે તે પાપી છે, તે મોટો દોષ છે.

## દ્વિ.વૈશાખ વદ ૪, સોમવાર, ૧-૬-૫૩.

શાસ્ત્રમાં કઈ પદ્ધતિથી ઉપદેશ આપવામાં આવ્યો છે તે બતાવે છે.

ધર્માત્મામાં જરા દોષ હોય તો ગ્રહણ ન કરવો તો પછી મુનિ કિંચિત્ પરિગ્રહ રાખે તો નિગોદમાં જાય એમ કેમ કહ્યું ? તેના જવાબમાં કહે છે કે મુનિ મન, વચન, કાયાથી વસ્ત્ર-પાત્રરૂપ પરિગ્રહ રાખે, રખાવે ને રાખવાનું અનુમોદન આપે તો નવ કોટિનો ત્યાગ રહેતો નથી. વસ્ત્ર-પાત્ર પરિગ્રહ છે, વેંતનો રૂમાલ અથવા લંગોટી રાખીને મુનિપણું મનાવે તો નિગોદમાં જાય છે એમ કહ્યું છે. જે

શાસ્ત્ર વસ્ત્ર સહિત મુનિપણું માને-મનાવે તે કુશાસ્ત્ર છે. તે શાસ્ત્રના કર્તાને યથાર્થ મુનિપણાની ખબર નથી. મુનિને ફક્ત મોરપીંછ દયાનું ઉપકરણ, કમંડલ શૌચનું ઉપકરણ ને પુસ્તક જ્ઞાનનું ઉપકરણ હોય છે. છતાં વસ્ત્ર રાખીને મુનિપણું માને-મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે. મુનિને ઘડિયાળ કે બેટરી હોઈ શકે નહિ.

મુનિનું ઊંચું પદ ધારણ કરીને તે પદને ન સંભવે તેવું કાર્ય કરે તો ત્યાં પ્રતિજ્ઞાભંગ છે. નવ કોટિએ ત્યાગ સહિતના મુનિપણાની અજ્ઞાનીને ખબર નથી. મુનિ હિંસા કરે નહિ, આધાકર્મી આહાર લ્યે નહિ, જૂઠું બોલે નહિ, ચોરી કરે નહિ, વિષય સેવે નહિ, પરિગ્રહ રાખે નહિ. આ બધાં કાર્યો પોતે કરે નહિ, કરાવે નહિ તેમ જ અનુમોદન આપે નહિ. મુનિ બીજા માટે વ્યવસ્થા કરાવે નહિ. એક મોરપીંછ, કમંડળ ને પુસ્તક સિવાય બીજું કાંઈ તેમને હોતું નથી. શરીરના રક્ષણનો હેતુ હોઈ શકે નહિ. મુનિપણું નહિ હોવા છતાં મુનિપણું માને તે પ્રતિજ્ઞાભંગ છે. મોટી પ્રતિજ્ઞા ન લ્યે તો દંડ નથી પણ મોટી પ્રતિજ્ઞા લઈને ભંગ કરે તો દંડ છે. તેવા જીવને શુભ પરિણામ હોય તો કોઈ દેવ થાય પણ ત્યાંથી તિર્યંચ થઈ નિગોદમાં જશે, અમે સાધુ છીએ એમ માને ને બીજાને વસ્ત્ર સહિત સાધુ મનાવે તેને મુનિપણાની યથાર્થ ખબર નથી. તે દોષમાં દેવ-ગુરુ-શાસ્ત્રની અશાતના થાય છે તેને મહાદોષ લાગે છે. તેથી તે અનંત સંસારનું કારણ છે.

સમકિતીને કદાચિત્ લડાઈ ને વિષય કષાયના ભાવ હોય તો સંભવિત ગુણદોષ હોય. સમ્યગ્દર્શન ને જ્ઞાનના ગુણ હોય ને વિકાર આદિના દોષ હોય. હું શુદ્ધ ચિદાનંદ આત્મા છું એવું ભાન છે ને પોતાની ભૂમિકા અનુસાર રાગદ્વેષ હોય છે, છતાં સમકિત ચાલ્યું જતું નથી, માટે દોષ ગ્રહણ કરવા યોગ્ય નથી, પણ મોટી પ્રતજ્ઞિા લ્યે ને ભંગ કરે તે દોષ છે.

**લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;**
**ગ્રહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન.**

જે વસ્ત્ર રાખે તેને અંદર મૂર્છા હોય છે ને ત્યાં મુનિપણું હોતું નથી. છતાં વસ્ત્ર ધારણ કરીને મુનિપણું માને-મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે ને તે મિથ્યાત્વનું ફળ નિગોદ છે. સમકિતીને આરાધનાનું ફળ ક્રમે ક્રમે સિદ્ધદશા છે ને મિથ્યાત્વનું ફળ ક્રમે ક્રમે નિગોદ છે. ઊંધી માન્યતા ઘુંટી ઘુંટીને નિગોદમાં જાય છે. ત્રસની ઉત્કૃષ્ટ સ્થિતિ બે હજાર સાગરની છે. જેને સત્ય અસત્યનો વિવેક નથી ને ઊલટો સત્‌નો વિરોધ કરે છે તે ક્રમે ક્રમે નિગોદમાં જવાનો છે. પોતાની અપાત્રતાને લીધે સાચું સાંભળવાનું પણ રુચતું નથી.

અહીં ઉપદેશની પદ્ધતિ કેવી હોય છે તે બતાવે છે. ઉપદેશ સિદ્ધાંત રત્નમાળામાં કહ્યું છે કે વીતરાગની આજ્ઞા અનુસાર સર્વજ્ઞે કહેલા ઉપદેશ આપનારનો ક્રોધ પણ ક્ષમાનો ભંડાર છે. શ્રોતાએ સમજવું કે તે અમારા કલ્યાણ માટે છે, પણ વક્તાએ તે ગ્રહણ કરવા યોગ્ય નથી. શ્રોતાએ સમજવું



કે તે મારા લાભની વાત છે, વક્તાનો પ્રશસ્ત હેતુ છે, પણ તે લખાણથી વક્તા ક્રોધ કર્યા કરે તો તેનું બૂરું જ થાય. કોઈ બૂરું બોલે તો પણ વક્તાએ ક્ષમા રાખવી. શ્રોતાએ સમજવું કે અમારા હિત માટે છે માટે ગ્રહણ કરવા યોગ્ય છે. ત્યાં શ્રોતાએ ગુણ જ માનવો. એમ અન્ય ઠેકાણે પણ સમજવું.

વળી જેમ કોઈને શરદી હોય તો ઉકાળો આપે, ગરમ પીવાનું આપે પણ જેને દાહ હોય તેને ગરમ ઉકાળો માફક ન આવે, પણ ઊલટો તેનાથી તે દુઃખ પામે. તેમ કોઈને કોઈ કાર્યની અતિ મુખ્યતા હોય તેને માટે તેના નિષેધનો અતિ ખેંચપૂર્વક ઉપદેશ આપ્યો હોય છે, પણ જેને તે કાર્યની મુખ્યતા ન હોય વા અલ્પ મુખ્યતા હોય તે એ ઉપદેશને ગ્રહણ કરે તો તેનું બૂરું જ થાય. સર્વજ્ઞોએ કહેલા સમયસાર આદિ શાસ્ત્રનો અભ્યાસ કરે, ચોવીસે કલાક તેમાં લાગ્યા રહે પણ હું આત્મા જ્ઞાનાનંદ છું, પુણ્ય-પાપ વિનાનો છું એવી શ્રદ્ધા ન કરે તેને કહે કે અગિયાર અંગ ભણીને મરી ગયો પણ ધર્મ ન પામ્યો. તો ત્યાં આત્માનુભવમાં લગાવવાનો હેતુ છે. ભાઈ, શાસ્ત્રનો અભ્યાસ પણ રાગ છે-પુણ્ય છે, તે ધર્મ નથી. શાસ્ત્રની વાતો કર્યા કરે પણ શાસ્ત્રનો પરમાર્થ સમજી આત્માનો અનુભવ કરે નહિ-સમ્યગ્દર્શન પ્રગટ કરે નહિ તો તેને કહે કે શાસ્ત્ર ભણવાથી પુણ્ય થશે, પણ ધર્મ થશે નહિ. શાસ્ત્રવાંચનની અતિ મુખ્યતા કરે છે તેને કહે છે કે રાગ વિનાના આત્માની ઓળખાણ કરવી તે ધર્મ છે. એકલા શાસ્ત્ર અભ્યાસથી ધર્મ નથી. હજારો માણસોમાં વક્તાપણું કરતો હોય પણ તેમાં આત્માને શું લાભ ? પણ જે શાસ્ત્રનો અભ્યાસ કરતો નથી તે આ ઉપદેશ સાંભળી સ્વચ્છંદી થાય તો તે ઊંધો છે. અથવા અલ્પ શાસ્ત્રઅભ્યાસવાળો શાસ્ત્ર અભ્યાસ છોડી દે તો તેનું બૂરું થાય. શાસ્ત્રકાર શું કહે છે તે બરાબર સમજવું જોઈએ. અખંડાનંદ દ્રવ્યસ્વભાવના અવલંબને અનુભવ થાય છે પણ આ સાંભળીને કોઈ શાસ્ત્રનો અભ્યાસ છોડી દે તો તેનું બૂરું થાય.

વળી કોઈ યજ્ઞમાં ને સ્નાનમાં ધર્મ માનતો હોય તેને કહે કે સ્નાનથી ધર્મ થતો હોય તો માછલાંને પણ ધર્મ થવો જોઈએ -એમ ઉપદેશ આપે. પૃથ્વી ઊલટી જાય તો પણ હિંસા કરવાથી પુણ્ય થાય નહિ પણ ભક્તિ-પૂજામાં શુભ ભાવ છે તેને છોડી દ્યે તો તે યથાર્થ નથી. સમકિતીને પણ શુભ ભાવ આવ્યા વિના રહેતો નથી. પણ પૂજાદિમાં કોઈ એકેંદ્રિયાદિ જીવ હણાય એમ માની પૂજન છોડી દે તો તેનું બૂરું થાય. સમકિતી સમજે છે કે યથાયોગ્ય પદ અનુસાર શુભ રાગ આવે છે. ગાયોને લીલું ઘાસ નાખવામાં જરા હિંસા છે પણ ત્યાં અનુકંપા છે. પાણી પાવામાં પાણીના જીવો મરે છે પણ હેતુ અનુકંપાનો છે. જરા હિંસા સમજી અનુકંપા ઉડાડે તો ભૂલ છે ને અનુકંપામાં ધર્મ માને તો પણ ભૂલ છે. પૂજા, પ્રભાવના, ભક્તિ આદિમાં થોડી હિંસા થાય છે ને ઘણું પુણ્ય ઉપજાવે છે પણ પૂજા આદિ છોડી દે ને સામાયિકમાં ઉપયોગ ન લગાવે તો બૂરું થાય છે. અજ્ઞાનીને આત્માનું ભાન નથી તેથી તેને સામાયિક ન હોય. સમકિત વિના સામાયિક, પૌષધ આદિ ન હોય. સમકિત વિના વ્રત ન હોય. આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેમાં ઉપયોગ લાગે તેને ધર્મ કહે છે, એ જ પ્રમાણે અન્ય ઠેકાણે સમજવું.

સમકિત પ્રાપ્ત કરવું તે અપૂર્વ છે. લાખો માણસ સોંઘામાં સામાયિક મનાવે છે પણ દસ રૂપિયાની ચીજ સાતમાં આપે તો સમજવું કે તે ચીજ ચોરાઉ છે તેમ સસ્તામાં સામાયિક માને તો તે ભૂલ છે. માટે સત્‌ને યથાર્થપણે સમજવું જોઈએ.

વળી જેમ કોઈ ઔષધિ ગુણકારી તો છે પણ જ્યાં સુધી તે ઔષધિથી પોતાને હિત થાય ત્યાં સુધી જ તેનું ગ્રહણ કરે છે. જો શીત મટવા છતાં પણ ઉષ્ણ ઔષધિનું સેવન કર્યા જ કરે તો ઊલટો રોગ થાય તેમ કોઈ ધર્મકાર્ય તો છે પરંતુ પોતાને જ્યાં સુધી તે ધર્મકાર્યથી હિત થાય ત્યાં સુધી જ તેનું ગ્રહણ કરવું પણ જો ઊંચી દશા થતાં નીચી દશા સંબંધી ધર્મના સેવનમાં લાગ્યો જ રહે તો ઊલટો બગાડ જ થાય. જેમ આત્મજ્ઞાનપૂર્વક પ્રતિક્રમણાદિ કાર્યમાં રહે તો તે શુભ ભાવ છે. પણ આત્માના અનુભવ વખતે કહે કે પ્રતિક્રમણનો વખત થઈ ગયો માટે મારે તે કરવું જોઈએ તો તે વસ્તુસ્વરૂપને સમજતો નથી. નિર્વિકલ્પ અનુભવ વખતે પ્રતિક્રમણનો રાગ કરવા જેવો નથી.

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગનું પ્રતિક્રમણ હોય છે. મિથ્યાત્વથી પાછા હઠતાં જેને આવડતું નથી તે અવ્રતથી પાછો કેવી રીતે હઠશે ? આત્મા જ્ઞાનાનંદ છે, પુણ્ય-પાપ વિકાર છે. વિકાર રહિત આત્માનું ભાન નથી તેને પ્રતિક્રમણ હોતું નથી.

કોઈ વેશધારી સાધુને પૂછવામાં આવ્યું કે ક્ષપકશ્રેણીનો કાળ આવ્યો હોય ત્યારે તમે પ્રતિક્રમણ કરો કે નહિ ? તેણે જવાબ આપ્યો કે પ્રતિક્રમણ તો છોડાય નહિ. જુઓ, અજ્ઞાનતા ! ક્ષપકશ્રેણી શુદ્ધતા છે ને પ્રતિક્રમણનો ભાવ શુભ રાગ છે. શુદ્ધતા છોડી શુભમાં આવવું જોઈએ તેમ માનનારને તત્ત્વની ખબર નથી.

ભાવલિંગી સંતને પણ પ્રતિક્રમણનો શુભ રાગ આવે છે પણ તે ઝેર છે -એમ તે સમજે છે. અમૃતથી ખસ્યો માટે રાગ આવ્યો છે પણ રાગમાં પડ્યો રહી આત્માનો અનુભવ ન કરે તો તેને વિવેક નથી. તેથી જ્યાં જેમ છે તેમ યથાર્થ સમજવું જોઈએ.

**દ્વિ.વૈશાખ વદ ૫, મંગળવાર, ૨-૬-૫૩.**

આ મોક્ષમાર્ગ પ્રકાશક છે. ઉપદેશનો મર્મ સમજવો જોઈએ. પાપ મટાડવા માટે ધર્મકાર્ય કહ્યા છે. મિથ્યાત્વ તથા અવ્રતથી પાછું હઠવું તે પુણ્ય પરિણામ છે, તેને ધર્મકાર્ય કહ્યા છે. ત્યાં ધર્મ એટલે પુણ્ય-શુભ ભાવ છે. જ્ઞાનીને પણ એવા શુભ પરિણામ આવ્યા વિના રહેતાં નથી. પણ તેમાં જ રોકાઈ જાય ને શુદ્ધ ઉપયોગ ન કરે તો તે વસ્તુસ્વરૂપને સમજ્યો નથી. સ્વરૂપના અનુભવ વખતે જાપ જપવાનો કે પ્રતિક્રમણ કરવાનો શુભભાવ હોતો નથી. આત્માનું ભાન થયા પછી શ્રાવક કે મુનિને પ્રતિક્રમણનો શુભ રાગ આવે છે પણ તે ઝેર છે, આત્માનો સ્વભાવ નથી. અશુભ ભાવ ન હોય ત્યારે જ્ઞાનીને પણ શુભ ભાવ આવે છે પણ તે વિકાર છે, ધર્મ નથી. અજ્ઞાનીને એવી ખબર નથી



તેથી તે શુભને જ ધર્મ માની બેઠો છે, તે ભૂલ છે.

જે સ્વરૂપમાં લીન છે તેને ભક્તિ કરવાની જરૂર નથી, પણ આત્માના નિર્વિકલ્પ અનુભવમાં રહી ન શકે તેને ભક્તિ આદિ વ્યવહાર ધર્મ કરવાનું કહ્યું છે.

વળી વેપાર-ધંધા છોડી, સ્ત્રી-કુટુંબ છોડી, દેરાસર કે ઉપાશ્રય બનાવવામાં દેખરેખ રાખે અને કષાય કરે તો એવું ત્યાગીને શોભે નહિ. જે ગૃહસ્થ હોય તે મંદિર બનાવવાનો શુભ ભાવ કરે તો પુણ્ય બાંધે પણ જે ત્યાગી થઈ ચૈત્યાલય આદિનો અધિકારી થાય એ કેમ બને ? એ જ પ્રમાણે અન્ય ઠેકાણે સમજવું.

વળી પૌષ્ટિક આહાર જો કોઈ તાવવાળો ખાય તો મહા દોષ ઊપજે, નીરોગી જીવને માટે તે સારો છે. તેમ ઊંચો ધર્મ ઘણો ભલો છે પરંતુ પોતાને વિકાર ભાવ દૂર ન થયો હોય ને ઊંચો ધર્મ ગ્રહણ કરે તો તેથી મહા દોષ ઊપજે.

વેપારાદિનો અશુભ ભાવ છૂટ્યો નથી ને જો ધ્યાનમાં બેસી જાય તો ઊલટો વિકાર વધી જાય. વિષય કષાયના ભાવ આવે છે તે જીવ નિર્વિકલ્પ દશામાં એટલે પુણ્ય-પાપ રહિત રહેવા માગે છે તે ક્યાંથી થાય ? દૃષ્ટિની ખબર નથી તો પછી સ્થિરતા ક્યાંથી થાય ? તેને ધ્યાન કોઈ રીતે થાય નહિ. માટે તેણે શાસ્ત્ર સ્વાધ્યાય, સત્સમાગમ કરવો જોઈએ પણ જે શુભ ભાવ તો કરે નહિ ને શુદ્ધ ભાવ હોય નહિ તેને અશુભ ભાવ આવ્યા વિના રહે નહિ.

વળી વેપાર આદિનો વિકાર છૂટ્યો નથી ને બહારથી ત્યાગી થઈ જાય તો મહા દોષ ઊપજે. સાત પડિમા ધારણ કરીને વેપાર-ધંધામાં લાગી જાય તે વ્યાજબી નથી. અશુભ છૂટે નહિ તે શુદ્ધમાં કેવી રીતે જાય ? શુભ-અશુભ ભાવ વિનાના આત્માનું ધ્યાન કરે તે સમતા છે, તેની ખબર નથી ને મિથ્યાત્વથી પાછા હઠતા આવડતું નથી તેને સામાયિક હોઈ શકે નહિ. વળી ભોજનાદિમાં અતિ આસક્તિ છે ને આરંભ-ત્યાગરૂપ ધર્મને અંગીકાર કરે તે દોષ છે. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ સમજવું.

એ જ પ્રમાણે અન્ય પણ ઉપદેશને સાચા વિચારથી જાણી અંગીકાર કરવો. અહીં તેનો વિસ્તાર ક્યાં સુધી કરીએ ? સમ્યગ્જ્ઞાન થતાં પોતાને યથાર્થ જ ભાસે છે. આત્મા શું, રાગ શું, સંયોગ શું, નિમિત્ત શું તેના ભેદજ્ઞાન વિના બધું નકામું છે. ઉપદેશ તો વચનાત્મક છે ને વચન દ્વારા અનેક અર્થ એક સાથે કહી શકાતા નથી. સમ્યગ્દર્શનની વાત વખતે પુણ્યને હલકું બતાવે ને કોઈ સ્વચ્છંદી થતો હોય ત્યારે કહે કે પાપ કરતાં પુણ્ય ઠીક છે, પણ તે ધર્મ નથી. વીતરાગમાર્ગનું લક્ષણ સ્યાદ્વાદ છે. ઉપદેશ કયા પ્રકારનો છે, કયા પ્રયોજન સહિત છે ને કોને કાર્યકારી છે તે વિચારી ગ્રહણ કરવો, પછી એ ઉપદેશ જેમ પોતાને કાર્યકારી થાય તે પ્રમાણે તેને પોતે જ અંગીકાર કરવો તથા જે ઉપદેશ

જાણવા યોગ્ય જ હોય તેને યથાર્થ જાણી લેવો. એ પ્રમાણે ઉપદેશના ફળને પામવું. પૃથ્વી પલટે તો પણ હિંસામાં ધર્મ નથી એમ પણ કથન આવે છતાં મંદિર બનાવતા થોડું પાપ લાગે, પણ ત્યાં શુભ રાગ વિશેષ છે. વળી પાંજરાપોળમાં ઘાસ નાખતા અનુકંપાનો ભાવ છે તે અનુકંપા શુભ ભાવ છે, તેને પાપ મનાય નહિ ને તેને ધર્મ પણ મનાય નહિ. બીજા પ્રાણીને બચાવવા, ગાયોને ઘાસ નાખવું, કૂતરાને દૂધ પાવું, તરસ્યાને પાણી આપવું -એ ભાવને કોઈ જીવો પાપ કહે છે તે ભૂલ છે, કેમ કે તે પુણ્ય છે.

પુણ્ય રહિત આત્માનું ભાન કરે તે ધર્મ છે. જ્યાં જેવો ઉપદેશ છે તેવો ગ્રહણ કરવો. શાસ્ત્રની શૈલી સમજવી જોઈએ. તીર્થંકર વિચરે ત્યાં હજારો માણસો, ઘોડા, હાથી વગેરે જાય ત્યારે તેના નિમિત્તે એકેંદ્રિયાદિ જીવ હણાય છે પણ ભગવાનની ભક્તિનો શુભ ભાવ છે માટે ત્યાં પુણ્ય પરિણામ કહ્યા. દીક્ષા લેતી વખતે મહોત્સવમાં એકેંદ્રિય આદિ જીવો હણાય છે છતાં તે વખતે જે શુભ ભાવ છે તે પુણ્ય છે. ભગવાનના દર્શન કરવા જતાં ભક્તિનો શુભ ભાવ છે તે પુણ્ય છે. હેતુ જોવો જોઈએ. સાધર્મી સંઘને જમાડવાનો ભાવ શુભ છે. રાંધવામાં ઝીણા જીવો હણાય છે પણ હેતુ શુભ છે માટે પુણ્ય છે.

મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૧૬૮માં કહ્યું છે ''તીર્થંકરની વંદના માટે રાજાઓ આદિ ગયા, સાધુને પગે લાગવા દૂર જાય છે તથા શહેરમાં શાસ્ત્ર સાંભળવા આવે ત્યાં રસ્તામાં હિંસા થાય છે પણ ભાવ શાસ્ત્ર શ્રવણનો તથા વંદનનો છે માટે પુણ્ય કહે છે. સાધુનું મરણ થતાં તેનો સંસ્કાર કરીએ છીએ, સાધુ થતાં ઉત્સવ કરીએ છીએ, ઈત્યાદિ પ્રવૃત્તિ આજે પણ દેખાય છે. હવે ત્યાં પણ હિંસા તો થાય છે પણ એ કાર્યો તો ધર્મના અર્થે છે, અન્ય કોઈ પ્રયોજન નથી માટે ઉપદેશનો હેતુ સમજવો જોઈએ.

**પ્રશ્ન** : જો અલ્પ બુદ્ધિવાન એટલો વિચાર ન કરી શકે તો તે શું કરે ?

**ઉત્તર** : જેમ વેપારી જેમાં નફો સમજે તેનો વિચાર કરે, તેને નફા-નુકસાનનું જ્ઞાન અવશ્ય જોઈએ, નફો થવો કે નુકસાન થવું તે પુણ્ય-પાપને આધીન છે પણ વિચાર તો જરૂર કરે. નુકસાન જશે એમ ધારી વેપારી વેપાર ન કરે, તેમ વિવેકી પુરુષ પોતાની બુદ્ધિ અનુસાર પોતાનું હિત સમજે તેવો થોડો અથવા ઘણો ઉપદેશ ગ્રહણ કરે. શુભને છોડી અશુભમાં આવે તો નુકસાન છે ને શુદ્ધને છોડી શુભમાં આવે તો નુકસાન છે. પુણ્ય-પાપ રહિત આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવા તે ધર્મ છે.

''મને આ કાર્યકારી છે, આ કાર્યકારી નથી એટલું જ્ઞાન તો અવશ્ય જોઈએ.''

આત્માના સાચા શ્રદ્ધા-જ્ઞાન કરી રાગ ઘટાડવો તે કાર્યકારી છે, એટલું જ્ઞાન તો હોવું જોઈએ. આત્મામાં લીન ન રહી શકે ત્યારે શુભ રાગમાં રહેવું, પણ તે શુભ ભાવ તાવ છે. આત્માની નીરોગતાનું કારણ નથી. ૯૯ ડીગ્રી તાવ છ માસ રહે તો ટી.બી. ની શંકા પડે, તે તાવ નીરોગતાનું કારણ નથી.



તાવ સમાન શુભ પરિણામની રુચિ કરે તો આત્મામાં ક્ષય લાગુ પડે છે. શુભ પરિણામથી શુદ્ધ પરિણામ કદી પણ થતાં નથી.

અહીં કહે છે કે આત્માનું ભાન કરી રાગાદિ ઘટાડવા તે કાર્યકારી છે. તેમાં નાપાસ થાય તો ક્યાંય આરો આવે તેમ નથી. યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન વડે રાગદ્વેષ ઘટે છે. વિકાર કૃત્રિમ છે, તે મારું અસલી સ્વરૂપ નથી. હું જ્ઞાનસ્વરૂપ છું, શુભ રાગ થાય તે પણ શ્રદ્ધા-જ્ઞાન વડે ઘટાડવા માટે છે, રાખવા માટે નથી. વેપારીને નફા-તોટાનું જ્ઞાન હોવું જોઈએ, તેમ ધર્મી જીવને યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન વડે રાગ ઘટાડવાનું કાર્ય છે. જેને શ્રદ્ધામાં રાગની રુચિ છે તેને તીવ્ર કષાય અભિપ્રાયમાં પડેલો છે, તેનો રાગ ઘટતો નથી.

શુભના કારણે શુદ્ધનું કાર્ય પ્રગટે એમ કદી બનતું નથી. સ્વભાવનું ભાન કરે તો શુભ રાગ ઉપર આરોપ આવે છે પણ શુભ રાગ આત્મા માટે કાર્યકારી નથી. વિશેષ જ્ઞાન ન હોય તો પણ પ્રયોજન ભૂલે નહિ, વાસ્તવિક શ્રદ્ધા-જ્ઞાન વડે રાગ ઘટાડવાનું પ્રયોજન છે. એમાં સાવધાનતા જોઈએ. પોતાના હિતની હાનિ થાય એવો ઉપદેશનો અર્થ સમજવો નહિ. અશુભ ઘટાડવાનો પ્રયત્ન કરે પણ શુભાશુભ રહિત આત્માનું ભાન કરવાનો પ્રયત્ન ન કરે તો તેને હિતની હાની થાય. યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન વડે રાગ ઘટાડવો જોઈએ.

આત્મામાં પર નથી, પરમાં આત્મા નથી; શુભમાં શુદ્ધ નથી ને શુદ્ધમાં શુભ નથી ઃએ સ્યાદ્વાદ છે. એવા શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક રાગ ઘટાડે તે સ્યાદ્વાદ દૃષ્ટિ છે. એવી દૃષ્ટિ સહિત જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરતાં કલ્યાણ થાય છે. નિમિત્તથી પણ ધર્મ થાય ને આત્માથી પણ ધર્મ થાય તે સ્યાદ્વાદ નથી પણ એકાંત છે. સ્યાદ્વાદ દૃષ્ટિ સહિત જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરતાં પોતાનું કલ્યાણ થાય છે.

ઃઃ ૦ ઃઃ

પૃ. ૩૦૩-૩૦૬ સુધીનું વાંચન બાકી રાખી દ્વિ.વૈશાખ વદ ૬, બુધવાર, તા. ૩-૬-૫૩ થી અધિકાર નવમો મોક્ષમાર્ગનું સ્વરૂપ પર પ્રવચન શરૂ થયા હતા. ( પણ અભ્યાસમાં ક્યાંય ત્રુટી ન થાય એટલે તારીખના ક્રમને અવગણીને પ્રવચનો અસ્ખલિતરૂપે મૂકેલ છે.)

## જેઠ સુદ ૧, શુક્રવાર, ૧૨-૬-૫૩.

(પૃ. ૩૦૩થી બાકી રહેલું આઠમા અધિકારનું વાંચન આજથી શરૂ થાય છે.)

ભગવાનના જે કથન હોય તેને બરાબર સમજવા. સ્યાદ્વાદ દૃષ્ટિ સહિત જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરતાં પોતાનું કલ્યાણ થાય છે. અહીં શાસ્ત્રોના લખાણનો મેળ કેવી રીતે કરવો તે બતાવે છે.

**પ્રશ્ન** : જ્યાં અન્ય અન્ય પ્રકાર હોય ત્યાં તો સ્યાદ્વાદ સંભવે પણ એક જ પ્રકારથી શાસ્ત્રોમાં વિરુદ્ધતા ભાસે તો ત્યાં શું કરીએ ? કથામાં એમ આવે કે તીર્થંકરની સાથે હજારો મુનિઓ મોક્ષે ગયા

ત્યારે કરણાનુયોગમાં છ માસ અને આઠ સમયમાં છસો આઠ જીવ મોક્ષે જાય છે, તેથી વધારે ન જાય તો પછી હજારો મુનિઓ કેવી રીતે મોક્ષે ગયા ? વળી કથામાં આવે છે કે દેવ દેવાંગના ઊપજી પછી મરણ પામી સાથે જ મનુષ્યાદિ પર્યાયમાં ઊપજે છે ત્યારે કરણાનુયોગમાં દેવનું આયુષ્ય સાગરોપમ પ્રમાણ ને દેવાંગનાનું પલ્યોપમ પ્રમાણ આયુષ્ય કહ્યું ઈત્યાદિ વિધિ કેવી રીતે મળે ?

**ઉત્તર** : સમય સમયના પરિણામ બતાવનારા શાસ્ત્રોમાં તો કથન જેમ છે તેમ જ કર્યું છે. બીજા શાસ્ત્રોમાં કથન પ્રયોજન અનુસાર છે માટે વિધિ મેળવવી. જ્યાં હજારો મુનિઓ તીર્થંકરની સાથે મોક્ષે ગયા બતાવ્યા ત્યાં એમ જાણવું એક જ કાળમાં એટલા મુનિ મોક્ષ ગયા નથી પણ જ્યાં તીર્થંકર ગમનાદિ ક્રિયા મટી સ્થિર થયા ત્યાં તેમની સાથે એટલા મુનિ બેઠા ને મોક્ષ તો આગળ પાછળ ગયા. આ પ્રમાણે પ્રથમાનુયોગ અને કરણાનુયોગના કથનનો વિરોધ દૂર થાય છે. વળી દેવ દેવાંગના સાથે ઊપજી પાછળથી દેવી બીજા ભવ કરતાં કરતાં રાણી થઈ, વચલા ભવો ન ગણ્યા, ને પાછળથી તેઓ સાથે મનુષ્યપર્યાયમાં ઊપજ્યા -એ કથન કર્યું. આ પ્રમાણે વિધિ મેળવતાં વિરોધ દૂર થાય છે. એ જ પ્રમાણે અન્ય વિધિ મેળવી લેવી.

**પ્રશ્ન** : એવા કથનોમાં તો કોઈ પ્રકારે વિધિ મળે છે પરંતુ બીજો વિરોધ આવે છે. નેમિનાથ સ્વામીનો જન્મ કોઈ ઠેકાણે શૌરીપુરમાં તથા કોઈ ઠેકાણે દ્વારિકામાં કહ્યો. રામચંદ્રાદિની કથા જુદા જુદા પ્રકારે લખી તથા એકેંદ્રિયાદિને કોઈ ઠેકાણે સાસાદન ગુણસ્થાન હોવું લખ્યું અને કોઈ ઠેકાણે ન લખ્યું ઈત્યાદિ. હવે એ કથનોની વિધિ કેવી રીતે મળે ?

**ઉત્તર** : એવા વિરોધ સહિત કથનો કાળદોષથી થયા છે. આ કાળમાં કેવળજ્ઞાની કે અવધિજ્ઞાની નથી ને બાર અંગના જાણનાર નથી. અલ્પબુદ્ધિ છદ્મસ્થ થયા છે ને બુદ્ધિની ભૂલથી કોઈ અર્થ અન્યથા ભાસે તો તેને તેવી રીતે લખે અથવા આ કાળમાં જૈનમતમાં પણ કોઈ કષાયી થયા છે. તેમણે કોઈ કારણ પામીને અન્યથા કથન લખ્યા છે તેથી જૈનશાસ્ત્રોમાં પણ વિરોધ ભાસવા લાગ્યો. હવે વિરોધ ભાસે ત્યાં આટલું કરવું કે આ કથન કરવાવાળા ઘણા પ્રમાણિક છે કે આ કથન કરવાવાળા ઘણા અપ્રમાણિક છે ? વીતરાગદેવના શાસ્ત્રો ઘણા છે તેની આમ્નાય મેળવીને જો પરંપરાથી આમ્નાય મળે તો તે કથન પ્રમાણ કરવા ને સાધારણ વાતમાં નિર્ણય ન થઈ શકે તો કેવળીને ભાસ્યું તે પ્રમાણ છે એમ માની લેવું. અર્હંત દેવ, નિર્ગ્રંથ ગુરુ ને શાસ્ત્ર કેવા છે તેનો નિર્ણય કરી શકાય છે. કેવળીને રોગ કહે, મુનિને વસ્ત્ર કહે તો તે વાત ખોટી છે. અર્હંત પરમાત્માની વાણી અનેકાંત બતાવનારી છે. આમ દેવ-ગુરુ-શાસ્ત્રના નિર્ણયમાં કોઈ શાસ્ત્રમાં ફેર નથી. વળી જીવાદિ નવ તત્ત્વોનું પણ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. તે વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય નહિ.

બધા શાસ્ત્રોનો એક જ આશય છે. ભગવાનને દર્શન ને જ્ઞાન બન્ને ઉપયોગ એક સમયે છે, ભગવાન આહાર લેતાં નથી, રાગાદિ રહિત પરિણતિ તે અહિંસા છે. આમ દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય થઈ શકે



છે. જો તેનું સ્વરૂપ વિરુદ્ધ કહે તો ખ્યાલમાં આવી જાય. વસ્ત્ર સહિત મુનિપણું મનાવે, પુણ્યથી ધર્મ મનાવે તો પોતાને ભાસ થઈ જાય છે. આના નિર્ણય વિના સમ્યગ્દર્શન થાય નહિ. સનાતન જૈનશાસ્ત્રોમાં આ બાબતમાં ક્યાંય વિરોધ નથી. આ એક જ વીતરાગમાર્ગ છે, તેથી વિરુદ્ધ કહે તો ખ્યાલ આવી જાય છે. પણ સાધારણ વાતનો ખ્યાલ ન આવે. જેમ કે નેમિનાથ ભગવાનનો શૌરીપુરમાં હોય કે બીજે હોય તેની ખબર ન પડે તો મોક્ષમાર્ગમાં વિઘ્ન નથી. અપ્રયોજનભૂત વાતમાં સંશય રહે અથવા અન્યથા જાણપણું થાય ને જે કેવળી કહે છે તે પ્રમાણે માની લ્યે તો મોક્ષમાર્ગમાં વિઘ્ન નથી.

પણ પ્રયોજનભૂત વાતમાં ફેરફાર ન ચાલે. દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપમાં ફેરફાર માને ને વસ્ત્ર સહિત મુનિપણું માને તો મૂળમાં ભૂલ છે. આ વાતમાં વીતરાગના કોઈ શાસ્ત્રમાં વિરોધ ન હોય.

## જેઠ સુદ ૨, શનિવાર, ૧૩-૬-૫૩.

ઉપદેશની પદ્ધતિ સમજવી જોઈએ. સ્વ આશ્રિત કથન કર્યું હોય તે નિશ્ચય ને પર આશ્રિત કથન કર્યું હોય તે વ્યવહાર -એમ સમજવું જોઈએ.

**શંકા** : જેમ વીતરાગની આજ્ઞા પ્રમાણે અનેક પ્રકારના કથન કહ્યા તેમ અન્યમતમાં જુદી જુદી પદ્ધતિ હોય છે. હવે તમારા મતને તમોએ સ્થાપન કર્યો ને અન્યમતના શાસ્ત્રોમાં તમે દોષ લગાવો છો એ તમને રાગદ્વેષ છે.

**સમાધાન** : કથન અનેક પ્રકારના હોય પણ આત્માની વીતરાગી દશાને પોષે ને રાગ-દ્વેષ-અજ્ઞાન ટાળે -આ એક જ પ્રયોજનને પોષતા હોય તો કાંઈ દોષ નથી, પરંતુ અન્યમતમાં કોઈ ઠેકાણે કોઈ પ્રયોજન પોષે ને કોઈ ઠેકાણે અન્ય પોષે તો દોષ છે. પરંતુ વીતરાગમાર્ગમાં પરદ્રવ્ય સાથે એકતાબુદ્ધિ-ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ મટાડવાનું પ્રયોજન છે. ઘણો રાગ છોડાવી અલ્પ રાગ કરાવવાનું પ્રયોજન છે. સ્વભાવના ભાન સહિત ભક્તિ આદિ કરવા કહ્યું ત્યાં અશુભ રાગ ઘટાડવો છે. ભાન છે કે આત્મસ્વભાવમાં રાગ નથી, તેથી રાગ કરવા જેવો નથી. આમ ભાનપૂર્વક રાગ ઘટાડવાનું કહે છે, ને કોઈ ઠેકાણે સર્વ રાગાદિ છોડાવવાનું પ્રયોજન પોષ્યું છે. એટલે કે શુભ ભાવ છોડી શુદ્ધમાં રહેવાનું કહ્યું છે પણ ક્યાંય રાગ કરાવવાનો હેતુ નથી. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેની દૃષ્ટિ કર. સ્થિર ન રહી શકે ત્યારે શુભ રાગ આવે છે પણ ત્યાંય અશુભ રાગ છોડાવવાનો હેતુ છે ને કોઈ ઠેકાણે શુભ-અશુભ બન્ને છોડાવવાનો હેતુ છે. પરંતુ કોઈ ઠેકાણે રાગ પોષવાનું પ્રયોજન નથી. માટે જિનમતના સર્વ કથન નિર્દોષ છે. અન્યમતમાં કોઈ ઠેકાણે રાગાદિ મટાડવાનું કહે છે તથા કોઈ ઠેકાણે રાગાદિ વધારવાનું પ્રયોજન કરે છે. એ જ પ્રમાણે અન્ય પણ પ્રયોજનની વિરુદ્ધતાપૂર્વક કથન કરે છે. તેથી અન્યમતના કથન સદોષ છે. લોકમાં પણ એક જ પ્રયોજનને પોષતા જુદા જુદા વચન કહે તેને પ્રમાણિક કહીએ છીએ. પણ અન્ય અન્ય પ્રયોજન પોષે તેને મૂર્ખ કહે છે.

જિનમતમાં અનેક પ્રકારની પદ્ધતિ છે તે અપેક્ષા સહિત છે. ભગવાનની પૂજા કરવાનું કહે ત્યાં અશુભ રાગથી છોડાવવાનો હેતુ છે ને કોઈ વખત કહે કે મૂર્તિ પથ્થર છે, ત્યાં તારો ધર્મ નથી, ધર્મ તો આત્મામાં છે. ત્યાં શુભ રાગ ટાળી શુદ્ધતા પ્રગટાવવાનો હેતુ છે. જિનદેવ વીતરાગ છે, તેમને સમવસરણ આદિ હોય છે. તેની રચના ઇંદ્રો કરે છે ને ભગવાનને તેમાં રાગ હોતો નથી, માટે વિરોધ નથી. અન્યમતમાં પરમેશ્વરને સર્વજ્ઞ કહે ને તેને જ લડાઈ કરતાં કહે, કામ-ક્રોધાદિવાળા કહે તે બંધબેસતી વાત નથી. વળી જૈનના નામે કોઈ ભગવાનને કેવળી કહે ને પાછા ભગવાન આહારાદિ લે -એમ કહે તો તે રાગની ક્રિયા થઈ. તે તો પૂર્વાપર વિરોધવાળું કથન થયું. તેવું ભગવાનને ન હોય. અન્યમતમાં ઈશ્વરને ભગવાન કહે ને પાછા રાગી કહે. સ્ત્રી આદિ પરણે તો તે મેળ ખાતો નથી. એક આત્માને વીતરાગપણું ને કામ-ક્રોધપણું બન્ને સાથે ન સંભવે. કેવળી ભગવાન ઉપયોગપૂર્વક ચાલે, મુનિઓને ભગવાન નમસ્કાર કરે, તીર્થને વંદન કરે તે પૂર્વાપર વિરોધવાળી વાત છે. ભગવાનને અનંત આનંદનો અનુભવ વર્તે છે, તેમને રાગની ક્રિયા હોય નહિ. ભગવાનને રાગની ક્રિયા સ્થાપે તે વીતરાગમાર્ગને જાણતો નથી. એક જ આત્માને વીતરાગપણું તથા કામ-ક્રોધાદિ સંભવે નહિ, એ જ પ્રમાણે અન્ય પણ સમજવું.

કાળદોષથી જિનમતમાં પણ કોઈ કથન વિરુદ્ધ લખ્યા છે તે તો અલ્પજ્ઞાનીની ભૂલ છે, પણ કાંઈ મતમાં દોષ નથી. ત્યાં પણ જિનમતનો એટલો તો અતિશય છે કે પ્રમાણ વિરુદ્ધ કથન કોઈ કરી શકે નહિ. શ્રી નેમિનાથ ભગવાનનો જન્મ શૌરીપુરમાં કહે ને કોઈ દ્વારિકામાં થયો લખે છે, તે ગમે ત્યાં થયો હોય પણ નગરમાં જન્મ હોવો પ્રમાણ વિરુદ્ધ નથી. આજ પણ થતો દેખાય છે. બીજું અન્ય મતમાં સર્વજ્ઞાદિ યથાર્થ જ્ઞાનીના કેટલા ગ્રંથો બતાવે છે, ત્યાં પરસ્પર વિરોધતાવાળું કથન છે. કોઈ ઠેકાણે બાળબ્રહ્મચારીની પ્રશંસા કરે છે ને કોઈ ઠેકાણે કહે કે પુત્ર વિના સારી ગતિ થાય નહિ -એમ કહે તો તે પૂર્વાપર વિરોધ છે. બન્ને કથન સાચા ન હોય. એવા કથન ત્યાં ઘણા જોવામાં આવે છે. મુખમાં વીર્ય પડવાથી માછલીને પુત્ર થયો. વળી હનુમાનને વાયુપુત્ર કહે છે, વાયુને લીધે અંજનાને પુત્ર થયો કહે છે. આ કાળમાં એમ થતું દેખાતું નથી, અનુમાનથી મળતું નથી. માટે તેમના મતમાં દોષ ઠરાવીએ છીએ. એમ જાણી એક જિનમતનો જ ઉપદેશ ગ્રહણ કરવો યોગ્ય છે.

જૈનના નામે શાસ્ત્રમાં કહે કે દયાના રાગથી સંસાર પરિત થયો ને કોઈ ઠેકાણે સ્વભાવના આશ્રયે સંસાર પરિત થયો કહે તો બન્ને વિરોધ વાત છે. સસલાની દયા પાળવાના શુભ રાગથી સંસાર પરિત થયો તેમ જ મુનિને આહારદાન આપવાથી સંસાર ઘટે છે -એમ તેઓ કહે છે. તે ખોટી વાત છે. તેઓ સંવર-નિર્જરા તત્ત્વને સમજતા નથી. પૂર્વાપર વિરોધ છે. એક બાજુ કેવળીને રાગ રહિત કહે ને બીજી બાજુ રાગવાળા ઠરાવે તે વિરોધી વાત છે. વળી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળા મુનિ દસ દસ કંબલ આદિ લાવે એમ ઠરાવે તે વસ્તુસ્વરૂપથી વિરુદ્ધ છે. વીતરાગમાર્ગમાં એવો પૂર્વાપર વિરોધ ન હોય, માટે પરીક્ષા કરવી જોઈએ. અત્યારે તો ઘણો ફેરફાર થઈ ગયો છે. આભ ફાટ્યું છે ત્યાં



થીગડાં ક્યાં દેવા ? તીવ્ર રાગ ન કરે તો પાપ ઓછું છે પણ મિથ્યાત્વનું પાપ મોટું છે. દેહની ક્રિયામાં ને મંદ રાગમાં ધર્મ માને તે મિથ્યાત્વ છે.

બીજું પ્રથમાનુયોગાદિનો અભ્યાસ કરવો કહ્યો ત્યાં પહેલા આનો અભ્યાસ કરવો, પછી આનો અભ્યાસ કરવો એવો નિયમ નથી. પણ પોતાના પરિણામોની અવસ્થા જોઈ પોતામાં ધર્મપ્રવૃત્તિ થાય તેમ કરવું. કોઈ વખત કોઈ શાસ્ત્રનો તથા કોઈ વખત કોઈ શાસ્ત્રનો અભ્યાસ કરવો. વળી જેમ રોજનામામાં તો અનેક રકમો જ્યાં ત્યાં લખી છે પણ તેની ખતવણી બરાબર કરે તો લેણાદેણાનો નિશ્ચય થાય તેમ વીતરાગ ભાવને વીતરાગ ભાવના ખાતામાં, રાગને રાગના ખાતામાં, ઉપાદાનને ઉપાદાનના ખાતામાં નાખવા જોઈએ. અજ્ઞાની જીવ રાગથી ધર્મ માને છે, નિમિત્તને ઉપાદાનમાં ખતવે છે તે ભૂલ છે. વેપારમાં એક આસામીના રૂપિયા જમા કરવાને બદલે બીજાના રૂપિયા જમા કરી નાખે તો ભૂલ થાય. લાભ ને ગેરલાભનું કયું ખાનું છે તેની ખબર ન હોય તો ભૂલ થાય. શાસ્ત્રમાં અનેક પ્રકારનો ઉપદેશ છે. સમ્યગ્જ્ઞાન વડે તેને બરાબર ઓળખે તો હિત-અહિતનો નિર્ણય થાય છે. પૂર્ણ સ્વતંત્ર વીતરાગતાની પ્રતીતિ કરાવે તે મોક્ષમાર્ગ છે. રાગ ને નિમિત્તની અપેક્ષા કરાવે તે સાચો માર્ગ નથી. સ્યાદ્વાદથી કથન સમજવું જોઈએ. સ્યાત્ પદની અપેક્ષાથી જ્ઞાન વડે જિનવચનના ન્યાયમાં રમે તે જીવ થોડા જ વખતમાં શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે. મોક્ષમાર્ગમાં પહેલો ઉપાય આગમજ્ઞાન કહ્યો છે. આગમજ્ઞાન વિના ધર્મનું અન્ય સાધન થતું નથી. વીતરાગની વાણીને આગમ કહે છે, માટે તમારે પણ યથાર્થ બુદ્ધિ વડે આગમનો અભ્યાસ કરવો. શાસ્ત્રની પરીક્ષા કરવી જોઈએ ને યથાર્થ બુદ્ધિ વડે અભ્યાસ કરવો જોઈએ એથી તમારું કલ્યાણ થશે.

**એ પ્રમાણે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્રમાં ઉપદેશનું સ્વરૂપ પ્રતિપાદન કરવાવાળો આઠમો અધિકાર સંપૂર્ણ.**

# નવમો અધિકાર

## મોક્ષમાર્ગનું સ્વરૂપ

### દ્વિ. વૈશાખ વદ ૯, બુધવાર,૩-૬-૫૩.

આજે નવમો અધિકાર શરૂ કરવામાં આવેલ છે.

**શિવ ઉપાય કરતાં પ્રથમ, કારણ મંગળરૂપ;**
**વિઘનવિનાશક સુખકરણ, નમો શુદ્ધ શિવભૂપ.**

આત્મા શુદ્ધ સિદ્ધ સમાન છે, તેની દશામાં શુદ્ધતા થવી તે શિવ છે, તેમાં કાંઈ ઉપદ્રવ નથી. શિવઉપાય અથવા મોક્ષમાર્ગ બતાવતા પહેલાં મંગળરૂપ કારણને નમન કરીએ છીએ. આત્માની પૂર્ણ આનંદદશા વિઘ્નવિનાશક છે. મારું સ્વરૂપ સિદ્ધ સમાન છે તેમ માનતાં વિઘ્નનો નાશ થાય છે ને તે સુખનું કારણ છે. નમસ્કાર હો એવા મોક્ષપર્યાયના રાજાને એટલે કે સિદ્ધ ભગવાનને.

આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે, તેના વિરોધી ઊંધા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કોને કહેવા તે વાત આવી ગઈ, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા, જ્ઞાન ને તે રૂપ આચરણ તે મિથ્યા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે અને દુઃખરૂપ છે. આત્માના સ્વભાવથી વિરુદ્ધ જેટલા ભાવ છે તે દુઃખરૂપ છે ને ભવિષ્યના દુઃખના કારણરૂપ છે. સર્વજ્ઞે કહેલા સિવાય અન્યના કલ્પિત તત્ત્વોની માન્યતા આદિ કરવા તે દુઃખરૂપ છે, ને દુઃખનું કારણ છે તેને દુઃખરૂપ જાણીને હેય માનવા. તત્ત્વથી વિરુદ્ધ માન્યતાવાળા, વ્યવહારથી ધર્મ માનવાવાળા, બધાને દુઃખના કારણરૂપ જાણવા. મિથ્યા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર છોડવા જેવા છે એમ માની તેનો ત્યાગ કરવો. પ્રથમ મોક્ષમાર્ગથી વિરુદ્ધ વાત બતાવી. હવે મોક્ષમાર્ગ બતાવે છે. નિશ્ચયને નિશ્ચય સમજવો, રાગને રાગ સમજવો. આત્માના સ્વભાવને શુદ્ધ સમજવો. આમ યથાર્થ ઉપદેશ સમજવો.

જ્ઞાનાનંદ આત્માની શ્રદ્ધા કરવી, જ્ઞાન કરવું ને આચરણ કરવું તે સુખરૂપ છે તેમાં અજ્ઞાની ખેદ માને છે. તે સંવર તત્ત્વની ભૂલ છે. અજ્ઞાની ચારિત્રને દુઃખદાયક માને છે. ''એક વાર ઉઘાડે પગે ચાલો, ઉના પાણી પીઓ, લોચ કરાવો, ઉપવાસાદિ કરો, સાધુપણું લ્યો તો ચારિત્રના દુઃખની ખબર પડે'' એમ અજ્ઞાની કહે છે. તેને ચારિત્રમાં કંટાળો આવે છે. ચારિત્રમાં એટલે કે રાગ રહિત દશામાં આનંદ હોવો જોઈએ, તેને બદલે અજ્ઞાનીને ખેદ થાય છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેમાં સહજ આનંદ આવે તે ચારિત્ર છે, તેને સુખરૂપ જાણવું જોઈએ. શુદ્ધ આત્માનું ભાન થયા પછી અમૃતના ઝરણામાં લીનતા થાય તેને ઉપવાસ કહે છે, બાકી અપ(માઠા)વાસ છે. આત્માના આનંદમાં ઉગ્રદશા



વધે તે તપ છે માટે મોક્ષમાર્ગને સુખરૂપ જાણી તેને અંગીકાર કરવો.

અહીં મોક્ષમાર્ગને ઉપાદેય કહેલ છે. દ્રવ્યની વાત કરતાં હોય ત્યારે આત્મદ્રવ્યને ઉપાદેય કહે પણ અહીં નિમિત્ત તથા મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને હેય કહ્યો માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ઉપાદેય કહેલ છે.

આજે અહીંના સમવસરણ મંદિરને અગિયાર વર્ષ પૂરા થઈને બારમું વર્ષ બેસે છે. સમવસરણમાં દિવ્યધ્વનિમાં મોક્ષમાર્ગનો ઉપદેશ આવી રહ્યો છે. ઈંદ્રો સમવસરણ બનાવે તે અલૌકિક છે. સમવસરણમાં ચાર બાજુ ચાર સોનાના માનસ્તંભ હોય છે, તે ધર્મનો વૈભવ બતાવે છે. ભગવાન કુંદકુંદ આચાર્ય ભાવલિંગી સંત હતા, તેઓ સદેહે મહાવિદેહમાં ગયા હતા ને આઠ દિવસ રહ્યા હતા, ને ત્યાંથી આવ્યા પછી તેમણે સમયસારાદિ શાસ્ત્રો રચ્યા છે.

મોક્ષમાર્ગ યથાર્થપણે સમજે તેનો મોક્ષ થયા વિના રહે નહિ. માટે અંતરના મોક્ષમાર્ગને ઉપાદેય માની તેને અંગીકાર કરવો.

આત્માનું પરમ હિત મોક્ષ જ છે. સ્વતંત્ર પરિપૂર્ણ શુદ્ધ દશા પ્રગટ કરવી તે જ આત્માનું પરમ હિત છે, માટે તેનો જ ઉપાય કર્તવ્ય છે, નિમિત્તને લાવવા કે પુણ્ય કરવું તે કર્તવ્ય નથી. આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એ એક જ કર્તવ્ય છે. વચમાં શુભાશુભ ભાવ આવે તે આદરવા યોગ્ય નથી માટે મોક્ષમાર્ગનો ઉપદેશ આપીએ છીએ.

મોક્ષ જ હિત છે એવા નિર્ણય વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉપાય કરી શકે નહિ.

અજ્ઞાની આત્માના ભાન વિના અજ્ઞાનપણે દીક્ષા લઈ લ્યે છે.

**સૌ સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય ?**

જે નિવૃત્તિના સાધન લીધા તે બંધનરૂપ થઈ પડ્યાં, તેથી સાચી વાત સાંભળવાનો પ્રસંગ પણ મળે નહિ.

આત્માનું હિત મોક્ષ જ છે, અન્ય નથી. એવો નિશ્ચય કેવી રીતે થાય તે કહીએ છીએ.

### આત્માનું હિત એક મોક્ષ જ છે.

આત્માનો આકાર નાનો હોય કે મોટો હોય તેની સાથે આત્માના બગાડ-સુધારને સંબંધ નથી. મોહ-રાગ-દ્વેષ દુઃખનું કારણ છે. આત્મામાં અનેક પ્રકારે ગુણની અવસ્થા થાય છે. તેમાં અન્ય ગમે તે અવસ્થા હોય તેથી કાંઈ બગાડ-સુધાર નથી. પરંતુ દુઃખથી બગાડ છે ને સુખથી સુધાર છે. દુનિયાના જીવો મરીને પણ દુઃખ દૂર કરવા માગે છે. અનાદિકાળથી વિકારના દુઃખ ભોગવી રહ્યો છે તો પણ

આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેની રુચિ કરતો નથી. અનાદિકાળથી જીવ સુખ મેળવવા ઝાંવા નાખે છે પણ સુખના કારણની ખબર નથી.

સુખને જીવો ઇચ્છે છે પણ સુખના કારણને ઇચ્છતો નથી ને દુઃખને ઇચ્છતો નથી પણ દુઃખના હેતુમાં નિરંતર રચ્યોપચ્યો રહે છે.

સુખ મેળવવા મરણ ઇચ્છે છે ને મરવાના ઉપાય તરીકે ગ્યાસતેલ છાંટે, અફીણ પીએ પણ ભાઈ, ત્યાં સુખ નથી. આત્મામાં સુખ છે, મોક્ષ હિતરૂપ છે, તેનો ઉપાય આત્મામાં પડ્યો છે તેની ખબર નથી. દરેક જીવ સુખને ઇચ્છે છે, તેમાં હેતુ-દૃષ્ટાંતની જરૂર નથી, પ્રત્યક્ષ એમ જ પ્રતિભાસે છે.

લોકમાં જેટલા આત્માઓ છે તેમને આ એક જ ઉપાય જોવામાં આવે છે કે દુઃખ ન થાય પણ સુખ જ થાય. ઝેર પીને સુખ લેવું, ખાઈને સુખ લેવું, જાગીને સુખ લેવું, બોલે તો સુખ માટે -એમ આખા જગતનો હેતુ સુખ માટે છે પણ સુખના ઉપાયને જાણતાં નથી. બીજાની હીનતા કરવી ને પોતાની ઉચ્ચતા કરવી તે જ ઉપાય માને છે. આત્માના હિતને નહિ માનતા બહારમાં મોક્ષમાર્ગ માને છે. અંતરમાં આનંદ છે તેની રુચિ કરતો નથી. જેના નિમિત્તથી દુઃખ થાય તેને દૂર કરવા માગે છે ને જેના નિમિત્તથી સુખ થતું જાણે તેને રાખવાનો ઉપાય કરે છે.

વળી સંકોચ-વિસ્તાર આદિ અવસ્થા આત્માને થાય છે ને અનેક પરદ્રવ્યનો સંયોગ પણ મળે છે પરંતુ જેનાથી સુખ થતું ન જાણે તેને દૂર કરવાનો વા હોવાનો કોઈ ઉપાય કરતું નથી.

અહીં આત્મદ્રવ્યનો એવો જ સ્વભાવ છે. મરીને સુખ લેવું, મારીને સુખ લેવું -એમ સુખ લેવા માગે છે. પૈસા, સ્ત્રી, કુટુંબથી કે દયા-દાનાદિથી સુખ લેવા માગે છે. સુખની સત્તા કબૂલે છે. જો સત્તા ન કબૂલે તો શોધે નહિ, તેના ઉપાયો પણ કરે છે માટે તેના ઉપાયોને પણ કબૂલે છે. પણ સુખ ક્યાં છે તે તથા સુખના ઉપાયની ખબર નથી.

જૈનનો સાધુ થાય પણ અંતરમાં સુખ છે એવી સત્તાની કબૂલાત નથી ને વ્યવહારની રુચિ કરે છે તેને પણ સુખના સાચા ઉપાયની ખબર નથી.

એક ઇયળ હોય ને તેના ઉપર પથ્થર આવી ગયો હોય તો તેની નીચેથી બહાર નીકળવા માગે છે કેમ કે તેને પણ દુઃખ જોઈતું નથી પણ સુખ જોઈએ છે. માટે નક્કી થાય છે કે આત્માનો સ્વભાવ સુખ છે. જેમ જ્ઞાનગુણ વિશેષ છે તેમ સુખગુણ પણ જીવનો વિશેષ ગુણ છે. તે સુખગુણ દ્રવ્યમાં વ્યાપક છે, તે અસંખ્ય પ્રદેશમાં ને સર્વ હાલતમાં રહે છે. દુઃખ વખતે સુખની ઊલટી અવસ્થા છે. સુખ અંતરમાં વ્યાપી રહેલું છે, એવી અંતર પ્રતીતિ વિના સુખ થાય નહિ. આત્મા અરૂપી ચિદ્‌ઘન છે, તેની કબૂલાત વિના બધા ઉપાયો નિરર્થક છે.



વળી જીવ બધું સહન કરે છે પણ દુઃખને સહન કરી શકતો નથી. માટે સુખની હયાતી કબૂલ કરે છે. પૂર્ણ સુખ મોક્ષમાં છે, તે મોક્ષ દ્રવ્યના આધારે છે. આમ યથાર્થ જાણવું જોઈએ.

## દ્વિ. વૈશાખ વદ ૭, ગુરુવાર, ૪-૬-૫૩.

આત્માનું હિત મોક્ષ જ છે તે વાત અહીં સિદ્ધ કરે છે. આત્મામાં આકુળતા વર્તે છે તેમાં મોહાદિ નિમિત્ત છે, તેનો અભાવ કરવો તે સુખ છે ને તે સુખ મોક્ષમાં છે. અહીં આત્મદ્રવ્યનો એવો જ સ્વભાવ જાણવો. આમ બધી અવસ્થાને સહન કરે છે પણ દુઃખ જોઈતું નથી.

**પ્રશ્ન** : નિગોદના જીવો દુઃખી દેખાતા નથી.

**ઉત્તર** : નિગોદના જીવો ઘણા દુઃખી છે, સુખની પ્રાપ્તિ હોય તો શરીર ને કર્મ સંયોગરૂપે ન હોય. સુખની પ્રાપ્તિ નથી માટે દુઃખ છે. લોકો અનુકૂળ સંયોગમાં સુખ માને છે ને પ્રતિકૂળ સંયોગમાં દુઃખ માને છે પણ તે સુખ-દુઃખ નથી.

કોઈની પાસે બે હજારની મૂડી હોય છતાં સંતોષ માને ને કોઈની પાસે લાખો રૂપિયા હોય છતાં આકુળતા કર્યા કરે છે. જો વધુ સામગ્રી હોય તેને આકુળતા ઓછી હોય તો લક્ષાધિપતિને આકુળતા ઓછી હોવી જોઈએ, પણ એમ નથી. આકુળતા રહિત સ્વભાવની ખબર નથી. તે પરથી આકુળતા મટાડવા માગે છે. તેમ જ ધર્મના નામે બહારથી આકુળતા ઓછી કરવા માગે છે તે સાચો ઉપાય નથી.

જીવ સુખી થવા માગે છે માટે તેનો સ્વભાવ સુખ છે પણ તે કેવી રીતે મળે તેની તેને ખબર નથી. દીકરા કહ્યાગરા હોય ને પૈસા ઘણા હોય છતાં જીવ આકુળતા કરે ને કોઈને થોડી મૂડી હોય છતાં મજા માને છે. આત્મા એક છે ને પર ચીજો અનંતી છે. અનંતી પર ચીજના અવલંબને સુખ લેવા માગે તો મળે નહિ, પરમાં સુખ નથી. આઠેય કર્મોનો અભાવ થઈ આત્માના અવલંબને પૂર્ણ સુખનો ઉત્પાદ થવો ને સર્વ દુઃખનો નાશ થવો તે મોક્ષ છે, ને તે પરમ હિતરૂપ છે, પરના અવલંબને સુખ નથી. માટે પર ઉપરનું લક્ષ છોડ ને સ્વભાવ ઉપર લક્ષ કર તો આકુળતા મટે. જગત સુખ માટે વલખા મારે છે પણ અનંત પરપદાર્થોનો આશ્રય રહેશે ત્યાં સુધી આકુળતા મટશે નહિ. માટે દુઃખનો નાશ કરવો હોય તો આઠ કર્મોનો નાશ કરવો પડશે. આઠ કર્મોનો નાશ કરવા માટે શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રતીતિ કરવી પડશે.

લોકો પરવશપણે દુઃખ સહન કરે છે પરંતુ સ્વવશપણે જતું કરતાં આવડતું નથી. માણસ કહે છે કે શરીર નીરોગ હોય તો બાકી બધું સહન કરી લઈશું. અહીં સુખ વહાલું છે એમ સિદ્ધ કરવું છે. એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના બધા જીવોને સુખ વહાલું લાગે છે. ચૈતન્યનો સ્વભાવ જ સુખ છે, તેમાં તર્ક નથી. જુઓ, દુઃખી થાય ત્યારે સુવા ઇચ્છે છે. સુવામાં જ્ઞાન ને વીર્ય મંદ પડે છે છતાં

સુઈને પણ સુખ લેવા માગે છે. દીકરો મરી ગયો હોય, સ્ત્રી પ્રતિકૂળ હોય વગેરે પ્રસંગે સુઈ જઈને દુઃખ વિસારવા માગે છે ને ઊંઘ ન આવતી હોય તો ઘેનની દવા પણ લ્યે છે, ત્યાં દુઃખ દૂર કરવા માગે છે. જ્ઞાન તથા વીર્યને મંદ કરીને પણ દુઃખ દૂર કરવા માગે છે અથવા મરવા ઇચ્છે છે. મેટ્રીકમાં નાપાસ થાય તો કોઈ મરી જવા માગે છે. પૈસાવાળાને પૈસા ચાલ્યા જાય ને નોકરી ન મળે તો મરવા ઇચ્છે છે. મરીને પણ સુખ ઇચ્છે છે. પોતાનું અસ્તિત્વ ગુમાવીને પણ દુઃખ દૂર કરવા માગે છે. માટે એક દુઃખરૂપ અવસ્થાનો અભાવ કરવો એ જ કર્તવ્ય છે. સંયોગો દુઃખ નથી, દ્રવ્ય-ગુણમાં દુઃખ નથી, કર્મમાં દુઃખ નથી, આત્માની અવસ્થામાં દુઃખ છે. આ નક્કી કરવું જોઈએ. દુઃખ ન થાય એ જ સુખ છે. આકુળતા લક્ષણવાળું દુઃખ છે, આબરૂ હોય ને પૈસા હોય તો સુખ મળે એ માન્યતા આકુળતા છે. હું આત્મા જ્ઞાનાનંદ છું. મારી અસ્તિમાં બધા પદાર્થોની નાસ્તિ છે, તેથી પરના આધારે સુખ-દુઃખ નથી એવા નિર્ણયમાં જ સુખ છે.

સામગ્રીના સદ્ભાવમાં સુખ નથી ને અભાવમાં દુઃખ નથી. આઠ કર્મોના નાશમાં સુખ છે ને તે આઠે કર્મોનો નાશ આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતાપૂર્વક થાય છે.

વળી કોઈ પરવસ્તુ અનુકૂળ છે ને કોઈ પ્રતિકૂળ છે એવી માન્યતાથી આકુળતા થાય છે. શરીર સારું રહે તો ઠીક એમ અનેરા પદાર્થોને પોતાને અનુકૂળ પરિણમાવવા માગે છે, પણ તે તેને આધીન નથી. ઊંધી માન્યતા વડે અનેરા પદાર્થોને અનેરા અનેરારૂપે પરિણમાવવા માગે છે પણ અનંતા પદાર્થોનો હું જ્ઞાતા છું એ વાત બેસતી નથી. મારો જ્ઞાનસ્વભાવ અનંતા પદાર્થોને જાણવાનો છે. કોઈ પણ પરપદાર્થને પલટાવવાનો મારો અધિકાર નથી, આ એક જ આકુળતા મટાડવાનો ઉપાય છે. અજ્ઞાની જીવ ઇચ્છે છે કે આ આવે તો ઠીક ને આ ચાલ્યો જાય તો ઠીક પણ પરપદાર્થો તેના ધાર્યા પ્રમાણે પરિણમતા નથી ને તેથી તેની આકુળતા મટતી નથી. કાં તો પોતે મિથ્યાત્વ-રાગદ્વેષ ટાળે કાં તો પરદ્રવ્યો પોતાની ઇચ્છાને આધીન પરિણમે તો આકુળતા ટળે પણ પરદ્રવ્યો તેને આધીન પરિણમતા નથી. સર્વ કાર્યો આની ઇચ્છા અનુસાર થાય તો નિરાકુળતા થાય પણ એમ બનતું નથી. કારણ કે કોઈ પણ પરદ્રવ્યનું પરિણમન આને આધીન નથી. આત્માને આધીન શરીરની અવસ્થા નથી, શરીરને આધીન આત્મા નથી. માટે પરને પલટાવવા તે આકુળતા મટવાનો ઉપાય નથી પણ સ્વલક્ષ કરે ને પરનો જ્ઞાતા રહે તો આકુળતા મટે.

પર જીવનું બચવું કે મરવું, પૈસાનું આવવું કે જવું વગેરે કાંઈ આત્માને આધીન નથી. આત્મા સિવાય પરદ્રવ્યમાં તારો બિલકુલ અધિકાર નથી. પરથી ભેદજ્ઞાન કરી સ્વની રુચિ કર. પરનો તારામાં અધિકાર નથી, તારો પરમાં અધિકાર નથી. આત્માની રુચિ ને લીનતા કરતાં પરની રુચિ ને આસક્તિ છૂટી શકે છે ને એ કાર્યો બની શકે તેમ છે. પરપદાર્થોનું કાર્ય આત્મા કરી શકે નહિ. પણ પોતામાં થતાં પુણ્ય-પાપ આદિના ભાવ પલટી શકે છે, ભાવ તેમાં નિમિત્ત મોહકર્મનો ઉદય છે. તેનો અભાવ



થતાં સર્વ રાગાદિ નાશ પામે છે. પરને સુખી-દુઃખી કરું એવી ભ્રાંતિ જીવ કરે છે તેમાં મોહકર્મ નિમિત્ત છે. પરની અવસ્થા કોઈ કરી શકે નહિ ને પરની અવસ્થા કોઈ અટકાવી શકે નહિ. પરનું કરી શકે છે એમ માનનાર મિથ્યાત્વી છે.

અહીં કહે છે કે પરલક્ષે થતી આકુળતા તે ઉપાધિ ભાવ છે, તે મટાડી શકાય છે. પરવસ્તુની અવસ્થા ફરી શકશે નહિ. પરવસ્તુમાં કર્મ પણ આવી જાય છે, પણ આકુળતા મટતાં કર્મ સ્વયં નાશ પામે છે. ચિદાનંદ સ્વભાવમાં લીનતા થતાં આકુળતા દૂર થાય છે ને સુખ પ્રાપ્ત થાય છે. આત્માનું હિત સુખ છે. મોહ-રાગ-દ્વેષ રાખવો તે હિતકારી નથી પણ રાગનો ને કર્મનો નિમિત્તરૂપે અભાવ કરવો તે હિતકારી છે ને તે જ મોક્ષની પર્યાયની પ્રાપ્તિનું કારણ છે.

વળી ધર્મના નામે પરવસ્તુનો ત્યાગ કરી સુખ લેવા માગે છે પણ આત્મા પરથી સદાકાળ નિવૃત્ત સ્વરૂપ છે તેની તેને ખબર નથી. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને ૯૬૦૦૦ સ્ત્રી હોય છે, બહારનો ત્યાગ નથી પણ આત્માનું ભાન છે તેથી સુખી છે. માટે કહે છે કે પર તરફની આકુળતા ટાળી મોહકર્મનો નાશ કરવો તે હિતકારી છે.

હવે સહકારી કારણ કહે છે : આકુળતાને સહકારી કારણ જ્ઞાનાવરણીયાદિનો ઉદય છે. પોતે આકુળતા કરે તો જ્ઞાનાવરણીયાદિ કર્મને સહકારી કારણ(નિમિત્ત) કહેવાય છે, ન કરે તો નિમિત્ત ન કહેવાય. પોતાને જાણપણું ઓછું હોય ને શાસ્ત્ર વાંચતા ન આવડે તો તેમાં જ્ઞાનાવરણીયનો ઉદય છે પણ જ્ઞાનાવરણીયનો ઉદય આકુળતાનું ખરું કારણ નથી પણ મોહભાવને લીધે તેને સહકારી કારણ કહેવામાં આવે છે. માટે જ્ઞાનાવરણીયનો નાશ કરવો તે હિતકારી છે. જ્ઞાનાવરણીય ને દર્શનવરણીયના ઉદયથી જ્ઞાન-દર્શન સંપૂર્ણ પ્રગટતાં નથી, તે નિમિત્તનું કથન છે. પોતાની નૈમિત્તિક દશા હીનતાવાળી છે તો તેને નિમિત્ત કહેવાય છે.

## દ્વિ. વૈશાખ વદ ૮, શુક્રવાર, ૫-૬-૫૩.

આ નવમા અધિકારમાં આત્માનું હિત મોક્ષ જ છે એમ બતાવે છે. મોહકર્મના નિમિત્તે જીવ આકુળતા કરે છે માટે મોહકર્મનો નાશ કરવો તે હિતકારી છે. હવે તેનું સહકારી કારણ કહે છે.

જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીય કર્મનો ઉદય નિમિત્તકારણ છે. તેના ઉદયથી જ્ઞાન-દર્શનની પૂર્ણતા પ્રગટ થતી નથી. માટે તેનો નાશ કરવો હિતકારી છે. જે ભાવે આઠ કર્મો બંધાય તે ભાવને જે જીવ હિતકારી માને તે મોક્ષને હિતકારી માનતો નથી. અહીં જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીય કર્મનો ઉદય કહ્યો છે તે નિમિત્તમાત્ર છે. તેના નિમિત્તે પોતાના જ્ઞાન ને દર્શનની હીનતા છે તેથી દેખવા-જાણવાની આકુળતા થાય છે માટે તે કર્મનો નાશ કરવો હિતકારી છે.

હવે અંતરાય કર્મના નિમિત્તે જ્ઞાન-દર્શનાદિ પ્રગટ કરવામાં વીર્યને ફોરવી શકે નહિ ત્યારે આકુળતા

થાય છે તેથી નિમિત્તકારણ કહેવાય છે. મોહનો ઉદય થતાં આકુળતાને અંતરાય કર્મ સહકારી કારણ છે પણ મોહનો નાશ બારમા ગુણસ્થાને થાય પછી તેનું બળ નથી. અંતર્મુહૂર્તમાં અંતરાય કર્મ પણ નાશ પામે છે ને નિરાકુળ દશા પ્રગટ ભાસે છે. ભગવાનને અંતરાયનો ઉદય હોતો નથી તેથી અનંત સુખરૂપ દશાને પ્રાપ્ત છે. માટે અંતરાય કર્મનો નાશ કરવો હિતકર છે. આમ ચારે ઘાતિ કર્મોનો નાશ કરવો હિતકર છે.

હવે અઘાતિની વાત કરે છે. વેદનીયના નિમિત્તે બાહ્ય સંયોગો મળે છે. મોહનો ઉદય થતાં એટલે કે તેમાં જોડાવાથી શરીર વગેરે સામગ્રી સહકારી કારણ થાય છે. આકુળતા ન કરે તો તેને નિમિત્ત કહેવાતું નથી. અંદરમાં પુણ્ય-પાપની વૃત્તિ થાય તે આકુળતા છે ને તેમાં બાહ્ય નિમિત્ત શરીરાદિના સંયોગ છે. મોહનો નાશ થયા પછી અઘાતિ કર્મો આકુળતા ઉપજાવી શકતા નથી. કેવળી ભગવાનને અઘાતિ કર્મો છે પણ તે આકુળતા ઉપજાવી શકતા નથી. પરંતુ પૂર્વે આકુળતાને સહકારી કારણ હતા તેથી તેનો નાશ કરવો ઈષ્ટ છે. કેવળી ભગવાનને એના હોવા છતાં કાંઈ દુઃખ નથી, માટે તેના નાશનો ઉદ્યમ નથી.

મોહનો નાશ થતાં ઘાતિ કર્મોનો અંતર્મુહૂર્તમાં નાશ થાય છે ને ત્યાર પછી થોડા કાળમાં અઘાતિ કર્મોનો પણ નાશ થાય છે. માટે આઠે કર્મોનો નાશ થવો હિતકર છે ને સર્વ કર્મોના નાશનું નામ જ મોક્ષ છે. માટે આત્માનું હિત એક મોક્ષ છે અન્ય કાંઈ નથી. અનંત જ્ઞાનીઓ કહે છે તેથી વિરુદ્ધ જાણે ને માને તેમાં જ્ઞાનાવરણીય બંધાય છે. જ્ઞાનીની અશાતાના કરવી, જેની પાસેથી જ્ઞાન મળ્યું હોય તેનું નામ ગોપવવું, જ્ઞાનની પ્રભાવનામાં વિઘ્ન કરે વગેરે ભાવથી જ્ઞાનાવરણીય બંધાય છે ને તે ભાવ જેને સારો લાગે તેને મોક્ષ સારો લાગતો નથી. કુદેવાદિને માને તે મોહનીયને બાંધે છે ને તે ભાવોને સારા માને તે જીવ મોક્ષને હિતકર માનતો નથી.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને યથાર્થ જાણ્યા વિના કુદેવાદિની શ્રદ્ધા ટળે નહિ. સાચા દેવાદિને માનવાનો રાગ પણ બંધનું કારણ છે ને તેને સારો માને તે મોક્ષને હિતરૂપ માનતો નથી. આત્માનું હિત મોક્ષ છે. આઠે કર્મોનો નાશ કરવો તે સુખ છે. જે ભાવથી કર્મો બંધાય તે ભાવ સારો લાગે તેને બંધન હિતકર લાગે છે. જે ભાવે યશઃકીર્તિ નામકર્મ બંધાય, તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ હિતકર નથી. ''પુણ્ય તો બંધાશે ને'' એમ માનનાર બંધનને હિતકર માને છે. પુણ્ય બાંધવાના ઉલ્લાસવાળો જીવ મોક્ષને હિતકર માનતો નથી. પૈસા રાખવાનો રાગ તો હિતકર નથી પણ પૈસા ખરચવાનો રાગ પણ હિતકર નથી. કોઈ પણ બંધનના ભાવને સંમત થાય, તેને અનુમોદન આપે તે મોક્ષને હિતકર માની શકે નહિ. મોક્ષ એક જ હિતકર છે. મોક્ષનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ને તે આત્માના આશ્રયે થાય છે. માટે મોક્ષ એક જ હિત છે અન્ય કાંઈ હિતકર નથી -એવો નિશ્ચય કરવો.

**પ્રશ્ન** : પૂર્વે વ્રત-તપાદિ કર્યા હોય ને પુણ્ય બાંધ્યા હોય તે સુખી દેખાય છે. રાજા-મહારાજા



સુખી દેખાય છે. તો કેવળ મોક્ષ જ હિત છે એમ શા માટે કહો છો ?

**ઉત્તર** : ભાઈ ! એ સુખ નથી. સંસાર અવસ્થામાં સર્વથા સુખનો સંભવ તો છે જ નહિ. ઈંદ્રપદને કે રાજ્યને ભોગવવાનો ભાવ દુઃખરૂપ છે. પૈસા, છોકરાં ને મહેલમાં રાગ ભાવ કરે છે તે દુઃખ છે. પરનું લક્ષ કરી વૃત્તિ ઊભી કરવી તે દુઃખ છે. થોડું દુઃખ હોય તો અજ્ઞાની તેને સુખ માને છે. કોઈ જીવને કોઈ વેળા ઘણું દુઃખ હોય ને કોઈને થોડું દુઃખ હોય; પૂર્વે નારકી કે રોગી અવસ્થાનું ઘણું દુઃખ હતું અથવા અન્ય જીવોને વર્તમાનમાં ઘણું દુઃખ હોય છે એ અપેક્ષાએ થોડા દુઃખવાળાને સુખી કહે છે પણ તે ખરેખર સુખી નથી. પૂર્વે ગરીબ હોય ને વર્તમાનમાં પૈસાવાળો હોય તો સુખી કહેવાય છે. સંસારમાં દુઃખ જ છે એમ અહીં સાબિત કરે છે. જે ભાવથી સંસાર ઉત્પન્ન થાય તે ભાવ દુઃખદાયક છે. અજ્ઞાની મફતનો પરમાં સુખ માની લ્યે છે પણ તેમાં સુખ જરાય નથી. પરપદાર્થના અવલંબનથી દુઃખ છે. આત્માના ભાન વિનાનો ત્યાગી થાય તો પણ રાગના પરિણામથી દુઃખ છે ને નિવૃત્તિ લીધી માટે સુખી માને છે, વસ્તુપણે તે સુખી નથી.

હવે કહે છે કે જે થોડું સુખ છે તે પણ સદાકાળ રહેતું નથી, પૈસા, દીકરા આદિ થોડો કાળ રહે છે, પુણ્યનો ઉદય થોડો કાળ રહે છે. તેના નિમિત્તે લક્ષ્મી આદિ મળે છે પણ નિત્યાનંદ આત્માના ભાન વિના સુખ હોઈ શકે નહિ. પુણ્યની સ્થિતિ પૂરી થતાં નીરોગપણું નાશ પામી સડેલું શરીર થઈ જાય. મિથ્યાદૃષ્ટિ સાધુ નવમી ગ્રૈવેયક સુધી જાય છે, ત્યાંથી મરીને મનુષ્ય થઈ નરકમાં જાય છે. માટે સંસાર અવસ્થા હિતરૂપ નથી, મોક્ષ હિતરૂપ છે. મોક્ષને હિતકર માને તે મોક્ષમાર્ગને હિતકર માને.

દયા, દાન, વ્રત, બ્રહ્મચર્ય આદિના ભાવ કર્યા હોય ને તે શુભ ભાવના ફળમાં દેવ કે દેવી થાય પણ પુણ્યનો કાળ થોડો હોય છે, તેથી તેના નિમિત્તે મળેલ સંયોગ પણ થોડો કાળ રહે છે. માટે સંસાર હિતરૂપ નથી. આત્માના ભાન વિના પૂર્વે શુભ ભાવ કરેલ તેના ફળમાં રાજા થાય અથવા સ્વર્ગમાં દેવ થાય પણ પુણ્યથી કલ્યાણ માને છે તે ક્રમે ક્રમે નિગોદમાં જાય છે.

કોઈને આકરો તાવ આવ્યો હોય તે ઊતરીને કોઈ વાર ઓછો તાવ થઈ જાય તો ઠીક છે એમ કહે છે પણ તાવનો સદ્ભાવ રહે ત્યાં સુધી ઠીક કહેવાય નહિ; તેમ સંસારી જીવોને દયા-દાનાદિ પુણ્ય પરિણામ થતાં કોઈ વાર થોડી આકુળતા હોય છે ત્યારે તે પોતાને સુખી માને છે અને કોઈ વાર ઘણી આકુળતા થાય છે ત્યારે તે પોતાને દુઃખી માને છે, પણ જ્યાં સુધી મિથ્યાત્વ ને રાગદ્વેષની હયાતી છે ત્યાં સુધી જરા પણ સુખી નથી.

વળી સંસારદશામાં સંતોષી હોય તેને સુખી કહે છે, આકુળતા વધતા દુઃખી કહે છે ને આકુળતા ઘટતાં સુખી કહે છે. બાહ્ય સામગ્રીને લીધે સુખી-દુઃખી નથી. આકુળતાથી કલ્પના કરે છે. થોડી મૂડીવાળો સંતોષ કરે તો સુખી દેખાય છે ને ઘણી મૂડીવાળો આકુળતા કરે તો સુખી દેખાતો નથી.

દસ લાખના આસામીને થોડા રૂપિયા જાય તો પણ તે પોતાને દુઃખી માને છે ને બીજા કોઈ પાસે પાંચ હજાર રૂપિયાની મૂડી હોય ને પાંચ રૂપિયાનો પગાર વધે તો સુખી માને -એ બધી કલ્પના છે. આકુળતા તે દુઃખનું કારણ છે, સંયોગો સુખ-દુઃખનું કારણ નથી.

વળી આકુળતાનું વધવું-ઘટવું સામગ્રીને આધીન નથી. મિથ્યાત્વ, રાગદ્વેષ વધારે કરે તો આકુળતા વધારે છે ને ઓછા કરે તો આકુળતા ઓછી છે. અહીં કહે છે કે પુણ્ય તો સોજા સમાન છે, પુણ્યને લીધે સુખ નથી.

પૈસા ઘણા હોય તો તૃષ્ણા થોડી થાય -એમ નથી. થોડું ધન હોય ને આકુળતા ઓછી કરે તો ઓછો દુઃખી છે ને આકુળતા વધારે કરે તો વધારે દુઃખી છે. જે જીવો સંતોષ માને ને આકુળતા ઓછી કરે છે તો ઓછા દુઃખી છે.

વળી કોઈ બીજાનું ઘણું બૂરું કરે ને તરછોડી નાખે-તિરસ્કાર કરે છતાં સમાધાન કરે કે પૂર્વ કર્મને લીધે આમ બને છે. બૂરું સાંભળવાનું મળવા છતાં ઓછી આકુળતા કરે તો ઓછો દુઃખી છે ને કોઈને જરા અપમાન થતાં આકુળતા ઘણી કરે તો વધારે દુઃખી છે. માટે સંયોગોના પ્રમાણમાં નહિ પણ આકુળતાના પ્રમાણમાં દુઃખ છે -એમ નક્કી કરવું.

**દ્વિ.વૈશાખ વદ ૧૦, શનિવાર, ૬-૬-૫૩.**

મોક્ષ એ જ આત્માનું હિત છે ને સંસાર દુઃખમય છે. બાહ્ય અનુકૂળતા હો કે પ્રતિકૂળતા હો પણ તેમાં સુખ-દુઃખ નથી -એમ અહીં નક્કી કરે છે.

જેમ ગાયને વાછરડાથી પ્રયોજન નથી, વાછરડો તેને માટે ઘાસ કે પાણી લાવી દેતો નથી પણ ગાય મોહ કરે છે તે દુઃખનું કારણ છે. ગાયને વાછરડાની રક્ષાની આકુળતા રહ્યા કરે છે. સુભટને શરીરથી ઘણા કાર્ય સધાય છે પરંતુ રણક્ષેત્રમાં માન ખાતર શરીર ઉપર મોહ ઘટાડે છે ને મરણની થોડી આકુળતા થાય છે. આમ સંયોગો સુખ-દુઃખનું કારણ નથી. આકુળતા વધે તે દુઃખ ને ઘટે તે સુખ છે. ને આકુળતાનું વધવું કે ઘટવું તે મિથ્યાત્વ રાગદ્વેષ વધવા કે ઘટવાને આધીન છે પણ સંયોગને આધીન નથી, ત્યાગી થઈ સંસ્થા માટે રૂપિયા ઉઘરાવે તે પણ ભિખારીવેડા છે. બીજા પાસે જબરજસ્તીથી રૂપિયા લખાવવા તેમાં એ જ આકુળતા છે. ઓછો-વત્તો ફાળો થતાં આકુળતા થાય છે ને ફાળામાં રૂપિયા ન ભરાવે તેનો દોષ કાઢે છે ને આકુળતા કરે છે. બાહ્ય સામગ્રી સુખ-દુઃખનું કારણ નથી. પોતાના ધાર્યા પ્રમાણે પાઠશાળા કે મંદિરાદિ ન થાય તો કલ્પના કર્યા કરે છે, ને ઈચ્છા અનુસાર કદાચિત્ રૂપિયા મળી જાય તો સુખ માને છે. અજ્ઞાની જીવ લક્ષ્મી ને સ્ત્રીથી સુખ માને છે ને તે ન હોય તો દુઃખ માને છે એ જ ભ્રમણા છે.

આકુળતા પોતે કર્તા થઈને કરે છે છતાં સહજ થઈ આવે છે એમ માને છે તે ભ્રમણા છે.



આકુળતા કાર્ય છે, કાર્ય તેના કર્તા વિના ન હોય. આકુળતાનો કર્તા આત્મા છે, તે કરે છે તો થાય છે. જીવે શાંતિ રાખવી જોઈએ. પ્રતિકૂળ સંયોગોને જાણવા જોઈએ તેને બદલે કલ્પના કરે છે તે જ દુઃખનું કારણ છે.

માટે અહીં આવો વિચાર કરવો યોગ્ય છે કે સંસાર અવસ્થામાં કિંચિત્ કષાય ઘટતાં સુખ માનીએ છીએ. શેઠની કે રાજાની પદવી મળે ત્યારે સુખની કલ્પના કરે છે. વળી બોજો આવતા ફિકર કરે છે. જડની અવસ્થા જેમ બનવાની હોય તેમ બને છે પણ જીવ આકુળતા કરે છે. થોડો કષાય ઘટતાં સુખ માને છે ને તેને હિતરૂપ જાણે છે તો જ્યાં સર્વથા કષાય દૂર થાય ને તેના કારણો મોહકર્મ તથા તેના સહકારી કારણો જ્ઞાનાવરણીયાદિ કર્મ -તેના અભાવરૂપ મોક્ષદશાને હિતરૂપ કેમ ન માને? માને જ. પુણ્યના પરિણામથી સામગ્રી મળશે ને ભગવાન પાસે જવાશે એમ માનનાર મોક્ષને હિતરૂપ માનતો નથી.

વળી સંસારમાં ઉચ્ચપદ મળે તો પણ અજ્ઞાની જીવ આકુળતા કરે છે. વિષય સામગ્રી મેળવવાની અથવા વિષય સેવવાની ઈચ્છા રહે છે તે દુઃખ છે. કોઈ ઊંચું પદ મળે તો તેના પ્રમાણમાં સાધન રાખવું પડે ને ઘરમાં રાચરચીલું વગેરે વસાવવું પડે. એવી સામગ્રી ન વસાવીએ તો લોકો નિંદા કરશે એમ કલ્પના કરી દુઃખી થાય છે. પોતે પૈસાવાળો હોવા છતાં નગરશેઠપણું ન મળ્યું ને બીજો નગરશેઠ થતાં આકુળતા કરે છે. એક જણને શેઠાઈની પદવી ગઈ હતી ને પાછી મળી ત્યારે કહ્યું કે ''હવે મરું તો વાંધો નહિ''. જુઓ આકુળતા ! આ બધું દુઃખ છે, સંસારમાં ક્યાંય સુખ નથી.

પ્રથમ સામગ્રી મેળવવાની ઈચ્છા કરે પણ તે ન મળે તો દુઃખી થાય. કદાચિત્ સામગ્રી મળી જાય તો બીજી આકુળતા કરે છે. એમ એક પછી એક આકુળતા કર્યા જ કરે છે. લગ્ન ન થાય ત્યાં સુધી લગ્નની આકુળતા કરે ને લગ્ન થયા પછી સ્ત્રી રોગવાળી નીકળે તો આકુળતા કર્યા કરે છે. વળી આકુળતા મટાડવાની આકુળતા કર્યા કરે છે. માટે બધા સંસારી જીવો દુઃખી છે. પુણ્યના ઉદયથી દેવ થાય કે શેઠ થાય તો પણ તે દુઃખી છે. ત્યાગી નામ ધરાવે તો પણ બંધને હિતકારક માને છે. બંધના ભાવ આકુળતાવાળા છે. બંધને દુઃખદાયક ન માને તે મોક્ષને હિતકારક માની શકે નહિ. માટે સંસારાવસ્થા હિતકારી નથી.

મોક્ષ એટલે પ્રગટ પૂર્ણ આનંદદશા. તેમાં જરા પણ આકુળતા નથી માટે ત્યાં આકુળતા મટાડવાના ઉપાય કરવાનું પ્રયોજન નથી. મોક્ષનો ઉપાય તે જ આકુળતા ટાળવાનો ઉપાય છે. ચિદાનંદ સ્વરૂપ આત્મામાંથી શાંત રસ પ્રગટે છે તે સુખ છે માટે મોક્ષદશા હિતકારી છે. આ વાત નક્કી કરવી જોઈએ.

સંસારમાં બધે આકુળતા છે. પહેલા પણ સંસાર અવસ્થાના દુઃખનું તથા મોક્ષ અવસ્થાના સુખનું વિશેષ વર્ણન કર્યું છે તે આ પ્રયોજન માટે કર્યું હતું. સંસાર એ આત્માની વિકારી દશા છે, તે દશા દુઃખદાયક છે ને મોક્ષ સુખદાયક છે. માટે મોક્ષને હિતકારી જાણી તેનો ઉપાય કરવો તે તાત્પર્ય છે.

તો હવે પ્રશ્ન કરે છે કે આત્મામાં પૂર્ણદશા પ્રગટ થવાના કારણરૂપ મોક્ષમાર્ગ છે તે કાળલબ્ધિ આવતાં ભવિતવ્યાનુસાર બને છે કે કર્મ મંદ પડે તો બને છે કે પુરુષાર્થપૂર્વક થાય છે ?

આત્માની પર્યાયમાં આકુળતા થાય છે તે મટાડવાનો ઉપાય અમારે આધીન છે કે કાળને આધીન છે ? અથવા મોક્ષનો ઉપાય કર્મ મંદ પડે તેથી થાય કે પુરુષાર્થપૂર્વક થાય ? જો કાળલબ્ધિ મળતાં ને કર્મનો ઉપશમ થતાં ઉપાય થાય છે તો ઉપદેશ શા માટે આપો છો ? તથા જો આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને અનુભવ પુરુષાર્થથી થાય છે એમ કહેવા માગતા હો તો બધા ઉપદેશ સાંભળે છે તો કોઈ પુરુષાર્થ કરી શકે છે તથા કોઈ કરી શકતા નથી તેનું શું કારણ ?

**ઉત્તર** : મોક્ષની પર્યાય હિતરૂપ છે, સંસાર પર્યાય અહિતરૂપ છે -એવો નિર્ણય કરવામાં બધું આવી જાય છે. પુરુષાર્થ કરતાં બધા કારણો મળી રહે છે. ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં એકલો પુરુષાર્થ છે. જે સમયે જે થવાનું છે તે સમયે તે થવાનું છે. તેવો નિર્ણય સ્વભાવના નિર્ણયથી થાય છે ને તેમાં અનંત પુરુષાર્થ છે. પરનું બનવાનું હોય તેમ બને એમ માનનાર પરથી ઉદાસ થઈ ગયો ને સ્વ તરફ વળ્યો.

એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે. અનેક કારણો મેળવવા પડે છે એમ લખ્યું નથી પણ અનેક કારણો મળે છે. જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા પ્રગટે છે તે મોક્ષનો ઉપાય છે. ત્યાં પૂર્વે કહેલા ત્રણે કારણો કાળલબ્ધિ, કર્મનો ઉપશમાદિ તથા પુરુષાર્થ મળી રહે છે. આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ કરતો નથી તેને એકે કારણ હોતા નથી.

પૂર્વે કહેલા ત્રણ કારણમાં ભવિતવ્ય તો કોઈ વસ્તુ નથી. આત્મસન્મુખ થઈ નિર્વિકારીદશા જે વખતે કરે તે કાળ છે. જે વખતે કાર્ય બન્યું તે જ કાળલબ્ધિ છે, બીજી કોઈ કાળલબ્ધિ નથી. જે કાર્ય બને તે ભવિતવ્ય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા થઈ તે ભવિતવ્ય છે, તે પોતાની પર્યાયમાં લાગુ પડે છે, બહારમાં લાગુ પડતી નથી.

વળી કર્મમાં ઉપશમ આદિનું થવું તે પુદ્‌ગલની શક્તિ છે. જીવ પુરુષાર્થ કરે ત્યારે કર્મ સ્વયં ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષયરૂપે થાય છે. આત્મા તેને બાંધતો નથી કે ટાળતો નથી માટે તેના સામે જોવાની જરૂર નથી. જડની પર્યાય એના કારણે આવે ને જાય, તેમાં આત્માનું કાર્ય બિલકુલ નથી.

સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરે તે આત્માનું કાર્ય છે ને આત્મા તે કરી શકે છે. હું શુદ્ધ ચિદાનંદ છું એવી શ્રદ્ધા પોતે કરે છે તે આત્માનું કાર્ય છે, માટે પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ આપે છે. દેહની ક્રિયામાં ને પુણ્યમાં ધર્મ માન્યો છે તે ઊંધો પુરુષાર્થ છે, તેને છોડી સ્વ તરફ વળવાનું કહે છે. પરના કાર્ય જીવના પુરુષાર્થથી થતાં નથી. આત્માનું કાર્ય પુરુષાર્થથી થાય છે માટે ઉપદેશ આપે છે. કર્મ જડ છે તેને ઉપદેશ દેતા નથી. પુરુષાર્થ આત્માનો કર્યો થાય છે માટે પુરુષાર્થ કરવા કહે છે.



## દ્વિ.વૈશાખ વદ ૧૧, રવિવાર, ૭-૬-૫૩.

અહીં પ્રશ્ન એ છે કે મોક્ષનો ઉપાય કાળલબ્ધિ પાકે ત્યારે બને છે કે કર્મનો ઉપશમ થવાથી બને છે કે પુરુષાર્થપૂર્વક બને છે ?

તેનો **ઉત્તર** :- એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે. જે મોક્ષનો પુરુષાર્થ કરે છે તેને ભવિતવ્ય, કર્મનો ઉપશમાદિ ને પુરુષાર્થ ત્રણે મળે છે. જે મોક્ષનો પુરુષાર્થ કરતો નથી તેને ત્રણે કારણો હોતા નથી. પૂર્વે કહેલા ત્રણ કારણોમાં કાળલબ્ધિ અથવા ભવિતવ્ય તો કોઈ વસ્તુ નથી. શુદ્ધ ચિદાનંદના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી કાર્ય બને તે કાળલબ્ધિ છે, ને જે કાર્ય થાય તે ભવિતવ્ય છે તે સમયે તે થવાનું જ હતું ને કર્મનો ઉપશમાદિ થવો તે પુદ્‌ગલને આધીન છે. આત્મા કર્મને બાંધે કે છોડે તે આત્માના અધિકારની વાત નથી. હું જ્ઞાયક છું, પુણ્ય-પાપ વિકાર છે, શરીરાદિ જડ છે, હું શુદ્ધ છું એમ અંદર પુરુષાર્થ કરવો તે કાર્ય છે. જે આત્માનું કાર્ય હોય તે કરવાનું કહેવામાં આવે છે. શરીરાદિનું કાર્ય કે કર્મનું કાર્ય આત્માનું નથી, કર્મને મટાડવું આત્માને આધીન નથી. શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રતીતિ ને જ્ઞાન કરી શકે છે માટે તે કહેવામાં આવે છે.

હવે જે કારણથી આત્માનું કાર્ય જરૂર થાય તે કારણરૂપ પુરુષાર્થ કરે ત્યાં અન્ય કારણો અવશ્ય મળે જ તે ન હોય તેમ બને નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંતરના પુરુષાર્થથી થાય છે. જે કારણથી કાર્યની નિષ્પત્તિ થાય તે કારણ સેવે તો જરૂર કાર્ય થાય. જ્યાં પુરુષાર્થ હોય ત્યાં અન્ય કારણો અવશ્ય મળે જ.

''જે કારણથી કાર્યની સિદ્ધિ થાય અથવા ન પણ થાય.'' ગુરુ આદિનું નિમિત્ત મળે, સંહનન, પર્યાપ્તપણું, મનુષ્યદેહ વગેરે કારણો મળે ત્યાં આત્માનો પુરુષાર્થ કરે તો સિદ્ધિ થાય પણ એકલા પુણ્યથી કે રાગથી સમ્યગ્દર્શન થાય નહિ. ગુરુનો સમાગમ કરે, સમવસરણમાં જાય ત્યાં સમ્યગ્દર્શન થાય અથવા ન થાય.

કેવળજ્ઞાનીએ આત્માના મોક્ષનો ઉપાય કહ્યો છે કે તારો સ્વભાવ સિદ્ધ સમાન છે, કોઈ બીજો ઈશ્વર તને કાંઈ આપી દે તેમ નથી. તારા આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ કર તો મોક્ષ જરૂર થાય. જે જીવ જિનેશ્વરના ઉપદેશ અનુસાર કરે છે તેને મોક્ષ થાય. માટે ઉપદેશનું સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ. ઉપદેશ સાંભળતી વખતે શુભ રાગ છે, શરીર છે, ઇંદ્રિયો છે, જિનેશ્વર છે, ગુરુ છે, શાસ્ત્ર છે પણ તે મોક્ષના કારણ નથી. અહીં ''ઉપદેશ અનુસાર'' કહ્યું છે, પણ લખાણ અનુસાર કરે છે એમ કહ્યું નથી. કોઈ નિમિત્ત અથવા રાગ અનુસાર મોક્ષમાર્ગ નથી. નિમિત્તના કર્તાપણાનો કે નિમિત્ત મેળવવાનો ઉપદેશ ન હોય, વીતરાગતાનો ઉપદેશ હોય. વળી પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનું કહ્યું છે પણ કર્મ મંદ પડે ત્યારે કરજે એમ કહ્યું નથી. જે પુરુષાર્થ કરે તેને કર્મનો ઉપશમાદિ સ્વયં થાય છે. નિમિત્તો, પરપદાર્થો ને રાગની ઉપેક્ષા કરાવે છે ને શુદ્ધ સ્વભાવની અપેક્ષા કરાવે છે.

કોઈ કહે કે સર્વજ્ઞ ત્રણ કાળ ત્રણ લોકનું જાણે છે, અમારું પણ તેમના જોયા પ્રમાણે થવાનું છે તો પછી પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો ? તેનું સમાધાન :- સર્વજ્ઞ કહે છે કે અમે દ્રવ્ય-ગુણ-પર્યાયના શ્રદ્ધા-જ્ઞાન કરી ચારિત્રદશા પામીને સર્વજ્ઞ થયા છીએ, તમે પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન કરી, તમારા આત્માની શ્રદ્ધાદિ કરશો તો જરૂર મોક્ષ પામશો. તારો પુરુષાર્થ રાગદ્વેષમાં અથવા કુદેવાદિમાં રોકાઈ ગયો છે તે પુરુષાર્થ તારા સ્વભાવ તરફ વાળ. મોક્ષમાર્ગરૂપી પર્યાયનું કારણ આત્મદ્રવ્ય છે. જે જીવ તેના શ્રદ્ધા-જ્ઞાન કરે છે તેની કાળલબ્ધિ પાકી ગઈ છે. પુરુષાર્થ કરે છે ત્યાં પાંચે સમવાય એક સાથે હોય છે, તેમાં મુખ્ય-ગૌણ નથી. પહેલો પુરુષાર્થ ને પછી કાળલબ્ધિ -એમ નથી, બધું એકી સાથે છે.

પૈસા મળવા તે પુરુષાર્થને આધીન નથી પણ પૂર્વ પુણ્યને આધીન છે અને મોક્ષ અંતરના પુરુષાર્થને આધીન છે. જે અંતરનો ઉપાય કરે છે તેને કાળલબ્ધિ ને ભવિતવ્ય થઈ ચૂક્યા. પુરુષાર્થ કર્યો ત્યાં બધું આવી જાય છે. આત્માની અંતર રમણતા તે ધર્મ છે, ચારિત્રનું મૂળ દર્શન છે ને દર્શનનું મૂળ આત્મા છે એમ જે કહેનાર છે તેવા દેવ-ગુરુ-શાસ્ત્રનો ઉપદેશ સાંભળે ને અંતર પુરુષાર્થ કરે તેને કાળલબ્ધિ તથા ભવિતવ્ય થઈ ચૂક્યા ને ઉપાય કરે છે એટલે કર્મનો ઉપશમાદિ થઈ ચૂક્યો, તેની રાહ જોવી પડતી નથી. પુરુષાર્થ કરે ત્યારે કર્મનો ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષય ન હોય એમ બને નહિ. માટે જે આત્મામાં પુરુષાર્થપૂર્વક શ્રદ્ધા કરી, લીનતા કરે છે તેને સર્વ કારણો આવી મળે છે, કારણો પાછળથી આવી મળે છે -એમ નથી.

એકલા વ્રત-તપ આદિનો પુરુષાર્થ કરે તે જિનેશ્વરની આજ્ઞા અનુસાર પુરુષાર્થ નથી. આત્માના સ્વભાવનો પુરુષાર્થ કરે તેને સર્વે કારણો આવી મળે છે. ગુરુનો ઉપદેશ, મનુષ્ય દેહ, પંચેંદ્રિયપણું, પર્યાપ્તપણું આદિ નિમિત્ત ન હોય એમ બને નહિ. પુરુષાર્થ કરનારને સર્વ સિદ્ધિ થાય છે -એમ નિશ્ચય કરવો.

જે જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પુરુષાર્થ કરે છે તેને તેટલી સામગ્રી મળે છે ને જીવ પંચમકાળમાં કેવળજ્ઞાનનો પુરુષાર્થ કરતો નથી માટે તેને યોગ્ય બાહ્ય સામગ્રી હોતી નથી. સામગ્રીના અભાવને લીધે કેવળજ્ઞાન અટક્યું છે -એમ નથી. અહીં મોક્ષમાર્ગની વાત છે. મોક્ષમાર્ગનો પુરુષાર્થ કરે છે તેને યોગ્ય સામગ્રી મળે છે.

સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરે તો બીજા કારણો મળે છે, એકલી ઈચ્છાની વાત નથી. મોક્ષમાર્ગની ઈચ્છા તે રાગ છે. અંતર્ જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ ને રમણતા કરે તો બીજા કારણો મળે છે. બહારનો વેશ તે ચારિત્ર નથી. બહારમાં ચારિત્ર માને તે તો મિથ્યાદૃષ્ટિ છે. પરને લઉં કે છોડું એ માન્યતા મિથ્યાત્વ છે. તે જિનેશ્વરની આજ્ઞા અનુસાર પુરુષાર્થ નથી. વિકાર ને નિમિત્તની ઉપેક્ષા કરી, સ્વભાવની અપેક્ષા કરે તે જિનેશ્વરના ઉપદેશ અનુસાર છે.



લોકો કહે છે કે કર્મ મંદ થાય તો કાર્ય થાય પણ ભાઈ, કર્મનો તારામાં અત્યંત અભાવ છે. તેનાથી આત્મા જુદો છે એવી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કર તો જરૂર કર્મનો ઉપશમાદિ થાય છે, આમ નિશ્ચય કરવો. જ્યારે મોક્ષની લાયકાત થાય ત્યારે બધા કારણો મળી રહે છે. તેને કાળ, સંયોગો, સંહનન વગેરે હોય જ છે.

કોઈ કહે છે કે ''મોક્ષ જીવના પુરુષાર્થને આધીન નથી પણ કાળને આધીન છે'' દ્વતો તે વાત ખોટી છે. મોક્ષ પોતાના હાથની વાત છે. જે જીવ સ્વભાવ સન્મુખ ઉલ્લસિત વીર્ય ફોરવતો નથી તેને કાળલબ્ધિ નથી તથા ભવિતવ્ય નથી. કાળલબ્ધિ નથી માટે વીર્ય ફોરવતો નથી -એમ નથી. પોતાનો ઊંધો પુરુષાર્થ નડે છે. અહીં વજન પુરુષાર્થનું છે, કર્મનું વજન નથી. સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરતો નથી તેને કર્મનો ઉપશમાદિ નથી.

મિથ્યાદૃષ્ટિ મુનિ સહન કરે છે તે ઊંધો પુરુષાર્થ છે; બાહ્ય ક્રિયા ને રાગમાં ધર્મ માને તે મિથ્યાત્વનો પુરુષાર્થ છે. જે પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરતો નથી તેને કાળલબ્ધિ, ભવિતવ્ય ને કર્મનો ઉપશમાદિ કારણ મળતા નથી -એવો નિશ્ચય કરવો.

વેપાર-ધંધામાં પુરુષાર્થ કરે છે, તેને બદલે સ્વભાવ તરફ પુરુષાર્થ કરે તો થાય તેમ છે. કર્તા વિના કાર્ય થાય નહિ.

શિષ્યે પ્રશ્ન પૂછેલ કે કાળલબ્ધિ પાકે તો ઉપદેશની શું જરૂર છે તેનો જવાબ આવી ગયો.

હવે છેલ્લો જવાબ આપે છે. ઉપદેશ બધા સાંભળે છે છતાં તેમાં કોઈ પુરુષાર્થ કરી શકે છે ને કોઈ કરતાં નથી તેનું શું કારણ ?

**સમાધાન** : તેનું કારણ એ છે કે ઉપદેશ સાંભળીને પુરુષાર્થ કરે છે તે મોક્ષનો પુરુષાર્થ કરી શકે છે. અંતરપુરુષાર્થ કરે તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ અવશ્ય થાય છે. કેવળી ભગવાનની વાણી સાંભળવા છતાં પુરુષાર્થ ન કરે તો કોરો રહી જાય છે. કેવળી ભગવાન તો નિમિત્તમાત્ર છે, ઉપદેશ શિક્ષામાત્ર છે. વાસ્તવિક તત્ત્વનું મનન કરી, અંતરમાં શ્રદ્ધા-જ્ઞાન કરી પુરુષાર્થ કરે તો ફળ પામે.

**પ્રશ્ન** : જીવ અનંતવાર મુનિ થયો, મોક્ષના અર્થે ગૃહસ્થપણું છોડ્યું, પંચ મહાવ્રતાદિનું પાલન કર્યું, ઉપવાસ કર્યા, દયા પાળી, પ્રતિક્રમણ કર્યા, પોષહ કર્યા; ત્યાં પુરુષાર્થ કર્યો છતાં કાર્ય સિદ્ધ ન થયું માટે પુરુષાર્થ કરવાથી કાંઈ સિદ્ધિ નથી.

**ઉત્તર** : પાંચ મહાવ્રતના પરિણામ રાગ છે, તેનું પાલન કર્યું, ગૃહસ્થપણું છોડ્યું પણ આત્માની ઓળખાણ કરી નહિ તેથી તે બધો ઊંધો પુરુષાર્થ કર્યો, તેનાથી ફળની સિદ્ધિ કેવી રીતે થાય ? તે જીવ વ્યવહાર સાધનનો પ્રેમી-ઉત્સાહી થયો, વ્યવહારથી ધર્મ થાય એમ માન્યું તેથી તેનું મિથ્યાત્વ ટળ્યું નહિ. વ્યવહારસાધન પુણ્ય છે, રાગનો અનુરાગી થઈ મોક્ષ ઈચ્છે છે તેની સિદ્ધિ કેવી રીતે

થાય ? ૨૮ મૂળગુણનું પાલન કરે પણ તે બધો રાગ છે, અજ્ઞાની તેમાં ધર્મ માને છે, તેથી કેવી રીતે સિદ્ધિ થાય ? વ્યવહાર ક્રિયાકાંડથી કલ્યાણ માને તે ભ્રમ છે, તે ઊંધો પુરુષાર્થ છે. આત્માના સવળા પુરુષાર્થની ખબર નથી તેથી પાપ છોડી પુણ્યમાં આવ્યો, જંગલમાં રહ્યો, એક વખત ખાય, ઊના પાણી પીએ અથવા ઉપવાસ કરે તે બધો રાગ છે-રાગ રહિત આત્માની ઓળખાણ વિના કલ્યાણનું બીજ નથી. માટે અન્યથા પુરુષાર્થ કરે ને કલ્યાણ માને તે વૃથા છે.

### દ્વિ.વૈશાખ વદ ૧૨, સોમવાર, ૮-૬-૫૩.

મોક્ષમાર્ગનું સ્વરૂપ વર્ણવે છે. આત્મામાં મોક્ષપર્યાય પ્રગટ થવાનું કારણ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર છે. તે કાળલબ્ધિના કાળે થશે અથવા કર્મ મંદ પડશે તો થશે માટે અમને ઉપદેશ શા માટે આપો છો -એમ શિષ્યે પ્રશ્ન કરેલ હતો.

પોતાનો સ્વભાવ જ્ઞાન છે એમ જે સમયે જાણ્યું તે કાળ છે ને જે કાર્ય થયું તે ભવિતવ્ય છે ને કર્મનો ઉપશમાદિક સ્વયં હોય છે.

હવે કોઈ પૂછે કે પુરુષાર્થ ક્રમસર થવાનો હશે ત્યારે થશે ?

**ઉત્તર** : સ્વભાવનો નિર્ણય કરવો એ જ પુરુષાર્થ છે. તેવા ઉપદેશનો નકાર કરે તે સાંભળવાને લાયક નથી. તીર્થંકરે ઉપદેશ કર્યો કે અમોએ જે દ્રવ્ય-ગુણ-પર્યાયના નિયમથી આત્માનું જ્ઞાન કર્યું તેનો નિર્ણય તમે કરો તો આત્મજ્ઞાન થશે.

હવે કોઈ કહે કે બધું ક્રમબદ્ધ છે તો ઉપદેશ નકામો છે ! તેનો જવાબ એ છે કે એમ જે કહે છે તેનામાં ઉપદેશ સાંભળવાની પણ લાયકાત નથી. પુરુષાર્થપૂર્વક કાર્ય તારું છે ને તે તું કરી શકે છે એટલે ઉપદેશ આપીએ છીએ. ઉપદેશકાર કહે છે કે તારો સ્વભાવ જ્ઞાન છે, તે તરફ વળતાં ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય છે.

ઉપદેશ સાંભળી લાયક જીવો વિચાર કરશે કે ક્રમ જ્ઞેય છે ને જ્ઞાન તેને જાણે છે. જ્ઞાનસ્વભાવ સિવાય આત્માનું બીજું કાંઈ કાર્ય નથી -એમ નિર્ણય કરવા માટે ઉપદેશ આપે છે.

હવે કહે છે કે ઉપદેશ તો બધા સાંભળે છે પણ બધા કેમ માનતા નથી ?

ઉપદેશ તો શિક્ષામાત્ર છે. શિખામણનું ગ્રહણ કરવું તો શ્રોતાના હાથમાં છે. સ્વભાવનો પુરુષાર્થ કર તો ક્રમનો નિર્ણય યથાર્થ છે. અજ્ઞાનીને તો અક્રમનો નિર્ણય છે, તેને પરમાં ફેરફાર કરવાની બુદ્ધિ ટળતી નથી. અહીં તો મોક્ષમાર્ગની વાત છે.

અજ્ઞાનીને ક્રમની ખબર નથી. ક્રમ બેઠો નથી તેને શી ખબર પડે ? જેને ક્રમનો નિર્ણય થયો હોય તે તો પરનો માત્ર જ્ઞાતા રહે છે. જે પુરુષાર્થપૂર્વક નિર્ણય કરે છે તે સર્વજ્ઞને માને છે. સ્વના



પુરુષાર્થવાળો જીવ સ્વ ને પરના ક્રમને જાણે છે. અજ્ઞાનીને ક્રમ બેઠો નથી. તેથી તે પરમાં ફેરફાર કરવા માગે છે. જ્ઞાની તો જાણે છે કે અજ્ઞાની જીવને ક્રમ બેઠો નથી, તે ક્રમની માત્ર વાત કરે છે. જ્ઞાનીને સ્વ-પર પ્રકાશક સ્વભાવ ખીલ્યો છે તેથી તે જાણે છે કે પોતાની અવસ્થા ક્રમબદ્ધ છે ને મિથ્યાદષ્ટિની પર્યાય પણ ક્રમબદ્ધ છે.

દ્રવ્યલિંગીએ અન્યથા પુરુષાર્થ કર્યો છે, સ્વભાવનો પુરુષાર્થ કર્યો નથી પણ વિભાવનો કર્યો છે. દયા-દાનાદિ, પૂજા-ભક્તિ આદિ વ્યવહાર સાધન કરે છે, તેને ક્રમબદ્ધ બેઠું નથી. ક્રમબદ્ધ બેઠું હોય તેને સ્વભાવની શ્રદ્ધા હોય. તે વિભાવને વિભાવ જાણે પણ અજ્ઞાની વિભાવને સ્વભાવ માને છે, સ્વભાવને સમજતો નથી. તેથી ઊંધો પુરુષાર્થ કરે છે, શુભથી મોક્ષ ઈચ્છે છે.

કોઈ પ્રશ્ન કરે કે ''તે પણ ક્રમમાં હતું ને ?'' -તો કહે છે કે ક્રમ કોને ? ક્રમ તો વસ્તુનો સ્વભાવ છે પણ તેની માન્યતામાં ક્રમ આવ્યો નથી. ક્રમ માનેલ હોય તો પુણ્યથી ધર્મ માને નહિ પણ સ્વભાવની શ્રદ્ધા કરે.

અહીં શિષ્યના પ્રશ્નનો જવાબ આપે છે કે દ્રવ્યલિંગી વ્યવહારથી ધર્મ માને છે ને મોક્ષ ઈચ્છે છે તે ભ્રમ છે.

**પ્રશ્ન** : એ ભ્રમનું કારણ પણ કોઈ કર્મ જ છે, પુરુષાર્થ શું કરે ?

**ઉત્તર** : તીર્થંકર ભગવાને સ્વભાવનો, વિભાવનો ને નિમિત્તનો ઉપદેશ આપ્યો છે. સાચા ઉપદેશથી નિર્ણય થતાં ભ્રમ દૂર થાય છે, કર્મ નડતું નથી. તે સાંભળનાર નિર્ણય કરે છે કે જ્ઞાનસ્વભાવી આત્મા છે, જાણવું-દેખવું તેનું કાર્ય છે, પરમાં ફેરફાર કરવો તે કાર્ય નથી. આમ સાચો નિર્ણય કરે તો ધર્મ થાય. પણ આ જીવ આવો પુરુષાર્થ કરતો નથી તેથી ભ્રમ દૂર થતો નથી. નિમિત્ત ને વિકાર ઉપરની દૃષ્ટિ છોડી સ્વભાવ તરફ દૃષ્ટિ કર તો ભ્રમ ટળે પણ અજ્ઞાની જીવ તે પ્રકારનો પુરુષાર્થ કરતો નથી. નિર્ણય કરે તો મોહકર્મ સ્વયં ટળે. હું જ્ઞાનસ્વભાવી છું -એવો નિર્ણય કરવાથી મોહની સ્થિતિ-અનુભાગ ઘટી જાય છે.

જ્ઞાનીઓ જે નિશ્ચય કરાવવા માગે છે તે કરતો નથી ને કહે છે કે કર્મ મંદ થાય તો ધર્મ થાય તો તે વાત ખોટી છે.

**પ્રશ્ન** : નિર્ણય કરવામાં ઉપયોગ લગાવતો નથી તેનું કારણ કર્મ છે ને ? પર તરફ ઉપયોગ વળે છે ને સ્વ તરફ વળતો નથી તેનું કારણ કર્મ છે ને ?

**ઉત્તર** : આત્માનો નિર્ણય કરવાની વાત ચાલે છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, વિકાર ઉપાધિ છે, સંયોગ પર છે એવો નિર્ણય કરવામાં પુરુષાર્થ લગાવતો નથી ને કર્મ ઉપર નાખે છે.

એકેંદ્રિયાદિ જીવોને વિચાર કરવાની શક્તિ નથી તેમાં કર્મ નિમિત્તકારણ છે. મનુષ્યને વેપાર-ધંધા

વગેરેમાં જ્ઞાનનો ઉઘાડ વર્તે છે. એકેંદ્રિયાદિને વિચાર કરવાની નૈમિત્તિકદશા નથી તો કર્મને નિમિત્ત કહેવાય છે. પણ મનુષ્યાદિ સંજ્ઞી જીવને વિચાર કરવાનો ઉઘાડ છે. જ્યાં ઉપયોગ લગાવે ત્યાં નિર્ણય થઈ શકે છે. સ્વમાં લગાવે તો સ્વનો ને પરમાં લગાવે તો પરનો નિર્ણય થઈ શકે છે, માટે તેમાં કર્મ કારણ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ આદિમાં ઉપયોગ લગાવે પણ જ્ઞાનસ્વભાવી આત્મામાં ઉપયોગ લગાવતો નથી, એ પોતાનો દોષ છે. તેમાં કર્મનો કાંઈ દોષ નથી.

**પ્રશ્ન** : સમ્યગ્દર્શનનો તથા ચારિત્રનો ઘાતક તો મોહ છે એટલે તેનો અભાવ થયા વિના મોક્ષનો ઉપાય કેવી રીતે બને ?

**ઉત્તર** : તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ લગાવતો નથી એ તો આનો જ દોષ છે. ઉપદેશ સાંભળી જ્ઞાનસ્વભાવ, વિભાવસ્વભાવ, નિમિત્તનો સ્વભાવ વગેરેનો નિર્ણય કરવામાં ઉપયોગ લગાવતો નથી તે પોતાનો દોષ છે. આત્મામાં અંતર્વલણ કરવું ને બાહ્ય વલણ છોડવું તે પુરુષાર્થ છે.

આત્મા સંયોગને લાવનાર કે ટાળનાર નથી. ઇચ્છા તોડી સ્વભાવમાં લીનતા કરે તો પવિત્ર દશા પ્રગટ થાય ત્યારે કર્મ સ્વયં ટળી જાય છે. માટે તત્ત્વનો નિર્ણય કરવામાં પુરુષાર્થ કરવો. જીવ જ્ઞાનસ્વભાવી છે, શરીર અજીવ સ્વભાવી છે, પુણ્ય-પાપ, આસ્રવ-બંધ વિકાર સ્વભાવી છે. આત્માના આશ્રયે સંવર, નિર્જરા ને મોક્ષ પ્રગટે છે. ઉપદેશ સ્વભાવનો નિર્ણય કરવા માટે છે. ઉપદેશ સાંભળવા ઇચ્છે તેટલી પણ તેની સમજવાની લાયકાત બતાવે છે. શ્રોતા વારંવાર વિચાર કરે છે, તેને આ વાત ગમે છે. ઉપાદાન-નિમિત્ત શું, વ્યવહાર-નિશ્ચય શું, દ્રવ્ય-ગુણ-પર્યાય શું -એનો નિર્ણય કરવામાં પુરુષાર્થ લગાવે તો મોક્ષના ઉપાયમાં પુરુષાર્થની સિદ્ધિ થાય.

પ્રથમ વસ્તુના નિર્ણયપૂર્વક યથાર્થ શ્રદ્ધા કરવી જોઈએ. તેને બદલે વ્રત-તપાદિ કરવા માંડે ને તેમાં ધર્મ માની લ્યે તો ચાર ગતિમાં રખડે. વળી તત્ત્વનિર્ણય કરવામાં કાંઈ કર્મનો દોષ નથી પણ પોતાના પુરુષાર્થનો દોષ છે. પોતે મહંત રહેવા ઇચ્છે છે ને નિર્ણય કરવાનો પુરુષાર્થ કરતો નથી ને કર્મ, કાળ, ભવિતવ્ય વગેરેનો દોષ કાઢે છે. અજ્ઞાની જીવ પોતાને મહાત્મા માને છે ને કર્મ ખસે ત્યારે ધર્મ થાય એમ માને છે. ત્રિલોકનાથ દેવની આજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ. કાળ પાકે તો થાય, કર્મ માર્ગ આપે તો થાય - એ બધી અનીતિ છે. તે આત્મામાં અન્યાય કરે છે, ભગવાનથી વિરુદ્ધ કહે છે.

ભગવાને તો કર્મનું જ્ઞાન કરાવ્યું છે પણ કર્મ નડે છે એમ તેઓએ કહ્યું નથી. અજ્ઞાની જીવને મિથ્યાત્વ આદિ ભ્રમણામાં રહેવું છે ને પુણ્ય-પાપમાં ઉપયોગ લગાવે છે માટે આવું જાૂઠું બોલે છે. અજ્ઞાની ઊંધો પુરુષાર્થ કરે છે, વિકારની રુચિ કરે છે પણ આત્માની રુચિ કરતો નથી. મોક્ષની એટલે કે આત્માની પૂર્ણ પવિત્ર દશાની અભિલાષા હોય તે કર્મનો દોષ કાઢે નહિ, અજ્ઞાની કર્મનો દોષ કાઢે છે.



અજ્ઞાની જીવને સ્વભાવની વાત બેસતી નથી. તે વેપાર આદિમાં યુક્તિ કરે છે ને તેમાં વીર્ય રોકે છે પણ આત્મામાં યુક્તિ લગાવીને સમજતો નથી. સંસારના કાર્યોમાં એક વેપારમાં નફો ન દેખે તો બીજો વેપાર કરે, ત્યાં પુરુષાર્થ કર્યા કરે છે અને અહીં સ્વરૂપ સમજવામાં પુરુષાર્થ ગુમાવી બેસે છે તેથી જાણાય છે કે મોક્ષને તે દેખાદેખીથી સારો કહે છે. મોક્ષના સ્વરૂપને ઓળખી હિતરૂપ માનતો નથી. જેની જરૂરિયાત જાણે તેમાં પુરુષાર્થ ન વળે એ અસંભવ છે.

## દ્વિ.વૈશાખ વદ ૧૩, મંગળવાર, ૯-૬-૫૩.

આ મોક્ષમાર્ગનું સ્વરૂપ છે. આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા તે મોક્ષમાર્ગ છે. તે પુરુષાર્થથી થાય છે કે કર્મ ખસવાથી થાય છે ? એમ પ્રશ્ન ચાલે છે. પુરુષાર્થ કરે તો બધા કારણો મળી આવે છે. સંસારના કાર્યોમાં વીર્ય કામ કરે છે. જ્યાં રુચિ છે ત્યાં પુરુષાર્થ વળે છે. જો મોક્ષમાર્ગની રુચિ હોય તો તે તરફ પુરુષાર્થ વળ્યા વગર રહે નહિ. કોઈ પણ લગ્ન આદિ વ્યાવહારિક કામમાં પુરુષાર્થ લગાવે છે પણ ધર્મની વાત આવે ત્યાં થવાનું હશે તો થશે એમ કહી પ્રમાદ સેવે છે. બધું થવાનું હશે તેમ થશે એમ યથાર્થ નિર્ણય હોય તો પરમાં ફેરફાર કરવાનું રહે નહિ પણ સ્વભાવ તરફ પુરુષાર્થ વળે જ, પણ અજ્ઞાની સ્વચ્છંદ સેવે છે. સંસારના કાર્યો પણ કેવળજ્ઞાનની નોંધમાં છે એટલે કે કેવળજ્ઞાનમાં તે વાત જાણાઈ ગઈ છે છતાં તેમાં ફેરફાર કરવા માગે છે ને ધર્મમાં થવું હશે તેમ થશે એમ કહીને સ્વચ્છંદ સેવે છે માટે કેવળજ્ઞાનની શ્રદ્ધા નથી. જો કેવળજ્ઞાનનો નિર્ણય હોય તો પોતાના તરફ વળ્યા વિના રહે નહિ.

વળી કોઈ જીવ ક્રમબદ્ધપર્યાયના નામે સ્વચ્છંદ સેવે છે. ક્રમબદ્ધપર્યાયના નિર્ણયવાળાને પર તરફની વિમુખતા થઈ ગઈ હોય ને સ્વભાવ તરફની દૃષ્ટિ હોય. અજ્ઞાની દેખાદેખીથી કથનમાત્ર બોલે છે.

અહો ! આત્મા જ્ઞાનસ્વભાવી છે. જ્ઞાન જ્ઞેયને જાણે છે, રાગને તથા નિમિત્તને પણ જાણે એવો સ્વભાવ સન્મુખ પુરુષાર્થ છે તેને રાગ ને નિમિત્ત તરફની દૃષ્ટિ ખસી ગઈ હોય છે, ને સ્વભાવ તરફની દૃષ્ટિ થઈ છે તેને ક્રમબદ્ધનો નિર્ણય સાચો છે.

સાધારણ ચીજ લેવા જાય તો ત્યાં પરીક્ષા કરીને લ્યે છે, ત્યાં ક્રમબદ્ધ આવવાનું હશે તે આવશે એમ માનતો નથી ને ધર્મમાં ક્રમબદ્ધને નામે સ્વચ્છંદ સેવે છે. ધર્મમાં કાળ આવશે ત્યારે કામ થશે ને કર્મ માર્ગ આપશે ત્યારે થશે -એમ કહીને સ્વચ્છંદ સેવે છે. વેપારમાં રૂપિયાનો મેળ ન મળે તો બધો હિસાબ તપાસે છે. ત્યાં જ્ઞાન અને વીર્યને રોકે છે, સમાધાન રાખતો નથી ને મોક્ષને દેખાદેખીથી ઉત્કૃષ્ટ કહે છે. ક્રમબદ્ધપર્યાયનો ન્યાય બહુ ઊંચો છે દ્વએમ માત્ર દેખાદેખીથી અજ્ઞાની બોલે છે પણ તેનું યથાર્થ સ્વરૂપ ઓળખતો નથી. ક્રમબદ્ધપર્યાયનું સ્વરૂપ ઓળખીને તેને હિતરૂપ જાણતો નથી. જેને હિતરૂપ જાણે તેનો ઉદ્યમ બને તે ન કરે એ અસંભવિત છે.

ભગવાને જ્ઞાનમાં જોયું હશે તેમ થશે, ને ત્યારે ભવ ઘટશે એમ અજ્ઞાની કહે છે, પણ ભગવાનનો

નિર્ણય કરનારને સ્વભાવ સન્મુખ દશા થાય છે. કેવળજ્ઞાનનું જેવું સ્વરૂપ છે તેવું ઓળખી સ્વભાવનો પુરુષાર્થ ન કરે તેમ બને નહિ -ને સ્વભાવ જાણે તેને ભવ હોય નહિ.

## દ્રવ્યકર્મ અને ભાવકર્મની પરંપરામાં પુરુષાર્થ નહિ હોવાની માન્યતાનું ખંડન

**પ્રશ્ન** : તમે કહ્યું તે સત્ય છે. જડ કર્મના ઉદય પ્રમાણે ભાવકર્મ થાય છે. જેવા દયા-દાનાદિ વિકાર કરે તેવું નવું બંધન થાય છે, વળી પાછા કર્મના ઉદયથી રાગદ્વેષ કરવા પડે છે-એ જ પ્રમાણે અનાદિથી પરંપરા ચાલે છે ત્યાં મોક્ષનો ઉપાય કેવી રીતે થાય ? કર્મના ઉદયને લીધે વિકાર કરવો પડે ને વિકાર કરવાથી કર્મ બંધાય -આમ સંસાર ચાલ્યા કરે તો મોક્ષનો ઉપાય કેમ થાય ?

**ઉત્તર** : કર્મનો બંધ વા ઉદય સદાકાળ સમાન થયા કરે તો એમ જ છે એટલે કે તું કહે છે તેમ બને પરંતુ જીવના પરિણામોના નિમિત્તથી પૂર્વે બાંધેલા કર્મમાં સ્થિતિ ઘટી જાય કે સ્થિતિ વધી જાય. શાતા અશાતારૂપે અથવા અશાતા શાતારૂપે પરિણમે છે ને વળી તે કર્મોદય વખતે જીવના પરિણામ પણ તીવ્ર-મંદ થાય છે. જીવના પરિણામમાં ફેરફાર થાય છે. પરિણામોની જાત કર્મ પ્રમાણે રહ્યા કરે એમ બનતું નથી. કર્મમાં ફેરફાર કર્મના કારણે થાય છે. વિકાર થવામાં કર્મ નિમિત્ત છે પણ આત્મામાં વિકારી ભાવ તીવ્ર કે મંદ પોતાના કારણે થાય છે. તેના નિમિત્તથી નવીન બંધ પણ તીવ્ર કે મંદ થાય છે. અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કરવો છે. કર્મમાં એક જાતનું પરિણમન હોતું નથી ને રાગમાં પણ એક જાતનું પરિણમન હોતું નથી.

જેમ સ્ફટિકપાષાણ પાછળ લાલ કે કાળું ફૂલ મૂકે તેવી ઝાંય સ્ફટિકમાં પડે છે તેમ જેવો કર્મનો ઉદય હોય તેવો રાગ કરવો પડે. કર્મનો ઉદય તીવ્ર હોય તો રાગ તીવ્ર કરવો પડે ને કર્મનો ઉદય મંદ હોય તો રાગ મંદ કરવો પડે -એમ અજ્ઞાની કહે છે પણ તે વાત ખોટી છે. પોતાના અપરાધના કારણે જીવ તીવ્ર-મંદ રાગદ્વેષ કરે છે. કર્મને લીધે રાગદ્વેષ કર્યા કરે તો સંસારનો કદી અંત આવે નહિ.

જડ કર્મ સત્તામાં છે, તે ઉદયમાં આવે છે. તેનું કાર્ય તેનામાં છે. જીવ સારા પરિણામ કરે તો પૂર્વના કર્મોમાં ફેરફાર થાય છે અને નવીન બંધ પણ ઓછો વત્તો થાય છે. કર્મના ઉદય પ્રમાણે જીવે વિકાર કરવો પડે એમ માનવામાં આવે તો કર્મનો ઉદય તો સદાય છે ને તેમાં સદાય જોડાવું પડે તો સંસારનો અભાવ કદી ન થાય, માટે તે વાત ખોટી છે.

જીવમાં જ્ઞાન-દર્શનના ઉઘાડમાં ફેરફાર દેખાય છે. વળી કષાયાદિમાં તીવ્રતા મંદતા થાય છે. માટે સદાય સરખો વિકાર થયા કરે એમ બનતું નથી. સરખો ઉદય આવે ને સરખો રાગદ્વેષ કરવો પડે -એમ નથી.

કર્મના ઉદયના પ્રમાણમાં રાગદ્વેષ કરવા પડે -એમ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને આધીન નથી



તો આત્માના પરિણામ કર્મને આધીન હોય ? ના. એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયનો કર્તા-હર્તા નથી. આત્માની પર્યાય કરવામાં આત્મા સ્વતંત્ર છે. કર્તા, કર્મ, કરણ આદિ સ્વતંત્ર છે.

કોઈ વાર જીવને વિકાસ ઓછો-વત્તો થાય છે ને વિકાર ઓછો-વત્તો થાય છે -એ પ્રમાણે પલટન થયા કરે છે. ત્યાં મન વડે વિચાર કરવાની શક્તિ પ્રગટ થઈ. વળી તેને કોઈ વાર તીવ્ર રાગ થાય છે, કોઈ વાર મંદ રાગ થાય છે. જ્યારે પરિણામની તીવ્રતા હોય ત્યારે અશુભ વિષયોમાં વર્તે છે ને ત્યારે ધર્મશ્રવણમાં ઉપયોગ કામ કરે નહિ. પોતાના પરિણામમાં તીવ્ર વિકાર છે માટે ધર્મશ્રવણમાં રુચિ કરતો નથી, કર્મના ઉદયને લીધે નહિ. પૃ. ૩૦૮માં કહ્યું છે કે ''કોઈ દ્રવ્યનું પરિણમન કોઈ દ્રવ્યને આધીન નથી.'' જો જડ કર્મને લીધે રાગ થાય તો આ સિદ્ધાંત ખોટો ઠરે.

જે પ્રાણીને રાગાદિના તીવ્ર પરિણામ વર્તે છે ને કુદેવાદિની શ્રદ્ધા વર્તે છે તેને સત્ય સાંભળવાનો પણ અવસર નથી પણ રાગની મંદતા કરે ત્યારે બહારથી ઉપદેશાદિનું નિમિત્ત બને. જો કોમળ પરિણામ વખતે સાચા ઉપદેશનું નિમિત્ત બને ને પોતાના પુરુષાર્થપૂર્વક તેનો વિચાર કરે ને તેમાં ઉપયોગને જોડે તો ધર્મકાર્યમાં પ્રવૃત્તિ થાય.

વળી ઉપદેશનું નિમિત્ત બને પણ પોતે પુરુષાર્થ ન કરે તો ઉપદેશને નિમિત્ત પણ કહેવાતું નથી. બાહ્યમાં નિવૃત્તિ હોય, પુસ્તક આદિનું સાધન હોય પણ પુરુષાર્થ ન કરે ને બીજા કાર્યમાં રોકાઈ જાય તો નકામું થાય. પરંતુ મંદ રાગાદિમાં વર્તે ત્યારે ઉપદેશ નિમિત્ત કહેવાય.

વિચારશક્તિ વગરના જીવોને ઉપદેશ સમજવાનું જ્ઞાન નથી. ઉપદેશ સાંભળીને વિચાર કરવાની શક્તિ તેનામાં નથી. અસંજ્ઞી માછલાં, અસંજ્ઞી દેડકાં વગેરેને જ્ઞાનશક્તિ વિશેષ નથી. વળી સંજ્ઞી જીવોને ઉઘાડ તો છે પણ ઉપદેશમાં ઉપયોગ ન લગાવે ને તીવ્ર રાગમાં પ્રવર્તે તો ઉપદેશ કાર્યકારી નથી. સંસારના કાર્યમાં રચ્યો પચ્યો હોય તો ઉપદેશ સાંભળવાનો અવસર ન મળે. તીવ્ર વિષય વાસનામાં જોડાયો હોય તો તેનો ઉપયોગ ઉપદેશમાં જોડાતો નથી. જે જીવને વિચાર કરવાની યોગ્યતા છે ને રાગાદિની મંદતા છે તેને ઉપદેશના નિમિત્તથી ધર્મની પ્રાપ્તિ થાય તો તેનું ભલું થાય. પોતે વિચાર કરી નિર્ણય કરે તો ઉપદેશને નિમિત્ત કહેવાય છે. એવા અવસરમાં પુરુષાર્થ કાર્યકારી છે. આત્માના સ્વરૂપનો વિચાર કરી શકે એવા જીવોને ઉપદેશ આપીએ છીએ. ઓછા જ્ઞાનવાળાને તથા વિષય કષાયમાં જોડાયેલ છે તેને ઉપદેશ આપતા નથી.

### દ્વિ.વૈશાખ વદ ૧૪, બુધવાર, ૧૦-૬-૫૩.

અહીં મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવે છે. દ્રવ્યકર્મ જડ છે. તેને લીધે વિકાર થાય ને વિકારને લીધે કર્મ બંધાય માટે મોક્ષનો પુરુષાર્થ કરી શકાતો નથી -એમ શિષ્યે પૂછેલ હતું, તેનો જવાબ ચાલે છે. ત્યાં કર્મ નિમિત્તમાત્ર છે જેને વિચારશક્તિ પ્રગટેલ છે ને રાગની મંદતા થઈ છે તેને ઉપદેશનું નિમિત્ત

મળે ને પુરુષાર્થ કરે તો ઉપદેશ કાર્યકારી છે. ઊંધો પુરુષાર્થ તો જીવ અનાદિથી કરે છે. વિકાર જેટલો જ પોતાને માને છે અથવા કર્મને લીધે વિકાર થાય એવું માને છે તે ઊંધો પુરુષાર્થ છે. સંજ્ઞી પંચેંદ્રિય બધાને સર્વ અવસર આવી ગયો છે. મન વગરના જીવોને વિચાર કરવાની શક્તિ નથી, તેથી તેઓ સવળો પુરુષાર્થ કરી શકે નહિ, તથા તીવ્ર રાગદ્વેષવાળા જીવને પણ આ ઉપદેશ સાંભળવાનો વખત નથી. તેઓ ધર્મનો પુરુષાર્થ કરતાં નથી પણ પાપનો પુરુષાર્થ કરે છે. તીવ્ર કષાય સહિત જીવને ઉપદેશ કાર્યકારી નથી પણ જે જીવ વિચારશક્તિ સહિત છે ને રાગની મંદતા કરતો હોય તેને ઉપદેશના નિમિત્તથી ધર્મની પ્રાપ્તિ થઈ જાય તો તેનું ભલું થાય.

પોતે જ્ઞાનાનંદ સ્વભાવી છે એમ ઉપયોગ લગાવે તો કાર્યકારી થાય. તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ લગાવે તો ત્યાં લાગે, પરમાં ઉપયોગ લગાવે તો પરમાં લાગે. શરીરની પર્યાય આત્માને આધીન નથી, જ્ઞાયકસ્વભાવ શક્તિએ પરિપૂર્ણ છે, રાગાદિ વિકાર છે, જડાદિ પર છે -એમ નિર્ણય કરે તો ભલું થાય.

જેણે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરેલ છે તેને સ્વભાવ તરફનો પુરુષાર્થ ચાલુ જ છે. સમ્યગ્દર્શન થાય પછી ક્રમે ક્રમે સ્થિરતા કરે છે.

આ કાળે સ્વભાવની રુચિ ન કરે પણ સંસારના કામમાં રુચિ કરે ને તત્ત્વનો નિર્ણય ન કરે તો કાળ ચાલ્યો જાય. માટે આત્મામાં પુરુષાર્થ કરવાની જરૂર છે. એકેંદ્રિયાદિમાં સવળો પુરુષાર્થ કરતો ન હતો, હવે સંજ્ઞી પંચેંદ્રિય થઈ પ્રમાદથી કાળ ગુમાવે છે અથવા મંદ રાગ સહિત વિષય કષાયના કાર્યમાં પ્રવર્તે છે અથવા દયા, દાન ને પૂજા આદિ વ્યવહાર ધર્મમાં પ્રવર્તે તો પણ અવસર ચાલ્યો જાય ને સંસારભ્રમણ ચાલુ રહે. કષાયમંદતાવાળા જીવો શુભ પરિણામમાં પ્રવર્તે, પણ જડ શું, પુણ્ય શું, આત્મા શુદ્ધ ચિદાનંદ શું તેનો નિર્ણય કરે નહિ તો અવસર ચાલ્યો જાય.

આ જગતમાં સર્વજ્ઞ છે -એમ જે જ્ઞાને નક્કી કર્યું તેને સ્વભાવ સન્મુખ પુરુષાર્થ હોવો જોઈએ. આત્મા જ્ઞાનસ્વભાવી છે એવો નિર્ણય કરનારને કેવળજ્ઞાનીની શ્રદ્ધા છે ને કેવળજ્ઞાનીની શ્રદ્ધા છે તેને પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા છે.

વળી કેવળી ભગવાન તો ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જાણે છે છતાં ''આપણે જે કાળે જે કરીએ તે કાળે ભગવાન તેને જાણે'' એમ કોઈ અજ્ઞાની કહે છે તો તે વાત પણ ખોટી છે. જો એમ હોય તો કેવળજ્ઞાન ન રહ્યું પણ તે અધૂરું જ્ઞાન થયું. કેવળજ્ઞાન ભૂત, વર્તમાન ને ભવિષ્ય ત્રણ કાળ એક સમયમાં જાણે છે. સર્વજ્ઞનો નિર્ણય કરનારને પુરુષાર્થ ચાલુ થઈ જાય છે ને તે જ્ઞાતા થઈ જાય છે. સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર કોણે કર્યો ? પોતાની અલ્પજ્ઞ પર્યાય હોવા છતાં મારી લાયકાત અલ્પજ્ઞ રહેવાની નથી. સર્વજ્ઞદેવ પણ સંસારાવસ્થા વખતે અલ્પજ્ઞ હતા ને સ્વભાવના આશ્રયે સર્વજ્ઞ થયા, તે સ્વભાવ મારામાં પણ છે. આમ પોતાના સર્વજ્ઞ સ્વભાવનો હકાર ને અલ્પજ્ઞ પર્યાયનો નિષેધ



કર્યો તેમાં જ પુરુષાર્થ છે.

વળી અનેકાંત તત્ત્વ છે. રાગ જ્ઞાનમાં નથી ને રાગમાં જ્ઞાન નથી. આમ નક્કી કરતાં પોતે જ્ઞાન તરફ વળે છે તે પુરુષાર્થ છે.

આવા અવસરમાં આવી રીતે તત્ત્વનિર્ણય કરે નહિ ને મંદ રાગ સહિત વર્તે ને વ્યવહાર ધર્મકાર્યોમાં પ્રવર્તે તો પણ કાર્યકારી નથી. કેટલાક ભદ્રપરિણામી જીવો હોય છે, તેમને કષાયમંદતા વર્તે છે પણ નવ તત્ત્વનો નિર્ણય કરવાનો પુરુષાર્થ ન કરે તો ચોરાશીના અવતારથી છૂટવું થાય નહિ.

બીજું આ અવસરમાં તત્ત્વનો નિર્ણય કરવામાં જ્ઞાનનો ઉપયોગ લગાવવાનો અભ્યાસ કરે તો વિશુદ્ધતા વધે છે ને કર્મની શક્તિ ઘટી જાય છે ને દર્શનમોહ આપોઆપ ઉપશમ થતાં આત્માની પ્રતીતિ થાય છે. દર્શનમોહ જડ છે. તેને ઉપશમ કરવા માટે આત્માનો પુરુષાર્થ કરવો પડતો નથી. જીવ સાચી પ્રતીતિ કરે ત્યારે દર્શનમોહનો ઉપશમ થાય છે. માટે જીવનું કર્તવ્ય તત્ત્વનો નિર્ણય કરવાનું છે. નિર્ણય કરનારને બધા કારણો મળી રહે છે. દર્શનમોહનો ઉપશમ સ્વયં થાય છે. સૂર્ય ઊગે ત્યારે અંધકારનો નાશ કરવો પડતો નથી, તેનો સ્વયં નાશ થાય છે, તેમ આત્માનો નિર્ણય કરતાં કર્મ સ્વયં ઉપશમ થઈ જાય છે, કર્મનો નાશ કરવો પડતો નથી. આત્માનો પુરુષાર્થ આત્માથી થાય છે. હું આત્મા છું, પર્યાયમાં પુણ્ય-પાપાદિના ભાવો થાય છે તે મારે ન કરવા -આમ શ્રદ્ધાન થયું. શુભાશુભ ભાવરૂપે મારે પરિણમન કરવું નહિ, સમ્યક્શ્રદ્ધા થતાં હું જ્ઞાનાનંદ છું, પુણ્ય-પાપ વિકાર છે માટે મારે તે કરવા જેવા નથી. શરીર, મન, વાણી આદિ પર પદાર્થોની અવસ્થા હું કરી શકતો નથી. પરની દયા કે હિંસા હું કરી શકતો નથી, આહારની શુદ્ધિ કરી શકતો નથી માટે તે વાત લીધી જ નથી. પણ પોતાની પર્યાયમાં જે રાગાદિ થાય છે તે ન કરવા -એમ વાત લીધી છે. હું આત્મા છું -એમ કહેતાં જડ શરીર, મન, વાણીરૂપે હું નથી એમ આવી જાય છે. માટે પુણ્ય-પાપરૂપ થવું ન જોઈએ. અહીં શુભની પણ ના પાડે છે. વ્રત આદિ કરવાની ના પાડે છે. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, તેમાં જડ શરીર, કર્માદિ નથી. અનંતા અજીવો ને અનંતા આત્મા તારાથી પૃથક્ છે, દયા-દાનાદિના પરિણામ કરવા જેવા નથી એમ શ્રદ્ધાન થયું. પરંતુ પોતાની કમજોરીથી ને ચારિત્રમોહના નિમિત્તે વ્રતાદિના પરિણામ થાય છે. છતાં તે કરવા જેવા નથી કારણ કે તે આત્માને હિતકર નથી.

આત્માના પરિણામમાં અશુભનો કાળ હોય ત્યારે કર્મનો તીવ્ર ઉદય હોય છે. તે વખતે માન સન્માનમાં પ્રવર્તે છે. સમકિતીને શ્રદ્ધા તો થઈ છે પણ અશુભ પરિણામનો સ્વકાળ હોય ત્યારે વિષયાદિમાં પ્રવૃત્તિ કરે છે, નિમિત્ત તે નૈમિત્તિક દશાને બતાવે છે. અહીં કરણાનુયોગની અપેક્ષાએ નિમિત્તનું કથન છે.

**''उपादान बल जहां तहां नहीं निमित्तको दाव''**

એક જ નિયમ છે. વર્તમાન ઉપાદાનનું જોર છે, નિમિત્તનું જોર ક્યાંય નથી. આત્મા પોતાની પર્યાયરૂપે પોતાના કારણે પરિણમે છે. કોઈ પણ દ્રવ્યનું પરિણમન બીજા દ્રવ્યને આધીન નથી. આ

સમજાણ કાયમ રાખવી. પોતાના પરિણામ કર્મને આધીન નથી.

પોતામાં મંદ રાગ હોય ત્યારે દયા, દાન, પૂજા, પ્રભાવના આદિમાં પ્રવર્તે છે ને વૈરાગ્યાદિ ભાવનામાં ઉપયોગ લગાવે છે તે તેના નિમિત્તથી ચારિત્રમોહ કર્મ મંદ થાય છે.

અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. સ્વભાવ સન્મુખ દશા વિશેષ થતાં શ્રાવક ને મુનિ થાય છે. ચારિત્રમોહ કર્મની મંદતા જીવના પુરુષાર્થને આધીન નથી કારણ કે ચારિત્રમોહ કર્મ તો જડ છે પણ અહીં જીવનો પુરુષાર્થ બતાવી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવો છે.

**દ્વિ. વૈશાખ વદ ૧૫, ગુરુવાર, ૧૧-૬-૫૩.**

આજે સવારે શ્રી પ્રવચનસાર હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

**જેઠ સુદ ૧, શુક્રવાર, ૧૨-૬-૫૩.**

પ્રથમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, રાગાદિ પર છે એવો તત્ત્વનિર્ણય કરવો. જે પુરુષાર્થ કરે છે તેને ઉપદેશ નિમિત્ત કહેવાય છે. તત્ત્વનિર્ણય થતાં દર્શનમોહ નાશ પામે છે. પોતે શુભ ભાવ કરે ને વૈરાગ્યાદિ ભાવનામાં ઉપયોગ લગાવે છે. પછી સ્વભાવનો નિર્ણય થતાં સમ્યક્શ્રદ્ધા થાય છે. ગુણ-ગુણીના ભેદનો વિચાર પણ રાગ છે, તે રાગ પણ સમ્યક્ શ્રદ્ધાને મદદ કરતો નથી. હું આત્મા છું ને રાગાદિ કરવા જેવા નથી એવું ભાન છે પરંતુ સમકિતીને અશુભ રાગના કાળે વિષયમાં પ્રવૃત્તિ થાય છે ને શુભ રાગના કાળે દયા, દાન, ભક્તિ આદિમાં ઉપયોગ લગાવે છે. સ્વભાવના આશ્રયે ચારિત્રમોહ મંદ પડે છે ને અંશે સ્થિરતા થાય છે ત્યારે શ્રાવકદશા પામે છે. રાગ ઘટતાં ઘટતાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે ને વસ્ત્ર પાત્ર લેવાની વૃત્તિ પણ છૂટી જાય છે તે સાચા મુનિ છે. તેઓ વારંવાર આત્માના આનંદમાં ઝૂલે છે.

ભેદજ્ઞાન વિના ચારિત્રદશા થતી નથી. આત્મામાં લીનતા થતાં શ્રાવક થયા પછી અંતર્વીર્યની સ્ફુરણા વધે છે. હું મુનિ થાઉં એવો ભાવ આવે છે ત્યારે સાચો મુનિ થાય છે. હજુ તો જેને શ્રદ્ધાના ઠેકાણાં નથી તેને ચારિત્ર હોતું નથી. જેવો સિદ્ધનો આનંદ છે તેવો આનંદ અંશે મુનિને હોય છે.

અંતરપુરુષાર્થથી વીતરાગી દશા વધે છે ત્યાં કર્મની શક્તિ હીન થાય છે. અહીં કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. કર્મની શક્તિ હીન થાય છે ને ક્રમે ક્રમે કર્મનો નાશ થાય છે. સર્વથા વિશુદ્ધ પરિણામ થવાથી કેવળજ્ઞાન પ્રગટે છે. ત્યાર પછી કેવળજ્ઞાનીને કર્મનો નાશ કરવાનો ઉપાય કરવો પડતો નથી. અત્યારે શ્રી સીમંધર ભગવાનને ચાર કર્મો બાકી છે. તેમને તે ચાર કર્મોનો નાશ કરવા માટે પુરુષાર્થ કરવો પડતો નથી. ઉપદેશનું નિમિત્ત બને ને પોતે પુરુષાર્થ કરે તો કર્મનો નાશ થાય.



વળી જ્યારે કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે તો પુરુષાર્થ થઈ શકતો નથી. આ પણ નિમિત્તનું કથન છે. નિમિત્ત તે નૈમિત્તિક દશાને બતાવે છે. કોઈ જીવ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનતો હોય ને અશુભ રાગાદિમાં તેનું જોડાણ હોય ત્યારે કર્મનો તીવ્ર ઉદય નિમિત્ત હોય છે ને ત્યારે તે ધર્મનો પુરુષાર્થ કરી શકતો નથી. ત્યાં જીવ ઊંધો પુરુષાર્થ તો કરે છે પણ સવળો પુરુષાર્થ કરતો નથી એટલે કે મોક્ષનો પુરુષાર્થ કરતો નથી. ત્યાં પોતાનો પુરુષાર્થ ઓછો હોય ત્યારે ઉપરના ગુણસ્થાનેથી પણ પડી જાય. અહીં કરણાનુયોગની અપેક્ષાએ કર્મની સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે. જીવનો ઊંધો પુરુષાર્થ હોય છે ત્યારે તીવ્ર ઉદય નિમિત્ત હોય છે, માટે તીવ્ર ઉદયને લીધે મંદ પુરુષાર્થ કરે છે ને ઉપરના ગુણસ્થાનેથી પણ પડી જાય છે. ખરેખર તો પોતાની યોગ્યતા મુજબ પડે છે. ત્યાં તો જેવું હોનહાર હોય તેવું જ થાય છે. હોનહાર એટલે પોતાના આત્માની તે વખતની યોગ્યતા મુજબની દશા. કર્મનો તીવ્ર ઉદય નિમિત્તમાત્ર છે, ને નિમિત્ત તો તે જીવના ઊંધા પુરુષાર્થને બતાવે છે. કર્મનો કદી પણ દાવ આવતો નથી, દરેક વખતે ઉપાદાન જ બળવાન છે. ચૈતન્યસૂર્યનો એવો સ્વભાવ છે કે પોતાના ઉપાદાનબળથી જ કાર્ય કરે છે, નિમિત્તનો દાવ નથી. નિમિત્ત ને નૈમિત્તિકને કાળભેદ નથી, બન્ને એક જ સમયે છે.

વળી પોતામાં મિથ્યાત્વની મંદતા ને વિકારની મંદતા હોય ત્યારે પુરુષાર્થ કરવો, પ્રમાદ ન કરવો, સાવધાન થઈ પોતાનું કાર્ય કરવું. જેમ કોઈ પુરુષ નદીના પ્રવાહમાં પડ્યો વહ્યો જતો હોય ત્યાં પાણીનું જોર હોય ત્યારે તો તેનો પુરુષાર્થ કાંઈ ચાલે નહિ ત્યાં તેની તરવાની શક્તિ મંદ છે તેથી પાણીનું જોર નિમિત્ત કહેવાય છે. ત્યાં બીજો બહાર નીકળવાનું કહે પણ કાર્યકારી થતું નથી. પણ પાણીનું જોર થોડું હોય ત્યારે પુરુષાર્થ કરી નીકળવા ઇચ્છે તો નીકળી શકે છે ને તેને નીકળવાની શિક્ષા આપે છે છતાં ન નીકળે તો પ્રવાહે પ્રવાહે વહે ને પાણીનું જોર થતાં વહ્યો વહ્યો ચાલ્યો જાય.

એ જ પ્રમાણે આ જીવ સંસારમાં ભ્રમણ કરે છે, ત્યાં કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે સવળો પુરુષાર્થ નથી, ''કાંઈ પુરુષાર્થ નથી'' એટલે કે ધર્મનો પુરુષાર્થ નથી પણ અવળો પુરુષાર્થ તો કરે છે. ત્યારે ઉપદેશ કાર્યકારી નથી, પણ પોતે સવળો પુરુષાર્થ કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા પામે.

જો મોક્ષમાર્ગમાં ન આવે તો નરક ને નિગોદમાં ચાલ્યો જાય છે. માટે આ ધર્મનો અવસર ચૂકવો યોગ્ય નથી. સર્વ પ્રકારે અવસર આવ્યો છે. સંજ્ઞી પંચેંદ્રિયપણું મળ્યું છે, આવો અવસર પામવો કઠણ છે. માટે પુરુષાર્થ કરવો વ્યાજબી છે, શ્રીગુરુ દયાળુ થઈ મોક્ષમાર્ગને ઉપદેશે છે માટે લાયક જીવોએ તેમાં પ્રવૃત્તિ કરવી.

**જેઠ સુદ ૨, શનિવાર, ૧૩-૬-૫૩.**

અહીં સુધી પીઠિકા બતાવી છે. હવે મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવે છે. મોહકર્મના નિમિત્તથી આત્મા અશુદ્ધ દશા ધારણ કરે છે. નિમિત્ત તે નૈમિત્તિકની જાહેરાત કરે છે. પુણ્ય-પાપ, કામ, ક્રોધ વગેરે

અશુદ્ધ ભાવથી જીવ દુઃખી થયો છે. પર પદાર્થની ઈચ્છા એ જ દુઃખ છે. રાગમાં સુખ માને તે ભ્રમણા છે. આઠે કર્મનો સર્વથા નાશ થતાં આત્માની સર્વ પ્રકારે શુદ્ધ દશા થવી તે મોક્ષ છે. સંસારદશા ટાળીને મોક્ષદશા કરવી હોય તો મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજવું જોઈએ.

**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ.**

પોતાના સ્વરૂપની સંપૂર્ણ શુદ્ધતા તે જ મોક્ષ છે અને મોક્ષનો ઉપાય તે મોક્ષમાર્ગ છે.

હવે કારણની વાત આવે છે. કારણ અનેક પ્રકારના હોય છે, કોઈ કારણ એવા હોય છે કે-

૧) જેના હોવા વિના કાર્ય ન થાય અને જેના હોવાથી કાર્ય થાય વા ન પણ થાય.

મુનિલિંગ-દિગંબરદશા થયા વિના કોઈને કેવળજ્ઞાન ન થાય. પોતે કેવળજ્ઞાન પ્રગટ કરે તો તેને નિમિત્તરૂપ સમર્થકારણ કહે છે પણ અંતરમાં ભાવલિંગ દશા ન હોય તો બાહ્ય નગ્નદશાને અસમર્થકારણ કહે છે. ઉપાદાનમાં ભાવલિંગ પ્રગટે ને બાહ્ય નગ્નપણું ન હોય તેમ બને નહિ.

અહીં કહે છે કે મુનિલિંગ વિના કેવળજ્ઞાન થાય નહિ પણ મુનિલિંગ ધારણ કરતાં મોક્ષ થાય અથવા ન પણ થાય. ભાવલિંગ હોય તો મોક્ષ થાય ને ભાવલિંગ ન હોય તો મોક્ષ ન થાય. ભાવલિંગ હોય તો દ્રવ્યલિંગમાં સમર્થકારણનો આરોપ આવે છે.

**જેઠ સુદ ૩, રવિવાર, ૧૪-૬-૫૩.**

મોક્ષમાર્ગનું સ્વરૂપ ચાલે છે. આત્માની સર્વ પ્રકારે શુદ્ધ અવસ્થા તે મોક્ષ છે ને તેના ઉપાયને મોક્ષમાર્ગ કહે છે. કારણો અનેક પ્રકારના હોય છે. આત્મા શુદ્ધ અખંડ એકરૂપ છે એવી દૃષ્ટિ કરે તેને મોક્ષમાર્ગ થયા વિના રહે નહિ.

૧) અહીં પહેલું કારણ કહે છે. આત્માના દર્શન-જ્ઞાન સહિત ચારિત્ર પ્રગટ કરે ત્યારે નગ્નદશા હોય છે. આમ ઉપાદાન ને નિમિત્ત બે કારણને સમર્થકારણ કહે છે. મુનિલિંગ ધાર્યા વિના મોક્ષ ન થાય. એટલે અંતર્ચારિત્રદશા અને બાહ્ય મુનિલિંગ -બે કારણને સમર્થકારણ કહે છે, પણ આત્માનું જ્ઞાન થયું ન હોય ને બાહ્ય એકલી નગ્નદશા હોય તો તેને અસમર્થકારણ કહે છે. એટલે કે તેનામાં નિમિત્ત થવાની યોગ્યતા નથી. ચારિત્ર પ્રગટે ત્યારે ત્રણ કષાયની પ્રકૃતિનો અભાવ ન હોય એમ બને નહિ. જ્યારે પ્રતિબંધનો અભાવ હોય ને સ્વરૂપલીનતાનો પુરુષાર્થ કરે ત્યારે બાહ્યમાં નગ્નદશા ન હોય એમ બને નહિ. અંતર્ચારિત્રનો પુરુષાર્થ અને બાહ્ય નગ્નદશા -બન્નેને સહકારી સમસ્ત સામગ્રી કહે છે. અને તે વખતે કર્મના પ્રતિબંધનો અભાવ હોય છે તેને સમર્થકારણ કહે છે.

સંયોગ મેળવવાનો પ્રયત્ન કરવો પડતો નથી. અંતરના આશ્રયે રાગ રહિત રુચિ થઈ અંતર સ્થિરતા થાય તે સાચો મોક્ષમાર્ગ છે, ત્યારે કર્મરૂપી પ્રતિબંધનો અભાવ છે ને બીજી સહકારી સામગ્રીનો સદ્ભાવ



હોય છે.

૨) હવે બીજા કારણની વાત છે. કોઈ કારણ એવા છે કે મુખ્યપણે તો જેના હોવાથી કાર્ય થાય તથા કોઈને તે હોવા વિના પણ કાર્ય સિદ્ધ થાય છે.

કેટલાક જીવોને બાર પ્રકારના તપનું નિમિત્ત હોય છે. પરંતુ ભરત આદિ કોઈ જીવોને તપનું નિમિત્ત ન હતું. તે નિમિત્તકારણ હોય જ એવો નિયમ નથી પણ મુનિલિંગ નિમિત્તકારણ હોય જ. આમ નિમિત્તકારણમાં ફેર પાડે છે. તપ ન હોવા છતાં ભરત મહારાજા સ્વભાવમાં લીન થઈ કેવળજ્ઞાન પામ્યા. ઉપાદાનમાં ચારિત્રદશા પ્રગટી હોય તેને કોઈને તપનું નિમિત્ત હોય છે ને કોઈને તે નિમિત્ત હોતું નથી. તપનો નિયમ નથી પણ શરીરની નગ્નદશાનો નિયમ છે. મોક્ષદશામાં મનુષ્યપણું, બાદરપણું, ઉત્તમ સંહનન વગેરે સહકારી સમર્થકારણ છે.

૩) કોઈ કારણ એવા છે કે જેના હોવાથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય જ તથા જેના ન હોવાથી કાર્યસિદ્ધિ સર્વથા ન થાય.

આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. તેના હોવાથી મોક્ષરૂપ કાર્ય સિદ્ધ થાય જ ને આ વિના સર્વથા કાર્ય ન થાય. અને એ વખતે તેને પ્રતિબંધક(કર્મ)નો અભાવ ન હોય એમ બને નહિ.

અહીં ત્રણ કારણ કહ્યા.

૧) મોક્ષ વખતે નિમિત્તકારણરૂપે નગ્નદશા હોય જ એમ કહ્યું.

૨) મોક્ષ થતી વખતે તપનું નિમિત્તકારણ કહ્યું પણ તે હોય જ એવો નિયમ નથી ને

૩) ત્રીજું ઉપાદાનકારણ આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું કારણ હોય જ છે.

આત્માની સંપૂર્ણ શુદ્ધ દશાનો ઉત્પાદ, સંસારરૂપી મલિન દશાનો નાશ ને જીવદ્રવ્યનું ધ્રુવપણું- એમ એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ કારણ એવું છે કે જેના હોવાથી મોક્ષ જરૂર થાય ને ન હોય તો મોક્ષ ન જ થાય. અહીં સમ્યગ્દર્શન અથવા મોક્ષમાર્ગનું કારણ દ્રવ્ય સિદ્ધ કરવું નથી પણ મોક્ષનું કારણ મોક્ષમાર્ગ છે એમ બતાવવું છે.

આત્મા એક સમયમાં પરિપૂર્ણ છે, વર્તમાનદશામાં અલ્પજ્ઞતા ને વિકાર ભલે હો પણ સર્વજ્ઞશક્તિ ભરેલી છે એવા આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરવાથી મોક્ષ થાય છે. તે વખતે નગ્નદશા, મનુષ્ય દેહ, ઉત્તમ સંહનન વગેરે બાહ્ય નિમિત્ત હોય છે. બન્નેને સમર્થકારણ કહે છે ને જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપ પ્રતિબંધનો અભાવ હોય છે.

દીવો પ્રગટવાની લાયકાત વખતે તેલ, ડબો, દીવાસળી વગેરે સહકારી સામગ્રી હોય છે ને પવનરૂપ

પ્રતિબંધનો અભાવ હોય છે. તે બધાને સમર્થકારણ કહે છે.

ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટતી વખતે કેવળી ભગવાનને સહકારી સમર્થકારણ કહે છે ને જે ક્ષાયિક સમકિત પ્રગટ કરતો નથી તેને માટે ભગવાન અસમર્થકારણ કહેવાય. એક જ પદાર્થમાં બે પ્રકારનો આરોપ આવ્યો. ઉપાદાનમાં થતાં કાર્ય મુજબ નિમિત્તમાં આરોપ અપાય છે. કેવળજ્ઞાન વખતે ઉત્તમ સંહનનને સમર્થકારણ કહેવાય છે પણ કેવળજ્ઞાન પ્રગટ ન કરે તો તેને જ અસમર્થકારણ કહેવાય છે. સંહનન તો એનું એ છે છતાં સમર્થકારણ થવાની લાયકાત નથી કેમ કે ઉપાદાનમાં કાર્ય પ્રગટ થયું નથી.

આ ત્રીજું કારણ કે જે ઉપાદાનકારણ છે તેના ઉપર વજન છે. ચૈતન્યસ્વરૂપ આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરે તો મોક્ષદશા જરૂર થાય, બહારના તપથી મોક્ષ થાય અથવા ન થાય. માટે તે નિયમરૂપ નિમિત્ત નથી. આત્માનો પુરુષાર્થ ન હોય ને મોક્ષરૂપી કાર્ય થાય તેમ તો કદી બને નહિ. માટે આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.

આ પ્રમાણે ત્રણ પ્રકારના કારણો કહ્યા. તેમાં અતિશયપણે નિશ્ચયથી આત્માની પૂર્ણદશા અથવા સિદ્ધદશાનો સાધક અથવા કારણસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઐક્યભાવ છે.

પંડિત ટોડરમલજીને ઘણો ક્ષયોપશમ હતો, ઘણા પડખાથી વાત લખી છે. છતાં લોકો સંપ્રદાય નભાવવા, પરંપરા ટકાવવા આ શાસ્ત્ર વાંચતા નથી પણ તેમણે લખેલી આ વાત ઘણી સરસ છે.

શ્વેતાંબર પંદર ભેદે સિદ્ધ કહે છે. તેમાં ગૃહસ્થલિંગે ને સ્ત્રીલિંગે સિદ્ધ કહે છે, તે વાત ખોટી છે. ભરતને કેવળજ્ઞાન થયા પછી દેવ ઓઘો ને મુખપટ્ટી આપે છે તે વાત ખોટી છે. નગ્ન મુનિદશા થયા વિના કેવળજ્ઞાન થાય જ નહિ. સ્ત્રીને મુનિલિંગ હોય નહિ ને કેવળજ્ઞાન થાય નહિ.

હવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાંથી એક પણ ન હોય તો મોક્ષમાર્ગ થાય નહિ. એ ત્રણેની એકતા તે મોક્ષમાર્ગ છે. તે જુદા જુદા ત્રણ માર્ગ નથી, વ્યવહાર મોક્ષમાર્ગ નથી એ વાત આવી ગઈ પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાંથી એક ન હોય તો મોક્ષમાર્ગ થતો નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે મોક્ષમાર્ગ નથી, તે તો ઘીના ઘડાની જેમ મોક્ષમાર્ગ કહેવાય છે પણ ખરેખર મોક્ષમાર્ગ નથી.

આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા એ ત્રણે મળીને એક મોક્ષમાર્ગ છે. એક પણ ઓછું હોય તો મોક્ષમાર્ગ નથી તો પછી રાગને મોક્ષમાર્ગ કેવી રીતે કહેવાય ? ન જ કહેવાય.

**જેઠ સુદ ૪, સોમવાર, ૧૫-૬-૫૩.**

અહીં મોક્ષમાર્ગનું સ્વરૂપ કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ ત્રણ થઈને એક મોક્ષમાર્ગ છે, ત્રણ મોક્ષમાર્ગ નથી.



**પ્રશ્ન** : નિમિત્તની ક્રિયા મોક્ષમાર્ગ નથી, રાગાદિ પરિણામ મોક્ષમાર્ગ નથી પણ ચૈતન્યસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. તો પછી અસંયત સમ્યગ્દષ્ટિને ચારિત્ર નથી તો તેને મોક્ષમાર્ગ છે કે નહિ ? ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન છે પણ ચારિત્ર નથી તો તેને મોક્ષમાર્ગ છે કે નહિ ?

**ઉત્તર** : હું આત્મા શુદ્ધ આનંદકંદ સિદ્ધ સમાન છું એવી પ્રતીતિ થઈ છે તેને ચારિત્ર આવ્યા વિના રહેશે નહિ. તે નિયમથી ચારિત્ર પ્રગટ કરશે -એની અપેક્ષાએ મોક્ષમાર્ગ ઉપચારથી કહીએ છીએ. સમ્યગ્દર્શન થતાં ચારિત્ર આવ્યા વિના રહે નહિ. ચારિત્ર થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થશે. તેથી મોક્ષમાર્ગ વર્તમાનમાં નહિ હોવા છતાં તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહે છે. જેવું સત્ય છે તેવું પ્રતીતિમાં આવ્યું છે, તેને રમણતા થશે જ તેથી સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાને ઉપચારથી મોક્ષમાર્ગ કહે છે. ખરેખર તો છઠ્ઠે ગુણસ્થાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થાય છે. મુનિને એકવાર નિર્દોષ આહાર લેવાની વૃત્તિ હોય છે, તેવા વનવિહારી મુનિને ચારિત્ર પ્રગટ થતાં મોક્ષમાર્ગ કહેવાય છે.

જેમ કોઈ પુરુષને કોઈ નગરમાં જવાનો નિશ્ચય થયો તેથી તેને વ્યવહારથી એમ પણ કહીએ છીએ કે 'આ અમુક નગર જાય છે' પણ પરમાર્થથી માર્ગમાં ગમન કરતાં ચાલવું થશે. તેમ ચોથા ગુણસ્થાને ધર્મી જીવને ઈંદ્રિયોના વિષયો સર્વથા ટળ્યા નથી તથા અપ્રત્યાખ્યાન ને પ્રત્યાખ્યાન કષાય ટળ્યા નથી પણ પુણ્ય-પાપ રહિત એકલા સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન થયા છે તેથી તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. પ્રવચનસારમાં પણ મુનિને ખરેખર મોક્ષમાર્ગ કહ્યો છે. જ્ઞાયક સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા એ એક જ મોક્ષમાર્ગ છે. અસંયત સમ્યગ્દષ્ટિને વીતરાગ ભાવનું શ્રદ્ધાન થયું છે. તેથી વ્યવહારે મોક્ષમાર્ગ કહીએ છીએ એ પણ પરમાર્થથી છઠ્ઠે-સાતમે ગુણસ્થાને વીતરાગભાવરૂપ દશા થતાં મોક્ષમાર્ગ થશે. મુનિ આખી દુનિયાથી ઉદાસ થયા છે, તેમને રોમેરોમ વૈરાગ્ય છે, એક વાર આહાર લેવાની વૃત્તિ ઊઠે તેને પણ પ્રમાદ માને છે. તેઓ ધ્યાનના કામી છે. આમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થતાં મુનિપણું અથવા મોક્ષમાર્ગ છે. અહીં મોક્ષનું કારણ મોક્ષમાર્ગ છે. તે કારણથી મોક્ષ થાય જ -એમ બતાવે છે.

અહીં સમ્યગ્દર્શનને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. જ્યારે સમયસારમાં સમ્યગ્દર્શન થયું એટલે મોક્ષ થયો ને મિથ્યાત્વ જતાં સંસાર રહેતો નથી એમ કહ્યું છે. ત્યાં દ્રવ્યની શ્રદ્ધા અપેક્ષાએ મુક્તિ કહેલ છે. પર્યાયમાં મુક્તિ નથી પણ મોક્ષના કારણરૂપ મોક્ષમાર્ગ પણ વ્યવહારથી છે માટે અપેક્ષા સમજવી જોઈએ.

માટે એમ જાણવું કે તત્ત્વ શ્રદ્ધાન વિના તો રાગાદિ ઘટાડવા છતાં પણ મોક્ષમાર્ગ નથી. આહાર પ્રત્યે રાગ ઘટાડે, કષાયમંદતા કરે, ઉપવાસ કરે છતાં તે મોક્ષમાર્ગ નથી. મોક્ષનું ખરું કારણ તો યથાર્થ મોક્ષમાર્ગ છે.

વળી સ્વરૂપની લીનતા થયા વિના તત્ત્વ શ્રદ્ધાન, જ્ઞાનથી પણ મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન થવા છતાં રાગ ન ઘટે ને ત્રણ કષાયનો નાશ ન થાય ત્યાં સુધી મોક્ષમાર્ગ નથી. તત્ત્વ શ્રદ્ધાન ને જ્ઞાન સાથે હોય છે છતાં ચારિત્ર વિના મોક્ષમાર્ગ નથી. તત્ત્વ શ્રદ્ધાન, જ્ઞાન ને રાગનો ઘટાડો -એ ત્રણે મળ્યેથી મોક્ષમાર્ગ થાય છે. મુનિને સાક્ષાત્ મોક્ષમાર્ગ છે, ચોથે ગુણસ્થાને પરંપરાએ મોક્ષમાર્ગ છે. ચારિત્ર તે સાક્ષાત્ ધર્મ છે, ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન ને જ્ઞાન વિના ચારિત્ર ન હોય ને ચારિત્ર વિના મોક્ષમાર્ગ ન હોય.

હવે મોક્ષમાર્ગનું નિર્દેશ, લક્ષણનિર્દેશ તથા પરીક્ષા દ્વારા નિરૂપણ કરીએ છીએ. ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે એવા શબ્દો કહેવા તે તો નિર્દેશ જાણવો તથા તેનું લક્ષણ એવું હોવું જોઈએ કે તે વડે તેને જ ઓળખી શકાય, તેમાં કાંઈ દોષ ન આવવો જોઈએ. મોક્ષમાર્ગનું લક્ષણ તેના પૂરા ભાગમાં વ્યાપવું જોઈએ, તે અવ્યાપ્તિ દોષ રહિત છે. તેના સિવાય બીજે વ્યાપવું ન જોઈએ, તે અતિવ્યાપ્તિ દોષ રહિત છે. ને તે લક્ષણ તેમાં ન હોય તેમ બને નહિ તે અસંભવ દોષ રહિત છે. આમ ત્રણ પ્રકારના દોષ રહિત હોય તે સાચું લક્ષણ છે. તેનું જે નિરૂપણ કરવું તેને લક્ષણનિર્દેશ કહે છે.

ત્યાં જેને ઓળખવાનું હોય તેનું નામ લક્ષ્ય છે, તે સિવાય અન્યનું નામ અલક્ષ્ય છે. સમ્યગ્દર્શન લક્ષ્ય છે ને તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ છે.

હવે જે લક્ષ્ય અને અલક્ષ્ય બન્નેમાં હોય એવું લક્ષણ અતિવ્યાપ્તિ દોષવાળું જાણવું. આત્માનું લક્ષણ અમૂર્તિક કહે તો તે ખોટું છે. અમૂર્તપણું આત્મામાં છે ને ધર્માદિ દ્રવ્યમાં પણ છે તેથી તે ખરું લક્ષણ નથી. તે અતિવ્યાપ્તિ દોષવાળું લક્ષણ છે. લક્ષણ વડે એક પદાર્થને બીજા પદાર્થોથી જુદો પાડી શકાય. અમૂર્તપણાથી આત્મા એક જ ઓળખી શકાય નહિ કારણ કે તે લક્ષણ ધર્માદિ દ્રવ્યમાં પણ વ્યાપે છે. માટે અમૂર્તપણું આત્માનું સાચું લક્ષણ નથી, તે અતિવ્યાપ્તિ દોષવાળું છે. જે લક્ષણ લક્ષ્યને જ ઓળખાવે તે લક્ષણ સાચું છે. અમૂર્તપણાથી આત્માને ઓળખે તો આકાશાદિ પણ આત્મા થઈ જાય -એ દોષ આવે.

જે લક્ષણ કોઈ લક્ષ્યમાં તો હોય તથા કોઈમાં ન હોય એ પ્રમાણે લક્ષ્યના એક ભાગમાં વ્યાપે એવું લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું છે. આત્માનું લક્ષણ કેવળજ્ઞાન કહેવામાં આવે તો અનંતા સિદ્ધો ને કેવળીમાં કેવળજ્ઞાન છે પણ તે સિવાય છદ્મસ્થ જીવોમાં કેવળજ્ઞાન વ્યાપતું નથી. માટે કેવળજ્ઞાન લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું છે.

અજ્ઞાની સાવદ્ય-નિરવદ્યની વાતો કરે છે પણ તેના લક્ષણની તો તેને ખબર નથી. સાવદ્ય ને નિરવદ્ય તે આત્માના પરિણામ છે. સ્વભાવના લક્ષે રાગ રહિત દશા કરે તે નિરવદ્ય છે ને આત્માના ભાન વિના એકલા શુભાશુભ પરિણામ કરે તે સાવદ્ય છે. વળી અજ્ઞાની કહે છે કે મેઘકુમારના જીવે હાથીના ભવમાં પગ ઊંચો કર્યો ને સસલું બચી ગયું, તે બચાવવાના શુભ પરિણામને અજ્ઞાની નિરવદ્ય



કહે છે ને ધર્મ કહે છે. પણ તે વાત ખોટી છે. તે શુભ પરિણામ સાવદ્ય છે, તે પુણ્યબંધનું કારણ છે. જો શુભ ભાવને નિરવદ્યપણાનું લક્ષણ માનવામાં આવે તો અભવીમાં પણ તે લાગુ પડશે ને તો અભવીનો પણ મોક્ષ થઈ જશે. પણ તે સાચું લક્ષણ નથી, તે અતિવ્યાપ્તિ દોષવાળું છે.

અહીં અવ્યાપ્તિ દોષની વાત ચાલે છે. કેવળજ્ઞાનને જીવનું લક્ષણ કહેવામાં આવે તો કેવળજ્ઞાન બધા જીવોમાં હોતું નથી, એ વડે આત્મા ઓળખવામાં આવે તો અલ્પજ્ઞાની જીવ આત્મા ન ઠરે.

વળી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના રાગને સમ્યગ્દર્શનનું લક્ષણ કહેવામાં આવે તો અવ્યાપ્તિ દોષ આવે છે. કારણ કે કેવળી ભગવાનમાં તેવો રાગ નથી, છતાં ભગવાનને સમ્યગ્દર્શન છે. વળી તેવો રાગ મિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ હોય છે, તો સમ્યગ્દર્શન મિથ્યાદૃષ્ટિમાં વ્યાપી જશે ને અતિવ્યાપ્તિ દોષ આવશે, માટે તે સાચું લક્ષણ નથી.

લક્ષણ લક્ષ્યની બધી જાતમાં હોવું જોઈએ, કોઈમાં હોય ને કોઈમાં ન હોય તો અવ્યાપ્તિ દોષ આવે.

હવે ત્રીજા દોષની વાત કરે છે. જે લક્ષણ લક્ષ્યમાં હોય નહિ તે લક્ષણમાં અસંભવ દોષ આવે છે.

આત્મા મૂર્ત છે એમ કહે તો તે અસંભવ દોષ છે. કોઈ આત્મામાં જડપણું હોઈ શકે નહિ, તે લક્ષણ પ્રત્યક્ષ પ્રમાણાદિથી વિરુદ્ધ છે, માટે તે આત્માનું લક્ષણ નથી. જો જડપણું આત્માનું લક્ષણ કહેવામાં આવે તો પુદ્ગલાદિ આત્મા થઈ જાય ને આત્મા અનાત્મા થઈ જાય. કોઈ જીવ સમજતો ન હોય તેને જડ જેવો કહે પણ તેથી તે જડ થઈ જતો નથી.

એ પ્રમાણે જે અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવિત લક્ષણ હોય તે લક્ષણ સાચા નથી. જે લક્ષણ, જે વસ્તુ ઓળખાવવાની હોય તે બધામાં હોય ને અલક્ષ્યમાં ન વ્યાપે - ન હોય તેમ બને નહિ તે સાચું લક્ષણ છે. આત્માનું લક્ષણ ચૈતન્ય છે. જાણવું દેખવું તે લક્ષણ છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવોમાં તે છે માટે તે સાચું લક્ષણ છે. અમૂર્તપણું, કેવળજ્ઞાન ને જડપણું દ્વએ આત્માનું સાચું લક્ષણ નથી. ચૈતન્ય લક્ષણ અભવીમાં છે, નિગોદમાં છે ને સિદ્ધમાં પણ છે. બધા આત્મામાં છે ને અનાત્મામાં હોતું નથી માટે તે સાચું લક્ષણ છે, એ વડે આત્મા માનતાં આત્મા ને અનાત્માનું સાચું જ્ઞાન થાય છે ને કોઈ દોષ આવતો નથી.

એ પ્રમાણે લક્ષણનું સ્વરૂપ ઉદાહરણમાત્ર કહ્યું.

**જેઠ સુદ ૫, મંગળવાર, ૧૬-૬-૫૩.**

## શ્રુતપંચમીનો ઈતિહાસ

આજે શ્રુતપંચમીનો દિવસ છે. ભગવાન મહાવીર પ્રભુ સર્વજ્ઞ હતા, તેમના પછી ગૌતમસ્વામી,

સુધર્માસ્વામી અને જંબુસ્વામી કેવળી થયા; ત્યાર પછી અનુક્રમે બીજા આચાર્યો થયા. પછી ધરસેનાચાર્ય થયા. તેમને અંગપૂર્વનું એકદેશ જ્ઞાન હતું. ભગવાનના દિવ્યધ્વનિની પરંપરાથી આવેલું ભાવશ્રુતજ્ઞાન તેમને હતું. પછી તે જ્ઞાન તેમણે પુષ્પદંત અને ભૂતબલિ આચાર્યને આપ્યું, તે આચાર્યોએ તે જ્ઞાનને શાસ્ત્રમાં રચી આજે પૂર્ણ કર્યું, તે શાસ્ત્રના મહોત્સવનો આજે દિવસ છે. ભગવાનની વાણીના નિમિત્તે પોતાને ભાવશ્રુતજ્ઞાન થયું તેથી તે ભાવશ્રુતના કર્તા ભગવાન છે -એમ નિમિત્તથી કહેવાય છે.

ધરસેનાચાર્યે જોયું કે મારા પછી મને જેટલું શ્રુતજ્ઞાન વર્તે છે તેટલા શ્રુતજ્ઞાનનો ધારક કોઈ નથી, તેથી શ્રુતનો વિચ્છેદ થવાના ભયથી બે મુનિઓને બોલાવ્યા. તે મુનિઓ આવતા હતા ત્યારે તેમને એવું મંગલ સ્વપ્ન આવ્યું કે બે ધોરી બળદ આવીને ચરણે નમે છે. તે જોઈને એમ થયું કે અહો શ્રુતની ધારા અવિચ્છિન્ન રહેશે, એટલે ઉલ્લાસથી એમ બોલ્યા કે **''जय हो श्रुतदेवतानो''** -પછી બીજે દિવસે સવારમાં બે મુનિઓ આવ્યા. તેઓ બન્ને મહા વિનયવંત, શીલવંત, ગંભીર અને બુદ્ધિના દરિયા હતા. આવીને ભક્તિથી ગિરનાર ઉપર ધરસેનાચાર્યદેવની પ્રદક્ષિણા કરી. બે દિવસ સુધી તો આચાર્ય કાંઈ બોલ્યા નહિ છતાં મુનિઓએ ધીરજ અને શાંતિ રાખી. ત્રીજે દિવસે વાત કરી ત્યારે આચાર્યદેવે આશીર્વાદ આપ્યા અને પરીક્ષા કરીને શાસ્ત્રજ્ઞાન આપવાની શરૂઆત કરી. ભગવાનની પરંપરાની વાણી અવિચ્છિન્ન રહેવાના મૂળિયાં અહીંથી રોપાયા. શાસ્ત્રજ્ઞાન પૂરું અપાઈ રહ્યા પછી દેવોએ વાજા વગાડીને તે મુનિઓની પૂજા કરી અને આચાર્યે તેમના નામ ભૂતબલિ અને પુષ્પદંત પાડ્યાં. પછી ગુરુએ ત્યાંથી તેમને વિદાય આપી. ત્યાંથી તેઓ અંકલેશ્વર ગયા અને ત્યાં જિનપાલિત નામના એક પાત્ર શિષ્ય હતા તેમને દીક્ષા આપી. અને પુષ્પદંત તથા ભૂતબલિ આચાર્યોએ તે શાસ્ત્રોને લિપિબદ્ધ કર્યા. અહો ! સર્વજ્ઞ ભગવાનના દિવ્યધ્વનિ સાથે સંધિ રાખનારી વીતરાગી વાણી આજે લિપિબદ્ધ થઈ અને ચતુર્વિધ સંઘે તેનો મોટો મહોત્સવ કર્યો, તેનો આજે દિવસ છે. આજનો દિવસ શ્રુતજ્ઞાનની ધારા અવિચ્છિન્ન રહેવાનો છે. આ ષટ્ખંડાગમની ટીકા કુંદકુંદાચાર્યદેવે પણ રચી હતી. પહેલા આ ષટ્ખંડાગમ રચાયા ને પછી સમયસારાદિ અધ્યાત્મશાસ્ત્રો રચાયા.

આવા વીતરાગી આગમ જ સર્વ અજ્ઞાનનો નાશ કરીને ધર્મતીર્થ કરનાર છે. આજે દિગંબરોમાં ઠેકઠેકાણે શ્રુતનો મહોત્સવ ઊજવાશે. મૂળ તો દિગંબર એક જ પ્રકાર જૈનમાં હતો. બીજા શ્વેતાંબર અને સ્થાનકવાસી વગેરે ફાંટા તો પાછળથી નીકળ્યા. દિગંબર સંતોએ યથાર્થ પરંપરા જાળવી રાખી છે. એ પ્રમાણે આજે શ્રુતજ્ઞાનની ધારાનો પવિત્ર દિવસ છે. શ્રુતજ્ઞાનપંચમી તો ખરેખર આજે જ છે-જ્ઞાનપૂજાનો આજે દિવસ છે.

× × × ×

હવે મોક્ષમાર્ગ પ્રકાશકમાં મોક્ષમાર્ગનું વર્ણન ચાલે છે. તેમાં મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ છે, તે સમ્યગ્દર્શન વગેરેનું લક્ષણ અહીં બતાવે છે.



આત્માનું લક્ષણ ચૈતન્ય છે, તે લક્ષણ અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ તેમ જ અસંભવ એવા ત્રણે દોષથી રહિત છે. તે ચૈતન્યલક્ષણ વડે આત્માને ઓળખતાં આત્મા અને અનાત્માનું યથાર્થ જ્ઞાન થઈ જાય છે.

૧) અમૂર્તપણાથી જીવને ઓળખતાં અતિવ્યાપ્તિ દોષ આવે છે કેમ કે અમૂર્તપણું તો જીવ સિવાય બીજા આકાશ વગેરે પદાર્થોમાં પણ છે.

૨) જીવનું લક્ષણ કેવળજ્ઞાન કહેતાં તેમાં અવ્યાપ્તિ દોષ આવે છે કેમ કે બધા જીવોમાં કેવળજ્ઞાન હોતું નથી.

૩) જીવનું લક્ષણ જડપણું કહો તો તેમાં અસંભવ દોષ આવે છે કેમ કે જડપણું જીવમાં હોતું જ નથી.

માટે જીવનું લક્ષણ ચૈતન્ય જ છે. તે જ નિર્દોષ લક્ષણ છે; તે લક્ષણથી જીવ ઓળખાય છે.

આ પ્રમાણે જીવના લક્ષણનો તો દાખલો આપ્યો છે, અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેનું લક્ષણ બતાવવું છે. સંતોએ કહેલા આગમોનો સાર મેળવીને પંડિત ટોડરમલજીએ આ શાસ્ત્રની રચના કરી છે. પણ હજી સમ્યગ્દર્શનનું પૂરું વર્ણન પણ થયું નહિ ત્યાં તો તેમનો દેહાંત થઈ ગયો ને આ શાસ્ત્ર અધૂરું રહી ગયું છે.

સમ્યગ્દર્શનનું લક્ષણ શું છે તે બતાવે છે.

વિપરીત અભિનિવેશ રહિત જીવાદિ તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. અહીં સાત તત્ત્વોની વાત લીધી તેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર પણ સમાઈ જાય છે. જુઓ, અહીં મોક્ષમાર્ગના સમ્યગ્દર્શનની વાત છે. એટલે નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું તે વ્યવહાર સમ્યગ્દર્શન નથી પણ નિશ્ચય સમ્યગ્દર્શન છે. જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા ને મોક્ષ એ સાતે તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા થવી જોઈએ. સંવર-નિર્જરા તત્ત્વની શ્રદ્ધામાં ગુરુની શ્રદ્ધા સમાઈ જાય છે અને મોક્ષ તત્ત્વમાં દેવની શ્રદ્ધા આવી જાય છે.

જીવ તે જીવ છે, ને અજીવ નથી. જીવને લીધે શરીરાદિ નથી, ને શરીરાદિને લીધે જીવ નથી, જીવ અને અજીવ તત્ત્વો બન્ને ભિન્ન ભિન્ન છે. જીવ તો જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય છે, ને શરીરાદિ અજીવ છે. આત્માને લીધે શરીર ચાલે છે એમ જે માને છે તેને જીવ-અજીવની શ્રદ્ધા નથી.

આસ્રવ એટલે આત્માની પર્યાયમાં પુણ્ય-પાપ વગેરે વિકારી ભાવો, તેને જે ધર્મ માને તેને આસ્રવ તત્ત્વની શ્રદ્ધા નથી. તેણે સાત તત્ત્વોને જુદા માન્યા નથી. જેમ એક તરબૂચની સાત ચીર કરી હોય -ત્યાં કોઈ છોકરો બે ભાગ લઈ લ્યે, તો સાત ભાગ રહેતા નથી. તેમ આ જગતમાં જીવ, અજીવ વગેરે સાત તત્ત્વો છે, તેને જેમ છે તેમ સ્વતંત્ર ન જાણે ને એકને બીજામાં ખતવી દ્યે -તો તેને

સાત તત્ત્વોની પ્રતીત નથી. ભગવાન સર્વજ્ઞ પિતાએ સાત તત્ત્વોના સાત ભાગ પાડીને ઓળખાવ્યા છે. તેમાં કર્મને લીધે જીવને વિકાર માને તો તેણે પોતાનો ભાગ જાણ્યો નથી. સાત તત્ત્વો છે તે દરેકના લક્ષણ જુદા જુદા છે, દરેક તત્ત્વ પોતપોતાના લક્ષણથી ઓળખાય છે.

જીવ તત્ત્વની તાકાત પોતાના ગુણ-પર્યાયમાં છે પણ જીવની તાકાત શરીર વગેરે અજીવમાં નથી. આ પ્રમાણે સાત તત્ત્વોને જેમ છે તેમ જાણીને શ્રદ્ધા કરવી તે તત્ત્વાર્થ શ્રદ્ધાન છે અને તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

બંધ ભાવથી ધર્મ માને તો તેણે બંધ તત્ત્વનો ભાગ છીનવી લીધો છે, તેને સાત તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી.

સંવર-નિર્જરા તે જીવની શુદ્ધ પર્યાય છે, તેને પરને લીધે માને તો તેણે તે તત્ત્વોને માન્યા નહિ. શરીરની ક્રિયાથી સંવર-નિર્જરા માને તો તેણે સંવર-નિર્જરાનો ભાગ લૂંટીને અજીવને આપી દીધો.

મોક્ષ તે આત્માની પૂર્ણાનંદમય વીતરાગ દશા છે, તેને બદલે પુણ્યથી મોક્ષ બતાવે કે મોક્ષ થયા પછી ફરીને અવતાર મનાવે તો તેણે મોક્ષ તત્ત્વને લૂંટી લીધું છે. તેને મોક્ષ તત્ત્વની શ્રદ્ધા નથી.

જીવાદિ સાતે તત્ત્વો જે પ્રમાણે ભગવાને સ્વતંત્ર કહ્યા છે તે પ્રમાણે ઓળખીને "આ તત્ત્વ આમ જ છે, બીજી રીતે નથી" એમ પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

જુઓ, શાસ્ત્ર અજીવ છે, પણ તે શાસ્ત્રના કથન કરનારા સંતોનો ભાવ કેવો છે ? તેને જો ન ઓળખે તો તેને તત્ત્વની ઓળખાણ થતી નથી. અહો ! સંતોએ તો ગજબના કામ કર્યા છે.

ભગવાન સાચા, પણ ભગવાને શું કહ્યું તે ઓળખે નહિ તો પોતાને યથાર્થ શ્રદ્ધા થાય નહિ. ભાવોની બરાબર ઓળખાણ પોતાને થવી જોઈએ. વિપરીત અભિનિવેશ એટલે ઊંધો અભિપ્રાય-તેનાથી રહિત એવું તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનમાં "સમ્યક્" શબ્દનો અર્થ વિપરીત માન્યતા રહિત છે, અને દર્શન તે પ્રતીતિ છે. સમ્યક્ શબ્દ તે પ્રશંસાવાચક છે. વિપરીતતા રહિત યથાર્થ શ્રદ્ધાન કરવી તે જ પ્રશંસાવાચક છે. ઊંધી માન્યતાનો જેની શ્રદ્ધામાં અભાવ છે તે જ પ્રશંસાવાચક છે. જુઓ, આ મોક્ષમાર્ગનું મૂળિયું !

જ્યાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં પણ ભૂલ છે ત્યાં સાતે તત્ત્વમાં ભૂલ પડી જ છે. મુનિદશા ન હોય છતાં તેમાં મુનિદશા માને તો તેને સાત તત્ત્વોની શ્રદ્ધા નથી. સર્વજ્ઞ ભગવાનની પરંપરામાં જેવું સાત તત્ત્વોનું તેમ જ દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ કહ્યું તેવું જ બરાબર ઓળખે તેની શ્રદ્ધા જ પ્રશંસાવાચક છે. સમ્યક્દર્શન કહો કે પ્રશંસાયોગ્ય શ્રદ્ધાન કહો. શ્રદ્ધાનમાં વિપરીતતા ટળીને સાચી શ્રદ્ધા થાય તે જ પ્રશંસા યોગ્ય છે.

**પ્રશ્ન** : અહીં તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં તત્ત્વ અને અર્થ એવા બે શબ્દો કહ્યા છે તેનું શું પ્રયોજન છે?



**ઉત્તર** : 'તત્' શબ્દ છે તે 'યત્' શબ્દની અપેક્ષા સહિત છે તેથી જેનું પ્રકરણ હોય તેને 'તત્' કહીએ છીએ અને જેનો જે ભાવ અર્થાત્ સ્વરૂપ છે તેને તત્ત્વ જાણવું. કારણ કે '**તસ્યભાવસ્તત્ત્વં**' એવો તત્ત્વ શબ્દનો સમાસ થાય છે, તથા જાણવામાં આવતાં એવા જે દ્રવ્ય વા ગુણ પર્યાય છે તેનું નામ અર્થ છે. વળી '**તત્ત્વેન અર્થસ્તત્ત્વાર્થઃ**' તત્ત્વ કહેતાં પોતાનું સ્વરૂપ, એ વડે સહિત પદાર્થનું શ્રદ્ધાન, તે સમ્યગ્દર્શન છે. અહીં જો 'તત્ત્વ શ્રદ્ધાન' જો કહીએ તો જેનો આ ભાવ(તત્ત્વ) છે તેના શ્રદ્ધાન વિના કેવળ ભાવનું જ શ્રદ્ધાન કાર્યકારી નથી, તથા જો 'અર્થશ્રદ્ધાન' જ કહીએ તો ભાવના શ્રદ્ધાન વિના કેવળ પદાર્થશ્રદ્ધાન પણ કાર્યકારી નથી.

જાણવામાં આવતાં એવા જે દ્રવ્ય-ગુણ-પર્યાયો તે બધા અર્થો છે. તે પદાર્થોનું સ્વરૂપ તે તત્ત્વ છે. તત્ત્વ એટલે પોતાનું સ્વરૂપ અથવા પોતાનો ભાવ; તે ભાવ સહિત વસ્તુ તે અર્થ છે. સાતે તત્ત્વો તે અર્થ છે અને તેમનો પોતાનો જે ભાવ છે તે તત્ત્વ છે. આવા તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. તત્ત્વોના ભાવનું ભાસન થયા વિના સાચી પ્રતીતિ થાય નહિ. વસ્તુ શું અને તેનું સ્વરૂપ શું -તે જાણીને શ્રદ્ધા કરે તો યથાર્થ પ્રતીતિ થાય. માટે કહ્યું કે વિપરીત માન્યતા રહિત તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

## "તત્ત્વાર્થ શ્રદ્ધાનનું"નું રહસ્ય

### જેઠ સુદ ૬, બુધવાર, ૧૭-૬-૫૩.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે; તેમાં અહીં સમ્યગ્દર્શનના લક્ષણનું વર્ણન ચાલે છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. જીવાદિ પદાર્થોને તત્ત્વ પણ કહેવાય અને તત્ત્વાર્થ પણ કહેવાય. પદાર્થોનું પોતાનું સ્વરૂપ તે તત્ત્વ છે અને તે સ્વરૂપ સહિત પદાર્થોની શ્રદ્ધા તે તત્ત્વાર્થ શ્રદ્ધા છે. વસ્તુને જાણ્યા વગર તેના એકલા ભાવનું શ્રદ્ધાન કરે તે યથાર્થ નથી, કેમ કે તે ભાવ કોનો ? વસ્તુ વગર ભાવ કોનો ? તેમ જ વસ્તુને માને પણ તેનો જેવો ભાવ છે તેવો ન જાણે તો યથાર્થ શ્રદ્ધા નથી. 'આત્મા' એમ કહે પણ 'આત્મા' વસ્તુ કેવી છે તેનું સ્વરૂપ ન જાણે તો તત્ત્વની શ્રદ્ધા થાય નહિ. અને 'જ્ઞાનસ્વરૂપ' એમ કહે પણ તે જ્ઞાનસ્વરૂપ આત્માનું છે -એમ ન જાણે- તો વસ્તુના ભાન વગર તત્ત્વની સાચી શ્રદ્ધા થાય નહિ; માટે વસ્તુ અને તેના ભાવને ઓળખવાથી જ યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય છે.

જેમ કોઈને જ્ઞાન-દર્શનાદિક વા વર્ણાદિકનું તો શ્રદ્ધાન હોય કે 'આ જાણપણું છે, આ શ્વેતવર્ણ છે' ઈત્યાદિ પ્રતીતિ તો હોય પરંતુ જ્ઞાન-દર્શન આત્માનો સ્વભાવ છે અને હું આત્મા છું તથા વર્ણાદિક પુદ્ગલનો સ્વભાવ છે અને પુદ્ગલ મારાથી ભિન્ન જુદો પદાર્થ છે એ પ્રમાણે પદાર્થનું શ્રદ્ધાન ન હોય તો માત્ર ભાવનું શ્રદ્ધાન પણ કાંઈ કાર્યકારી નથી. વળી 'હું આત્મા છું' એવું શ્રદ્ધાન કર્યું પણ

આત્માનું સ્વરૂપ જેવું છે તેવું શ્રદ્ધાન ન કર્યું તો ભાવના શ્રદ્ધાન વિના પદાર્થનું શ્રદ્ધાન પણ કાર્યકારી નથી.

હું જ્ઞાન-દર્શનરૂપ સ્વભાવનો ધરનાર આત્મા છું ને વર્ણાદિ સ્વભાવને ધારક પુદ્‌ગલ છે તે મારાથી ભિન્ન છે -આમ ઓળખ્યા વગર સ્વ-પરનું ભેદજ્ઞાન થાય નહિ, સત્ય તત્ત્વશ્રદ્ધાન તે જ આત્માને હિતકારી છે, તે જ આત્માને કલ્યાણકારી છે, મોક્ષના ઉપાયનું મૂળ તે જ છે. વસ્તુ અને વસ્તુનો સ્વભાવ જાણીને યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે. હાથ ચાલે તો તે હાથ ચાલવાની ક્રિયા તે પુદ્‌ગલનો ભાવ છે, જીવથી તે ભિન્ન છે. જીવ તો જ્ઞાન-દર્શનસ્વભાવી છે. દ્વઆ તત્ત્વની સમજાણ કરવી- તે કરવા જેવું છે. બહારના ભણતર ભણવાની મહેનત કરે પણ ત્યાં તો પુણ્ય હોય તો જ પાસ થાય; ત્યાં પ્રયત્ન નકામો છે, અને આ તત્ત્વની સમજણનો યથાર્થ પ્રયત્ન કરે તો તે પ્રયત્ન સફળ થયા વિના રહે નહિ.

આત્મા જ્ઞાન-દર્શનસ્વરૂપ છે, શરીરથી જુદો છે દ્વએમ કહે અને વળી એમ કહે કે આત્મા શરીરને ચલાવે, -તો તેને જીવ-અજીવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી, તે અજીવના ભાવને જીવમાં માને છે ને જીવના ભાવને અજીવમાં માને છે. જો જીવ અને અજીવ પદાર્થને તેના ભાવો સહિત ઓળખે તો જીવના ભાવને અજીવમાં ન માને ને અજીવના ભાવને જીવમાં ન માને; એટલે જીવ શરીરને ચલાવે કે શરીરની ક્રિયાથી જીવને ધર્મ-અધર્મ થાય એમ માને નહિ.

સાત તત્ત્વમાં તો બધી વાત આવી જાય છે. સાત તત્ત્વમાં જેનો જે ભાવ છે તે તેની સાથે સંબંધ ધરાવે છે. જીવનો ભાવ જીવ સાથે સંબંધ ધરાવે છે ને અજીવનો ભાવ અજીવ સાથે સંબંધ ધરાવે છે. શરીરની ક્રિયા પલટવી તે અજીવનો ભાવ છે, જીવનો ભાવ નથી. એટલે કે જીવને લીધે તે ક્રિયા થઈ નથી.

મોક્ષમાર્ગ તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા છે. તેમાં હજી સમ્યગ્દર્શન કોને કહેવું તેની વાત ચાલે છે. સમ્યગ્દર્શન બહારની વસ્તુ નથી, પણ જીવાદિ તત્ત્વાર્થની યથાર્થ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. આવું સમ્યગ્દર્શન તે આત્માને હિતકર છે.

જ્ઞાન-દર્શન સ્વભાવ છે, -પણ કોનો ? કે જીવ પદાર્થનો; અને તે જીવ હું જ છું. હું જીવ પદાર્થ છું ને જ્ઞાન-દર્શન મારો ભાવ છે. -આમ જીવની શ્રદ્ધા કરવી, અને પુદ્‌ગલદ્રવ્ય મારાથી ભિન્ન છે, વર્ણ વગેરે તેનો ભાવ છે-તે મારાથી ભિન્ન છે. આમ જીવ-અજીવને ભિન્ન ભિન્ન ઓળખે તો યથાર્થ શ્રદ્ધા થાય.

''હું આત્મા છું'' એમ તો ઘણા કહે છે. પણ આત્માનું સ્વરૂપ શું છે - આત્માનો ભાવ શું છે ? આત્માનું તત્ત્વ શું છે તેની ઓળખાણ વગર આત્માની શ્રદ્ધા સાચી થાય નહિ. જેવા સિદ્ધ



ભગવાન છે તેવા કેવળજ્ઞાન સામર્થ્યરૂપ ભાવનો હું ધરનાર છું-મારા સ્વભાવમાં કેવળજ્ઞાન થવાનું સામર્થ્ય છે-એમ ઓળખીને શ્રદ્ધા કરે તો સાચી શ્રદ્ધા થાય. હું આત્મા છું અને શરીરના કામ હું કરું છું -એમ માને તો તેણે આત્માને માન્યો જ નહિ. પુદ્‌ગલદ્રવ્ય છે તેનો સ્વભાવ જુદી જુદી શરીર-ભાષા વગેરે અવસ્થાપણે થવાનો છે, શરીર તે જડનો-પુદ્‌ગલનો ભાવ છે, જીવનો ભાવ નથી. શરીર અજીવ છે એમ કહે, પણ તેની ક્રિયા આત્મા કરે છે એમ માને તો તેને અજીવ તત્ત્વની શ્રદ્ધા નથી.

જીવ-અજીવના ભાવોને ભિન્ન ભિન્ન જેમ છે તેમ જાણ્યા વગર સાચી શ્રદ્ધા થાય નહિ. અહો! અનંતકાળથી જીવતત્ત્વોને યથાર્થપણે જાણ્યા નથી.

અરિહંત ભગવાનની ભક્તિ કરે, પણ અરિહંત ભગવાન કેવા છે, તેનો આત્મા કેવો છે ને તે આત્માનો ભાવ કેવો છે એમ જો ન ઓળખે તો ઓળખ્યા વગર અરિહંતની સાચી ભક્તિ હોય નહિ; અને જો અરિહંત ભગવાનના આત્માને તથા તેના ભાવોને ઓળખે તો પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ પણ ઓળખે અને તેને સાચી ભક્તિ હોય, પરમાર્થે પોતાનો ચિદાનંદ સ્વભાવી ભગવાન આત્મા, તેની પ્રતીતિ કરીને તેમાં એકાગ્ર થવું તે નિશ્ચય ભક્તિ છે. અને અરિહંત ભગવાનની ભક્તિનો શુભ ભાવ તે આસ્રવ તત્ત્વનો ભાવ છે, તેને બદલે તે ભાવને સંવર તત્ત્વ માને તો તેણે આસ્રવ-સંવર તત્ત્વોને ઓળખ્યા નથી.

પદાર્થોના ભાવને ઓળખ્યા વગરની શ્રદ્ધા તે સાચી શ્રદ્ધા નથી. માટે પદાર્થ શું અને તેનો સ્વભાવ શું તે જાણવું જોઈએ. દુકાને વેપાર કરવા બેઠો હોય ને કોઈને પાંચ રૂપિયાનો માલ આપે પણ કોને માલ આપ્યો છે તે ઓળખે નહિ તો રૂપિયા કોની પાસેથી લેશે ? માલ લઈ જનાર એક બાઈ હતી એમ કહે પણ તે બાઈ કેવી જાતની હતી, કેવા કપડા પહેર્યા હતા, ક્યાં રહેતી હતી, શું નામ હતું -તે ઓળખે નહિ-તો તેણે બાઈને જ જાણી નથી કેમ કે ભાવના ભાસન વગર અર્થની શ્રદ્ધા સાચી હોય નહિ. તેમ જ એમ કહે કે ''રાતા સાડલાવાળી બાઈ હતી'' -પણ તે બાઈ કોણ હતી તે જાણે નહિ તો તેને પણ અર્થની શ્રદ્ધા વગર વસ્તુની સાચી શ્રદ્ધા નથી. તેમ જીવ-અજીવ વગેરે પદાર્થો છે, તે પદાર્થોને અને તેના ભાવને બરાબર ઓળખીને શ્રદ્ધા કરે તો જ સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય છે અને એવું યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાન તે જ સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

મોક્ષશાસ્ત્ર (તત્ત્વાર્થસૂત્ર)માં **'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्'** એવું સૂત્રમાં કહ્યું છે તે લોકો વાંચી જાય છે પણ તેમાં કેટલું રહસ્ય છે તે જાણતાં નથી. તત્ત્વાર્થ શું અને તેનું શ્રદ્ધાન ક્યારે થયું કહેવાય? તે ઓળખ્યા વગર સાચી શ્રદ્ધા થાય નહિ. જગતમાં અનંત જીવ-અજીવ પદાર્થો છે. તે દરેક સ્વતંત્ર 'અર્થ' છે અને તે દરેક પદાર્થ પોતપોતાના ભાવ સહિત છે, તે તેનું તત્ત્વ છે. બધા તત્ત્વોને પૃથક્ પૃથક્ સ્વરૂપે જેમ છે તેમ માને તો જ સાચી શ્રદ્ધા થાય. વસ્તુ અને તે વસ્તુનું સ્વરૂપ અભેદ છે,

તથા બીજી વસ્તુ અને તેનું સ્વરૂપ -આનાથી જુદું છે. એક તત્ત્વથી બીજા તત્ત્વનું કામ થાય -એમ માનનારને તત્ત્વાર્થની શ્રદ્ધા નથી. હાથથી લાકડી ઊંચી થઈ -એમ માને તો તેણે હાથના ભાવને અને લાકડીના ભાવને જુદા જાણ્યા નથી એટલે તેણે તત્ત્વાર્થને જાણ્યા નથી. તત્ત્વાર્થ શ્રદ્ધાન વગર વ્રત કે શ્રાવકપણું હોતું નથી. અધ્યાત્મદષ્ટિની વાત લ્યો કે સાત તત્ત્વોની શ્રદ્ધાની વાત લ્યો પણ તેમાં મૂળ વાત તો આ જ આવીને ઊભી રહે છે.

જગતમાં અજીવ પદાર્થો અનંત છે, તે દરેક પદાર્થ પોતપોતાના ભિન્ન ભિન્ન ભાવો સહિત છે. તેમ જો ન માને અને એક પદાર્થને લીધે બીજા પદાર્થનો ભાવ થવાનું માને તો તેણે અનંત અજીવ તત્ત્વોને માન્યા જ નથી.

જીવ પદાર્થ છે, તેની શક્તિ તે તેનું તત્ત્વ છે.

અજીવ પદાર્થ છે, તેની શક્તિ તે તેનું તત્ત્વ છે.

અજીવને માને ને તેની હાલવા ચાલવાની શક્તિને ન માને, જીવને લીધે તે હાલે ચાલે છે એમ માને તો તેણે અજીવ પદાર્થને માન્યો જ નથી કેમ કે તેની શક્તિના જ્ઞાન વગર પદાર્થની શ્રદ્ધા થાય નહિ.

જુઓ, આ '**તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્**' એ એક સૂત્રનું સ્પષ્ટીકરણ ! લોકો દર વર્ષે તત્ત્વાર્થસૂત્ર વાંચી જાય છે પણ તેના એકેક સૂત્રમાં કેટલો ભાવ છે તે સમજતાં નથી; વસ્તુ તે અર્થ અને તેની સ્વભાવશક્તિ તે તત્ત્વ; એ રીતે પદાર્થને અને તેના ભાવને ઓળખીને શ્રદ્ધા કરવી તે તત્ત્વાર્થ શ્રદ્ધાન છે અને આવું તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે.

### "શબ્દો તો થોડા છે પણ તેમાં વિસ્તાર ઘણો છે."

### જેઠ સુદ ૭, ગુરુવાર, ૧૮-૬-૫૩.

અહીં સમ્યગ્દર્શનનું લક્ષણ બતાવે છે. સમ્યગ્દર્શન લક્ષ્ય છે ને જે વડે ઓળખાય તે લક્ષણ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે. એકલું તત્ત્વ કહે તો જેનો ભાવ છે તેની શ્રદ્ધા વિના કાર્યકારી ન થાય. એકલા અર્થ એટલે દ્રવ્ય, ગુણ, પર્યાયને કહે તો તેના ભાવ વિના કાર્યકારી ન થાય. માટે સ્વભાવ સહિત પદાર્થનું શ્રદ્ધાન કાર્યકારી છે.

કોઈ અજ્ઞાની કદાચિત્ શરીરને અજીવ કહે પણ આત્માથી શરીરની ક્રિયા થાય એમ માને ને પોતાના દયાના ભાવથી સામો જીવ બચી ગયો એમ માને તો તેને તત્ત્વાર્થની ખબર નથી. પુદ્ગલનું દ્રવ્યપણું, ગુણપણું ને પર્યાયપણું પુદ્ગલમાં છે, જીવમાં નથી. પુણ્ય-પાપ વિકારી ભાવ છે, તે આસ્રવ છે, તે પરને લીધે નથી. નિર્વિકારી દશા તે સંવર છે. -આમ બધા તત્ત્વોને યથાર્થ સમજવા જોઈએ. તે



તત્ત્વોને પદાર્થ પણ કહેવાય છે. સંવર-નિર્જરા આદિ એક સમયના હોવા છતાં તે પદાર્થ છે. તે એક સમયના સત્ છે. પર્યાય સત્ છે, પર્યાય પદાર્થ છે. તેના વાચક શબ્દો છે ને શબ્દો અર્થને બતાવે છે માટે પદાર્થ કહેવાય છે. કોઈ જગ્યાએ તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે છે ને કોઈ જગ્યાએ પદાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે છે. એ પ્રમાણે તત્ત્વ ને અર્થ એ બે પદ કહેવાનું પ્રયોજન છે.

**પ્રશ્ન** : પદાર્થો અનંત છે, ને તે બધા સામાન્ય અપેક્ષાએ જીવ-અજીવમાં સમાઈ જાય છે. માટે બે કહેવા હતા અથવા વિશેષ અપેક્ષાએ અનંતા કહેવા હતા, પણ તમોએ સાત કેમ કહ્યા ? જીવ-અજીવની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું નહિ. તેમ જ અનંતની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું નહિ, પણ સાત તત્ત્વોની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું. આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ -એ જીવ-અજીવના વિશેષો છે. પુણ્ય-પાપ આસ્રવ છે, વીતરાગી દર્શન-જ્ઞાન-ચારિત્ર તે સંવર-નિર્જરા છે, બંધમાં અટકે તે ભાવબંધ છે, પૂર્ણ શુદ્ધદશા તે મોક્ષ છે. તે બધા જીવના વિશેષો છે, જડની પર્યાયો જે જે થાય તે અજીવના વિશેષો છે તો તે પર્યાયોને જુદી શા માટે કહી ?

**ઉત્તર** : જો અહીં પદાર્થનું શ્રદ્ધાન જ કરવાનું પ્રયોજન હોત તો સામાન્યપણે અથવા વિશેષપણે જેમ સર્વ પદાર્થનું જાણપણું થાય તેમ કથન કરત. એકલા જ્ઞેયને જાણવાનું પ્રયોજન નથી, પણ અહીં તો મોક્ષનું પ્રયોજન છે. સામાન્ય ને વિશેષ ભાવોની શ્રદ્ધા કરતાં મોક્ષ થાય તથા જેની શ્રદ્ધા કર્યા વિના કદી પણ મોક્ષ ન થાય તેનું અહીં નિરૂપણ કર્યું છે. આત્મામાં પૂર્ણ શુદ્ધતા પ્રગટે, કેવળજ્ઞાનાદિ દશા થાય ને વિકાર ન રહે તે પ્રયોજન છે. જીવ-અજીવ બે સામાન્ય છે ને આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ -એ પાંચ વિશેષો છે. જીવ-અજીવરૂપ સામાન્યની શ્રદ્ધા કર્યા વિના ને આસ્રવાદિ પાંચ વિશેષોની શ્રદ્ધા કર્યા વિના મોક્ષ ન થાય તેથી તેનું અહીં નિરૂપણ કર્યું છે. જીવ-અજીવ એ બે તો ઘણા દ્રવ્યોની એક જાતિ અપેક્ષાએ સામાન્યરૂપ તત્ત્વ કહ્યાં. અનંતા જીવોની એક જાતિ, અનંતા અજીવોની એક જાતિ ગણીને જીવ-અજીવ સામાન્યરૂપ તત્ત્વ કહ્યાં. અજીવમાં અનંતા પુદ્ગલો, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ સમાઈ જાય છે. એક જીવ તત્ત્વનું ભાન કરતાં અનંતા જીવોનું ભાન થાય છે ને એક અજીવનું ભાન કરતાં અનંતા અજીવનું ભાન થાય છે. એ બન્નેની જાતિ જાણતાં શું ફળ આવ્યું? આત્માને સ્વ-પરનું શ્રદ્ધાન થયું, આત્મા ને જડ પદાર્થ જુદા છે, તેમાં જાતિભેદ છે. બન્નેની જાતિને અજીવ જાણતું નથી, જાણનાર તે આત્મા છે, જીવ સ્વ છે ને જડ પર છે એમ સ્વ-પરનું શ્રદ્ધાન થાય. મારો આત્મા મારા ભાવ સહિત છે ને શરીર, કર્મ વગેરે અજીવ છે, તે તેના ભાવ સહિત છે. અજીવ તત્ત્વ મારાથી જુદું છે ને હું અજીવથી જુદો છું એમ ભેદજ્ઞાન થાય. એમ ભેદજ્ઞાન થતાં પોતાના હિતને અર્થે મોક્ષનો ઉપાય કરે. બીજા જીવો જાતિ અપેક્ષાએ એક હોવા છતાં દ્રવ્ય અપેક્ષાએ મારાથી જુદા છે. પરથી ને બીજા જીવથી જુદો જાણી હિત અર્થે મોક્ષનો ઉપાય કરે. મારે પરપદાર્થ સાથે કાંઈ સંબંધ નથી. હું હોઉં તો પાંજરાપોળ ચાલે તે વાત મિથ્યા છે, મારાથી તેની અવસ્થા થતી નથી ને તે મારું કાર્ય કરતાં નથી. હું પરથી ભિન્ન છું, તે વસ્તુ મારે લીધે નથી, તે વસ્તુ તેને

લીધે છે. આમ સાચા શ્રદ્ધા-જ્ઞાન થતાં વીતરાગતા થાય, પરથી ઉદાસીન થાય છે. પૈસાનું આવવું જવું પૈસાને આધીન છે, જીવને આધીન નથી. મારે પરદ્રવ્ય સાથે સંબંધ નથી. એમ માને તો પરથી ઉદાસીન થાય. પછી રાગ છોડી વીતરાગ થાય. માટે પ્રથમ સાચી શ્રદ્ધા કરવી જોઈએ. પરથી ભિન્ન જાણ્યા પછી ''આ છે તો હું છું'' અથવા 'હું છું તો તે પદાર્થો છે' -એ વાત રહેતી નથી. સ્વભાવનો આશ્રય લેતાં રાગ છૂટી જાય ને મોક્ષમાર્ગમાં પ્રવર્તે. તેથી એ બન્ને જાતિનું શ્રદ્ધાન થતાં જ મોક્ષ થાય. એકલા જીવને માને અથવા એકલા અજીવને માને અથવા જીવને લીધે અજીવને માને, અજીવને લીધે જીવ માને તો તેનો મોક્ષ નથી. કર્મને લીધે આત્મા માને તે મિથ્યાદષ્ટિ છે. તે જીવ-અજીવને જુદા માનતો નથી.

જીવ-અજીવની ભિન્નતાની શ્રદ્ધાથી મોક્ષમાર્ગમાં પ્રવર્તવું થાય છે. તેથી બે જાતિનું શ્રદ્ધાન થતાં મોક્ષ થાય. પણ એ બે જાતિ જુદી જાણ્યા વિના સ્વ-પરનું શ્રદ્ધાન થતું નથી. કર્મ તે હું, શરીર તે હું -એવી પર્યાયબુદ્ધિ થાય છે. અજીવથી મારું તત્ત્વ જુદું છે એવી બુદ્ધિ થઈ નહિ. નવમી ગ્રૈવેયકે જનાર મિથ્યાદષ્ટિ મુનિ પર્યાયબુદ્ધિથી સાંસારિક પ્રયોજનનો ઉપાય કરે છે. શરીરની ક્રિયાથી ધર્મ માને, મન-વચન-કાયાને સ્થિર રાખી શકું છું એમ માને, શરીરની પર્યાયને મેં સ્થિર કરી તેથી સામાયિક થઈ એમ માને તે અજ્ઞાની છે.

તેને તત્ત્વ સમજવાનો મહિમા આવતો નથી, પણ શરીરની ક્રિયાનો મહિમા આવે છે. એવી પર્યાયબુદ્ધિવાળો જીવ શરીરને પોતાનું તત્ત્વ માને છે. તે મોક્ષમાર્ગમાં પ્રવર્તી શકે નહિ. તે શરીર તથા પુણ્ય-પાપને રાખવા માગે છે. શરીરની ક્રિયા જુદી છે ને આત્માની ક્રિયા જુદી છે -એવી ભિન્ન શ્રદ્ધા વિના બંધને સાધે પણ મોક્ષને સાધે નહિ.

પ્રથમ શરીર સારું રાખીએ તો ભવિષ્યમાં ધર્મકાર્યમાં વાંધો નહિ આવે એમ માનનાર શરીર સાથે એકત્વબુદ્ધિ કરે છે. તે શરીરને જ આત્મા માને છે. તે મોક્ષનો ઉપાય કરી શકે નહિ. બેની જાતિ જુદી ન જાણે તો તે સંસારમાર્ગનો ઉપાય કરે છે ને પરદ્રવ્યોમાં રાગદ્વેષરૂપ પરિણામ કરે છે. શરીર બગડતાં દ્વેષ કરે છે, અનુકૂળ પદાર્થો ઉપર રાગ કરે છે ને પ્રતિકૂળ પદાર્થો ઉપર દ્વેષ કરે છે, તે મોક્ષમાર્ગમાં કેવી રીતે પ્રવર્તે ? એટલે કે પ્રવર્તી શકે નહિ. માટે બે જાતિનું શ્રદ્ધાન ન થતાં મોક્ષ પણ ન થાય. અજ્ઞાની જીવને ઊંધી માન્યતા હોવાના કારણે રાગદ્વેષ થયા વિના રહે નહિ. તેને પરમાં ઠીક-અઠીક બુદ્ધિ થાય જ, શરીર સારું રહે તો ઠીક -એમ માને અથવા શરીરને એવું જીર્ણ કરવું કે વિકાર ઉત્પન્ન જ ન થાય એમ રાગદ્વેષ કરે છે, તે મૂઢ છે. શરીરને જીર્ણ કર્યે વિષયો ઘટતા નથી, પર્યાયબુદ્ધિ રહે છે. આ પ્રમાણે બે સામાન્ય તત્ત્વો તો અવશ્ય શ્રદ્ધાન કરવા યોગ્ય કહ્યાં.

### જેઠ સુદ ૮, શુક્રવાર, ૧૯-૬-૫૩.

આજે સવારે નિયમસારનો સ્વાધ્યાય હતો.



### જેઠ સુદ ૯, શનિવાર, ૨૦-૬-૫૩.

અહીં મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવે છે. તેમાં સમ્યગ્દર્શનના લક્ષણની વાત ચાલે છે. સાત તત્ત્વો કેમ કહ્યાં ? બે અથવા અનંત તત્ત્વો કહેવા હતા. તેનો જવાબ ચાલે છે કે અહીં મોક્ષનું પ્રયોજન છે. જીવ-અજીવ મૂળ તત્ત્વ છે, તેનું ભેદજ્ઞાન ન થાય તો મોક્ષનું પ્રયોજન સિદ્ધ થાય નહિ. આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ પાંચ તત્ત્વો જીવની તથા પુદ્‌ગલની પર્યાયો છે, વિકાર-આસ્રવ તે જીવનો ભાવ છે ને કર્મનું આવવું તે જડનો ભાવ છે. બન્ને વાત કરી, પણ અહીં આત્માની પાંચ પર્યાયોનું કામ છે તેને જાણતાં મોક્ષનો ઉપાય કરવાનું શ્રદ્ધાન થાય. તેમાં મોક્ષને હિતરૂપ જાણે તો તેનો ઉપાય કરે. જીવો અનેક પ્રકારે મોક્ષનું સ્વરૂપ કહે છે. ભગવાનની સેવા વૈકુંઠમાં કરવી તેને કોઈ મોક્ષ કહે છે પણ તે વાત ખોટી છે. આત્માની પૂર્ણ શુદ્ધદશા થવી તે મોક્ષ છે -તેને જાણે તો મોક્ષમાર્ગની શ્રદ્ધા થાય. મોક્ષનો ઉપાય કરવા માટે મોક્ષનું શ્રદ્ધાન કરવું. આત્માની પૂર્ણ પરમાનંદ દશા પ્રગટ કરવી તે હિત છે, બીજું હિત નથી. જો મોક્ષને હિતરૂપ માને તો મોક્ષનો ઉપાય કરે. મોક્ષનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. માટે મોક્ષની શ્રદ્ધા કરવી તે પ્રયોજનભૂત છે.

હવે મોક્ષનો ઉપાય સંવર-નિર્જરા છે એમ બતાવે છે. મોક્ષનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેલ હતો તેને સંવર-નિર્જરામાં સમાવી દીધા. વિકારનો અંશ ન થવો ને અંતરમાં શુદ્ધદશા થવી તે સંવર ને શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે.

અજ્ઞાની લોકો દેહની ક્રિયાને તથા રાગને સંવર-નિર્જરા માને છે. સામાયિક કરીને બેસી જવું તે સંવર-નિર્જરા નથી, આત્મા શુદ્ધ સ્વરૂપી છે એવા જ્ઞાનપૂર્વક અંતરમાં લીનતા કરવી તે સંવર-નિર્જરા છે. સંવર-નિર્જરાને ઓળખે તો તે રૂપ પ્રવૃત્તિ કરે. માટે સંવર-નિર્જરાની શ્રદ્ધા કરવી યોગ્ય છે.

વળી સંવર-નિર્જરામાં પુણ્ય-પાપરૂપી આસ્રવનો ને વિકારમાં અટકવારૂપ બંધનો અભાવ થાય છે. માટે જેનો અભાવ કરવો છે તેને ઓળખે. ક્રોધનો અભાવ કરતાં ક્ષમા થાય, આણગમા વગેરેને ઓળખે તો તેનો અભાવ કરી ક્ષમારૂપે પ્રવર્તે, તે પ્રમાણે પુણ્ય-પાપના પરિણામનો અભાવ કરે તો સંવર થાય પણ આસ્રવને સંવર માને તો આસ્રવનો અભાવ થાય નહિ. વળી બંધનો એકદેશ અભાવ થવો તે નિર્જરા છે અને બંધનો સર્વથા અભાવ તે મોક્ષ છે. પુણ્ય-પાપ આસ્રવ છે ને તેમાં અટકવું તે બંધ છે તેમ જાણે તો તેનો અભાવ કરી સંવર-નિર્જરારૂપ પ્રવર્તે.

આ પ્રમાણે પાંચ પર્યાયોનું શ્રદ્ધાન થતાં મોક્ષમાર્ગ થાય છે. આમાં દેવ-ગુરુની ઓળખાણ આવી જાય છે. એ પ્રમાણે એ પાંચ પર્યાયનું શ્રદ્ધાન થતાં જ મોક્ષમાર્ગ થાય. એને ઓળખે એટલે પાંચને ઓળખે તો તે મોક્ષને ઓળખે. અહીં પ્રથમ મોક્ષ બતાવ્યો, મોક્ષનો ઉપાય સંવર-નિર્જરા કહ્યો, તે સંવર-નિર્જરા આસ્રવ-બંધના અભાવ વિના થાય નહિ. આ પ્રમાણે પાંચે તત્ત્વની ઓળખાણની જરૂર

છે. પણ જો પાંચ પર્યાયને ન ઓળખે તો મોક્ષને ન ઓળખે. મોક્ષનું જ્ઞાન ન હોય તો મોક્ષનો ઉપાય કેવી રીતે કરે ? સંવર-નિર્જરાના જ્ઞાન વિના સંવર-નિર્જરારૂપ કેવી રીતે પ્રવર્તે ? અંતર વીતરાગી દશા તે સંવર છે. સંવર-નિર્જરાની ઓળખાણ વિના અંતર રમણતા કેવી રીતે કરે ? આસ્રવ-બંધના જ્ઞાન વિના તેનો અભાવ કેવી રીતે કરે ? માટે પાંચે પર્યાયોની ઓળખાણ હોવી જોઈએ. એ પાંચ પર્યાયનું શ્રદ્ધાન ન થવાથી મોક્ષ પણ ન થાય. આ પ્રમાણે અસ્તિ-નાસ્તિથી વાત કરી.

જીવ-અજીવને જાતિ અપેક્ષાએ બે તત્ત્વો કહ્યાં. જીવમાં અનંતા જીવો આવી ગયા ને અજીવમાં અનંત પુદ્ગલો, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ આવી ગયા. પર્યાયો તેના વિશેષો છે. એમ સાત તત્ત્વોની શ્રદ્ધાને મોક્ષમાર્ગ આધીન છે ને તેમાં દેવ-ગુરુ-શાસ્ત્રની પરીક્ષા આવી જાય છે. સાત તત્ત્વ સિવાયના અન્ય પદાર્થોનું શ્રદ્ધાન હો અથવા ન હો અથવા અન્યથા હો તો પણ પ્રયોજનભૂત નથી.

જેમ કે કોઈનું આયુષ્ય અમુક કહેવામાં ફેર પડે. નારકીનું ઓછામાં ઓછું દસ હજાર વર્ષનું આયુષ્ય હોય, વધુમાં વધુ ૩૩ સાગર સુધીનું આયુષ્ય હોય -વગેરે વાતો અપ્રયોજનભૂત છે. તેવી બધી વાતો છદ્મસ્થને ખ્યાલમાં આવે ને ન પણ આવે પણ સાત તત્ત્વો જાણવા તો પ્રયોજનભૂત છે કેમ કે તેને આધીન મોક્ષમાર્ગ છે.

વળી કોઈ ઠેકાણે પુણ્ય-પાપ સહિત નવ પદાર્થો કહ્યા છે. એ પુણ્ય-પાપ પણ આસ્રવાદિકના જ ભેદો છે. માટે એ સાત તત્ત્વોમાં જ ગર્ભિત થયા, અથવા પુણ્યને સમજે તો તેને મોક્ષમાર્ગ ન માને અથવા સ્વચ્છંદી બની પાપરૂપ ન પ્રવર્તે માટે જુદા પાડી સમજાવે છે. માટે એ બે તત્ત્વોની શ્રદ્ધા ઉપકારી જાણી સાતની સાથે મેળવી નવ પદાર્થો કહ્યા છે. અથવા શ્રી સમયસારાદિ શાસ્ત્રમાં નવ તત્ત્વો પણ કહ્યા છે. સર્વજ્ઞે કહેલા નવ તત્ત્વોની યથાર્થ ઓળખાણ કરવી જોઈએ તો સમ્યગ્દર્શન થાય.

**પ્રશ્ન** : સાત તત્ત્વોની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું પણ દર્શન તો સામાન્ય અવલોકન માત્ર છે તથા શ્રદ્ધાન પ્રતીતિ માત્ર છે તો એને એકાર્થપણું કેવી રીતે સંભવે ?

**ઉત્તર** : અધિકારવશે શબ્દનો અર્થ બીજો પણ થાય છે. જેમ કે જમતી વખતે સિંધવ લાવવાનું કહે તો ત્યાં સિંધવ એટલે મીઠું સમજવું પણ ત્યાં ઘોડો સમજવો નહિ ને બહાર જતી વખતે સિંધવ લાવવાનું કહે તો ઘોડો સમજવો. તેમ અહીં મોક્ષમાર્ગનો અધિકાર છે, તેની વિધિ ચાલે છે, એ વિધિમાં દર્શન શબ્દનો અર્થ શ્રદ્ધાન થાય પણ સામાન્ય અવલોકન નહિ. આ મોક્ષમાર્ગમાં સામાન્ય અવલોકનનું કામ નથી. નિગોદ-અભવી જીવને પણ સામાન્ય અવલોકન હોય છે. માટે તેનું અહીં કામ નથી. દર્શનઉપયોગગુણ જુદો છે ને પ્રતીતિગુણ જુદો છે. દર્શન ઉપયોગ વડે મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થતી નથી. સમ્યક્ શ્રદ્ધાન તો સમ્યગ્દષ્ટિને જ હોય છે ને સામાન્ય અવલોકન અભવી તથા નિગોદાદિ મિથ્યાદષ્ટિ જીવોને પણ હોય છે. માટે મોક્ષમાર્ગના પ્રકરણમાં દર્શનનો અર્થ સમ્યગ્દર્શન કરીએ છીએ. તે વડે



મોક્ષમાર્ગની શરૂઆત થાય છે માટે અહીં દર્શન શબ્દનો અર્થ શ્રદ્ધાન કરવો.

હવે વિપરીત અભિનિવેશ રહિત શબ્દ છે તેનો પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન** : અહીં વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન કરવું કહ્યું તેનું શું પ્રયોજન છે ?

**ઉત્તર** : અભિનિવેશનો અર્થ અભિપ્રાય થાય છે. જેવો તત્ત્વાર્થ શ્રદ્ધાનનો અભિપ્રાય છે તેથી વિપરીત અભિપ્રાય થતાં વિપરીત અભિનિવેશ થાય છે. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવો અભિપ્રાય હોવો જોઈએ. તત્ત્વાર્થ શ્રદ્ધાન કરવાનો અભિપ્રાય તેનો નિશ્ચય કરવો એટલો જ નથી પરંતુ જીવ-અજીવને જુદા જાણી, પોતાને પરથી જુદો જાણવો, પરને લીધે હું નથી, મારે લીધે પર નથી -એમ જેમ છે તેમ જાણવું. મારે જડ સાથે પ્રયોજન નથી, તે પદાર્થો મારા કારણે નથી. જીવ છે તો શરીર ચાલે છે તથા શરીર સારું હોય તો ધર્મ થાય એમ માનનાર મૂઢ છે. પોતાને તથા બીજા પદાર્થોને જેમ છે તેમ ઓળખવા જોઈએ. પોતે જ્ઞાનસ્વરૂપી છે; શરીર, કર્મ ને પરથી રહિત છે ને મારા આત્માથી પર પદાર્થો ભિન્ન છે -એમ માનવું જોઈએ. વળી પુણ્ય-પાપના પરિણામ જીવમાં થાય છે તેને હેય માનવા. અહીં માનવાની વાત ચાલે છે. આસ્રવને ઓળખી હેય માને તો આસ્રવ ઓળખ્યો કહેવાય. જે વ્યવહારથી કલ્યાણ માને છે તેણે આસ્રવને હેય માન્યો નથી, તે અજ્ઞાની છે. પુણ્ય-પાપ આસ્રવ છે એમ માત્ર જાણ્યે કામ ન આવે પણ હેય માને તો માન્યા કહેવાય.

## જેઠ સુદ ૧૦, રવિવાર, ૨૧-૬-૫૩.

અહીં મોક્ષમાર્ગના સ્વરૂપનો અધિકાર ચાલે છે. આત્મામાં મોક્ષ પ્રગટ કરવો હોય તેણે વિપરીત અભિપ્રાય રહિત સાત તત્ત્વોને શ્રદ્ધવા જોઈએ. મોક્ષના સ્વરૂપને જાણ્યા વિના પોતાના ઉપયોગને સ્વ તરફ વાળી શકે નહિ. આત્માનો જાણવા-દેખવાનો વ્યાપાર છે તે પરમાં વળેલ છે, તે સ્વમાં વળે તો ઠીક એમ પ્રથમ રુચિ થવી જોઈએ. ઉપયોગ પૂર્ણરૂપે અંતરમાં વળી જાય તો કેવળજ્ઞાન થઈ જાય પણ અહીં શ્રદ્ધા કરવાની વાત છે. આત્મા તરફ ઉપયોગ વાળવો અજ્ઞાનીને ગમતો નથી. એક ઠોઠ છોકરો વ્યાપાર તો કરે છે પણ સો રૂપિયાના સાઠ રૂપિયા કરે છે તેમ અજ્ઞાની ઊંધો વ્યાપાર કરે છે. અનાદિનો ઉપયોગ પરમાં ભટકે છે તે ઉપયોગ અંતર આત્મામાં વળે તો ઠીક તથા જડનો અંશ આત્મામાં નથી ને આત્માનો અંશ જડમાં નથી -એમ નિર્ણય કરે તો વિપરીત અભિપ્રાય ટળે.

અહીં પ્રશ્ન કરે છે કે વિપરીત અભિપ્રાય રહિત સાત તત્ત્વોના શ્રદ્ધાનનું શું પ્રયોજન છે ?

**ઉત્તર** : અભિનિવેશ એટલે અભિપ્રાય. જેવો સાત તત્ત્વોનો અભિપ્રાય છે તેવો અભિપ્રાય ન સમજે તે વિપરીત અભિનિવેશ છે. એક માણસને કોઈએ કહ્યું કે ''કૂવામાં છોકરું પડી ગયું છે ને કૂવો ઊંડો છે'' એમ સાંભળીને તે માણસ કહે કે મેં બરાબર સાંભળ્યું, મને તેની પહેલાં ખબર ન હતી, હવે ખબર પડી, પણ છોકરાને કૂવામાંથી કાઢવાનો પ્રયત્ન કરે નહિ તો તે કહેનારનો આશય

સમજ્યો નથી. પણ તે વાત સાંભળીને છોકરાને બચાવવાનો પ્રયત્ન કરે તો યથાર્થ સાંભળ્યું કહેવાય. તેમ તત્ત્વ શ્રદ્ધાનનો કેવળ નિશ્ચય કરવો એટલું બસ નથી પણ હેય-ઉપાદેય તત્ત્વો જાણી પોતા તરફ ઉપયોગ વાળવો તે તેનો આશય છે.

એક બાઈ કૂવામાં સાત વાગ્યે પડી ગઈ ત્યારે કોઈ જ્યોતિષી મુહૂર્ત જોવા બેઠો ને પછી બાઈને કૂવામાંથી બહાર કાઢવાનું મુહૂર્ત સાડા આઠ પછીનું છે એમ કહ્યું. માટે ત્યાં સુધી ન કાઢવી એમ કહે તો મૂર્ખ છે. સાડા આઠ વાગ્યા સુધી રાહ જુએ તો બાઈ મરી જાય માટે તેવો જ્યોતિષ વેદીયો કહેવાય. તેમ જીવ-અજીવની શ્રદ્ધા કરવાનો આશય તો એ હતો કે પોતે જીવ છે ને બીજા પર છે, પરનો અંશ પોતામાં ન મેળવે ને પોતાનો અંશ પરમાં ન મેળવે. શરીરાદિ અજીવ છે તેની ક્રિયા તેનાથી થાય છે, મારાથી થતી નથી એમ શ્રદ્ધા કરવી -એ આશય હતો. તે ન કરે તો તેને યથાર્થ શ્રદ્ધાન નથી. સારા અનાજને લીધે શરીર સારું રહે, રાગને લીધે સારું અનાજ આવે ને અડધો કલાક આરામ કર્યો હોય તો વાંચનમાં સ્ફૂર્તિ રહે વગેરે માને તેને જડ-ચેતનની સ્વતંત્રતાની ખબર નથી. શરીરાદિનું થવું જડથી છે ને ચૈતન્યનું થવું ચૈતન્યથી છે -એમ બન્નેના ભાવો અથવા દ્રવ્ય-ગુણ-પર્યાય જેમ છે તેમ માનવા તે પ્રયોજન છે. તેમ નહિ માનતાં પર તરફ વળે છે તે વિપરીત માન્યતા છે.

વળી આસ્રવ તત્ત્વને જાણીને કહે કે પુણ્ય-પાપ તે આસ્રવ છે પણ એટલાથી ન ચાલે, તેને હેય માનવા જોઈએ. સર્પને જાણીને તે ઘરમાંથી બહાર કાઢી નાખવા જેવો છે પણ રાખવા જેવો નથી તેમ પુણ્ય-પાપના ભાવને જાણીને કાઢી નાખવા જેવા છે એમ માનવું જોઈએ. આસ્રવ તરફનું વલણ છોડી જ્ઞાનસ્વભાવ તરફ વળવું જોઈએ, એમ ન માને તો આસ્રવની શ્રદ્ધા જૂઠી છે.

વળી બંધને ઓળખી તેને અહિતરૂપ માનવો જોઈએ. જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ અહિતરૂપ છે એમ માનવું જોઈએ. શુભ ભાવ કરીશું તો પુણ્ય બંધાશે ને પછી ભગવાન પાસે જવાશે -એમ માને તે જીવ બંધને હિતકર માને છે. ભગવાન પાસે જશે તો પણ ઊંધો અભિપ્રાય લઈને જશે. તેવા જીવને બંધ રુચે છે પણ મોક્ષ રુચતો નથી.

વળી સંવરને ઓળખી તેને ઉપાદેય માનવો. હું શુદ્ધ ચિદાનંદ છું એવી પ્રતીતિ થતાં સંવર થાય છે, તેને ઓળખી ઉપાદેય માનવો. નિશ્ચયની દૃષ્ટિમાં તો સાતે તત્ત્વોના ભેદો હેય છે ને એકલો અભેદ જીવ ઉપાદેય છે પણ તે વાત અહીં નથી. અહીં તો સાત તત્ત્વોમાં હેય-ઉપાદેયપણું બતાવે છે. માટે સંવરને ઉપાદેય માનવો.

વળી નિર્જરાને ઓળખી તેને હિતનું કારણ માનવું. નિર્જરામાં સમયે સમયે શુદ્ધિ વધે છે ને તે મોક્ષનું કારણ છે.



વળી આત્માની પરિપૂર્ણ શુદ્ધદશા તે મોક્ષ છે. તે થયા પછી અવતાર રહે નહિ ને અપૂર્ણતા રહે નહિ. આવી દશાને પરમ હિતરૂપ માનવી.

જીવ-અજીવને જેમ છે તેમ માનવા. આસ્રવને હેય માનવો, બંધને અહિતરૂપ માનવો, મોક્ષ તે પરમ હિત છે. સંવરને ઓળખી તેને અંગીકાર કરવા જેવો માનવો ને નિર્જરા અધૂરી શુદ્ધદશા છે માટે પરમ હિતનું કારણ છે એમ માનવું.

જુઓ, પંડિતજીએ કેવું સરસ લખેલ છે ! પોતે શ્રાવક હતા, જ્ઞાની હતા તેથી તોળી તોળીને શબ્દો મૂક્યા છે.

સંસાર પોતાની પર્યાયમાં છે. તેનો નાશ થઈ મોક્ષદશા થાય તે પણ પોતાની પર્યાય છે. વીતરાગી શાથી ઊલટી દશા તે સંસાર છે. બન્ને આત્મામાં રહે છે આમ જાણવું જોઈએ.

સાત તત્ત્વોને જેમ છે તેમ શ્રદ્ધવા તે તત્ત્વાર્થ શ્રદ્ધાનનો અભિપ્રાય છે. તેથી ઊલટા અભિપ્રાયનું નામ વિપરીત અભિનિવેશ છે. સાચું તત્ત્વ શ્રદ્ધાન થતાં વિપરીત અભિપ્રાયનો અભાવ થાય છે. માટે તત્ત્વાર્થ શ્રદ્ધાન ઊંધા અભિપ્રાય રહિત છે એમ અહીંયા કહ્યું છે.

અથવા કોઈને અભ્યાસમાત્ર હોય પણ અંતરમાં વિપરીતપણું ટળતું નથી. જીવ તે હું ને હું તે જીવ એમ માનતો નથી. હું સુખી-દુઃખી થઈ ગયો, મેં ધંધો છોડી દીધો તેથી પૈસા ચાલ્યા ગયા -એમ માની દુઃખી થાય છે. અંતરમાં રાગ ભાવ થાય તે હેય છે, સંવર ભાવ ઉપાદેય છે ને તે સંવર જીવના આશ્રયે થાય છે તેમ માની અંતરમાં વળતો નથી. આમ સાત તત્ત્વો જેમ પૂર્વે કહ્યાં તેથી ઊંધો આશય અંતરમાં હોય તો તેને સમ્યગ્દર્શન થાય નહિ. જીવ ઘણી વાર દ્રવ્યલિંગી મુનિ થયો પણ અંતરમાં ભાન થયું નહિ. તે જિનવચનોથી બાહ્ય છે, તે જિનવચનોની બાહ્યથી પ્રતીતિ કરે છે. જીવ-અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાય જુદા છે એમ બોલે પણ મેં પગ ઊંચો કરી લીધો તો કીડી બચી ગઈ એમ માને છે. હાલવા-ચાલવાની ક્રિયા, પગ ઉપાડવાની ક્રિયા મેં કરી એમ માને છે. જડની અવસ્થા આત્માથી થાય છે એમ માને છે તો તેને વિપરીત અભિપ્રાય ટળ્યો નથી. તે પોતાનું સ્વરૂપ ભૂલી પરમાં ને શરીરની ક્રિયામાં અહંકાર કરે છે.

વળી શુભ ભાવમાં અજ્ઞાની ઉપાદેયપણું માને છે. સસલાની દયા પાળવાથી સંસાર પરિત થયો, ભગવાનની પૂજાથી આસ્રવ ટળે ને સંવર વધે એમ અજ્ઞાની કહે છે, તો તે વાત ખોટી છે. પુણ્ય-પાપ રહિત આત્માનું ભાન હોય તો સંવર પ્રગટે છે. પૂજાનો ભાવ પણ આસ્રવ છે એમ માનવું જોઈએ. કષાયના ભાવથી આત્માનો સ્વભાવ જુદો છે એવી રુચિ કરતો નથી માટે તે મિથ્યાદૃષ્ટિ છે. જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન એ જ સમ્યગ્દર્શનનું લક્ષણ છે તથા સમ્યગ્દર્શન લક્ષ્ય છે. આ લક્ષણ દ્વારા લક્ષ્યને ઓળખી શકાય છે.

તત્ત્વાર્થસૂત્રમાં પણ એ જ કહ્યું છે. **'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્'** તત્ત્વાર્થોનું શ્રદ્ધાન એ જ સમ્યગ્દર્શન છે. અહીં નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે, વ્યવહાર સમ્યગ્દર્શનની વાત નથી. મોક્ષમાર્ગનો અધિકાર છે માટે મોક્ષમાર્ગમાં નિશ્ચય સમ્યગ્દર્શનની વાત આવે. વળી પૂજ્યપાદ સ્વામીએ સર્વાર્થસિદ્ધિ નામની તત્ત્વાર્થસૂત્રની ટીકામાં તત્ત્વાદિ પદાર્થોનો અર્થ પ્રગટ લખ્યો છે અથવા સાત જ તત્ત્વ કેમ કહ્યા તેનું પ્રયોજન લખ્યું છે તે અનુસારે અહીં કંઈક કથન કર્યું છે.

સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયના અજોડ ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્ય કે જેઓ લગભગ નવસો વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં થયા હતા ને જેમણે ગણધર જેવું કામ કરેલ છે. તેમણે ''પુરુષાર્થસિદ્ધિઉપાય'' ગાથા ૨૨માં પણ એ જ કહ્યું છે કે :-

''ઊંધા આશયથી રહિત જીવ-અજીવાદિ તત્ત્વાર્થોનું શ્રદ્ધાન સદાકાળ કરવા યોગ્ય છે.'' વ્યવહાર શ્રદ્ધાની વાત હોય તો સદાકાળ કરવાનું કહે ? ના, માટે તે વ્યવહાર શ્રદ્ધાની વાત નથી પણ નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે. તે સદાકાળ કરવા યોગ્ય છે.

આત્માનો સ્વભાવ જેવો છે તેવો અથવા સાત તત્ત્વો જેવા છે તેવા જ્ઞાની કદી ભૂલતો નથી. એ શ્રદ્ધાન આત્માનું જ સ્વરૂપ છે. વિકાર આત્માનું સ્વરૂપ નથી, પુણ્ય-પાપ આત્માનું રૂપ નથી, સાચી શ્રદ્ધા તે આત્માનું રૂપ છે કારણ કે દર્શનમોહ દૂર થતાં તે પ્રગટ થાય છે. માટે એ આત્માનો સ્વભાવ છે.

## જેઠ સુદ ૧૧, સોમવાર, ૨૨-૬-૫૩.

સાચી શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર તે મોક્ષમાર્ગ છે તેનું સ્વરૂપ કહે છે. તેમાં સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થ શ્રદ્ધાન છે તેની વાત કરે છે. આ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, શરીર-મન-વાણી જડ છે, પુણ્ય-પાપ વિકાર છે એમ ભેદજ્ઞાન કરવું તે પ્રયોજનભૂત છે. તત્ત્વાર્થોની શ્રદ્ધા સદાકાળ કરવા યોગ્ય છે. શ્રદ્ધા કર્યા પછી તે સાદિ-અનંતકાળ રહે છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન રાગ કે વિકાર નથી પણ આત્માનું જ સ્વરૂપ છે. જે પર્યાયમાં સાત તત્ત્વની શ્રદ્ધા થાય છે તે નિર્મળ પર્યાય છે. સાતે તત્ત્વો નિર્મળ પર્યાયો નથી. જીવ અને અજીવ દ્રવ્ય છે, આસ્રવ અને બંધ વિકારી પર્યાય છે, સંવર અને નિર્જરા અધૂરી નિર્મળ પર્યાય છે, મોક્ષ પૂર્ણ નિર્મળ પર્યાય છે -એમ સાતે તત્ત્વોની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે, તે નિર્વિકારી પર્યાય છે. સાત તત્ત્વોમાં જીવ આવે, અજીવ આવે, વિકારી ને નિર્વિકારી પર્યાય એમ બધું આવે પણ સાત તત્ત્વોની શ્રદ્ધામાં નિર્વિકારી પર્યાય આવે. તે શ્રદ્ધાન આત્માનું સ્વરૂપ છે કારણ કે દર્શનમોહરૂપ ઉપાધિ દૂર થતાં તે પ્રગટ થાય છે. માટે એ આત્માનો સ્વભાવ છે. શરીરાદિ પરમાં આનંદ છે ને મારામાં આનંદ નથી એવી ભ્રાંતિનું નિમિત્તકારણ મોહ છે. આસ્રવ-બંધ ઉપાધિભાવ છે ને સમ્યગ્દર્શન નિરુપાધિ ભાવ છે. તે સમ્યગ્દર્શન અનાદિનું નથી પણ નવું પ્રગટ થાય છે. તે ચોથા ગુણસ્થાનથી ચૌદમા સુધી હોય છે અને પછી સિદ્ધ અવસ્થામાં સદાકાળ તેનો સદ્ભાવ રહે



છે. તત્ત્વાર્થસૂત્રમાં તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન કહેલ છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા પ્રગટી તે સિદ્ધમાં પણ રહે છે માટે નિશ્ચયની વાત છે. વ્યવહાર સમ્યગ્દર્શન તો રાગ છે તે સિદ્ધમાં હોતો નથી.

વળી, હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એવું સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું તે વધીને કેવળજ્ઞાન પ્રગટે છે. મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૩૪૪માં કહ્યું છે કે ''જે જ્ઞાન મતિ-શ્રુતરૂપે પ્રવર્તે છે તે જ જ્ઞાન વધતું વધતું કેવળજ્ઞાનરૂપ થાય છે.'' અહીં જાતિ અપેક્ષાએ વાત છે. મિથ્યાજ્ઞાન વધીને કેવળજ્ઞાન થતું નથી.

સમ્યગ્દર્શન બંધનું કારણ નથી. પુણ્ય-પાપ વિકાર છે ને મારો સ્વભાવ નિર્વિકાર છે એવી શ્રદ્ધા કરવી તે વિકારથી છૂટવાનો ઉપાય છે.

## તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અસંભવ દોષનો પરિહાર

હવે તત્ત્વાર્થ શ્રદ્ધાન જે લક્ષણ બતાવ્યું તેમાં કોઈ વખતે તે લક્ષણ કોઈ સમકિતમાં ન વ્યાપે તેવો અવ્યાપ્તિ દોષ અથવા મિથ્યા શ્રદ્ધાનમાં પણ તે લક્ષણ હોય એવો અતિવ્યાપ્તિ દોષ અથવા તત્ત્વાર્થ શ્રદ્ધાન ન હોય એવો અસંભવ દોષ હોય છે ? એવા પ્રશ્નનો ખુલાસો કરે છે.

**પ્રશ્ન** : ચકલાં તથા દેડકાને સમકિત થાય છે, તેમને સાત તત્ત્વના નામ પણ આવડતાં નથી છતાં તેમને પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે માટે સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું તેમાં અવ્યાપ્તિ દૂષણ લાગે છે.

**ઉત્તર** : જીવ-અજીવ આદિ સાત તત્ત્વોના નામ જાણો કે ન જાણો અથવા સાત તત્ત્વોનું અન્યથા નામ જાણો પરંતુ જીવનું જ્ઞાનાનંદ સ્વરૂપ, અજીવનું પર સ્વરૂપ, આસ્રવ એટલે વિકારનું સ્વરૂપ, વિકારમાં અટકવું તે બંધનું સ્વરૂપ, અધૂરી નિર્મળ પર્યાય સંવર-નિર્જરાનું સ્વરૂપ ને પૂર્ણ નિર્મળ પર્યાય તે મોક્ષનું સ્વરૂપ -એમ ઓળખી શ્રદ્ધાન કરતાં સમ્યગ્દર્શન થાય છે. કોઈ ભીલને રૂપિયાનું નામ ન આવડતું હોય તેમ જ તેની ગણતરી કરતાં ન આવડતી હોય પણ તેની પાસે રૂપિયા હોવાથી તે પૈસાવાળો ગણાય છે તેમ જીવ જ્ઞાનસ્વભાવી છે, અજીવ પર છે, વિકારાદિ દુઃખદાયક છે એમ જાણે તો સમ્યગ્દર્શન થાય છે. તત્ત્વોના નામ તિર્યંચ ન જાણે તો પણ ભાવની ખબર છે તેથી તેને સમકિત હોય છે. સાતે તત્ત્વો જેવા છે તેવા ઓળખી શ્રદ્ધાન કરતાં સમકિત થાય છે. કોઈ સામાન્યપણે ઓળખી શ્રદ્ધાન કરે છે તથા કોઈ વિશેષપણે ઓળખી શ્રદ્ધાન કરે છે. અહીં સામાન્ય એટલે દ્રવ્ય અને વિશેષ એટલે પર્યાય -એવો અર્થ નથી, પણ સામાન્ય એટલે થોડું ને વિશેષ એટલે એટલે વધારે -એવો અર્થ અહીં જાણવો.

કેટલાક તુચ્છજ્ઞાની તિર્યંચ આદિને જીવ-અજીવાદિ સાતના નામ આવડે નહિ પણ ભાવની ખબર છે, તેઓ સંક્ષેપપણે તેનું સ્વરૂપ ઓળખી શ્રદ્ધા કરે છે, તેથી તેમને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ હોય છે.

માટે તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ તુચ્છજ્ઞાનીમાં પણ વ્યાપે છે કારણ કે તેને તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા છે, માટે અવ્યાપ્તિ દોષ આવતો નથી.

એક ગલૂડિયું-કૂતરાનું બચ્ચું હોય તેને પોતાનું નામ તથા બીજા કૂતરાનું નામ આવડતું નથી પણ તે પોતાને પોતારૂપ માને છે ને પોતાની માના નામની ખબર નથી પણ હેતાળપણું બતાવે છે માટે તે મારી મા લાગે છે ને કોઈ બહારનો પ્રતિકૂળ કૂતરો આવે તો આ વિરોધી છે એમ ભાવનું ભાસન છે. બિલાડી કૂતરાને જુએ ત્યાં ખબર પડે કે આ કૂતરો પર છે ને પોતે સ્વ છે -એમ નામ નહિ આવડવા છતાં ભાવ જાણે છે તેમ તુચ્છજ્ઞાની જીવ-અજીવના નામ ન જાણે છતાં તે જ્ઞાનાનંદ સ્વરૂપી આત્મામાં સ્વપણું માને છે ને શરીરાદિને પર માને છે. શરીર ને કર્મનું નામ ન જાણે, પણ પોતે જ્ઞાનસ્વરૂપ છે, ને તે સિવાય બધું પર છે -એમ જાણે છે. આમ હોવાથી તુચ્છજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ તિર્યંચાદિને જીવ-અજીવનું શ્રદ્ધાન છે.

વળી તિર્યંચને સુખ-દુઃખાદિના નામ આવડતાં નથી, તેના આ લક્ષણ છે એમ ન જાણે તો પણ સુખ અવસ્થાને ઓળખે છે. કૂતરા વગેરે જાણે છે કે અમુક વસ્તુ અનુકૂળ છે ને તેથી તેને રાખવા માગે છે ને લાકડી આદિ પ્રતિકૂળ છે તો તેથી દૂર જવા માગે છે. સુખ ને દુઃખના નામની ખબર નથી. રોટલા મળવાથી સુખ થશે તેવા ભાવની ખબર છે પણ રોટલા ને સુખના નામની ખબર નથી, તેવી જ રીતે લાકડી અને દુઃખના નામની ખબર નથી પણ દુઃખનો અભાવ ઈચ્છે છે ને તેનો ઉપાય કરે છે.

તેમ તુચ્છજ્ઞાની તિર્યંચ વગેરે જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ -એ સાતનું નામ જાણતાં નથી પણ મોક્ષદશા સુખરૂપ છે એમ તેને શ્રદ્ધા વર્તે છે. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે, તેની રુચિ કરી વારંવાર તેમાં ઢળે છે. તેને સુખનું કે મોક્ષનું નામ આવડતું નથી પણ મોક્ષની શ્રદ્ધા છે. વળી વર્તમાનમાં સ્વભાવ તરફ ઢળે છે માટે સંવર-નિર્જરાની શ્રદ્ધા વર્તે છે ને આકુળતાનો અભાવ કરવા ઈચ્છે છે માટે તેને આસ્રવ-બંધની શ્રદ્ધા વર્તે છે. ભાવી દુઃખના કારણરૂપ આસ્રવ-બંધ ટાળવા માગે છે ને ચિદાનંદ સ્વભાવ તરફ ઢળવા માગે છે તે સંવર છે માટે સંવરની શ્રદ્ધા છે. સ્વભાવ તરફ ઢળતાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે તે નિર્જરાની શ્રદ્ધા છે, -આમ તુચ્છજ્ઞાનીના સમ્યગ્દર્શનમાં પણ સાતે તત્ત્વોની શ્રદ્ધા વ્યાપે છે તેથી અવ્યાપ્તિ દોષ આવતો નથી.

જુઓ, પંડિતજીએ ૨૮ વર્ષની ઉંમરમાં હજારો ગ્રંથોનો સાર મૂકી દીધો છે, તેમને ઘણો ક્ષયોપશમ હતો.

કેવળી ભગવાન, શ્રુતકેવળી કે તુચ્છજ્ઞાનીના સમ્યગ્દર્શનમાં કાંઈ ફેર નથી. બધા જ્ઞાનીને સાતે તત્ત્વોની શ્રદ્ધા હોય જ છે.

જેમ કોઈ ખાંડ અને સાકરના નામ ન જાણતો હોય પણ સ્વાદમાં ફેર જાણતો હોય છે, તીખા



ને લીલા મરચાના નામ ન જાણતો હોય પણ તીખાશમાં ફેરની ખબર હોય છે. તેમ તિર્યંચ જીવ-અજીવના નામ ન જાણતો હોય તો પણ સાતેના ભાવનું ભાસન છે. માટે અવ્યાપ્તિ દોષ નથી.

અહીં એમ બતાવે છે કે સિદ્ધ હો, કેવળી હો, શ્રુતજ્ઞાની હો, ચોથે હો કે બારમે ગુણસ્થાને કોઈ હો, તિર્યંચ સમ્યગ્દૃષ્ટિ હો કે તીર્થંકર હો -તો પણ સમ્યગ્દર્શનનું લક્ષણ બધે વ્યાપેલ છે. દશા શ્રીમાળી નાતમાં જમવા દશા શ્રીમાળી સાધારણ ગરીબ વાણીયો હોય કે તવંગર હોય, ગમે તે આવી શકે છે. તેમ આત્માના ભાવભાસનમાં અથવા તત્ત્વાર્થ શ્રદ્ધાનના લક્ષણની અપેક્ષાએ તુચ્છજ્ઞાની કેવળજ્ઞાનીની સાથે છે. આ પ્રકારે તુચ્છજ્ઞાનીને સાતે તત્ત્વોની શ્રદ્ધા છે.

જો તેને એવું શ્રદ્ધાન ન હોય તો, રાગાદિક છોડી શુદ્ધ ભાવ કરવાની ઈચ્છા ન થાય, એ જ અહીં કહીએ છીએ.

તિર્યંચને જ્ઞાન થોડું છે પણ જો જાતિ ન જાણે, પોતે સ્વ છે ને શરીરાદિ પર છે એને ન ઓળખે તો પરમાં રાગાદિક કેમ ન કરે ? શરીરાદિમાં રુચિ નથી ને જ્ઞાનાનંદ આત્મામાં રુચિ છે તેથી સ્વભાવ અને શરીરને જુદા જાણે છે. આમ જીવ-અજીવની શ્રદ્ધા થઈ છે.

## જેઠ સુદ ૧૧, મંગળવાર, ૨૩-૬-૫૩.

આત્માની પૂર્ણ નિર્મળદશા તે મોક્ષ છે, તેના કારણરૂપ મોક્ષમાર્ગ છે, સમ્યગ્દર્શન તેનું એક અંગ છે. સમ્યગ્દર્શન થયા પછી ચારિત્ર થાય છે. તે સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન છે. હું જ્ઞાનસ્વરૂપ છું, શરીરાદિ અજીવ છે, પુણ્ય-પાપ આસ્રવ ને બંધ છે, સંવર-નિર્જરા-મોક્ષ શુદ્ધતા છે. એવી પ્રતીતિ તુચ્છજ્ઞાનીને હોઈ શકે કે નહિ ? કોઈ તિર્યંચને સમવસરણમાં પણ આત્માનું ભાન થાય છે અથવા કોઈ તિર્યંચ અઢી દ્વીપ બહારમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તો તેને સાત તત્ત્વોની શ્રદ્ધા છે કે નહિ ? તેનો ઉત્તર આપે છે :-

જો જીવની જાતિ ન જાણે, સ્વ-પરને ન ઓળખે તો તે પરમાં રાગાદિક કેમ ન કરે ? તેની જાતિ ન ઓળખે એટલે કે હું જ્ઞાનસ્વરૂપ છું ને શરીરાદિ જડ પર છે એમ ન જાણે તો રાગાદિ કેમ ન કરે ? પણ તેને ભાન છે તેથી રાગાદિ કરતો નથી. હું જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ ન જાણે તો સ્વને ન ઓળખતાં પરને ઓળખે નહિ, તો સ્વની રુચિ છોડી પરની રુચિ કેમ ન કરે? પણ પરની રુચિ કરતો નથી માટે સ્વની રુચિ કરે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવો સત્યનો સ્વીકાર કરતાં પરપદાર્થ પોતામાં નથી એવો સ્વીકાર થઈ જાય છે. હું ચૈતન્યસ્વરૂપી આત્મા છું એમ અસ્તિ ને પરની મારામાં નાસ્તિ છે એમ અસ્તિ-નાસ્તિનું ભાન વર્તે છે.

વળી આત્માનું ભાન હોવા છતાં નબળાઈથી રાગાદિ થાય છે તે રાગને ન જાણતો હોય તો તેના તરફથી ખસીને સ્વભાવ તરફ કેમ આવે છે ? ક્ષણે ક્ષણે જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થવા માગે છે માટે

જ્ઞાનસ્વરૂપથી વિપરીત વિકારની ખબર છે, તે રાગાદિ આસ્રવ છે ને તે આત્માની શાંતિને રોકનાર છે એવું જાણીને તેનાથી ખસીને શાંતિમાં આવવા માગે છે માટે તેને આસ્રવની ખબર છે.

વળી રાગાદિનું ફળ બૂરું છે. પુણ્ય-પાપનું ફળ બંધન છે, તેને અહિતકર ન જાણે તો તેને છોડી અબંધ સ્વભાવમાં આવવા કેમ ઈચ્છે ? માટે બંધનના ભાવની ખબર છે. આત્મા જ્ઞાનસ્વરૂપી છે તેના ભાન દ્વારા રાગ રહિત થવા માગે છે માટે સંવરને ઓળખે છે.

બધા સમકિતી જીવને સાત તત્ત્વોની ઓળખાણ છે. આત્મા જ્ઞાનની મૂર્તિ છે તેમાં એકાગ્ર થવાના પરિણામને ન ઓળખે તો રાગથી ખસવા કેમ માગે ? સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ બાર વ્રતના પરિણામથી પણ ખસવા ઈચ્છે છે માટે તેને સંવરની ઓળખાણ છે.

હવે નિર્જરા તત્ત્વની વાત કરે છે. આત્મામાં શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે. મોક્ષમાર્ગ અવયવી છે, સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર તેના ત્રણ અવયવ અથવા અંગ છે. તેમાં સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થ શ્રદ્ધાન છે. તે તત્ત્વાર્થ શ્રદ્ધાન સમકિતી તિર્યંચને પણ હોય છે. બાળકને અગ્નિમાં હાથ આવી જાય તો હાથ ખેંચી લ્યે છે, ને બેરીસ્ટર પણ હાથ ખેંચી લ્યે છે. બેરીસ્ટર અગ્નિનું સ્પષ્ટીકરણ કરી શકે છે, બાળક કરી શકતો નથી પણ અગ્નિ પ્રતિકૂળ છે ને અગ્નિથી હાથ દાઝી જાય તેવા ભાવનું ભાસન બાળકને પણ છે. બન્નેને ભાવભાસન સરખું છે. તેમ અલ્પજ્ઞાની તિર્યંચના તથા વિશેષજ્ઞાની જીવના તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં કાંઈ ફેર નથી, બધા સમ્યગ્દૃષ્ટિને તત્ત્વાર્થ શ્રદ્ધાન સરખું હોય છે.

આત્મા શુદ્ધ ચિદાનંદ છે, તેમાં શુદ્ધ ભાવની વૃદ્ધિ કરવા માગે છે ને તેથી કર્મની હાનિ થાય છે. પૂર્વ સંસાર અવસ્થાનું કારણ કર્મ છે, તેની હાનિ થવી ને શુદ્ધિની વૃદ્ધિ થવી તે જ નિર્જરા છે માટે નિર્જરાને ઓળખે છે.

પુણ્ય-પાપની વિકારી દશા તે સંસાર છે, તે જીવની પર્યાયમાં રહે છે. તેનો અભાવ કરી પૂર્ણ શુદ્ધ દશા પ્રગટ કરવા માગે છે માટે મોક્ષની પણ ખબર છે.

આત્માનું ભાન થતાં બધા ભાવનું ભાસન વર્તે છે. આ પ્રમાણે સાતે તત્ત્વોની ઓળખાણ છે, ઓળખાણ ન હોય તો સમ્યગ્દર્શન ન હોય. હું જીવ છું, શરીર આદિ પર છે, પુણ્ય-પાપ વિકાર છે-આસ્રવ છે તેનાથી ખસવા માગે છે. વિકારનું ફળ બંધ છે, તેનો અભાવ કરી સ્વભાવમાં સ્થિરતા કરવા માગે છે તેથી સંવર-નિર્જરાનું જ્ઞાન છે ને તેનું પૂર્ણ ફળ મોક્ષ છે. આમ સાત તત્ત્વની શ્રદ્ધા છે.

તેમને વિશેષ જ્ઞાન નથી પણ પ્રયોજનભૂત જ્ઞાન છે. જો તત્ત્વની શ્રદ્ધા ન હોય તો શુદ્ધભાવરૂપ થવાની ઈચ્છા ન થાય. એવી ઈચ્છા તુચ્છજ્ઞાની તિર્યંચ સમ્યગ્દૃષ્ટિઓને હોય છે જ. તેથી તેને સાત તત્ત્વોનું શ્રદ્ધાન હોય છે એવો નિશ્ચય કરવો.



સુકોશલ મુનિના શરીરને વાઘણ ખાય છે. મુનિનું કાંઈક લક્ષણ દેખતાં તે વાઘણને ખ્યાલ આવે છે કે આ મારો પૂર્વનો દીકરો છે તેથી તે વૈરાગ્ય પામી સમાધિ મૃત્યુ કરે છે. ભગવાન મહાવીર થવા પહેલા તેમનો જીવ દસમે ભવે સિંહનો હતો. સિંહ હરણને મારવા જાય છે ત્યાં બે ચારણ મુનિ ત્યાં આવીને સિંહને સંબોધે છે કે તું દસમા ભવે તીર્થંકર થઈશ. સિંહ તે વાત સાંભળે છે ને સમ્યગ્દર્શન પામે છે. આ પ્રમાણે સાતે તત્ત્વોની શ્રદ્ધા તિર્યંચને પણ હોય છે. જ્ઞાનાવરણનો ક્ષયોપશમ થોડો હોવાથી તેને વિશેષપણે તત્ત્વોનું જ્ઞાન નથી તો પણ દર્શનમોહના ઉપશમથી તત્ત્વોની શ્રદ્ધા યથાર્થ હોય છે. માટે તેમાં અવ્યાપ્તિ દૂષણ નથી.

**પ્રશ્ન** : સમ્યગ્દૃષ્ટિ જીવને આત્માનું ભાન હોય છે તો પણ તે જીવ લડાઈના પરિણામમાં તથા ક્રોધ-માન-માયા-લોભમાં પ્રવર્તતો દેખાય છે. તે કાળમાં તેને સાત તત્ત્વોનો વિચાર હોતો નથી. તો ત્યાં સાત તત્ત્વોની શ્રદ્ધા વ્યાપતી નથી અને તેને આત્માનું ભાન તો રહે છે. માટે એ લક્ષણમાં અવ્યાપ્તિ દૂષણ આવે છે.

**ઉત્તર** : વિચાર જાણવા-દેખવાના વ્યાપારને આધીન છે. આત્મા તરફ જોડાય તો આત્માનો વિચાર કરે ને પર તરફ જોડાય તો પરનો વિચાર કરે છતાં સાત તત્ત્વોની પ્રતીતિ ખસતી નથી. વળી લબ્ધ જ્ઞાનમાં સ્વને પકડવાની તાકાત તેને ખસતી નથી. વળી સમ્યગ્દૃષ્ટિ અન્ય જ્ઞેયોનો વિચાર કરે અથવા ઊંઘતો હોય ત્યારે સાત તત્ત્વોના જ્ઞાનનો ઉપયોગ નથી પણ સાત તત્ત્વની પ્રતીતિ ટળતી નથી તેથી તેને સમકિતની હયાતી છે. જ્ઞાની વિષય-કષાયમાં પ્રવર્તતો હોય, લડાઈમાં હોય પણ અંતરશ્રદ્ધા વર્તે છે તેનો નાશ થતો નથી.

જેમ કોઈ રોગી પુરુષને પ્રતીતિ છે કે હું મનુષ્ય છું, ઢોર નથી, મને આ કારણથી રોગ થયો છે. ખટાશ ખાવાથી વિસ્ફોટક રોગ થયો છે, ને હવે મારે એ કારણ મટાડી, રોગને ઘટાડી નીરોગ થવું જોઈએ.

જુઓ, કેવી ઢબથી ને દાખલા આપીને પંડિતજી સમજાવે છે. છ માસ સુધી તેમની માતા શાકમાં મીઠું નાખતા ન હતા. તે ખાતાં છતાં તેમને ખબર ન પડી ને છ માસ પછી ખબર પડી. આમ શાસ્ત્ર લખવામાં તેમની ઘણી એકાગ્રતા હતી.

અહીં રોગીનું દૃષ્ટાંત યોગ્ય રીતે આપેલ છે. તે રોગી રોગના કારણ ઘટાડી નીરોગ થવા માગે છે. હવે તે રોગી મનુષ્ય જ્યારે વેપાર આદિના વિચારરૂપ પ્રવર્તે છે ત્યારે હું મનુષ્ય છું, ઢોર નથી, આ કારણથી રોગ થયો છે એવો વિચાર હોતો નથી પણ શ્રદ્ધાન ખસતું નથી. રોગનું કારણ જાણી, રોગ ઘટાડી નીરોગ થવું તે શ્રદ્ધા ખસતી નથી. તેમ આ આત્માને એવી પ્રતીતિ છે કે હું આત્મા છું, શરીરાદિ હું નથી, મને પુણ્ય-પાપના પરિણામથી બંધ છે. પણ હવે મારે સંવર વડે, નિર્જરા કરી મોક્ષરૂપ થવું છે. તે જ આત્મા અન્ય વિચારરૂપ પ્રવર્તે છે ત્યારે તેને એવો વિચાર હોતો નથી

પરંતુ શ્રદ્ધાન તો એવું જ રહ્યા કરે છે.

**જેઠ સુદ ૧૨, બુધવાર, ૨૪-૬-૫૩.**

તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

અહીં પ્રશ્ન પૂછે છે કે સમ્યગ્દષ્ટિ વિષય કષાયમાં પ્રવર્તે છે ત્યારે નવ તત્ત્વોનો વિચાર હોતો નથી છતાં આત્માનું ભાન હોય છે તેનું શું કારણ ?

**ઉત્તર** : રોગીનું દૃષ્ટાંત આપે છે. રોગીને એવી પ્રતીતિ છે કે હું મનુષ્ય છું, તિર્યંચ નથી, મને આ કારણથી રોગ થયો છે. મારે એ કારણ મટાડી રોગને ઘટાડી નીરોગ થવું જોઈએ. બીજા કામ કરતાં, બીજા વિચારોમાં હોય ત્યારે પણ તેને તેવી શ્રદ્ધા રહે છે. તેવી રીતે ધર્માત્માને ભાન છે કે હું આત્મા છું, જ્ઞાનસ્વરૂપી છું, પુણ્ય-પાપ-બંધનું કારણ તે મારું સ્વરૂપ નથી એવી પ્રતીતિ તેને કદી પણ ખસતી નથી. તે શુભાશુભ ભાવને બંધ સમજે છે. હવે સંવર વડે એટલે કે આત્મા ચિદાનંદ છે એવા ભાન ને લીનતા દ્વારા રોગ ટાળી નીરોગ દશા એટલે મોક્ષદશા પ્રાપ્ત કરવી છે તેવી શ્રદ્ધા તેને સદાય વર્તે છે. તે ધર્માત્મા અન્ય કોઈ કાર્યોમાં પ્રવર્તે તો પણ તે શ્રદ્ધા ખસતી નથી. વિકાર મટાડી, બંધ ઘટાડી, મોક્ષરૂપ થવું છે એવી પ્રતીતિ ખસતી નથી.

ઢેઢના મેળામાં કોઈ વાણિયો જઈ ચડે તો પોતે વાણિયો છે એમ તે ભૂલી જતો નથી. શરીર, કર્મ, દાળ, ભાત, રોટલા વગેરે અજીવનો ઢેઢિયો મેળો છે. ચિદાનંદ ભગવાન આત્મા તેનાથી જુદો છે. વળી જેમ કોઈ વેપારી ઢેઢ સાથે લેવડ-દેવડ કરે છતાં પોતે વાણિયો છે ને ઢેઢ નથી -એ વાત ભૂલી જતો નથી. તેમ પુણ્ય-પાપના પરિણામ પર્યાયમાં થાય છે છતાં ધર્મી તેને આસ્રવ માને છે, બંધનું કારણ માને છે, તે આસ્રવને મટાડી, બંધને ઘટાડી મોક્ષ કરવા માગે છે. માટે સમકિતીને સાત તત્ત્વોની શ્રદ્ધા સદા વર્તે છે. માટે તે લક્ષણમાં અવ્યાપ્તિ દોષ આવતો નથી.

**પ્રશ્ન** : જો તેને એવું શ્રદ્ધાન રહે છે તો તે બંધ થવાના કારણોમાં કેમ પ્રવર્તે છે ? બંધના કારણ મટાડી બંધને ઘટાડીને બંધનો અભાવ કરવાની પ્રતીતિ જ્ઞાનીને સદા વર્તે છે તો પછી તે બંધના કારણરૂપ આસ્રવમાં કેમ વર્તે છે ? આત્મા જ્ઞાનાનંદ છે, આસ્રવ હેય છે, બંધ અહિતકર છે ને સંવર ઉપાદેય છે. બંધનો અંશે અભાવ કરવો તે નિર્જરા છે ને સર્વથા અભાવ કરવો તે મોક્ષ પરમ હિતરૂપ છે. આ સાત તત્ત્વોની શ્રદ્ધા વર્તે છે તો ધર્મી તેમાં કેમ પ્રવર્તે છે ?

**ઉત્તર** : દૃષ્ટાંતઃકોઈ માણસને કોઈ કારણસર સર્પને પકડી રાખવો પડે છે છતાં તેને રાખવાનો અભિપ્રાય નથી પણ બહાર ફેંકી આવવાનો છે તેમ ધર્માત્માને રાગદ્વેષ થાય છે પણ તે રાખવાનો તેને અભિપ્રાય નથી. બીજું દૃષ્ટાંતઃ કોઈ મનુષ્ય જાણે છે કે મને રોગ થયો છે, તે રોગ ઘટાડવાનો કામી છે. વૈદ્યે કહ્યું કે પેંડો કે કેરી ખાઈશ નહિ, દરદી જાણે છે કે આ રોગનું કારણ છે છતાં



સ્વાદ ખાતર ખાનગીમાં ખાઈ લે છે. વળી કોઈ દરદી રોગ હોવા છતાં દુકાને જાય છે, કોઈ વખતે ક્રોધ-માન-માયા-લોભના પરિણામ કરે છે છતાં હું રોગી છું એવી શ્રદ્ધાનો નાશ થતો નથી. હું મનુષ્ય છું, ઢોર નથી. રોગના કારણ ઘટાડી, રોગનો નાશ કરવાની શ્રદ્ધાનો નાશ થતો નથી. તેમ આ આત્મા કર્મના ઉદયને વશ થાય છે. સમ્યગ્દષ્ટિને ભાન છે કે હું આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છું, પુણ્ય-પાપ બંધનું કારણ છે છતાં પોતાની નબળાઈથી ઉદયને તાબે થઈ પુણ્ય-પાપરૂપે પરિણમે છે. જડ કર્મ પરાણે વશ કરતાં નથી પણ જીવ પોતે પ્રવર્તે છે. અંતરમાં ભાન છે કે બંધ અહિતરૂપ છે ને તે મટાડવો જોઈએ છતાં તેમાં પ્રવર્તે છે. શુભ-અશુભમાં પ્રવર્તે છે. ભરત ને બાહુબલી બન્નેને આત્માનું ભાન હતું, બન્ને તે જ ભવે મોક્ષગામી હતા, છતાં તેમને લડાઈના પરિણામ થયા. તો પણ આત્માની પ્રતીતિ ખસતી નથી. આનો વિશેષ નિર્ણય આગળ કરશું -એમ લખ્યું છે પણ પંડિતજી ૨૮ વરસની ઉંમરમાં સ્વર્ગવાસ પામ્યા તેથી ગ્રંથ પૂરો લખાયો નહિ.

એ પ્રમાણે સાત તત્ત્વોનો વિચાર ન હોવા છતાં ત્યાં તત્ત્વાર્થ શ્રદ્ધાન સદ્ભાવરૂપ રહે છે. વિષય કષાયમાં પ્રવર્તતા છતાં અથવા બંધના કારણમાં પ્રવર્તે છે છતાં ધર્મીને તત્ત્વોની શ્રદ્ધા રહે છે.

**પ્રશ્ન** : શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ચક્રવર્તી તીર્થંકરોને જન્મથી ત્રણ જ્ઞાન હતા. તેઓ ક્ષાયિક સમકિતી હતા છતાં ૯૬૦૦૦ સ્ત્રી સાથે લગ્ન કર્યા ?

**ઉત્તર** : આત્માનું ભાન હોવા છતાં પુણ્ય-પાપના પરિણામમાં વર્તે છે, છતાં તે હેય છે એ વાત ખસતી નથી. બંધમાં રહેવા છતાં બંધ અહિતકર છે એ વાત ખસતી નથી. બંધમાં રહેવા છતાં બંધ અહિતકર છે એ શ્રદ્ધા ખસતી નથી.

અજ્ઞાની જીવ મુનિ થઈ જાય અથવા બાર વ્રત ને તપ કરે પણ આત્મા ઉપાદેય છે ને આસ્રવ હેય છે એવી શ્રદ્ધા નહિ હોવાથી તે મિથ્યાદષ્ટિ છે.

અહીં કહ્યું છે કે સમ્યગ્દષ્ટિ બંધને અહિતકર જાણવા છતાં બંધ ભાવ કરે ને આસ્રવને હેય જાણવા છતાં આસ્રવને સેવે તો તેને શ્રદ્ધા છે કે નહિ ? હા, ત્યાં પણ શ્રદ્ધા રહે છે માટે ત્યાં અવ્યાપ્તિ દોષ આવતો નથી.

**પ્રશ્ન** : આત્માનું જ્ઞાન સ્વરૂપમાં પ્રવર્તે ને નિર્વિકલ્પ અનુભવ હોય ત્યાં તો સાત તત્ત્વોના વિકલ્પનો નિષેધ કર્યો છે. હવે સમકિતના લક્ષણનો નિષેધ કરવો કેમ સંભવે ? નિર્વિકલ્પ અનુભવ વખતે સાત તત્ત્વોનો વિચાર નથી તો તે લક્ષણ ન આવ્યું. માટે ત્યાં અવ્યાપ્તિ દોષ આવ્યો કે નહિ ?

**ઉત્તર** : અહીં જ્ઞાનપ્રધાનથી વાત કરી છે. સાત તત્ત્વોનો વિચાર ચાલે છે ને તે પ્રકારનો રાગ હોય છે. તેથી સાત તત્ત્વોના વિકલ્પમાં લગાવી પ્રતીતિ દઢ કરી છે તથા વિષય કષાયાદિથી ઉપયોગ છોડાવી રાગાદિક ઘટાડે છે. ઉપયોગ વિષયમાં જતો હતો તેને આત્મા તરફ વાળ્યો છે. આમ પ્રતીતિને

દઢ કરી છે. હવે એ કાર્ય સિદ્ધ થતાં એ જ કારણનો પણ નિષેધ કરીએ છીએ. ઉપયોગ સ્વરૂપમાં વળે છે ત્યારે સાત તત્ત્વોનો ભેદ પાડી તેમાં ઉપયોગને ભમાવવાનો ખેદ શા માટે કરીએ ? માટે ત્યાં વિકલ્પનો નિષેધ કરેલ છે. સમકિતીને ચોથે ગુણસ્થાને પણ નિર્વિકલ્પ દશામાં બુદ્ધિપૂર્વક રાગ હોતો નથી. સ્વભાવમાં સ્થિર હોય ત્યારે ભેદમાં રહેવાની જરૂર નથી તેથી વિકલ્પનો નિષેધ કર્યો છે. સમકિતનું લક્ષણ સાતે તત્ત્વોની પ્રતીતિ છે તેનો ત્યાં નિષેધ કર્યો નથી. સાત તત્ત્વોના વિકલ્પનો નિષેધ કર્યો છે પણ શ્રદ્ધાનો નિષેધ કર્યો નથી. જો સાત તત્ત્વોની પ્રતીતિ છોડાવી હોય તો લક્ષણનો નિષેધ કર્યો કહેવાય. સાત તત્ત્વોના વિકલ્પ છૂટવા છતાં પ્રતીતિ કાયમ રહે છે. માટે અંતર્‌અનુભવ વખતે પણ સમ્યગ્દર્શનનું લક્ષણ સાત તત્ત્વોની પ્રતીતિ કાયમ રહે છે. સ્વજ્ઞેયને પકડે ત્યારે બુદ્ધિપૂર્વક રાગ હોતો નથી છતાં તત્ત્વની શ્રદ્ધા રહે છે. માટે અવ્યાપ્તિ દોષ લાગુ પડતો નથી.

**પ્રશ્ન** : કેવળીને સાત તત્ત્વોની શ્રદ્ધા કેવી રીતે સંભવે ? છદ્મસ્થ વિષય કષાયમાં હોય, કામધંધામાં હોય અથવા નિર્વિકલ્પ અનુભવમાં હોય ત્યારે પણ પ્રતીતિ સંભવે છે. તેથી ત્યાં સાત તત્ત્વોની પ્રતીતિને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું તે સંભવે છે પણ કેવળી તથા સિદ્ધ ભગવાનને સમકિત હોય છે. તેઓ ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે તેથી બધાનું જાણપણું સરખું છે. તો તેમાં સાતની પ્રતીતિ ખાસ ક્યાં આવી ? માટે સાત તત્ત્વની પ્રતીતિ સંભવતી નથી ને તેમને સમ્યગ્દર્શન તો હોય છે. માટે તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ કેવળી ભગવાન તથા સિદ્ધ ભગવાનમાં વ્યાપતું નથી માટે અવ્યાપ્તિ દોષ આવે છે.

**સમાધાન** : છદ્મસ્થ સમ્યગ્દષ્ટિ જીવને ભાવશ્રુતજ્ઞાન દ્વારા પ્રતીતિ હોય છે તેમ કેવળી અને સિદ્ધ ભગવાનને કેવળજ્ઞાન અનુસાર જ પ્રતીતિ હોય છે. ચોથે ગુણસ્થાને વર્તતા જ્ઞાનીથી માંડીને સિદ્ધ સુધીના જીવોના જ્ઞાન તથા ચારિત્રમાં ફેર હોય છે પણ સાત તત્ત્વોની શ્રદ્ધા એક જાતની હોય છે. અવગાઢ ને પરમ અવગાઢના ભેદો જ્ઞાનની અપેક્ષાએ છે પણ તિર્યંચ અને સિદ્ધની શ્રદ્ધામાં ફેર નથી. કેવળી ભગવંતોએ પૂર્વે છદ્મસ્થ દશામાં નિર્ણય કર્યો હતો તે કેવળજ્ઞાન વડે જાણ્યો એટલે ત્યાં પ્રતીતમાં પરમ અવગાઢપણું થયું તેથી જ ત્યાં પરમ અવગાઢ સમ્યક્ત્વ કહ્યું છે પણ પૂર્વે શ્રદ્ધાન કર્યું હતું તેને જો જૂઠ જાણ્યું હોય તો ત્યાં અપ્રતીતિ થાત. જેવું સાત તત્ત્વોનું શ્રદ્ધાન છદ્મસ્થને છે તેવું કેવળી તથા સિદ્ધને હોય છે. જ્ઞાનાદિકની હીનતા છદ્મસ્થને હોવા છતાં ને કેવળી ભગવાનને પૂર્ણતા હોવા છતાં સમકિતી તિર્યંચની ને કેવળી ભગવાનની સાત તત્ત્વોની પ્રતીતિમાં ફેર નથી.

હવે વિશેષ વાત કરે છે. કેવળી ભગવાનનો આત્મા પૂર્વે એમ માનતો હતો કે આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેની નિર્વિકારી દશા વડે પૂર્ણદશાનો ઉપાય કરવો. હવે એમ માન્યું કે સંવર વડે મોક્ષ થયો. હવે પ્રયોજન સિદ્ધ થઈ ગયું તેથી કરવું બાકી નથી, પણ તે માને છે કે સંવર-નિર્જરા વડે મુક્તદશા થઈ ગઈ, બીજા કોઈ ઉપાયે થઈ નથી. પૂર્વે શ્રુતજ્ઞાનમાં જીવ-અજીવના ભેદો પાડી જાણતાં હતા ને કેવળજ્ઞાન થતાં જીવ, અજીવ, આસ્રવ, બંધ આદિના સર્વ ભેદો જાણે છે. પરંતુ મૂળભૂત જીવાદિ



તત્ત્વોનું શ્રદ્ધાન અલ્પજ્ઞ પ્રાણીને હોય છે તેવું શ્રદ્ધાન કેવળીને પણ હોય છે. જો કે કેવળી ભગવાન તથા સિદ્ધ ભગવાન અન્ય પદાર્થો પણ પ્રતીતિ સહિત જાણે છે પણ તે પદાર્થો પ્રયોજનભૂત નથી. સાત તત્ત્વો પ્રયોજનભૂત છે તેથી સમ્યક્ત્વગુણમાં સાત તત્ત્વોનું ગ્રહણ કર્યું છે. કેવળી તથા સિદ્ધ ભગવાન રાગાદિ વિકારરૂપ થતાં નથી ને સંસાર ઈચ્છતા નથી તે આ શ્રદ્ધાનનું જ બળ જાણવું. શ્રદ્ધાનના બળને લીધે આસ્રવ-બંધ ઈચ્છતા નથી. આ શ્રદ્ધાનનું બળ બતાવ્યું. તિર્યંચના અને સિદ્ધના શ્રદ્ધાનમાં ફેર નથી તથા સિદ્ધના સમ્યગ્દર્શનમાં પણ તત્ત્વોની શ્રદ્ધારૂપી લક્ષણ વર્તે છે માટે ત્યાં પણ અવ્યાપ્તિ દોષ આવતો નથી.

## જેઠ સુદ ૧૩, ગુરુવાર, ૨૫-૬-૫૩.

આ મોક્ષમાર્ગનું સ્વરૂપ છે, તેમાં સમ્યગ્દર્શન પહેલું અવયવ છે, તેનું લક્ષણ તત્ત્વાર્થ શ્રદ્ધાન બધામાં રહે છે કે નહિ ? અહીં સિદ્ધ કર્યું કે સિદ્ધમાં પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન છે. કેવળી-સિદ્ધ ભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસારની અવસ્થાને ઈચ્છતા નથી તે આ શ્રદ્ધાનનું જ બળ જાણવું.

પ્રથમ આસ્રવને હેય માન્યો હતો ને બંધને અહિતરૂપ માન્યો હતો. હવે સિદ્ધમાં આસ્રવનું પરિણમન નથી ને તેઓ બંધને ઈચ્છતા નથી તે આ શ્રદ્ધાનનું જ બળ જાણવું.

**પ્રશ્ન** : સમ્યગ્દર્શન તો મોક્ષમાર્ગ છે. તો મોક્ષ થઈ ગયા પછી તેનો સદ્‌ભાવ કેમ કહો છો?

**ઉત્તર** : કોઈ કારણો એવા પણ છે કે કાર્ય સિદ્ધ થયા છતાં નષ્ટ થતાં નથી. જેમ કે વૃક્ષને એક શાખાથી અનેક શાખા નીકળી હોય છતાં તે મૂળ શાખા નષ્ટ થતી નથી. કોઈ આત્માને શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ તથા સાત તત્ત્વની પ્રતીતિ કરવાથી અનેક ગુણની નિર્મળ દશા થાય છતાં સમ્યક્ત્વ ગુણ નાશ પામતો નથી. સમ્યક્ત્વગુણ પ્રગટતાં ચારિત્ર, સુખ, આનંદ આદિ પ્રગટે છે પણ સમ્યગ્દર્શન નાશ પામતું નથી. માટે સિદ્ધમાં સમ્યક્ત્વગુણ નષ્ટ થતો નથી. એ પ્રમાણે કેવળી તથા સિદ્ધ ભગવાનને પણ તત્ત્વોની શ્રદ્ધાન હોય છે માટે ત્યાં અવ્યાપ્તિ દોષ લાગુ પડતો નથી. અવ્યાપ્તિ દોષનું સ્પષ્ટીકરણ કર્યું. સમ્યગ્દર્શનનું લક્ષણ બધા સમ્યક્ત્વીમાં રહે છે. માટે અવ્યાપ્તિ દોષ લાગુ પડતો નથી. દશા શ્રીમાળી પણ બધા દશા શ્રીમાળીમાં લાગુ પડે, પછી ગરીબ હોય કે તવંગર હોય તો પણ લાગુ પડે. તેમ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ બધા સમકિતીમાં લાગુ પડે છે. જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં તત્ત્વાર્થ શ્રદ્ધાન ન હોય એમ બનતું નથી.

હવે અતિવ્યાપ્તિ દોષ લાગે છે કે નહિ તે પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન** : જીવ-અજીવ આદિની પ્રતીતિ તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. તો મિથ્યાદષ્ટિને પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ હોય છે એમ શાસ્ત્રમાં નિરૂપણ છે ને શ્રી પ્રવચનસારમાં આત્મજ્ઞાનશૂન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન અકાર્યકારી કહ્યું છે. માટે સમ્યગ્દર્શનનું લક્ષણ, જે તત્ત્વાર્થ શ્રદ્ધાન, તેમાં અતિવ્યાપ્તિ દોષ આવે છે.

તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ છે, સમ્યગ્દર્શન લક્ષ્ય છે. મિથ્યાદષ્ટિપણું અલક્ષ્ય છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષ્યમાં વ્યાપે છે તેમ જ અલક્ષ્યમાં પણ વ્યાપે છે, મિથ્યાદષ્ટિપણામાં વ્યાપે છે. માટે અતિવ્યાપ્તિ દૂષણ લાગે છે.

**ઉત્તર** : મિથ્યાદષ્ટિને તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું છે તે કથનમાત્ર છે કેમ કે તેને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે તેથી ધારણા છે. પ્રવચનસારમાં મિથ્યાદષ્ટિને તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું છે પણ તેના ભાવનું ભાસન નથી. સમયસારમાં અભવીને પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું ત્યાં શ્રદ્ધાનનો ભાવ તેને નથી પણ વ્યવહારથી તત્ત્વ શ્રદ્ધાન કહીએ છીએ. તત્ત્વ શ્રદ્ધાન પ્રતિપાદકશાસ્ત્રનો અભ્યાસ છે તેથી તત્ત્વાર્થ શ્રદ્ધાન આગમદ્રવ્યનિક્ષેપથી કહ્યું છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, વિકારાદિ હેય છે, સંવર-નિર્જરા ઉપાદેય છે -એવા ભાવનું ભાસન નથી. સાત તત્ત્વોની પ્રતીતિ કરવી જોઈએ તે કરતો નથી. સાત તત્ત્વોના ભાવનો નિર્ણય કરતો નથી માટે અતિવ્યાપ્તિ દોષ આવતો નથી. જે લક્ષણ લક્ષ્ય પદાર્થમાં હોય તથા જે અલક્ષ્યમાં પણ હોય તે લક્ષણમાં અતિવ્યાપ્તિ દોષ છે, એ દોષની વાત ચાલે છે. અભવી દ્રવ્યલિંગી મુનિને તત્ત્વાર્થ શ્રદ્ધાન આગમદ્રવ્યનિક્ષેપથી છે પણ અંતરમાં ઉપયોગ લગાવતો નથી. સ્વના ઉપયોગ વિનાનું જ્ઞાન છે. અહીં જે સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું છે તે ભાવનિક્ષેપથી અથવા સ્વના ઉપયોગ સહિત કહ્યું છે. માટે ગુણ સહિત સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન મિથ્યાદષ્ટિને કદી હોતું નથી. વળી આત્મજ્ઞાનશૂન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું છે ત્યાં પણ એમ સમજવું કે ભાવનું ભાસન નથી કારણ કે જેને જીવ-અજીવ આદિ સાત તત્ત્વોનું ભાવ સહિત અથવા ગુણ સહિત સાચું શ્રદ્ધાન હોય તેને આત્મજ્ઞાન કેમ ન હોય? એટલે કે તેને આત્મજ્ઞાન હોય જ. એ પ્રમાણે કોઈ પણ મિથ્યાદષ્ટિને સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન સર્વથા હોતું નથી. માટે એ લક્ષણમાં અતિવ્યાપ્તિ દૂષણ લાગતું નથી.

વળી આ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ કહ્યું છે તેમાં અસંભવ દૂષણ નથી. કારણ કે સમ્યક્ત્વનું પ્રતિપક્ષ મિથ્યાત્વ જ છે. મિથ્યાત્વનું લક્ષણ સમ્યક્ત્વમાં હોતું નથી. માટે અસંભવ દોષ લાગુ પડતો નથી.

એ પ્રમાણે તત્ત્વાર્થ શ્રદ્ધાન કોઈ પણ સમ્યગ્દર્શનમાં ન વ્યાપે તેમ બને નહિ ને અલક્ષ્યમાં વ્યાપે તેમ બને નહિ. માટે ત્રણે દોષ રહિત તત્ત્વાર્થ શ્રદ્ધાન સર્વ સમ્યગ્દષ્ટિઓને હોય છે તથા કોઈ પણ મિથ્યાદષ્ટિને હોતું નથી. માટે સમ્યગ્દર્શનનું સાચું લક્ષણ તત્ત્વાર્થ શ્રદ્ધાન છે.

**પ્રશ્ન** : અહીં સાત તત્ત્વોના શ્રદ્ધાનનો નિયમ કહ્યો તે બનતો નથી કેમ કે કોઈ ઠેકાણે પરથી ભિન્ન પોતાના શ્રદ્ધાનને પણ સમ્યક્ત્વ કહે છે. શ્રી સમયસાર કળશ ૬માં ''એકત્વ નિયતસ્ય' ઈત્યાદિ કળશો લખ્યા છે. ત્યાં એમ કહ્યું છે કે ભગવાન આત્માનું શરીરાદિ પરદ્રવ્યથી ભિન્ન અવલોકન તે નિયમથી સમ્યગ્દર્શન છે. તેથી નવ તત્ત્વની સંતતિ છોડીને અમારે તો એક આત્મા પ્રાપ્ત થાઓ. તમોએ સાતનું કામ છે એમ કહ્યું, અહીં નવની પરિપાટી છોડવાનું કહ્યું છે ને એકલો આત્મા કહ્યો માટે નિયમ ન રહ્યો. વળી કોઈ ઠેકાણે એક આત્માના વિષયને જ સમ્યક્ત્વ કહે છે. શ્રી અમૃતચંદ્રાચાર્ય



કૃત શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાયમાં **દર્શનમાત્મવિનિશ્ચિતિ** એવું પદ છે. તેનો પણ એ જ અર્થ છે. અહીં તો એકલા આત્માની શ્રદ્ધાની વાત આવી. તમો સાતની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહો છો. માટે જીવ-અજીવનું જ વા કેવળ જીવનું જ શ્રદ્ધાન થતાં પણ સમ્યગ્દર્શન હોય છે. જો સાત તત્ત્વોની શ્રદ્ધાનો નિયમ હોત તો આમ શા માટે લખત ?

**ઉત્તર** : પરથી ભિન્ન જે પોતાનું શ્રદ્ધાન હોય છે તે આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષની શ્રદ્ધાન રહિત છે કે સહિત છે ? આસ્રવ હેય છે, બંધ અહિતકર છે, સંવર ઉપાદેય છે, નિર્જરા હિતરૂપ છે ને મોક્ષ પરમ હિતરૂપ છે એવી શ્રદ્ધા ન હોય તો મોક્ષ માટે શા માટે પ્રવર્તે ? તે છૂટવાના ઉપાય કરે છે ને પૂર્ણ છૂટવું તે મોક્ષ છે. સ્વભાવ તરફ ઢળ્યો છે ને પૂર્ણ થવા માગે છે. માટે તેમાં મોક્ષની શ્રદ્ધા આવી જાય છે. જ્ઞાયકસ્વભાવની રુચિ કરી અંતર ઠરવા માગે છે માટે મોક્ષની પ્રતીતિ તેને વર્તે છે. પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ ને બંધનો સર્વથા અભાવ થવો તે મોક્ષ છે તેની શ્રદ્ધા તેને વર્તે છે.

વળી શુદ્ધતાનો અંશ સંવર ઉપાદેય છે ને શુદ્ધતાની વૃદ્ધિ થવી તે નિર્જરા હિતરૂપ છે તેની શ્રદ્ધા વિના રાગાદિ રહિત થઈ પોતાના સ્વરૂપમાં લીનતા કરવાનો ઉદ્યમ શા માટે રાખે છે ? શુદ્ધિની વૃદ્ધિની શ્રદ્ધા વિના રાગાદિ રહિત થવા માગે છે તે શા માટે કરે છે ? માટે સંવર-નિર્જરાની શ્રદ્ધા તેને વર્તે છે.

વળી પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે ને તેનું ફળ બંધ છે. આસ્રવ હેય છે ને બંધ અહિતકર છે. તેની શ્રદ્ધા વિના પૂર્વ અવસ્થા શા માટે છોડવા માગે છે. માટે તેને આસ્રવ-બંધની શ્રદ્ધા પણ હોય છે. માટે આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ પાંચ પર્યાયોની શ્રદ્ધા રહિત સ્વ-પરનું શ્રદ્ધાન કરવું સંભવી શકતું નથી. સ્વ-પરની શ્રદ્ધામાં સાતે આવી જાય છે. સ્વ-પરના ભેદજ્ઞાનમાં સાતેની શ્રદ્ધા હોય છે.

એ રીતે પાંચ તત્ત્વોની શ્રદ્ધાન રહિત કહેલું તેનું નિરાકરણ કર્યું.

જો આસ્રવ આદિકના શ્રદ્ધાન સહિત હોય તો સ્વયં સાતેની શ્રદ્ધાનો નિયમ આવી ગયો.

હવે બીજા બોલનું સ્પષ્ટીકરણ કરે છે. એકલા આત્માની શ્રદ્ધાનો ખુલાસો કરે છે. કેવળ આત્માનો નિશ્ચય છે ત્યાં પરનું પરરૂપ શ્રદ્ધાન થયા વિના આત્માનું શ્રદ્ધાન થતું નથી. આત્મા આત્માપણે છે એમ કહેતાં આત્મા શરીરાદિ પરરૂપે નથી એમ આવી જાય છે. આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે એવો નિર્ણય થતાં પરની શ્રદ્ધા આવી જાય છે. અજીવ બીજી ચીજ છે તેની નાસ્તિ વિના આત્માની શ્રદ્ધા થતી નથી. અજીવનું શ્રદ્ધાન થતાં જ જીવનું શ્રદ્ધાન થાય છે. ત્યાં અજીવ સિદ્ધ કરવો છે માટે એમ લખાણ કરેલ છે. આત્મા છે એમ કહેતાં પર પદાર્થ પણ છે એમ આવી જાય છે. અજીવ પદાર્થની

શ્રદ્ધા કરતાં જીવની શ્રદ્ધા થાય છે. આગળ-પાછળ નથી. શિષ્ય જીવ કબૂલે છે પણ અજીવ કબૂલતો નથી તેથી કહે છે કે અજીવ સત્તાના સ્વીકાર વિના જીવ તરફ કેવી રીતે વળ્યો ? માટે અજીવની શ્રદ્ધા રહેલી છે અને પહેલાં કહ્યા પ્રમાણે આસ્રવનું શ્રદ્ધાન પણ ત્યાં અવશ્ય હોય છે.

જીવ તરફ ઉપયોગ વારંવાર લગાવે છે માટે સંવર-નિર્જરા-મોક્ષની શ્રદ્ધા છે ને આસ્રવાદિ છોડવા માગે છે. માટે આસ્રવ-બંધની શ્રદ્ધા છે. આમ જેને આત્માની શ્રદ્ધા છે તેને પણ સાતે તત્ત્વોની શ્રદ્ધા હોય જ છે.

માટે એક આત્માની શ્રદ્ધા કહો અથવા જીવ-અજીવની શ્રદ્ધા કહો તો પણ આ લક્ષણ લાગુ પડે છે. સાતેની શ્રદ્ધા આવી જાય છે. તે લક્ષણ ક્યાંય લાગુ ન પડે તેમ બનતું નથી.

**જેઠ સુદ ૧૪, શુક્રવાર, ૨૬-૬-૫૩.**

અહીં સમ્યગ્દર્શનના લક્ષણની વાત ચાલે છે. સાત તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન એ વ્યાખ્યા બધે લાગુ પડતી નથી. કારણ કે કોઈ જગ્યાએ સ્વ-પરના નિર્ણયને સમ્યગ્દર્શન કહેલ છે ને કોઈ જગ્યાએ આત્માની શ્રદ્ધા ને સમ્યગ્દર્શન કહેલ છે, તો મેળ કેવી રીતે છે તે પૂછે છે. સ્વ-પરની શ્રદ્ધામાં બે આવવા છતાં તેમાં સાતે આવી જાય છે.

પુણ્ય-પાપ આસ્રવ છે, તેમાં અટકવું તે બંધ છે ને સંવર-નિર્જરા વડે મોક્ષ થાય છે -આમ પાંચની શ્રદ્ધા વિના સ્વ-પરનું શ્રદ્ધાન અથવા કેવળ આત્માનું શ્રદ્ધાન સાચું હોતું નથી. વેદાંત અને સાંખ્ય આદિ મતમાં પણ આત્મા શુદ્ધ છે એમ તો કહે છે પણ એટલાથી કામ ન ચાલે. સાત તત્ત્વની શ્રદ્ધા વિના આત્માની સાચી શ્રદ્ધા હોતી નથી. કેવળજ્ઞાનનું કારણ ચારિત્ર છે, ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન છે, તે સમ્યગ્દર્શનનું લક્ષણ સાત તત્ત્વની શ્રદ્ધા છે. વિકારના અભાવ વડે ને અવિકારના ભાવ વડે પૂર્ણ અવિકારી થવું એ જ ઉપાય છે. આમ પાંચ તત્ત્વોની શ્રદ્ધા ન હોય તો જીવ-અજીવની શ્રદ્ધા સાચી હોતી નથી. પાંચને જાણ્યા વિના એકલો આત્મા જ્ઞાનમૂર્તિ છે એવી પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન નથી. સ્વભાવને ચૂકી રાગાદિ પરિણામ થવા તે આસ્રવ છે ને તેમાં અટકવું તે બંધ છે, સ્વભાવના લક્ષે શુદ્ધતા થાય ને વધે તે સંવર-નિર્જરા છે, ને પરિપૂર્ણ શુદ્ધદશા તે મોક્ષ છે. આમ પાંચની શ્રદ્ધા વિના આત્માની શ્રદ્ધા સાચી હોતી નથી. અજ્ઞાની કાં તો આસ્રવ તત્ત્વ ન માને અથવા વિકારને લીધે નિર્વિકારી દશા માને તો મિથ્યા અભિપ્રાય ટળે નહિ.

આત્મા શુદ્ધાશુદ્ધ પર્યાયનો સમુદાય છે. આગળ આ વાત પૃ. ૨૦૫માં આવી છે. આત્મા શુદ્ધ-અશુદ્ધ પર્યાય સહિત છે, શુદ્ધ-અશુદ્ધ પર્યાય રહિત નથી. આસ્રવ-બંધ અશુદ્ધ પર્યાય છે ને સંવર-નિર્જરા-મોક્ષ શુદ્ધ પર્યાય છે. આમ દ્રવ્ય શુદ્ધ-અશુદ્ધ પર્યાય સહિત છે. એકલા દ્રવ્યની શ્રદ્ધા કરે ને પાંચની શ્રદ્ધા ન કરે તો તે કાર્યકારી નથી.



કોઈ કહે કે માત્ર વીતરાગની આજ્ઞા માને તો સમકિત છે તો તે વાત બરાબર નથી. સાચું-ખોટું પોતાની પર્યાયમાં વર્તે છે. આસ્રવ-બંધ ખોટાપણું છે ને સંવર-નિર્જરા-મોક્ષ સાચાપણું છે. તે પર્યાયો છે ને દ્રવ્ય સામાન્ય છે એમ સમજ્યા વિના ધર્મ થતો નથી. જીવને આસ્રવ-બંધ ટાળવો છે ને સંવર-નિર્જરા-મોક્ષ પ્રગટ કરવો છે તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયો સહિત દ્રવ્ય છે. અહીં ભૂત ને ભવિષ્યની પર્યાય સહિતનું દ્રવ્ય લેવું છે. આસ્રવ-બંધ વર્તી ગયો ને સંવર-નિર્જરા-મોક્ષ વર્તે છે તે સહિતનું દ્રવ્ય છે. અશુદ્ધતા ને શુદ્ધતારૂપ પર્યાયની શ્રદ્ધા વિના સ્વ-પરનું શ્રદ્ધાન અથવા કેવળ આત્માનું શ્રદ્ધાન સાચું નથી.

આ કપડું તાણા વાણા સહિત છે. તાણા વાણાના અવલોકન વિના પટનું અવલોકન ન થાય તેમ આસ્રવ-બંધ અશુદ્ધ પર્યાય છે ને સંવર-નિર્જરા-મોક્ષ શુદ્ધ પર્યાય છે, તેને જાણ્યા વિના આત્મદ્રવ્યનું શ્રદ્ધાન ન થાય. દ્રવ્ય પાંચ પર્યાયો સહિત છે તેની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. તો પછી પાંચ પર્યાયો સહિત દ્રવ્યની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થાય ? ના, તેને આત્માની શ્રદ્ધા નથી. સાત તત્ત્વની શ્રદ્ધામાંથી એક પણ તત્ત્વની શ્રદ્ધા ઓછી કરે તો આત્માની શ્રદ્ધા રહેતી નથી.

આત્મામાં જે વિકાર પરિણામ થાય ને અવિકાર પરિણામ થાય તેની શ્રદ્ધા વિના સ્વ-પરનું શ્રદ્ધાન વા કેવળ આત્માનું શ્રદ્ધાન કાર્યકારી પણ નથી કારણ કે એવું શ્રદ્ધાન કરો કે ન કરો, પોતે છે તે પોતે જ છે અને પર છે તે પર જ છે.

દયા, દાન, વ્રત, પૂજા આદિના પરિણામ આસ્રવ-બંધ છે, તે ભાવ હોય છે ખરા પણ તેનો અભાવ કરવાથી સંવર-નિર્જરા થાય છે તેને રાખવાથી સંવર-નિર્જરા થતાં નથી. સંવર-નિર્જરામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. આસ્રવ-બંધનો અભાવ કરવા માગે છે ને સંવર-નિર્જરાનો ભાવ કરવા માગે છે તે ભાવથી મોક્ષ થાય છે. સ્વ-પરનું શ્રદ્ધાન કરાવીએ છીએ તે પણ એ પ્રયોજન અર્થે કરાવીએ છીએ. આત્મા સ્વ છે ને શરીરાદિ જડ-પર છે. તેવી સ્વ-પરની શ્રદ્ધા આસ્રવાદિની શ્રદ્ધા કરાવવા માટે છે. આસ્રવ હેય છે, બંધ અહિતકર છે, સંવર ઉપાદેય છે, નિર્જરા હિતરૂપ છે ને મોક્ષ પરમ હિતરૂપ છે -આવી શ્રદ્ધા કરાવવા માટે સ્વ-પરની શ્રદ્ધા કરાવીએ છીએ. માટે આસ્રવાદિ પાંચ પર્યાય સહિતનું સ્વ-પરનું જાણવું કાર્યકારી છે. તેની શ્રદ્ધા વિના એકલા સ્વ-પરનું જાણવું અથવા સ્વનું જાણવું કાર્યકારી નથી. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા આસ્રવ છે, તે છોડવા લાયક છે, તે છોડ્યા વિના સંવર-નિર્જરારૂપ પ્રવર્તી શકે નહિ, ને મોક્ષ થાય નહિ.

પુણ્ય-પાપનું જ્ઞાન પુણ્ય-પાપના અભાવ કરવા માટે કર્યું છે પણ પુણ્ય-પાપ રાખવા માટે નથી. આમ પુણ્ય-પાપનો અભાવ કરી સંવર-નિર્જરા-મોક્ષનો ભાવ કરવો છે. માટે આસ્રવાદિના શ્રદ્ધાન સહિત સ્વ-પરનું જાણવું અથવા સ્વનું જાણવું કાર્યકારી છે.

**પ્રશ્ન** : જો એમ છે તો શાસ્ત્રમાં સ્વ-પરના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું વા કાર્યકારી કહ્યું છે.

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन ।**
**अस्वैवाभावतो बद्धा बद्धा ये किल केचन ॥**

જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે ને સિદ્ધ થતાં નથી તે ભેદવિજ્ઞાનના અભાવે સિદ્ધ થતાં નથી -આમ કાર્યકારી કહ્યું છે. સ્વ-પરના શ્રદ્ધાનને તથા આત્માના શ્રદ્ધાનને સમકિત કહેલ છે તથા કાર્યકારી કહેલ છે તથા નવ તત્ત્વની સંતતિ છોડી અમારે તો એક આત્મા જ પ્રાપ્ત હો -એમ કેમ કહ્યું ?

**જેઠ સુદ ૧૫, શનિવાર, ૨૭-૬-૫૩.**

આજે સવારે શ્રી સમયસારજી હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

**જેઠ વદ ૨, રવિવાર, ૨૮-૬-૫૩.**

શાસ્ત્રોમાં સ્વ-પર શ્રદ્ધાન વા કેવળ આત્માના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે તથા કાર્યકારી કહ્યું છે. સાત તત્ત્વો ભિન્ન ભિન્ન છે એમ કહીને અહીં સાતની વાત કરો છો પણ શાસ્ત્રમાં કહ્યું છે કે નવ તત્ત્વની સંતતિ છોડી આત્મા જ્ઞાયક છે એની પ્રાપ્તિ થાઓ તો તેમાં પણ એક આત્મા આવ્યો, સાત તત્ત્વો ન આવ્યા -એમ પ્રશ્ન પૂછે છે.

**ઉત્તર** : આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે ને શરીરાદિ જડ પર છે, એવું શ્રદ્ધાન હોય તેને સાત તત્ત્વની શ્રદ્ધા હોય જ. હું જાણનાર સ્વરૂપે છું, પરપણે નથી એવું અંતર્ભાન થાય તેમાં સાતનું જ્ઞાન આવી જાય છે. સાતે તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા હોય તેને આત્માનું ભાન હોય, ને આત્માનું જ્ઞાન હોય તેને અનાત્મા-જડનું જ્ઞાન હોય છે. વળી પ્રથમ આત્મા તરફ વલણ ન હતું પણ પર તરફ હતું, તે વલણ ફેરવી સ્વ તરફ ઢળે છે, ને શુદ્ધિની વૃદ્ધિ થાય છે. આમ સાતનું શ્રદ્ધાન આવી જાય છે. પરથી ભેદજ્ઞાન વિના સાતની શ્રદ્ધા ન હોય ને સાત તત્ત્વોની શ્રદ્ધાન વિના પરથી ભેદજ્ઞાન ન હોય-આમ પરસ્પર અવિનાભાવીપણું છે. માટે આત્માની શ્રદ્ધા કહો, સ્વ-પર ભેદવિજ્ઞાન કહો કે સાત તત્ત્વોની શ્રદ્ધા કહો -એક જ છે. આ ભાન વિના ધર્મ થાય નહિ. ભૂમિકા વિના બીજ વવાતું નથી તેમ આ શ્રદ્ધાન તે મોક્ષનું બીજ છે.

અહીં કહ્યું છે કે આત્માની શ્રદ્ધામાં સાતની શ્રદ્ધા આવી જાય છે. પણ તે છળથી કોઈ સામાન્યપણે સ્વ-પરને જાણી અથવા આત્માને જાણી કૃતકૃત્યપણું માને તો એ ભ્રમ છે. પુણ્ય-પાપ, દયા-દાનાદિ વિકાર હેય છે એ જાણ્યા વિના આત્માનું જ્ઞાન સાચું થતું નથી. બંધના ફળને હિતકર માને તે બંધને હિતકર માને છે. આમ કોઈ જીવ માત્ર આત્માને સામાન્યપણે જાણે ને કહે કે મારું કાર્ય પૂરું થઈ ગયું તો તે ભ્રમણા છે. કહ્યું છે કે "**निर्विशेषो हि सामान्ये भवेत्खरविषाणवत्**" એકલો આત્મા



જાણે પણ આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષને ન જાણે તો ગધેડાના શીંગડાં સમાન છે. અહીં વિશેષનું જ્ઞાન કરવાનું કહ્યું પણ તેથી પર્યાયના આશ્રયે પણ ધર્મ થાય છે એ વાત નથી. સામાન્ય દ્રવ્ય ને રાગવાળી પર્યાય તે વિશેષ -એમ બન્નેના આશ્રયે ધર્મ થાય છે એમ કહેવું નથી. આત્માની પર્યાયમાં પુણ્ય, પાપ, આસ્રવ, બંધ થાય છે ને સ્વભાવના લક્ષે સંવર, નિર્જરા, મોક્ષ થાય છે દ્રતે વિશેષોના જ્ઞાન વિના સામાન્યનું જ્ઞાન ગધેડાના શીંગડાં સમાન છે. આસ્રવ-બંધ હેય છે, સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે ને મોક્ષ પરમ હિતકર છે -એ જાણ્યા વિના શ્રદ્ધા સાચી થતી નથી.

અજ્ઞાની જીવ પુણ્યના પરિણામ કરે ને તેને ધર્મ માને છે તેથી કહે છે કે આસ્રવાદિના વિશેષો સહિત સ્વ-પરની શ્રદ્ધા કરવા યોગ્ય છે. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ -જીવની પર્યાયો તથા કર્મ આવવાની પર્યાય, બંધ થવારૂપ પર્યાય, કર્મની અટકવારૂપ પર્યાય, કર્મની ખરી જવારૂપ પર્યાય ને કર્મની સર્વથા ખરી જવારૂપ પર્યાય -આમ અજીવના વિશેષો જાણવા જોઈએ. જીવ-અજીવ એકલા કૂટસ્થ નથી પણ તેમાં સમયે સમયે પર્યાયો થાય છે. -આમ બરાબર જ્ઞાન કરવું જોઈએ. જ્ઞાન ઘણું જાણે તેથી રાગાદિ પરિણામ થાય -એમ નથી. જ્ઞાન સ્વ-પરને બધા વિશેષો સહિત જાણે તો કાર્યકારી છે. અહીં જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનની વાત છે.

સાતને જાણ્યા વિના આત્માની શ્રદ્ધા થતી નથી. એક જીવને જાણતાં સાત આવી જાય છે. જીવ એકલો સામાન્ય નથી પણ તેના વિશેષો સહિત છે. જીવ-અજીવ સામાન્ય છે ને આસ્રવાદિ પાંચ તેના વિશેષો છે. આ જાણ્યા વિના અજ્ઞાની લોકો વ્રત-તપમાં ધર્મ માને છે. નય-નિક્ષેપ-પ્રમાણ દ્વારા રાગ સહિત વસ્તુનું જ્ઞાન કરવું તે પ્રથમ યોગ્યતા છે, પછી સ્વભાવના લક્ષે રાગનો અભાવ થાય છે. આ પ્રયોજનભૂત રકમ છે. તે છૂટી જાય તો પછી કાંઈ પણ કાર્યકારી નથી. કોઈ જીવ દયા-દાનાદિની હા પાડે, જાત્રાની હા પાડે પણ પુણ્યથી ધર્મ ન થાય, આત્માના આશ્રયે ધર્મ થાય એ વાતની હા ન પાડે તો તેને ધર્મ ન થાય.

પર દ્રવ્યો મારાથી ભિન્ન છે અથવા હું પરથી ભિન્ન છું એ ચિંતવવાનો હેતુ વિકાર મટાડવાનો છે. પુણ્ય-પાપરૂપ વિકાર મટાડવા માગે છે ને સ્વમાં એકાગ્ર થવા માગે છે. રાગાદિ ઘટે ને સંવર-નિર્જરા વધે ને પૂર્ણદશા થાય. આમ સાતે તત્ત્વોની શ્રદ્ધા તે યથાર્થ શ્રદ્ધા છે. દયા-દાનાદિ આસ્રવ છે તેને મટાડવા ઈચ્છે છે માટે તેમાં આસ્રવ-બંધની શ્રદ્ધા આવી જાય છે ને સ્વમાં રહેવા માગે છે તેમાં સંવર-નિર્જરા-મોક્ષની શ્રદ્ધા આવી જાય છે. આમ સાતે તત્ત્વોની શ્રદ્ધા આવી જાય છે. હું સ્વ છું એમ કહેતાં પરરૂપે નથી એમ આવી જાય છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાન તેને જાણે છે.

જ્ઞાનસ્વભાવ તરફ જીવ વળે છે તે સંવર છે ને તેની અસ્તિમાં આસ્રવના અભાવનું જ્ઞાન આવે છે, નિર્જરાનું જ્ઞાન થતાં અંશે બંધના અભાવનું જ્ઞાન ને મોક્ષનું જ્ઞાન થતાં પૂર્ણ બંધના અભાવનું જ્ઞાન થાય છે. આમ સાતનું જ્ઞાન સ્વ-પર પ્રકાશક સ્વભાવમાંથી થાય છે. અહીં જ્ઞાનપ્રધાનતાથી કથન

છે. જ્ઞાનનો સ્વભાવ એકલો સ્વને જાણવાનો નથી, સ્વ-પરને જાણવાનો છે, સ્વમાં રહીને પરને જાણવાનો છે. જીવ અસ્તિ છે તેમાં અજીવની નાસ્તિ છે એમ આવી જાય છે.

શ્રી સમયસાર ગાથા ૨૦૧-૨૦૨ની ટીકામાં કહ્યું છે કે જે આત્માને નથી જાણતો તે અનાત્માને નથી જાણતો, સ્વરૂપે સત્તા ને પરરૂપે અસત્તા એ બન્ને વડે એક વસ્તુનો નિર્ણય થાય છે. અસ્તિ-નાસ્તિ પોતાનો ધર્મ છે. જેને રાગનો નિશ્ચય થયો હોય તેને આત્માનો ને અનાત્માનો નિર્ણય હોવો જોઈએ. જે જીવ-અજીવને જાણતો નથી તેને સમ્યગ્દર્શન હોઈ શકે નહિ, સ્વને જાણતાં પરનું તથા આસ્રવાદિ પાંચ પર્યાયનું જ્ઞાન આવી જાય છે.

પરથી આત્મા જુદો છે એમ ચિંતવે છે તેનો હેતુ પરના આશ્રયે થતાં રાગ મટાડવાનો છે, આમ પ્રયોજન સિદ્ધ થાય છે. તેથી મુખ્યપણે પરથી આત્મા જુદો છે એવા ભેદજ્ઞાનને વા આત્મજ્ઞાનને કાર્યકારી કહ્યું છે.

વળી તત્ત્વોની શ્રદ્ધા કર્યા વિના સર્વ જાણવું કાર્યકારી નથી. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ જ્ઞેય છે પણ તે હેય જ્ઞેય છે-છોડવા તરીકે જ્ઞેય છે ને આત્મા જ્ઞેય છે પણ ઉપાદેય જ્ઞેય છે.

સ્વનું ચિંતવન રાગથી ખસવા માટે છે. સાત તત્ત્વોને જાણી રાગાદિ ઘટાડી, મોક્ષ સાધવો એ પ્રયોજન છે. જો પાંચ પર્યાયોનું જ્ઞાન ન હોય તો રાગાદિ કેવી રીતે મટાડશે ? પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષની શ્રદ્ધા વિના રાગ મટાડવાનું પ્રયોજન ભાસતું નથી, કેવળ જાણવાથી માનને જ વધારે. જીવ ને આસ્રવ વગેરે પૃથક્ તત્ત્વ છે એમ જ્ઞાન થયું હોય તો આસ્રવ મટાડવાનો પ્રયાસ હોય. રાગાદિ મટાડવાની શ્રદ્ધા હોવી જોઈએ. વિકાર મટાડવો, સ્વભાવમાં આવવું ને પૂર્ણ શુદ્ધદશા પ્રગટ કરવી -આમ શ્રદ્ધામાં હોવું જોઈએ. અજ્ઞાનીને તેવી શ્રદ્ધા નથી. દયા-દાનાદિથી ધર્મ માને તે વીતરાગનો ભક્ત નથી પણ વિકારનો ભક્ત છે.

અહીં કહે છે કે શુભ-અશુભ ભાવ બન્ને મટાડવાનો હેતુ છે. તે હેતુ જેને ભાસતો નથી તે કેવળ જાણપણાથી માનને જ વધારે છે. જીવ જ્ઞાનસ્વરૂપ છે, એમ અમે જાણીએ છીએ -એમ અજ્ઞાની કહે છે પણ રાગાદિ મટાડવા જેવા છે, શુભ ભાવ પણ મદદગાર નથી-આદરવા યોગ્ય નથી એવું જાણવું ન કરે તો તેનું કાર્ય કેવી રીતે સિદ્ધ થાય ? ન થાય.

એકલા આત્માને અથવા સ્વ-પરને જાણે પણ પાંચ વિશેષોને ન જાણે તો કાર્યકારી નથી.

### જેઠ વદ ૩, સોમવાર, ૨૯-૬-૫૩.

તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે, તે વડે સમ્યગ્દર્શન ઓળખી શકાય છે માટે સમ્યગ્દર્શન લક્ષ્ય છે. હવે તે બાબતમાં ઘણાં પ્રશ્નો કર્યા. આત્માની શ્રદ્ધા હોય અથવા સ્વ-પરની શ્રદ્ધા હોય તેને સાત તત્ત્વોની શ્રદ્ધા હોય છે. હવે નવ તત્ત્વોની સંતતિ છોડીને એક આત્મા પ્રાપ્ત થાઓ એમ



સમયસારમાં કહ્યું છે તે પ્રશ્ન ઉઠાવે છે તેનો જવાબ આપે છે. સમયસારમાં નવ તત્ત્વોની પરિપાટી છોડવાનું કહ્યું છે ત્યાં જીવ જ્ઞાયક છે, શરીરાદિ અજીવ છે, દયા-દાનાદિ પુણ્ય છે, હિંસાદિ પાપ છે, બન્ને આસ્રવ-બંધ છે, સંવર શુદ્ધિ છે, નિર્જરા વિશેષ શુદ્ધિ છે અને મોક્ષ પૂર્ણ શુદ્ધિ છે, એવા વિચાર વડે સમ્યગ્દર્શન થયું છે અને પાછળથી નિર્વિકલ્પ દશા થવા અર્થે નવ તત્ત્વોનો વિકલ્પ છોડવાની ઈચ્છા કરી. નવ તત્ત્વોનું જ્ઞાન છે પણ નવ તત્ત્વોના ભેદના લક્ષે રાગ થાય છે તેથી તેને છોડવાની વાત કરી છે. જ્ઞાન નવને જાણે તે રાગનું કારણ નથી, તે તો નિશ્ચય સમકિત છે. નવનું જ્ઞાન યથાર્થ કર્યું છે પણ નવના વિકલ્પો ઊઠતા હતા તેનો નિષેધ કર્યો છે પણ જેને નવ તત્ત્વોનું સાચું જ્ઞાન નથી તેને આ વિકલ્પ તોડવાની શી જરૂર છે ? એ છોડતાં તો પોતાને અન્ય સંસારના વિચાર થાય છે. માટે નવ તત્ત્વોનો વિચાર કરવો વ્યવહાર છે તે વ્યભિચાર છે, નવના વિકલ્પોમાં અટકવું તે વ્યાજબી નથી -એમ સમયસારમાં કહ્યું છે. નવના ભેદમાં રોકાવું તે સમ્યગ્દર્શન નથી. અહીં નવ તત્ત્વના જ્ઞાન સહિત શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે. માટે અપેક્ષા સમજવી જોઈએ. નવનું યથાર્થ જ્ઞાન કરવું તે જ્ઞાનનો સ્વભાવ છે પણ નવના ભેદમાં રોકાતા રાગ થાય છે તે વ્યવહાર શ્રદ્ધા કહેવાય ક્યારે ? નવના ભેદનું લક્ષ છોડી અભેદ સ્વભાવ તરફ લક્ષ કરે તો.

સાત અથવા નવ તત્ત્વોનું જ્ઞાન કરતાં જ્ઞાન નવને ઝીલી નહિ શકે ને રાગ આવી જશે એમ નથી. સમયસારમાં કહ્યું છે કે નવ તત્ત્વોના ભેદમાં જે રોકાય તે મિથ્યાદૃષ્ટિ છે. આત્માના નિરુપાધિ સ્વભાવને ભૂલીને તે ઉપાધિના પડખે ઊભો છે માટે મિથ્યાદૃષ્ટિ છે. અહીં કહે છે કે નવ તત્ત્વના યથાર્થ જ્ઞાનમાં સાચી દૃષ્ટિ છે. નવનું જ્ઞાન કરે છે માટે રાગ આવી જાય છે એમ નથી. નવ તત્ત્વોના જ્ઞાનમાં જ્ઞાયકતત્ત્વનું જ્ઞાન આવી જાય છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે. માટે અપેક્ષા સમજવી જોઈએ. જ્ઞાનમાં નવ આવી જાય છે પણ વિશેષ સ્થિરતા કરવા નવનો વિકલ્પ પણ છોડવો જોઈએ. પરંતુ જેને નવની ખબર નથી તેને સમ્યગ્દર્શન ક્યાંથી થાય ? ન જ થાય. આત્મા હાથ ચલાવી શકે ને પાણી લઈ શકે એવું ઊંધું જ્ઞાન હોય તને નવ તત્ત્વોનો રાગ છોડવાનું શું કામ છે ? તેને સંસારમાં કમાવાના, આહાર વગેરેના ઘણા વિચારો આવે છે. સંસારના કામ માટે ઘણી ઉપાધિ કરે. દીકરાના સગપણમાં કોઈ વિઘ્ન નાખે તો આખો દિવસ વિચાર કર્યા કરે પણ પુણ્ય હશે તો સગપણ થશે એમ વિચાર કરવો જોઈએ. પુણ્યની શ્રદ્ધા કર, કોઈથી ફેરફાર થઈ શકે તેમ નથી. પાપનો ઉદય હશે તો કોઈ અનુકૂળતા આપી શકશે નહિ. પુણ્ય-પાપને જેમ છે તેમ જાણી હું જ્ઞાયકસ્વભાવી છું એમ વિચાર કરવો જોઈએ.

કોઈ છોકરો મેટ્રીકની પરીક્ષામાં પાસ થાય તો ત્યાં હરખાય ને એકત્વબુદ્ધિ કરે છે ને નાપાસ થાય તો શોક કરે છે, પણ પૂર્વના ઉઘાડ મુજબ પાસ-નાપાસ થાય છે એમ વિચાર કરવો જોઈએ. પરમાં આત્માનો પ્રયાસ કાંઈ કામ આવતો નથી, ઈચ્છાને લીધે પાસ થતો નથી. પૂર્વના લબ્ધમાંથી વ્યક્ત થાય છે. માટે દરેક પ્રસંગે નવના વિચાર કરવા જોઈએ. ઘરમાં છોકરાં ન માને, દુકાનમાં કોઈ

ન માને એમાં અજ્ઞાની આકુળ થાય છે; પણ ત્યાં નવ તત્ત્વોનો વિચાર કરવો જોઈએ કે પુણ્યમાં હશે તો છોકરાં માનશે ને પૂર્વે બાંધેલા કર્મો અનુસાર કમાણી થશે-એમ નવ તત્ત્વોનો વિચાર કરવો જોઈએ. ખોટ વખતે વિચાર કરવો કે પાપના ઉદય મુજબ થાય છે. એમ નવના વિચાર કરે તો સમાધાન થાય. માટે અહીં કહે છે અશુભ વિચારનો ત્યાગ કરો ને નવ તત્ત્વનો વિચાર કરો.

એ પ્રમાણે સ્વ-પરના શ્રદ્ધાનમાં વા આત્મશ્રદ્ધાનમાં અથવા નવ તત્ત્વના શ્રદ્ધાનમાં સાત તત્ત્વોની શ્રદ્ધાનની સાપેક્ષતા હોય છે. માટે તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

**પ્રશ્ન** : અર્હંતદેવ ત્રિકાળજ્ઞાની છે. તેમને પૂર્ણ જ્ઞાન વિકાસ પામ્યું છે. જે ઇંદ્રોથી પૂજ્ય છે ને જેમને કાંઈ જાણવું બાકી રહ્યું નથી એવા અર્હંતદેવને માનવા તે સમ્યગ્દર્શન છે. આત્માના ભાન સહિત ત્રણ કષાય ટળ્યા છે ને બાહ્યમાં નગ્ન દશા હોય છે તેવા મુનિને માને તેને સમ્યક્ત્વ કહ્યું છે તથા હિંસા અને રાગાદિ રહિત પરિણામને ધર્મ માનવો તેને સમકિત કહ્યું છે. તમોએ સાત તત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે ને અહીં અર્હંતાદિની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે તે કેવી રીતે છે ?

**ઉત્તર** : બાહ્ય લક્ષણથી અર્હંત દેવાદિની ઓળખાણ કરવી તે વ્યવહાર સમિકત છે. તેથી વિરુદ્ધ દેવ-ગુરુને સ્વીકારે તેને વ્યવહાર સમકિત નથી. વળી રાગમાં ધર્મ માને તેને વ્યવહાર સમકિત નથી પણ રાગ રહિત અહિંસા ધર્મની શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહે છે. બાહ્યથી અર્હંતદેવ, નિર્ગ્રંથ ગુરુ ને ધર્મની ઓળખાણ થવાથી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા દૂર થાય છે. ગૃહીત મિથ્યાત્વનો અભાવ થાય છે. પણ તે વ્યવહાર શ્રદ્ધા સમ્યક્ત્વનું સર્વથા લક્ષણ નથી. કારણ કે દ્રવ્યલિંગી મુનિ અથવા મિથ્યાદષ્ટિ શ્રાવક સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને ધારે છે તેને વ્યવહાર શ્રદ્ધા હોય છે. માટે તે સમ્યક્ત્વનું સાચું લક્ષણ નથી. તેને ગૃહીત મિથ્યાત્વ ટળે છે પણ અનાદિનું અગૃહીત ટળ્યું નથી. જેને ગૃહીત મિથ્યાત્વ રહેલું છે તેને અગૃહીત મિથ્યાત્વ હોય જ છે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનો આદર વર્તે છે તેને બન્ને મિથ્યાત્વ રહેલા છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય પણ સમ્યગ્દર્શન હોતું નથી. માટે અર્હંતાદિની શ્રદ્ધા સમ્યક્ત્વનું સાચું લક્ષણ નથી.

હવે ન્યાય આપે છે. કોઈ નગ્ન મુનિ વ્યવહારથી પાંચ મહાવ્રતનું પાલન કરતો હોય અથવા શ્રાવક અણુવ્રત પાળતો હોય ને આત્માનું ભાન હોય ને સ્થિરતા હોય તો મુનિને સકલચારિત્ર હોય ને શ્રાવકને દેશચારિત્ર હોય. પરંતુ અણુવ્રત થયા વિના દેશચારિત્ર ન હોય. સ્વરૂપનું ભાન થયા પછી શ્રાવકને અણુવ્રતના વિકલ્પ વિના પંચમ ગુણસ્થાન ન હોય. મુનિને મહાવ્રત ધાર્યા વિના સકલ ચારિત્ર ન હોય. કોઈ કહે કે કોઈને કેવળજ્ઞાન થઈ ગયું પણ તેણે મહાવ્રત ધારણ કર્યા ન હતા, તો તે વાત સાચી નથી. મહાવ્રત ધારણ ન કરે તો મુનિપણું નથી તો પછી કેવળજ્ઞાન ક્યાંથી હોય ? અહીં અવિનાભાવીપણે નિમિત્તનો સંબંધ બતાવે છે. માટે વ્રતોને અન્વયરૂપ કારણ જાણી કારણમાં કાર્યનો ઉપચાર કરી ચારિત્ર કહ્યું છે. અઠ્ઠાવીસ મૂળગુણનો વિકલ્પ ન હોય ને સકલ ચારિત્ર આવી જાય એમ બને નહિ. ચારિત્રદશામાં



પાંચ મહાવ્રત અન્વયકારણ નિમિત્તરૂપ કારણ છે. તેથી પાંચ મહાવ્રતના વિકલ્પ આસ્રવ છે છતાં તેને ચારિત્ર કહ્યું છે. ચિદાનંદ આત્માના જ્ઞાન સહિત શ્રાવકપણું આવે તેને બાર વ્રતનો વિકલ્પ હોય જ. તેને બાર વ્રતનો વિકલ્પ ન હોય એમ બને નહિ. આમ નિમિત્તકારણ જાણી બાર વ્રતના વિકલ્પમાં દેશચારિત્રનો આરોપ આવ્યો.

સાચા અર્હંત દેવ, નિર્ગ્રંથ મુનિ ને અહિંસા ધર્મની શ્રદ્ધા થતાં સમ્યગ્દર્શન હોય અથવા ન હોય પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વિના કદી પણ સમ્યગ્દર્શન થાય નહિ. કોઈ કહે કે અમોને ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે ને અમોને સમ્યગ્દર્શન થઈ ગયું તો એમ કદી બનતું નથી. અંદરમાં નિશ્ચય સમકિત હોય ને બાહ્યમાં ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રને માને તેમ કદી બને નહિ. જેમ ચારિત્ર હોય ત્યારે ૨૮ મૂળગુણ આદિનો વિકલ્પ હોય તેમ નિશ્ચય સમ્યગ્દર્શન હોય ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય જ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વિના સાત તત્ત્વની શ્રદ્ધા હોય નહિ ને તેને ભેદજ્ઞાન થાય નહિ. આમ તત્ત્વાર્થ શ્રદ્ધાનવાળાને અર્હંતાદિની શ્રદ્ધા હોય જ છે. માટે અર્હંતની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે તેને અન્વયરૂપ કારણ જાણી કારણમાં કાર્યનો ઉપચાર કરેલ છે.

અહીં ઉપાદાન-નિમિત્તની સંધિ બતાવે છે. નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે તેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ આવ્યા વિના રહે નહિ.

વળી કોઈ કહે કે મુનિદશા વખતે વસ્ત્ર રહિતપણાનો આગ્રહ શો ? તો તેમ કહેનાર જીવ નિમિત્તને સમજતો નથી. વસ્ત્ર રાખે ને મુનિપણું માને તે મિથ્યાદષ્ટિ છે તેને વ્યવહાર શ્રદ્ધાની પણ ખબર નથી.

અહીં સમ્યગ્દર્શનની વાત ચાલે છે. અર્હંત દેવાદિની શ્રદ્ધાને નિમિત્તકારણ સમજી સમ્યગ્દર્શન કહેલ છે. વ્યવહાર સમકિત છે માટે નિશ્ચય સમકિત થાય છે એમ નથી ને નિશ્ચય સમકિત પ્રગટ થાય ત્યારે વ્યવહાર સમકિત ન હોય એમ બને નહિ. જેને અર્હંતાદિની શ્રદ્ધા ન હોય તેને નિશ્ચય સમ્યગ્દર્શન ન થાય. આમ અન્વયરૂપ કારણ જાણી તેમાં સમ્યક્ત્વનો ઉપચાર કરેલ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ ઊઠે છે તે તો રાગ છે, તે સમ્યગ્દર્શન નથી, પણ જેને નિશ્ચય સમ્યગ્દર્શન થયું છે તેને આવો વ્યવહાર હોય છે માટે આરોપ આપેલ છે.

હવે વિશેષ વાત કરે છે. જેને તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય તેને સાચા અર્હંતદેવ, નિર્ગ્રંથ ગુરુ ને સાચા શાસ્ત્રના સ્વરૂપનું શ્રદ્ધાન અવશ્ય હોય જ. અહીં સાચા એમ શબ્દ વાપરેલ છે. સાત તત્ત્વો પૃથક્ પૃથક્ જ્ઞાનમાં વર્તે છે તેને અર્હંતદેવ, નિર્ગ્રંથ ગુરુ ને સાચા શાસ્ત્રની શ્રદ્ધા હોય જ પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન વિના અર્હંતદેવ આદિની શ્રદ્ધા માત્ર સંપ્રદાયના પક્ષથી કરે તો યથાવત્ સ્વરૂપની ઓળખાણ સહિત શ્રદ્ધાન થાય નહિ.

## જેઠ વદ ૪, મંગળવાર, ૩૦-૬-૫૩.

આ મોક્ષમાર્ગ પ્રકાશક છે, તેમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ ચાલે છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે, તે લક્ષણ સર્વવ્યાપક છે. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન-ચારિત્ર ન હોય. તે તત્ત્વાર્થ શ્રદ્ધાન સાથે અર્હંતાદિનું શ્રદ્ધાન હોય કે નહિ ? તે પ્રશ્ન ચાલે છે.

જીવ જ્ઞાયક સ્વરૂપ છે, શરીર-કર્મ આદિ અજીવ પર છે, વિકાર તે આસ્રવ છે, તેમાં અટકવું તે બંધ છે, આત્માના આશ્રયે શુદ્ધતા થાય અને વધે તે સંવર-નિર્જરા છે, પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે -આમ તત્ત્વોના ભાવનું ભાસન થાય તેને સમ્યગ્દર્શન કહે છે. સંપ્રદાયમાં જન્મીને પક્ષથી અર્હંતાદિની શ્રદ્ધા કરે પણ તત્ત્વોની શ્રદ્ધા ન હોય તો કાર્યકારી નથી. આત્માના આશ્રયે પૂર્ણ જ્ઞાનદશા જેને પ્રગટી છે તેને અર્હંત કહેવાય છે, શુદ્ધ સ્વભાવના આશ્રયે અધૂરી શુદ્ધદશા પ્રગટે તે સંવર-નિર્જરા છે, તેના ધારક મુનિ છે ને રાગાદિ રહિત ધર્મ તે અહિંસા છે. આમ શ્રદ્ધા કરે નહિ તેની શ્રદ્ધા સાચી નથી. જે પક્ષથી શ્રદ્ધા કરે છે તેને સાચી શ્રદ્ધા નથી. પંચ મહાવ્રતાદિના પરિણામ રાગ છે, રાગ રહિત અંતર્દશા તે ધર્મ છે. આમ અર્હંતદેવ, નિર્ગ્રંથ ગુરુ ને ધર્મની ઓળખાણ થતાં તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય છે.

'વિદ્વજ્જનબોધક'માં કહ્યું છે - તમોએ સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ કહ્યું તથા સ્વ-પરની શ્રદ્ધાને પણ લક્ષણ કહ્યું તો તેની એકતા કેવી રીતે ?

**ઉત્તર** : બન્નેમાં નયવિવક્ષા છે, બીજો કોઈ ભેદ નથી. સાત તત્ત્વોમાં જ્ઞેય, હેય ને ઉપાદેય - એવા ત્રણ પ્રકાર છે. જાણવા લાયક તો સાતે ય તત્ત્વો છે, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ રાગ રહિત જીવ છે, વ્યવહાર રત્નત્રય આસ્રવ છે, તેનાથી રહિત શુદ્ધ જીવ ઉપાદેય છે, આત્માની નિર્મળ પર્યાય સંવર ને નિર્જરા ઉપાદેય છે ને મોક્ષ સર્વથા ઉપાદેય છે, કેમ કે એ ચારેય નિજરૂપ છે. સંવર-નિર્જરા અધૂરી શુદ્ધ પર્યાય છે ને મોક્ષ પૂર્ણ શુદ્ધ પર્યાય છે માટે તે નિજરૂપ છે. એ આત્મા સાથે અભેદ છે તેથી ઉપાદેય છે.

અજીવ પર છે, દયા-દાનાદિના ભાવ, હિંસા, જૂઠું, ચોરીના ભાવ તે આસ્રવ છે, તેમાં અટકવું તે બંધ છે એ ત્રણે ય હેય છે, કેમ કે તે પરરૂપ છે.

આવી રીતે જીવ, સંવર, નિર્જરા ને મોક્ષને સ્વમાં સમાડી દીધા માટે તે ઉપાદેય એટલે કે આદરવા યોગ્ય છે ને અજીવ, આસ્રવ, બંધ પર છે માટે હેય છે-છોડવા લાયક છે. આમ સાત તત્ત્વોમાંથી બે તત્ત્વો કહ્યાં. સ્વ-પરનું લક્ષણ કહો કે સાતનું લક્ષણ કહો-બન્ને લક્ષણ એક જ અભિપ્રાયના સૂચક છે.

હવે શિષ્ય પૂછે છે કે નવ તત્ત્વની પરિપાટી છોડી એક આત્મા પ્રાપ્ત થાઓ, એ જ સમ્યગ્દર્શન



છે, સમ્યગ્દર્શન એ જ નિશ્ચયથી આત્મા છે -એમ કહ્યું છે. આમ જુદાં જુદાં વચનનો મેળ કેવી રીતે રહેશે ? કેમ કે ત્યાં નવ તત્ત્વની પરિપાટી છોડવાનું કહ્યું ને અહીં સાતની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું -તેનું કેમ ?

**સમાધાન** : અહીં નયવિવક્ષાથી ભેદને અત્યંત ગૌણ કરેલ છે અને અભેદને મુખ્ય કરેલ છે. જીવ, સંવર, નિર્જરા ને મોક્ષ એમ ચારને અભેદ અપેક્ષાએ એક આત્મા કહ્યો. ઉપર કહ્યું હતું તેમાં સ્વ-પર એમ બે લીધા હતા. તેમાં વ્યવહાર રત્નત્રયાદિ પરિણામ આસ્રવ-બંધ છે, તે બે તથા અજીવ એમ ત્રણ પર છે, તેને ગૌણ કરેલ છે. ને જીવ, સંવર, નિર્જરા તથા મોક્ષને અભેદ ગણી ઉપાદેય કહ્યા છે. આમ આત્માની શ્રદ્ધા કહો તો પણ એક જ લક્ષણ છે. સાત તત્ત્વની શ્રદ્ધામાં સાત આવે છે ને આત્માની શ્રદ્ધામાં જીવ, સંવર, નિર્જરા, મોક્ષ અભેદમાં આવી ગયા ને અજીવ, આસ્રવ, બંધ જે પર છે તેને ગૌણ કર્યા માટે આત્માની શ્રદ્ધામાં સાતે તત્ત્વો આવી ગયા.

ત્રીજી વાત એ છે કે સ્વામી કાર્ત્તિકેય દેવ, ગુરુ ને ધર્મની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું તેનો મેળ કેવી રીતે છે અથવા તેમાં સાતની શ્રદ્ધા કેવી રીતે છે તે બતાવે છે.

સાત તત્ત્વોમાં જીવ, સંવર, નિર્જરા, મોક્ષ -એમ ચારને ઉપાદેય કહ્યા છે. નિર્મળ પર્યાય સહિત અભેદ આત્માને ઉપાદેય કહેલ છે. તત્ત્વ એટલે સ્વભાવ છે અને અર્થ એટલે પદાર્થ છે. સ્વભાવ સહિત હોય તે તત્ત્વાર્થ છે. હવે તત્ત્વાર્થમાં મોક્ષ મુખ્ય છે કારણ કે જીવનું પ્રયોજન મોક્ષ છે. મોક્ષનો સ્વભાવ સર્વજ્ઞ ને વીતરાગપણું છે. તે સ્વભાવના ધરનાર અર્હંત ને સિદ્ધ છે. તે નિર્દોષ દેવ છે. માટે જેને મોક્ષ તત્ત્વની શ્રદ્ધા છે તેને તે સ્વભાવના ધરનાર અર્હંત-સિદ્ધની શ્રદ્ધા છે અને જેને અર્હંત-સિદ્ધની શ્રદ્ધા છે તેને મોક્ષ તત્ત્વની શ્રદ્ધા છે, -સ્વભાવની શ્રદ્ધા છે તેને સ્વભાવવાનની શ્રદ્ધા છે ને સ્વભાવવાનની શ્રદ્ધા છે તેને સ્વભાવની શ્રદ્ધા છે. એમ બન્નેની એકતા છે.

વળી તત્ત્વાર્થમાં પ્રથમ જીવ છે. તેનો સ્વભાવ રાગાદિ રહિત શુદ્ધ ચૈતન્ય પ્રાણમય છે, તે સ્વભાવ સહિત અહિંસાધર્મ છે. જ્ઞાયક ભગવાનનો સ્વભાવ જાણવા-દેખવાનો છે તેમાં રાગાદિ પરિણામ ઊઠે તે હિંસા છે, તેનાથી રહિત અહિંસાધર્મ જીવનો છે. જેટલો જ્ઞાયકપણે ટકી રહે છે તે અહિંસાધર્મ છે. શુદ્ધ ચૈતન્યપ્રાણરૂપ જીવની શ્રદ્ધા થઈ તેને અહિંસાધર્મની શ્રદ્ધા થઈ. વ્યવહાર રત્નત્રયના પરિણામ રહિત જીવની શ્રદ્ધા તે અહિંસાધર્મ છે. આમ અહિંસાધર્મનો ધરનાર ચૈતન્ય આત્મા છે. લોકો પરની દયા પાળે તેને અહિંસા કહે છે તે વાત ખોટી છે. પરની હિંસા કે અહિંસા આ જીવ કરી શકતો નથી. શુદ્ધ ચૈતન્યપ્રાણરૂપ જીવમાં જાણવા-દેખવાના પરિણામરૂપે ટકી રહેવું તે અહિંસાધર્મ છે. આવા શુદ્ધ ચૈતન્ય પરિણામવાળા જીવની શ્રદ્ધા છે તેને અહિંસાધર્મની શ્રદ્ધા છે ને જેને અહિંસાધર્મની શ્રદ્ધા છે તેને શુદ્ધ ચૈતન્યપ્રાણરૂપ જીવની શ્રદ્ધા છે. શુદ્ધ ચૈતન્યપ્રાણને રાગ રહિત ધારી રાખે તે જીવ છે, ધર્મનો ધરનાર ધર્મી છે અને જેને શુદ્ધ જીવની શ્રદ્ધા છે તેને અહિંસાધર્મની શ્રદ્ધા છે.

દયા-દાનાદિ ધર્મ નથી. તે આસ્રવ-બંધ છે ને હેય છે. રાગ રહિત શુદ્ધ ચૈતન્યપ્રાણ ધરે તે જીવ દ્રએવી શ્રદ્ધાવાળાને અહિંસાધર્મની શ્રદ્ધા છે, ને અહિંસાધર્મની શ્રદ્ધા છે તેને શુદ્ધ જીવની શ્રદ્ધા છે.

''**प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा**'' પંચ મહાવ્રતના પરિણામ પણ પ્રમાદ છે, રાગાદિનું થવું તે હિંસા છે, તેનાથી રહિત અહિંસારૂપ તે જીવ તત્ત્વ છે. શુદ્ધ પર્યાય પ્રગટી છે તે સંવર-નિર્જરા છે, તે સહિતનું જીવ તત્ત્વ છે. તેની શ્રદ્ધાથી અહિંસાની શ્રદ્ધા થાય છે.

આ રીતે દેવ અને ધર્મની વાત આવી ગઈ. દેવ મોક્ષ તત્ત્વમાં સમાયા અને ધર્મ શુદ્ધ જીવમાં સમાયો. હવે ગુરુની વાત કરે છે. સંવર-નિર્જરા ઉપાદેય તત્ત્વ છે, તેનો સ્વભાવ રત્નત્રયરૂપ છે. તેને ધરનાર આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. આમ સંવર-નિર્જરાની શ્રદ્ધાવાળાને નિર્ગ્રંથ ગુરુની શ્રદ્ધા છે. અને નિર્ગ્રંથ ગુરુની શ્રદ્ધાવાળાને સંવર-નિર્જરાની શ્રદ્ધા છે. એમ બન્નેની એકતા છે.

વળી અજીવ, આસ્રવ ને બંધ હેય તત્ત્વ છે, તેનો ભાવ ધરનાર કુદેવ-કુગુરુ છે. પુણ્યથી અને વ્યવહારથી ધર્મ મનાવે તે કુગુરુ છે, તે કુધર્મને પ્રરૂપે છે ને તે કુદેવનું વાક્ય છે. શરીર કે સંઘયણની અનુકૂળતાથી ધર્મ થાય તે કુદેવાદિનું વાક્ય છે. આસ્રવાદિ તત્ત્વો હેય છે. માટે આસ્રવ-બંધના ધરનાર કુદેવ-કુગુરુ પણ હેય છે.

સર્વજ્ઞદેવને જ્ઞાન-દર્શનનો ઉપયોગ એક સમયે નથી -એમ જે માને અથવા દેવને સંસારમાં ફરી અવતરવું પડે એમ માને તેણે આસ્રવ સહિતના દેવ માન્યા, ને મુનિને વસ્ત્ર સહિત માને છે તેણે કુગુરુને માન્યા પણ નિર્ગ્રંથ ગુરુને માન્યા નહિ. આમ આસ્રવ-બંધને ઉપાદેય માનનારે કુદેવ-કુગુરુને માન્યા છે.

જે કુદેવ-કુગુરુ-કુધર્મને હેયરૂપ માને છે તે અજીવ, આસ્રવ, બંધતત્ત્વને હેય માને છે. જે અજીવ-આસ્રવ-બંધને હેય માને છે તે કુદેવ-કુગુરુ-કુધર્મને હેય માને છે -એમ તેની એકતા છે.

આમ સાત તત્ત્વોમાં સાચા અર્હંતાદિની શ્રદ્ધા આવી જાય છે અને કુદેવાદિની શ્રદ્ધાનો નિષેધ આવી જાય છે.

હવે એક પ્રશ્ન પૂછે છે કે તમોએ સાત તત્ત્વોમાં અર્હંતાદિની શ્રદ્ધા સમાડી પણ સ્વ-પરની શ્રદ્ધામાં અર્હંતાદિની શ્રદ્ધા કેવી રીતે સમાય ?

**ઉત્તર** : શુદ્ધ ચૈતન્યરૂપ નિજભાવ ઉપાદેય છે. વીતરાગી પરિણતિ સહિત શુદ્ધ જીવ ઉપાદેય છે. માટે નિજદ્રવ્ય અને નિજભાવને ધરનારા અર્હંત દેવાદિ ઉપાદેય છે.

સ્વની શ્રદ્ધામાં સંવર-નિર્જરા-મોક્ષ આવી જાય છે, પૂર્ણ નિર્મળ દશાવાળા જીવો અર્હંત ને સિદ્ધ છે ને અધૂરી નિર્મળદશા ધરનારા ગુરુ છે ને શુદ્ધ પરિણતિ તે ધર્મ છે.



રાગ રહિત પરિણતિવાળા શુદ્ધ જીવને ઉપાદેય માન્યો તેમાં સાચા દેવ, ગુરુ ને ધર્મની શ્રદ્ધા આવી જાય છે. અજીવ, આસ્રવ, બંધ હેય છે તેને ધરનાર કુદેવ-કુગુરુ-કુધર્મ છે માટે તે હેય છે. કોઈ કહે કે કુદેવાદિની શ્રદ્ધા છૂટી નથી ને આસ્રવ-બંધને હેય માનીએ છીએ તો તેમ સંભવતું નથી. જેને સાચા દેવ, ગુરુ ને ધર્મની શ્રદ્ધા છે તેને આત્માની શ્રદ્ધા છે ને આત્માની શ્રદ્ધાવાળાને અર્હંતદેવ, નિર્ગ્રંથ ગુરુ ને અહિંસાધર્મની શ્રદ્ધા છે. આમ અરસપરસ અવિનાભાવી સંબંધ છે.

લોકોએ અહિંસાનું સ્વરૂપ સાંભળ્યું નથી. ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ છે તેમાં પરને મારવા કે જીવાડવાનો વિકલ્પ ઊઠે તે રાગ છે તે અજીવ, આસ્રવ, બંધમાં એટલે હેય તત્ત્વમાં આવે છે. જ્ઞાયકમૂર્તિ આત્મામાં એકાગ્ર થઈ રાગ રહિત પરિણતિ થાય તે અહિંસાધર્મ છે. સંવર-નિર્જરાનો સ્વભાવ રત્નત્રય છે, રત્નત્રયના ધરનાર ગુરુ છે, ગુરુને ઓળખનાર સંવર-નિર્જરાને ઓળખે ને તેને અહિંસાધર્મની ઓળખાણ છે.

સાત તત્ત્વોની શ્રદ્ધા છે તેને આત્માની શ્રદ્ધા છે, તેમ જ તેને સ્વ-પરની પણ શ્રદ્ધા છે. સ્વ-પરની શ્રદ્ધા છે તેને આત્માની શ્રદ્ધા છે. આત્માની શ્રદ્ધા કહેતાં અર્હંતાદિની શ્રદ્ધા આવી જાય છે.

આમ પરસ્પર અવિનાભાવી જાણી કોઈ ઠેકાણે અર્હંતાદિના શ્રદ્ધાનને પણ સમ્યક્ત્વ કહ્યું છે.

**પ્રશ્ન** : નરકાદિ જીવોને દેવ કુદેવાદિનો વ્યવહાર નથી છતાં આત્માનું જ્ઞાન હોય છે. માટે સમ્યગ્દર્શન થતાં અર્હંતાદિની શ્રદ્ધા હોય જ એવો નિયમ સંભવતો નથી.

**ઉત્તર** : સાતે તત્ત્વોના શ્રદ્ધાનમાં અર્હંતાદિનું શ્રદ્ધાન ગર્ભિત છે. નારકી જીવને બાહ્યમાં દેવનો વ્યવહાર નથી પણ દેવાદિની નિશ્ચય શ્રદ્ધા છે. નારકી જીવોને સાત તત્ત્વોની શ્રદ્ધા છે, તેમાં મોક્ષ તત્ત્વને ઉત્કૃષ્ટ માને છે, ભાવમોક્ષ અર્હંતને છે ને દ્રવ્યમોક્ષ સિદ્ધને છે. હવે મોક્ષને ઉત્કૃષ્ટ માને છે તેમાં સર્વજ્ઞદેવની શ્રદ્ધા આવી જાય છે. અલ્પજ્ઞ દશા ઉત્કૃષ્ટ નથી. સંવર-નિર્જરા સર્વોત્કૃષ્ટ નથી, મોક્ષ તત્ત્વ સર્વોત્કૃષ્ટ છે. મોક્ષ તત્ત્વ અર્હંત-સિદ્ધનું લક્ષણ છે. માટે જે લક્ષણને ઉત્કૃષ્ટ માને તે લક્ષ્યને ઉત્કૃષ્ટ માને છે. જેણે સર્વજ્ઞ વીતરાગદેવને ઉત્કૃષ્ટ માન્યા તેણે રાગી દેવને હેય માન્યા છે. -આમ મોક્ષનો નિર્ણય થતાં અર્હંત-સિદ્ધનો નિર્ણય થાય છે, ને તેનો નિર્ણય કરતાં કુદેવ-કુગુરુને હેય તત્ત્વ તરીકે જાણે છે.

જે સમયે જે પર્યાય થવાની તે થવાની, તેમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ? એમ પૂછનારને અર્હંતની શ્રદ્ધા નથી, સાત તત્ત્વની શ્રદ્ધા નથી ને આત્માની શ્રદ્ધા નથી.

નરકમાં રહેલો સમ્યગ્દૃષ્ટિ જીવ અધૂરી દશાને સર્વોત્કૃષ્ટ માનતો નથી, રાગાદિને ભલા માનતો નથી. મોક્ષને ઉત્કૃષ્ટ માને છે તેમાં દેવનું શ્રદ્ધાન આવી થયું. વળી સંવર-નિર્જરાની શ્રદ્ધા તેને હોય છે, તે ચોથે-પાંચમે ગુણસ્થાને હોય છે પણ મુખ્યપણે તેના ધરનાર મુનિરાજ છે. માટે મુનિરાજને ઉત્તમ

માને છે. ને જે સંવર-નિર્જરાને ધરનાર નથી ને રાગમાં ધર્મ મનાવે છે તેને કુગુરુ માને છે. જેને ત્રણ કષાય ટળ્યા છે ને બાહ્ય નગ્નદશા થઈ છે તેવા ગુરુને માને તેથી વિરુદ્ધ ગુરુને માને નહિ. દ્રવ્યલિંગી મુનિ પણ કુગુરુ છે કેમ કે તે સંવર-નિર્જરાના ધરનાર નથી. સંવર-નિર્જરાને ધરનાર ભાવલિંગી મુનિ છે. તેને જ સમ્યગ્દષ્ટિ નારકી ગુરુ તરીકે માને છે. સાચા મુનિરાજને માને તે સંવર-નિર્જરાને માને અને સંવર-નિર્જરાને માને તે મુનિરાજને માને છે, તે ખોટા ગુરુને માને નહિ.

વળી રાગ રહિત અહિંસાધર્મને માને છે પણ વ્યવહાર રત્નત્રયથી ધર્મ માનતો નથી. આમ ધર્મની શ્રદ્ધા હોય છે.

આ પ્રમાણે તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં અર્હંત દેવાદિકનું શ્રદ્ધાન પણ ગર્ભિત છે. અથવા જે નિમિત્તથી સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય છે તે જ નિમિત્તથી સાચા અર્હંત-ગુરુ-ધર્મની શ્રદ્ધા થાય છે. માટે જેને તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણવાળું સમ્યગ્દર્શન થયું તેને દેવાદિની શ્રદ્ધાનો નિયમ છે. આમ અવિનાભાવી સંબંધ છે.

આમ તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં અર્હંતાદિની શ્રદ્ધા સમાડી દીધી.

### જેઠ વદ ૫, બુધવાર, ૧-૭-૫૩.

તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ છે ને સમ્યગ્દર્શન લક્ષ્ય છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં સ્વ-પરની શ્રદ્ધા આવી જાય છે. આત્મા સંવર, નિર્જરા ને મોક્ષ ઉપાદેય છે તે અભેદ તરીકે સ્વમાં લીધા છે ને અજીવ આસ્રવ, બંધ પર છે હેય છે. આમ તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં સ્વ-પરની શ્રદ્ધા અથવા આત્માની શ્રદ્ધા આવી જાય છે. વળી તેમાં અર્હંતાદિની શ્રદ્ધા પણ આવી જાય છે તેમાં પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન** : કોઈ જીવ અર્હંતદેવને, નિર્ગ્રંથ ગુરુને તથા રાગ રહિત અહિંસાધર્મને માને છે છતાં તેને તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ હોતું નથી. માટે જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા સાથે તત્ત્વાર્થ શ્રદ્ધાન અવશ્ય હોય જ એવો નિયમ સંભવતો નથી. સંપ્રદાયમાં બધા અર્હંતદેવને માને છે પણ સાત તત્ત્વના પૃથક્પણાની તેને ખબર હોતી નથી.

**ઉત્તર** : સાચી શ્રદ્ધા વિના અજ્ઞાની અર્હંતના ૪૬ ગુણોને જાણે છે પણ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, તે રાગ કરે નહિ તેમ જ શરીરની ક્રિયા કરે નહિ એવું ભાન નથી, તે જીવ અજીવની જાતને જાણતો નથી ને તે જાણ્યા વિના અર્હંતના અરૂપી નિર્વિકારી ગુણો કેવા હોય ને તેના શરીરાશ્રિત ગુણો કેવા હોય તેની તેને ખબર નથી.

સર્પ અને મોર એક સાથે સમવસરણમાં બેઠા હોય, ભગવાન જમીનથી ઊંચે વિહાર કરતાં હોય, તેમને પરમ ઔદારિક શરીર હોય છે. આવી રીતે તે ભગવાનને ઓળખે છે પણ તે બધા તો પુણ્યના ફળ છે. તેની તેને ખબર નથી. વળી મુનિ ઉપદેશ આપે છે એમ માને છે. ઉપદેશનો સ્વામી થનાર



તો મિથ્યાદષ્ટિ છે. જીવ આસ્રવ કરે નહિ, આસ્રવથી ધર્મ થાય નહિ, આસ્રવ જડને કરે નહિ, જડનું આત્મા કરે નહિ એ વાતની તેને ખબર નથી.

અર્હંતના અનંત ચતુષ્ટય આત્માશ્રિત છે, તે આત્માની પર્યાયો છે ને ઔદારિક શરીર આદિ શરીરાશ્રિત પર્યાયો છે. ગુણો ત્રિકાળ છે, અવસ્થા નવી પ્રગટ થાય છે. આત્માની પર્યાયોની તથા શરીરાશ્રિત પર્યાયોની ભિન્નતાની તેને ખબર નથી. આત્મા શરીરને ચલાવે છે એમ માનવું તે મૂઢતા છે. જડની ક્રિયા જડથી થાય છે, આત્માથી થતી નથી. આત્મા એકક્ષેત્રે હોવા છતાં તથા ઈચ્છા હોવા છતાં કેટલીક વાર પગનું ચાલવું થતું નથી, ભાષા બોલાતી નથી કેમ કે તે સ્વતંત્ર છે. જે સમયે અજીવની પર્યાય થાય છે તે સમયે આત્માની ઈચ્છા હોય તો તેને નિમિત્ત કહેવાય છે. આત્માની પર્યાય આત્માથી થાય છે ને જડની પર્યાય જડથી થાય છે એમ માને તો પોતાના આત્માને પરથી ભિન્ન કેમ ન માને? ભગવાનની મૂર્તિ જડ છે, શરીર જડ છે, દેવ પર છે એમ માને તો સ્વને જુદો માને. અજ્ઞાની માને છે કે મૂર્તિથી મને લાભ થાય પણ તે વાત ખોટી છે. પોતે શુદ્ધ અથવા શુભ પરિણામ કરે તો ભગવાનને તેમાં નિમિત્ત કહેવાય. ભગવાનને લીધે પરિણામ થતાં નથી. અનેક મંદિરો બનાવવા છતાં જ્ઞાની સમજે છે કે તે મંદિરો મારાથી થયા નથી, હું એનાથી જુદો છું, તેનાથી મને લાભ નથી. કોઈ કહે કે જે પંચ કલ્યાણક કરે તે આઠ ભવે મોક્ષ જાય તો તે વાત ખોટી છે. પંચ કલ્યાણકના ભાવથી ધર્મ નથી, મંદિરની ક્રિયા જડની છે, પોતામાં શુભ ભાવ થયો તે પુણ્ય છે. પુણ્યને લીધે કે પરને લીધે સંસાર પરિત થાય એમ બનતું નથી. જો જીવ અજીવને ભિન્ન જાણે તો પરદ્રવ્યથી ધર્મ થાય તેમ માને નહિ.

પુણ્ય તો આસ્રવ છે, તેનાથી સંવર માને તો સાત તત્ત્વો સ્વતંત્ર રહે નહિ. પુણ્ય વિકારી પરિણામ છે, સંવર નિર્વિકારી પરિણામ છે, તેને જુદા માને નહિ તેને દર્શનમોહ છે. ભગવાન પર છે, પરથી આત્માને લાભ થાય એમ માને તો સાત તત્ત્વો રહેતાં નથી, તે મિથ્યા અભિનિવેશ છે. હું જીવ છું, પુણ્ય-પાપ આસ્રવ-બંધ છે એમ સમજે તો પરને લીધે મારામાં કાંઈ પણ ન થાય એમ સમજે. જો જાણે તો પોતાના આત્માને પરદ્રવ્યથી કેમ ભિન્ન ન માને ? તેમ જ શ્રી પ્રવચનસારમાં શ્રી કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે કે :-

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जवत्तेहिं ।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ॥ ८ ॥**

જે અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે આત્માને જાણે છે. અર્હંતના દ્રવ્યનો ભાવ, તેમના ગુણોનો ભાવ ને પર્યાયનો સ્વભાવ જે જાણે છે તે આત્માને જાણે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ આત્માની પર્યાયો છે, શરીરાદિની અવસ્થા અજીવની છે. આમ ચૈતન્ય તથા જડને જુદા જાણે તે આત્માને જાણે.

વળી તે મોક્ષાદિક તત્ત્વોના શ્રદ્ધાન વિના અર્હંતાદિનું માહાત્મ્ય પણ યથાર્થ જાણતો નથી, તેના ભાન વિના તે જીવ અર્હંતને જાણતો નથી. સાતના માત્ર લૌકિક અતિશયાદિ વડે અર્હંતનું, તપશ્ચરણાદિ વડે ગુરુનું અને પરજીવોની અહિંસા વડે ધર્મનું માહાત્મ્ય જાણે છે. જ્યાં પ્રભુ બિરાજે ત્યાં મારસ-મરકી આદિ ન હોય તે અર્હંતનું માહાત્મ્ય નથી, તે પુણ્યનું માહાત્મ્ય છે. પુણ્યનું માહાત્મ્ય આવે તેને ચૈતન્યનું માહાત્મ્ય નથી. સાત તત્ત્વની શ્રદ્ધા વિના અર્હંતનું માહાત્મ્ય આવતું નથી. માનસ્તંભને દેખી ગૌતમનું માન ગળી ગયું એમ માનનારને બહારનું માહાત્મ્ય આવ્યું. માનસ્તંભાદિ અજીવ પદાર્થ છે, તેની ક્રિયા જીવ કરી શકતો નથી. શુભ રાગ હોય તો તેને નિમિત્ત કહેવાય છે. ભગવાનને કેવળજ્ઞાન પ્રગટે ત્યારે તેમને ક્ષુધા-તૃષા ન હોય તે વાત બરાબર છે પણ એટલા માત્રથી અર્હંતને ઓળખે તો ભૂલ છે.

વળી તપશ્ચરણથી ગુરુને ઓળખે તો તે પણ બરાબર નથી. સખત ઠંડીમાં વસ્ત્ર પણ ન રાખે, દિવસે એક વાર આહાર લ્યે, કેશ લોચ કરે વગેરેથી ગુરુનો મહિમા કરે છે. વળી મુનિ ઇંદ્રિયદમન કરે છે, ઉઘાડા પગે ચાલે છે, ૨૮ મૂળગુણનું પાલન કરે છે. તેનાથી મુનિને ઓળખે તો તે યથાર્થ ઓળખાણ નથી.

લોકો અર્હંત તથા ગુરુના લક્ષણ જાણતાં નથી. નિર્વિકલ્પ રત્નત્રયના પરિણામ તે ગુરુનું લક્ષણ છે. ઊભા ઊભા આહાર લ્યે ને હાથમાં આહાર લ્યે તે તો જડની ક્રિયા છે, તેને આત્મા કરી શકતો નથી. અત્યારે તો મુનિ ઉદ્દેશિક આહાર લ્યે છે ને શ્રાવક પણ ઉદ્દેશિક આહાર આપે છે, તે બન્નેની ભૂલ છે. બન્ને વ્યવહારભ્રષ્ટ છે. આ સર્વજ્ઞનો માર્ગ છે, તેમાં શિથિલતા ન ચાલે. મોટી પ્રતિજ્ઞા ન લેવી તે પાપ નથી પણ લઈને તોડવી તે મહાપાપ છે. અજ્ઞાની બાહ્ય ક્રિયા ને તપથી મુનિને ઓળખે છે. જેના બાહ્ય મહાવ્રતાદિ ખોટા છે તેના નિશ્ચય અને વ્યવહાર બન્ને ખોટા છે પણ જેના નિશ્ચય અને વ્યવહાર બન્ને સાચા છે તે સાચા મુનિ છે. અજ્ઞાની બાહ્ય તપથી તેને ઓળખે છે એટલે તેને ગુરુનું માહાત્મ્ય આવતું નથી.

વળી પર જીવોની અહિંસા વડે ધર્મનું માહાત્મ્ય જાણે છે પણ તે વસ્તુસ્વરૂપ નથી. સાત તત્ત્વના ભાન વિના સાચી શ્રદ્ધા નથી. લૌકિક અતિશય, તપશ્ચરણ ભાવ, પર જીવની અહિંસા તે બધા પર આશ્રિત ભાવ છે, આત્માશ્રિત ભાવ નથી. અર્હંતદેવ, મુનિ તથા ધર્મનું સ્વરૂપ આત્માશ્રિત છે. શુદ્ધ ચિદાનંદ આત્માના આશ્રયે અર્હંતપણું, મુનિપણું ને ધર્મ છે -આમ જાણવું જોઈએ. તત્ત્વાર્થ શ્રદ્ધાન થતાં જ સાચું જાણાય છે. અહિંસાને લીધે પુણ્ય પ્રાપ્ત થતું નથી તો પછી પર વસ્તુ મળે એમ કદી બનતું નથી. પૈસા અજીવ છે, પૈસા ખરચવામાં રાગ ઘટાડે તો પુણ્ય છે. પૈસા મેં ખર્ચ્યા એમ માને તો મિથ્યા ભાવ છે ને માન સારું પૈસા આપે તો મિથ્યાત્વ સહિત પાપ ભાવ છે. તૃષ્ણા મંદ કરે તો મિથ્યાત્વ સહિત શુભ ભાવ છે. તેને સાત તત્ત્વની શ્રદ્ધા હોતી નથી. કુદેવાદિને માને છે જે આસ્રવ-



બંધને હેય માનતો નથી ને સુદેવાદિને માનતો નથી તેને સાત તત્ત્વોનું શ્રદ્ધાન હોતું નથી. આમ સાત તત્ત્વોની શ્રદ્ધામાં અર્હંતાદિની શ્રદ્ધા આવી જાય છે. જેને અર્હંતાદિની સાચી શ્રદ્ધા હોય તેને તત્ત્વાર્થ શ્રદ્ધાન અવશ્ય હોય જ એવો નિયમ જાણવો. એ પ્રમાણે સમ્યક્ત્વનું લક્ષણનિર્દેશ કર્યું.

**પ્રશ્ન** : સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન, સ્વ-પરનું શ્રદ્ધાન, આત્મશ્રદ્ધાન તથા દેવ-ગુરુ-ધર્મનું શ્રદ્ધાન સમ્યક્ત્વનું લક્ષણ કહ્યું, એ સર્વ લક્ષણોની પરસ્પર એકતા દર્શાવી પરંતુ આમ અન્ય અન્ય પ્રકારથી કહેવાનું શું પ્રયોજન છે ?

**ઉત્તર** : એ ચાર લક્ષણો કહ્યાં તેમાં સાચી દૃષ્ટિપૂર્વક કોઈ એક લક્ષણ ગ્રહણ કરતાં ચારેનું ગ્રહણ થાય છે. અર્હંતદેવ, નિર્ગ્રંથ ગુરુ તથા રાગ રહિત પરિણામને ઓળખે તો બધું જાણી જાય છે છતાં મુખ્ય પ્રયોજન જુદું જુદું વિચારી અન્ય અન્ય પ્રકારથી એ લક્ષણો કહ્યાં છે. જ્યાં તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું છે ત્યાં તો આ પ્રયોજન છે કે જો એ સાતે તત્ત્વોને ઓળખે તો જીવ-અજીવનું સ્વરૂપ ઓળખે, આસ્રવ-બંધને અહિતકર ઓળખે ને સંવર-નિર્જરા તથા મોક્ષ હિતકર છે એમ ઓળખે. પુણ્ય-પાપના પરિણામ બૂરા છે ને વીતરાગી પર્યાય સંવર-નિર્જરા હિતકર છે ને મોક્ષ પરમ હિતકર છે. જીવ ચૈતન્યમૂર્તિ છે, શરીરાદિ અજીવ છે આમ ઓળખે તો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં પ્રવર્તે. સંવર-નિર્જરામાં પ્રવર્તતા મોક્ષમાર્ગમાં પ્રવર્તે જેને હિતકર માને તેમાં પ્રવર્તે ને જેને અહિતકર માને તેથી છૂટવા માગે. આમ સાત તત્ત્વોની ઓળખાણમાં મોક્ષમાર્ગરૂપ પ્રવૃત્તિ થાય ને આસ્રવમાં પ્રવર્તે નહિ. જ્ઞાનીને પુણ્ય-પાપના પરિણામ થાય ખરા પણ સમજે છે કે તે પરિણામ અહિતકર-હેય છે. જ્ઞાન જ બંધના અભાવનું કારણ છે. વળી જીવ-અજીવને જાણવાથી જડની ક્રિયાનું અભિમાન ટળી જાય છે. આમ જે જીવને સ્વતંત્ર જાણે તેને ભેદજ્ઞાનનો લાભ થાય. વળી સંવર-નિર્જરાને જાણે તે સ્વભાવ સન્મુખ પ્રયત્ન કરે જ. જેને જરૂરનું જાણે તે તરફનો પ્રયત્ન કરે જ. આસ્રવ-બંધને હેય જાણે તે આસ્રવ-બંધમાં સર્વથા રોકાઈ જાય તેમ બને નહિ પણ આસ્રવ-બંધને છોડવાનો પ્રયત્ન કરે. આમ સાત તત્ત્વોની શ્રદ્ધાનું પ્રયોજન સિદ્ધ કર્યું.

જ્યાં સ્વ-પરની શ્રદ્ધાને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે ત્યાં જીવ-અજીવની શ્રદ્ધાનું પ્રયોજન તો સ્વ-પરને જુદા જાણવા તે છે. આસ્રવ-બંધનું શ્રદ્ધાન આસ્રવ-બંધ છોડવા માટે છે, પુણ્ય-પાપ આસ્રવ છે, બંધના કારણ છે. જીવ અજીવને ભિન્ન જાણે તો જડથી મારામાં કાંઈ થતું નથી ને મારાથી જડમાં કાંઈ થતું નથી -એમ માને. વળી સ્વ-પરનું શ્રદ્ધાન (ભિન્નતાનું) થતાં પુણ્ય-પાપના પરિણામ કરવા જેવા નથી ને સ્વભાવની ભિન્નતા કરવા જેવી છે -એ વાત આવી જાય છે. માટે સ્વ-પરની ભિન્નતાના શ્રદ્ધાનમાં સાત તત્ત્વોની શ્રદ્ધા આવી જાય છે. માટે સ્વ-પરની શ્રદ્ધાને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે.

## જેઠ વદ ૬, ગુરુવાર, ૨-૭-૫૩.

સમ્યગ્દર્શન કયા લક્ષણ વડે ઓળખી શકાય છે તેની વાત ચાલે છે. ચાર લક્ષણો કહ્યાં તેમાં ખરું લક્ષણ કયું છે ?

**ઉત્તર** : ૧) ચાર લક્ષણો કહ્યાં તેમાં સ્વ-પરને ભિન્ન માને, તત્ત્વ શ્રદ્ધાન માને, આત્માની શ્રદ્ધાને માને કે અર્હંતાદિની શ્રદ્ધાને માને તો પણ બધામાં એક જ પ્રયોજન છે. એ ચાર લક્ષણો કહ્યાં તેમાં સાચી દૃષ્ટિપૂર્વક કોઈ એક લક્ષણ ગ્રહણ કરતાં ચારે લક્ષણોનું ગ્રહણ થાય છે. તો પણ મુખ્ય પ્રયોજન જાુદું જાુદું વિચારી અન્ય અન્ય પ્રકારથી એ લક્ષણો કહ્યાં છે. જ્યાં સાત તત્ત્વો કહ્યાં છે ત્યાં આ પ્રયોજન છે કે સાતને ઓળખે. જીવ જ્ઞાનાનંદ સ્વરૂપ છે, શરીરાદિ અજીવ છે, આસ્રવ-બંધ અહિતકર છે ને સંવર-નિર્જરા-મોક્ષ હિતકર છે -એમ શ્રદ્ધા કરી મોક્ષમાર્ગમાં પ્રવર્તે. જો એવી શ્રદ્ધા ન કરે તો મોક્ષમાર્ગમાં ન પ્રવર્તે.

૨) હવે સ્વ-પર ભિન્નતાને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનનો હેતુ સ્વ-પરની ભિન્નતા જાણી સ્વરૂપમાં ઠરવાનો છે. હું જીવ છું, શરીરાદિ પર છે. આમ સ્વ-પર ત્રણે કાળે જુદા છે. વળી આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષની શ્રદ્ધા કરવામાં હેતુ એ છે કે આસ્રવ, બંધ છોડવા જેવા છે ને સ્વભાવ આદરવા જેવો છે. રાગને છોડીને જ્ઞાનાનંદમાં ઠરવું એ પ્રયોજન છે. સ્વ-પરની ભિન્નતાનું શ્રદ્ધાન થતાં પર વસ્તુમાં રાગદ્વેષ ન કરવાનું શ્રદ્ધાન થાય છે, ને તેથી સ્વમાં ઠરવાનું પ્રયોજન સિદ્ધ થાય છે. સ્વ-પરની ભિન્નતાની શ્રદ્ધામાં સાતે તત્ત્વોની શ્રદ્ધા આવી જાય છે. આવું લક્ષણ જાણી સ્વ-પરની ભિન્નતાને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે.

તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં પ્રયોજન સ્વ-પરની ભિન્નતા કરવી તે છે તેથી સ્વ-પર ભિન્નતાને લક્ષણ કહ્યું છે. જીવ-અજીવને જાણી હિત-અહિતને જાણી મોક્ષમાર્ગમાં પ્રવર્તવું તે પ્રયોજન સ્વ-પરની ભિન્નતાથી થાય છે તેથી તેને પણ સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે.

૩) હવે ત્રીજા લક્ષણની વાત કરે છે. આત્મશ્રદ્ધાનને પણ સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું. પોતે જ્ઞાનાનંદ જાણનાર-દેખનાર છે, બીજી કોઈ ક્રિયા મારી નથી -એમ પોતાને પોતારૂપ જાણતાં પરનો વિષય કાર્યકારી નથી એમ શ્રદ્ધા થાય છે. આ અજીવ છે, આ આસ્રવ-બંધ છે તે હું નથી, માટે પરના વિકલ્પની જરૂર નથી.

પર વસ્તુના ગ્રહણ-ત્યાગ આત્માના મૂળસ્વરૂપમાં હોય તો મિથ્યાત્વ કાયમ રહ્યા કરે. બાહ્ય વસ્તુ પર છે, તેને જીવ ગ્રહે કે છોડે તેમ કદી બનતું નથી. પરવસ્તુ આવે ને જાય એને જ્ઞાન જાણે છે. તેમ નહિ માનતા હું પરને ગ્રહું છું ને છોડું છું એમ માનવું તે મિથ્યા ભાવ છે. તે ટળ્યા વિના સ્વમાં ઠરી શકે નહિ. હું જ્ઞાનાનંદ છું એવી સમજણ વિના સાચી શ્રદ્ધા થાય નહિ. ચરણાનુયોગમાં



અભક્ષ્ય વસ્તુનું ગ્રહણ ન કરવું એમ કહ્યું તે વ્યવહારનું કથન છે. સ્વભાવની દૃષ્ટિ થઈ છે તેને અભક્ષ્ય વસ્તુ લેવાનો રાગ થતો નથી એટલે અભક્ષ્ય વસ્તુનો ત્યાગ કર્યો એમ કહેવાય છે. મારા જીવ સિવાય બીજા જીવ તથા અજીવ પદાર્થો છે તે પદાર્થો પરાધીન નથી, તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. વિપરીત અભિનિવેશને ત્યાગવો ને અવિપરીત તત્ત્વાર્થ શ્રદ્ધાન ઉત્પન્ન કરવું તે પ્રયોજન છે. સાચી શ્રદ્ધાના ભાન વિના સમાધિમરણ થાય નહિ. જેને હાથમાં બંદૂક પકડતાં આવડે નહિ તે સોલ્જર સામે લડાઈમાં ઊભો રહી શકે નહિ. જેને વિપરીત અભિનિવેશ મારતા આવડતું નથી ને તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન પ્રગટ કરતાં આવડતું નથી તેને અસમાધિમરણ મારતા આવડશે નહિ ને સમાધિમરણ ઉત્પન્ન કરતાં આવડશે નહિ. મિથ્યાત્વનું મૃત્યુ તે જ ખરું મૃત્યુ છે ને સમ્યગ્દર્શન આદિ ઉત્પન્ન કરવા તે આત્માનું જીવન છે.

અહીં કહે છે કે સ્વની શ્રદ્ધામાં શરીરાદિ પરનો વિકલ્પ ન કરવો. શરીર, પૈસા આદિનું ગમે તે થાઓ, તેનો વિકલ્પ ન કરવો. આત્મશ્રદ્ધામાં સ્વ-પરની ભિન્નતા સિદ્ધ થાય છે. પોતાને પોતારૂપ જાણતાં અજીવના વિકલ્પની જરૂર નથી ને આસ્રવ-બંધ ગૌણ થઈ ગયા. આમ મૂળભૂત પ્રયોજનની પ્રધાનતા જાણી આત્મશ્રદ્ધાનને મુખ્ય લક્ષણ કહ્યું છે.

૪) હવે સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ ને અહિંસાધર્મની વાત કરે છે. ત્યાં બાહ્ય સાધનની પ્રધાનતા કરી છે. સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા સાચા તત્ત્વાર્થ શ્રદ્ધાનનું નિમિત્તકારણ છે. સાચા દેવ-ગુરુની શ્રદ્ધા ન હોય ને તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય તેમ બને નહિ, તેમ જ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ છે માટે તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય જ એવો નિયમ નથી. જો સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન કરે તો અર્હંતાદિની શ્રદ્ધાને નિમિત્ત કહેવાય. દ્રવ્યલિંગી મુનિ સાચા દેવાદિની શ્રદ્ધા કરે છે પણ આત્માની યથાર્થ શ્રદ્ધા કરતો નથી તેથી તેને દેવાદિની શ્રદ્ધા નિમિત્ત પણ કહેવાતી નથી. જીવ જ્ઞાનસ્વભાવી અભેદ ઉપાદેય છે, આસ્રવ-બંધ હેય છે વગેરે શ્રદ્ધાન થાય તો દેવાદિની શ્રદ્ધા નિમિત્ત થાય છે. આમ સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ મુનિ અને અહિંસાધર્મની શ્રદ્ધા તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં બાહ્ય નિમિત્ત છે. પણ કુદેવ, કુગુરુ તથા કુશાસ્ત્રની શ્રદ્ધા અતત્ત્વ શ્રદ્ધાનમાં નિમિત્ત છે. અજ્ઞાની તત્ત્વો કહે છે પણ તે કલ્પિત તત્ત્વો છે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર બળજોરીથી ઊંધું મનાવતા નથી પણ અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનને કારણે તત્ત્વની ઊંધી શ્રદ્ધા કરે છે તો કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને નિમિત્ત કહેવાય છે.

અહીં સમ્યક્ત્વના લક્ષણનિર્દેશની વાત ચાલે છે-લક્ષણનું કથન કરે છે. પ્રથમ નામનિર્દેશની વાત કરી. હવે તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે તેના કથનની વાત ચાલે છે.

અહીં કહે છે કે રાગથી સંસાર પરિત મનાવનારા પરની દયા તથા મદદથી આત્માને લાભ મનાવનારા અહિંસાધર્મને માનતા નથી. સનાતન દિગંબર જૈનમાર્ગ સિવાય બધા માર્ગોએ કલ્પિત તત્ત્વો કહ્યા છે, એક પણ તત્ત્વ સાચું કહ્યું નથી.

પૃ. ૩૧૬માં કહ્યું છે કે ''તેના લક્ષણ, લક્ષણનિર્દેશ તથા પરીક્ષા દ્વારા નિરૂપણ કરીએ છીએ.'' અહીં સમ્યગ્દર્શનના લક્ષણનું નિરૂપણ અથવા નિર્દેશ કર્યો, તે લક્ષણનિર્દેશ જાણવો.

પૃ. ૨૬૨માં કહ્યું છે કે ''ત્યાં નિર્દેશ, લક્ષણનિર્દેશ અને પરીક્ષા દ્વાર વડે તેનો નિર્ધાર થાય છે માટે પ્રથમ તો તેના નામ શીખે, પછી તેના લક્ષણ જાણે, પછી આમ સંભવે છે કે નહિ ? એવા વિચારપૂર્વક પરીક્ષા કરવા લાગે. હવે ત્યાં નામ શીખી લેવા તથા લક્ષણ જાણી લેવાં. એ બન્ને તો ઉપદેશાનુસાર થાય છે અર્થાત્ જેવો ઉપદેશ મળ્યો હોય તેવો યાદ કરી લેવો તથા પરીક્ષા કરવામાં પોતાનો વિવેક જોઈએ.''

અહીં ગ્રંથકારે ચાર લક્ષણો જુદા જુદા બતાવ્યા પણ તેની પરીક્ષાનો વિવેક પોતે કરવાનો રહ્યો.

અહીં અર્હંતાદિકના લક્ષણની વાત ચાલે છે. સાચા દેવાદિને માનવાથી ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ થાય છે. કુદેવાદિ પર છે, પરના ત્યાગની વાત નથી પણ તેની શ્રદ્ધા છોડવાની વાત છે. વળી સાચા અર્હંતાદિ પણ પર છે તેને પણ ગ્રહણ કરવાના નથી પણ તેઓ કહે છે તે સાચું છે -એમ સાચી શ્રદ્ધા ગ્રહણ કરવાની છે. આમ સુદેવાદિનું શ્રદ્ધાન કરાવવા માટે દેવ-ગુરુ-ધર્મના શ્રદ્ધાનને મુખ્ય લક્ષણ કહ્યું છે. એ પ્રમાણે જુદા જુદા પ્રયોજનની મુખ્યતાપૂર્વક જુદા જુદા લક્ષણ કહ્યાં.

તત્ત્વાર્થ શ્રદ્ધાનના લક્ષણમાં સાત તત્ત્વોને ઓળખી હિત-અહિતનું શ્રદ્ધાન કરી, મોક્ષમાર્ગમાં પ્રવર્તે એ હેતુ છે. વળી સ્વ-પરની ભિન્નતાના લક્ષણમાં તત્ત્વાર્થ શ્રદ્ધાનનું પ્રયોજન સિદ્ધ થાય છે. વળી આત્મશ્રદ્ધાન લક્ષણ કહ્યું ત્યાં આત્માની શ્રદ્ધામાં પરનો વિકલ્પ કરવો નહિ અને અર્હંતાદિની શ્રદ્ધામાં કુદેવાદિની શ્રદ્ધા છોડવી ને સાચા દેવાદિની શ્રદ્ધા ગ્રહણ કરવી તે બાહ્ય લક્ષણની અપેક્ષાએ લક્ષણ કહેલ છે.

કોઈ કહે કે આ લક્ષણની પરીક્ષા કરવા જેટલો જ્ઞાનનો ઉઘાડ ન હોય તો શું કરવું ?

**સમાધાન** : જે બાહ્યમાં ચતુરાઈ બતાવે છે, સંસારના કાર્યમાં ડહાપણ બતાવે છે ને આત્મામાં ઉપયોગ લગાવતો નથી તેને બાહ્યની રુચિ છે પણ સ્વની રુચિ નથી. વેપારના કામમાં પરીક્ષા કરતાં આવડે છે પણ અહીં ના પાડે છે. જે ક્ષયોપશમ પરમાં વાળ્યો છે તે સ્વમાં વાળવો જોઈએ.

જો જીવ વિચાર કરે તો બરાબર સમજાય તેવું છે. સાચું ગ્રહણ કરવું હોય તો સાચી વાત કબૂલ રાખવી જોઈએ. અજ્ઞાની જીવ પ્રમાદને પોષવા બચાવ કરે છે. સાચું નામકથન ને સાચું લક્ષણકથન સાંભળવા મળે પણ પરીક્ષા તો પોતે કરવી જોઈએ.

**પ્રશ્ન** : હવે તમોએ જુદા જુદા ચાર લક્ષણો કહ્યાં. જેમ કે તત્ત્વાર્થશ્રદ્ધાન, સ્વ-પર શ્રદ્ધાન, આત્મશ્રદ્ધાન તથા દેવ-ગુરુ-ધર્મનું શ્રદ્ધાન -પણ તેમાં આ જીવ કયા લક્ષણને અંગીકાર કરે ?

**ઉત્તર** : વિપરીત અભિપ્રાય ટળે છે ત્યાં મિથ્યાત્વ કર્મ ટળે છે. અહીં નિમિત્તથી વાત કરી છે.



મિથ્યાત્વ કર્મનો ઉપશમ, ક્ષયોપશમ બાહ્ય નિમિત્ત છે, અંદર નૈમિત્તિકદશા-ઊંધી માન્યતાનો અભાવ હોય છે ત્યાં ચારે લક્ષણો એક સાથે હોય જ છે. ચારે અવિનાભાવ સંબંધે છે. ચારેની સાચી શ્રદ્ધા હોવી જોઈએ. કોઈ કહે કે આત્માની શ્રદ્ધા થઈ છે પણ કુદેવાદિની શ્રદ્ધા છૂટી નથી તો તે વાત ખોટી છે. સાચી શ્રદ્ધા થયા પછી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનો આદર હોય નહિ.

વળી જ્ઞાનની વિચારણામાં કોઈ વખતે મુખ્યપણે સાત તત્ત્વોને ભિન્ન ભિન્ન વિચારે અથવા સ્વ-પરને વિચારે અથવા હું જ્ઞાયકસ્વરૂપી છું એમ વિચારે અથવા અર્હંતાદિના સ્વરૂપને વિચારે -પ્રતીતિમાં ચારે લક્ષણો એક સાથે છે પણ જ્ઞાનમાં અનેક પ્રકારે વિચાર થાય છે. વિચારમાં ક્રમ પડે છે પણ શ્રદ્ધાનમાં સર્વત્ર પરસ્પર સાપેક્ષતા હોય છે.

સાચા દેવાદિની શ્રદ્ધા હોય ત્યાં તત્ત્વાર્થશ્રદ્ધાન, સ્વ-પર શ્રદ્ધાન તથા આત્મશ્રદ્ધાન હોવું જોઈએ. આત્માનું શ્રદ્ધાન હોય ત્યાં અર્હંતાદિનું, સ્વ-પરનું તથા તત્ત્વાર્થનું શ્રદ્ધાન હોવું જોઈએ. તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય ત્યાં અર્હંતાદિની શ્રદ્ધા, સ્વ-પરની શ્રદ્ધા તથા આત્માની શ્રદ્ધા હોવી જોઈએ. આમ અરસપરસ બધે સાપેક્ષતા સમજવી.

કોઈ કહે કે સાચા દેવની શ્રદ્ધાની ખબર છે પણ તત્ત્વની શ્રદ્ધા નથી તો તે વાત બરાબર નથી. કોઈ કહે કે આત્મજ્ઞાન થયું છે પણ સાચા દેવાદિનો આદર થયો નથી ને કુદેવાદિનો આદર છૂટ્યો નથી તો એમ કદી બને નહિ.

## જેઠ વદ ૭, શુક્રવાર, ૩-૭-૫૩.

તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે. જેને તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય છે તેને અર્હંતાદિની શ્રદ્ધા હોય છે, આત્માની શ્રદ્ધા હોય છે ને સ્વ-પરનું ભેદવિજ્ઞાન હોય છે. એકની શ્રદ્ધા હોય ત્યાં ચારેની શ્રદ્ધા હોય છે. એકમાં ભૂલ હોય તો બધામાં ભૂલ હોય છે. તત્ત્વ વિચાર કરતી વખતે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પરથી ભિન્ન છું એવી શ્રદ્ધા તથા હું જ્ઞાનસ્વભાવી છું એવી શ્રદ્ધા -એમ ત્રણેની સાપેક્ષતા સહિત સમ્યગ્દૃષ્ટિ વિચાર કરે છે. નવ તત્ત્વોનું ભાવભાસન સમ્યગ્દૃષ્ટિને હોય છે. એવા ભાન વગર બાહ્ય ક્રિયા કરતો હોય તો ધર્મ નથી. ઉમાસ્વામી ભગવાને મોક્ષશાસ્ત્રમાં સાત તત્ત્વો કહ્યાં ને કુંદકુંદાચાર્યે સમયસારમાં પુણ્ય-પાપ ભેળવીને નવ તત્ત્વો કહ્યાં. નવના નામ માત્ર જાણી લ્યે તો કામ ન આવે પણ તેનો ભાવ સમજવો જોઈએ. તત્ત્વવિચાર કરતી વખતે ભેદવિજ્ઞાનનો અભિપ્રાય સાથે છે, હું આત્મા છું ને શરીરાદિથી જુદો છું એમ ભેદવિજ્ઞાનની સાપેક્ષતા છે, તથા હું જ્ઞાનસ્વભાવી આત્મા છું ને પુણ્ય-પાપ ગૌણ કરવા જેવા છે એમ આત્માની શ્રદ્ધાની સાપેક્ષતા હોય છે.

વળી જ્ઞાનીને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વર્તે છે, તેને ચારે ય લક્ષણ સાથે વર્તે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે, તે શરણરૂપ નથી. પંચ પરમેષ્ઠીના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન શરણ છે તેથી ભગવાનને

નિમિત્તથી શરણ કહેવાય છે. વળી તત્ત્વોનો વિચાર કરતી વખતે જ્ઞાની સમજે છે કે હું સંવર-નિર્જરા સહિત અભેદ આત્મા છું ને આસ્રવ-બંધ ગૌણ છે એમ તેને આત્મશ્રદ્ધાન વર્તે છે. લક્ષ્મી મારી ચીજ નથી, પુણ્યના પરિણામ મારા નથી, તે વિકાર છે, અધર્મ છે, મારો જ્ઞાનસ્વભાવ પવિત્ર છે. આમ સમકિતી વિચારે છે. આ પ્રમાણે ચારે લક્ષણોમાં પરસ્પર સાપેક્ષપણું છે.

નવ તત્ત્વનો વિચાર, ભેદજ્ઞાન, આત્મજ્ઞાન ને અર્હંતાદિની શ્રદ્ધા સહિત કરે છે. તે જ પ્રમાણે ભેદવિજ્ઞાનનો વિચાર, તત્ત્વની શ્રદ્ધા, આત્મજ્ઞાન ને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા સહિત કરે છે. વળી આત્મજ્ઞાનના વિચાર વખતે તત્ત્વાર્થ શ્રદ્ધાન, સ્વ-પર ભેદવિજ્ઞાન ને અર્હંતાદિની શ્રદ્ધા વર્તે છે. ને દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપના વિચાર વખતે તત્ત્વાર્થ શ્રદ્ધાન, સ્વ-પર ભેદવિજ્ઞાન ને આત્મજ્ઞાનની શ્રદ્ધા વર્તે છે -આમ પરસ્પર સાપેક્ષતા સમજવી.

ધર્મી જીવ સ્વ-પરને વિચારે, દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપને વિચારે, આત્માને વિચારે અથવા તત્ત્વાર્થોને વિચારે -એમ વિચારમાં ક્રમ પડવા છતાં એક વિચાર વખતે બાકીના ત્રણેના અભિપ્રાયની સાપેક્ષતા સમજવી. ચારના વિચાર અપેક્ષાએ ક્રમ પડે છે પણ ચારની શ્રદ્ધા અપેક્ષાએ ક્રમ પડતો નથી માટે સમ્યગ્દષ્ટિના શ્રદ્ધાનમાં ચારે લક્ષણો સાથે હોય છે.

જેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા હોય તેને સાત તત્ત્વોની, આત્મજ્ઞાનની, સ્વ-પર ભેદવિજ્ઞાનની કે અર્હંતાદિની -એમ ચારમાંથી એક પણ શ્રદ્ધા હોતી નથી.

જેને સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય છે તેને ચારે સાથે હોય છે. સાત તત્ત્વની શ્રદ્ધા કહો, સ્વ-પર ભેદવિજ્ઞાન કહો, આત્મશ્રદ્ધાન કહો કે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કહો -એ બધી એક જ વાત છે. સાચી શ્રદ્ધાવાળા ધર્માત્માને ચારે લક્ષણો હોય છે.

અત્યારે સત્ય વાત બહાર આવી એટલે અજ્ઞાનીઓ સાચાની નકલ કરવા માંડ્યા છે. તેઓ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને છે, પણ તેમનામાં આ વાત છે જ નહિ. સનાતનમાર્ગ સિવાય આ વાત બીજે ક્યાંય નથી, છતાં માયા કરીને કહે છે કે અમારા શાસ્ત્રમાં પણ આ વાત છે.

વળી કોઈ દિગંબર થઈને કહે કે વસ્ત્ર સહિત હોવા છતાં પણ સાતમું ગુણસ્થાન આવી જાય છે ને પછી છઠ્ઠે ગુણસ્થાને વસ્ત્ર છોડે છે તો તે વાત પણ ખોટી છે. મન-વચન-કાયાથી કરવું નહિ, કરાવવું નહિ ને અનુમોદવું નહિ -એમ નવ પ્રકારે પરિગ્રહનો ત્યાગ થાય ત્યારે મુનિપણું આવે છે. આમ નવ કોટીએ ત્યાગના અંતર પરિણામ થાય ત્યારે બાહ્યમાં વસ્ત્ર-પાત્ર રહે તેમ બને નહિ. કરણાનુયોગમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. બહારમાં મુનિ આધાકર્મી આહાર લેતાં હોય ને અંદરમાં મુનિપણાના પરિણામ સારા હોય તેમ બને નહિ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. માટે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરવી જોઈએ.



વિપરીત અભિપ્રાય હોવાને કારણે અજ્ઞાનીને લક્ષણાભાસમાત્ર છે. દેવ-ગુરુ-શાસ્ત્રને વ્યવહારથી ઓળખતો હોય પણ ભાવનું ભાસન નથી. નવ તત્ત્વોને માને છે પણ તેના ભાવને ઓળખતો નથી. હું જ્ઞાયક છું, શરીરાદિ અજીવ છે, પુણ્ય-પાપ વિકાર છે -એમ ભેદજ્ઞાન કરે તો પૂર્વના વિકલ્પને વ્યવહાર કહેવાય. અજ્ઞાની નવ તત્ત્વના નામ શીખે છે, દ્રવ્યઆગમનિક્ષેપથી તત્ત્વની શ્રદ્ધા છે પણ યથાર્થ ભાવની ખબર નથી. બાળકના ગળામાં પાંચ હજાર રૂપિયાનો હાર હોય તે પેંડો મળતાં આપી દે કેમ કે હારમાં તેને સ્વાદ આવતો નથી ને પેંડામાં સ્વાદ આવે છે. તેને હારની કિંમત નથી. પાંચ હજાર રૂપિયાના દાગીનામાં ઘણા પેંડા આવશે એની એને ખબર નથી. તેમ અજ્ઞાનીને પુણ્યના પરિણામમાં મજા આવે છે, તેને આત્માની કિંમત નથી. ભાવનું ભાસન નથી, તેથી પુણ્ય-પાપને આત્મામાં ખતવે છે ને આત્માને પુણ્ય-પાપમાં ખતવે છે.

વળી સ્વ-પરની ભિન્નતાની વાત કરે છે, આત્મા સ્વ છે ને વસ્ત્રાદિ પર છે એમ બોલે છે પણ જેમ શરીરમાં અહંબુદ્ધિ છે તથા વસ્ત્રાદિમાં પરબુદ્ધિ છે તેવી પોતાના શુદ્ધ સ્વભાવમાં અહંબુદ્ધિ ને શરીરાદિમાં પરબુદ્ધિ કરતો નથી. શરીરમાં કાંઈ દર્દ થાય તો મને થયું એમ માને છે. મારું શરીર જાડું છે અથવા પાતળું છે એમ શરીરને મારું માને છે. આત્મામાં અહંબુદ્ધિ કરતો નથી તેથી સ્વ-પર ભેદવિજ્ઞાન નથી. વસ્ત્ર જીર્ણ થતાં પોતાને જીર્ણ માનતો નથી, તેમ શરીર જીર્ણ થતાં હું જીર્ણ થતો નથી -એમ માનતો નથી. આપણે સંસારી છીએ માટે શરીરની સંભાળ રાખવી પડે એમ તે માને છે. જેમ વિષ્ટા પર છે તેમ શરીર પર છે. લાડવા ખાતી વખતે કફ નીચે ઉતારતો નથી કેમ કે બન્ને વચ્ચે ભેદબુદ્ધિ છે, તેમ શરીર કફ સમાન છે, આત્મા ચૈતન્યમૂર્તિ છે, બન્ને વચ્ચે ભેદ છે -એમ તે સમજતો નથી. કોઈ કહે કે શરીરને પર જાણતાં દ્વેષ થાય છે. તો તેને કહે છે કે શરીર પર છે એમ જાણતાં કાંઈ દ્વેષ થતો નથી. શરીર અનિષ્ટ છે એમ માને તો દ્વેષ કહેવાય. પરમાં ઈષ્ટ-અનિષ્ટપણું નથી. શરીરની પર્યાય થવાની હોય તે થાય, તેમાં આત્માનો અધિકાર નથી. લાડવા ખાતી વખતે કાંકરી આવે તો કાઢી નાખે છે, તેમ શરીર કાંકરા સમાન છે ને આત્મા જુદો છે એવું ભેદજ્ઞાન અજ્ઞાની કરતો નથી તેથી તેને સ્વ-પર ભેદવિજ્ઞાન નથી.

વળી અજ્ઞાની જીવ જિન આજ્ઞા અનુસાર આત્માનો વિચાર કરે છે પણ હું જાણનાર-દેખનાર છું એવી પ્રતીતિ પોતા વિષે કરતો નથી માટે તેને આત્મશ્રદ્ધાન નથી.

વળી જૈનમાં જન્મીને સાચા દેવ, નિર્ગ્રંથ ગુરુ ને અહિંસા ધર્મ સિવાય કુદેવાદિને માનતો નથી પણ કુળપરંપરાથી અથવા સંપ્રદાયના પક્ષથી માને છે. અર્હંતાદિના સ્વરૂપને યથાર્થ ઓળખી શ્રદ્ધા કરતો નથી. જે જીવ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને છે તે તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે જ. અહીં તો કહે છે કે કુદેવાદિને છોડી સુદેવાદિને માને છે પણ તેમના યથાર્થ સ્વરૂપને જાણતો નથી તે પણ મિથ્યાદૃષ્ટિ છે. -આ પ્રમાણે લક્ષણાભાસો મિથ્યાદૃષ્ટિને હોય છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન, ભેદવિજ્ઞાન, આત્મશ્રદ્ધાન,

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વ્યવહારે છે પણ ચારેના પરમાર્થની અજ્ઞાનીને ખબર નથી. વળી ચારની શ્રદ્ધામાં કોઈ હોય અથવા કોઈ ન હોય પણ તેનું યથાર્થ સ્વરૂપ ભાસતું નથી માટે તે મિથ્યાદષ્ટિ છે.

એ ચારે લક્ષણાભાસોમાં એટલું વિશેષ છે કે પહેલા તો દેવાદિનું શ્રદ્ધાન થાય, સાચા દેવ-ગુરુ-ધર્મની ઓળખાણ પ્રથમ હોવી જોઈએ. જેને નિમિત્તો જૂઠા છે તેને ધર્મ કદી ન થાય. અર્હંતદેવને અખંડ દર્શન-જ્ઞાન ઉપયોગ છે. તેમને આહાર ન હોય, ક્ષુધા ન હોય, પરમ ઔદારિક શરીર હોય છે. તેઓ સ્વ સહિત બધા દ્રવ્યોને એટલે કે ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે. મુનિ નિર્ગ્રંથ હોય છે, અંતર અને બાહ્યમાં ગાંઠ હોતી નથી ને રાગ રહિત તે ધર્મ છે એમ પ્રથમ જાણવું જોઈએ. કુદેવાદિને માને ને સમ્યગ્દર્શન થાય તેમ કદી બને નહિ. આત્માની વાતો કરે પણ કુદેવાદિની શ્રદ્ધા છૂટી ન હોય તો તે મિથ્યાત્વને ઘૂંટે છે. કુદેવાદિ નિમિત્તનો પલટો ખાઈ, સુદેવાદિનું નિમિત્ત હોવું જોઈએ. તેથી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે તેનો પ્રથમ વિચાર કરે, પછી સાત તત્ત્વનો વિચાર કરે, પછી સ્વ-પરને ચિંતવે -આમ અનુક્રમથી સાધન કરે તો પરંપરા મોક્ષમાર્ગને પામે. પોતે સમ્યગ્દર્શન પ્રગટ કરે તો દેવાદિની શ્રદ્ધાને નિમિત્ત કહેવાય. આમ ચાર સાધન અનુક્રમે કરે તો મોક્ષમાર્ગને પામી સિદ્ધદશા પ્રાપ્ત કરે પણ જે અનુક્રમનું ઉલ્લંઘન કરે ને કુદેવાદિને માને તેને તો હજી એકેયની માન્યતાનું પણ ઠેકાણું નથી.

કોઈ કહે કે સુદેવાદિની શ્રદ્ધા કરવા જઈએ તો સંપ્રદાયમાં ને કુટુંબમાં ખળભળાટ થાય છે, તેને બદલે સ્વ-પરનો વિચાર કરીએ અથવા તત્ત્વોનો માત્ર વિચાર કરીએ તો ? ભ્રના, તે અનુક્રમ નથી. સાચી વાત કહેનાર કોણ છે, તેની ખબર વિના કોઈ પણ માન્યતાનું ઠેકાણું નથી. ત્રિલોકનાથની વાણી અનુસાર દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ શું છે તેની ખબર વિના બધું વ્યર્થ છે.

કોઈ પ્રશ્ન કરે કે અર્હંત દેવાદિ તો પર છે, તેમને જાણવાનું શું કામ છે ?

**ઉત્તર** : તે બધા પર છે એ સાચું, પણ તેમના સંબંધીનું જ્ઞાન તો પોતાનું છે. જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે. સમ્યગ્જ્ઞાનમાં જેવું નિમિત્ત હોય તેવું જ્ઞાન યથાર્થ જાણે છે.

અર્હંતાદિની ઓળખાણ વિના સાચા તત્ત્વોની ઓળખાણ થતી નથી. દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપનો વિચાર પ્રથમ હોવો જોઈએ. જો તે દેવાદિના અનુક્રમને ઓળંગે તો તેની એક પણ વાત સાચી નથી -એમ કહે છે.

## જેઠ વદ ૮, શનિવાર, ૪-૭-૫૩.

આજે સવારે રેકોર્ડિંગ રીલ પ્રવચન સંભળાવવામાં આવ્યું હતું.



## જેઠ વદ ૯, રવિવાર, ૫-૭-૫૩.

મોક્ષમાર્ગના સ્વરૂપનું વર્ણન ચાલે છે. તેમાં સમ્યગ્દર્શનનું લક્ષણ વર્ણવ્યું. તત્ત્વાર્થ શ્રદ્ધાન, સ્વ-પર શ્રદ્ધાન, આત્મશ્રદ્ધાન ને અર્હંતાદિનું શ્રદ્ધાન -એમ ચાર લક્ષણો મેળવ્યા. અહીં લક્ષણાભાસોની વાત ચાલે છે. જેને લક્ષણની ખબર નથી તેવા પ્રથમ ભૂમિકાવાળા મિથ્યાદષ્ટિ જીવે શું કરવું ? તેણે સાચા દેવ, સાચા ગુરુ ને રાગ રહિત ધર્મની ઓળખાણ કરવી. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ આપે તે દેવ -એમ અષ્ટપાહુડમાં કહેલ છે. જેને દિવ્યશક્તિ ખીલી છે તે દેવ છે. જેને માનવાથી આત્મજ્ઞાન થાય છે, વળી સાધકને હજી શુભ રાગ વર્તે છે માટે પુણ્ય થાય છે ને તેના ફળમાં વિષય સામગ્રી મળે છે. અહીં નિમિત્તનું કથન છે. બોધપાહુડ ગાથા ૨૪માં દેવનું સ્વરૂપ કહે છે.

**सौ देवो जो अत्थं धम्मं कामं सुदेइ णाणं ज ।**
**सो देइ जस्स अत्थि हु अत्थो धम्मो य पव्वज्ज ॥**

દેવ તેને કહીએ કે જે અર્થ એટલે ધન, ધર્મ એટલે પુણ્ય, કામ એટલે વિષયભોગ તથા મોક્ષના કારણરૂપ જ્ઞાન -એમ ચાર આપે. જ્ઞાન આપે એટલે કે જ્ઞાનમાં નિમિત્ત થાય, અજ્ઞાની નિમિત્ત ન થાય. સાધકને શુભ રાગ બાકી છે એટલું પુણ્ય બંધાય છે ને તેના ફળમાં કામ, ભોગ તથા અર્થ મળે છે.

જ્ઞાની જાણે છે કે પુણ્યથી લક્ષ્મી મળે છે પણ તે મારું સ્વરૂપ નથી. ભગવાને કહેલું તત્ત્વ એ છે કે હું સર્વજ્ઞ શક્તિવાન છું, તે સર્વજ્ઞનો ગર્ભ છે, તે ગર્ભ ફાટીને સર્વજ્ઞદશાનો જન્મ થાય છે. જેમ પિતાને લીધે પુત્ર થાય છે તેમ આત્મા પિતા છે. તેમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિ પડી છે. તેની પ્રતીતિ, જ્ઞાન ને અનુભવ કરતાં જ્ઞાન ને આનંદની પ્રજા પ્રગટે છે. આત્મામાં અનંત ચતુષ્ટય શક્તિ પડી છે. તેની વ્યક્તિ બહારમાંથી કે રાગમાંથી આવતી નથી. આવો નિર્ણય કરે તો સર્વજ્ઞને જ્ઞાનમાં નિમિત્ત કહેવાય. વળી સર્વજ્ઞદેવના દિવ્યધ્વનિને સાંભળવાનો રાગ સાધકને આવે છે, તેથી પુણ્ય બંધાય છે. માટે પુણ્યમાં પણ સર્વજ્ઞ નિમિત્ત છે ને તેના નિમિત્તે ફળમાં ભોગ આદિ મળે છે. જ્ઞાની સમજે છે કે તે ફળો મારા નથી. આ પ્રમાણે ધર્મ, અર્થ, કામ ને મોક્ષમાં ભગવાન નિમિત્ત છે માટે તેઓ દેનારા છે એમ કહ્યું. દેવ કહે છે કે તારા આત્માનું જ્ઞાન કર તો તું દેવ થઈશ. તારા આત્માની પ્રતીતિ કર, આનંદકંદનો અનુભવ કર તો આનંદ પ્રગટ થશે. આમ જે કહે તે દેવ છે. આને ઓળખીને સ્વ તરફ વળે તો સમ્યગ્દર્શન થાય, નહિતર થાય નહિ.

હવે ગુરુની વાત કરે છે. મુનિઓ અંતરમાં વીતરાગતા અને સર્વજ્ઞતાને પ્રગટ કરવાની અભિલાષાવાળા છે, બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથ છે -એવા ગુરુને માન્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ. પરની દયાનો ભાવ રાગ છે અને રાગ તે હિંસા છે -એમ બતાવે તે દેવ ને ગુરુ સાચા છે. અરાગી દશાને અહિંસાધર્મ કહે છે.

આવા દેવ-ગુરુ-ધર્મને પ્રથમ ઓળખવા જોઈએ. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને છોડ્યા વિના કદી પણ ધર્મ થતો નથી. શ્રીમદ્ રાજચંદ્રજી આવૃત્તિ બીજી પૃ. ૨૫૨માં લખે છે (પત્ર ૨૭૭) :-

''આત્માને ભિન્ન ભિન્ન પ્રકારની કલ્પના વડે વિચારવામાં લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્‌સંગ એ કારણો છે. જે કારણોમાં ઉદાસીન થયા વિના નિઃસત્ત્વ એવી લોકસંબંધી વિના જપ-તપ આદિ ક્રિયામાં સાક્ષાત્ મોક્ષ નથી, પરંપરા મોક્ષ નથી એમ માન્યા વિના નિઃસત્ત્વ એવા અસત્‌શાસ્ત્ર અને અસદ્‌ગુરુ જે આત્મસ્વરૂપને આવરણના મુખ્ય કારણો છે તેને સાક્ષાત્ આત્મઘાતી જાણ્યા વિના જીવને જીવના સ્વરૂપનો નિશ્ચય થવો બહુ દુર્લભ છે-અત્યંત દુર્લભ છે.''

કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને ને આત્માનું ભાન થાય એમ કદી બને નહિ. નિમિત્તનો પલટો પ્રથમ થવો જોઈએ. લજ્જા કે ભયના કારણે પણ ધર્મી જીવ કુદેવ-કુગુરુને નમતા નથી.

અસદ્‌ગુરુ તથા અસત્‌શાસ્ત્રોને આત્મઘાતી માન્યા વિના જીવના સ્વરૂપનો વિચાર કદી ન થાય. તેઓ આત્મઘાતના પ્રત્યક્ષ નિમિત્ત છે. તેમ માન્યા વિના જ્ઞાનીએ કહેલા વિચાર કદી થશે નહિ. ''જ્ઞાનીપુરુષના પ્રગટ આત્મસ્વરૂપને કહેતાં એવા વચનો પણ તે કારણોને લીધે જીવને સ્વરૂપનો વિચાર કરવાને બળવાન થતાં નથી.'' કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને છોડ્યા વિના ''ઊગે ન આત્મવિચાર'' એટલે કે આત્માનો વિચાર થતો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે તેથી વિરુદ્ધ કહે તે જૂઠા છે.

માટે પ્રથમ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ થવી જોઈએ. અહીં લક્ષણાભાસની વાત ચાલે છે. સાચા દેવ, સાચા સંતો અને અહિંસાધર્મની ખબર પ્રથમ હોવી જોઈએ; પછી તત્ત્વોનો વિચાર કરે; પછી સ્વ-પરનો વિચાર કરે કે હું જ્ઞાનાનંદ સ્વભાવી છું, શરીરાદિ પર છે; પછી સ્વનું ચિંતવન કરે -આ ક્રમ છે. આવા અનુક્રમથી સાધન કરે તો પરંપરા સાચા મોક્ષમાર્ગને પામે. વિકલ્પપૂર્વક વિચારણા છે માટે પરંપરા કહેલ છે. હવે મોક્ષમાર્ગ પામી કોઈ જીવ સિદ્ધદશાને પામે અથવા કોઈ બે ત્રણ ભવે મોક્ષ પામે. કોઈ જીવ અનુક્રમનું ઉલ્લંઘન કરે તો તેને દેવાદિકની માન્યતાનું ઠેકાણું નથી, સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનું ઠેકાણું નથી. તેવો જીવ આત્મજ્ઞાનની વાતો કરે તો તેની એક પણ વાત સત્ય નથી.

આત્માને પૂર્ણપદ અથવા પૂર્ણ જ્ઞાન ને આનંદ જોઈએ છે, તે પૂર્ણ જ્ઞાન ને આનંદ પોતા પાસે છે. પોતાના ધ્રુવપદમાં તે પડેલાં છે એમ ઓળખાણ કરાવે તે દેવ છે તેથી દેવે જ્ઞાન આપ્યું એમ કહે છે. વળી ગુરુ કહે છે કે અમારા તરફના રાગથી પણ તને લાભ નથી, પણ તારા આત્માના અવલંબને લાભ છે -એમ ઉપદેશ સાંભળી પોતે જ્ઞાન કરે તો ગુરુએ આત્મા આપ્યો એમ કહેવાય. પાંચ હજાર રૂપિયાનો દાગીનો ખોવાયો હોય ને કોઈ શોધી આપે તો શોધનારને કહે કે તમોએ દાગીનો આપ્યો - તેમ અજ્ઞાની પોતાના સ્વરૂપનો ચોર છે, તે સર્વજ્ઞપદને ભૂલી ગયો છે, અલ્પજ્ઞતા દેખાય છે તેટલો તું નથી, તારું પદ અંતરમાં છે -એમ જે કહે તે સાચા છે. પણ નિમિત્તથી કે રાગથી



સર્વજ્ઞપદ મળશે એમ જે કહે તે સાચા દેવ-ગુરુ નથી.

જે અનુક્રમનું ઉલ્લંઘન કરે છે તેને દેવાદિકની માન્યતાનું કાંઈ ઠેકાણું નથી. તથા કોઈ તીવ્ર ક્ષયોપશમને લીધે તત્ત્વ-અતત્ત્વના વિચારમાં પ્રવર્તે છે ને તેથી પોતાને જ્ઞાની માને છે. કોઈ કહે કે જો પોતાથી જ્ઞાન થાય છે ને નિમિત્તથી થતું નથી તો પછી નિમિત્તની શી જરૂર છે ? તો એમ કહેનાર પણ ભ્રાંતિમાં છે. સાધકદશામાં વીતરાગી મૂર્તિ આદિ નિમિત્ત છે, સમ્યગ્જ્ઞાની ગુરુ નિમિત્ત છે. ગુરુ આદિ પરથી લાભ નથી પણ તે નિમિત્ત છે ખરા. જે સત્ નિમિત્તોને ઉડાડે છે તે પણ ભ્રાંતિમાં છે.

કોઈ જીવ ઉઘાડને લીધે તત્ત્વ-અતત્ત્વનો વિચાર કરે પણ તેમાં ભૂલ કર્યા વિના રહે નહિ, કારણ કે સાચા દેવાદિને માન્યા વિના સાચા તત્ત્વોની ઓળખાણ થાય નહિ. અથવા સમજણ કર્યા વગર કોઈ ધ્યાનમાં બેસી જાય તો પણ કાંઈ લાભ નથી.

વળી કોઈ સાત તત્ત્વોમાં ઉપયોગ લગાવતો નથી છતાં પોતાને સ્વ-પરનો ભેદજ્ઞાન થયો વિચારે છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વિના સ્વ-પરના વિચાર કે આત્માના વિચારના ઠેકાણા હોતા નથી. પોતાને આત્મજ્ઞાની માને છે પણ એ બધી ચતુરાઈની વાતો છે; ને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ પોષવાના ઉપાય છે, આત્માને હિતકર નથી.

માટે જે જીવ પોતાનું ભલું કરવા ઇચ્છે છે તેણે તો સાચા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અનુક્રમ અંગીકાર કરવો. પ્રથમ અર્હંતદેવ, ગુરુ ને ધર્મને ઓળખવા, પછી સાત તત્ત્વોનો વિચાર કરવો, પછી સ્વ-પરનો વિચાર કરવો, પછી આત્માનો વિચાર કરવો.

એ જ અહીં કહીએ છીએ. પ્રથમ આજ્ઞાથી, શાસ્ત્રથી, પૂર્વ સંસ્કારથી અથવા પરીક્ષાથી કુદેવાદિની માન્યતા છોડવી. વીતરાગદેવ કહે છે કે અમારી ભક્તિથી શુભ રાગ થશે પણ ધર્મ થશે નહિ. એમ સાંભળી વિચારે કે આમ બીજા દેવ કહેતા નથી. વ્યવહાર કરતાં, પરની દયા પાળતા કે દાન આપતા ધર્મ મનાવે તેણે રાગમાં ધર્મ મનાવ્યો છે. હિંસામાં અહિંસા મનાવી તે શાસ્ત્ર સાચા નથી. યજ્ઞમાં હોમ કરો તો હવા સુધરે ને વિચાર સુધરે તો ધર્મ થાય એમ કહેનારા રાગમાં ધર્મ મનાવે છે. એવા કુદેવાદિની શ્રદ્ધા પ્રથમ છોડવી જોઈએ ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી જોઈએ. આમ શ્રદ્ધા કરતાં ગૃહીત મિથ્યાત્વનો અભાવ થાય છે.

દિગંબર સંપ્રદાયમાં જન્મ્યા છતાં જે બાહ્ય સ્વરૂપથી દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખતો નથી તે પણ ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે, પોતાની ભૂલમાં નિમિત્ત છે. કુદેવાદિએ ઊંધું મનાવેલ નથી. પોતે ઊંધું માનેલ છે. સાચા દેવાદિની ઓળખાણ થતાં કુદેવાદિનું નિમિત્ત દૂર થાય છે ને મોક્ષમાર્ગને સહાયક અર્હંતાદિકનું નિમિત્ત મળે છે. કુદેવાદિ પ્રત્યે દ્વેષ નથી, જેમ છે તેમ યથાર્થ સમજવું જોઈએ.

જીવ અનાદિથી પ્રવાહે ભૂલ કરતો આવે છે ને નવા ઊંધા પરિણામ સમયે સમયે કરે છે. તે કરે તો ઊંધા સંસ્કારને નિમિત્ત કહેવાય છે. પૂર્વ પર્યાયનો અભાવ થાય છે, સંસ્કારનો અભાવ થાય છે તો અભાવ શું કરે ? વર્તમાન નવો ઊંધો કે સવળો પુરુષાર્થ પોતે કરે છે, તે નિમિત્તને લીધે નથી તેમ જ પૂર્વ પર્યાયને લીધે પણ નથી. આમ સ્વતંત્ર વાત છે.

પ્રથમ દેવાદિની ઓળખાણ હોવી જોઈએ. તેમણે કહ્યું કે તારામાં ચૈતન્યદેવ પડ્યો છે તેની એકાગ્રતારૂપ સાચી ભક્તિથી મોક્ષપદ પ્રાપ્ત થશે. આમ વીતરાગ સર્વજ્ઞદેવના મતમાં કહેલાં જીવાદિ સાત તત્ત્વોનો વિચાર કરવો. તેના નામ-લક્ષણાદિ શીખવા કારણ કે એના અભ્યાસથી તત્ત્વાર્થ શ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે. પછી પોતે જ્ઞાયક અખંડ ચિન્માત્ર અનાદિ અનંત છે, ચૈતન્ય સ્વભાવવાન છે -એમ વિચારવું ને પર તરફ લક્ષ જાય છે તે રાગ છે; શરીર, કર્મ આદિ જડ છે. આમ સ્વ-પરના વિચારથી ભેદવિજ્ઞાન થાય છે. ત્યાર પછી એક સ્વમાં સ્વપણું માનવા અર્થે સ્વરૂપનો વિચાર કરવો.

આ આત્મા જ્ઞાનસ્વરૂપી વસ્તુ છે, તેનો નિર્ણય ન કરે તો આત્માનું ભાન ન થાય માટે કહે છે કે આત્મા અને પર વસ્તુનો નિર્ણય કરે તો સ્વમાં સ્વપણું માને. આવા અભ્યાસથી આત્માનુભવની પ્રાપ્તિ થાય છે.

### જેઠ વદ ૧૦, સોમવાર, ૬-૭-૫૩.

અહીં મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન અંગની વાત ચાલે છે. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન-ચારિત્ર ન હોય. વાસ્તવિક ભાન વિના અગિયાર અંગ ભણ્યો હોય તો પણ કાર્યકારી નથી. માટે પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જોઈએ.

પ્રથમ સાચા દેવ, ગુરુ ને ધર્મને જાણવા જોઈએ, તે પછી સાત તત્ત્વો જાણવા જોઈએ, પછી સ્વ-પરનું ચિંતવન કરવું જોઈએ. હું જ્ઞાનાનંદ શુદ્ધ છું, શરીર-કર્મ આદિ પર છે દ્વઆમ ભેદ અભ્યાસ કરી સ્વનો વિચાર કરવો. આથી સ્વમાં સ્વપણું ભાસે એવા સ્વરૂપનો વિચાર કરવો કારણ કે એ અભ્યાસથી આત્માનુભવની પ્રાપ્તિ થાય છે.

શ્રીમદ્ રાજચંદ્રજી વ્યાખ્યાનસાર (ભાગ ૧ નવી આવૃત્તિ પૃ. ૭૬૧)માં લખે છે કે :-

‘‘આત્માને સ્વભાવમાં ધારે તે ધર્મ.

આત્માનો સ્વભાવ તે ધર્મ.

સ્વભાવમાંથી પરભાવમાં ન જવા દે તે ધર્મ.

પરભાવ વડે કરીને આત્માને દુર્ગતિએ જવું પડે તે ન જવા દેતાં સ્વભાવમાં ધારી રાખે તે ધર્મ.

સમ્યક્શ્રદ્ધાન, જ્ઞાન ને સ્વરૂપાચારણ તે ધર્મ, ત્યાં બંધનો અભાવ છે.



સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર એ રત્નત્રયીને શ્રી તીર્થંકરદેવ ધર્મ કહે છે.

ષટ્દ્રવ્યનું શ્રદ્ધાન, જ્ઞાન ને સ્વરૂપાચરણ તે ધર્મ.

જે સંસાર પરિભ્રમણથી છોડાવી ઉત્તમ સુખમાં ધારી રાખે તે ધર્મ.

આપ્ત એટલે સર્વ પદાર્થોને જાણી તેના સ્વરૂપનો સત્યાર્થ પ્રગટ કરનાર.

આગમ એટલે આપ્તે કહેલા પદાર્થની શબ્દ દ્વારાએ કરી રચનારૂપ શાસ્ત્ર.

આપ્તના પ્રરૂપ્યા શાસ્ત્રાનુસાર આચરણ કરવાવાળા, આપ્તના દર્શાવેલા માર્ગે ચાલનારા તે સદ્ગુરુ,

સમ્યગ્દર્શન એટલે સત્ય આપ્ત, શાસ્ત્ર અને ગુરુનું શ્રદ્ધાન.

સમ્યગ્દર્શન ત્રણ મૂઢતા કરી રહિત, નિઃશંકાદિ આઠ અંગ સહિત, આઠ મદ અને છ અનાયતનથી રહિત છે.

સાત તત્ત્વ અથવા નવ પદાર્થના શ્રદ્ધાનને શાસ્ત્રમાં સમ્યગ્દર્શન કહ્યું છે, પરંતુ દોષ રહિત શાસ્ત્રના ઉપદેશ વિના સાત તત્ત્વનું શ્રદ્ધાન કેવી રીતે થાય ? નિર્દોષ આપ્ત વિના સત્યાર્થ આગમ શી રીતે પ્રગટ થાય ? તેથી સમ્યગ્દર્શનનું મૂળ કારણ સત્યાર્થ આપ્ત જ છે.

આપ્ત પુરુષ ક્ષુધા, તૃષાદિ અઢાર દોષ રહિત હોય છે.

ધર્મનું મૂળ આપ્ત ભગવાન છે.

આપ્ત ભગવાન નિર્દોષ, સર્વજ્ઞ ને હિતોપદેશક છે.’’

ધર્મનું મૂળ આપ્ત ભગવાન છે, તેના નિમિત્ત વિના યથાર્થ શ્રવણ મળે નહિ, સર્વજ્ઞ ભગવાન ક્ષુધા, તૃષાદિ રહિત છે, તેમની વાણીથી રચાયેલા શાસ્ત્રો યથાર્થ છે. ગૃહીત મિથ્યાત્વના ત્યાગમાં આપ્ત પુરુષ નિમિત્ત છે માટે તેનો પ્રથમ નિર્ણય કરવો જોઈએ.

પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પછી સાત તત્ત્વોની શ્રદ્ધા, સ્વ-પરની શ્રદ્ધા અને આત્મશ્રદ્ધા એમ અનુક્રમ છે. પછી કોઈ વેળા સ્વ-પરના વિચારમાં કે આત્મવિચારમાં ઉપયોગ લગાવવો. પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ થવી જોઈએ. આમ અનુક્રમે લક્ષણાભાસો અંગીકાર કરે છે. આ પ્રમાણે અભ્યાસ કરતાં કરતાં દર્શનમોહ કર્મ મંદ થતું જાય છે.

ઉપર કહ્યા પ્રમાણે વાસ્તવિક પ્રયત્ન કરે ને આડોઅવળો ક્રિયાકાંડમાં ન ચડી જાય તો સમ્યગ્દર્શન થઈ જાય. ‘કદાચિત્’ એમ કહ્યું, તેનું કારણ એ છે કે કોઈ જીવ બાહ્ય ત્યાગમાં રોકાઈ જાય, ભાન વિના મુનિપણું લઈ લ્યે અથવા જાત્રા, ભક્તિ, પરનું કલ્યાણ કરવાની પ્રવૃત્તિ આદિમાં રોકાઈ જાય એટલે કે એવું વિપરીત કારણ વચ્ચે આવી જાય તો તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન પણ થાય.

અત્યારે તો ઘણાને ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતાની ખબર નથી. હું પરને નિમિત્ત થાઉં છું એમ માની જીવ ભ્રાંતિ સેવે છે અથવા માન કષાય માટે બીજા કાર્યો કરવામાં રોકાઈ જાય છે પણ પોતામાં પોતાનો નિર્ણય કરવા રોકાતો નથી, તેને સમ્યગ્દર્શન થતું નથી.

જે વાસ્તવિક પુરુષાર્થ કરે તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય જ. શ્રી પ્રવચનસાર ગાથા ૮૦માં કહ્યું છે કે 'જે અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જાણી પોતા તરફ વળે છે તેનો મોહ જરૂર નાશ પામે છે.' ભગવાને પણ એવો જ ઉપદેશ આપ્યો છે.

કારણ પૂર્ણ હોય તો તેનું કાર્ય પૂર્ણ થાય છે, પણ જેનું કાર્ય અધૂરું રહી જાય છે તેને કારણમાં અધૂરાશ હોય જ છે.

ચારિત્ર ધર્મ છે, ને તેનું મૂળ સમ્યગ્દર્શન છે. **''दंसण मूलो धम्मो''** મૂળ વિના શાખા હોતી નથી તેમ સમ્યગ્દર્શન વિના ધર્મ થતો નથી.

અહીં કહ્યું છે કે મુખ્યપણે ઘણા જીવોને અનુક્રમના અંગીકારથી કાર્યસિદ્ધિ થાય છે. માટે તેને એ જ પ્રમાણે અંગીકાર કરવા. જેને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના ઠેકાણા નથી તેની એક પણ વાત સાચી નથી. માટે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, સાત તત્ત્વોની શ્રદ્ધા, સ્વ-પરની શ્રદ્ધા અને આત્માની શ્રદ્ધા -આમ અનુક્રમે અંગીકાર કરવાં, જેમ પુત્રનો અર્થી વિવાહાદિ કારણોને મેળવે. તેમાં ઘણા પુરુષોને તો પુણ્યમાં હોય તો પુત્રની પ્રાપ્તિ થાય જ, છતાં કોઈને ન થાય તો ન પણ થાય. પરંતુ તેણે તો ઉપાય અવશ્ય કરવો; તેમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ કારણોને મેળવે.

અહીં પર પદાર્થને મેળવવાની વાત નથી. લાયક જીવને સાચા નિમિત્તો મળ્યા વિના રહે નહિ. પછી સાત તત્ત્વોનો વિચાર કરે, સ્વ-પરનો વિચાર કરે ને આત્માનો વિચાર કરે તો ઘણા જીવોને સમ્યગ્દર્શન થાય. મૂળ સ્વભાવને પકડવાનો પુરુષાર્થ ન કરે તો ચારે લક્ષણાભાસો છે. ચાર લક્ષણો હજી વિકલ્પ દ્વારા કહેલ છે. લક્ષ્ય આત્માને જ્ઞાનલક્ષણ દ્વારા પકડે તો સમ્યગ્દર્શન જરૂર થાય.

જો સમ્યગ્દર્શન પ્રગટ કરે તો ચારને સાધન કે નિમિત્ત કહેવાય. ભગવાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો જે ઉપાય કહ્યો છે તે કારણ મેળવે તો જરૂર સમ્યગ્દર્શન થાય. અન્ય કોઈ કારણમાં રોકાઈ જાય તો કાંઈ વળે નહિ. **''આત્મભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે''** આ એકલા પદને ગોખવામાં રોકાઈ જાય પણ આત્માના સ્વરૂપને ન જાણે તો ધર્મ ન થાય. માટે જેનાથી કાર્ય બને તે જ ઉપાય કરવો. સ્વભાવના આશ્રય વિના સમ્યગ્દર્શન થતું નથી. ભેદમાં ને વિકલ્પમાં પડ્યો રહે તો સમ્યગ્દર્શન ન થાય. આ પ્રમાણે સમ્યક્ત્વનું લક્ષણનિર્દેશ કર્યું.

**પ્રશ્ન** : સમ્યક્ત્વના લક્ષણ તો અનેક પ્રકારના કહ્યા છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, તત્ત્વોની શ્રદ્ધા,



સ્વ-પરની શ્રદ્ધા ને આત્મશ્રદ્ધા -એ ચારમાં તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણને તમે મુખ્ય કેમ કહો છો ?

**ઉત્તર** : તુચ્છ બુદ્ધિવાનને અન્ય લક્ષણોમાં તેનું પ્રયોજન પ્રગટ ભાસતું નથી અથવા ભ્રમ ઊપજે છે. ઘણા ઉપદેશકો અત્યારે આત્માની વાતો કરે છે તેથી અજ્ઞાનીને પોતાની યોગ્યતાના કારણે ભ્રમ પડી જાય છે. વેદાંત મતવાળા એક જ આત્મા માને છે, તે વિપરીત માન્યતા છે. અનંતા આત્મા છે, દરેક આત્મા પરિપૂર્ણ છે, સ્વભાવ અવિકારી છે પણ પર્યાયમાં વિકાર થાય છે તે બધું કબૂલવું જોઈએ. આત્મા જાતિ અપેક્ષાએ એક કહેવાય પણ સંખ્યાએ એક નથી. જૈનદર્શનને અન્ય કોઈ દર્શન સાથે ક્યાંય મેળ નથી.

એકલા આત્માની વાત કરવાથી તુચ્છ બુદ્ધિવાન સમજતો નથી. ચૈતન્યસ્વરૂપ આત્મા છે, જડસ્વરૂપ કર્મ છે, પર્યાયમાં આસ્રવના પરિણામ છે, અટકવા સ્વરૂપ બંધ છે, સંવર-નિર્જરા-મોક્ષ તત્ત્વો છે. -આમ સાત તત્ત્વોને યથાર્થ સમજવા જોઈએ. તુચ્છ બુદ્ધિવાનને એકલો આત્મા કહેવાથી ભ્રમ ઊપજે છે. વળી સ્વ-પર ભેદવિજ્ઞાન કહે પણ આસ્રવ-બંધ હેય છે ને સંવર-નિર્જરા-મોક્ષ ઉપાદેય છે. તે જાણ્યા વિના સ્વ-પર ભેદવિજ્ઞાન એકલું કહે તો ભ્રમ ઊપજે.

ઘણા જીવો આત્માની વાતો કરે છે પણ તેમને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાના ઠેકાણા નથી તો પછી આત્માની વાતો ક્યાંથી લાવ્યો ? વળી કહે કે દેવ-ગુરુ-શાસ્ત્રના રાગથી ધર્મ થાય. તો તે દૂધમાં થોડું ઝેર નાખીને પાય તો પણ મૃત્યુ થાય તેના જેવી વાત કરે છે. સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા વિના ધર્મ થાય નહિ. તેને ગૃહીત મિથ્યાત્વ છે, અગૃહીત મિથ્યાત્વ તો પડેલું જ છે.

વળી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધારૂપ એકલું લક્ષણ બતાવે તો પણ તેનું પ્રયોજન પ્રગટ ભાસતું નથી ને ભ્રમ ઊપજે છે. પણ તત્ત્વાર્થ શ્રદ્ધાનલક્ષણમાં પ્રયોજન પ્રગટ ભાસે છે તથા કાંઈ પણ ભ્રમ ઊપજતો નથી, તેથી એ લક્ષણને મુખ્ય કર્યું છે. એ જ અહીં દર્શાવીએ છીએ.

જે દેવને ક્ષુધા-તૃષાદિ સહિત માને તથા ક્રમે દર્શન-જ્ઞાન ઉપયોગ કહે તેને તો સાચા દેવનું સ્વરૂપ ભાસ્યું જ નથી. સાચા દેવ અખંડ જ્ઞાન-દર્શન ઉપયોગવાળા છે ને ક્ષુધા-તૃષાદિ રહિત હોય છે. વળી ગુરુ બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથ છે ને ધર્મ રાગ રહિત અહિંસા છે. આવા સાચા દેવ-ગુરુ-ધર્મને માનવામાં તુચ્છ બુદ્ધિવાનને ભાસે કે અરહંત દેવાદિકને માનવા તથા અન્યને ન માનવા એટલું જ સમ્યક્ત્વ છે, તો તે બરાબર નથી. તુચ્છ બુદ્ધિવાન કહે છે કે અમે બીજા દેવને માનતા નથી પણ બંધનું કારણ શું ને મોક્ષનું કારણ શું તેની ખબર નથી, તેથી તેને સમ્યક્ત્વ થતું નથી.

બંધનું કારણ આસ્રવ છે ને મોક્ષનું કારણ સંવર-નિર્જરા છે. આસ્રવકારણનું કાર્ય બંધ છે, ને સંવર-નિર્જરાનું કાર્ય મોક્ષ છે. જીવ ભિન્ન છે, અજીવ ભિન્ન છે. આવા ભાન વિના એકલા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે તો કાર્યકારી નથી. કારણ-કાર્યના વિચાર વિના સમ્યગ્દર્શન થાય નહિ. આસ્રવનું કાર્ય બંધ છે, પણ આસ્રવનું કાર્ય સમ્યગ્દર્શન નથી. દયા-દાનાદિ તથા વ્યવહાર રત્નત્રયરૂપ પરિણામ

આસ્રવ છે, તે બંધનું કારણ છે, તેનું કાર્ય બંધ છે. વળી મોક્ષ પૂર્ણ શુદ્ધ પર્યાય છે તેનું કારણ સંવર-નિર્જરા છે ને સંવર-નિર્જરાનું કાર્ય મોક્ષ છે, બંધનું કાર્ય મોક્ષ નથી. જીવ-અજીવને ભિન્ન જાણે ને કારણ-કાર્ય સમજે તો સમ્યગ્દર્શન થાય.

આમ સાચી સમજાણ કરવામાં આત્મખ્યાતિ થાય છે, જગતની ખ્યાતિ તો રખડવા માટે છે.

થોડી બુદ્ધિવાળા સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધામાત્રમાં અટકી જાય છે, તેથી તેમને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પ્રયોજનની સિદ્ધિ થાય નહિ.

વળી તુચ્છ બુદ્ધિવાન જીવાદિની શ્રદ્ધા કર્યા વિના માત્ર અર્હંતાદિની શ્રદ્ધામાં સંતુષ્ટ બની પોતાને સમ્યગ્દષ્ટિ માને ને કુદેવાદિ પ્રત્યે તો દ્વેષ રાખે પણ પુણ્ય-પાપના ભાવ છોડવાનો ઉદ્યમ ન કરે, પણ એકલા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનને માત્ર માને તો ભ્રમ ઊપજે તેથી દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાને મુખ્ય લક્ષાણ કહ્યું નથી પણ સાત તત્ત્વોની શ્રદ્ધાને સમ્યગ્દર્શનનું મુખ્ય લક્ષાણ કહ્યું છે.

**જેઠ વદ ૧૧, મંગળવાર, ૭-૭-૫૩.**

અહીં મોક્ષમાર્ગના સ્વરૂપનો અધિકાર છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે, સમ્યગ્દર્શન તેનું એક અંગ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શનનું મુખ્ય લક્ષાણ કેમ કહ્યું છે તેનો ઉત્તર અપાય છે.

તુચ્છ બુદ્ધિવાનને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં પ્રયોજન ભાસતું નથી. અર્હંતને નિર્દોષ, સર્વજ્ઞ ને હિતોપદેશી કહ્યા. હવે તેમાં ક્ષુધા-તૃષાદિ દોષ વિનાના એકલા નિર્દોષ કહે તો પથ્થરાદિ પરમાણુને પણ ક્ષુધા, તૃષાદિ ન હોવાથી તે પણ નિર્દોષ છે. માટે એકલું નિર્દોષ લક્ષાણ બરાબર નથી.

વળી એકલા સર્વજ્ઞ કહે તો સિદ્ધ ભગવાન પણ સર્વજ્ઞ છે પણ સિદ્ધ વાણી વિનાના હોય છે, તેથી હિતમાં નિમિત્ત થતાં નથી. માટે એકલું સર્વજ્ઞ લક્ષાણ બરાબર નથી. અર્હંત ભગવાનને વાણી છે, જે જીવોને હિતમાં નિમિત્ત થાય છે તેથી તેમને હિતોપદેશક છે. આમ અર્હંતને નિર્દોષ, સર્વજ્ઞ ને હિતાપદેશક કહ્યા તે યથાર્થ છે.

આમ દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા છતાં પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષાણરૂપ સમ્યગ્દર્શન વિના મોક્ષમાર્ગરૂપ પ્રયોજનની સિદ્ધિ થતી નથી. જીવાદિનું શ્રદ્ધાન થયા વિના માત્ર એ જ શ્રદ્ધાનમાં સતુષ્ટ થઈ પોતાને સમ્યગ્દષ્ટિ માને અથવા કુદેવ આદિને હેય માની દ્વેષ કરે પણ આસ્રવ-બંધ હેય છે ને સંવર-નિર્જરા-મોક્ષ ઉપાદેય છે એમ માનતો નથી. કુદેવાદિને હેય માને પણ આસ્રવ-બંધને હેય ન માને તો પુણ્ય-પાપને છોડવાનો પ્રયત્ન કરે નહિ. વળી સંવર-નિર્જરા-મોક્ષને ઉપાદેય માન્યા વિના તે રૂપ પ્રવર્તન થાય નહિ. માટે એકલા અર્હંતાદિકના શ્રદ્ધાનથી તુચ્છ બુદ્ધિવાનને યથાર્થતા ભાસતી નથી. અર્હંતાદિકની શ્રદ્ધા વગેરે ત્રણ લક્ષાણોમાં સાત તત્ત્વોની શ્રદ્ધા ગર્ભિત છે એ તુચ્છ બુદ્ધિવાનને ભાસે નહિ. પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષાણમાં ત્રણે લક્ષાણો પ્રગટ ભાસે છે તેથી તેને મુખ્ય લક્ષાણ કહ્યું છે.



૨) વળી સ્વ-પર શ્રદ્ધાનને સમ્યગ્દર્શનનું લક્ષાણ કહ્યું છે. સ્વમાં જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ આવી જાય છે ને તે ઉપાદેય છે તથા પરમાં અજીવ, આસ્રવ, બંધ આવે છે ને તે હેય છે. આમ સ્વ-પરમાં સાત ગર્ભિત રીતે આવી જાય છે પણ તુચ્છ બુદ્ધિવાનને તે પ્રગટ ભાસતા નથી. આસ્રવ, બંધને હેય માનતો નથી તેથી સ્વભાવ તરફ વળતો નથી. માટે સંવર-નિર્જરા પ્રગટ થતાં નથી અને મોક્ષમાર્ગના પ્રયોજનની સિદ્ધિ થતી નથી.

અથવા પુણ્ય-પાપની શ્રદ્ધા થયા વિના માત્ર સ્વ-પરને જાણવામાં સંતુષ્ટ બની, પોતાને સમ્યગ્દષ્ટિ માની સ્વચ્છંદી થાય ને રાગાદિ છોડવાનો પ્રયત્ન કરે નહિ. આમ સાત તત્ત્વોને જાણ્યા વિના મોક્ષમાર્ગના પ્રયોજનની સિદ્ધિ થતી નથી.

પંચાધ્યાયીકારે સ્વાનુભૂતિને સમ્યગ્દર્શનનું લક્ષાણ કહ્યું છે તે અવિનાભાવી સંબંધથી કહ્યું છે. સમ્યગ્દર્શન શ્રદ્ધાગુણની પર્યાય છે ને અનુભૂતિ જ્ઞાનગુણની પર્યાય છે. સમ્યક્શ્રદ્ધા વખતે સમ્યક્જ્ઞાન હોય છે એટલે અવિનાભાવી સંબંધ ગણીને અનુભૂતિને સમ્યગ્દર્શનનું લક્ષાણ કહ્યું છે પણ તે વ્યવહારલક્ષાણ છે. એક ગુણ દ્વારા બીજા ગુણને ઓળખવો તે વ્યવહાર છે.

શ્રી સમયસારમાં કહ્યું છે કે શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે શુદ્ધ આત્મા કહો -બધું એક જ છે. શુદ્ધનય તો જ્ઞાનની પર્યાય છે, ને અનુભૂતિ જ્ઞાનની પર્યાય ચારિત્ર સહિત છે ને શુદ્ધ આત્મા તે શુદ્ધ આત્મા છે. પર્યાય આત્મા સાથે અભેદ થઈ માટે તેને શુદ્ધ આત્મા કહી દીધો છે.

માત્ર સ્વ-પરની શ્રદ્ધામાં તુચ્છ બુદ્ધિવાનને પ્રયોજનની સિદ્ધિ ભાસતી નથી. તેને ભાસે છે કે સ્વ-પરનું જાણવું જ કાર્યકારી છે અને તેનાથી જ સમ્યક્ત્વ થાય છે પણ ત્યાં આસ્રવાદિનું સ્વરૂપ ભાસતું નથી ને તેથી મોક્ષરૂપ પ્રયોજનની સિદ્ધિ થતી નથી.

દુઃખ ટાળી સુખ કરવું છે તેમાં પણ સાતે આવી જાય છે. દુઃખમાં આસ્રવ-બંધ આવી ગયા -તે હેય છે. ને અજીવ પણ હેયમાં આવી જાય છે અને સુખમાં સંવર-નિર્જરા-મોક્ષ આવ્યા ને સુખનો ધરનાર જીવ છે. આ ચાર ઉપાદેય છે. આમ દુઃખ ટાળી સુખ પ્રગટ કરવાના પ્રયોજનમાં સાતે આવી જાય છે.

તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં પ્રયોજન પ્રગટ ભાસે છે, ને બીજા લક્ષાણોમાં પ્રયોજન પ્રગટ ભાસતું નથી. તેથી તત્ત્વાર્થ શ્રદ્ધાનને મુખ્ય કરેલ છે.

આત્મા ત્રણે કાળે નવરો છે. પરદ્રવ્યના અભાવ સ્વભાવવાળો છે. આત્મા નિવૃત્ત સ્વરૂપ છે. એક તત્ત્વમાં અનંતા તત્ત્વોનો અભાવ છે. અનંતા પર આત્મા અને અનંતા પુદ્ગલોનો પોતામાં અભાવ છે. એક વસ્તુની સિદ્ધિ કરતાં પરની સિદ્ધિ થઈ જાય છે.

સ્વ-પરની શ્રદ્ધા માત્ર કરે પણ અજીવ, આસ્રવ, બંધ પર છે ને જીવ, સંવર, નિર્જરા, મોક્ષ

સ્વ છે એમ જાણ્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ. આસ્રવ-બંધને હેય જાણ્યા વિના ને સંવર-નિર્જરાને જીવ સાથે અભેદ-ઉપાદેય જાણ્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ. આમ સ્વ-પરની એકલી શ્રદ્ધામાં તુચ્છ બુદ્ધિવાનને ભ્રમ ઊપજે છે ને મોક્ષમાર્ગના પ્રયોજનની સિદ્ધિ થતી નથી. માટે તેને મુખ્ય લક્ષણ કહ્યું નથી

૩) હવે આત્મશ્રદ્ધાન લક્ષણને મુખ્ય કેમ ન કહ્યું ? તેનો ખુલાસો એ છે કે તુચ્છ બુદ્ધિવાનને તેમાં પ્રયોજન પ્રગટ ભાસતું નથી. આત્મા કહેતાં બીજા અનાત્મા છે. અનંતા બીજા જીવો, પુદ્ગલો, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ સંબંધી જ્ઞાન આત્મજ્ઞાનમાં આવી જાય છે પણ તુચ્છ બુદ્ધિવાનને તે પ્રગટ ભાસતું નથી.

કોઈ કહે કે આત્માની ધૂનમાં અમે રહીએ છીએ પણ તે ભ્રાંતિમાં છે. વળી કોઈ કહે કે સ્વાધ્યાય તપ છે ને નમસ્કારમંત્ર ગણવો તે સ્વાધ્યાય છે માટે નમસ્કારમંત્ર ગણે તેને પણ પરંપરા નૈગમનયથી મોક્ષ થાય છે. તેને કહે છે કે સ્વભાવના ભાન વિના નય કેવો ? નય વિના નૈગમનય કેવો ? અજ્ઞાની કહે છે કે નૈગમનયથી આ બધો વ્યવહાર કરીએ છીએ. પણ સ્વભાવને જાણ્યા વિના શું કામનું ? નય શ્રુતજ્ઞાનમાં હોય છે, શ્રુતજ્ઞાનપ્રમાણ સમ્યગ્દર્શન વિના હોય નહિ.

તુચ્છ બુદ્ધિવાનને એકલા આત્માની શ્રદ્ધામાં ભ્રમ ઊપજે છે. જીવના વિશેષો -ગતિ, જાતિ, બાદરપણું, સૂક્ષ્મપણું વગેરે છે, અજીવ વિશેષો કર્મની પર્યાય, પુદ્ગલની પર્યાયો વગેરે ભેદો છે. તે વિશેષોને જાણે નહિ તેથી ભ્રમ સહિત પ્રવર્તે છે. માંસ પુદ્ગલની પર્યાય છે ને દાળ-ભાત પણ પુદ્ગલની પર્યાય છે પરંતુ પર્યાયમાં ફેર છે. આમ પુદ્ગલના વિશેષો જાણવા જોઈએ. પર દ્રવ્યના ગ્રહણ-ત્યાગની વાત નથી પણ સમકિતીને માંસાદિ લેવાનો ભાવ ન થાય ને અનાજ લેવાનો ભાવ થાય, આમ વિવેક વર્તે છે. આમ જીવ-અજીવના વિશેષો ન જાણે તો તુચ્છ બુદ્ધિવાનને એકલા આત્માની શ્રદ્ધામાં ભ્રમ ઊપજે છે. માટે આત્મશ્રદ્ધાને મુખ્ય લક્ષણ કહ્યું નથી.

### જેઠ વદ ૧૨, બુધવાર, ૮-૭-૫૩.

સમ્યગ્દર્શન તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણથી ઓળખી શકાય છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં તુચ્છ બુદ્ધિવાનને પણ દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા આદિ લક્ષણો ભાસે છે પણ દેવ-ગુરુ-ધર્મના શ્રદ્ધાનરૂપ લક્ષણમાં તથા સ્વ-પર શ્રદ્ધાનમાં પ્રયોજન પ્રગટ ભાસતું નથી. તેથી તેને મુખ્ય લક્ષણ કહ્યા નથી.

વળી આત્મશ્રદ્ધાનને સમકિત કહે તો તુચ્છ બુદ્ધિવાનને એમ લાગે કે આપણે માત્ર આત્માનો વિચાર કરવો પણ સાત તત્ત્વોને ભિન્ન ભિન્ન ઓળખે નહિ. જીવની ગતિ, જાતિ, પંચેંદ્રિયપણું, પુરુષવેદ આદિ ભેદોને ઓળખે નહિ તો જીવની ઓળખાણ ન થાય. શરીર, માંસ, દાળ, ભાત આદિમાં પરમાણુની જાત એક છે પણ પર્યાયદીઠ ભિન્નતા છે એમ અજીવની ભિન્નતા જાણે નહિ. વળી દેવ-ગુરુ-ધર્મનો



રાગ પુણ્યાસ્રવ છે તે પણ છોડવા લાયક છે, સંવર-નિર્જરા-મોક્ષ ઉપાદેય છે એવી શ્રદ્ધા કરે નહિ. કોઈ જીવો સમયસાર વાંચી માત્ર આત્માની વાતો કરે પણ આત્માની પર્યાય ભિન્ન ભિન્ન ન સ્વીકારે તો નિશ્ચયાભાસી છે. જે જે પર્યાય હોય તેને જાણવી જોઈએ. અજીવની પર્યાય સ્વતંત્ર છે. આધાકર્મી આહાર જડની પર્યાય છે - તે પર છે, પણ તેવો આહાર લેવાનો રાગ મુનિને થતો નથી. આમ જીવ-અજીવના વિશેષો ન જાણે તો સમ્યગ્દર્શન ન થાય. અજીવ પરજ્ઞેય છે, પુણ્ય-પાપ હેય છે, આત્મા સ્વજ્ઞેય છે એમ ભિન્ન જાણ્યા વિના માને કે અમને આત્માનું જ્ઞાન થઈ ગયું છે તો તે ભ્રમણા છે. સાતે તત્ત્વોને બરાબર જાણવા જોઈએ. માટે તત્ત્વાર્થ શ્રદ્ધાનને મુખ્ય લક્ષણ કહ્યું છે.

શુભ ઉપયોગ પણ આદરણીય નથી એમ પ્રથમ નક્કી કરવું જોઈએ, તો શ્રદ્ધા સાચી થાય. શુદ્ધોપયોગ થાય ત્યારે શુભ ઉપયોગ છૂટે છે પણ તે પહેલા શુભ ઉપયોગ છોડવા જેવો છે -એમ શ્રદ્ધા કરવી જોઈએ. જે શુભ ભાવને આદરણીય માને છે તે વીતરાગી સ્વભાવને અનાદરણીય માને છે, તે જ્ઞાનસ્વભાવની આશાતના કરે છે.

કોઈ કહે કે શુભ ભાવ કરવો તો પડે છે ને ?

ના, શુભ એના કાળક્રમે આવે છે. ઉપદેશના વાક્યમાં આવે કે અશુભથી બચવા શુભ પરિણામ આવે છે, પણ અશુભ ભાવ આવવાનો હતો તેને બદલે શુભ લાવ્યો, તો શું ક્રમ બદલાવી દેતો હશે? ના, અશુભ કે શુભ ક્રમસર છે. જ્ઞાન પૂર્ણ સ્થિર ન હોય ત્યાં સુધી શુભ રાગ હેયબુદ્ધિએ આવે છે. આમ તત્ત્વોની શ્રદ્ધા હોવી જોઈએ.

આસ્રવ હેય છે, સંવર-નિર્જરા હિતરૂપ છે, મોક્ષ પરમ હિતરૂપ છે -એ શ્રદ્ધા કર્યા વિના જીવ સ્વચ્છંદી થશે. પરદ્રવ્યથી બંધ નથી માટે અમે ગમે તે પ્રસંગમાં રહીએ તો શું વાંધો ? તો કહે છે કે - પરદ્રવ્ય બંધનું કારણ નથી એ બરાબર છે, પણ પર તરફનો રાગ તે આસ્રવ છે, તે છોડવા જેવો છે તેને બદલે "શું વાંધો છે ?" એમ કહીને આસ્રવ અંગીકાર કરે છે તે સ્વચ્છંદી છે. માટે સાતની શ્રદ્ધા વિના તુચ્છ બુદ્ધિવાનને એકલા આત્માની શ્રદ્ધામાં સ્વચ્છંદ થાય છે. માટે આત્મશ્રદ્ધાનને મુખ્ય લક્ષણ કહ્યું નથી.

આવો ભ્રમ થતો જાણી દેવ-ગુરુ-ધર્મના શ્રદ્ધાનને, સ્વ-પર ભેદવિજ્ઞાનના શ્રદ્ધાનને તથા આત્મશ્રદ્ધાન -એ લક્ષણોને મુખ્ય કર્યા નહિ. તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણને મુખ્ય કરેલ છે. તે લક્ષણમાં જીવના સામાન્ય સ્વભાવને તથા અજીવના સામાન્ય સ્વભાવને તથા જીવ-અજીવના વિશેષ સ્વભાવને ઓળખે - જીવ સામાન્ય સ્વરૂપે શુદ્ધ છે ને વિશેષમાં ગતિ, જાતિ, બાદરપણું આદિ વિકારની યોગ્યતા મારે લીધે છે, પરને લીધે નથી -એમ જાણે તો વિશેષ જાણ્યા કહેવાય.

વળી અજીવના દ્રવ્ય-ગુણ સામાન્ય ધ્રુવ છે. તેનું વિશેષ થાય છે તે જીવને લીધે નહિ. પૂજાના

અષ્ટ દ્રવ્યનું લાવવું, મંદિરનું થવું, પ્રતિમાજીનું આવવું વગેરે અજીવની વિશેષ દશા છે, તે જીવને કારણે નથી. અજીવની પર્યાયનું અસ્તિત્વ જીવના અસ્તિત્વને લીધે નથી. આમ નક્કી કરે તો કામનું છે. આ જાણ્યા વિના એકલા આત્માની શ્રદ્ધા કરે તો કાર્યકારી નથી.

વળી પુણ્ય-પાપ, આસ્રવ મલિન પરિણામ છે ને સંવર-નિર્જરા-મોક્ષ નિર્મળ પરિણામ છે. આમ જીવ-અજીવના વિશેષો તથા આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ -એ સર્વનું સ્વરૂપ બરાબર ભાસે તો મોક્ષમાર્ગની સિદ્ધિ થાય. તત્ત્વાર્થ શ્રદ્ધાન થતાં શ્રદ્ધા ને જ્ઞાન સાચા થાય ને ચારિત્ર માટે પ્રયત્ન કરે છે. ધર્મી જીવ શ્રદ્ધામાત્રથી સંતુષ્ટ થતો નથી. આસ્રવ પરિણામ થાય તેને છોડવા માગે છે. અજીવ ઉપર લક્ષ જાય છે તેથી બંધ થાય છે. સ્વભાવની પૂર્ણતા નથી ત્યાં સુધી વિકાર થાય છે -આમ વિચારે છે. પુણ્ય-પાપ હેય હોવા છતાં છૂટ્યાં નથી. સંવર-નિર્જરા હિતરૂપ હોવા છતાં પૂર્ણ થયા નથી. મોક્ષ પરમ હિતરૂપ છે છતાં મોક્ષ પ્રગટ્યો નથી. આમ સમ્યગ્દષ્ટિ બરાબર જાણે છે. ધર્મી સમજે છે કે હજી મોક્ષ થયો નથી, અધૂરી પર્યાય છે તેથી મોક્ષનો ઉદ્યમ રાખે છે. સમકિતને આસ્રવ-બંધ નથી એ તો દૃષ્ટિની અપેક્ષાએ વાત કરેલ છે. માટે અપેક્ષા સમજવી જોઈએ.

આત્માના ભાન વિના વ્રત તપાદિ પણ કાર્યકારી નથી. શુભ રાગ ક્ષણિક છે, આત્મા જ્ઞાનસ્વભાવી નિત્ય છે -એમ સમજવું જોઈએ. રાગ છોડવા જેવો છે ને સ્વભાવ ઉપાદેય છે એમ સાત તત્ત્વોની શ્રદ્ધામાં નિર્ણય થાય છે માટે તત્ત્વાર્થ શ્રદ્ધાનને મુખ્ય લક્ષણ કહેલ છે. તેમાં સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા આદિ લક્ષણો આવી જાય છે.

સાચા તત્ત્વોની શ્રદ્ધામાં દેવાદિનું લક્ષણ આવી જાય છે. મોક્ષના ધરનાર દેવ અર્હંત ને સિદ્ધ છે, સંવર-નિર્જરાના ધરનાર મુખ્ય ગુરુ છે ને સંવર-નિર્જરા તે ધર્મ છે.

જીવ, સંવર, નિર્જરા ને મોક્ષ તત્ત્વોને અભેદ કરતાં તે સ્વમાં આવે છે અને અજીવ, આસ્રવ, બંધ હેય છે તે પરમાં આવે છે. આમ સ્વ-પરની શ્રદ્ધા આવી જાય છે.

સંવર, નિર્જરા, મોક્ષ સહિત જીવ અભેદ કહ્યો ને અજીવ, આસ્રવ, બંધ પરને અત્યંત ગૌણ કરતાં આત્મશ્રદ્ધા આવી.

આમ તત્ત્વાર્થ શ્રદ્ધામાં આ લક્ષણો તુચ્છ બુદ્ધિવાનને ભાસે છે. પણ અન્ય લક્ષણોમાં એટલે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધામાં, ભેદજ્ઞાનની શ્રદ્ધામાં તથા આત્માની શ્રદ્ધામાં જો કે તત્ત્વોની શ્રદ્ધા ગર્ભિત છે પણ તુચ્છ બુદ્ધિવાન સમજી શકે નહિ, વિશેષ બુદ્ધિવાનને ખ્યાલ આવે છે. તેથી તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ લક્ષણને મુખ્ય કરેલ છે.

હવે કહે છે કે મિથ્યાદૃષ્ટિને તત્ત્વોની શ્રદ્ધા આભાસમાત્ર હોય છે. નવમી ગ્રૈવેયકે જનાર દિગંબર મુનિ ૨૮ મૂળગુણનું પાલન કરે છે, દયા આદિ પાળે છે, પણ સ્વભાવ સન્મુખ થઈ, તત્ત્વાર્થ શ્રદ્ધાન



કરતો નથી તેથી તેની શ્રદ્ધા આભાસમાં જાય છે.

ત્યાં તત્ત્વાર્થોના વિચાર તો વિપરીત અભિપ્રાય દૂર કરવામાં શીઘ્ર કારણરૂપ થાય છે પણ અન્ય લક્ષણો શીઘ્ર કારણરૂપ થતાં નથી અથવા વિપરીત અભિનિવેશના કારણ થઈ જાય છે.

**''ધીંગ ધણી માથે કિયો રે, કોણ ગંજે નર ખેટ**
**વિમલજિન દીઠાં લોયણ આજ''**

હે નાથ અથવા ગુરુ ! અમોએ ધીંગ ધણી ધાર્યો છે પછી અમારે શું વાંધો ? -એમ કહી પુરુષાર્થ કરે નહિ તો કાંઈ ગુરુ અથવા ભગવાન તારી દ્યે તેમ નથી. ગુરુ અથવા ભગવાનનું કહેલું સમજે તો તેમને નિમિત્ત કહેવાય. વળી કોઈ અજ્ઞાની કહે છે કે ગુરુ મોક્ષ જશે ત્યારે અમે પણ તેની સાથે જઈશું, પણ એમ બની શકે નહિ. સાક્ષાત્ સમવસરણમાં જાય ને ત્યાં ભગવાનના કહેવાનો આશય સમજે તો તેમને નિમિત્ત કહેવાય.

મિથ્યાદૃષ્ટિ જીવ તત્ત્વના ભાન વિના દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એકલી કરે તો વિપરીત અભિપ્રાય થાય છે. વળી કોઈ માને કે ''મોટાને ખોળે બેઠા, પછી સેવકને શું ચિંતા છે'' -એમ માની ભ્રમણા સેવે છે. આત્માની શ્રદ્ધા વિના દેવ-ગુરુ-ધર્મ તારી દેશે એમ માને તે ભ્રમણા છે.

વળી કેટલાક જીવો સુધારસને નામે સ્વચ્છંદે ચડી ગયા છે માટે અન્ય લક્ષણો તુચ્છ બુદ્ધિવાનને વિપરીત અભિનિવેશના કારણ થાય છે અથવા સમ્યગ્દર્શનના શીઘ્ર કારણરૂપ થતાં નથી, તેથી અહીં સર્વ પ્રકારથી પ્રસિદ્ધ જાણી ઊંધા અભિપ્રાયથી રહિત જીવાદિ તત્ત્વાર્થોનું શ્રદ્ધાન સમ્યક્ત્વનું લક્ષણ છે એમ નિર્દેશ કર્યો છે. આ પ્રમાણે લક્ષણ નિર્દેશનું કથન કર્યું. નામનિર્દેશ અને લક્ષણનિર્દેશ યથાર્થ સાંભળી લેવા પણ તેની પરીક્ષા પોતે કરવી પડશે, કોઈ કરી દે તેમ નથી.

આ પ્રમાણે તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ જે આત્માના સ્વભાવમાં હોય તેને જ સમ્યગ્દષ્ટિ જાણવો.

હવે સમ્યક્ત્વના ભેદ દર્શાવીએ છીએ.

## સમ્યક્ત્વના ભેદ

અહીં નિશ્ચય અને વ્યવહાર બે ભેદ બતાવે છે.

વિપરીત અભિનિવેશ રહિત આત્મપરિણામ તે તો નિશ્ચય સમ્યક્ત્વ છે. સમ્યગ્દર્શન પર્યાય છે, ગુણ નથી. ગુણ ત્રિકાળ હોય. સિદ્ધના આઠ ગુણોમાં સમ્યક્ત્વ કહે છે, તેને ઉપચારથી ગુણ કહે છે. જે દ્રવ્યના પૂરા ભાગમાં ને સર્વ હાલતોમાં રહે તેને ગુણ કહે છે. જો સમ્યક્ત્વ ગુણ હોય તો બધા જીવના આખા ક્ષેત્રમાં ને બધી હાલતમાં રહેવો જોઈએ. મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યગ્દર્શન નથી. માટે સમ્યગ્દર્શન ગુણ નથી પણ પર્યાય છે. તે શ્રદ્ધાગુણનું વિશેષ કાર્ય છે. મોક્ષ પર્યાય છે, ને તેનું

કારણ મોક્ષમાર્ગ પર્યાય છે. ગુણ અનાદિ-અનંત છે ને સમકિત નવું થાય છે માટે તે પર્યાય છે.

આ પ્રમાણે વિપરીત અભિનિવેશ રહિત આત્મપરિણામ તે નિશ્ચય સમ્યક્ત્વ છે.

## જેઠ વદ ૧૩, ગુરુવાર, ૮-૭-૫૩.

આ મોક્ષમાર્ગનો પ્રકાશ કરનાર ગ્રંથ છે. તેમાં સમકિતના લક્ષણની વાત થઈ ગઈ, હવે તેના ભેદની વાત ચાલે છે.

પ્રથમ નિશ્ચય અને વ્યવહારનો ભેદ બતાવીએ છીએ. ખરેખર સમકિત તો એક જ પ્રકારનું છે પણ ઉપચારનો ભેદ બતાવે છીએ. સાત તત્ત્વોની શ્રદ્ધા વિપરીત અભિનિવેશ રહિત આત્મપરિણામ તે નિશ્ચય સમ્યક્ત્વ છે. સત્યાર્થનું નામ નિશ્ચય છે. પુણ્ય-પાપરૂપ આસ્રવ હેય છે, બંધ અહિતકર છે, સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે ને મોક્ષ પરમ હિતકર છે આમ ભાન થવું તે સમ્યગ્દર્શન છે, આત્માની શ્રદ્ધામાં સાત આવી જાય છે. જીવસ્વભાવને સંવર-નિર્જરા-મોક્ષ સાથે અભેદ ગણી જીવ કહ્યો, ને અજીવ, આસ્રવ, બંધને અત્યંત ગૌણ ગણી, વ્યવહાર કહી તે જીવમાં નથી એમ કહ્યું. આમ અસ્તિ-નાસ્તિથી આત્મામાં સાત આવી જાય છે. વળી સ્વ-પર ભેદવિજ્ઞાનમાં પણ સાત આવી જાય છે. સ્વમાં જીવ, સંવર, નિર્જરા, મોક્ષ અને પરમાં અજીવ, આસ્રવ, બંધ આવે છે -આમ સાત આવી જાય છે.

વળી અર્હંતાદિની શ્રદ્ધામાં પણ સાતે તત્ત્વો આવી જાય છે. અર્હંત-સિદ્ધ મોક્ષ તત્ત્વમાં, ગુરુ સંવર-નિર્જરા તત્ત્વમાં, તેથી વિરુદ્ધ કહેનારા આસ્રવ-બંધના ધરનાર છે, રાગ રહિત ધર્મ તે ધર્મ દ્રવગેરે પ્રકારે સાતે તત્ત્વો આવી જાય છે.

અહીં સત્યાર્થનું નામ જ નિશ્ચય છે તથા વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાનનું કારણભૂત તે વ્યવહાર સમકિત છે. વ્યવહાર સમકિત નિમિત્ત છે, કારણ કે સાચા નિર્દોષ દેવ, નિર્ગ્રંથ ગુરુ ને અનેકાંત સ્વરૂપ અરાગી ધર્મ-તેની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે. આમ નિશ્ચય તત્ત્વશ્રદ્ધા પ્રગટ કરે ત્યાં સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધારૂપ વ્યવહાર હોય. જીવ જ્યારે ગતિ કરે છે ત્યારે ધર્મદ્રવ્ય નિમિત્ત હોય છે પણ અધર્મદ્રવ્ય નિમિત્ત હોતું નથી. તેમ નિશ્ચય સ્વભાવની ગતિ થાય એટલે કે સમ્યગ્દર્શનરૂપ ધર્મનું પરિણમન કરે ત્યારે સાચા દેવાદિ જે ધર્મને કહેનારા છે તેની શ્રદ્ધાનું નિમિત્ત હોય પણ કુદેવાદિની શ્રદ્ધાનું નિમિત્ત ન હોય. અનેકાંતને તોડી, એકાંત કહેનાર તથા આસ્રવ-બંધરૂપ અધર્મના ધરનાર કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનું નિમિત્ત હોતું નથી.

જે નિમિત્તથી કાર્ય માને તે વ્યવહારાભાસી છે ને નિશ્ચય પ્રગટે ત્યારે નિમિત્ત ન હોય એમ માને તે નિશ્ચયાભાસી છે. નિશ્ચય સમકિત પ્રગટ કરે ત્યારે સાચું નિમિત્ત હોય છે.

અહીં કારણમાં કાર્યનો ઉપચાર કર્યો ને ઉપચારનું નામ જ વ્યવહાર છે. નિશ્ચય નિશ્ચયપણે છે



ને વ્યવહારપણે નથી, વ્યવહાર વ્યવહારપણે છે ને નિશ્ચયપણે નથી, ઉપાદાન ઉપાદાનરૂપે છે ને નિમિત્તરૂપે નથી. આમ કહેનારા સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ ને અનેકાંત ધર્મની સાચી શ્રદ્ધા સમ્યગ્દષ્ટિ જીવને હોય છે. દેવ નથી છતાં તેમાં દેવપણું મનાવે, ગુરુ નથી છતાં ગુરુપણું મનાવે ને શાસ્ત્ર નથી છતાં શાસ્ત્ર મનાવે તે બધા ખોટા નિમિત્તો છે તેના નિમિત્તે સમ્યગ્દર્શન થાય નહિ. જ્યાં સુધી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનો ઉત્સાહ, ભાવના અને અનુમોદના વર્તે છે ત્યાં સુધી અનંતાનુબંધી કષાય છે. તેવા મિથ્યાદષ્ટિને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો ઉત્સાહ, પ્રશંસા, ભાવના આવતાં નથી. પતિવ્રતા બાઈ પર પુરુષના વખાણ વિષય ભાવનાથી કરે નહિ, તેમ ધર્મી જીવ કુદેવાદિના વખાણ કરે નહિ પણ સાચા દેવાદિને માને. માટે તેમના નિમિત્તથી સમ્યગ્દર્શન થાય એમ કહ્યું છે. પણ સુદેવાદિ સમ્યગ્દર્શન કરાવી દે છે એવો તેનો અર્થ નથી, કુદેવાદિથી જાુદું પાડવા એમ કહ્યું છે.

અહીં વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે તો નિશ્ચય સમ્યક્ત્વ છે તથા દેવ-ગુરુ-ધર્માદિનું શ્રદ્ધાન તે વ્યવહાર સમ્યક્ત્વ છે. એ પ્રમાણે એક જ કાળમાં તેને બન્ને સમ્યક્ત્વ હોય છે. પહેલા સાચા દેવાદિની શ્રદ્ધા કરી ને એને લીધે નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થયું -એમ નથી પણ અભેદ આત્માને પકડ્યો ત્યારે સુદેવાદિની શ્રદ્ધાના પરિણામ વર્તે છે એમ એક સાથે બન્ને હોય છે. પહેલું નિમિત્ત અને પછી નૈમિત્તિક દશા થાય -એમ નથી. નૈમિત્તિક દશા-સમ્યગ્દર્શન પ્રગટ કરે તે વખતે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ હોય છે, કુદેવાદિનું નિમિત્ત હોતું નથી. નિમિત્ત છે માટે સમ્યગ્દર્શન પ્રગટે છે-એમ નથી. સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ કરે છે ત્યારે દેવાદિના રાગને નિમિત્ત કહેવાય છે. જો પ્રગટ કરે નહિ તો તેને નિમિત્ત કહેવાતું નથી.

કોઈ કહે કે અમારે નિમિત્તનું જ્ઞાન કરવું નથી.

**સમાધાન** : જેને પરનું જ્ઞાન કરવું નથી તેને આત્માનું જ્ઞાન કરવું નથી કારણ કે જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે તેનો તે નિષેધ કરે છે. એટલે આત્માનો નકાર કરે છે. આત્માના સ્વ-પર પ્રકાશક જ્ઞાનસામર્થ્યને લીધે સ્વને જાણતાં રાગ તથા નિમિત્તને યથાર્થ જાણી લે છે. તે વખતે એવું જ નિમિત્ત ને રાગ હોય, બીજો ન હોય.

પૃ. ૩૨૯માં કહ્યું છે કે ''એ લક્ષણાભાસોમાં એટલું વિશેષ છે કે પહેલાં તો દેવાદિકનું શ્રદ્ધાન થાય, પછી તત્ત્વોનો વિચાર થાય, પછી સ્વ-પરનું ચિંતવન કરે અને પછી કેવળ આત્માને ચિંતવે -એ અનુક્રમથી જો સાધન કરે તો પરંપરાએ સાચા મોક્ષમાર્ગને પામી, કોઈ જીવ સિદ્ધપદને પામે તથા એ અનુક્રમનું ઉલ્લંઘન કરે તેને દેવાદિકની માન્યતાનું પણ કાંઈ ઠેકાણું નથી.''

અત્યારે તો લોકો સત્યમાં અસત્ય મેળવીને ગોટા વાળે છે. સાચા દેવાદિનો ઉત્સાહ લાવે નહિ, આદર ન કરે, પ્રશંસા ન કરે તેને દેવાદિની શ્રદ્ધાનું, તત્ત્વાર્થ શ્રદ્ધાનનું, સ્વ-પર શ્રદ્ધાનનું તથા આત્મશ્રદ્ધાનનું ઠેકાણું નથી.

વળી તે જ પૃ. ૩૨૯માં નીચે કહ્યું છે કે ''પ્રથમ તો આજ્ઞાદિ વડે વા કોઈ પરીક્ષા વડે કુદેવાદિની માન્યતા છોડી અર્હંતાદિનું શ્રદ્ધાન કરવું કારણ કે એનું શ્રદ્ધાન થતાં ગૃહીત મિથ્યાત્વનો તો અભાવ થાય છે તથા મોક્ષમાર્ગમાં વિઘ્ન કરવાવાળા કુદેવાદિનું નિમિત્ત દૂર થાય છે અને મોક્ષમાર્ગને સહાયક અર્હંત દેવાદિકનું નિમિત્ત મળે છે. માટે પ્રથમ દેવાદિનું શ્રદ્ધાન કરવું, પછી જિનમતમાં કહેલા જીવાદિ તત્ત્વોનો વિચાર કરવો, તેના નામ-લક્ષણાદિ શીખવા કારણ કે એના અભ્યાસથી તત્ત્વ શ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે.''

સમ્યગ્દૃષ્ટિ જીવને દેવ-ગુરુ-ધર્મનું સાચું શ્રદ્ધાન છે તેથી તેમના નિમિત્તથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું એમ કહેવાય છે, પણ કોઈ આગ્રહ કરે કે નિમિત્તને લીધે ધર્મ પ્રગટ્યો તો તે વાત સમજતો નથી ને ધર્મ પ્રગટ્યો ને સાચું નિમિત્ત ન હતું એમ માને તો તે પણ વાત સમજતો નથી. વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે તો નિશ્ચય સમ્યક્ત્વ છે તથા દેવ-ગુરુ-ધર્માદિનું શ્રદ્ધાન તે વ્યવહાર સમ્યક્ત્વ છે. એ પ્રમાણે એક જ કાળમાં બન્ને સમકિત હોય છે.

જ્યાં સુધી નિમિત્તનો પલટો ન થાય ત્યાં સુધી ઉપાદાનનો પલટો થાય નહિ ને નિમિત્તનો પલટો થયો માટે ઉપાદાનનો પલટો થાય -એમ પણ નથી.

પુરુષાર્થ એકનો કરવો કે બેનો ?

જેવો વસ્તુનો સ્વભાવ છે તેવી શ્રદ્ધા હોય ત્યારે સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા હોય. જેમ અંતરમાં મુનિદશા પ્રગટ કરે ત્યારે બહારમાં નગ્નદશા ન હોય તેમ માને તો મિથ્યાદૃષ્ટિ છે, ને બાહ્યમાં નગ્નદશા થાય છે માટે મુનિની ભાવલિંગદશા પ્રગટે છે -એમ પણ નથી. ભાવલિંગ પ્રગટ કરે છે ત્યારે નગ્નદશા હોય છે તેમ નિશ્ચય સમકિત પ્રગટ કરે ત્યારે વ્યવહાર સમકિત હોય છે -બન્ને સમકાળે છે.

લક્ષણાભાસમાં ક્રમ સમજાવ્યો હતો પણ સમકિત પ્રગટ કરે ત્યારે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાને નિમિત્ત કહેવાય. આત્માની પ્રતીતિ વિના સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા સહાયક કહેવાતી નથી.

જીવ સ્વભાવને પકડે તો દેવાદિ ચાર લક્ષણના ક્રમને નિમિત્ત કહેવાય. દેવાદિનું લક્ષણ પ્રથમ કહ્યું પણ તેનાથી નિશ્ચય સમકિત થાય -એમ નથી. પ્રથમ કોની પાસે સાંભળવું એમ કહે છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા તત્ત્વોને કહેનારા છે. તેમની પાસેથી તત્ત્વોની વાત સાંભળવી. જે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને સાંભળે છે તેનામાં સ્વભાવ તરફ વળવાની યોગ્યતા નથી. જેને નિમિત્તનો વિવેક નથી તેને રાગ રહિત સ્વભાવનો વિવેક થઈ શકે નહિ.

હવે મિથ્યાદૃષ્ટિની વાત કરે છે. તેને આત્માની પ્રતીતિ સાચી નથી ને વિપરીત અભિનિવેશનો અભાવ નથી. તેને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા આભાસમાત્ર છે માટે તેના નિશ્ચય ને વ્યવહાર બન્ને ખોટા છે.

પૃ. ૩૨૬માં કહ્યું કે ''તેમ અર્હંત દેવાદિકનું શ્રદ્ધાન થતાં તો સમ્યક્ત્વ હોય વા ન હોય પરંતુ



અર્હંતાદિકના શ્રદ્ધાન થયા વિના તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ કદી પણ હોય નહિ. માટે અર્હંતાદિકના શ્રદ્ધાનને અન્વયરૂપ કારણ જાણી કારણમાં કાર્યનો ઉપચાર કરી એ શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું અને તેટલા માટે જ તેનું નામ વ્યવહાર સમ્યક્ત્વ છે.''

પૃ. ૩૨૭માં કહ્યું છે કે ''સમ્યગ્દર્શનમાં દેવાદિકના શ્રદ્ધાનનો નિયમ છે.''

તત્ત્વાર્થ શ્રદ્ધા કરે તો સાચા દેવ-ગુરુની શ્રદ્ધાને નિમિત્ત કહેવાય. મિથ્યાદૃષ્ટિ જીવને સાચી શ્રદ્ધા થતી નથી તેથી તેને ઉપચાર આવતો નથી. વિપરીત અભિનિવેશના પરિણામ છોડે તો નિમિત્ત કહેવાય. સાચું નિમિત્ત ન હોય ને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાય એમ પણ બને નહિ. રાગથી ધર્મ માનવો તે વિપરીત અભિનિવેશ છે ને કુદેવાદિને માને તો તીવ્ર વિપરીત અભિનિવેશ છે. નિમિત્ત પર છે ને રાગ હેય છે, ને સંવર-નિર્જરા-મોક્ષ ઉપાદેય છે. આમ હેય-ઉપાદેયપણું સમજી સાચી શ્રદ્ધા કરે તો વ્યવહાર સમકિતને નિમિત્ત કહેવાય. જેને સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાના ઠેકાણા નથી તેને સમકિત હોઈ શકે નહિ.

અહીં ખોટા દેવ-ગુરુ-ધર્મને માનવાવાળાની વાત લીધી નથી. સનાતન વીતરાગ ધર્મે કહેલા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા વર્તે છે પણ વિપરીત અભિનિવેશ ગયો નહિ તેથી નિમિત્ત કહેવાતું નથી. માટે નિયમરૂપ સાક્ષાત્ કારણની અપેક્ષાએ તેને વ્યવહાર સમકિતપણું સંભવતું નથી. વર્તમાનમાં સમ્યગ્દર્શન પ્રગટ કરે તો સાક્ષાત્ કારણ કહેવાય.

અથવા કોઈ મિથ્યાદૃષ્ટિ જીવને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા નિયમરૂપ હોય છે ને તે વિપરીત અભિનિવેશ દૂર કરવાનો છે ને જો દૂર કરે તો તેને પરંપરા કારણભૂત છે. સાચા દેવાદિ કહે છે કે તારા સ્વભાવનો આશ્રય કર. આમ સમજી પોતે સ્વભાવનો આશ્રય કરે તો તે પરંપરા કારણ કહેવાય છે. દેવ-ગુરુ કહે છે તે વાત લક્ષમાં આવે તો નિમિત્તરૂપે કારણ કહેવાય ને જો લક્ષમાં ન આવે તો નિયમરૂપ કહેવાય નહિ. જો કે તે નિયમરૂપ કારણ નથી તો પણ મુખ્યપણે કારણ છે. વ્યવહારથી ખસી નિશ્ચયમાં આવશે એમ સમજી કારણમાં કાર્યનો ઉપચાર સંભવે છે તેથી મુખ્યરૂપ પરંપરા કારણની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિને પણ વ્યવહાર સમકિત કહીએ છીએ.

## જેઠ વદ ૧૪, શુક્રવાર, ૧૦-૭-૫૩.

મિથ્યાદૃષ્ટિ જીવને વિપરીત અભિનિવેશ ટળ્યો નથી, તે વ્યવહારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે છે, તેને પરંપરાએ કારણ કહેવાય છે. સ્વભાવના લક્ષે તે વિપરીત અભિનિવેશ ટાળે ત્યારે તે સાચા નિમિત્તને વ્યવહારકારણ કહેવાય છે. પણ તે નિયમરૂપ ઉપચારકારણ નથી.

પ્રથમ કુદેવાદિની શ્રદ્ધારૂપ મિથ્યાત્વ છોડે ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને, તત્ત્વાર્થ વિચાર કરે, સ્વ-પર વિચાર કરે ને આત્માનો વિચાર કરે તો તે ક્રમ અનુસાર સ્વ તરફ પ્રયત્ન કરે તો સમ્યગ્દર્શન

થાય. જેને શ્રવણ કરાવનાર દેવ-ગુરુ-શાસ્ત્ર ખોટા છે ને તેનો રાગ વર્તે છે તેના તો નિમિત્ત જ ખોટાં છે. માટે તેના ઉપાદાન ને નિમિત્ત બન્ને ખોટા છે. અહીં કહે છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ થયો છે પણ વિપરીત અભિનિવેશ હજી ટળ્યો નથી પણ ભવિષ્યમાં ટળશે તેથી ઉપચારથી વ્યવહાર અથવા નિમિત્તકારણ કહેવાય છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ વ્યવહાર છે, બંધનું કારણ છે, વિપરીત અભિપ્રાય ટાળી આત્માનું સાચું શ્રદ્ધાન થાય તે અબંધનું કારણ છે. પંચ મહાવ્રત તથા ૨૮ મૂળગુણનું પાલન તે બંધનું કારણ છે. આત્મસ્થિરતા અબંધનું કારણ છે.

અહીં કહ્યું છે કે સાચા દેવ-ગુરુની પ્રતીતિ થઈ હોય ને વિપરીત અભિનિવેશ ટાળવાનો હોય તો તેને પરંપરા કારણ કહે છે. જેના નિમિત્ત ખોટાં છે તેને ગૃહીત મિથ્યાત્વ છે. સાચા દેવાદિને માનવાનો રાગ પુણ્ય તત્ત્વ છે ને ખોટા દેવાદિને માને તે ગૃહીત મિથ્યાત્વરૂપી પાપ છે. વળી સાચા દેવાદિને માનવા છતાં નિશ્ચય સમકિત પ્રગટ કરે નહિ તેને અગૃહીત મિથ્યાત્વરૂપી પાપ તત્ત્વ છે. સાચી શ્રદ્ધા થવા છતાં જે શુભ રાગના પરિણામ થાય તે નિશ્ચયથી પાપ છે પણ વ્યવહારથી પુણ્ય છે.

કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનો આદર કરનાર અગૃહીત મિથ્યાદષ્ટિ હોવા ઉપરાંત ગૃહીત મિથ્યાત્વની પુષ્ટી કરે છે, તેના નિશ્ચય-વ્યવહાર બન્ને ખોટાં છે.

હવે પ્રશ્ન કરે છે : કોઈ શાસ્ત્રોમાં સાચા દેવ-ગુરુ-ધર્મના શ્રદ્ધાનને અથવા તત્ત્વશ્રદ્ધાનને વ્યવહાર સમકિત કહ્યું છે તથા સ્વ-પર શ્રદ્ધાનને વા કેવળ આત્મશ્રદ્ધાનને સાચું સમકિત કહ્યું છે તેનું શું કારણ ?

**ઉત્તર** : સાચા દેવ અર્હંત ને સિદ્ધ છે, જેને ત્રણ કષાય ટળ્યા છે ને બાહ્ય નિર્ગ્રંથદશા છે તે સાધુ છે. સાધુપદ સ્ત્રીને હોઈ શકે નહિ. પાંચમા ગુણસ્થાન ઉપર સ્ત્રી જઈ શકે નહિ. મલ્લિનાથ ભગવાન પુરુષ હતા, સ્ત્રી ન હતા. અજ્ઞાનીઓએ સંપ્રદાય ચલાવવા કલ્પિત વાત કરી છે. અહીં તો સાચા-દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાવાળાની વાત છે, તેમાં પ્રવૃત્તિની મુખ્યતા છે. વિપરીત અભિનિવેશ ટાળવાની મુખ્યતા નથી પણ પ્રવૃત્તિની મુખ્યતા છે. એટલે કે તેમાં શુભ રાગની પ્રવૃત્તિ છે. સાચા દેવાદિને માને છે પણ કુદેવાદિને માનતો નથી તેને દેવાદિકનો શ્રદ્ધાની કહીએ છીએ. નિશ્ચય સમકિત પામે તો અર્હંતાદિની શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહેવાય. જેને વિપરીત અભિનિવેશ ટળે તેને સાચા દેવાદિકની શ્રદ્ધા હોય જ છે. સાચા દેવાદિની શ્રદ્ધા રાગ છે -તે પુણ્ય છે. તેને લીધે સમકિત થતું નથી, સ્વભાવના આશ્રયે સમકિત થાય છે. સાત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન કરે તો સમકિત થાય છે ને તે વખતે તેને સાચા દેવાદિની શ્રદ્ધા હોય છે.

વળી સર્વજ્ઞની પ્રતિમા વીતરાગી હોય, પણ શૃંગારી ન હોય. સર્વજ્ઞની પ્રતિમા ઉપર દાગીના કે વસ્ત્ર કાંઈ પણ ન હોય. એવા સાચા દેવની પ્રતિમાને વંદન કરે. દેવની પ્રતિમા જ્ઞેય છે, સાચા જ્ઞાનમાં



જ્ઞેય યથાર્થ ભાસે, શૃંગારી મૂર્તિઓ સરાગી છે, તે સાચી નથી.

**''जिनप्रतिमा जिन सारखी, भाखी आगममांही ।''**

તેવી હોવી જોઈએ. તેને વસ્ત્ર કે આંગી લગાવે તો તે પ્રતિમા વંદન લાયક નથી. માત્ર વીતરાગી પ્રતિમા વંદન યોગ્ય છે. એવા વ્યવહારનો પણ અભાવ કરી નિશ્ચયને પકડે તો દેવાદિકની શ્રદ્ધાને વ્યવહાર કહેવાય.

કોઈ કહે કે સાચા દેવાદિની શ્રદ્ધાનો રાગ છોડવા જેવો છે તો પછી તેનું શું કામ છે ?

**સમાધાન** : ખાધા પછી હાથ ધોવાના છે તેને બદલે ખાધા પહેલાં હાથ ધોઈ નાખે તો તે ભૂખ્યો રહે તેના જેવી વાત છે. હજી કુદેવાદિની શ્રદ્ધાને હેય સમજતો નથી તે નિશ્ચય ક્યાંથી સમજશે? સાચા દેવાદિની શ્રદ્ધા નિશ્ચયથી હેય છે છતાં વ્યવહારે ઉપાદેય છે કેમ કે તેમાં અશુભ રાગ ટળી શુભ રાગ થાય છે, પણ શ્રદ્ધામાં તો પહેલેથી શુભ રાગ છોડવા જેવો છે એમ માને તો શ્રદ્ધા સાચી થાય. મુનિઓને પણ શુભ રાગ આવે છે પણ તેઓ તેને હેય સમજે છે. કુંદકુંદાચાર્યના શિષ્ય જયસેન આચાર્યે પ્રતિષ્ઠાપાઠ બનાવ્યો છે. તેમાં લખે છે કે આવી પ્રતિમા લાવવી, આવો પથ્થર લાવવો, કારીગરને આવી રીતે પૈસા આપવા -વગેરે લખેલ છે. ત્યાં અસ્થિરતાનો શુભ રાગ આવેલ છે પણ દૃષ્ટિમાં રાગને હેય સમજે છે. વીતરાગ હોય તેને રાગ ન આવે. વળી હોમ કરવાનું લખ્યું છે, તે કેવળજ્ઞાનનો ભડકો બતાવે છે, હોમમાં તેની સ્થાપના કરે છે, તે બધી વાત મુનિએ લખી છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિઓ પણ પ્રતિષ્ઠા વખતે જાય, તેવો શુભ રાગ તેમને પણ આવે છે, છતાં તેને હેય સમજે છે. આમ બન્ને વાત જેમ છે તેમ યથાર્થ સમજવી જોઈએ. સાધક જીવોને શુભ રાગ આવ્યા વિના રહેતો નથી. બહારની જડની ક્રિયા થાય છે માટે શુભ પરિણામ થાય છે એમ નથી પણ પોતાના કારણે શુભ રાગ થાય છે, છતાં તે ધર્મ નથી.

પ્રતિષ્ઠાપાઠમાં જે પ્રતિષ્ઠા કરાવે તેને મુનિઓ કહે છે કે તમો લક્ષ્મીનો સદુપયોગ કરો છો, જિંદગીમાં આવો અવસર મળવો મુશ્કેલ છે. એમ મુનિઓ વ્યવહારથી કહે છતાં સમજાવે કે વ્યવહાર હેય છે, તે ધર્મ નથી. નીચલી ભૂમિકામાં શુભ રાગ આવ્યા વિના રહેતો નથી.

હવે તત્ત્વાર્થ શ્રદ્ધાનને મોક્ષશાસ્ત્ર સિવાય બીજા શાસ્ત્રમાં વ્યવહાર સમકિત કહ્યું છે, ત્યાં વિપરીત અભિપ્રાય ટાળવાની મુખ્યતા નથી પણ તેના વિચારની મુખ્યતા છે. જ્ઞાનમાં સાત તત્ત્વોનો વિચાર કરે છે ત્યાં શુભ રાગ હોય છે. હું જ્ઞાનસ્વરૂપી જીવ છું, શરીરાદિ અજીવ છે, વ્યવહાર સમકિત વિકાર છે એમ વિચાર કરે છે, તેથી જ્ઞાનની મુખ્યતામાં તેને વ્યવહાર કહે છે. તે તત્ત્વોનો વિચાર કરે છે તેથી તત્ત્વ શ્રદ્ધાની કહીએ છીએ. એ પ્રમાણે ત્યાં મુખ્યતા હોય છે. એ બન્ને કોઈ જીવને તો સમ્યક્ત્વના કારણ થાય છે તેનો સદ્ભાવ મિથ્યાદષ્ટિને સંભવે છે તેથી તેને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે. જો નિશ્ચયદશા પ્રગટ કરે તો સાચા દેવાદિની શ્રદ્ધાના રાગને તથા સાત તત્ત્વોના વિચારને

કારણ કહે છે. જો અંતર્‌નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે નહિ તો તે કારણ કહેવાતા નથી. સાચા દેવાદિને માટે માથા આપે છતાં અંતરજ્ઞાયકસ્વભાવને પકડે નહિ તો નિમિત્તકારણ કહેવાતું નથી. શ્રી સમયસારના બંધ અધિકારમાં કહ્યું છે કે અભવીને નવ તત્ત્વની શ્રદ્ધા હોય છે પણ વિપરીત અભિનિવેશ ટળ્યો નથી તેથી તેની નવ તત્ત્વની શ્રદ્ધાને વ્યવહાર કહેવાતો નથી. પણ કોઈ જીવને તેના નિમિત્તે સમ્યગ્દર્શન પ્રગટે છે તે જીવોને નવ તત્ત્વની શ્રદ્ધા હોય છે તેથી વ્યવહાર કહે છે.

''વળી સ્વ-પર શ્રદ્ધાનમાં વા આત્મશ્રદ્ધાનમાં વિપરીત અભિનિવેશ રહિતપણાની મુખ્યતા છે.'' સંવર, નિર્જરા, મોક્ષ ને જીવ તત્ત્વો સ્વમાં આવે છે ને અજીવ, આસ્રવ, બંધ તત્ત્વો પરમાં આવે છે. આમ સ્વ-પર ભેદવિજ્ઞાન છે ને જીવ, સંવર, નિર્જરા, મોક્ષ ચારે સ્વમાં આત્મા છે ને અજીવ, આસ્રવ, બંધને અત્યંત ગૌણ કરી, વ્યવહાર કહી, અભાવ કહી, એકલા આત્માની શ્રદ્ધા કહેલ છે. તે બન્નેમાં મુખ્યપણે વિપરીત અભિનિવેશ હોય નહિ. તેથી ભેદવિજ્ઞાનીને તથા આત્મજ્ઞાનીને સમ્યગ્દષ્ટિ કહીએ છીએ. મિથ્યાદષ્ટિને ચાર લક્ષણો હોય છે તેથી અહીં ''મુખ્યપણે'' શબ્દ વાપરેલ છે. એ પ્રમાણે મુખ્યપણે સ્વ-પરનું શ્રદ્ધાન વા આત્માનું શ્રદ્ધાન સમ્યગ્દષ્ટિને જ હોય છે તેથી તેને નિશ્ચય સમ્યક્ત્વ કહ્યું.

આ કથન મુખ્યતાની અપેક્ષાએ છે પણ તારતમ્યપણે એ ચાર લક્ષણ મિથ્યાદષ્ટિને આભાસમાત્ર છે, તેને અંદરમાં વિપરીત અભિનિવેશ ટળ્યો નથી તેથી બાહ્યમાં દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, નવ તત્ત્વોની શ્રદ્ધા, સ્વ-પર શ્રદ્ધાન તથા આત્મશ્રદ્ધાન આભાસમાત્ર હોય છે.

સમ્યગ્દષ્ટિને ચારે લક્ષણો સાચા હોય છે, મિથ્યાદષ્ટિને ચારે લક્ષણો આભાસમાત્ર છે. પણ નિયમ રહિતપણે સમકિતના પરંપરા કારણ છે -નિયમ નથી. વ્યવહારે વ્યવહાર સાચો છે, પણ નિશ્ચયથી તે સાચો નથી. ચારના ભેદનો વિકલ્પ ઊઠે ને રાગમંદતા કરી જ્ઞાન ઊઘડે તે સમકિતનું કારણ નથી. પણ સ્વભાવની શ્રદ્ધા કરે તો જ્ઞાનના ઉઘાડને તથા રાગને કારણ કહેવાય છે. 'જ્ઞાન તે જ આત્મા' એમ નિશ્ચય કરે એ એક જ કારણ છે.

નિશ્ચય સહિતનો વ્યવહાર અભવીને નથી તેથી તેને વ્યવહાર કહેવાતો નથી, તે વ્યવહારાભાસ છે. જીવ સમ્યગ્દર્શન ન પામે ત્યાં સુધી વ્યવહાર કહેવાતો નથી. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે અભવીને દેવાદિની સાચી શ્રદ્ધા હોવા છતાં તેને વ્યવહાર રત્નત્રય કહેવાતા નથી. પૃ. ૧૭૩

''इसलिये व्यवहार सम्यग्दर्शन और व्यवहार सम्यग्ज्ञान भव्य जीव के ही होता है, अभव्य के सर्वथा नहीं, क्योंकि अभव्य जीव मुक्ति का पात्र नहीं है । जो मुक्ति का पात्र होता है उसीके व्यवहार रत्नत्रय की प्राप्ति होती है ।''

નિશ્ચયના અભિપ્રાય વિના વ્યવહાર સમ્યક્ત્વ કહેવાતું નથી, તે આભાસમાત્ર છે, તે લક્ષણો નિયમ



રહિતપણે સમ્યક્ત્વના પરંપરા કારણ છે તથા સાચા છે તે નિયમરૂપ સાક્ષાત્ કારણ છે તેથી તેને વ્યવહારરૂપ કહીએ છીએ. તેના નિમિત્તથી જે વિપરીત અભિપ્રાય ટળી શ્રદ્ધાન થયું તે નિશ્ચય સમ્યક્ત્વ છે ને દેવાદિની શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહેલ છે એમ જાણવું.

### અષાડ સુદ ૧, રવિવાર, ૧૨-૭-૫૩.

આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવું ભાન થવું તે નિશ્ચય સમકિત છે ને દેવ-ગુરુ-ધર્મ આદિની વિકલ્પરૂપ શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે. સમ્યગ્દર્શન વિના સામાયિક આદિ ન હોય, વળી તે વિના પંચમા આદિ ગુણસ્થાનો પણ પ્રગટે નહિ.

**પ્રશ્ન** : કોઈ શાસ્ત્રમાં લખ્યું છે કે આત્મા છે તે જ નિશ્ચય સમ્યક્ત્વ છે, અન્ય બધો વ્યવહાર છે તે કેવી રીતે છે ? તમોએ તો આત્માની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહેલ છે.

**ઉત્તર** : દેહાદિની ક્રિયા થાય તે આત્મા કરતો નથી. દયા-દાનનો રાગ પુણ્ય છે, વિકલ્પ છે. હું જ્ઞાનસ્વરૂપ છું, એવી નિર્વિકલ્પ પ્રતીતિ થવી તે વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધા છે. પુણ્ય-પાપનો કર્તા નથી, જ્ઞાનમાં રાગાદિ જણાય છે, દેહાદિની ક્રિયા તો અજ્ઞાની પણ કરતો નથી પણ તે તેનો સ્વામી થાય છે ને જ્ઞાની દેહાદિની ક્રિયાનો અને રાગની ક્રિયાનો સ્વામી થતો નથી. હું નિરાકુળ આનંદ સ્વરૂપ છું એવી નિર્વિકલ્પ પ્રતીતિ થઈ તેને અભેદ ગણી આત્માનું સ્વરૂપ કહ્યું છે. આત્માનો ત્રિકાળી સ્વભાવ આનંદકંદ છે ને સમકિત શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે. તે સમ્યગ્દર્શન પર્યાયને આત્મા સાથે અભેદ ગણી તેને જ આત્માનું સ્વરૂપ કહ્યું. સમ્યગ્દર્શનરૂપ પર્યાયને જુદી લક્ષમાં લેતા ભેદ પડે છે, તે વ્યવહારમાં જાય છે.

અનંતાનુબંધીનો મૂળ દોષ ગયા પછી જે ત્રણ કષાય બાકી રહે છે તે ચારિત્રનો દોષ છે. અહીં સમ્યગ્દર્શનપર્યાયને અભેદ ગણી આત્માને સમ્યગ્દર્શન કહ્યું. પ્રથમ શ્રદ્ધાની વીતરાગી પર્યાયને નિશ્ચય સમકિત કહેલ હતું ને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહેલ હતું. હવે અહીં આત્માને નિશ્ચય સમકિત કહે છે તેનો ખુલાસો ચાલે છે. પ્રથમ વાત પર્યાયની કરી હતી. શુદ્ધ ચિદાનંદ આત્માની અંતર નિર્વિકલ્પ પ્રતીતિ ધર્મીને નિરંતર વર્તે છે, તેને વીતરાગી સમકિત કહે છે ને જે રાગ ઊઠે તેને વ્યવહાર સમકિત કહે છે. અહીં આત્માને નિશ્ચય સમ્યક્ત્વ કહ્યું છે તેનું શું કારણ ? સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્યની પ્રતીતિરૂપ અવિકારી પર્યાય છે. અંતર આત્માના અવલંબને થયેલ છે પણ તે પર્યાયને આત્મા સાથે અભેદ ગણી આત્માને નિશ્ચય સમકિત કહ્યું.

દ્રવ્ય તે સામાન્ય અંશ છે ને સમકિતપર્યાય વિશેષ અંશ છે પણ અભેદ દૃષ્ટિએ તેવા ભેદ પડતા નથી. તેથી એ અપેક્ષાએ આત્માને સમકિત કહ્યું. આવું નિશ્ચય સમકિત પ્રગટ કરે તેને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા અથવા નવ તત્ત્વોની શ્રદ્ધા હોય છે, તેને વ્યવહાર કહે છે. આ જ્ઞાનસ્વભાવી આત્મા

છે ને આ નિર્મળ પર્યાય સમકિત છે એવો દ્રવ્ય ને પર્યાય વચ્ચે ભેદ પાડવો તે રાગ છે, તે વ્યવહાર સમકિત છે.

આત્મા બહારની ક્રિયા કરી શકતો નથી માટે તે તો વ્યવહાર પણ નથી, ને રાગ પણ કાળક્રમે આવે છે તેની પણ વાત નથી. અહીં તો કહે છે કે આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેમાંથી આ સમ્યગ્દર્શન પર્યાય નિર્મળ પ્રગટ થઈ એવો દ્રવ્ય ને નિર્મળ પ્રતીતિની પર્યાય વચ્ચે ભેદ પાડવો તે વ્યવહાર છે.

આ બધા પડખા ખ્યાલમાં લેવા જોઈએ. જેને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાના ઠેકાણા નથી તેને વ્યવહાર કેવો ? અહીં તો ઘણી આગળ વાત છે.

મોક્ષમાર્ગ ને કેવળજ્ઞાનપર્યાયને દ્રવ્યથી જુદી પાડીને વિચાર કરવો તેને પણ વ્યવહાર કહે છે. બહારના વ્યવહારની વાત તો ઘણી દૂર રહી. અદ્વૈતમાં દ્વૈતપણાનો વિકલ્પ ઊઠવો તે વ્યવહાર છે. આત્મા એક સમયમાં પરિપૂર્ણ છે એવી પ્રતીતિ તે અભેદની પ્રતીતિ છે ને દ્રવ્ય અને પર્યાયના ભેદ પાડીને જાણવું તે વ્યવહાર છે.

વળી અન્ય નિમિત્તાદિની અપેક્ષાએ આજ્ઞા સમ્યક્ત્વાદિ દસ ભેદ પણ કહ્યા છે. શ્રી ગુણભદ્ર આચાર્યે આત્માનુશાસનમાં સમ્યક્ત્વના દસ ભેદ કહ્યા છે.

**आज्ञामार्गसमुद्भवमुपदेशात्सूत्रबीजसंक्षेपात्**
**विस्तारार्थाभ्यां भवभवगाढपरमावगाढे च ॥ ११ ॥**

(૧) **આજ્ઞા સમ્યક્ત્વ** : વીતરાગ સર્વજ્ઞદેવની આજ્ઞાથી આત્માનો નિર્ણય કરે તે આજ્ઞા સમ્યક્ત્વ છે. નિશ્ચય સમ્યગ્દર્શન પહેલાં આજ્ઞાનો વિકલ્પ હતો. અહીં એટલું જાણવું કે 'મારે જિનઆજ્ઞા પ્રમાણ છે' એટલું જ શ્રદ્ધાન કાંઈ સમ્યક્ત્વ નથી. ભગવાનની આજ્ઞા માનવી તે રાગ છે, સમકિત નથી.

જિનઆજ્ઞાનું લક્ષ પણ છૂટવું જોઈએ ને સ્વરૂપમાં સ્થિરતા થવી જોઈએ. વીતરાગની આજ્ઞાનું લક્ષ છૂટે તે ધર્મ છે. આજ્ઞા તરફ લક્ષ રહે તે સમકિત નથી, તે તો પુણ્ય છે-વિકલ્પ છે. આજ્ઞાના રાગમાં રોકાયો તે આજ્ઞાને માનતો નથી. આજ્ઞા ઉપર લક્ષ છે ત્યાં સુધી આત્મા ઉપર લક્ષ નથી. સ્વભાવમાં જાય છે ત્યારે આજ્ઞાનું લક્ષ છૂટી જાય છે, ને સમકિત થાય છે. સર્વજ્ઞની આજ્ઞા નિમિત્તકારણ છે તેથી તેને આજ્ઞા સમ્યક્ત્વ કહ્યું છે.

સાચા દેવ-ગુરુની આજ્ઞાનો રાગ તે અગૃહીત મિથ્યાત્વ સહિતનો રાગ છે, કુદેવાદિ પ્રત્યેનો રાગ તે ગૃહીત મિથ્યાત્વ સહિત અનંતાનુબંધીનો રાગ છે. જેને તે રાગ છૂટે નહિ તેને ગૃહીત મિથ્યાત્વ જાય નહિ. સાચા દેવ-ગુરુ પ્રત્યે પ્રેમ કરે તો ગૃહીત મિથ્યાત્વ ટળે ને સાચા દેવાદિની આજ્ઞા પ્રત્યેના રાગની રુચિ છોડી સ્વભાવની શ્રદ્ધા કરે તો અગૃહીત મિથ્યાત્વ ટળે ને સમકિત પ્રગટ થાય ને તો આજ્ઞાને નિમિત્ત કહેવાય.



''મારે જિનઆજ્ઞા પ્રમાણ છે'' એટલા માત્રથી સંતુષ્ટ થવાનું નથી, દ્રવ્યલિંગી મુનિએ જિનઆજ્ઞા ઘણી વાર માની છે, પૃ. ૧૯૦માં કહ્યું છે કે :ઌ

''કેવળીનું વચન પ્રમાણ છે એવા જ તત્ત્વાર્થ શ્રદ્ધાન વડે સમ્યક્ત્વ થવું માને છે પણ અમે પૂછીએ છીએ કે ગ્રૈવેયક જવાવાળા દ્રવ્યલિંગી મુનિને એવું શ્રદ્ધાન છે કે નહિ ? જો હોય છે તો તેને મિથ્યાદૃષ્ટિ શા માટે કહો છો ?''

તેને એવું શ્રદ્ધાન તો છે પરંતુ સમ્યક્ત્વ ન થયું, અંતરંગ પુણ્ય પરિણામ થયા વિના ગ્રૈવેયક જવું સંભવે નહિ.

વળી પૃ. ૨૨૧માં કહ્યું છે કે ''દ્રવ્યલિંગી આજ્ઞા માની મુનિ થયો છે, તથા આજ્ઞાનુસાર સાધન વડે ગ્રૈવેયક સુધી જાય છે તેનામાં મિથ્યાદૃષ્ટિપણું કેવી રીતે રહ્યું ? માટે કંઈક પરીક્ષા કરી આજ્ઞા માનતા જ સમ્યક્ત્વ વા ધર્મધ્યાન થાય છે.''

જ્ઞાનસ્વભાવની મર્યાદામાં આવી જવું તે આજ્ઞા છે. સ્વભાવમાં રાગ નથી ને રાગના અવલંબને ધર્મ નથી -એમ સ્વભાવના લક્ષે આજ્ઞા માને તે સાચી આજ્ઞા છે.

અર્હંતાદિ પર છે, તેના ઉપર લક્ષ કરવાથી રાગ થાય છે, તેનું લક્ષ ઉઠાવી સ્વભાવનું લક્ષ કરે તો આજ્ઞાને નિમિત્ત કહેવાય. આજ્ઞા માન્યા પછી તત્ત્વજ્ઞાન થાય ને શ્રદ્ધા સાચી થાય તેને આજ્ઞા સમ્યક્ત્વ કહે છે.

(૨) **માર્ગ સમ્યક્ત્વ** : નિર્ગ્રંથમાર્ગનું અવલોકન કરવું તે રાગ છે. પણ સ્વભાવનું લક્ષ કરી નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે તે પૂર્વે આવા વિકલ્પો હોય છે તેથી નિર્ગ્રંથમાર્ગના અવલોકન વડે નિશ્ચય સમકિત થયું એમ કહેવાય છે. તે માર્ગ સમ્યક્ત્વ છે. વીતરાગના માર્ગનો, મુનિઓના માર્ગનો વિચાર ચાલતો હોય છે તે નિમિત્ત છે. જે રાગમાં ને વ્યવહારમાં ધર્મ મનાવે છે તેમાં નિમિત્તપણું નથી.

(૩) **ઉપદેશ સમ્યક્ત્વ** : તીર્થંકર, ચક્રવર્તી વગેરે ૬૩ શલાકા પુરુષોના જીવનચરિત્ર પુરાણમાં કહેલા છે. તે ઉપદેશથી ઉત્પન્ન થયેલા સમ્યગ્જ્ઞાન વડે અર્થાત્ આગમસમુદ્રમાં પ્રવીણ પુરુષોનો ઉપદેશ આદિથી પ્રાપ્ત થયેલી જે ઉપદેશદૃષ્ટિ તે ઉપદેશ સમકિત છે. આ નિમિત્તનું કથન છે. સાચી કથા સાંભળી તેના ઉપરનું લક્ષ છોડી આત્માનું લક્ષ કરે તો કથાના ઉપદેશને નિમિત્ત કહેવાય. નિમિત્તથી, શુભ રાગથી કે પર્યાયના આશ્રયે સમકિત થતું નથી. સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. આ એક જ નિયમ જાણવો. તેમાં ઉપદેશ નિમિત્ત છે માટે તેને ઉપદેશ સમ્યક્ત્વ કહે છે.

(૪) **સૂત્ર સમ્યક્ત્વ** : મુનિઓને વસ્ત્ર-પાત્ર ન હોય, મૌનપણે એક વખત, ઊભા ઊભા હાથમાં નિર્દોષ આહાર લ્યે વગેરે પ્રકારે ચારિત્રનું વર્ણન સૂત્રમાં આવે. મુનિ આહાર માટે નીકળે ત્યારે બાળક રૂવે તો મુનિ આહારનો વિકલ્પ છોડી જ્ઞાનસ્વભાવમાં આવી જાય. મુનિ વિચારે કે હું તો આનંદના

માર્ગમાં જાઉં છું ત્યાં આ શું ! અગ્નિનો ભડકો દેખે તો આહારનો વિકલ્પ તોડી સહજાનંદ સ્વરૂપમાં ડૂબી જાય છે. આવું ચારિત્રનું વર્ણન જેમાં હોય તેવા આચાર સૂત્રોના કથન સાંભળી સ્વભાવનું અવલંબન લ્યે તો શ્રદ્ધાને સૂત્ર સમકિત કહે છે.

આત્માના સ્વભાવને પકડે તે નિશ્ચય સમકિત છે, તે પહેલા સૂત્ર સાંભળવાનું નિમિત્ત હતું તેથી તેને સૂત્ર સમ્યક્ત્વ કહે છે.

## અષાડ સુદ ૨, સોમવાર, ૧૩-૭-૫૩.

આ અધિકાર સમ્યગ્દર્શનનો છે. સમ્યગ્દર્શન વિના જન્મ-મરણનો અંત આવે નહિ. આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે, તેની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના વ્રત, તપ, પ્રતિક્રમણાદિ સાચા ન હોય, મિથ્યાત્વથી પાછો ન ફરે તેને પ્રતિક્રમણ થાય નહિ. આત્મામાં શુભાશુભ ભાવ થાય છે તેનાથી લાભ થાય એમ માનવું તે મિથ્યાત્વ છે. અહીં સમકિતના દસ ભેદની વાત ચાલે છે. ચાર ભેદની વાત આવી ગઈ.

(૫) **બીજ સમ્યક્ત્વ** : આત્માના પરિણામોનું સ્વરૂપ ભગવાને કહ્યું છે તેનો વિચાર કરતાં આત્માનું ભાન થાય છે તેને ધર્મ કહે છે. ''બીજ જે ગણિતજ્ઞાનના કારણ વડે દર્શનમોહના અનુપમ ઉપશમના બળથી દુષ્કર છે જાણવાની ગતિ જેની એવા પદાર્થોના સમૂહની થઈ છે ઉપલબ્ધિ અર્થાત્ શ્રદ્ધા પરિણતિ જેને એવા કરણાનુયોગના જ્ઞાનને બીજ દૃષ્ટિ થાય છે તે બીજ સમકિત છે.'' કરણાનુયોગનું જ્ઞાન કરવું તે શુભ ભાવ છે, તેના લીધે સમકિત થતું નથી. આત્મા અખંડાનંદ છે તેનું ભાન થવામાં કરણાનુયોગનું નિમિત્ત બતાવે છે. જો સ્વભાવનું ભાન કરે તો કરણાનુયોગનું જ્ઞાન નિમિત્ત કહેવાય છે. કરણાનુયોગમાં અટકી જાય તો ભાન થતું નથી. સમકિત થતાં પહેલા કરણના સૂક્ષ્મ વિચાર ચાલતા હોય તો કરણાનુયોગના વિચારથી સમકિત થયું એમ કહેવાય છે. રાગ એક સમયની અવસ્થા છે. કર્મના અનેક પ્રકાર છે એવા વિચાર ચાલે છે તે વિચાર ફેરવી સ્વભાવ તરફ વળે તો બીજ સમ્યક્ત્વ થયું જાણવું.

(૬) **સંક્ષેપ સમ્યક્ત્વ** : ભગવાનના સમવસરણમાં હાથી, ચકલા, દેડકા વગેરેને આત્માનું ભાન થાય છે, તેને વિશેષ જ્ઞાન હોતું નથી પણ આત્માનું ભાન હોય છે. આ શરીરાદિ તે અમો નથી, અમો તો જ્ઞાનસ્વરૂપ છીએ -એવું ભાન હોય તેને સમકિત કહેવાય ને કોઈને ઘણું જ્ઞાન હોય પણ આત્મશ્રદ્ધા કરે નહિ તો તેને સમકિત ન કહેવાય. અહીં મુદ્દાની રકમની વાત ચાલે છે. શરીર, મન, વાણી આદિ અજીવ છે. તેના દ્રવ્ય-ગુણ-પર્યાય અજીવ છે, તેની અવસ્થા અજીવથી થાય છે. પુણ્ય-પાપ વિકાર છે તે મારું સ્વરૂપ નથી. હું જ્ઞાનસ્વરૂપ છું એવો નિર્ણય કરે તો સમ્યગ્દર્શનરૂપ મુદ્દાની રકમ હાથમાં આવે, મુદ્દાની રકમનો નિર્ણય ન કરે તો જન્મ-મરણનો અંત ન આવે. દયા પાળવી, જાત્રા કરવી વગેરેની હા પાડે પણ તે તો પર તરફનો ઝુકાવ છે ને રાગ છે. રાગ વિનાના જ્ઞાનાનંદ



સ્વભાવની પ્રતીતિ કરવી તે સમકિત છે. એ મુદ્દાની રકમની હા ન પાડે તો ચોરાશીના અવતારમાંથી છૂટે નહિ.

આત્મા આનંદકંદ છે, પુણ્ય-પાપ વિકાર છે, અજીવાદિ પર છે તેવું થોડું જાણપણું થવું તે સમ્યગ્દર્શનનું કારણ નથી. પણ સ્વભાવ તરફ લક્ષ કરી સમ્યગ્દર્શન પ્રગટ કરે તો થોડા જાણપણાને નિમિત્ત કહેવાય છે. આત્મા જ્ઞાનાનંદ છે, તે રાગનો અને જડનો કર્તા નથી. એવી સમ્યક્ દૃષ્ટિ થઈ તેથી ભલી સંક્ષેપ દૃષ્ટિ કહી છે. થોડું જ્ઞાન હોવા છતાં આત્માનું કામ કર્યું છે તે જ્ઞાની છે. દયા-દાનાદિ કામ કરે પણ આત્માનું ભાન ન કરે તો મિથ્યાદૃષ્ટિ રહે છે.

**પ્રશ્ન** : સ્વકાળલબ્ધિ ન પાકે તો શું કરવું ?

**ઉત્તર** : સંસારમાં પૈસા કમાવવા માટે પરદેશ તુરત જાય છે ત્યાં કાળલબ્ધિની રાહ જોતો નથી, તેમ આત્માનો પુરુષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ પાકે જ છે, અજ્ઞાની પર ઉપર નાખે છે. અમારા નસીબમાં ધર્મ માંડ્યો નથી તેથી થતો નથી -એમ કહે છે. પૈસા વગેરે મળવા તે નસીબના આધારે છે પણ ધર્મ તો આત્માના પુરુષાર્થથી થાય છે. છતાં ધર્મ કે જે પુરુષાર્થથી થાય છે તેને અજ્ઞાની કર્મથી થાય એમ કહે છે ને જે પૈસા આદિ કર્મથી મળે છે તેને પુરુષાર્થથી મળે છે એમ કહે છે. આમ બન્નેમાં તેની ઊંધાઈ છે.

અહીં સંક્ષેપ જ્ઞાનવાળાને સંક્ષેપ સમ્યક્ત્વ જાણવું, સમ્યક્ત્વ સંક્ષેપ ન જાણવું પણ સંક્ષેપ જ્ઞાનનો આરોપ સમ્યક્ત્વ ઉપર નાખ્યો છે. ઘણું પાણી હોવા છતાં લાકડું તરે છે ને થોડું પાણી હોવા છતાં લોઢું ડૂબે છે કેમ કે તેવો તેનો સ્વભાવ છે. તેમ આત્માનો સ્વભાવ તરવાનો છે. શિવભૂતિ મુનિને ''મા રુષ મા તુષ'' આટલા શબ્દો તેના ગુરુએ કહ્યા હતા. કોઈથી રાગદ્વેષ કરીશ નહિ, તારું સ્વરૂપ જ્ઞાન છે, જગતની ચીજો જ્ઞેય છે પણ આટલા અક્ષરો યાદ ન રહ્યા છતાં ભાવનું ભાસન હતું. પછી કોઈ વખતે એક બાઈ અડદના ફોતરા કાઢતી હતી, તેને કોઈએ પૂછ્યું કે શું કરો છો ? તે બાઈએ જવાબ આપ્યો કે ''હું માષમાંથી (અડદની દાળમાંથી) તુષ (ફોતરા) જુદા કાઢું છું.'' માષ-તુષ શબ્દો સાંભળ્યા તે ઉપરથી ભાવભાસનનું વિશેષ દૃઢીકરણ કર્યું. આત્મા તે અડદની દાળ સમાન છે ને વિકાર તે ફોતરા સમાન છે. દયા, દાન, કામ, ક્રોધ કાળા ફોતરા છે, તે વિનાનો જ્ઞાનસ્વભાવ અડદની દાળ સમાન ઊજળો છે એવું ભાન તો હતું. ફોતરું જો અડદનું સ્વરૂપ હોય તો જુદું પડે નહિ, તેમ વિકાર તે સ્વભાવનું અસલી સ્વરૂપ હોય તો તે છૂટો પડી શકે નહિ પણ તેમ નથી.

સંક્ષેપબુદ્ધિવાળા પણ કેવળજ્ઞાન તથા મોક્ષ પામ્યા. જે સમ્યક્ત્વમાં થોડું જ્ઞાન નિમિત્ત હોય તો તે સમ્યક્ત્વને સંક્ષેપ સમ્યક્ત્વ કહે છે.

(૭) **વિસ્તાર સમ્યક્ત્વ** : કોઈ જીવ ભગવાનની વાણી સાંભળીને આત્માનું ભાન કરે, સ્વભાવની

દૃષ્ટિ કરે તો વાણીને નિમિત્ત કહેવાય તે વિસ્તાર સમ્યક્ત્વ છે. સમકિત વિસ્તાર નથી પણ વિસ્તારરૂપ જ્ઞાન નિમિત્ત છે માટે એમ કહ્યું છે. ભગવાનની વાણીમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ સાંભળ્યું, વગેરે ઘણું સાંભળ્યું ને સાંભળીને વિચાર કરે છે ને સ્વ તરફ વળી પોતાની શ્રદ્ધા કરે છે તેથી તેને વિસ્તાર સમ્યક્ત્વ કહેવાય છે.

(૮) **અર્થ સમ્યક્ત્વ** : ''માષ તુષ'' શબ્દનો અર્થ શાસ્ત્રનો નથી છતાં તેના નિમિત્તે સમ્યગ્દર્શન થાય અથવા નારિયેળ નામ સાંભળે તે શાસ્ત્રનો શબ્દ નથી પણ તે ઉપરથી ભાવનું ભાસન થાય. છોલાં પર છે, કર્મ કાચલી સમાન છે, પુણ્ય-પાપના ભાવ રાતડ સમાન છે, આનંદકંદ આત્મા ભિન્ન છે-સફેદ ગોટા સમાન છે એમ વિચારી સમ્યગ્દર્શન પ્રગટ કરે તો તેને અર્થ સમકિત કહે છે. પ્રથમ જ્ઞાની પાસેથી વાણી તો સાંભળી હોવી જોઈએ પણ તે વખતે સમકિત થયું નથી. પછી શ્રીફળ વગેરે શબ્દો સાંભળે ને વિચાર કરે કે હું ચૈતન્યકંદ છું ને તે વખતે તેની પ્રતીતિ કરે તો તે અર્થ સમ્યક્ત્વ છે. ટોપરા ઉપરની રાતડ કાઢવા માટે ખમણી સાથે ઘસે છે. ભીંસના પ્રમાણમાં રાતડ નીકળે છે. તેમ ગુરુના કહેલા ભાવનો વિચાર કરે કે આત્મા જ્ઞાન-આનંદનો ગોળો છે, વિકાર થાય છે ને જાય છે, તે અંદર પ્રવેશતો નથી -એમ ભાન કરે તો ધર્મ થાય છે. આમ જૈનશાસ્ત્રના વચન વિના કોઈ અર્થના નિમિત્તથી થયેલી જે અર્થદૃષ્ટિ તેને અર્થ સમ્યક્ત્વ જાણવું.

આ પ્રમાણે આઠ ભેદ તો કારણની અપેક્ષાએ કર્યા છે. નામામાં ઉધાર કરવાને બદલે કોઈ રકમ જમા કરી નાખે તો ઘણી ભૂલ થાય તેમ આત્મામાં પુણ્ય-પાપના ભાવ ઉધાર કરવા જેવા છે ને આત્માનું ભાન જમા કરવા જેવું છે, તે જમા ખાતું છે ને પુણ્ય-પાપનું વિભાવ ખાતું છે; ને શરીર, મન, વાણી આદિ અજીવ ખાતું છે તેને બદલે પુણ્ય-પાપને ધર્મમાં ખતવે તે ઊંધી ખતવણી કરે છે. અનંતવાર શાસ્ત્ર ભણ્યો પણ કોઈ વાર સાચી સમજણ કરી નહિ. શાસ્ત્રના જ્ઞાન વડે સમ્યગ્દર્શન થાય તે સાચી ખતવણી નથી. પર તરફથી લક્ષ ખસી, આત્મા તરફ વળે તો શાસ્ત્રજ્ઞાનથી સમકિત થયું એમ કહેવાય છે. આ પ્રમાણે આજ્ઞા આદિ આઠ નિમિત્ત કહ્યા.

(૯) **અવગાઢ સમ્યક્ત્વ** : હવે જ્ઞાનની અપેક્ષાએ વાત કરે છે. દરિયામાં ઓટનો વખત હોય તે વખતે ૨૫ ઈંચ વરસાદ આવે છતાં ભરતી ન આવે તેમ એકલા શાસ્ત્ર ભણતરરૂપી નદીના પાણીથી સમ્યજ્ઞાનરૂપી ભરતી ન આવે. આત્મા શુદ્ધ ચિદાનંદ દરિયા સમાન છે, તેના મધ્યબિંદુમાં એકાગ્ર થાય તો જ્ઞાન પ્રગટ થાય છે. જેમ દરિયાના મધ્યમાંથી ઊછળીને પાણી ભરતીમાં આવે છે તેમ આત્મામાં કેવળજ્ઞાન ભર્યું છે તેમાંથી શ્રુતકેવળીપણાની પર્યાય આવે છે, તેના સમકિતને અવગાઢ સમ્યક્ત્વ કહે છે.

સમયસાર ગાથા ૯-૧૦માં જે શ્રુતકેવળી કહ્યા છે તે સમ્યગ્દર્શનની અપેક્ષાએ કહ્યા છે. ત્યાં બાર અંગનું જ્ઞાન નથી પણ આત્માના ભાનવાળાને શ્રુતકેવળી કહ્યા છે. અહીં છઠ્ઠા ગુણસ્થાનવાળા જે



મુનિને બાર અંગનું જ્ઞાન થાય તેને શ્રુતકેવળી કહેલ છે તેને અવગાઢ સમ્યક્ત્વ હોય છે.

ચલ, મલ, અગાઢ દોષ રહિત થાય ત્યારે ક્ષાયિક સમકિત થાય છે, તે સમકિતને જ્ઞાનના સહકારીપણાને લીધે અવગાઢ સમ્યક્ત્વ કહેલ છે.

**પ્રવચન સમુદ્ર બિંદુમાં ઊલટી આવે જેમ,**
**ચૌદ પૂર્વની લબ્ધિનું ઉદાહરણ પણ તેમ.**

દરિયાની ભરતીના સમયે ૧૧૮ ડીગ્રીનો સખત તડકો પણ ભરતી રોકવા સમર્થ નથી ને ઓટના સમયે ઘણી નદીઓ આવીને મળે કે ઘણો વરસાદ થાય તો પણ તે ભરતી લાવવા સમર્થ નથી. તેમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેમાં અંદર ડૂબકી મારીને જ્ઞાનપ્રકાશ ફાટ્યો તેને રોકવા કોઈ સમર્થ નથી. શરીર, મન, ઈંદ્રિયો વગેરે નબળા પડે તો પણ તે જ્ઞાનને રોકવા સમર્થ નથી. અંગ જ્ઞાન સહિતના સમ્યગ્દર્શનને અવગાઢ સમ્યક્ત્વ કહે છે.

(૧૦) **પરમ અવગાઢ સમ્યક્ત્વ** : કેવળી ભગવાનને તત્ત્વ શ્રદ્ધાન હોય છે. જેવું ક્ષાયિક સમકિતી તિર્યંચને સમકિત હોય છે તેવું સમકિત કેવળી ભગવાનને હોય છે પણ તેમને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન પ્રગટ્યું છે. માટે ભગવાનના સમકિતને પરમ અવગાઢ સમ્યક્ત્વ કહે છે.

એ છેલ્લા બે ભેદ જ્ઞાનના સહકારીપણાની અપેક્ષાએ કહ્યા છે. એ પ્રમાણે સમ્યક્ત્વના દસ ભેદ કહ્યા ત્યાં સર્વ ઠેકાણે સમ્યક્ત્વનું સ્વરૂપ તત્ત્વાર્થ શ્રદ્ધાન જાણવું. ચોથાના ક્ષાયિક સમકિતમાં ને તેરમા ગુણસ્થાનના સમકિતમાં ફેર નથી, પણ જ્ઞાનના સહકારીપણાની અપેક્ષાએ ભગવાનના સમકિતને પરમ અવગાઢ સમ્યક્ત્વ કહેલ છે.

આ પ્રમાણે સમ્યક્ત્વના દસ ભેદ કહ્યા ત્યાં સર્વ ઠેકાણે સમ્યક્ત્વનું સ્વરૂપ તત્ત્વાર્થ શ્રદ્ધાન જાણવું.

**અષાડ સુદ ૩, મંગળવાર, ૧૩-૭-૫૩.**

સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. તેમાં સમ્યગ્દર્શનના નામ-લક્ષણ કહ્યાં તથા ક્યા કારણથી સમ્યગ્દર્શન થાય તે બતાવ્યું. દેહની ક્રિયા ને પુણ્યની ક્રિયાનો આત્મા સ્વામી નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ છે, એની પ્રતીતિ થવામાં બાહ્ય નિમિત્તો, જિનઆજ્ઞા આદિની અપેક્ષાએ આઠ ભેદો કહ્યા ને જ્ઞાનના સહકારીપણાની અપેક્ષાએ અવગાઢ ને પરમ અવગાઢ એ બે ભેદ કહ્યા, એમ કુલ દસ ભેદ કહ્યા.

હવે કર્મના નિમિત્તની અપેક્ષાએ વાત કરે છે. આત્મા શુદ્ધ ચૈતન્ય છે એવી અંતરમાં પ્રતીતિ થઈ તેનો પ્રકાર એક જ છે. પણ તે વખતે નિમિત્ત કેવા વર્તે છે તેની વાત ચાલે છે. દર્શનમોહ કર્મની અપેક્ષાએ ત્રણ પ્રકાર કહે છે. તેમાં ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક -એ ત્રણ ભેદ

દર્શનમોહના ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષયની અપેક્ષાએ છે. કર્મો ટળે છે માટે સમ્યક્ત્વ થાય છે દ્વએમ નથી પણ અંતર્સ્વભાવના આશ્રયે સમકિત થાય છે ત્યારે આવા ત્રણ પ્રકાર હોય છે.

હવે તેમાં ઉપશમ સમ્યક્ત્વના બે ભેદ છે. એક પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ ને બીજું દ્વિતીય ઉપશમ સમ્યક્ત્વ. મિથ્યાત્વ ગુણસ્થાનમાં અધઃકરણ આદિ કરણ વડે દર્શનમોહને ઉપશમાવે છે. આત્માના પરિણામને લીધે કર્મનો ઉપશમ થતો નથી પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. જ્ઞાનાનંદ સ્વભાવના લક્ષે પ્રથમ સમ્યગ્દર્શન થતી વખતે કર્મ ઉપશમે છે તેથી તે પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ છે. અનાદિ મિથ્યાદષ્ટિ જીવને એક મિથ્યાત્વ પ્રકૃતિનો જ ઉપશમ હોય છે.

અનાદિ મિથ્યાદષ્ટિ ભવી કે અભવીને મોહનીયની ૨૬ પ્રકૃતિઓ હોય છે. અનાદિ મિથ્યાદષ્ટિ જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરે તેને એક મિથ્યાત્વ પ્રકૃતિનો જ ઉપશમ હોય છે. અનાદિથી દર્શનમોહની ત્રણ પ્રકૃતિની સત્તા હોતી નથી. તેને મિશ્ર મોહનીય તથા સમ્યક્ત્વ મોહનીયની સત્તા નથી પણ સમકિતના કાળમાં તેના ત્રણ કટકા થાય છે. આત્મા તેને પરિણમાવતો નથી. પ્રકૃતિઓ તેના કારણે પરિણમી જાય છે ને તેમાં આત્માના પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શનના પરિણામ નિમિત્ત છે. અનાદિ મિથ્યાદષ્ટિને એક મિથ્યાત્વ પ્રકૃતિની જ સત્તા છે અને તેનો જ ઉપશમ થાય છે. વળી કોઈ સમકિત પામીને વમી જાય એટલે કે મિથ્યાદષ્ટિ થઈ જાય તો તેમાં કોઈને ત્રણ પ્રકૃતિની સત્તા છે તથા કોઈને એકની જ સત્તા છે. જેને મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વેલના થઈ ગઈ હોય અર્થાત્ તેના પરમાણુ મિથ્યાત્વરૂપે પરિણમી ગયા હોય તો તેને એક મિથ્યાત્વની સત્તા છે માટે સાદિ મિથ્યાદષ્ટિને ત્રણ પ્રકૃતિઓનો વા એક પ્રકૃતિનો ઉપશમ થાય છે.

**પ્રશ્ન** : ઉપશમ એટલે શું ?

**સમાધાન** : આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે એવું ભાન થયા પહેલાં અનિવૃત્તિકરણના પરિણામ થાય છે. તેમાં કરેલા અંતરકરણ વિધાનથી સમ્યક્ત્વના કાળમાં એટલે પછી સમકિતનો કાળ આવશે તેમાં જે ઉદય આવવા યોગ્ય નિષેક હતા તેનો અહીં અભાવ કર્યો અર્થાત્ તેના પરમાણુઓને અન્ય કાળમાં ઉદય આવવા યોગ્ય નિષેકરૂપ કર્યા.

તથા સમકિત પહેલાં અનિવૃત્તિકરણમાં કરેલા ઉપશમ વિધાનથી જે તે કાળમાં ઉદય આવવા યોગ્ય નિષેક હતા તે ઉદીરણારૂપ થાય, પણ તે કાળમાં ઉદયમાં ન આવી શકે એવા કર્યા.

એ પ્રમાણે જ્યાં સત્તામાં હોય પણ તેનો ઉદય ન હોય તેનું નામ ઉપશમ છે. એમ આ મિથ્યાત્વથી થયેલું એટલે કે મિથ્યાત્વ ટાળીને થયેલું પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ છે. તે ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી હોય છે. બીજું ઉપશમ ક્ષયોપશમમાંથી થાય છે. અનાદિ મિથ્યાદષ્ટિને પ્રથમ ઉપશમ સમકિત થાય છે.



કોઈ નગ્ન મુનિને બાહ્યથી વ્યવહાર સાચો હોય ને અનાદિ મિથ્યાદષ્ટિ હોય તે સમ્યગ્દર્શન પ્રગટ કરી ચોથેથી સાતમે ગુણસ્થાને આવી જાય છે તેવો અંદરનો પુરુષાર્થ છે.

હવે બીજા ઉપશમ સમકિતની વાત કરે છે. ઉપશમશ્રેણી સન્મુખ થતાં સાતમા ગુણસ્થાનમાં ક્ષયોપશમ સમ્યક્ત્વથી જે ઉપશમ સમ્યક્ત્વ થાય તેનું નામ બીજું ઉપશમ સમ્યક્ત્વ છે. અહીં કરણ વડે ત્રણ જ પ્રકૃતિઓનો ઉપશમ થાય છે કારણ કે આને ત્રણ પ્રકૃતિઓની જ સત્તા હોય છે. અહીં પણ અંતરકરણ વિધાનથી વા ઉપશમ વિધાનથી તેના ઉદયનો અભાવ કરે છે -એ જ ઉપશમ છે. આ બીજું ઉપશમ સમ્યક્ત્વ સાતમે થાય છે ને અગિયારમા સુધી રહે છે ને ત્યાંથી પડતા કોઈ છઠ્ઠે, પાંચમે અને ચોથે ગુણસ્થાને પણ રહે છે -એમ જાણવું. અહીં પુરુષાર્થ પોતાનો છે ને તેમાં કર્મનું નિમિત્તપણું બતાવવું છે. એ રીતે ઉપશમ સમ્યક્ત્વ બે પ્રકારનું છે. એ સમ્યક્ત્વ વર્તમાનકાળમાં ક્ષાયિકવત્ નિર્મળ છે. પ્રતિપક્ષ કર્મની સત્તા હોવાથી આ સમ્યક્ત્વ અંતર્મુહૂર્તકાળમાત્ર રહે છે. પછી દર્શનમોહનો ઉદય આવે છે એમ જાણવું. એ પ્રમાણે ઉપશમ સમ્યક્ત્વનું સ્વરૂપ કહ્યું.

હવે ક્ષયોપશમ સમકિતની વાત કરે છે. જ્યાં દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિઓમાં સમ્યક્ત્વ મોહનીયનો ઉદય હોય છે એવી દશાને ક્ષયોપશમ સમ્યક્ત્વ કહે છે. ત્યાં મિશ્ર પ્રકૃતિ તથા મિથ્યાત્વ પ્રકૃતિ સત્તામાં રહે છે. સ્વભાવનું ભાન છે પણ વર્તમાન યોગ્યતામાં સૂક્ષ્મ મલિનતા છે ને સમ્યક્ત્વ મોહનીયનો ઉદય છે. તેનું બંધન નથી પણ સમયે સમયે ખરતું જાય છે. ત્યાં સમલ તત્ત્વાર્થ શ્રદ્ધાન હોવાથી તેને ક્ષયોપશમ સમ્યક્ત્વ કહે છે. ઉપશમનો કાળ પૂરો થતાં આ સમ્યક્ત્વ થાય છે. અથવા સાદિ મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ ગુણસ્થાનથી વા મિશ્ર ગુણસ્થાનથી પણ આની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન** : ક્ષયોપશમ એટલે શું ?

**ઉત્તર** : દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિઓમાં જે મિથ્યાત્વનો અનુભાગ છે તેના અનંતમા ભાગે મિશ્ર મોહનીયનો તથા અનંતમા ભાગે સમ્યક્મોહનીયનો અનુભાગ છે. ત્યાં રસ ઘણો અલ્પ થઈ ગયો છે ને જીવની મલિનતા ઘણી ઓછી છે, તેમાં સમ્યક્મોહનીય કર્મ નિમિત્ત છે. સમકિત મોહનીય દેશઘાતિ પ્રકૃતિ છે તેથી તેનો ઉદય હોવા છતાં સમ્યગ્દર્શનનો મૂળથી ઘાત થતો નથી, તેવી તેનામાં નિમિત્તતા નથી ને આત્માના ઉપાદાનમાં તેવી યોગ્યતા નથી.

હવે જ્યાં મિથ્યાત્વ વા સમ્યગ્મિથ્યાત્વના વર્તમાનકાળમાં ઉદય આવવા યોગ્ય નિષેકોની (રસથી) ઉદય થયા વિના જ નિર્જરા થાય તે ક્ષય જાણવો. તથા તેના જ નિષેકોની ભાવિકાળમાં ઉદય આવવા યોગ્ય સત્તા છે પણ ઉદય આવ્યા નથી તેને ઉપશમ કહે છે ને તે સમ્યક્ત્વ મોહનીયનો ઉદય વર્તે છે. તેવી દશા જ્યાં સુધી હોય તે ક્ષયોપશમ છે.

તેથી સમળ તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય તે ક્ષયોપશમ સમ્યક્ત્વ છે. અહીં જે મળ લાગે છે તેનું તારતમ્યરૂપ

સ્વરૂપ તો કેવળજ્ઞાની જાણે છે, પણ ઉદાહરણ દર્શાવવા અર્થે ચલ, મલિન અને અગાઢપણું કહ્યું છે. જ્યાં વ્યવહારમાત્ર દેવાદિકની પ્રતીતિ હોય, પરંતુ અરહંત દેવાદિમાં 'આ દેવાદિ મારા છે, આ અન્યના છે' એવો ભાવ થવો તે ચળપણું છે. આ દૃષ્ટાંત છે. તેનુ કાંઈ ફળ આવતું નથી. સમયે સમયે તે છૂટી જાય છે.

નિશ્ચયથી હું આત્મા શુદ્ધ જ્ઞાયક છું એવું ભાન વર્તે છે ને સાચા દેવ-ગુરુની શ્રદ્ધા પણ હોય જ છે પણ સૂક્ષ્મ મળ રહી જાય છે.

વળી શંકાદિ મળ લાગે તે મલિનપણું છે. તે મલિનપણાનું બંધન નથી. સમ્યક્મોહનીયનો બંધ નથી. વળી શાંતિનાથ શાંતિના કર્તા છે -ઈત્યાદિ ભાવ થાય તે અગાઢપણું છે. હું જ્ઞાનસ્વરૂપી છું એવું ભાન છે પણ ક્ષાયિકનો અભાવ છે ને અલ્પ મલિનતાનો સદ્ભાવ છે. તે ઉદાહરણમાત્ર બતાવેલ છે, નિયમરૂપ નથી. ક્ષયોપશમ સમકિતમાં સહેજ દોષ છે તે કેવળીગમ્ય છે. આટલું સમજવું કે તેને તત્ત્વ શ્રદ્ધાનમાં કોઈ પ્રકારથી સમળપણું હોય છે તેથી તે સમ્યક્ત્વ નિર્મળ નથી.

આ ક્ષયોપશમ સમ્યક્ત્વનો એક જ પ્રકાર છે, એમાં કોઈ ભેદ નથી. વિશેષ એટલું છે કે ક્ષયોપશમ સમ્યક્ત્વી જીવ કેવળી અથવા શ્રુતકેવળીની વાણી સાંભળે છે ને સ્વભાવ તરફ વિશેષ પુરુષાર્થ કરે છે ત્યારે એટલે કે ક્ષાયિક સમ્યક્ત્વ સન્મુખ થતાં અંતર્મુહૂર્તકાળમાત્ર જ્યાં મિથ્યાત્વ પ્રકૃતિનો લોપ કરે છે ત્યાં બે જ પ્રકૃતિની સત્તા રહે છે, પછી મિશ્ર મોહનીયનો ક્ષય કરે છે. ત્યાં એક સમ્યક્ત્વ મોહનીયની જ સત્તા રહે છે. હજી ક્ષયોપશમ સમકિત છે, ક્ષાયિક સમકિત થયેલ નથી. ત્યાર પછી સમ્યક્ત્વ મોહનીયની કાંડક ઘાતાદિ ક્રિયા કરતો નથી, તે ક્ષાયિક સમ્યગ્દર્શન પામવાની તૈયારીમાં છે. તેને કૃતકૃત્ય વેદક સમ્યક્ત્વ કહે છે. તે વખતે પોતાના પરિણામ પોતાના કારણે થયા છે. સ્વભાવના આશ્રયે પરિણામ થાય છે. કર્મના નિમિત્તપણામાં પોતાની યોગ્યતા છે. મિથ્યાત્વનો તથા મિશ્ર પ્રકૃતિનો ક્ષય કરે તે પોતાની યોગ્યતા છે ને સમ્યક્મોહનીયની સત્તા રહે તો પણ પોતાની યોગ્યતા છે. નિમિત્ત તરફનું પોતાનું વેદન છે માટે વેદક સમ્યક્ત્વ કહ્યું. એ ક્ષયોપશમ સમ્યક્ત્વનું જ નામ વેદક સમ્યક્ત્વ છે.

જ્યાં મિથ્યાત્વ ને મિશ્ર મોહનીયની મુખ્યતાથી કહીએ ત્યાં તો ક્ષયોપશમ સમ્યક્ત્વ નામ પામે છે તથા જ્યાં સમ્યક્મોહનીયની મુખ્યતાથી કહીએ ત્યાં વેદક સમ્યક્ત્વ નામ પામે છે. પણ એ બન્ને નામ કહેવામાત્ર છે, સ્વરૂપમાં ભેદ નથી. આ ક્ષયોપશમ સમ્યક્ત્વ ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી હોય છે. એ પ્રમાણે ક્ષયોપશમ સમ્યક્ત્વનું સ્વરૂપ કહ્યું. હવે ક્ષાયિક સમકિતની વાત કરે છે.

વળી એ ત્રણે પ્રકૃતિઓના સર્વ નિષેકોનો સર્વથા નાશ થતાં જે અત્યંત નિર્મળ તત્ત્વાર્થ શ્રદ્ધા થાય તે ક્ષાયિક સમ્યક્ત્વ છે. તે ચતુર્થાદિ ચાર ગુણસ્થાનોમાં કોઈ ઠેકાણે ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિને તેની પ્રાપ્તિ થાય છે.



કેવી રીતે થાય છે તે અહીં કહીએ છીએ. પ્રથમ ત્રણ કરણ વડે મિથ્યાત્વના પરમાણુઓને મિશ્ર મોહનીયરૂપે વા સમ્યક્ત્વ મોહનીયરૂપે પરિણમાવે અથવા તેની નિર્જરા કરે. એ પ્રમાણે મિથ્યાત્વની સત્તાનો નાશ કરે. તે નિમિત્તથી કથન છે. કેવળી પાસે અથવા શ્રુતકેવળી પાસે હોય ત્યારે પોતાનો પુરુષાર્થ એવો કરે કે તે મિથ્યાત્વ કર્મો સત્તામાંથી નાશ પામે છે તથા મિશ્ર આદિ મોહનીયના પરમાણુઓને સમ્યક્ત્વ મોહનીયરૂપે પરિણમાવે વા તેની નિર્જરા કરે. એ પ્રમાણે મિશ્ર મોહનીયનો પણ નાશ કરે. વળી સમ્યક્ત્વ મોહનીયના નિષેકો ઉદયમાં આવી ખરી જાય તથા જો તેની સ્થિતિ ઘણી હોય તો તેને સ્થિતિ કાંડકાદિક વડે ઘટાડે, જ્યારે અંતર્મુહૂર્ત સ્થિતિ રહે ત્યારે તે કૃતકૃત્ય વેદક સમ્યગ્દષ્ટિ થાય છે અને અનુક્રમે તે નિષેકોનો પણ નાશ કરી ક્ષાયિક સમ્યગ્દષ્ટિ થાય છે. આ સમકિતવાળાને ઉપાદાનની તૈયારી છે તેથી પ્રતિપક્ષી કર્મરૂપ નિમિત્તનો અભાવ છે વા મિથ્યાત્વરૂપી રજના અભાવથી વીતરાગ છે. ત્રણે સમકિત વીતરાગ પરિણામ છે પણ એકમાં સત્તા છે ને એકમાં જરા મલિનતા છે. તદ્દન વીતરાગ નથી તેથી ક્ષાયિક સમકિતને વીતરાગ પરિણામ કહ્યા. રાગાદિ પરિણામ ચારિત્ર દોષમાં જાય છે તેની વાત નથી. ક્ષાયિક સમકિત સાદિ અનંતકાળ રહે છે. સમકિત એક જ પ્રકારે છે, સરાગ ને વીતરાગ એવા ભેદ પડે છે તે ચારિત્રની અપેક્ષાએ છે. એ પ્રમાણે ક્ષાયિક સમ્યક્ત્વનું સ્વરૂપ કહ્યું. એ પ્રમાણે સમ્યક્ત્વના ત્રણ ભેદ કહ્યા.

વળી સમ્યક્ત્વના સદ્ભાવમાં અનંતાનુબંધી કષાયની બે અવસ્થા થાય છે. કાં તો અપ્રશસ્ત ઉપશમ થાય છે અથવા વિસંયોજન થાય છે. ત્યાં જે કરણ વડે ઉપશમ વિધાનથી ઉપશમ થાય છે તેનું નામ પ્રશસ્ત ઉપશમ છે, તથા ઉદયનો અભાવ થવો તેનું નામ અપ્રશસ્ત ઉપશમ છે.

હવે અનંતાનુબંધીનો પ્રશસ્ત ઉપશમ તો થાય નહિ પણ મોહનીયની અન્ય પ્રકૃતિનો થાય છે. અનંતાનુબંધીના ઉદયનો અભાવ થાય છે. વળી જે ત્રણ કરણ વડે -અધઃકરણ, અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણ વડે અનંતાનુબંધીના પરમાણુઓને અન્ય ચારિત્ર મોહનીયની પ્રકૃતિરૂપ પરિણમાવી તેની સત્તાનો નાશ કરવામાં આવે તેનું નામ વિસંયોજન છે. તેમાં મિથ્યાત્વમાંથી ઉપશમ સમકિત પામે ત્યારે અનંતાનુબંધીનો અપ્રશસ્ત ઉપશમ જ છે તથા બીજા ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ તો પ્રથમ અનંતાનુબંધીની વિસંયોજના થયા પછી જ થાય એવો નિયમ કોઈ આચાર્ય લખે છે અને કોઈ લખતા નથી. બીજું ક્ષયોપશમ સમ્યક્ત્વમાં કોઈ જીવને અપ્રશસ્ત ઉપશમ થાય છે વા કોઈને વિસંયોજન થાય છે તથા ક્ષાયિક સમ્યક્ત્વ છે તે પહેલા અનંતાનુબંધીનું વિસંયોજન થયા પછી જ થાય છે એમ જાણવું. અહીં આટલું વિશેષ કે ઉપશમ અને ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિને તો અનંતાનુબંધીના વિસંયોજનથી સત્તાનો નાશ થયો હતો પણ જો તે મિથ્યાત્વમાં આવે તો અનંતાનુબંધીના બંધનો તથા ત્યાં તેની સત્તાનો સદ્ભાવ થાય છે અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મિથ્યાત્વમાં આવતો જ નથી તેથી તેને અનંતાનુબંધીની સત્તા કદી પણ હોતી નથી.

### અષાડ સુદ ૪, બુધવાર, ૧૫-૭-૫૩.

આ અધિકાર મોક્ષમાર્ગના સ્વરૂપનો છે. તેમાં ચોથા ગુણસ્થાનની વાત કરે છે. જ્યારે સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે દર્શન મોહનીયનો ઉપશમાદિ થાય છે. આત્મા કર્મનો ઉપશમાદિ કરી શકતો નથી. હું જ્ઞાતા છું એવી દૃષ્ટિ ને સ્થિરતા કરે તો કર્મનો અભાવ કેવી રીતે થાય છે તે બતાવે છે. તુચ્છ જ્ઞાની દેડકા વગેરેને કર્મની પ્રકૃતિનો ખ્યાલ નથી પણ આત્માનું ભાન હોય છે તેને કર્મની કેવી અવસ્થા થાય છે તે બતાવે છે.

**પ્રશ્ન** : અનંતાનુબંધી તો ચારિત્ર મોહનીયની પ્રકૃતિ છે તેથી તે પ્રકૃતિ સર્વ પ્રકારે ચારિત્રનો નિમિત્તરૂપે ઘાત કરે છે પણ સમ્યગ્દર્શનનો ઘાત કરતી નથી તો તે અનંતાનુબંધી પ્રકૃતિ સમ્યક્ત્વનો ઘાત કેવી રીતે કરે ? (જીવ પોતાના કારણે પર્યાયમાં સ્વભાવનો ઘાત કરે છે તો કર્મ ઘાત કરે છે એમ કહેવાય છે.)

**સમાધાન** : અનંતાનુબંધીના ઉદયથી પોતાના સ્વરૂપને ચૂકીને ક્રોધાદિના પરિણામ થાય છે પણ તેના ઉદયથી કાંઈ અતત્ત્વ શ્રદ્ધાન થતું નથી. અનંતાનુબંધી સમ્યગ્દર્શન સાથે રહેતાં સ્વરૂપાચરણનો જ ઘાત કરે છે પણ સમ્યગ્દર્શનને ઘાતતી નથી, પરમાર્થથી તો એમ જ છે. પરંતુ અનંતાનુબંધીના ઉદયથી સ્વરૂપને ચૂકીને જેવા ક્રોધાદિક થાય છે તેવા ક્રોધાદિકના પરિણામ સમ્યગ્દર્શનના સદ્‌ભાવમાં થતાં નથી. કોઈ પૂછે કે ભરતનો ક્રોધ પરાકાષ્ટાનો હતો ? ના, ભરતનો ક્રોધ પરાકાષ્ટાનો ન હતો, તેને અનંતાનુબંધી ક્રોધ ન હતો. ભરત જાણતાં હતા કે રાગાદિ પરિણામ પણ મારું જ્ઞેય છે. શસ્ત્રની ક્રિયા મારી નથી, હું તો જ્ઞાનસ્વરૂપ છું. સગા ભાઈને મારવાનો ભાવ થયો પણ તે અનંતાનુબંધીનો ક્રોધ ન હતો. નબળાઈના કારણે રાગાદિ થાય છે પણ તે મારું સ્વરૂપ નથી એવું ભાન તે સમયે પણ છે. શ્રેણીક રાજા માથું ફોડી નરકે ગયા છતાં અનંતાનુબંધીનો દ્વેષ નથી, અપ્રત્યાખ્યાનના દ્વેષાદિ પરિણામ થયા તે મારું જ્ઞેય છે, હું તો જ્ઞાનસ્વરૂપી છું, સ્વભાવ અનંતા ગુણોનો સમાજ છે. તેને નિર્વિકલ્પપણે પ્રતીતિમાં લીધો તેને અનંત સંસાર હોઈ શકે નહિ ને મિથ્યાદૃષ્ટિ મુનિ ઉપકરણથી દયા પાળે છે છતાં પરની દયા હું પાળી શકું છું એવો અભિપ્રાય છે તેથી તેને અનંતાનુબંધીનો ક્રોધ વર્તે છે, બહારની ક્રિયા સાથે સંબંધ નથી. હું પરનું કરી શકું છું ને રાગનો સ્વામી છું એવી માન્યતા અનંતાનુબંધીનું કારણ છે. સાચી સમજણ થતાં અનંતાનુબંધી ક્રોધાદિક થતાં નથી. જેમ ત્રસપણાની ઘાતક તો સ્થાવર પ્રકૃતિ જ છે. કીડી, મકોડી આદિ પર્યાયનો વ્યય થઈને એકેંદ્રિયમાં જાય છે. માટે સ્થાવર પ્રકૃતિ જ ત્રસપણાની ઘાતક છે. પણ ત્રસપણામાં એકેંદ્રિય જાતિ પ્રકૃતિનો ઉદય હોતો નથી. તેથી ઉપચારથી એકેંદ્રિય પ્રકૃતિને પણ ત્રસપણાની ઘાતક કહીએ તો ત્યાં દોષ નથી. તેમ સમ્યક્ત્વનો ઘાતક તો દર્શનમોહ જ છે પરંતુ સમ્યક્ત્વના સદ્‌ભાવમાં અનંતાનુબંધી કષાયોનો ઉદય હોતો નથી. તેથી ઉપચારથી અનંતાનુબંધીમાં પણ સમ્યક્ત્વનું ઘાતકપણું કહીએ તો ત્યાં દોષ નથી.



**પ્રશ્ન** : જો અનંતાનુબંધી ચારિત્રને ઘાતે છે તો તેના અભાવથી કંઈક ચારિત્ર પ્રગટવા છતાં ચોથે ગુણસ્થાને ચારિત્ર કેમ કહેતા નથી, અસંયમ શા માટે કહો છો ?

**ઉત્તર** : અનંતાનુબંધી આદિ ભેદ છે તે કષાયોની તીવ્ર-મંદતાની અપેક્ષાએ નથી કારણ કે મિથ્યાદષ્ટિને તીવ્ર કષાય હોય અથવા મંદ કષાય હોય એટલે કે તે લડાઈમાં હોય અથવા દયા-દાનાદિ પૂજા કરતો હોય તો પણ ચારે કષાયો વર્તે છે. વ્રતથી ધર્મ માને, પુણ્યથી ધર્મ માને તેવો જીવ કાયોત્સર્ગમાં હોય કે લડાઈમાં હોય તો પણ ચારેનો ઉદય હોય છે. સ્વભાવનું ભાન નથી તેથી ચારે કષાયનો ઉદય યુગપત્ હોય છે. મિથ્યાદષ્ટિ જીવને શુક્લ લેશ્યા હોય, ક્રોધ ન કરે, બ્રહ્મચર્ય પાલન કરે છતાં દષ્ટિ પુણ્ય ને નિમિત્ત ઉપર છે તેથી અનંત સંસારના કારણ ઊભા છે.

કોઈ સમકિતી લડાઈમાં ઊભો હોય તો પણ અનંતાનુબંધીનો અભાવ હોય છે ને મિથ્યાદષ્ટિ કાયોત્સર્ગ કરતો હોય તો પણ અનંતાનુબંધીના ક્રોધ, માન, માયા, લોભનો સદ્‌ભાવ છે. મિથ્યાદષ્ટિને ચારેના ઉત્કૃષ્ટ સ્પર્ધક સમાન કહ્યા છે. મંદ કષાય થયો માટે અનંતાનુબંધીનો અભાવ થયો એમ નથી અને બાહ્યમાં તીવ્ર કષાય થયો માટે અનંતાનુબંધીનો સદ્‌ભાવ છે એમ નથી. હા, એટલું ખરું કે અનંતાનુબંધીની સાથે અપ્રત્યાખ્યાનાવરણાદિનો જેવો તીવ્ર ઉદય હોય છે તેવો તેના ગયા પછી હોતો નથી. એ જ પ્રમાણે અપ્રત્યાખ્યાનાવરણીયની સાથે પ્રત્યાખ્યાન અને સંજ્વલનનો જેવો ઉદય હોય છે તેવો તેના ગયા પછી હોતો નથી તથા પ્રત્યાખ્યાનની સાથે જેવો સંજ્વલનનો ઉદય હોય છે તેવો એકલા સંજ્વલનનો ઉદય હોતો નથી. માટે અનંતાનુબંધીના ગયા પછી કંઈક કષાયોની મંદતા તો થાય છે પરંતુ એવી મંદતા નથી કે જેથી કોઈ ચારિત્ર નાશ પામે. સ્વરૂપાચરણ ચારિત્ર ન કહેવાય. પંચમ ગુણસ્થાને અંશે ચારિત્ર નામ પામે કારણ કે કષાયોના અસંખ્યાત લોકપ્રમાણ સ્થાન છે, તેમાં સર્વત્ર પૂર્વ સ્થાનથી ઉત્તર સ્થાનમાં મંદતા હોય છે પરંતુ વ્યવહારથી તે સ્થાનોમાં ત્રણ મર્યાદા કરી, પ્રથમના ઘણા સ્થાન તો અસંયમરૂપ કહ્યા. અનંતાનુબંધીના ટળવા છતાં ઘણા સ્થાન તો અસંયમરૂપ કહ્યા. પછી કેટલાક સ્થાન દેશસંયમરૂપ કહ્યા અને પછી કેટલાક સકળ સંયમરૂપ કહ્યા. તેમાં પ્રથમ ગુણસ્થાનથી માંડી ચોથા ગુણસ્થાન સુધી કષાયના જે સ્થાન હોય છે તે બધા અસંયમના જ હોય છે. તેથી ચોથે ગુણસ્થાને ક્ષાયિક સમકિત હોવા છતાં ચારિત્રનો અંશ કહેવાતો નથી. પંચમ ગુણસ્થાને સહજાનંદદશાની શાંતિ વધે છે માટે તેને સંયમાસંયમ કહેવાય છે. ચોથે ઘણા સ્થાન અસંયમના છે તેથી અસંયમ કહ્યો. તેથી ત્યાં કષાયોની મંદતા હોવા છતાં પણ ચારિત્ર નામ પામતા નથી.

જો કે પરમાર્થથી કષાયોનું ઘટવું એ ચારિત્રનો અંશ છે તો પણ વ્યવહારથી જ્યાં કષાયોનું એવું ઘટવું થાય કે જેથી શ્રાવકધર્મ અથવા મુનિધર્મ અંગીકાર થાય ત્યાં જ ચારિત્ર નામ પામે છે.

સંપ્રદાયમાં જન્મવાથી શ્રાવકપણું નથી. પર વસ્તુ સ્વતંત્ર છે ને રાગ પુરુષાર્થની નબળાઈથી તેના કાળે થાય છે અને આત્મા જ્ઞાતાદષ્ટા છે એવા જ્ઞાન વિના સમ્યગ્દર્શન થાય નહિ. રાગાદિ વ્યવસ્થિત

થાય છે. ત્રણ કાળના જેટલા સમયો છે તેટલા પર્યાયો છે. જે સમયે શુભ-અશુભ થવાના તે થવાના છે તેમાં ફેરફાર થતો નથી, -આ વાત ઝીણી છે. શ્રાવકને બાર વ્રતના પરિણામ સહજ આવે છે ને મુનિને વિશેષ શાંતિ વધી છે ને ૨૮ મૂળગુણ પાલનનો રાગ સહજ આવે છે ત્યાં ચારિત્ર નામ પામે છે. વનવિહારી મુનિઓ કે જેને આત્મામાંથી શાંતિના શેરડા ફાટતા હોય તેને ચારિત્ર હોય છે. હવે અસંયત ગુણસ્થાનમાં એવા કષાય ઘટતા નથી તેથી ત્યાં અસંયમ કહ્યો છે. વળી કષાયોની અધિકતા-હીનતા હોવા છતાં પણ જેમ પ્રમત્તાદિ ગુણસ્થાનોમાં સર્વત્ર સકળ સંયમ જ નામ પામે છે. ત્યાં સંજ્વલનના ઉદય આદિમાં ફેર છે છતાં સકળ સંયમ નામ પામે છે. તેમ મિથ્યાત્વથી અસંયત સુધીના ગુણસ્થાનોમાં અસંયત નામ પામે છે પણ સર્વ ઠેકાણે અસંયમની સમાનતા જાણવી નહિ.

**પ્રશ્ન** : જો અનંતાનુબંધી પ્રકૃતિ સમ્યગ્દર્શન ઘાતતી નથી તો તેનો ઉદય થતાં સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ સાસાદન ગુણસ્થાનને કેમ પામે છે ?

**ઉત્તર** : જેમ કોઈ મનુષ્યને મનુષ્યશરીર નાશ થવાના કારણરૂપ તીવ્ર રોગ પ્રગટ થયો હોય તેને મનુષ્યપર્યાય છોડવાવાળો કહીએ છીએ. પણ મનુષ્યપણું દૂર થતાં દેવાદિ પર્યાય થાય છે તે તો આ રોગ અવસ્થામાં થઈ નથી, અહીં તો મનુષ્યનું જ આયુષ્ય છે; તેમ સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વના નાશના કારણરૂપ અનંતાનુબંધીનો ઉદય થયો હોય તેને સમ્યક્ત્વનો વિરાધક સાસાદની કહ્યો, પણ સમ્યક્ત્વનો અભાવ થતાં મિથ્યાત્વ થાય છે તે અભાવ તો સાસાદનમાં થયો નથી. અહીં તો ઉપશમ સમ્યક્ત્વનો જ કાળ છે એમ જાણવું. એ પ્રમાણે સમ્યક્ત્વના સદ્‌ભાવમાં અનંતાનુબંધી ચોકડીની અવસ્થા થાય છે. માટે સાત પ્રકૃતિઓના ઉપશમાદિકથી પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ કહેવાય છે.

**પ્રશ્ન** : તો સમ્યક્ત્વ માર્ગણાના છ ભેદ કર્યા તે કેવી રીતે ? તમોએ સમકિતના ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક એવા ભેદ કર્યા તો માર્ગણામાં છ કેમ કહ્યા ?

**ઉત્તર** : સમ્યક્ત્વના તો ગુણભેદ છે પરંતુ સમકિતના અભાવરૂપ મિથ્યાદર્શન એ બન્નેનો મિશ્રભાવ તે મિશ્ર તથા સમ્યક્ત્વનો ઘાતકભાવ તે સાસાદન. એ પ્રમાણે સમ્યક્ત્વ માર્ગણાથી જીવનો વિચાર કરતાં છ ભેદ કહ્યા છે. અહીં કોઈ કહે કે 'સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ મિથ્યાદર્શનમાં આવ્યો હોય તેને મિથ્યાત્વ સમ્યક્ત્વ કહેવાય' -એમ કહેવું એ અસત્ય છે કારણ કે અભવ્યને પણ તેનો સદ્‌ભાવ હોય છે. વળી મિથ્યાત્વ સમકિત કહેવું એ જ અશુદ્ધ છે. જેમ સંયમ માર્ગણામાં અસંયમ કહ્યો છે તથા ભવ્ય માર્ગણામાં અભવ્ય કહ્યાં છે તે જ પ્રમાણે અહીં સમ્યક્ત્વ માર્ગણામાં મિથ્યાત્વ કહ્યું છે. પણ ત્યાં મિથ્યાત્વ ને સમ્યક્ત્વનો ભેદ ન સમજવો. સમકિતની અપેક્ષાએ વિચાર કરતાં કોઈ જીવોને સમ્યક્ત્વના અભાવથી જ મિથ્યાત્વ હોય છે એવો અર્થ પ્રગટ કરવા માટે સમ્યક્ત્વ માર્ગણામાં મિથ્યાત્વ કહ્યું છે. એ જ પ્રમાણે સાસાદન અને મિશ્ર પણ સમ્યક્ત્વનો ભેદ નથી. સમ્યક્ત્વના તો ત્રણ જ ભેદ છે એમ સમજવું.



અહીં કર્મના ઉપશમાદિકથી ઉપશમાદિ સમ્યક્ત્વ કહ્યા પણ કર્મોના ઉપશમ આદિ આત્મા કરી શકતો નથી. ત્યાં નિમિત્તથી કથન કર્યું છે. કર્મને આત્મા ટાળી શકતો નથી. જીવ સમકિત પ્રાપ્ત કરે ત્યારે કયા નિમિત્તો ટળે છે ને મિથ્યાત્વ હતું ત્યારે કોણ નિમિત્ત હતું તે બતાવેલ છે. કર્મને બાંધવા કે ટાળવામાં આત્માનો પુરુષાર્થ કામ આવતો નથી. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવનો પુરુષાર્થ કરે ત્યારે કર્મો એના કારણે ટળી જાય છે. આત્મા જડ દ્રવ્યનો સ્વામી નથી, તેથી કર્મો આત્માના કર્યા થતાં નથી, કર્મોના ઉપશમ સ્વયમેવ થાય છે. આ જીવે તત્ત્વ શ્રદ્ધાન કરવાનો ઉદ્યમ કરવો. જીવના પુરુષાર્થના નિમિત્તથી કર્મનો ઉપશમાદિ સ્વયં થાય છે ને તત્ત્વ શ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે. આત્મા કર્મની સ્થિતિ ઘટાડી શકે નહિ, અપકર્ષણ કરી શકે નહિ. પણ જીવના પુરુષાર્થની સાથે કર્મોના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું કથન કરેલ છે. એ પ્રમાણે સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહ્યું. હવે સમ્યગ્દર્શનના આઠ અંગ કહીએ છીએ.

## સમ્યગ્દર્શનના આઠ અંગ

નિઃશકિત્વ, નિઃકાક્ષિત્વ, નિર્વિચિકિત્સત્વ, અમૂઢદષ્ટિત્વ, ઉપબૃહણ, સ્થિતિકિરણ, પ્રભાવના અને વાત્સલ્ય -એ સમ્યક્ત્વના આઠ અંગ છે.

૧) **નિઃશંકિત્વ** : ભયનો અભાવ થવો અથવા તત્ત્વોમાં સંશયનો અભાવ થવો તો નિઃશકિત્વ છે.

સમકિત જીવને પર પદાર્થનો ભય હોતો નથી. પોતાની નબળાઈથી ભય થાય છે તે જુદી વાત છે. વળી તત્ત્વોમાં સંશય હોતો નથી. આપણને કાંઈ ખબર પડતી નથી એમ માનનાર ધર્મી નથી.

૨) **નિઃકાંક્ષિત્વ** : પર દ્રવ્યમાં રાગરૂપ વાંચ્છાનો અભાવ તે નિઃકાંક્ષિત્વ છે. સ્વને ચૂકીને પુણ્યની ઈચ્છા થતી નથી. પુણ્ય પરિણામ પર દ્રવ્ય છે તેની ઈચ્છા સમકિતીને હોતી નથી.

૩) **નિર્વિચિકિત્સત્વ** : પર દ્રવ્યમાં દ્વેષરૂપ ગ્લાનિનો અભાવ તે નિર્વિચિકિત્સત્વ છે. સમકિતી કોઈને શત્રુ-મિત્ર માનતો નથી. હું તો જ્ઞાન છું, બધી ચીજો જાણવા યોગ્ય છે. પર જીવોને શત્રુ-મિત્ર માને તે જીવ ધર્મી નથી. જે એકાંતપણું માને છે તેને અનેકાંત તત્ત્વ ઉપર દ્વેષ વર્તે છે. ચિદાનંદ મારું સ્વરૂપ છે ને રાગાદિ મારા નથી. નિમિત્તથી લાભ નથી એવું ભાન નથી તેને સ્વદ્રવ્ય ઉપર દ્વેષ છે. સ્વ ઉપર દ્વેષ હોય તેને પર ઉપર દ્વેષ હોય જ. અનેકાંત એટલે સ્વભાવની સ્વતંત્રતા, વિભાવ, નિમિત્ત અને પરદ્રવ્યની સ્વતંત્રતા. આ વાત જેને બેસે નહિ તેને અનેકાંત ઉપર દ્વેષ વર્તે છે. શાસ્ત્રમાં કથન આવે છે કે હે ભગવાન ! મિથ્યાદષ્ટિ આપને વંદન કરતો જ નથી. દેહની ક્રિયાથી તથા અંદર રાગ ઊઠે છે તેનાથી જ્ઞાનસ્વભાવ જુદો છે એવું ભાન હોય તે જ ભગવાનને વંદન કરે છે. પોતાનું બહુમાન આવતું નથી તેને ભગવાનનું બહુમાન આવતું નથી. સમકિતી માને છે કે પર દ્રવ્ય મને લાભ કે નુકસાન કરતું નથી. તેથી તેને પર દ્રવ્ય પ્રત્યે રાગદ્વેષ થતો નથી.

૪) **અમૂઢદષ્ટિત્વ** : તત્ત્વોમાં અને દેવાદિકમાં અન્યથા પ્રતીતિરૂપ મોહનો અભાવ તે અમૂઢદષ્ટિત્વ છે. જીવ-અજીવ આદિ તત્ત્વોમાં ને દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપમાં ધર્મી ભૂલ કરતો નથી.

૫) **ઉપબૃહણ** : પોતાના આત્માના સ્વભાવમાં વીતરાગી ધર્મ વધારવા થવા બીજાને ધર્મમાં નિમિત્ત થવું તે ઉપબૃહણ છે તથા એ જ અંગનું નામ ઉપગૂહન પણ કહીએ છીએ. ધર્માત્માના દોષ ઢાંકવા એવો ઉપગૂહનનો અર્થ સમજવો. આનો અર્થ એમ નથી કે મિથ્યાદષ્ટિના ગમે તેવા મોટા દોષ પણ ઢાંકવા, ધર્માત્માના અલ્પ દોષને ઢાંકવાની વાત છે.

૬) **સ્થિતિકરણ** : પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં સ્થિરતા કરવી તે સ્થિતિકરણ અંગ છે. બીજા કોઈને ધર્મમાં સ્થિતિ કરવામાં નિમિત્ત થાય તે પણ સ્થિતિકરણ અંગ છે. બીજો જીવ તેના કારણે ધર્મમાં સ્થિતિ કરે તો શુભરાગને સ્થિતિકરણ અંગ કહેવાય છે.

૭) **પ્રભાવના** : પોતાના સ્વરૂપનું માહાત્મ્ય પ્રગટ કરવું તે નિશ્ચય છે ને જિનધર્મનું માહાત્મ્ય પ્રગટ કરવું તે વ્યવહાર છે.

૮) **વાત્સલ્ય** : શુદ્ધ ચિદાનંદ આત્માનો પ્રેમ હોય તેને વિભાવનો તથા નિમિત્તનો પ્રેમ ન હોય. ધર્મીને વિકલ્પ ઊઠે તો જિનધર્મમાં અથવા ધર્માત્મા જીવોમાં પ્રીતિભાવ, જેવો સાધર્મી પ્રત્યે રાગ હોય તેવો રાગ કુટુંબી પ્રત્યે ન હોય તો પણ તે વ્યવહાર વાત્સલ્ય છે.

એ પ્રમાણે આઠ અંગ જાણવા. જેમ મનુષ્યના શરીરના હાથ પગ આદિ અંગ છે તેમ આ પણ સમ્યક્ત્વના અંગ છે.

**પ્રશ્ન** : કોઈ સમ્યગ્દષ્ટિ જીવોને પણ ભય, ઈચ્છા અને ગ્લાનિ આદિ હોય છે તથા કોઈ મિથ્યાદષ્ટિને ભય આદિ નથી પણ હોતા, તો એ નિઃશંકિતાદિને સમ્યક્ત્વના અંગ કેમ કહો છો ?

**ઉત્તર** : જેમ મનુષ્યશરીરના હાથ-પગ આદિ અંગ કહીએ છીએ ત્યાં કોઈ મનુષ્ય એવા પણ હોય છે કે જેમને હાથ-પગ આદિ કોઈ અંગો હોતા નથી. છતાં તેને મનુષ્યશરીર તો કહીએ છીએ. પરંતુ એ અંગો વિના તે શોભાયમાન વા સકળ કાર્યકારી થતો નથી તેમ સમ્યક્ત્વના નિઃશંકાદિ અંગ કહીએ છીએ. ત્યાં કોઈ સમ્યગ્દષ્ટિ એવા પણ હોય છે કે જેમને નિઃશંકાદિમાંના કોઈ વ્યવહાર અંગ હોતા નથી. નિશ્ચયના અંગો તો હોય છે પણ વ્યવહારના કોઈ અંગ હોતા નથી. છતાં તેમને સમ્યક્ત્વ કહીએ છીએ. પરંતુ એ અંગો વિના તે સમ્યગ્દર્શન નિર્મળ સકળ કાર્યકારી થતું નથી.

વળી જેમ વાંદરાને પણ હાથ-પગ આદિ અંગ તો હોય છે પરંતુ જેવા મનુષ્યને હોય છે તેવા હોતા નથી. તેમ મિથ્યાદષ્ટિને આત્માના ભાન વિના વ્યવહારરૂપ આઠ અંગ હોય છે. પણ જેવા નિશ્ચયની સાપેક્ષતા સહિત સમ્યગ્દષ્ટિને હોય છે તેવા હોતા નથી. બીજું સમ્યક્ત્વમાં પચીસ મળ કહે છે. શંકાદિ આઠ દોષ, આઠ મદ, ત્રણ મૂઢતા અને છ અનાયતન એ પચીસ દોષ સમ્યગ્દષ્ટિને હોતા નથી. કદાચિત્ કોઈને મળ લાગે પણ ત્યાં સમ્યક્ત્વનો નાશ થતો નથી. ત્યાં માત્ર સમ્યક્ત્વ મલિન જ થાય છે એમ સમજવું.



**શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક નામના શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું સ્વરૂપ નામનો અધિકાર પંડિતપ્રવર શ્રી ટોડરમલજીનો દેહાંત થઈ જતાં અપૂર્ણ રહી ગયો છે.**

**એ પ્રમાણે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્રમાં ઉપદેશનું સ્વરૂપ પ્રતિપાદન કરવાવાળો આઠમો અધિકાર સંપૂર્ણ.**

**દ્વિ.વૈશાખ વદ ૧૪, બુધવાર, ૧૦-૬-૫૩.**

અહીં મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવે છે. દ્રવ્યકર્મ જડ છે. તેને લીધે વિકાર થાય ને વિકારને લીધે કર્મ બંધાય માટે મોક્ષનો પુરુષાર્થ કરી શકાતો નથી -એમ શિષ્યે પૂછેલ હતું, તેનો જવાબ ચાલે છે. ત્યાં કર્મ નિમિત્તમાત્ર છે જેને વિચારશક્તિ પ્રગટેલ છે ને રાગની મંદતા થઈ છે તેને ઉપદેશનું નિમિત્ત

એક જ નિયમ છે. વર્તમાન ઉપાદાનનું જોર છે, નિમિત્તનું જોર ક્યાંય નથી. આત્મા પોતાની પર્યાયરૂપે પોતાના કારણે પરિણમે છે. કોઈ પણ દ્રવ્યનું પરિણમન બીજા દ્રવ્યને આધીન નથી. આ

## પંડિતપ્રવર શ્રી ટોડરમલજીની

# રહસ્યપૂર્ણ ચિઠ્ઠી

ઉપર

## પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના

### પ્રવચનોનો સંક્ષિપ્ત સાર

**અષાડ સુદ ૬, શુક્રવાર, ૧૭-૭-૫૩.**

આ ત્રણ ચિઠ્ઠીઓ ઊંચી છે. પહેલી પંડિત ટોડરમલજીની છે, બીજી બે પંડિત બનારસીદાસજીની છે.

પત્રમાં પ્રથમ સિદ્ધ ભગવાનને યાદ કર્યા છે. "**सिद्ध समान सदा पद मेरो**" એવી અંતરદષ્ટિપૂર્વક સ્વરૂપના ભાન સહિત પત્ર લખે છે. આ પત્ર લખવાની વિવેકતા બતાવે છે.

"સિદ્ધ શ્રી મુલતાન નગર મહાશુભસ્થાન વિષે સ્વધર્મી ભાઈ અનેક ઉપમાયોગ્ય અધ્યાત્મસરોચક ભાઈશ્રી ખાનચંદજી, ગંગાધરજી, શ્રીપાલજી, સિદ્ધારથદાસજી આદિ સર્વ સ્વધર્મી યોગ્ય લી. ટોડરમલના શ્રી પ્રમુખ વિનય શબ્દ અવધારજો."

શ્રી એટલે જ્ઞાનાનંદ સ્વરૂપ લક્ષ્મી. તે સ્વરૂપ લક્ષ્મી પ્રત્યે બહુમાનપણું બતાવે છે. આત્મસ્વરૂપલક્ષ્મી જેમાં પ્રમુખ છે તેને અવધારજો. આ સ્વરૂપનો વિનય બતાવે છે. અહીં યથાસંભવ આત્માનો અનુભવ ને આનંદ છે, તમને પુણ્ય-પાપ વિનાના ચિદાનંદ સ્વભાવથી સહજાનંદની વૃદ્ધિ ચાહું છું. સહજાનંદની ઉત્પત્તિ કહી નથી પણ વૃદ્ધિ ચાહું છું -એમ લખેલ છે.

બીજું તમારો એક પત્ર ભાઈશ્રી રામસિંઘજી ભુવાનીદાસજીને આવ્યો હતો. તેના સમાચાર જહાનાબાદથી અન્ય સ્વધર્મીઓએ લખ્યા હતા.

ભાઈશ્રી, તત્ત્વોના પ્રશ્નો તમારા જેવા જ લખે. આ વર્તમાનકાળમાં અધ્યાત્મરસના રસિક જીવો બહુ જ થોડા છે. જુઓ, લગભગ બસો વર્ષ પહેલા પણ આ સ્થિતિ હતી. જગત બહારની પ્રવૃત્તિમાં સર્વસ્વ માને છે, કર્તાબુદ્ધિ માને છે, પરમાં ધર્મ માને છે, પણ તે ભ્રમ છે. જુઓ, આ એક જ્ઞાની



ગૃહસ્થ બીજા ગૃહસ્થ ઉપર પત્ર લખે છે, તેનો મર્મ જુઓ.

આ પત્ર સં. ૧૮૧૧ ના ફાગણ વદ ૫ નો છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શરીરાદિ ને રાગની ક્રિયા મારી નથી, એવી વાત કરનારને ધન્ય છે. ધન્ય છે તેમને કે જે સ્વાનુભવની વાર્તા પણ કરે છે.

પદ્મનંદી આચાર્યે ૨૫ અધિકાર બનાવેલ છે. અંતરમાં વિકલ્પ આવ્યો ને શાસ્ત્ર રચાઈ ગયું. તેમાં એકત્વશીતિ નામનો અધિકાર છે. તેની ગાથા ૨૩મી છે કે :

**तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।**
**निश्चितं सः भवेद्भव्यो भाविनिर्वाणभाजनम् ॥ २३ ॥**

(પદ્મનંદિપંચવિંશતિકા, એકત્વશીતિ)

જે જીવ પ્રસન્ન ચિત્તથી-ઉલ્લાસથી-સ્વલક્ષ કરીને, પુણ્ય-પાપનો ઉલ્લાસ છોડીને, દયા-દાનના વિકાર રહિત ને શરીર, મન, વાણીથી રહિત આત્માની વાત સાંભળે છે તે ધન્ય છે. આ આત્મા ચૈતન્યસ્વરૂપ નિરુપાધિ સ્વભાવવાન છે. પુણ્ય-પાપ તે આત્માનું રૂપ નથી. સ્વરૂપ ચૈતન્ય ને સ્વરૂપવાન આત્મા. દયા, ભક્તિ, વ્રત, તપાદિ આત્મતત્ત્વ નથી, તે પુણ્યતત્ત્વ છે. હિંસાદિ પાપતત્ત્વ છે, બન્ને આસ્રવ છે. જો આસ્રવ અને આત્મા એક કહો તો છ તત્ત્વો થઈ જાય. આત્મા પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી રહિત છે, જાણવા-દેખવાના ભાવથી ભરેલો છે, સંસાર ઉદય ભાવ છે, તે આત્મતત્ત્વ નથી.

દ્રવ્યલિંગી મુનિએ કદી પણ શુદ્ધ આત્માની વાત પ્રસન્ન ચિત્તથી સાંભળી નથી. શુદ્ધનયનો પક્ષ જીવને કદી આવ્યો નથી. ભગવાન કુંદકુંદાચાર્ય શ્રી સમયસાર ગાથા ૪માં કહે છે :-

**શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪**

રાગ રહિત આત્મા શુદ્ધ આનંદકંદ છે, તેની વાત સાંભળી નથી. જ્ઞાયકસ્વભાવનું લક્ષ કરે તો વાત સાંભળી કહેવાય. ભગવાનના સમવસરણમાં અજ્ઞાની ગયો છતાં ત્યાં કામભોગબંધ કથા સાંભળી. પુણ્યના પરિણામથી તથા ભગવાનની વાણીથી આત્માને લાભ થશે એવી ઊંધી રુચિથી ભગવાનની વાણી સાંભળી તેથી તેણે ભગવાનની વાણી સાંભળી નથી પણ કામભોગબંધની કથા સાંભળી છે. આત્મા સર્વજ્ઞ શક્તિનો ભંડાર છે, નિમિત્ત અને પુણ્યના અવલંબને સર્વજ્ઞ દશા થતી નથી એવી વાત આત્માની રુચિપૂર્વક સાંભળી નથી તેથી તેણે વાણી સાંભળી નથી. નવમી ગ્રૈવેયકે જનાર મુનિ ૨૮ મૂળગુણનું પાલન કરે છે, શરીરના ખંડ ખંડ ટુકડા કરે છતાં ક્રોધ ન કરે. દેવી ચળાવવા આવે તો પણ બ્રહ્મચર્યથી ડગે નહિ, મારા માટે ભોજન બનાવેલ છે તેવી ખબર પડે તો પ્રાણ જવા છતાં ભોજન ન લ્યે, ૪૬ દોષ રહિત આહાર-પાણી લ્યે છતાં આત્માનું ભાન નથી. તેથી ચૈતન્યસ્વરૂપ આત્માને તેણે સાંભળ્યો નથી. નવ પૂર્વનું જ્ઞાન હોવા છતાં ભગવાનની પૂજા કલ્પવૃક્ષના ફૂલથી કરી

હોવા છતાં અજ્ઞાનીને ધર્મ થતો નથી કેમ કે શ્રવણ ને શુભ રાગથી તે ધર્મ માને છે. વ્યવહારની રુચિ તેને ખસતી નથી. વ્યવહાર હોય છે ખરો પણ તે રાગ છે, તેનાથી લાભ માનનારે રાગ રહિત ચૈતન્યસ્વભાવની વાત સાંભળી નથી.

એકવાર ચૈતન્યસ્વભાવનો ભણકાર વાગે તો ધર્મ થાય. શરીરની ક્રિયા તેના કારણે થાય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવી વાત પ્રસન્ન ચિત્તથી સાંભળે છે તે લાયક છે. ઘણાં જીવોને આત્માની વાતમાં આણગમો આવે છે. વ્યવહારની તો કાંઈ વાત કહેતાં નથી -એમ કહેનારને આત્મા પ્રત્યે આણગમો આવે છે. પરથી પૃથક્ અને સ્વથી એકત્વની વાત એકવાર પણ રુચિપૂર્વક સાંભળી નથી. અહીં કહે છે કે નિમિત્તનો, રાગનો અને પરનો પ્રેમ છોડી દે. સ્વરૂપવાન આત્મા છે, ચૈતન્ય તેનું સ્વરૂપ છે, બીજું કાંઈ તેનું સ્વરૂપ નથી.

વાત સાંભળવાનું કહ્યું છે, માત્ર વાંચી જવાનું કહ્યું નથી. **શ્રુત** શબ્દ મૂક્યો છે. તેનો હેતુ એ છે કે પોતાની મેળે વાંચી જાય તો કામ ન આવે. જ્ઞાની પાસેથી વાત સાંભળી હોવી જોઈએ. છતાં ત્યાં પરાધીનતા નથી. જેની લાયકાત હોય તેને જ્ઞાની મળ્યા વિના રહે નહિ. સત્‌ને સત્‌નું નિમિત્ત જોઈએ. અજ્ઞાની જીવ ધર્મમાં નિમિત્ત થઈ શકે નહિ. પ્રસન્ન ચિત્તથી આત્માની વાત સાંભળવી જોઈએ. તે સાંભળનાર પાત્ર છે. મિથ્યાદષ્ટિના નિમિત્તે સમ્યગ્દર્શન થાય એમ કદી પણ બનતું નથી. પ્રથમ જ્ઞાની આ ભવમાં અથવા આગલા ભવમાં મળેલાં હોવા જોઈએ.

જ્ઞાની પાસેથી જેણે આત્માની વાત સાંભળી છે તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનો નિશ્ચયથી પાત્ર થાય છે. આ વાત સ્વભાવના લક્ષે એકવાર સાંભળી હોય તેની મુક્તિ થવાની છે.

મિથ્યાદષ્ટિને વ્યવહારની રુચિ હોય છે, કાંઈક વ્રત-તપ કરીએ તો કલ્યાણ થાય, એવી મૂઢ બુદ્ધિ પડી છે તે ધર્મ પામતો નથી. ભગવાન આત્માનો સ્વભાવ જાણનાર-દેખનાર છે, તે રાગને ટાળે કે ઉત્પન્ન કરે તેમ છે જ નહિ. રાગને ટાળવો તે એનું સ્વરૂપ નથી, સ્વભાવનું લક્ષ થતાં રાગ ટળી જાય છે. આવી વાત પ્રસન્ન ચિત્તથી સાંભળી છે તે લાયક જીવ અલ્પકાળમાં થનારી મુક્તિનો નિશ્ચયથી પાત્ર થાય છે -તે નિયમથી મોક્ષદશા પ્રાપ્ત કરવાનો છે, તે મોક્ષનું ભાજન છે.

જુઓ, સંતો આમ કહે છે -એમ કહી સંતોને યાદ કરી મંગલિક કર્યું.

ભાઈશ્રી, તમે જે પ્રશ્નો લખ્યા તેના ઉત્તર મારી બુદ્ધિ અનુસાર કાંઈક લખું છું તે જાણશો. મારા વર્તમાન ઉઘાડ અનુસાર કહીશ. કેવળીઓ અને મુનિઓ પાસે મારો ઉઘાડ શું હિસાબમાં છે ! અહો, કેવળીની શી વાત ! સ્વને જાણતાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે એવું સ્વ-પર પ્રકાશક જ્ઞાન પ્રગટ્યું છે, તેમની વાણીની તથા ભાવલિંગી મુનિઓની વાણીની શી વાત કરવી ? મારી બુદ્ધિ અનુસાર લખું છું એમ કહી નિર્માનતા બતાવે છે. વળી કાંઈક લખું છું એમ કહ્યું છે.



કેમ કે જેટલું જ્ઞાનમાં આવે તેટલું લખાણમાં આવી શકે નહિ. વળી લખાણ જડની ક્રિયા છે, આત્મા તેને કરી શકતો નથી.

''અધ્યાત્મ-આગમનો ચર્ચાગર્ભિત પત્ર તો શીઘ્ર શીઘ્ર આપ્યા કરશો.''

અધ્યાત્મશાસ્ત્રમાં મુખ્યત્વે આત્માનું વર્ણન છે, ને આગમશાસ્ત્રમાં છ દ્રવ્યનું સ્વરૂપ છે. ''મેળાપ તો કદી થવો હશે ત્યારે થશે,'' કેમ કે તે સંયોગો આત્માને આધીન નથી. ''આત્મા ચિદાનંદ સ્વરૂપ છે તેના સ્વરૂપ અનુભવમાં રહેશો.''

શ્રીરસ્તુ (આત્મસ્વરૂપલક્ષ્મીની પ્રાપ્તિ હો !)

''હવે સ્વાનુભવદશા વિષે પ્રત્યક્ષ-પરોક્ષાદિ પ્રશ્નોનો ઉત્તર બુદ્ધિ અનુસાર લખું છું.''

આત્મા શુદ્ધ ચિદાનંદ છે, તેને અનુસરીને શાંતદશા થવી તે સ્વઅનુભવ છે. દ્રવ્ય-ગુણ ત્રિકાળ રહે છે, ધર્મ વર્તમાન અવસ્થા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય છે. સમ્યગ્દર્શન ગુણ નથી, નવી પ્રગટતી પર્યાય છે. મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર ઊંધી પર્યાય છે, તેનો અભાવ થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા પ્રગટે છે.

તેમાં પ્રથમ જ સ્વાનુભવ સ્વરૂપ જાણવા અર્થે લખું છું.

ભગવાન આત્મા જીવ છે, ચેતનદ્રવ્ય છે, ચૈતન્ય તેનો ભાવ છે, ચેતન કહો કે આત્મા કહો અને ચૈતન્ય કહો કે જ્ઞાન-દર્શન સ્વભાવ કહો -એક જ છે. જીવ નામનો પદાર્થ અનાદિથી મિથ્યાદષ્ટિ છે. સમ્યગ્દર્શનની પર્યાય અનાદિથી ન હોય. મિથ્યાદર્શનાદિની પર્યાય પ્રવાહરૂપે અનાદિથી છે. પોતાના સ્વરૂપને ચૂકી પરમાં રુચિ કરે તે મિથ્યાદષ્ટિ છે. સ્વ-પરના યથાર્થરૂપથી વિપરીત શ્રદ્ધાનનું નામ મિથ્યાત્વ છે. સ્વ એટલે ચેતન, તેનું જ્ઞાન-દર્શનરૂપ યથાર્થ છે. પુણ્ય-પાપનું રૂપ વિકાર છે, જડનું રૂપ તેના દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેમ નહિ માનતા રાગને અને જડને પોતાનું સ્વરૂપ માનવું તે મિથ્યાત્વ છે. લોકોને મિથ્યાત્વના પાપનો ખ્યાલ આવતો નથી.

જડ કર્મ તેના કારણે પરિણમે છે, તે તેનું યથાર્થ રૂપ છે. આસ્રવ પરિણામ નિમિત્તને લીધે થતાં નથી, આસ્રવ બંધનું કારણ છે. સંવર-નિર્જરા અધૂરી શુદ્ધ પર્યાય છે, મોક્ષ પૂર્ણ શુદ્ધ પર્યાય છે. આવા ભાવની મિથ્યાદષ્ટિને ખબર નથી. વિપરીત શ્રદ્ધાને લીધે મિથ્યાત્વ છે. દર્શનમોહને લીધે મિથ્યાત્વ થાય ને ચારિત્રમોહને લીધે રાગદ્વેષ થાય એવું કથન ગોમ્મટસારમાં આવે છે -તે નિમિત્તનું કથન છે. કર્મને લીધે મિથ્યાત્વ થતું નથી. અજ્ઞાની લોકો કર્મને લીધે પરિણામ માને છે, પણ તે ભૂલ છે. પોતે વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય. કર્મ અને જીવ વચ્ચે અત્યંત અભાવ છે, તેથી કોઈ કોઈને લીધે કાંઈ કરે નહિ.

તત્ત્વાર્થસૂત્રમાં તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન કહ્યું છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. જો તત્ત્વાર્થ શ્રદ્ધાન

વ્યવહાર સમકિત હોય તો દર્શનમોહના ઉપશમાદિ કેવી રીતે હોય ? ન જ હોય. વ્યવહાર સમકિત તો બંધનું કારણ છે. '**सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः**' કહ્યો છે. માટે ત્યાં નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે.

સાચા દેવ-ગુરુ-ધર્મનો રાગ વ્યવહાર છે. જ્યાં નિશ્ચય હોય છે ત્યાં ભેદ પડે તેને વ્યવહાર કહે છે. અભેદમાં ભેદ નથી, ભેદમાં અભેદ નથી, બન્ને જુદી ચીજ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ સિદ્ધ સુધી લીધેલ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમકિતનું મુખ્ય લક્ષણ કહેલ છે. માત્ર આત્મજ્ઞાન કહેતાં તુચ્છ જ્ઞાનીને ભ્રમ પડે છે. જ્ઞાનસ્વરૂપ આત્મા છે, વિકારસ્વરૂપ આસ્રવ છે -એમ ભેદજ્ઞાન કરે તો ધર્મ થાય.

પૃ. ૩૩૧માં કહ્યું છે કે ''વિપરીત અભિનિવેશ રહિત આત્મપરિણામ તે તો નિશ્ચય સમ્યક્ત્વ છે. કારણ કે એ સત્યાર્થ સમ્યક્ત્વનું સ્વરૂપ છે અને સત્યાર્થનું નામ જ નિશ્ચય છે.'' સાત તત્ત્વની પૃથક્ પૃથક્ પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે.

''વળી જે કાળે કોઈ જીવને દર્શનમોહના ઉપશમ, ક્ષયોપશમથી સ્વ-પરના યથાર્થ શ્રદ્ધાનરૂપે તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય ત્યારે તે જીવ સમ્યક્ત્વી થાય છે,'' હવે અહીં નિમિત્ત બતાવે છે. જીવ પોતામાં પુરુષાર્થ કરે ત્યારે દર્શનમોહનો ઉપશમાદિ થઈ જાય છે. જીવ તે કર્મોનો ઉપશમાદિ કરતો નથી. આમ સ્વ-પરના યથાર્થ શ્રદ્ધાનરૂપે તત્ત્વાર્થ શ્રદ્ધાન રહે છે, તે મોક્ષમાર્ગ છે ને તે તત્ત્વાર્થ શ્રદ્ધાન મોક્ષમાં રહે છે.

અહીં ખુલાસો કરેલ છે કે સ્વ-પરના યથાર્થ શ્રદ્ધાનરૂપ તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં શુદ્ધાત્મ શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમકિત ગર્ભિત છે. અહીં પણ નિશ્ચય સમ્યક્ત્વ કહેલ છે. હું જ્ઞાયક છું, પુણ્ય-પાપ-આસ્રવ મારું સ્વરૂપ નથી, અજીવ સાથે મારે સંબંધ નથી. જીવ, સંવર, નિર્જરા, મોક્ષ સ્વમાં આવે છે. અજીવ, આસ્રવ, બંધ પરમાં આવે છે. આમ સ્વ-પરમાં સાતે તત્ત્વો આવી જાય છે. આ પ્રમાણે સ્વ-પર શ્રદ્ધાનમાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે.

(નોંધ : અષાડ સુદ ૫, ગુરુવારે છઠ્ઠો અધિકાર શરૂ કરવામાં આવ્યો હતો પણ અષાડ સુદ ૬થી રહસ્યપૂર્ણ ચિઠ્ઠી શરૂ કરી છે. તેથી છઠ્ઠા અધિકાર ઉપરના પ્રવચનો સળંગ મળે એ ખાતર તે દિવસનું પ્રવચન હવે પછી જ્યારે તે અધિકાર ફરીથી શરુ થશે ત્યારે આપવામાં આવશે.)

## અષાડ સુદ ૭, શનિવાર, ૧૮-૭-૫૩.

નિશ્ચય સમકિત પ્રત્યક્ષ છે ને વ્યવહાર સમકિત પરોક્ષ છે એમ શ્રી ટોડરમલજીને કોઈએ પ્રશ્નો પૂછેલ હતા. તેનો જવાબ આપશે કે પ્રત્યક્ષ-પરોક્ષપણું સમકિતમાં નથી પણ પ્રત્યક્ષ-પરોક્ષપણું જ્ઞાનમાં હોય છે.



જીવ પદાર્થ અનાદિકાળથી ઊંધી દૃષ્ટિવાળો છે. આત્મા જ્ઞાનમૂર્તિ છે, દયા-દાનાદિ પર છે. વિકાર સ્વયંસિદ્ધ થાય છે, શરીર આદિ અજીવ છે, તે વિકાર કરાવતા નથી. આવું સ્વ-પરનું જ્ઞાન જેને નથી તેને સાચો ત્યાગ હોતો નથી. મિથ્યાત્વ ટળ્યા વિના સામાયિક, પોષહ આદિ ન હોય, સમ્યગ્દર્શન વિના વ્રત, સંયમ, તપ, ત્યાગ સાચા ન હોય. તેને બાળવ્રત ને બાળતપ કહે છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ -એ પાંચ આસ્રવ છે. મિથ્યાત્વ ટળ્યા વિના અવ્રત ટળે નહિ, અવ્રત ટળ્યા વિના પ્રમાદ ટળે નહિ, પ્રમાદ ટળ્યા વિના કષાય ટળે નહિ ને કષાય ટળ્યા વિના યોગ ટળે નહિ.

તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. સાત તત્ત્વો સ્વ-પરમાં આવે છે. જીવ, સંવર, નિર્જરા, મોક્ષ સ્વમાં ઉપાદેય તરીકે સમાડ્યા ને અજીવ, આસ્રવ, બંધને પરમાં હેય તરીકે સમાડ્યા. આમ સ્વ-પરમાં સાત આવી જાય છે. સ્વ-પરનું ભાન થતાં સમ્યગ્દર્શન થાય છે. પછી આગળ વધતાં વ્રતાદિ હોય છે ને પછી મુનિપણું પ્રગટે છે. તેને બાહ્યમાં નગ્નદશા હોય છે, મુનિ આધાકર્મી આહાર ન લ્યે, ઉદ્દેશિક આહાર લ્યે તેને દ્રવ્યલિંગ પણ નથી. અત્યારે સાધુ માટે ખાસ ચોકા થાય છે તે વ્યવહારભ્રષ્ટ છે ને જે વ્યવહારભ્રષ્ટ છે તે નિશ્ચયભ્રષ્ટ તો છે જ. કોઈ વ્યવહારે સાચી ક્રિયા કરે તો પણ સાચી દૃષ્ટિ વિના તેને ધર્મ થતો નથી. ઉદ્દેશિક આહાર લેનાર ને દેનાર બન્નેને દોષ લાગે છે. ભાવલિંગ વિના યથાર્થ મુનિપણું નથી. ઉદ્દેશિક આહાર લેવાના જે પાપના પરિણામ થાય છે તેને અજ્ઞાની પુણ્ય માને છે ને તે પુણ્યના પરિણામથી સંવર માને છે. તેને સ્વ-પરની શ્રદ્ધા નથી. પુણ્યને પુણ્ય જાણે, પાપને પાપ જાણે, પુણ્ય-પાપ રહિત આત્માને જ્ઞાનસ્વભાવી જાણે તો સ્વ-પરની સાચી શ્રદ્ધા થાય. સાત તત્ત્વોની ખબર નથી ને પુણ્યમાં ધર્મ માને છે તેને ધર્મ થતો નથી.

જેને સાત તત્ત્વની નિર્વિકલ્પ શ્રદ્ધા થઈ, તેને સ્વ-પરની યથાર્થ શ્રદ્ધામાં શુદ્ધ આત્મશ્રદ્ધા આવી જાય છે. સ્વ-પર શ્રદ્ધા, તત્ત્વાર્થશ્રદ્ધા ને આત્મશ્રદ્ધા -એમ ત્રણેને સમાડી દે છે. અપેક્ષા ફેર છે, વસ્તુ ફેર નથી. સ્વશ્રદ્ધાનમાં નિશ્ચય સમકિત ગર્ભિત છે. જીવ, સંવર, નિર્જરા, મોક્ષ એમ સ્વ તે ઉપાદેય છે ને અજીવ, આસ્રવ, બંધ એમ પર તે હેય છે. આમ હેય-ઉપાદેયમાં સાત આવી જાય છે. ને સ્વની શ્રદ્ધામાં સ્વનો સદ્ભાવ ને પરનો અભાવ આવી જાય છે.

કર્મને લીધે વિકાર માને તો અજીવ અને આસ્રવ એક થઈ જાય, દયા-દાનાદિ પુણ્ય છે, તેનાથી ધર્મ માને તો આસ્રવ ને સંવર એક થઈ જાય. આમ થતાં સાત તત્ત્વ રહેતાં નથી. સ્વ-પરની શ્રદ્ધામાં શુદ્ધાત્મશ્રદ્ધા આવી જાય છે તે નિશ્ચય સમ્યક્ત્વ છે.

''વળી જેને સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન નથી પણ જૈનમતમાં કહેલા દેવ, ગુરુ અને ધર્મ -એ ત્રણને માને છે તથા અન્યમતમાં કહેલા દેવાદિ વા તત્ત્વાદિને માને નહિ તો એવા કેવળ વ્યવહાર સમ્યક્ત્વ વડે તે સમ્યક્ત્વી નામ પામે નહિ.''

જૈનમતમાં કહેલા દેવાદિને માને છે. અર્હંતને ક્ષુધા, તૃષા આદિ ન હોય, મુનિને ત્રણ કષાય નાશ

થયા છે ને નગ્ન દશા હોય છે. આત્મભાન સહિત ૪૬ દોષ રહિત આહાર-પાણીની વિધિ મળી જાય તો લ્યે એવું મુનિનું સ્વરૂપ છે. સર્વજ્ઞદેવને અખંડ જ્ઞાન ને દર્શન ઉપયોગ છે. જેને રોગ નથી, ક્ષુધા નથી, કવલાહાર નથી એવા અર્હંતદેવને તથા નિર્ગ્રંથ મુનિને માનવા છતાં મિથ્યાત્વના ત્યાગ વિના તેને વ્યવહાર સમકિત કહેવાતું નથી. અત્યારે તો દૃષ્ટિની ખબર નથી તેમ જ વ્યવહારના પણ ઠેકાણાં નથી. જડની ક્રિયા હું કરી શકું છું એમ માને છે ને પોતાને માટે બનાવેલો આહાર લ્યે તો મિથ્યાદૃષ્ટિ છે. દિગંબર દર્શન સંપ્રદાય નથી, તે તો વસ્તુ દર્શન છે. જરા પણ વિપરીતતા આવે તો ભ્રષ્ટ થાય છે. પ્રતિજ્ઞા ન લ્યે તો દંડ નથી પણ મોટી પ્રતિજ્ઞા લઈ તોડે તો મહાપાપ છે. દર્શનશુદ્ધિ પ્રથમ હોવી જોઈએ. તે વિના પડિમા આદિ ન હોય. અગિયારમી પડિમાવાળાને ઉદ્દેશિક આહાર ખપતો નથી તો પછી મુનિને તો કેવી રીતે ખપે ? ન જ ખપે.

જૈન દર્શને કહેલા દેવ-ગુરુ-ધર્મને માને, ખોટાને માને નહિ. વળી અન્યમતના કહેલા તત્ત્વોને ન માને પણ સર્વજ્ઞે કહેલા તત્ત્વોને માને છતાં કેવળ વ્યવહાર સમ્યક્ત્વથી સમ્યક્ત્વી નામ પામે નહિ. અભવીને વ્યવહાર સમ્યક્ત્વની ના પાડી છે. શરીરના ખંડખંડ ટુકડા કરે છતાં ક્રોધ ન કરે, સર્વજ્ઞ સિવાય અન્ય કોઈ દેવને તથા ભગવાનની વાણી સિવાય અન્યને માને નહિ છતાં આત્માના ભાન વિના તેને વ્યવહાર સમ્યક્ત્વ કહેતાં નથી.

દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે, તો પછી પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી ? કર્મને લીધે અશુદ્ધતા આવી એમ અજ્ઞાની માને છે. એમ માને તો અજીવ અને આસ્રવ એક થઈ જાય છે. પોતાના અપરાધથી અશુદ્ધતા થાય છે. એમ સાતે તત્ત્વોને સાચા માનવા છતાં નિશ્ચય વિના વ્યવહાર નામ પામતા નથી. સ્વ-પર ભેદવિજ્ઞાનપૂર્વક જ જે તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય તે સમ્યક્ત્વ જાણવું. સમ્યક્ત્વમાં પ્રત્યક્ષ-પરોક્ષપણું નથી.

વળી એવા સમ્યક્ત્વ થવાની સાથે જે જ્ઞાન પાંચ ઇંદ્રિય તથા છઠ્ઠા મન દ્વારા મિથ્યાત્વદશામાં કુમતિ-કુશ્રુત થઈ રહ્યું હતું તે જ જ્ઞાન આત્માનું ભાન થતાં મતિ-શ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન થયું. સમ્યગ્દૃષ્ટિ જે કાંઈ જાણે તે સર્વ જાણવું સમ્યગ્જ્ઞાન છે. લડાઈમાં હોવા છતાં તેનું જ્ઞાન સમ્યક્ છે, લડાઈના ભાવ તે પાપ છે, તેને તે પાપરૂપ જાણે છે. જડની ક્રિયા જડથી થાય છે, મારી પર્યાયમાં પાપ પરિણામ થાય છે તે આસ્રવ છે, હું જ્ઞાન છું એવું ભાન હોવાથી તેનું બધું જ્ઞાન સાચું છે. ભોગમાં હોવા છતાં સમ્યગ્જ્ઞાની છે ને અજ્ઞાની ૨૮ મૂળગુણનું પાલન કરે છતાં આત્માનું ભાન નથી તેથી મિથ્યાજ્ઞાની છે.

‘‘એ સમ્યગ્દૃષ્ટિ કદાચિત્ ઘટપટાદિ પદાર્થોને અયથાર્થ પણ જાણે તો તે આવરણજનિત ઉદયનો અજ્ઞાનભાવ છે ને ક્ષયોપશમજનિત પ્રગટ જ્ઞાન છે તે તો સમ્યગ્જ્ઞાન છે.’’ પ્રયોજનભૂત જાણવામાં તેને ભૂલ હોતી નથી, અપ્રયોજનભૂતમાં કદાચિત્ ભૂલ પડી જાય. સર્પને દોરડી માને, દોરડીને સર્પ માને તો પણ મિથ્યાજ્ઞાન નથી, તે આવરણજનિત ઉદયનો અજ્ઞાનભાવ છે એટલે કે ઓછું જ્ઞાન



છે, પણ પ્રયોજનભૂત તત્ત્વની ખબર છે તેથી મિથ્યાજ્ઞાન કહેવાતું નથી. ક્ષયોપશમરૂપ જ્ઞાન તો સર્વ સમ્યગ્જ્ઞાન જ છે.

અઢી દ્વીપ બહાર અસંખ્ય તિર્યંચ શ્રાવક હોય છે, તેમને આત્માનું ભાન છે, વિશેષ જ્ઞાન નથી પણ અંતર તત્ત્વની શ્રદ્ધા છે. તેથી સાચું જ્ઞાન છે. આમ સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન જાણવામાં પદાર્થોને વિપરીતરૂપે સાધતું નથી. માટે તે સમ્યગ્જ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે, કારણ કે તે સાચું જ્ઞાન છે. જેમ વાદળું દૂર થતાં થોડો પ્રકાશ આવે તો તે પ્રકાશ સર્વપ્રકાશનો અંશ છે. તેમ જ્ઞાનાનંદ ભગવાનની પ્રતીતિ થઈને સમ્યગ્જ્ઞાન થયું તે કેવળજ્ઞાનનો અંશ છે. તે મતિ-શ્રુત ટળીને કેવળજ્ઞાન થવાનું છે. જે જ્ઞાન મતિ-શ્રુતરૂપે પ્રવર્તે છે તે જ જ્ઞાન વધતું વધતું કેવળજ્ઞાનરૂપ થાય છે. જે જ્ઞાન એકલા પરને જાણતું તે મિથ્યાજ્ઞાન હતું ને સમ્યગ્દર્શન સહિત જે જ્ઞાન સ્વને જાણતાં પરને જાણે છે તે જ્ઞાન વધીને કેવળજ્ઞાનરૂપ થાય છે. એટલે કે મતિ-શ્રુતનો અભાવ થઈને કેવળજ્ઞાન થાય છે. સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ તો જાતિ એક છે. દશાશ્રીમાળીમાં તવંગર અને ગરીબ બન્ને દશાશ્રીમાળી કહેવાય છે, એક નાતમાં આવે છે. ચોથા ગુણસ્થાનવાળાનું જ્ઞાન અલ્પ છે ને કેવળજ્ઞાનીનું જ્ઞાન પૂર્ણ છે પણ જાતિ એક છે -એમ બતાવવું છે.

વળી સમ્યગદૃષ્ટિના પરિણામમાં એ જ્ઞાન સવિકલ્પ તથા નિર્વિકલ્પ બે પ્રકારે પ્રવર્તે છે. એક રાગ સહિત તથા એક રાગ રહિત બે પ્રકારે હોય છે. સમકિતીને કદાચ લડાઈના, ભોગના, ધંધાના, ક્રોધાદિના પરિણામ થાય છે છતાં તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. વિષય કષાય છોડે તો જ્ઞાન સમ્યગ્જ્ઞાન થાય એમ નથી. લોકો સમજાણ વિના ચારિત્ર લેવાનું કહે છે. બાહ્યમાં વિષય કષાય છોડે પણ આત્માનું જ્ઞાન નથી તો તેનો વ્યવહાર ત્યાગ પણ સાચો નથી.

સમ્યગ્દૃષ્ટિને ધંધા આદિના પરિણામ હોય ત્યારે અશુભ ભાવ સહિત સમ્યગ્જ્ઞાન હોય છે. ચોથે-પાંચમે ગુણસ્થાને કદાચ રૌદ્રધ્યાન પણ હોય છે છતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જતું નથી, છઠ્ઠે ગુણસ્થાને ક્યારેક આર્તધ્યાન હોય છે છતાં મુનિપણું જતું નથી. સમ્યગ્જ્ઞાની જીવને રાગમાં બે પ્રકાર છે. વિષય કષાયના પરિણામ વખતે અશુભ રાગ સહિત સવિકલ્પ સમ્યગ્દૃષ્ટિ છે ને દયા, દાન, પૂજા વખતે શુભ રાગ સહિત સવિકલ્પ સમ્યગ્દૃષ્ટિ છે.

સમકિતીને પંચ પરમેષ્ઠી, જિનવાણી, જિનપ્રતિમા, જિનધર્મ, જિનાલય -એમ નવ દેવને માને છે તે શુભરાગ છે. કોઈ જીવો પ્રતિમાને ઉથાપે છે તે મિથ્યાદૃષ્ટિ છે, ને કોઈ મૂર્તિપૂજામાં ધર્મ મનાવે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. સમકિતીને પૂજા, યાત્રા વગેરેનો રાગ આવે છે પણ તેને તે બંધ માને છે. એવા પરિણામ સહિત સવિકલ્પ સમ્યગ્જ્ઞાન જાણવું. અશુભ રાગ ને શુભ રાગ હોવા છતાં સમ્યગ્દર્શન ને જ્ઞાનમાં વાંધો નથી. અજ્ઞાની જડનો સ્વામી થાય છે. તે શુભ રાગમાં હોવા છતાં અજ્ઞાની છે દ્રમિથ્યાદૃષ્ટિ છે.

આ પ્રમાણે શુભ-અશુભ રાગ સહિતનું જ્ઞાન સવિકલ્પ જાણવું. શુભ-અશુભ રાગ જુદી ચીજ છે ને જ્ઞાન જુદી ચીજ છે -એમ જાણવું.

**અષાડ સુદ ૮, રવિવાર, ૧૯-૭-૫૩.**

આજે સવારે રેકોર્ડીંગ રીલ પ્રવચન સંભળાવવામાં આવ્યું હતું.

**અષાડ સુદ ૧૧, બુધવાર, ૨૨-૭-૫૩.**

જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેણે શું કરવું ? પરવસ્તુમાંથી કે પુણ્ય-પાપમાંથી સમ્યગ્દર્શન મળે તેમ નથી, વર્તમાન અલ્પજ્ઞ પર્યાયમાંથી સમ્યગ્દર્શન મળે તેમ નથી, અંદરમાં એકરૂપ ધ્રુવસ્વભાવ પડ્યો છે તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે-શાંતિ મળે છે. સંયોગોમાં કે પુણ્ય-પાપના ભાવમાં ધર્મનું હોવાપણું નથી, જ્ઞાનાદિની ઊઘડેલી પર્યાયમાંથી ધર્મ આવે એમ નથી. શાંતિ ને સુખ અંતરશક્તિમાં-ધ્રુવસ્વભાવમાં પડ્યા છે તેની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે.

ધર્મીએ નિર્ણય કર્યો કે મારી મૂડી મારામાં પડી છે. અહો ! વસ્તુમાં શાંતિ છે, ધર્મ થવાની તાકાત તેમાં છે. ધર્મ થવાની તાકાત પર્યાય કે વિકારમાં નથી. વસ્તુના અવલંબને તાકાત પ્રગટે છે. આ સ્વતંત્રતા છે. તે સમ્યગ્દર્શન વખતે જે સમ્યગ્જ્ઞાન થયું તે અંતરમાં હતું પણ હર વખતે અંતરમાં હોતું નથી પરંતુ શુભ-અશુભમાં પણ જાય છે. જ્ઞાનનું લક્ષ દયા-દાનાદિમાં વર્તે અથવા હિંસા, જૂઠ આદિમાં વર્તે તેને રાગવાળી દશા કહે છે. સ્વરૂપમાં ઉપયોગ વર્તે તેને નિર્વિકલ્પ જ્ઞાન ઉપયોગ કહે છે.

જેમ કોઈ દુકાને સારી પેદાશ હોય તો તે દુકાને વારંવાર જાય છે પણ તે તો પીડા છે. સમ્યગ્દ્રષ્ટિ જીવને પ્રતીતિ વર્તે છે કે મારી અંતરની પેઢી જ્ઞાનાનંદની છે, તેના અવલંબને શાંતિની પેદાશ થાય છે. તેમાંથી લાભ ને ધર્મની પર્યાય પ્રવાહ વહે છે -એવો નિર્ણય થવા છતાં સાધક હોવાથી જ્ઞાન અંતરમાં કાયમ રહે તેમ બનતું નથી. પુણ્ય-પાપ રહિત વર્તે તે રાગ રહિત સમકિત કહેવાય છે ને પુણ્ય-પાપ સહિત વર્તે તે રાગ સહિત સમકિત કહેવાય છે ને રાગ છોડી નિર્વિકલ્પ ધ્યાનમાં વર્તે ત્યારે નિર્વિકલ્પ પરિણામવાળો સમકિતી કહેવાય છે. સમ્યગ્દર્શનમાં રાગ નથી. રાગની ભૂમિકાને સવિકલ્પ કહે છે. ત્યાં નિર્ણય તો કાયમ વર્તે છે ને આત્મામાં ધ્યાનપણે વર્તે છે ત્યારે તે અનુભવને શું કહેવું તેની વાત ચાલે છે.

''વળી આ સ્વાનુભવને મન દ્વારા થયો એમ પણ કહીએ છીએ કેમ કે આ અનુભવમાં મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન જ છે, અન્ય કોઈ નથી.'' પ્રથમ ઇંદ્રિય મનની ના પાડી હતી. પુણ્ય-પાપનું લક્ષ છૂટી અંતરમાં અનુભવ કરે છે ત્યારે બહારમાં લક્ષ હોતું નથી. ધ્યાન વખતે જ્ઞાન ઉપયોગ સ્વમાં વર્તે છે, બીજી ખબર હોતી નથી. હવે સ્વાનુભવને મન દ્વારા થયો એમ પણ કહીએ છીએ.



સ્વભાવનો નિર્ણય થયા પછી અંતર્મુખ વલણ વખતે મતિ-શ્રુતજ્ઞાન હોય છે, અવધિજ્ઞાન તથા મનઃપર્યયજ્ઞાન હોતા નથી. તેમ જ સાધકને કેવળજ્ઞાન હોતું નથી.

આ મુદ્દાની રકમની વાત છે-મૂળ વસ્તુનો પ્રયત્ન કરે નહિ, ને બીજે ફાંફાં મારે તો શાંતિ મળે નહિ. હીરાની પેટીમાં હાથ નાખે તો હીરા મળે પણ મોચીની કોથળીમાં હાથ નાખે તો હીરા ન મળે, ચામડાના ટુકડા મળે તેમ આત્માની શાંતિના હીરા જોઈતા હોય તો દેહની ક્રિયામાં કે પુણ્ય-પાપમાં તે મળે તેમ નથી. શરીર તો ચામડા છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ રત્નો છે. તે રત્નો શરીરના ચામડામાં નથી, રત્નત્રય પુણ્ય-પાપમાં નથી, અધૂરી જ્ઞાનપર્યાયમાં નથી. તે રત્નત્રય સ્વભાવની પેટીમાં પડેલા છે, તે પેટી ખોલે તો રત્નત્રયની પ્રાપ્તિ થાય.

મતિ-શ્રુતજ્ઞાન ઇંદ્રિય તથા મનના અવલંબન વિના હોય નહિ પણ ઇંદ્રિય તથા મનનો તો અહીં અભાવ જ છે કેમ કે ઇંદ્રિયો સ્પર્શ વગેરેને જાણે અને ભાવ ઇંદ્રિય ખંડખંડ કામ કરે છે. મતિજ્ઞાનનો વિષય મૂર્તિક-અમૂર્તિક પદાર્થો છે. જ્ઞાન અંદર કામ કરે છે ત્યારે મતિજ્ઞાન છે. મતિજ્ઞાન મનથી થાય છે તેથી જે પરિણામ પુણ્ય-પાપ તરફ જતાં, ને ખસીને જ્ઞાનાનંદ સ્વભાવ તરફ વળ્યા તે પરિણામ સ્વરૂપ વિષે એકાગ્ર થાય છે.

અહીં મન દ્વારા અનુભવ કહેવો ને છતાં મનનું અવલંબન નથી એ કેવી રીતે છે ? -મતિજ્ઞાનનો પેટાભાગ મન છે. અહીં ભાવમનની વાત છે. ભાવમનના પરિણામ પુણ્ય-પાપ તરફ હતા, તે સ્વભાવ તરફ વળ્યા. આ દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે -એવા વિકલ્પ તે મનનો ધર્મ હતો.

હવે મનના પરિણામ સ્વરૂપ વિષે એકાગ્ર થયા ને દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનો બુદ્ધિપૂર્વક રાગ ટળી ગયો માટે મન દ્વારા અનુભવ થયો એમ કહીએ છીએ.

આત્મા જ્ઞાનાનંદ છે, તેની શાંતિ માટે બહાર જવું પડતું નથી. પ્રતીતિ કર્યા પછી તે કાયમ રહે પણ અનુભવ કાયમ ન રહે.

મતિજ્ઞાન પાંચ ઇંદ્રિય ને મનથી થાય છે. અનુભવમાં તેનો (મન, ઇંદ્રિયનો) અભાવ થયો. તો હવે મતિજ્ઞાનમાં મન કેવી રીતે લાગુ પાડવું. જે ભાવમન પુણ્ય-પાપ, જે રૂપી છે, તેમાં વર્તતું તે તરફથી ખસીને તે અરૂપી સ્વભાવ તરફ વળ્યું માટે મતિજ્ઞાન મન દ્વારા થયું એમ કહે છે.

જ્ઞાનનો વ્યાપાર અંતર તરફ વળે છે ત્યારે મન ઇંદ્રિયનું અવલંબન નથી તો મન દ્વારા થયું કેમ કહો છો ?

મનનો વિષય અમૂર્તિક છે. ભાવમન પુણ્ય-પાપરૂપી પદાર્થને છોડી અમૂર્તિક આત્માને પકડે માટે મનથી થયું કહે છે.

જે ઈશ્વરને જગત્કર્તા માને તે ગૃહીત મિથ્યાદષ્ટિ છે, તેને સમાધિ હોતી નથી. દ્રવ્ય, ગુણ, પર્યાયનું યથાર્થ જ્ઞાન કર્યા વિના અનુભવ ન થાય. ભાન વિનાનું ધ્યાન લગાવી દે તો પણ અનંત સંસારી છે. પુણ્ય-પાપમાં ધર્મ નથી. ધર્મ પર્યાયથી પ્રગટતો નથી, સ્વભાવથી ધર્મ થાય છે એમ માને તો સમ્યગ્દર્શન થાય, નહિતર સમ્યગ્દર્શન થતું નથી ને ધ્યાન પણ હોતું નથી.

અહીં કહે છે કે મનના પરિણામો રોક્યા ને સ્વ તરફ વાળ્યા તે ચિંતાનો નિરોધ કરે છે. ''**एकाग्रचिन्तानिरोधो ध्यानम्**'' એવું ધ્યાનનું લક્ષણ કહ્યું છે. બીજી ચિંતાને રોકી સ્વ અનુભવમાં ઠરે છે, તેને નિર્વિકલ્પ અનુભવદશા કહે છે, એવું ધ્યાનનું પણ લક્ષણ કહ્યું છે -એમ અનુભવદશામાં સંભવે છે.

બધા વિપરીત અભિનિવેશ ટળ્યા પછીની વાત છે. એક પણ વિપરીત અભિપ્રાય રહે તો સમકિત કે ધ્યાન થતું નથી. વિપરીત અભિપ્રાય ટળી સાત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન થતાં સ્વ તરફ વળે ત્યારે જે અનુભવ થાય છે તેની વાત ચાલે છે.

વળી સમયસાર નાટકના કવિતમાં કહ્યું છે કે :-

**वस्तु विचारत ध्यावतें, मन पावै विश्राम ।**
**रस स्वादित सुख उपजै, अनुभौ याको नाम ।।**

વસ્તુ એટલે આત્મા. જેમાં અનંત ગુણ-પર્યાય વસે છે તેને વસ્તુ કહે છે. આત્માનું જ્ઞાન ને એકાગ્રતા થતાં વિકલ્પો છૂટી જાય છે અને જ્ઞાન અંતરમાં ઠરે છે. સ્વભાવનો અતીંદ્રિય સ્વાદ લેતાં જે આનંદ ઊપજે તેને અનુભવ કહે છે. આનંદને અનુભવ કહ્યો, તે ચારિત્રગુણની પર્યાય છે. ચોથે, પાંચમે ને સાતમે ગુણસ્થાને થતાં અનુભવ વખતની વાત છે.

જ્ઞાનીએ નક્કી કર્યું છે કે પુણ્ય-પાપ મારું ઘર નથી, મારું ઘર તો આનંદ ને જ્ઞાનમય વસ્તુસ્વભાવ છે, એવી પ્રતીતિ કરેલ હતી તેથી તેમાં વળવા માગે છે. તે વખતે મન વિશ્રામ પામે છે. ધર્મી જીવ સ્વભાવમાં વિશ્રામ પામે છે ત્યારે તેને આનંદનો અનુભવ થાય છે.

પુણ્ય-પાપમાંથી જેટલો ખસ્યો તેટલા શાંતિના પરિણામ વર્તે છે. પુણ્ય-પાપમાં જે પરિણામ વર્તતા હતા તે સ્વભાવમાં વળ્યો ત્યારે મન વિના જુદા પરિણામ સ્વરૂપમાં પ્રવર્તતા નથી, તેથી સ્વાનુભવને મનજનિત કહીએ છીએ. એટલે તેને અતીંદ્રિય અથવા તો મનજનિત કહેવામાં કાંઈ વિરોધ નથી, વિવક્ષાભેદ છે.

જે સમકિતી રાગમાં વર્તતો તેને છોડી અંતરમાં આવે છે તેની વાત છે.

વળી તમે લખ્યું કે ''આત્મા અતીંદ્રિય છે, તે અતીંદ્રિય વડે જ ગ્રાહ્ય થઈ શકે.'' તેના ઉત્તરમાં



લખવાનું કે મન અમૂર્તિક પદાર્થને પણ ગ્રહણ કરે છે કારણ કે મતિ-શ્રુતજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્યો કહ્યા છે.

અમૂર્ત દ્રવ્યોમાં આત્મા ને ધર્માદિ આવી જાય છે. મતિ-શ્રુતમાં બધા દ્રવ્યો જાણાય છે. ઉમાસ્વામીએ તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે ''**मतिश्रुतयोर्निबन्धो द्रव्येष्वसर्वपर्यायेषु**'' મતિ અને શ્રુતજ્ઞાન રૂપી-અરૂપી સર્વે દ્રવ્યોને જાણે છે, પણ તેની સર્વ પર્યાયને જાણતા નથી, તેનો વિષયસંબંધ સર્વે દ્રવ્યો અને તેની કેટલીક પર્યાયો સાથે હોય છે.

વળી તમે પ્રત્યક્ષ-પરોક્ષ સંબંધી પ્રશ્ન લખ્યો. પણ ભાઈશ્રી ! સમ્યગ્દર્શનમાં પ્રત્યક્ષ-પરોક્ષરૂપ ભેદ નથી. જ્ઞાનમાં પ્રત્યક્ષ-પરોક્ષપણું હોય છે. ચોથા ગુણસ્થાને સિદ્ધ સમાન ક્ષાયિક સમ્યક્ત્વ થઈ જાય છે ને તે સાદિ અનંતકાળ રહે છે.

સમ્યક્ત્વ તો માત્ર યથાર્થ શ્રદ્ધાનરૂપ જ છે. તેમાં પ્રત્યક્ષ-પરોક્ષના ભેદ નથી. સમકિતી ચોથા ગુણસ્થાનવાળો સિદ્ધ સમાન હોય છે. કોઈ જીવને સમકિત થયા પહેલાં તિર્યંચ આયુનો બંધ પડી ગયો હોય ને પછી ક્ષાયિક સમકિત થાય તો તે ક્ષાયિક સમકિત લઈને ભોગભૂમિમાં તિર્યંચ થાય. તેના ક્ષાયિક સમકિતમાં ને સિદ્ધના ક્ષાયિક સમકિતમાં કાંઈ ફેર નથી. ક્ષાયિક સમકિતી શુભાશુભ ભાવમાં વર્તે તો પણ હેય ભાવે વર્તે છે. અહીં શુભ-અશુભ કાર્ય કરતો હોય છે એમ લખ્યું છે. પણ તેની કર્તાબુદ્ધિ ન સમજવી. લાખોના ધંધો કરતો હોય, અશુભ ભાવ હોય છતાં હું જ્ઞાનસ્વભાવી છું એ પ્રતીતિ ખસતી નથી. જ્ઞાનીને દયા, દાન, પ્રભાવના વગેરેનો શુભ રાગ વર્તે છે છતાં તેનું સ્વામીપણું નથી. તે શુભ-અશુભમાં વર્તે માટે સાચી શ્રદ્ધા ન હોય એમ નથી. શુભ-અશુભ આસ્રવ છે. મારો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે, તેના આશ્રયે સંવર-નિર્જરા થાય છે એવી શ્રદ્ધા છે તેથી સાચી શ્રદ્ધા હોય જ છે. તમે જે લખ્યું હતું કે નિશ્ચય સમકિત પ્રત્યક્ષ છે ને વ્યવહાર સમ્યક્ત્વ પરોક્ષ છે પણ એમ નથી. નિશ્ચય સમકિત નિર્વિકલ્પ પ્રતીતિ છે ને વ્યવહાર સમકિત રાગ છે, તેમાં પ્રત્યક્ષ-પરોક્ષના ભેદ નથી.

## અષાડ સુદ ૧૨, ગુરુવાર, ૨૩-૭-૫૩.

પં. ટોડરમલજીએ સં. ૧૮૧૧માં સાધર્મી ગૃહસ્થના પત્રના જવાબરૂપે આ ચિઠ્ઠી લખેલ છે. ''નિશ્ચયશ્રદ્ધા તે પ્રત્યક્ષ અને વ્યવહારશ્રદ્ધા તે પરોક્ષ'' એવો પ્રશ્ન પૂછેલ તેનો જવાબ ચાલે છે.

હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું, શરીર-મન-વાણીથી ને વિકારથી રહિત છું એવી અંતર પ્રતીતિ થવી તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. તેમાં પ્રત્યક્ષ-પરોક્ષ ભેદ નથી. જ્ઞાનમાં પ્રત્યક્ષ-પરોક્ષ એવા બે ભેદ છે. પણ સમકિતના ત્રણ ભેદ છે. આત્માનું ભાન થતાં દર્શન મોહનીય કર્મનો ઉપશમ થાય છે તે ઉપશમ સમકિત છે. ઉપશમ સમકિત અંતર્મુહૂર્ત રહે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે એવી ક્ષાયિક પ્રતીતિ થાય

તે ક્ષાયિક સમકિત છે તે કેવળી ભગવાનમાં પણ રહે છે. તેમાં પ્રકૃતિનો ઉદય નથી. ઉપશમ સમ્યક્ત્વ ને ક્ષાયિક સમ્યક્ત્વ નિર્મળ છે કેમ કે મિથ્યાત્વના ઉદય રહિત છે.

હવે ક્ષયોપશમ સમકિતની વાત કરે છે. કસુંબા રંગથી રંગેલું કાપડ ધોઈ નાખ્યા પછી સફેદ લાગે પણ સારી આંખવાળો અજવાળામાં તેને જુએ તો તેમાં જરા મેલ દેખાય તેમ પુણ્યથી કે દેહની ક્રિયાથી ધર્મ થાય એવી ઊંધી માન્યતા ધોઈ નાખી છે, પણ જરા મેલ રહી ગયો છે છતાં હું અખંડ જ્ઞાનાનંદ સ્વભાવી દ્રવ્ય છું એવી પ્રતીતિમાં ફેર નથી. આમ ક્ષયોપશમ સમ્યક્ત્વ સમળ છે પણ આ સમ્યક્ત્વમાં પ્રત્યક્ષ-પરોક્ષરૂપ ભેદ નથી.

સમકિતી જીવ ચારિત્ર દોષને લીધે શુભ-અશુભ ભાવરૂપે વર્તે છે. ચોથે-પાંચમે ગુણસ્થાને અશુભ ભાવ પણ હોય છે છતાં પ્રતીતિ ખસતી નથી. પુણ્ય-પાપ ભાવ મારી દશામાં થાય છે તે ચારિત્ર દોષ છે, પણ અંતર સ્વરૂપમાં દોષ નથી. મારું સ્વરૂપ જ્ઞાયક છે એવું ભાન છે. અંતર્આનંદશક્તિમાં હતો તે પર્યાયમાં અંશે પ્રગટ થયો તે ચોથું ગુણસ્થાન છે. વિશેષ આનંદ પાંચમે ગુણસ્થાને છે ને તેથી વિશેષ આનંદ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને છે ને સંપૂર્ણ આનંદ તેરમે ગુણસ્થાને છે.

શરીર ને કર્મથી આત્મા જુદો છે એમ ભાન છે પણ તેની પર્યાયમાં શુભાશુભ ભાવ હોય છે. વસ્તુસ્વભાવમાં વિકાર નથી એવી પ્રતીતિ હોવા છતાં શુભાશુભ ભાવ હોય છે પણ સમકિત જતું નથી. જેમ તાવ આવે ત્યારે કડવી દવા પીએ પણ રોગી તેની ભાવના ભાવતો નથી તેમ ધર્મીને શુદ્ધ ચૈતન્યસ્વભાવની પ્રતીતિ સહિત અનુભવ થયો છે. તે પછી તેને જે પુણ્ય-પાપના ભાવો થાય છે તેને તે કડવી દવા જેવા માને છે. કોઈ સમકિતી લડાઈમાં હોય અથવા ધંધામાં હોય, ક્રોધાદિ કરતો દેખાય છતાં જ્ઞાતા-દૃષ્ટાનું ભાન છૂટે નહિ.

કોઈ પ્રશ્ન કરે કે ચારિત્ર પ્રથમ લઈ લ્યે ને પછી સમકિત કરે તો ?

**સમાધાન** : જમીન વગર ઝાડ ઊગતું નથી. હું અખંડ ચૈતન્ય છું તેની પ્રતીતિ વિના ચારિત્ર ક્યાંથી હોય ? ન જ હોય. ચારિત્ર એટલે ચરવું-સ્થિર થવું. શેમાં ? દેહમાં ? તે તો જડ છે, પુણ્ય-પાપ વિકાર છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રતીતિ થયા પછી અંતરમાં લીનતા કરે તે ચારિત્ર છે.

અત્યારે લોકો પૈસામાં ધર્મ માને છે, ને પૈસાથી પોતાનું તથા પરનું કલ્યાણ માને છે તે બધી ભ્રાંતિ છે. પોતાના જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ ચૂકે તો પોતાની પર્યાયમાં પોતાનું અકલ્યાણ થાય છે ને પોતાના જ્ઞાનસ્વભાવનો આશ્રય કરે તો કલ્યાણ થાય છે. બીજા જીવનું કલ્યાણ કરી શકું છું એ માન્યતા ભ્રમણા છે.

આત્મા ભગવાન છે છતાં પોતાનું ભગવાનપણું ભૂલીને પશુ સમાન થઈ ગયો છે. પુણ્ય-પાપમાં ને શરીરની ક્રિયા આદિમાં મજા માને છે, તે 'ભગલો' થઈ ગયો છે. પોતામાં જ્ઞાન-આનંદશક્તિ ભરેલી



છે, તેનું ભાન નથી. બહારમાંથી આનંદ મળશે, દાન, ભક્તિ, વ્રત, તપમાંથી શાંતિ મળશે એમ માને છે તે બધી ભ્રમણા છે.

સમકિતી જીવને શુભાશુભ રાગ હોય તે વખતે પણ તેને જ્ઞાનસ્વભાવની પ્રતીતિ ખસતી નથી. ધાવમાતા છોકરાને ધવડાવે ને નવડાવે છતાં સમજે છે કે તે મારો છોકરો નથી. દુકાનનો નોકર શેઠનું બધું કામ કરે છતાં સમજે કે તે દુકાન, લક્ષ્મી મારા નથી, તેમ સમકિતી જીવને શુભ રાગ આવે છે પણ તેને તે પોતાના માનતો નથી. રાગ હોવા છતાં તેને ગૂમડાં સમાન માને છે. જ્ઞાનાનંદ ધ્રુવસ્વભાવ નીરોગ છે. મારી નબળાઈથી પુણ્ય-પાપના ભાવ થાય તે રોગ છે. મારું સ્વરૂપ તે વિનાનું છે એવી પ્રતીતિ વર્તે છે. આમ સમકિતી જીવ શુભાશુભ ભાવમાં હોય કે સ્વઅનુભવમાં હોય તો પણ પ્રતીતિ તો સદાય સમાન જ વર્તે છે. તેથી સમકિતમાં પ્રત્યક્ષ-પરોક્ષ ભેદ ન માનવા.

કોઈ છોકરી ખોવાઈ જતાં તેને પૂછે કે "તું કોની છોકરી, કઈ શેરીમાં રહે છે" વગેરે પૂછે તો પણ તે એક જ જવાબ આપે કે "મારી બા." તેમ સમ્યગ્દષ્ટિ એક જ જવાબ આપે કે હું જ્ઞાતા છું. તે લડાઈમાં વર્તતો હોય ને ધનુષ્ય ઉપર બાણ ચડાવતો હોય અથવા શુભ ભાવમાં હોય છતાં હું જ્ઞાતા છું એવું અંતર્ભાન સદા વર્તે છે, તે ખસતું નથી.

જે જ્ઞાન સમ્યગ્દર્શન સાથે પ્રગટે છે તે પ્રમાણજ્ઞાન છે. પ્ર એટલે વિશેષ, માન = જ્ઞાનમાં લેવું. વસ્તુનું સાચું જ્ઞાન કરવું તે પ્રમાણ છે. સમ્યગ્દર્શન થતાં જ્ઞાન પ્રમાણ થાય છે.

કોઈ પરને લીધે પોતાનું કાર્ય માને અથવા પરની અવસ્થાને પોતે કરે એમ જાણે તો તે જ્ઞાન અપ્રમાણ છે-ખોટું છે. મેં સારા મકાન કર્યાં, છોકરાંને કેળવ્યા, હું શરીરને સારું રાખી શકું છું વએ બધી ભ્રમણા છે. હું શુભ રાગ કરું તો પર જીવને બચાવી દઉં એ જ્ઞાન જૂઠું છે.

કોઈ પ્રશ્ન કરે કે થોડા માણસોની વાત માનવી કે ઘણાની વાત માનવી ?

**સમાધાન** : કીડીના નગરા ઘણા હોય તેથી કાંઈ તે માણસોની સંખ્યામાં ગણાય નહિ. અસત્યને માનનારા ઘણા હોય તેથી અસત્યને માનવાનું ન હોય. મનુષ્યમાં ઘણા ઊંધી દૃષ્ટિવાળા છે. હું કોણ છું, શરીર શું છે, કર્મ શું છે તેમ પૃથક્ પૃથક્ જ્ઞાન નથી તે મિથ્યાજ્ઞાની છે. માટે સત્ય વાતને માનવી જોઈએ. સત્યને સંખ્યા સાથે સંબંધ નથી.

ત્રિકાળ શક્તિને ત્રિકાળ શક્તિ જાણે, વિકારને વિકાર જાણે, સંયોગને પૃથક્ જાણે. ઓછું જ્ઞાન સમ્યક્ છે, તે સુખરૂપ છે, જૂઠું જ્ઞાન દુઃખરૂપ છે. સમ્યગ્દર્શન સાથે જે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું તેમાં પ્રત્યક્ષ ને પરોક્ષ એવા બે ભેદ છે. નીચલી દશામાં પૂર્ણ જ્ઞાન વ્યક્ત નથી. જ્ઞાનાનંદ ભગવાનની પ્રતીતિ થઈ છે પણ લીન થઈને કેવળજ્ઞાનદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મતિ-શ્રુતજ્ઞાન હોય છે. શાસ્ત્રજ્ઞાનની વાત નથી. આત્માના આશ્રયે પ્રગટતાં જ્ઞાન મતિ-શ્રુત છે. તે આત્માના અસંખ્ય પ્રદેશને ભાળતા નથી

તેથી પરોક્ષ છે. કેવળજ્ઞાન થતાં અસંખ્ય પ્રદેશ પ્રત્યક્ષ દેખાય છે.

જ્ઞાનની દશા પાંચ છે. આત્મા અને જ્ઞાનગુણ કાયમ રહે છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ -એમ પાંચ તેની હાલત છે. હવે અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન ને કેવળજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે. અવધિજ્ઞાન પરમાણુને પણ જાણે છે. તે રૂપી પદાર્થને સ્પષ્ટ જાણે છે માટે તે પ્રત્યક્ષ છે. કોઈ ભાવલિંગી મુનિને મનઃપર્યયજ્ઞાન હોય છે. તે સામેના જીવના રૂપી પદાર્થ સંબંધી સંકલ્પ-વિકલ્પ જાણી લ્યે છે. તે પણ પ્રત્યક્ષ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન સાધકદશામાં હોય છે, કેવળીને તે હોતા નથી. કેવળી ભગવાનને એકલું કેવળજ્ઞાન છે. અવધિજ્ઞાન શ્રાવકોને પણ થાય છે.

કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રત્યક્ષ છે. તે કેવળજ્ઞાનને ધરનાર સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહમાં બિરાજે છે. અહીં ભરતક્ષેત્રમાં અત્યારે કેવળજ્ઞાની નથી. સીમંધર ભગવાન દેહ સહિત છે, જીવન્મુક્ત છે. દેહ છૂટી જતાં સિદ્ધદશાને પ્રાપ્ત કરશે. કેવળજ્ઞાની પોતાના તથા ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાયને પ્રત્યક્ષ, રાગના અવલંબન વિના જાણે છે.

તત્ત્વાર્થસૂત્રમાં કહેલ છે કે ''**आद्ये परोक्षं प्रत्यक्षमन्यत्**'' આત્માના જ્ઞાનની પાંચ અવસ્થા છે, તેમાં મતિ-શ્રુતજ્ઞાન પરોક્ષ છે ને અવધિ, મનઃપર્યય ને કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે. આમ જ્ઞાનમાં પ્રત્યક્ષ-પરોક્ષના ભેદ છે. સમકિતમાં તેવા ભેદ નથી.

સ્વઆત્માને વેદે છે એ અપેક્ષાએ મતિ-શ્રુતને સ્વસંવેદન પ્રત્યક્ષ કહ્યું છે. પુણ્ય-પાપથી ખસી, આત્મામાં એકાગ્ર થાય ત્યારે જ્ઞાન જ્ઞાનની પ્રતીતિ કરે, જ્ઞાન જ્ઞાનને જાણે ને અનુભવે એ અપેક્ષાએ પ્રત્યક્ષ છે પણ અહીં તે વાત નથી. અસંખ્ય પ્રદેશ દેખાતા નથી માટે પરોક્ષ છે.

આંધળા માણસને તથા દેખતા માણસને સાકરનો સ્વાદ એક સરખો આવે છે પણ આંધળો સાકરનું વર્ણન કરી શકે નહિ, દેખતો કરી શકે. તેમ ચોથા ગુણસ્થાનવાળા તથા તેરમા ગુણસ્થાનવાળાને જે આનંદનો અનુભવ થાય તેની જાતિ એક છે. મતિ-શ્રુતજ્ઞાની શાંતિ ભોગવે છે પણ અસંખ્ય પ્રદેશને પ્રત્યક્ષ જાણતાં નથી ને અધૂરી શાંતિ છે પણ જાતિ એક છે. ને ભગવાનને પૂર્ણ શાંતિ છે ને તેઓ અસંખ્ય પ્રદેશ પ્રત્યક્ષ જુએ છે.

વળી તર્કશાસ્ત્રમાં પ્રત્યક્ષ-પરોક્ષનું આવું લક્ષણ કહ્યું છે. ''**स्पष्टप्रतिभासात्मकं प्रत्यक्षस्पष्टं परोक्षम्**'' જે જ્ઞાન પોતાના વિષયને સારી રીતે સ્પષ્ટ જાણે તે પ્રત્યક્ષ છે. તે લક્ષણ અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાનમાં લાગુ પડે છે પણ મતિ-શ્રુતમાં લાગુ પડતું નથી. કેવળજ્ઞાન સ્વસહિત લોકાલોકને પૂર્ણ જાણે છે. તે પૂર્ણ પ્રત્યક્ષ છે. અવધિ ને મનઃપર્યયજ્ઞાન અધૂરું જાણે છે તે અંશે પ્રત્યક્ષ છે ને મતિ-શ્રુતજ્ઞાન પોતાના વિષયને સ્પષ્ટ જાણતાં નથી માટે પરોક્ષ છે.

મતિ-શ્રુતના જાણવાના ઘણા જ્ઞેય છે પણ તે એક જ જ્ઞેયને સંપૂર્ણ જાણી શકતા નથી. મતિજ્ઞાન-



શ્રુતજ્ઞાન આ લાકડીને જુએ પણ તેમાં કેટલા પરમાણુ છે તેને તથા તેના છેલ્લા અણુને જોઈ શકતા નથી. તે પરમાણુને મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ જાણી શકતું નથી. અલ્પજ્ઞાનના વિકાસમાં એકેય દ્રવ્યને પૂર્ણ જાણે નહિ માટે તેને પરોક્ષ કહે છે.

જીવે પોતાની ઋદ્ધિ સંભાળી નથી. પોતાના ઘરની ચીજોની ખબર હોય, ગાદલાં-ગોદડા ને ડામચિયાની ખબર હોય પણ આત્માની ખબર ન હોય. હજી ધારણાના ઠેકાણાં નથી તે સ્વભાવ સન્મુખ ક્યારે કરી શકે ? ન જ કરી શકે.

મતિ-શ્રુતજ્ઞાન એક વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાય જુદા પાડી જાણી શકે નહિ. તે સમ્યગ્જ્ઞાન છે પણ પ્રત્યક્ષ-સ્પષ્ટ નથી તેમ જ વિપરીત પણ નથી. આમ મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહે છે.

## અષાડ સુદ ૧૩, શુક્રવાર, ૨૪-૭-૫૩.

સમ્યગ્દર્શન સાથે સમ્યગ્જ્ઞાન થાય તેમાં પ્રત્યક્ષ ને પરોક્ષ બે ભેદ પડે છે. સમ્યગ્દર્શન નિર્વિકલ્પ છે, તેમાં પ્રત્યક્ષ-પરોક્ષના ભેદ નથી. મતિ-શ્રુતજ્ઞાન પરોક્ષ છે કેમ કે તે વડે આત્માના અસંખ્ય પ્રદેશ દેખાતા નથી. આત્મા અસંખ્ય પ્રદેશી છે, તે વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. મતિ-શ્રુતજ્ઞાન એક જ જ્ઞેયને સંપૂર્ણ જાણી શકતું નથી તેથી તે પરોક્ષ છે.

અવધિ-મનઃપર્યયજ્ઞાનનો વિષય મતિ-શ્રુત કરતાં ઓછો છે પણ જેટલું જાણે છે તેટલું સ્પષ્ટ જાણે છે, તેથી તે એકદેશ પ્રત્યક્ષ છે. તત્ત્વાર્થસૂત્રમાં પણ એ જ લખાણ છે. પંચાધ્યાયીમાં અવધિ-મનઃપર્યયજ્ઞાનને પરોક્ષ કહ્યું છે, તે અપેક્ષાએ વાત કરી છે. સર્વથા મનનું અવલંબન છૂટ્યું નથી એ અપેક્ષાએ પરોક્ષ કહેલ છે, પણ જેટલું જાણે છે તેટલું સ્પષ્ટ જાણે છે માટે તે એકદેશ પ્રત્યક્ષ છે.

કેવળજ્ઞાન બધા જ્ઞેયોને સ્પષ્ટ જાણે છે માટે સકલ પ્રત્યક્ષ છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે માટે તે સર્વ પ્રત્યક્ષ છે.

અહીં એ સિદ્ધ કરવું છે કે આત્માને સમ્યગ્દર્શન થયું ત્યારે તેની સાથેનું સમ્યગ્જ્ઞાન અસંખ્ય પ્રદેશને પ્રત્યક્ષ જોઈ શકતું નથી, તેથી તે જ્ઞાન પરોક્ષ છે. સમકિતીને નિર્વિકલ્પ અનુભવ વખતે પણ અસંખ્ય પ્રદેશ પ્રત્યક્ષ દેખાતા નથી તેથી ત્યારે પણ તેનું જ્ઞાન પરોક્ષ છે એમ કહ્યું છે, પણ સુખનું વેદન પ્રત્યક્ષ છે.

આંધળો માણસ સાકરના વર્ણાદિને ન જાણે પણ દેખતાની જેવો સ્વાદ લ્યે છે તેમ ચોથે ગુણસ્થાને ધર્મી જીવ સિદ્ધ જેવો આનંદનો અનુભવ કરે છે પણ સાધક જીવ અસંખ્ય પ્રદેશ જોઈ શકતો નથી માટે મતિ-શ્રુતને પરોક્ષ કહે છે.

હું શુદ્ધ ચિદાનંદ છું, પુણ્ય-પાપ મારી ક્રિયા નથી, ધર્મની ક્રિયા મારા સ્વભાવના અવલંબને થાય

છે. એવું ભાન થયા પછી સ્થિરતા થતાં શ્રાવકપણું ને વિશેષ સ્થિરતા થતાં મુનિપણું આવે છે, તેને અનુભવ વખતે પ્રત્યક્ષપણું નથી.

વળી પ્રત્યક્ષના બે ભેદ છે. પરમાર્થ પ્રત્યક્ષ અને વ્યવહાર પ્રત્યક્ષ. અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન તો સ્પષ્ટ પ્રતિભાસરૂપ છે. તેથી તે પારમાર્થિક પ્રત્યક્ષ છે. ત્યાં અવધિ, મનઃપર્યયનો જેટલો ઉઘાડ છે તેમાં પરનું અવલંબન નથી ને કેવળજ્ઞાન સંપૂર્ણ જ્ઞાન છે માટે પારમાર્થિક પ્રત્યક્ષ છે ને નેત્રાદિ વડે વર્ણાદિને જાણીએ છીએ તેથી તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહીએ છીએ. એક વસ્તુમાં મિશ્ર અનેક વર્ણ છે તે નેત્ર વડે સારી રીતે ગ્રહ્યા જાય છે. તેથી તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહીએ છીએ, પણ ખરેખર તે પ્રત્યક્ષ નથી.

વળી પરોક્ષ પ્રમાણના પાંચ ભેદ છે. સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ — તેમાં પહેલા ચાર ભેદ મતિજ્ઞાનના છે ને આગમ શ્રુતજ્ઞાનનો ભેદ છે.

૧) **સ્મૃતિ** : પૂર્વે જાણેલી વસ્તુને યાદ કરીને જાણવી તે સ્મૃતિ કહેવાય. કોઈ વસ્તુ જાણ્યા વિના યાદ ન આવે. આત્માના અવગ્રહ, ઈહા, અવાય, ધારણા થયા ન હોય ને આત્માનું સ્મરણ કરે તેમ બને નહિ. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, પુણ્ય-પાપ, નિમિત્તાદિ હું નથી એવો અનુભવ થઈને ધારણા ન થઈ હોય તો સ્મૃતિ ન સંભવે. કેરીને કોઈએ જોઈ નથી, તેના અવગ્રહ, ઈહા, અવાય, ધારણા ન કરેલ હોય તો તે કેરીને યાદ કેવી રીતે કરશે ? પ્રથમ આત્માના અવગ્રહાદિ થયેલ છે ને સમ્યગ્દર્શનપૂર્વક અનુભવ કરેલ છે તેને યાદ કરી શકે.

૨) **પ્રત્યભિજ્ઞાન** : દૃષ્ટાંત વડે વસ્તુનો નિશ્ચય કરીએ તે પ્રત્યભિજ્ઞાન છે. પૂર્વે જોયેલ માણસ આ જ છે. વળી પૂર્વે આત્માનો આનંદ અનુભવેલ તેવો જ આ આનંદ છે, તે પ્રત્યભિજ્ઞાન છે.

૩) **તર્ક** : હેતુથી જે વિચારમાં લીધું તે જ્ઞાનને તર્ક કહેવાય. જેમ કે જ્યાં ધૂમાડો છે ત્યાં ત્યાં અગ્નિ છે.

૪) **અનુમાન** : હેતુથી સાધ્ય વસ્તુનું જ્ઞાન થાય તેને અનુમાન કહે છે. ધૂમાડાથી અગ્નિ સાબિત થાય છે.

૫) **આગમ** : આગમથી જ્ઞાન થાય તે આગમ છે. તે શ્રુતજ્ઞાનનો ભેદ છે. પાંચે, આત્માના જ્ઞાનની અરૂપી પર્યાય છે.

આત્મા વસ્તુ છે, જ્ઞાન તેનો ગુણ છે, તેની પાંચ પર્યાયો છે, તેમાં મતિ-શ્રુતમાં પાંચ ભેદો છે. તે ઇંદ્રિય-મનમાં રહેતા નથી, આગમજ્ઞાન શાસ્ત્રમાં રહેતું નથી પણ આત્મામાં રહે છે. આગમ તો પુદ્ગલ છે, આગમજ્ઞાન શ્રુતજ્ઞાનની પર્યાય છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા છે, તેની પ્રતીતિ કરી આગમના નિમિત્તે શ્રુતજ્ઞાનપર્યાય પ્રગટે છે તે આગમજ્ઞાન છે. ને સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન -એ મતિજ્ઞાનની પર્યાય છે.



સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માનું ભાવકર્મ છે, આત્મા તેનો કર્તા છે. તે સ્વાભાવિક વીતરાગી ભાવકર્મ છે. દ્રવ્યકર્મ જડ છે ને શુભાશુભ ભાવ વિકારી ભાવકર્મ છે.

એ પ્રમાણે પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણના ભેદ કહ્યા છે. સમ્યગ્દૃષ્ટિ ચોથે, પાંચમે ને સાતમે ગુણસ્થાને અનુભવ દશામાં હોય ત્યારે આત્મા જાણવામાં આવે છે, તે શ્રુતજ્ઞાન વડે જાણવામાં આવે છે. શ્રુતજ્ઞાન એટલે પુસ્તકિયું જ્ઞાન નહિ. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક હોય છે, તે બન્ને જ્ઞાન પરોક્ષ છે.

મતિજ્ઞાનને સવિકલ્પ કહેવાય છે, કેમ કે તે સ્વ-પરને જાણે છે પણ તે વાત અહીં નથી. અહીં તો સવિકલ્પ એટલે પુણ્ય-પાપના પરિણામ સહિત સમજવું, ને પુણ્ય-પાપ રહિત દશા તે નિર્વિકલ્પ છે. પોતાને તથા આનંદ આદિ બીજા ગુણોને જાણે છે માટે તે સવિકલ્પ છે ને જ્ઞાન સિવાયના અનંતા ગુણો પોતાને તથા પરને જાણતાં નથી માટે નિર્વિકલ્પ છે પણ અહીં તે વાત નથી.

સમકિતી રાગદ્વેષમાં વર્તતો હોય તો તે સવિકલ્પ પરિણામવાળો કહેવાય ને સ્વ અનુભવમાં વર્તતો હોય ત્યારે નિર્વિકલ્પ દશાવાળો કહેવાય. સ્વ અનુભવ વખતે નિશ્ચય સમકિતને પ્રત્યક્ષ કહેવું ને પુણ્ય-પાપમાં વર્તે ત્યારે તે વ્યવહાર સમકિતને પરોક્ષ કહેવું -એમ નથી. પ્રત્યક્ષ-પરોક્ષના ભેદ સમકિતમાં નથી, પ્રત્યક્ષ-પરોક્ષના ભેદ જ્ઞાનમાં છે.

વળી અવધિ-મનઃપર્યયનો વિષય રૂપી પદાર્થો જ છે. ચોથા-પાંચમા ગુણસ્થાનવાળા તિર્યંચ અઢી દ્વીપ બહાર છે, તેમાં કેટલાક જાતિસ્મરણ ને અવધિજ્ઞાનવાળા હોય છે. મનઃપર્યયજ્ઞાન મુનિઓને હોય છે, તેનો વિષય રૂપી પદાર્થ છે, તે આત્માને જાણે નહિ ને સાધક જીવને કેવળજ્ઞાન હોય નહિ, તેથી સ્વ અનુભવમાં અવધિ-મનઃપર્યય વડે આત્માનું જાણવું હોય નહિ.

વળી અહીં જે આત્માને સારી રીતે સ્પષ્ટ જાણે છે તેમાં પારમાર્થિક પ્રત્યક્ષપણું સંભવતું નથી. તથા જેમ નેત્રાદિ વડે જાણવામાં આવે છે તેમ નિર્વિકલ્પ અનુભવ વખતે પ્રદેશનો અમુક ભાગ જોઈ શકતો નથી તેથી સાંવ્યવહારિક પ્રત્યક્ષપણું પણ સંભવતું નથી. અહીં તો ભાવશ્રુતજ્ઞાન વડે આત્માનો અનુભવ હોય છે.

સર્વજ્ઞે કહેલા આગમમાં જ આત્માનું સાચું સ્વરૂપ કહેલું છે. દિવ્યધ્વનિ અનુસાર રચાયેલા ષટ્ખંડાગમ, પ્રવચનસાર, સમયસાર આદિ જૈન આગમ છે, બીજા જૈન આગમ નથી.

આત્મા અસંખ્ય પ્રદેશી છે, તેમાં અનંતા ગુણો ને પર્યાયો છે. સંસારદશામાં પર્યાયમાં વિકાર છે ને તેમાં નિમિત્તરૂપે કર્મ છે. આવું આત્માનું સ્વરૂપ જાણી પોતાના પરિણામને લીન કરે છે-સ્વરૂપમાં એકાગ્ર કરે છે ત્યારે આગમજ્ઞાન વર્તે છે, પણ પ્રત્યક્ષજ્ઞાન વર્તતું નથી.

અથવા હું આત્મા જ છું તેથી મારામાં જ્ઞાન છે. જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. રાગદ્વેષ આત્માનું સ્વરૂપ નથી. કર્મ, શરીરાદિ આત્મા નથી, જેમ કે સિદ્ધાદિક. વળી જ્યાં આત્મા નથી ત્યાં જ્ઞાન નથી, જેમ કે મૃત કલેવરાદિક.

અનંતા આત્મા છે, દરેક આત્મામાં અનંતા ગુણો છે, તેમાં એક જ્ઞાનગુણ છે. લાકડામાં જ્ઞાન નથી માટે તે આત્મા નથી. આવું ભાન કરી અનુમાન વડે વસ્તુનો નિશ્ચય કરી, અંતરમાં સ્થિર થાય છે તેથી અનુમાનને પરોક્ષ પ્રમાણ કહે છે. નિર્વિકલ્પ અનુભવ વખતની વાત ચાલે છે.

અહીં અનુભવદશા વખતે જ્ઞાનનું પરોક્ષપણું બતાવે છે. અહીં આગમ એટલે સમ્યક્ શ્રુતજ્ઞાન. તેમાં જૈન આગમ નિમિત્તમાત્ર છે. એકલા આગમનો નિર્ણય તે કાર્યકારી નથી. હું શુદ્ધ ચૈતન્ય છું એમ જ્ઞાન કરી, સ્વ તરફ વળે તો આગમથી નિર્ણય કર્યો કહેવાય.

હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું એવો અનુભવ આગમ ને અનુમાનાદિ વડે કર્યો હતો તેને યાદ કરે છે. આગમ અનુમાનાદિ વડે જે વસ્તુસ્વરૂપ જાણવામાં આવ્યું તેને યાદ કરીને પોતામાં પરિણામોને મગ્ન કરે છે તેથી તેને સ્મૃતિ કહીએ છીએ.

આ પ્રકારથી સ્વાનુભવમાં પરોક્ષ પ્રમાણ વડે જ આત્માનું જાણવાનું થાય છે, ત્યાં પ્રત્યક્ષપણું હોતું નથી. વળી જે સ્વરૂપ જાણ્યું, તેમાં જ પરિણામ મગ્ન થાય છે તેનું કાંઈ વિશેષ જાણપણું હોતું નથી. અનુભવમાં વિશેષ જ્ઞાન પ્રગટતું નથી પણ શાંતિ વિશેષ હોય છે.

**પ્રશ્ન** : સમકિતી લડાઈ કે ભોગ આદિમાં વર્તતો હોય તે સવિકલ્પદશા છે ને ધ્યાનમાં હોય ત્યારે નિર્વિકલ્પદશા છે, એ બેમાં જો જાણવાની વિશેષતા નથી તો અધિક આનંદ કેમ થાય ? પુણ્ય-પાપના ભાવમાં વર્તે છે ત્યારે આનંદ ઓછો હોય છે ને પુણ્ય-પાપ રહિત વર્તે છે ત્યારે આનંદ વધારે હોય છે. જ્ઞાન વિશેષ નહિ પણ આનંદ વિશેષ છે તેનું કારણ શું ?

**સમાધાન** : સમકિતી આત્માના ભાન સહિત પુણ્ય-પાપમાં વર્તતો હોય ત્યારે તેનું જ્ઞાન સ્ત્રી, કુટુંબ, વેપાર આદિ અનેક જ્ઞેયોને જાણવામાં વર્તતું ને નિર્વિકલ્પદશામાં માત્ર આત્માને જાણવામાં પ્રવર્તે છે એટલો ફેર છે. જ્ઞાનની દિશા બદલાણી એ એક વિશેષતા છે પણ જ્ઞાન વધ્યું છે -એમ નથી.

## અષાડ સુદ ૧૪, શનિવાર, ૨૫-૭-૫૩.

વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવી અંતરપ્રતીતિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. આ વિના સાચા વ્રત-તપ હોતા નથી. સમકિતી જીવ જાણે છે કે પરથી પાપ નથી, રાગમંદતાના ભાવ થાય તે પુણ્ય છે, આત્મા આનંદકંદ છે તેની રુચિ કરે તો ધર્મ થાય છે. જગતના જે કામ થાય તે જગતના છે, મારે જ્ઞાનઅવસ્થા સાથે સંબંધ છે, પુણ્ય-પાપ સાથે સંબંધ નથી. મારો સ્વભાવ જાણવા-દેખવાનો છે. રાગ સાથે ધર્મીનું જ્ઞાન એકત્વ થયું નથી પણ જ્ઞાનસ્વભાવ સાથે એકત્વ થયું છે. વિકાર હોવા છતાં



વિકાર સાથે જ્ઞાનનું એકત્વ થતું નથી. અશુભ પરિણામ વર્તે તો પાપ સહિત સમકિતી કહેવાય ને શુભ પરિણામ વર્તે તો પુણ્ય સહિત સમકિતી કહેવાય પણ પુણ્ય-પાપ સાથે સમકિતીને સંબંધ નથી. તે સમકિતી ધ્યાનમાં બેસે ત્યારે પુણ્ય-પાપની બુદ્ધિ છૂટી જાય છે ને સ્વભાવમાં લીન થાય છે તેને નિર્વિકલ્પદશા કહે છે. ત્યારે તેને અધિક આનંદ કેમ છે ? જ્ઞાનની અધિકતા નથી છતાં આનંદ વધારે કેમ છે ? પુણ્ય-પાપમાં હો કે સ્વભાવમાં હો તો પણ જ્ઞાન વધતું નથી તો ધ્યાનમાં આનંદ કેમ વધે છે ?

જેમ ધંધાના ધ્યાનમાં આજુબાજુની ચીજોની ખબર નથી પડતી, ત્યાં તે જીવ વિકારમાં ગૂમ થઈ જાય છે. અહીં સમકિતી જ્ઞાનમાં લીન થઈ જાય છે. શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં પણ ધ્યાન હોય છે. જૈન સિવાય અન્યમતવાળાને સાચું ધ્યાન હોતું નથી. અન્યમતવાળા કષાયમંદતા કરે તો પુણ્ય બાંધે પણ ધર્મ પામે નહિ.

આત્મા દ્રવ્યે નિત્ય છે ને અવસ્થાએ અનિત્ય છે એમ પોતામાં અનેક ધર્મ છે, તે પરના કારણે નથી. આત્મા દ્રવ્યે શુદ્ધ છે ને પર્યાયે અશુદ્ધ છે -એ સ્યાદ્વાદ છે. આત્મા નિશ્ચયથી પરનું કરી શકતો નથી પણ વ્યવહારે પરનું કરી શકે છે -એ સ્યાદ્વાદ નથી. વ્યવહારે પરની દયા પાળી શકાય છે દ્વએ સ્યાદ્વાદ નથી, એ ફુદડીવાદ છે, પોતાની અહિંસા કરી શકે છે પણ પરની હિંસા કે અહિંસા કરી શકતો નથી -એ સ્યાદ્વાદ છે. પરના દ્રવ્ય-ગુણ-પર્યાય પોતામાં નથી, પોતાનો નાસ્તિ સ્વભાવ પોતાના કારણે છે, પરના લીધે નથી. હું નિશ્ચયથી મારું કામ કરું છું ને વ્યવહારથી પરના કામ કરી શકું છું દ્વએ સ્યાદ્વાદ નથી. હું મારું કરી શકું છું પણ પરનું કદી પણ કરી શકતો નથી દ્વએ સ્યાદ્વાદ છે.

કર્મને લીધે અશુદ્ધતા થાય -એ સ્યાદ્વાદ નથી. દ્રવ્યસ્વભાવમાં શુદ્ધતા છે ને પર્યાયમાં અશુદ્ધતા છે. અશુદ્ધતામાં દ્રવ્યસ્વભાવ નથી ને દ્રવ્યસ્વભાવમાં અશુદ્ધતા નથી એનું નામ અનેકાંત છે. શુદ્ધ સ્વભાવથી ધર્મ થાય છે ને પુણ્યથી ધર્મ થતો નથી. દયા-દાનાદિ વિકાર અધર્મ છે, તે સ્વભાવમાં નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી; સ્વચતુષ્ટય પરમાં નથી ને પરચતુષ્ટય સ્વમાં નથી. દયા-દાનાદિથી ધર્મ નથી પણ સ્વના આશ્રયે ધર્મ છે. આમ પોતાના દ્રવ્ય ને પર્યાયમાં અનેકાંત લગાવવું. પુણ્ય-પાપ પરિણામ અધર્મ છે, પુણ્યને વ્યવહાર ધર્મ કહે છે તે ઉપચારનું કથન છે. સ્વભાવમાં પુણ્ય અથવા અધર્મ નથી ને અધર્મમાં ધર્મ નથી. વળી બધાની એકતા કરવી તે સ્યાદ્વાદ નથી. અથવા એક નયથી બીજાનું સાચું માની લેવું તે પણ સ્યાદ્વાદ નથી. ક્ષણિકવાળાને ક્ષણિકનું પણ સાચું જ્ઞાન નથી, જો સાચું જ્ઞાન હોય તો બીજા પડખાનો ખ્યાલ હોવો જોઈએ. પર્યાય ક્ષણિક છે, તે ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાં નથી. ત્રિકાળી સ્વભાવમાં ક્ષણિકતા નથી. આમ બધા પડખા જાણે તો ક્ષણિકનું જ્ઞાન સાચું છે. એકાંત ક્ષણિક માને તો ખોટું છે. વળી સાધકદશામાં એક જ્ઞાનધારા છે ને એક રાગધારા છે. ચારિત્રગુણની એક પર્યાયમાં બે ભાગ છે. અંશે શુદ્ધતા છે ને અંશે અશુદ્ધતા છે. નિર્વિકારી

અંશમાં વિકારી અંશ નથી, વિકારી અંશમાં નિર્વિકારી અંશ નથી.

આત્મા શરીરને ચલાવી શકતો નથી. ઈચ્છામાં શરીરની અવસ્થા પેસતી નથી ને શરીરની અવસ્થામાં આત્માની ઈચ્છા પેસતી નથી. એક ગુણમાં બીજા ગુણનો અભાવ, એક પર્યાયમાં બીજી પર્યાયનો અભાવ, અભેદમાં ભેદનો અભાવ, ભેદમાં અભેદનો અભાવ ૠઆમ અસ્તિ-નાસ્તિ બતાવે તે અનેકાંત છે. દ્રવ્ય-ગુણ-પર્યાય દરેકમાં અસ્તિ-નાસ્તિ લાગે છે.

અહીં પ્રશ્ન એમ પૂછેલ છે કે સવિકલ્પ-નિર્વિકલ્પ દશામાં જો જાણવાની વિશેષતા નથી તો અધિક આનંદ કેમ થાય ?

**સમાધાન** : સમકિતીનું જ્ઞાન અનેકરૂપે પ્રવર્તતું તે નિર્વિકલ્પદશામાં માત્ર આત્માને જ જાણવામાં પ્રવર્તે છે, એક તો એ વિશેષતા છે. જ્ઞાની સવિકલ્પદશામાં વર્તે ત્યારે તે અનેક જ્ઞેયોને જાણે ને નિર્વિકલ્પ-દશામાં વર્તે ત્યારે આત્માને જાણે છે. સ્વજ્ઞેય અને જ્ઞાન એવો ભેદ પણ ત્યાં પડતો નથી.

બીજી એ વિશેષતા છે કે જે પરિણામ વિવિધ વિકલ્પમાં પરિણમતા હતા તે માત્ર સ્વરૂપમાં જ તાદાત્મ્યરૂપ થઈ પ્રવર્ત્યા. પુણ્ય-પાપમાં અનેક વિકલ્પો હતા. તે વિવિધરૂપે પરિણમતા હતા, તે છૂટી સ્વમાં તાદાત્મ્યરૂપ થઈ પ્રવર્ત્યા.

ત્રીજી એ વિશેષતા છે કે એ બન્ને વિશેષતાઓથી કોઈ વચનાતીત અપૂર્વ આનંદ થાય છે. રાગની અસ્થિરતા છેદી સ્વરૂપમાં ઠર્યો ત્યારે અપૂર્વ આનંદ થાય છે. ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભવ વખતે એકાગ્ર થતાં જે આનંદ થાય છે તે વિષય સેવનના આનંદમાં હોતો નથી. સંસારના વિષયનો આનંદ તો ઝેર છે, તેથી તે આનંદ જ નથી. આત્માના આનંદને અતીંદ્રિય કહીએ છીએ. ચોથા, પાંચમા ને સાતમા ગુણસ્થાનવાળા જીવોની નિર્વિકલ્પદશા વખતની વાત છે. મુનિઓને જે મહાવ્રતના પરિણામ, ૨૮ મૂળગુણ પાલનના વિકલ્પો આવે તે પણ દુઃખદાયક છે, તેની નાસ્તિ કરી સ્વરૂપમાં પરિણમે છે ત્યારે અતીંદ્રિય આનંદ આવે છે.

સમિતિ-ગુપ્તિ આદિના બબ્બે ભેદ છે. વ્યવહાર સમિતિ પુણ્ય છે. હું જોઈને ચાલું તેવો વિકલ્પ તે પુણ્ય-આસ્રવ છે. પરની તેમ જ પુણ્ય-પાપની મારામાં નાસ્તિ છે એવું ભાન થયા પછી વિશેષ અકષાય પરિણતિ થવી તે નિશ્ચય સમિતિ છે. આવી નિશ્ચય સમિતિવાળાને શુભ રાગ વખતે વ્યવહાર સમિતિ હોય છે.

વળી અશુભ રાગથી બચી શુભ રાગમાં વર્તે છે તે વ્યવહાર ગુપ્તિ છે. તે કોને ? રાગમાં સ્વભાવ નથી ને સ્વભાવમાં રાગ નથી એવું ભાન થયા પછી વિશેષ લીનતા થાય તે નિશ્ચય ગુપ્તિ છે. આવી નિશ્ચય ગુપ્તિ હોય તેના શુભ રાગને વ્યવહાર ગુપ્તિ કહે છે.

પરની રક્ષા કરી શકું છું એમ માને તે મિથ્યાદષ્ટિ છે. અકષાય પરિણતિ નિશ્ચય છે ને રાગ વર્તે



છે તે વ્યવહાર છે. નિશ્ચયમાં વ્યવહાર નથી ને વ્યવહારમાં નિશ્ચય નથી -આમ ભાન હોવું જોઈએ.

પ્રથમ સામાયિક કોને કહેવી તે સમજવું જોઈએ. દેહની ક્રિયામાં ને પુણ્યની ક્રિયામાં ધર્મ માને તે મિથ્યાદષ્ટિ છે. મેં રાગ કર્યો માટે શરીર બેઠું તેમ માનનાર મૂઢ છે ને રાગ કર્યો તેથી સામાયિક થઈ એમ માને તે પણ મૂઢ છે. શુભ રાગ વિકાર છે, વિકારના અભાવસ્વરૂપ સ્વભાવમાં સ્થિર થાય તે સામાયિક છે. તીર્થંકર નામકર્મ જે ભાવે બંધાય તે શુભ રાગ છે-આસ્રવ છે. આસ્રવમાં સ્વભાવ નથી ને સ્વભાવમાં આસ્રવ નથી, એવું ભાન થયા વિના ધર્મ થતો નથી. આ તત્ત્વની વાત છે. અજ્ઞાનપૂર્વક વ્રત-તપાદિ ઘણી વાર કર્યાં છે.

યમ એટલે પાંચ મહાવ્રત પાળ્યાં, પ્રાણ જાય તો હિંસા ન કરે, જૂઠું ન બોલે, અબ્રહ્મચર્ય ન સેવે પણ તે રાગ છે. પર્યાયમાં રાગ છે, દ્રવ્યમાં રાગની નાસ્તિ છે એવી અંતર્દૃષ્ટિ વિના ધર્મ થતો નથી. સંસારરૂપ ઉદયભાવ સ્વભાવમાં નથી. વિકાર ઉપાધિભાવ છે, તે વિકાર સ્વભાવમાં નથી ૠએમ અનેકાંત છે. અનેકાંત તે અમૃત છે ને એકાંત તે ઝેર છે.

પ્રથમ દૃષ્ટિમાં અનેકાંત હતું તે સમ્યગ્દર્શન અમૃત છે, હવે સ્થિરતાનું અનેકાંત કરે છે. સ્થિરતામાં અસ્થિરતા નથી ને અસ્થિરતામાં સ્થિરતા નથી, તે સ્વરૂપનું વિશેષ આચરણરૂપ અનેકાંત અમૃત છે. નિર્વિકલ્પ દશા કહો, અમૃત કહો, પુણ્ય-પાપના પરિણામ રહિત દશા કહો કે અનેકાંત કહો -એક જ છે. વિકારમાં અમૃતસ્વરૂપ નથી ને અમૃતસ્વરૂપમાં વિકાર નથી -એવી દૃષ્ટિ થાય પછી સ્વભાવમાં સ્થિરતા થાય છે એ સાચું અનેકાંત છે, તે અમૃત છે.

શ્વેતાંબર શાસ્ત્રમાં વાત છે કે મેઘકુમારના જીવે હાથીના ભવમાં સસલાની દયા પાળી માટે સંસાર પરિમિત થયો પણ તે વાત ખોટી છે. પરની દયા તે રાગ છે, રાગથી સમકિત થાય ને સંસાર પરિમિત થાય તેમ બનતું નથી. નવમી ગ્રૈવેયક જનાર દ્રવ્યલિંગી મુનિએ ઘણી દયા પાળી પણ પોતાને અંતર્ભાન ન હોવાથી સંસાર પરિભ્રમણ ટળ્યું નહિ. પુણ્ય-પાપના પરિણામ સ્વભાવમાં નથી એવી પ્રતીતિ વિના સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન વિના મુનિપણું કેવું ?

મંદિર આદિમાં પૈસા વાપરવાનો શુભ ભાવ કરે તે પુણ્ય છે પણ અમે પૈસા આપીએ છીએ એમ અભિમાન કરે તો પાપ ભાવ છે. મેં પૈસા આપ્યા માટે પુણ્ય થયું ને તે પુણ્યથી ધર્મ થાય એમ માને તો મિથ્યાત્વનું મોટું પાપ લાગે છે.

અહીં ધર્મીની વાત છે. તેની ત્રણ વાત કરી. નિર્વિકલ્પદશામાં જ્ઞાનની વિશેષતા નથી પણ આનંદની વિશેષતા છે. સવિકલ્પદશામાં જ્ઞાન અનેક જ્ઞેયનો જાણવામાં વર્તતું તે જ્ઞાન આત્માને જાણવામાં વર્તે છે, જે પરિણામ વિવિધ વિકલ્પોમાં વર્તતા તે સ્વરૂપમાં પ્રવર્તે છે ને સ્વરૂપ અનુભવ વખતે વચનાતીત અપૂર્વ આનંદ થાય છે. વિષય સેવનમાં તે આનંદના અંશની જાત પણ હોતી નથી તેથી એ આનંદને અતીંદ્રિય કહીએ છીએ.

**અષાડ સુદ ૧૫, રવિવાર, ૨૬-૭-૫૩.**

પંડિત ટોડરમલજી લગભગ ૨૦૦ વર્ષ પહેલાં થઈ ગયા, તેમને સાધર્મી ગૃહસ્થે પ્રશ્ન પૂછ્યા હતા તેનો જવાબ આમાં છે. સમ્યગ્દર્શન પ્રત્યક્ષ કે પરોક્ષ નથી. જ્ઞાનાનંદ સ્વભાવની પ્રતીતિ થાય તે સમ્યગ્દર્શન છે. આત્મા અને શરીર આદિ પર પદાર્થો છે, અનેકને અનેક જાણે તો સાચું કહેવાય. બૈરાં, છોકરાં, પૈસામાં મારી હયાતી નથી ને મારી હયાતીમાં તે નથી -આ સાચું છે. સમ્યગ્દર્શનમાં 'સમ્યક્' શબ્દ પ્રશંસાવાચક છે. પરથી જુદાપણું જાણવું તે એક વાત થઈ. હવે બીજી વાત પુણ્ય-પાપ વિકાર છે, તેમાં ત્રિકાળી સ્વભાવ નથી ને ત્રિકાળી સ્વભાવમાં વિકાર નથી. પ્રથમ આવી સમજણ કરવી જોઈએ. પૃથક્ પૃથક્ માનવું ને અનુભવવું તે ભેદજ્ઞાન છે.

મિથ્યાત્વ, અજ્ઞાન, રાગદ્વેષ ક્ષણિક ઉપાધિ છે, તેટલો જ આત્મા નથી, ક્ષણિક ઉપાધિ જેટલો આત્મા હોય તો વિકાર રહિત કદી થઈ શકે નહિ. અજ્ઞાનીને પુણ્યની મીઠાસ ઘણી છે. અબજો રૂપિયા વાપરે તો ખૂટે નહિ તેવા પુણ્યના સંયોગ ચક્રવર્તીને છે, છતાં તે સંયોગો પર છે. અહીં તો તે ઉપરાંતની વાત છે. એક સમયમાં ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર ને વીર્યની પરિપૂર્ણ મૂર્તિ છે. તેની દૃષ્ટિ કરી, વિકારની રુચિ છોડી, સ્વભાવની પ્રતીતિ ને અનુભવ કરવો તે ધર્મ છે.

વાણી આત્માથી તો બોલાતી નથી, હોઠથી પણ બોલાતી નથી. હોઠ આહારવર્ગણામાંથી બને છે ને ભાષા ભાષાવર્ગણામાંથી બને છે. જીભ ને કંઠ આહારવર્ગણામાંથી બનેલ છે. એક વર્ગણાથી બીજી વર્ગણા ન થાય. મેસુબનો લોટ ઝીણો હોય છે, મગજનો લોટ જાડો હોય છે, તે જાડો લોટ મેસુબમાં કામ ન આવે. બન્ને જુદા જુદા છે. ભાષાવર્ગણાના પરમાણુ જુદા છે, કાર્માણવર્ગણાના પરમાણુ જુદા છે ને આહારવર્ગણાના પરમાણુ જુદા છે તેથી આહારવર્ગણામાંથી ભાષા ન થાય તો પછી આત્માને લીધે ભાષા થાય તે અશક્ય છે.

સમકિતી જ્યારે આત્મલીનતામાં હોય ત્યારે તેને નિર્વિકલ્પ અનુભવ કહે છે. જડની ક્રિયા મારી નથી, પુણ્ય-પાપ મારું સ્વરૂપ નથી, હું જ્ઞાન છું એવી પ્રતીતિ સમકિતીને કાયમ રહે છે. એ ઉપરાંત સમકિતી ધ્યાનમાં હોય ત્યારે તેને આનંદ આવે છે. પુણ્ય-પાપના ભાવથી ખસી આત્મામાં વળે ત્યારે સિદ્ધના જેવો આનંદ આવે છે, તેને નિર્વિકલ્પ આનંદ કહે છે. આ માટે પ્રથમ સાચી ઓળખાણ કરવી જોઈએ.

એકડો શીખવા માટે પાંચસો રૂપિયા આપે કે પચાસ ઉપવાસ કરે તો કામ ન આવે, વાળના લોચ કરે તો એકડો ન આવડે, એકડાના જ્ઞાન વડે એકડાનું અજ્ઞાન ટળે, તેમ અબજો રૂપિયાનું દાન કરે, તપ કરે તો પણ ધર્મનો એકડો ન આવડે, પણ જ્ઞાન કરવાથી સ્વરૂપ સમજાય. દયા, દાન, વ્રતથી શાંતિ ને ધર્મ મળતાં નથી, તેથી રહિત મારું ચૈતન્ય નિરાળું છે એવી પ્રતીતિ કરે તેને ધર્મ



કહે છે, તે વિના સુખ થાય નહિ. પૈસા તેના કારણે આવે ને જાય છે. અજ્ઞાની અભિમાન કરે છે. અહીં કહે છે કે વિકાર આત્માનું સ્વરૂપ નથી, આત્મા તો જ્ઞાનસ્વરૂપી છે -એવી પ્રતીતિ કરવી તે ધર્મ છે.

નિર્વિકલ્પ અનુભવ વખતે સાધકને આત્માના અસંખ્ય પ્રદેશ પ્રત્યક્ષ ન જણાય, કેવળજ્ઞાનીને અસંખ્ય પ્રદેશ ને તેના ગુણો પ્રત્યક્ષ જણાય.

**પ્રશ્ન** : એ અનુભવમાં પણ આત્મા પરોક્ષ જ છે તો ગ્રંથોમાં એ અનુભવને પ્રત્યક્ષ કેમ કહ્યો? સમકિતી તિર્યંચને પણ આવો અનુભવ હોય છે, તે સિદ્ધના જેવો આનંદ લ્યે છે. હવે તેને અનુભવ પ્રત્યક્ષ કેમ કહ્યો ? કારણ કે ઉપરની ગાથામાં જ કહ્યું છે કે શાસ્ત્રમાં અનુભવને પ્રત્યક્ષ કહ્યો છે. **''पच्चक्खो अणुहवो जम्हा''**

**ઉત્તર** : અનુભવમાં તો આત્મા પરોક્ષ જ છે, અસંખ્ય પ્રદેશ પ્રત્યક્ષ દેખાતા નથી. કેવળી ભગવાન અસંખ્ય પ્રદેશોને જાણે છે. સમકિતીના પરિણામ સવિકલ્પ દશામાં પુણ્ય-પાપમાં હતા તે છોડી સ્વરૂપમાં મગ્ન થતાં જે સ્વઅનુભવ થયો તે સ્વાનુભવ પ્રત્યક્ષ છે, તેમાં રાગ કે મનનું અવલંબન નથી. આનંદનો પ્રત્યક્ષ સ્વાદ આવે છે. એ આનંદનો સ્વાદ શાસ્ત્ર દ્વારા જાણ્યો નથી. જેમ લવણનો સ્વાદ શાસ્ત્રથી આવતો નથી પણ પોતાને ખબર પડે છે તેમ આત્માના અનુભવનો સ્વાદ પોતાથી થાય છે, તે કાંઈ શાસ્ત્રથી આવતો નથી, માટે અનુભવ પ્રત્યક્ષ છે.

જેમ આંધળો સાકર ખાય છે ત્યાં સાકરના વર્ણ તથા આકારને દેખતો નથી પણ સાકરનો સ્વાદ લ્યે છે. આંધળો સાકરનો સ્વાદ લ્યે અને વકીલ સ્વાદ લ્યે તેના સ્વાદના અનુભવમાં કાંઈ ફેર નથી. જીભ વડે જે સ્વાદ લીધો છે તે પ્રત્યક્ષ છે. સમ્યગ્દૃષ્ટિ જીવને જે આનંદ આવે છે તે પ્રત્યક્ષ છે. આ પ્રમાણે અનુભવની અપેક્ષાએ સમકિતીનો અનુભવ પ્રત્યક્ષ છે.

ચિદાનંદ આત્મા છે તે શત્રુંજય છે. વિકારને નાશ કરવાવાળો આત્મા છે, તેના આશ્રયે જાત્રા થાય છે. ભગવાનની ભક્તિ, પૂજા, જાત્રા આદિ શુભ રાગ છે. અશુભ રાગથી બચવા તે આવે છે, તેનાથી પુણ્ય બંધાય છે, ને સંસારની સગવડ મળે છે, પણ તે ભાવ ખરેખર ઝેર છે. છતાં વીતરાગ દશા ન થાય ત્યાં સુધી પુણ્ય પરિણામ આવે છે. જેને પુણ્ય પરિણામ મીઠા લાગે છે તે મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય પરિણામ વિષ્ટા સમાન છે છતાં અજ્ઞાનીને મીઠા લાગે છે. આત્મા મીઠો છે તે તેને સમજાતો નથી. આત્માનું સ્વરૂપ સમજવા માટે કાળ જાય તે પણ ધર્મ માટેનો કાળ છે.

અજ્ઞાનીને પુણ્યની મીઠાસ લાગે છે. અત્યારે તો પુણ્યના પણ ઠેકાણાં નથી. આગમ પ્રમાણે શ્રદ્ધા, પ્રરૂપણા, જ્ઞાન ને આચરણ કરીને નવમી ગ્રૈવેયકે જીવ અનંતવાર ગયો, પણ આત્માની રુચિ વિના એક પણ ભવ ઘટ્યો નહિ. છ ઢાળામાં આવે છે કે :

**मुनिव्रत धार अनंतवार ग्रीवक उपजायौ ।**
**पै निज आतमज्ञान विना सुख लेश न पायौ ।।**

પાંચ મહાવ્રતના પરિણામ તે ધર્મ નથી. વ્યવહાર શ્રદ્ધા અને આચરણ અનંતવાર કર્યા પણ આત્મા ન સમજ્યો તેથી ધર્મ ન થયો. ને સમકિતી બાહ્ય સંયોગોમાં દેખાતો હોવા છતાં ધર્મી છે ને અજ્ઞાની મુનિ થઈ જાય તો પણ અધર્મી છે.

હવે પ્રત્યક્ષનો બીજો ખુલાસો કરે છે.

અથવા જે પ્રત્યક્ષ જેવું હોય તેને પણ પ્રત્યક્ષ કહીએ છીએ. જેમ લોકમાં પણ કહીએ છીએ કે અમે અમુક ભાઈને ધ્યાનમાં કે સ્વપ્નમાં પ્રત્યક્ષ જોયો. હવે તેને પ્રત્યક્ષ જોયો તો નથી પરંતુ પ્રત્યક્ષ માફક-પ્રત્યક્ષવત્ તે પુરુષને યથાર્થ દેખ્યો તેથી તેને પ્રત્યક્ષ કહી શકાય. તેમ સમ્યગ્દર્શન સહિત અનુભવ વખતે આત્મા પ્રત્યક્ષ માફક યથાર્થ પ્રતિભાસે છે. આનંદ આત્માનો સ્વભાવ છે. આ ન્યાયે મતિ-શ્રુતજ્ઞાન આત્મામાં વર્તતું હોય ત્યારે તેને પ્રત્યક્ષ કહીએ છીએ ને પરમાં ને રાગમાં રોકાયું હોય ત્યારે પરોક્ષ કહીએ છીએ. કથન તો અનેક પ્રકારના હોય છે પણ તે સર્વ આગમ અને અધ્યાત્મશાસ્ત્રથી વિરોધ ન આવે તેમ વિવક્ષા ભેદ વડે જાણવા.

**પ્રશ્ન** : એવો અનુભવ કયા ગુણસ્થાનમાં કહ્યો છે ?

**સમાધાન** : આ ચોથા ગુણસ્થાનની વાત છે. શ્રાવક ને મુનિ થયા પહેલાની આ વાત છે. આ કેવળીની વાત નથી. ચોથે ગુણસ્થાને વ્રત-તપ હોતા નથી પણ જ્ઞાનસ્વભાવની પ્રતીતિ વર્તે છે. દર્શનપ્રતિમા, વ્રતપ્રતિમા લીધા પહેલા ચોથાથી આ દશા શરૂ થાય છે ને જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ આનંદ વધતો જાય છે, ક્રિયાકાંડથી આગળ વધતો નથી.

દિગંબર સંપ્રદાયમાં જન્મવાથી શ્રાવક થવાતું નથી. સત્તાસ્વરૂપમાં કહે છે કે દિગંબરમાં જન્મવા છતાં જેને બાહ્ય લક્ષણથી સાચા દેવ-ગુરુ-ધર્મની પિછાન નથી તેને ગૃહીત મિથ્યાત્વનો પણ ત્યાગ નથી, અગૃહીત તો પડેલું છે જ.

અહીં કહે છે કે આત્માના અનુભવવાળાને સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા હોય છે ને કુદેવાદિની શ્રદ્ધા છૂટી ગઈ હોય છે, તેવા સમકિતીને આત્માનો આનંદ થયો હોય છે પણ ચોથાવાળાને ઘણા કાળના અંતરાળે થાય છે, પાંચમે ગુણસ્થાને અનુભવ શીઘ્ર શીઘ્ર થાય છે અને મુનિને સાતમું ગુણસ્થાન વારંવાર આવે છે.

**પ્રશ્ન** : અનુભવ તો રાગ રહિત છે તો ઉપરના અને નીચેના ગુણસ્થાનમાં સ્વ-અનુભવમાં પરસ્પર ભેદ શો ? આત્માના અનુભવમાં વિકલ્પ નથી. પછી ચોથે, પાંચમે કે સાતમે તે અનુભવ હોય તેમાં શું ફેર ? જો રાગવાળી દશા હોય તો ફેર પડે પણ રાગ રહિત દશામાં ફેર કેમ પડે ?



**સમાધાન** : ચોથે ગુણસ્થાને સમકિતીને જે આનંદ વર્તે છે તેના કરતાં પાંચમે વિશેષ લીનતા છે, ચોથે અનંતાનુબંધી કષાય એક જ ટળ્યો છે ને પાંચમે અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ટળ્યા છે તેથી વિશેષ લીનતા છે. મુનિને ત્રણ કષાય ટળ્યા છે, તેથી તેમને લીનતા વિશેષ છે, તેઓ વારંવાર સાતમે આવે છે. આત્માના આનંદની મગ્નતા ઘણી હોય છે, એકાગ્રતા વધારે છે. અહીં કાળની અપેક્ષાએ વાત નથી.

જેમ બે પુરુષ નાવિક છે અને બન્નેના પરિણામ નાવ વિષે છે ત્યાં એકને તો પરિણામમાં લીનતા વધારે છે ને બીજાને થોડી છે. તેમ ચોથે, પાંચમે, સાતમે ગુણસ્થાને પરિણામ તો આત્મામાં છે પણ એકાગ્રતામાં ફેર છે.

## વીરશાસન જયંતી દિન

### અષાડ વદ ૧, સોમવાર, ૨૬-૭-૫૩.

આજે શ્રાવણ વદ એકમ છે. લૌકિક દૃષ્ટિએ અષાડ વદ ૧ છે. પૂર્ણિમાએ માસ પૂરો થાય છે. શાસ્ત્ર અપેક્ષાએ અષાડ સુદ ૧૫ના દિવસે અષાડ પૂરો થયો ને આજે શ્રાવણ વદ એકમ છે. ભગવાન મહાવીરને વૈશાખ સુદ દસમના રોજ કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલ પણ ૬૬ દિવસ સુધી વાણી નીકળી ન હતી. આજે વાણી નીકળી. શ્વેતાંબર કહે છે કે વૈશાખ સુદ ૧૧ના દિવસે ગણધર આવ્યા. સુદ ૧૦ના દિવસે કેવળજ્ઞાન થયેલ ને વાણી નીકળી હતી પણ તે દેશના ખાલી ગઈ, પરંતુ તેમ હોઈ શકે નહિ. ભગવાને પૂર્વે ત્રીજા ભવે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરેલ હતું. સમ્યગ્દર્શનની ભૂમિકામાં એવો શુભ રાગ આવ્યો કે હું પૂર્ણ થાઉં ને જગતના જીવો ધર્મ પામી પૂર્ણ થાઓ. એવો શુભ રાગ હોવા છતાં તેનો નિષેધ વર્તતો હતો. છતાં નબળાઈથી જે શુભ રાગ થયો તેના નિમિત્તે તીર્થંકર નામ કર્મ બંધાયેલ હતું, તેનો ઉદય કેવળજ્ઞાન થતાં તેરમે ગુણસ્થાને આવે છે. તેમની વાણી ખાલી જાય તેમ બને નહિ. કેમ કે જગતના જીવો ધર્મ પામો -એવા શુભ રાગના નિમિત્તે જે કર્મપ્રકૃતિ બંધાણી તેના ઉદય વખતે વાણી નીકળે ને જગતના જીવો ધર્મ ન પામે તેમ બને નહિ. ધર્મ પામનાર ન હોય ત્યારે વાણી પણ ન નીકળે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. વાણી વાણીના કારણે નીકળે છે પણ એવો સંબંધ છે.

જો વાણી નિરર્થક જાય તો પૂર્વનો શુભ રાગ નિરર્થક જાય છે, માટે તેમ બને નહિ. વૈશાખ સુદ ૧૦થી આજ દિવસ સુધી વાણી નીકળવાની યોગ્યતા નહોતી ને સામે ધર્મ પામવાને પાત્ર જીવો પણ ન હતા. ઈંદ્રને થયું કે ભગવાનની વાણી કેમ નીકળતી નથી ? અવધિજ્ઞાનથી જાણે છે કે કોઈ પાત્ર જીવ નથી તેથી વિદ્યાર્થીનો વેષ લઈને ગૌતમ પાસે જાય છે. તે વખતે ગૌતમ વેદાંતને માનતા હતા. ચર્ચા માટે તેમને ભગવાનના સમવસરણમાં લાવે છે. ત્યાં ચાર બાજુ ચાર સોનાના માનસ્તંભ હોય

છે, તેને જોઈને તીવ્ર માન ગળી જાય છે. ગૌતમ વેદના જાણકાર હતા. માનસ્તંભને જોઈને તેમનું માન ગળી જાય છે તે ગૌતમની પાત્રતા છે. તે જ વખતે ભગવાનની વાણી નીકળી. વાણી નીકળે ને પાત્ર જીવ ન હોય તેમ બને નહિ. વાણીનો કાળ ન હતો ને પાત્ર જીવો પણ ન હતા.

**પ્રશ્ન** : પહેલા ઇંદ્રને વિચાર કેમ ન આવ્યો ?

**સમાધાન** : પ્રથમ વિચાર ન આવ્યો તેવી ઇંદ્રની લાયકાત ને વાણી પણ ખરવાની ન હતી તે તેની લાયકાત. જે સમયે દિવ્યધ્વનિ નીકળવાનો હતો તે જ વખતે ગૌતમને ગણધર થવાની યોગ્યતા હતી.

અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. ભગવાનને દિવ્યધ્વનિ નીકળ્યો, ગૌતમને સમ્યગ્દર્શન ને મુનિપદ પ્રગટ્યું, ગણધર થયા, બાર અંગ ને ચૌદ પૂર્વનું રહસ્ય પામીને ગૂંથણી કરી. તેથી આજના દિવસને વીરશાસન જયંતી દિન કહે છે. તીર્થની રચના, ગૌતમ ગણધરને ચાર જ્ઞાનની પ્રાપ્તિ, બાર પૂર્વ ને ચૌદ અંગની રચના, દિવ્યધ્વનિનો દિવસ -એમ આજે માંગલિક દિવસ છે.

આ વાણીમાં ઘણા ન્યાય છે, વાણી નીકળી તે તેનો કાળ હતો ને ગણધરની હાજરીનો કાળ બન્ને એકી સાથે છે. વાણી વખતે ગણધર ન હોય એમ બને નહિ. માટે જે કહે છે કે વાણી નીકળી ત્યારે ગણધર ન હતા અથવા વાણી અફળ ગઈ તે સત્યથી વિરુદ્ધ વાત છે. શાસનની વૃદ્ધિના ભાવથી તીર્થંકર નામકર્મ બંધાયું તે પ્રકૃતિના ઉદય વખતે વાણી નીકળે ને વાણીને ઝીલનાર પાત્ર જીવ ન હોય તેમ બને નહિ.

આ સંપ્રદાયની વાત નથી. વસ્તુની એવી મર્યાદા છે. કુંદકુંદાચાર્ય પણ કહે છે કે અમને સમયસાર બનાવવાનો વિકલ્પ ઊઠ્યો ને સમયસાર રચાઈ ગયું ત્યારે તેને સમજનાર પાત્ર જીવો ન હોય તેમ બને નહિ.

પોતાના પિતાની મૂડી હોય તો તેમના મૃત્યુ પછી છોકરો તેને તપાસે છે કારણ કે તેની રુચિ છે. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય વગેરે મહાન સંતોએ સનાતન જૈન દર્શનને ટકાવી રાખ્યું છે. તીર્થંકર કેવળી ને સંતો આ વારસો મૂકી ગયા છે, સનાતન વસ્તુસ્વરૂપ વાણી દ્વારા નીકળેલ છે ને ગ્રંથો દ્વારા રચાયેલું છે તેનો ખ્યાલ કરવો જોઈએ. આ વારસો ધર્માત્મા લ્યે છે.

卐



## (હવે રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપરનું પ્રવચન)

કુદેવાદિની શ્રદ્ધા છોડી છે. પરનું કાર્ય મારું નથી, હું જ્ઞાનાનંદ છું એવી દૃષ્ટિ થઈ છે તે ધર્મી જીવ પુણ્ય-પાપના વિકલ્પ છોડી સ્વરૂપમાં લીન થાય છે ત્યારે કોઈ વિકલ્પ હોતા નથી. આઠ વર્ષની દીકરીને પણ સમ્યગ્દર્શન વખતે આવી દશા હોય છે. પછી અશુભ રાગ આવે તો લગ્ન પણ કરે છતાં આત્માનું ભાન વર્તે છે. હવે તેવા ધર્મી જીવને રાગ રહિત દશા વર્તે છે તેને નિર્વિકલ્પ દશા કહે છે.

**પ્રશ્ન** : જો રાગ રહિત દશાના અનુભવમાં કોઈ વિકલ્પ નથી તો શુક્લધ્યાનનો પ્રથમ ભેદ જે પૃથક્ત્વ-વિતર્કવીચાર કહ્યો છે તેમાં પૃથક્ત્વ = અનેક પ્રકારના, વિતર્ક = શ્રુતરૂપ,

વીચાર = અર્થ, વ્યંજન અને યોગની પલટના થાય છે, -એમ કેમ કહ્યું હશે ?

અર્થ = દ્રવ્ય, ગુણ, પર્યાય; વ્યંજન = શબ્દ અને

યોગ = મન, વચન, કાયાના નિમિત્તે યોગનું પલટવું થાય છે -એમ કેમ કહ્યું હશે ?

**ઉત્તર** : કથન બે પ્રકારે હોય છે. એક સ્થૂળરૂપ છે ને બીજું સૂક્ષ્મરૂપ છે. જેમ સ્થૂળરૂપે છઠ્ઠા ગુણસ્થાને વર્તતા ભાવલિંગી મુનિને સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત કહ્યું છે, તે સર્વથા મૈથુનથી નિવર્તે છે છતાં સૂક્ષ્મપણે તો નવમા ગુણસ્થાન સુધી વેદનો ઉદય છે. અબુદ્ધિપૂર્વક વેદનો ઉદય હોય છે. કોઈને પુરુષવેદનો, કોઈને સ્ત્રીવેદનો, કોઈને નપુંસકવેદનો ઉદય હોય પણ બહારમાં પુરુષનું શરીર હોય, સ્ત્રીનું શરીર ન હોય. (સ્ત્રી પાંચમા ગુણસ્થાનથી ઉપર ન જઈ શકે.) છતાં સ્થૂળપણે છઠ્ઠે ગુણસ્થાને બ્રહ્મચારી કહ્યા. તેમ ચોથે, પાંચમે ને સાતમે ગુણસ્થાને ધ્યાન વખતે રાગ બુદ્ધિમાં આવતો નથી તેથી નિર્વિકલ્પતા સ્થૂળરૂપે કહી છે. નિર્વિકારી સ્વભાવની શ્રદ્ધા વિના ધ્યાન ન હોય.

સૂક્ષ્મતાએ તો પૃથક્ત્વવિતર્કવીચાર ભેદ વા કષાયાદિક દસમા ગુણસ્થાન સુધી કહ્યા. દસમા ગુણસ્થાન સુધી સંજ્વલન લોભનો ઉદય છે પણ તે બુદ્ધિમાં પકડાતો નથી તેથી તે સૂક્ષ્મ પરિણામ છે.

**પ્રશ્ન** : સમકિતીને પુણ્ય-પાપની રુચિ નથી, સ્વભાવની રુચિ છે. ધ્યાનમાં બેસે ત્યારે કાંઈ બહારના સંયોગની ખબર હોતી નથી. તો તે વખતે રાગ છે કે નહિ ?

**સમાધાન** : ભરત ચક્રવર્તી છ ખંડ સાધવા જાય છે. વચમાં સાત દિવસ સુધી મુશળધાર વરસાદ પડે છે, તે હુકમ કરે છે કે જાઓ, તપાસ કરો કે શું છે ? આ કૃત્રિમ વરસાદ છે. તેના સેનાધિપતિ જયકુમાર જાય છે. દેવની સહાયથી દેવ સામે લડે છે, દેવો ભાગી જાય છે, તે જીતી આવે છે. ભરત ચક્રવર્તીએ સેનાધિપતિને મેઘેશ્વરનું પદ આપ્યું. છતાં તેમને ભાન હતું કે આ મારું કાર્ય નથી, હું તો જ્ઞાનસ્વરૂપ છું.

દાગીનો વેચી નાખ્યા પછી તેને સાચવવાની ફિકર નથી. તેમ જ્ઞાનીને શરીર, મન, વાણી, રાજ્ય, પૈસા વગેરેનું સ્વામિત્વ ઊડી ગયું છે તેથી તેની ફિકર નથી, અજ્ઞાનીને તેનું સ્વામીત્વ વર્તે છે.

અહીં ધ્યાનની વાત ચાલે છે.

પોતાના તથા અન્યના જાણવામાં આવી શકે એવા ભાવનું કથન સ્થૂળ છે, અને જે પોતે પણ જાણી ન શકે, માત્ર કેવળી ભગવાન જ જાણે એવા ભાવોનું કથન સૂક્ષ્મ જાણવું. કોઈ મુનિ ધ્યાનમાં હોય છે ત્યારે પરિષહનો ખ્યાલ ન આવે પણ છઠ્ઠે આવે ત્યારે ખ્યાલ આવે. સૂક્ષ્મ ખ્યાલ છદ્મસ્થને આવતો નથી, તે તો કેવળજ્ઞાની જ જાણી શકે છે.

ચરણાનુયોગમાં સ્થૂળ કથન છે, કરણાનુયોગ આદિમાં સૂક્ષ્મ કથન છે. જેમ કે કરણાનુયોગ પ્રમાણે દસમા ગુણસ્થાને રાગ છે. એવા ભેદ અન્ય ઠેકાણે પણ જાણવા. એ પ્રમાણે નિર્વિકલ્પ અનુભવનું સ્વરૂપ જાણવું.

વળી પ્રશ્નમાં ગૃહસ્થે દૃષ્ટાંત લખેલા તેનો ઉત્તર આપે છે. તેમણે પૂછેલ કે સમ્યગ્દર્શન વખતે જે સમ્યગ્જ્ઞાન હોય તે બીજના ચંદ્રમા જેવું ને કેવળજ્ઞાન પૂનમના ચંદ્ર જેવું છે –એવો દાખલો લાગુ પડે છે ? વળી જળબિંદુ અંશ છે ને મહાસાગર મોટો છે તેમ સમ્યગ્જ્ઞાન એક અંશ છે ને કેવળજ્ઞાન આખા મહાસાગર સમાન છે. તેમ હશે ? અગ્નિના કણ સમાન સમ્યગ્જ્ઞાન છે ને અગ્નિકુંડ સમાન કેવળજ્ઞાન હશે ?

તમોએ ત્રણ દૃષ્ટાંત લખેલા અથવા દૃષ્ટાંત દ્વારા પ્રશ્ન લખ્યા પણ દૃષ્ટાંત સર્વાંગ મળતા આવે નહિ. દૃષ્ટાંત એક પ્રયોજનને બતાવે છે. અહીં બીજનો ચંદ્ર, જળબિંદું તથા અગ્નિકણ એ એકદેશ છે અને પૂર્ણિમાનો ચંદ્ર, મહાસાગર તથા અગ્નિકુંડ એ સર્વદેશ છે. તે દૃષ્ટાંતનું પ્રયોજન એ લેવું કે ચોથે સમ્યગ્જ્ઞાનનો અંશ પ્રગટ્યો ને તેરમે કેવળજ્ઞાન પ્રગટ્યું તેની જાતિ એક છે. જેમ બીજનો ચંદ્ર ને પૂર્ણિમાનો ચંદ્ર, જળબિંદુ ને મહાસાગર, અગ્નિકણ ને અગ્નિકુંડ –તેની જાતિ એક છે તેમ સમકિતીને મતિ–શ્રુતજ્ઞાન પ્રગટ્યું તે એકદેશ છે ને કેવળજ્ઞાન સર્વદેશ છે. તે જાતિ અપેક્ષાએ એક છે.

**પ્રશ્ન** : જો એક જાતિ છે તો જેમ કેવળી સર્વ જ્ઞેયને પ્રત્યક્ષ જાણે છે તેમ ચોથા ગુણસ્થાનવાળો આત્માના અસંખ્ય પ્રદેશને પ્રત્યક્ષ જાણતો હશે ? કેવળજ્ઞાન આત્માને સંપૂર્ણ પ્રત્યક્ષ જાણે તો સમ્યગ્જ્ઞાની આત્માને અંશે પ્રત્યક્ષ જાણતો હશે ?

જુઓ, સાધર્મી ભાઈઓ શાસ્ત્રના કેવા અભ્યાસી હતા, તેઓ પ્રશ્ન પૂછે છે ને પં. ટોડરમલજી જવાબ આપે છે. ૨૮ વર્ષની નાની ઉંમરે આવો ઉઘાડ હતો. હજારો શાસ્ત્રોનું રહસ્ય આમાં મૂકી દીધું છે.

સમ્યગ્જ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે માટે તે લોકાલોકને ન જાણે પણ સમ્યગ્જ્ઞાન આત્માને જાણે



કે નહિ ? બન્ને જ્ઞાનની જાતિ એક છે તો કેવળી ભગવાન બધાને પ્રત્યક્ષ જાણે છે તો સમ્યગ્દષ્ટિ આત્માને પ્રત્યક્ષ જાણતો હશે ? તેમ પ્રશ્ન પૂછ્યો છે.

તેનું **સમાધાન** : ભાઈ શ્રી ! પ્રત્યક્ષતાની અપેક્ષાએ એક જાતિ નથી. ચોથે, પાંચમે કે મુનિને જે સમ્યગ્જ્ઞાન થયું છે તે પ્રત્યક્ષની અપેક્ષાએ એક જાતિ નથી પણ સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ એક જાતિ છે. કેવળી લોકાલોકને જાણે ને સમ્યગ્જ્ઞાની આત્માને જાણે એવા પ્રત્યક્ષપણાની અપેક્ષાએ જાતિ એક નથી. ધર્મી જીવનું જ્ઞાન સાચું છે પણ સાચું છે માટે અસંખ્ય પ્રદેશને પ્રત્યક્ષ જાણે–એમ નથી.

દાખલાનો મેળ સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ લાગુ પડે પણ પ્રત્યક્ષતાની અપેક્ષાએ લાગુ ન પડે. કોઈ પાંચ કરોડ રૂપિયાનો આસામી હોય ને કોઈ પાંચ હજાર રૂપિયાનો આસામી હોય તો પણ એક નાત હોવાથી બન્ને દશાશ્રીમાળી છે. નાતમાં ભેદ નથી તેમ કેવળજ્ઞાન ને સમ્યગ્જ્ઞાનની જાતિમાં ભેદ નથી.

જેમ દરિયો ને જલબિંદુ –જાતિ અપેક્ષાએ એક છે તેમ કેવળજ્ઞાન ને ચોથા ગુણસ્થાનવાળાના સમ્યગ્જ્ઞાનની જાતિ એક છે, પણ પ્રત્યક્ષની અપેક્ષાએ જાતિ એક નથી. કેવળજ્ઞાની લોકાલોકને પ્રત્યક્ષ જાણે માટે સમ્યગ્જ્ઞાની આત્માને પ્રત્યક્ષ જાણે –એમ નથી. બીજનો ચંદ્ર આખા ચંદ્રનો ભાગ છે પણ તાવડીનો અંશ નથી તેમ કેવળજ્ઞાન આખો પ્રકાશ છે ને ચોથે જ્ઞાનનો થોડો પ્રકાશ છે પણ જાતિ એક છે, સમ્યક્પણાની અપેક્ષાએ ફેર નથી પણ પ્રત્યક્ષપણાની અપેક્ષાએ ફેર છે.

## અષાડ વદ ૨, મંગળવાર, ૨૮–૭–૫૩.

આત્માની યથાર્થ પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે, તેમાં પ્રત્યક્ષ–પરોક્ષપણું નથી. સમ્યગ્દર્શન સાથે જે જ્ઞાન થાય તેમાં પ્રત્યક્ષ–પરોક્ષનો ભેદ હોય છે. કેવળજ્ઞાન પૂર્ણ પ્રત્યક્ષ છે. આત્મજ્ઞાનીને આત્મજ્ઞાન થાય પણ અસંખ્ય પ્રદેશ ને તેના ગુણો તથા પર્યાયો મતિ–શ્રુતજ્ઞાની પ્રત્યક્ષ જાણી ન શકે, તે વાત ચાલે છે.

રાગની ક્રિયા તથા જડની ક્રિયાનો સ્વામી ન માને તેને સ્વ–પરનું યથાર્થ જ્ઞાન હોય છે. તેની પ્રરૂપણામાં ફેર ન હોય. ચોથા ગુણસ્થાનવાળાનું ને તેરમા ગુણસ્થાનવાળાનું જ્ઞાન જાતિ અપેક્ષાએ એક છે. તેમાં મતિ–શ્રુતજ્ઞાન એકદેશ કહેવાય છે, પણ તે આત્માના પ્રદેશોને પ્રત્યક્ષ દેખતું નથી.

વળી એકદેશ–સર્વદેશમાં અંતર તો એટલું જ છે કે મતિ–શ્રુતજ્ઞાની જીવ ધર્મ, અધર્મ, આકાશ અને કાળને અપ્રત્યક્ષ જાણે છે ને પરમાણુ આદિ રૂપી પદાર્થને કોઈને પ્રત્યક્ષ અથવા પરોક્ષ કિંચિત્ અનુક્રમપૂર્વક જાણે છે. કેવળજ્ઞાની સર્વ વસ્તુને –મૂર્ત તથા અમૂર્તને– યુગપદ્ સર્વથા જ્ઞાનમાં જાણી લ્યે છે. મતિ–શ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે ને કેવળજ્ઞાની પ્રત્યક્ષ જાણે છે એટલો વિશેષ ભેદ છે.

વળી જો મતિ–શ્રુતજ્ઞાન ને કેવળજ્ઞાનને સર્વ પ્રકારે એક જ જાતિ કહીએ તો જેમ કેવળજ્ઞાની યુગપત્ પ્રત્યક્ષ અપ્રયોજનરૂપ જ્ઞેયને નિર્વિકલ્પપણે જાણે છે તેમ એ મતિ–શ્રુત સમ્યગ્જ્ઞાની પણ જાણે,

પણ એમ તો નથી. સમ્યગ્જ્ઞાનીને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, દેવ-ગુરુ-ધર્મ, નવ તત્ત્વો વગેરે પ્રયોજનભૂતનું જ્ઞાન છે. કેવળજ્ઞાની ઘટ-પટના આકાર વગેરે અપ્રયોજનભૂત તથા પ્રયોજનભૂત બન્નેને પ્રત્યક્ષ જાણે છે. સમ્યગ્જ્ઞાનીને પ્રયોજનભૂત જ્ઞાન છે, અપ્રયોજનભૂત જ્ઞાન વિશેષ નથી. કેવળજ્ઞાનીને અપ્રયોજનભૂતનું જ્ઞાન પણ પ્રત્યક્ષ છે. સમકિતીને કોઈ અપ્રયોજનભૂત પદાર્થનું જ્ઞાન કદાચિત્ ખોટું પણ હોય. દોરડીને સર્પ જાણે પણ પ્રયોજનભૂતમાં ભૂલ ન થાય.

કેવળજ્ઞાની પ્રયોજનભૂત તથા અપ્રયોજનભૂત પદાર્થોને રાગની અવલંબન વિના જાણે છે. જો મતિ-શ્રુતજ્ઞાન ને કેવળજ્ઞાન પ્રત્યક્ષની અપેક્ષાએ સરખા હોય તો મતિ-શ્રુતજ્ઞાનમાં પણ અપ્રયોજનભૂત પદાર્થો પ્રત્યક્ષ જણાવા જોઈએ પણ એમ તો નથી. તેથી મતિ-શ્રુતજ્ઞાન પરોક્ષ અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે -એવો ભેદ જાણવો. કહ્યું છે કે —

**स्याद्वादकेवलज्ञाने सर्वतत्त्वप्रकाशने ।**
**भेदः साक्षादसाक्षाच्च ह्यवस्त्वन्यतमं भवेत् । १०५ ।**

**-अष्टसहस्री दशमपरिच्छेद**

**અર્થ :** સમ્યગ્જ્ઞાનીનું શ્રુતજ્ઞાન ને કેવળજ્ઞાન -એ બન્ને સર્વ તત્ત્વોને પ્રકાશનારા છે. સ્યાદ્વાદ તે કથન પદ્ધતિ છે. અનેકાંત તે વસ્તુનો સ્વભાવ છે, સ્વપણે છે ને પરપણે નથી, પર્યાય પર્યાયપણે છે ને દ્રવ્યપણે નથી. આમ અનેક ધર્મોમાં એક ધર્મને મુખ્ય કરી બીજાને ગૌણ કરી અપેક્ષાએ કથન કરે તે સ્યાદ્વાદ છે.

દરેક પદાર્થોમાં અનેક ધર્મો છે. સ્યાદ્વાદ વડે બધા ધર્મોને એકી સાથે કહી શકાતા નથી, સાકર શબ્દ વાચક છે ને સાકર પદાર્થ વાચ્ય છે, તેમાં વાચક-વાચ્ય સંબંધ છે પણ સ્યાદ્વાદ ને અનંત ધર્માત્મક વસ્તુ વચ્ચે વાચક-વાચ્ય સંબંધ નથી પણ દ્યોતક-દ્યોત્ય સંબંધ છે. સ્યાદ્વાદ વડે વસ્તુના બધા ધર્મો એકી સાથે કહી શકાતા નથી, જ્યારે વસ્તુમાં તો અનેક ધર્મો એકી સાથે છે. સ્યાદ્વાદ એક ધર્મને મુખ્ય કરે ને બીજા ધર્મને ગૌણ કરે છે. વસ્તુસ્વરૂપમાં મુખ્ય-ગૌણ નથી. નિત્ય-અનિત્ય, શુદ્ધ-અશુદ્ધ આદિ અનેક ધર્મો એકી સાથે છે, પણ સ્યાદ્વાદ એકી સાથે કહી શકતું નથી. માટે વાચક-વાચ્ય સંબંધ નથી. સ્યાદ્વાદ અનેક ધર્મોનો દ્યોતક છે.

આમ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન એ બન્ને સર્વ તત્ત્વોને પ્રકાશનારા છે. ભેદ એટલો જ કે કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે.

અત્યારે કેવળજ્ઞાનના સ્વરૂપમાં ઘણા જીવોને શંકા વર્તે છે. જે દ્રવ્યમાં, જે પર્યાય, જે કાળે, જે પ્રકારે થવાની તે થવાની ને જે સમયે જે નિમિત્ત આવવાનું તે આવવાનું -બન્ને નિશ્ચિત છે, એમાં ફેરફાર નથી. આમ નિર્ણય કરે તો કેવળજ્ઞાનનો નિર્ણય થાય ને કેવળજ્ઞાનનો નિર્ણય થતાં આત્માનો નિર્ણય થાય છે.



કેવળજ્ઞાની સ્વ-પરને પ્રત્યક્ષ જાણે છે, શ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે. કોઈ કહે કે વસ્તુના કેટલાક વિશેષ ધર્મો શ્રુતજ્ઞાન જાણે પણ કેવળજ્ઞાન ન જાણે તો તે ભૂલ છે. કેવળજ્ઞાની પૂર્વે મતિ-શ્રુતજ્ઞાની હતા. મતિ-શ્રુતજ્ઞાનમાં પૂર્વે જે ધર્મો જણાયા તેને પણ કેવળજ્ઞાની જાણે છે. જે થયું, થાય છે અને થશે તે બધું જાણે છે. કોઈ પર્યાય કેવળજ્ઞાનની જાણ બહાર નથી. લોકો વસ્તુસ્વરૂપ સમજ્યા નથી. જે સમયે જે રાગ થવાનો તે થવાનો, જે સમયે જે નિમિત્ત આવવાનું તે આવવાનું ને જે સમયે સમ્યગ્જ્ઞાન થવાનું તે સમયે થવાનું —તેવો નિર્ણય સ્વભાવ સન્મુખ થતાં થાય છે. આમાં ક્રમબદ્ધપર્યાય, સર્વજ્ઞદશા ને દ્રવ્યદૃષ્ટિનો નિર્ણય થાય છે.

અહીં કહે છે કે શ્રુતજ્ઞાન ને કેવળજ્ઞાન એકબીજાથી અન્યરૂપે નથી. શ્રુતજ્ઞાની પણ સ્યાદ્વાદથી ઘણું જાણે છે. કેવળજ્ઞાની જેવું પ્રત્યક્ષ જાણે છે તેવું શ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે. આમ પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે. રાગને જાણે, સ્વભાવને જાણે, દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, અસ્તિ-નાસ્તિરૂપે જાણે એવી તાકાત શ્રુતજ્ઞાનમાં છે. આત્મા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિરૂપે છે, પરપણે નથી. આમ યથાર્થ જ્ઞાન થતાં અનંતા પદાર્થોનું જ્ઞાન થાય છે. માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે.

વળી તમોએ નિશ્ચય અને વ્યવહાર સમ્યક્ત્વનું સ્વરૂપ લખ્યું તે સત્ય છે, પરંતુ એટલું જાણવું કે સમ્યગ્દૃષ્ટિને આત્મા અખંડાનંદ પૂર્ણ સ્વરૂપની શ્રદ્ધા થઈ છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યક્ત્વ છે. તે શુભ રાગમાં અરાગ સમકિત પડેલું છે, એટલે કે જેને સાચા દેવ-ગુરુ-ધર્મની પ્રતીતિ થઈ, નવ તત્ત્વની રાગ સહિત યથાર્થ પ્રતીતિ થઈ તેવા રાગના કાળમાં તેને રાગ રહિત ચિદાનંદ આત્માની દૃષ્ટિ પણ હોય છે. તેવી નિશ્ચયદૃષ્ટિ હોય તો શુભ રાગને વ્યવહાર કહે છે. સમકિતીને વ્યવહાર સમ્યક્ત્વમાં નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે, મિથ્યાદૃષ્ટિને વ્યવહાર સમકિત હોતું નથી.

યશોવિજયજી-શ્વેતાંબર ઉપાધ્યાય કહે છે કે 'વ્યવહારી તે સમકિતી છે' -તે ભૂલ છે. અહીં કહે છે કે વ્યવહાર સમ્યક્ત્વમાં નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે, નિરંતર ગમનરૂપ છે. નિશ્ચયમાં વ્યવહાર નથી, વિકલ્પમાં નિર્વિકલ્પ નથી એવું ભાન છે. ચોથા, પાંચમા કે છઠ્ઠા ગુણસ્થાને જ્યારે શુભ રાગનો વિકલ્પ ઊઠે છે તે વખતે પણ નિશ્ચય સમકિત પરિણમનરૂપ છે. રાગ વિનાના દ્રવ્યસ્વભાવની પ્રતીતિ વર્તે છે.

અજ્ઞાની જીવો વસ્તુને સમજે નહિ તેથી પુણ્યને તથા દેવલોકને ઈચ્છે છે. જ્યારે દેવો કહે છે કે અમે મનુષ્ય થઈ ક્યારે ચારિત્રદશા પામીએ. અમારા પુરુષાર્થની નબળાઈથી આયુષ્ય બંધાઈ ગયું, પણ અમે મનુષ્ય થઈ કેવળજ્ઞાન પામશું -એમ ભાવના ભાવે છે. તેથી મનુષ્યને 'દેવાનુપ્રિય' કહે છે. મનુષ્યભવ દેવને પણ પ્રિય છે. સમકિતીને ભવની કે આસ્રવની ભાવના નથી પણ જ્ઞાનની એકાગ્રતા કરી પૂર્ણ થાઉં એવી ભાવના હોય છે. સમકિતી જીવો આવી ભાવના ભાવે છે, ને અજ્ઞાની જીવો દેવના ભવની ને સંયોગની ભાવના ભાવે છે, તે મિથ્યાત્વ છે.

અહીં નિશ્ચય સમકિતવાળાની વાત છે, તેણે અનેકાંતસ્વરૂપ જાણ્યું છે. પોતે છે તો પોતાના પરિણામ

થાય છે, પરને લીધે થતાં નથી. દરેક પદાર્થ સ્વતંત્ર ઉત્પાદરૂપે પરિણમે છે ત્યારે બીજી ચીજ નિમિત્ત હોય છે. આવું સાચું જ્ઞાન પ્રથમ હોવું જોઈએ. વ્યવહાર સમકિત પહેલું ને નિશ્ચય સમકિત પછી -એમ નથી, બન્ને એક સાથે છે. શુભ રાગના કાળે અરાગી સ્વભાવની પ્રતીતિ વર્તે છે.

જ્ઞાયક ક્રમબદ્ધપર્યાયમાં પરિણમનારો છે. પરની પર્યાય કે પોતાની પર્યાય ફેરવી શકતો નથી. આમ નિર્ણય કરનારની સ્વભાવ ઉપર દૃષ્ટિ છે. નિર્ણય કોના આધારે કરે છે ? રાગના, નિમિત્તના કે પર્યાયના આશ્રયે નિર્ણય થાય છે ? ના, ગુણી સ્વભાવના આશ્રયે નિર્ણય કરે તો નિર્ણય સાચો છે.

વ્યવહાર સમ્યક્ત્વનો ભાવ રાગ છે ને નિશ્ચય સમ્યક્ત્વનો ભાવ અરાગ છે. વ્યવહારનો વાચ્ય મલિનતા છે ને નિશ્ચયનો વાચ્ય નિર્મળતા છે. આમ બન્ને જુદી વસ્તુ છે. ''શુભ રાગમાં નિશ્ચય સમકિત ગર્ભિત છે'' તેનો શો અર્થ ? અનંતાનુબંધીનો અભાવ થઈ જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે નિશ્ચય છે. મલિન પર્યાય તે નિર્મળ પર્યાયને મલિન કરતી નથી. તેવી રીતે મુનિને છઠ્ઠા ગુણસ્થાને પંચ મહાવ્રતના પરિણામ રાગ છે. તે જ વખતે ત્રણ કષાય ટળી અરાગ પરિણામ વર્તે છે. તે ચારિત્રગુણની એક પર્યાયમાં બે ભાગ છે. તેમાં રાગ ભાગ અરાગ ભાગને મલિન કરતો નથી. જો રાગ ભાગ અરાગ ભાગને મલિન કરે તો અરાગ ભાગ રહેતો નથી.

ચોથે ગુણસ્થાને જેટલી નિર્મળ દશા થાય છે તેટલી અવસ્થાને રાગ મેલી કરતી નથી. મિથ્યાદૃષ્ટિનો ક્ષયોપશમભાવ ઉઘાડરૂપ છે ને કેટલોક જ્ઞાનનો અભાવ છે. જો અભાવ ભાવ સદ્ભાવરૂપ ભાવને નુકસાન કરે તો જ્ઞાન ઉઘાડરૂપ ન રહે. તેમ પાંચમે ગુણસ્થાને બે કષાય ટળી નિર્મળ પરિણામ થયા તેને બાકીના બે કષાય મલિન કરી શકે નહિ. નિર્મળ અંશને મલિન અંશ મલિન કરે તો મલિન ને નિર્મળ બે એક થઈ જાય, તો બે ભાગ રહે નહિ, ને તો સાધકદશા રહે નહિ. એક જ્ઞાનધારા ને એક રાગધારા બન્ને એકી સાથે હોય છે. જો રાગધારા બિલકુલ ન હોય તો કેવળી થઈ જાય ને જો જ્ઞાનધારા બિલકુલ ન હોય તો સાધક રહેતો નથી -આમ સાધક જીવને બન્ને અંશો સાથે હોય છે.

સાધક જીવને વ્યવહાર સમકિત હોય છે, કેવળી ભગવાનને વ્યવહાર સમકિત હોતું નથી, એકલું નિશ્ચય સમકિત હોય છે. અહીં સાધકની વાત છે. તેને શુભ રાગ વખતે પણ અરાગી પરિણમન નિરંતર ગમનરૂપ છે.

શ્વેતાંબર કહે છે કે વ્યવહાર પ્રથમ હોય છે ને પછી નિશ્ચય હોય છે, પણ તે વાત ખોટી છે. અહીં કહે છે કે નિશ્ચય-વ્યવહાર બન્ને એકી સાથે છે-સમકાળે છે. વ્યક્તિ વિરોધની વાત નથી પણ જેવું તત્ત્વ છે તેવું તત્ત્વ કહે. ઊંધાને ઊંધું કહે પણ ખોટો સમભાવ ન કરે. ઝેર ને અમૃતને સરખા માને નહિ.

કોઈ કહે કે સત્ય પ્રિય હોવું જોઈએ. કહ્યું કે ''તમે જૈનો ઈશ્વરકર્તા માનતા નથી તેથી અમને દુઃખ લાગે છે.'' તો કહે છે કે ''જગતના તત્ત્વો અનાદિ અનંત છે. નિત્યને બનાવનાર કહો તો



તત્ત્વો અનિત્ય થઈ જાય છે. તે વસ્તુસ્વરૂપથી વિરુદ્ધ છે. વસ્તુનો કર્તા કોઈ નહિ હોવા છતાં તમે વસ્તુનો કર્તા કહો છો તેથી વસ્તુનો કર્તા નહિ માનનાર જૈનોને ખોટું લાગશે.''

માટે સત્યમાં દુઃખ નથી. અજ્ઞાનને લીધે દુઃખ લાગે છે. દારૂ વેચવાવાળાને દારૂના નિષેધકો ખરાબ લાગશે, તેથી શું દારૂબંધી ન કરવી ? એવી કઈ ચીજ છે કે આખા જગતને સારી લાગે ? માટે જે ચીજ સત્ય છે તેને જ સત્ય માનવી. બ્રહ્મચર્યના વખાણ કરવાથી વ્યભિચારીને ખરાબ લાગે તેથી શું બ્રહ્મચર્યના વખાણ ન કરવાં ? સત્ય વાત કરતાં અજ્ઞાનીને અજ્ઞાનના કારણે દુઃખ લાગે છે. માટે સત્ય સદા પ્રિય જ છે.

વળી તમે લખ્યું કે કોઈ સાધર્મી કહે છે કે ''આત્માને પ્રત્યક્ષ જાણે તો કર્મવર્ગણાઓને પ્રત્યક્ષ કેમ ન જાણે ?'' તેનું **સમાધાન** :- આત્માને પ્રત્યક્ષ તો કેવળી જાણે છે. નીચલી દશામાં આનંદની અપેક્ષાએ પ્રત્યક્ષ કહેલ છે પણ અસંખ્ય પ્રદેશની અપેક્ષાએ મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ નથી. કેવળી ભગવાન કર્મવર્ગણાને જાણે અથવા અવધિજ્ઞાની પણ કર્મવર્ગણાને જાણે, શ્રુતજ્ઞાની કર્મવર્ગણાને ન જાણે.

વળી તમે લખ્યું કે ''બીજના ચંદ્રની જેમ આત્માના પ્રદેશ થોડા ખુલ્લા છે એમ કહો,''પરંતુ એ દૃષ્ટાંત પ્રદેશની અપેક્ષાએ નથી પણ ગુણની અપેક્ષાએ છે. આખા ચંદ્રમાંથી બીજના દિવસે થોડો ભાગ ખુલ્લો છે તેમ સમ્યગ્દર્શન વખતે થોડા પ્રદેશો તદ્દન નિરાવરણ થઈ જાય ને બાકીના પ્રદેશો આવરણરૂપ રહે -એમ નથી. જ્ઞાનગુણનો જે અંશ નિર્મળ થયો તે આખા આત્મામાં છે. જેટલી નિર્મળતા થઈ છે તે આખા આત્મામાં છે. અસંખ્ય પ્રદેશમાં ગુણનો એક અંશ નિર્મળ થયો. અહીં ગુણ ભાવના અંશની અપેક્ષાએ વાત છે પણ ક્ષેત્ર અપેક્ષાએ દૃષ્ટાંત લાગુ પડતું નથી.

## અષાડ વદ ૩, બુધવાર, ૨૯-૭-૫૩.

સમ્યગ્જ્ઞાન થતાં થોડા પ્રદેશો તદ્દન નિર્મળ ને બાકીના પ્રદેશો આવરણવાળા હશે ? એમ પ્રશ્ન પૂછેલ છે. તો તેનો ઉત્તર આપે છે કે તે દૃષ્ટાંત પ્રદેશની અપેક્ષાએ નથી, ગુણની-પર્યાયની અપેક્ષાએ વાત છે. ચંદ્રનો અમુક ભાગ ખુલ્લો થયો તેમ અમુક પ્રદેશો તદ્દન નિર્મળ થઈ ગયા -એમ નથી.

એ પ્રમાણે સમ્યક્ત્વ -ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક- ના જવાબ લખ્યા, વળી સ્વાનુભવ અને પ્રત્યક્ષાદિક સંબંધી તમે જે પ્રશ્નો લખ્યા હતા તેનો પ્રત્યુત્તર મારી બુદ્ધિ અનુસાર લખ્યા છે. તમે આ અભિપ્રાય જિનવાણીથી તથા પોતાની પરિણતિથી મેળવી લેશો. અહીં વિશેષ ક્યાં સુધી લખીએ? જે વાત જાણવામાં આવે તે લખવામાં આવી શકે નહિ, મળ્યે કંઈક કહી શકાય, પરંતુ મળવું કર્માધીન છે. મળવારૂપની યોગ્યતા પોતાની છે ને કર્મનું નિમિત્તપણું છે. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે તેની પ્રાપ્તિના ઉદ્યમમાં ને અનુભવમાં રહેવું ને વર્તવું. વર્તમાનકાળમાં અધ્યાત્મતત્ત્વ તો આત્મા છે. માટે આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવા.

તે સમયસારગ્રંથની શ્રી અમૃતચંદ્ર આચાર્યકૃત ટીકા સંસ્કૃતમાં છે, આગમની ચર્ચા ગોમ્મટસારમાં છે તથા પ્રવચનસાર આદિ અન્ય ગ્રંથોમાં પણ છે. જે વાત જાણી છે તે સર્વ લખવામાં આવે નહિ. તેથી તમે અધ્યાત્મ તથા આગમગ્રંથોનો અભ્યાસ રાખજો. હું શુદ્ધ ચૈતન્ય છું એવી દૃષ્ટિમાં લીન રહેજો. વળી તમે કોઈ વિશેષ ગ્રંથ જાણ્યા હોય તો મને લખી મોકલજો, સ્વધર્મીને તો પરસ્પર ધર્મચર્ચા જોઈએ. ધર્મની ચર્ચા-વાર્તા એ જ કર્તવ્ય છે. વળી મારી તો એટલી બુદ્ધિ છે નહિ પરંતુ તમારા જેવા ભાઈઓથી આ પરસ્પર વિચાર છે. તે હવે ક્યાં સુધી લખીએ ? જ્યાં સુધી મળવું ન થાય ત્યાં સુધી પત્ર તો શીઘ્ર જ લખ્યા કરો.

મિતિ ફાગણ વદ ૫, સંવત ૧૮૧૧..

**ૐ શાંતિઃ**

**પંડિતપ્રવર શ્રી ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર ગુરુદેવશ્રીના પ્રવચન સંપૂર્ણ.**

જીવ પદાર્થ અનાદિકાળથી ઊંધી દૃષ્ટિવાળો છે. આત્મા જ્ઞાનમૂર્તિ છે, દયા-દાનાદિ પર છે. વિકાર સ્વયંસિદ્ધ થાય છે, શરીર આદિ અજીવ છે, તે વિકાર કરાવતા નથી. આવું સ્વ-પરનું જ્ઞાન જેને નથી તેને સાચો ત્યાગ હોતો નથી. મિથ્યાત્વ ટળ્યા વિના સામાયિક, પોષહ આદિ ન હોય, સમ્યગ્દર્શન વિના વ્રત, સંયમ, તપ, ત્યાગ સાચા ન હોય. તેને બાળવ્રત ને બાળતપ કહે છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ -એ પાંચ આસ્રવ છે. મિથ્યાત્વ ટળ્યા વિના અવ્રત ટળે નહિ, અવ્રત ટળ્યા વિના પ્રમાદ ટળે નહિ, પ્રમાદ ટળ્યા વિના કષાય ટળે નહિ ને કષાય ટળ્યા વિના યોગ ટળે નહિ.

**એ પ્રમાણે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્રમાં ઉપદેશનું સ્વરૂપ પ્રતિપાદન કરવાવાળો આઠમો અધિકાર સંપૂર્ણ.**

**સ્વર્ગીય કવિવર શ્રી બનારસીદાસજી રચિત**

# શ્રી પરમાર્થ વચનિકા

ઉપર

## પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના

**પ્રવચનોનો સંક્ષિપ્ત સાર**

**અષાડ વદ ૩, બુધવાર, ૨૯-૭-૫૩.**

હવે પરમાર્થ વચનિકા શરૂ થાય છે.

પં. બનારસીદાસજીની આ પરમાર્થ વચનિકા રહસ્યપૂર્ણ ચિઠ્ઠી કરતાં વધારે સૂક્ષ્મ છે. વળી તેમણે ઉપાદાન-નિમિત્તના સાત દોહામાં પણ બહુ સરસ વાત કરી છે. સમયસાર નાટકમાં પણ કહ્યું છે કે વ્યવહારથી લાભ માને તે મિથ્યાદૃષ્ટિ છે. જેટલા વ્યવહારના ભેદ છે તેટલા મિથ્યાત્વના ભેદ છે -એમ કેવળી કહે છે. તે વાત મૂકીને અધ્યાત્મની બહુ સરસ વાત કરી છે.

'બનારસી વિલાસ'માંથી આ ચિઠ્ઠી લીધી છે.

એક જીવદ્રવ્યથી શરૂઆત કરી છે. એક રાઈ જેટલી બટેટાની કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે. એક એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગણા જીવો છે. તેવા એક એક જીવની વાત કરે છે.

જીવદ્રવ્ય એક છે, તેમાં અનંતા ગુણો છે ને તેની અનંતી પર્યાયો છે. એક એક ગુણના અસંખ્ય પ્રદેશ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણો અસંખ્ય પ્રદેશોમાં વ્યાપેલ છે. એક એક પ્રદેશ પર અનંતી કર્મવર્ગણાઓ છે. એક એક વર્ગણા વિષે અનંત અનંત પુદ્ગલ પરમાણુ છે. આ બધું જ્ઞાનમાં જણાઈ જાય તેવું છે. જ્ઞાનની એક સમયની પર્યાયમાં લોકાલોક જણાય તેવી તાકાત પડી છે. અજ્ઞાનીને બંગલા, રૂપિયા વગેરે પર પદાર્થોનો મહિમા આવે છે. અહીં જ્ઞાનનો મહિમા બતાવે છે. એક કર્મવર્ગણા વિષે અનંતાનંત પરમાણુ છે. તે પુદ્ગલ પરમાણુમાં અનંતા ગુણો છે ને અનંત પર્યાય છે. આ પ્રમાણે સંસાર અવસ્થિત એક જીવપિંડની અવસ્થા છે. સંસારમાં રહેલા જીવની વાત છે, સિદ્ધની વાત નથી. એ જ પ્રમાણે અનંતા સંસારી જીવ સપિંડરૂપ જાણવા. નિગોદથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધી

આ જીવ આ પ્રમાણે જાણવા. ચૌદમે ગુણસ્થાને ચાર કર્મો બાકી છે. એક જીવદ્રવ્ય અનંત પુદ્ગલદ્રવ્ય સાથે સંયોગે રહેલ છે, છતાં બન્ને ભિન્ન છે તેનું વિવરણ :-

એક એક જીવની અવસ્થા ભિન્ન ભિન્ન છે. નિગોદના એક શરીરમાં અનંતા જીવો હોવા છતાં દરેકની અવસ્થા જુદી જુદી છે, કોઈથી એકમેક નથી, પણ વિચિત્રતા છે. એક જીવદ્રવ્ય જે પ્રકારની અવસ્થા સહિત પરિણમે તે પ્રકારે અન્ય જીવથી મળતો આવે નહિ. નિગોદના દરેક જીવનો આકાર સ્થૂળપણે સરખો છે પણ સૂક્ષ્મપણે તારતમ્યતાથી ફેર છે. સામાન્ય અવગાહમાં ફેર નથી પણ વિશેષમાં ફેર છે. વિશેષમાં ફેર ન હોય તો જુદા જુદા જીવો ન હોય. દરેક પોતાના આકારથી રહે છે. શરીર ને આયુષ્ય સાધારણ હોવા છતાં આકાર ફેર છે. દરેક જીવ જુદે જુદો છે, એકની પર્યાય બીજાની પર્યાય સાથે મેળ ખાય નહિ. તેને ઇંદ્રિય, પર્યાપ્તિ આદિ સાધારણ હોવા છતાં દરેકની પર્યાયમાં ફેર છે. કોઈ હોય ભવી, કોઈ હોય અભવી, કોઈ હોય અનંત સંસારી, કોઈ હોય અલ્પકાળમાં મુક્તિ પ્રાપ્ત કરનારો -આમ ભિન્નતા છે. એક જીવની અવસ્થા બીજાથી અન્ય અવસ્થારૂપ હોય. એ પ્રમાણે અનંતાનંત સ્વરૂપ જીવદ્રવ્ય અનંતાનંત સ્વરૂપ અવસ્થાપૂર્વક વર્તી રહ્યા છે. કોઈની અવસ્થા કોઈની સાથે સર્વથા મેળ ખાય નહિ. કેવળજ્ઞાનાદિમાં સરખાપણું હોય છતાં કેવળીના ઉદયભાવ સરખા નથી. બધા જીવના પરિણામ એક સરખા હોઈ શકે નહિ. આ દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા બતાવે છે. ત્રણે અહેતુક સત્ છે.

એ જ પ્રમાણે એક પુદ્ગલ પરમાણુ એક સમયમાં જે પ્રકારની અવસ્થા ધારણ કરે તે અવસ્થા અન્ય પુદ્ગલ પરમાણુદ્રવ્યથી મળતી આવે નહિ તેથી પરમાણુની પણ અન્ય અવસ્થા જાણવી. એક પરમાણુનો આકાર બીજા છૂટા પરમાણુના આકાર જેવો હોય પણ તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણમાં ફેર હોય. વળી સ્કંધમાં કોઈમાં લૂખાશ-ચીકાશ સરખી હોય તો પણ તારતમ્યતામાં ફેર છે. જેમ દરેક જીવની અવસ્થામાં ભેદ છે તેમ એક પરમાણુ બીજા પરમાણુ સાથે મળતો આવે નહિ. બધા જડેશ્વર ભગવાન છે, જડની મોટપ રાખનારા છે.

હવે જીવદ્રવ્ય ને પુદ્ગલદ્રવ્ય એકક્ષેત્રાવગાહી અનાદિકાળથી છે. તેમાં વિશેષ એટલું કે જીવદ્રવ્ય એક છે ને તેમાં કાર્માણવર્ગણા અનંત છે તેથી પુદ્ગલ પરમાણુદ્રવ્ય અનંતાનંત છે. તેમાં કેટલાક પરમાણુ થોડો કાળ રહે ને કેટલાક લાંબો કાળ રહે, તે પોતાના કારણે આવે ને જાય, જીવને લીધે નહિ. વળી દરેક સ્કંધનો આકાર જુદો જુદો છે, તેથી અનંતાકાર પરિણમનરૂપ કહ્યું. એ બધાને કેવળજ્ઞાની જાણે છે તે તેમની ઋદ્ધિ છે. પરમાણુનું આવવું જવું, આકાર થવો વગેરે પરમાણુને લીધે છે, આત્માને લીધે નથી. જીવની સાથે એકક્ષેત્રે રહેવા છતાં તે જીવને આધીન નથી. તે બંધ-મુક્તિશક્તિ સહિત વર્તી રહ્યા છે. જુઓ, સ્વતંત્રતા ! એક એક પરમાણુનો આકાર સરખો હોય પણ વિભાવની યોગ્યતા જુદી જુદી છે, દરેક પોતાના સ્વચતુષ્ટય લઈને પડ્યા છે. સ્કંધોના આકાર જુદા જુદા છે.



હવે જીવદ્રવ્યની અનંતી અવસ્થા છે. તેમાં ત્રણ અવસ્થા સ્થાપી. એક અશુદ્ધ અવસ્થા, બીજી શુદ્ધાશુદ્ધરૂપ મિશ્ર અવસ્થા તથા ત્રીજી શુદ્ધ અવસ્થા. આ ત્રણે અવસ્થા સંસારીની જાણવી. ત્રણમાં અનંતા ભેદ જાણવા. સંસારાતીત સિદ્ધને અનવસ્થિતરૂપ કહીએ છીએ.

<u>હવે ત્રણ અવસ્થા સંબંધી વિચાર</u> - એક અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય, બીજું મિશ્ર-નિશ્ચયાત્મક દ્રવ્ય અને ત્રીજું શુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય છે. અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી અશુદ્ધ વ્યવહાર છે, મિશ્ર-નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી મિશ્ર વ્યવહાર છે તથા શુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી શુદ્ધ વ્યવહાર છે. તેનો ખુલાસો કરે છે.

## નિશ્ચય અને વ્યવહારનું વિવરણ

નિશ્ચય તો અભેદરૂપ દ્રવ્ય તથા વ્યવહાર દ્રવ્યના યથાસ્થિત ભાવ છે. અહીં વ્યવહાર એટલે નિમિત્ત કે કર્મની વાત નથી. વ્યવહાર એટલે પર્યાય લેવી. વિશેષ એટલું છે કે જ્યાં સુધી સંસારાવસ્થા છે ત્યાં સુધી વ્યવહાર કહેવાય. સિદ્ધમાં પર્યાય છે છતાં તેને અહીં લીધા નથી.

પર્યાયમાં મલિન, મિશ્ર કે શુદ્ધ ભેદ પડે તે વ્યવહાર છે. નિગોદથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીના જીવોમાં દ્રવ્યની અભેદતા ને પર્યાયની ભેદતા કેવી રીતે લાગુ પડે છે તે બતાવે છે. સિદ્ધને વ્યવહારાતીત કહેવાય. સંસાર-વ્યવહાર એ બન્ને એકરૂપ કહ્યો. અર્થાત્ સંસારી તે વ્યવહારી, ને વ્યવહારી તે સંસારી. અનંતા ભેદમાંથી ત્રણ ભેદ પાડ્યા. અશુદ્ધ દ્રવ્યની સાથે અશુદ્ધ વ્યવહાર છે ને મિશ્ર-નિશ્ચયાત્મક દ્રવ્ય સાથે મિશ્ર વ્યવહાર છે ને શુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્યને શુદ્ધ વ્યવહાર છે. મિથ્યાદષ્ટિ અશુદ્ધ છે, સાધકજીવ મિશ્રમાં આવે છે ને કેવળજ્ઞાની શુદ્ધમાં આવે છે.

## એ ત્રણે અવસ્થાનું વિવરણ

(૧) **અશુદ્ધ-નિશ્ચયાત્મક અશુદ્ધ વ્યવહારી** દ્ર જ્યાં સુધી મિથ્યાત્વ અવસ્થા છે ત્યાં સુધી અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય ને અશુદ્ધ વ્યવહાર છે. અશુદ્ધતાને દ્રવ્યમાં અભેદ ગણી અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય કહ્યું. પુણ્ય-પાપ હું, શરીર હું એવો મિથ્યાત્વ ભાવ હોવાથી તેને અશુદ્ધ દ્રવ્ય કહ્યું. અશુદ્ધ પર્યાયને ભેદરૂપ કહી વ્યવહાર કહેલ છે. વ્યવહાર કેમ કહ્યો ? સહકારી છે માટે. સ્વભાવને નહિ માનતા પુણ્ય-પાપને માને છે તેનું દ્રવ્ય અશુદ્ધરૂપે પરિણમે છે.

દ્રવ્ય અશુદ્ધરૂપે પરિણમેલ છે માટે રાગદ્વેષની પર્યાયને સહકારી કહેલ છે. જ્ઞાન ને આનંદનું પરિણમન નથી ને એકલી મલિનતા છે માટે અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય કહ્યું ને તેના અશુદ્ધ પર્યાયને વ્યવહાર કહેલ છે. કર્મ તથા પર પદાર્થને વ્યવહાર કહેલ નથી. અશુદ્ધની માન્યતાવાળો જીવ છે માટે અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય છે. જ્યારે પરિણતિ ફરશે ને સાધકદશા થશે ત્યારે મિશ્ર-નિશ્ચયાત્મક દ્રવ્ય કહેશે ને શુદ્ધદશા થશે ત્યારે શુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય કહેશે.

અહીં દ્રવ્યને અશુદ્ધ કેમ કહ્યું ? ને વ્યવહારને સહકારી કેમ કહ્યો ? મિથ્યાદષ્ટિ જીવને ચિદાનંદ આત્માની પ્રતીતિ થતી નથી, તેની દૃષ્ટિ પુણ્ય-પાપ ઉપર છે તેથી તેને અશુદ્ધ નિશ્ચયસ્વરૂપ દ્રવ્ય કહ્યું. દ્રવ્ય તો જે છે તે છે પણ તેની દૃષ્ટિમાં અશુદ્ધ દ્રવ્ય છે. તેથી અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય કહ્યું. શરીરની ક્રિયા મારી, પુણ્ય-પાપ મારા એવા મિથ્યા અભિપ્રાયવાળા જીવનું પરિણમન દ્રવ્ય સાથે અભેદ ગણીને તેને અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય કહ્યું છે ને તેના મિથ્યાત્વાદિના પરિણામ જુદા પાડીને તેને અશુદ્ધ વ્યવહાર કહ્યો છે. દ્રવ્ય શુદ્ધ છે તેની તેને ખબર નથી. અભેદપણે હું અશુદ્ધ થઈ ગયો છું એવી માન્યતા તેને વર્તે છે તેથી અશુદ્ધ દ્રવ્ય કહ્યું. તેને વ્યવહાર રત્નત્રયના પરિણામ હોય તો પણ તેનો અશુદ્ધ વ્યવહાર છે.

પ્રથમ અભેદ દ્રવ્યની વાત કરી ને પછી ભેદ પાડી વાત કરી. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી જનાર બધા મિથ્યાદષ્ટિ જીવોને અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય છે ને અશુદ્ધ વ્યવહાર છે.

અહીં કર્મની કે પૈસાની વાત નથી. મિથ્યાદષ્ટિ જીવને દ્રવ્ય મલિન જ ભાસે છે, તે તેનો નિશ્ચય છે, તે અભેદપણે વર્તે છે ને તેના મિથ્યાત્વ ભાવ, દયા-દાનાદિ પરિણામ ભેદપણે વર્તે છે તે વ્યવહાર છે.

જેમ મોક્ષદશા પ્રગટ થાય ત્યારે ઉપાદાનકારણ તો દ્રવ્ય છે. નિશ્ચય મોક્ષમાર્ગનો અભાવ થઈ મોક્ષદશા થાય છે. મોક્ષમાર્ગના અભાવને મોક્ષનું કારણ કહેવું તે વ્યવહાર છે ને દ્રવ્યસ્વભાવના સદ્ભાવને મોક્ષનું કારણ કહેવું તે નિશ્ચય છે. મોક્ષમાર્ગમાં મોક્ષદશા નથી પણ કારણપરમાત્મામાંથી મોક્ષ આવે છે માટે કારણપરમાત્માને નિશ્ચય કહે છે ને મોક્ષમાર્ગને વ્યવહાર કહે છે, તેમ અહીં મિથ્યાદષ્ટિ જીવના અશુદ્ધ અભેદ દ્રવ્યને નિશ્ચય કહેલ છે ને તેના મિથ્યાત્વાદિ ભાવોને વ્યવહાર કહેલ છે.

### અષાડ વદ ૪, ગુરુવાર, ૩૦-૭-૫૩.

સંસાર અવસ્થા અનાદિ સાંત છે. અનાદિ નિગોદથી ચૌદમા ગુણસ્થાન સુધી સંસારદશા છે, તેમાં અનંતી અવસ્થા છે, તેના ત્રણ ભેદ પડે છે.

૧) અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય અશુદ્ધ વ્યવહારી,

૨) મિશ્ર-નિશ્ચયાત્મક દ્રવ્ય મિશ્ર વ્યવહારી,

૩) કેવળજ્ઞાની શુદ્ધ-નિશ્ચયાત્મક શુદ્ધ વ્યવહારી - તે ત્રણ અવસ્થાનું વિવરણ કરે છે.

તેમાં પહેલાનું વિવરણ થઈ ગયું. હવે બીજા ભેદનું વિવરણ :-

(૨) **મિશ્ર-નિશ્ચયાત્મક દ્રવ્ય મિશ્ર વ્યવહારી** દ્ર આત્માનું ભાન થતાં ચતુર્થ ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના જીવોને મિશ્ર-નિશ્ચયાત્મક દ્રવ્ય ને મિશ્ર વ્યવહાર છે. ત્યાં અંશે શુદ્ધતાનો ભાવ



પ્રગટ્યો છે. ચોથે સ્વરૂપાચરણ પ્રગટેલ છે. અંશ ચારિત્ર પાંચમે છે, છઠ્ઠે-સાતમે વિશેષ સ્થિરતા ને બારમે વીતરાગ દશા છે. બારમે ગુણસ્થાને જ્ઞાન, દર્શન ને વીર્યનો ભાવબંધ છે, તે બધા ગુણસ્થાનવાળાને મિશ્ર-નિશ્ચયાત્મક જીવદ્રવ્ય કહે છે. ધર્મી જીવ દ્રવ્યને તો શુદ્ધ માને છે પણ પર્યાયની જેટલી શુદ્ધતા થઈ તેને દ્રવ્ય સાથે અભેદ ગણેલ છે ને જેટલી જેટલી અશુદ્ધતા જે જે ગુણસ્થાને છે તેને પણ અભેદ ગણી મિશ્ર-નિશ્ચયાત્મક દ્રવ્ય કહેલ છે. ચોથે ગુણસ્થાને મિશ્ર-નિશ્ચયાત્મક ને બારમે પણ મિશ્ર-નિશ્ચયાત્મક દ્રવ્ય કહેલ છે. ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શનપર્યાય પ્રગટ થઈ તેને આત્મા સાથે અભેદ ગણી મિશ્ર દ્રવ્ય ગણ્યું, ત્યાં ત્રણ કષાય બાકી છે તેટલી અશુદ્ધતા છે. બારમે વીતરાગપર્યાયને અભેદ ગણી મિશ્ર દ્રવ્ય ગણ્યું. ત્યાં જ્ઞાન, દર્શન, વીર્યની પૂર્ણતા નથી, એટલી અશુદ્ધતા છે તેથી મિશ્ર ગણેલ છે. ત્યાં સુધી વ્યવહારનય લાગુ પડે છે. એ પ્રમાણે બધે સમજવું.

બારમે ગુણસ્થાને મોહના અભાવ પૂરતું ચારિત્ર પ્રગટેલ છે, (આખા દ્રવ્યનું ચારિત્ર પૂર્ણ પ્રગટ નથી) ચારિત્રગુણની પૂર્ણ પ્રગટતા થઈ છે પણ જ્ઞાન, દર્શન ને વીર્ય અધૂરાં છે તેથી મિશ્ર કહેલ છે. અંશે શુદ્ધતા ને અંશે અશુદ્ધતા છે તેથી મિશ્ર અવસ્થા છે. અગિયારમે ઉપશમ ચારિત્ર છે પણ જ્ઞાન, દર્શન, વીર્યની અપૂર્ણતા છે, માટે તેને મિશ્ર કહે છે. ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયે આખા આત્માનું ચારિત્ર પ્રગટ થાય છે, ત્યાં બધા ગુણોની અવસ્થા પૂર્ણ શુદ્ધ થાય છે.

નિર્મળ પર્યાયને અભેદ ગણી મિશ્ર-નિશ્ચયાત્મક દ્રવ્ય કહ્યું ને ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી જે મિશ્ર ને અધૂરી પર્યાયો છે તેને જુદી ગણી મિશ્ર વ્યવહાર કહ્યો છે.

(૩) **શુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય શુદ્ધ વ્યવહાર** : કેવળી ભગવાન શુદ્ધ નિશ્ચયાત્મક શુદ્ધ વ્યવહારી છે. અનંત ચતુષ્ટય પ્રગટી ગયા છે. તેને અભેદ ગણી શુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય કહ્યું ને ભેદ ગણી શુદ્ધ વ્યવહાર કહ્યો.

### નિશ્ચય તો દ્રવ્યનું સ્વરૂપ અને વ્યવહાર સંસારાવસ્થિત ભાવ તેનું વિવરણ

પહેલેથી ચૌદમા ગુણસ્થાન સુધીના જીવોની વાત કરે છે.

(૧) મિથ્યાદષ્ટિ જીવ પોતાનું સ્વરૂપ તથા રાગનું સ્વરૂપ જાણતો નથી તેથી વ્રત, દયા-દાનાદિ પરિણામમાં મગ્ન બનીને પરના કાર્યને તથા વિકારી કાર્યને પોતાના માને છે.

**પ્રશ્ન** : મનુષ્યનો ધર્મ શો ?

**ઉત્તર** : આત્મા મનુષ્ય નથી. પ્રવચનસારમાં કહ્યું છે કે મનુષ્યનો વ્યવહાર મિથ્યાદષ્ટિનો છે, આત્માનો વ્યવહાર સમકિતીનો છે. પ્રવચનસારમાં જ્ઞેય અધિકાર ગાથા ૯૪માં કહ્યું છે કે :-

"હું મનુષ્ય જ છું, મારું જ આ શરીર છે, એમ અહંકાર-મમકાર વડે ઠગાતા થકા અવિચલિત ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને જેમાં સમસ્ત ક્રિયાકલાપને

છાતી સરસો ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને રાગી અને દ્વેષી થતાં થકા પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંગતપણાને લીધે ખરેખર પરસમય થાય છે.''

અમૃતચંદ્ર આચાર્ય સ્પષ્ટતાથી કહે છે કે લોકો જેને માનવધર્મ કહે છે તેને જ્ઞાની અધર્મ કહે છે. હું મનુષ્ય છું એમ માને તે અધર્મી છે. મારો સ્વભાવ જ્ઞાન છે, એવા ચેતનાવિલાસને આત્મવ્યવહાર કહે છે. દેહની ક્રિયા આત્મવ્યવહાર નથી તેમ જ પુણ્ય-પાપ પણ આત્મવ્યવહાર નથી. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે, તેના શ્રદ્ધા, જ્ઞાન કરી વીતરાગતા પ્રગટ કરે તે આત્મવ્યવહાર છે. તેવી શુદ્ધ દશાથી ચ્યુત થઈ અજ્ઞાની જીવ ક્રિયાકાંડને ભેટે છે. સંસારમાં પરદેશથી કમાઈને આવતા પોતાના દીકરાને બાપ છાતીસરસો ભેટે છે તેમ મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્ય પરિણામને છાતીસરસો ભેટે છે, સમસ્ત ક્રિયાકલાપ કહેલ છે. આ ક્રિયા કરી, આ પદાર્થ છોડ્યા, આ જાત્રા કરી એમ સમસ્ત ક્રિયાકલાપને ભેટે છે. આવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરી રાગીદ્વેષી થાય છે ને તેથી તે ખરેખર પરસમય છે. આ મનુષ્યવ્યવહાર એટલે અધર્મ.

તું મનુષ્ય જ નથી પણ આત્મા છો એમ જ્ઞાની કહે છે. અત્યારે માનવધર્મના નામે ઘણા વ્યાખ્યાન ચાલે છે. જે પુણ્ય-પાપની ક્રિયાને પ્રેમથી ભેટે છે તે આત્માના વ્યવહારથી ભ્રષ્ટ છે, તેને આત્માના ધર્મની ખબર નથી, તે પરસમય છે. જે આત્માના વ્યવહારમાં રહે તે સ્વસમય છે.

અજ્ઞાની જીવ પરની ને પુણ્યની ક્રિયામાં પોતાપણું માને છે તેથી તે અશુદ્ધ વ્યવહારી કહેવાય. અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્યમાં આવો અશુદ્ધ વ્યવહાર અનાદિથી છે.

(૨) હવે સમ્યગ્દૃષ્ટિની વાત કરે છે. તે પોતાનું સ્વરૂપ મતિ-શ્રુતજ્ઞાન દ્વારા પરોક્ષ પ્રમાણ વડે અનુભવે છે. અવધિ-મનઃપર્યયજ્ઞાનનો વિષય રૂપી છે, આત્મા નથી. મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રદેશો પ્રત્યક્ષ જણાતા નથી માટે પરોક્ષ કહેલ છે. જ્ઞાની શરીરની ક્રિયા વગેરે પરસત્તા અને પરસ્વરૂપને પોતાનું સ્વરૂપ માનતો નથી. મન-વચન-કાયા વડે પોતાના સ્વરૂપમાં ધ્યાન ને વિચારની ક્રિયા કરે છે. હું જ્ઞાનાનંદ છું એવો વિચાર તે જ્ઞાન છે ને સ્વરૂપમાં લીનતા તે ધ્યાન અથવા ચારિત્ર છે. જ્ઞાનમાં પૂર્ણતા નથી ને મન-વચન-કાયાનું અવલંબન વર્તે છે તેથી મિશ્ર-નિશ્ચયાત્મક જીવદ્રવ્યમાં આવો મિશ્ર વ્યવહાર છે. જેટલી પર્યાય દ્રવ્ય સાથે અભેદ થઈ તેને અભેદ ગણીને નિશ્ચય કહેલ છે, ને જેટલો ભેદ પડે છે તેને વ્યવહાર કહેલ છે.

(૩) હવે ભગવાન કેવળજ્ઞાનીની વાત કરે છે. ત્યાં અસિદ્ધપણાનો ઉદય છે ને પ્રતિજીવી ગુણોની પર્યાય અશુદ્ધ છે, તેથી સંસારી છે. તે ભગવાન યથાખ્યાત ચારિત્રના બળ વડે શુદ્ધાત્મ સ્વરૂપમાં રમણશીલ છે ને ચૌદમામાં પણ રમણશીલ છે. કેમ કે આખા દ્રવ્યનું ચારિત્ર પૂરું થયું નથી, માટે વ્યવહારી કહેલ છે. તેરમા ગુણસ્થાને યોગારૂઢ અવસ્થા વિદ્યમાન છે તેથી તેને વ્યવહાર નામ કહેલ છે ને અનંત ચતુષ્ટય પ્રગટી ગયા છે માટે શુદ્ધ કહેલ છે. ને ચૌદમા ગુણસ્થાને પણ કૃતકૃત્ય થયા



નથી. પર્યાયને અભેદ ગણી શુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય કહે છે ને હજી સંપૂર્ણ ચારિત્ર પ્રગટ થયેલ નથી તેથી પર્યાયનો ભેદ પડે છે એટલે વ્યવહાર કહ્યો છે. આમ શુદ્ધ વ્યવહારની મર્યાદા તેરમા ગુણસ્થાનથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધી જાણવી. યથા ''**असिद्धत्वपरिणमनत्वात् व्यवहारः**'' હજી અસિદ્ધપણું તેરમા-ચૌદમા ગુણસ્થાને વર્તે છે તેથી તેને વ્યવહાર કહે છે.

## હવે ત્રણ વ્યવહારનું સ્વરૂપ

મિથ્યાદૃષ્ટિનો અશુદ્ધ વ્યવહાર પુણ્ય-પાપના આચરણરૂપ છે. જડની વાત નથી પણ પરિણામની વાત છે. શુદ્ધાશુદ્ધ વ્યવહાર તે ચોથાથી બારમા ગુણસ્થાન સુધી છે, ત્યાં કાંઈક મલિનતા ને કાંઈક નિર્મળતા છે. તેથી શુદ્ધાશુદ્ધ વ્યવહાર કહ્યો, ચોથેથી શુભની પ્રધાનતા છે. દૃષ્ટિમાં અખંડ દ્રવ્ય છે જ, ને મિથ્યાત્વ ટળી ગયું છે. તેથી ચોથે-પાંચમે ગુણસ્થાને અશુભ ઉપયોગ હોવા છતાં તેને ગણેલ નથી.

કેવળી ભગવાનને શુદ્ધ વ્યવહાર કહેલ છે. અનંત ચતુષ્ટયને દ્રવ્ય સાથે અભેદ ગણી શુદ્ધ દ્રવ્ય કહ્યું હતું ને કેવળજ્ઞાનાદિ પર્યાયને ભેદ પાડી શુદ્ધ વ્યવહાર કહ્યો. કેવળજ્ઞાનાદિ પર્યાય સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. તે અંશ છે માટે વ્યવહાર કહ્યો માટે શુદ્ધ વ્યવહાર શુદ્ધ સ્વરૂપાચરણરૂપ છે.

પરંતુ વિશેષ એટલું છે કે કોઈ કહે કે શુદ્ધ સ્વરૂપાચરણાત્મ તો સિદ્ધ વિષે પ્રગટ છે તેથી ત્યાં પણ વ્યવહારસંજ્ઞા કહેવી જોઈએ, તો તેમ નથી કેમ કે સંસાર અવસ્થા સુધી વ્યવહાર કહીએ છીએ. સંસાર અવસ્થા મટતાં વ્યવહાર મટ્યો કહેવાય. અહીં એ સ્થાપના કરી છે. જીવના સંસારી ને સિદ્ધ -એવા બે ભેદ પાડવા તે વ્યવહાર છે પણ અહીં તે વાત કરવી નથી. સિદ્ધને વ્યવહારાતીત કહેવાય. એ રીતે વ્યવહારવિચાર સમાપ્ત.

હવે અલૌકિક વાત આવે છે.

## આગમ-અધ્યાત્મનું સ્વરૂપ

વસ્તુનો જે સ્વભાવ તેને આગમ કહીએ છીએ. પુણ્ય-પાપના ભાવ ને કર્મની પર્યાય નવી નવી થાય છે માટે તેને આગમ કહે છે. વિકારી દશા ને કર્મની પર્યાય પ્રવાહરૂપે અનાદિથી આવે છે, તેથી તેને આગમ કહે છે. અહીં આગમનો અર્થ શાસ્ત્ર નથી પણ આગમ એટલે આવવું. વિકાર અને કર્મનો પર્યાય નવો નવો આવે છે માટે તેને આગમ કહે છે. ભાવકર્મ અને દ્રવ્યકર્મના પર્યાયો નવી નવી આવ્યા કરે છે. તે બન્નેને આગમ કહે છે.

''આત્માનો જે અધિકાર તેને અધ્યાત્મ કહીએ છીએ.''

શરીરની ક્રિયા અને પુણ્ય-પાપ વિનાના આત્માને અધ્યાત્મ કહે છે. જેવું આત્મદ્રવ્ય શુદ્ધ છે

તેવો તેનો વિશેષ અંશ અથવા કારણપર્યાય પણ શુદ્ધ છે. શ્રી નિયમસાર ગાથા ૧૫માં જે વાત કરી છે તે અહીં પંડિત બનારસીદાસજી કહે છે. જેમ આત્મદ્રવ્ય અને તેના ગુણ શુદ્ધ છે તેમ ત્રિકાળી પર્યાય, પરમ પરિણામિકભાવની પરિણતિ અથવા કારણપર્યાય શુદ્ધ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે શુદ્ધ છે, તેને અહીં અધ્યાત્મ કહીએ છીએ.

''આગમ તથા અધ્યાત્મસ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના જાણવા.''

અનાદિના વિકારી પરિણામ તથા તેની સાથે કર્મનો ઉદય તેને આગમ કહ્યા. વિભાવ અને કર્મનો પ્રવાહ સંસારદશામાં રહે છે, તેને આગમ કહેલ છે. બીજા બહારના પદાર્થોને આગમમાં લીધા નથી. આ વાત સૂક્ષ્મ છે, અલૌકિક છે. છેલ્લે પૃ. ૩૫૬માં કહ્યું છે કે :

''જે જ્ઞાતા હશે તે થોડું જ લખેલું પણ બહુ સમજશે, જે અજ્ઞાની હશે તે આ ચિઠ્ઠી સાંભળશે ખરો પરંતુ સમજશે નહિ.''

**અષાડ વદ ૬, શુક્રવાર, ૩૧-૭-૫૩.**

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ છે, તે પરમાર્થ છે. તે કોના તરફ ઝૂકવાથી થાય ને કોના તરફથી પાછા વળવાથી થાય તે બતાવે છે.

શુભાશુભ પરિણામ અને જડ કર્મનો ઉદય સમયે સમયે નવો નવો થાય છે તે વસ્તુનો સ્વભાવ છે. ''વસ્તુનો જે સ્વભાવ તેને આગમ કહીએ છીએ, આત્માનો જે અધિકાર તેને અધ્યાત્મ કહીએ છીએ. આગમ તથા અધ્યાત્મસ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના જાણવા.''

અજ્ઞાનીના જે શુભ ભાવ દેખાય છે તે અનાદિના છે, નવા નથી. માટે પ્રથમ વ્યવહાર હોય તો પછી નિશ્ચય પ્રગટ થાય એ વાત રહેતી નથી. વળી કર્મનો ઉદય અનાદિથી ચાલ્યો આવે છે. વિકારી ભાવને અને કર્મના ઉદયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેને આત્મદ્રવ્ય સાથે સંબંધ છે, બીજા કોઈ પદાર્થ સાથે એવો સંબંધ નથી. માટે તે આત્મદ્રવ્યના છે એમ કહ્યું તથા શુદ્ધ ચેતનાના બે પ્રકાર અધ્યાત્મના જાણવા. આ બન્ને ભાવ સંસાર અવસ્થા વિષે ત્રિકાળવર્તી માનવા.

વિકારી ભાવ અને કર્મ નવા નવા ચાલ્યા આવે છે તેથી તે બન્નેને આગમ કહે છે. કોઈ કહે કે વ્યવહાર પહેલો ને નિશ્ચય પછી તો એ વાત ઊડી જાય છે. કારણ કે વ્યવહાર અનાદિથી છે.

સંસાર અવસ્થા વિષે આ બન્ને ભાવ હોય છે તેનું વિવરણ :-

''આગમરૂપ કર્મપદ્ધતિ છે.'' કર્મના ઉદયની ને વિકારની પરંપરા ચાલી આવે છે તેને આગમ કહે છે. તે કર્મપદ્ધતિ છે, ધર્મપદ્ધતિ નથી. અહીં કહે છે કે જીવમાં વિકારી પરિણામ થવા તે વસ્તુનો સ્વભાવ છે ને કર્મનો ઉદય કર્મમાં રહેવો તે જડનો સ્વભાવ છે, તે બન્ને આગમપદ્ધતિ છે, તે આગમન



બતાવે છે. વિકારી પરિણામ ને કર્મનો ઉદય નવો નવો આવે છે, તેથી તેને આગમ કહે છે.

''અધ્યાત્મરૂપ શુદ્ધ ચેતનાપદ્ધતિ છે.''

આ મોક્ષમાર્ગરૂપ શુદ્ધ પરિણામની વાત નથી. શ્રી નિયમસારમાં પદ્મપ્રભમલધારિદેવે જે શુદ્ધ કારણ-પર્યાયની વાત મૂકી છે તે અહીં બીજી ઢબે મૂકી છે.

આત્મામાં શુદ્ધ ચેતનાપદ્ધતિ અનાદિથી ચાલી આવે છે, શુદ્ધ ચેતના પરિણામ તે ઉત્પાદ-વ્યયરૂપ નહિ પણ ધ્રુવની વાત છે. જેમ દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તેમ તેની પર્યાય ધ્રુવ શુદ્ધ છે. તેને શુદ્ધ ચેતનાપદ્ધતિ કહે છે. તેનું વિવેચન :-

(૧) **કર્મપદ્ધતિ** :- પદ્ધતિ એટલે પરંપરા, એક પછી એક ચાલી આવે તેને પદ્ધતિ કહે છે. તેના બે ભેદ. એક પૌદ્‌ગલિક દ્રવ્યરૂપ તેમ જ ભાવરૂપ છે. દ્રવ્યરૂપ તો પુદ્‌ગલના પરિણામ છે. કર્મનો ઉદય સમયે સમયે આવે છે, તે પર્યાયને પૌદ્‌ગલિક દ્રવ્યરૂપ પરિણામ આગમપદ્ધતિએ કહ્યા છે.

''ભાવરૂપ પુદ્‌ગલાકાર આત્માની અશુદ્ધ પરિણતિરૂપ પરિણામ છે.''

કર્મનો ઉદય છે તેના લક્ષે જે વિશેષ અવસ્થા આત્માની થાય છે તે પુદ્‌ગલાકાર આત્માની અશુદ્ધ પરિણતિરૂપ પરિણામ છે. દયા, દાન, વ્રત, જપ, તપ, કામ, ક્રોધના પરિણામ નિમિત્તના લક્ષે થયેલા વિશેષ પરિણામ છે. નિમિત્તને અનુરૂપ પરિણામ થયા છે, જડ કર્મે તે પરિણામ કરાવ્યા નથી. વિકારને અનુકૂળ કર્મનો ઉદય છે ને કર્મના ઉદયને અનુરૂપ વિકારી પરિણામ છે. તે બન્ને પરિણામ આગમરૂપ સ્થાપ્યા. તેના આશ્રયે ધર્મ નથી કારણ કે તે કર્મપદ્ધતિ છે.

શુભ-અશુભ વિકાર આવે છે તે કર્મની પરંપરા છે, ધર્મની પરંપરા નથી. જડ કર્મનો ઉદય આવે છે તે પણ ધર્મ પરિણામ નથી, અનાદિથી છે. આ પદ્ધતિ તો સંસાર અવસ્થામાં અનાદિથી છે, તેના આશ્રયે ધર્મ થતો નથી. આગમપદ્ધતિ કર્મપદ્ધતિ છે ને તે વસ્તુનો સ્વભાવ છે, કર્મનો ઉદય આવ્યો માટે વિકાર થયો -એમ નથી. બન્ને અવસ્થા સ્વતંત્ર છે. બન્ને સંસારમાં અનાદિથી ચાલી આવે છે. ચૌદમા ગુણસ્થાને કર્તા, કર્મ, કરણ વગેરે ગુણોની તથા પ્રતિજીવી ગુણોની અશુદ્ધતા છે તે આગમપદ્ધતિનો ભાવરૂપ ભાગ છે ને ત્યાં કર્મોનો ઉદય છે તે આગમપદ્ધતિનો દ્રવ્યરૂપ ભાગ છે. આ બે બોલ કહેવાયા.

''હવે શુદ્ધ ચેતનાપદ્ધતિ-શુદ્ધાત્મ પરિણામ પણ દ્રવ્યરૂપ તથા ભાવરૂપ એમ બે પ્રકારે છે.''

દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તેની વાત નથી પણ શુદ્ધાત્મ પરિણામ-ધ્રુવ પરિણામની વાત છે. આ પરિણામ ઉત્પાદ-વ્યય વિનાના છે. કર્મ પરિણામ ને દયા-દાનાદિના પરિણામ ઉત્પાદ-વ્યયવાળા છે. આ શુદ્ધાત્મ પરિણામ અનાદિથી ભવી ને અભવીને ચાલ્યા આવે છે.

ઘણી પાત્રતાવાળા જીવને આ વાત ગ્રાહ્ય થાય તેમ છે. શ્રી નિયમસાર ગાથા ૧૫ માં અનાદિ-અનંત કારણપર્યાય-ધ્રુવપર્યાયની વાત કરી છે. જેમ સામાન્ય દ્રવ્ય એકરૂપ ચાલ્યું આવે છે તેમ વિશેષ અંશ-પારિણામિકભાવનો અંશ જે દ્રવ્યાર્થિકનયનો વિષય છે તે ચાલ્યો આવે છે. આ પરિણામ છે-અવસ્થા છે, ઉત્પાદ-વ્યયની વાત નથી. જેવા દ્રવ્ય-ગુણ ધ્રુવ, તેવી પર્યાય ધ્રુવ. તે સદશ-ધ્રુવ એકરૂપ રહે છે તે શુદ્ધ ચેતનાપદ્ધતિ છે.

તે પદ્ધતિને જાણવી ને માનવી તે ધર્મની પર્યાય છે. કર્મનો ઉદય ને વિકારી પરિણામ તે આગમપદ્ધતિ છે, તે પર છે -એમ જાણવું ને માનવું. આત્મદ્રવ્ય ને ગુણ એકરૂપ છે, તેની સાથે ઉત્પાદ-વ્યય વિનાના ધ્રુવ પરિણામ છે, -વિશેષભાવ છે, તે કારણશુદ્ધપર્યાય છે.

શુદ્ધ ચેતનાપદ્ધતિ દ્રવ્ય તથા ભાવરૂપ બે પ્રકારે છે. ''દ્રવ્યરૂપ તો જીવત્વપરિણામ છે.'' આ પરિણામની વાત છે. દ્રવ્યરૂપ જીવત્વપરિણામ છે તથા ભાવરૂપ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંત ગુણ પરિણામ છે. આ ગુણનો અંશ શુદ્ધ ત્રિકાળ છે, તે પ્રગટ્યા વિનાનો શુદ્ધ અંશ છે.

અહીં સમ્યગ્જ્ઞાન કરાવે છે. એક સમયમાં ચાર પરિણામ છે. કોના તરફ ખસવાથી ને કોના તરફ ઢળવાથી સમ્યગ્દર્શન પ્રગટે ? કર્મપદ્ધતિ તરફ રુચિ કરવાથી સંસાર ટળે તેમ નથી.

અધ્યાત્મમાં અવિકારી શુદ્ધ પરિણામ છે. પર્યાયરૂપે શુદ્ધ પરિણામ અનાદિના ચાલ્યા આવે છે. જેમ વિકાર અને કર્મનો ઉદય અનાદિના ચાલ્યા આવે છે તેમ દ્રવ્ય ને ભાવરૂપ શુદ્ધ પરિણામ અનાદિના ચાલ્યા આવે છે. અહીં પરિણામ કહ્યા તે પ્રગટ નથી તેમ જ ગુણ નથી. ગુણનો વિશેષ ભાવ ચાલ્યો આવે છે.

ધર્મ, અધર્મ, આકાશ ને કાળ -એ ચારે દ્રવ્યના ઉત્પાદ-વ્યય અનાદિથી એકરૂપ શુદ્ધ છે. તેમ આત્મામાં દ્રવ્ય-ગુણ સામાન્ય છે ને તેનો વિશેષ અંશ પણ શુદ્ધ છે. આમ દ્રવ્ય-ગુણ ને કારણપર્યાય થઈને આખું આત્મદ્રવ્ય પૂરું થાય છે.

એક સમયમાં ચાર બોલ છે. સંસાર કોઈને અનંતકાળ રહે કે સાંત કાળ રહે તો પણ ચારે છે. કેવળી, અલ્પજ્ઞ, મિથ્યાદષ્ટિ કે સમ્યગ્દષ્ટિ બધાને એક સાથે ચારે હોય છે. કર્મનો ઉદય તથા વિકાર સમયે સમયે થાય તે આગમમાં ગયા. જેમ દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તેમ જીવત્વપરિણામ શુદ્ધ છે. સામાન્ય પારિણામિકનો વિશેષ પારિણામિકભાવ શુદ્ધ છે, ઉત્પાદ-વ્યય વિનાની પર્યાય છે. તે એકરૂપ પરિણામ છે. ધ્રુવના અંશને શુદ્ધ ચેતનાપદ્ધતિના દ્રવ્યરૂપ જીવત્વ પરિણામ કહે છે.

હવે ભાવરૂપ અધ્યાત્મપદ્ધતિની વાત કરે છે. જ્ઞાન એટલે જ્ઞાનગુણ નહિ, જ્ઞાનની પર્યાય પ્રગટ થાય તે નહિ, જ્ઞાનનો અંશ-ધ્રુવભાવ તે ગુણ પરિણામ છે. ભગવાન આત્મામાં જીવત્વપરિણામ દ્રવ્યના સામાન્ય પરિણામ છે, તેની સાથે જ્ઞાનગુણનો ધ્રુવ અંશ, દર્શનગુણનો કારણરૂપ પર્યાય તથા સુખ



અને વીર્યનો કારણરૂપ પર્યાય છે. નવી પ્રગટેલી પર્યાયની વાત નથી, કેમ કે તેની તો આદિ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નવા પ્રગટે છે તે આમાં ન આવે, તે તો નવા થાય છે. તે શુદ્ધ ચેતનાપદ્ધતિમાં ન આવે ને કર્મપદ્ધતિમાં પણ ન આવે, અહીં તો ત્રિકાળવર્તી પરિણામની વાત ચાલે છે.

મિથ્યાદષ્ટિને કર્મ અને વિકારની રુચિ છે તેથી તેને શુદ્ધ ચેતનાપદ્ધતિની ખબર નથી. શુદ્ધ ચેતનાપદ્ધતિનું જ્ઞાન થતાં જે નવી શુદ્ધતા પ્રગટે તે શુદ્ધ ચેતનાપદ્ધતિમાં ન આવે ને કર્મપદ્ધતિમાં પણ ન આવે. આ દર્શન-જ્ઞાનપરિણામમાં ક્ષયોપશમપરિણામ પણ ન આવે. જ્ઞાન-દર્શનના કારણરૂપ પરિણામ જુદા છે. એવી રીતે સુખનો તથા વીર્યનો કારણરૂપ ધ્રુવપરિણામ વગેરે અનંતગુણ પરિણામ છે.

જો તેને પ્રગટેલો કહો તો તે અનાદિ અનંત રહેતો નથી ને જો તેની ના પાડવામાં આવે તો દ્રવ્ય, ગુણ, શુદ્ધપર્યાય થઈને આખો પારિણામિકભાવ પૂરો થતો નથી.

જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંતગુણના પરિણામ ધ્રુવ અનાદિ અનંત છે. તે અધ્યાત્મ સ્વરૂપ આત્મદ્રવ્યના જાણવા, ત્રિકાળવર્તી જાણવા. જેમ દ્રવ્ય-ગુણ ચાલ્યા આવે છે તેમ દ્રવ્યના ધ્રુવપરિણામ ચાલ્યા આવે છે અને અનંત ગુણોના પરિણામ અનાદિના ચાલ્યા આવે છે.

આ પ્રમાણે ચારે પરિણામ એક સમયમાં ચાલ્યા આવે છે. તેમાંથી આગમપદ્ધાતિની રુચિ છોડી, અધ્યાત્મપદ્ધતિની રુચિ કરે તો ધર્મ થાય તેમ છે. તે ધર્મને આત્મવ્યવહાર કહે છે. ચેતનાનો વિલાસ તે આત્મવ્યવહાર છે. બધા ગુણોનો અંશ-કારણરૂપ પર્યાય ધ્રુવ વર્તે છે. ધ્રૌવ્યના આશ્રયે જે પરિણામ નવા પ્રગટ થાય છે તે મોક્ષમાર્ગ છે.

જીવત્વ ધ્રુવપરિણામને દ્રવ્યરૂપ કહે છે, કર્તા, કર્મ, કરણ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ અનંતા ગુણોનો ધ્રુવ અંશ જે કારણપર્યાય છે -ધ્રુવનો અંશ છે, ઉત્પાદ વિનાનો છે, જે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે તે ભાવરૂપ પરિણામ અધ્યાત્મરૂપ જાણવા.

જેમ ગુણ અનાદિ અનંત રહે છે તેમ ગુણનો અંશ અનાદિ અનંત વર્તે છે. સંસારમાં કેવળી સુધી આ ચારે ભાવ રહે છે. સિદ્ધને કર્મપદ્ધતિના બે પરિણામ નીકળી જાય છે ને અધ્યાત્મપદ્ધતિના બે પરિણામ રહે છે ને જે અનંત ચતુષ્ટય નવા પ્રગટે છે તે સાદિ અનંત રહે છે.

દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે ને કારણપર્યાય પણ શુદ્ધ છે. આમ શુદ્ધનું ભાન થતાં જે નવી પર્યાય પ્રગટે તે આમાં ન આવે. જાણવું ને માનવું તે નવી પર્યાય છે. જેમ સામાન્યરૂપે પારિણામિકભાવ શુદ્ધ છે તેમ વિશેષરૂપે પારિણામિકભાવ શુદ્ધ છે. પારિણામિકભાવમાં સામાન્ય અને વિશેષ બે ભાગ છે દ્દજે નવી પર્યાય પ્રગટે તે વિશેષની વાત નથી. દ્રવ્ય-ગુણ શુદ્ધ છે ને શુદ્ધપર્યાય સહિત કારણપરમાત્મા છે.

એક સમયમાં સંસાર દશા વિષે ચાર ભાવ વર્તે છે. વિકારી ભાવ, કર્મનો ઉદય એમ બે આગમના

તથા જીવત્વ પરિણામ અને અનંતગુણ પરિણામ -આમ ચારે એક સમયે વર્તે છે.

જુઓ, જૈનદર્શન અલૌકિક છે, તે વાડો નથી, કલ્પના નથી. જેવી વસ્તુ છે તેવી જાણી વાણી દ્વારા આવેલી છે. જેમ ધર્માદિ દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ છે તેમ જીવ પણ દ્રવ્ય-ગુણ-પર્યાય અનાદિથી શુદ્ધ હોવો જોઈએ. સંસારદશામાં પર્યાયમાં વિકાર છે તેથી દ્રવ્ય પૂરું શુદ્ધ થતું નથી. સંસાર અને મોક્ષ વ્યવહારનયનો વિષય છે. દ્રવ્ય, ગુણ ને શુદ્ધ ચેતનાપરિણામરૂપી પર્યાય ત્રણ થઈને દ્રવ્ય પૂરું થાય છે. તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

આ પ્રમાણે દ્રવ્ય-ભાવ બન્નેને અધ્યાત્મ જાણવા. ને આગમ તથા અધ્યાત્મ બન્ને પદ્ધતિમાં અનંતતા માનવી.

## અષાડ વદ ૭, શનિવાર, ૧-૮-૫૩.

આગમ ને અધ્યાત્મને જાણવા ને માનવા એ વાત આવી છે. આત્માના દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તેમ તેની ત્રિકાળી પર્યાય શુદ્ધ છે ને તેના દરેક ગુણનો અંશ શુદ્ધ છે. જીવ તત્ત્વને દ્રવ્યપરિણામ કહ્યા ને જ્ઞાનાદિના અંશને ભાવપરિણામ કહ્યા, તે બન્નેને અધ્યાત્મ જાણવા ને રાગાદિના ઉદયને તથા કર્મના ઉદયને આગમ જાણવા. એ આગમ તથા અધ્યાત્મ બન્ને પદ્ધતિમાં અનંતતા માનવી.

અગિયાર અંગ ને નવ પૂર્વ સુધી ભણે ને બાહ્ય ચારિત્ર પાળે, બાર બાર માસના ઉપવાસ કરે, ૪૬ દોષ રહિત આહાર લ્યે છતાં આત્મજ્ઞાન વિના બધું ફોગટ છે. જૈન સાધુ થવા છતાં તે અનંત સંસારી છે.

અહીં કહે છે કે જ્ઞાન-દર્શન-આનંદ સ્વભાવ ત્રિકાળ છે ને તેની ધ્રુવપર્યાય અખંડ ચાલી આવે છે. સામાન્ય ને વિશેષ થઈને અખંડતા છે, તેની પ્રતીતિ કરવી ને વિકારની રુચિ છોડવી તે ધર્મ છે.

કદાચિત્ વાત સાંભળવા મળે પણ નિર્ણય કરવો પોતાને આધીન છે. સામાન્ય અને વિશેષ બે થઈને આખો પરમ પારિણામિકભાવ પૂરો થાય છે.

## અનંતતા શું છે તેનો વિચાર

અનંતતાનું સ્વરૂપ દૃષ્ટાંત વડે દર્શાવે છે. જેમ કે વડના ઝાડનું એક બીજ હાથમાં લેવું, તે ઉપર દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવો. તે વડના બીજ વિષે શક્તિરૂપે એક વડનું ઝાડ છે, જેમ બીજમાં વડનું ઝાડ થવાની તાકાત છે તેમ જ્ઞાનગુણ ને શુદ્ધપર્યાય એવું બીજ છે, તે અનાદિથી ચાલ્યા આવે છે, તેના આશ્રયે કેવળજ્ઞાન થાય છે. અહીં દૃષ્ટાંતમાં કહે છે કે તે બીજમાં ભાવિકાળમાં જેવું થનાર છે તેવા વિસ્તાર સહિત તે વૃક્ષનું વાસ્તવ સ્વરૂપ વિદ્યમાન છે-છતું છે.



રાગદ્વેષ પર છે, રાગદ્વેષ ને કર્મ અનાદિકાળથી ચાલ્યા આવતા હોવા છતાં ભગવાન આત્મા ચેતનાગુણ સહિત ચાલ્યો આવે છે, એમાં ફેરફાર નથી. એક બીજમાં ભાવિકાળના વૃક્ષનો વિસ્તાર પડ્યો છે. અનેક શાખા, પ્રશાખા, પત્ર, પુષ્પ, ફળ સહિત છે. તેના પ્રત્યેક ફળમાં એવા અનેક બીજ છે. પાણી ને ધૂળના સંયોગ વિના તે ઊગશે ? એમ સંયોગ દૃષ્ટિવાળો કહે છે. પણ ભાઈ ! સ્વભાવને જો, શક્તિને જો. એ વડના પ્રત્યેક ફળમાં એવા અનેક બીજ છે. એ પ્રકારની અવસ્થા એક વડના બીજ વિષે વિચારીએ.

હવે ફરી સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો તે વડના વૃક્ષમાં જે જે બીજો છે તે તે બીજો એવા બીજા અંતર્ગર્ભિત વડવૃક્ષયુક્ત છે. એક એક બીજમાં આવા વૃક્ષ વિચારવા, તેમાં શક્તિરૂપે ભર્યા છે. એ પ્રમાણે એક વડમાં અનેક અનેક બીજ અને એકેક બીજ વિષે એકેક વૃક્ષ છે. તેનો દીર્ઘ વિચાર કરીએ તો ભાવિનય પ્રમાણથી ન વડવૃક્ષની મર્યાદા પમાય કે ન બીજની મર્યાદા પમાય. ભવિષ્યમાં જે વડ થવાના છે તેની મર્યાદા આવતી નથી ને નવા બીજોની પણ મર્યાદા આવતી નથી. એ પ્રમાણે અનંતતાનું સ્વરૂપ જાણવું. વડ નહિ ઊગે અને બીજ નહિ ઊગે એમ બનશે નહિ. બન્ને મર્યાદા રહિત છે છતાં તેનું જ્ઞાન થયા વિના રહે નહિ. એ પ્રમાણે અનંતતાનું સ્વરૂપ જાણવું. તે અનંતતાના સ્વરૂપને કેવળજ્ઞાની પુરુષ પણ અનંત જ દેખે, જાણે, કહે.

ભગવાને લોકાલોક દીઠાં છે માટે લોકાલોકનો અંત હશે ? એમ કોઈ તર્ક કરે છે, પણ જેને મર્યાદા નથી તેને ભગવાન મર્યાદા રહિત જુએ છે. અનંતને અનંત તરીકે ન જાણે તો કેવળજ્ઞાન ખોટું ઠરે. ભગવાને આત્માની શરૂઆત ન જોઈ ને અંત ન જોયો માટે કેવળજ્ઞાન ખોટું એમ અજ્ઞાની દલીલ કરે છે. વડ તથા બીજનો પ્રવાહ અંત વિનાનો ચાલ્યો જાય છે. અનંત અનંતપણે વર્તે છે ને જ્ઞાન પણ એમ જાણે છે.

વડ અને બીજનો ભવિષ્યમાં અંત થવાનો નથી અને એમ જ કેવળીએ જોયું છે. જેમ કે અલોકનો અંત નથી તો કેવળજ્ઞાની અલોકને અનંત જાણે છે. એવી જ્ઞાનપર્યાયની તાકાત છે. એવી અનંત પર્યાયનો પિંડ તું છો. ભગવાને દ્રવ્યને અનાદિ અનંત જોયું છે. એવા કેવળી ભગવાનનો નિર્ણય થતાં ખોટી માન્યતાનો નિષેધ થાય છે. હું કોઈકને નિમિત્ત થાઉં અથવા બીજો મને નિમિત્ત થાય એ બધી ઊંધી માન્યતા છે.

અહીં કહે છે કે અનંતને અંત તરીકે જાણે તો જ્ઞાન ખોટું ઠરે અને અનંતને અનંત તરીકે ન જાણે તો જ્ઞાન પૂર્ણ ન થયું. માટે અનંતને અનંતરૂપે કેવળી ભગવાન જાણે છે, દેખે છે અને વાણીમાં પણ અનંત કહે.

અજ્ઞાની જીવો કહે છે કે અમારે ઘણી ઉપાધિ છે, એમાં આ બધું ક્યાંથી સમજી જાય ? પૈસા વગેરેની ઉપાધિને લીધે નવરાશ મળતી નથી. તો કહે છે કે દરેક જીવ સદા પરથી નવરો જ છે.

પરના ચતુષ્ટયનો સ્વમાં ત્રણે કાળ અભાવ છે, માટે પોતે નિવૃત્ત સ્વરૂપ જ છે.

અહીં આગમ-અધ્યાત્મની અનંતતા જાણવી. પહેલો ભવ કયો ? પહેલી પર્યાય કઈ ? પહેલું પછી કોઈ નથી. સામાન્ય અને વિશેષ સાથે સાથે છે, તે અનાદિથી છે. કેવળી ભગવાન અનાદિ અનંત દેખે છે. કેવળજ્ઞાનનો નિર્ણય નિમિત્ત, અલ્પજ્ઞતા અને રાગના આધારે થતો નથી, ત્રિકાળી દ્રવ્યના આશ્રયે થાય છે.

નિત્ય નિગોદનો જીવ હોય તો પણ તેમાં પહેલો ભવ કોઈ નથી. તેમાં પહેલું-પછી નથી. ચારે ગતિ અનાદિની છે, તેમાં પહેલું-પછી નથી. કુકડી ને ઈંડું; તેમાં પહેલા-પછી કોણ ? ઈંડું પહેલું કે કુકડી પહેલી ? બન્ને અનાદિના છે. અંત નથી માટે અંત દેખાતો નથી. તેથી શું જ્ઞાન ખોટું કહેવાય? ના, કેવળજ્ઞાન અનાદિ અનંત જુએ છે. એક સમયની જ્ઞાનપર્યાયની આવી તાકાત છે. આવી તાકાત તારામાં ભરી છે. સંસારની પર્યાય અનંતી છે પણ તેના કરતાં સિદ્ધની પર્યાય અનંત ગુણી છે. જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય આદિની અનંતી પર્યાય છે, તેના બીજડાં સ્વભાવમાં પડ્યા છે. તે સ્વભાવની પ્રતીતિ કરાવવા આ દાખલો આપ્યો છે.

કેવળજ્ઞાનીનો દર્શન ઉપયોગ ભેદ પાડ્યા વિના સર્વને દેખે છે માટે તે અનંતને એકપણે દેખતો હશે ? ના, અનંતને અનંતપણે અભેદરૂપે દેખે છે, ને જ્ઞાન પણ અનંતપણે જાણે છે ને વાણીમાં પણ એમ જ આવે છે. લોઢાની ગોળ છીણી મારતાં ગોળ કાણું પડે છે તે ગોળ આકારમાં શરૂઆત નથી તેમ જ અંત નથી. થાળીના ગોળ આકારમાં શરૂઆત નથી કે અંત નથી. જ્યાં જુઓ ત્યાં કોઈ શરૂઆત નથી ને છેડો નથી. એમ અનાદિ અનંતને અનાદિ અનંત તરીકે જાણે છે. આવી તાકાત તારામાં છે. જ્ઞાનનો મહિમા નહિ આવતા દયા, દાન, વ્રતનો મહિમા આવે છે તે અજ્ઞાન ભાવ છે.

જેમ શ્વેતાંબર વ્યવહાર પ્રથમ કહે છે, પછી નિશ્ચય કહે છે તેમ કોઈ નિમિત્ત પહેલું કહે ને નૈમિત્તિક પછી કહે તો તે મિથ્યાદૃષ્ટિ છે.

વસ્તુ અનંત છે, તેની અનંતતા અંત વિના ભાસે છે તેવી જ કેવળજ્ઞાનની તાકાત છે. તેમાં તર્કને અવકાશ નથી. અનંતનો અંત નથી ને જ્ઞાનમાં તે જણાયા વિના રહેતું નથી -એ વાત સિદ્ધ કરી.

એ પ્રમાણે આગમ-અધ્યાત્મની અનંતતા જાણવી. જે સમ્યગ્દર્શન પામી મોક્ષ પામશે તેના આગમના બે બોલનો નાશ થશે ને અધ્યાત્મ રહેશે ને અભવી જીવોને તથા નિત્ય નિગોદના જીવો જે કાયમ નિગોદમાં રહેશે તેને ચારે પ્રકારો રહેશે.

ગમે તેટલા જીવો મુક્તિ ગયા, જાય ને જશે તો પણ સંસારના જીવો કરતાં ને અનંતમા ભાગે છે. બટેટાની એક કટકીમાં અસંખ્ય શરીર છે, એક શરીરમાં અનંતા જીવો છે. સિદ્ધની સંખ્યા તેના અનંતમા ભાગે છે.



હવે વિશેષ એટલું કે અધ્યાત્મનું સ્વરૂપ અનંત છે અને આગમનું સ્વરૂપ અનંતાનંતરૂપ છે. કારણ કે યથાર્થ પ્રમાણથી અધ્યાત્મ એક દ્રવ્યાશ્રિત અને આગમ અનંતાનંત પુદ્‌ગલ દ્રવ્યાશ્રિત છે. અધ્યાત્મમાં આશ્રય એક છે ને આગમ અનંતાનંત પુદ્‌ગલ દ્રવ્યાશ્રિત છે. એક પરમાણુને આશ્રયે રાગ થતો નથી, રાગમાં એક પરમાણુ નિમિત્ત ન થાય. તો પછી અનંતા પણ નિમિત્ત થતાં નથી, કેમ કે ત્યાં અનંતા કદી ભેગા થતા નથી પણ સ્થૂળ અપેક્ષાએ ભેગા થયા છે એમ કહેવાય છે.

અહીં છદ્મસ્થનો સ્થૂળરૂપે ઉપયોગ છે ને ત્યાં સ્થૂળરૂપે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. બાર અંગનું કથન સ્થૂળ છે, સૂક્ષ્મ કથન તેમાં આવી શકે નહિ. જેટલું જ્ઞાનમાં જોયું તેટલું વાણીમાં આવે નહિ. આત્મા ચૈતન્ય છે, વાણી જડ છે. જાણવામાં જેટલું આવે તેના કરતાં અનંતમે ભાગે વાણીમાં આવે એ અપેક્ષાએ બાર અંગનું કથન સ્થૂળ છે.

આગમનો આશ્રય અનંતા પુદ્‌ગલ કર્મો છે ને અધ્યાત્મનો આશ્રય આત્મા એક છે. તે બન્નેનું સ્વરૂપ સર્વથા પ્રકારે તો કેવળીગમ્ય છે. સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનમાં અંશગ્રાહ્ય છે. પૂર્ણગ્રાહ્ય થાય તો કેવળજ્ઞાન થઈ જાય, મતિ-શ્રુતજ્ઞાની પૂર્ણગ્રાહ્ય કરી શકે નહિ તેથી સર્વથા પ્રકારે આગમી-અધ્યાત્મી તો કેવળજ્ઞાની છે. આગમપદ્ધતિ ને અધ્યાત્મપદ્ધતિનું જ્ઞાન સર્વ પ્રકારે કેવળજ્ઞાનીને છે દ્વમતિ-શ્રુતજ્ઞાની અંશ જાણે છે.

જે સમ્યગ્જ્ઞાનીને અવધિ ને મનઃપર્યયજ્ઞાન થયું છે તેવા જીવે દેશમાત્ર જ્ઞાતા છે. મતિ-શ્રુતજ્ઞાન ક્ષયોપશમભાવે છે. અવધિજ્ઞાન ક્ષયોપશમભાવને જાણે છે માટે અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનને દેશમાત્ર જ્ઞાતા કહ્યું. મતિ-શ્રુતજ્ઞાને મૂળ સ્વરૂપને જાણ્યું છે તેથી અંશમાત્ર કહ્યું ને અવધિ-મનઃપર્યય મતિ-શ્રુતરૂપ ક્ષયોપશમભાવને જાણે છે માટે તે દેશમાત્ર જ્ઞાતા છે.

એ ત્રણે (સર્વથા, અંશમાત્ર, દેશમાત્ર) યથાવસ્થિત જ્ઞાનપ્રમાણે ન્યૂનાધિકરૂપે જાણવા.

જેને ચૈતન્ય સ્વભાવની રુચિ થઈ નથી તે કર્મના પરિણામને, રાગાદિ પરિણામને તથા શુદ્ધ અધ્યાત્મ-પદ્ધતિને જાણતો નથી.

## અષાડ વદ ૮, રવિવાર, ૨-૮-૫૩.

આજે સવારે શ્રી સમયસારજી હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

## અષાડ વદ ૯, સોમવાર, ૩-૮-૫૩.

આ આગમ અને અધ્યાત્મના સ્વરૂપની વાત ચાલે છે. સમયે સમયે કર્મનો ઉદય અનાદિથી ચાલ્યો આવે છે તે દ્રવ્યઆગમ છે, ને અંદર વિકાર પરિણામ અનાદિથી કરતો આવે છે તે ભાવઆગમ છે. અહીં આગમ એટલે ''શાસ્ત્ર'' એવો અર્થ નથી. વળી અધ્યાત્મપદ્ધતિ તે શુદ્ધ ચેતનારૂપ છે.

અનાદિથી જે દ્રવ્યરૂપ ભાવરૂપ (એટલે કે ગુણરૂપ) શુદ્ધ ચેતનાપરિણતિ છે તે અધ્યાત્મપદ્ધતિ છે. જેને આવી આગમ અને અધ્યાત્મપદ્ધતિની ખબર નથી તે જીવ મિથ્યાદષ્ટિ છે, તે આગમી કે અધ્યાત્મી નથી. અધ્યાત્મ એટલે શુદ્ધ આત્મા તેનું જેને ભાન નથી તેને આગમની પણ ખબર નથી. દ્રવ્ય-ગુણ અનાદિથી શુદ્ધ ચાલ્યા આવે છે, ને પર્યાયમાં વિકાર અનાદિથી કરતો આવે છે તેનું જેને ભાન નથી તે અધ્યાત્મી પણ નથી ને આગમી પણ નથી. તે મિથ્યાદષ્ટિ જીવ આગમ અને અધ્યાત્મનું સ્વરૂપ શાસ્ત્ર વાંચીને ઉપદેશમાં કરે, પણ અંદરમાં તેને તેના ભાવની ખબર નથી, યથાર્થ ભેદજ્ઞાન નથી. આગમ અને અધ્યાત્મના સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણે તો ભેદજ્ઞાન થઈ જાય.

આત્માના ભાન વગર ગૃહીત મિથ્યાત્વ અનંતવાર ટાળ્યું કેમ કે ગૃહીત મિથ્યાત્વ ટળ્યા વગર નવમી ગ્રૈવેયક જાય નહિ. પરંતુ અંતરમાં નિશ્ચયની ભૂલ (અગૃહીત મિથ્યાત્વ) ટાળ્યા વગર ગૃહીત મિથ્યાત્વ ટાળ્યું તેથી કાંઈ લાભ થયો નહિ. નિશ્ચય વિના એકલા વ્યવહારને વ્યવહાર કહેતા નથી. તેથી અહીં કહે છે કે ગૃહીત મિથ્યાત્વને ટાળીને નવમી ગ્રૈવેયક જનાર દ્રવ્યલિંગી પણ ન તો આગમી છે કે ન અધ્યાત્મી છે. આગમ-અધ્યાત્મના ભાવની તેને ખબર નથી. પર્યાયમાં વિકાર મારા અપરાધથી થાય છે, પણ તે મારા સ્વભાવમાં નથી -આવું આગમ-અધ્યાત્મનું સ્વરૂપ અજ્ઞાની જાણતો નથી. શ્રુતજ્ઞાની તો સ્વરૂપ યથાર્થ જાણે છે ને અજ્ઞાની પોતે જાણતો નથી, ફક્ત ભાષામાં કહે છે. પોતાને તેનો કાંઈ લાભ નથી. નિમિત્તનું જ્ઞાન પણ અજ્ઞાનીને સાચું નથી, વિકાર શું, વિકારનું નિમિત્ત શું -તેની અજ્ઞાનીને ખબર નથી.

શુદ્ધ ચેતનાપદ્ધતિના પાંચ નામ આપ્યાઃ

(૧) અધ્યાત્મસ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના છે.

(૨) અધ્યાત્મરૂપ શુદ્ધ ચેતનાપદ્ધતિ છે.

(૩) શુદ્ધ આત્મપરિણામ.

(૪) જીવત્વપરિણામ.

(૫) અનંત ગુણપરિણામ.

જુઓ, આવી અધ્યાત્મપદ્ધતિને શ્રુતજ્ઞાની જાણે છે ને અજ્ઞાની તેને ભાષામાં કહે છે પણ જાણતો નથી.

જ્ઞાની શ્રુતજ્ઞાનથી જાણે છે પણ ભાષાને કરતો નથી, ભાષા પરિણમે તેનો સ્વામી થતો નથી, તેનું જોર ભાષા ઉપર નથી. અજ્ઞાની જીવ ભાવને તો જાણતો નથી, માત્ર ભાષાથી કહે છે, તેનું જોર ભાષા ઉપર છે. પણ પોતે આગમ-અધ્યાત્મના સ્વરૂપને જાણતો નથી તે અજ્ઞાનીને જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વભાવના વેદનનો અંશ જાગ્યો નથી. તેથી તે આગમી કે અધ્યાત્મી નથી. જ્ઞાનીને આગમ અને અધ્યાત્મ બન્નેનું જ્ઞાન વર્તે છે. તેમાં શુદ્ધ ચેતનાપદ્ધતિનું અંશે વેદન પણ છે.



**હવે મૂઢ અને જ્ઞાની જીવનું વિશેષપણું અન્ય પણ સાંભળો.**

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તે દ્રવ્ય-ગુણનો, વિકારનો તેમ જ નિમિત્તનો જ્ઞાતા છે. આવા જ્ઞાનાનંદ સ્વરૂપના ભાનથી જ્ઞાતા તો મોક્ષમાર્ગને સાધી જાણે છે, પણ મિથ્યાદષ્ટિ મોક્ષમાર્ગ સાધી જાણતો નથી, શા માટે ? તે કહે છે.

મૂઢ જીવ તો આગમપદ્ધતિને વ્યવહાર કહે છે એટલે રાગ કરતાં કરતાં ધર્મ થઈ જશે -એમ તે માને છે. અત્યારે તો શરીરની ક્રિયાને અને આહારાદિની ક્રિયાને લોકો વ્યવહાર માની રહ્યા છે, તે તો સ્થૂળ અજ્ઞાન છે, તેવાની તો અહીં વાત લીધી નથી. અહીં તો જે રાગની ક્રિયાને વ્યવહાર માને છે તેવાની વાત લીધી છે. જડની ક્રિયાને તો તે વ્યવહાર નથી કહેતો પણ રાગને વ્યવહાર કહે છે. રાગ કરતાં કરતાં મોક્ષમાર્ગનું સાધન થઈ જશે -એમ માને છે તે જીવ મૂઢ છે. તે મૂઢ જીવ સાચા મોક્ષમાર્ગને સાધી જાણતો નથી કેમ કે મોક્ષમાર્ગ તો અધ્યાત્મપદ્ધતિના આશ્રયે છે, તેને બદલે તે આગમપદ્ધતિના (રાગના) આશ્રયે મોક્ષમાર્ગ માને છે.

રાગ-વ્યવહાર તો અનાદિથી કરતો આવ્યો છે, એટલે આગમપદ્ધતિ તો અનાદિની છે, તેને અહીં વ્યવહાર કહેતાં નથી. પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય એ વાત ઊડાડી દીધી છે, પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય -એ માન્યતા વ્યવહારમૂઢ જીવની છે. બહારની ક્રિયા તો જીવ કરી શકતો નથી, પણ જીવ સ્વતંત્રપણે વિકાર કરે છે તે પણ ખરેખર વ્યવહાર નથી. નિશ્ચય વિના એકલા રાગને વ્યવહાર કહેતાં નથી.

વળી અજ્ઞાની જીવ શુદ્ધાત્મપદ્ધતિને એટલે એકલી પર્યાયને નિશ્ચય કહે છે, તે પણ ભૂલ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદરૂપ દ્રવ્ય તે નિશ્ચય છે તેની દૃષ્ટિ તેને નથી. અજ્ઞાનીને નિશ્ચય કે વ્યવહાર એકેયનું ભાન નથી. તેથી તે અજ્ઞાની નિશ્ચયના ભાન વગર આગમઅંગને (-વ્યવહારને, રાગને) એકાંતપણે સાધીને તેને મોક્ષમાર્ગ માને છે, અહીં તેને મૂઢ કહ્યો છે. જુઓ, શાસ્ત્રમાં આચાર્યો-સંતો અજ્ઞાનીને ''મૂઢ'' કહે છે તેમાં કરુણા છે, અને સત્યની ઉગ્રતાનું જોર છે. કુંદકુંદાચાર્યદેવ સમયસાર વગેરેમાં કહે છે કે ''કોઈ મૂઢ જીવો આમ માને છે,'' વળી 'અભવ્ય' પણ કહી દે. જેમ કે :-

**સૂણી ઘાતિકર્મ વિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે,**
**શ્રદ્ધે ન તેહ 'અભવ્ય' છે, ને ભવ્ય તે સમંત કરે.**

-એમ શ્રી પ્રવચનસારમાં કહ્યું છે, ત્યાં પોતાના પુરુષાર્થની ઉગ્રતા છે.

આગમ અને અધ્યાત્મ બન્નેનું જેને જ્ઞાન હોય તે જ મોક્ષમાર્ગને સાધી શકે, અજ્ઞાનીને તો એકેયનું ભાન નથી. આગમઅંગ એટલે શાસ્ત્ર નહિ, પણ શુભ પરિણામ; તેને અજ્ઞાની એકાંતપણે સાધે છે,

એટલે કે રાગને મોક્ષમાર્ગ માની સેવે છે.

આગમઅંગ એટલે રાગાદિ પરિણામ,

અધ્યાત્મઅંગ એટલે નિર્વિકલ્પદશા.

નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે અધ્યાત્મનું અંગ છે, તેને અજ્ઞાની વ્યવહારે પણ જાણતો નથી. દ્રવ્યને તો તે જાણતો નથી, ને નિર્વિકલ્પ દશાને પણ તે જાણતો નથી, માટે કહ્યું કે તે અધ્યાત્મઅંગને વ્યવહારે પણ જાણતો નથી.

અજ્ઞાની આગમ-અધ્યાત્મને જાણતો નથી, -એ મૂઢ જીવનો સ્વભાવ છે. અજ્ઞાની જીવ રાગને જ વ્યવહાર માને છે, પણ દ્રવ્યની નિર્વિકલ્પ પર્યાયરૂપ જે વ્યવહાર છે તેને તે જાણતો નથી. અખંડ દ્રવ્ય તે નિશ્ચય છે ને તેની નિર્વિકલ્પ પરિણતિ તે અધ્યાત્મનું અંગ છે -તે વ્યવહાર છે. અહીં તો મોક્ષમાર્ગ સાધવો તેને જ વ્યવહાર ગણ્યો છે. રાગને વ્યવહાર ગણ્યો નથી. મૂઢ જીવને આ વાત સૂઝે જ ક્યાંથી ? કેમ કે આગમઅંગ બાહ્ય ક્રિયારૂપ પ્રત્યક્ષપ્રમાણ છે એટલે કે બહારની ક્રિયાને અને રાગને જ તે મોક્ષમાર્ગ જાણે છે; પણ **અધ્યાત્મમાં દ્રવ્યના આશ્રયે જે ક્રમે ક્રમે શુદ્ધિ થાય છે તેનું નામ વ્યવહાર છે તેને અજ્ઞાની જાણતો નથી**. અને જડની ક્રિયાથી કે શુભ પરિણામથી પોતાને મોક્ષમાર્ગી માને છે. અંદરના નિર્વિકલ્પ પરિણામરૂપ અંતર્ક્રિયા છે, તે મોક્ષમાર્ગ છે, તેને તો અજ્ઞાની ઓળખતો પણ નથી. જ્ઞાનીને શુભ પરિણામ વર્તે છે પણ તે તેને મોક્ષમાર્ગ માનતો નથી, અજ્ઞાની તેને મોક્ષમાર્ગ માને છે. અંતર્ગર્ભિત અધ્યાત્મરૂપ ક્રિયા છે તે અંતર્દૃષ્ટિ ગ્રાહ્ય છે, પણ અજ્ઞાનીને તેવી દૃષ્ટિ પ્રગટી નથી, તેથી અધ્યાત્મની અંતર્ક્રિયા તો તેને દૃષ્ટિગોચર થતી નથી, માટે તે અજ્ઞાની જીવ મોક્ષમાર્ગને સાધી શકતો નથી. ગમે તેટલો શુભ ભાવ કરે પણ અંતરની અધ્યાત્મદૃષ્ટિ વગર તે મોક્ષમાર્ગને સાધવા અસમર્થ છે. અજ્ઞાનીને બહારની ક્રિયા તથા શુભ પરિણામ સુગમ લાગે છે. તેને જ તે મોક્ષમાર્ગ માને છે. બ્રહ્મચર્ય પાળે, ત્યાગ કરે, -એવા શુભ પરિણામને અજ્ઞાની મોક્ષમાર્ગ માને છે, પણ અંતરમાં નિર્વિકલ્પ જ્ઞાનાનંદ સ્વભાવ છે જેમાં બ્રહ્મચર્યનો શુભ વિકલ્પ પણ નથી -એવા અધ્યાત્મની નિર્વિકલ્પ પરિણતિને અજ્ઞાની ઓળખતો નથી, તેથી તેને મોક્ષમાર્ગ નથી. જ્ઞાની તો મોક્ષમાર્ગને સાધી જાણે છે.

**પ્રશ્ન** : તો હવે અજ્ઞાનીએ શું કરવું ?

**ઉત્તર** : સાચું સમજવું. જેમ કન્યા પરણીને સાસરે જાય અને રાંધતા ન આવડે તો તેણે શું કરવું ? શું ખૂણામાં બેસીને રૂવે તો રાંધતા આવડી જાય તેમ છે ? ના, તેણે ધીરજ રાખીને રાંધતા શીખવું, તે ઉપાય છે. તેમ અહીં ન સમજાય તો શું કરવું ? કે વારંવાર સત્સમાગમે શ્રવણ-મનન કરવું અને અંદર સમજણ કરવી. આ સિવાય બીજો ઉપાય નથી. ભગવાન પસંદ કરે એવી યથાર્થ



સમજણ ન થાય ત્યાં સુધી ગરજ કરીને શીખવું. બેઠો બેઠો રોયા કરે ને સમજવાનો અભ્યાસ ન કરે - તો કાંઈ માર્ગ થાય નહિ. માટે સાચી સમજણનો પ્રયત્ન કરવો તે માર્ગ છે.

આગમરૂપ ક્રિયા એટલે શુભ રાગ, અને અધ્યાત્મરૂપ ક્રિયા એટલે નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ ક્રિયા; તે અધ્યાત્મક્રિયા અંતર્દૃષ્ટિથી ગ્રાહ્ય છે, ને બાહ્ય ક્રિયા તો અજ્ઞાનીને પ્રત્યક્ષ લાગે છે. તે રાગને જ દેખે છે પણ રાગ રહિત નિર્વિકલ્પ ક્રિયા તેને ભાસતી નથી. નિર્વિકલ્પ અધ્યાત્મક્રિયા તો અંતર્દૃષ્ટિથી ગ્રાહ્ય છે. આત્મા એક સમયમાં પૂર્ણ શક્તિનો પિંડ જ્ઞાયક છે, તેની નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ જે ક્રિયા અંતર્ગર્ભિત છે તેને અજ્ઞાની નથી જાણતો. રાગ તો જ્ઞાની અજ્ઞાની બન્નેને થાય ને બહારની ક્રિયા સરખી લાગે; એક દ્રવ્યલિંગી અને બીજા ભાવલિંગી એમ બે મુનિ સાધર્મી તરીકે બહારમાં સાથે બેઠા હોય, ત્યાં જ્ઞાની મુનિને તો શુભ રાગ પાછળ અંતર્ગર્ભિત નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ અધ્યાત્મક્રિયા છે, ને અજ્ઞાનીને તે અંતર્ગર્ભિત ક્રિયાની ખબર નથી. મોક્ષમાર્ગ તો અંતર્ગર્ભિત નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ અધ્યાત્મક્રિયામાં છે. અત્યારે લોકોને અંતર્દૃષ્ટિના મહિમાની ખબર નથી ને બહારમાં વ્રત-પડિમા લઈ લેવાનો વાયરો વાયો છે, ઝટ વ્રત-પડિમા લઈ લે છે, પણ હજી દૃષ્ટિની શુદ્ધિ વગર વ્રત ને પડિમા કેવી ? અજ્ઞાની જીવ અંતર્દૃષ્ટિ વગર મોક્ષમાર્ગને સાધી જાણતો નથી.

## અષાડ વદ ૧૦, મંગળવાર, ૪-૮-૫૩.

અહીં મૂઢ જીવ અને જ્ઞાની જીવનું વિશેષપણું કહે છે. અધ્યાત્મરૂપ ક્રિયા અંતર્દૃષ્ટિગ્રાહ્ય છે તેને મૂઢ જીવ જાણતો નથી અને અનાદિથી શુભાશુભ પરિણામ કરી રહ્યો છે તે આગમપદ્ધતિને મોક્ષમાર્ગનું સાધન માને છે. અંતર્સ્વભાવના આશ્રયે થયેલી નિર્વિકલ્પ અધ્યાત્મક્રિયા તે મોક્ષમાર્ગ છે. તે અધ્યાત્મ-અંગને અજ્ઞાની જાણતો નથી. આત્માના ભાન વગરના વ્યવહાર રત્નત્રયના શુભ પરિણામ પણ આગમ-પદ્ધતિમાં એટલે કે બાહ્ય ક્રિયામાં જાય છે. તે ભાવ અનંતવાર આવી ગયેલા છે, તે કાંઈ મોક્ષમાર્ગ નથી. પણ રાગ સાથે સંબંધ વગરની જે અંતર્સ્વભાવ સન્મુખની અધ્યાત્મક્રિયા છે તે અંતર્દૃષ્ટિનો વિષય છે. અંતર્દૃષ્ટિના અભાવમાં તે ક્રિયા હોય નહિ. તેથી મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અધ્યાત્મક્રિયાના અભાવને લીધે મોક્ષમાર્ગ સાધવા અસમર્થ છે.

હવે સમ્યગ્દૃષ્ટિનો વિચાર કહે છે તે સાંભળો - ''સમ્યગ્દૃષ્ટિ કોણ કહેવાય તે સાંભળો : સંશય, વિમોહ અને વિભ્રમ એ ત્રણ ભાવ જેનામાં નથી તે જીવ સમ્યગ્દૃષ્ટિ. સંશય, વિમોહ અને વિભ્રમ શું ? તેનું સ્વરૂપ દૃષ્ટાંત વડે દર્શાવે છે તે શ્રવણ કરો : જેમ કે ચાર પુરુષ કોઈ એક સ્થાનમાં ઊભા હતા. ત્યાં કોઈ અન્ય પુરુષે તે ચારે પુરુષ પાસે એક છીપનો ખંડ લાવી બતાવ્યો અને પ્રત્યેકને પ્રશ્ન કર્યો કે આ શું છે ? છીપ છે કે રૂપું ? પ્રથમ સંશયવાળો પુરુષ બોલ્યો કે કાંઈ સમજ પડતી નથી કે આ તે છીપ છે કે રૂપું ! મારી દૃષ્ટિમાં તેનો નિર્ધાર થતો નથી. પછી બીજો વિમોહવાળો પુરુષ બોલ્યો કે મને એ કાંઈ સમજણ પડતી નથી કે તમે છીપ કોને કહો છો ? તથા રૂપું કોને

કહો છો ? મારી દૃષ્ટિમાં કાંઈ આવતું નથી તેથી હું નથી જાણતો કે તમે શું કહેવા માગો છો ? અથવા તે ચુપ રહે, ઘેલછાથી બોલે નહિ. હવે ત્રીજો વિભ્રમવાળો પુરુષ બોલ્યો કે આ તો પ્રત્યક્ષપ્રમાણ રૂપું છે, આને છીપ કોણ કહે છે ? મારી દૃષ્ટિમાં તો રૂપું સૂજે છે, તેથી સર્વથા પ્રકારે તે રૂપું છે. તે ત્રણે પુરુષે તો છીપના સ્વરૂપને જાણ્યું નહિ, તેથી તે ત્રણે મિથ્યાવાદી છે.''

સંશયાદિ દોષો છે તે તો જ્ઞાનના દોષ છે, પણ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનમાં તેવા દોષ હોતા નથી, તેથી એમ કહ્યું કે સંશયાદિ દોષ જેનામાં નથી તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે.

(૧) આ છીપ છે કે રૂપું ? તેની કાંઈ સમજ પડતી નથી. જેમ પગમાં અંધારામાં અચાનક કાંઈક વસ્તુનો સ્પર્શ થાય ત્યાં ''આ તે તરણું હશે કે કાંઈ બીજું હશે ?'' એમ શંકા પડે તે સંશય છે.

(૨) વળી બીજો માણસ કહે છે કે ''આ છીપ છે કે રૂપું ? તે બાબત કાંઈ ચોક્કસ થતું નથી.'' એટલે તેને અનધ્યવસાય છે.

(૩) ત્રીજો એમ કહે છે કે આ તો રૂપું જ છે, તો તેણે છીપને રૂપું માન્યું તે વિપરીતતા છે; -એ રીતે ત્રણે મિથ્યાવાદી છે. ત્રણેને છીપનું અજ્ઞાન છે.

(૪) અને ચોથો કોઈ માણસ નિર્ણય કરીને કહે છે કે આ તો પ્રગટપણે છીપ જ છે, ચાંદી નથી; છીપ, છીપ ને છીપ જ છે. ત્રણ વાર કહીને સંશયાદિ ત્રણેનો અભાવ બતાવ્યો છે. આ છીપ જ છે, છીપ સિવાય બીજું કાંઈ નથી. જો કોઈ આને બીજું કહે તો તે પ્રત્યક્ષપ્રમાણ ભ્રમિત અથવા અંધ છે.

તેવી રીતે સમ્યગ્દૃષ્ટિને સ્વસ્વરૂપમાં સંશય નથી, વિમોહ નથી, વિભ્રમ નથી; તેને જ્ઞાનસ્વરૂપમાં નિઃસંદેહતા છે, તેથી તે યથાર્થદૃષ્ટિ છે. સત્ય ઉપદેશ સાંભળે ત્યાં તે પણ સાચું લાગે ને વળી બીજા અજ્ઞાની પાસેથી સાંભળે ત્યાં તે પણ સાચું લાગે. એટલે કાંઈ નિર્ણય કરી શકે નહિ, તે મિથ્યાદૃષ્ટિ છે, તે સંશયાદિ દોષ સહિત છે. સમ્યગ્દૃષ્ટિને નિઃસંદેહ નિર્ણય છે કે અંતરમાં મારા જ્ઞાનાનંદ સ્વભાવના અવલંબને જ ધર્મ છે, રાગ હોવા છતાં તેના અવલંબને મારો ધર્મ નથી -આમ ધર્મીને યથાર્થ દૃષ્ટિ છે. તેથી અંતર્દૃષ્ટિ વડે તે મોક્ષમાર્ગને સાધી જાણે છે. સ્વ-પરનો યથાર્થ વિવેક છે. રાગ શું ને જ્ઞાનાનંદ સ્વભાવ શું દ્વતેનો બરાબર નિર્ણય છે, ક્યાંય વિભ્રમ થતો નથી. રાગ કે વ્યવહારથી કાંઈક ધર્મ થતો હશે ! એમ ધર્મીને સંદેહ કે વિભ્રમ થતો નથી. ધર્મી જાણે છે કે મારો મોક્ષમાર્ગ તો અંતર્સ્વભાવના અવલંબને અધ્યાત્મપદ્ધતિમાં જ છે, આ બાહ્ય શુભ ભાવ તે તો માત્ર નિમિત્તરૂપ છે, તેના અવલંબને મારો મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ અંતરના જ્ઞાનાનંદ સ્વભાવના અવલંબને મોક્ષપદ્ધતિ સાધે છે.



જુઓ, આ મોક્ષની પદ્ધતિ ! અંતર્દૃષ્ટિથી આ પદ્ધતિ સમજ્યા વગર શુભ ભાવથી બાર બાર માસના ઉપવાસ કરે, તો પણ ધર્મ થાય નહિ. ઈશ્વર આ બધું કરે છે એવી માન્યતા તે તો મોટો ભ્રમ છે, અને હું મારાથી શુભ રાગ કરું -તે મને ધર્મનું કારણ થાય- એમ માને તો તે પણ ભ્રમ છે. પોતે અંતર્દૃષ્ટિથી ચૈતન્ય ભગવાનના અવલંબને મોક્ષમાર્ગને સાધે ત્યારે પોતાની પ્રસન્નતા થઈ અને ત્યારે નિમિત્ત તરીકે ''તીર્થંકર ભગવાન પ્રસન્ન થયા, ગુરુની કૃપા થઈ'' -એમ કહેવાય. અંતરમાં ચિદાનંદ સ્વરૂપ આત્મા શું છે તે નક્કી કર્યા વિના લોકો એકદમ આચરણ કરવા માગે છે તેથી તેને શુભ રાગમાં ધર્મનો ભ્રમ થઈ જાય છે. એ રાગ તો અનાદિની આગમપદ્ધતિમાં જાય છે. અંતરના અવલંબને અરાગી મોક્ષમાર્ગ પ્રગટે છે, તે અંતર્દૃષ્ટિની મોક્ષપદ્ધતિ છે, એ સિવાય શુભ રાગ તે બાહ્ય ભાવ છે. સર્વજ્ઞ કેવા હોય, મોક્ષમાર્ગને સાધનાર ભાવલિંગી સંત કેવા હોય, અનેકાંતમય શાસ્ત્ર કેવા હોય -તેને જે આળખતો નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. દિગંબર જૈન તરીકે જન્મ્યો તેથી કાંઈ ગૃહીત મિથ્યાત્વ ટળી જાય નહિ, પોતે દેવ-ગુરુ-શાસ્ત્રને બાહ્ય લક્ષણથી ઓળખીને માને ત્યારે જ ગૃહીત મિથ્યાત્વ ટળે છે. અને ગૃહીત મિથ્યાત્વ ટળ્યા પછી અંતર્દૃષ્ટિથી અનાદિના અગૃહીત મિથ્યાત્વને ટાળ્યા વગર મોક્ષમાર્ગ થતો નથી. જે સમ્યગ્દૃષ્ટિ જીવ અંતર્દૃષ્ટિથી મોક્ષમાર્ગને સાધે છે તેને સ્વાધ્યાય-વ્રતાદિના શુભ ભાવ બાહ્ય નિમિત્તરૂપ છે. જુઓ, અજ્ઞાનીને તો તે નિમિત્ત પણ નથી. કેમ કે અંતર્દૃષ્ટિથી મોક્ષમાર્ગ થયા વિના નિમિત્ત કોનું કહેવું ? અંતર્દૃષ્ટિથી જે મોક્ષમાર્ગ સાધે છે તેને જ શુભ રાગમાં નિમિત્ત તરીકેનો ઉપચાર આવે છે. મોક્ષમાર્ગમાં શુભ રાગ તો વચ્ચે આવે છે, તે રાગ અનેક પ્રકારનો છે, વિકારના પરિણામ એકરૂપ હોય નહિ. મોક્ષમાર્ગ તો અંતર્સ્વભાવની દૃષ્ટિના પ્રમાણમાં સધાય છે. સમ્યગ્જ્ઞાન અને તેની સાથે સ્વરૂપાચરણની કણિકા જાગી ત્યાં સાચો મોક્ષમાર્ગ છે. હજી આ શરૂઆતની વાત છે, ચોથા ગુણસ્થાને જ્ઞાન અંતરમાં સ્વરૂપ તરફ વળ્યું એટલે સ્વસંવેદન થયું, અંતર્દૃષ્ટિ થઈ અને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ્યું -તે મોક્ષમાર્ગ છે.

આ રીતે મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે. જુઓ, મોક્ષમાર્ગ એટલે નિશ્ચય રત્નત્રય, તે વ્યવહાર છે, અને અખંડ દ્રવ્ય તે નિશ્ચય છે. વ્યવહાર રત્નત્રય તો બાહ્ય નિમિત્તરૂપ છે. અખંડ દ્રવ્ય તે નિશ્ચય છે ને તેના અવલંબને જે શુદ્ધ પર્યાય પ્રગટી તે વ્યવહાર છે, તેમાં ક્રમે ક્રમે શુદ્ધતા વધતી જાય છે. જુઓ, અહીં મોક્ષમાર્ગને વ્યવહાર કહ્યો. તે મોક્ષમાર્ગ કાંઈ રાગવાળો નથી, પણ વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાય થઈ તેને વ્યવહાર કહ્યો છે. દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ સદશ રહે છે તેથી તે અક્રિય છે, ને તેના અવલંબને ક્રમે ક્રમે શુદ્ધ પર્યાય પરિણમતી જાય છે-તે સક્રિય છે. શુદ્ધ દ્રવ્ય અક્રિયારૂપ છે તે નિશ્ચય છે અને તેના અવલંબને મોક્ષમાર્ગ સાધવો તે સક્રિય છે-વ્યવહાર છે. આ બહારની ક્રિયાની વાત નથી અને રાગની ક્રિયાની પણ વાત નથી. અંતરની રાગ રહિત શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ ક્રિયાને અહીં વ્યવહાર કહ્યો છે, -આવું નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. અજ્ઞાની તો રાગને અને બહારની ક્રિયાને વ્યવહાર કહે છે, પણ તે ખરેખર વ્યવહાર નથી. આવી

જ્ઞાનીની વાત મૂઢ જીવ જાણે નહિ અને માને પણ નહિ. મૂઢ જીવ રાગની બંધપદ્ધતિને સાધતો થકો તેને મોક્ષમાર્ગ કહે છે પણ જ્ઞાતા તેની વાત માને નહિ.

અંતરનું શુદ્ધ દ્રવ્ય એકરૂપ અક્રિય ધ્રુવ ચિદાનંદ તે નિશ્ચય, તેના અવલંબને જે નિર્વિકલ્પ મોક્ષમાર્ગ દશા પ્રગટી તે વ્યવહાર છે. અધ્યાત્મના નિશ્ચય વ્યવહારનું આવું સ્વરૂપ જ્ઞાની જ જાણે છે -અજ્ઞાની તે જાણતો નથી, અને કદાચિત્ સાંભળવા મળે તો પણ માને નહિ.

અહીં દ્રવ્ય તે નિશ્ચય અને નિર્મળ પર્યાય તે વ્યવહાર છે. ક્યારેક નિશ્ચય રત્નત્રયને નિશ્ચય મોક્ષમાર્ગ કહે ત્યારે વ્યવહાર રત્નત્રયને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે પણ અહીં તે વિવક્ષા નથી. અહીં તો અભેદ દ્રવ્ય તે નિશ્ચય છે ને નિર્મળ પર્યાય પ્રગટી તે વ્યવહાર છે.

જુઓ, અધ્યાત્મની ચિઠ્ઠી ! આ ચિઠ્ઠી ગૃહસ્થે લખેલી છે. તેમાં કેટલું રહસ્ય છે !

શુભ રાગ તે બંધપદ્ધતિ છે, તેને અજ્ઞાની મોક્ષપદ્ધતિ માને છે પણ બંધપદ્ધતિને સાધવાથી તો બંધ સધાય, કાંઈ મોક્ષ ન સધાય. જ્ઞાનાનંદ ચૈતન્યસ્વભાવના અવલંબને જ મોક્ષમાર્ગ સધાય છે પણ મૂઢ જીવ તેને જાણતો નથી ને માનતો પણ નથી. વ્યવહાર કરતાં કરતાં મોક્ષ થશે એમ તે મૂઢતાથી માને છે. જ્યારે અંતરમાં વળીને જ્ઞાનાનંદ સ્વભાવને પકડે ત્યારે મોક્ષમાર્ગ સધાય છે, એ સિવાય રાગ વડે મોક્ષમાર્ગ સધાતો નથી. રાગ વડે તો બંધનની પરંપરા ચાલે છે. રાગની પરંપરામાં બંધન આવે પણ મોક્ષમાર્ગ ન આવે; મોક્ષમાર્ગ તો અધ્યાત્મપદ્ધતિના આશ્રયે છે. અંતરના શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ વગર વ્રત-તપ-સામયિક હોય નહિ. આ વાત મૂઢ જીવોને બેસતી નથી, પણ કોઈ પરાણે સમજાવી દે તેમ નથી, તેની પોતાની પાત્રતા થાય ત્યારે સમજાય તેવું છે. ધર્મી જીવ બંધપદ્ધતિને મોક્ષમાર્ગનું કારણ જાણતા નથી પણ તેને પોતાના સ્વભાવથી ભિન્ન જાણે છે.

''જ્યારે જ્ઞાતા કદાચિત્ બંધપદ્ધતિનો વિચાર કરે ત્યારે તે જાણે કે આ બંધપદ્ધતિથી મારું દ્રવ્ય અનાદિકાળથી બંધરૂપ ચાલ્યું આવ્યું છે, હવે એ પદ્ધતિનો મોહ તોડી વર્ત ! આ પદ્ધતિનો રાગ પૂર્વની જેમ હે નર ! તું શા માટે કરે છે ? તે ક્ષણમાત્ર પણ બંધપદ્ધતિમાં મગ્ન થાય નહિ. તે જ્ઞાતા પોતાનું સ્વરૂપ વિચારે, અનુભવે, ધ્યાવે, ગાવે, શ્રવણ કરે તથા નવધા ભક્તિ, તપ, ક્રિયા પોતાના શુદ્ધસ્વરૂપ સન્મુખ થઈને કરે, એ જ્ઞાતાનો આચાર છે.''

અનાદિથી અત્યાર સુધી મારા આત્મામાં બંધ ભાવ ચાલ્યો આવે છે, ધર્મીની દૃષ્ટિ તો બંધ ભાવ ઉપર નથી, પણ પર્યાયમાં હજી અંશે બંધપદ્ધતિ છે તેને તે જાણે છે. જ્યારે નિર્વિકલ્પ દશામાં હોય ત્યારે તે બંધપદ્ધતિનો વિચાર પણ ન હોય, પણ જ્યારે પર્યાય ઉપર લક્ષ જાય ત્યારે આવા પ્રકારના વિચાર આવે છે કે આ બંધપદ્ધતિ અનાદિથી વર્તે છે તે મારું સ્વરૂપ નથી. હે આત્મા ! હવે આ બંધપદ્ધતિને તું છોડ ! ને સ્વરૂપમાં મગ્ન થા ! જુઓ, જ્ઞાની જીવ વિચાર ન જ કરે -એમ નથી.



બંધ ઉપર દૃષ્ટિ નથી પણ તેનું જ્ઞાન તો કરે છે. અનાદિથી બંધપદ્ધતિમાં વર્ત્યો તેને તોડીને હવે શુદ્ધ મોક્ષમાર્ગમાં વર્ત ! જુઓ, ધર્મી જીવ ક્ષણમાત્ર બંધપદ્ધતિમાં મગ્ન થતો નથી, તે પોતાનું જ્ઞાનાનંદ સ્વરૂપ જાણે છે, તેને વિચારે છે, અનુભવે છે, તેને ધ્યાવે છે, વારંવાર તેમાં એકાગ્રતાનો અભ્યાસ કરે છે, તે સ્વરૂપના ગાણાં ગાય છે, તેનો વારંવાર મહિમા કરે છે, બહુમાનપૂર્વક તેનું શ્રવણ કરે છે, વળી ક્યારેક મોક્ષમાર્ગી મુનિવરોને નવધા ભક્તિપૂર્વક આહાર આપે છે. ભરત ચક્રવર્તી પણ રસ્તામાં જઈને મુનિની રાહ જોતા કે અહો ! ક્યારે મુનિ આવે ને ક્યારે તેમને ભક્તિથી આહારદાન કરું ! ત્યાં બે ચારણ ઋદ્ધિધારક મુનિઓ આકાશમાંથી ઊતરે છે, તેમને ભક્તિથી પડગાહન કરીને આહારદાન કરે છે. -આમ નવધા ભક્તિનો ભાવ ધર્મીને આવે છે, પણ તે જાણે છે કે આ રાગ તે મોક્ષમાર્ગ નથી. દૃષ્ટિ તો અંતરના જ્ઞાનાનંદ સ્વભાવ ઉપર જ પડી છે, આવો જ્ઞાતાનો આચાર છે. ધર્મીને શુભ રાગ આવે જ નહિ -એમ નથી. નવધા ભક્તિ, તપ, ક્રિયા વગેરે પોતાના શુદ્ધસ્વરૂપ સન્મુખ થઈને કરે છે એટલે શુભ રાગ વખતે પણ શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ ખસતી નથી -આવો ધર્મીનો આચાર છે. અજ્ઞાનીને તો કાંઈ ભાન નથી, તેને તો બધી ઉપાધિ છે. સાધુ નામ ધરાવીને પૈસા માગે, માયા-દંભ કરે, પોતાને માટે કરેલો દોષિત આહાર લ્યે અને એમ મનાવે કે અમે શુદ્ધ આહાર લઈએ છીએ -તે તો બધો દંભ છે. હજી દૃષ્ટિનું તો કાંઈ ઠેકાણું નથી ત્યાં આચારનું ઠેકાણું ક્યાંથી હોય ? ધર્મીને મુનિની ભક્તિનો ભાવ આવે છે ત્યાં તે જાણે છે કે આ મિશ્ર વ્યવહાર છે, કેમ કે દૃષ્ટિ તો શુદ્ધ સ્વભાવ ઉપર પડી છે, પણ હજી વીતરાગ દશા થઈ નથી તેથી આ રાગ આવે છે. માટે ધર્મીને મિશ્ર વ્યવહાર કહ્યો છે.

## અષાડ વદ ૧૧, બુધવાર, ૫-૮-૫૩.

સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે આત્માનો એકરૂપ-સદૃશ સ્વભાવ તે નિશ્ચય છે ને તે સ્વભાવના અવલંબને જે નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રદશા પ્રગટે છે તે મોક્ષમાર્ગ છે - તે વ્યવહાર છે.

આત્મા વસ્તુ છે, તે સ્વયંસિદ્ધ અનાદિ અનંત છે, તે કદી નવી બનેલી નથી, તેમ જ તેનો કદી આત્યંતિક નાશ પણ નથી. વસ્તુ તો છે, છે ને છે. તે વસ્તુ પોતાના સ્વભાવથી ખાલી ન હોય. આત્મા પોતાના જ્ઞાન-આનંદ સ્વભાવથી ત્રિકાળ ભરેલો છે પણ તેની અવસ્થામાં દુઃખ છે, આનંદનો પ્રગટ અનુભવ નથી, તે દુઃખનું કારણ વિકાર છે. સ્વભાવના કારણે દુઃખ ન હોય, વિકાર પોતે પરના લક્ષે નવો ઊભો કરેલો ભાવ છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. આત્માનું સ્વરૂપ તો ત્રિકાળ જ્ઞાનાનંદ છે. આવા સ્વરૂપને ધર્મી જીવ જાણે છે, વળી તે સ્વરૂપને વિચારે છે, અનુભવે છે, ધ્યાવે છે, તેના ગાણાં ગાય છે, બહુમાનપૂર્વક તેનું શ્રવણ કરે છે; તથા મુનિઓને નવધા ભક્તિપૂર્વક દાન દે છે, આવો શુભ રાગ ધર્મીને હોય છે તેની વાત છે. વળી ગુણસ્થાન અનુસાર વ્રત, તપ, ક્રિયા હોય છે; આ બધું પોતાના શુદ્ધ સ્વરૂપની સન્મુખ થઈને કરે છે. એટલે જ્ઞાયકસ્વરૂપની સન્મુખતાની

મુખ્યતા ધર્મીની દૃષ્ટિમાંથી કદી ખસતી નથી. અંતર્સ્વભાવના અવલંબને શુદ્ધતા પણ પ્રગટી છે ને હજી રાગ પણ છે -આવી દશાને મિશ્ર વ્યવહાર કહ્યો છે.

દ્રવ્ય એકરૂપ સદૃશ છે, તે ધ્રુવ અપેક્ષાએ કહ્યું છે, અને પર્યાય અપેક્ષાએ તો દ્રવ્ય પણ પરિણમે છે, પર્યાય પરિણમતાં દ્રવ્યનો એક ભાગ કાંઈ જુદો રહી જતો નથી. જેમ ઘંટીમાં એક પડ સર્વથા સ્થિર રહે ને બીજું પડ ફરે -એમ દ્રવ્યમાં કાંઈ જુદા જુદા બે ભાગ નથી. દ્રવ્ય-પર્યાયરૂપ એક જ વસ્તુ છે, પર્યાય પલટતાં દ્રવ્યમાં પરિણમન થયું છે. જુઓ, આ અધ્યાત્મકળા શીખવી તે જ અપૂર્વ છે, તેમાં વર્તમાન પ્રયત્ન છે. આ સિવાય બહારની કળા - દાકતરપણું કે વકીલાતપણું વગેરેનો ઉઘાડ તો પૂર્વના ક્ષયોપશમ અનુસાર થાય છે. વર્તમાનમાં પાપ ભાવ છે, તેના ફળમાં કાંઈ જ્ઞાનનો ઉઘાડ થતો નથી. પાપ ભાવથી કાંઈ બુદ્ધિ ખીલે નહિ, માટે સંસારનું ડહાપણ તે વર્તમાન પ્રયત્નનું ફળ નથી. આ આત્માની સમજણ કરવી તેમાં પૂર્વનો ઉઘાડ કામ ન આવે, તેમાં તો વર્તમાનનો નવો અપૂર્વ પુરુષાર્થ છે.

જુઓ, દ્રવ્ય સદૃશ હોવા છતાં તે સર્વથા કૂટસ્થ નથી. પહેલાં સમયનું દ્રવ્ય બીજા સમયમાં આવ્યું -એમ તેમાં પલટો થાય છે, પણ તેમાં એકરૂપ સદૃશતા રહે છે તેથી તેને ધ્રુવ કહે છે; ને પર્યાય વિસદૃશરૂપ પરિણમે છે. ધર્મીને ધ્રુવ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ છે, તેમાં રુચિનું વલણ છે, રાગ થાય તેની મુખ્યતા થતી નથી, મુખ્યતા તો દ્રવ્યની જ રહે છે. આવી સાધકદશામાં મિશ્ર વ્યવહાર છે. ધર્મીને ચિદાનંદ સ્વરૂપની દૃષ્ટિ થઈ અને હજી રાગ પણ રહ્યો ત્યાં શુદ્ધ-અશુદ્ધરૂપ મિશ્ર વ્યવહાર છે. ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી મિશ્ર વ્યવહાર છે. રાગ થાય તેનો જ્ઞાની તમાશગીર છે એટલે કે જોનાર છે, તેમાં તન્મય થઈને તેનો કર્તા થતો નથી.

ધર્મીને રાગ હોય પણ સ્વરૂપની સન્મુખતા ટળે નહિ, દૃષ્ટિમાં જ્ઞાયકસ્વરૂપની જ મુખ્યતા સદાય વર્તે છે. જો દૃષ્ટિમાંથી એક સમય પણ જ્ઞાનસ્વભાવની મુખ્યતા ટળીને રાગની મુખ્યતા થાય - તો સાધકદશા રહે નહિ. સાધકને મિશ્ર વ્યવહાર કહ્યો, પણ ત્યાં જે શુદ્ધતાનો અંશ છે તે કાંઈ અશુદ્ધ થતો નથી, ને જે રાગનો અંશ છે તે કાંઈ શુદ્ધ થતો નથી. પણ સાધકદશામાં એવા બન્ને પ્રકાર એક સાથે હોય છે તેથી ત્યાં મિશ્ર વ્યવહાર છે.

## હેય-જ્ઞેય-ઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલનો વિચાર

હવે જ્ઞાતાની ચાલનો વિચાર કહે છે. એટલે જ્ઞાતાને હેયરૂપ શું છે ? જ્ઞેયરૂપ શું છે ? ને ઉપાદેયરૂપ શું છે ? તે કહે છે.

હેય એટલે ત્યાગરૂપ તો પોતાના દ્રવ્યની અશુદ્ધતા છે. જુઓ, પરદ્રવ્યને હેય ન કહ્યું, કેમ કે તે તો આત્માથી જુદું જ છે, પરના ગ્રહણ કે ત્યાગ આત્મા ત્રણ કાળમાં કરી શકતો નથી. આત્મામાં



કર્મ-શરીર વગેરેનો તો અત્યંત અભાવ જ છે, શું તે અભાવનો અભાવ કરવો છે ? અભાવનો અભાવ કરવા જાય તો તો 'ભાવ' થઈ જાય. એટલે કે જેનો પોતામાં અભાવ છે તેના ગ્રહણ-ત્યાગ કરવાનું માને તો મિથ્યાત્વ થશે. ધર્મીને પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગની બુદ્ધિ નથી. તે પોતાના દ્રવ્યની અશુદ્ધતાને હેયરૂપ જાણે છે. પરદ્રવ્યની અશુદ્ધતાને હેય ન કહી, કેમ કે તે તો જ્ઞેય છે. પોતાના દ્રવ્યની અશુદ્ધતા હેય છે. એટલે કે પોતાના જ અપરાધથી જે અશુદ્ધતા થઈ છે, તે અશુદ્ધતા હેય છે. હેય કઈ રીતે થાય ? કે શુદ્ધ દ્રવ્યના અવલંબને અશુદ્ધતા છૂટી જાય છે, પોતાની સત્તામાં જે હોય તેનો ત્યાગ પોતે કરી શકે, પણ પોતાની સત્તામાં જે ન હોય તેને છોડી શકાય નહિ, તેથી

(૧) પરદ્રવ્ય પોતાની સત્તામાં નથી, માટે પરનો ત્યાગ આત્મા કરી શકતો નથી,

(૨) અશુદ્ધતા જો પરદ્રવ્ય કરાવતું હોય તો તે અશુદ્ધતા પોતે છોડી શકે નહિ. માટે પરદ્રવ્ય જીવને અશુદ્ધતા કરાવતું નથી.

જીવની પર્યાયમાં અશુદ્ધતા છે તેને પોતે છોડી શકે છે. માટે હેયરૂપ તો પોતાના દ્રવ્યની અશુદ્ધતા છે. પરને હું છોડું એમ માને તે મૂઢ છે, અને કર્મ અશુદ્ધતા કરાવે છે તથા કર્મ છૂટે તો અશુદ્ધતા ટળે -એમ માને તે પણ મૂઢ છે. અહીં તો સમ્યગ્દૃષ્ટિની વાત છે. સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વાદિ અશુદ્ધતાનો તો ત્યાગ થયો છે પણ હજી અશુદ્ધતા સર્વથા છૂટી નથી. પર્યાયમાં કાંઈક રાગાદિનું અશુદ્ધ પરિણમન છે તેને તે હેયરૂપ જાણે છે.

જ્ઞેયરૂપ એટલે વિચારરૂપ-જાણવા યોગ્ય અન્ય છ દ્રવ્યો છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ ભગવાન પરમેષ્ઠી પણ આ આત્માને જ્ઞેયરૂપ છે. અનંતા પર જીવો છે તે બધાય જ્ઞેય છે. પણ તેમાં કોઈ આ જીવને ઉપાદેય કે હેય નથી, ભગવાનના આદરનો ભાવ આવે, પણ ત્યાં ધર્મી પરદ્રવ્યને ઉપાદેય નથી માનતા. અનંતા સિદ્ધો, મહાવિદેહમાં બિરાજતા લાખો કેવળીઓ, સંતો -એ બધાય જ્ઞાનના જ્ઞેય છે. જગતના છએ દ્રવ્યો જ્ઞેયરૂપ છે, ને તેને જાણવાનું જ્ઞાનનું સામર્થ્ય છે એમ ધર્મી જાણે છે. જડ કર્મ હેય નથી પણ જ્ઞેયરૂપ છે. સ્વરૂપમાં સ્થિર થતાં કર્મનો વ્યય થયો -તે જીવે કર્યો નથી, પણ જીવનું તે જ્ઞેય છે. જગતમાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર તે પરદ્રવ્ય છે -તે જ્ઞેય છે, અને તે તરફના અશુદ્ધ પરિણામ તે હેય છે. ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને જ્ઞાતાની ચાલ કેવી હોય, તેના પરિણમનમાં હેય-જ્ઞેય-ઉપાદેયરૂપ શું હોય તેની આ વાત છે. અહીં હેય-ઉપાદેય તરીકે પોતાના પરિણામ જ લીધા છે, પરદ્રવ્યો માત્ર જ્ઞેય છે - તે હેય કે ઉપાદેય નથી. અહીં શુદ્ધ પરિણામને ઉપાદેય કહેશે, પણ શુદ્ધ પરિણામ દ્રવ્યના અવલંબને થાય છે. તેથી દ્રવ્ય જ પરમાર્થે ઉપાદેય છે એ વાત સમજી લેવી.

નવ તત્ત્વોમાં જ્ઞેયરૂપ તો બધાય તત્ત્વો છે,

ઉપાદેયરૂપ શુદ્ધ જીવ તથા સંવર-નિર્જરા-મોક્ષ છે,

હેયરૂપ પુણ્ય-પાપ-આસ્રવ ને બંધ છે,

અજીવ તત્ત્વ તે હેય પણ નથી ને ઉપાદેય પણ નથી, તે જ્ઞેય છે.

પોતાના દ્રવ્યની શુદ્ધતા થાય તે ઉપાદેય છે. હવે તે હેય-જ્ઞેય-ઉપાદેયનું વિવેચન કરે છે :-

જ્ઞાતાને ગુણસ્થાનના પ્રમાણમાં હેય-જ્ઞેય-ઉપાદેયરૂપ શક્તિ હોય છે. જેમ કે ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનાદિની નિર્મળતા થઈ તે ઉપાદેય છે, જે ત્રણ કષાયનો રાગ છે તે હેયરૂપ છે, અને તે ભૂમિકાના જ્ઞાન અનુસાર જ્ઞેય છે.

પાંચમા ગુણસ્થાને બે પ્રકારના કષાયનો અભાવ થઈને જેટલી શુદ્ધતા પ્રગટી તે ઉપાદેય છે, જેટલો બે કષાયને યોગ્ય વિકાર છે તે હેય છે તથા જ્ઞાનશક્તિ અનુસાર જ્ઞેય હોય છે.

છઠ્ઠી ભૂમિકામાં મુનિને ત્રણ કષાયનો અભાવ છે, તેટલી શુદ્ધતા પ્રગટી છે – તે ઉપાદેય છે, જે સંજ્વલન કષાય રહ્યો છે તે હેય છે, ને ત્યાં ભૂમિકા અનુસાર જ્ઞેય છે. ગુણસ્થાન વધતાં શુદ્ધતા વધી એટલે ઉપાદેય ભાવ વધ્યો, ત્યાં હેયરૂપ અશુદ્ધ ભાવ ઓછો થયો તથા જ્ઞાનશક્તિ વધી.

અહીં જ્ઞાનપ્રધાન કથન છે એટલે નિર્મળ પર્યાયને ઉપાદેય કહી છે. દૃષ્ટિ અપેક્ષાએ તો દ્રવ્ય જ ઉપાદેય છે, ચોથા, પાંચમા કે છઠ્ઠા ગુણસ્થાને દૃષ્ટિમાં તો દ્રવ્યની જ ઉપાદેયતા છે, તેમાં કાંઈ ફેર નથી, પણ પર્યાયમાં શુદ્ધતા થાય તેમાં ફેર છે, ગુણસ્થાન પ્રમાણે હેય, ઉપાદેય ને જ્ઞેયની ચાલ ફરતી જાય છે. જુઓ, ચોથા ગુણસ્થાને અવ્રતના ભાવ હજી હેયરૂપે પડ્યા છે, છઠ્ઠા ગુણસ્થાને અવ્રતના ભાવ રહ્યા નથી તેથી ત્યાં તો અવ્રત ભાવ છોડવાનું રહ્યું નથી. ત્યાં તો હવે વ્રતરૂપ ભાવો હેયપણે છે. જેટલી શુદ્ધતા થઈ ગઈ તેટલો ઉપાદેય ભાવ છે, જેટલી અશુદ્ધતા રહી છે તેટલો હેયરૂપ ભાવ છે, જેટલી જ્ઞાનશક્તિ ખીલી તે અનુસાર જ્ઞેય છે. આ પ્રમાણે હેય, જ્ઞેય ને ઉપાદેય ત્રણેય એક સાથે સાધકદશામાં વર્તે છે. કેવળજ્ઞાનમાં તો પૂર્ણ જ્ઞાનશક્તિ ખીલી ગઈ છે, પણ નીચલી દશામાં પોતાની જ્ઞાનશક્તિ પ્રમાણે જ્ઞેયનો વિચાર હોય છે.

ચોથા ગુણસ્થાને ઉપાદેયરૂપ શુદ્ધ ભાવ અલ્પ છે, પાંચમે-છઠ્ઠે તે વધતો જાય છે તથા હેયરૂપ વિકાર ચોથા ગુણસ્થાન કરતાં પાંચમે-છઠ્ઠે મંદ થતો જાય છે. જેમ જેમ શુદ્ધતા વધે છે તેમ તેમ ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર સ્વજ્ઞેયને પકડવાની તાકાત વધતી જાય છે. પરદ્રવ્યને છોડવાથી ગુણસ્થાન વધે -એમ નથી. લંગોટી હતી ત્યારે પાંચમું ને લંગોટી છૂટતાં છઠ્ઠું-સાતમું -એમ નથી, પણ અંદરમાં દ્રવ્યને પકડીને તેના આચરણની ઉગ્રતા થતાં ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર બાહ્યમાં નિમિત્તોનો સંબંધ છૂટી જાય છે. જેમ કે છઠ્ઠા ગુણસ્થાને સદોષ આહાર લેવાનો ભાવ ન આવે, ત્યાં વસ્ત્રનો સંયોગ ન હોય પણ ત્યાં ગુણસ્થાન તો અંદરની શુદ્ધિથી ટક્યું છે. બહારમાં વસ્ત્રનો ત્યાગ કરીને બેસે તેથી કાંઈ છઠ્ઠું ગુણસ્થાન થઈ જતું નથી. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન



પ્રમાણે ક્રિયા કાંઈ ચોથા ગુણસ્થાને કેવળજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન ન હોય, તેમ જ ક્રિયા એટલે શુભ ભાવ, તે પણ ગુણસ્થાન અનુસાર હોય છે. અંદર ચોથું ગુણસ્થાન હોય ને બહારમાં દ્રવ્યલિંગી મુનિ હોય એટલે છઠ્ઠા ગુણસ્થાન જેવી ક્રિયા હોય પણ તેની અહીં વાત નથી. અહીં તો જેટલું ગુણસ્થાન પ્રગટ્યું તેને અનુસાર ક્રિયા હોય છે, અંદર છઠ્ઠું ગુણસ્થાન હોય ને વેપાર કરતો હોય -એમ ન બને; પણ તેથી શુભ પરિણામને લીધે ગુણસ્થાન હોય છે -એમ નથી.

એક ગુણસ્થાને અનેક જીવ હોય તે દરેકના શુભ ભાવની ક્રિયામાં પણ ફેર હોય. વળી જ્ઞાનના ઉઘાડમાં પણ ફેર હોય. એક જ ગુણસ્થાને અનેક જીવો હોય ત્યાં સ્વજ્ઞેયને પકડવાની શક્તિ તો બધાને ખીલી છે છતાં ત્યાં જ્ઞાનનો ઉઘાડ બધાને સરખો જ હોય અને શુભ ભાવ બધાને સરખો જ હોય -એમ બનતું નથી, તેમાં તો દરેકને ફેર હોય છે. માટે જ્ઞાનના ઉઘાડ ઉપરથી કે શુભ પરિણામ ઉપરથી ગુણસ્થાનનું માપ નથી, પણ અંદરની શુદ્ધતા વડે ગુણસ્થાનનું માપ છે.

**અષાડ વદ ૧૨, ગુરુવાર, ૬-૮-૫૩.**

આ જ્ઞાતાની ચાલ કેવી હોય એટલે કે સમ્યગ્જ્ઞાનીને હેય શું, ઉપાદેય શું ને જ્ઞેય શું તેની વાત ચાલે છે. ધર્મી હેયરૂપ તો પોતાની પર્યાયની અશુદ્ધતાને જાણે છે, ઉપાદેયરૂપ દ્રવ્યની શુદ્ધ પરિણતિ થાય તેને જાણે છે ને જ્ઞેયરૂપ છયે દ્રવ્યો છે. દ્રવ્યનું જે નિર્વિકલ્પ આચરણ થયું તે જ ઉપાદેય છે. હવે ધર્મીને ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને પોતાના ગુણસ્થાન અનુસાર હેય-જ્ઞેય-ઉપાદેયશક્તિ હોય છે. જે ગુણસ્થાને જેટલો વિકાર છે તે હેય છે, શુદ્ધતા થઈ તે ઉપાદેય છે ને જ્ઞાનશક્તિ અનુસાર જ્ઞેય હોય છે. જેમ જેમ જ્ઞાતાની હેય-જ્ઞેય-ઉપાદેયશક્તિ વધતી જાય તેમ તેમ ગુણસ્થાનની વૃદ્ધિ થતી જાય છે. જ્ઞાનની ખીલવટ ગુણસ્થાન પ્રમાણે હોય છે, ને ત્યાં શુભરાગરૂપ ક્રિયા પણ ગુણસ્થાન પ્રમાણે હોય છે. ચોથા ગુણસ્થાને જેટલી શુદ્ધતા થઈ, ત્યાં તેને જ્ઞાન જાણે છે, ને પાંચમે વિશેષ શુદ્ધતા થઈ ત્યાં તેને જ્ઞાન જાણે છે, એટલે શુદ્ધતા અનુસાર તેનું જ્ઞાન કરે છે. ચોથા ગુણસ્થાને એમ ન જાણે કે મારે ત્રણ કષાયનો નાશ થયો છે. છઠ્ઠા ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ થયો છે -ત્યાં જ્ઞાન પણ તેમ જ જાણે છે.

હવે એક જ ગુણસ્થાનવર્તી અનેક જીવો હોય તેમાં પણ બધાયનું જ્ઞાન (ક્ષયોપશમરૂપ જ્ઞાન) એક સરખું હોતું નથી, દરેક દ્રવ્ય ભિન્ન ભિન્ન છે. સત્તા ભિન્ન છે તેથી પર્યાયમાં પણ ભેદ પડે છે. સામાન્યપણે બધાને એક ગુણસ્થાન કહેવાય, પણ અંદર જ્ઞાનના ઉઘાડમાં દરેકને તારતમ્યતા હોય છે. દૃષ્ટિ બધાની સરખી છે, પણ જ્ઞાનનો ઉઘાડ સરખો ન હોય. ચોથા ગુણસ્થાને હજારો જીવો એક સાથે હોય, દૃષ્ટિ બધાને સરખી હોય, પણ ઉઘાડમાં ફેર હોય, તેમ જ શુભાશુભ પરિણામમાં પણ ફેર હોય. એ જ પ્રમાણે પાંચમે-છઠ્ઠે ગુણસ્થાને હજારો જીવો હોય તેમાં પણ સમજવું. ક્ષાયિક સમકિતીને પણ બધાને એકસરખો જ્ઞાનનો ઉઘાડ નથી હોતો. <u>ભિન્ન ભિન્ન આત્મસત્તા હોવાથી જ્ઞાનક્રિયામાં</u>

<u>એકતા હોય નહિ.</u> એકેક જીવદ્રવ્યમાં અન્ય અન્યરૂપ ઔદયિકભાવ હોય છે. જુઓ, શિવભૂતિ મુનિને જ્ઞાનનો ઉઘાડ થોડો હતો પણ અંદરમાં છઠ્ઠું–સાતમું ગુણસ્થાન હતું. સ્વસત્તાને જ્ઞાન અવલંબતું હતું ને કોઈને ચોથા ગુણસ્થાને પણ અવધિજ્ઞાન હોય. માટે જ્ઞાનના ઉઘાડ અનુસાર શુદ્ધતાનું માપ નથી. ભલે ઉઘાડ થોડો હોય પણ તેમાં તત્ત્વની વિપરીતતા તો ન જ હોય. પ્રગટપણે વિપરીત પ્રરૂપણા કરે તે તો મિથ્યાજ્ઞાની છે, તેમાં શિવભૂતિનો દાખલો લાગુ ન પડે, કેમ કે ત્યાં તો દૃષ્ટિ જ ઊંધી છે.

અંતરમાં ચિદાનંદ સ્વભાવને પકડવાની શક્તિ પ્રગટી અને વિકારને હેય કર્યો, ત્યાં શુદ્ધતા અનુસાર ગુણસ્થાન છે. એક ને એક ગુણસ્થાને વર્તતા જીવોના જ્ઞાનના ઉઘાડમાં ફેર છે. વળી ઔદયિકભાવ સરખો ન હોય. એક તિર્યંચ સમકિતી હોય–ચોથા ગુણસ્થાને હોય ને બીજા તીર્થંકર ચોથા ગુણસ્થાને હોય, ત્યાં બન્નેને ઉદયભાવમાં ફેર છે પણ શ્રદ્ધામાં ફેર નથી. કોઈ પણ સમ્યગ્દૃષ્ટિ જીવ પરસત્તાવલંબનશીલ બનીને તેને મોક્ષમાર્ગ કહે –એમ કદી બને નહિ. જ્ઞાનના ઉઘાડમાં ઓછા–વધતાપણું હોય પરંતુ એવું જ્ઞાન તો કોઈ પણ સમકિતીને ન જ હોય કે પરના અવલંબનથી મોક્ષમાર્ગ માને ! એવું માને પણ નહિ અને કહે પણ નહિ. સ્વયંભૂરમણ સમુદ્રમાં હજાર જોજનનું માછલું છે તે પણ કોઈ સમ્યગ્દૃષ્ટિ હોય છે, ત્યાં પણ આત્માની સત્તા છે ને ! તે આત્મામાંથી સમ્યગ્દર્શન થયું છે. તે માછલાને વિશેષ જ્ઞાનનો ઉઘાડ ભલે ન હોય પણ પરસત્તાના અવલંબનથી મોક્ષમાર્ગ તે માને નહિ. હજી સાધકદશામાં જ્ઞાન જરાક પરસત્તાવલંબનશીલ વર્તે છે ખરું, સર્વથા સ્વસત્તામાં લીન થયું નથી પરંતુ તે પરસત્તાવલંબનશીલ જ્ઞાનને ધર્મી મોક્ષમાર્ગ માને નહિ. પરસત્તાના અવલંબને મોક્ષમાર્ગ માને તે તો મિથ્યાદૃષ્ટિ છે. જુઓ, સાધકજીવની પરિણતિ કેવી હોય તેની આ વાત છે.

અઢી દ્વીપ બહાર અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ–પંચમ ગુણસ્થાનવાળા શ્રાવકો છે. ધર્મી તિર્યંચને પણ માંસાદિનો આહાર હોય જ નહિ. માંસભક્ષી તો ધર્મશ્રવણને પણ પાત્ર નથી. અહીં તો સૂક્ષ્મ વાત છે. કોઈ પણ ધર્મી જીવ પરસત્તાવલંબી જ્ઞાનને મોક્ષમાર્ગ માને નહિ. હજી સાધક અવસ્થા છે તેથી અવસ્થાના પ્રમાણમાં પરસત્તાવલંબન જરાક છે, પણ તે મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો સ્વસત્તાના અવલંબનથી જ છે. દૃષ્ટિનો વિષય પકડીને તે ચૈતન્યસત્તાના અવલંબને જ ધર્મી મોક્ષમાર્ગને સાધે છે. ત્યાં પર તરફનું જ્ઞાન હોય પણ તે કાંઈ મોક્ષમાર્ગ નથી. જ્ઞાનને અંતરમાં વાળીને ચૈતન્યના આનંદનું વેદન કરે –તે મોક્ષમાર્ગ છે. સંસ્કૃત–વ્યાકરણનું કોઈને જ્ઞાન ઘણું હોય ને કોઈને તે જ્ઞાન ન પણ હોય –તેની સાથે મોક્ષમાર્ગને સંબંધ નથી. જે જ્ઞાન સ્વસત્તાને પકડીને એકાગ્ર થાય તે જ મોક્ષમાર્ગ છે. કોઈ સમકિતી પર તરફના જ્ઞાનથી ખુશી થતો નથી, તેનાથી તે મોક્ષમાર્ગ માનતો નથી. અંતરમાં સ્વસ્વભાવને અવલંબનારું જ્ઞાન તે જ મોક્ષમાર્ગ છે. અહો ! ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છું –એમ ચૈતન્યસત્તાને પકડીને જ્ઞાન એકાગ્ર થયું તે જ મોક્ષનું કારણ છે. બીજું બહારનું જાણપણું ન હોય તો જ્ઞાનીને તેનો ખેદ થતો નથી. બહારનું જાણપણું ઘણું હોય કે થોડું હોય, પણ જે જ્ઞાન અંદરમાં વળીને ચૈતન્યસત્તાને



પકડે તે જ મોક્ષમાર્ગ છે. અને તે જ્ઞાનને સહકારભૂત–નિમિત્તરૂપ અનેક પ્રકારના પુણ્ય–પાપ વગેરે ઔદયિકભાવો હોય છે પણ ધર્મી તેનો તમાશગીર જ છે, તેનો અવલંબનાર નથી પણ જાણનાર જ છે, તેમાં તન્મય થઈને કર્તા થતો નથી. હું આવો શુભ ભાવ કરું ને આવી ક્રિયા કરું –એવી બુદ્ધિ ધર્મીને નથી. એટલે બહારના ઉદયભાવ ઉપરથી ધર્મીનું માપ નથી, અંદર ચૈતન્યસત્તાને જ્ઞાનમાં પકડી તે ઉપરથી જ ધર્મીનું માપ છે. સાધકદશામાં શુભાશુભ ભાવ વર્તે છે, પણ ધર્મીને તેની પ્રધાનતા નથી, ચૈતન્યસત્તાના અવલંબનની જ પ્રધાનતા છે. પ્રદેશત્વગુણની ક્રિયા, જોગની વિભાવ ક્રિયા તેમ જ શુભ–અશુભ વિકલ્પો તે ભૂમિકાની યોગ્યતા પ્રમાણે હોય છે પણ ધર્મી તેને અવલંબતો નથી, તે તો ચૈતન્યસત્તાને જ અવલંબે છે. માટે અમુક પ્રકારનો ઔદયિકભાવ વર્તતો હોય તો જ અમુક ગુણસ્થાન હોય દ્ભએમ નથી. એક ગુણસ્થાનવાળા જીવોને જુદા જુદા પ્રકારના ઉદયભાવો હોય છે. જેમ કે કુંદકુંદાચાર્ય ભગવાનને સમયસારાદિ રચવાનો વિકલ્પ આવ્યો, ને જિનસેનાચાર્યદેવને આદિપુરાણ રચવાનો વિકલ્પ આવ્યો પણ તેથી કાંઈ ગુણસ્થાનમાં ફેર પડી જતો નથી. બન્ને છઠ્ઠા–સાતમા ગુણસ્થાને વર્તતા હતા. કુંદકુંદ આચાર્યે અધ્યાત્મની રચના કરી ને જિનસેનાચાર્યદેવે પુરાણમાં શૃંગારનું પણ વર્ણન કર્યું –એમ વિકલ્પમાં ફેર હોય છે. માટે અમુક વિકલ્પ હોય તો જ અમુક ગુણસ્થાન હોય –એમ નથી. હા, એટલું ખરું કે ભૂમિકાના પ્રમાણમાં જ વિકલ્પ હોય. છઠ્ઠા ગુણસ્થાને વસ્ત્ર પહેરવાનો વિકલ્પ આવે –એમ કદી ન બને. ભૂમિકા અનુસાર શાસ્ત્રરચના વગેરેનો વિકલ્પ આવી જાય છે. સમયસાર–નિયમસાર વગેરે રચવાનો વિકલ્પ કુંદકુંદાચાર્યદેવને જ આવ્યો ને બીજાને કેમ ન આવ્યો ? અને હજાર વર્ષ પછી અમૃતચંદ્રચાર્યદેવને જ સમયસારાદિની ટીકાનો વિકલ્પ આવ્યો ને વચમાં હજાર વર્ષમાં અનેક મુનિઓ થયા તેમને તેવો વિકલ્પ ન આવ્યો. પદ્મપ્રભમલધારિદેવને નિયમસારની ટીકા રચવાનો વિકલ્પ આવ્યો, પણ એ તો તે તે કાળે તેવો વિકલ્પ આવી જાય છે.

અંદરમાં બધાયને ચૈતન્યસત્તાનું જ અવલંબન વર્તે છે, ને તેના જ આશ્રયે મોક્ષમાર્ગ છે. છઠ્ઠા ગુણસ્થાને દ્રવ્યાનુયોગ રચવાનો જ વિકલ્પ આવે ને બીજો વિકલ્પ ન આવે –એમ નથી. તે તે કાળે શુભ વિકલ્પ <u>આવી જાય છે</u>. અત્યારે આવો જ વિકલ્પ કરું એવું કર્તાપણું નથી. ઉમાસ્વામીને તત્ત્વાર્થસૂત્રની જ રચનાનો વિકલ્પ ઊઠ્યો, વિકલ્પની પક્કડ નથી, પણ ચૈતન્યસત્તાની પક્કડ છે. વિકલ્પના અવલંબને મોક્ષમાર્ગ માને તે મિથ્યાદૃષ્ટિ છે. જુઓ, આ સાધકદશા ! સાધકદશાની એક જ ધારા છે કે અંદરની ચૈતન્યસત્તાનું અવલંબન લેવું, ને તે જ મોક્ષમાર્ગ છે. ત્યાં ઔદયિકભાવ અનેક પ્રકારનો હોય છે. અમુક જ વિકલ્પ આવે ને બીજો વિકલ્પ ન આવે –એમ નથી. અમુક પ્રકારનો જ વિકલ્પ હોય તો જ અમુક ગુણસ્થાન હોય –એમ જે માને છે તે વિકલ્પનો કર્તા થાય છે. તે દ્રવ્યનું સ્વરૂપ જાણતો નથી. ચોથા ગુણસ્થાને કોઈને સ્વાધ્યાયાદિનો શુભ વિકલ્પ હોય, કોઈને વેપારનો વિકલ્પ વર્તતો હોય –છતાં બન્નેને ચોથું ગુણસ્થાન છે, કેમ કે અંદરની દૃષ્ટિમાં ને જ્ઞાનમાં સ્વસત્તાનું અવલંબન પડ્યું છે, તે જ ગુણસ્થાન વૃદ્ધિનું કારણ છે. પંચ મહાવ્રતનો વિકલ્પ કરે તેથી છઠ્ઠું ગુણસ્થાન આવી

જાય -એમ નથી, પણ અંદરમાં ચૈતન્યસત્તાનું ઉગ્ર અવલંબન લેતાં જ છઠ્ઠું-સાતમું ગુણસ્થાન પ્રગટે છે. એક જ ગુણસ્થાને જીવ દીઠ વિકલ્પમાં ફેર હોય અને જ્ઞાનના ઉઘાડમાં પણ ફેર હોય. અન્ય ગુણસ્થાનની તો વાત શું કરવી ? કેવળી ભગવાનને તેરમા ગુણસ્થાને પણ જુદો જુદો ઔદયિકભાવ હોય છે, કોઈને સમુદ્ઘાત હોય, ન હોય પણ ભૂમિકાની હદ તોડીને વિકલ્પ ન આવે. ચોથા ગુણસ્થાનવાળાને અનંતાનુબંધી કષાયનો ઉદયભાવ ન જ આવે પણ અપ્રત્યાખ્યાન વગેરેનો ભાવ આવે. મુનિદશામાં પ્રત્યાખ્યાનવરણ વગેરેનો કષાય ભાવ ન આવે પણ તે ભૂમિકાને યોગ્ય આહારાદિના ભાવ આવે.

કોઈ એમ કહે કે ''કોઈ મુનિને વસ્ત્ર-પાત્ર રાખવાનો ભાવ પણ આવે'' -તો તે વાત જૂઠી છે. વસ્ત્ર-પાત્ર રાખવાનો ભાવ મુનિદશાને યોગ્ય છે જ નહિ. મુનિદશામાં ધર્મની પ્રરૂપણાનો, શાસ્ત્રરચનાનો, નિર્દોષ આહારનો -વગેરે ભાવ આવે. ચોથા ગુણસ્થાને કોઈને સ્વાધ્યાયનો ભાવ હોય, કોઈને ભક્તિનો ભાવ હોય -એમ જુદા જુદા ભાવ હોય, પણ ધર્મીને પર્યાયબુદ્ધિ નથી.

કોઈ એમ માને કે અમને તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-બહુમાન-વિનય વગેરેના વિકલ્પ કદી આવતાં જ નથી, તો તેને તો કાંઈ ખબર નથી. ધર્મીને દેવ-ગુરુ વગેરેની ભક્તિ-બહુમાનનો ભાવ આવ્યા વિના રહે નહિ પણ અમુક વખતે અમુક જ વિકલ્પ આવે એવો નિયમ નથી. આ વખતે આવો જ વિકલ્પ કરવો ને બીજો વિકલ્પ ન કરવો -એવી જેની માન્યતા છે તે તો વિકલ્પનો કર્તા છે-તે મિથ્યાદૃષ્ટિ છે.

કેવળી ભગવાન સમુદ્ઘાત કરતા હોય, તેમાં કોઈ પ્રદેશોમાં દંડ અવસ્થાનો કાળ ચાલતો હોય ને કોઈને કપાટ, પ્રતર કે લોકપૂરણ અવસ્થા વર્તતી હોય, બધા કેવળી ભગવંતોને ઉદયભાવ સરખો જ હોય -એમ બનતું નથી. કેવળજ્ઞાન બધાનું સરખું પણ ઔદયિકભાવમાં ફેર હોય છે. એ જ પ્રમાણે સાધકદશામાં સમજવું.

ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના બધાય જીવોની દૃષ્ટિ સરખી પણ ઔદયિકભાવમાં ગુણસ્થાન દીઠ ફેર હોય છે. એક જ ગુણસ્થાનવાળા ભિન્ન ભિન્ન જીવોને ઉદયભાવમાં ફેર હોય છે, માટે તે ઔદયિકભાવના ભરોસે જ્ઞાન નથી પણ ચૈતન્યસત્તાના અવલંબને જ જ્ઞાન છે -એ વાત અહીં સિદ્ધ કરવી છે. તે હવે કહેવાશે.

### અષાડ વદ ૧૩, શુક્રવાર, ૭-૮-૫૩.

આત્માના જ્ઞાનસ્વભાવનું ભાન હોવા છતાં પ્રદેશોની ક્રિયા સ્વતંત્ર થાય છે, કેવળી ભગવંતોને પણ પ્રદેશત્વગુણની ક્રિયા જુદી જુદી છે, ઔદયિકભાવ જુદો જુદો છે. ચોથા ગુણસ્થાને પણ અનેક જીવોને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સરખા હોવા છતાં, ઉદયની ક્રિયામાં સમાનતા હોતી નથી, કોઈને લડાઈ વગેરેનો પણ યોગ હોય, પણ તેના ઉપરથી શ્રદ્ધા-જ્ઞાનનું માપ નથી. આત્માની જ્ઞાનાનંદ સત્તાના



અવલંબને જ જ્ઞાન છે. પ્રદેશોના પરિણમનની ક્રિયાને આધીન જ્ઞાન નથી. બે જીવ ક્ષાયિક સમકિતી હોય, છતાં પ્રદેશોની ક્રિયા બન્નેને જુદી જુદી હોય. જ્ઞાનાનંદ શક્તિનો પિંડ છું -એમ સ્વભાવ તરફ જ્ઞાન વળ્યું તે જ ધર્મ છે. કુદેવ-કુગુરુને માનવાની ક્રિયાની તો વાત જ નથી, તે તો મિથ્યાત્વ છે. ધર્મી કુદેવ-કુગુરુને તો માને જ નહિ, પણ ધર્મીને ઉદયભાવ હોય, તેના ભરોસે જ્ઞાન નથી. જ્ઞાન તો ચૈતન્યસ્વભાવની શક્તિના અવલંબને છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનશક્તિ છે, તે શક્તિ અનુસાર જ્ઞાન છે, રાગને અનુસાર કે પ્રદેશોની ક્રિયાને અનુસાર જ્ઞાનીનું જ્ઞાન નથી. પ્રદેશોની ક્રિયા વગેરે તો તેના ક્રમ પ્રમાણે જેમ થવાની છે તેમ થાય છે, જ્ઞાની તેને જાણે છે પણ તેનો ફેરફાર કરે તેવો સ્વભાવ નથી. સ્વ-પર પ્રકાશક જ્ઞાન તેને જાણવાની શક્તિવાળું છે પણ ફેરવવાની શક્તિવાળું નથી. આહારાદિ પરિણમે અને રાગાદિ પરિણામ થાય -તેને જ્ઞાની જાણે પણ ફેરવે નહિ, તેમ જ પ્રદેશોની હલનચલનાદિ ક્રિયા થાય તેને પણ જ્ઞાની જાણે પણ તેમાં ફેરફાર કરે નહિ. જ્ઞાનની પોતાની જાણવાની શક્તિ છે, તે પોતાની શક્તિરૂપ પરિણમીને જાણે છે.

એક જ ગુણસ્થાનમાં વર્તતા જીવોને ક્રિયામાં ફેર હોય છે પણ એનો અર્થ એમ નથી કે છઠ્ઠા ગુણસ્થાને કોઈ મુનિને પંચ મહાવ્રત હોય ને કોઈ મુનિને પંચ મહાવ્રત ન હોય ! પંચ મહાવ્રત તો બધાને હોય છે પણ પ્રદેશોની ક્રિયા વગેરેમાં ફેર હોય છે. જુઓ, બે જીવ સમકિતી હોય - તેમાં એક તો ધ્યાનમાં બેઠા હોય ને બીજા લડાઈમાં ઊભા હોય, ત્યાં બીજા સમકિતીને એમ સંદેહ નથી થતો કે અરે ! અમે બન્ને સમકિતી, છતાં આ તો ધ્યાનમાં બેઠા ને મારે તો લડાઈની ક્રિયા ! આવી શંકા પડતી નથી કેમ કે ઉદયભાવને આધીન સમ્યગ્દર્શન નથી, સમ્યગ્દર્શન તો અંતર્‌સ્વભાવના અવલંબને છે, તે સ્વભાવનું અવલંબન ધર્મીને લડાઈ વખતે ય ખસતું નથી. જ્ઞાયક પ્રમાણ જ્ઞાન છે તથા યથાનુભવ પ્રમાણ સ્વરૂપાચરણ ચારિત્ર છે. બહારની ક્રિયા અનુસાર કે શુભ રાગ અનુસાર ચારિત્ર ન કહ્યું, પણ અંતરમાં અનુભવ પ્રમાણે ચારિત્ર છે. જુઓ, આ ધર્મીની શક્તિ ! આવું જ્ઞાતાનું સામર્થ્ય છે. આ સિવાય બહારમાં ઘણા કામ કરી દે એવું કાંઈ જ્ઞાનનું સામર્થ્ય નથી. કેવળી ભગવાન સમુદ્ઘાતની ક્રિયા થાય તેને જાણે એવું તેમનું સામર્થ્ય છે પણ તે ક્રિયા થતી રોકી શકે એવું સામર્થ્ય નથી. જુઓ, આમાં જ્ઞાતાસ્વભાવ ઉપરનું ખરું વાત્સલ્ય છે. ધર્મીને બીજા ધર્મી ઉપર વાત્સલ્યનો ભાવ આવે પણ તેથી તે પરનું કાંઈ કરી દે એવી તેની શક્તિ નથી. રાગના કાળે તે પ્રકારનો રાગ આવે, તેને જાણવાની જ્ઞાતાની તાકાત છે પણ તે રાગને પલટાવીને તે વખતે બીજો રાગ કરું -એવું સામર્થ્ય જ્ઞાતાનું નથી. જુઓ, આ અધ્યાત્મવિદ્યાનું ભણતર ! આ સિવાય અમેરિકા વગેરેના ભણતરનો લોકોને મહિમા આવે છે પણ તે તો થોથા છે, તે ભણતરમાં કાંઈ આત્મકલ્યાણ નથી. આ અધ્યાત્મવિદ્યા જ ખરી ભણવા જેવી છે. જુઓ, આ જૈનશાસનનું સ્વરૂપ ! અહો ! જ્ઞાતાના સામર્થ્યનું વર્ણન ક્યાં સુધી કહીએ? કેટલું લખીએ ?

વસ્તુ તો વચનાતીત છે, વચનમાં કેટલું આવે ? વસ્તુસ્વભાવ ઇંદ્રિયાતીત છે, વળી તે જ્ઞાનાતીત

એટલે કે તર્કથી પાર છે, સ્વભાવ તર્કથી અગોચર છે, **''સ્વભાવોऽતર્કગોચર:''** તર્કથી સ્વભાવનો પાર પમાય તેવો નથી. વિકલ્પથી, ઇંદ્રિયોથી ને વચનથી પાર એવો અતીંદ્રિય ચૈતન્યસ્વભાવ છે. તે સ્વભાવનું સામર્થ્ય ક્યાં સુધી લખીએ ? આ વસ્તુ જ્ઞાનમાં આવે છે પણ લખવામાં કેટલું આવે ? જે જીવ જ્ઞાતા હશે તે થોડું જ લખ્યું બહુ સમજી જશે. જુઓ, આ ચિઠ્ઠીનો મહિમા ! જ્ઞાની તો આમાંથી ઘણું રહસ્ય સમજશે ને અજ્ઞાની આ ચિઠ્ઠી સાંભળશે ખરો પણ તેનું રહસ્ય સમજશે નહિ. આ ચિઠ્ઠીમાં પરમાર્થનું રહસ્ય કહ્યું છે. આ વચનિકા યથાયોગ્ય સુમતિપ્રમાણ કેવળી વચનાનુસાર છે. જે જીવ આ સાંભળશે-સમજશે ને શ્રદ્ધા કરશે તેને પોતાની યોગ્યતા અનુસાર કલ્યાણ થશે.

અહો ! જ્ઞાતાની શક્તિ કેવી ? કે રાગ જે સમજે જે પ્રકારનો થાય તેને જાણે પણ ફેરવે નહિ; રાગને જાણતાં મૂંઝાય નહિ કે આવો રાગ કેમ ? રાગના કાળે રાગને જાણે છે પણ રાગને ફેરવવાની બુદ્ધિ નથી. એટલે તું જ્ઞાતા રહે. રાગની બુદ્ધિ છૂટી, પર્યાયની બુદ્ધિ છૂટી ને જ્ઞાનસ્વભાવની બુદ્ધિ થઈ - બસ ! તે જ ધર્મ છે.

જુઓ, આ ચિઠ્ઠી ગૃહસ્થની લખેલી છે, છતાં નિઃશંકતાથી કહે છે કે જેવા કેવળીના વચન છે, તે વચનાનુસાર આ ચિઠ્ઠી લખેલી છે. જુઓ, તે વખતે અહીં કેવળી ભગવાન ન હતા, છતાં પોતાના જ્ઞાનસ્વભાવની નિઃશંકતાથી કહે છે કે આ ચિઠ્ઠી કેવળીવચન પ્રમાણે છે. આ ચિઠ્ઠી લખનાર પં. બનારસીદાસજી પહેલા તો શૃગાંરી હતા. શૃંગારના કાવ્યો લખેલા પણ પાછળથી ચૈતન્યકપાટ ખૂલતાં ભાન થયું ત્યારે તે શૃંગારના ગ્રંથોને નદીમાં નાખી દીધા. તેમણે અધ્યાત્મનું રહસ્ય આ ચિઠ્ઠીઓમાં ભરી દીધું છે.

ભગવાન ! તારા સત્યસ્વભાવની શક્તિનું બહુમાન કરવું હોય તો અમે કહીએ છીએ કે તારું સામર્થ્ય તો સ્વ-પર પ્રકાશક જ્ઞાનરૂપ છે, ને સ્વશક્તિના સ્વાનુભવ અનુસાર ચારિત્ર છે. -આમ જ્ઞાતાનું સામર્થ્ય સમજે તેનું કલ્યાણ થાય છે. ભાગ્ય અનુસાર કલ્યાણ થવાનું કહ્યું, તેનો અર્થ પુરુષાર્થ અનુસાર કલ્યાણ થાય છે -એમ સમજવું. આત્માના સ્વભાવના પ્રયત્ન અનુસાર કલ્યાણ થશે.

આવી વાત મહા ભાગ્ય હોય ત્યારે સાંભળવા મળે છે. જે જીવ પાત્ર થઈને આ અધ્યાત્મ ચિઠ્ઠી સાંભળશે, સમજશે અને શ્રદ્ધા કરશે તે જીવનું કલ્યાણ થશે.

એ પ્રમાણે પં. બનારસીદાસજીની પરમાર્થ વચનિકા પૂરી થઈ.

**પં. બનારસીદાસજીની**
**પરમાર્થ વચનિકા સંપૂર્ણ.**

**કવિવર શ્રી બનારસીદાસજી લિખિત**

# ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી

ઉપર

## પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના

### પ્રવચનોનો સંક્ષિપ્ત સાર

હવે પં બનરસીદાસજીની લખેલી બીજી ચિઠ્ઠી ઉપાદાન-નિમિત્તની છે - તે વંચાય છે.

**અષાડ વદ ૧૩, શુક્રવાર, ૭-૮-૫૩.**

અત્યારે ઉપાદાન-નિમિત્તના બહુ ઝગડા ચાલે છે, તેનો અહીં સરસ ખુલાસો કર્યો છે. અહીં ઉપાદાન-નિમિત્તમાં અંદરની ને અંદરની વાત લેશે પણ તે નિયમ બધે લાગુ પાડીને સમજી લેવું.

(૧) એક વસ્તુ પરિણમે તે ઉપાદાન, તે વખતે બીજી ચીજ નિમિત્ત હોય છે. ઉપાદાન-નિમિત્ત એક સમયમાં છે, પણ કોઈ કોઈના કર્તા નથી.

(૨) જ્ઞાન પરિણમે છે, ત્યાં તે સમયે જે રાગ છે તે રાગ જ્ઞાનનું જ્ઞેય છે. ત્યાં જ્ઞાન ઉપાદાન છે ને રાગ તેનું નિમિત્ત છે, રાગ તે જ્ઞાનનું જ્ઞેય છે -માટે તેને જ્ઞાનનું જ્ઞેય કહ્યું. જ્ઞાન અને રાગનો એક જ સમય છે. ત્યાં જ્ઞાન તે ઉપાદાન ને રાગ નિમિત્ત.

(૩) આ સિવાય અહીં તો ત્રીજો પ્રકાર લેવો છે, એક જ વસ્તુના અનંત ગુણોમાં પણ કોઈ એક ગુણની પર્યાયમાં બીજા ગુણની પર્યાય નિમિત્ત છે. જેમ કે ચારિત્રપર્યાય તે ઉપાદાન ને જ્ઞાનપર્યાય તે નિમિત્ત, એમ અહીં વાત લેશે.

ઉપાદાન-નિમિત્તની વાત ચાલે છે. તેમાં પ્રથમ જ કોઈ પૂછે કે નિમિત્ત શું અને ઉપાદાન શું?

નિમિત્ત તો સંયોગરૂપ કારણ અને ઉપાદાન તો વસ્તુની સહજ શક્તિ. નિમિત્ત તો સંયોગરૂપ છે. તે સંયોગમાંથી કાર્ય થતું નથી, ઉપાદાન પોતે કાર્યરૂપે પરિણમે છે. માટી પોતે પલટીને ઘડારૂપે થાય છે, ત્યાં કુંભાર તો સંયોગરૂપ છે -તે નિમિત્ત છે. એ પ્રમાણે ગુરુ-શિષ્ય વગેરેમાં પણ સમજવું.

હવે નિમિત્ત-ઉપાદાનના પણ બે પ્રકાર :-

(૧) દ્રવ્યાર્થિકરૂપ નિમિત્ત-ઉપાદાન અને (૨) પર્યાયાર્થિકરૂપ નિમિત્ત-ઉપાદાન.

(૧) દ્રવ્યાર્થિક નિમિત્ત-ઉપાદાન તો એક જ વસ્તુમાં ગુણભેદની કલ્પનારૂપ છે. એક વસ્તુમાં અનેક ગુણ એક સાથે રહેલા છે, ત્યાં એક ગુણને બીજાનું નિમિત્ત કહેવું - તે ગુણભેદ કલ્પનારૂપ નિમિત્ત-ઉપાદાન છે.

(૨) પર્યાયાર્થિક નિમિત્ત-ઉપાદાન, તે વસ્તુમાં પર યોગની કલ્પનારૂપ છે. ગુરુના નિમિત્તથી જ્ઞાન થયું, ત્યાં એમ કહેવું કે ગુરુથી જ્ઞાન થયું - ત્યાં તે પર સંયોગનું કથન છે. ઘડો થયો ત્યાં કુંભાર તે પર યોગ છે. દ્રવ્યાર્થિક નિમિત્ત-ઉપાદાન તો બન્ને એક જ વસ્તુમાં છે. તેમાં ક્ષેત્રભેદ નથી, વસ્તુભેદ નથી, માત્ર ગુણભેદ કલ્પનાથી ઉપાદાન-નિમિત્ત છે અને પર્યાયાર્થિક નિમિત્ત-ઉપાદાન તો ભિન્ન ભિન્ન વસ્તુ જ છે, પ્રદેશભેદ છે. નિમિત્ત તો સંયોગરૂપ છે. આ બન્ને પ્રકારના ઉપાદાન-નિમિત્તમાં ચૌભંગી ઉતરે છે.

તેમાં પ્રથમ ગુણભેદ કલ્પનારૂપ જે દ્રવ્યાર્થિક ઉપાદાન-નિમિત્ત છે તેની ચૌભંગી કહે છે, તે શ્રવણ કરો. જુઓ, સાંભળવાની ભલામણ કરે છે.

જીવદ્રવ્યમાં અનંતગુણ છે. તેમાં સર્વ ગુણ અસહાય છે, જ્ઞાન ચારિત્રને આધીન નથી, ચારિત્ર જ્ઞાનને લીધે નથી, આનંદ જ્ઞાનને આધારે નથી, જ્ઞાન આનંદને આધારે નથી. એક ગુણ બીજા ગુણને લીધે નથી, પણ દરેક ગુણ પરની સહાય વિનાનો સ્વયંસિદ્ધ છે. એવા અનંત ગુણો છે, તે સર્વે અસહાય છે; સ્વાધીન છે. સમ્યગ્દર્શનને ચારિત્રનું કારણ કહેવું તે વ્યવહાર છે. પરમાર્થે ચારિત્રની પર્યાય ચારિત્રગુણને આધીન છે. વસ્તુના બધા ગુણો અસહાય, સ્વાધીન, સદાકાળ છે. જ્ઞાનની પર્યાય જ્ઞાનગુણને આધીન છે, ચારિત્રની પર્યાય ચારિત્રગુણને આધીન સ્વતંત્ર છે ને સમ્યગ્દર્શન શ્રદ્ધાગુણને આધીન છે. સમ્યગ્દર્શનને લઈને સમ્યગ્જ્ઞાન નહિ, સમ્યગ્દર્શન-જ્ઞાનને લઈને સમ્યક્ચારિત્ર નહિ. દરેક ગુણની પર્યાય તે તે ગુણને આધીન જ છે, બીજા સંયોગને આધીન તો નથી પણ પોતામાં રહેલા બીજા ગુણને આધીન પણ નથી. ભાઈ ! તારા એક ગુણની પર્યાય પણ બીજા ગુણની પર્યાયને ન કરે, તો પછી બીજાને લીધે પર્યાય થાય કે બીજાની પર્યાય તું કરે -એ વાત ક્યાં રહી ? ગુણની પર્યાય વિપરીત હો કે અવિપરીત હો પણ તે પોતાના તે ગુણને લીધે જ છે. એક સમયમાં એક વસ્તુમાં અનંત ગુણોની અનંતી પર્યાયો છે, તેમાં કોઈ એક ગુણની પર્યાય બીજા ગુણની પર્યાયનું કારણ નથી.

જગતમાં એકને બીજાનું કારણ કહેવું તે વ્યવહાર છે. ખરેખર પર્યાય પોતે પોતાનું કારણ છે એટલે પોતે સ્વયંસિદ્ધ છે. તે તે સમયનું સત્ છે. પોતે જ કારણ-કાર્ય છે. બીજાને કારણ કહેવું તે નિમિત્ત



છે. મોક્ષનું કારણ કોણ ? કે મોક્ષપર્યાય પરિણમી તે પોતે સ્વતંત્ર પરિણમી છે. તેથી પોતે જ કારણ-કાર્ય છે, બીજી પર્યાય તેનું નિમિત્ત છે. એક સમયમાં વર્તતી અનંત ગુણની પર્યાયોમાં પણ કોઈ એક-બીજાનું કારણ-કાર્ય ખરેખર નથી, તો પૂર્વ પર્યાયને કારણ કહેવું તે તો ઉપચાર છે. ગુણની તે તે સમયની પર્યાય સત્ છે. તે નિશ્ચય છે, ને બીજાને કારણ કહેવું તે વ્યવહાર છે, એટલે કે નિમિત્તરૂપ છે. સમ્યગ્દર્શન નથી માટે અજ્ઞાનીને સમ્યક્ચારિત્ર નથી -એમ કહેવું તે વ્યવહાર છે, ખરેખર તે ચારિત્રની પર્યાયનું તેવું જ ઉપાદાન છે.

જુઓ, આ જૈનદર્શનનું રહસ્ય ! આ જૈનદર્શનનો આત્મા !! આ જ વસ્તુસ્વરૂપ છે. આ ઉપાદાન-નિમિત્તમાં હવે જ્ઞાનગુણ અને ચારિત્રગુણ ઉપર ચૌભંગી ઉતારીને સમજાવશે.

## અષાડ વદ ૧૪, શનિવાર, ૮-૮-૫૩.

આજે સવારે શ્રી યોગસાર હરિગીતની સ્વાધ્યાય થઈ હતી.

## અષાડ વદ ૧૫, રવિવાર, ૯-૮-૫૩.

આ ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી છે, તેમાં સૂક્ષ્મ વાત છે. આત્માનો પ્રત્યેક ગુણ સ્વતંત્ર કામ કરે છે - તે વાત અહીં સિદ્ધ કરે છે, તેમાં જ્ઞાન અને ચારિત્રનો દાખલો આપી સમજાવે છે. એક આત્મા બીજા આત્માથી સ્વતંત્ર છે, તેમ જ પરમાણુ વગેરે પણ સ્વતંત્ર છે, કોઈને લીધે કોઈનું કાર્ય થતું નથી. વળી એક જ દ્રવ્યમાં અનંત ગુણો છે, તેમાં પણ એક ગુણનું કાર્ય બીજા ગુણને આધીન નથી, દરેક ગુણનું પરિણમન અસહાય-સ્વાધીન છે. જ્ઞાનગુણનું પરિણમન જ્ઞાનગુણને આધીન છે પણ ચારિત્રને આધીન નથી, તેમ જ ચારિત્રગુણનું પરિણમન ચારિત્રગુણને આધીન છે, જ્ઞાનને આધીન નથી. દરેક આત્મા ને દરેક જડ પદાર્થ પોતપોતાના સ્વભાવથી સ્વતંત્રપણે -પરની સહાય વિના- પરિણમી રહ્યો છે, બીજું નિમિત્ત ભલે હો, પણ નિમિત્તની સહાય નથી, પરાધીનતા નથી.

એકેક આત્મામાં અનંત ગુણો છે, તે દરેક ગુણ અનાદિ અનંત સ્વતંત્ર પરિણમન કરી રહ્યો છે. બીજા ગુણની પર્યાય તેમાં નિમિત્ત છે; પણ કોઈ ગુણને આધીન કોઈ ગુણ નથી; બધા ગુણો સદાકાળ સ્વાધીન છે. દરેક દ્રવ્ય તો ત્રિકાળ સ્વતંત્ર, એક દ્રવ્યના અનંત ગુણોમાં પણ દરેક ગુણનું પરિણમન ત્રિકાળ સ્વાધીન છે. જુઓ, આ વસ્તુની સ્વતંત્રતા ! ! અહીં હવે ગુણોમાં પરસ્પર ઉપાદાન-નિમિત્તપણું બતાવે છે.

આત્માના અનંત ગુણોમાં જ્ઞાન અને ચારિત્ર એ બે ગુણ મુખ્ય સ્થાપ્યા, તેના ઉપર ઉપાદાન-નિમિત્તની ચૌભંગી ઉતારશે. અનાદિથી જીવને જ્યારે જ્યારે શુભ ભાવ થાય છે ત્યારે તેમાં ચારિત્રનો અંશ છે, તે જ વધીને યથાખ્યાત ચારિત્ર થાય છે, અનાદિથી જ્યારે શુભ રાગ થાય છે ત્યારે તેમાં શુદ્ધતાનો અંશ છે પણ ગ્રંથિભેદ થયા વગર શુદ્ધતાનો કાંઈ લાભ અજ્ઞાનીને નથી. એ વાત આગળ કરશે.

જીવનો એક જ્ઞાનગુણ અને બીજો ચારિત્રગુણ. તે બન્ને ગુણો અનાદિથી છે, તે બન્ને ગુણની પરિણમનમાં શુદ્ધરૂપ ભાવ પણ જાણવા તથા અશુદ્ધરૂપ ભાવ પણ જાણવા. અહીં શુદ્ધ-અશુદ્ધ કહેતાં સમ્યક્ અને મિથ્યાની વાત ન લેવી. અજ્ઞાનીને પણ અહીં શુદ્ધતાનો અંશ લેશે.

૧) જ્ઞાનની પર્યાય શુદ્ધરૂપ  ૨) જ્ઞાનની પર્યાય અશુદ્ધરૂપ

૩) ચારિત્રની પર્યાય શુદ્ધરૂપ  ૪) ચારિત્રની પર્યાય અશુદ્ધરૂપ - એ પ્રમાણે ચાર ભંગ જાણવા.

તે બન્ને ગુણની ગતિ એટલે પરિણતિ ન્યારી ન્યારી છે,

તે બન્ને ગુણની શક્તિ ન્યારી ન્યારી છે,

તે બન્ને ગુણની જાતિ ન્યારી ન્યારી છે.

તે બન્ને ગુણની સત્તા ન્યારી ન્યારી છે, પ્રદેશ જુદા નથી, પણ સ્વભાવ જુદા છે. એ પ્રમાણે ગતિ, શક્તિ, જાતિ અને સત્તા ભિન્ન ભિન્ન છે, તેનું વિવેચન કરે છે.

## પહેલાં જ્ઞાનગુણની વાત કરે છે.

(૧) જ્ઞાનગુણની તો જ્ઞાન-અજ્ઞાનરૂપ ગતિ છે. અશુભ રાગને લીધે અજ્ઞાન -એમ નથી. જ્ઞાન-અજ્ઞાન ભાવરૂપ જ્ઞાનનું પોતાનું પરિણમન છે, તે કોઈના કારણે નથી.

(૨) જ્ઞાનમાં સ્વ-પર પ્રકાશક શક્તિ છે. પર નિમિત્તને લીધે તેનું જ્ઞાન થાય છે -એમ નથી, સ્વ-પરને પ્રકાશવાની જ્ઞાનની જ સ્વતઃ શક્તિ છે. રાગ મંદ પડ્યો માટે જ્ઞાન ખીલ્યું -તે નિમિત્તનું કથન છે, જ્ઞાનની પોતાની જ સ્વ-પર પ્રકાશક શક્તિ છે.

(૩) સમ્યક્ અને મિથ્યારૂપ જાતિ છે. જ્ઞાનનું સમ્યક્રૂપ અને મિથ્યારૂપ પરિણમન તે પોતાના જ કારણે છે, શ્રદ્ધાના કારણે નથી. શ્રદ્ધા સમ્યક્ થઈ માટે જ્ઞાન સમ્યક્ થયું, અને મિથ્યાત્વ હતું માટે જ્ઞાન મિથ્યા હતું -એમ પરમાર્થે નથી, જ્ઞાનનું સમ્યક્પણું કે મિથ્યાપણું તે જ્ઞાનની જ જાતિ છે, જ્ઞાનનું જ તેવું પરિણમન થયું છે. જ્ઞાન ગુણ અને શ્રદ્ધા ગુણની જાતિ જુદી છે, ચારિત્રની જાત પણ જુદી છે.

(૪) જ્ઞાનગુણની સત્તા આત્મદ્રવ્ય પ્રમાણ છે. આમાં વિશેષતા એટલી છે કે જ્ઞાનરૂપ જાતિનો નાશ થતો નથી. જે સમ્યગ્જ્ઞાન અપ્રતિહતપણે પ્રગટ્યું તેનો કદી નાશ થતો નથી. મિથ્યાજ્ઞાન અનાદિનું છે, પણ સમ્યગ્જ્ઞાન થતાં તે મિથ્યાજ્ઞાનનો નાશ થઈ જાય છે. સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી જ્ઞાનની મિથ્યારૂપ જાતિનો નાશ થતો નથી, છતાં તે મિથ્યાપણું પણ જ્ઞાનના કારણે છે, મિથ્યાશ્રદ્ધા તો તેમાં નિમિત્તમાત્ર છે.

આ પ્રમાણે જ્ઞાનગુણની પર્યાયની વાત કરી.



## હવે ચારિત્રગુણના ચાર બોલ કહે છે.

(૧) ચારિત્રગુણમાં સંકલેશરૂપ અને વિશુદ્ધરૂપ ગતિ છે. અહીં સંકલેશ કહેતાં અશુભ અને વિશુદ્ધ કહેતાં શુભ અને શુદ્ધ સમજવા.

(૨) સ્થિરતા અને અસ્થિરતારૂપ શક્તિ છે. જુઓ, ચારિત્રપર્યાયમાં સ્થિરતા કે અસ્થિરતા તે ચારિત્રની જ શક્તિ છે. કર્મના ઉદયને લીધે નથી. રાગ રહિત સ્વરૂપમાં લીનતા તે સ્થિરતા છે, ને રાગમાં એકાગ્રતા થાય તે અસ્થિરતા છે -તે બન્ને ચારિત્રની શક્તિ છે. શુભ વખતે સ્થિરતાનો અંશ છે તે વાત આગળ બતાવશે. જ્યાં સુધી અસ્થિરતા કરે ત્યાં સુધી ચારિત્રની અસ્થિરતારૂપ શક્તિ છે. તે ચારિત્રમોહને લીધે નથી, તેમ જ શ્રદ્ધા કે જ્ઞાનની પર્યાયને લીધે પણ નથી. ચારિત્રમાં જ તેની શક્તિ છે.

(૩) મંદ અને તીવ્રરૂપ જાતિ છે -કોની ? ચારિત્રગુણની. જ્ઞાનમાં સમ્યક્ અને મિથ્યારૂપ જાતિ હતી અને ચારિત્રમાં મંદ અને તીવ્રરૂપ જાત છે.

(૪) સત્તા દ્રવ્યપ્રમાણ છે. જ્ઞાન અને ચારિત્રગુણની ગતિ, શક્તિ અને જાતિમાં ફેર છે, પણ સત્તા તો બધાય ગુણોની દ્રવ્યપ્રમાણ જ છે.

તેમાં એટલું વિશેષ છે કે મંદતાની સ્થિતિ ચૌદમા ગુણસ્થાન સુધી છે, ને તીવ્રતાની સ્થિતિ પાંચમા ગુણસ્થાન સુધી છે, દોષની તીવ્રતા પાંચમા સુધી છે, ને ચૌદમે તેની મંદતા છે. ચૌદમા ગુણસ્થાને પણ હજી ચારિત્ર પૂર્ણ શુદ્ધ નથી, તે પણ તેની જાતિ છે. જ્ઞાનની જાતમાં વિશેષતા એમ બતાવી કે અનાદિથી મિથ્યા જાતિ, ને સમ્યગ્દર્શન થતાં સમ્યક્ જાતિ; ચારિત્રની જાતમાં વિશેષતા એમ બતાવી કે ચારિત્રના દોષની તીવ્રતા પાંચમા ગુણસ્થાન સુધી અને મંદતા ચૌદમા ગુણસ્થાન સુધી છે તે ચારિત્રના જ કારણે છે.

દરેક ગુણમાં પરિણમન પોતપોતાની સ્વતંત્રતાથી થાય છે, નિમિત્ત આવે તેવી પર્યાય થાય, ઉદય આવે તેવો વિકાર થાય -એ તો મૂઢ માન્યતા છે. અરે ! એક ગુણને કારણે પણ બીજા ગુણની પર્યાય નથી, તો પરને લીધે પર્યાય થાય -તે વાત ક્યાં રહી ?

અગિયારમા ગુણસ્થાનરૂપ જાત તે ચારિત્રના કારણે છે, ને ત્યાંથી પાછો દસમા ગુણસ્થાને આવ્યો તે પણ ચારિત્રગુણની તે પ્રકારની જાત છે. મોહના ઉદયના કારણે પાછો પડ્યો -એમ કહેવું તે નિમિત્તનું કથન છે. ખરેખર કર્મના ઉદયને લીધે જીવ પડે છે -એમ માને તે મિથ્યાદષ્ટિ છે. અનાદિની નિગોદ દશાથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીનું ચારિત્રનું જે પરિણમન છે તે ચારિત્રગુણના કારણે જ છે, છઠ્ઠાથી ચૌદમા સુધી ચારિત્રના દોષની મંદતા છે, ને પાંચમા સુધી તીવ્રતા છે; પણ તે ચારિત્રના જ કારણે છે.

પહેલેથી પાંચમા ગુણસ્થાન સુધી ચારિત્રના સદોષ પરિણામમાં તીવ્રતા છે, ત્યાર પછી છઠ્ઠાથી ચૌદમા સુધી મંદતા છે. ચોથા ગુણસ્થાને ચારિત્રમોહનો તીવ્ર ઉદય છે માટે ત્યાં દોષની તીવ્રતા છે -એમ નથી. તે તો ચારિત્રની જ મંદ-તીવ્રરૂપ જાતિ છે.

જુઓ, દ્રવ્યે દ્રવ્ય સ્વતંત્ર, ગુણે ગુણ સ્વતંત્ર અને ગુણની દરેક પર્યાય પણ સ્વતંત્ર; એક દ્રવ્યના કારણે બીજા દ્રવ્યની પર્યાય નહિ. એક ગુણના કારણે બીજા ગુણની પર્યાય નહિ અને એક ગુણની પહેલા સમયની પર્યાયના કારણે બીજા સમયની પર્યાય નહિ. દ્રવ્ય-ગુણ-પર્યાયની આવી સ્વતંત્રતા જાણ્યા વગર ધર્મ ક્યાંથી કરશે ?

આ પ્રમાણે જ્ઞાન અને ચારિત્ર બન્ને ગુણોના ભેદ જુદા જુદા કહ્યા, બન્ને ગુણોની ગતિ-જાતિ અને શક્તિ ભિન્ન ભિન્ન છે.

હવે તે બે ગુણોમાં જ્ઞાન તે ચારિત્રને આધીન નથી અને ચારિત્ર તે જ્ઞાનને આધીન નથી. બન્ને ગુણોનું પરિણમન અસહાયરૂપ છે. આવી તે ગુણોની મર્યાદા છે. ચારિત્રને આધીન જ્ઞાન નથી અને જ્ઞાનને આધીન ચારિત્ર નથી. ચોથા ગુણસ્થાને અને તેરમા ગુણસ્થાને ચારિત્રમાં ફેર છે. છતાં ચોથા ગુણસ્થાનવાળો પણ કેવળી ભગવાન જેવી કેટલીક વાત કરી શકે છે. કોઈને ચારિત્ર ઓછું હોય છતાં જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય. આમ જ્ઞાનગુણ અને ચારિત્રગુણની અસહાયતા છે. નિમિત્તપણું છે પણ એક ગુણને આધીન બીજા ગુણનું પરિણમન નથી. સમ્યગ્દર્શન વિના સમ્યક્ચારિત્ર ન જ હોય, છતાં ચારિત્રનું પરિણમન દર્શનને આધીન નથી. મિથ્યાદષ્ટિને ચારિત્ર ન હોય તે તેના ચારિત્રગુણની જ તેવી જાતિ છે. દ્રવ્ય શું છે તે જ દષ્ટિમાં નથી આવ્યું તો ચારિત્રની સ્થિરતા કેવી રીતે થશે? છતાં દષ્ટિ થયા પછી ચારિત્ર થાય તે પણ ચારિત્રના જ કારણે છે. દષ્ટિનું જોર બતાવવા સમ્યગ્દર્શનને ચારિત્રનું કારણ કહેવાય પણ ચારિત્રનું પરિણમન ચારિત્રગુણને જ આધીન છે.

અહીં ચારિત્રગુણ અને જ્ઞાનગુણ લીધા છે, તે બન્ને ગુણોનું પરિણમન સ્વાધીન-સ્વતંત્ર છે, એવી તેની મર્યાદા સ્થાપી.

હવે તેમાં ઉપાદાન-નિમિત્ત કહે છે.

### ચૌભંગીનો વિચાર : જ્ઞાનગુણ નિમિત્ત અને ચારિત્રગુણ ઉપાદાન

૧) અશુદ્ધ નિમિત્ત અને અશુદ્ધ ઉપાદાન,

૨) અશુદ્ધ નિમિત્ત અને શુદ્ધ ઉપાદાન,

૩) શુદ્ધ નિમિત્ત અને અશુદ્ધ ઉપાદાન,

૪) શુદ્ધ નિમિત્ત અને શુદ્ધ ઉપાદાન.



અહીં ચારિત્રને ઉપાદાન લેવાનું કારણ એ છે કે ચારિત્રની શુભ દશા વખતે તેમાં શુદ્ધતાનો અંશ સાબિત કરવો છે ને સમ્યગ્જ્ઞાન થતાં તે જ અંશ વધીને યથાખ્યાત ચારિત્ર થાય છે -તેમ બતાવવું છે.

અહીં જ્ઞાન અને ચારિત્રની જે ચાર પ્રકારની અવસ્થા લીધી છે, તે સ્થૂળ પર્યાયરૂપ ન લેવી, પણ સૂક્ષ્મદષ્ટિ દઈને દ્રવ્યની એક સમયની અવસ્થા લેવી. જુઓ, અહીં સૂક્ષ્મદષ્ટિ દેવાની વાત કરી છે. મિથ્યાત્વ અને સમ્યક્ત્વરૂપ જે સામાન્ય અવસ્થા છે તે સામાન્ય ન લેવી, પણ એકેક સમયની સૂક્ષ્મ અવસ્થા લઈને વિચાર કરવો. તે જ પ્રમાણે ચારિત્રમાં પણ સમય સમયની અવસ્થા લેવી.

તે ચાર પ્રકારના ભંગ કહ્યા. તેમાં કોઈ સમયે જીવની અવસ્થા એવી હોય છે કે ઙ્ઘ

(૧) જાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર (તે વખતે ઉપાદાન-નિમિત્ત બન્ને શુદ્ધ)

(૨) કોઈ સમયે અજાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર. (તે વખતે નિમિત્ત અશુદ્ધ ને ઉપાદાન શુદ્ધ)

(૩) કોઈ સમયે જાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર. (તે વખતે નિમિત્ત શુદ્ધ અને ઉપાદાન અશુદ્ધ)

(૪) કોઈ સમયે અજાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર (તે વખતે ઉપાદાન-નિમિત્ત બન્ને અશુદ્ધ)

આ પ્રમાણે ચાર પ્રકાર છે. આ ચારે પ્રકાર અજ્ઞાની જીવને પણ લાગુ પડે છે. તેનું વિશેષ વિવેચન હવે કહેશે.

### શ્રાવણ સુદ ૧, સોમવાર, ૧૦-૮-૫૩.

જ્ઞાન અને ચારિત્રની પર્યાયમાં ઉપાદાન-નિમિત્તના ચાર ભંગ ઉતારે છે. પ્રથમ તો જ્ઞાન અને ચારિત્રની પર્યાયના ચાર પ્રકાર કહે છે.

(૧) જાણરૂપ જ્ઞાન એમ કહેતાં સમ્યક્ કે મિથ્યાજ્ઞાનની વાત નથી પણ પંચેંદ્રિયને કંઈક વિશેષ ઉઘાડરૂપ જ્ઞાન થયું તેને જાણરૂપ જ્ઞાન કહ્યું. અજ્ઞાનીના જ્ઞાનના વિકાસને પણ જાણરૂપ જ્ઞાન ગણ્યું છે.

અને વિશુદ્ધતારૂપ ચારિત્ર કહ્યું તેમાં પણ સમ્યક્ચારિત્ર કે મિથ્યાચારિત્રની વાત ન લેવી પણ શુભ રાગ થયો તેમાં પણ ચારિત્રની વિશુદ્ધતાનો અંશ છે એમ અહીં બતાવવું છે. ગ્રંથિભેદ થાય ત્યારે ધર્મ થાય.

જાણરૂપ જ્ઞાન કહ્યું તે નિગોદમાં નથી, ત્યાં તો ઘેલછારૂપ જ જ્ઞાન છે. સંજ્ઞી પંચેંદ્રિયને જ્ઞાનનો ઉઘાડ થયો તેને જાણરૂપ જ્ઞાન કહ્યું. પછી ભલે મિથ્યાજ્ઞાન હો, તો પણ તેને જાણરૂપ જ્ઞાન ગણ્યું.

અને વિશુદ્ધતારૂપ ચારિત્ર કહ્યું તેમાં શુભ ભાવ આવી જાય છે. તે તો નિગોદના જીવને પણ શુભ ભાવ આવે ત્યારે હોય છે.

કંઈક વૈરાગ્યના વિચાર કરવાની જ્ઞાનશક્તિ જેને ઉઘડી છે કે અરે ! હું એકલો આવ્યો છું ને એકલો જઈશ, શરીરાદિ નાશ થઈ જશે –આમ વિચાર કરવાની શક્તિ ઊઘડી તેને જાણરૂપ જ્ઞાન કહ્યું છે.

વિશુદ્ધતામાં જે શુદ્ધતા છે તે વ્યક્તશુદ્ધતા નથી પરંતુ ગર્ભિતશુદ્ધતા છે. ગ્રંથિભેદ થયા પછી મોક્ષમાર્ગ થાય છે. આગળ કહેશે કે ગર્ભિતશુદ્ધતાની આ વાત જેને બેસે તેને શાબાશી !

(૨) અજાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર; અજાણરૂપ જ્ઞાન નિગોદાદિ જીવોને તેમ જ જેને કાંઈ વૈરાગ્યના વિચાર જ નથી –એવા મૂઢ પંચેંદ્રિય જીવોને પણ સમજવું. વૈરાગ્યની વિચારશક્તિ જેને થઈ છે એવા જીવો તેમ જ સમ્યગ્જ્ઞાની જીવો તે બધા જાણરૂપ જ્ઞાનવાળા છે.

વિશુદ્ધતારૂપ ચારિત્રમાં ધર્મીનું શુદ્ધ ચારિત્ર પણ આવી જાય છે ને શુભ ભાવવાળા જીવોને ગર્ભિતશુદ્ધતા છે તે પણ આવી જાય છે.

(૩) કોઈ સમયે જાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર. કોઈ પંચેંદ્રિયને જ્ઞાનનો ઉઘાડ હોય, ને સંકલેશરૂપ અશુભ પરિણામ હોય છે. જાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર – તે ભંગ પંચેંદ્રિયમાં જ લાગુ પડે છે.

(૪) કોઈ સમયે અજાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર, પંચેંદ્રિય જીવને પણ અજાણરૂપ જ્ઞાન હોય છે એટલે કે કાંઈ પણ વૈરાગ્યના વિચાર જ જેને નથી તેવા જીવોને જ્ઞાનની અજાણરૂપ ગતિ છે, અને અશુભ પરિણામ હોય તે સંકલેશરૂપ ચારિત્ર છે. આ બોલમાં સમકિતી ન આવે.

નિગોદમાં જ્ઞાનની તો સદાય અજાણરૂપ ગતિ જ છે, ને ચારિત્રમાં ક્યારેક વિશુદ્ધતારૂપ ગતિ પણ હોય છે પણ આ વિશુદ્ધતા તે ધર્મ નથી–મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન પછી જ મોક્ષમાર્ગ થાય છે.

જે સમયે જ્ઞાનની અજાણરૂપ ગતિ અને ચારિત્રની સંકલેશરૂપ ગતિ, તે સમયે નિમિત્ત અને ઉપાદાન બન્ને અશુદ્ધ.

જે સમયે અજાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધરૂપ ચારિત્ર, તે સમયે અશુદ્ધ નિમિત્ત અને શુદ્ધ ઉપાદાન.

જે સમયે જાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર, તે સમયે શુદ્ધ નિમિત્ત અને અશુદ્ધ ઉપાદાન.

જે સમયે જાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર, તે સમયે નિમિત્ત અને ઉપાદાન બન્ને શુદ્ધ.

આ પ્રમાણે જીવની અન્ય અન્ય દશા સદાકાળ અનાદિથી છે. આવા ચાર ભંગ સામાન્યપણે અનાદિથી જીવોને અનાદિથી આવી ગયા છે. એક જીવને ચાર ભંગ એક સાથે ન હોય.



અહીં જાણરૂપ એ જ્ઞાનની શુદ્ધતા છે, વિશુદ્ધરૂપ તે ચારિત્રની શુદ્ધતા છે. અજ્ઞાનરૂપ એટલે અજાણરૂપ તે જ્ઞાનની અશુદ્ધતા છે અને સંકલેશરૂપ તે ચારિત્રની અશુદ્ધતા છે. અહીં જાણરૂપ અને અજાણરૂપ કહેતાં સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન ન સમજવું, તે વાત આગળ કહેવાઈ ગઈ છે.

હવે આ સંબંધી વિચાર કહે છે – તે સાંભળો.

મિથ્યાત્વ અવસ્થામાં કોઈ સમયે જીવનો જ્ઞાનગુણ જાણરૂપ હોય ત્યારે તે કેવું જાણે છે ? તે કહે છે. જેને વિચારશક્તિનો ઉઘાડ થયો છે એવા પંચેંદ્રિય જીવની આ વાત છે. તે જ્ઞાનના ઉઘાડથી એમ જાણે છે કે લક્ષ્મી, પુત્ર, સ્ત્રી, શરીર વગેરે પ્રત્યક્ષપ્રમાણરૂપ મારાથી જુદા છે. આવા જ્ઞાનમાં ગર્ભિતશુદ્ધતા છે અને ગ્રંથિભેદ થતાં તે શુદ્ધતાના અંકુરા ફૂટીને મોક્ષમાર્ગ શરૂ થાય છે. પંચેંદ્રિયના જ્ઞાનના ઉઘાડનો અંશ વધ્યો છે તે અપેક્ષાએ તેને જાણરૂપ જ્ઞાન કહ્યું છે. હજી યથાર્થ તત્ત્વની ખબર નથી પણ જ્ઞાનમાં એમ વિચારે છે કે શરીર–પૈસા વગેરે મારાથી જુદા છે, હું મરીશ અને તે પૈસા વગેરે સૌ અહીં જ પડ્યા રહેશે, અથવા તે સૌ ચાલ્યા જશે ને હું એકલો પડ્યો રહીશ. આવી વિચારશક્તિ અનાદિ નિગોદમાં ન હતી પણ પંચેંદ્રિયપણામાં પ્રગટી. તે અપેક્ષાએ તેમાં ગર્ભિતશુદ્ધતા કહી છે. પણ શુદ્ધતાનો જન્મ તો ગ્રંથિભેદ થતાં જ થાય છે. જેમ ગર્ભમાં બાળક હોય, પણ બહાર જન્મે ત્યારે ખરું ! તેમ અહીં જ્ઞાન–ચારિત્રમાં ગર્ભિતશુદ્ધતા કહી, પણ ગ્રંથિભેદ થાય ત્યારે તે વ્યક્ત થાય ને મોક્ષમાર્ગ થાય.

વિચારશક્તિ ઊઘડી. હવે જો આગળ વધીને સમ્યગ્જ્ઞાન અને કેવળજ્ઞાન પ્રગટ કરે તો આ જ્ઞાનના અંશને કેવળજ્ઞાનનું કારણ કહ્યું. અહીં મિથ્યાદષ્ટિને જે જ્ઞાનનો ઉઘાડ થયો તેમાં ગર્ભિતશુદ્ધતા જાણવી. આ શુદ્ધતા તે સમ્યક્‌શુદ્ધતા નથી. સમ્યક્‌શુદ્ધતા તો નવી અપૂર્વ પ્રગટ કરે ત્યારે જ થાય છે. અહીં જ્ઞાનના અંશની અને ચારિત્રના અંશની સ્વતંત્રતા બતાવી છે. ચારિત્રનો અંશ તે કેવળજ્ઞાનનું કારણ નથી, પણ જ્ઞાનનો જ અંશ વધીને કેવળજ્ઞાન થાય છે. મિથ્યાદષ્ટિના જાણપણાને ગર્ભિતશુદ્ધતા કહી, પણ તે મોક્ષમાર્ગને માટે પ્રયોજનભૂત નથી. પણ જ્યારે જ્ઞાનાનંદ વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણે ત્યારે જ સમ્યક્‌શુદ્ધતા થાય છે ને મિથ્યાજ્ઞાનનો નાશ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે ને તે મોક્ષમાર્ગ છે. ગર્ભિતશુદ્ધતા થઈ તેથી સમ્યક્‌શુદ્ધતા થશે જ એમ નથી, પણ સમ્યક્‌શુદ્ધતા કરે તેને થાય છે.

પરંતુ જે ગર્ભિતશુદ્ધતા છે તે અકામ નિર્જરા છે. જુઓ, અહીં ગર્ભિતશુદ્ધતાને પણ નિર્જરામાં ગણવી છે. બંધના કારણમાં નથી ગણવી.

આ પ્રમાણે જ્ઞાનગુણના એક ભંગની વાત કરી.

હવે જ્ઞાનગુણની અજાણરૂપ દશાની વાત કરે છે.

''વળી કોઈ સમયે તે જીવનો જ્ઞાનગુણ અજાણરૂપ છે.'' તે ઘેલછારૂપ હોય છે, તેથી ત્યાં કેવળ

બંધ છે. નિગોદદશામાં એકલી મૂઢતા જ છે–જરાય વિચારશક્તિ જ નથી અને જે પંચેંદ્રિયને જ્ઞાનમાં વિચાર નથી તેવા જીવોને પણ અજાણરૂપ જ્ઞાન લેવું.

એ પ્રમાણે જ્ઞાનના બે બોલ કહ્યા. હવે ચારિત્રના બે બોલ કહે છે.

મિથ્યાત્વ અવસ્થામાં કોઈ સમયે ચારિત્રગુણ શુભ પરિણામરૂપ હોય છે. દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયક જાય તેને ઉપચારથી ક્ષયોપશમ ચારિત્ર ગણ્યું છે. અહીં તો નિગોદના જીવના શુભ ભાવને પણ વિશુદ્ધતામાં ગણ્યો છે અને જાણરૂપ જ્ઞાન હોય ત્યાં વિશુદ્ધરૂપ ચારિત્ર જ હોય –એમ નથી. કેમ કે ચાર ભંગ જુદા પાડ્યા છે. જુઓ, આ શુભ ભાવમાં ગર્ભિતશુદ્ધતા કહી એનો અર્થ એમ ન લેવો કે ''આત્માની ઓળખાણ ન થાય તો શુભ ભાવ કરજે, ને તે શુભ ભાવ મોક્ષનું કારણ છે.'' અહીં તો એમ કહેવું છે કે જ્ઞાન અને ચારિત્ર બન્નેનું સ્વતંત્ર પરિણમન છે. ચારિત્રગુણમાં શુભ ભાવ વખતે અશુભ કરતાં કાંઈક શુદ્ધતા છે તે અપેક્ષાએ વિશુદ્ધતા કહી અને તેથી ત્યાં ચારિત્રાવરણ કર્મ કંઈક મંદ થાય છે, તે મંદતાને લીધે નિર્જરા થાય છે.

તથા કોઈ સમયે ચારિત્રગુણ સંક્લેશરૂપ હોય છે તે વખતે તીવ્ર બંધ થાય છે. અહીં મિથ્યાદૃષ્ટિને શુભ ભાવ વખતે જે નિર્જરા કહી તે અકામ નિર્જરા છે અને સવિપાક નિર્જરા છે. સકામ નિર્જરા અને અવિપાક નિર્જરા તો માત્ર જ્ઞાનીને જ ગણી છે. જ્ઞાનીને ચારે પ્રકારની નિર્જરા છે. (શ્રી સમયસાર ગાથા ૩૨૦ની શ્રી જયસેનાચાર્યદેવની ટીકામાં એ વાત કરી છે.)

આ પ્રમાણે ચાર ભંગ જુદા જુદા કહ્યા. હવે તેમાં અરસપરસ ચાર ભંગ મેળવે છે.

એ પ્રમાણે મિથ્યાત્વ અવસ્થામાં કોઈ સમયે ચારિત્રગુણ વિશુદ્ધરૂપ હોય છે; તેથી ચારિત્રાવરણ કર્મ મંદ થાય છે, તે મંદતાને લીધે નિર્જરા થાય છે તથા કોઈ સમયે ચારિત્રગુણ સંક્લેશરૂપ હોય છે. જેથી કેવળ તીવ્ર બંધ થાય છે. એ પ્રમાણે મિથ્યાત્વ અવસ્થામાં જે સમયે જાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર છે તે સમયે નિર્જરા છે. જે સમયે અજાણરૂપ જ્ઞાન અને સંક્લેશરૂપ ચારિત્ર છે તે સમયે બંધ છે. તેમાં એટલું વિશેષ કે અલ્પ નિર્જરા અને ઘણો બંધ થાય છે; તેથી એ અલ્પની અપેક્ષાએ મિથ્યાત્વ અવસ્થા વિષે કેવળ બંધ કહ્યો. જેમ કે કોઈ પુરુષને નફો થોડો અને નુકસાની ઘણી તો તે પુરુષ તોટાવાળો જ કહેવાય પરંતુ બંધ–નિર્જરા વિના જીવ કોઈ અવસ્થામાં હોતો નથી.

બંધ અને નિર્જરા સમયે સમયે બધાય જીવોને થાય છે. અનાદિના અજ્ઞાનીને અને અભવ્યને પણ સમયે સમયે કર્મો તો ખરે જ છે, પણ તે સમ્યક્ નિર્જરા નથી.

આ પ્રમાણે બે બોલ કહ્યા.

ત્રીજો બોલ : જ્ઞાનની વિશુદ્ધતા અને સંક્લેશરૂપ પરિણામ તેનો દાખલો નથી આપ્યો, પણ તેમાં પંચેંદ્રિય તિર્યંચ વગેરે જીવોનો દાખલો સમજવો.



હવે ચોથો બોલ : અશુદ્ધ નિમિત્ત અને શુદ્ધ ઉપાદાન તેની વાત કરે છે. એટલે કે અજાણરૂપ જ્ઞાન અને શુભ પરિણામ તેનો દાખલો આપીને વાત કરે છે.

**દૃષ્ટાંત** : જો વિશુદ્ધતા વડે નિર્જરા ન થતી હોય તો એકેંદ્રિય જીવ નિગોદ અવસ્થાથી વ્યવહાર રાશિમાં કોના બળથી આવે છે ? ત્યાં તો જ્ઞાનગુણ અજાણરૂપ, ઘેલછારૂપ, અબુદ્ધરૂપ છે. તેથી જ્ઞાનગુણના બળથી નહિ પણ વિશુદ્ધરૂપ ચારિત્રના બળથી જીવ વ્યવહારરાશિમાં ચઢે છે.

જુઓ, કર્મનું જોર ઓછું થયું તેથી નિગોદમાંથી ઊંચે ચડ્યો –એમ નથી, પણ જીવના પરિણામમાં કાંઈક વિશુદ્ધતા થઈ તેથી તે વિશુદ્ધતાના બળે નિગોદમાં નીકળી ઊંચે ચડ્યો છે. કર્મની મંદતાના કારણે તો નહિ પરંતુ જ્ઞાનગુણના બળથી પણ નહિ કેમ કે ત્યાં નિગોદને જ્ઞાનગુણ તો ઘેલછારૂપ છે પણ તેને ચારિત્રગુણમાં અશુભમાંથી કાંઈક શુભ પરિણામ થતાં તે પરિણામની વિશુદ્ધતાના બળે તે નિગોદમાંથી ઊંચે આવ્યો છે –એમ જાણવું.

## શ્રાવણ સુદ ૨, મંગળવાર, ૧૧–૮–૫૩.

આત્મામાં અનંત ગુણ છે, તેમાં દરેક ગુણની પર્યાયનું પરિણમન પોતપોતાથી સ્વાધીન થઈ રહ્યું છે; પરથી તો સ્વતંત્ર છે પણ એક ગુણની પર્યાય બીજા ગુણથી પણ સ્વતંત્ર છે, બીજો ગુણ તેમાં નિમિત્તમાત્ર છે.

અનાદિથી નિગોદનો જીવ ત્યાંથી નીકળીને પંચેંદ્રિય થાય છે, તે તેની પોતાની પર્યાયની કંઈક વિશુદ્ધતાના બળે થાય છે. વિશુદ્ધતા એટલે શુભપરિણામ; નિગોદમાં કાંઈ જ્ઞાનની તો નિર્મળતા નથી, જ્ઞાન તો તદ્દન ઘેલછારૂપ–અજાણરૂપ છે, તેનું કાંઈ બળ નથી, પણ ચારિત્રના બળથી (શુભ ભાવરૂપ વિશુદ્ધ પરિણામથી) નિગોદમાંથી નીકળીને પંચેંદ્રિય થાય છે. ત્યાં દાનાદિની બાહ્ય ક્રિયા નથી પણ ચારિત્રની પરિણતિમાં કંઈક મંદ કષાયના બળે ત્યાંથી ઊંચો આવે છે. બહારની ક્રિયામાં કાંઈ કષાયની મંદતા નથી. ચારિત્રગુણની પર્યાયમાં મંદ કષાય થયો તેના બળથી નિગોદનો જીવ મનુષ્યપર્યાય પામે છે. જુઓ, કર્મનું જોર મંદ પડ્યું તેના કારણે ઊંચે આવ્યો એમ ન કહ્યું. કષાયની મંદતા થતાં કર્મની મંદતા થઈ જાય છે –એમ દરેક પર્યાયની સ્વતંત્રતા છે.

જીવને મન ન હોય ત્યાં સુધી તો કર્મનું જોર છે, ને કર્મનું જોર મંદ થતાં નિગોદમાંથી નીકળે છે –એમ અજ્ઞાની જીવો પરાધીનતા માને છે. મન ન હોવા છતાં નિગોદના જીવને ચારિત્રની સ્વતંત્ર પર્યાયથી કંઈક મંદ કષાય થાય છે, ને તેના બળે તે ત્યાંથી નીકળીને મનુષ્ય થાય છે, આત્માના પરિણામની સ્વતંત્રતા છે. હજી ધર્મ તો જુદી ચીજ છે, પણ નિગોદના જીવમાં પણ તીવ્ર કષાયમાંથી મંદકષાયરૂપ વિશુદ્ધતા કરવાની સ્વતંત્રતા છે. શુભ પરિણામ થતાં ચારિત્રમોહમાં પણ તેવી મંદતા થઈ જ જાય છે. આ પ્રમાણે જીવના પરિણામ તરફથી લેવાનું છે, તેને બદલે અજ્ઞાની એમ ઊંધું લ્યે છે કે કર્મનું જોર મંદ પડે તો શુભ પરિણામ થાય – તે ઊંધી દૃષ્ટિ છે.

જેને પંચેન્દ્રિયદશાને યોગ્ય શુભ પરિણામ અનાદિથી કદી આવ્યા ન હોય એવો જીવ પણ પોતાના ચારિત્રગુણના સ્વતંત્ર પરિણમનથી શુભ પરિણામ કરીને મનુષ્યપર્યાય પામે છે. નિગોદમાં સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થતું નથી તેનું કારણ ત્યાં તેના શ્રદ્ધા અને જ્ઞાનગુણનું પરિણમન જ તેવું છે.

નિગોદમાંથી નીકળીને પંચેંદ્રિય થાય છે, ત્યાં શુભ પરિણામ થયા તે વખતે કાંઈક નિર્જરા થાય છે, એટલે તે શુભ વખતે શુદ્ધતાનો અંશ ગર્ભિત છે એમ અહીં કહેવું છે. પર્યાયમાં શુભ વખતે શુદ્ધતા ગર્ભિત છે પણ તે શુદ્ધતા મોક્ષમાર્ગરૂપ નથી. મોક્ષમાર્ગ તો નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન પ્રગટે ત્યારે જ થાય છે.

જ્ઞાનનું જાણપણું અને ચારિત્રની વિશુદ્ધતા તે બન્ને મોક્ષમાર્ગ અનુસારી છે. આ ક્યું જ્ઞાન ? કે મિથ્યાદૃષ્ટિને જ્ઞાનનો જે ઉઘાડ થયો છે અને વૈરાગ્યના વિચાર કરે છે તેવા જીવની વાત છે. લક્ષ્મી, શરીરાદિ બધું અનિત્ય છે. હું આત્મા છું -એમ પોતાના જ્ઞાનના ઉઘાડથી વિચાર કરે છે તથા શુભ પરિણામમાં વર્તે છે -એવા જીવને જ્ઞાનનું જાણપણું અને ચારિત્રની વિશુદ્ધતા તે બન્ને મોક્ષમાર્ગને અનુસરનારા છે, પણ ક્યારે ? કે આગળ વધીને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરે તો ! એ સિવાય મોક્ષમાર્ગ થતો નથી. મિથ્યાદૃષ્ટિને જ્ઞાનનો ઉઘાડ થયો ને ચારિત્રમાં શુભ પરિણામ થયા -તત્ત્વવિચારમાં જોડાયો- ત્યાં તેને જ્ઞાનમાં અને ચારિત્રમાં ગર્ભિતશુદ્ધતા કહી પણ ગર્ભિતશુદ્ધતા તે પ્રગટશુદ્ધતા નથી, પ્રગટ-શુદ્ધતા તો સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ થતાં થાય છે.

જુઓ, ત્રણ બોલ આવ્યા.

(૧) **બીજ** : આત્મામાં જે જ્ઞાનાદિ ગુણો છે તે બધા બીજરૂપ છે.

(૨) **અંકુર** : જ્ઞાનાદિનો કાંઈક વિકાસ થતાં જે જાણપણું થયું તેને અંકુર કહ્યો. ચારિત્રની વિશુદ્ધતા તે ચારિત્રનો અંકુર છે.

(૩) **ફળ** : તે અંકુરમાંથી આગળ વધીને સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરે તે આનંદના અનુભવરૂપ ફળ છે. ફળ વગરના ઝાડની વાત નથી પણ ફળ થઈને ખાવામાં કામ આવે એટલે કે આનંદનો અનુભવ થાય એવા સમ્યગ્દર્શનાદિ તે જ મોક્ષમાર્ગ છે.

ગર્ભિતશુદ્ધતા છે તે પ્રગટરૂપ નથી - એટલે શું ? તો ગર્ભિતશુદ્ધતા કાંઈ ત્રિકાળી શક્તિરૂપ નથી, તે પણ પર્યાયરૂપ જ છે, પરંતુ મોક્ષમાર્ગરૂપ જે શુદ્ધતા છે તે શુદ્ધતા ગર્ભિતશુદ્ધતામાં નથી, માટે તે પ્રગટરૂપ નથી -એમ કહ્યું છે.

અહીં જ્ઞાનના ઉઘાડને અને ચારિત્રની વિશુદ્ધિને મોક્ષમાર્ગ અનુસારી કહ્યા, તે જુદા અને પાત્ર જીવને ''માર્ગાનુસારી'' કહેવાય તે જુદું. અહીં માર્ગાનુસારીપણું કહ્યું તે તો અનંતવાર થઈ ગયું છે. તેનો અર્થ એટલો જ છે કે જ્ઞાનનો ઉઘાડ અને શુભ પરિણામ સુધી આવ્યો છે. હવે જો સ્વભાવની



દૃષ્ટિ પ્રગટ કરે તો મોક્ષમાર્ગ થાય. આંબાનો ગોટલો તો છે પણ પાણી પાઈને ઊછેરે તો આંબો પાકે તેમ જ્ઞાનના ઉઘાડને અને ચારિત્રની વિશુદ્ધતાને અંકુર કહ્યા. તેને હવે પાણી પાય એટલે કે સ્વભાવની દૃષ્ટિનો પ્રયત્ન કરે તો અંકુર ફાટીને સમ્યગ્દર્શનાદિ ફળ થાય. ગ્રંથિભેદ થયા વિના મોક્ષમાર્ગ થાય નહિ. જ્યારે ગ્રંથિભેદ થાય એટલે કે સ્વભાવની બુદ્ધિ કરે ને રાગની બુદ્ધિ ટાળે ત્યારે મોક્ષમાર્ગની શાખા ફૂટે, એટલે જ્ઞાન તે સમ્યગ્જ્ઞાનરૂપ થાય અને ચારિત્ર તે સ્વરૂપાચરણરૂપ પરિણમે. અજ્ઞાનીને તો જે ગર્ભિતશુદ્ધતા છે તેનો કાંઈ લાભ નથી. આગળ વધીને સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરે ત્યારે જ્ઞાનગુણમાં અને ચારિત્રગુણમાં વ્યક્તશુદ્ધતા થાય એટલે મોક્ષમાર્ગની શિખા ફૂટે. આ જ્ઞાન તે કેવળજ્ઞાનનો અંકુર છે અને ચારિત્રનો અંશ તે યથાખ્યાત ચારિત્રનો અંશ છે.

પહેલા મિથ્યાત્વદશામાં જે જ્ઞાન હતું તે તો પરસન્મુખ હતું, તે કાંઈ સ્વસન્મુખતાનું કારણ નથી. દૃષ્ટિ સ્વસન્મુખ થાય તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે. અનંતવાર શાસ્ત્રો ભણીને તથા શુભ ભાવ કરીને નવમી ગ્રૈવેયકે ગયો છતાં તે જ્ઞાન તેને સમ્યગ્જ્ઞાનનું કારણ ન થયું પણ જ્ઞાનના ઉઘાડ પછી આગળ વધીને સ્વસન્મુખ થઈ સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તેને ગર્ભિતશુદ્ધતામાંથી અંકુર અને વૃક્ષની શાખા ફૂટીને પ્રગટ શુદ્ધતા થાય છે તે જ મોક્ષમાર્ગ છે.

**પ્રશ્ન** : તમે કહ્યું કે જ્ઞાનનું જાણપણું અને ચારિત્રની વિશુદ્ધતા એ બન્નેથી નિર્જરા થાય છે. ત્યાં જ્ઞાનના જાણપણાથી તો નિર્જરા થાય એ તો હું માનું છું પણ ચારિત્રની વિશુદ્ધતાથી નિર્જરા કેવી રીતે થાય ? એ હું સમજતો નથી

**સમાધાન** : આત્મામાં શુભ પરિણામ થયા તેને કાંઈ શુદ્ધતા કહેતા નથી પણ પહેલાં તીવ્ર અશુભ વખતે ઘણી અસ્થિરતા હતી, તેવી અસ્થિરતા શુભ વખતે નથી - તે અપેક્ષાએ તેમાં કંઈક સ્થિરતારૂપ પરિણામ ગણીને તે વિશુદ્ધતામાં શુદ્ધતા કહી છે અને તેને નિર્જરાનું કારણ કહ્યું છે, પણ આ નિર્જરા હજી મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો સમ્યગ્દર્શન થયા પછી જ લાગુ પડે છે.

**પ્રશ્ન** : તમે વિશુદ્ધતાથી નિર્જરા કહી પણ હું કહું છું કે વિશુદ્ધતાથી નિર્જરા નથી પણ શુભ બંધ છે.

**સમાધાન** : ભાઈ ! સાંભળ, એ તો તારું કહેવું ખરું છે કે વિશુદ્ધતાથી શુભ બંધ અને સંકલેશતાથી અશુભ બંધ; એ તો હું પણ માનું છું. પરંતુ એમાં બીજો ભેદ છે તે સાંભળ !

વિશુદ્ધતાથી શુભ બંધ અને અશુભ પરિણામથી પાપ બંધ -એ વાત તો સામાન્યપણે બધા કહે છે પણ અહીં એક વિશેષ વાત કરવી છે તે સાંભળ !

અશુભપદ્ધતિ એ અધોગતિનું પરિણમન છે તથા શુભપદ્ધતિ એ ઊર્ધ્વગતિનું પરિણમન છે. તેથી અધોરૂપ સંસાર અને ઊર્ધ્વરૂપ મોક્ષસ્થાન છે એમ સ્વીકારી તેમાં શુદ્ધતા આવી એમ માન્યું, એમાં

વાંધો નથી.

અશુભમાંથી વિશુદ્ધ પરિણામ થતાં ઊર્ધ્વગતિરૂપ પરિણમન થયું. હવે અધોગતિરૂપ સંસાર અને ઊર્ધ્વગતિરૂપ મોક્ષ -એમ સ્વીકારીને, કંઈક ઊંચે આવ્યો તેને પણ ઊર્ધ્વગતિ ગણીને મોક્ષનો માર્ગ (દ્રવ્યનિક્ષેપે) કહ્યો, ઊર્ધ્વતામાં આગળ વધીને સમ્યગ્દર્શનાદિ પામે તો મોક્ષમાર્ગ થાય પણ તે ગ્રંથિભેદ કર્યા વગર શુદ્ધતાનું જોર ચાલતું નથી. તેનો દાખલો :-

જેમ કોઈ પુરુષ નદીમાં ડૂબકી મારે, જ્યારે ફરી ઊછળે ત્યારે દૈવયોગાત્ ઉપર તે પુરુષને ઉપર નૌકા આવી જાય તો જો કે તે તારુ પુરુષ છે તો પણ કેવી રીતે નીકળે ? તેનું જોર ચાલે નહિ. ઘણા પ્રકારે કળ-બળ કરે પણ તેને વશ કાંઈ પણ નથી. તેમ વિશુદ્ધતાની પણ ઊર્ધ્વતા જાણવી; માટે ગર્ભિતશુદ્ધતા કહી. ગ્રંથિભેદ થતાં એ ગર્ભિતશુદ્ધતા મોક્ષમાર્ગ તરફ ચાલી પોતાના સ્વભાવ વડે વર્દ્ધમાનરૂપ થઈ ત્યારે તે પૂર્ણ યથાખ્યાતરૂપ પ્રગટ કહેવાઈ. વિશુદ્ધતાની જે ઊર્ધ્વતા એ જ તેની શુદ્ધતા.

સંસારના સમુદ્રમાં - અનાદિ નિગોદમાં જીવ પડ્યો છે, તે શુભ પરિણામથી ઉપર તો આવ્યો, પણ હવે શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા ન કરે તો તે શુભનું કાંઈ જોર ચાલતું નથી. આગળ વધીને મોક્ષમાર્ગ પ્રગટ કર્યો ત્યારે ગર્ભિતશુદ્ધતા વ્યક્ત થઈને મોક્ષમાર્ગ તરફ ચાલી. તરવાની શક્તિ તો હોય પણ માથા ઉપર નૌકા આવી જાય ત્યાં શું કરે ? તેમ પંચેંદ્રિય મનુષ્ય તો થયો પણ જો ગ્રંથિભેદ ન કરે ને મિથ્યાત્વ સેવે - તો ગર્ભિતશુદ્ધતા કાંઈ લાભનું કારણ થતી નથી. મિથ્યાત્વનું જોર છે ત્યાં સુધી ગર્ભિતશુદ્ધતા કાંઈ કામ કરતી નથી. ગ્રંથિભેદ થતાં જ જ્ઞાન-ચારિત્ર વગેરે પોતપોતાના સ્વભાવથી વર્ધમાનરૂપ થઈને મોક્ષમાર્ગ તરફ ચાલ્યા અને આગળ વધીને પૂર્ણ થતાં જ્ઞાન તો કેવળજ્ઞાનરૂપ પરિણમ્યું, ને ચારિત્ર તે યથાખ્યાત ચારિત્રરૂપ પરિણમ્યું. આ પ્રમાણે અનાદિથી માંડીને ઠેઠ પૂર્ણતા સુધી જ્ઞાન-ચારિત્ર એ બન્ને ગુણોનું સ્વતંત્ર પરિણમન જાણવું. આમાં વિશુદ્ધતા કહી તે ગર્ભિતશુદ્ધતા છે, ને વિશુદ્ધતાની જે ઊર્ધ્વતા તે જ તેની શુદ્ધતા છે. વિશુદ્ધતાથી શુભ બંધ થાય છે. તે કાંઈ વિશેષતા નથી. પણ આ વિશુદ્ધતામાં ગર્ભિતશુદ્ધતા સાબિત કરી તે વિશેષતા છે, પણ તે ક્યારે કાર્યકારી થાય ? કે વિશુદ્ધતાની ઊર્ધ્વતા કરીને ગ્રંથિભેદ વડે મોક્ષમાર્ગને સાધે ત્યારે.

જ્યાં મોક્ષમાર્ગ સાધ્યો ત્યાં ''**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**'' એમ કહ્યું છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન થતાં જ્ઞાન ને ચારિત્રના અંશ પણ મોક્ષમાર્ગરૂપ પરિણમે છે. એ સિવાય જ્ઞાનમાં ને ચારિત્રમાં **જે વિશુદ્ધતાનો અંશ કહ્યો તે સમ્યગ્દર્શન વગર મોક્ષમાર્ગને સાધવા સમર્થ નથી એટલે અંતે જોર તો દૃષ્ટિનું જ આવ્યું. દૃષ્ટિ વિના જ્ઞાન ને ચારિત્રમાં મોક્ષમાર્ગની શુદ્ધતા થતી નથી.** આ રીતે સમ્યગ્દર્શનપૂર્વકના જ્ઞાન-ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે.

''**ज्ञानक्रियाभ्याम् मोक्षः**'' એમ કહ્યું, તેમાં પણ સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન અને સમ્યગ્દર્શનપૂર્વકની



વીતરાગી સ્વરૂપ સ્થિરતારૂપ ક્રિયા -એ જ મોક્ષમાર્ગ છે. આ સિવાય જાણપણારૂપ જ્ઞાન કે શુભ રાગરૂપ ચારિત્ર - તે કાંઈ મોક્ષનું કારણ નથી. જ્ઞાન-ચારિત્રમાં પણ મોક્ષમાર્ગની ધારા સમ્યગ્દર્શન થતાં જ શરૂ થાય છે, છતાં જ્ઞાનનું પરિણમન જ્ઞાનગુણથી થાય છે ને ચારિત્રનું પરિણમન ચારિત્રગુણથી થાય છે. દરેક ગુણનું પરિણમન સ્વતંત્ર છે.

શાસ્ત્રનું જાણપણું અને શરીરની ક્રિયા તેને અજ્ઞાની મોક્ષમાર્ગ માને છે, પણ તે મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન સહિત જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા તે જ મોક્ષમાર્ગ છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન થયું ત્યાં સમ્યગ્જ્ઞાન તથા સ્વરૂપાચરણ ચારિત્ર થયું, ત્યાંથી મોક્ષમાર્ગ શરૂ થયો. પહેલાં ગર્ભિતશુદ્ધતાને મોક્ષમાર્ગ કહ્યો તે ઉપચારથી છે, વ્યક્ત મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન થતાં જ શરૂ થાય છે.

ચોથા ગુણસ્થાનથી સમ્યક્રૂપ જ્ઞાનધારા અને વિશુદ્ધરૂપ ચારિત્રધારા તે બન્ને ધારા મોક્ષમાર્ગ તરફ ચાલી. ગર્ભિતશુદ્ધતામાંથી હવે વ્યક્તશુદ્ધતા થઈને મોક્ષમાર્ગ થયો. ત્યાં જ્ઞાન વડે જ્ઞાનથી શુદ્ધતા થવા લાગી અને ચારિત્રની અંતર્સ્થિરતારૂપ ક્રિયા વડે ચારિત્રની શુદ્ધતા થવા લાગી. વિશુદ્ધતામાં જે શુદ્ધતા છે તે વધી વધીને યથાખ્યાત ચારિત્ર થાય છે. જો વિશુદ્ધતામાં શુદ્ધતાનો અંશ ન હોત તો જ્ઞાનગુણ શુદ્ધ હોત અને ક્રિયા અશુદ્ધ રહેત; પણ કેવળી ભગવાનમાં એમ તો હોતું નથી, ત્યાં જ્ઞાન પૂર્ણ થતાં ચારિત્ર પણ યથાખ્યાતરૂપ શુદ્ધ થઈ ગયું છે. માટે વિશુદ્ધતામાં શુદ્ધતા હતી એમ સમજવું. અખંડ દ્રવ્યના અવલંબને જ શુદ્ધતા થાય છે -એ વાત તો મુખ્ય રાખીને જ આ વાત છે. પણ ચારિત્રાવરણની મંદતા થઈને આગળ વધતાં યથાખ્યાત ચારિત્ર થાય છે. જ્ઞાન શુદ્ધ થઈને કેવળજ્ઞાન થઈ જાય ને ચારિત્ર સર્વથા અશુદ્ધ રહે -એમ બનતું નથી. છતાં જ્ઞાનની શુદ્ધતા તે ચારિત્રની શુદ્ધતાનું કારણ નથી., દરેક ગુણના પરિણમનની સ્વતંત્રતા છે. હવે આ ચિઠ્ઠી પૂરી કરીને છેલ્લે કહેશે કે આ વાત જો માને તો તને શાબાશી !

## શ્રાવણ સુદ ૩, બુધવાર, ૧૨-૮-૫૩.

આ ચિઠ્ઠીમાં એમ સાબિત કરે છે કે : ''આત્મા પરદ્રવ્યોથી તો તદ્દન નિરાળો-છૂટો છે, પરનો અને આત્માનો એકબીજામાં અત્યંત અભાવ છે તેથી પરને લઈને આત્માને પરાધીનતા થાય એમ બનતું નથી.'' -આ ઉપરાંત અહીં તો અંદરની વાત છે કે આત્માના અનંત ગુણોમાં પણ દરેક ગુણનું પરિણમન સ્વતંત્ર છે. દરેક આત્માને દોષમાં કે વિકાસમાં કોઈ બીજો કાંઈ કરે એમ નથી. આટલી સ્વતંત્રતા પણ જેને નથી બેઠી અને પરને લઈને પોતાને ગુણદોષ માને છે તેને તો તીવ્ર મિથ્યાત્વ છે.

હવે અહીં તો કહે છે કે જીવમાં જે જ્ઞાન-ચારિત્ર વગેરે અનંત ગુણો છે તેમાં પણ એક ગુણ બીજા ગુણને આધીન પરિણમતો નથી. નિગોદના જીવને પણ જે જ્ઞાન અને ચારિત્ર છે તે બન્ને સ્વતંત્ર છે. જ્ઞાનમાં મૂઢતા હોવા છતાં ચારિત્રમાં શુભ પરિણામ વડે તે જીવ ઊંચો આવે છે. તેથી તે શુભ પરિણામ વખતે ગર્ભિતશુદ્ધતા કહી, પણ જ્યારે યથાર્થ ભેદજ્ઞાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે

ત્યારે જ મોક્ષમાર્ગ થાય છે.

ત્રણ બોલ આવ્યા ઃ

(૧) પરદ્રવ્યને લીધે આત્માને કાંઈ લાભ-નુકસાન થાય, અથવા પરને લીધે જ્ઞાન રોકાય કે ખીલે એમ માને તે તો તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે.

(૨) જીવના ગુણોમાં જ્ઞાન, ચારિત્ર, વીર્ય વગેરે ગુણો છે, તે દરેક ગુણની પર્યાય પોતપોતાને આધીન સ્વતંત્ર પરિણમે છે. રાગની મંદતાને લીધે જ્ઞાન નથી ને જ્ઞાનને લીધે રાગની મંદતા નથી. જ્ઞાનનો વિકાસ જ્ઞાનગુણને લીધે છે, રાગની મંદતા ચારિત્રગુણને લીધે છે.

(૩) દ્રવ્ય-ગુણ-પર્યાયની આવી સ્વતંત્રતા જાણીને, અનંત ગુણના પિંડ અખંડ આત્માની અંતરદૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે.

જેને પહેલા બે બોલમાં ભૂલ હોય તેને ત્રીજામાં ભૂલ હોય જ, એટલે કે તેને સમ્યગ્દર્શન થાય નહિ.

(૧) પહેલા બોલમાં પરદ્રવ્યથી આત્માની સ્વતંત્રતા કહી,

(૨) બીજા બોલમાં દરેક ગુણના પરિણમનની સ્વતંત્રતા કહી,

(૩) ત્રીજા બોલમાં અખંડ દ્રવ્યના આશ્રયે જ સમ્યગ્દર્શનાદિ થાય છે -તે વાત કહી.

જ્ઞાનની શુદ્ધતા વડે ક્રિયાની શુદ્ધતા થઈ, એટલે કે જ્ઞાનનો ઉઘાડ તે શુભ રાગનું કારણ છે એમ કોઈ કહે તો એ પ્રમાણે થતો નથી, કેમ કે કોઈ ગુણનું પરિણમન બીજા ગુણને આધીન નથી. જ્ઞાનનો ઉઘાડ અને શુભ ભાવ ભલે કોઈને એક સાથે હોય, પરંતુ ત્યાં જ્ઞાનનો ઉઘાડ જ્ઞાનગુણને આધીન છે ને ચારિત્રની વિશુદ્ધતા ચારિત્રગુણને આધીન છે. અખંડ દ્રવ્યના આશ્રયમાં બધાય ગુણોના પરિણમનની શુદ્ધતા થતી જાય છે -તે વાત જુદી છે પણ એક ગુણ બીજા ગુણને આધીન નથી. દ્રવ્યે દ્રવ્ય સ્વતંત્ર, ગુણે ગુણ સ્વતંત્ર ને પર્યાયે પર્યાય સ્વતંત્ર ! આવી વસ્તુસ્થિતિ છે.

''વળી જો ક્રિયાપદ્ધતિ સર્વથા અશુદ્ધ જ હોત તો અશુદ્ધતાની એટલી તો શક્તિ નથી કે તે મોક્ષમાર્ગ તરફ ગતિ કરે.'' અશુભ ટળીને શુભ ભાવ થયો -તેમાં જો ચારિત્રનું જરા પણ બળ (ક્ષયોપશમ અંશ) ન હોય તો ચારિત્રની વિશુદ્ધતા કદી થાય જ નહિ. શુભ વખતે ચારિત્રમોહમાં એટલો તો મંદ ભાવ છે કે ત્યાં ગર્ભિતશુદ્ધતાનો અંશ અને અકામ નિર્જરા છે, તેથી તે આગળ વધીને યથાખ્યાત ચારિત્ર થાય છે. અહીં એ સિદ્ધ કરવું છે કે ચારિત્રની ગતિ ચારિત્રગુણને જ આધીન છે. મિથ્યાદૃષ્ટિ જીવને પણ ચારિત્રમોહનો ક્ષયોપશમ તથા અકામ નિર્જરા ગણી છે, તેથી તેને વિશુદ્ધતાનો અંશ ગણ્યો છે અને તે આગળ વધીને યથાખ્યાત ચારિત્ર થાય છે. પણ અહીં વિશુદ્ધતામાં ચારિત્રનો અંશ કહ્યો તેથી એમ ન સમજવું કે તેમાં પણ યથાખ્યાત ચારિત્ર જેવી વીતરાગી શાંતિનો અંશ છે ! યથાર્થ



શાંતિ તો સમ્યગ્દર્શનથી મોક્ષમાર્ગ થાય ત્યારે જ થાય છે. બાકી સમ્યગ્દર્શન વિના અનંતવાર શુભ ભાવ કરીને દ્રવ્યલિંગી મુનિ થઈને નવમી ગ્રૈવેયક સુધી ગયો પણ ત્યાં ધર્મ ન થયો, આત્માની શાંતિ ન થઈ. અહીં વિશુદ્ધતામાં શુદ્ધતા કહી તે ગર્ભિત છે - આગળ વધીને સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરે તો વ્યક્તશુદ્ધતા થાય.

હે ભાઈ ! તેં વિશુદ્ધતામાં શુદ્ધતા માની કે નહિ ? શુભ વખતે તેમાં ગર્ભિતશુદ્ધતા છે એમ જો તેં માન્યું છે તો તને કાંઈ અન્ય કહેવાનું નથી, તને તારા ગુણોના પરિણમનની સ્વતંત્રતા બેઠી. અને જો આવી સ્વતંત્રતા તેં નથી માની તો તારું દ્રવ્ય જ તે પ્રમાણે પરિણમ્યું છે. ચારિત્ર-જ્ઞાન-વીર્ય વગેરે બધા ગુણોનું તારામાં સ્વતંત્ર પરિણમન છે, તેને જો તું ન સ્વીકાર તો તને આત્માનું ભાન થાય જ નહિ; તું સ્વતંત્રતા ન માને તો તે પણ તારું સ્વતંત્ર પરિણમન છે, ત્યાં અમે શું કરીએ ? અમે કાંઈ તને પરાણે મનાવી દઈ શકીએ તેમ નથી. જો તારા ગુણના પરિણમનની સ્વતંત્રતા તને નથી બેસતી, તો અનંતબળનો ધણી આત્મા છે તેની પ્રતીતનું બળ તને ક્યાંથી આવશે ?

કર્મ પ્રેરક થઈને આત્માને શુભાશુભ ભાવ કરાવે છે -એમ જે માને છે તેને પોતાની પર્યાયનું બળ પણ ભાસતું નથી, પર્યાયમાં શુભ ભાવ તો પોતે પોતાના ચારિત્રગુણના જ બળથી કરી રહ્યો છે છતાં તેને સ્વીકારતો નથી -તે મોટી ભૂલ છે, જેને પર્યાયની સ્વતંત્રતા જ નથી બેસતી તેને દ્રવ્યનું બળ ક્યાંથી આવશે ?

નાટક સમયસારમાં કહે છે :

**कोउ सिष्य कहै स्वामी राग दोष परिनाम,**
**ताकौ मूल प्रेरक कहहु तुम कौन है ।**
**पुग्गल करम जोग किंधौ इंद्रिनिकौ भौग,**
**किंधौं धन किंधौं परिजन किंधौं भौन है ॥**

**गुरु कहै छहौं दर्व अपने अपने रूप,**
**सबनिकौ सदा असहाई परिनौन है ।**
**कोऊ दरब काहूकौ न प्रेरक कदाचि तातैं,**
**राग दोष मोह मृषा मदिरा अचौन है ॥ ६१ ॥**

-પરદ્રવ્ય પ્રેરક થઈને આત્માને ગુણ-દોષ કરતું નથી. પરિણામમાં પોતાનો જ પુરુષાર્થ છે, પોતાના જ ગુણનું સ્વાધીન પરિણમન છે એમ જે નથી માનતો ને પરને લીધે પરિણમન માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એવા જીવને અમે કાંઈ કહેતાં નથી. તેને પોતાને સૂઝ ન પડે ત્યાં અમે શું કરીએ? જો આ સ્વતંત્રતાની વાત માને તો તને શાબાશી ! આટલી સ્વતંત્રતા સ્વીકારી તે અપેક્ષાએ તને શાબાશી! પણ જ્યારે અખંડ દ્રવ્યની દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન કરે ત્યારે મોક્ષમાર્ગ થશે.

આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયની ચૌભંગી પૂર્ણ થઈ. હવે પર્યાયાર્થિકનયની ચૌભંગી કહે છે. એક જ દ્રવ્યમાં બે ગુણોમાં પરસ્પર ઉપાદાન-નિમિત્ત કહ્યું ત્યાં દ્રવ્યાર્થિકનયની ચૌભંગી કહી, અને ગુરુ-શિષ્ય બન્ને જુદા જુદા દ્રવ્યો છે તે બન્ને જુદા જુદા દ્રવ્યોમાં ઉપાદાન-નિમિત્તપણું કહેવું તેને પર્યાયાર્થિકનય કહ્યો છે. તેની ચૌભંગી આ પ્રમાણે છે.

૧) વક્તા અને શ્રોતા બન્ને અજ્ઞાની, તે નિમિત્ત અને ઉપાદાન બન્ને અશુદ્ધ.

૨) વક્તા અજ્ઞાની અને શ્રોતા જ્ઞાની, તે નિમિત્ત અશુદ્ધ અને ઉપાદાન શુદ્ધ.

૩) વક્તા જ્ઞાની અને શ્રોતા અજ્ઞાની, તે નિમિત્ત શુદ્ધ અને ઉપાદાન અશુદ્ધ.

૪) વક્તા જ્ઞાની અને શ્રોતા જ્ઞાની, તે નિમિત્ત અને ઉપાદાન બન્ને શુદ્ધ.

(૧) અજ્ઞાની ઉપદેશક એમ કહે કે રાગ કરતાં કરતાં ધર્મ થશે, કર્મની બેહદ શક્તિ છે તેથી તે આત્માને વિકાર કરાવે છે-અને આવી વાત સાંભળતા અજ્ઞાની શ્રોતા તેની હા પાડે છે -ત્યાં તો વક્તા અને શ્રોતા બન્ને અજ્ઞાની છે. ત્યાં અજ્ઞાની વક્તા નિમિત્ત છે ને શ્રોતા તે ઉપાદાન છે, તે બન્ને અજ્ઞાની છે.

(૨) કોઈ વાર અજ્ઞાની ઉપદેશક હોય ને ત્યાં કોઈ જ્ઞાની જઈ ચડ્યા હોય ને સાંભળતા હોય- ત્યાં જ્ઞાની શ્રોતાનું ઉપાદાન નિર્મળ છે ને અજ્ઞાની વક્તા તે અશુદ્ધ છે. અજ્ઞાનીના ઉપદેશથી જ્ઞાન થયું -એમ નથી. જ્ઞાની શ્રોતા જાણે છે કે અજ્ઞાની પરાશ્રયથી ધર્મ મનાવે છે -તે મિથ્યા છે. જ્ઞાનીનું જ્ઞાન તો પોતાના સ્વભાવના આશ્રયે જ કામ કરે છે.

(૩) વક્તા જ્ઞાની હોય ને સભામાં શ્રોતા ઘણા અજ્ઞાની હોય છે -એમ તો સાધારણપણે બને જ છે. ત્યાં નિમિત્ત શુદ્ધ છે ને ઉપાદાન અશુદ્ધ છે.

(૪) કોઈ વાર વક્તા અને શ્રોતા બન્ને જ્ઞાની હોય છે. ત્યાં ઉપાદાન-નિમિત્ત બન્ને શુદ્ધ છે. આ પ્રમાણે વક્તા ને શ્રોતા બન્ને સ્વતંત્ર છે.

એ પ્રમાણે ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠીમાં પર્યાયાર્થિકનયની ચૌભંગી કહી. આ ચૌભંગી દ્વારા નિમિત્ત-ઉપાદાનની શુદ્ધતા-અશુદ્ધતા બાબતનો વિચાર કહ્યો.

**પં. બનારસીદાસજીની**
**ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી સંપૂર્ણ.**